Received 27/11/02

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

જૈન શાસન

અઠવાડિક

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

શુદ્ધ બુદ્ધિ કામધેનુ છે.

श्रियः प्रसूते तनुते विवेकं यशांसि धत्ते विपदो निहन्ति ।
संस्कारयोगा च परं पुनीते शुद्धा हि बुद्धिः किल कामधेनुः ॥

(શ્રી આખ્યાનક મણિ કોશ)

લક્ષ્મીની જન્મદાત્રી છે, વિવેકને વિસ્તારે છે, યશોને ફેલાવે છે, વિપત્તિને દૂર કરે છે, અને સંસ્કારના શુભ યોગોથી બીજાને પવિત્ર કરે છે તેવી શુદ્ધ એવી બુદ્ધિ ખરેખર કામધેનું છે.

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૫

અંક ૬



આજકાલ ચૂંટણી જીતનારને એમના ચાહકો બહુ જ ભારેખમ હાર પહેરાવે છે...એટલે એ પહેરનાર બિચારો આગળની બાજુ ઢળી ન પડે એટલે અમે આમ પાછળ વજન બાંધીને જ આપીએ છીએ.

New a days people give by & heavy gar lends to election winners. So we he a weight behind them so that he doesn't fell down on his face.



તું પરણીને આવી ત્યારે આ 'પર્સ'માં પૈસા લઈને જતી અને આ થૈલો ભરીને સામાન ખરીદી લાવતી, જ્યારે આજે હું આ થૈલો ભરીને પૈસા લઈ જઉં છું ત્યારે માંડ આ પર્સ ભરાય એટલી ચીજ ખરીદી શકાય છે.

When you came offer marriage you used to take money in this small parse & get things filled with this big bag. Now I take this big bag full of money & get things which can only fill this purse.



બજેટ પછી તમારે આર્થિક મુંઝવણોનું ટેન્શન ઘણું વધી ગયું છે. અને ડોકટરે કહ્યું છે કે કોઈ પણ સંજોગોમાં તમારું 'બ્લડપ્રેશર' વધવું ન જોઈએ. તો તીવ્ર ઈચ્છા હોય તો પેલી યુવતી સામે બે સેકન્ડ જોઈ લો. હું ઝઘડો નહિ કરું.

After budget as you have more tension the doctor has told you to take care of your Blood prgsure. If you wish so much to look of that beautiful lady then you can do so. I will not fight.



આ કેવું ! 'રામનામ'ની માળા તો પૂજાની રૂમમાં બેસીને જ કરાય. જ્યારે દાદીમા તો ટી.વી. સિરિયલ જોતા જોતા જ માળા જપે છે ને અમારો પ્રોગ્રામ અમે જોઈ જ નથી શકતા. તો દાદાજી ! એમને પૂજાના રૂમમાં મોકલોને- પ્લીઝ !

To worship lord Ram it is to be done in worship room but our grandma does it while watching T.V. seriab, So we can never watch our prograns. So frand father, please send her to the worship room.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ: ૧૫] * સંવત ૨૦૫૯ કારતક વદ ૧૪ * મંગળવાર, તા. ૧૯-૧૧-૨૦૦૨ [અંક : ૬

પ્રવચન

સત્તાવન

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૭)), બુધવાર, તા. ૨૩-૯-૧૯૮૭, શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ..

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. — અવ૦)

पिय-मायउवच्च मज्जासयण घणा सबलतित्थिमंतिनिवा । नायर अहम माया परमत्थभयाणि जीवाणं ॥

શાસ્ત્ર ઉપર શ્રદ્ધા ન થાય તો ભગવાનની આજ્ઞા સમજાય નહિ. નિપુણ આત્મા જ સમજી શકે તેવી આ આજ્ઞા છે. આ આજ્ઞા તો બહુ જ સારી છે, સઘળું ય સમજાવનારી આજ્ઞા છે, પાપ છોડાવનારી આજ્ઞા છે, ધર્મ કરાવનારી આજ્ઞા છે અને આત્માને છેક મોક્ષમાં લઈ જનારી આજ્ઞા છે. તમને વિચારતા કરવા છે. જે સાધુને પણ આ વિચાર ન આવે તે માત્ર વેષમાં જ છે, હજી સાધુપણું ય પામ્યા નથી. આવા વિચાર નથી આવતા તેનું દુઃખ પણ ન થાય તો સમકિત પણ પામ્યા નથી. તેનું મિથ્યાત્વ પણ મંદ પડ્યું નથી.

તમારે ત્યાં જવું છે ? સંસાર કેવો લાગે છે ? જેને આટલું સાંભળવા છતાં, સમજ્યાનો દાવો માંડવા છતાં ય હજી આ સંસાર જ સારો લાગે, મોક્ષે જ જવાની તીવ્ર ઇચ્છા ય ન થાય તે બધા ભવ્ય હોય તો ય ભારેકર્મી ભવ્ય છે કાં દુર્ભવ્ય છે. અભવ્યને તો કદિ ય મોક્ષે જવાની ઇચ્છા થવાની જ નથી. તે તો સંસારમાં રખડાવા જ સર્જાયેલા છે. આ સાંભળીને ય તમને ચિંતા થાય છે કે હું ભવ્ય હોઈશ કે અભવ્ય હોઈશ ? 'અભવ્યપણું મોક્ષમાં અંતરાય કરનારું છે, ભવ્યપણું મોક્ષમાં લઈ જનારું છે' તે વાત સાંભળી થાય કે હું ભવ્ય હોઈશ કે અભવ્ય ? આવી શંકા થાય તે નિયમા ભવ્ય છે અને ચરમાવર્તકાળમાં આવેલા છે. અચરમાવર્તકાલમાં રહેલા ભવ્યોને દુર્ભવ્ય કહેવાય છે, તેમને આવો વિચાર પણ આવતો નથી કે આવે પણ નહિ. તે તો બિચારા સંસારમાં રખડવાના છે. આ વાત સાંભળી ગભરામણ ન થાય તે બધા ખરેખર ભગવાનનું શાસન પણ સમજ્યા નથી.

તમે બધા ભગવાનનું શાસન પામ્યા છો - પામી ગયા છો પણ સમજ્યા છો ખરા ? રોજ સાંભળે તે ય ન સમજે તેનું કારણ ? સમજવાની શક્તિ નથી માટે નથી સમજ્યા ? ના. તમારે સમજવું જ નથી માટે નથી સમજ્યા. આજના શ્રોતાઓ માટે મારો આ આક્ષેપ છે. જેને સમજવું હોય તો સમજાય તેવું છે. જેને ભગવાનનું

શાસન સમજાઈ જાય તેને તો આ સંસાર ભયંકર સમજાય જિંદા રહે જ નહિ. જેને સમજવાની ઈચ્છા ન હોય તે ભવ્ય હોય તો ય ભારેકર્મી ભવ્ય છે. ભારેકર્મી ભવ્ય ઉપર સાક્ષાત ભગવાન પણ ઉપકાર કરી શકતા નથી. તેવા જીવો મપટાભાગે ધર્મથી વિરુદ્ધ બને છે. પોતાની જ વાતની પકકડ ખાતર ભગવાનનો શિષ્ય બન્યો હોય તો ય નકામો બને છે. ભગવાનને ય ખોટા કહેતા અચકાતો નથી. જેમ જમાલિએ ભગવાન પણ ભૂલ્યા તેમ કહ્યું હતું ને ?

તમને બધાને આ સંસાર કેવો લાગે છે ? જ્યાં સુધી આ સંસાર અસાર નહિ લાગે, હેયાથી છોડવા જેવો નહિ લાગે ત્યાં સુધી ભગવાનની આજ્ઞાની મહતા સમજાશે નહિ. મારે તો તમને બધાને આ ભવમાં સમકિત પમાડવાનું મન છે. કમમાં કમ સમ્યકૃત્વ તો પામો જ એવી ભાવના છે. તમે સાધુ ન થઈ શકો તે બને પણ સાધુ થવું જ નથી તે ય ભાવના ન થાય તે ન ચાલે. અહીં આવેલા પણ મિથ્યાત્વ ગાઢ બને તેવું કરે છે તે બધા તો નામના જ જૈન કહેવાય ને ? ઘણાને પાસે ય મંદિર હોય તો ય દર્શન કરવાની ઈચ્છા થતી નથી. ઘણા દર્શન કરનારને પૂજા કરવાની ઈચ્છા થતી નથી. ભગવાનનુ પૂજામાં પોતાની ચીજનો ઉપયોગ કરવાનું મન થતું નથી. દાન-શીલ-તપ કરવાનું મન થતું નથી. ભાવ શું છે તે તો ભગવાન જાણે !

આ સંસારને ખરાબ તરીકે ઓળખવો હોય તો રોજ વિચારો કે - 'આ સંસારની પુણ્યથી મળેલી એક પણ સામગ્રી મારી નથી. સંસારનું કશું મારું નથી. આ બધું મળેલું કાલે ય ચાલી જાય. કદાચ તે ન જાય તો તે બધું મૂકીને મારે ય જવું પડે' આવા વિચાર આવે છે ? નિરાંતે મજેથી બેઠા છો તો તે બાપનો માલ છે !! ઘર પણ તમારું નથી. પેઢી પણ તમારી નથી, પૈસા-ટકાદિ તમારા નથી. કુટુંબ-પરિવાર પણ તમારા નથી. તમારા કમાયેલા પૈસા પણ તમારા નથી. તે મૂકીને જવું પડશે. રોજ યાદ આવે છે ? તમો ધારો તો ધર્મ સાથે લઈ જશો, પૈસા ન લઈ જઈ શકો. માત્ર પૈસાના પ્રેમી સાથે તો અધર્મ જાય. જે પૈસાવાળો ધર્મી હોય તેની સાથે લજ્જા ધર્મ જાય. તમને ધર્મી થવાનું મન છે ? ધર્મી થવું એટલે સાધુ થવું તે ખબર છે ? રોજ આવે તેને સાધુ થવાનું મન ન થાય અને તે કહે કે, 'હું તો ધર્મી છું' તો તે જૂઠ કે સાચું ? આટલા સમયથી સાંભળો છો તો ય તમને સંસાર છોડવાનું અને સાધુ થવાનું મન કેમ થતું નથી ? આત્મા સાથે સાચા ભાવે વિચાર કરો તો સમકિત આવ્યું સમજો અને મિથ્યાત્વ ભાગ્યું સમજો ! સમકિત એ જ સાચી મિલ્કત છે, મિથ્યાત્વ તો વળગેલ ભૂત છે. સમકિત એ જ સાચો ગુણ છે, મિથ્યાત્વ તો ભયંકરમાં ભયંકર દોષ છે. સંસારની સુખ-સંપતિ જ સારી લાગે, છોડવાનું મન ન થાય તો સમજી લેવુ કે મિથ્યાત્વ ગાઢ છે. જાતને ઓળખી લો. જાતને સારી કરવાની મહેનત કરો, માત્ર બોલકા ન થાવ. બોલનારાને ય સારા ન થવુ હોય તો થતા નથી. ઘણા તો લોકોને સારું લગાડવા જ બોલે છે. 'ધર્મોપદેશો જનરંજનાય' તેમ મહાપુરુષ ગાઈ ગયા છે તો આપણી શી વાત ? લોકનું રંજન કરનારા મોટા ઉપદેશક સાધુઓ, અભવ્ય એવા નવપૂર્વીઓ પણ ધર્મ પામ્યા વિના મરી જાય છે. અભવ્યથી અનેક ગણા આત્માઓ મોક્ષમાં જાય પણ તેને મોક્ષે જવાનું મન ન થાય.

ધર્મ પામ્યા વિના કલ્યાણ થવાનું જ નથી, સાચું સુખ મલવાનું નથી. તમે રોજ આવો છો તો ય આ સંસાર ખરાબ લાગે છે ? ધર્મ જ કરવા જેવો છે તેમ લાગે છે ? 'ધર્મ સાધુપણું જ છે' તે કરવા જેવું ન લાગે તો સમ્યકૃત્વ, દેશવિરતિ કે સર્વવિરતિ ન આવે. સાધુપણું જ કરવા જેવું લાગે તે નિપુણ આદમી કહેવાય. તેવો આત્મા જ ભગવાનની આજ્ઞા સમજી શકે અને સમજાવી શકે. **શાસ્ત્ર સમજવા સારી બુદ્ધિ જોઈએ. 'સંસાર જ સારો લાગે' ત્યાં સુધી સદ્‌બુદ્ધિ આવી તેમ માનવાનું નહિ.** અભવી, દુર્ભવિ અને ભારેકર્મી ભવીને સંસાર ભૂંડો લાગે નહિ, અનંતા ભગવાન મળે તો ય. તમારો નંબર શેમાં છે ? તમે બધા કહો કે, અમે અભવ્ય કે દુર્ભવ્ય તો નથી જ, કેમ કે, ઊંડે ઊંડે પણ મોક્ષમાં જવાની ઈચ્છા તો પેદા થઈ છે. મોક્ષની ઈચ્છા ભવ્ય જીવને જ પેદા

થાય અને તે પણ ચરમાવર્તકાળમાં જ પેદા થાય. અચરમાવર્તકાળમાં અનંતીવાર ધર્મ કરે પણ મોક્ષની ઈચ્છા થાય નહિ. સાધુ થાય, સારામાં સારું પાળે તો ય સંસારમાં રખડે, ભગવાનના ધર્મની પ્રાપ્તિ થાય નહિ.

તમને ખરેખર મોક્ષની ઈચ્છા થઈ છે ? તે કોને થાય ? આ સંસારનું સુખ ભૂંડું લાગે તેને. તમને સંસારનું સુખ ભૂંડું લાગ્યું છે ? 'જરૂર છે માટે ભૂંડું કેમ લાગે ?' 'જેના વગર ચાલે નહિ તે ભૂંડું કેમ લાગે ?' આવું માનશો - બોલશો તો મિથ્યાત્વ મરતા સુધી ય મંદ નહિ પડે. મિથ્યાત્વ મંદ પડે થાય તો આ સુખ ભૂંડું લાગે નહિ. તમને આ સંસાર કેવો લાગે છે ? રોજ સાંભળો અને ઘરે જઈને વાત પણ ન કરો કે, 'આ સંસાર ભૂંડો છે રહેવા જેવો નથી, છોડવા જેવો છે' તો તમારું ઘર જૈનનું છે ? જૈન ધર્મના બધા આચારો ગમે છે ? જૈનકુળના આચારો ય જે જીવને કદી દુર્ગતિમાં ન જાય તેવા આચારો છે. તમારા આચારો સાંભળી - જોઈ બીજાને બહુમાન થાય. તમારું - જૈનનું ઘર, બધાના ઘર કરતા જુદું દેખાય.

પ્ર. - કર્મ ભારે લાગે છે.

ઉ. - તમને સમજાયું કે, ભૂતકાળમાં બાંધેલા કર્મો જ નડે છે તો તે કર્મને તોડવાની મહેનત ચાલુ છે ? હૈયામાં ખૂબ જ દુઃખ છે કે અહીં આવું બોલવું જોઈએ માટે બોલો છો ? હૈયામાં હોય તે બોલો.

'આ અમુક સારો ધર્મ કરે છે મને કેમ મન થતું નથી-માટે મારો ભયંકર પાપોદય લાગે છે' - આવું હૈયામાં દુઃખ થાય છે ખરું ? લક્ષ્મીનો મોહ ઘણો જ લાગે છે માટે દાન દેવાનું પણ મન થતું નથી. ખરેખર મારું શું થશે ? આવી ભાવના આવે તો ય કામ થાય. પણ આજે તો કોઈ સારો ધર્મ કરે તો તે તો મૂરખો છે તેમ બોલનારા કેટલા છે ? આજે ઘણાને ધર્મમાં પૈસો ખરચનારા સારા નથી લાગતા. દશ લાખનો બંગલો બંધાવનારા ગમે છે પણ બે લાખનું મંદિર બાંધે તો 'તે ખોટો ખર્ચો કરે છે' તેમ બોલનારા જેનો પણ છે ! સારું મંદિર બંધાવ્યા વિના સારું ઘર જૈન બાંધે નહિ. તેમ શાસ્ત્રે કહ્યું છે. તમારી પાસે પૈસા વધે તો સારું ઘર બાંધવાનું કે પેઢી વધારવાનું મન થાય કે ધર્મ કરવાનું મન થાય ? જૈનશાસન સંસારને કોઈરીતે સારો કહે જ નહિ. મોક્ષ જ મેળવવા જેવો કહે. 'સંસાર છોડવા જેવો, મોક્ષ જ મેળવવા જેવો, તે માટે જ ધર્મ કરવા જેવો લાગે તો આજ્ઞાનું પહેલું વિશેષણ, 'શાસ્ત્રનિપુણત્વ' આવે.

'સંસાર ન ગમે, મોક્ષ જ ગમે, તે માટે જ ધર્મ કરવો' તો આવા કેટલા મળે ? દુનિયાનું સુખ ગમે, તેની ઈચ્છા થાય તો ય દુઃખ થાય તેવા કેટલા મળે ? તમને સંસારના સુખની ઈચ્છા થાય પણ તે સારી લાગે તો દુઃખ જ થાય તો ધર્મીપણું ટકે. અમને તો સંસારના સુખની ઈચ્છા પણ ન થવી જોઈએ, ભૂંડું જ લાગવું જોઈએ. એટલું નહિ તમને ય સુખ-સંપત્તિમાં મહાલતા જોઈને તમારી દયા આવે કે 'આ બધાનું થશે શું ? આમાં જ મરી જશે તો ક્યાં જશે ? આ રંગરાગમાં ડૂબીને સંસારમાં ભટકી જશે.' **જે સાધુને દુનિયાના સુખીને સુખમાં મહાલતા જોઈને તેની દયા ન આવે તો તે સાચો સાધુ નથી.** તેનામાં હજી સમકિત પણ આવ્યું નથી તો સાધુપણાનો સ્પર્શ તો ક્યાંથી થાય ?

દુનિયામાં પણ સુખી જીવોની આબરૂ કેવી હોય ? એક સુખી જ્યાં વસતો હોય તેની આજુ બાજુ વસનારા ભૂખે સૂવે તેવું બને ? પણ આજે આવું બની રહ્યું છે તેથી મોટોભાગ કહે છે કે, આવાનું નામ મૂકો. તે સુખી ઘસી ચોપડવા ય કામ આવે તેવો નથી. આજે તો સગો ભાઈ રિબાતો હોય, દુઃખી હોય તો ય તે સુખમાં મહાલતો હોય તેમાંની જાતના ઘણા છે ને ? ખરેખર જે સુખી હોય તેની સાત પેઢીના લોકો કહે કે - આ તો ભાગ્યશાલી જીવ છે. ઘણો ઉદાર છે, સારો છે, બધાનું કરી છૂટે તેવો છે. બધાના સુખની ચિંતા કરે છે. આજે આવા કેટલા મળે ? તમને લોક કૃપણ કહે, ભીખારી જેવા કહે તો ય રિબામણ નથી થતી ને ? તમારી આબરૂ પણ શી છે ? નોકર પણ શું કહે કે - મારા શેઠ જેવો લુચ્ચો કોઈ નથી.

— ક્રમશ :

ચેત, ચેત, ચેતન ! તું ચેત !

હપ્તો : ૭

— 'પ્રજ્ઞરાજ'

અનાદિકાળથી સંસારમાં ભટકવા એવા મને હે પ્રભો ! આપનું દર્શન થયું. જ્યારે હું તારું દર્શન કરું. સ્મરણ કરું કે સ્તવન કરું તેમાં જરાપણ ભંગ ન પડે તેવી મારા પર તારી કૃપા ઉતરો ! માંડ માંડ તું મને ભેળાયો તેથી મેં હવે એક માત્ર તારું જ શરણું સ્વીકાર્યું છે. જ્યાં સુધી મારી મુક્તિ ન થાય ત્યાં સુધી સોહાગણની જેમ તને જ નાથ માન્યા છે, તારી સાથે જ છેડો છેડી બાંધી છે, ભવોભવના સાથ નિભાવવાના કોલ - કરાર પણ કર્યા છે. સમ્યક્ત્વનો ચાંદલો કર્યો છે. આ તો સોહાગણનો કુમકુમનો ચાંદલો છે, આ કુમકુમનો રંગ હળદરિયો નથી પણ ચોલમજીઠીયો છે જે હવે જવાનો નથી. હે પ્રભુ ! મેં તો તારી જ પ્રીત બાંધી છે, તારો જ પાલવ પકડ્યો છે, જેમ નાનો બાળક ભૂલ થઈ અને પિતા સજા કરવાના છે તે ખ્યાલ આવે તો માનો પાલવ પકડે તેમ મેં તારો જ પાલવ પકડ્યો છે, તારી સાથે જ હવે સગાઈ કરી છે. જ્યાં સુધી મારા આત્માની મુક્તિ ન થાય ત્યાં સુધી મારા મનમંદિરમાં રાતી સ્ત્રીની જેમ પરપુરુષ એવા બીજા કોઈને પણ પ્રવેશ થવા દઈશ નહિ, - પ્રભુદર્શન કરતાં આપણા હૈયામાં આવા આવા ભાવો ઉગે છે ખરા ? નથી ઉગતા તો ઉગાડવાનું મન પણ છે કે ચીલાચાલુ, ગતાનુગતિક પેઠા અને નીકળ્યા તેવું છે ?

સંસ્કૃતમાં એક સુંદર સુભાષિત આવે છે કે -

"उत्तमात्मचिंता च, शास्त्रचिंता च मध्यमा।
अधमा कामचिन्ता च, परचिन्ताधमाधमा ॥

તેનો ભાવાર્થ એ છે કે, આત્મચિંતા કરવી તે જ ઉત્તમ છે, શાસ્ત્રચિંતા તે મધ્યમ છે, કામની ખાવા-પીવા-પહેરવા-ઓઢવા-ભોગવવાની-ચિંતા કરવી તે અધમ છે અને 'પારકી પંચાત' માં 'પારકી પંચાઈ' માં મજા માનવી તે અધમાધમ વાત છે તો હે આત્મન્ ! તું જ વિચારી લે કે તારો નંબર શેમાં છે ? તું જ દર્દી અને તું જ ડૉકટર !

પ્રાકૃતિક સૌંદર્ય ચારે બાજુ વેરાયેલું છે, એકાંત સ્થળે એકલા બેઠેલા આપણને વિચાર આવે કે - મને શું ગમે છે ? 'આવું' મનોહર ગુલાબી વાતાવરણ કે ગુલામીની દશા ? બધા ગુલાબી ગમે તેમ કહે. ગુલાબી મળી જાય તો બધી ગુલામી ટળી જાય. પણ ગુલાબી મળવી અને ગુલામી ટળવી તે રહેલું કામ નથી ! ગુલાબી મરતી મેળવવા સુદેવ-સુગુરુ-સુધર્મની ગુલામી સ્વીકારવી પડે. પણ આપણને તે પસનદ પડે કે દુનિયાના લાલપીળા, આકર્ષક વસ્તુઓનો ચળકાટ ? લાલપીળાના ગુલામ બનેલા આપણે ઈન્દ્રિયોના એવા ગુલામ બન્યા છે કે આત્માની અનેરી અનોખી ગુલાબીનું સ્વપ્ન પણ આવતું નથી. આજ સુધી અનંતકાળ આ જ મોકાણ માંડી છે. તેનાથી બચવું છે કે તો સુદેવ-ગુરુ-ધર્મનું ગુલામીપણ સ્વીકારી લે પછી તારા જીવનમાં છે માત્ર ગુલાબી, ગુલાબી અને ગુલાબી મરતી ? પસંદગી અપની અપની !

મનુષ્યગતિમાં માન-મૈથુનનું એકચક્રી રાજ પ્રવર્તે છે. તેમાંથી જ સંસારનું સર્જન થાય છે. જો તારે તારા સંસારનું વિસર્જન કરવું હોય તો માન-મૈથુનની નાગચૂડ પકકડમાંથી મુક્ત બનવા પ્રયત્ન કર. એવો પુરૂષાર્થ કર કે ફતેહ છે આગે !

અનાદિથી આપણો આત્મા એવા ઊંધા ચશ્માંની લતે ચઢ્યો છે, ગમાર ઊંટવૈદ્યનો ચાલક બની રહ્યો છે તેથી વાસ્તવિકતાને સમજી શકતો નથી. આપણને બધાને ચોકખાઈ-સાફ સૂફી-સ્વચ્છતા ખૂબ જ ગમે છે. વસ્ત્ર-પાત્ર-મકાન-રાચરચીલું બધું સ્વચ્છ જોઈએ. જોનારને ઊબકો આંખે વળગે તેમ મન છે તેથી મેલાંઘેલાં-લઘરવઘર કપડામાં બહાર નીકળતા શરમ આવે છે. મેલાં મનથી મસ્તક ઊંચું રાખી, રૂઆબ ચાલે ખુમારીથી બહાર નીકળીએ છીએ તેમાં જરા પણ શરમ

આવતી નથી. ત્યાં સુધી મન દૂષિત વિના, દુર્ધ્યાન આદિથી પીડિત હોય ત્યારે કર્મ બંધાયું મલીન કર્મ કહેવાય ને ? બીજાના ઘર પાસે ઉકરડો હોય તો વાંધો નથી પણ આપણા પોતાના ઘર પાસે ઉકરડો જામ્યો તો શું થાય ? બીજાની મલીનતા અને સ્વચ્છતાથી મોઢું મચકોડનાર-બગાડનારા પોતાના મનનાં મલીનતાથી કેમ 'આટલાં' નિર્ભય થયા છે તે જરા સમજાતું નથી. વિષ્ટાના ભૂંડને અંતરના ઊંડાણથી ઉલટી થઈ જાય તેવી લાલત લાગે છે. જો મારું મન મેલું છે તો બીજાને મારું મોં કઈ રીતના બતાવાય ? આવા વિચારનો કાર્યોત્સર્ગ પણ જો લેવામાં પેદા થશે તો ગંગા નાહ્યા. શું કરવું છે ?

સારે ભવે સારા બનવા કરેલો ધર્મ તે જ આત્માની સાથી મૂડી છે. આપણા અવસરે તે જ રક્ષણ કરનાર છે. સંસારની ભૂલ ભૂલામણીમાં અટવાઈ ગયેલાને પણ 'રેડ સિગ્નલ' આપનાર છે. રાગથી રંગાયેલા, મોહમાં ઘેલા બનેલા, કામમાં આસક્ત બનેલા એવા શ્રી ઈલાચીકુમાર નટડીના પ્રેમમાં પાગલ બની, જ્ઞાનદાની ભૂલી, ગુલામી સ્વીકારી. પણ પ્રસંગ પામતા, બાજી પલટાતા, દોરડા ઉપર નાચતા નાચતા આત્માની સાચી ગુલાબી અવસ્થા એવા કેવળજ્ઞાનને પામી ગયા. રાગની બાજીને વીતરાગી બનાવનાર તત્ત્વનો વિચાર કરીએ તો લાગે કે એક જ વારના **'સદ્‌ગુરુ દર્શને'** જીવને રાગીમાંથી વિરાગી બનાવી વીતરાગી બનાવી દીધા. તો રોજે રોજ સદ્‌ગુરુ દર્શન કરનારા આપણા હૈયામાં પણ આ ભાવ ભરો કે-'હું પણ રાગનો ત્યાગી બની, ત્યાગનો રાગી બની વીતરાગી બનું જાઉં.'

કંચન-કાયા-કામિની અને કીર્તિ આ ચાર 'ક' કારે અનાદિથી આત્માનું નિકંદન કાઢવામાં જરા પણ રહેમ નજર રાખી નથી. બધા કર્મોનો બાપ એવું મોહનીયકર્મ મૂંઝાવે અને મોહમદિરાનો એવો નશો ચઢાવે જે મૂઝવણને પામે. અનાદિની આ અવળી ચાલને દૂર કરવાનું સામર્થ્ય છે એક માત્ર સદ્‌ગુરુના ચરણોની સેવા ભક્તિમાં. મોહ મુક્ત થવાનું બળ આપનાર, મોહનો નશો ઉતારનાર, આ ચાર 'ક'કારથી બચાવી, જન્મ-મરણાદિના ફેરાને અટકાવનાર, અક્ષય સુખના સ્વામી બનાવવાની તાકાત સદ્‌ગુરુની તારક સેવા-ભક્તિમાં છે. પુણ્ય યોગે તેવી દશા તો આપણને મળી છે તો હવે 'ફેરો' વધારવો છે કે 'ફેરા'થી બચવું છે ? તું જ નિર્ણય કરી લે.

ચિત્રકાર ચિત્ર દોરતાં પૂર્વે તે જગ્યાને સાફ-લીસી-મુલાયમ કરે છે તેમ જિનવાણી રૂપી પાણીનું પાન કરનારને સુખ માત્ર પ્રત્યેનો ઉદાસીન ભાવ અને દુઃખમાં સમાધિરૂપ સાબુ વડે હૃદય રૂપી ભૂમિને સાફ કરે છે અને રાગ-દ્વેષ રૂપી ગાઢ ગ્રન્થિને ઓળખાવી તે ગ્રન્થિભેદરૂપી ઓપરેશન માટે તૈયાર થાય છે. અપૂર્વ કરણના પરિણામથી ગ્રન્થિભેદ કરી શાશ્વતસુખના બીજ રૂપ સમ્યક્ત્વને આત્મા પામે છે. આપણે પણ મળેલી સામગ્રી-તક જો આ રીતના સફળ કરીશું તો આપણું પણ કલ્યાણ નક્કી છે.

આ સંસાર રૂપી પ્રાસાદના ચાર અડીખમ થાંભલા રૂપ કાયા, કંચન, કામિની અને કુટુંબ છે. તે ચાર 'ક' થી કટ્ટા નહિ કરીએ તો સુમતિ સાથે સાચું સગપણ નહિ થાય અને કુમતિ રૂપી કુતરા કુતર્કની માયાજાલમાં ફસાવી આપણને ચાર ચોટા અને ચોર્યાશીલાખ જન્મરમાં ભમાવ્યા કરશે. -બોલ તારો શો વિચાર છે ?

ટાંકણા મારેલ ઘંટીના પડમાં ઘઉં આદિને દળીયે તો તેમાંથી લોટ નીકળે. તેમ જિનવાણીના વચન રૂપી ટાંકણાને જે આત્મા સહન કરશે તેનું કલ્યાણ થશે. બાકી એક કાનેથી સાંભળી બીજા કાનેથી બહાર કાઢી, કાનેથી સાંભળી મોઢેથી બહાર કાઢે તો લાભ ક્યાંથી થાય ? કાનેથી સાંભળી હૃદયમાં સોંસરી ઉતારી, અસ્થિ મજ્જા સ્થિર થાય તો લાભ થાય. તું પણ આવો પ્રયત્ન કર.

ધર્માત્માની મનોહર દશા રોજ વિચારવા-આત્મસાત્ કરવા જેવી છે. "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો. સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું ક્યારે મહાપુરુષને પંથ જો."

જ્ઞાનિઓએ આત્મચિંતાને ઉત્તમ કહી છે.

ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકા કે ખાવા-પીવાદિની કે પ્રમાદજન્ય ચિંતાઓ તો રોજ કરે છે અને પછી દુઃખી થાય છે, પસ્તાય છે. તેના કરતાં રોજ આત્મચિંતાને કર કે-''દ્રવ્યાર્થિક નયે કરીને મારો આત્મા એક-નિત્ય છે, અસંખ્યાતપ્રદેશવાળો છે, પર્યાયાર્થિકનયથી અનેક પરિણામવાળો-અનિત્ય છે, જ્ઞાન-દર્શનરૂપ શુદ્ધ ગુણના પર્યાયવાળો છે. આત્માના અનંતા અસ્તિધર્મો છે, અનંતા નાસ્તિધર્મો છે, સામાન્ય-વિશેષ ધર્મો પણ અનેક રહેલા છે, સમગ્ર પુદ્ગલભાવથી રહિત છે, વસ્તુગત ભાવે ત્રણે કાળ અનંતી કર્મપ્રકૃતિ રહિત છે, સાકારોપયોગ અને અનાકારોપયોગના સ્વભાવવાળો છે, ક્યારે પણ પોતાનો ચૈતન્યભાવ તજતો નથી. માટે મારો આ આત્મા શાશ્વત છે, શરીર-લેશ્યા-યોગ-કષાય-ક્લેશથી રહિત છે. માટે જ અશરીરી, અલેશી, અયોગી-અકષાયી અને અકલેશી છે. પરમ ચિદાનંદસ્વરૂપી છે, રત્નત્રયીમય છે, શ્રદ્ધા-ભાસન-આત્મગુણરમણતા લક્ષણ વાળો છે અને ઉત્તમ નિમિત્ત કારણે કરી ઉપાદાન સુધરે છે.'' આ રીતે શુદ્ધ સ્વરૂપભાવનું ચિંતન પુદ્ગલરમણતા સંગથી બચાવી આત્મરમણતાને પમાડે છે.

શિખરને જોઈએ પણ શિખરને સ્થિરતા આપનાર પાયા તરફ નજર ન જાય તો શિખરની સમૃદ્ધિ કઈ રીતે પમાય ? પાયાની વાત ભૂલવા જેવી નથી, ભગવાન મહાવીર પરમાત્મા; ભગવાન બન્યા તેના મૂળમાં નયસાર જેવી ભક્તિ જગાડીશું તો બોધિબીજનો પ્રાપ્તિ થશે. સદ્ગુરુ પ્રત્યે જેવો સમર્પણભાવ જગાડ્યો તેવો જગાડીશું તો લાભ થશે. પછી સદ્ગુરુને દિવાલ પર લટકાવવાને બદલે દિલમાં પધરાવીશું તો કામ થશે.-વિચારી લે સદ્ગુરુનું સ્થાન ક્યાં છે ?

* * *

॥ શ્રી શંખેશ્વરચિંતામણિપાર્શ્વનાથાય નમઃ ॥

શ્રીરામચન્દ્રં સૂરીન્દ્રં પ્રણૌમિ

પૂ.મુ.શ્રી હિતરત્ન વિ. મ.
શ્રા. સુ. ૧૦૩. નં. ૧૫, સાંચોરી જૈનભુવન,
પાલીતાણા.

પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ.મ. શ્રી સિદ્ધગિરિજીની છત્રછાયામાં ૧૪-૧૪ આચાર્ય ભ. ની નિશ્રામાં વ.વ.૧૨ થી ૩૬ ઉપવાસની ભિષ્મ તપશ્ચર્યાનો પ્રારંભ થયો હતો. અને તેનો છેલ્લો ઉપવાસ શ્રા.સુ.૩ ના થયેલ હતો.

'વિઘ્ને ટળે તપ ગુણથકી, તપથી જાય વિકાર.'

પૂ. મુ.શ્રી તત્ત્વરત્ન વિ. મ. સાહેબે કરેલ ઉગ્ર ૩૬ ઉપવાસનો તપ નિર્વિઘ્ને પૂર્ણ થયો.

ખૂબ જ અપ્રમ-તભાવે તેઓશ્રીએ કરેલ આવા ભીષ્મ તપની અનુમોદના ગામેગામના એકત્રિત થયેલ આરાધકોએ ખૂબ ભાવથી તેની ઉજવણી કરવા દ્વારા કરી.

શ્રા.સુ.૩ના છેલ્લા ઉપવાસે સંસારી સ્વજનો તરફથી 'જય તળાટી' એ નવ્વાણુ અભિષેકની પૂજા રાખવામાં આવેલ. જેમાં તપસ્વી મ. ૩ કલ્પ જેવા ટેકા વગર બેઠા હતા. ખૂબ ઉલ્લાસથી પૂજા ભણાવાએલ. તેમજ શ્રા.સુ.૪ ના પારણા પ્રસંગે અનેક પૂ.આ.ભ.ની પધરામણી રૂ.નં.૭માં સુશ્રાવિકા મધુબેનના ઘર આંગણે થએલ. મુંબઈથી દિપકભાઈ (સંસારી મામાભાઈ), બહેનો વગેરે પણ મોટી સંખ્યામાં આવ્યા હતા. આંગીઓ, પ્રભાવના, સાંજી, સંઘપૂજન ગુરુપૂજન આદિ પણ થએલ. તપસ્વીને પારણા પછી પણ શાતા, પ્રસન્નતા એવીને એવી જ રહેલ છે. હાલ એકાંતરા આયંબિલ ચાલુ છે.

આ નિમિતે સંસારી સ્વજનો તરફથી ગુરુભક્તો દ્વારા ૨૫ હજાર શુભ ખાતે, ૨૨ હજાર બે પંડિતોના બહુમાન માટે, ૧૦ હજાર જેવા જીવદયામા જાહેર કર્યા હતા. નાના મ. ને ૨૨ મી ઓળી ચાલુ છે.

પૂ. સા. સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.

આપા ભાણવાનું જરૂર છે ધાર્મિક અભ્યાસ માટે આપણે લક્ષ મોછો છે ને જેને છે તેને શીખવું પણ અશુદ્ધ શુદ્ધ ઉપર લ ઓછો જેથી સૂત્રો ઘણાના અશુદ્ધ હોય છે. તે સુધા વા પછી ઘણા કઠિન થાય અને તે કરવા ઘણા ભાગ્ય ાળિઓ ચાલે ચાલે કરી ચલારે પણ એક મીંડા માત્રર્થ પણ અર્થ કેટલો ફરી જાય છે. કુંતી ને કુતી બગલોને બંગલો તો સૂત્ર અશુદ્ધ કેવી રીતે ચાલે ? કાઉસ્સગ્ગ ાણ જેટલો હોય તેટલો જ કરવો જોઈએ આ વાત ઉપર વધારે ભાર દેવાની જરૂર છે.

બાળ જીવનની પાટી પર ધાર્મિક અભ્યાસનો એકડો શુદ્ધ રીતે ઘૂંટવાનું કેટલું બધું જરૂરી છે ? મીંડા માત્રાનીય ભૂલ કેવો-કેટલો બધો મોટો અનર્થ ઉભો કરી જાય છે ! એ તમે સમજી ગયા. હવે તમારે એ વાત સમજવાની છે કે જ્યાં જેટલો પાઠ બોલવાનો હોય એટલો જ બોલાવો જોઈએ. એ પાઠના અક્ષરો બે વાર ન બોલાય. અધિકસ્ય અધિક ફલમ્-વધારેનું ફળ વધુ. એમ માનીને કાઉસ્સગ્ગમાં નવકાર કે લોગસ્સ વધારે ન ગણાય ! અ એક ઘણી મહત્વની વાત છે.

પાપ નો આસ્વાદ માણવો હોય તો તેને યોગ્ય રીતે શેકવો જોઈએ. તેને થોડી જ વાર સગડી પર રખાય તો તે કાચો રહે અને વધારે વાર રખાય તો બળી જાય ? રોગ કાઢવો હોય તો દવાની માત્રા યોગ્ય પ્રમાણમાં જ લેવાય. દવ ઓછી લેવાથી રોગ જાય નહીં અને વધારે લેવાથી રોગ વધી જાય ! શરીરને તંદુરસ્ત રાખવું હોય તો ખોરાક પ્રમાણસર જ લેવો જોઈએ. ઓછો ખોરાક લેવાથી શરીર દુર્બળ થઈ જાય અને વધારે લેવાથી રોગ થાય ! એમ ધાર્મિક ક્રિયામાં તથા પઠન-પાઠનમાં સૂત્રોના અક્ષરો ઓછા કે વધારે બોલાય નહીં. સૂત્રમાં હોય તેના કરતાં વધારે અક્ષર બોલવાથી કેવો અનર્થ થાય છે-એ સમજવા માટે એક લૌકિક કથા જાણવા જેવી છે. આ કથા લૌકિક છે. કદાચ તે કાલ્પનિક પણ હોઈ શકે ! પરંતુ આપણે જે સમજવું છે એ સમજવામાં ઉપયોગી થઈ પડે એવી હોવાથી જાણવા જેવી છે:

એક હતું સરોવર. એનું પાણી ચમત્કારી હોવાથી એ સ્થાન 'કામિક-તીર્થ' તરીકે પ્રસિદ્ધ હતું. એ સરોવરની પાળે એક વંજુલ નામનું ઝાડ હતું. આ ઝાડ ઉપર ચડીને જો કોઈ પશુ-પંખી સરોવરમાં પડતું મૂકતાં, તો તે તેમાં પડતાંની સાથે જ માણસ બની જતાં, અને જે કોઈ માણસો આ સરોવરમાં પડતું મૂકતાં તે દેવ બની જતાં, એ ઝાડ અને સરોવરમાં આવી વિશેષતા હતી. સાથે-સાથે એનો બીજો પણ એક એવો અવળો પ્રભાવ હતો કે માણસમાંથી દેવ બનેલો તેનાંથી પણ કાંઈક અધિક પામવાના લોભથી લપેટાઈને બીજી વાર સરોવરમાં પડતું મૂકતો, તો એ ફરી માણસ બની જતો ; અને પશુ-પંખીમાંથી માણસ બનેલો જો બીજીવાર સરોવરમાં પડવાનો લોભ કરતો તો એ માણસ ફરી પાછો પશુ-પંખીની જ કાયા પામી જતો. ત્રીજીવાર પડતું મૂકનાર માટે ઉપાય ન હતો.

આવા ચમત્કારી આ સરોવરના કિનારે એકવાર એક માનવ પતિ-પત્નિ આવ્યા અને દેવ બનવાની ઈચ્છાથી એમણે ઝાડ ઉપર ચડી સરોવરમાં ઝંપલાવ્યું. વળતી જ પળે તેઓ દેવ-દેવી બનીને બહાર આવ્યાં. એમની દેદીપ્યમાન દૈવી કાયામાંથી ચોતરફ પ્રકાશ ફેલાવા લાગ્યો !

બાજુના ઝાડ ઉપર બેઠેલા વાંદરા-વાંદરીએ આ દૃશ્ય જોયું. એથી એમનાં મનમાં પણ સરોવરમાં પડતું

કરી નવો અવતાર પામવાનો લોભ જાગ્યો. વળતી જ ળે ફૂદકો મારી તેઓ વંડલના ઝાડ પર પહોંચી ગયાં ને ત્યાંથી બીજો એક ફૂદકો મારીને સરોવરમાં પડ્યાં.

વીજળીની ઝડપે એ વાંદરો-વાંદરી મનોહર માનવ દેહ પામી ઉપર તરી આવ્યાં. વાંદરાને નરનો ને વાંદરીને નારીનો દેહ મળ્યો. બન્નેના આનંદનો પાર ન રહ્યો.

કહેવત છે કે - લાભથી લોભ વધે ! પશુના ચોળિયામાંથી માનવના ખોળિયાનો લાભ થતાં જ એ વાનર પુરુષનો લોભ વધ્યો. એને હવે માનવમાંથી દેવ બનવાની ઈચ્છા થઈ. એથી ઓણે પોતાની પત્નીને કહ્યું: ચાલ, લાવ એકવાર ફરી સરોવરમાં ઝંપલાવીએ, અને માણસમાંથી દેવ બનીએ ! પતિની વાત સાંભળીને પત્નીએ કહ્યું: લોભ પાપનો બાપ છે. લોભને થોભ ન હોય. લોભથી માણસનો સર્વનાશ થાય છે. માટે આપણે પશુમાંથી માણસ બન્યા એ જ ઘણું છે. હવે વધુ લોભ કરવો રહેવા દો. વધુ લોભમાં લપેટાશો તો આ માનવ-ખોળિયું મળ્યું છે એનેય ખોઈ બેસશો.

પણ શાણી પત્નીની આ હિત-શિખામણ લોભાંધ પતિએ કાને ન ધરી. લોભમાં ને લોભમાં જ આણે તો ઝાડ ઉપરથી ફરી સરોવરમાં ઝંપલાવી દીધું ! પત્ની દેખતી જ રહી અને એનો પતિ પાછો વાનર બનીને ફૂદાફૂદ કરવા મંડી પડ્યો. વાંદરાના પસ્તાવાનો હવે પાર ન રહ્યો. પણ અબ પસ્તાયે ક્યા, જબ ચીડિયા ચુન ગઈ ખેત ?

વાંદરી-સ્ત્રીનું ભાગ્ય જોર કરતું હતું. એ માનવ ખોળિયું ખોઈ બેઠેલા પોતાના પતિના લોભ પર આંસુ સારી રહી હતી, એટલામાં જ એક રાજા ત્યાં આવી ચડ્યો. એ આ સ્ત્રીનાં રૂપ પર ઓવારી ગયો. એણે દયાર્દ્ર હૃદયથી એનાં આંસુ લૂછ્યાં. સ્નેહથી એને સાથ આપ્યો. એને જોતાંથી પોતાની પટરાણી બનાવી દીધી.

થોડા દિવસ પછી એ જ જંગલમાં એક મદારી આવ્યો. એને પેલો લોભી વાંદરો ખૂબ જ ગમી ગયો. મદારીને તો વાંદરાઓ પકડતાંય આવડે ને ભેલાવતાંય આવડે. મદારીએ વાંદરાને પકડી લીધો અને એને જાતજાતના ખેલ પાગ શિખવી દીધા. મદારીના માંકડા તરીકે એ જાતજાતના ખેલ ખેલીને લોકોને ખુશ કરવા લાગ્યો. ભાગ્ય જોગે આ મદારી એક દિવસ જ્યાં વાંદરી સ્ત્રી બની ને રાજા રાણી તરીકે લઈ ગયો. એ જ રાજાની સભામાં જઈ પહોંચ્યો. વાનરીમાંથી માનવી બનેલી રાણી તે પાગ સભામાં આવેલ. વાનરીમાંથી માનવી બનેલી રાણીની નજર વાનર પર પડી અને એને પોતાના પતિ તરીકે ઓળખી ગઈ. વાનરની પાગ એવી દશા હતી: એણે પાગ રાણીને જોતા જ ઓળખી લીધી હતી. એનું મન એને ભેટવા તલપાપડ બની રહ્યું હતું. એથી એ વારંવાર રાણી તરફ ધસવા લાગ્યો. એ જોઈ રાણીએ એને શિખામાગ આપતાં કહ્યું કે હે વાનર ! હવે મનુષ્ય મળવાની મોટી આશામાં દોડાદોડ શાને કરે છે ? હવે એ તારો પ્રયત્ન સફળ થવાનો નથી. તને નડી છે તારી પોતાની જ ભૂલ ! તને નડ્યો છે તારો પોતાનો જ લંભ ! જો તે લોભાંધ બનીને સરોવરમાં ફરીથી પડવાની મૂર્ખ ન કરી હોત તો તારી આવી દુર્દશા ન જ થઈ હોત ! આપણી ભૂલનું ફળ આપણે ભોગવવાનું જ છે. હવે જ મુજબનો દેશકાળ છે એ મુજબ જ વર્તી લે, એમાં જ ડહાપાગ છે. બાળકો ! આ વાંદરાના દૃષ્ટાંતથી તમે સારી રીતે સમજી શક્યા હશો કે વધારે લાભ મેળવવાનં ઈચ્છાથી વાંદરો કેવો અનર્થનો ભોગ બન્યો અને કીમતી મનુષ્યપાગ પામવા છતાં એ ખોઈ નાખવાને કારણે એને કેટલું મોટું નુકશાન ખમવું પડ્યું ! બસ ! તો એવી જ રીતે સૂત્ર-પાઠમાં અક્ષરો-કાનો-માત્ર મીંડું આદિ વધારે બોલવામાં આવે તો ઘણો મોટો અનર્થ થઈ જાય છે. માટે જરા પાગ વધઘટ ન થાય એની કાળજીપૂર્વક ધાર્મિક સૂત્રોનું પઠન-પાઠન કરવું જોઈએ. 'અધિકરચ અધિકં ફલં' - એ સૂત્રનો ઉપયોગ અહીં ન થઈ શકે.

તપ ધર્મનો પરમાર્થ

૨૦૩૪, ભાદરવા સુદિ-૪ ને બુધવાર,
તા. ૬-૯-૭૮

- પૂ.આ.શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.

જે જે ભાગ્યશાલીઓએ અઠ્ઠમ-અઠ્ઠાઈ કે તેથી અધિક તપ કર્યો છે અને આવો તપ કરવાની શક્તિવાળા જીવો ઘણા ભાગ્યશાલી છે. આવું પર્વ પામીને શક્તિ અનુસાર જે જીવો તપ કરે છે તે ધન્યવાદને પાત્ર છે. આવા જીવોનં ભક્તિ કરવાનો પણ શાસ્ત્રે ઉપદેશ આપ્યો છે.

શ્રી પર્યુષણા મહાપર્વમાં આવો તપ કરી શકનારના જીવનમાં હવે રાત્રિભોજન-અભક્ષભક્ષણ બંધ થઈ જવાનું ? નવકારશી અને ચોવિહાર શરૂ થવાના ? આવો તપ કરનારા જો રાતે ખાવામાં, અભક્ષભક્ષણમાં વાંધો નહિ, નવકારશીની શી જરૂર છે એમ જો માનતા હોય તો તો તેનો એક જ અર્થ છે કે - તેને ભગવાનનું શાસન સમજાયું નથી. સંસાર પરથી ઉદ્વેગ જાગ્યો નથી, મોક્ષની ઈચ્છા થઈ નથી

તમે સૌ કેવું સુંદર ભગવાનનું શાસન પામ્યા છો, આવી તપ કરવાની શક્તિ મળી છે, તો તે બધા-એકવાર પણ મળે તો ય ચાલે આવો નિર્ણય કરે તો તપનો મહિમા જગતમાં ગાજે. વર્ત્તમાનમાં તપ કરનારની નિંદા કરવામાં આવે છે. તેમને ખોટા પાડવા ભારે પડે છે. લોક કહે છે કે - 'શેના તપસ્વી ! રાતે ખાય છે.. અભક્ષ ખાય છે.. ખાવા-પીવામાં ય વિવેક નથી..' આમ બોલવાની તક ન આવે, તેમ તપ કરનારા સમજી જાય અને શાસન હૈયામાં ઊતારે તો ય તપ દીપી ઊઠે.

આપણે ત્યાં આજ્ઞા જ પ્રધાન છે. આપણે આજ્ઞા મુજબ ચાલવું છે. કોઈ ભૂલ બતાવે તો સુધારવી છે. પણ કોઈ ભૂલ કરાવવા માગે તો કદિ કરવી નથી.

તપ કરવાની શક્તિવાળા તપ પોતે જીવનમાં ઉતારે, પોતાના સાથી-સંબંધી પણ આવી શક્તિ હોય તો તેમને ય તપ કરવા પ્રેરે. પછી તેમને રાત્રિભોજન અને અભક્ષભક્ષણ વગર ન જ ચાલે તેમ બને ? તેને પછી બરફ-આઈસ્ક્રીમના શોખ શા ? જે-તે જોવાના શોખ શા ? ભગવાનનો ધર્મ જાણે અને આચરે તેનો વ્યવહાર કેવો મજેનો હોય ? કોઈ દોષ ન હોય એવું આચરણ થાય તો જ ભગવાનનું શાસન દીપે.

સાધુ-સાધ્વીને ક્લેશ વગેરે થાય નહિ. ઊંચા સ્વરે બોલવાનો સંભવ ન હોય. કદાચિત કજીયાનો ઉદય આવે, કજીયા જેવું થાય-કટુ ભાષામાં બોલાય તો નાનાએ મોટાને ખમાવવું જોઈએ. નાનો કદાચ આડો થાય અને ન ખમાવે તો પણ મોટાએ નાનાને ખમાવવો જોઈએ.

કોઈએ અપરાધ કર્યો હોય અને ગુસ્સો આવ્યો તે ગુસ્સો કાઢવો; કોઈને ગુસ્સાનું નિમિત આપ્યું હોય અને તેને ગુસ્સો થયો હોય તો તેની પાસે જઈ ખમાવવું કે - મારી ભૂલ થઈ ગઈ, આવેશમાં આવી બોલાઈ ગયું, માટે મને ક્ષમા આપો અને આપ શાંતિ પામો. પોતે ય ઉપશમ પામવું અને સામાને ઉપશમ પમાડવો એ જ આ પર્વનું મહત્ત્વનું કૃત્ય છે. સામો ઉપશમ પામ્યો છે કે નહિ. તે માટે તેને વારંવાર મળવું, કામકાજ પૂછવું, તે તકલીફમાં હોય તો સહાય કરવી, માંદો હોય તો ભક્તિ કરવી, જેથી તેના હૈયામાં ડંખ રહ્યો તો નીકળી જાય. સામાને ઉપશમ પમાડવાની ભગવાનની ભારપૂર્વકની આજ્ઞા છે. જે ઉપશમ પામે છે-કરે છે તેની જ આરાધના સાચી થાય છે. જે ઉપશમ નથી પામતો તે સાચો આરાધક નથી બની શકતો.

ભગવાને અમને ઘર-બારાદિનો ત્યાગ કરાવી કેમ જીવવું તે સમજાવ્યું છે, તેવું તમને તમારા માબાપે ય નહિ શીખવ્યું હોય. તમને કે તમારા મા-બાપને, સંતાનની

(અનુ. પાના નં. ૮૨૨ પર)

સંગઠન પ્રેમ અને સિદ્ધાન્તરાગ

(શ્રી વીરશાસન જુનુ વર્ષ-૨૦, નવું વર્ષ-૧૭, અંક-૩૬ માંથી સાભાર, તા. ૧૬ જૂન, ૧૯૩૯ વિ.સં. ૧૯૯૫)

(વર્ષો પૂર્વે તંત્રીસ્થાનેથી લખાયેલ આ લેખ આજે પણ તેટલો જ નહિ બલ્કે તેથી પણ વધુ જરૂરી છે. કારણ આજે 'એકતા' ની જે હવા ફુંકાઈ છે અને 'સિદ્ધાન્ત' ને 'સગવડીયો' બનાવાયો છે, ત્યારે આ લેખ શાસનપ્રેમી આત્માઓના પ્રાણમાં ઉત્સાહ પૂરી 'સિદ્ધાન્ત રાગ' ની જ્વલંત જ્યોત જરૂર જગાવશે તે જ આશા સાથે વિરમીએ છીએ. - સંપા.)

વર્તમાનમાં અનેક પ્રશ્નોની જેમ સંગઠ્ઠન અને સિદ્ધાન્તનો પ્રશ્ન પણ ચર્ચાની એરણ ઉપર આવ્યો છે. કેટલાકો સંગઠ્ઠનને મહત્ત્વનું માને છે અને કેટલાકો સિદ્ધાન્ત રક્ષાને મહત્ત્વની માને છે. બેમાંથી એકે ય વર્ગને સિદ્ધાન્ત ઉપર અગર સંગઠ્ઠન ઉપર રાગ નથી એમ નથી. બન્નેને બે ય ગમે છે. ભેદ છે માત્ર 'કોને પ્રધાનતા માની શકાય ?' - એ વિષયમાં, સંગઠ્ઠન ખાતર સિદ્ધાંતને જતો કરવો પડે તો જતો કરવો એમ એક વર્ગ કહે છે, જ્યારે તેની સામે બીજો વર્ગ એમ કહે છે કે - સંગઠ્ઠન આવકારદાયક છે એમાં અમને સંદેહ નથી, પરન્તુ સંગઠ્ઠનના વ્યામોહમાં મુગ્ધ બનીને સિદ્ધાન્તનો ભોગ ન દેવાય. સિદ્ધાન્ત કરતાં સંગઠ્ઠનને પ્રધાનપદ દેનાર વર્ગ કહે છે કે - સિદ્ધાન્ત અને સંગઠ્ઠન બે ય જળવાય તો સારું, પણ સિદ્ધાન્તનો રાગ એવો તો ન જ હોવો જોઈએ, કે જે સંગઠ્ઠનનો ઘાતક નિવડે.

બન્નેનાં મંતવ્યો વિચારણીય છે. બેયનું કહેવું સાચું છે એમ નહિ, પણ બેયના કથનનું રહસ્ય ઉંડા ઉતરીને જાણી લેવા જેવું છે. શું સિદ્ધાન્ત અને સંગઠ્ઠન એ પરસ્પર વિરોધી વસ્તુઓ છે ? **વસ્તુતઃ સિદ્ધાન્ત એ સંગઠ્ઠનની સાધક વસ્તુ છે, કારણ કે સિદ્ધાન્ત ઉપર નિશ્ચિત બનનારાઓ આપોઆપ સંગઠિત બની જાય છે.** શ્રી તીર્થંકરદેવો સિદ્ધાન્ત પ્રરૂપે છે અને એથી તે સિદ્ધાન્ત ઉપર નિશ્ચિત થઈ જનારાં સ્ત્રી-પુરૂષો સ્વાભાવિક રીતિએ જ સંગઠિત થઈ જાય છે. ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના, એ એક પ્રકારનું સંગઠન જ છે. એ સંગઠન સાધવું નહોતું પડ્યું, પણ આપોઆપ જ સધાઈ ગયું હતું. **જેઓ એ સિદ્ધાન્ત ઉપર સુવિશ્વસી બન્યા, તેઓ આપોઆપ એ સંગઠ્ઠનમાં ભળતા ગયા.** જો કે - આ સંગઠ્ઠન થવાના યોગે એક ભેદ પણ ઉત્પન્ન થવા પામ્યો. દુનિયામાં વિવિધ મન્તવ્યોના યોગે જે વિવિધ વર્ગો હયાતિ ધરાવતા હતા, તે વર્ગોમાં એકની સંખ્યા વધી, પણ તે અનિવાર્ય હતી.

આ વસ્તુને દૃષ્ટિ સમીપ રાખીને આજનો પ્રશ્ન વિચારાય, તો કયા વર્ગનું મન્તવ્ય આદરણીય છે, તે સમજવું સરળ થઈ પડે. શાસનની સ્થાપના થતાં હયાત વર્ગોની સંખ્યામાં એક વર્ગની સંખ્યા ઉમેરાઈ, છતાં જગતના જીવોના કલ્યાણ માટે અનિવાર્ય ગણાઈ. કારણ કે - જીવોને કુસિદ્ધાન્તોથી બચાવી સુસિદ્ધાન્તના ઉપાસક બનાવવાનું ધ્યેય એવું કિંમતી હતું કે-સંખ્યામાં એક વર્ગની સંખ્યા વધે તેની દરકાર કરાય જ નહિ. એ જ રીતિએ આજે સુસિદ્ધાન્તના સંરક્ષણનો પ્રશ્ન છે. **કુસિદ્ધાન્તથી થતા અહિત અને સુસિદ્ધાન્તથી થતાં હિત વિષે જેઓ બેદરકાર હોય તેઓ ભલે સિદ્ધાન્તરાગ કરતાં સંગઠ્ઠન પ્રેમને મહત્ત્વ આપે. પરન્તુ સુસિદ્ધાન્તના સંરક્ષણમાં જ જગતના જીવોનું કલ્યાણ છે, એમ માનનારાઓ તો કદિ પણ સિદ્ધાન્તરાગ કરતાં સંગઠ્ઠન પ્રેમને અધિક ગણી શકે નહિ. વાસ્તવિક રીતિએ તો સિદ્ધાન્તનું એકત્વ એ જ સંગઠ્ઠનનું મૂળ છે.**

સિદ્ધાન્તના એકત્વ ઉપર જ સંગઠ્ઠન નિર્ભર છે. સિદ્ધાન્ત વિષેની એકમતી એ જ સંગઠ્ઠનને જન્માવનાર

અને સંપને વધારનાર છે. સિદ્ધાન્તના સંબંધમાં મન્તવ્યભેદ થતાંની સાથે જ સંગઠન ભયમાં આવી પડે છે. સિદ્ધાન્ત ભેદવાળાઓનું સાચું સંગઠન અસંભવિત છે અને કદાચ પ્રસંગ પૂરતું કામચલાઉ અને કૃત્રિમ સંગઠન થાય તો ય તે ક્ષણજીવી જ નિવડે છે. એ પ્રસંગ પૂરતું કામચલાઉ અને કૃત્રિમ સંગઠન કેટલીકવાર તો ભવિષ્યના મહાન ભેદનું બીજ બની જાય છે. આથી તેવા સંગઠનનો પ્રયત્ન કરવા કરતાં સિદ્ધાન્ત વિષેનાં મન્તવ્યોનું એકત્વ સ્થાપવા માટે પ્રયત્નશીલ બનવું એ જ કલ્યાણકારી છે.

:: એલચી ::

"સિદ્ધાન્તપ્રેમી આત્માઓ ક્યારે પણ ઝઘડો કરતાં નથી પણ આવી પડે તો પીછે હઠ પણ કરતા નથી પણ વધાવી લે છે."

"ખોટી વાતને ચલાવી દે નહિ અને ખોટી વાતને રોજ ખંખેર્યા કરે તેનું નામ સુગુરુ !"

– પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

અકબર બાદશાહની ઋદ્ધિ : ૧૬૦૦૦ હાથીઓ, નવ લાખ ઘોડાઓ, ૨૦,૦૦૦ રથ, ૧૮ લાખ સૈનિકો, ૧૪,૦૦૦ રસોઇયા, ૧૨,૦૦૦ ચિત્તા, ૫૦૦ વાઘ, ૧૭૦૦૦ શિકારી, ૨૦૦૦૦ બાજ, ૭,૦૦૦ ગાનારા, ૧૧,૦૦૦ નૃત્યકાર, ૫૦૦ પંડીતો, ૫૦૦ મોટા પ્રધાનો, ૨૦,૦૦૦ કારકુનો, ૧૦,૦૦૦ ઉમરાવો, ૧૬,૦૦૦ સુખાસનો, ૧૫,૦૦૦ પાલખીઓ, ૮૦૦ વિશિષ્ટ ગાનારા, ૫૦૦૦ મદનભેર, ૭૦૦૦ ધજાઓ, ૫૦૦ બિરુદ બોલાવનારા, ૩૦૦ વૈદ્યો, ૧૬૦૦ સુથારો, ૮૬ મરદન કરનારા માણસો, ૩૦૦ પંડીતો શાસ્ત્રનું વાંચન કરનારા, ૩૦૦ વાજંત્રો વગાડનારા, ૫૦૦૦ પત્નીઓ, ૫૦૦૦ અલગ અલગ આવાસો, એક વખત ૩૬૦૦૦ સોનામહોરોની લહાણી કરી, ૨૦ કરોડ પાઉંડથી ભરેલી ૬ તિજોરી.
(હીર વિજય સૂરિશ્વરજી) (વાસંતી)

- નવકાર મંત્રનું ભવ્ય ઉજવણું કર્યું તેમાં
  ૬૮ સોનાનાં ગોળા મોતી-પરવાળાથી ભરેલાં.
  ૬૮ સર્વ પ્રકારનાં ફળો.
  ૬૮ સર્વ જાતીનાં સોના-રૂપાનાં નાણાઓ.
  ૬૮ રેશમી વસ્ત્રો.
  ૬૮ ધજા આદિ ઘણી વસ્તુઓ ૬૮.૬૮ મુકેલ.
- જ્યારે પેથડ મંત્રીએ ગુરૂ પાસે સમ્યક્ત્વ સ્વીકાર્યું ત્યારે ૧,૨૫,૦૦૦ સાધર્મિકોને એક લાડુ ઉપર એક સોનામહોર મુકી પ્રભાવના કરેલ.
- ૩૨ વર્ષની વયે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારેલ.
- માંડવગઢની ૨ કોષ દૂર આજુબાજુ સાધુ મ. સા. વિચરતા હોય ત્યાં જઈ પ્રતિક્રમણ કરતાં અને ૪ કોષ દૂર જઈ પણ પ્રતિક્રમણ પણ કરતા.
- માંડવગઢના ૩૦૦ જિનાલયો ઉપર સોનાનાં કળશો ચઢાવેલ.
- ૧૮ લાખ રૂપિયા ખર્ચીને "શત્રુંજ્યાવતાર" નામે ૭૨ જિનાલયવાળુ ભવ્ય મંદિર માંડવગઢમાં મંત્રીશ્વરે બંધાવેલ. **(શ્રુત સાગરમાંથી) વિરાગ.**

સંયમની સાધના પાછળ, લોહી-માંસને ઓગાળી દેનારા

પૂજ્ય સાધ્વીજી શ્રી ચંદનબાળા શ્રીજી મહારાજ..

આચારાંગ સૂત્રકારે શ્રમણસંસ્થાને ભેટ ધરેલુ આ એક સોનેરી સૂત્ર છે : 'विगिंच मंस-सोणियं'. રગેરગમાં વીરતા પ્રગટાવી દેનારું આ સૂત્ર મુનિભગવંતોને ઉદ્દેશીને લખાયું છે. સૂત્ર કહે છે : હે મુનિ ! જો, તારે મોક્ષ જોઈએ જ છે; જો તું દુઃખોથી કંટાળી ગયો છે; જો તારા મનમાં સંવેગનું દૃઢ પ્રણિધાન થયું છે; જો તું સંસારની કારમી યાતનાનો અંત જ ઈચ્છે છે તો હવે તારા રક્તને અને માંસને સંયમની સાધનામાં ઓગાળી દે. બીજો કોઈ વિકલ્પ જ નથી. જો મોક્ષ મેળવવો હશે તો લોહી માંસ સૂકવવા પડશે. હા ! મોક્ષ દૂર છે. એની મંજલ પાણ કાંટાળી છે. જે વીરતા, જે ઉત્સાહ અને જે પરાક્રમ અત્યાર સુધી ભોગોના ઉપભોગ માટે દર્શાવ્યા છે, એ જ વીરતા, એ જ ઉત્સાહ અને એજ પરાક્રમ હવે ભોગોના ત્યાગ માટે પ્રગટ કરી દે. જો તારે સંયમ સ્વીકાર્યા પછીય રાગવડો શોધતા રહેવું હોય, અનુકૂળતાઓને જ આલિંગવી હોય, પ્રમાદમાં મશગૂલ બનવું હોય તો પછી તું મોક્ષના પ્રણિધાન સાથે સમાધાન કરી લે.

બાકી, એક વાત નક્કી છે કે પ્રમાદ સાથે મૈત્રી બાંધનારો જાણે અજાણે પણ પરમપદનો વૈરી બની જાય છે. તો પરમપદના વાંછુકે લોહી-માંસ સૂકવી દઈને પણ પ્રમાદના કટ્ટર વૈરી બનવું જ પડે છે.

આચારાંગ સૂત્રે આથી જ શ્રમણ-શ્રમણીઓને સાધના માટે પ્રોત્સાહિત કર્યા છે. રક્ત અને માંસ, બન્નેય સૂકાવા માંડે એ હદે આત્માએ પ્રમાદને જકારો આપવાનો છે. અને અપ્રમત્તતાને આદરવાની છે. તો જ તેની આત્મવિશુદ્ધિ થઈ શકશે.

બસ ! સાધ્વીજી ભગવંત શ્રી ચંદનબાળા શ્રીજી મહારાજાએ પણ સંયમની પાછળ જીવન ઓગાળી દીધું હતું. विगिंच मंस सोणियं ની ઉક્તિને નીતિમંત્ર બનાવી દઈ જીવન જીવનારા આ એક એવા શ્રમણી ભગવંત હતાં, જેમણે વિકથાનું સુખ ક્યારેય માણ્યું નથી. આરામની છાયા સુદ્ધા પણ સ્વીકારી નથી. જીવનની સન્ધ્યાએ પણ પ્રમાદભાવ સામે પ્રચંડ યુદ્ધ આપતા રહીને એમણે તપસ્યાની હારમાળા રચી દીધી હતી.

આજથી ૭૩ વર્ષો પૂર્વે ધર્મનગરી તરીકે આગવી ખ્યાતિ ધરાવનારા વઢવાણ નામના ગામમાં તેમનો જન્મ થયેલો. એમના પિતાનું નામ હતું; મફતભાઈ અને એમના જનનીનું નામ હતું; અજવાળીબેન. ઝુઝાભાઈ માથકિયા એમના સંસારી દાદા હતાં. આ ઝુંઝાભાઈના કુટુંબમાં ધર્મસંસ્કારો એવા તો ઉંડાણ સુધી વ્યાપેલા હતાં કે એ પરિવારના સભ્યોમાં ક્યાંય ડાઘ જોવા ન મળે

પરિવાર સહજ રીતે જ ધર્મવાસિત બનેલો હતો. સંવેગ અને વૈરાગ્ય એ પરિવારની ખાનદાનીમાં પારંપારિક રીતે ચાલી આવનારા સદ્‌ગુણો હતાં. એમાંય મફતભાઈ તો આવા સંવેગવાસિત પરિવારમાંય અલગ જ તરી આવે એવા ઉચ્ચકોટીના ધર્માત્મા હતાં.

એ મફતભાઈની ભાગ્યશાળી પુત્રી તરીકે જન્મેલા આ સાધ્વીજી ભગવંતનું સંસારી નામ 'ચંદ્રકાંતા' પડેલુ. ' यथा नामा तथा गुणा' ની ઉક્તિને સાર્થક કરે એવું જ ક્ષમાપ્રધાન જીવન તેમણે જીવી બતાવ્યું હતું. ચંદ્રકાંતમણિ જેવી જ શીતળતા તેમના સ્વભાવને વરી હતી. ચંદ્રની ચંદ્રિકા જેવી જ સૌમ્યતા તેમની વાણી અને પ્રકૃતિમાં જોવા મળતી હતી. જેના પરિણામે એમની સમીપ આવેલો આત્મા જરૂરથી આશ્વાસન મેળવી શકતો. હૂંફ લઈને જતો.

ચંદ્રકાંતા હજી સાત વર્ષની માસુમ વયે પહોંચી

હતી, ત્યાંજ પિતાજી મફતભાઈએ સંસારને શિકસ્ત આપી દઈ, સ્વજનોનું ખૂનન કરીને સંયમનો માર્ગ અપનાવી લીધો હતો.

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આ.ભ.વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના ચરણોમાં જીવનનું સમર્પણ કરી તેમણે મફતભાઈમાંથી મુનિ માનતુંગ વિજય તરીકેનો સ્વાંગ ધારી લીધો હતો.

પિતાજી એ ગળથૂથીથી રેડેલા સંસ્કારોનો એ પરિપાક હતો કે પિતાજીના આગ્રહપૂર્વક સંયમ સ્વીકાર પછીય મા-પુત્રો જરીય વિચલિત નહતા થયાં. બલ્કે, પોતાના જીવનને વૈરાગ્યપ્રધાન ધર્મની ગંગામાં વધુને વધુ નિમગ્ન બનાવત જઈને તેમણે ય એક દિવસ સર્વ સંગને પરિહારી દેવાનો પ્રશસ્ત નિર્ણય કર્યો હતો.

વિક્રમ સંવત ૨૦૦૭ ના વૈશાખ સુદ ૧૦ ના ધન્ય દિને ચંદ્રકાંતા કુમારીએ માતા અજવાળીબેન સાથે વઢવાણ નગરમાં જ મહાભિનિષ્ક્રમણ કર્યું હતું. જન્મથી મળેલા સંસ્કારોની આ એક ફળશ્રુતિ હતી. સંવેગની ધારામાં સીંચાયેલી તેમની ખાનદાનીની આ એક પરાકાષ્ઠા હતી.

પૂ.સા.શ્રી ચંદ્રોદયા શ્રી મ. ના શિષ્યા-પ્રશિષ્યા તરીકે ઘોષીત થયેલા અજવાળીબેન અને ચંદ્રકાંતા કુમારીના સંયમી નામ રહ્યા. (૧) સા.ભ.શ્રી ચંપકલતા શ્રી.મ. (૨) સા.ભ. શ્રી ચંદનબાળા શ્રી. મ....

દીક્ષા સ્વીકાર્યા પછીય પૂજ્ય ગુરુદેવોની હિતશિક્ષાને હૃદયસ્થ કરી તેમણે સ્વાધ્યાયને જીવનનું મુખ્ય લક્ષ બની ગયું હતું. રોજનો ચોક્કસ સ્વાધ્યાય ન થાય ત્યાં સુધી તેઓ ગોચરી-પાણી લેવાનું પણ ટાળી દેતાં. અશાત વેદનીયના ઉદયની વરવી પળો જીવનમાં અનેકવાર અનુભવવી પડી હોવાં છતાં તેમનો આત્મા એટલો જ શાંત અને પ્રશાંત રહી શકતો હતો.

પિતા આચાર્યવર્યશ્રી સ્વયં આગમદિવાકર હતાં. એમની પાસે પદાર્થોનું જ્ઞાન મેળવી લેવામાંય તેમણે આળસ નહતી કરી. તો વિનય અને વૈયાવચ્ચ જેવા સંયમ જીવનને ખુશ-મિજાજ રાખનારા ગુણો પણ તેમનામાં પૂર્ણપણે વિકસિત બનેલાં હતાં..

શત્રુંજય ગિરિરાજની સાત યાત્રા, ચોવિહારા છઠ્ઠ સાથેની, એમણે નાદુરસ્ત સ્વાસ્થ્ય વચ્ચે કરેલી. છેલ્લે છેલ્લે ૨૦૫૬ અને ૨૦૫૭ ના બે ચાતુર્માસો અમદાવાદમાં થતાં ૭૨-૭૩ વર્ષની પાકટ વયે પણ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ માટે તેમણે આ મહાનગરના ૪૫૦ જેટલા નાના-મોટા જિનમંદિરોના દર્શન કર્યા હતાં.. આવી હતી એમની દર્શન ગુણની નજાકત !

ગત વર્ષે મણિનગરના ચાતુર્માસ દરમ્યાન અષાઢ સુદ-પાંચમથી વર્ધમાન તપની લાગ લગાટ ઓળીઓનો દોર એમણે પ્રારંભેલો. એ દોરમાં ૪૮ મી, ૪૯ મી, ૫૦ મી, અને ૫૧ મી, આમ ચાર-ચાર ઓળીઓ કરીને ઘરમાં ઓળી પણ પ્રારંભી હતી. એમની આંતરિક અભિલાષા આયંબિલના આ અખંડિત દોરને મહા સુદ તેરસ સુધી લંબાવવાની હતી. મહા સુદ તેરસે અમદાવાદ-સાબરમતીમાં આકાર લઈ રહેલા પૂજ્યપાદ પરમગુરુદેવ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના ઐતિહાસિક સ્મૃતિમંદિરમાં જિનબિંબોની પ્રતિષ્ઠા થાય પછી જ એમને પારણું કરવું હતું. આ માટે તેમણે છેલ્લા આઠ-આઠ માસથી વિકટ તપસ્યા આદરી હતી.

અફસોસ ! નિયતિના લેખ કઈક જુદા જ હશે. જેથી એમની આ ઈચ્છા પૂર્ણાહૂતિના શિખર સુધી પહોંચતા જ સમેટાઈ ગઈ. છેલ્લે ૫૨ મી ઓળી શરૂ થઈ ત્યાં સુધીય તેઓ એકદરે સ્વસ્થ હતાં. જોકે વધતી ઉંમર, વિકટ ત્યાગો અને ઉગ્ર તપસ્યા જેવા નિમિત્તો મળતાં શરીરે એનો ધર્મ બજાવવો શરૂ કરી દીધો હતો. શરીર સાવજ સૂકાતું જતું હતું. લોહીનું પાણી કર્મોના નોંધાતો હતી. સ્વબળે ચાલી પણ શકાતું નહિ. તેમ છતાં તેઓ એટલા જ ઉમંગ અને ઉત્સાહ સાથે આ બધાય વચ્ચે પણ

તપસ્યા કરતા.

એમની તપસ્યા પણ અસાધારણ કહેવી પડે તેવી હતી. આયંબિલમાં પાંચ જ દ્રવ્યો સ્વીકારવાના એમાં પાંચ તિથિના દિવસોમાં તો ફક્ત બે જ દ્રવ્યોથી ચલાવી લેવાનું; આવો એમને નિયમ હતો. આ એક આહાર સંજ્ઞા પર વિજયનો ધ્વજ ફરકાવનારી વિરલ કોટીની સિદ્ધિ હતી.

આમ, ઇચ્છા નિરોધને સૂચિત કરતી એમની તપસ્યા ૨૦૫૮ ના પો.વ. ૧૦ સુધી લંબાઈ. પણ પો.વ. ૧૦ મે સ્વાસ્થ્યે ગંભીર રુપ પકડતાં પૂજ્ય આ.ભ.શ્રી. વિજય નરચંદ્રસૂરીશ્વરજી મહારાજે આવીને પારાણું કરવાની આજ્ઞા આપવી પડી હતી. એ દિવસે પણ એમાણે કર્યું હતું તો એકાસણું જ.

એકાસણામાં માત્ર થોડુંક પ્રવાહી જ લઈને એમણે સ્વેચ્છાએ ઠામ ચોવિહારનું પચ્ચક્ખાણ લઈ લીધું હતું.

સાંજે, ૩/૪ વાગ્યા પછી સ્વાસ્થ્ય વધારે કથળતાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતોની એક શ્રેણિ એમને સમાધિ આપવા ઉપસ્થિત થઈ હતી. પૂ.આ.ભ.શ્રી હેમભૂષણ સૂ.મ., પૂ.આ.ભ.શ્રી નરચંદ્ર સૂ.મ., પૂ.આ.વિ. કીર્તિયશ સૂ.મ., પૂ.આ.વિ.શ્રેયાંસપ્રભ સૂ.મ. અને પૂ. ગણિવર્ય શ્રી નયવર્ધન વિ.મ. વિગેરે પૂજ્યોએ સમાધિરસની ધારા રેલાવી એમના ચિત્તને આનંદિત કર્યું હતું.

ચતુર્વિધ સંઘની વિપુલ ઉપસ્થિતિમાં, ચારેય પ્રકારના આહારના ત્યાગ સાથે, અંત સમયની સુંદર નિર્યામણા કરતાં-કરતાં તેમણે બરોબર ૬-૦૩ કલાકે છેલ્લો શ્વાસ છોડ્યો.

વર્ષની દીર્ઘ સંયમ જીવનની ભવ્ય આરાધનાઓને સાથે લઈ તેમણે સ્વર્ગ ભણીનું પ્રયાણ આદર્યું.

બીજે દિવસે એમના નશ્વર દેહની અંતિમક્રિયાની ઉછામણીઓ પણ ક્ષેત્રાનુરુપ સુંદર થઈ.

પ્રમાદને પરાસ્ત કરનારો અને અપ્રમત્તભાવનો આદર્શ ઉભો કરનારો એ પુન્યાત્મા શીઘ્રાતિશીઘ્ર શાશ્વત સુખનો ભોક્તા બને એવી જ આશા સાથે.

(પાના નં. ૮૧૭ નું ચાલુ, તપધર્મનો પરમાર્થ)

ચિંતા જ હોતી નથી. સંતાન ભણી-ગણીને કમાતા થાય તેટલી જ ચિંતા હોય છે. તમારા આત્માનું શું થશે તેની ચિંતા જ થતી નથી. ભગવાને આત્મકલ્યાણ માટે સંસારનો ત્યાગ કરવાનું કહ્યું છે.

જે ઉપશમ કરે છે તેની આરાધના છે, જે ઉપશમ નથી કરતો તેની આરાધના નથી. ભગવાનનું શાસન ઉપશમમય છે. જેનામાં ઉપશમ નહિ તે શાસન આરાધી શકતો નથી.

ભગવાન મહાવીરે જે આચરણા કહી તે સાધુ-સાધ્વી જીવે, શ્રાવક-શ્રાવિકા તે પામવાના હેતુથી સહાય કરે, અનુમોદના કરે અને તેઓ સારી રીતે પાળે તેવો પોતે વ્યવહાર કરે તો સારો કાળ હોય તો તો તે જ ભવે મોક્ષ પામે. કર્મ બાકી હોય તો ત્રીજે-પાંચમે ભવે મોક્ષે જાય. સંસારમાં લાંબો કાળ ટકે જ નહિ. ભગવાને જે આચાર બતાવ્યો તે બરાબર પાળીએ તો સંસારમાં લાંબો કાળ રહે જ નહિ. તો આપણે સૌ પોત-પોતાના સ્થાન મુજબ જે-જે આચાર બતાવ્યો તે પાળીએ, ન પળાય તે ક્યારે પળાય. તમે આ માર્ગની શ્રદ્ધા રાખો અને શક્તિ મુજબ આચરો તો તમારું ય કલ્યાણ થાય. સૌ માર્ગ આરાધી વહેલા મુક્તિપદને પામો એ જ **શુભાભિલાષા.**

પ્રેરણામૃત સંગ્રહ -પ્રજ્ઞાંગ

ભાગ : ૪

(સં. ૨૦૩૦, શ્રીપાલનગર-મુંબઈના પ્રવચનોમાંથી:)

દરેક કાળમાં સાચું-ખોટું રહેવાનું. સાચું ય અનાદિનું છે તેમ ખોટું ય અનાદિનું છે. સાચું હોય ત્યાં ખોટું પણ ચાલવાનું. શાસ્ત્રે કહ્યું છે કે, આ કાળમાં સાધુ થોડા દેખાશે, અસાધુ ઘણા દેખાશે. આ કાળમાં સદ્‌ગુરુ દુર્લભ થશે. શુદ્ધ ધર્મ દુર્લભ થશે, ધર્મ સમજાવનારા થોડા, સમજનારા તેથી થોડા અને સમજીને શ્રદ્ધા કરનારા તો દુર્લભ મળે. બહારી ચીજ જોઈને ય અધર્મ પામનારા ઘણા છે. અધર્મીઓને તો ભગવાનના મોટાં મંદિરો, ધર્મસ્થાનો, મહોત્સવો ગમતાં નથી. તેને તો સીનેમા-નાટક-ચેટક આદિના સ્થાનો ગમે છે. ભગવાનની હાજરીમાં પણ અધર્મી જીવો હતા. ગોશાળો ભગવાનના પરિચયમાં રહેલો તે કહેતો હતો કે-'ભગવાન હવે બગડી ગયા છે. હું સાથે રહેલો ત્યારે સારા હતા, એકાંતમાં ધ્યાન ધરતા હતા. હવે તો તેને સિંહાસન પર જ બેસવા જોઈએ છે, લોકોના ટોળામાં જ રહેવું ગમે છે.' દુનિયામાં તે ભગવાનના ય નિંદક જીવો રહેવાના તેથી કાંઈ ધર્મ મૂકી દેવાય નહિ. શાસ્ત્રે તો કહ્યું છે કે-પાંચમા આરામાં ઘણા મુંડો મહામિથ્યાદૃષ્ટિ થશે. આ કાળમાં તમારે બચવા માટે એક જ ઉપાય છે કે- **જે કોઈપણ સાધુ આલોક કે પરલોકના સુખની વાત કહી લલચાવતા હોય તેને તમે ન માનો તો થોડા કાળમાં જો તે યોગ્ય સાધુ હોય તો સારા થઈ જાય.**

જે જીવને સંસારના કાર્યો ઉપાધિરૂપ લાગે, ધર્મ જ એક ઉપાદેય લાગે, જ્યારે તે ધર્મ કરે ત્યારે આહારાદિ દશે સંજ્ઞાથી તે પર હોય, આલોકના સુખની ઈચ્છા ન હોય અને પરલોકના સુખની અભિલાષાથી પણ પર હોય તેવી જાતિનું જે ધર્માનુષ્ઠાન તે સંશુદ્ધ કોટિનું કહેવાય.

'અનુકૂળ પ્રસંગમાં આનંદ થાય તો આત્માને થાય કે આ મૂર્ખાઈ છે. પ્રતિકૂળ પ્રસંગમાં શોક થાય તો લાગે કે મહામૂર્ખાઈ છે. આ બધા આકર્ષણમાં ફસીશ તો તારા હાથે ઊંધા કામ થવાના: દુર્બુદ્ધિ આવવાની અને વખતો વખતે ઊંધું કરવાનો તો તું ચેતન નથી પણ જડ છે.' આવી ચિંતા કરે તેને થાય કે આ વિષય-કષાયની પરવશતાને નાશ કરવાના ઉપાયો આગમોમાં બતાવ્યા છે તો મારે સદ્‌ગુરુ મુખે વારંવાર તે ઉપાયો સાંભળવા જ જોઈએ. આત્મામાં બધા જ ચોર બેઠા છે તે આપણને ખરાબ કરવાના પ્રયત્નો કરે છે. આપણે સાવચેત હોઈએ તો જ બચી જઈએ. જે ચીજ ગમી તેમાં રાગ થયો તેને મેળવવા જે કરવું પડે તે કરો તો લોક પણ કેવા કહે ? તમને પાપ કરવાનો પરવાનો આપ્યો છે ? અનુકૂળતા મેળવવા અને પ્રતિકૂળતા દૂર કરવા જે પાપ કરો છો તે ઉદયમાં આવશે તો બાર વગાડશે. અહીં પોપાબાઈનું રાજ નથી ચાલતું !

જેને આ વિષય-કષાય ભૂંડા નથી લાગ્યા, વિષય-કષાય જનિત સુખ ભૂંડું નથી લાગ્યું, ભૂંડું લગાડવાની પણ મહેનત નથી તેની પાસે કશી આશા રાખવા જેવી નથી. કેમ કે તે જીવો ધર્મ કરે તે પણ બગાડીને જ કરે !

શાસ્ત્રે કહ્યું છે કે, ઉત્સૂત્રભાષણ જેવું એક પાપ નથી. જેવું લોકને ગમે, લોક બોલે તેવું તે બોલે. લોકને જે જોઈએ તેમાં તે હા પાડે. લોક કહે કે-દુનિયાના સુખ માટે ય ધર્મ થાય તો તે હા પાડે.

પ્ર.- સાધુ શ્રોતાને રાજી ન રાખે ?

ઉ.- શ્રોતાને ગમે તે રીતે રાજી રાખવાનું કામ અમારું નથી. ભગવાનની વાત ન ગમે માટે તમને રાજી રાખવા બીજી વાત અમારે કરવાની નથી. આ ધર્મનો ઉપદેશ 'જનરંજન' માટે નથી 'જન પ્રતિબોધ' માટે છે. ભગવાનની વાત ભૂલી માત્ર તમને જ રાજી રાખવા અમે પાટ પર બેસતા હોઈએ તો પહેલા નંબરના 'ભાટ' છીએ. ભાટ બનેલો ક્યારે 'ભાંડ' થાય તે કહેવાય નહિ. તમને અહીં આવતા રાખવા જુદી જુદી રીતે વાત રમજાવીએ પણ ભગવાનની વાત મૂકીએ તો નહિ જ.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ધર્મ સાચવવા જેવાના છે પણ ધર્મનો નાશ થાય તે માટે નહિ. ધર્મથી સુખ મળે તે કહેવાય પણ સાથે જ કહેવું પડે કે-દુનિયાના સુખ માટે ધર્મ થાય જ નહિ.

પ્ર.- સુખી હશે તો ધર્મ થશે ને ?

ઉ.- સુખી નહિ પણ વિરાગી હશે તે ધર્મ કરશે. આજના સુખી ધર્મ નથી કરતા તે આંખે જુઓ છો. આ દુનિયાનું સુખ તો ખરાબ છે. સુખનો અર્થી અને ધર્મ કરે તે બેનો મેળ જામે ? જેને સુખ ખરાબ લાગે, તેનાથી બચવા ધર્મ કરે તે જ સાચો ધર્મ કરે. જ્ઞાનીઓ કહે છે કે, અમે અજ્ઞાનીઓને અજ્ઞાન રાખી ધર્મ કરાવવા નથી માંગતા. અજ્ઞાની માટે ધર્મ છે જ નહિ. જે અજ્ઞાની જ્ઞાનીની મરજી મુજબ ચાલે, જે કહે તે કરે તો તેને ધર્મ કરાવાય. બાકી જે અજ્ઞાની કહે, મારી મરજી મુજબ જ ધર્મ કરીશ તો તેને ધર્મ અમે તો ન કરાવીએ. આજે તો આપણા મંદિર-તીર્થોને બધા જ માટે કરવા માંગે છે. કહે છે કે-ભગવાન તો સૌના છે.

પ્ર.- ભગવાનને પગે લાગવાનો હક બધાને જ ખરો કે ?

ઉ.- ભગવાનને ભગવાન માની, મોક્ષે જવા માટે જ કરે તો ખરો. બાકી પૈસા મેળવવા, સુખ મેળવવા કરે તો નહિ.

'લોગનાહાણં' નો અર્થ જાણો છો ? ભગવાન લોકના નાથ ખરા પણ જે બીજાધાનાદિને લાયક હોય તેવા ભવ્યજીવોના જ, બીજા ભવ્યોના ય નહિ.

ધર્મ જ સમ્યક્ચારિત્ર ! જેમાં સઘળાં ય પાપોનો ત્યાગ અને સઘળી ય હિતકર પ્રવૃતિઓનો સ્વીકાર તેનું નામ સમ્યક્ચારિત્ર છે !

આ વિષમકાળમાં આરાધક જીવો થોડા થવાના. આ દુષમકાળમાં આરાધનાના માર્ગને પામેલા વિરાધક ઘણા જ થવાના. જે માર્ગમાં રહ્યા હોય તે માર્ગનો જ નાશ કરનાર ક્રિયા ધર્મની રસ સંસારનો. તેથી એવું ન જ બોલાય કે આ દુષમકાળમાં ચારિત્ર નથી. આવું જે બોલે તેને શાસ્ત્રે સંઘ બહાર કરવાની આજ્ઞા કરી છે. આવું ચારિત્ર દુષમકાળમાં પણ હોઈ શકે છે. ભલે થોડા જીવો મળે પણ ભગવાનની આજ્ઞા મુજબ ચારિત્રને જીવનારા જીવો મળવાના. ભગવાનનું ચારિત્ર કેવું છે ? તો જ્ઞાનીઓ કહે છે કે, સઘળાં ય દુઃખોનો અંત કરનારું ચારિત્ર છે. તે ચારિત્ર કોને આવે ? જે જીવ સંસારથી વિરક્ત હોય, ભગવાનની આજ્ઞામાં રક્ત હોય, આજ્ઞા મુજબ શક્તિ મર્યાદિ નિર્જરા માટે જ પ્રયત્ન કરતો હોય તેનામાં જ સમ્યક્ચારિત્ર હોય, બીજામાં હોવાનો સંભવ નથી. આ સંસાર એવો ભયંકર છે કે વાર્તા ન થાય. પુણ્યથી મળતું સુખ બહુ જ ખરાબ છે, સમજુને પણ વિહ્વલ બનાવનાર છે. જેને આ સુખમય સંસાર સારો લાગે તેની સાથે જ થાય કે આ મારા આત્મહિતને ખીલવનાર નથી તેવી પ્રતીતિ થાય તેના માટે આ ચારિત્ર સહજ છે. સમ્યક્ ચારિત્ર હોય ત્યાં સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન હોય જ. ગમે તેટલું ભણેલ-ગણેલ હોય પણ ચારિત્રની ઈચ્છા ન જન્મે તેનું જ્ઞાન અજ્ઞાન છે, દર્શન તેનામાં છે જ નહિ.

જે જીવો મુક્તિ માટે જ ધર્મ કરે તેને જે સુખ મળે તે સુખને તે ઝાંઝવાના નીર જેવું માને. ઝાંઝવાના નીરની ખબર છે ને ? દૂરથી પાણી દેખાય પણ પાણી હોય નહિ. જેને ખબર પડે કે આ પાણી નથી પણ ઝાંઝવાના નીર છે તે સુખેથી માર્ગ પસાર કરી જાય છે. તે જ રીતે પુણ્યથી મળેલા મહાભોગોને સુખ આપનારા નહિ માની, ઝાંઝવાના નીર જેવા માને તે જીવો સુખ ભોગવવા છતાં સુખમાં લેપાયા વિના, સારામાં સારો ધર્મ કરી આ સંસાર અટવી લંઘી જાય છે. આ કાળ ઘણો ખરાબ છે. ઘણાં મોટાં આલંબનો મળવાના. જેમ તમારામાં અજ્ઞાની-સ્વચ્છંદી ઘણા પાકવાના. તેથી ધર્મ કરવો ઘણો કઠીન છે. પણ સમજુ જીવ જ ધર્મ કરવાનો. આ કાળમાં થોડા જ સાધુ-શ્રાવકથી ધર્મ ચાલવાનો. ઘણાં સાધુ-શ્રાવકથી ધર્મ નાશ પામવાનો છે. આપણે ત્યાં સમ્યગ્દષ્ટિ જીવો ભોગને રોગ માને છે તે મોક્ષરોમાં ય અનાસક્ત યોગી જીવો ભોગને રોગ માને છે. સુખને ઝાંઝવાના નીર જેવું માને છે.

ગમે તે કારણ હોય પણ વર્તમાનમાં ધર્મ સમજવાનું જ ઘણાને મન થતું નથી. મોટોભાગ ધર્મમાં

આગ્રહમાત્ર છે. જ્યાં સાચી સમજ ન હોય ત્યાં સમ્યગ્દર્શન હોય નહિ. આજે તો આગેવાન થાય તે પ્ર કહ્યું તેને અને સમ્યક્ત્વ કાંઈ લાગતું વળગતું નથી.

પ્ર. - ધર્મની શુદ્ધ ક્રિયા કરે તો સમકિત હોય ?

ઉ. - ધર્મની શુદ્ધ ક્રિયા મોક્ષ માટે જ કરતા હોય તો તેનામાં સમકિત હોય કાં સમકિત પામવાની યોગ્યતા પ્ર હોય.

આ ચાલ્યા રહેવા જેવો નથી તેમાં તમારો અને અમારો એક જ મત હોય. તેમ ભગવાનની આજ્ઞા સિવાય મુક્તિ મળે જ નહિ તેમાં પાછા એકમત ! આજ્ઞા મુજબ શક્તિ પ્રમાણે ઉદ્યમ કરવો જ જોઈએ તેમાં પાછા એક મત !

પ્ર. - આજ્ઞા જુદી જુદી કરે તો !

ઉ. - તમને શંકા લાગે તો મહાપુરુષોના વચન માંગો. જગતને શંકા પડે તો ગમે તેવો મોટો બેરિસ્ટર હોય તો પાછા કાયદાની કલમનો આધાર માંગે ને ? સાધુ શાસ્ત્રાધાર વગર બોલે જ નહિ.

માટે સમજો કે ભગવાનની આજ્ઞાના પાલન વગર મુક્તિ થાય જ નહિ.

પ્ર. - દેશ - કાળ ફરે તો આજ્ઞા ન ફરે ?

ઉ. - ફરે જ ન લે. ભગવાનના સિદ્ધાંત ત્રિકાલાબાધિત હોય. સિદ્ધાંત માં તો પક્કા જ રહેવાનું.

પ્ર. - જનરલ વાત પાછા આજ્ઞા વિના ન થાય ?

ઉ. - જનરલ વાત શું ?

પ્ર. - વ્યવહાર અને ધર્મ એક ન ગણાય ?

ઉ. - મૂરખ લોક તે આવું બોલે. સંસારનો વ્યવહાર અધર્મ જ છે. સંસારમાં રહીને ભગવાનની આજ્ઞા મુજબ જીવે તેટલો જ ધર્મ. પાછા સંસારના વ્યવહારને 'વ્યવહાર ધર્મ' કહેવાય નહિ, પાપ જ કહેવાય.

પ્ર. - વ્યવહારમાં ધર્મ હોય ને ?

ઉ. - વ્યવહારમાં ધર્મ હોય પાછા વ્યવહાર ધર્મ નહિ. વેપારમાં નીતિ આબરૂ વધારવા કરે તો તે નીતિ ધર્મ નથી પાછા અધર્મ છે. બરાબ આશયથી સારી ક્રિયા તે આ !

માટે સમજો કે ભગવાનની આજ્ઞા મુજબ જીવીએ તો જ કલ્યાણ થાય. માટે જેને કલ્યાણ કરવું હોય તેને ભગવાનની આજ્ઞા મુજબ જ જીવવા પ્રયત્ન કરવો જોઈએ, જેટલી આજ્ઞા પળાય તેનો આનંદ થાય, આજ્ઞા ન જીવાય તેનું દુઃખ થાય તો ધીમે ધીમે ઠેકાણું પડી જાય.

શ્રી જૈનશાસનના ધર્મકથાનુયોગમાં પાછા તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભર્યું છે. એક એક કથાના દરેકે દરેક પાત્ર પર વિચાર કરવા માંડો તો આ વાત સમજાય તેવી છે. કેમ કે તે લખનાર મહા તત્ત્વજ્ઞાની છે. કથા ધર્મની પ્રાપ્તિ અને શુદ્ધિ માટે છે. કથા પાછા ગીતાર્થ વાંચે તો કામની. ગ્રંથકાર શું કહેવા માંગે છે તેનો ભાવ સમજે તેને કહેવાનો અધિકાર છે. આજે તો ઘણા કહેનારા પાછા કથામાંથી અર્થ-કામ જ કાઢે છે, ધર્મ અને મોક્ષ તો તેને જડતો નથી એટલું નહિ યાદ પાછા નથી. આજના તમારા વિદ્વાનોએ નક્કી કર્યું કે, જૈનશાસનની ધર્મકથાઓ સારી છે પાછા તેમાંથી ત્રણ વાતો કાઢી નાંખવી-મોક્ષની, ત્યાગની અને વૈરાગ્યની. દૂધમાં મીંઢું નાંખે તે ચાલે ? વૈરાગ્યની વાત દૂધમાં મીંઢું છે ! આ તો તેનો વિરોધ કર્યો તો આપાણી કથાઓ બચી ગઈ !

જે ચીજ પર રાગ કરવા જેવો નથી તેના પર રાગ કરવો તે વ્યભિચાર છે. પરવસ્તુને પોતાની માનવી તે વ્યભિચાર છે. આત્મા સિવાયની પરવસ્તુમાં મારાપાણાંની બુદ્ધિ થાય તે મોટામાં મોટો વ્યભિચાર છે !

'જે ખરાબ લાગે તે છોડવાનું અને સારું લાગે તે સ્વીકારવાનું મન થાય' તો જિનવાણી શ્રવણ ફળ્યું કહેવાય. જડની માફક સાંભળે, હેય-ઉપાદેયનો વિવેક ન કરી શકે તેને કશો ફાયદો ન થાય. આજે તો ઝપાટાબંધ બોલે તે સારો વક્તા ગણાય છે. આપાણે તો આત્માની સાથે વાતો કરવાની છે. આ 'લેકચર' નથી પાછા વ્યાખ્યાન છે.

શ્રી જૈનશાસનમાં માત્ર એકલો આજ્ઞા વ્યવહાર જ નથી. આપાણે ત્યાં પાંચ વ્યવહાર છે : આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત. નવ પૂર્વના જ્ઞાન ઉપરના કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વી 'આગમ વ્યવહારી' છે. જે કાળે જેટલું શ્રુત હોય તે પ્રમાણે ચાલે તે 'શ્રુતવ્યવહાર'

કહેવાય. કોઈવર્ડમાં (સાંકેતિક શબ્દો દ્વારા) ગીતાર્થાદિ પાસે પ્રાયશ્ચિત માંગાવે તે 'આજ્ઞા વ્યવહાર' છે. ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહેલ જીવ ગુરુએ આપેલ આલોચનાદિ મારી તે પ્રમાણે વ્યવહાર કરે તે 'ધારણા વ્યવહાર' છે. 'જીત વ્યવહાર' એટલે પરંપરા. તે પણ અશઠપણે આચરી હોય તે.

પ્ર.- તમે તો પરંપરા માનતા નથી ને ?

ઉ.- પરંપરા પણ તે જ કહેવાય જે આજ્ઞા મુજબ હોય. આજ્ઞા વિરુદ્ધ પરંપરા હોઈ શકતી નથી. આજ્ઞા વિરુદ્ધ પરંપરા મુજબ વ્યવહાર કરે તે અનંતા શ્રી જિનેશ્વર દેવોની આશાતના કરે છે. આગમ મળતું ન હોય ત્યારે ગીતાર્થ પુરુષોએ અશઠપણે આચરેલી જે પરંપરા ચાલી આવે તે જીત વ્યવહાર છે. જીત પણ આજ્ઞાથી અવિરુદ્ધ જોઈએ. શ્રુત-આગમ મળતું હોય તો પણ જીતને-પરંપરાને જ પકડે તે શ્રુતની આશાતના છે.

કર્મ બહુ ખરાબ છે. ભગવાનના આત્માને પણ કર્મ નડ્યાં તો સંસારમાં ભટકવું પડ્યું ! જો ભગવાનના આત્મા જેવાને પણ કર્મ નડે-ભૂલાવે તો કર્મ તમને-અમને કેમ ન નડે ? કર્મથી બહુ સાવચેત રહેવાનું છે. આપણે કર્મથી ડરતાં નથી, કર્મને સાથે રાખીને બેસીએ છીએ. કર્મ મુજબ કરીએ તે ખોટું ન લાગે, અનુચિત ન લાગે તો સમજવું કે આપણું હૈયું ખરાબ થઈ ગયું છે. આપણે આપણું હૈયું સુધારવું છે. હૈયું નહિ સુધરે ત્યાં સુધી આપણું કલ્યાણ થવાનું નથી. આપણી જાત કેવી છે તે રોજ આત્માને પૂછવાનું છે. લોક ભલે 'સારા' કહે પણ આત્માને પૂછવાનું તું કેવો છું ? આ યુગ તો એવો છે કે સાધુને ઉપદેશ ગૃહસ્થો આપે છે. મહાપાપીઓનો ઉપદેશ સાંભળવો ગમી જાય તેમાં પણ ધર્મની પ્રભાવના...! સંગઠન તોડનાર સંગઠન કરવાનો ઉપદેશ આપે અને સાધુ ઝીલે ! સાધુઓ જ એક નથી અને આખી માનવજાતમાં એકતા આવી ગઈ છે !!! હિંસાની માઝા મૂકનાર અહિંસાનો ઉપદેશ આપે ! એકતાને છિન્નભિન્ન કરનાર એકતાનો ઉપદેશ આપે છે ! કલિકાળમાં તો આવા નાટક ઘણાં છે ! વેશ્યા સતીપણાંનો ઉપદેશ આપે છે. ખરાબ માણસે સારી વાત કરવી હોય તો પોતાની ખરાબી ઉઘાડી કરવી પડે.

સાધુપણું બધા કર્મોને નોટીસ છે. જેને દુઃખ આપવું હોય તે આવી જાય, બધું સહન કરવા હું તૈયાર છું. 'કરેમિભંતે' નો આ જ ભાવ છે. તે ક્ષાત્રવટ છે કે મન-વચન-કાયાથી કોઈ સાવદ્ય કર્મ કરવું નહીં.

સંસારનો ઉચ્છેદ કરવાની ઈચ્છા ન હોય તેની બધી ધર્મક્રિયા 'વાંઝણી' છે. તેનાથી કદાચ પુણ્ય પણ બંધાય અને એકવાર સુખ પણ મળી જાય એની ના નહિ પણ તાત્ત્વિક ફળ મળે નહિ. આજે તમે આવા તુચ્છ સુખમાં ફસાઈ ગયાં છો તો અધિક સુખમાં ગાંડા જ થવાના અને દુર્ગતિમાં ભટકવા જવાના. માટે જ જ્ઞાનીઓ કહે છે કે દૃષ્ટિ વગરનો ધર્મ જ ખોટો. દૃષ્ટિ એટલે આત્માની સાચી સમજ !

આજનો મોટોભાગ માને-લખે છે કે 'શાસ્ત્રો તો જૂનાકાળમાં લખાયેલા છે આ કાળમાં શું કામ આવે ? શાસ્ત્રો તો ગમે તેમ લખે. આપણે તો બુદ્ધિમાં બેસે તે શાસ્ત્ર !' આવું બોલનાર સાધુ હોય તો નકામો છે, મહાપાપ બાંધે છે. ભગવાનના શાસનનો સ્પર્શ પણ થયો નથી. તમે બધા બુદ્ધિમાં બેસે તેટલું જ માનો છો ? તમારી પોતાની બુદ્ધિ મુજબ જ ચાલો છો કે અવસરે બીજાની બુદ્ધિ પણ લો છો ? દુનિયામાં તો દેખાય છે કે, ઓછી બુદ્ધિવાળા બીજાની બુદ્ધિ મુજબ ચાલે છે. કાયદામાં ફસાવ તો વકીલ પાસે જાવ છો, શરીરમાં કાંઈ થાય તો ડોકટર પાસે જાવ છો, વેપારમાં ફસાવ તો અનુભવીની સલાહ લો છો. તો અહીં અનંતજ્ઞાનીની વાત કેમ સ્વીકારતા નથી ? જો તમે તમારી બુદ્ધિ શાસ્ત્ર મુજબ કરો તો તમને બધું સમજાઈ જાય. ભોગને ભૂંડા કહેનાર, ભોગથી પણ કર્મો ખપે તો તે વાત સમજાઈ જાય. જેમ કે બહાદૂર અવસરે પાછો ફરે તે પણ જીતવા માટે, વેપારી ખોટ ખાય તે પણ કમાવા માટે, મુસાફર આરામ કરે તે પણ ઈચ્છિત સ્થાને પહોંચવા માટે, માણસ ભુખ્યો રહે તે અધિક ખાવા માટે, તપસ્વી પારણું કરે તે અધિક તપ માટે, અતપસ્વી તપ કરે તે પણ પારણા માટે, તેમ શ્રાવક ભોગ કરે તે ભોગથી છૂટવા માટે. આ વાત હૈયામાં બેસે તો જ તમને લાગે કે-'તમારો માર્ગ કઠીન છે, કીચડમાં રહીને ચોકખા રહેવાનું છે. જ્યારે સાધુ પણાનો માર્ગ સહેલો છે કેમ કે સાધુ કીચડમાંથી બહાર આવી ગયા છે.'

— કમલા:

સમાચાર સાર

*** તબીયત સારી છે : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ને પ્રભુસ્મરણ પછી તબીયત બગડતા ભા.સુ. ૬ ના નેશનલ હોસ્પીટલમાં દાખલ કરેલ. ડો. ચેતન ભાઈ એ ભલામણ કરતા મોટી હોસ્પીટલ લીલાવતીમાં દાખલ થયા ત્યાં મુ. હેમેન્દ્ર વિ. ને ગાંઠનું ઓપરેશન તરત કરવાનું થયું. બંનેને સારૂં થઈ જતાં આસો સુદ-૬, શુક્રવા ગોપાલનગર સંઘમાં ભીવંડી પધારી ગયા છે. તબીયત પણ સારી છે.

*** દક્ષિણ ગિરિ :** પૂ. મુ. શ્રી રવિ શેખર વિજયજી મ આદિની નિશ્રામાં વિવિધ તપસ્યા નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત અઠ્ઠાઈનો મહોત્સવ ભા સુ. ૧૦ થી વદ-૧ સુધી ભવ્યરીતે ઉજવાયો.

*** મુલુંડ સર્વોદયનગર :** પૂ. આ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ ની નિશ્રામાં પૂ. ગણિવર્ય શ્રી સાગરચંદ્ર સાગરજી મ. શ્રી ની પ્રેરણાથી ૬૮ તીર્થ રચના સાથે ભાવયાત્રા ભા. સુ. ૧૫ થી વદ ૭ સુધી યોજાઈ હતી.

પર્વાધિરાજની આરાધના નિમિત્તે ભા. સુ. ૬ થી ૧૩ સુધી ભવ્ય મહોત્સવ યોજાયો હતો.

*** કટોસણ :** અત્રે પૂ. મુ. શ્રી મનોગુપ્ત વિજયજી મ., પૂ. મુ. શ્રી બહુવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણની આરાધનાની ઉજવણી નિમિત્તે ભા. સુ. ૮ થી ત્રણ દિવસનો મહોત્સવ ઉજવાયો. કટોસણથી ભોયણી ચૈત્ય પરિપાટી યોજાઈ હતી.

*** રતલામ :** પૂ. આ. શ્રી વિજય દર્શન રત્નસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પર્વાધિરાજની આરાધનાના ઉપાસના માટે ભા. સુ. ૯ થી ૧૩ રથયાત્રા આદિ સાથે કા. સુ. ૧૫ ના પૂ. સા. શ્રી કિરણ પ્રભાશ્રીજી મ. ની ૧૬ મી તિથિ નિમિત્તે પૂજા વિ. નું આયોજન થયું છે.

*** સાબરમતી :** શેઠ પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં પૂ. ગણિવર્યશ્રી જયદર્શન વિજયજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ તથા પર્વાધિરાજની તપસ્યા ના ઉધાપન નિમિત્તે અષ્ઠાન્હિકા જિનભક્તિ મહોત્સવ ભા. સુ. ૧૪ થી વદ દ્વિ. ૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

*** ગાંધીનગર (ગુ.) :** અત્રે પૂ. મુ. શ્રી વિજયશેખર વિજયજી મ., પૂ. મુ. શ્રી હિતરુચિ વિજયજી મ. ની નિશ્રામાં આસો સુદ ૧૦ થી ઉપધાન તપ શરૂ થયેલ છે.

*** વડોદરા :** અત્રે જૈન સંઘ ચાતુર્માસ આરાધના સમિતિ વતી પૂ. આ. શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સમસ્ત વડોદરામાં ૩૪૧ સિદ્ધિતપ ભા. સુ. ૯ ના ઉજવાયો.

*** અમદાવાદ :** પંકજ સોસાયટી પૂ. આ. શ્રી વિજય ભુવન ભાનુ સૂરીશ્વરજી સ્મૃતિ મંદિરની પદયાત્રા ધરણીધર દેરાસરે ભવ્ય થઈ ત્યાંથી સ્મૃતિ મંદિર ગઈ હતી.

*** મુલુંડ સર્વોદિયનગર :** પૂ. આ. શ્રી વિજય સૂર્યસાગરજી મ. ની નિશ્રામાં આગમ સપ્તાહ ભા. વ. ૮ થી વદ ૦)) સુધી ઉજવાયો. પૂ. ગણિવર્યશ્રી

:: સુધારો ::
તીસાહે મોહનીય ઠાણે દિ
જૈન શાસન વર્ષ : ૧૪,
અંક : ૪૨ -
પેઈઝ નં. ૬૮૨ માં
:: લેખક ::
એમ. એસ. જૈન - નાંદેડ -
જાણવું.

સાગર ચંદ્રસાન મ. એ આગમ અંગે વિવેચન કર્યું હતું.

✧ **ભારતનગર – ગુંબઈમાં ઐતિહાસિક પ્રતિષ્ઠા :** પૂ. સૂરિમંત્ર આરાધક ૐકારતીર્થ મહાવીરલબ્ધિધામ સ્થાપક આચાર્ય શ્રી પુણ્યાનંદસૂરિજી મ. સા. પૂ. પંન્યાસજી - ગણિવરશ્રી આદિ મુનિ મંડલની પાવન નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ચિરસ્મરણીય બનવાયો. ચૈત્ર વ. ૧૧ ના પૂજ્યશ્રી સમુદાય સાથેની સંઘના આંગણે સત્સ્વાગત પધરામણી, વિવિધગહુલીઓ ગવરાવાયા. ૩ દિન બાળકોની શિબિરમુનિ સિધ્ધસેન વિ. મ. લીધી. ચૈત્રવદ ૧૪ થી પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ શ્રાવિકાવર્ગના પ્રભાતિયાથી થયો, મંગલ શહનાઈના સૂરગુંજી ઉઠ્યા. મહોત્સવમાં દરરોજ સમૂહ ચૈત્યવંદન બાદ મંગલ ભક્તામરપાઠ અંતમાં ભાગ્યભક્તિ નગરશેઠ બીનમાલ નિવાસી ઘેવરચંદજી નાહર તરફથી સોનાની ચેન, ચાંદીની આઈટમો દ્વારા ડ્રોનો લાભ ૮ દિન લીધો. મહોત્સવમાં ૧૧ સંઘજમણ - ૬ નારતા, વિવિધ મહાપૂજનો આદિ નો લાભ ભાગ્યશાળીયોએ લીધો. શ્રી સંખેશ્વર પ્રભુજીને બિરાજમાન કરવાનો લાભ સાલેચા પરિવાર તથા ધ્વજારોપણ કરવાનો લાભ બાફના પરિવારે લીધો. દેવદ્રવ્ય - જીવદયા આદિની ઉપજ સુંદર થવા પામી હતી. પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ સંઘે કરી. શ્રી સંઘે શ્રી ૐકાર જૈનતીર્થમાં જિનાલય નિર્માણમાં સુંદર સહયોગ આપ્યો.

✧ પૂજ્યશ્રીની પાવનનિશ્રામાં સ્વહસ્તે શા. નિશાંતકુમાર મનહરલાલ દાદરનિવાસી ઉંમર ૨૩ની દિક્ષા શ્રી ભારતનગર સંઘમાં વૈ. વ. ૬, તા. ૧-૬-૨૦૦૨ શનિવારના સવારે શુભમૂરતે પ્રવ્રજ્યા પ્રદાન કરવામાં આવી, ઉપકરણોના ચડાવા અનુમોદનીય થયા, નૂતન મુનિનું નામ જિનરોન વિજયજી તથા ગુરૂનું નામ આ. પુણ્યાનંદ પૂ. મ. રાખવામાં આવેલ, યોગનો પ્રારંભ કરાવેલ છે. શુભમૂરતમાં વડીદિક્ષા થશે.

✧ પૂજ્યશ્રી આદિ ઠાણાનું ચાતુર્માસ શ્રી પાર્શ્વનાથ જૈન - સંઘ - વાલકેશ્વર - મુંબઈ થશે, પ્રવેશ, અસાડ સુ. ૩, તા. ૧૩ જુલાઈ, શનિવારના થશે.

✧ **થાણા – પારિનતીર્થમાં વિશ્વરેકોર્ડ ધર્મ આરાધનાઓ :** શ્રી ભુવનભાનુ - જયઘોષ સૂરિ સમુદાયના આ. શ્રી જગત્ચન્દ્રશ્રી સૂરિ મ. સા. ના શિષ્યો - વ. ત. આયંબિલની ૧૦૮ મી ઓળીના આરાધક પંન્યાસશ્રી કનકસુંદર વિ. મ. મુનિશ્રી હીરચન્દ્ર વિ. મ. મુનિશ્રી નિર્મોહચન્દ્ર વિ. મ. ની નિશ્રામાં :

卐 અ.સુ. ૧૪ થી કા. સુ. ૧૪ **સાંકળી ૫-૫ અટ્ઠાઈ** + સાંકળીઅટ્ઠમ કસ્તુરીબેનને અનશનની ભાવનાથી **૫૫ મો ઉપવાસ**

卐 સા. શ્રી દિવ્યશાશ્રીજીના શિષ્યા સા. શ્રી પદ્મયશાશ્રી તથા સા. શ્રી રત્નયશાશ્રીને માસક્ષમણ : શ્રી સંઘમાં ઉપવાસ ૩૦, સંખ્યા : ૭, ઉપવાસ ૧૬, સંખ્યા ૧૪, ઉપવાસ ૮ કે તેથી વધુ, ઉપવાસ ૪૫૦ થી વધુ.

બે આયંબિલ + ભીયાસણાથી ૧૦૮ આયંબિલ તથા વ. ત. ના પાયા - ૫૦ સાંકળી અટ્ઠાઈ તથા વ. ત. ના પાયાવાળાને ગિરનાર પાલિતાણા આદિ જાત્રા (૧) ૮ કે તેથી વધુ ઉપવાસ કરનારા (૨) પ્રતિક્રમણ કરનારાભાઈ તથા રાત્રિભોજન ત્યાગ કરનારાઓ ને વિવિધ યાત્રાઓ.

卐 બે દિવસ **અતિભવ્ય મહાપૂજા** (પ્રદર્શન) નું ભવ્ય આયોજન થયું. જેમાં ૮ કર્મ - ૭ નરક - શ્રી જિનભક્તિની વિધિ જંબુદ્વિપ-૪ રંગોળીઓ, વ્યસનમુક્તિ - આદિની વિવિધ રચનાઓ બાળકોના સુંદર પોગ્રામો - અતિ આકર્ષક રથીચો હતી. ૨૦ હજાર થી વધુ ભાગ્યશાળીઓએ આ મહાપૂજાને જોઈ પ્રશંસા કરી.

卐 પૂ. પંન્યાસજી મ. સા. ની ૧૦૮ મી ઓળી તેમના શિષ્યમુનિશ્રી પદ્માનંદ વિ. ની ૧૦૦ મી ઓળીની અનુમોદનાર્થે જય જૈન પાઠશાળાના અધ્યાપકો મિલન ૨૭/૧૦ના મુંબઈ - થાણા આદિની પાઠશાળાના અધ્યાપક તથા શ્રેષ્ઠ વિદ્યાર્થીભાઈ-બહેનોની સન્માન સભા૨ંભ ૩૦/૧૦ થી ૧૬/૧૧ શ્રી નવકાર મહામંત્રનું પ્રથમ ઉપધાન અઢારીયુ તથા દિવાળીય વેકેશન અધ્યાપનનું આયોજન થયેલ છે.

✧ **જામનગર :** અત્રે શ્રી શાંતિભુવન તપગચ્છ ઉપાશ્રયે પ. પૂ. પ્રવચન પ્રભાવક તપસ્વીરત્ન પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ. સા. ચાર્તુમાસ બીરાજમાન છે. પૂજ્યશ્રીની નીશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના ખૂબ સુંદર થવા પામી. પ. પૂ. સુવિખ્યાત ગચ્છ અધિપતિ શ્રી મહોદય સૂરીશ્વરજી મ. સા. ના દીર્ઘસંયમ જીવન

અનુમોદનાર્થે તપા પ. પૂ. મુનીરાજ શ્રી દિવ્યાનંદ વિજયજી મ. સા. ની. વર્ધમાન તપની ૧૦૦ + ૧૦૦ + ૩૨/૩૩/૩૪ માં ઓળી ના પૂર્ણાહુતા નીમીત્તે ભાદરવા વદી ૪ને બુધવારથી શ્રી શાંતિસ્નાત્ર યુકત પંચાહીનકા જીનભકિત મહોત્સવ ખૂબ ભવ્ય રીતે શ્રી સંઘ તરફથી ઉજવાયો. ભ. વ. ૭ ને રવીવારે સવારે ઝવેરી મહેન્દ્રકુમાર નેમચંદભાઈ તરફથી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ. જીવદયાની ટ્રીપ સારી થયેલ શાંતિસ્નાત્ર બાદ લાડુની પ્રભાવના થયેલ. સાંજે શ્રી આદીનાથ પાઠશાળાના બાળકો તરફથી શ્રી જીનમંદીરમાં પ્રભુજીની ભવ્ય અંગરચના તથા સુંદર મહાપૂજા નું આયોજન કરવામાં આવ્યું હતું. વિધિવિધાન ના ક્રિયાકારક નવીનચંદ્ર બાબુલાલ શાહ ના મંડળીએ સુંદર રીતે કરાયેલા. સંગીતમાં શ્રી મધુકાંત મ હાસરલાલ ઝવેરીએ ભક્તિ રસના રમઝટ બોલાવી હતી.

* **પૂ. આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિઠાણાનો સંભવિત કાર્યક્રમ :** પૂજ્યશ્રીજીની નિશ્રામાં અજન્ટા કંપાઉંડના ભવ્ય દેરાસરની અંજન શલાકા પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલુ છે.

- તા. ૧૮ થી ૨૧ ઓસવાળ પાર્ક કલ્યાણક મહોત્સવ.
- તા. ૨૨-૨૩ અજન્ટા કંપાઉંડ પ્રતિષ્ઠા પછી ગોપાલનગર
- તા. ૨૯ ગોપાલનગરથી વિહાર.
- મહ સુદ ૫, રવિવાર, તા. ૮-૧૨-૨૦૦૨, અંજુર ટાવરમાં પ્રતિષ્ઠા.
- તા. ૨૮-૨૯-૩૦ ગોપાલનગરમાં પોષદશમીના સામુદાયિક અઠ્ઠમ.
- પોષ સુદ-૨, શનિવાર, તા. ૪-૧-૨૦૦૩ કલ્યાણ તરફ વિહાર ત્યાં અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પોષ વદ-૧, રવિવાર, તા. ૧૯-૧-૨૦૦૩.
- પોષ વદ-૩ બીડ તરફથી વિહાર.
- ફાગણ સુદ ૧૦, ગુરુવાર, તા. ૧૩-૩-૨૦૦૩ બીડમાં પ્રતિષ્ઠા.
- ફાગણવદ ૧, તા. ૧૯-૩-૨૦૦૩, બેંગ્લોર તરફ પ્રયાણ.

* **રાજકોટ વર્ધમાન નગરની ધન્યધરામાં થયેલ યશસ્વી ચાતુર્માસનાં ચમકારા.**

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાની પરમ તારક આજ્ઞાથી પ. પૂ. હાલાર રત્ન આચાર્ય દેવશ્રીમદ્ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન પ. પૂ. વર્ધમાન તપોનિધિ મુ. શ્રી નયભદ્ર વિ. મ. સા. આદિ ઠાણા ૯ની અમદાવાદ ચાતુર્માસિની જય બોલાયેલ પૂજ્યશ્રી અમદાવાદથી શંખેશ્વર-સુરેન્દ્રનગર થઈને અષાડ સુદ-૧ના રાજકોટ પધારી ગયેલ ત્રણ દિવસ માંડવી ચોક સ્થિરતા કરી અષાડ સુ. ૬ ના મંગલ મૂહૂર્તે ચાતુર્માસ પ્રવેશ થયેલ. બહારગામથી પણ ઘણાં ભાગ્યશાળીઓ પધારેલ.

પૂજ્યશ્રી ના ધર્મબિંદુ ગ્રંથરત્નના આધારે વ્યાખ્યાનો શરૂ થતાં વ્યાખ્યાનમાં ખૂબ જ વધુ સંખ્યા થવા લાગી.

અષાડ વદ-૨ થી નમસ્કાર મહામંત્રના ૬૮ અક્ષરના ૬૮ આયંબેલની (એક આયંબેલ એક એકાસણું) સામુદાયિક આરાધના શરૂ થતાં ૬૦ આરાધકો જોડાયા.

* પરમોપકારી પૂજ્યપાદ સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની વાર્ષિક તિથિ નીમીત્તે પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ તથા અષાડ વદ-૧૪ ના સામૂહિક આયંબેલ ૧૮૧ થયેલ. તે દિવસે જ દર વદ ચૌદશે ગુરુ ચતુર્દશી એ ઉપકારોની સ્મૃતિ નીમીત્તે આયંબેલ કરાવવાની જાહેરાત થતાં ૧૭૫ નામો લખાયા.

* પર્યુષણા મહાપર્વની આરાધના પણ અતિ ઉલ્લાસમય વાતાવરણમાં થઈ. ૨૪ પુરુષો તથા ૨૧ બહેનોએ આઠ દિવસના પોષધ કર્યા. ઉછામણી પણ ખૂબ જ સારી થઈ.

* પર્યુષણા મહાપર્વના પ્રથમ દિવસે જ રાજકોટથી શત્રુંજય ગિરિરાજના છ'રી પાલક યાત્રા સંઘની જય બોલાઈ પાલીતાણા મૂહૂર્ત લેવા જતા પૂજ્યોએ અંતરના આશીષ પૂર્વક કારતક વદ-૧૧ ના સંઘપ્રયાણ નો તથા માગસર સુ. ૧૦ નો માળારોપણ નો શુભ દિવસ જણાવ્યો.

* વર્ધમાન તપના પાયા સામૂહિક કરાવતા ૩૦ વર્ષના ઇતિહાસમાં સૌથી વધુ સંખ્યામાં આરાધકો જોડાયા. ૩૧ આરાધકોએ પાયા ભર્યા.

* શાશ્વતી ઓળી ૧૩૦ થઈ તેનો સમગ્ર લાભ સ્વ. મોહનભાઈ ના આત્મશ્રેયાર્થે શેઠ રાયચંદ પ્રેમચંદ પરિવારે ખૂબ જ ઉલ્લાસ તથા ઉદારતા પૂર્વક લીધો.

* મનહરલાલ ચુનીલાલ પરિવાર તરફથી ત્રણ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો.

* સંઘમાં થયેલ વિવિધ તપશ્ચર્યાની તથા પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોની વર્ધમાન તપની ચાલતી લાંબી ઓળીની અનુમોદનાર્થે શ્રી સંઘ તરફથી ત્રણ દિવસનો જિનભક્તિ મહોત્સવ ઉજવાયો.

* કારતક સુદ-૧ ના દ્વારોદ્‌ઘાટનનો ચઢાવો. બોલાતા રેકોર્ડ રૂપ રકમ બોલી શેઠશ્રી પ્રાણલાલ ભુદરભાઈ પરિવારે લાભ લીધો અને સૂર્યોદય પછી ચતુર્વિધ સંઘની હાજરીમાં દ્વારોદ્‌ઘાટન થયું. પૂજ્ય શ્રી એ માંગલિક સ્મરણ તથા ગૌતમ-સ્વામીનો રાસ સંભળાવેલ અને સકળસંઘને હિતશિક્ષા સ્વરૂપે સૌથી પહેલી રકમ શુભખાતે વપરાવી જોઈએ. તેમ જણાવતા દરેકે ઉલ્લાસપૂર્વક માથાદીઠ ૧૦૧ રૂા. લખાવતા ૮૦ હજાર ઉપર રકમ થઈ.

* પાંચ પરિવારોએ ચાતુર્માસ પરિવર્તનની ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી અને ૮૫ આયંબેલ થયેલ.

* હવે છેલ્લે

અમારા શ્રી સંઘમાં અ.સૌ. રેણુકાબેને કરેલ સળંગ ૧૦૦ આયંબેલની ઉગ્ર તપશ્ચર્યાની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ નીમિત્તે શેઠશ્રી કાંતિલાલ ડાહ્યાલાલ પરિવાર તરફથી કારતક વદ ૭-૮+૯-૧૦ બૃહદ્ શાંતિસ્નાત્ર સમેત ત્રણ દિવસનો જિનભક્તિ મહોત્સવ તથા કારતક વદ ૬-૭-૮ ત્રણ દિવસના સમૂહ આયંબેલ તથા કારતક વદ-૧૦ ના તપસ્વીઓના પારણા, સ્વામીવાત્સલ્ય પરમાત્માને ભવ્ય અંજનના રાખેલ છે.

* કારતક વદ-૧૧ ના સવારે મંગલમય મૂહૂર્તે વર્ધમાન નગરથી શત્રુંજય ગિરિરાજના છ'રી પાલક સંઘનું પ્રયાણ તથા માગસર સુ. ૧૦ ના ગરવા ગિરિરાજ ઉપર પૂ. અનેક આચાર્ય ભગવંતોની પરમ પાવનીય નિશ્રામાં માળારોપણ થશે.

સં. ૨૦૫૮ નું ચાતુર્માસ અમારા સંઘ માટે અવિસ્મરણીય અને ચિરસ્મરણીય બની ગયું. ચાતુર્માસ દરમ્યાન ૯૨૦૦ આયંબેલ થયા, સંઘના યુવાન આરાધકોએ બીજા ચાતુર્માસની પણ આગ્રહભરી વિનંતી કરેલ છે.

* **નાની દમણ :** અત્રે શ્રી આદીનાથ સ્વામિ પ્રાસાદે ઝવેરી કેસરીચંદ મોતીચંદ તરફથી ભાદરવા વદ ૯ થી ત્રણ દિવસનો શાંતિસ્નાત્ર મહોત્સવ ખૂબ ભવ્ય રીતે ઉજવાયો. જીવદયાની ટ્રીપ સુંદર થઈ હતી તથા સ્વામિ વાત્સલ્યનું જમાણ થયેલ વિધિ વિધાન શ્રીયુત નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળી એ સરસ રીતે કરાવેલ.

સંગીતમાં નટવરલાલ નવસારીવાળાની મંડળીએ સારી જમાવટ કરી હતી.

* **ઉટી :** પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી અમરસેન વિ. મ. આદિઠા તથા પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિના ચાતુર્માસથી સારો ઉત્સાહ છે. પર્યુષણ માટે પધારવા આમંત્રણ આપતાં સારો ઉત્સાહ આવેલ છે.

* **વડાલા મુંબઈ :** કામક રોડ, પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજયમહોદયસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મલ્લિસેન સૂ. મ. તથા પૂ. મુ. શ્રી હેમ કીર્તિ વિ. ના સંયમ અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય કનકશેખર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ભા. વ. ૧૩ થી ૦)) ત્રણ દિવસનો મહોત્સવ ઉજવાયો.

* **રાજનગર વિદ્યાશાળા :** - અત્રે પૂ. દાદા શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ. ભા. વદ-૧૪- પૂ આ. શ્રી વિજય મેઘસૂરીશ્વરજી આસો સુદ ૧ સ્વર્ગતિથિ નિમિત્તે, ભા. વદ ૧૨ થી આસો સુદ ૧ પંચાહ્નિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભ વિ. મ., પૂ. મુ. શ્રી કુમુદચંદ્ર વિ. મ. ની નિશ્રામાં ઉજવાયો. અત્રે પર્વાધિરાજની આરાધનામાં પૂ. મુ. શ્રી જિનદર્શન વિજયજી મ. આદિ ઠા. ૩ પધાર્યા.

* **અમદાવાદ, નીરધનગર:** પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂ. મ. ના ૫૦ માં દીક્ષા પ્રવેશ નિમિત્તે તથા

વિવિધ આરાધનાઓ નિમિત્તે ૭૨ છોડના ઉજવણા સહિત ભ. સુ. ૯ થી વદ ૮ સુધી પંચદશાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

* **વઢવાણ સીટી :** ચાતુર્માસાર્થે પધારેલ પૂ. મુનિરાજશ્રી પ્રશાન્તદર્શન વિ. મ. ની નિશ્રામાં આરાધના સારી ચાલે છે.

સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. **રામચન્દ્ર સૂરીશ્વરજી** મ. ના આજ્ઞાવર્તિન ચરણોપાસક સ્વ. પ. પૂ. ઉપા. **શ્રી ચારિત્ર વિજયજી ગણિવર્યની** ૩૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રા. વ. ૧૦ના તેમના ગુણાનુવાદ થયેલ તથા અમદાવાદ નિવાસી પૂ. મુનિરાજશ્રીના સંસારીબેન જ્યોત્સના બેન ભરતકુમાર ચાલીસહજાર તરફથી સંઘપૂજનાદિ કરાયેલ. ભાઈ-બેનોના ઉપાશ્રયે સાંજના પ્રતિક્રમણમ પણ પ્રભાવના કરાયેલ.

* **પ્રેસનોટ :** પાલીતાણા તીર્થાધિરાજ શત્રુંજયના દર્શનાર્થે આવતા યાત્રીકો જોગ.

પાલીતાણા પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર પૂજ્ય દાદાજીના દેરાસરના ગભારામાં તથા મોટી ટુંકના તથા નવટુંકના દેરાસરોનાં ગભારામાં ઓપકામ તથા સફાઇ કામ કરવાનું હોવાથી ભાદરવા સુદ ૭, તા. ૧૩-૯-૦૨ થી આસોસુદ ૬, તા. ૧૧-૧૦-૦૨ સુધી સેવા પૂજા થઇ શકશે નહિ.

શેઠ કલ્યાણજી આણંદજી,
પાલીતાણા.

આ પ્રેસનોટ અમને મોડી મલી છે. જેથી ભા. સુ.-૭ પહેલા પ્રગટ કરી શકયા નથી. પરંતુ જેઓ ચોમાસામાં શ્રી સિદ્ધગિરિરાજની યાત્રાએ આવતા હોય છે તેમને આ પ્રેસનોટ અમુક સમય પૂજા થઇ શકશે નહિ. તે સૂચના કરે છે. અને પેઢી અવારનવાર પ્રસંગે પ્રેસનોટ મોકલે છે તે માટે અમે આદર કરીએ છીએ.

વિ. જેઓ એકાંતે એમ કહે છે કે ચોમાસામાં સિદ્ધગિરિ ઉપર યાત્રા કરવા જવાય નહિ. તે બરાબર નથી એમ આ ફુટનોટ ઉપરથી પણ સમજી શકાય છે.

- સંપાદક

* **નવશારી મુકામ :** ગયા વર્ષ ૨૦૧૭માં અષાઠ સુદ-૧૦ના સેજે પરમ પૂજ્ય આ. ચંદ્રગુપ્ત સુરીશ્વરજી મ. સા. ની પરમ તારક નિશ્રામાં રાધનપુર નિવાસી સ્વ. મંજુલાબેન ગભરૂચંદ કોઠારી પરીવાર તરફથી તેમના નિવાસ સ્થાન **રામવાટીકા**માં રાધનપુરથી લાવેલ અતિ પ્રાચીન પરમ તારક શ્રી શાન્તિનાથ ભગવાનના આરસના પ્રતિમાન ત્થા પરમ તારક ગુરૂદેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની ગુરૂ મૂર્તિની પ્રતિષ્ઠા ગયા વર્ષ મહોત્સવ સહિત પ્રતિષ્ઠા રંગે ચંગે ઉલ્લાસપુર્વક થયેલ.

તે પ્રસંગોવાત્ની ચાલુ વર્ષ સાલગીરી પ્રસંગ ભવ્ય રીતે ઉજવેલ અને પરમતારક આર્ય ભગવંત શ્રી મહોદય સુરીશ્વરજી મહારાજા સાહેબના સુદીર્ઘ સંયમ જીવનની અનુમોદનાર્થે અમારા પરીવાર તરફથી પરમ પુજ્ય મુનિરાજશ્રી ઋજુદર્શનવિજયજી મ. સાહેબની પરમ તારક નિશ્રામાં ત્રિદીવશીય મહોત્સવ શાન્તિસ્નાત્ર સહ ઉજવાયેલ હતો.

પ્રથમ ભવ્ય પંચકલ્યાણકની પુજા. બીજા દીવસે ૧૮ અભિષેક- નવગ્રહ પાટલા પુજન કુંભસ્થભં-ત્રીજા દીવસ લઘુ શાન્તીસ્નાત્ર ધજારોપણ મહોત્સવ દરમ્યાન - વિધિ માટે રાધનપુરથી સુવિશુધ્ધ ક્રીયાકારક શ્રી મહેન્દ્રભાઇ શાહ પધારેલા.

અંગરચના માટે રાધનપુર નિવાસી હાલ કાંદીવલી મુંબઇ રહેતા અશોકભાઇ શાહ પધારેલ. વિશિયદ્ર ભવ્ય અંગરચના મહાપુજા વિગેરે થયેલ. રોજે દેરાશરમાં ૧૫૦ આસપાસની સંખ્યામાં પુજા સેવામાં લાભ લોકો લે છે.

આ પ્રાચીન પ્રતિમાજી રાધનપુર વિજયગચ્છ જૈન પેઢી ગોડીદાસ કોસાચંદ જૈન ટ્રસ્ટ તરફથી તેમના ટ્રસ્ટીગણે આપેલ છે. તે બદલ તે ટ્રસ્ટના અમો ખુબખુબ ઋણી છીએ. દર્શન-વંદનનો લાભ લેવા નમ્ર વિનંતી.

* **પાલીતાણા - મંડારભુવન :** પ્રશાન્તમૂર્તિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. **મહોદય સૂ. મ.** સા. ના આજ્ઞાવર્ત્તિની અને સરળસ્વભાવી સ્વ. પ. પૂ. સા. શ્રી **રોહિતાશ્રીજી** મ. ના વિનેયી શિષ્યા પરમવિદુષી પૂ. સા. શ્રી **નિર્વેદરત્નાશ્રીજી** મ. ના શિષ્યા પૂ. સા. **શ્રી ભક્તિદર્શિતાશ્રીજી** મ. ના સિદ્ધિતપની નિર્વિદન મંગલ પૂર્ણાહુતિની અનુમદોનાર્થે; પૂ. આ. શ્રી રવિપ્રભ સૂ.

મ., પૂ. આ. શ્રી મહાબલ સૂ. મ., પૂ. આ. શ્રી વીરશેખર સૂ. મ. તથા પૂ. આ. શ્રી હેમભૂષણ સૂ. મ. આદિ પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો મંડારભુવન રૂમ નં. ૨૪-૨૧ માં પધારેલ. અને પ્રાસંગિક પ્રવચનાદિ આપેલ તથા પૂ. સાધ્વીજી મ. ના સંસારી સંબંધીઓએ ૧૦૦ રૂા. આદિ કેસરી ગુરૂપૂજન કરેલ તથા સ્વ. ખીમજીભાઈ ગડા પરિવાર વીરાર, સૌ. ભદ્રાબેન સંઘવી કાંદીવલી, મંડાર ભુવનની બેનો અને ચિ. નિકિતા તથા નિલ્પા તરફથી ૩-૪ રૂા. નું સંઘપૂજન કરાયેલ. સુ. મનહરભાઈ સંઘવીએ પ્રસંગને શોભાવવા રૂમને શણગાર આદિ ઉત્સાહથી કરેલ. સિધ્ધગિરિજી જેવું તારક ક્ષેત્ર અને સિધ્ધિતપ જેવો તારક તપ, તેની અનુમોદનાનો પ્રસંગ સારો સંતોષકારક થયેલ.

* **पुना–भवानी पेढ :** पू. गणिश्रीरत्नसेन विजयजी म. के निश्रामां यहा संघ में पर्वाधिराज की आराधना बहुत ही सुंदर रही पर्वाधिराज के प्रवर्चनों में खूब उत्साह रहा।

–पर्युषण बाद एक अष्टान्हिम - महोत्सव उत्साह-उल्लास से संपन्न हुआ।

–१५ सप्टेम्बर के शुभ दिन देहु रोड निवासी मुमुक्षु केसारी मलजी तथा चंदा बेन के मास क्षमण तप की पूर्णाहूर्ति तथा मुमुक्षु प्रफूल्लकुमार के १५ उपवास की पूर्णाहूति के मंगल प्रसंग पर चतुर्विध संघ की उपस्थिति में चार्तुमासि पश्चात् भागवती दीक्षा की 'जम' बुलाई गई हैं। दीक्षा हेतु मुहुर्त अब निश्चित होगा।

२२ सप्टेम्बर से संघ में नवकार मंत्र की ७ दिवसीय आराधना भी चालू है। जिसमें २०० आराधक भाग ले रहे है।

–शाश्वती ओली के दिन नजदीक आ रहे है।

–नवपद मत्र आत्मा का ही पर्याय है नवपद की आराधना द्वारा आत्मा में उस स्वरुप को प्रगट करता है।

–चातुर्मास पश्चात् हाल पूना के आसपास विचरण रहेगा।

* **सरत (जालोर – राजस्थान) मां शासन प्रभावना :** प. पू. न्यायविशारद आचार्यदेव श्रीमद् विजय आजेतरत्नसूरीश्वरजी म. सा. ना शिष्यरत्न प. पू. मुनिराजश्री प्रज्ञा रतिविजयजी म. सा. नो चातुर्मास प्रवेश अषाढ सुद ९ गुरुवार दि. १८-७-०२ ने सरतगामમાં થયેલ. તે દિવસે ગોલની પ્રભાવના તથા ૧૧/- રૂપિઆનું સંઘપૂજન થયેલ. અષાઢ વદ ૨ દિ. ૨૬-૭-૦૨ થી મહારાજા વિક્રમ ચરિત્ર તથા સમરાદિત્ય ગ્રન્થ વાંચવાનો પ્રારંભ થયેલ.

(૧) મહારાજા વિક્રમચરિત્ર વહોરાવાનો બોલી શા કાન્તિલાલજી ચન્દનમલજી તરફથી.

(૨) મહારાજા વિક્રમચરિત્ર વહોરાવાની વાસક્ષેપ પૂજા શા દુદમલજી સોગાજી.

(૩) મહારાજા વિક્રમચરિત્ર વહોરાવાની ફુલપૂજા શા ફુલચંદજી પનાજી.

(૪) મહારાજા વિક્રમચરિત્ર વહોરાવાની ધૂપદીપ પૂજા, શા પુખરાજજી મિશ્રીમલજી.

(૫) સમરાદિત્ય ચારિત્ર વહોરાવાનં બોલી - રાજેન્દ્રકુમાર સુખરાજજી.

(૬) સમરાદિત્ય ચારિત્ર વાસક્ષેપ પૂજા - શા ફૂલચંદજી પનાજી.

(૭) સમરાદિત્ય ચારિત્ર ફૂલપૂજા - શા કાન્તિલાલજી ચન્દનમલજી.

(૮) સમરાદિત્ય ચારિત્ર ધૂપદીપ પૂજા- શા ગજરસમલજી રૂપચંદજી.

રોજ વ્યાખ્યાન ચાલે છે. હોલ ચિક્કાર ભરાઈ જાય છે. આરાધનાનો ઉત્સાહ વર્ધી રહ્યો છે. ● ● ●

"જે મહાત્માનાં શરીરની રાખને પણ લેવા લાખો ભાવિકો એ પડાપડી કરી અને ધૂંટીધૂંટી ને પ્રાપ્ત કરવા ભરચક મહેનત એટલા માટે કરી કે એ પૂણ્યવતી રાખમાં પણ એ ભાવિકોને સાક્ષાત રામનાં દર્શન થતા હતા. તેને જતન કરી ને ભાવિકોએ પોતાના ઘરમાં પૂજ્યની જેમ સંભાળીને રાખી છે. પણ અફસોસ એજ મહાત્મા રામનાં કોઈક ભક્તો તથા એમના હાથ નીચે તાલીમ પામેલાઓ એ કરોડો રૂપીયા જેમા ખર્ચ્યા છે તે મહામૂલ્યવાન મૂર્તીમાં એમને મૃત રામ દેખાય રહ્યા છે. એનો શો અર્થ ?

લી. સોહનલાલ પુખરાજ જૈન

સાવધાની...સાવધાની...સાવધાની... !!!

– તિમિર કિરણ શિશુ

સાવધાની ક્યારે રાખવાની ?

શા માટે સાવધાનીની લાલ લાઈટ્ ધરો છો ?

ખબર છે. હું કેટલો ઊંચે ચઢી ગયો છું.

આટલો ઊંચે ચઢી ગયા પછી પણ તમે સાવધાની રાખવાની વાતો કેમ કરો છો ?

હજી હું નેગોદમાં હોઉં, એકેન્દ્રિયમાં હોઉં, વિકલેન્દ્રિયમાં હોઉં, પંચેન્દ્રિયપણું પામીને પશુતામાં હોઉં તો તમે સાવધાનીની વાતો કરો તો યોગ્ય છે.

પરંતુ, હું તો સર્વશ્રેષ્ઠ અવતાર પામ્યો છું. મને ઘણો ઉંચો મનુષ્યભવ મળી ગયો છે.

તેમાં વળી શું સાવધાની રાખવાની ?

ભાઈ ! ભાન-બાન ભૂલીશ નહિ ?

હવે જ સાવધાની છે સાવધાનીને !

હા, ખુબ જ ઊંચે ચઢેલ વ્યક્તિઓનું એક એક કદમ સાવધાની ભરેલ હોય છે.

એક એક કદમ ચોક્કસ પ્રકારની સાવધાની માંગી લે છે.

અસાવધાનીનો ખતરનાક ખતરો આવીને ક્યારે ઉભો રહેશે તેની ખબર નહિ પડે ?

અરે ! એ તો સામો જ ઉભો છે.

ઉત્તમ જાતે, ઉત્તમ કુળ, આર્ય દેશ માનવભવ, સુદેવ, સુગુરુ અને સુધર્મનો પરિચય પામીને હવે સાવધાની રાખવાની છે.

પેલો પ્રમાદ પિશાચ ! ચોરની નજરે ચકોર થઈને જોઈ રહ્યો છે.

જરાક અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ આવી ગયો.

બસ ! હવે આત્મા પ્રમાદના પનારે.... !!!

પનારે કે ઘુંટણીયે ન થવું હોય તો સતત જાગતો રહેજે. આંખો ખુલ્લી રાખજે.

જ્યારે આ પ્રમાદ માયા જાળ પાથરે છે ત્યારે રાગ અને દ્વેષમાં લેવાયેલો જીવ કાંતો સ્પર્શેન્દ્રિયથી, રસનેન્દ્રિયથી, ઘ્રાણેન્દ્રિયથી, ચક્ષુઈન્દ્રિયથી અથવા શ્રોતેન્દ્રિયથી બંધાય છે. સુખનો અભિલાષી જીવ પલવારમાં વારાવાર દુઃખોથી પીડાય છે.

સંસારમાં સુખ છે એવી ભ્રાંતિથી જ્યાં ત્યાં ભટકતો જીવાત્મા સુખને શોધે છે પરંતુ સુખ સંસારમાં છે જ નહિ, શાંતિ છે જ નહિ, મનમાં સંતાપ છે, કુટુંબમાં ઉપતાપ છે, રાગની પીડા છે, ભય-શોક છે, રાગ-દ્વેષ છે, માટે ક્ષણીક સુખને શોધવાનું છોડ. જો સુખ શોધવા જઈશ તો ચોક્કસ પ્રમાદના પડછાયામાં અટવાઈ જઈશ.

એ પિશાચ તથા તેનો પડછાયો શૈરવ-ભયંકર નથી,

દેખાવમાં એનું રૂપ-સ્વરૂપ બિહામણું નથી.

અરે ! જોતાં જ મોહક લાગે. પ્રીતિ ઉપજાવે એવું છે.

ખાસું... ખાસું નાજૂક અને નમણું છે. સાથે મુલાયમ પણ છે.

ભલભણા એના સૌન્દર્યમાં મોહાય છે.

ભલભલા એના હાવભાવમાં-ચેનચાળામાં લપટાય છે. અને પછી પટકાય છે ભયંકર રીબામણની ખીણમાં.

હા... એનો જન્મસિદ્ધ સ્વભાવ છે.

ઉંચે ચઢેલા ભવ્ય આત્માઓને પોતાની તરફ લાળ પાડતાં કરવા. નખરા - ચેન ચાળા કરી પોતાની તરફ આકર્ષવા.

લાળ ટપકાવનાર અને આકર્ષાએલા એ ભવ્ય જીવોનો ટાંટીયો ખેંચી, નીચે પટકી નાંખી દેવા નરકાવાસ.

મોહરાજાનો પાળેલો કૂતરો ધર્મ રાજાનો અવ્વલ નંબરનો દુશ્મન છે.

આ પાળેલો કૂતરો ધર્મનું આચરણ કરવા તૈયાર થયેલ મહાનુભાવો સામે પૂછડી પડપડાવીને પૂણ્યશાળી જીવોને ધર્મ કરવા દેતો નથી, તેનાથી દૂર રાખે છે.

અને પાંચેય ઈન્દ્રિયોમાંથી લાળ ટપકાવવી એતો આ પ્રમાદ પિશાચની ખાસીયત છે. આને પનારે પડેલો જીવાત્મા... !!!

પોતાનો જ દુશ્મન બને છે.

પોતાની છાતીમાં ખંજર હુલરાવે છે.

પોતાની જાગૃત દશાને ભૂલી અંધકાર તરફ દોડ્યો જાય છે.

આત્મા ખંજરની કાતિલતા તરફ નજર કરવાને બદલે તેના રૂપ-લાવણ્ય-સૌંદર્ય તરફ વધુ મુગ્ધ બને છે.

અંધકાર તરફ ઢસડાતા આત્માની દશા - સ્થિતિ દયાજનક હોય છે.

મુગ્ધ બનેલા જીવની પરિસ્થિતિ ખતરનાક ખેદ ગ્રસ્ત બની જાય છે.

ધર્મ વિહોણી એની જીંદગી જબ્બર પછડાટ ખાય છે.

દુઃખ ભરેલા ભવરૂપમાં માટે, ચેતન ચેતી જા... પ્રમાદનો ત્યાગ કર.

શરણું લે ધર્મનું આરાધના શ્રદ્ધા રાખી કર.

ઉદ્યમ કરીશ તો સુખી થઈશ.

* * *

પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

❑ "અપ્પા સો પરમપ્પા," આત્મા એ જ પરમાત્મા' છે. આવું બોલીને આજે દુનિયામાં ગેરસમજણ ફેલાવનારો વર્ગ ઘણો મોટો છે. આત્મા એ પરમાત્મા છે, આ વાત સાચી. પણ ક્યો આત્મા પરમાત્મા ગણાય ? જે કર્મ મુક્ત બને, એ જ આત્મા પરમાત્મા ગણાય. કર્મ યુક્ત આત્મા તો પથ્થારથીય ભૂંડો ગણાય. કારણ કે પથ્થરને કર્મ બંધ થતો નથી. જ્યારે આવો આત્મા તો હોંશે હોંશે કર્મ-બંધ કર્યા કરતો હોય છે. જેમ પથ્થર એ જ પ્રતિભા હોવા છતાં પથ્થરને પ્રતિમા તરીકે કોઈ સન્માનતું નથી. એમાંથી નકામો ભાગ દૂર કરાય અને પ્રભુનો આકાર પ્રગટ થાય, પછી વિધિ થયા બાદ જ એ પ્રતિમા પૂજાય છે. આવું જ આત્માનું છે. આત્મા કર્મરહિત બને, પછી પરમાત્મા બને, અને પછી જ એ પૂજાને પાત્ર ગણાય.

❑ આખા જગતમાં મનુષ્યગતિ જેવી કોઈ ગતિ નથી અને મનુષ્યગતિમાં સાધુ-જીવન જેવું કોઈ જીવન નથી. જે આમ માનીને સાધુજીવન જીવવાની તાકાત કેળવવા ગૃહવાસ સેવતો હોય, એ જ સદ્ગૃહસ્થ ગણાય. આવાના ઘરમાં મોંઘવારીની ફરિયાદ હોય ખરી ? આજે જૈનોના ઘર પણ એવા બની ગયા છે કે, ત્યાં જરૂરી કંઈ મળે નહિ, અને બિનજરૂરી ચીજોના ખડકલાં ખડક્યાં હોય !

❑ મોંઘવારીની હોળી તો જાણી જોઈએ તમે જ સળગાવી છે. તમને આર્થિક મદદ કર્યા વિના, તમારી મોંઘવારીનું દુઃખ દૂર કરી આપવા હું તૈયાર છું. તમે સાધુ ન બની શકો, અને માત્ર સદ્ગૃહસ્થ બની જાવ, તો ય તમારી મોંઘવારી દૂર થઈ જાય. ખોટા મોજ શોખ છોડો, એટલે મોંઘવારી દૂર !

❑ 'લ્યો, લ્યો કહે છે લેતા નથી' આ વાત સાધુઓ માટે આજે લગભગ ભૂતકાળની બની ગઈ છે. આજે તમે શ્રાવકોએ દેવા માંડ્યું અને અમે સાધુઓએ લેવા માંડ્યું ! પછી આગળ વધીને અમારામાંથી ઘણાંઓ બે માંગવા માંડ્યું અને તમે સીધી નહિ તો આડકતરી રીતે અંગૂઠો બતાવવા માંડ્યો ! આમ, ભગવાનનો માર્ગ ચૂકાયો, તો પરિસ્થિતિ આટલી હદ સુધી નીચે ઉતરી ગઈ ! પણ આ વાત તમારા-અમારા બે ય માટે બરાબર નથી. તમારે 'લ્યો લ્યો' કહેતા થાકવાનું નથી અને અમારે 'બસ - થી' કહેતા અટકવાનું નથી.

❑ જજ મધ્યસ્થ ખરો, પણ એ ક્યાં સુધી ? જ્યાં સુધી એ વાદી-પ્રતિવાદીની વાત જ ન સમજે ત્યાં સુધી. સાચી વાત સમજ્યા પછી તો એ સત્યનો પક્ષપાતી થાય અને અસત્ય સામે આંખ લાલ કરે. આજ રીતે સાચું-ખોટું સમજ્યા પછી જે મધ્યસ્થ રહે, એ કદી ધર્મ પણ ન પામી શકે. વ્યવહારમાં દરેક ચીજ માટે સાચા-ખોટાનો સહુ કોઈ નિર્ણય કરે છે. એક ધર્મની વાતમાં જ ઘણા નરા લોકો 'મધ્યસ્થ' રહેવાની શાણી સલાહ આપે છે. આવા મૂર્ખ-મધ્યસ્થો પાછા પોતાને ડાહ્યા સમજે છે. ખમજુ કદી મધ્યસ્થ ન હોય, અણસમજુ જ મધ્યસ્થ હોય. ન સમજાય ત્યાં સુધી મધ્યસ્થ ભાવ રાખવો એ ગુણ છે. સમજાઈ ગયા પછીયે મધ્યસ્થ રહેવું, એ તો મહાદોષ છે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી

તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી કિએશનમાંથી

9394

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ–મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાંત – રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

જૈન ધર્મના પ્રતાપી પુરુષો વિશેષાંક

વર્ષ–૧૫ અંક–૮

પરમ ઉપકારી પૂજય ગુરૂદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી

સ્વ. શાહ ધરમશી નથુભાઈ (કાનાલુંશ – હાલાર) સ્વ. શ્રીમતિ પાનીબેન ધરમશી, સ્વ. શાહ જુઠાલાલ ધરમશી તથા સ્વ. ચંદ્રકાન્તભાઈ તથા સ્વ. નરેન્દ્રભાઈ જુઠાલાલના શ્રેયાર્થે શ્રીમતિ યશોદાબેન જુઠાલાલ શાહ પરિવારની શુભેચ્છા...

91, SOUTH GATE ROAD, BAURN MOUTH DERSET BH 1 3SW (U.K.)

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫–દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) INDIA.

PIN - 361 005 PHONE - 770963

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વાર્ષિક રૂ. ૧૦૦ • આજીવન રૂ. ૧૦૦૦ • પરદેશ રૂ. ૫૦૦ • આજીવન રૂ. ૫,૦૦૦

વર્ષ: ૧૫) * સંવત ૨૦૫૯ કારતક વદ ૬ * મંગળવાર, તા. ૨૬-૧૧-૨૦૦૨ (અંક : ૮

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

પૂ. શ્રી બાપજી મહારાજાના ગુણાનુવાદ

પ્રવચનકાર : પૂ. આ. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

(સંઘ સ્થવિર, જ્ઞાન-પર્યાય- વયોવૃધ્ધ, શાન્તમૂર્તિ પ. પૂ. આ. દેવ શ્રી. વિ. સિદ્ધિસૂરિશ્વરજી મહારાજાના જેઓ પૂ. શ્રી બાપજી મહારાજના 'લાડીલા' હુલામણાં નામે શ્રી સંઘમાં સુવિખ્યાત હતા. તેઓશ્રીજીની ત્રીશમી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી ૨૦૪૫ ના ભાદરવા વદિ-૧૪ ને ગુરુવારે તા.૨૮-૯-૧૯૮૯ ના રોજ મહારાષ્ટ્ર ભુવન-પાલીતાણા ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન પ. પૂ. પરમ શાસન પ્રભાવક વ્યા. વા. પૂજ્યપાદ આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં કરાઈ હતી.

તે પ્રસંગે તેઓશ્રીજીના આરાધના - પ્રભાવના - સત્ય રક્ષણની અડગતા - શાસ્ત્ર ચુસ્તતા આદિ ગુણો ઉપર વેધક પ્રકાશ પાડતું, પૂ. ગચ્છાધિપતિશ્રીનું પ્રેરક પ્રવચન થયું હતું. જેનું સારભૂત અવતરણ અત્રે આપવામાં આવે છે તેમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે પૂ. પ્રવચનકાર આચાર્યદેવશ્રીના આશય વિરુદ્ધ કંઈ પણ લખાયું તો ક્ષમાપના સહ વિરમીએ છીએ. - સંપા.)

चारित्रपात्रं तपसा सुगात्रम्
लब्धाप्त शास्त्रं विनयादमात्रम् ।
प्रातः सुरनर्यं स्थविरं श्री सङ्घे
श्री सिध्धि सूरीश्वरमानतोऽस्मि ॥

આજે થોડાક જ વખત પહેલા થયેલા વયોવૃદ્ધ તથા જેઓએ શાસનને આણીના સમયે બચાવ્યું છે તેવા મહાપુરુષ પૂ. આ. શ્રી. વિ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિ છે કે જેઓ પૂ. શ્રી બાપજી મહારાજના નામે સર્વત્ર પ્રખ્યાત હતા.

આ મહાપુરુષનું જીવન સાંભળવા જેવું છે. સમજવા જેવું છે અને શક્તિ હોય તો આચરવા જેવું છે. શ્રી જૈન શાસનને પામેલા અને સમજેલા જીવો કેવા હોય તે તેઓના જીવન ઉપરથી સમજાય તેવું છે. જે જીવો ધર્મી ન હોય તેમની હાલત જુદી હોય છે. આ કાળમાં કે હરેક કાળમાં સંસારી જીવો મોહને વશ હોય છે. ભૂતકાળના જીવોની જે મોહની વશતા હતી તે જુદી હતી અને આજે જુદી છે.

આજે ધર્મ સમજવાનું મન કેટલાને છે; ધર્મ કરનારો મોટો વર્ગ ધર્મ સમજાવનાર હોવા છતાં ય ધર્મ સમજતો નથી. ધર્મ સમજવાનું મન પણ થતું નથી. શ્રાવકના કુળમાં જન્મ મળે તેને સારો કહ્યો છે. કેમકે, શ્રાવકના કુળમાં જન્મે તેને સારા સંયોગો મળે. સારા સંસ્કાર મળે એટલે તે કાં સાધુ જ બને કાં સારો શ્રાવક બને. પણ આજે શ્રાવકના આચારો એવા લોપાઈ ગયા છે કે જેનું વર્ણન થાય તેમ નથી.

આ મહાપુરુષનું કુટુંબ અમદાવાદમાં વસતું હતું. આમનો જન્મ વિ. સં. ૧૯૧૧ માં શ્રાવણ સુદ ૧૧ના તેમના મોસાળ વળાદ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ મનસુખભાઈ હતું અને માતાનું નામ ઉજમબાઈ હતું. એમને છ પુત્રો અને એક પુત્રી હતા. તેમાં આ સૌથી નાના પુત્ર હતા. અને તેમનું નામ ચુનીલાલ હતું. બાલ્યકાળથી જ તેમને ધર્મના સારા સંસ્કાર મળ્યા હતા. પહેલેથી માતા-પિતાદિની આજ્ઞા મુજબ કરતા હતા. અને કામ પણ એટલું સારૂ કરતા હતા કે આખું કુટુંબ તેઓને વશ હતું. વિનય ગુણ પણ તેવો જ હતો. વૈરાગ્યથી મન રંગાયેલું હતું કુટુંબની ઈચ્છા લગ્ન કરવાની હતી અને આમની

ઇચ્છા દીક્ષા લેવાની હતી. પણ મા-બાપના આગ્રહથી આમને વીશ વર્ષે લગ્ન કરવા પડ્યા. પણ એમને જે પત્ની મળી તે એવી મળી જે પતિના [illegible] ગણાય.

[illegible] દીક્ષા [illegible] પણ આમનું કુટુંબ મોટું હતું [illegible] દીક્ષા આપવા [illegible] કોઈ જ સાધુ [illegible] વર્ષ [illegible] કરવાનું [illegible] ઘરેણાં [illegible] ઘોડા હતા. અને [illegible] પં. શ્રી મણિવિજયજી દાદા પૂરક હતા. [illegible] અમદાવાદ [illegible] જ સાધુવેષ [illegible] કુટુંબ વેષ [illegible] કેવલ [illegible] આમને ત્રણ દિવસના સૂરે ઉગ્યે [illegible] વિહાર ઉપવાસ થયા. ચોથે દિવસે [illegible] છોડાવવા ઘણો આગ્રહ કર્યો [illegible] નહીં માન્યા તો તેમના [illegible] ભાભી તેમની છાતી ઉપર ચઢી [illegible] ત્યારે તેમની ધર્મપત્ની વચ્ચે [illegible] અને કહે છે - "હવે હદ થાય [illegible] માટે હેરાન કરો છો ?" [illegible] કહે છે - પછી તારે શું થાય ? [illegible] તેમની ધર્મપત્નીએ કહ્યું કે - [illegible] જે માર્ગ જશે.. તેમની પાછળ [illegible] જરૂર.. હું પણ દીક્ષા લઈશ." પછી તેમના મોટાભાઈએ છોડ્યા. [illegible] બનો આવો વિરોધ હોય ત્યાં [illegible] કોણ આવે ? એટલે જાતે જ [illegible] પહેરીને ઝોળી પાત્રાની પોળના [illegible] રહ્યા. પછી દાદાએ તેમને [illegible] આપી. અને પૂ. મુ. શ્રી [illegible] સિદ્ધવિજયજી મ. બન્યા અને પૂ. પં. શ્રીમણિવિજયજી દાદાના છેલ્લા શિષ્ય થયા.

પૂ. પં. શ્રી મણિવિજયજી દાદા વૃદ્ધ હતા અને ગુરુની ભાકતવાળા હતા. ગુરુ સેવામાં જ રહેતા હતા. તેમાં દાદા પાસે સમાચાર આવ્યા કે સુરતમાં મ. શ્રી રત્નસાગરજી મ. બીમાર છે અને તેમની સેવા કરનાર કોઈ નથી. દાદા બધાની ચિંતા કરનાર હતા તેથી મ. શ્રી સિદ્ધવિજયજીને કહ્યું કે તું જલ્દી સેવાની ખાસ જરૂર છે. આમનું મન ગુરુ મ. ની સેવામાં રહેવાનું હતું છતાં પણ ગુરુની આજ્ઞા વંદી ગઈ. ગુરુની આજ્ઞા માથે ચઢાવી તરત રવાના થયા. અને આઠ વર્ષ રહીને સેવા કરી. તેમના કાળધર્મ બાદ તેમના નામની પાઠશાળા પણ ખોલાવી જે આજે ય ચાલુ છે. આ મહાત્મા એવા હતા કે - કોઈને ય સમાધિ આપવાનો પ્રસંગ આવે તો તરત જ પહોંચી જતા. ભિન્નગચ્છના પણ એક મહાત્માને સમાધિ તેમને આપેલી. તેઓમાં વૈયાવચ્ચના ગુણ અદ્ભુત હતો. તથા તેમનો વૈયાવચ્ચ પણ સારો થઈ. જે બીજાને સમાધિમાં જીવાડે તેને પોતાને સમાધિ મળે. જ્ઞાનીઓએ વૈયાવચ્ચને અપ્રતિપાતિ ગુણ કહ્યો છે. સારી રીતે વૈયાવચ્ચ કરનારને જ્ઞાન તો તેની મેળે આવી જાય. જ્ઞાન વિનયપૂર્વક મેળવે તો તે સફળ થાય. મરજી મુજબ જ્ઞાન મેળવે તો તે જ્ઞાન મળ્યા પછી આત્મા નકામો થાય. ભાગેલું પરિણામ પામે જ નહિ. પણ આજે તમારામાંથી પણ ભાગવાનું નીકળી ગયું. ધર્મનો અભ્યાસ બંધ થઈ ગયો. પરિણામ એ આવ્યું કે તમારા ઘરમાં જન્મેલો દુનિયાનું બધું ભાગે પણ ધર્મનું કશું જ ભાગે ન દે આ સુધારો નહિ કરો તો સંઘ જે રીતે આગળ વધવો જોઈએ તે રીતે નહિ વધે.

વર્તમાનમાં જે [illegible] નામાંકિત આચાર્યો થયા તે બધા એ ભાગીને દીક્ષા લીધી છે. કુટુંબ સંમત થઈને દીક્ષા અપાવી હોય તેવું બન્યું નથી. જ્યારે આગળ તો રાજપુત્રો, શ્રેષ્ઠિ પુત્રોએ મહોત્સવ પૂર્વક દીક્ષા લીધી છે.

આ મહાપુરુષનો કંઠ એવો મધુર હતો કે ભલભલા પાણી થઈ [illegible] વ્યાખ્યાન એવું કે જાગૃત કરે. તપશ્ચર્યા એવી કરતા કે વર્ણન ન પૂછો. તેમનો તપ દેખાય નહિ. નિયમ શ્રુતનો અભ્યાસ ચાલુ હોય. હાથની પ્રતોને લખાવે અને તેને શોધવાનું કામ કરતા હતા. જગતિ કેટલી હશે. વાંચવાનું ન બને તો જાપમાં બેસતા હતા. રોજ ત્રણ [illegible] કલાક જાપ કરતા હતા. તેમની આરાધના તો ગજબની હતી કે જેનું વર્ણન ન થાય. તેમનો પરિવાર પણ સારો હતો. વિદ્યાશાળા તેમના નામને આભારી છે. વિદ્યાશાળા ઉપર તેમનો ઘણો ઉપકાર છે.

તીર્થનો સત્યમાર્ગ પ્રકાશિત રહ્યો હોય તો તે પૂ. શ્રી બાપજી મહારાજને આભારી છે અમારા પૂ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ પાંચમની ક્ષય-વૃદ્ધિ ને છઠની ક્ષય-વૃદ્ધિ કરી સંવત્સરી ચોથની આરાધના કરતા હતા. એ વાર પૂ. શ્રી બાપજી મહારાજે અમારા પૂ. શ્રી દાદાગુરુ મહારાજ આચાર્યદેવશ્રી દાનસૂરીશ્વરજી મહારાજને કહ્યું કે - "દાનસૂરિ! આ ખોટું ક્યાં સુધી કરવું

છે ? સાચી વાત કેમ કરતા નથી ? હું તો વર્ષોથી પાંચમનો ક્ષય-વૃદ્ધિએ તેને જ માન્ય રાખીને સાચી આરાધના કરું છું.'' તે પછી અમે બધાએ ભેગા થઈને ૧૯૯૨ માં સુધારો કર્યો.

૨૦૨૦ માં અમે જે સુધારો પૂનમ અમાસનું ક્ષય વૃદ્ધિએ તેરશનો ક્ષય-વૃદ્ધિ કરવા નો કર્યો તે મારા ગુરુ મ. પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના કહેવાથી કર્યો છે. તે વખતે મારા પૂ. ગુરુ મહારાજને સામાપક્ષે કહેલ કે ''અમે સંવત્સરી ભાદરવા સુદ ચોથની ઔદાયિક તિથિએ જ સાચવીશું તમે ચૌદશની આરાધના એક જ દિવસે થાય તેવુ કરો.'' ત્યારે મેં મારા પૂ. ગુરુ મહારાજને કહેલું કે - ''આ લોકો કાંઈજ સાચું ન લેખરે અને આપણને હેરાન કરશે.' પણ મારા પૂ. ગુરુ મહારાજાએ કહ્યું કે અપવાદ માર્ગે આટલું કર. અને ત્યાર પછી અમે પૂનમ-અમાસની ક્ષય - વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાનું અપવાદ માર્ગે શરૂ કર્યું. પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનો પ્રઘોષ છે કે 'ક્ષયે પૂર્વા' અર્થાત્ ક્ષયમાં પૂર્વની તિથિ કરવી. અને વૃદ્ધિમાં ઉત્તર તિથિ કરવી. અનેક પ્રામાણિક શાસ્ત્રપાઠો હોવા છતાં પણ કેવલ થી અંધ સાચી આરાધના કરે એ માટે મારા પૂ. શ્રી ગુરુ મહારાજાના આગ્રહથી આપણે અપવાદ માર્ગ સ્વીકાર્યો. અને તેનું પરિણામ શું આવ્યું તેની તમને બધાને ખબર છે.

આજે બધા આગ્રહમાં પડી ગયા છે તેને લઈને તિથિનો ઝઘડા જીવે છે. તમને ખબર હશે કે - શ્રી કસ્તૂરભાઈની દરમ્યાનગીરિથી ૧૯૯૯૯ માં આ જ પાલીતાણામાં મારી અને શ્રી સાગરજી મહારાજ વચ્ચે તિથિનો વિવાદ શમાવવા મધ્યસ્થ પંચ નિમાયું. મધ્યસ્થ પંચનો ચૂકાદો આપણી તરફેણમાં આવ્યો પણ શ્રી સાગરજી મહારાજ કબૂલ કરીને ફરી ગયા. શ્રી કસ્તૂરભાઈએ જાહેર કર્યું કે શ્રી સાગરજી મહારાજ કબૂલ કરીને ફરી ગયા છે. જો તેઓએ થોડું દબાણ કર્યું હોત તો આ વિવાદ ન રહેત. પણ શ્રી કસ્તૂરભાઈએ મને કહ્યું કે : ''હું જગતમાં જાહેર કરીશ કે આપ સાચા છો. પણ બીજું નહિ કરી શકું.''

આજે શાસનમાં જેટલા ઝઘડા ચાલે છે તેનો જો શાસ્ત્રાધારે નિકાલ કરવો હોય તો બધાનું સમાધાન થઈ જાય તેમ છે. પણ જે કહે કે - શાસ્ત્રનું પાનું ખોલવું નથી. ચાલે તેમ ચાલવા દો તો તે ચલાવી લેવાય ખરું ? આ મહાપુરુષ તો કહી ગયા છે કે ખોટું ચાલે તે ન ચાલવા દેવાય.

પૂ. શ્રી બાપજી મહારાજાનો અમદાવાદ ઉપર ઘણો ઉપકાર છે તેમને ઉપકારી માનનારા ઘણા છે. પૂ. શ્રી બાપજી મહારાજાના નામે જેઓ ઓળખતા હોય તેઓએ તેમને જે કહ્યું તેમજ કરવું જોઈએ. તેમનું નામ લજવાય તેવું કંઈ જ ન કરવું જોઈએ. મને તેમની સેવાની ઘણી તક મળી છે. તેઓ જ્યારે બહુ ગુસ્સે થાય ત્યારે પણ કહે કે : ''ભત ! તારું પણ ભલું થાવ.'' ભૂલ કરનાર આટલું સાંભળી સુધરી જતા તેમના હૈયામાં ભૂલ કરનાર ઉપર પણ આવો દયાનો ઝરો વહેતો હતો. અને તેઓએ શાસનને સારી રીતે ચલાવ્યું છે. અને શિષ્યો પણ સારા શાસનને ભેટ કર્યા છે.

આજે બધા શાસ્ત્રને આઘુ મૂકીને ચાલે છે તેના બધા ઝઘડા છે. શાસ્ત્રમાં સમાધાન નથી એવું નથી. તેઓએ મરતાં સુધી સત્ય જાળવ્યું છે તેમની કૃપાથી જ અમને સત્ય સાચવવાનું બળ મળ્યું છે અને તેમના પ્રતાપે જ અમે આ સાચવી શક્યા છીએ. મારા પૂ. ગુરુ મહારાજ થોડા ઢીલા પડી જતા પણ કહેતા તો આમ કે - ''આપણે કરવાનું શાસ્ત્રે કહ્યું હોય તે જ.''

આજના બધા ઝઘડાનું સમાધાન થાય તેમ નથી. તેમ જે કહે છે તે બધા ખોટા છે અને એકે ઝઘડો ઊભો કર્યો નથી. સત્ય માટે ઝઘડા વેઠ્યા છે ઘણા. સત્ય માટે સાધુ નહિ ઝઘડે તો કોણ ઝઘડશે ! શક્તિ હોય ત્યાં સુધી સત્યના રક્ષણ માટે પ્રયત્ન કરવો જ જોઈએ. સાધુ જ સત્ય છોડે અને અસત્ય બતાવે તો સાચો માર્ગ ક્યાં રહે ? શાસ્ત્રે તો કહ્યું છે કે ક્ષદ્મસ્થથી કદાચ ભૂલ થઈ પણ જાય. છતાં પણ કોઈ અસત્ય બતાવે તો તે અસત્ય છોડે. પોતાની ભૂલ કબૂલ કરે અને ભૂલ સુધારે તો મુનિપણું ટકે તેવું ન કરે અને જાગવા સમજવા છતાં પણ ખોટ કરે તો મુનિપણું જાય. અને તેનો સંસાર પણ વધી જાય.

આ મહાપુરુષને ૮૫ વર્ષની ઉંમરે શ્રી સિદ્ધગિરિજી અને શ્રી ગિરનારજી તીર્થની યાત્રા કરવાનું મન થયું. માંડ માંડ ચાલી શકે છતાં પણ

વિહાર ચાલીને કર્યો. રોજના બે-ત્રણ કિ.મી. ચાલે. ઘણા શ્રાવકો વિહારમાં સાથે રહેતા હતા. યાત્રા પણ ચઢીને કરી. કેવી શ્રદ્ધા હશે ? જીવનમાં તપ વિના તો જીવ્યા નથી. એકાશન તપ તો ઘરનું બીજું પણ ઘણાં ઘણાં તપો કર્યા છે. બોંતેર વર્ષની ઉંમરથી વર્ષીતપ શરૂ કરેલ જે જીવનની છેલ્લી ક્ષણ સુધી ચાલુ હતો. રોજ બે ત્રણ વાગ્યામાં તો પાણી ચૂકવી દે. આવા મહાપુરુષની સેવાની તક મને ય મલી છે. આવા મહાપુરુષને ઓળખે, તેમના પરિચયમાં હોય કેવા હોય ? ગમે તેની વાતમાં આવી જાય ? ખોટી વાતમાં મુંઝાઈ જાય ? સત્ય મૂકવા તૈયાર હોય કે સત્યના રક્ષણ માટે પ્રાણ આપવા તૈયાર હોય ? પણ આજે બધાને શું રોગ થયો છે તે સમજાતું નથી. શ્રાવકો સાચું સમજતાં નથી. અને ખોટી ખેંચાખેંચ કરે છે. જો શ્રાવકો સાચું સમજતા અને ડાહ્યા થઈ જાય તો કાલે બધી વાતના સમાધાન થઈ જાય. કેમ કે જેઓ ઊંધે માર્ગે છે; ખોટા માર્ગે છે તે અમારૂં સાંભળે તેમ નથી પણ તમારૂં બધું માને તેવા છે. આ મહાપુરુષે **સત્ય જાળવવા જિંદગીભર મહેનત કરી છે. તે પૂ. શ્રી બાપજી મહારાજાને જે ઓળખે તે જ આળખે, જે ન ઓળખે તે ન જ ઓળખે.**

એકવાર ખંભાતમાં પૂ. આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા હતા. અમે અમદાવાદ હતા. તેમને વંદન કરવા હું ખંભાત જવાનો હતો. તે વખતે પૂ. શ્રી બાપજી મહારાજાએ મને બોલાવ્યો અને કહ્યું કે - ''તું સમાધાન કરવા જાય છે ?'' મેં કહ્યું ના, તે પછી મને કહે કે - ''જો તું સમાધાન કરી આવીશ તો હું **માનીશ કે આજ સુધી હું લાકડાની તલવારથી લઢ્યો.'' સત્યને મૂકીને કદી સમાધાન હોય નહિ.** પૂ. આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા સમાધાન કરવા તૈયાર હતા. મને કહે તું હા પાડે તો આ સમાધાન થાય તેવું છે. મેં તેઓને સમજાવ્યા અને કહ્યું કે - ''આ સમાધાન સ્વીકારાય નહિ. બે જગ્યાએ સહી થાય નહિ. ખોટી જગ્યાએ ખોટી વાતમાં હું સહી ન કરું.'' પછી તેઓએ પણ આ વાત મંજુર રાખી. આ રીતે પૂ. શ્રી બાપજી મહારાજાએ અમને બધાને સાચવ્યા છે. અને સત્યમાર્ગ જાળવ્યો છે. અમે પણ સત્યમાર્ગમાં સચવાયા હોઈએ તે પૂ. શ્રી બાપજી મહારાજાનો ઉપકાર છે. **તેઓને જે ઓળખે તે શાસ્ત્રથી વિરુદ્ધ કામ ન કરે અને જે કોઈ કરતા હોય તેને સાથ પણ ન આપે.**

એકવાર વિદ્યાશાળાની પાટ ઉપરથી વ્યાખ્યાનમાં મેં કહ્યું કે - 'વાજા સાથે સાધુથી પૂજા ભણાવાય નહિ.'' તે વખતે શ્રી મોહનભાઈ નામના સુશ્રાવક ઊભા થઈને મને કહે કે ''આપ શું બોલો છો ? પૂ. શ્રી બાપજી મહારાજા ભણાવે છે.'' મેં કહ્યું કે - ''રાગ શીખવવા તેઓને ભણાવવી પડે છે પણ આ વાતને તેઓ માનતા નથી.'' તે પછી શ્રી મોહનભાઈએ પૂ. શ્રી બાપજી મહારાજાને આ વાત પૂછી તો તેઓએ કહ્યું કે-સાચી વાત છે. ગવૈયાઓ ગમે તેમ બોલે તો તેમને શીખવવા પૂ. શ્રી બાપજી મહારાજ બોલતા હતા. તેઓનો કંઠ એવો મીઠો હતો કે સાંભળવાનું મન થયા કરે. વ્યાખ્યાન થોડું કરે પણ સારૂં કરતાં. આવા મહાપુરુષને જે માને તે શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધ જાય નહિ. તેમને માનનારા ટ્રસ્ટીઓએ વિદ્યાશાળાને સાચવવી તે ફરજ છે. ન સાચવો તો તમે ગુનેગાર છો આમ કેમ કહેવું પડે છે ? તમને માનનારા સાધુઓ પણ ઊંધે માર્ગે ચાલવા માંડ્યા છે માટે.

ગુરુ તે જ કહેવાય જે શાસ્ત્રની આજ્ઞા મુજબ જ વર્તે પ્રાણના ભોગે પણ શાસ્ત્રથી આઘા પાછા ન થાય. શાસ્ત્ર મુજબ જીવવામાં આબરૂ જતી નથી પણ વધે છે. મુર્ખાઓ ન સમજે તેની કિંમત નથી.

પ્ર. તેથી લોકો આપને 'કજીયાખોર' કહે છે.

ઉ. તે મને મંજુર છે. કહેતા હો તો **સત્યના રક્ષણ માટે હું 'કજીયાખોર' છું.** મેમ બોર્ડ મારીને ફરું !

પ્ર. પૂ. શ્રી બાપજી મહારાજાએ સત્ય છેવટ સુધી સાચવ્યું. આપ પણ સાચવો ને ?

ઉ. પૂનમ-અમાસના ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરીએ છીએ તે હવે મારી ફેરવવું છે. જરા રાહ જોઉ છું જેથી ઘરમાં ફૂટ ન પાય.

મહારાજ મને કહી ગયા છે કે ''આપણી વાત સાચી મારાથી ફિફ્ફા નહિ થાય. કેમ કે, હું કજીયાથી ગભરાઉ છું તું અવસર આવે ફેરફાર કરજે.''

પ્ર. મહારાજ કોણ ?

ઉ. મારા પૂ. ગુરુ મહારાજ પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તેઓશ્રી બહુ ભદ્રિક હતા. લોકોની નિંદાથી ગભરાતા હતા. તેથી કહીને ગયા છે કે - ''તારાથી ફેરફાર નહિ થાય. તક આવે તું કરજે.''

તે વખતે એવી ટીકાઓ થઈ છે કે જેનું વર્ણન ન થાય. આજે તો હજી કાંઈ નથી.

સત્યના રક્ષણ માટે હું તો કજીયાખોર છું. તેનો મને આનંદ બહુ છે. તિથિ માટે હું બધા આચાર્યોને મળ્યો છું. સામેથી મળવા પણ ગયો છું. ૧૯૯૦ના સંમેલન વખતે પણ મેં ઘણા પ્રયત્નો કર્યા છે. શ્રી નેમિસૂરિજી મહારાજને કહ્યું કે આપ અમારા આગેવાન બનો. તેઓ કહે મારે તમારા આગેવાન થવું નથી. ત્રણ ત્રણ દિવસ સુધી આ પ્રશ્ને ઘણી માથાકૂટ કરી. ઘણી ચર્ચા કરી. આપણા ૨૫૮ સાધુઓમાંથી મને એકલાને બોલવાની છૂટ હતી. સામા પક્ષના સાધુઓ કહે કે આ એક જ બોલ બોલ કરે છે. ત્યારે શ્રી નેમિસૂરિજી મહારાજે કહ્યું કે - તેની પાછળ ૨૫૦ છે માટે તેમ ન બોલો. મેં કહ્યું કે આપણે પુસ્તકો જોઈને નિર્ણય કરીએ ત્યારે તેઓએ કહ્યું કે - રહેવા દે અમારે કજીયામાં પડવું નથી.

ત્યાર પછી પૂ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજાએ મને કહ્યું કે હવે ફેરફાર કર્યા વગર નહિ ચાલે. ત્યાર પછી ૧૯૮૨ માં મારા પૂ. ગુરુ મહારાજાએ આપણા પક્ષના બધા સાથે ચર્ચા-વિચારણાદિ કરીને ફેરફાર કર્યો. બારે પર્વતિથિની ક્ષય વૃદ્ધિ શાસ્ત્ર મુજબ આવે છે તેમ માને તો કોઈ જ વિરાધના થતી નથી. શ્રી સાગરજી મહારાજાને પણ મેં કહેલું કે ''આપે 'સિદ્ધચક્ર' માં પણ લખ્યું છે કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થઈ શકે છે. તે લખાણ નીચે આપણે બંન્ને સહી કરીએ અને જાહેર કરીએ કે, તિથિની બાબતમાં અમારી માન્યતા આ પ્રમાણે છે.'' તેઓ કહે કે - ''એકવાર એક વાત પકડાઈ ગયા પછી મારાથી છૂટી શકતી નથી. મારે તો એવું કરવું છે કે, તારાં કાંડાં કપાય.''

હાલમાં જે ખોટું પણ આપણે કરવું પડે છે તે ય સુધારવાની હું રાહ જોઉં છું. મારે પણ તે સુધારી લેવું છે.

તમે બધા શ્રાવકો સમજદાર થાવ તો બધા જ પ્રશ્નોની પતાવટ થઈ જાય. આ બધા જ શ્રાવકો જો સમજીને પક્કા થઈ જાય તો કાલે સુધારો થઈ જાય. તમે લોકો સાચું સમજ્યા પછી જેને જેને તમારા ગુરુ માનતા હો તેને તેને વિનયપૂર્વક કહો કે - ''આપને ગુરુ માનીએ છીએ, પણ શાસ્ત્રની સાચી વાત નહિ માનો તો અમે આપની સાથે નહિ રહીએ'' તો કાલે બધા ફરી જાય. આજે અમારું ન માને પણ તમારું માને તેવા ઘણા છે. જેમ તમે અમારું ન માનો પણ તમારી સ્ત્રીઓનું બધું માનો છો. તમે જો ડાહ્યા થાવ તો ઠેકાણું પડી જાય. સાચું સમજાય તે કરવા તૈયાર થવું જોઈએ અને ન સમજાય તે સમજવા મહેનત કરવી જોઈએ. તમે જેને માનતા હો તેની પાસે જઈને પૂછો કે - આ વાત શેમાં આવે છે ?

મેં અનેકવાર કહ્યું છે અને આજે પણ ફરીથી કહું છું કે વર્તમાનમાં જે જે વિવાદો ચાલે છે તે માટે બધા આચાર્યો પાસે જાવ અને બધાને તે અંગે પૂછો અને એવું લાગે તો લખાવો અને કહો કે - હું બીજે પણ પૂછવા જવાનો છું માટે સાચું સમજાવશો. આ રીતના દરેક આચાર્યો પાસે પાંચ-પાંચ વાર જાવ અને પછી પંડિતો બેસાડી અર્થ કરાવો અને જે સત્ય નીકળે તે જાહેર કરો તો બધા જ વિવાદો શમી જાય. પણ આ માટે મહેનત કરવી પડે. તે મહેનત કરે કોણ ? તેથી જ કહું છું કે - આજે સાધુમાં પણ જે બગાડો થયો છે તે તેમને આભારી છે.

પૂ. શ્રી બાપજી મહારાજા તિથિનું સત્ય જાળવી ગયા અને સુધારી પણ ગયા. પણ બેંતાલીશમાં ૨૦૪૨ માં બગાડ્યું અને ચુમ્માલીશમાં (૨૦૪૪) તો ઘણું ઘણું બગાડ્યું તે સુધારવું છે. તમે બધા જો સમજીને તૈયાર થાવ તો કામ થઈ જાય તેવું છે.

તમે બધા પૂ. શ્રી બાપજી મહારાજાને માનો છો ને ? તેમનું માનશો કે તેમનાથી પણ વિરુધ્ધ થયેલા સાધુનું માનશો ? વિદ્યાશાળાના જે ટ્રસ્ટીઓ આ ઉજવણી કરવા ભેગા થયા છે તેમને મારે કહેવું છે કે - તમારે હવે જાહેર કરવું પડશે કે ''આ વિદ્યાશાળામાં પૂ. શ્રી બાપજી મહારાજા જે પ્રમાણે કરી ગયા છે અને કહી પણ ગયા છે તે જ પ્રમાણે થશે. પૂ. શ્રી બાપજી મહારાજાને માને તેના માટે જ આ જગ્યા છે.'' તમે બધા આપમતિ અને બહુમતિ કાઢી નાખો. શાસ્ત્રમતિ જ નક્કી કરો. વ્યવહારમાં શુધ્ધ નીતિ રાખો.

જ્યારથી આ બહુમતિ આવી ત્યારથી હિન્દુસ્તાન પાયમાલ થઈ ગયું. ગામેગામ કજીયા ચાલે છે. આ તમારી ચુંટણીમાં શ્રીમંતો કોને ચૂંટે ? જે પોતાને સહાય કરે, લુંટ કરવાના પરવાના આપે તેને. અને બીજા લોકો કોને મત આપે ? ચા વડા ખવરાવે, દારૂ પાય તેને. આવી બહુમતિ મનાય નહિ. આપણે તો શાસ્ત્રમતિ અને ધર્મનિતિ માનવાની છે.

પૂ. શ્રી બાપજી મહારાજને છેલ્લે ચોવિહાર ઉપવાસ હતો. અને સમાધિપૂર્વક ગયા. **તેમને માનનારાએ તેમની આજ્ઞા મુજબ જીવવું જોઈએ અને જે સાચવ્યું તે સાચવવું જોઈએ. જે સાચવે તે પૂ. શ્રી બાપજી મહારાજના ભગત છે અને ન સાચવે તે ભગત નથી.** અને વિદ્યાશાળાને બગાડશો તો મોટું જોખમ થશે. અને તેઓ કહી ગયા છે કે આ સાચવવાની છે અને તે સાચવવા હું કાળજી રાખું છું. ખોટું ન થાય તેની કાળજી તમારે ટ્રસ્ટીઓને રાખવાની છે. અહીં કલ્યાણમાં આવેલા તેમને પણ મેં કહેવા જેવું ઘણું કહેલ છે. મારો આ સંદેશો બીજા ટ્રસ્ટીઓને પણ પહોંચાડશો. માટે મારો ભલામણ છે કે દાદાના જેમ સત્યના રક્ષક બની દાદાના સાચા ભગત બની શાસનના સાચા ભગત બની વહેલામાં વહેલા પરમપદને પામો એ જ **શુભાભિલાષા.**

❖❖••

સંસાર માટે કરેલી મહેનત જેટલી મહેનત મોક્ષ માટે કરવી પડે તેમ નથી

હમણાં આપણે જે વાત કરી, તે શ્રી પૃથ્વીચન્દ્રના અને શ્રી ગુણસાગરના છેલ્લા ભવની વાત છે. આપણે તો એ જોવું છે કે, એ પુણ્યાત્માઓ માટે આવી સ્થિતિ કયા પ્રકારે પેદા થવા પામી ? પાસે મા-બાપ બેઠાં હોય, સ્ત્રીઓ બેઠી હોય, લગ્નનો ઉત્સવ ચાલતો હોય અથવા ગાદીગાદી ઉપર બેઠા બેઠા વાત ચાલતી હોય, ત્યારે પણ જો આત્માનું ધ્યાન પ્રગટે, જે ધ્યાનથી કેવળજ્ઞાન પ્રગટે, એ જાતનું આત્માના મોક્ષનું ધ્યાન આવે, તો કેવળજ્ઞાન થવાનું છે. જીવે અત્યાર સુધીમાં સંસારના સુખના લોભમાં પડ્યા રહીને સંસારના સુખ માટે જેટલી મહેનત કરી છે, જેટલાં કષ્ટ વેઠ્યાં છે, જેટલી દીનતા કરી છે, જેટલું પાપ કર્યું છે, એ બધું જો જોઈએ, તો એનાથી અનન્તમા ભાગની મહેનત પણ મોક્ષ માટે કરવી પડે તેમ નથી અને એથી અનન્તમાં ભાગનું કષ્ટ પણ મોક્ષ માટે વેઠવું પડે તેમ નથી.

આ સાંભળીને કોઈ કહે કે, 'તો મોક્ષ જ મળવો સહેલો ?' જ્ઞાની કહે છે કે 'જરૂર; મોક્ષ મળવો એ સહેલો જ છે. પણ જે નજર સંસારના સુખ ઉપર કેન્દ્રિત થયેલી છે, તે નજર મોક્ષના સુખ ઉપર કેન્દ્રિત થઈ જાય તો ! જેને એક મોક્ષ જ ગમે અને એથી એક મોક્ષને જ આંખ સામે રાખીને જે મોક્ષના માર્ગે મહેનત કરવા માંડે, તેને મોક્ષ મળવો સહેલો !' મોક્ષની ઈચ્છા પેદા થવામાં, મોક્ષની ઈચ્છા પેદા થયા પછી મોક્ષનો માર્ગ મેળવવામાં અને તે રચવામાં તથા મોક્ષના માર્ગે મહેનત કરવામાં અન્તરાય કરનારાં કર્મોનો ક્ષયોપશમાદિ થવામાં જે સમય જાય, તે જો જુદો રાખો, તો મોક્ષની રુચિથી અને મોક્ષમાર્ગની રુચિથી, મોક્ષના માર્ગે મહેનત કરનારને મોક્ષ મેળવવામાં ઝાઝો સમય પસાર કરવો પડે તેમ નહિ ! એને તો ક્ષપકશ્રેણિ માંડાઈ એટલે અન્તર્મુહૂર્ત માત્રમાં વીતરાગપણાની અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જ જાય. અને જે વીતરાગ બને, તેનું કેવળજ્ઞાની બનવાનું જેમ નિશ્ચિત છે, તેમ જે કેવળજ્ઞાની બને, તે ભવને અંતે મોક્ષ પામ્યા વિના રહે જ નહિ. મોક્ષ રુચ્યો, મોક્ષનો માર્ગ રુચ્યો અને મોક્ષના માર્ગે મહેનત શરૂ થઈ ગઈ; પછી તો મોટે ભાગે પૂર્વસંચિત પાપને જ કાઢવાની મહેનત કરવાની રહીને ? મોક્ષના માર્ગે મહેનત કરવામાં જો કોઈ નિકાચિત કર્મ અન્તરાય કરે નહિ અને એ મહેનત ફરી ફરીને ચાલુ જ રહ્યા કરે, તો મોક્ષને પામતાં પૂર્વે ઝાઝા ભવ કરવા પડે નહિ.

❖ ❖ ❖

કાંતિની કાન્તિ-કથા

-પૂ. આચાર્ય શ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી ગણિવર્ય

વિભૂતિ બનવું જ જ્યાં આસાન નથી, ત્યાં "વિરલ વિભૂતિ" બનવાની તો વાત જ શી કરવી ? વિશાળ આ ધરતી તો નિરાલંબા ની નિરાધારા છે ! છતાં 'વિરલ-વિભૂતિ' ઓના ટેકે જ એ જાતે ટકી રહીને, જગતને ટકાવી રહી છે.

વિરલ-વિભૂતિઓની વહી ગયેલી વણઝારને યાદ કરતા તપ, ત્યાગ અને તિતિક્ષાના ત્રિભેટે ઉભેલી એક એવી સંયમ મૂર્તિ આંખ આગળ ખડી થઈ જાય છે કે, આ વસુંધરા જે બહુરત્ના કહેવાય છે, એ અતિશયોક્તિ નહિ અલ્પોક્તિ ભાસે !

એ સંયમમૂર્તિ એટલે જ **પરમ પૂજ્ય પન્યાસપ્રવર શ્રી કાંતિવિજય ગણિવર્યશ્રી !** એમનું જીવન એટલે જ કાંતિ-કથા !

અમદાવાદ - રાજનગરને એ ઈતિહાસ હજી શાહીભીનો છે. અમદાવાદ જ શા માટે ? હજી ૪૦-૫૦ વર્ષ પહેલાના જૈન-જગતના એ વાતાવરણમાં 'દીક્ષા' સામે એક રૂડી નજર હતી. એમાંય બાલદીક્ષા એટલે તો અજબ-ગજબનું આશ્ચર્ય ગણાતું. આ વાતાવરણથી સાધુસંઘને સંખ્યાનો સાગર ઓટમાં અટવાયો હતો. અને અસ્તિત્વ ધરાવતા એ સાધુસંઘમાં શાસન કાજે શિર ધરી દેતા નવલોહિયા સાધુવરો ગણ્યા-ગાંઠ્યા પણ ક્યાં હતાં ?

બરાબર આ ટાણે જ ભરતીના ભાગ્યલેખ ધરાવતા વિરલ વિધાયકો ભારતને સાંપડ્યા. એ માણે દીક્ષાધર્મનો સંદેશ સુણાવ્યો. આ ભાગ્યવિધાયકોમાંના એક અજોડ વ્યાખ્યાતા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા (ત્યારે પૂ. મુનિરાજશ્રી રામવિજયજી મ.) ની દીક્ષાદુંદુભિનો જાગૃતિ નાદ જોબનમાં ઉંઘતા કાંતિલાલને જગાડી ગયો.

કાંતિલાલને રગરંગની રાત એવી તો ઘેરી વળી હતી કે, ત્યાં વિરાગ-પ્રગતિના પરોઢની કલ્પના જ અસ્થાને હતી. રાજનગરની શેરી શેરી દીક્ષાદુંદુભિના ભવ્યનાદથી ગાજી ઉઠી હતી. પણ કાંતિલાલને ધર્મ અને ધર્મદેશના સાથે પર્યુષણના આઠ દિવસ પૂરતું જ સગપણ જેવું હતું.

સોળ વર્ષનું થનગનતું યૌવન ! એકનું એક સંતાન હોવાથી લાડકોડભર્યું અને વૈભવી-જીવન ! એમાંય પાછું પરિણીત જીવન એટલે પગમાં પ્રેમના બંધન ! રંગરાગના આવા બાગમાં ટહેલતા કાંતિલાલને માટે વિરાગની વાત જ અશક્ય હતી. પણ વર્ષોની નીંદમાંથી ઉઠવા કંઈ મહિનાઓ નથી જોઈતા ! જાગવા માટે તો પળ પણ પૂરતી થઈ પડે છે ! જીવનમાં 'અજબ ઘડી એક' આવી અને કાંતિલાલ પોતાના મામા પોપટલાલભાઈની પ્રેરણાથી દીક્ષાદુંદુભિનો એ નાદ સાંભળવા ગયા.

એ શબ્દો, એ પ્રેરણા, એ પડકાર, એ શૂરાતન ભરી વાણી અને એ જોમ-જુસ્સો ! આ બધું અજબનું હતું. કાંતિલાલ પર એ દેશના ક્રામણ કરી ગઈ. બસ, પછી તો એમનો ગુરુપરિચય ગાઢ બનવા માંડ્યો.

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા ત્યારે પૂ. પં. શ્રી પ્રેમવિજયજી ગણિવર્ય) કાંતિલાલનું વિરાગી-અંતર પારખી ગયા. ગુરુની પ્રેરણા અને શિષ્યનું પ્રવચન: આ બે ટાંકણે કાંતિલાલના અંતરના આરણઘડ-પાષાણમાં પોઢેલી વિરાગી પ્રતિમા ઉપસી આવી. પણ કલ્યાણની કેડી જ કાંટાળી! રાગની રીતને છોડીને વિરાગના પ્રભાત ભણી પગલું ઉઠાવવાના દૃઢ-સંકલ્પને વરેલા કાંતિલાલને માટે ઉપસર્ગ નેઉપસર્ગનો રાહ તો હવે જ શરૂ થતો હતો. **'બ્રહ્મચર્યવ્રત'** સ્વીકારવાની ભાવના એમણે પોતાની પત્ની લીલાવતી આગળ વ્યક્ત કરી. મોહની માયા-જાળ પાથરતા એમણે કાંતિલાલને હોઠથી તો 'હા' કહી. અને

કાંતિલાલનો હર્ષ વધી ગયો. પણ જ્યાં ગુરુ-મુખે તેઓ 'વ્રત' લેવા ગયા, ત્યાં જ લીલાવતીએ હૈયું ખોલ્યું અને વ્રત માટે ખુલ્લો વિરોધ પ્રદર્શિત કર્યો.

પાસા પોબાર ન પડ્યા, ઉલટી કાંતિલાલની ચોમેર કેદ રચાઈ ગઈ. ન ઉપાશ્રયમાં જવાય, ન વ્યાખ્યાનની પ્રેરણા પીવાય. હવે થાય શું ? ક્રાન્તિના કદમમાં જ જંજીરો પડી ગઈ, ત્યાં હવે આગળ વધાય શી રીતે ? પણ ચાહ ત્યાં રાહ છે ને રસ ત્યાં રસ્તો. ઘણા મંથન પછી કાંતિલાલે માયાનો મુકાબલો કરવા માયાને મેદાને ઉતારવાની યોજના ઘડી. મંદિર, ઉપાશ્રય અને ગુરુચરણે વારંવાર દેખાતા કાંતિલાલ હવે હોટેલ, બાગ-બગીચા અને અમન-ચમનના સ્થાનોમાં દેખાવા માંડ્યા. 'ધર્મે-શૂરા'માંથી આણધારી થયેલી 'ક્રમે-શૂરા'ની એ પલટ જોઈને, સગાં-સંબંધીઓએ માન્યું કે, આવેશ ને આવેગનું પગલું આવું જ હોય ! ઊભરો ચઢી ચઢીને કેટલો ચઢે ? આ તે ઘોડો જ ચોળ-મજીઠનો રંગ હતો કે, ફાટે પણ ફીટે નહિ ! હાશ ! હળદરનો રંગ હતો, સૂર્યનો તાપ પડ્યો ને ઠંડી ગયો.

કાંતિલાલે બરાબર માયાના વાદળ સર્જ્યા, પરિવારને પણ થઈ ગયું કે, હવે પંખીને પિંજરની જરૂર નથી, એના પગ જ પ્રેમના બંધનથી બંધાઈ ગયા છે. મનહિ મેં વૈરાગી કાંતિલાલ તનથી તો પૂરેપૂરા રાગી થઈ બેઠા. પાછલે બારણે ગુરુ-પરિચય અને ભાવિની યોજનાઓ ચાલુ જ હતી. પળ હવે પાકવા આવી હતી.

પડદા પાછળ પ્રવ્રજ્યાના સ્થળ ને સમય પણ નક્કી થઈ ગયા, કોઈને શંકા પણ ન આવી. ગુરુદેવ ખંભાત પહોંચી ગયા. કાંતિલાલને માટે ભાગ્યે રસ્તો રચી આપ્યો. પોતાના એક મિત્રને ત્યાં વૈશાખ વદ ૬ ના લગ્ન હતા. દીક્ષા-દિવસ પણ એ જ હતો. કાન્તિલાલે તકને ઝડપી લીધી. લગ્નમાં જવાનું બાનું બતાવીને કાંતિલાલ સીધા જ ખંભાત પહોંચી ગયા. પોતાના અંગત અને વિશ્વાસુ મિત્રોને આખી યોજનાથી એમણે વાકેફ રાખ્યા હતા.

દીક્ષાના ધડાકા પછી સર્જનારી કટોકટી અને ખપતી કિલ્લેબંધીથી ગુરુદેવો અજાણ ન હતા. પણ ખંભાતના અગ્રગણ્ય અને ધર્મ કાજે ઘડ ધરી દેનારા શેઠ કસ્તુરભાઈ અમરચંદે બતાવેલી રક્ષણની તમામ તૈયારીઓથી ગુરુદેવો નિશ્ચિંત હતા.

સકલાગમ-રહસ્યવેદી પરમ ગુરુદેવ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજા પોતાના પરિવાર સાથે ખંભાત ખાતે ઉજવાનારા મહોત્સવ પ્રસંગે પધારી ગયા હતા.

પિંજરમાંથી મુક્ત બનેલું પંખી, જે સાહસ ને જે ઉત્સાહ સાથે નીલગગન ભણી ઉડી જાય, એ અદાથી કાંતિલાલે અમદાવાદ છોડ્યું ને એ ગુરુચરણે જઈ બેઠા. પૂ. આચાર્યદેવે કાંતિલાલની દીક્ષા-માંગ આગળ ભાવિનાં મહાન અવરોધો અને પરિવાર તરફથી ફેંકાનારી પ્રેમજંજિરોનું ભયસ્થાન દર્શાવ્યું. પણ આ મુમુક્ષા તો કોઈ અનેરી હતી. બધા અવરોધો, બધી જ જંજિરો ને બધા ભયસ્થાનોને પગની પોલાદી એડી નીચે કચડી નાખવાની એણે શૌર્ય-વૃતિ દાખવી. શેઠ કસ્તુરભાઈ પણ કાંતિલાલની ક્રાન્તિના કદમનું કૌવત જોઈને ઝૂમી ઉઠ્યા.

ઝબૂકતી વીજના ઝબકારમાં જ મોતી પરોવાઈ ગયું અને શ્રાવકમાંથી શ્રમણ બનવા કાજે વિરાટ કદમ ઉઠાવનારા કાંતિલાલ મુનિશ્રી કાંતિવિજયજી બની ગયા. એ સાલ ૧૯૮૩ની. એ દિવસ વૈશાખ વદ ૬નો. એમના ગુરુપદે પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ જાહેર થયા.

અમદાવાદના આકાશ તરફથી આક્રમણની આંધી સાથે વિઘ્નોના વાદળ-દળ ન ઉમટે એ જ આશ્ચર્ય હતું ! યોજના પ્રમાણે અમદાવાદના રાજમાર્ગો પર દીક્ષાની બપોરે જ કાંતિલાલના મિત્રોએ એમની દીક્ષાના હેન્ડબીલોનો વરસાદ વરસાવ્યો અને ખંભાતના આકાશે વિઘ્નોના વાદળ ઘેરાયા.

ગાજવીજ અને ધડાકાથી ખંભાત ધણધણી ઉઠ્યું. ક્રાન્તિલાલના સગા-સંબંધીઓના આક્રમણ-ઘસારા સામે રક્ષણની દીવાલ બનવા શેઠ કસ્તુરભાઈ ખડા રહી ગયા. એમણે એક વીર હાક નાંખી.

''ખબરદાર ધમાલ કરી છે તો ! મુનિશ્રી કાંતિવિજયજી મહારાજ જો પાછા ઘરે આવવા રાજી હોય, તો

હું તમારા પક્ષમાં જ છું. બાકી જોર-જુલમથી કોઈ પણ પગલું ભરશો, તો હું પણ કંઈ કમ નથી. માટે શાંતિથી વાતચીત કરો!''

આ ધારદાર હાકથી સહુના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા કે, આ કંઈ બોડી-બામણીનું ખેતર નથી કે, દીક્ષિતને ઉપાડી જવાની યોજના સફળ થાય!

બીજે દિવસે સગા-સ્નેહીઓ એ નૂતનમુનિશ્રી કાંતિવિજયજી મહારાજને સંસાર તરફ ખેંચવા ઘણી-ઘણી બેડીઓ ફેંકી, પણ મુનિશ્રીની અડોલતા સામે રાગના એ ધમપછાડા એળે ગયા.

વિરાગ અડોલ હતો, તો એને ડગમગાવવાના રાગના પ્રયત્નોય ઓછા પ્રબળ ન હતા. નવા ષડયંત્રો ગોઠવાયા. કોર્ટના દ્વાર ખખડ્યા. પણ ત્યાંય સાચને આંચ ન આવી. રસ્તામાંથી જ નૂતનમુનિનું અપહરણ કરવાનો દાવ રચાયો. પણ આની ગંધ આવી ગઈ ને એ દાવ પણ અફળ જ નીવડ્યો.

મુનિશ્રી કાંતિવિજયજી મહારાજે વિચાર્યું કે, વિઘ્નના વાદળ દળ જોરદાર છે. એથી એને વિખેરવા તપનો વા વંટોળ જ સમર્થ નીવડશે! ને એમણે એ જ પળે ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ લઈ લીધા. જીવનમાં એક ઉપવાસથી આગળ ન વધનારની આ શૌર્યને શીલધિયતા પર શેઠ કસ્તુરભાઈ ઓવારી ગયા. સ્વજનોમાં પણ સન્નાટો છવાઈ ગયો.

હાર્યા જુગારીઓ બમણા દાવ ખેલવા મેદાને પડ્યા. ઉપાશ્રય પર આક્રમણ લઈ જઈને મુનિશ્રીની ઊઠાંતરી કરવાની યોજના શેઠ કસ્તુરભાઈના કાને આવી ગઈ અને કાંટાનો તાજ એમણે પોતાના શિરે પહેરી લીધો. ગુમ-રીતે બધાં મુનિવરોને એમણે પોતાના બંગલામાં ખસેડી દીધા. પ્રાંગણનું તોતિંગ દ્વાર બંધ થઈ ગયું. તોફાન વધુ ઉશ્કેરાયું, આક્રમણ કસ્તુરભાઈને આંગણે ઉતરી પડ્યું. દરવાજા પર પથ્થર-મારો આરંભાયો. સગા-સ્નેહીઓ ને જનતાનો પણ સાથ મળી ગયો. 'અમર-નિવાસ'નું આંગણું તોફાનીઓથી ધમધમી ઉઠ્યું.

ઘણી મહેનત થઈ, પણ તોફાની ટોળું ન જ વિખરાયું. આ સમાચાર ફોજદારને પહોંચ્યા. મારતે ઘોડે એઓ આવી પહોંચ્યા. વાતાવરણ વણસેલું હતું. પણ વિરાટ ફોજની સામે ફોજદારે હંટર ઉગામ્યું. વાતાવરણ આમ થાળે પડ્યું.

આ પછી લીલાવતીબહેનને હાથો બનાવીને તોફાન ખાબક્યું, પણ એમાંય નૂતનમુનિશ્રીની અડોલતા વિજયી નીવડી. સહુ વિલે મોઢે પાછા ફર્યા. શ્રાદ્ધવર્ય શેઠશ્રી કસ્તુરભાઈ અમરચંદની કુનેહથી વિઘ્નો વિખેરાયા.

'મુનિશ્રી કાંતિવિજયજી મહારાજે સંયમ પંથે કદમ-કદમ બઢાવવા માંડ્યા. એમની ધીરતાને છોડવે એક દિ'ફળ બેઠાં. એમના સંસારી સંબંધે માતા કેવળીબહેને તોફાનમાં ભાગ ભજવેલો. પણ પછી આ પાપના પ્રાયશ્ચિત રૂપે એમણે સંયમ માર્ગ અપનાવવાનો નિર્ધાર જાહેર કર્યો. સં. ૧૯૮૮માં એઓ સાધ્વીજીશ્રી કંચનશ્રીજી તરીકે દીક્ષિત બન્યા. આ વખતે એ તોફાનના હીરો-સંચારક તરીકે યુવક સંઘનું નામ બહાર આવ્યું.

પતિ અને માતુશ્રીના આ પગલાએ લીલાવતીબહેનનું દિલ પણ પીગળી ઉઠ્યું ને અંતે ખંભાત ખાતે, સં. ૧૯૮૯માં એમણે જાહેર વ્યાખ્યાનસભામાં પોતાની દીક્ષા-વિરોધી હિલચાલ અંગે આંસુભીની માફી માંગી.

આમ, મુનિશ્રી કાંતિવિજયજી મહારાજના કાંતિમય વ્યક્તિત્વે એમના પરિવારમાંથી ધીમે-ધીમે નવ વ્યક્તિઓને સંયમ પંથે ડગ ભરવાની પ્રેરણા આપી.

મુનિવરશ્રી કાંતિવિજયજી મહારાજનો રાહ હવે નિષ્કંટક હતો. આયંબિલતપને જીવનમાં તાણાવાણાની જેમ વણીને એમણે પોતાની સંયમ-યાત્રા આગે-આગે ધપાવવા માંડી. પૂ. પરમગુરુદેવ શ્રીમદ્‌ વિજય દાનસૂરીશ્વરજી મહારાજની અદ્‌ભુત સંયમ તાલીમ, પૂ. ગુરુદેવ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની જ્ઞાન-પ્રેરણા અને પૂ. ગુરુદેવ શ્રીમદ્‌ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના પનોતા પ્રવચનો આ ત્રિવેણી સંગમ સાધીને ધીરે-ધીરે એમણે જીવનને 'તીર્થઘાટ'માં પલટાવવા માંડ્યું. શાસ્ત્રવાંચન જ્યાં સુધી વર્તનમાં ન પરિણમે, ત્યાં સુધી એમને ચેન ન પડે. હસતાં હસતાં

સહવું અને સહતાં-સહતાં હસવું, આ એમના જીવનની દીવાલે કોતરાયેલો મુદ્રાલેખ હતો. જીવનમાં ખાબકી ગયેલા અનેક મહારોગોનો મુકાબલો એમણે આ મુદ્રાલેખના કારણે જ સફળતાથી કરેલો. ગુરુમહનો જ્યોતિષ વિષયક-જ્ઞાનનો અપૂર્વ વારસો એમણે પીને પચાવ્યો. ક્રમશ: એ ગણિવર અને પન્યાસ બન્યા.

શાસ્ત્રના વિપુલ-વાચનની સાથે-સાથે પૂ. પંન્યાસપ્રવરશ્રી ક્રાંતિવિજય ગણિવર્ય હૈયાને હલાવી નાંખે એવી આર્ષ-વાણીને પોતાની ડાયરીમાં અચૂક નોંધી લેતા. આ ટાંચણની અનેક નોટો આજે એમની સંયમપ્રિયતાની ગૌરવનાથા ગાતી આપણી સામે વિદ્યમાન છે. એમના જીવનનું સિંહાવલોકન કરીએ, તોય એમાં એક વિરલ-વિભૂતિનું દર્શન મળી જાય.

છેલ્લે-છેલ્લે એ વિરલવિભૂતિને અન્ન-નળીનું કેન્સર લાગુ પડ્યું એ પહેલાં ટી.બી. ના હુમલા તો આવ્યા જ હતા. જીવનની છેલ્લી પળે જ્યારે આધિ, વ્યાધિ ને ઉપાધિની આંધી ઝમટી પડે, ત્યારે સમાધિની 'દિવ્યજ્યોતિ' ઝંખવાય નહિ, એમાટે એઓશ્રીએ પાટણ ખાતે પોતાના પરમગુરુદેવ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની તારક-નિશ્રામાં ચાતુર્માસ ગાળવાનું નક્કી કર્યું.

કેન્સર એટલે તો કેસ કેન્સલ! ધીમે-ધીમે કેન્સરના વિષાણુઓ શરીરમાં ફેલાતા ચાલ્યા ને વ્યાધિ માઝા મૂકતી ચાલી. આ પ્રસંગેય પોતાના પૂ. ગુરુદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ પર લખાયેલા એમના પત્રોનું થોડું ટાંચણ એમની સમાધિની સાખ પૂરે એવું છે. જે નીચે પ્રસ્તુત છે :

-'સાધુ માટે રોગ એ આત્મકલ્યાણનો, કર્મનિર્જરાનો મહોત્સવ છે.' એ આપશ્રીના અમૃતવચનો સેવકના હૃદયમાં કોતરાયેલ છે. અને યત્કિંચિત તેનું પાલન પણ થાય છે.

-ડોકટરના કહેવા મુજબ શરીરને કેન્સર છે. પરંતુ આપ પૂજ્યોની કૃપાથી આત્માને તેની અસર નથી....જીવવાનો મોહ નથી, મરવાનો ડર નથી. દરદ વધે ત્યારે સહનશક્તિ કેળવવાની ભાવના છે.

-એકંદરે આ દરદ મારે માટે તો આત્મકલ્યાણમાં સહાયક બન્યું છે. જે કાંઈ અત્યાર સુધી અધ્યયન કર્યું છે, આપશ્રીએ શરૂઆતમાં જે સંસ્કારોના બીં વાવ્યા છે, એના ફળ લેવાનો સુઅવસર હવે નજીક આવતો જાય છે, એનો આનંદ કેમ ના હોય ?

વધુ સહન કરવા દ્વારા વધુ નિર્જરાની તક મળવાની છે. એનો અંદાજ શાસ્ત્રદૃષ્ટિએ વિચારતાં એમ જ લાગે છે કે, એમ થશે તો તે મારા શ્રેય માટે જ છે. એટલે આપશ્રીની કૃપાથી એની જરાય ગભરામણ નથી જ, પણ એ સમય આવે તો ઘણા દેવામાંથી મુક્ત થઈ જવાશે, એનો આનંદ છે.

કેન્સરના દર્દના દિદારમાં આવેલા મૃત્યુની સામે ઝઝૂમવાની એ વિરલવિભૂતિની મર્દાનગી જાણવા આટલાં તારણો બસ છે. ઘીના છેલ્લા ટીપા સુધી દીવો પ્રકાશ પાથરે, એમ લોહીના છેલ્લાં બુંદ સુધી એમણે મૃત્યુ સાથે ટક્કર ઝીલીને સમાધિની જ્યોત જ્વલંત અને જીવંત રાખી, પાટણના એ ચાતુર્માસમાં જ કેન્સરના જીવલેણ દર્દે વિરલવિભૂતિનો જીવનદીપ બુઝાવ્યો.

એ વિરલ-વિભૂતિના વિલય ટાણે ખુદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની આંખે ઉપસેલા ઝળઝળીયામાં વિરલ વિભૂતિ માટે પોતે સેવેલી સ્વપ્નસૃષ્ટિના લેખ હતા.

જાત કાજે આચરણ કરીને જગત કાજે આદર્શ મૂકી જનારી એ વિરલ-વિભૂતિનું સમગ્ર જીવન ક્રાંતિ-કથા જેવું જ છે.

વિરલ-વિભૂતિ એ છે, જે કાયાથી કરમાયા પછી પણ કીર્તિથી અજર ને અમર રહે આકાશની અટારીએથી અજવાળા વેરતા જેમ નામી તારલાં હોય છે, એમ અનામી તારલાઓ પણ હોય છે. આમ અનામી વિરલવિભૂતિના ગુણોની કલ્પના કરીએ તો આપણી આંખ સામે પૂ. શ્રી ક્રાંતિવિજયજી ગણિવર્યશ્રી ઉપસી આવશે. સદાપ્રસન્ન મુખ પર લહેરાતું એ સ્મિત, ગાંભીર્ય ને વાત્સલ્યના ઊંડાણ ધરાવતું હશે ને આંખોમાંથી વેરાતા કિરણોને ઝળહળાટ આપનારા પ્રકાશ-સ્તંભની ખોજ કરીશું તો બ્રહ્મતેજ ને પવિત્ર ચરિત્ર સાંપડશે!

વિરલ વિભૂતિના પુનર્દર્શન કાજે જ્યાં સુધી પરમપૂજ્ય પંન્યાસપ્રવરશ્રી જેવો ગુણાવતાર આ યુગને ફરી નીપજાવે, ત્યાંસુધી તો આપણે મીટ માંડીને એ ઉગમ-ભોમ ભણી ટગર ટગર જોઈ રહેવું જ રહ્યું !

'વિરલવિભૂતિ' લખ્યું છે, એટલે એની વિશ્વસનીયતા ઓર વધી જાય છે. 'વિરલવિભૂતિ' **પૂ. આચાર્યદેવ શ્રી મિત્રાનંદ સૂરીશ્વરજી** મહારાજ દ્વારા સંસ્કાર ને સંપાદન પામીને વધુ આકર્ષક બન્યું છે. એઓશ્રીનું અને વિરલવિભૂતિના શિષ્યરત્ન **મુનિશ્રી** નવા જ રૂપરંગ સાથે સંસ્કારિત-સંવિદિત દ્વિતીય-સંસ્કરણ તરીકે પ્રસિદ્ધિ પામી રહ્યું છે, એ આનંદ પામવા જેવી વાત છે. પ્રથમાવૃત્તિ કરતા આ સંવર્ધિતિ-સંસ્કરણ અનેક રીતે વધુ આવકાર્ય બને, એવું છે. 'વિરલ-વિભૂતિનું વાંચન આપણાં

વર્તમાનકાલીન પ્રતાપી પુરુષ

સંકલન : પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ.

પૂ. આ. શ્રી વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ

"શાસ્ત્રાનુજબ બોલવું, શુદ્ધ પ્રરૂપણા કરવી તે સહેલી ચીજ નથી. પોતાની જાતને ભૂલે તે જ સાચો શાસન પ્રભાવક થાય. જેને જાતની જ પ્રભાવના કરવી હોય તે શાસનની નિંદા કરાવ્યા વિના રહે નહિ. શાસ્ત્ર સંમત બોલવું, રોજ 'સુખને ભૂંડુ અને દુઃખ સારું છે' તે અપ્રિય વાત પણ પ્રિય રૂપે સમજાવવી તે ખૂબ જ કઠીન-કપરું કામ છે. લોકને રાજી રાખવાનું મન થાય એટલે શાસ્ત્ર ભૂલાય. લોકને ખુશ રાખવાનું મન થયું એટલે ભગવાનને નારાજ કરવાનું મન થયું. માટે જ શાસ્ત્રે કહ્યું છે કે, 'ઉત્સૂત્રભાષણ જેવું એક પાપ નથી.' લોકને જેવું ગમે તેવું તે બોલે– 'દુનિયાના સુખ મારે ત્યાં ધર્મ થાય' તેમ તે બોલે. ભગવાનની વાત ભૂલી માત્ર તમને જ રાજી રાખવા અમે પાટ પર બેસતા હોઈએ તો પહેલા નંબરના 'ભાટ' છીએ. અને ભાટ બનેલો ક્યારે 'ભાંડ' બને તે કહેવાય નહિ. તે પોતાની સાથે અનેકનું અહિત પણ કરે." માન-અપમાનની પરવા કર્યા વિના ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું સ્થાપન કરનાર, શાસ્ત્રીય સત્યોની રક્ષા ખાતર જીવનભર જઝૂમનાર, પ્રવચન પટુ, "શુદ્ધપ્રરૂપક ગુણ થકી તીર્થંકર સમભાષ્યારે' ઉક્તિને ચરિતાર્થ કરનાર, કડવી પણ હિતકર વાતોને સ્પષ્ટ અને સચોટ રીતે હૃદયંગમ બનાવનાર, મોક્ષમાર્ગના અજોડ સાર્થવાહ, પરમગુરુદેવેશ સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, અમ હૈયામાં શાસનના-શાસ્ત્રાજ્ઞાના અવિહડ રાગને સુસ્થિર કરવાનું બળ પેદા કરો... !

સ્વર્ગીય પંન્યાસપ્રવરશ્રીના દિનરાત પડખાં સેવીને એમની અનોખી કૃપા-પ્રસાદી મેળવવા બડભાગી બનનાર, **પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજે** **નરચન્દ્ર વિજયજી** મહારાજનું સ્મરણ સ્વસ્થાને છે. જેમણે કાંતિની કાંતિ કથા લખવાનાં આમંત્રણ દ્વારા મને ગુણાનુવાદની તક આપી !

વિ. સં. ૨૦૨૯માં પ્રથમવૃતિ તરીકે પ્રસિદ્ધ 'વિરલવિભૂતિ' આજે 'વિરલ-વિભૂતિ' બનવાના મનોરથ જગાડી જાય, એ જ કલ્યાણ-કામના !

નાસિક, ભાદ્રપદ સુદ ૧

-પં. પૂર્ણચન્દ્ર વિજય ગણિવર

વિ.સં. ૨૦૪૪

युग प्रधान श्री कालिकाचार्यजी

लेखक : गणिवर्यश्री रत्नसेन विजयजी

■ भागवती दीक्षा ■

भारत देश की पवित्र आर्यभूमि!

धारावास नगर ! वीरसिंह राजा और सुरसुंदरी रानी ! राजा अत्यंत ही न्यायप्रिय और प्रजा का हितैषी था! अपने सुख-दुःख को गौण करके भी प्रजा के सुख-दुःख की उसे अधिक चिंता थी।....एक शुभ दिन शुभ मुहुर्त में सुरसुंदरी ने एक तेजस्वी पुत्र रत्न को जन्म दिया। नगर में चारों ओर खुशियाँ मनाई गई..क्रमशः बालक का नाम किया गया कालक।

कुछ समय बाद राजरानी ने रुप रुप की अंबार ऐसी तेजस्वी कन्या को जन्म दिया जिसका नाम रखा गया सरस्वती!

यौवन के प्रांगण में प्रवेश करने के साथ ही राजकुमार कालक शस्त्र और शास्त्र कला में निपूण बन गया। सरस्वती ने भी स्त्रियों की सभी कलाएँ हांसिल की।

कालक को घुडसवारी का खूब शौख था।...एक दिन घोडे पर सवारी करते हुए वह नगर से दुर-सुदर क्षेत्र में पहुंच गया। एक उद्यान के पास उसने विश्राम लिया।

भाग्ययोग से उस समय उसी उद्यान में सूरिजी म. धीर-गंभीर स्वर से धर्म देशना दे रहे थे। पूज्य आचार्य भगवंत की मेघ-गंभीर ध्वनि के मधुर शब्द कालककुमार के कान तक पहुंचे। उसके दिल में जिनवाणी श्रवण के प्रति एक आकर्षण पैदा हुआ....और वह भी उस प्रवचन सभा में जाकर बैठ गया। पूज्य आचार्य भगवंत की भवनिस्तारिणी-वैराग्यवाहिनी धर्मदेशना के वे मेघ गंभीर शब्द कालक कुमार के अन्तर्मन को छू गए। पूज्य आचार्य भगवंत की एक ही देशना ने कुमार का हृदय-परिवर्तन कर दिया। अभी तक उसके दिल में भौतिक सुख-समृद्धि का जो आकर्षण था..वह आकर्षण तत्क्षण समाप्त हो गया।

संसार के सभी भौतिक सुख उसे असार व तुच्छ प्रतीत होने लगे और उसका मन वैराग्य रंगसे रंजित हो

पोलीस पटेलमांथी पलटायेलां, प्रखर व्यक्तित्वना धारक एवा शासनना समर्थ सेनानी : सकलागम रहस्यवेदी : ज्योतिषमार्तंड महापुरुष

पू. आचार्य श्री विजयदानसूरीश्वरजी महाराज

पू. आत्मारामजी महाराजना समुदाये एकत्रित थईने श्री कमलविजयजी महाराजने आचार्यपदारुढ करवानो निर्णय लीधो अने पाटणमां ए प्रसंग उजवायो त्यारे श्री वीरविजयजी महाराजे सौनी ईच्छाने मान आपीने उपाध्यायपदनो स्वीकार कर्यो हतो. पू. आचार्यश्री कमलसूरीश्वरजी महाराजनी पाटने शोभावता पू. उपाध्याय श्री वीरविजयजी महाराज समर्थ मुनिवर्य हता. परंतु सं. १९७५मां तेओश्री स्वर्गवासी बनतां आ पाट-परंपरा पर श्री कमलसूरीश्वरजी महाराजे श्री दानसूरीश्वरजी महाराज अने श्री लब्धिसूरीश्वरजी महाराजने स्थापित कर्या.

श्रीमद् विजयप्रेमसूरीश्वरजी महाराजा अने श्रीमद् विजयरामचंद्रसूरीश्वरजी महाराजा जेवा बे अणमोल रत्ननां घडवैया तरीके श्री दानसूरीश्वरजी महाराजाओ जैनशासनने जे प्रदान कर्युं छे तेनुं तो मूल्य थाय तेम नथी! झींझुवाडाना वतनी आ महापुरुषे २२ वर्षनी वये पू. उपाध्यायजी वीरविजयजी महाराजना शिष्य बनीने, संयम स्वीकारीने, ज्ञान-ध्यान अने जप-तपनी एवी तो

(अनु. पाना नं. ८४५ पर)

गया। बस, उसी समय उसने त्याग धर्म को स्वीकार करने का द्रढ संकल्प कर लिया।

कुछ समय बाद कालक अपने घर लौटा। उसने दीक्षा की अनुमति के लिए अपने माता-पिता को समझाया किंतु मोहाधीन माता-पिता इस प्रकार दीक्षा की अनुमति कैसे दे सकते ?

आखिर कालिक के द्रढ वैराग्य के सामने उनके माता-पिता को झुकना पडा और एक दिन कालक भागवती दीक्षा अंगीकार करने के लिए तैयार हो गया।

कालक की बहिन सरस्वती को जब पता चला कि मेरा भाई वीतराग प्रभु के बताए हुए त्याग मार्ग पर जाने के लिए सुसज्ज बना है..वह अपने भाई के पास जाकर बोली, 'भैय्या ! तुम्हारे बिना मैं कैसे रह पाऊंगी ?'

कालक ने कहा, ''इस संसार में कौन किसका है ? इस देह के संबंध तो इस जीवन पर्यंत के हैं, जब कि आत्मा के संबंध तो भव-भव में उपकारी है। मानव देह तो शाश्वत अजरामर मोक्ष सुख की प्राप्ति के लिए है, इस जीवन में ही मोक्ष के उपायभूत ज्ञान-दर्शन और चारित्र की आराधना-साधना हो सकती है। जिसे सच्चे आत्महित की चाह हैं, उसे संसार के क्षणिक सुखों का त्याग कर देना चाहिये।

भाई की बात बहिन के गले उतर गई..और वह भी दीक्षा लेने के लिए तैयार हो गई।

एक शुभ दिन कालक और सरस्वती ने मोह के बंधनों का परित्याग कर चारित्र धर्म स्वीकार कर लिया।

कालक मुनि बने और सरस्वती साध्वी बनी। दीक्षा अंगीकार करने के बाद कालक मुनि रत्नत्रयी की आराधना साधना में एकदम ओत प्रोत बन गए।

तीव्र क्षयोपशम और सतत पुरुषार्थ के फलस्वरुप कालक मुनि अल्पकाल में ही श्रुतज्ञान के पारगामी बन गए। उनकी विशिष्ट योग्यता जानकर पूज्य गुरुदेव ने उन्हे जैन शासन का महान् आचार्यपद प्रदान किया। तब से वे कालिकसूरिजी के नाम से प्रख्यात हुए।

■ साध्वीजी की शील रक्षा ■

समय का प्रवाह आगे बढने लगा।

एक शुभ दिन ग्रामानुग्राम विचरण करते हुए कालिकाचार्य अपने विशाल परिवार के साथ उज्जयिनी नगरी में पधारें। उस समय उनकी बहिन साध्वी सरस्वती भी अपनी गुरुणी के साथ उज्जयिनी में ही थी।

उस समय अवंतिदेश में गर्दभिल्ल राजा का शासन

(અનુ. ૮૪૪ નું)

ભીષ્મસાધના કરી અને કરાવી કે આ યુગમાં એક પ્રખર વિદ્વાન, એક ચુસ્ત ચારિત્રપાલક અને ભીમ-કાન્ત ગુણના અનેરા ધારક તરીકે શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજનાં નામ અને કામ એકી અવાજે વખાણાઈ ગયા !

તેઓશ્રી જ્યોતિષ વિષયના અજોડ અભ્યાસી હતા. સકલ આગમોના રહસ્યના વેત્તા હતા. તેથી 'સકલાગમ રહસ્યવેદી' તરીકે સુપ્રસિદ્ધ બનેલા. આ પુણ્યપુરુષનો પ્રભાવ કોઈ ઓર જ હતો ! સાધુસંસ્થા જ્યારે ઓટમાં હતી ત્યારે તેમણે ૬૦-૭૦ શિષ્યોનું સર્જન કર્યું, તે એ વાતની સાક્ષી પૂરે છે કે કઠોર ચારિત્રપર્યાયના સાધક/આરાધકને એવો જ શિષ્યસમુદાય મોટી સંખ્યામાં મળી રહે છે.

કોઈપણની ભૂલ થાય તો એની સામે પુણ્યપ્રકોપ ઠાલવવાની જવાબદારી અદા કરનારા અને પછી પાછું એટલું જ વાત્સલ્ય વહાવનારા આ મહાપુરુષે જ્ઞાન અને ચારિત્રનાં એવાં બીજ વાવ્યાં કે, એને વિકસાવનારા બે મહાપુરુષો-શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા અને શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના રૂપમાં આપણને મળી આવ્યા ! તે સમયે કોઈ પણ ચર્ચાસ્પદ બાબતમાં પૂ. દાનસૂરીશ્વરજી મહારાજનો બોલ પ્રમાણ ગણાતો. આટલી હદ સુધી તેઓશ્રીની પ્રતિષ્ઠા હતી તેના મૂળમાં તેમનું અગાધ જ્ઞાન અને ઊંડી ચારિત્રનિષ્ઠા હતાં. પાટડી જેવા નાનાં ગામને પોતાની સ્વર્ગારોહણભૂમિ દ્વારા ઐતિહાસિક બનાવી જનારા આ મહાત્માની તવારીખો નીચે પ્રમાણે છે:

જન્મ: સં. ૧૯૨૪ ઝીંઝુવાડા, દીક્ષા: સં. ૧૯૪૬ ધોધા, આચાર્યપદ: સં. ૧૯૮૧ છાણી અને સ્વર્ગવાસ: સં. ૧૯૯૨ પાટડી.

था, जो अत्यंत ही कामुक था। सरस्वती साध्वी के अद्भूत रूप और लावण्य को देखकर गर्दभिल्ल राजा एकदम मोहित हो गया। उसने अपने सैनिकों के द्वारा सरस्वती साध्वी का अपहरण करा दिया और उसे अपने अंत:पुर में भिजवा दी।

ज्योंहि कालिकाचार्य को इस बात का पता चला त्योंहि एक बहिन के नाते नहीं, किंतु जैन शासन के एक स्तंभ समान साध्वीजी के शील के रक्षण के लिए वे राजदरबार में पहुँच गए।

गर्दभिल्ल राजा को समझाते हुए उन्होने कहा, 'यदि राजा ही भक्षक हो जाय तो प्रजा का क्या हाल होगा ? आप सरस्वती साध्वी को मुक्त कर दे।'

आचार्य भगवंत ने अनेक युक्ति प्रयुक्तियों के द्वारा राजा को समझाने की कोशिश की परंतु कामांध बने राजा पर आचार्य भगवंत के शब्दों का कुछ भी प्रभाव नही पडा।

आचार्य भगवंतने महाजन, धर्मीजन तथा मंत्री आदि राज्य के अधिकारियों को भी समझाने की कोशिश की परंतु कामांध राजा के आगे कीसी की न चली।

आचार्य भगवंत ने सोचा, 'शक्ति होते हुए अन्याय को सहन करना तो कायरता ही है।

उन्होने प्रतिज्ञा ली 'यदि मैं धर्मभ्रष्ट राजा को पद्भ्रष्ट न करुं तो संघ के प्रत्यनीक, शासन घातक और संयम विनाशक की जो गति हो, वह मेरी गति हो।'

गर्दभिल्ल राजा के सैन्यबल तथा विद्याशक्ति से पू. आचार्य भगवंत अच्छी तरह से परिचित थे। कुछ दिनों तक तो शुन्य मनष्क की तरह नगर में इधर-उधर घूमने लगे, तत्पश्चात वेष परिवर्तन कर कालिकाचार्य ने उज्जयिनी नगरी छोड दी।

आस पास के राजाओं पर उन्होने अपनी नजर डाली, किंतु किसी में इतना मनोबल और द्रढनिश्चय नहीं था, जो गर्दभिल्ल को चुनौती दे सके। आखिर वे वहां से आगे बढते हुए सिंधु नदी के तट को पार कर हिन्द के बाहर ईरान पहुँचे। अपनी विद्या के बल से उन्होने शक राजा के छोटे छोटे शाही सामंतो के साथ मैत्री का संबंध स्थापित किया।

एक बार 96 शक सामंत, राज्य भय से धबरा गए। कालिकाचार्य को ज्योंहि इस बात का पता चला, वे वहां आ पहुँचे। उन्होने सभी शक सामंतो को आश्वासन देते हुए कहा 'तुम्हें यदि बचना है तो हिंदुस्तान चलो, मैं तुम्हें उज्जैन का राज्य दिला दूंगा।'

कालिकाचार्य की इस बात को सुनकर वे सभी सामंत राजा तैयार हो गए। सभी सामंतराजा कालिकाचार्य के साथ अपने अपने काफले को लेकर आगे बढने लगे। सिंधु नदी को पार कर वे सौराष्ट्र के किनारे आए। वर्षाऋतु आ जाने से उन्हें वहां कुछ समय के लिए रुकना पडा। तत्पश्चात वहां से आगे बढकर लाट देश की राजधानी भरुंच पहुँचे। वहां के शासक बलमित्र, भानुमित्र को साथ लेकर मालवदेश के सीमा तट पर आ गए।

गर्दभिल्ल राजा को अपनी गर्दभी विद्या का अत्यधिक अभिमान था। गर्दभी विद्या की साधना करने पर वह विद्या गर्दभी के रुप में आती और किल्ले पर खडी रहकर जोर से आवाज करती, जिसके फलस्वरुप 5 मील के भीतर रहे सभी लोग मर जाते। इस विद्या के अभिमान के कारण गर्दभिल्ल ने अपनी ओर से कुछ भी तैयारी नहीं की थी।

इधर कालिकाचार्य ने 108 लक्ष्यवेधी बाणावलियों को योग्य स्थान पर नियुक्त कर दिया। उस गर्दभी विद्या ने जैसे ही अपना मुंह खोला, 108 बाणावलियों ने एक साथ 108 बाण छोडकर उसके मुंह को भर दिया-परिणाम स्वरुप वह कुछ भी शब्दोच्चार नहीं कर सकी आखिर रुष्ट होकर उस गर्दभी ने गर्दभिल्ल राजा के ऊपर मल-मूत्र किया और गुस्से में आकर पैरों से प्रहार कर अदृश्य हो गई।

उसके बाद उन शक राजाओं ने गर्दभिल्ल की सेना पर हमला किया। लीला मात्र से ही उन शक राजाओं ने गर्दभिल्ल को परास्त कर दिया और उसे पकड कर कैद कर दिया। गर्दभिल्ल को आचार्य भगवंत के सामने प्रस्तुत किया गया।

गर्दभिल्ल का मुंह शर्म के मारे नीचे झुक गया था। उसे पू. आचार्य भगवंत ने कहा, 'सती साध्वी पर अत्याचार करने का यह तो नाम मात्र का फल है, इसका पूरा फल तो नरक गति में मिलेगा।'

वे शक लोग गर्दभिल्ल को मार डालना चाहते थे, परंतु कालिकाचार्य ने दया कर उसे बंधन मुक्त किया।

गर्दभिल्ल जंगल में गया और वहां केसरी सिंह ने उसे मार डाला, वह मरकर नरक में चला गया।

सरस्वती साध्वी को बंधन मुक्त किया गया। अतिचार दोष की आलोचना कर पुनः साध्वी संघ में उनका प्रवेश कराया गया। आचार्य भगवंत ने भी वेष परिवर्तन कर पुनः जैनाचार्य के रुप में श्री संघ का नेतृत्व संभाला।

■ संवत्सरी तिथि परिवर्तन ■

अपने चरण कमलों से पृथ्वीतल को पावन करते हुए कालिकाचार्य अपने विशाल परिवार के साथ भृगुकच्छ (भरोंच) पधारें। उस समय भरोंच में पू. आचार्य भगवंत के भाणेज बलमित्र और भानुमित्र राज्य करते थे। ज्योंहि उन्हें पूज्य आचार्य भगवंत के आगमन के समाचार मिले, उन्होने खूब धूमधाम के साथ पूज्य आचार्य भगवंत का नगर-प्रवेश कराया।

प्रतिदिन आचार्य भगवंत मेघ के समान गंभीर स्वर से धर्मदेशना देने लगे। पूज्य आचार्यदेवश्री के वचनामृत का पानकर श्रोतागण परमतृप्ति का अनुभव करते। राजा के अति आग्रह से पूज्य आचार्यदेव श्री ने अपने विशाल परिवार के साथ भरोंच में ही चातुर्मास किया।

पूज्य आचार्य भगवंत के प्रति राजा के दिल में बढती हुई श्रद्धा व आस्था को देखकर राजपुरोहित का मन ईर्ष्या से जलने लगा। ऐसे भी निकट भूतकाल में ही कालिकाचार्य ने उस पुरोहित को वाद में पराजित किया था। इस कारण उसके दिल में पूज्य आचार्य भगवंत के प्रति वैर की गांठ बंध चूकी थी, वह ऐसे अवसर की ताक मेंथा ताकि अपने वैर का बदला ले सके।

कुछ दिन व्यतीत होने के बाद अवसर देखकर राजा के कान पूंकते हुए पुरोहित ने कहा 'राजन्! इस धरती पर कालिकाचार्य से बढकर पवित्र पुरुष और कौन हो सकता है? कैसा निर्मल उनका संयम है।'

राजा ने कहा, 'बिलकुल ठीक बात है, इस धरती पर ऐसे पवित्र पुरुषों का अस्तित्व यदा कदा ही देखने को मिलता हैं।

'राजन! ऐसे महापुरुष के चरणकमल जिस धरती पर गिरे, वह धरती भी कितनी पवित्र कहलाती हैं। मुझे तो यही एक चिंता सता रही हैं कि नगर की समस्त भूमि उनके चरण कमलों से पवित्र बन चूकी हैं तो फिर उसे धरती पर हम पैर रखेंगे तो क्या हम पाप में भागीदार नहीं होंगे?'

राजपुरोहित की इस बात को सुनकर सरल हृदयी राजा असमंजस में पड गया। वह सोचने लगा 'अहो! यह तो बडी विकट समस्या आ खडी हुई है। शास्त्रों में तो लिखा हैं 'अपनीं शक्ति हो तो गुरु की भक्ति करनी चाहीये, किंतु आशातना तो कभी नहीं! ओहो! क्या मुझ से घोर आशातना हो रही हैं?

'पुरोहितजी! क्या उस आशातना के पाप से बचने का कोई उपाय हैं?

'हाँ! राजन्! एक उपाय हैं।'

'कौनसा उपाय? जल्दी बताओ!'

'राजन्! आचार्य भगवंत नगर छोडकर विहार कर जाय तो आप और प्रजाजन गुरु की घोर आशातना के पाप से बच सकते हैं, अन्यथा नहीं।'

'पुरोहितजी! जिन आचार्य भगवंत को इतने आडंबर के साथ नगर में प्रवेश कराया। उन्हें हम यहां से चले जाने के लिए कैसे कह सकते हैं?

'राजन! इसके लिए एक सुंदर उपाय है।'

'कौन सा?'

'जैन साधु स्वयं के लिए बनाई गई भिक्षा ग्रहण नहीं करते हैं, उस भिक्षा को वे आधाकर्मी दोष से दूषित कहते हैं, आपकी आज्ञा हो तो समस्त नगरवासियों को सूचना दी जाय कि साधुओं की भक्ति के लिए मिष्टान्न आदि बनाया जाय।'

बस! पुरोहित की यह बात राजा के दिमाग में बैठ गई और उसने वैसा ही करने के लिए आदेश दे दिया।

दूसरे दिन जब साधु भगवंत भिक्षा के लिए निकले तो उन्हे कहीं से भी निर्दोष भिक्षा प्राप्त नहीं हुई। घर घर में दोषित भिक्षा थी।

आखिर, भिक्षा की दुर्लभता को देखकर आचार्य भगवंत ने वहां से विहार करने का निश्चय किया। राजा ने भी अपनी मुक सम्मति प्रदान कर दी।

और एक दिन पूज्य आचार्य भगवंत ने अपने

विशाल परिवार के साथ प्रतिष्ठानपुर नगर की ओर अपना विहार प्रारंभ कर दिया।

प्रतिष्ठानपुर में सातवाहन राजा राज्य करता था, ज्योंहि उसे आचार्य भगवंत के आगमन के समाचार मिले, उसके आनंद का पार न रहा। उसने अत्यंत ही आदर सम्मान के साथ पूज्य आचार्य भगवंत का नगर प्रवेश कराया।

नगर प्रवेश के दिन से ही पूज्य आचार्य भगवंत की प्रवचन गंगा का प्रवाह तीव्र गति से बहने लगा। श्रोता गण भी पूज्य आचार्य श्री की पवित्र वाणी में आत्म स्नान कर अपनी पतित आत्मा को पावन करने लगे।

दिन पर दिन बीतने लगे।

एक दिन आचार्य भगवंत ने निकट भविष्य में आ रहे पर्वाधिराज महापर्व की महता समझाई।

आचार्य भगवंत ने कहा 'पर्युषण यह जैनो का महापर्व है, इस पर्व की आराधना कर सभी जीवों को आत्मशुद्धि करनी चाहिये।'

राजा ने पूछा, 'इस पर्व का प्रारंभ कब से होगा ?'

आचार्य भगवंत ने कहा, 'भादरवा वदी १३ से इस पर्व का प्रारंभ होता हैं और भादरवा सुदी ५ के दिन इस पर्व की समाप्ति होती हैं। इन आठ दिनों में अंतिम दिन का अत्यधिक महत्व है।'

राजा ने सोचा 'भादरवा सुदी पंचमी के दिन तो इस देश में इन्द्रध्वज का महोत्सव होता है और उस महोत्सव प्रसंग पर मुझे अवश्य उपस्थित रहना पडता है।' इस प्रकार सोचकर राजा ने कहा 'गुरुदेव ! क्या इस संवत्सरी के महापर्व में कुछ परिवर्तन नहीं हो सकता हैं ? क्योंकि भादरवा सुदी 5 के दिन तो नगर में इन्द्र महोत्सव होता है और वहां मुझे उपस्थित होना अनिवार्य हैं।

राजा की इस प्रार्थना को सुनकर आचार्य भगवंत कुछ देर तक मौन रहे और फिर सोचकर बोले 'राजन् ! छट्ठ के दिन तो संवत्सरी की आराधना नहीं हो सकती है। अभी चातुर्मास के प्रारंभ का दिन असाढ सुदी पूनम है, पूनम से पचासवें दिन संवत्सरी महापर्व की आराधना करनी चाहीये, ऐसी शास्त्र आज्ञा है। उस आज्ञा का उल्लंघन करने वाला आराधक नहीं, किंतु विराधक कहलाता है।

'परंतु हाँ ! किसी संयोग में पंचमी की छट्ठ नहीं कर सकते है किंतु पंचमी की चतुर्थी अवश्य कर सकते है।'

'तो भगवंत ! आपकी महती कृपा होगी आप संवत्सरी महापर्व एक दिन पहले करने की आज्ञा फरमाइए।'

पूज्य आचार्यदेवश्री ने लाभालाभ देखकर उस वर्ष संवत्सरी की आराधना भादरवा सुदी 4 के दिन की। तत्कालीन समस्त संघ ने उनकी आज्ञा शिरोधार्य की।

1100 वर्ष बीतने के बाद भी आज संवत्सरी महापर्व की आराधना भादरवा सुदी 4 के दीन हो रही है। यह पूज्य आचार्यदेव श्री की अप्रतिम प्रतिभा का ही प्रभाव है।

■ शिष्य को बोध ■

विषमकाल के प्रभाव से कालिकाचार्य के शिष्य अविनीत हो गए। उन्होने उन शिष्यों को सुधारने के लिए अनेक प्रयत्न किए...परंतु वे सब प्रयत्न निष्फल गए। कालिकाचार्य वृद्ध हो चूके थे। एक दिन उन शिष्यों को शिक्षा करने के ध्येय से शय्यातर को कहा, मेरे शिष्य अविनीत और प्रमादी हो गए हैं, अतः उनका परित्याग कर अपनें प्रशिष्य 'सागर' के पास सुवर्ण भूमि की ओर जा रहा हूँ..मैं उन्हे कहे बिना ही जाने वाला हूँ, क्यों कि उच्छृंखल शिष्यों के साथ रहना तो कर्मबंध का हेतु है, मेरे चले जाने के बाद यदि उन्हे अपनी भूल समझ में आ जाए..और वे अत्यंत ही आग्रह करे तो बताना कि पूज्य आचार्य भगवंत सुवर्णभूमि गए है, अन्यथा नहीं।'

दूसरे दिन जब वे सब शिष्य निद्राधीन थे, तभी कालिकाचार्य ने किसी को भी कहे बिना वहां से विहार कर दिया।

वे क्रमशः विहार करते हुए सुवर्णभूमि पधारे, जहां साधुओं की बस्ती में सागराचार्य अपने शिष्यों को वाचना दे रहे थे।

सागराचार्य, कालिकाचार्य के प्रशिष्य ही थे, किंतु अभी तक उनकी मुलाकात नहीं हो पाई थी अतः सागराचार्य अपने प्रगुरुदेव को पहिचान नहीं पाए...एक सामान्य साधु समझकर कालिकाचार्य को उन्होंने बस्ती प्रदान कर

दी..परंतु अभ्युत्थ न आदि किसी प्रकार का विनय नहीं किया।

धीर गंभीर कालिकाचार्य ने भी अपना कोई विशेष परिचय नहीं दिया।

सागराचार्य ने कहा, 'कहां से आ रहे रो ?'

कालिकाचार्य ने कहा 'अवंति से'

तत्पश्चार्य सागराचार्य अपनें शिष्यो को वाचना देने लगे, वाचना के बाद बुद्धिमद से सागराचार्य ने वृद्ध मुनि (कालिकाचार्य) को कहा, 'क्या कुछ समझ में आ रहा हैं।'

हाँ !

तो आगे जो श्रुतस्कंध पढाता हूँ, उसे ध्यानपूर्वक सुनना।'

कालिकाचार्य मौन रहे।

इधर प्रातःकाल होने पर कालिकाचार्य के शिष्यों ने जब अपने गुरुदेव को नहीं देखा तो उन्हें अत्यंत ही पश्चाताप हुआ। उन्होंने शय्यातर को पूछा, 'क्या आपने हमारे गुरुदेव को देखा हैं ?'

शय्यातर ने कहा, 'तुम्हारे आचार्य ने तुम्हें कुछ नहीं कहा तो मुझे कैसे कहेंगे ?'

अपने गुरुदेव की शोध के लिए शिष्यों ने चारो ओर छानबीन की, कही नहीं मिलने पर जब शय्यातर को पुनः पूछा तो शय्यातर ने कहा 'तुम्हारे जैसे अविनीत शिष्यों को अनुयोग ग्रहण करने में प्रमादी जानकर, वे अपनें प्रशिष्य सागराचार्य के पास सुवर्ण भूमि चले गए है।'

सभी शिष्यों को अपनी भूल का तीव्र पश्चाताप हुआ। पुनः ऐसी भूल न हो, इस भावना से उन सभी शिष्यों ने सुवर्णभूमि की ओर अपना विहार चालू कर दिया।

बीच मार्ग में जब लोग पूछते कि 'कौन से आचार्य भगवंत जा रहे हैं ?'

तो शिष्य जवाब देते 'कालिकाचार्य।'

कर्णोपकर्ण अपने विशाल परिवार के साथ कालिकाचार्य के आगमन की बात सुवर्णभूमि में पहुँची। अपने प्रगुरुदेव के आगमन के समाचार से प्रसन्न हुए सागराचार्य भी नगर मे से बाहर आए।

कालिकाचार्य के शिष्यों ने सागराचार्य और उनके शिष्यों को देखा। परस्पर मिलन हुआ।

उसके बाद कालिकाचार्य के शिष्यों ने सागराचार्य को पूछा 'क्या अपनें गुरुदेव कालिकाचार्य यहां पधारे है ?'

सागराचार्य ने कहा, 'नहीं ! अपने गुरुदेव को तो मैंने नहीं देखा है। हाँ ! अवंति से एक वृद्ध महात्मा जरुर पधारे है।

'कहाँ है वे महात्मा ?'

सागराचार्य ने अपनी बस्ती में रहे वृद्ध महात्मा की ओर ईशारा किया।

कालिकाचार्य के सभी शिष्य अपने गुरुदेव को तत्काल पहिचान गए। उन्होने अपने गुरुदेव के चरणों में वंदन किया और अपनें घोर अपराध की क्षमा याचना की।

सागराचार्य को जब इस बात का पता चला कि अहो ! ये वृद्ध महात्मा तो मेरे प्रगुरुदेव कालिकाचार्य हैं, उन्हे अपनी भूल पर अत्यंत पश्चाताप हुआ उन्होने भी अपने अपराध की माफी मांगी।

उसके बाद विनम्र स्वर से सागराचार्य ने प्रगुरुदेव को पूछा 'मैं अनुयोग की व्याख्या बराबर कर रहा था ?' गुरुदेव ने कहा 'व्याख्या बराबर थी किंतु उसका गर्व मत करना।'

सागराचार्य को प्रतिबोध देते हुए गुरुदेव ने कहा 'मुट्ठी भर धूल को एक स्थान से दूसरे स्थान से तीसरे' स्थान पर रखने से वह धूल कम होती जाती है, बस, इसी प्रकार तीर्थंकरो से प्रतिपादित ज्ञान गणधर...आचार्य आदि के माध्यम से अपनें पास तक जो पहुँचा है, वह अल्प अल्पतर ही होता गया है।' सागराचार्य ने अपनी भूल स्वीकार की।

वीर निर्वाण संवत् **465** (लगभग) में कालिकाचार्य का स्वर्गवास हुआ था। ● ● ●



-પૂ. મુનિરાજશ્રી પ્રશાન્તદર્શન વિજયજી

હિતશિક્ષા આપે જીવન શિક્ષા

પરમતારક શ્રી જિનેશ્વરદેવોનાં શાસનમાં સ્વાધ્યાય એ સાધુપણાનો પ્રાણ કહેવાય છે 'सुष्ठु अध्ययनम्' એ સ્વાધ્યાય શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે. આત્મ પરિણતિની નિર્મલતા અને કઠીન-કઠોર કર્મોને કાપવા સ્વાધ્યાય અનિવાર્ય નહિ આવશ્યક પણ છે. બાર પ્રકારના તપ ધર્મમાં સ્વાધ્યાય સમાન શ્રેષ્ઠ કોઈ જ તપ નથી એમ ઉપકારી પરમર્ષિઓ ભારપૂર્વક ફરમાવે છે. સ્વાધ્યાયમાં મગ્ન બનવાથી પ્રશસ્ત કોટિનું ધ્યાન પેદા થાય છે, સઘળા ય પરમાર્થો આત્મસાત્ થાય છે અને ક્ષણે ક્ષણે સંવેગ-વૈરાગ્યના ભાવોની વૃદ્ધિ થાય છે. માટે જ મહાપુરુષો હિતશિક્ષા આપે છે કે- ''स्वाध्यायान्मा प्रमदः'' - સ્વાધ્યાયમાં જરાપણ પ્રમાદ ના કરીશ.

સ્વાધ્યાયના સુપ્રસિદ્ધ પાંચ પ્રકારોમાં પહેલો પ્રકાર 'વાચના' નો છે. આગમિક પદાર્થોના અર્થ ગંભીર અર્થોને આત્મસાત્ કરી, અનુભવના નીચોડનું અમૃત એટલે જ વાચના! ગીતાર્થ મહાપુરુષોના શ્રી મુખેથી વાચનાનું ગ્રહણ કરવાનું સૌભાગ્ય મલવું તે પણ જીવનનો અદ્ભૂત લહાવો ગણાય. જીવનની દિશા અને દશાને બદલતી માર્મિક ટકોર સ્વરૂપ હિતશિક્ષાની પ્રાપ્તિ થવી તે પણ ધન્યતમ પળ કહેવાય. આવી પળો જ સાધકના જીવનવહેણને ઉર્ધ્વગતિની ટોચ ઉપર લઈ જાય છે.

માનવીની મહતા તે ક્યાં જન્મ્યો અને કઈ રીતે જન્મ્યો તેના પર નથી. કઈ રીતના જીવ્યો અને જીવનની અંતિમક્ષણ સુધી સાધ્યની કેવી-કેટલી સિદ્ધિ કરી તેના પર છે. પરમારાધ્યપાદ પરમોપકારી વાત્સલ્ય મહોદધિ સ્વર્ગીય પૂ. સૂરિદેવેશનું જીવન પણ આવી જ મહત્તાથી ગૌરવાન્વિત અને સર્વ શ્રેષ્ઠ મહત્તાના શિખર પર અધ્યારૂઢ હતું. પૂ. સૂરિભગવંતશ્રીજી ના સમગ્ર જીવન પર દૃષ્ટિપાત કરીએ, જીવનના અનુભ ોને વિચારીએ તો સૌને કબૂલ કરવું પડે કે, પોતાની ૪ ાત્મજાગૃતિ અપૂર્વ હતી, અનુપમ આરાધકભાવની આ ાત્મિકતા ડગલે-પગલે જોવા મળતી, સંયમનો ખપ ુ વતો જાગતો જોવા મળતો. તેથી જ આશ્રિતો પ્રત્યે કરૂણા ુદ્ધિથી વાત્સલ્યથી સભર ચકોરને ટકોરાની જેમ હૈ ામાંથી નીકળતી હિતશિક્ષાની સરવાણી ભૂલોથી બચ વી લેતી હતી. પૂ. શ્રી સૂરિદેવશ્રી જેટલા વિનમ્ર, વિન ો, વૈયાવચ્ચી હતા તેથી ય અધિક સહૃદયી, સહનશીલ ાને સમર્પિત હતા. ખરેખર તો પૂજ્યશ્રી પ્રસિદ્ધિથી પરાંગ ુખ, એયલક્ષી અને આત્મનિર્ભર સાધુ ચરિત મહાપુરુષ ા. શત્રુ કે મિત્ર, સ્વ કે પર જેવી કોઈ જ ભેદભાવના ા દારચરિત દિલના આ પુણ્યપુરુષને સ્પર્શી શકી ન હતી. ગુણાનુરાગી અને અપરાધી-દોષિતને પણ વાત્સલ્યથી ી ીંજવી દેતા હતા. આ મહાપુરુષની મહત્તા ધીર, ગંભીર, ઉદાત્ત વ્યક્તિત્વમાં ઝળહળતી જોવા મળતી. ગમે તેવા પ્રસંગોમાં એ જ પ્રસન્નતા, એ જ મૃદુ મધુર હાસ્ય, એ જ નિખાલસતા-સરળતા. એ જ શાંતિ અને એ જ ગંભ ીરતા. શરીર કરતાં પણ શાસનને પ્રધાન ગણતા. શાસનન ા આગળ પોતાની જાતને કાંઈ જ માનતા ન હતા. આવ ા અનુપમ દશાનું મૂળ બીજ વિચારીએ તો લાગે કે, પ ોતાના પરમતારક ગુરૂદેવ પાસે ગ્રહણ કરેલ વાચનાઓ નો પ્રભાવ. માત્ર કાનને અડાડી ન હતી પણ હૈયામાં ઊ ારી, આત્મસાત કરી હતી.

હજી તો હું નૂતન દીક્ષિત હતો તો મને કહે કે- ''પહેલા ગુરૂમહારાજની સેવા-ભક્તિ ૈયાવચ્ચ કરવાની અને પછી સ્વાધ્યાય કરવાનો.'' આ જ ાત એવી હૃદયસ્થ ઠસાવી જેના કારણે સ્વ. પરમ તાર ગુરૂદેવેશશ્રીની સેવા-ભક્તિનો સારો લાભ મળ્યો. ન ૂતન દીક્ષિત મને સ્વયં ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષ ા આપી. આજે જીવનમાં જે કાંઈ થોડી ઘણી શક્તિ ામ થઈ હોય તે ઉભય મહાપુરુષોની સેવા-ભક્તિનું ફળ છે.

ક્યારેક વિનંતી કરું કે- 'કાંઈક હિ શિક્ષા ફરમાવો' તો પોતાની આગવી લાક્ષણિક શૈલી અ ા પ્રસન્નતા સભર

મુખે કહે કે-"ચાલ તા ઘોડાને ચાબૂક ન મરાય." આ પાંચ શબ્દના વાક્યમાં કેવો કેવો ભાવ અને કેટલું કેટલું સમાઈ ગયું. સમગ્ર અનુભવનો નીચોડ ઠાલવી દીધો. જીવનનું ઘડતર આવા ચાનક સભર હિતશિક્ષાથી થાય છે. જ્ઞાનિઓએ જ્ઞાનવૃદ્ધ-અનુભવવૃદ્ધ પુરૂષોની સેવા-ભક્તિ કરવાનું જે વિધાન કર્યું તે કેટલું રહસ્યપૂર્ણ છે તે આવા પ્રસંગોથી સમજાય છે. માત્ર ભણવું તે પૂરતું નથી પણ ભણતર સાથે ગણતર જરૂરી છે તે આ જ કારણે. માટે તો શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પૂ. વડિલો પાસેથી હિતશિક્ષા, વાચનાને પામનાર કેવો બને છે અને નહિ પામનાર શું પામે છે તે વાત પણ જોઈએ.

"અહ પન્નરસહિં ઠાણેહિં, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ।
નીયાવત્તી અચવલે, અમાઈ અકુઊહલે ॥૧॥
અજ્ઝં ચ અહિક્ખવઈ, પબન્ધં ચ ન કુવ્વઈ ।
મેત્તિજ્જમાણો ભયઈ, સુયં લદ્ધું ન મજ્જઈ ॥૨॥
ન ય પાવપરિક્ખેવી, ન ય મિત્તેસુ કુપ્પઈ ।
અપ્પિયસ્સાડવિ મિત્તસ્સ, રહે કલ્લાણભાસઈ ॥૩॥
કલહં ડમર વજ્જિએ, બુદ્ધે અભિ જાઇએ ।
હિરિમં પડિસંલીણે, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ॥૪॥
(શ્રી ઉત્તરા૦ અધ્ય૦ ૧૧ ગા૦ ૧૦ થી ૧૪)

પંદર સ્થાનમાં રહેલો સાધુ સુવિનીત કહેવાય છે. ૧- નમ્રવૃતિવાળો હોય, ૨- ચપલતાથી રહિત હોય, ૩- શઠતા વિનાનો હોય, ૪- કુતૂહલથી રહિત હોય, ૫- કોઈનું અપમાન કરનારો ન હોય, ૬- જેને ક્રોધ આવ્યા પછી લાંબો ટાઈમ રહેતો ન હોય, ૭- જે મિત્રતા નભાવનારો હોય, ૮- જે શ્રુતજ્ઞાનનું અભિમાન કરનાર ન હોય, ૯- આચાર્યાદિ પૂજ્યોની પણ સ્ખલના થતાં તિરસ્કાર કરનારો ન હોય, ૧૦- મિત્રો પ્રતિ કોપ કરનારો ન હોય, ૧૧- અપ્રિયમિત્રનું પણ પીઠ પાછળ સારું જ બોલતો હોય, ૧૨ કલહ-કજીયો કે કંકાશ કરનાર ન હોય, ૧૩- બુદ્ધિમાન હોય, ૧૪- ખાનદાન હોય અને ૧૫- આંખની શરમ રાખનારો જે સ્થિરવૃત્તિનો હોય તે સુવિનીત કહેવાય છે.

ગુર્વાદિ વડિલોની હિતશિક્ષા પરિણામ પામવાથી આવું સુવિનીતપણું પ્રાપ્ત થાય છે.

અહ ચઉદસહિં ઠાણેહિં, વટ્ટમાણે ઉ સંયએ ।
અવિણીએ વુચ્ચઈ સો ઉ, નિવ્વાણં ચ ન ગચ્છઇ ॥૧॥
અભિક્ખણં કોહી હવઇ, પવન્ધં ચ પકુવ્વઈ ।
મેત્તિજ્જમાણો વમઇ, સુયં લદ્ધુણ મજ્જઈ ॥૨॥
અવિ પાવપરિક્ખેવી, અવિ મિત્તેસુ કુપ્પઈ ।
સુપ્પિ ય સ્સાડવિ મિત્તસ્સ, રહે ભાસઇ પાવગં ॥૩॥
પઇણ્ણાવાદી દુહિલે, થદ્ધે લુદ્ધે અણિગ્ગહે ।
અસંવિભાગી અચિયત્તે, અવિણીએ ત્તિ વુચ્ચઈ ॥૪॥
(શ્રી ઉત્તરા૦ અધ્ય૦ ૧૧૦ ગા૦ ૬ થી ૯)

અહીં વર્ણવેલા ચૌદ સ્થાનમાં વર્તતો સંયમી અવિનીત કહેવાય છે અને તે નિર્વાણ પામી શકતો નથી. ૧- જે શિષ્ય વારંવાર-વાતવાતમાં ક્રોધ કરતો હોય, ૨- જેનો ક્રોધ ઝટ શાંત થતો ન હોય, ૩- જે મૈત્રીભાવને છોડનારો હોય, ૪- પ્રાપ્ત શ્રુતજ્ઞાનનો મદ-અભિમાન કરતો હોય, ૫- કોઈ પણ પ્રકારની સ્ખલના થતા આચાર્યાદિની હિલના-તિરસ્કાર કરતો હોય, ૬- મિત્રો પર પણ કોપ-હૈયામાં બળતરા-કરનારો હોય, ૭- અત્યંત પ્રિય એવા મિત્રનું પીઠ પાછળ ખરાબ-ભૂંડું બોલતો હોય, ૮- અસંબદ્ધ પ્રલાપ કરનારો હોય, ૯- દ્રોહી હોય, ૧૦- અભિમાની હોય, ૧૧- રસાદિમાં ગૃદ્ધ-આસક્ત હોય, ૧૨- જેની ઈન્દ્રિયો કાબૂમાં ન હોય, ૧૩- અસંવિભાગી-સાધર્મિકોને આમંત્રણ આપ્યા વિના એકલભોજી હોય, ૧૪- અપ્રીતિકારક હોય, તે અવિનીત કહેવાય.

અવિનીતપણાનું ફળ નિર્વાણ-મોક્ષની પ્રાપ્તિ પણ ન થાય. માટે આવી દશા ન આવે માટે ગુર્વાદિ વડિલોની હિતશિક્ષા સાવધગિરિથી પાળવી જોઈએ.

અભિમાનથી, ક્રોધથી, પ્રમાદથી, રોગથી અને આળસથી જીવ શિક્ષા પામવા અયોગ્ય બને છે. તો ક્રમમાં ક્રમ યોગ્યતા કેળવવા ખૂબ જ પ્રયત્ન કરવો જરૂરી છે.

ઉપકાર હિતેષીઓ કહે છે કે- જે વારંવાર હસનારો ન હોય, હંમેશા ઈન્દ્રિયોને કાબૂમાં રાખનારો હોય, કોઈના પણ મર્મભેદી વચનો બોલનારો ન હોય, શીલરહિત ન હોય, શીલ વારંવાર બદલનારો ન હોય, શીલ

એટલે આચાર-વિચાર, ખાવા-પીવામાં કે ઈન્દ્રિયનો વિષયોમાં લોલુપ ન હોય, શાંત પ્રકૃતિવાળો હોય અને સત્યપરાયણ-સત્યમાં રતિવાળો હોય તે આત્મા શિક્ષાને માટે યોગ્ય કહેવાય.

ગુર્વાદિ વડિલોની હિતશિક્ષા જેને ગમે તે આત્મા ઉત્તરોત્તર આત્મગુણ સંપતિથી સમૃદ્ધ બનતો અંતે નિર્વાણને પણ પામે છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં પણ કહેવાયું છે કે-

આલોયણ નિરવલાવે, આવઈસુ દઢ્ઢધમ્મયા ।
અણિસ્સિ ઓવહાણે ય, સિક્ખા નિપ્પડિકમ્મયા ॥૧॥
અણ્ણા યયા અલોભે ય, તિતિક્ખા અજ્જયે સૂઈ ।
સમ્મદિટ્ઠી સમાહી ય, આયારે તિણઓવએ ॥૨॥
ધિઈમઈ ય સંવેગે, પણિહિ સુવિહિ સંવરે ।
અત્તદોસોવસંહારે, સવ્વકામવિરત્તયા ॥૩॥
પચ્ચક્ખાણે વિઉસ્સગ્ગે, અપ્પમાદે લવાલવે ।
જ્ઝાણસંવરજોગે ય, ઉદએ મારણંતિએ ॥૪॥
સંગાણં ય પરિણ્ણાયા, પાયચ્છિત્તકરણે વિ ય ।
આરાહણા ય મરણંતે, બત્તીસં જોગસંગહા ॥૫॥
(શ્રી સમ૦ સૂ૦ ૩૨)

૧- જાણ્યે-અજાણ્યે થયેલ દોષને સદ્‌ગુરુ આગળ પ્રકાશિત કરી પ્રાયશ્ચિત લેવું અને પૂરું કરવું.

૨- કોઈની પણ આગળ પોતાની મોટાઈ કહી બતાવવી નહિ.

૩- આપત્તિઓના વાવાઝોડામાં પણ મેરૂપર્વતની જેમ સ્વધર્મમાં મક્કમ રહેવું-સ્વધર્મથી ચલિત થવું ના.

૪- આ લોક કે પરલોક સંબંધી સુખ-સમૃદ્ધિની ઈચ્છા રાખ્યા વિના ઉપધાન-યોગોદ્વહન, તપ-જપ કરવાં.

૫- સૂત્રાર્થના ગ્રહણ રૂપ નિર્મલ બોધ ધારણ કરવો.

૬- શરીરની જરાપણ સાર-સંભાળ, આળ-પંપાળ કે ટાપ-ટીપ કરવી નહિ.

૭- તપ-જપ-વ્રત આદિ કરી, પોતાની વાહવાહ મોલાવવા ખાતર બીજાને કહેવા નહિ.

૮- ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં અધિક લોભી કે તેમાં આસક્ત-ગૃદ્ધ બનવું નહિ.

૯- ડાંસ-મચ્છર આદિ અનેક પ્રકારના પરિષહો મજેથી સહન કરવા.

૧૦- કપટ-દગા રહિતપણે નિર્મલ ઉચિત વ્યવહાર કરવો.

૧૧- સાચા સંયમનું આચરણ કરી શુદ્ધ રહેવું.

૧૨- શ્રદ્ધામાં અશ્રદ્ધા આવી ન જાય માટે સાવધ રહેવું.

૧૩- સ્વસ્થ-શાંતિચિત્તવાળા બની જીવન જીવવું.

૧૪- સદાચારી બનવું.

૧૫- વિનયી બનવું.

૧૬- ધૈર્યવાળી મતિ રાખવી.

૧૭- સંસારના સુખો પ્રત્યે ઉદાસીનતા કેળવી, મોક્ષની જ ઈચ્છાવાળું હૈયું બનાવવું.

૧૮- મન, વચન, કાયાથી થતાં અશુભ વ્યાપારોને રોકવા.

૧૯- સદાચારનું સેવન કરવું

૨૦- હિંસા, અસત્ય, ચોરી, પરિચય, મમત્વાદિથી થતાં પાપોને રોકવા.

૨૧- આત્માના દોષોને શોધી-શોધીને દૂર કરવા.

૨૨- સર્વ પ્રકારની ઈચ્છાઓથી અલિપ્ત રહેવું.

૨૩- ત્યાગધર્મમાં સદૈવ આગળ વધ્યા કરવું.

૨૪- સઘળી ઉપાધિઓથી રહિત બનવું

૨૫- ગર્વનો ત્યાગ કરવો.

૨૬- એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો.

૨૭- આજ્ઞામુજબનાં અનુષ્ઠાનોમાં રત બનવું.

૨૮- ગહન સિદ્ધાન્તોના ગંભીર આશયો અને ઊંડા અર્થો વિષે હંમેશા વિચાર કરવો.

૨૯- મૃત્યુ સમયે પણ કર્મોનો અવરોધ કરનાર શુભ કર્મરૂપી સંવરનો વ્યવહાર કરવો.

૩૦- સ્નેહી-સંબંધી-સ્વજનોના સંગથી ઉત્પન્ન થતાં સ્નેહના પરિણામને સમજી લઈ તેનો ત્યાગ કરવો.

૩૧- અજાણતાં થયેલ ભૂલોનું પણ પ્રાયશ્ચિત કરવું.

૩૨- અંતિમ સમયે વિશિષ્ટ આરાધનાથી આત્માને ભાવિત કરવો.

આરાધનામાં આગળ વધવા આ બત્રીશ શિક્ષાપદો જ્ઞાનિઓએ કહેલા છે. જેનો પરમાર્થ ગુર્વાદિ વડિલોની સેવા-ભક્તિથી પ્રાપ્ત વાચના અને હિતશિક્ષાથી સમજાય છે. તે પ્રમાણે જીવનાર આત્મા અલ્પ સમયમાં નિર્વાણને પામે છે.

છેલ્લે છેલ્લે જે માર્મિક હિતશિક્ષા આપી કે- ''પૂજ્યપાદ શ્રીજીના (સ્વ. પરમતારક ગુરુદેવેશ પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.) ગૌરવને અનુરૂપ કાર્ય થવું જોઈએ.''

જો આ વ ત હૈયામાં અંકિત થઈ જાય તો આત્મા ક્યારે પણ સન્માર્ગથી આઘો-પાછો થાય જ નહિ કે ખોટી વાહ વાહ-પ્રશંસામાં તણાવાનું મૂંઝાવાનું મન પણ થાય નહિ.

''તમારી શક્તિનો ઉપયોગ સ્વ-પરના કલ્યાણમાં કરી શક્તિઓને સફળ બનાવો એ જ એક શુભાભિલાષા.''

લી. મહોદયસૂરિની અનુવંદના.

આમાં કાંઈ બાકી રહે છે ? સાધુતાનો આદર્શ, સાધુતાની સફળતાના મહામંત્રરૂપ આ હિતશિક્ષાને જીવનમાં જીવવાનું બળ મળે અને તેવી દશાને પામવાનું સૌભાગ્ય પામી આપણે સૌ નિકટ મુક્તિગામી બનીએ તે જ મંગલ કામના.

ધર્મ દૃઢતાની સજ્ઝાય

(પ્રતાપી પુરુષોને પેદા કરવાનું સામર્થ્ય ધરાવનાર આ કૃતિ સૌને જરૂર પ્રેરણાદાયી બનશે તે આશા સાથે સાભાર પ્રગટ કરીએ છીએ. - સંપા૦)

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી,
કેવા વ્રતધારી આગે થયા નરનારી રે;
થયા નરનારી તેને વંદના હમારી.
જુઓ૦...૧

જુઓ જુઓ જંબુસ્વામી બાળ વયે બોધ પામી;
તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી.
જુઓ૦...૨

ગજસુકુમાલ મુનિ ધખે, શિર પર ધૂણી;
અડગ રહ્યા ધ્યાને, ડગ્યા ના લગારી.
જુઓ૦...૩

કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થુલ ભદ્ર;
વેશ્યા સંગ વાસો તોયે, થયા ના વિકારી.
જુઓ૦...૪

સતી તે રાજુલ નારી, જગતમાં ન જોડ એની;
પતિવ્રતા કાજે, કન્યા રહી તે કુંવારી.
જુઓ૦...૫

જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા;
ઘણું કષ્ટ વેઠ્યું તો યે, ડગ્યા ન લગારી.
જુઓ૦...૬

ધન્ય ધન્ય નરનારી, એવી દૃઢ ટેક ધારી;
જીવીત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી.
જુઓ૦...૭

એવું જાણી સુજ્ઞજનો, એવા ઉત્તમ આપ બનો;
વીરવિજય ધર્મ પ્રેમે, દીએ ગતિ સારી.
જુઓ૦...૮

નદીને બે ભાગમાં વહેંચી દેનારા આચાર્ય સમિત સૂરિજી...

– પૂ. મુનિરાજ હિતવર્ધન વિજયજી મ

મન્ત્ર-તન્ત્રની મિથ્યાશક્તિઓને ભસ્મીભૂત કરી દેનારા તે જૈનાચાર્ય હતાં. એમના ભાલપ્રદેશ પર બ્રહ્મચર્યનું અપૂર્વ તેજ ચમકતું હતું. એમના નેત્રોમાંથી આધ્યાત્મિક શક્તિઓના ધોધ વહી રહ્યાં હતાં. દશપૂર્વધર શ્રી વજ્રસ્વામીજીના સંસારી પક્ષે મામા થનારા તે પુન્યપુરૂષ હતાં. **આર્ય સમિતસૂરિ'** ના નામે તેઓ જૈન ઈતિહાસમાં ખૂબ-ખૂબ ચમકાયા છે.

એક વખત આર્યસમિત સૂરિજી અચલપુર નામના ગામમાં આવ્યાં. આભીર દેશની સૂકી રેતને એમણે સમલંકૃત કરી. મિથ્યામતિ તાપસોનું વર્ચસ્વ અચલપુરમાં સર્વત્ર જામી ચૂકયું હતું. ત્યાં આર્ય સમિત સૂરિ જેવા નિર્ગ્રન્થ શ્રમણનો મહિમા વિસ્તરે એ કોને ઈષ્ટ હોય ?

અચલપુરની નજીકમાં જ બે નદીઓ વહેતી હતી. કૃષ્ણા અને બેન્ના એના નામ. આ બે નદીઓ વચ્ચેનું ભૌમિતિક અંતર ખૂબ ઓછું હતું. થોડી ઘણી જે ભૂમિ બે નદીઓને જૂદી પાડતી હતી એ બ્રહ્મદ્વીપ તરીકે પ્રસિદ્ધ હતી. બ્રહ્મદ્વીપની ધરાપર એક વિશાળ આશ્રમ હતો. પૂરા પાંચશો તાપસોને સમાવી લેતું એ સંકુલ આસપાસના પ્રદેશમાં વિખ્યાત હતું.

પાંચશો પૈકીના એક તાપસે કેટલીય શોધ-ખોળના અંતે એવી એક લેપ શક્તિ વિકસાવી કે એ લેપ પગ ઉપર જો ચોપડી દેવામાં આવે, એય ધટ્ટ રીતે, એવો ઘટ્ટ કે સામાન્ય પાણીના સ્પર્શથી ભૂંસાઈ જાય નહિ, તો એ લેપના પ્રભાવે માનવ નદી ઉપર પણ ભૂમિની જેમ હરણફાળ ભરી શકે. અગાધ જલરાશિમાંય ડૂબે નહિ. વિના વહાણે એ તરી જાય. ભારે કૌતુક સર્જી દે.

મિથ્યામતમાં રક્ત આ તાપસ સન્માનની રાક્ષસી એષણાઓમાં શેકાઈ રહ્યો હતો. આવી લેપ શક્તિ મળતાં જ એની એષણાઓ આતુર બની બેઠી. પાંકડાને જાણે મદિરા મળી. લેપ શક્તિનો ઉપયોગ કરી તે રોજ નદી ઉતરતો. ખળખળ વહેતા જળપ્રવાહને પગ પળવારમાં તે ચીરી જતો.

નદી ઉતરી, અચલપુરમાં ભિક્ષાટન કરી, આવ્યો એજ પદ્ધતીએ પાછો ફરતો. તાપસની આવી શક્તિ લાંબા સમય સુધી એકાંતની ગુફામાં ન રહી શકી. અલ્પ સમયમાં જ એ નગરજનોની જીભે ગવાવા માંડી. ઘેર-ઘેર ઘૂમી વળી.

શક્તિ જ એનું નામને ? જે ગુફામાં ગોંધાયેલી ન રહે. ગગનમાં ઝગારા વેરતી ચોફેર ઘૂમી વળે.

થોડાંક જ દિવસોમાં આ તાપસ સર્વજન પ્રસિદ્ધ બની ગયો. બાળકો પણ એને વાણ શીખ્યે નમવા માંડ્યાં. નાસ્તિકો પણ એનાથી અંજાવા માંડ્યાં. એની પાછળ ભક્તોની પણ ભારે ભીડ જામી પડતી, એ જ્યારે નગરમાં આવતો.

આમ, તાપસનો આ દૈનિક ક્રમ થઈ ગયો. રોજ મધ્યાહ્નનો સમય થાય એટલે લેપ શક્તિ ધરાવતા જેમ મકાન પરથી પસાર થઈ જાય તેમ નદીના ઉંડા જળ પ્રવાહ પરથી પસાર થઈને અચલ પુર પહોંચી જવું. ભોળા ભક્તોની ભક્તિ લેવી.

હવે તો એવી સ્થિતિ સરજાઈ ગઈ કે તાપસ નદીના કિનારા પર આવી પહોંચે એ પૂર્વે નદીનો તટ માનવોના મહેરામણથી છલકાઈ ગયો હોય. તાપસની આવી તાકાત નિહાળી નગરજનો આશ્ચર્ય મુગ્ધ બની બેઠાં. રોજનો આ ક્રમ બની ગયો. તાપસના આગમનના સમય પહેલાં મોટાં ટોળા નદી કાંઠે એકઠા થતા અને ભારે કૌતુક ખડું થઈ જાય.

શ્રાવકોને બાદ કરતાં બધાં જ આ કૌતુકના પ્રેક્ષક બનતાં. ચાલક પણ અલબત્ત, મિત્રો ગમે તેટલું સમજાવે શ્રાવકો આ મિથ્યાત્વીના તમાશામાં ક્યાંય ન ખેંચાતાં.

આથી કેટલાંક જૈનોના તેજો દ્વેષી બોએ ચર્ચા

જગવી કે જે ૮ શક્તિ આ તાપસો પાસે છે એવી જૈનોના ધર્મગુરૂ પાસે નથી. ચર્ચા અને મર્ચા એને ઉડતાં શી વાર ?

વાત- વહેતી વહેતી શ્રાવકો સુધી પહોંચી. સુજ્ઞશ્રાવકોએ નગરમાં બિરાજમાન જૈનાચાર્ય સમિતસૂરિજી ના કાને ટહેલ નાંખી. સૂરિજીએ પણ કેટલાંક ગુરૂમ ત્ર ફૂંકી શ્રાવકોને રવાના કર્યા.

બીજા દિવસનું પ્રભાત ખીલ્યું અને કેટલાંક શ્રાવકો નદી કાં ઘસી ગયાં. મધ્યાહન પહેલાં તો બધાં જ શ્રાવકો આ રી પહોંચ્યાં. ક્યારેય નહિ ને આજે શ્રાવકોની ઉપસ્થિતિ જોઈને તાપસ પણ ગેલમાં આવી ગયો એના ચમ ાઓ પણ.

કોને ખબ ર હતી કે એમની પાપલીલા પરથી ટૂંક સમયમાં જ પડ ો ઉંચકાઈ જવાનો છે !

શ્રાવકોએ તાપસને આગ્રહપૂર્વક વિનંતી કરી. સાહેબ, આજે ભોજન માટે અમારા ઘરે પધારો. આંગણું પાવન કરો.

તાપસે ણ એક ધનાઢ્ય શ્રાવકના ઘર પર પસંદગી ઉતારી જ્યાં એના ઘરમાં તાપસ પ્રવેશ્યો ત્યાં જ શ્રાવકોએ તાં ાનો દૈત કથરોટ વચ્ચે ધરી દેતાં કહ્યું, અરે, પહેલાં પા શૌચ તો કરો. પછી ભોજન.. તાપસનું મોં શરમિંદુ બનં ગયું.

શ્રાવકો બ ાલ્ટીઓ ભરીને જળ લઈ આવ્યાં. બે ચાર જાણાં ચારે ા કોર ગોઠવાઈ જઈ લોટાઓ ઢોળવા માંડ્યાં તો ચારેક હાથ સાવરણી બનીને તાપસના પગ પર સળવળવા માંડ્યાં.

સાવરણી જેમ કચરાનો સફાયો કરે એમ એ હાથાએ તાપસ ા પગ પર રહેલા લેપનો સફાયો કરી નાંખ્યો. એમાં ર્ર પૂરાવ્યો. લોટાઓમાંથી ઢોળાતાં પાણીએ.

''ડચ..ડ ય... કેટલી બધી ધૂળ જમા થઈ ગઈ છે. જરા બરાબર સાફ કરો...'' જેવા વાક્યોએ તાપસ માટે તો ક્ષત પર ક્ષાર રેડવાનું કામ કર્યું.

તાપસ તો મનમાંને મનમાં શેકાવા માંડ્યો. એના ધબકારની હાલત ભાંગેલી વીણાના સૂર જેવી થઈ ગઈ. આમ છતાં નિર્ધૃષ્ટ બનીને તે જમવા બેઠો. ભરપેટ ભોજન લીધું. આગ્રહ પણ એવો જ થયો.

ભોજનબાદ બધા જ શ્રાવકો એને વળાવવા ગયાં. છેક નદી સુધી શ્રાવકો સાથે હજારો નગરજનો પણ જોડાયાં. કેમ કે આજની શ્રાવકોની આગેવાની કૌતુકનું જબ્બરદસ્ત કારણ બની હતી.

છેક નદીના જળ પ્રવાહ સુધીની ભીડ જામી ગઈ. છેવટે શ્રાવકોએ હાથ ઉચા કર્યા. સભામાં નિ:શબ્દ શાંતિ પથરાઈ ગઈ.

પાપથી ભરાયેલો ઘડો ફૂટવાની તૈયારીમાં હતો. તાપસનો શ્વાસ પણ કંઠ પાસે આવીને રૂંધાવા માંડ્યો હતો.

સબૂર ! આમ છતાં એની નિર્ધૃષ્ટતાએ હદ કરી. તાપસ નદીમાં ઉતર્યો. પણ હવે તો એ નિ:શરણ હતો. જે લેપની શક્તિથી એ નદી પર ચાલી શકતો હતો એ લેપ તો શ્રાવકોએ ચોકસાઈ પૂર્વક ધોઈ નાંખ્યો હતો.

તાપસ નદીમાં પેસતાં જ ડૂબવા માંડ્યો.

ચોમેર હાહાકાર મચી ગયો.

શ્રાવકોના ચહેરા પર છૂપું સ્મિત તરી આવ્યું.

મિથ્યામતિઓના વૃન્દમાં સનસનાટી ફેલાઈ ગઈ.

બરોબર આ જ પળે આર્ય સમિત સૂરિજી નદીના તટ પર ઘસી આવ્યાં.

એમણે તાપસની લેપ લીલાના પડદાને ઉભો ને ઉભો ચીરી જાહેર કરી દીધો. લોકો તાપસ પર થૂંકવા લાગ્યાં. જેઓ પહેલાં તાપસની સ્તુતિઓ લલકારતાં હતાં, તેઓજ.

મિથ્યામતના વર્ચસ્વના પતનની આ પળ હતી. આ પળને જિનશાસનની ઉન્નતિની તક બનાવી દેવાનું આર્ય સમિતસૂરિજીએ નક્કી કર્યું.

એમણે અભિમન્ત્રિત વાસક્ષેપની મૂઠી ભરી. હવામાં અધ્ધર કરી. ઉચ્ચાર્યું ''હે બેના નદી,

જિનશાસન જ જો સત્ય હોય તો મને માર્ગ આપ !'' મૂઠી ભરીને વાસક્ષેપ નદીમાં પડ્યો. તત્ક્ષણ એ નદી બે કાંઠામાં વહેંચાઈ ગઈ. વચ્ચે એક દઢ માર્ગ બની ગયો.

લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો.

પેલાં તાપસની હાલત તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ.

શ્વાસ રૂંધાયો હોય એવી સ્તબ્ધતા પથરાઈ ગઈ.

આર્ય સમિત સૂરિજીએ નદીના ખોળા વચ્ચે સરજાઈ ગયેલાં માર્ગ પર પ્રયાણ શરૂ કર્યું. એમની પાછળ હજ્જારો નરનારીઓ દોરાયા. ''જૈનમ્ જ્યતિ શાસનમ્'' નો નાદ ચારે દિશાઓમાં પ્રસરવા માંડ્યો.

આચાર્ય ભગવંત પહોંચ્યા બ્રહ્મદ્વીપ. ત્યાં એમના પહેલાં એમની પ્રચંડ શક્તિની ઉક્તિઓ ક્યારનીય પહોંચી ચૂકી હતી. તાપસો પણ નજરે નીરખેલા ચમત્કારથી અભિભૂત હતાં.

પાંચસોએ તાપસોએ સૂરિજીનો સત્કાર કર્યો. આર્ય સમિતસૂરિજીએ પણ ધર્મદેશનાનો એવો તો ધોધ વહાવ્યો કે કુમતિના કીચડ રોળાયા વિના ન રહે.

બન્યું પણે અવું જ.

પાંચસોએ તાપસોનું મિથ્યાત્વ આગળી ગયું.

તેમના હૈયામાં તીવ્ર પશ્ચાત્તાપની જ્વાળાઓ પ્રગટી ઉઠી.

એ જ્વાળાઓ દ્વારા એમના આત્મ સુવર્ણ પર બાજી પરેલો.

અજ્ઞાન અને મિથ્યાત્વનો મેખ ભૂંસાઈ ગયો.

આંસુની નીતરતી આંખે તાપસો ઉભા થયાં. આર્હતી દીક્ષાની એમણે માંગણી કરી.

ઈતિહાસની એ યાદગાર પળ હતી જ્યારે આર્ય સમિત સૂરિજીએ એકી સાથે ૫૦૦ તાપસોને પ્રવ્રજ્યાનું પ્રદાન કર્યું.

દારની લાંબી કતાર

દુકાનદાર, જમીનદાર, ઈમાનદાર, આબરૂદાર,
પૈસાદાર, લેણદાર, અણીદાર, પાણીદાર,
ખુશ્બુદાર, માલેદાર, સરદાર, છટાદાર,
છટકદાર, ગુચ્છેદાર, મજેદાર, નશીબદાર,
હવાલદાર, જાગીદાર, માલદાર, વફાદાર,
ફોજદાર, ખાતેદાર, દીસોદાર, હીસ્સેદાર,
ચમકદાર, ઠામદાર, ઉદાર, થાનેદાર.

– લી. મોક્ષસુંદર વિજય.

સોની કરામત

૧૦૦, બતસારા મિત્રોની કરજો.
૧૦૦, રઠ દેશમાં શત્રુજ્ય મહા એક તીર્થ છે.
૧૦૦, મવાર એક સપ્તાહનો દીવસ છે.
૧૦૦, ળમાં તીર્થંકર શાંતીનાથ છે.
૧૦૦, હામણું.
૧૦૦, નામાં સુગંધ ભળે છે.

પરમ નિસ્પૃહી તપસ્વી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની કૃપાથી હાસાર અને હાસારીઓ જાગૃતિને કારણ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે હાસારી અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત

શ્રી જૈન શાસન અઠવાડિકને

શુભેચ્છા


આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

મોક્ષ દુ:ખમાંય જોઈએ અને સુખમાંય જોઈએ

આ જીવે સંસારમાં અત્યાર સુધીમાં કષ્ટ કેટલું વેઠ્યું છે, એ જો તમે જાણો, તો તમને લાગે કે, મોક્ષના માર્ગે મહેનત શરૂ થઈ ગયા પછીથી ભારેમાં ભારે કષ્ટો આવે તો પણ એ કષ્ટો, પૂર્વે આ જીવે વેઠેલાં કષ્ટના હિસાબે કોઈ ગણતરીમાં ગણાય નહિ. પેલાં કષ્ટો રીબાઈ રીબાઈને ભોગવેલાં, અજ્ઞાનપણે ભોગવેલાં, જ્યારે આ કષ્ટો આનંદથી ભોગવવાનાં, સમજપૂર્વક ભોગવવાનાં. એટલે એક વાર નક્કી કરી લો કે, મારે માત્ર મોક્ષ જ જોઈએ. ઊંઘમાંથી તમે ઝબકી જાવ અને બોલો તોય મોક્ષ જ જોઈએ, એવી મોક્ષની તાલાવેલી કેળવો દુ:ખમાંય જેને હૈયે એક મોક્ષ જ જોઈએ, એમ હોય, તેને માટે મોક્ષ બહુ સહેલો બની જાય. એક માત્ર મોક્ષના જ માર્ગે મહેનત કરવા માંડી, એટલે એ મહેનત કરતાં કરતાં કર્મ ક્ષીણ થઈ જાય અને સકલ કર્મ ક્ષીણ થઈ ગયા પછીથી એક સમયમાં તો આત્મા સિદ્ધશીલા ઉપર લોકાગ્રે પહોંચી જાય.

સંસારમાં જીવને સુખ મળે તોય તે ક્વીચિત્ મળે. ક્વચિત્ મળેલું સુખ પણ પૂરું તો કોઈનેય મળે નહિ; એને એ સુખ સદા ટક્યું રહી શકે નહિ ! એવા સુખની ઝંખના કર્યા કરીને આ જીવે દુ:ખ બહુ વેઠ્યાં; બહુ વાર વેઠ્યાં. મોક્ષનું સુખ એવું છે કે, એ મળ્યું એટલે મળ્યું; એમાં કશી જ ઊણપ હોય નહિ અને કાયમી પણ એ જાય નહિ ! જોઈએ છે મોક્ષ ? જેને મોક્ષ જોઈતો હોય, તેને ધર્મ જ ગમે કે બીજું કંઈ ગમે ? પાપના યોગે બીજું કાંઈ ગમે, તોય એ ગમે નહિ અને એક ધર્મ જ ગમે. એને તો દુ:ખમાં ને સુખમાં એક ધર્મ જ ખરેખર ગમે ને ? આ એકલો ધર્મ જ જેને ગમે, તેને નિર્જરા સધાય, પણ પાપ બંધાય નહિ અને જો પુણ્ય બંધાય, તો તે પુણ્યાનુબંધી પુણ્ય જ બંધાય. મોક્ષની પ્રાપ્તિ થવામાં જેટલો કાળ એને કાઢવો પડે, તેમાં એનું પુણ્યાનુબંધી પુણ્ય પણ ધર્મમાં સહાયક થાય, પણ એનું અન્ત:કરણ એવું બની જવું જોઈએ, 'મારે એક માત્ર મોક્ષ જ જોઈએ અને એ માટે ધર્મ જ જોઈએ !'

શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂલચંદ મારૂ પરિવાર
મોટા માંઢા, હાલ લંડન,
20 - ARDEN RODA. LONDON.
JV - 3. JAN



જૈન ધર્મના મર્મને જાણનારા હજાર દેશો દ્વારક પૂ. આ. શ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની કૃપા અને પ્રાચીન સાહિત્યો દ્વારક પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની પ્રેરણાથી જૈન ધર્મનો વિજય ડંકો બજાવનાર

શ્રી જૈન શાસન અઠવાડિક

ચુકાદો

ધર્મ આદર્યો અને દુર્ગતિને દેશવટો દેવાઈ ગયો

શ્રી પૃથ્વીચન્દ્ર અને શ્રી ગુણસાગર ધર્મ કરતા કરતા અને પુણ્યાનુબંધી પુણ્ય ભોગવતા ભોગવતા એકવીસમાં ભવને અન્તે મોક્ષે ગયા છે. આ બે આત્માઓનો પરસ્પર રાગવાળો સંબંધ અને ધર્મસંબંધ શંખ અને કલાવતીના ભવથી શરૂ થાય છે. શંખ રાજાનો જીવ એકવીસમા ભવે પૃથ્વીચન્દ્ર થયો અને કલાવતી રાણીનો જીવ એકવીસમા ભવે ગુણસાગર થયો. આપાગે આ વાત અહીં શંખ-કલાવતીના ભવથી શરૂ કરવાની છે. પાગ, એ શરૂ કરતાં પહેલાં, તમને એમના એકવીસેય ભવનો ખ્યાલ ટૂંકમાં આપવો છે.

શંખ તરીકે અને કલાવતી તરીકે ધર્મને પામ્યા પછીથી અને ધર્મની આરાધના શરૂ કર્યા પછીથી, એ બેમાંથી એકેયે મનુષ્યભવમાં ધર્મની આરાધના છોડી નથી. અને ક્યાંય ધર્મની વિરાધના કરી નથી. એ એમાંથી એકેયને નથી તો નરકગતિમાં જવું પડ્યું અને નથી તો તિર્યંચગતિમાં જવું પડ્યું. પછી તો દેવગતિ અને મનુષ્યગતિની જ પરંપરા સર્જાઈ છે અને તેમાં પાગ એક એકથી ચઢિયાતી સ્થિતિવાળી જ દેવગતિને તેઓ પામતાં ગયાં છે. એમાગે મોક્ષ સિવાયના કોઈ આશયને અપનાવ્યો નથી અને ભોગ ભોગવવા છતાં પાગ જ્યારે જ્યારે તેમને જેટલી જેટલી તક અને જેટલી જેટલી તાકાત મળી, ત્યારે ત્યારે તેમાગે તેટલો તેટલો ધર્મ જ કાર્ય કર્યો છે. એના જ પરિણામે એમણે દુર્ગતિને દેશવટો દેવાઈ ગયો હતો, એમને સદ્ગતિ સદા મળ્યા કરતી હતી અને આત્મા એવા સુન્દર સંસ્કારવાળો બન્યો હતો કે, શ્રી પૃથ્વીચન્દ્રને રાજગાદી ઉપર બેઠા બેઠા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને શ્રી ગુણસાગરને પાગ જ્યારે એમના લગ્નનો ઉત્સવ ચાલી રહ્યો હતો અને જ્યારે એ આઠ સ્ત્રીઓ અને માતા-પિતાદિ સાથે બેઠા હતા, ત્યારે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ.

શ્રીમતી હંસાબેન સુરેશ કરમશી લાધા નાગડા

પરિવાર

ચેલા હાલ લંડન.

2 - Parkside, London N-3, 2PT

શ્રી જૈનશાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

ધર્મ પાસે સુખની ભીખ મગાય ?

ધર્મ નો આ પ્રભાવ જોવા માટે આપણે શ્રી પૃથ્વીચન્દ્ર અને શ્રી ગુણસાગરને પસંદ કર્યા છે. એમને સાથે રાખ ને, આપણે ધર્મનો પ્રભાવ જોવા સાથે પુણ્યાનુબંધી પુણ્યની લીલા જોવાની છે. એમાં એવી બધી સુખ સામગ્રીની પ્રાપ્તિની અને તેના ભોગવટાની વાત આવે છે, કે જેને માટે સંસારસુખના અર્થીઓ તરફડિયાં મારે છે. તમે પણ સંસારના સુખના અર્થી હશો, તો તમને એવી સામગ્રી મળે એવી ઇચ્છા હશે અને એન આશાને લઈને તમે પણ તરફડિયાં મારતા હશો. પણ એવી સામગ્રી ધર્મ વિના મળે નહિ અને ધર્મ કરન ર પણ એની ભીખ માગનારો હોય, તો તે મળે નહિ, અગર મળે તોય તે તેના સુખનું કારણ બનવાને બદલે, આ ભવમાં પણ દુઃખનું કારણ બને અને પરભવમાં પણ દુઃખનું કારણ બને.

ભી નારીઓને ભીખ માંગતાં મળી મળીને પણ શું મળે ? કહેવત પણ છે કે ભીખનાં હાંલ્લાં શીકે ન ચઢે. આ હેવતનો અર્થ શો ? ભીખ ઝાઝામાં ઝાઝી મળે તો ય પેટ ભરાય એટલું જ ને ? ત્યારે આપણે ધર્મની પ સે સુખની ભીખ માગવી છે ? ભીખ માગ્યે સુખ મળે તોય તે કેવું ને કેટલું.



સ્વ.
ગંગ
બેન
હેમ
રાજ

કુંભ
ચંગ
વાળા

પરિ
વાર

શ્રી
મતી

રમા
બેન

લાલ જી

હેમ
રાજ

લંડન

પ્ર
દીપ

મુકેશ

શિમતા

રક્ષા

અર
વિંદ

નીશા

કુનલ

તથા

દેવ
કુંવર

બેન

વેલજી

શ્રી જૈન શાસન અઠવાડિક વિશેષાંકને હાર્દિક શુભેચ્છા

આભાર દર્શન

॥ શ્રી મહાવીરાય નમ: ॥

શ્રી સદ્‌ગુરુએ નમ:

સહજાત્મ સ્વરૂપ પરમગુરુ
જન્મ તા. ૨-૩-૧૯૫૬
એલ્ડોરેટ - કેન્યા.



શ્રી સદ્‌ગુરુએ ન ન:
આતમભાવના ભા વતા
જીવ લહે કેવળજ્ઞા ન રે
અવશાન તા. ૧૮.૧૦ ૧૯૯૭
એડમનટન લંડન, ૨ ાન ૧૮

સ્વ. રાજુ વેલજી શાહ

આજે વરસી પડે છે આંખ અમારી જોઈ તસ્વીર તમારી. ભુલીશું નહીં તમારા અનંત ઉપકારો અને આશિ વાદ વરસતા રહ્યા પર આપના એ કદિ ભુલાશે નહીં. સ્નેહના જે ખીલ્યા ફુલો કદી મુરજાશે નહીં. કર્મ, ધર્મ અને નિર્મળ જીવનની મીઠી વાસ મુકી ગયા, ને અમને મુકીને ચાલ્યા ગયા મોક્ષને પ્રવાસે.

માયા તમારી ભુલાતી નથી. વિદાય તમોએ આગાહારી લીધી, અમને પળે પળે એ વિસરાતી નથી. અને પાંચ પાંચ વરસો વીતી ગયા છતાં અમને બિલકુલ વિસરતા નથી. અને ડગલે ને પગલે તમને યાદ કરીએ છીએ. અમે સર્વે વિતરા ભગવાનને પ્રાર્થના કરીએ છીએ અને શુભ ભાવના ભાવીએ છીએ કે આપનો આત્મા જ્યાં હોય ત્યાં જૈન ધર્મનું શરણ લઈને દેવગતિ ત્યાગ પામીને શાશ્વત એવા મોક્ષના સુખને પામે.

પરમકૃપાળુ સદ્‌ગત આત્માને શાશ્વત શાંતી અર્પે. એવી અમો પ્રભુજી પાસે પ્રાર્થના કરીએ છીએ.

શાંન્તી, શાંન્તી, શાંન્તી કમોતી જીતેન ભારવી.

એજ પિતાશ્રી વેલજી તથા માતુશ્રી સવીતાબેન તથા તમારો ભાઈ અનીલ, લતા તથા બેન હેમલતા અનેવ કાંન્તીલાલ તથા બેન ચંદ્રી, અનેવી મનુ તથા બેન કૈલાશ, અનેવી મીરૂ તથા બેન અસમીતા, અનેવી કિશોર તથા એમના બાળ ા પરીવાર.

સુ શ્રાવક વેલજી સામત શાહ
સુ શ્રાવીકા સવીતાબેન વેલજી શાહ

84, Haselbury Road,
London N. 18, 1 QA, U.K.Tel. : 8807, 4825

પરમ નિઃસ્પૃહી તપસ્વી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની કૃપાથી હાલાર અને હાલારીઓ જાગૃતિને કારણ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે હાલારી અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

પુણ્યોદયે સ્વજન સ્વજન તરીકે વર્તે

સ્વજનો પ શ સ્વજન તરીકે તમારી સાથે વર્તે, તો એમાં તમારો શુ ા કર્મનો ઉદય પણ કામ કરી રહ્યો છે, એમ સમજજો ! અહીં દત્તે કલાવતીને એ વાત પણ કહી છે. કહ્યું છે કે જે પિતા, માતા, પતિ, ભાઇ, દીકરા, દીકરી, અ ે દીકરાની વહુ વગેરે સ્વજનો ગણાય છે, તે આપણ ા પૂર્વકૃત દુષ્કર્મના ઉદયે આપણી સાથે દુશ્મનાવ ૃ કરે છે, એ જ સ્વજનો જ્યારે આપણા પુણ્યનો (દય થાય છે, ત્યારે આપણને સુખ કરનારા થાય છે ! આ પણ એક ભવની જ વાત છે ને ? જે રાજાએ ક ાવતીને જંગલમાં તજાવી દીધી હતી; કેવી અવસ્થા ાં તજી દીધી હતી ? પ્રસૂતિ આવવાની તૈયારીવા ી અવસ્થામાં ! અને એ અવસ્થામાં પણ જે રાજાએ કલાવતીના બેય કાંડા કાપી મંગાવ્યા હતા, એ જ રાજ અત્યારે કલાવતી વિના ઝૂરી રહ્યો છે. અને એ જ રા ાએ કલાવતીને બોલાવી લાવવા દત્તને મોકલ્યો છે. કેમ પાછું આવું બન્યું ? કલાવતીનો પાપોદય ળ્યો અને પુણ્યોદય પ્રગટ્યો, એથી આવું બનવા પ મ્યું ! એટલે દત્ત કલાવતીને કહે છે કે આપત્તિમ આપણે ધૈર્યને ધારણ કરવું જોઇએ !

આટલી વાત કહીને કલાવતીને આશ્વાસન આપ્યા પછીય દત્ત કલાવતીની પાસે રાજાની વેદનાની વાત રજૂ કરે છે અને એ કહીને, આપણે રાજા પાસે ઝટ પહોંચી જવાની જરૂર છે એમ સમજાવે છે. એ કહે છે કે, 'દેવી ! તમારે દુઃખ ભોગવવું પડ્યું છે, તે દારૂણ છે, પણ ત્યારે રાજાને તો તમે અનુભવેલા દારૂણ દુઃખથી પણ અનન્તગણું વધારે દુઃખ તમારા વિયોગથી જ થયું છે. રાજાને ઘણો ઘણો પશ્ચાતાપ થાય છે અને એથી રાજા અગ્નિમાં પ્રવેશ કરવા ઇચ્છી રહ્યા છે ; સિવાય કે જો જીવતાં એવાં તમારું મુખ રાજાને જોવા મળે ! માટે હે દેવી ! તમે જલ્દી જલ્દી રથમાં બેસી જાવ !' કલાવતીને એ સમજાવે છે કે, તમને ગમે તેટલું દારૂણ દુઃખ અનુભવવું પડ્યું છે, તેમ છતાં પણ તમે હજુ જીવો છો, જ્યારે રાજા તો તમારા વિયોગના દુઃખે બળી મરવા તૈયાર થઈ ગયેલા છે. તમે વિચાર કરો કે, કોનું દુઃખ વધારે છે ? હવે વિલંબ કરવામાં સાર નથી. રાજા એક જ વાતે જીવે તેમ છે અને તે એ કે, જીવતાં એવાં તમારું મુખ રાજાને જોવાને મળે !



Monghiben Raishi Bharmal Gudhka

301-A-NORTH BOROUGH ROAD,
NORBURY -SW-16-4TR (U.K.)

કવિરત્ન હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના
પટ્ટધર, પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. ગુરુદેવ
આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની કૃપાથી જૈન જગતને જાગૃત
રાખતા, સ્પષ્ટ પ્રસમણા કરતા

શ્રી જૈન શાસન અઠવાડિક વિશેષાંકને
હાર્દિક શુભેચ્છા

પાપોદયે સ્વજન શત્રુની જેમ વર્તે

દત્ત કલાવતીને એ વાત પણ સમજાવે છે કે, આપણો નિકટમાં નિકટનો સગો પણ આપણા થી વિપરીત થઈ જાય, તો એમાંય આશ્ચર્ય પામવા જેવું નથી કે એમાં શોક કરવા જેવું પણ નથી ! દત્ત કલાવતીને ઉદ્દેશીને કહે છે કે, 'આ સંસારમાં પિતા, માતા, પતિ, ભાઈ, પુત્ર, પુત્રી અને દીકરા ની વહુ વગેરે સ્વજનો ગણાય છે. પિતા વગેરે આપણને સ્વજન માને છે અને આપણે પિતા વગેરે ને સ્વજન માનીએ છીએ. આવા પણ સ્વજનો જ્યારે આપણું પૂર્વકૃત દુષ્કર્મ ઉદયમાં આવે છે, ત્યારે આપણા દુશ્મન જેવા બની જાય છે !'

આપણા દુષ્કર્મનો ઉદય થાય, ત્યારે પિતા પિતા રહે ? માતા માતા રહે ? પતિ પતિ રહે ? ભાઈ ભાઈ રહે ? પુત્ર પુત્ર રહે ? પુત્રી પુત્રી રહે ? પુત્રવધુ પુત્રવધુ રહે ? દુષ્કર્મના ઉદય વેળાએ, દુશ્મન જે પીડા આપી શકે નહિ, તેવી પીડા આપણને પિતા આપે, એવુંય બને, માતા આપે એવુંય બને, ભાઈ આપે એવુંય બને, પુત્ર આપે એવુંય બને, પુત્રી આપે એવુંય બને, અને પુત્રવધૂ આપે એવુંય બને ! એટલે કોઈ પણ સ્વજન જો સ્વજનની જેમ વર્તવાને બદલે, આપણી જોડે આપણા શત્રુની જેમ વર્તે, તો એમાં એ સ્વજનને દોષ દેવાને બદલે, આપણે આપણા આત્મા ને જ દોષ દેવો કે, જે આત્માએ સ્વજન પણ આપણી સાથે શત્રુ માફક વર્તે એવું દુષ્કર્મ પૂર્વકાળ માં ઉપાર્જ્યું હતું !

KUSUMBEN
PRAVINKANT
SHAH

33, THE RIDGEWAY - KENTON,
HA3-OLN- MIDDLESEX (U.K.)

હજારમાં વરસો સુધી વિચરી, અમૃતપાન પાનાર
પૂ. આચાર્યદેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ તથા તેમના પટ્ટધર
પૂ. આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
કોમળ દૃષ્ટિથી જૈન ધર્મને વિશ્વમાં ફેલાવતાં
શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

દિવ્ય ભોગાદિ દુર્લભ નથી, સમ્યક્ત્વ દુર્લભ છે

જ્ઞાની મુનિવર પણ રાજાને એ જ સમજાવે છે કે, 'હે રાજન્! દિવ્ય ભોગોની પ્રાપ્તિ થવી એ દુર્લભ નથી, દેવતાઈ અને માનુષિક ઋદ્ધિઓ મળવી એ પણ દુર્લભ નથી, અને વિવિધ વિદ્યાઓ મળવી એ પણ દુર્લભ નથી. આ બધું તો જીવને મળી જાય, પણ જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થવું એ જ ખરેખર દુર્લભ છે!' તમને શું દુર્લભ લાગે છે? અત્યારે તમે મોટે ભાગે તો ભોગની પાછળ અને ઋદ્ધિની પાછળ પડ્યા છો ને? કેમ કે તમને એ જ દુર્લભ છે એમ લાગે છે? દુનિયાની વિવિધ વિદ્યા મેળવવાની પાછળ પડેલાને, એ વિદ્યાઓની પ્રાપ્તિ જ દુર્લભ લાગે છે, માટે એ મેળવવા માટે એ લોહીનું પાણી કરી નાંખવા જેવી મહેનત કરે છે ને?

તમે ક્યાં માનો છો અને અહીં શી વાત કરે છે? અહીં કહે છે કે, દિવ્ય ભોગોની પ્રાપ્તિ દુર્લભ નથી, દેવતાઈ ઋદ્ધિ ને માનુષિક ઋદ્ધિય દુર્લભ નથી અને વિવિધ વિદ્યાઓય દુર્લભ નથી! કારણ કે જેઓનું તેવા પ્રકારનું પુણ્યાદિ હોય, તેમને તે મળી જાય છે! અને એવા પુણ્યાદિનો યોગ પણ આ સંસારમાં ભટકતા જીવને અનેકાનેક વાર થાય છે. એવો પુણ્યનો યોગ થઈ જાય અને એથી દેવતાઈ ભોગાદિની પ્રાપ્તિ પણ થઈ જાય, પણ એથી આત્માનું કલ્યાણ થઈ જતું નથી. એ ભોગાદિમાં ગૃદ્ધ બની જનારાઓ તો એવું પાપ ઉપાર્જે છે કે, એ પુણ્ય ખતમ થાય, એટલે પાપના ઉદયે દુર્ગતિમાં ભટકવાનું શરૂ થઈ જાય અને ત્યાં દુઃખ સિવાય કાંઈ ભોગવવાનું હોય નહિ! આ એક બહુ મહત્વની વાત છે. સમ્યક્ત્વ જેને પામવું હોય, તેને સમ્યક્ત્વ દેવતાઈ ભોગો કરતાં પણ દુર્લભ લાગવું જોઈએ, દૈવી અને માનુષી સંપત્તિઓ કરતાં પણ સમ્યક્ત્વ દુર્લભ લાગવું જોઈએ અને વિવિધ વિદ્યાઓ કરતાં પણ સમ્યક્ત્વ દુર્લભ લાગવું જોઈએ! એમ થવું જોઈએ કે, આ સમ્યક્ત્વ પાસે દિવ્ય ભોગોય તુચ્છ છે, દૈવી ને માનુષી ઋદ્ધિઓય તુચ્છ છે અને વિવિધ વિદ્યાઓ પણ તુચ્છ છે!

Dr. Ajit Hirji Murag Shah
115-ELMSLEIGH-AVE. KENTON,
HARROW, HA3 - 8HY (U.K.)

પરમ ગુરુદેવ નિસ્પૃહી શિરોમણિ
હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ ઉપકારી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી જૈન જગતને જાગૃત કરતા

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

અફીણનું ફૂલ

અફીણનું ફૂલ કેટલું મનમોહક હોય છે. પણ તેનો રસ કેટલો નસીલો અને ઝેરીલો હોય છે.

પૈસા પણ પ્રારંભમાં બહુ જ મીઠાં લાગે છે. પણ, આખરે શાંતિ અને સુખને સળગાવી મ રહ્યો.

MANIBEN GOVINDJI MEPA
1, HEADSTONE LANE - NORTH,
HARROW-HA2-6JJ (U.K.)
MIDD'X



કવિરત્ન હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના પટ્ટધર, પ્રાચીન સાહિત્યો દ્ધારક
પૂ. ગુરુદેવ આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની કૃપાથી જૈન જગતને જાગૃત રાખતા, સ્પષ્ટ પ્રસારણા કરતા

શ્રી જૈન શાસન અઠવાડિક વિશેષાંકને હાર્દિક શુભેચ્છા

વિવેક : પ્રજ્ઞાએ વિવેકની સમજણ આપતાં કહ્યું - કાપવાનું કામ તો બંને કરે છે. ઉદર અને દરજી. પણ, ઉદરે કાપેલું વસ્ત્ર નિરર્થક બને છે. જ્યારે દરજીનું કાપેલું વસ્ત્ર સાર્થક બને છે. વિવેક એટલે વસ્તુને સાર્થક કરવાની - બનાવવાની કલા !

Amratben Sobhag Gosar
2, Sedgecombe Avenue, Kenton Harrow,
Middlesex, HA3- OHL (U.K.)

કરુણાનિધિ હાલારી જનતાના પરમ ઉપકારી

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજને કોટિવંદન જેમની કૃપાથી

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે જૈન સાહિત્યથી જૈન જગતને

ઉદ્ધાર કરી તેમની પ્રેરણાથી જૈન શાસનને જાગૃતિ આપતા

'જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

સમ્યક્ત્વ રૂપી મહારત્નનો પ્રકાશ

સમ્યક્ત્વની દુર્લભતા દર્શાવ્યા બાદ જ્ઞાની મુનિવર રાજાને ઉદ્દેશીને કહે છે કે, સમ્યક્ત્વ એ એક મહા રત્ન છે. એ રત્ન હૃદયની અંદર પ્રકાશ પાથરે છે. જ્યારે એ મહા રત્ન હૃદયની અંદર દેદીપ્યમાન બને છે, ત્યારે વિશેષ જાણવાને સમર્થ એવા જીવો દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ રૂપ જે તત્ત્વત્રયી છે, તેને જાણી શકે છે.' જ્યાં સુધી હૃદયની અન્દર સમ્યક્ત્વ રૂપી મહા રત્ન દેદીપ્યમાન બનતું નથી, ત્યાં સુધી બુદ્ધિશાળી અને સમજવાની સારી શક્તિ ધરાવતા જીવો પણ દેવતત્ત્વને, ગુરુતત્ત્વને અને ધર્મતત્ત્વને યથાર્થ સ્વરૂપમાં જાણી શકતા નથી. એવા જીવો દેવને માને અને દેવના સ્વરૂપની વાત કરે, એવું પણ બને; ગુરુને માને અને ગુરુના સ્વરૂપની વાત કરે એવું પણ બને; તથા ધર્મને માને અને ધર્મના સ્વરૂપની વાત કરે એવું પણ બને; પણ એ જીવો દેવનું વાસ્તવિક સ્વરૂપ કેવું હોય અને ધર્મનું વાસ્તવિક સ્વરૂપ કેવું હોય, ગુરુનું વાસ્તવિક સ્વરૂપ કેવું હોય, એનો સુન્દર નિર્ણય કરી શકતા નથી અને એથી તેઓ દેવ-ગુરુ-ધર્મને માનવાની અને દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપને જાણવાની જે વાતો કરે છે, તે વાતો યથાર્થ હોતી નથી. આમ થવાનું અટલનું કારણ એ જ છે કે, એમના અન્તરમાં જે પ્રકાશ પથરાવો જોઈએ, તે પ્રકાશ પથરાયો હોતો નથી અને એથી તેઓ જે જોવું છે, તેને તથા જે સ્વરૂપે જોઈ-જાણી શકતા નથી. જ્યારે આત્મામાં સમ્યક્ત્વ રૂપી મહા રત્ન પ્રગટે છે, ત્યારે જ એ આત્માના અન્તરમાં સાચો પ્રકાશ પથરાયો પામે છે.

Bindubeen Alkesh Shah

Post Box No. 49401, Nairobi,
East Africa - Kenya.

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

सत्यधर्मनी मशाल प्रज्वलित करनार
संवेगी शिरताज–महा योगीराज

પૂ. શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજ

પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં જૈનશાસનનો ડંકો વગાડનાર પંજાબી સાધુઓમાં શ્રી બુટેરાયજી મહારાજ પ્રથ પંક્તિમાં બિરાજે છે. તેઓ ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસી અને ક્રિયાકાંડમાં નિપુણ સાધુવર્ય હતા.

શ્રી બુટેરાયજી મહારાજ જન્મે શીખ હતા. તેમનો જન્મ વિ. સં. ૧૮૬૩ માં લુધીયાણા નજીક દુલવા ગામમાં થયો હતો. તેમનું જન્મનામ બુટ્ટાસિંહ હતું. માતાનું નામ કમદિ અને પિતાનું નામ ટેકસિંહ હતું. માતા કમદિને સુસ્વપ્નથી સૂચિત એક પુ જન્મ્યો, એટલે માતાને મનોમન એવી પ્રતીતિ તો હતી જ કે પુત્ર અસાધારણ થશે. એમાં બાળક બુટ્ટાસિંહને ધાર્મિક વાચન અને ક્રિયાકાંડમ વિશેષ રુચિ હતી. તે જોઈને માતાને પોતાની શ્રદ્ધા દઢ થતી દેખાતી હતી. એટલે માતાએ પુત્રમાં ધર્મના સંસ્કારો સિંચવામાં ખૂબ જ કાળજી લી હતી. એક વખત બુટ્ટાસિંહે માતા સમક્ષ પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે, 'મારે સાધુ થવું છે.' પ્રથમ દૃષ્ટિએ માતાને એ ગમ્યું નહિ. પરંતુ સ્વપ્ન .દ આવતાં સહર્ષ સંમતિ આપી અને આશિષ આપતાં કહ્યું કે, 'જા પુત્ર, સાધુ થજે. પણ સાધુ થયા પછી સંસારની મમતામાં પડીશ નહીં. તું ાચો સાધુ થજે.'

બુટ્ટાસિંહનું મન તત્કાલીન શીખ ધર્મના સાધુઓ કરતાં જૈન યતિઓ અને સ્થાનકવાસી સાધુઓ પ્રત્યે વધુ આક ંુ હતું. માતાના આશીર્વાદ લઈ, ઘર છોડી નીકળેલા બુટ્ટાસિંહે અનેક સાધુઓનો સમાગમ કર્યો. વિ. સં. ૧૮૮૮ માં દિલ્હીમાં એક સ્થાન વાસી સાધુ પાસે દીક્ષા લઈ શ્રી બુટેરાયજી મહારાજ નામે જાહેર થયા.

શ્રી બુટેરાયજીનું પ્રથમ લક્ષ્ય સંસ્કૃત અને અર્ધમાગધી ભાષાનું જ્ઞાન સંપાદન કરીને શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરવાનું હતું આ પરિશીલનનાં સુફળ પ્રાપ્ત થયાં. તેનાથી સમગ્ર જૈનશાસનમાં એક મહાન ક્રાંતિ આવી. તેમણે સ્થાનકવાસી સંપ્રદાયને માન્ય એવા ત્રીસ આગમોનું ઝીણવટપૂર્વક વારંવાર અધ્યયન કર્યું. આ ક્રમ પાંચેક વર્ષ ચાલ્યો. પરિણામસ્વરૂપ, તેમના મનમાંથી મૂર્તિપૂજાનો વિરોધ નીકળ ગયો. જેમ જેમ શાસ્ત્રના મૂળ પાઠોનું વધુ ને વધુ ચિંતવન કરતા ગયા, તેમ તેમ મૂર્તિપૂજામાં તેમની શ્રદ્ધા દઢ થતી ચાલી. અને એક દિવસ પોત ના બે શિષ્યો-શ્રી મૂલચંદજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદજી મહારાજ-સાથે અમદાવાદ આવીને શ્રી મણિવિજયજી દાદા પાસે સંવેગી દીક્ષા ારણ કરી. પછી તેઓશ્રીનું નામ શ્રી બુદ્ધિવિજયજી રાખવામાં આવ્યું. તેમ છતાં, તેઓશ્રી બુટેરાયજી મહારાજ તરીકે વિશેષ ઓળખાતા રહ્ .

જન્મે શીખસંતાન હોવાથી તેમનું મનોબળ ખૂબ દઢ હતું. પોતાને યોગ્ય લાગે તે મત વ્યક્ત કરતાં તેઓ કદી અચકાત નહીં. પરિણામે અનેક વારના શાસ્ત્રાધ્યયનને આધારે મૂર્તિપૂજા અને મુહપત્તિના પ્રશ્નોને તેમણે હિંમતપૂર્વક જાહેર કર્યા અને તે પ્રમાણે અનુ રવાનો અનુરોધ કર્યો. ગુજરાનવાલા ચાતુર્માસ વખતે તેમણે પોતાના આ મતને સંઘ સમક્ષ વહેતો મૂક્યો; શાસ્ત્રીય રીતે સિદ્ધ કરી બત વ્યો. પરિણામે, શિયાલકોટ, પતિયાલા, પપનાખા, અમૃતસર, પસરૂર, રામનગર, અંબાલા આદિ અનેક સ્થળોએથી તેમને અનુસરનારા સં ો થયા. એમાં બે પ્રખર શિષ્યોનો ઉમેરો થયો. સં. ૧૯૦૨ માં શિયાલકોટમાં મૂલચંદને દીક્ષા આપી અને સં. ૧૯૦૮ માં રામનગરમાં વૃદ્ધિચં ને દીક્ષા આપી. આ ત્રિપુટીએ સત્યધર્મની મશાલ પ્રજ્વલિત કરી જૈનશાસનના પ્રચાર-પ્રસાર માટે વિહાર આદર્યો. સં. ૧૯૧૧ માં સિદ્ધા લજીની યાત્રાએ આવ્યા. ભાવનગર ચાતુર્માસ કર્યું. અહીં પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના સાહિત્યનું અવગાહન કર્યું. એ ોમાસું વિતાવીને સં. ૧૯૧૨ માં અમદાવાદ મુકામે પૂ. મણિવિજયજી દાદા પાસે સંવેગી દીક્ષા લીધી. શેઠ પ્રેમાભાઈ, હેમાભાઈ, દલપતભ ઇ આદિ તેમના શ્રાવકો થયા. આ ત્રિપુટીએ ગુજરાતમાં રહીને યતિઓ સામે જેહાદ જગાવી. સંવેગી ધર્મની વિજયપતાકા ફરકાવી. સાધુ ોને સન્માનનીય સ્થિતિ આપી. છ વર્ષ જેટલાં લાંબા સમય સુધી પંજાબમાં વિચરી ધર્મ પ્રત્યેના વાદવિવાદ અને મતભેદો શમાવ્યા. સં. ૧૯૨૯માં પુનઃ ગુજરાતમાં પધાર્યા ત્યારે તેમના શિષ્ય આત્મારામજી મહારાજ સાથે ૧૭ સાધુઓએ સંવેગી દીક્ષા ગ્રહણ કરી, એ એક ઐતિહ સિક ઘટના હતી.

શ્રી બુટેરાયજી મહારાજની પડછંદ કાયા જોઈને થતું કે તે સમયે તેમના જેવા પ્રભાવી સંવેગી સાધુ સ્થાનકવાસીમાં યતિઓમાં પણ કોઈ ન હતા. તેઓ પ્રતાપી હતા અને સત્ય તથા સંયમની મૂર્તિ હતા. તેઓશ્રીએ મૂલચંદજી મહારાજને ગુજરાત, વૃદ્ધિચ દજી મહારાજને કાઠિયાવાડ, આત્મારામજી મહારાજને પંજાબ અને નીતિવિજયજી મહારાજને સુરત તરફના પ્રદેશ ભળાવ્યા હતા. પ રિણામે તેઓશ્રી શિષ્ય-પ્રશિષ્ય આદિનો વિશાળ સમુદાય ઊભો કરી શક્યા હતા. એ સત્યવીર મહાયોગી સં. ૧૯૩૯ માં અમદાવાદમાં કા ધર્મ પામ્યા. એ શીખસંતાનને ધન્ય છે, જે શ્રી મહાવીર પ્રભુના શાસનમાં સંઘનાયક બન્યા!

(સંકલન :- પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂ !જી મહારાજ)

Paresh & Anup Ratilal Gudka

16, WINCHFIELD CLOSE, HARROW,
HA3- ODT. (U.K.)

પરમ નિઃસ્પૃહી તપસ્વી **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની કૃપાથી હાલાર અને હાલારીઓ જાગૃતિને કારણ **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે** હાલારી અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

કર્મ સાથે સંગ્રામ ખેલવાથી સમ્યક્ત્વ પમાય

દેશનામાં ગુરુએ પહેલા શીલનો મહિમા વર્ણવ્યો અને તેમાં રાજાને ઉદ્દેશીને એમ પણ કહ્યું કે, શીલનું અદ્‌ભુત માહાત્મ્ય તમે જાતે જ હમણાં જોયું છે. કનકાવતીએ તો શીલના મહિમાનો અનુભવ પણ કરેલો. શીલનો મહિમા વર્ણવ્યા પછી તરત જ ગુરુ મહારાજે સમ્યક્ત્વને પામવાની પ્રેરણા કરી. ગુરુ એમને સમ્યક્ત્વ પમાડવા દ્વારા માર્ગે ચઢાવવા ઈચ્છતા હતા, એટલે કહ્યું કે, તમારા જેવાએ તો સમ્યક્ત્વ પામવું જોઈએ અને તમે સમ્યક્ત્વ પામો, એ જ તમારે માટે પરમ હિતકારક છે. પછી સમ્યક્ત્વને પામવા માટે શું કરવું જોઈએ, એ પણ બતાવ્યું. એમાં એ વાત પહેલી કહી કે ભવ્ય જીવો જ સમ્યક્ત્વ પામી શકે છે. ભવ્ય જીવો પણ ત્યારે જ સમ્યક્ત્વને પામી શકે છે કે, જ્યારે તેમનો સંસારકાળ અર્ધ ચરમાવર્ત્તથી પણ ઓછો રહ્યો હોય. સમ્યક્ત્વ પામવા માટે કાળ અનુકૂળ થયો હોય, તોય કર્મની સામે સંગ્રામ ખેલ્યા વિના સમ્યક્ત્વ પામી શકાતું નથી. સમ્યક્ત્વ ક્યારે પમાય ? મિથ્યાત્વને માંદું પાડીને એને જ્યારે દબાવી દેવામાં આવે ત્યારે ને ? એ માટે ગુરુએ દેવ-ગુરુ-ધર્મ એ તત્ત્વત્રયીના સ્વરૂપનું વર્ણન પણ કર્યું.

Motiben Meghji Shah



2.A-MORTON WAY, SOUTH GATE,
LONDON- N.14-7HP- ENGLAND



હસ્તે સુપુત્રો :

અનીલ, ચંદ્રકાન્ત સુધીર

હજારના તારણહાર **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ના
બોધના ઘોઘથી અને **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ની
પ્રવચનોથી જૈન ધર્મનો પ્રચાર કરનાર **શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા.**

સેંકડો શિષ્યો-પ્રશિષ્યોના ચિંતામણિ સમા; વિશાળ મુનિગણના શિરતાજ સમા;
સામ્પ્રતકાલીન શ્રમણસંઘના મહાન સૂત્રધાર; પ્રથમ પીયૂષપયોનિધિ; પરમ તા[ર]ક [ગુ]રુદેવ

પૂજ્ય પંન્યાસ શ્રી મણિવિજયજી દાદા

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પ્રભુએ પચ્ચીસસો વર્ષ પૂર્વે ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી. પ્રભુજી ૭૨ વર્ષનું આયુષ્ય પાળી, અઘાતિ કર્મનો [ના]શ કરી નિર્વાણ પ[ા]મ્યા. પ્રભુજીની પાટે શ્રી સુધર્માસ્વામીજી આવ્યા. ત્યાર બાદ ચરમ કેવલી શ્રી જંબૂસ્વામીજી આવ્યા. આ પાટપરંપરામાં [૬]૨૭મા ગુરુ શ્રી વિજયહીરસૂ[રિ]જી મહારાજ ૫૮ મી પાટે થયા. ૬૯મી પાટે પં. શ્રી કીર્તિવિજયજી ગણિ થયા. તેમનો જન્મ ખંભાતમાં સં. ૧૮૧૬માં થયો હતો. તેમણે સં. ૧૮૩૬માં દીક્ષાઅંગીકાર કરી લ[ી]. તેમના શિષ્ય પં. શ્રી કસ્તૂરવિજયજી ગણિ થયા. તેમનો જન્મ સં. ૧૮૩૩માં પાલનપુરમાં થયો હતો. તેમણે સં. ૧૮૭૦માં પૂ. પં. કીર્તીવિજયજી મહારાજ પાસે દીક્ષા [અં]ગીકાર કરી હતી. તેમના શિષ્ય પં. શ્રી મણિવિજયજી દાદા શ્રી સુધર્માસ્વામીની ૭૮મી પાટે થયા.

ગુજરાતની ધરતી પર અનેક પવિત્ર તીર્થો છે, તેમાં ભોયણીજી એક પ્રભાવક અને પવિત્ર તીર્થ છે. ભોયણીજીની ભાગોળમાં અમાર નામે ગ[ા]મ છે. ત્યાં વીશા શ્રીમાળી જ્ઞાતિના જીવાભાઇ શેઠ વસતા હતા. તેમના ધર્મપત્નીનું નામ ગુલાબદેવી હતું. સં. ૧૮૫૨ના ભાદરવા સુદમાં ગુલાબદેવીની કુક્ષીએ એક [૨]ત્નનો જન્મ થયો. બાળકનું નામ મોતીચંદ પાડ્યું. શાળાનું સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કરીને મોતીચંદ પિતાના ધંધામાં જોડાયા. અને ધંધાર્થે જેડા જિલ્લાના પેટલી ગામ [આ]વીને વસ્યા. [અ]ત્યારસમાં તેમને સાધુ-શિરોમણિ પં. શ્રી કીર્તિવિજયજી મહારાજનો માતર તીર્થે સમાગમ થયો અને તેમના ઉપદેશથી વૈરાગ્યવાસિત બન્યા. આગળ [જ]તાં દીક્ષા લેવા તત્પર બનતાં વિ. સં. ૧૮૭૭માં પાલી મુકામે પૂ. પ. શ્રી કીર્તિવિજયજી મહારાજે તેમને ૨૫ વર્ષની ભરયુવાન વયે દીક્ષા આપી શ્રી મણિવિજયજી [ના]મ જાહેર કર્યા.

શ્રી મણિવિજયજી ગુરુસેવા સાથે અભ્યાસમાં પણ પ્રગતિ કરવા લાગ્યા. તપસ્યા તો તેમનો શ્વાસોચ્છ્વાસ બની રહી. મહિનો-બે મહિના ઉપવા[સ] કરે. એકાસણાં તો [ચા]લુ જ હતાં. એકાસણાંથી ઓછું તો પ્રાયઃ પચ્ચક્ખાણ ન મળે અને તે પણ ઠામચોવિહાર. આમ, પૂજ્યશ્રીએ બાહ્ય અને આભ્યંતર જીવન પવિત્ર અ[ને] નિર્મળ બનાવ્યું. તેઓશ્રી મહાન પરંતુ અને ઉગ્રવિહારી હતા. એનાથી પ્રભાવિત થઈને અનેક પુણ્યશાળી આત્માઓ તેમના શિષ્યો બન્યા. સં. ૧૯૦૧માં શ્રી [ન]ંદરત્ન જી, શ્રી મ[ણિ]ચંદ્રજી અને શ્રી બુદ્ધિચંદ્રજીને દીક્ષા આપી.

શ્રી મણિવિજયજી દાદાના અપ્રતીમ ગુણો : બાલ્યાવસ્થાથી સદ્ગુણો અને ધાર્મિક વૃત્તિવાળા માબાપના ઉત્સંગમાં ઉછરેલા આ મહાત્માના [જી]વનમાં [જ]ન્મદાતા માતાપિતાએ જન્મના જીવનમાં જેવી તો અક્ષય સુવાસ પૂરી કે જે તેમના જીવન પર્યંત અખૂટ રહી. આ વિનીત મુનિવરે પોતાની શારીરિક શક્તિ [ન]હીં જોતાં ગુરુની આજ્ઞાને માથે ચઢાવી ઠેઠ ગુજરાત સુધીના વિશાળ વિસ્તારમાં સતત વિહાર કર્યો. પ્રસન્ન મુખ કદી ગ્લાન કર્યું નહીં. સાનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગોમાં, વિહારમાં, તપ[સ્યા]માં, કષ્ટ સહન કરવામાં કદી પાછા પગલાં ભર્યાં નહીં. આમના વ્યક્તિત્વમાં મળતાવડાપણાનો મહાન ગુણ હતો. તેથી આજે તે સમુદાયના મુનિવર્યો સાથે તમને સ્નેહના તંતુથી [જો]ડાયેલા હોવાનો ભાસ થશે. કોઈના હૃદયના ઊંડાણનો તાગ કાઢવાની કોશિશ કરો, વિચારોની ગહનતાના ઊંડાણને સાગરસમુદાયના કે વિમલ સમુદાયના. તેઓશ્રી કોઈપણ મુનિ સાથે વિચરતા કે ચોમાસું કરતા [હો]ય ત્યારે પણ સમ્યક્ત્વશિરોમણિ પર્યંતનો વિહાર કર્યો હતો, અને તે સૌની પ્રીતિ સંપાદન કરી હતી. અન્યનું કાર્ય કરવાની, સેવા કરવાની શક્તિ તેમનામાં [અ]પૂર્વ હતી. ૭૮ વર્ષની [વ]યે પણ સ્વયં પોતાનું કપડું ધોઈ લેતા હતા, પોતાની ઉપધિ-ઓની તેઓ પ્રતિલેખના કરી લેતા હતા, છેલ્લે છેલ્લે ખંભાતમાં રત્નશાગરજીની તબીયત ખૂબ જ નાદુરસ્ત હોવાથી તેમની સેવા માટે મુનિ શ્રી સિદ્ધિવિજયજી [ને] ખંભાત મોકલી આપ્યા. ત્યારે શ્રી સુધર્મવિજયજીને પણ મોકલ્યા. પરંતુ વચ્ચેની આવી અવસ્થામાં તેમને છોડી ન[હો]તા, એ શિષ્યને ગમ્યું નહિ; પણ ગુરુઆજ્ઞા [એ] ધર્મ હોવાથી તેમણે ખંભાત જવાનો વિચાર કર્યો નહિ, અને અંતે પરિણામ એ આવ્યું કે ગુરુ-શિષ્યનો ફરી મેળાપ થઈ શક્યો નહિ.

કલ્યાણક પાત્ર તપશ્ચર્યાના પારણે ચલનસીલતાની ન્યૂનતા હોવાથી કયાંય પ્રભુની વિશેષ જરૂરતમાં આવે છે. પરંતુ આ પ્રણાંત મહાત્માએ તો તેને પ્રથ[મ] થી જ અવગણ્યું હતું. જીવનભરમાં પાત્રોના કોઈ પક્ષપાત હોવાથી ગુરુઓનું અન્ય ઉપાશ્રયે જવામાં કોઈ શિથિલતા થતી. પરંતુ આ મહાત્માની પ્રસન્ન મુખમુદ્રા [અ]ને અનાયાસેજ નિ:સ્પૃહતા જન્મ પામતા ગુણોને લીધે આકર્ષાઈને પ્રાયઃ સર્વ કોઈ એમનો દર્શન અને વંદનનો લાભ લેવા આવતા. અનુભવીઓ કહેતા કે [આ] મહાત્મા પાસે કરોડો વિદ્વાનના અને કોઈ પાસ અજરામર તેમના લાભમાં પરંતુ કે નવકારવાળી લોપ જ. તેમને નવકારવાળી ગણવાના વિશેષ અભ્યાસ હતો. જ્ઞાન [ધ્યા]ન, પઠન-પાઠનમાં પરિવારી, વ્યવહારમાં વત્સલતા રાખી, જ્ઞાનાદિ આચારનું રક્ષણ કરતાં જ્યાં સુધી શારીરિક સ્થિતિ નભી શકી ત્યાં સુધી અપ્રતિબદ્ધ વિહાર કરી, [અ]નિયતવાસ કરી, અપ્રતિચારીને શુદ્ધ યથાર્થ આરાધન કર્યું. અકિંચન નિર્ગ્રંથ એવા આ બાલબ્રહ્મચારી મહાત્માએ લગભગ ૬૮ વર્ષ પર્યંત વિશુદ્ધ ચારિત્ર પાળી ભવ્ય જીવનનો [પ]રિપાક કર્યો. ઉત્તરોત્તર આરાધનાપૂર્વક પરિણામ કર્યું. આયુષ્યારી પૂરા આ સાચા અભિલાષીએ જીવનમાં ઘણીવાર ચારે આહારનો ત્યાગ કર્યો, આયુષ્યારીરૂપ મ[હા] યાત્રા પ્રારંભતા પહેલાં ચાર આહારનો ત્યાગ કર્યો. અને પરિણામે સં. ૧૯૮૩માં આસો સુદ ૮ ને દિવસે પંચપરમેષ્ઠી ધર્મ પામ્યા.

તેઓશ્રીએ સં. ૧૮૭૭માં દીક્ષા ગ્રહણ કરી; સં. ૧૯૨૨ ના જેઠ સુદ ૧૩ને દિવસે પંન્યાસપદ અર્પવામાં આવ્યું. સં. ૧૯૨૮માં તેમને હસ્તે જ્યેષ્ઠ મ[ુનિ] શ્રી વિજયજીને ગણિપદ સ્થાપવામાં આવ્યું.

તપસ્વીની જેમ પૂજ્યશ્રીને સાત શિષ્યો હતા : શ્રી અમૃતવિજયજી, શ્રી પદ્મવિજયજી, શ્રી બુદ્ધિવિજયજી, (બૂટેરાજી), પં. ગુલાબવિજયજી, પં. [ન]ંદિવિજયજી, શ્રી [મ]ણિવિજયજી અને આચાર્ય શ્રી વિજિયસૂરીશ્વરજી, વર્તમાનમાં લગભગ એકહજાર સાધુઓ પૂ. મણિવિજયજી દાદાના પરિવારમાં વિચરે છે, જે વર્તમાન [સુ]વિશાળ સમુદાયના મા[ળ] ભાગ રૂપે છે. પૂજ્યશ્રીના પ્રતાપી અને વિશાળ શિષ્ય-પ્રશિષ્ય પરિવારથી શાસનપ્રભાવનાનાં કાર્યો અવિરત ચાલતાં જ રહે છે.

(વિ[ક્રમ] સં. વિ. સં. ૧૯૮૮માં અમદાવાદમાં જૈન વિદ્યાશાળામાં પ્રગટ થયેલું દાદાનું સંક્ષિપ્ત જીવનચરિત્ર અને મુનિરાજશ્રી જિનેન્દ્રવિજયજી (હાલ આ[ચા]ર્ય) ના એક લેખના આધારે સાભાર.)

MANIBEN K. SHAH FAMILY
150, Reynolds Drive, EDG Ware, Midd'x, U.K. Code HA8-5PY.

હાલાર દેશોદ્ધારક
પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજા**ની પરમ કૃપાથી અને પરમ
ઉપકારી પૂ. આ. **શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ની શુભ પ્રેરણાથી
જૈન શાસનનો જયકાર કરાવતા
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

તમારામાં કોઈ માલ હોય નહિ અને દેવ-દેવી તમારાં બોલાવ્યાં આવે, એમ માનો છો ?

દુનિયામાં ઉત્તમ ગણાતી કેટલીક વસ્તુઓ જ્યાં હોય છે, ત્યાં અધિષ્ઠાતા હોય છે, એવી માન્યતા આર્ય દેશમાં પ્રચલિત હતી અને અત્યારે પણ એ માન્યતા ધરાવનારા માણસો છે. એ માન્યતા સાવ ખોટી પણ નથી. એટલે અધિષ્ઠાતાને બોલાવે અને એ આવે, એ અસંભવિત નથી. પણ અવસરે આપણાં બોલાવ્યાં દેવ-દેવી આવે, એ માટે આપણી પાસે મૂલ્ય જોઈએ ને ? મૂલ્ય હોય નહિ અને દેવ-દેવીને બોલાવવા માગીએ, તો મહેનત માથે જ પડે ને ? આજે દેવ-દેવીઓને બોલાવવા કેટલાક બહુ ભટકે છે. આ દુનિયામાં જેટલા શ્રી વીતરાગ પરમાત્માના પૂજારી નથી, તેટલા દેવ-દેવીઓના પૂજારી છે. પણ દેવ-દેવીઓ શું એમ જ આવી જાય ? શું જોઈને એ આવે, એટલો વિચાર તો કરવો જોઈએ ને ?

દેવ-દેવીને બોલાવવાની વાતો કરનારા, પોતાના મનમાં એમ માને છે કે, દેવ-દેવી વેવલા છે ? તમારામાં કાંઈ માલ હોય નહિ ને દેવ-દેવી તમારાં બોલાવ્યાં આવે, એમ માનો છો ? કેમ એ વિચાર કરતા જ નથી કે, દેવ-દેવી આવે તે શા ઉપર આવે ? આ કલાવતી પાસે તો મૂડી હતી. એણે દેવીને કહ્યું કે, 'આ બાળકને બચાવવાનો ઉપાય કર ! જગતમાં શીલ જયવન્તું ગવાય છે અને જો ખાતરી હોય કે, મેં મારા શીલને લેશ માત્ર કલંકિત કર્યું નથી, તો તું આ બાળકના પાલનનો ઉપાય આચર !' દેવીએ આથી બાળકના પાલનનો ઉપાય આચર્યો. કેવી રીતે આચર્યો ? કલાવતીને પહેલાંની જેમ બાહુવાળી બનાવી દઈને ! કલાવતી પાસે શીલનું બળ હતું. તમારી પાસે એવું કયું બળ છે કે, જે બળ ઉપર મુસ્તાક રહીને તમે દેવ-દેવીને બોલાવવાની આશા સેવો છો ? દેવીએ આવીને કલાવતીએ જે માંગ્યું હતું, તે આપ્યું. કલાવતીની માગણીય એવી હતી કે, દેવીને એની માગણી વાજબી જ લાગે.

તમારી પાસે દેવ-દેવી આવતાં નથી, પણ કદાચ એ આવી જાય, તો તમે શું શું માંગો ? અને એક વાર માંગીને પણ તમે એનો પીછો છોડો ખરા ? પછી તો તમારે વાત-વાતમાં દેવ-દેવીનો જ ખપ પડ્યા કરે ને ? અહીં દેવીએ કલાવતીના બાહુ હતા તેવા કરી દીધા, પછી એની પાસે કોઈ માગણી કરી નથી, નહિતર એની પાસે દેવી દ્વારા કામ કરાવવા જેવું તો ઘણું હતું ને ? જંગલમાંથી મહેલમાં પાછા જવું નહોતું ? પતિને એની ભૂલનું ભાન કરાવવું નહોતું ? અને પોતાના શીલનો આવો પ્રત્યક્ષ મહિમા જોયા પછીથી તો એ મહિમા રાજાને બતાવવાનું, સપત્નીઓને બતાવવાનું અને લોકોને બતાવવાનું મન થાય નહિ ? એ માટે પણ કલાવતી દેવીની સહાય માંગે નહિ ? પણ કલાવતીએ એવું કાંઈ જ કર્યું નથી.

SHANTABEN RATILAL SHAH (GUDHKA)
16, WINCHFIELD CLOSE,
KENTON HARROW, MIDDLESEX HA3, ODT, U.K.

ત્યાગ તપની મૂર્તિ, પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની કૃપાથી અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી જૈનં જયતિ શાસન
જગતના શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

ક્રોધાતુર જીવની દુર્દશા

ચાર કષાયોની આ રીતે વાત કર્યા પછી જ્ઞાની ગુરુ મહારાજ ક્રોધની વાત વિશેષપણે કરે છે, કારણ કે અહીં ક્રોધનો પ્રસંગ બનેલો છે અને એમાંથી જ રાજાને શોક જન્મેલો છે. ગુરુ મહારાજ કહે છે કે, 'જે માણસો ક્રોધથી આતુર બની જાય છે, તે માણસો કાર્ય શું અને અકાર્ય શું, એ જાણતા નથી! તેમજ યુક્ત શું અને અયુક્ત શું, હિતકારી શું અને અહિતકારી શું, સાર રૂપ શું અને અસાર રૂપ શું તથા ગુણકારી શું અને અગુણકારી શું એમાંનું કાંઈ પણ તેઓ જાણતા નથી!'

આ વાત પણ સાચી જ છે કે, ગમે તેવો જ્ઞાની પણ જ્યારે ક્રોધને આધીન બની જાય છે, ત્યારે એ પોતાના આવેશમાં કાર્યાકાર્યના, યુક્તાયુક્ત-હિતાહિતના, સારાસારના અને ગુણાવગુણના જ્ઞાનને વીસરી જાય છે. ક્રોધના અભાવમાં ઘણો ડાહ્યો ગણાય તેવો માણસ પણ જ્યારે ક્રોધના આવેશને આધીન બની જાય છે, ત્યારે એ મૂર્ખ કરતાંય મૂર્ખ અને પાગલ કરતાંય પાગલ બની જાય છે. માનાદિને અધિકપણે આધીન બની ગયેલાઓની પણ આવી જ દશા થાય છે, પણ ક્રોધ તો જીવને મારું કે મરું એવું હાલત પમાડી દે છે ને? એથી જ ક્રોધી સ્વભાવના માણસો મોટે ભાગે કોઈનાય પ્રીતિપાત્ર બની શકતા નથી અને પ્રીતિપાત્ર બન્યા હોય, તોય એ પ્રીતિનો નાશ થઈ જતાં વાર લાગતી નથી. વાત વાતમાં જેઓને ગુસ્સે થવાની ટેવ પડી ગઈ હોય છે, વાત વાતમાં જેઓ છંછેડાઈ જાય છે, વાત વાતમાં જેઓ મગજ ઉપરનો કાબૂ ગુમાવી બેસે છે અને વાત વાતમાં જેઓ ગુસ્સાને આધીન બનીને ગમે તેમ બોલી નાંખતા હોય છે, તેઓના ઉપર પ્રાયઃ કોઈનાય હૈયામાં સદ્‌ભાવ પેદા થતો નથી. તેઓને જો આંખ ને હૈયું જોવાને હોય, તો તેઓ જોઈ શકે કે દિલથી મને કોઈ ચાહતું નથી.

ગુરુ મહારાજ આ પછી રાજાને કહે છે કે, 'જ્યારે જીવ ક્રોધાતુર બને છે, ત્યારે એ ક્રોધી જીવ એવું કરે છે કે, જે કરવાથી એ આ લોકમાં પણ દુઃખ પામે અને પરલોકમાં પણ દુઃખ પામે!' આટલું કહ્યા પછી ગુરુ મહારાજ સીધું રાજાને કહે છે કે, 'રાજન્! તમને પણ ક્રોધથી જ અનર્થ થયો છે, જે પદ્મ રાજાની જેમ તમને શલ્યની જેમ પીડી રહ્યો છે.'

EDGWARE SATSANG MANDAL
C/O. 150, REYNOLDS DRIVE, EDGWARE,
MIDD'X, HA8- 5-PY. (U.K.)

પ્રગટ થા પાસજી મેલી પડદો પરો...

- મુનિશ્રી હિતવર્ધન વિજયજી.

શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દર્શન કરવાની અદમ્ય ઈચ્છા હૃદયને સતાવતી હતી. એ ઈચ્છાને મહોપાધ્યાય શ્રી ઉદયરત્નજીએ ઉપદેશના બિંબામાં ઢાળી. ઉપદેશ પર ભારે અસરકારક બની ગયો.

ખેડા નગરના ભાવિક સંઘે ઉપાધ્યાયજી મહારાજની ઈચ્છાને મૂર્ત સ્વરૂપ આપ્યું. વિક્રમસંવત ૧૭૫૦ ના એ દિવસોમાં હજારો નર-નારીઓને સમાવતો શંખેશ્વર તીર્થનો છ'રી પાલક સંઘ ખેડાથી આરંભાયો.

ગામે-ગામ જિનશાસનની પ્રભાવના વિસ્તારતો એ સંઘ એક દિવસ પહોંચ્યો શંખેશ્વર ગામના પાદરે.

વિધિની વિચિત્રતા એ હતી કે શંખેશ્વરનો ઠાકોર ત્યારે પરોક્ષ રીતે મંદિર પર કબ્જો જમાવીને બેસી ગયો હતો. દૂર-દૂરના દેશોથી કષ્ટ ખેડીને આવતાં યાત્રાળુંઓ પાસેથી તે એક ગીનીનો કર લેતો. ત્યારપછી જ એમને દર્શન-પૂજન કરવાની સંમતિ મળતી.

ખેડાથી આવી પહોંચેલા સંઘનું સામૈયું ખૂબ ધામધોમ આગળ વધી રહ્યું હતું. મંદિરના પટાંગણમાં એ જ્યારે ઠલવાયું ત્યારે ખાસ્સું મોડું થઈ ગયું હતું.

ગિન્નાયેલાં ઠાકોરે મંદિરે તાળા મરાવી પૂજારીને કડક આદેશ આપી દીધો, ખબરદાર છે, દ્વાર ઉઘાડ્યાં છે તો.

આ સમાચાર પહોંચ્યાં ઉદયરત્નજી મહારાજના કાને. એમણે ઠાકોરને ખૂબ સમજાવ્યો. અન્ન-જળના ત્યાગ છે અમારે. દર્શન નહિ થાય ત્યાં સુધી કોઈ જમશે નહિ. પણ બધું જ પત્થર પર પાણી.

ઠાકોર નિષ્ઠુર બનીને બારણાની આડે ઉભો રહી ગયો.

તો ઉદયરત્ન મહારાજ પણ દર્શન કરીને જ ઝંપવાના પ્રણિધાન સાથે અડોલપણે ઉભા હતાં. સકળસંઘને પણ ગજબની પ્યાસ હતી, પ્રભુ પાર્શ્વની મૂર્તિને હેતથી નીરખવાની.. હજારો નર-નારીઓ ભૂખ્યાં ને તરસ્યા ત્યાં જ ગોઠવાઈ ગયાં.

ઉદયરત્ન વિજય મહારાજની અંતરમાં તો ભક્તિનું વાવાઝોડું ઉભરાઈ આવ્યું હતું. અંતરના વલોણામાંથી પ્રગટેલા નવનીત જેવા શબ્દો ત્યારે ઉપાધ્યાયજીના મુખેથી નીકળી સ્તવન સ્વરૂપે ગુંજવા માંડ્યા..

પાર્શ્વ શંખેશ્વરા સાર કર સેવકા
દેવ કાં એવડી વાર લાગે !
"કોડી કર જોડી દરબાર આગે ખડાં
ઠાકુરાં ચાકુરાં માન માગે !"

ખૂબ નાજૂક ભાવોથી વ્યાપી આ શબ્દો હતાં. એક એક શબ્દો સાથે અંતરના આંસુ પણ વરસ્યાં, ઉપાધ્યાયજીના જ નહિ, સકળ સંઘના નેત્રોમાંથી. વાતાવરણ શબ્દમય બની ગયું.

રચના આગળ વધી. એમાં પંક્તિ રચાણી.. પ્રગટ થા પાસજી મેલી પડદો પરો.. એ કડીની પૂર્ણાહૂતિ ઉપાધ્યાયજી એ જ્યાં "ખલ જના નાથજી બંધ ખોલો" કહીને કરી, ત્યાં જ ઘર ધરણેંદ્ર પ્રસન્ન થયાં. બંધ દ્વાર તરત જ ઉઘડી ગયાં.

પેલો ઠાકુર ક્યાંય પલાયન થઇ ગયો.

પ્રતાપ સ્મરણ : પૂર્વજોનું

—પૂ. ગણિવર્યશ્રી જયદર્શન વિજયજી મ.

પ્રતાપી પૂર્વજોમાં પૂર્વજ શબ્દ તો સમજાય તેવો છે. જે પૂર્વના સમયમાં થઈ ગયા હોય તે પૂર્વજ. પ્રતાપી શબ્દ થોડો સમજવો પડે. પ્રતાપ બે રીતે પ્રાપ્ત થાય છે. એક તો પૂર્વના પુણ્યના ઉદયથી અને બીજી રીતે શાસનની સેવા દ્વારા. એનો ઉપયોગ પણ બે રીતે થાય. એક તો શાસનની સેવામાં અને બીજી રીતે પોતાની અંગત વાહવાહમાં.

પુણ્યના ઉદયથી સ્વાભાવિક રીતે જ જેઓને પ્રતાપ મળ્યો હોય તેઓ જો પોતાના એ પ્રતાપનો ઉપયોગ જો જિનશાસનની સેવામાં કરે તો સોનામાં સુગંધ મળે. જો જિનશાસનની સેવામાં તેનો ઉપયોગ ન થાય તો પોતાની શક્તિ શુભમાં ન વપરાયાનો વસવસો તેણે કરવો પડે. પણ જેઓ જિનશાસનની સેવા દ્વારા જ પ્રતાપ ઉભા કરે છે પછી એનો ઉપયોગ જિનશાસનની સેવામાં કરવાને બદલે પોતાની અંગત પ્રસિદ્ધિ-વાહવાહમાં કરે છે તેઓ ખૂબ જ ખોટું કરી રહ્યા છે. પહેલા એ વ્યક્તિને કોઈ ઓળખતું પણ ન હતું. પ્રતાપની વાત તો દૂર રહી. લોકો ઠેબે ચઢાવતા હતા. તેમાં વળી શાસનની સેવાના નાના-નાના કાર્યો કરતા પ્રસિદ્ધિ થતી ગઈ. લોકોમાં એનું નામ જામી ગયું. વગ-લાગવગ પણ વધતી ગઈ. પહેલા ખિસ્સામાં પણ પૂરો હાથ પહોંચતો ન હતો, હવે ભલભલા માંધાતાઓ સુધી હાથ પહોંચ થઈ ગયો. આ વખતે પોતાની આ શક્તિ અને પ્રતાપ જિનશાસનના પ્રભાવે છે એવું બરાબર જાણે છે છતાં એનો ઉપયોગ પોતાની સાંસારિક જરૂરીયાતો માટે સાધવા તો અંગત ઉપયોગ માટે કરે તો તદ્દન અનુચિત છે. મેળવવું બધું શાસન દ્વારા અને સામ્રાજ્ય જમાવવાનો અવસર આવે ત્યારે જિનશાસનનું સામ્રાજ્ય જમાવવાને બદલે પોતાનું સામ્રાજ્ય જમાવે તે માણસમાં કૃતજ્ઞતા નામનો ગુણ પણ ટકતો નથી. ખરો માર્ગ તો એ છે કે શાસન દ્વારા જે કંઈ પ્રાપ્ત કર્યું છે તેનો ઉપયોગ સામાન્ય સંજોગોમાં તો શાસન માટે થઈ જાય પણ પોતાની જાતને વેઠવાનો અવસર આવે તો વેઠીને પણ તેનો ઉપયોગ શાસન માટે જ કરવો. જાતને બચાવીને શાસનને ભોગ ન આપવો. શાસનને બચાવવા માટે જાતનો ભોગ આપવો. પ્રતાપની વાત થોડી આવી જ છે, અટપટી અને ખટમીઠી. હવે આપણે પૂર્વજોને યાદ કરીએ.

***

પૂર્વજોની વાતો બહું ન્યારી છે. આજના માણસો ધર્મકાર્યો કરતી વખતે પણ પોતાની સંકુચિત મનોવૃત્તિનું વરવું પ્રદર્શન કરે છે. જ્યારે પૂર્વનો સંસારના કાર્યોમાં પણ ક્યારેક અણધારેલી ઉદારતાનો દાખલો બેસાડી દે છે. ઘટના કંઈક આવી છે.

સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળમાં એક પ્રધાનમંત્રી હતા. નામ તેમનું શાંતૂ. ઈતિહાસમાં તેમના નામ ઉપર જાત-જાતની કથાઓ ચાલે છે. તેમના જીવનનો એક પ્રસંગ શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણમાં નોંધાયેલો જોવા મળે છે. જેમાં ઉદારતા અને ઉત્તમતાનો સમન્વય થાય તો શું બને તેનું દર્શન થાય છે.

એકવાર પૂ. આ. શ્રી વાદિદેવ સૂરિ મહારાજ પાટણમાં પધાર્યા હતા. તે અરસામાં જ મહામંત્રી શાંતૂએ પોતાનો એક નવો આવાસ બનાવ્યો હતો. જોતાં જ નજર ઠરી જાય તેવી ઘણી સામગ્રી એમાં હતી. લોકો તેના વખાણ કરતા થાકતા ન હતા. આ મકાનમાં એક દિવસ પૂ. આ. શ્રી વાદિદેવ સૂરિ મહારાજની પધરામણી શાંતૂ મહામંત્રીએ અતિઆગ્રહ પૂર્વક કરાવી. આચાર્ય ભગવંતની દૃષ્ટિમાં મકાનની વિશેષતાઓ આવી ગઈ હતી. પણ એમના મુખ ઉપરની એક પણ રેખા ફરતી ન હતી. મોઢેથી એક શબ્દ પણ નીકળતો ન હતો.

'કેવું લાગ્યું આ મકાન, ભગવન ?' શાંતૂ મહામંત્રીએ અંતે રાહ જોઈને પ્રશ્ન કર્યો. જવાબમાં વખાણના બે શબ્દો નીકળશે તેવી તેમને આશા હતી.

'પૌષધશાળા હોય તો તેનું વર્ણન થાય. ગૃહસ્થના મકાનની વિશેષતા સાધુ તો શું વલોવે ?' પૂ. વાદિદેવ સૂ. મ. કશો જવાબ આપે તેના પહેલા જ તેઓશ્રીના શિષ્ય માણિક્ય મુનીશ્વરે કહ્યું.

શાંતૂ મંત્રીના કલ્પના બહારની આ વાત હતી. પોતાને રહેવા માટે બેનમૂન મકાન તેમણે બનાવ્યું હતું. તેની પાછળ કંઈ કેટલી મધુર કલ્પનાઓ તેમના મનમાં

થતી હતી. પણ એના ઉપર મુનિવરના વચનોએ ઓટ લગાવી. વળતી પળે જ એમના મોઢેથી નીકળી ગયું: 'પૌષધશાળાને આપ વખાણશો ? લો, ત્યારે આ મકાન આજથી પૌષધશાળા બને છે.'

શાંતુ મંત્રીની આ આણધારી જાહેરાતથી આશ્ચર્યનું મોજું દરેકના ચહેરા ઉપર ફરી વળ્યું.

પછી તો પૌષધશાળાના જે ગુણગાન ગવાયા તેનાથી એક અદ્‌ભૂત વાતાવરણ ખડું થયું. પૌષધશાળાને અનુલક્ષીને જે જે જોઈએ તે બધું એ મકાનમાં ગોઠવાઈ ગયું. આરાધનામાં સહાયક સામગ્રી તો તેમાં હોય જ પણ વર્ણન કહે છે કે એ પૌષધશાળાની વ્યાખ્યાનશાળામાં બંન્ને પડખે આદમકદના બે આરીસા ગોઠવાયા હતા. ધર્મધ્યાન કરીને બહાર નીકળતા શ્રાવકો તેમાં પોતાનું મોઢું જોઈ શકે તે માટે જ તો. ધર્મધ્યાન પછીનો આનંદ મોં ઉપર દેખાય છે કે નહિ તેની પરીક્ષા પાકી થઈ જાય !

પૌષધશાળા નિર્માણનો લાભ લેવા તૈયાર થયેલા આજના દાતાઓ તેમના પૂર્વજના આ દાખલાને આદર્શ તરીકે સ્થાપીને આગળ વધશે તો આજની જે કંઈ નામીઓ દાતાઓને પીડી રહી છે તેમાં ઘણી ઘણી રાહત થઈ જાય.

***

કાળું નાણું અને ધોળું નાણું, આજની ભાષામાં જેને બ્લેક મની અને વ્હાઈટ મની કહેવાય છે. તેમાં બ્લેકમનીથી ધનવાન બનેલા પોતાના પૈસા જાહેર કરી શકતા નથી. સરકારની ચોરી કરીને ભેગા કરેલા છે. એટલે જાહેર થઈ જાય તો સરકાર તેની પાસેથી ઉપાડી લે. આવા માણસો પોતાના કાળાં નાણાંને બરાબર છુપાવીને રાખે છે. આજના મોટા ભાગના ધનવાનો પોતાનું ધન જાહેર કરી શકતા નથી. એ લોકો માટે સારા જાણવા લાયક પૂર્વજનો એક પ્રસંગ છે.

દિલ્હીમાં તે સમયે એક શ્રેષ્ઠિ રહેતા હતા. મહાણસિંહ તેમનું નામ. આ શેઠ સત્યવાદી છે. એવી પ્રસિદ્ધિ સમગ્ર દિલ્હીમાં હતી. ફરતી ફરતી આ પ્રસિદ્ધિ એક દિવસ દિલ્હીના સુલતાનના કાને આવી. સુલતાનને લાગ્યું કે વાત વધારે પડતી છે. માણસ સાચું બોલતો હોય તે માની શકાય તેવું છે. પણ માણસ બધી જ બાબતોમાં સાચું બોલતો હોય તે અસંભવિત છે. કેટલીક વાતોમાં તે સફાઈપૂર્વક જુઠું બોલ્યા વિના રહી શકે નહિ.

સુલતાનને પરીક્ષા કરવાનું મન થયું. બોલાવ્યા મહાણસિંહ શ્રેષ્ઠિને સુલતાને સીધું જ પૂછી લીધું: બોલો, શેઠિયા ! તમારી પાસે કેટલું ધન છે ?

'અત્યારે તો શું કહી શકું ? ચોપડા જોયા વિના સાચો આંકડો જાણાય શી રીતે ? આમે ય હું હોત તો ચોપડા જોઈને ચોક્કસ આંકડો મેળવીને જ અહીં આવતા મને થોડો સમય આપો. આ ને આંકડો જાણાવી દઈશ.' મહાણસિંહ શ્રેષ્ઠિએ કહ્યું :

સુલતાનનું મોઢું મલકાયું. તેમને થયું મનમાં કે શેઠિયો કહેવાય છે તો સત્યવાદી પણ કેવી વાત આવતા કેવો મૂંગો થઈ ગયો ! હવે બધું સગેવગે કરીને થોડો આંકડો જાહેર કરશે. જોઈએ તો ખરા કે શું કરે છે. સુલતાને સમય આપ્યો.

મહાણસિંહ શ્રેષ્ઠિ રાત-દિવસ રડી પડ્યા. આંકડો તૈયાર થઈ ગયો. તેવો આવ્યા સુલતાન પાસે અને કહ્યું: 'મહેનત કરી તેમાં જાણવા મળ્યું કે મારી પાસે ૮૪ લાખ ટંક છે. અનુમાનથી કહું છું. થોડું ઓછું-વધતું હોઈ શકે.'

સુલતાન આભો થઈ ગયો. આની પાસે આટલું ધન હશે તેવી તો શક્યતા ન હતી પણ આટલું ધન તે જાહેર કરશે તેવી તો સ્વપ્ને પણ કલ્પના ન હતી. તેની આ સત્યવાદીપણાની પ્રસિદ્ધિ એકદમ રાચી હોવાનું જાતે અનુભવતા સુલતાને શ્રેષ્ઠિને પોતાના કોશાધ્યક્ષ બનાવ્યા. એક મત મુજબ ૮૪ લાખમાં ૧૬ લાખ ઉમેરીને મહાણસિંહ શ્રેષ્ઠિને સુલતાને કોટિપતિ બનાવ્યા.

સાચું બોલવાનું આવું ફળ આજે કદાચ ન પણ મળે. તોય આના ઉપરથી માણસ ફક્ત નીતિથી જીવવું છે એવો સંકલ્પ કરે તો ખોટું બોલવાના પાપથી અને અનીતિના પૈસા રાખવાના પાપથી તો જરૂર બચી શકે. અનીતિનો પૈસો રાખનારાની જેમ અનીતિના પૈસાનો બચાવ કરનારા પણ આ પ્રસંગથી ચેતે તે જરૂરી છે. કોકનો બચાવ કરીને પોતાની જાતને પાપ તો પાડવાનો ધંધો બધી રીતે ખોટનો છે. અનીતિના પૈસાનો બચાવ કરનાર વિચારશે ? ●●●

ત્રિવેણી સંગમ સમા

□ મુ. શ્રી મંગલવર્ધન વિજયજી

અગધવિદ્ય ૧૧, પ્રચંડવિદ્યાશક્તિ અને પરાકાષ્ઠાની નિષ્પૃહા આ ત્રણ ગુણોના 'પ્રયાગ' સમા હતા આચાર્ય પાદલિપ્ત સૂરિજી. .

- □ ફકત આઠ જ વર્ષની નાજુક વયે જેમણે 'સંયમ' સ્વીકાર્યું.
- □ માત્ર દશ જ વર્ષની નાનકડી ઉંમરે જેઓ 'આચાર્ય' બન્યા.
- □ પોતાની અગાધ 'શકિત' જેઓએ જિનશાસનના ચરણે સમર્પિત કરી.
- □ પ્રચંડ મનીષા દ્વારા નાની ઉંમરે જ શ્રુતસાગરનો પાર પામ્યા.
- □ વિશ્વાતિશાયી વિદ્યાઓનો ઉપયોગ જેમણે માત્ર 'દર્શન શુધ્ધિ' માટે કર્યો.

આવા પ્રતિભ સંપન્ન મહાત્માનું નામ દિક્ષાસમયે હતું નાગેન્દ્ર મુનિ. વિદ્યાધર ગચ્છના નાગહસ્તિ નામના આચાર્યભગવંત પા સે તેમણે દિક્ષા સ્વીકારી.

(૧)

એમના બાલ્ય જીવનનો એક પ્રસંગ અત્યંત રોમાંચક છે. એક વખત કેટલાક જૈનેત્તર બ્રાહ્મણ પંડિતો વિદ્વેષથી પ્રેરાઈને નાનકડા પાદલિપ્ત સૂરિ સાથે ચર્ચા કરવા આવ્યા. આમાં નાની ઉંમરમાં ફેલાયેલા તેમના યશ અને કીર્તિ કારણભૂત બન્યા હતા.

જ્યારે બ્રાહ્મણ પંડિતો ચર્ચા માટે આવ્યા ત્યારે નાની ઉંમરના આ આચાર્યશ્રી ઉપાશ્રયની બહાર બાળકોની ગોટી રમવાની રમત નિહાળી રહ્યા હતા. પંડિતો આચાર્યશ્રીને ઓળખી શકયા નહિ.

નાનામુનિ રાજીજી એમને જ પૂછ્યું કે જૈનોનો ઉપાશ્રય ક્યાં છે ? બાળમુનિએ તરતજ પૂછ્યું ? તમારે શું કામ છે ? અમારે આચાર્યશ્રી સાથે ચર્ચા કરવી છે. એમ ! બાજુમાં જ ઉપાશ્રય હોવા છતા જૈનશાસનની લઘુતા ન થાય માટે તેમણે ફેરવી ફેરવીને રસ્તો બતાવ્યો. પંડિતો રવાના થયા

પોતે તરતજ ઉપાશ્રયમાં જઈ પાટ ઉપર સૂઈ ગયા. અને શરીરે કંબલ ઓઢી લીધી. પગથી માથા સુધી સાથે શિષ્યોને સૂચના આપી દીધી કે પંડિતો આવે તો બેસાડજો ! ઉઠાડવાની જરૂર નથી.

આ બાજુ તો પંડિતો ફરીફરીને આવ્યા. અને સાધુઓને પૂછે છે કે તમારા આચાર્ય ક્યાં છે ? સાધુઓએ ગંભીર સાદે કહ્યું ગુરૂભગવંત સૂતા છે. શાંતિથી બેસો !

બ્રાહ્મણ પંડિતો બેઠા તો ખરા ! પણ આચાર્યશ્રી ઉઠતા જ નથી. ઘણો સમય થયો ! છેવટે બધાની ધીરજ ખૂટી અને કંટાળ્યા. તેથી આ વિદ્વાન્ પંડિતોએ કૂકડાનો અવાજ કર્યો. એ દ્વારા સૂરિજીને સંકેત આપ્યો કે ઉઠો ! ઉઠો ! હવે તો 'સવાર' થઈ !

તીક્ષ્ણ બુદ્ધિનાસ્વામિ સૂરિજી સમજી ગયા કે પંડિતો શું કહેવા માંગે છે, તરત જ પાદલિપ્તસૂરિએ બિલાડીનો અવાજ કર્યો. અને હજુતો 'રાત' છે મને શુંવા દો ! શું ઉતાવળ છે ? એવો પ્રતિસંકેત કર્યો.

ઈંટનો જવાબ પથ્થરથી આપવાની એમની ગજબ હેંશીયતથી પંડિતો તાજુબ થઈ ગયા. ત્યારપછી તો તરત જ સૂરિજી ઉઠ્યાં અને તેમની સાથે વાદ કર્યો. જેમાં પંડિતોની એકે ક યુકિતઓનું સચોટ ખંડન ધારદાર શૈલિએ થયું. પંડિતો અવાક્ બન્યા. સૂરિજીનો વિજય થયો. એ વિજયની સાથે જ સ્યાદ્વાદમતની જયપતાકા દિગંતગામમિની બની.

(૨)

બીજો એક પ્રસંગ એમની સિધ્ધિનો હૃદયંગમ છે. એક વખત કોક ગામમાં ગૃહસ્થને ત્યાંથી ગોચરી લઈ બાળમુનિ આવ્યા. ગુરૂભગવંત પાસે ગોચરી મૂકી. ઓલવવાની ક્રિયા કરી. ત્યારબાદ કુશાગ્રબુદ્ધિના પરિપાકે પોતે નિહાળેલી પરિસ્થિતિને શ્લોકોત્મક ઢબે ઢાળતા બાળસહજ નિર્દોષતાથી ઉચ્ચારી. જે સાંભળતાજ એમના ગુરૂભગવંતનો ક્રોધ આસ્માનને આંબી ગયો.

શ્લોકનો અર્થ કાંઈક આવો હતો : "તાંબના જેવા

રક્તનેત્રવાળી, પુષ્પસરખા દાંતની પંક્તિવાળી, નવી પરણેલી યુવાન સ્ત્રીએ માટીના પાત્રમાંથી કાંજીનું પાણી આપ્યું.''

આવા શૃંગાર રસથી છલોછલ ભરેલા શબ્દો સાંભળતા જ એમના ગુરૂભગવંત બોલી ઉઠ્યાં ! અરે ! તું 'પલિત' છે ! અર્થાત્ : રાગાદિથી ભળભળતો રાક્ષસ છે !!

મર્મભેદી બાણ જેવા તીખા શબ્દો સાંભળીને વિનયાવતાર બાળમુનિ સસ્મિત ગુરૂદેવના ચરણે ઢળી પડ્યાં. અને એક આરજુ કરી. ગુરૂદેવ ! 'પલિત' નું 'પાલિત' કરી આપોને ? તો આપની કૃપાથી પગ ઉપર લેપ કરી આકાશમાં ઉડી શકું ?

શિષ્યના વિનય અને બુદ્ધિચાતુર્ય પર ગુરૂદેવ પણ ઓફરિન પૂકારી ગયા. હા ! તેમ છતાં પણ અપાત્રને તો વિદ્યાનું પ્રદાન કરાય જ નહિ, કારણ કે તે લાભને બદલે નુકશાન કર્તા બને છે પણ આ તો સુવર્ણનું પાત્ર હતું. સિંહણ દૂધ સમી વિદ્યાને માટે સંપૂર્ણ યોગ્ય !!!

બસ ! આથી જ ગુરૂભગવંતે પાદલિપ્તવિદ્યાનું પ્રદાન કર્યું. હવે તો બાળમુનિ જ્યાં જવું હોય ત્યાં જવા સમર્થ બન્યા.

વિશ્વને ચમત્કૃત કરી દે એવી શક્તિ પ્રાપ્ત થતા બાળમુનિએ અભિગ્રહ કર્યો કે (૧) શત્રુંજય (૨) ગિરનાર (૩) સમેતશિખર (૪) મથુરા (૫) અષ્ટાપદ, આ પાંચતીર્થોની જાત્રા કરીને જ અન્નજળ ગ્રહણ કરવા. કેવી સુંદર મતિ ! અને 'દર્શનશુદ્ધિની' કેવી ઉદાત્ત ભાવના !

આથી જ તેમનું નામ 'પાદલિપ્તસૂરિજી' પ્રસિધ્ધ બન્યું.

આવી જ રીતે અન્ય ચાર શક્તિઓ પણ પાદલિપ્તસૂરિજીએ મેળવી. એના નામ આવા હતા. (૧) જ્વાજીવોત્પિત્તિ પ્રાભૃત, (૨) વિદ્યાપ્રાભૃત (૩) સિધ્ધ પ્રાભૃત (૪) નિમિત્તપ્રાભૃત.

એક નહિ અનેક શક્તિના ભંડાર પાદલિપ્તસૂરિજી હંમેશા જિનશાસનની પ્રભાવના તેમજ રક્ષામાં ઉદ્યત હતા. માને પણ તેમને પીડતી નહિ અને સ્પૃહા તેમના દિલને સ્પર્શતી નહી. તેથી જ શક્તિઓનો ઉપયોગ જાત માટે નહિ કરવાનો એમનો સંકલ્પ હતો.

(૩)

ટોચકક્ષાની નિષ્પૃહા: તે વખતના પ્રસિદ્ધ નાગાર્જુન નામના યોગીએ ખૂબ મહેનત કરી સુવર્ણ સિદ્ધિનોરસ તૈયાર કર્યો. તે પાદલિપ્ત સૂરિજીનો મિત્ર હતો. તેથી એક કોટિ સુવર્ણ તૈયાર થઈ શકે તેટલો રસ એક શીશામાં ભરી સૂરિજી પાસે આવ્યો. અને નમસ્કાર કરી કોટિવેદ રસનું પાત્ર સૂરિજીના ચરણોમાં ધર્યું. આ સુવર્ણ સિદ્ધિનો રસ છે. સ્વીકારો અને કૃતાર્થ કરો એવી વિનંતી કરી.

પણ સૂરિજીએ સાફ ઈન્કાર કર્યો. ના માં : જરૂર નથી. આ વાત સાંભળતા જ નાગાર્જુન તો ખિન્ન થઈ ગયો અને વિચારવા લાગ્યો કે આમને ખબર નથી લાગતી કે સુવર્ણ સિદ્ધિ રસ એટલે શું ? અને કેટલી મહેનતે તૈયાર થાય ? પણ યોગીના ચહેરાની રેખા પરથી જ તેનો મનોભવ સૂરીજી સમજી ગયા. તુરત જ માત્રુ કરી બહાર શિલાપર પરઠવ્યું. ત્યાં તો ચમત્કાર સર્જાયો. જ્યાં માત્રુ પરઠવ્યુંતું તે આખીયે શિલા સુવર્ણની બની ગઈ.

આ જોતા જ નાગાર્જુન યોગી તો આભો જ બની ગયો ! શું શક્તિ છે ? હું તો યોગી જ રહ્યો ! આ તો ખરેખર સિદ્ધયોગી છે !! હવે આ રસપાત્રની એમને શી જરૂર ?

નિષ્કલંક ચારિત્રનો આ પ્રત્યક્ષ પ્રભાવ હતો. આથી જ નાગાર્જુન યોગીએ જિવનભર માટે જૈનધર્મનો સ્વીકાર કર્યો. આવા હતા સૂરિજી અને આવો હતો તેમનો પ્રભાવ.

ત્યાર પછી ઘણા સમયે આયોગીએ સૂરિજીના નામે શ્રી શત્રુંજ્યની ટળેટીમાં 'પાદલિપ્તપુર' એ નામનું નગર વસાવ્યું. કાળક્રમે એનું નામ 'પાલીતાણા' થયું.

આવા તો અનેક શાસન પ્રભાવના ના કાર્યોની હારાવલિ સૂરિજીના જીવનમાં સજાયેલી છે

તેમજ આ પ્રખર જૈનાચાર્યે અનેક અક્ષર ગ્રંથોના સર્જન પણ કર્યા છે. જેમાંથી આજે કેટલાક ઉપલબ્ધ પણ છે. જેવા કે 'નિર્વાણકલિકા', 'પ્રશ્નપ્રકાશ', 'કાલજ્ઞાન', 'જ્યોતિષકરંડકની ટીકા', 'વિશ્વપ્રસિદ્ધ તરંગલીલાકાવ્ય', આ બધા ગ્રન્થો સૂરિજીની વિદ્વતાની છડી પુકારે છે.

આવા મહાન શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ પાદલિપ્ત સૂરીશ્વરજી ના ચરણોમાં કોટિ કોટિ વંદન.

પ.પૂ.આ.ભ.શ્રી.વિ.રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ પ્રસંગે....

પ્રવચનકાર :
પૂ.પં.શ્રી ચન્દ્રગુપ્તવિજયજી ગ. મ.
(હાલ પૂ.આચાર્ય ભ.)

શ્રા.સુ. ૧૫, ૨૦૪૭
માલેગામ

'ગુરુ ગુણગંગાવાહ ન'
પુસ્તિકામાંથી સાભાર - સંપા.

જે પ્રસંગ માટે આપણે સૌ ભેગા થયા છીએ, તે પ્રસંગને આજે પંદર દિવસ થઈ ગયા. પૂજ્ય પરમારાધ્યપાદકોના ગુણો તો આપણે ઘણા વખતથી ગાઈએ છીએ, પણ હવે તેઓશ્રીના ગુણોનો પરિચય કરવાની જરૂર છે. તેઓશ્રીના ગુણોનો વિચાર કરતાં જણાઈ આવશે કે....

પોતાની નિશ્રાએ આવેલાને ભગવાનના માર્ગે વાળવાનું સામર્થ્ય તેઓશ્રીની પાસે હતું. નિશ્રાવર્તી સાધુ-સાધ્વીઓને બચાવવા માટે તનતોડ મહેનત કરી છે. આ કાળમાં તેઓશ્રીના પુણ્યનો ઉદય અપ્રતિમ હતો, તેમાં કોઈ બે મત નથી. પરન્તુ મારે તેમના પુણ્યોદયને વખાણવો નથી. મારે તો કહેવું છે કે તેમનો 'પાપોદય' હતો. કારણ ગુરુ આપણને સારા મળ્યા પરન્તુ શિષ્યો તેમને ખરાબ મળ્યા. આચાર્ય ભગવન્ત સારા હતા પરન્તુ તેઓશ્રીના ભક્તો ખરાબ હતા. તેઓશ્રીનો શાસન પ્રત્યેનો રાગ, શાસન પ્રત્યેની શ્રદ્ધા આજે તેઓશ્રીના શિષ્યોમાં કે ભક્તોમાં નથી દેખાતી. અત્યાર સુધી તો આપણે તેમના પુણ્યને જ આગળ કરવાનું કામ કર્યું છે. તેઓશ્રીના પુણ્યમાં નવાય એટલું નાહ્યા, પમાય એટલું પામ્યા, પણ તે બધું જ ઈચ્છા મુજબ કર્યું છે, આજ્ઞામુજબ નહિ. તેઓશ્રીની પાછળ કેવળ પૈસાનું પાણી કર્યું, તે પણ મહોરછાપ માટે જ. હવે જે ગયા છે તે તો પાછા આવવાના જ નથી. આપણે જ તેઓશ્રીની પાછળ જવું પડશે. જવું હશે, તો રસ્તો છે. તેઓશ્રીના વચનને અનુકૂળ જીવન ગોઠવવું પડશે. અત્યાર સુધી તો તેઓશ્રીની પાસે આપણું કામ કરાવ્યું છે, તેઓશ્રીનું કામ આપણે ક્યારેય નથી કર્યું. છેલ્લે સુધી તેઓશ્રીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરન્તુ તેઓશ્રીને સમજવાનો પ્રયત્ન ક્યારેય કર્યો નથી. તેઓશ્રીનું વચન માનવાનો વખત આવે ત્યારે માત્ર આઘાપાછા થવાનું જ કામ કર્યું છે. આજે દરેકને પોતપોતાના ગુરુ જોઈએ છે અને દરેકને પોતપોતાના ગુરુ રાખવાનું કારણ એક જ છે કે ગુરુ પાસેથી પણ તેમને પોતાનું ધાર્યું જ કરાવવું છે. જે પોતાનું ધાર્યું કાર્ય કરી આપે તે તેમના ગુરુ. જો શાસ્ત્ર મુજબ બોલનારા જ ગુરુ કરવા હોત તો બધાના ગુરુ એક જ હોત. જે શાસ્ત્ર મુજબ બોલે નહિ તે ગુરુ નહિ. શાસ્ત્રાનુસારી બોલવા માટે પુણ્યની જરૂર નથી, સત્ત્વ જોઈએ છે. તેઓશ્રીની પાસે સત્ત્વ અપ્રતિમ હતું અને સાથે પુણ્યની યારી હતી. અમારી પાસે તેઓશ્રીનું પુણ્ય નથી પરન્તુ તેઓશ્રીનાં વચન બોલવા માટે મોઢું ચોક્કસ છે.

પૂજ્ય પરમારાધ્યપાદશ્રીના હૈયામાં શાસન વસ્યું હતું. તેથી જ, શાસ્ત્રને નજર સામે રાખવાને બદલે કેવળ સભાનું મોઢું જોઈને બોલનારા શુદ્ધપ્રરૂપણાના ભીરુ (!) અને શાસ્ત્રના નામે પોતાની જ પ્રભાવના કરવામાં તત્પર (!) એવા સમર્થ પ્રભાવકો (?) ના પણ કાંડાં પકડીને આંમળી શકે, એટલું સામર્થ્ય પૂજ્યશ્રીમાં હતું. તે દેશકોને એ ગમ્યું નથી એ જુદી વાત. તમારા જેવાનો

સપોર્ટ મળ્યો એટલે એ બધા છટકી ગયા. બાકી ગમે તેના સમર્થને બેસાડી દે તેટલું સામર્થ્ય, તેટલું સત્ત્વ તેઓશ્રીનું હતું, સાથે પુણ્ય પણ દીપતું હતું. તેઓશ્રીનું ચાલે ત્યાં સુધી ઘણાને વાર્યા છે, પણ માન્યા ઓછા છે. સમર્થ પ્રભાવકો કોને કહેવાય એ તેઓશ્રીને જોવાથી-જાણવાની ખબર પડે. સામાન્ય પુણ્યમાં પણ તણાઈ જાય એવા કાળમાં પ્રચંડ પુણ્ય હોવા છતાં ટકી રહેવાની કળા તેઓશ્રીને હસ્તગત હતી, તેના મૂળમાં શાસનનો રાગ હતો.

શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા આ પૂજ્યશ્રીનો સુયોગ પામવા છતાં જ્યારે સાધુઓ (?) ગૃહસ્થોના છોકરા-છોકરીની ચિંતા કરતા હતા ત્યારે આ મહાપુરુષ સાધુ-સાધ્વીની ચિંતામાં લાગ્યા હતા. તેઓશ્રીએ આર્યસંસ્કૃતિની ચિંતા નથી કરી, યુવાપેઢીની ચિંતા નથી કરી, વૃદ્ધોની ચિંતા નથી કરી, જૈનસમાજની પણ ચિંતા નથી કરી. પરન્તુ રાતદિવસ તેઓશ્રીના નિશ્રાવર્ત્તી સાધુ-સાધ્વીની જ ચિંતા કરી છે. એક વાર તેઓ બોલ્યા હતા, 'હું બોલું છું એવું બોલનારા ૧૦ પણ સાધુ નીકળે તો શાસનની રોનક ફરી જાય.' ત્યારે અમારા જ સમુદાયના (અન્ય સમુદાયના નહિ) લગભગ ૪૦૦-૪૧૦ સાધુ હતા. આવા ગુરુને તેમના જેવા ૧૦ પણ શિષ્યો ન મળે ? માનવું ન પડે કે તેમાં આપણો પાપોદય જ કામ કરે છે ? તેઓશ્રીની હયાતીમાં તો તેઓશ્રીનું મૂલ્ય નથી સમજાયું, પણ હવે તેઓશ્રીના ગયા બાદ તો સમજીશું ને ?

પૂજ્ય પરમારાધ્યપાદશ્રી હતા તે વખતે તો બધી જ બાંધછોડ નભી ગઈ. કારણ કે 'आयरिया पच्चवायं जाणंति।' તેઓશ્રી ગીતાર્થપુરુષ હોવાથી પ્રત્યપાયને જાણતા હતા. તેથી બધું નભી ગયું. પણ હવે તો તેઓશ્રીના ગયા બાદ બાંધછોડ બિલકુલ નહિ ચાલે. હવે તો આપણા માટે તેઓશ્રીનું વચન એ જ બ્રહ્મવાક્ય છે, એ જ આર્યવાણી છે. તેઓશ્રીના વચનમાં જે શંકા

'શિક્ષણવેલ' કાવ્યરચના વડે જેઓ જૈન-જૈનેતરોમાં પરમ પ્રસિદ્ધિને પામ્યા એ

કવિવર પંડિત શ્રી વીરવિજયજી મહારાજ

અમદાવાદ શહેરના ઘીકાંટા નાકાની જીકના શાંતિદાસના પાડામાં એક જિનેશ્વર નામના ઔદિચ્ય બ્રાહ્મણ રહેતા હતા. તેમની પત્નીનું નામ વીજકોરબહેન હતું. તેઓને ગંગા નામે પુત્રી અને કેશવરામ નામે પુત્ર હતાં. કેશવરામનો જન્મ સં. ૧૮૨૯ના આસો સુદ ૧૦ના રોજ થયો હતો. કેશવરામના લગ્ન રળિયાતબેન સાથે થયા હતા.

કેશવરામના પિતા સ્વર્ગવાસી થયા, ત્યાર બાદ એક વખત તે ભીમનાથ ગામ ગયા. દરમિયાન તેમના અમદાવાદના ઘરમાં ચોરી થઈ. કેશવરામ ઘેર પાછા આવ્યા ત્યારે તેની માએ તેને ઠપકો આપ્યો, અને આવેશમાં આવી જઈ નહિ કહેવાના શબ્દો કીધા. કેશવરામ આ વાક્‌બાણ સહન ન કરી શક્યા ને ઘર છોડીને ચાલી નીકળ્યા. માને ઘણો પસ્તાવો થયો. ઘણી શોધખોળ કરી પણ કેશવરામનો પત્તો લાગ્યો નહીં. માતાને પતિના મૃત્યુનું દુઃખ તો હતું જ; એમાં પુત્રનો વિયોગ થતાં વધુ વ્યાકુળ બની અને એ જ અવસ્થામાં એ મૃત્યુ પામી. કેશવરામની પત્ની રળિયાતનું શું થયું તે કોઈ વિગત મળતી નથી.

ત્યાર બાદ કેશવરામ રોચકા ગામે ગયા. ત્યાંથી ભીમનાથ જઈ શ્રી શુભવિજયજી મહારાજને મળ્યા. તેમની પાસેથી તેણે જૈનધર્મનું જ્ઞાન મેળવ્યું. તેમની સાથે પાદવિહાર કરતાં તે પાલીતાણા આવ્યા. શત્રુંજય તીર્થની યાત્રા કરી. આથી તેને જૈનધર્મ પ્રત્યે અત્યંત લાગણી થઈ. અને પાલીતાણાથી

(અનુ. ૮૯૧ ઉપર)

હોય અને પાઠ જોઈતા હોય તો બતાવું. આગમમાંથી પાઠ કાઢી આપવાની મારી તૈયારી છે. માત્ર દિલ જોઈએ કે-આ માર્ગે જ જવું છે. પૂજ્યશ્રીની હયાતીમાં તો ચાર ઠેકાણે ફર્યા હતો પણ હવે તો એક જ સ્થાન. જે મહાપુરુષ કહી ગયા છે તે જ કરવું છે.....આટલું નક્કી કરવું છે ?

જે વસ્તુ હાથમાંથી ગઈ, તે ગઈ જ છે. તે તો પાછી નથી જ આવવાની. પૂજ્યશ્રી ગયા, તેમ આપણે પણ જવાનું જ છે. જેમના પર તેઓશ્રીના પુણ્યનો પણ પ્રભાવ નથી પડ્યો તેવાઓ પર તો તેઓશ્રીના ક્ષયોપશમભાવનો શું પ્રભાવ પડવાનો હતો. એવાઓનો તો આપણે પડછાયો પણ ન જોઈએ.

સભા૦ સાધુએ તો સકલ સંઘ પણ વિશ્વાસ રાખવો જોઈએ ને ?

સા૦ શ્રીસંઘ પર વિશ્વાસ મૂકે પણ તે આજ્ઞા મુજબનો હોય તો. ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી પણ, સંઘ આજ્ઞામાં હતો તો સંઘની વાત માને; તો અમારે શું વાંધો હોય ? પરંતુ અસલમાં સંઘે સંઘ બનવાની જરૂર છે. તમારા છોકરા-છોકરીની ચિંતા કરે તે સાધુ નહિ. સાધુ-સાધ્વીની ચિંતા કરે તે સાધુ. આજે આટલું નક્કી કરવું છે કે, 'આચાર્ય ભગવન્તનું માર્ગદર્શન જ્યાં સુધી મળે ત્યાં સુધી બીજા કોઈનું માર્ગદર્શન ન જોઈએ' ? જો ગુણ તેઓશ્રીના ગાવા છે અને માથું બીજે નમાવવું છે, તો તેવાને અમારે કશું કહેવું નથી. તમારે જો બધા જ સરખા હોય તો તમારી આગળ તેઓશ્રીના ગુણાનુવાદ નથી કરવા. ગોળ અને ખોળનો પણ ભેદ જેને ન સમજાય તેવાની આગળ ગોળની મીઠાસનાં શાં વખાણ કરવાં ? જેણે પોતાના માબાપને પણ છોડ્યા તેવાઓ આજે તમારા છોકરા-છોકરીની ચિંતા કરે છે, છતાં એવાઓને તમારે ગુરુ માનવા છે!?...આમાં કાંઈ પણ શંકા હોય તો બોલવા માંડો. મારું વચન ખોટું હશે તો તેને પાછું ખેંચવાની મારી તૈયારી છે. પણ આજે આટલો નિર્ણય કરવો છે...તેઓશ્રીનાં વચનથી વિપરીત

(પાના નં. ૮૯૪ થી ચાલુ)


ખંભાત જતાં, માર્ગમાં પાનસર ગામે સં. ૧૮૮૮ના કાર્તિક વદમાં ગુરુ મહારાજ શ્રી શુભવિજયજીએ તેમને દીક્ષા આપી, અને પોતાના શિષ્ય વીરવિજયજી તરીકે ઘોષિત કર્યા. દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમણે પંચપ્રતિક્રમણ, કર્મગ્રંથ, સંસ્કૃત, છ દર્શન અને પાંચ કાવ્યનો અભ્યાસ કર્યો.

સં. ૧૮૯૫માં તેઓશ્રીના ઉપદેશથી શ્રાવક તાલભાઈ કીકુ, ભગવાનચંદ ગમાનચંદ, હરખચંદ કરમચંદ તથા ગુલાબચંદ જેચંદે અમદાવાદમાં ભઠ્ઠીની બારીમાં એક ઉપાશ્રય બંધાવ્યો. ત્યાર પછી પં. વીરવિજયજી જ્યારે જ્યારે અમદાવાદ આવતા, ત્યારે ત્યારે એ ઉપાશ્રયે નિવાસ કરતા. આજે પણ એ ઉપાશ્રય શ્રી વીરવિજય જીના ઉપાશ્રય તરીકે પ્રસિદ્ધ છે.

પૂ. શ્રી વીરવિજયજીએ સં. ૧૮૫૩માં જેઠ સુદ પાંચમે 'શ્રી ગોડી પાર્શ્વનાથનું ઢાળિયું' ખંભાત (ત્રંબાવટી) માં, સં. ૧૮૫૫ના માગશર વદ ૧૦ના અઠાણું (અલ્પબહુત્વ) બોલનુ સ્તવન, સં. ૧૮૫૭માં શ્રાવણ સુદ ૪ને દિવસે 'સુરસુંદરી રાસ' તથા વીરપ્રભુનું પાંત્રીશ વાણીના ગુણનું સ્તવન, સં. ૧૮૫૮ના ભાદરવા સુદ ૧૨ના અષ્ટકારી પૂજા, સં. ૧૮૬૦ના પોષ વદ ૮ના 'શ્રી નેમિનાથ વિવાહલું', સં. ૧૮૬૦ના ચૈત્ર સુદ ૧૧ના 'શ્રી શુભવેલી,' સં. ૧૮૬૨માં 'સ્થૂલિભદ્રની શિયાળવેલું' નામનું કાવ્ય, સં. ૧૮૬૩ના પોષ સુદ ૧૩ના દશાર્ણભદ્રની સજ્ઝાય, સં. ૧૮૬૫ના અષાઢ સુદ ૧ના ચાતુર્માસના ૧૪ના વાંદવાના દેવવંદનો, જેમાં ચોવીસ ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ, પાંચ તીર્થનાં ચૈત્યવંદન, સ્તવન-સ્તુતિ વગેરે રચ્યાં. તેમની શિયળવેલમાંના પંદર તિથિ, સાત વાર, બાર માસનાં કાવ્ય

(અનુ. ૮૯૬ ઉપર)

કામ નહિ કરવું. તેમના વચનને અનુકૂળ કાર્ય કરવાની શક્તિ ન હોય તો તેવાં સારાં કામ કરવા મટે રાહ જોઈશું, પણ વિપરીત તો નહિ જ કરીએ! ભગવાનની આજ્ઞા તેઓશ્રીનાં વચનમાં સમાઈ ગઈ છે. જીવવિશેષને આશ્રયીને કાંઈ વાત કરી હશે તે જુદી વાત, બાકી માર્ગની વાત તો પાટે બેઠા ત્યારથી અત્યાર સુધી એકસરખી જ કરી છે. તેઓશ્રીની ગેરહાજરીમાં માર્ગ પમાવો, માર્ગ ટકાવવો ઘણું કપરું કામ છે. છતાં જો ટકવું જાહશે તો આટલું નક્કી રાખવું પડશે - જે માણે તેઓશ્રીના પુણ્યનો ઉપયોગ ઈચ્છા મુજબ જ કર્યો છે અને તેઓશ્રીના ક્ષયોપશમભાવનો જેમને અપ નથી તેવાઓનો પડછાયો પણ ન જોઈએ. તેવાઓનું વંદન-પૂજન-શ્રવણ પણ ન જ જોઈએ. જેમના પર તેઓશ્રીના પુણ્યની આગળ વધીને કહીએ તો તેઓશ્રીના ક્ષયોપશમ ભાવની અસર થઈ છે, તેવાઓની વાત સાંભળીશું, તેવાઓના કીધે ચાલીશું, બીજાના નહીં....બરાબર છે? મૂકી દઉં છું!



(પાના નં. ૮૯૫ થી ચાલુ)

અમદાવાદ શહેરમાં ઘેર ઘેર ગવાવાં લાગ્યાં. આ શિયળવેલી એ એમને જૈન-જૈનેતરોમાં પણ ખૂબ પ્રસિદ્ધિ અપાવી. તેમની ગંહુ સ્ત્રીઓએ અનેકોનાં શિર ડોલાવ્યાં. તેમની રચેલી અષ્ટપ્રકારી પૂજા દેરાસરોમાં રસથી ગવાવા લાગી. તેમને સં. ૧૮૬૭માં અમદાવાદમાં શ્રીસંઘ સમક્ષ પંન્યાસપદવી આપવામાં આવી. સં. ૧૮૭૧ના શ્રાવણ વદમાં અક્ષયનિધિ તપનું સ્તવન, સં. ૧૮૭૩માં શ્રી સિદ્ધાચલજીનું સ્તવન, સં. ૧૮૭૪ના વૈશાખ સુદ 3-અક્ષયતૃતીયાના દિવસે ચોસઠ પ્રકારી પૂજા રાજનગરમાં, સં. ૧૮૭૭ના માગશર વદ ૧ના તથા સં. ૧૮૭૮ના માગશર સુદ ૧૧ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનાં સ્તવનો, સં. ૧૮૮૧ના માગશર સુદ ૧૧ના પિસ્તાલીસ આગમની પૂજા, ચૈત્ર સુદ ૧૫ના ગુજરાતી પદ્યમાં શ્રી અધ્યાત્મસારનો ટબો, સં. ૧૮૮૪માં મહા સુદ ૧૧ના વિમલાચલનું સ્તવન, ચૈત્રી પૂનમે નવ્વાણું પ્રકારી પૂજા, સં. ૧૮૮૮ના ચોમાસો સુદ ૧૫ના મોતીશાહ શેઠે ભાયખલા-મુંબઈમાં પ્રતિષ્ઠા કરવી તેનાં ઢાળિયાં, સં. ૧૮૯૯ના અક્ષયતૃતીયાના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા, સં. ૧૮૯૩માં શત્રુંજય તીર્થ પર મોતીશાહ શેઠે અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી તેનાં ઢાળિયાં, સં. ૧૮૯૬ના શ્રાવણ સુદ 3ના ધમ્મિલરાસ, સં. ૧૯૦૧ના શ્રાવણ સુદ ૧૫ના શ્રી મહાવીરસ્વામીના ૨૭ ભવનું સ્તવન, સં. ૧૯૦૨ના વિજયાદશમીના શ્રી ચંદ્રશેખરનો રાસ, સં. ૧૯૦3માં શેઠ હઠીસંગ કેસરીસંગે અમદાવાદમાં પોતાની વાડીના દેરાસરમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવેલ તેનાં ઢાળિયાં, સં. ૧૯૦૫ના મહા સુદ ૧૫ના શેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ ઊભી સોરઠનો સંઘ કાઢેલ તેનાં ઢાળિયાં તથા બીજાં અનેક સ્તવનો, સજ્ઝાયો, ચૈત્યવંદનો, સ્તુતિઓ, હિતશિક્ષા છત્રીસી વગેરે ગુજરાતીમાં રચ્યાં. આ ઉપરાંત, સંસ્કૃતમાં 'પ્રશ્નચિંતામણિ' નામનો ગ્રંથ બે ભાગમાં રચ્યો.

સં. ૧૮૭૮માં સાણંદના કોઈ સ્થાનકવાસીએ અમદાવાદની વિશા શ્રીમાળી જ્ઞાતિ ઉપર કેસ માંડેલ, તે કેસમાં ધર્મચર્ચા કરવા કવિશ્રી વીરવિજયજીએ ભાગ લીધો હતો અને વિજય મેળવ્યો હતો.

સં. ૧૯૦૮માં ભાદરવા વદ 3ના દિવસે તેઓશ્રી સ્વર્ગવાસ પામ્યા. અમદાવાદમાં એમની પુણ્યતિથિ નિમિત્તે આજે પણ પાંખી પ્રભાત છે. સં. ૧૯૦૯ના મહા સુદ ૯ ને દિવસે તેઓશ્રીની પાદુકાની ભઠ્ઠીનાં બારીના ઉપાશ્રયે સ્થાપના કરવામાં આવી હતી.

('પંડિત શ્રી વીરવિજયજી મહારાજ જીવનચરિત્ર' ની પુસ્તિકામાંથી સંકલન : કરમશી ખેતશી ખોના.)

ગુરુદેવ શ્રી આપની પરમ કૃપાના બલે અમે ભવ પાર કરીએ પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજા** પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ને વંદના પૂર્વક



શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા



મોક્ષના રાગથી વિરાગીને પણ સંસારનું બધું અણગમતું લાગે.

રાગી માણસને જેના ઉપર અતિ રાગ થઈ ગયો હોય છે, તેના અભાવમાં આવી હાલત થઈ જાય છે, તો જે આત્મામાં સમજપૂર્વકનો સાચો વિરાગભાવ પ્રગટ્યો હોય, તેની હાલત સારાય સંસારની સઘળીય પ્રવૃત્તિઓ માટે કેવી હોય ? આ વાતમાંથી ખરો નીચોડ તો આ કાઢવા જેવો છે. જેનામાં સમજપૂર્વકનો સાચો વિરાગભાવ પ્રગટ્યો છે, તેને પણ રાજસભા કારાવાસ સમી ભાસે ને ? મિષ્ટ, મસાલેદાર અને સ્વાદિષ્ટ એવા આહારો પણ એનામાં રસનાનો રસ પ્રગટાવી શકે નહિ ને ? ઘોડો એટલે વાહન જ સમજો ને ! એ ગમે તેટલું કીમતી હોય અને સારું ગણાય તેવું હોય, તો પણ એ વાહન ઉપર સવાર થવામાં એને મજા આવે ? અને કોઈ પણ પ્રકારની સંસારની ક્રીડા તો એને મન એક પીડા જેવી લાગેને ? જેને મોક્ષ ઉપર સાચો રાગ થઈ ગયો છે અને એથી જેને સારાય સંસાર ઉપર સાચો વિરાગ થઈ ગયો છે, તેની હાલત સંસારમાં આવી હોય, એ સ્વાભાવિક છે ને ?

રાગીને કોઈ એક ઉપરના અતિ રાગથી એના વિનાનું જે બીજું બધું હોય, તે અણગમતું લાગે ને ? એના વિનાનો ભોગ એને પીડા ભોગવવા જેવો લાગે ને ? તમારે આવી પીડા રાગી થઈને ભોગવવી છે કે વિરાગી થઈને ભોગવવી છે ? રાજામાં જેમ કલાવતીનો વિયોગ સહવાની શક્તિ રહી નહોતી, તેમ તમને મોક્ષનો અને મોક્ષની સાધનાનો વિયોગ સાલ્યા જ કરે ને ? આવી પીડા વિરાગથી જે ભોગવે, તે જેમ જેમ પીડા ભોગવતો જાય, તેમ તેમ કર્મની નિર્જરા સાધતો જાય અને એ પીડા હોવા છતાં ભોગવતા ભોગવતા જે કર્મ બંધાય, તો ગુણસ્થાનક પ્રત્યયિક બંધને બાદ કરીએ, તો એ કર્મ પુણ્યાનુબંધી પુણ્ય રૂપ કર્મ બંધાય. આવું પણ બની શકે, પણ એ વિરાગ કેવો હોય ? હૈયે પૂરો વિરાગ હોવા છતાં પણ શ્રી પૃથ્વીચન્દ્રને રાજગાદી ઉપર બેસવું એ અને શ્રી ગુણસાગરને પરણવું એ, કેવું મનની પીડા પેદા કરનારું લાગ્યા કર્યું હશે, તેનો પણ તમને આ રીતે આ વાત વિચારવાથી ખ્યાલ આવશે.

SHREE BOUNDS GREEN

SATSANG MANDAL

મંડળના દરેક આરાધકભાઇ બહેનો વતી.
હ. ચંદ્રીકાબેન તથા દેવકુંવરબેન.

64-A, THE LIMES AVENUE,
ARNOS GROVE, LONDON-N11-1RL.

હાલાર દેશો દ્ધારક પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજા**ની પરમ કૃપાથી અને પરમ ઉપકારી પૂ. આ. **શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ની શુભ પ્રેરણાથી જૈન શાસનનો જયકાર કરાવતા

શ્રી જૈનશાસન અવાર્ડિઝને હાર્દિક શુભેચ્છા

પૂ. શ્રી વિજયાનંદ સૂ. મ.

જેઓ પૂ. શ્રી આત્મારામજી મહારાજના નામે જૈન જગતમાં સુપ્રસિદ્ધ છે. જેઓ સત્યના શોધક હતા. તેથી જ કુમતનો ત્યાગ કરી સન્માર્ગ ગામી બન્યા, હૈયાની વેદનાનો પોકાર પાલીતાણા કરતાં ગાયું કે-

"દૂર દેશાંતરમેં હમ ઉપને,
કુગુરુ કુપંથકો જાલ વર્યો રે;
શ્રી જિનઆગમ હમ મન માન્યો,
તબહી કુપંથકો જાલ જર્યો રે.
અબકો પાર ભયે હમ સાધો,
શ્રી સિદ્ધાચલ દરશ કરી..."

પોતાના સંવેગી દીક્ષાકાળ દરમ્યાનના ૨૦-૨૦ વર્ષોમાં શાસનની જે અનુપમ સેવા - ભક્તિ - રક્ષા કરી, અનેક કુમતોનું ખંડન કરી, સન્માર્ગ જીવંત રાખ્યો, અનેકને મૂર્તિપૂજાના રાગી બનાવ્યા, તેવા પંજાબ દેશો દ્ધારક, ન્યાયાંભોનિધિ, દેશ-વિદેશમાં શ્રી જૈન શાસનનો વિજય ધ્વજ લહેરાવનાર પૂ. શ્રી આત્મારામજી મહારાજના ચરણ કમલમાં અનંતશ: વંદનાવલી.

PRABHULAL NARSHI MEGHJI
57 - ULLES WATER ROAD, SOUTH GATE,
LONDON - N14, 7BN - પ્રભુલાલભાઇના વર્ષીતપ નિમિત્તે.

હ. કંચનબેન પ્રભુલાલ નરશી પરિવાર

- બંસરી વિમલ કવીના તથા પ્રશાંત વિમલ.
- અ.સૌ. રશ્મિતા નીમીશ ● ચિ. પારસ તથા અનીકા નિમીશ
- ચિ. બિરેન પ્રભુલાલ નરશી.
- અ.સૌ. રશ્મિતા કૌશિક નાગડા.
- કુ. નીશા તથા અખીલ કૌશિક નાગડા.

પરમ ઉપકારી ગુરુદેવ હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી
વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી તથા પ્રાચીન સાહિત્યો
દ્ધારક પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી જૈન
સિદ્ધાંતની રક્ષા અને પ્રચાર કરતા **જૈન શાસન અઠવાડિક**ને
હાર્દિક શુભેચ્છા

સંસાર માટે કરેલી મહેનત જેટલી મહેનત મોક્ષ માટે કરવી પડે તેમ નથી.

હમણા આપણે જે વાત કરી, તે શ્રી પૃથ્વીચન્દ્રના તને શ્રી ગુણસાગરના છેલ્લા ભવની વાત છે. આપ ણે તો એ જોવું છે કે, એ પુણ્યાત્માઓ માટે આવી સ્થિ તિ કેવા પ્રકારે પેદા થવા પામી ? પાસે મા-બાપ બેઠાં હોય, સ્ત્રીઓ બેઠી હોય, લગ્નનો ઉત્સવ ચાલતો હોય ર થવા રાજગાદી ઉપર બેઠા બેઠા વાત ચાલતી હોય, યારે પણ જો આત્માનું ધ્યાન પ્રગટે, જે ધ્યાનથી કેવળજ્ઞાન પ્રગટે, એ જાતનું આત્માના મોક્ષનું ધ્યાન આવે, તો કેવળજ્ઞાન સહેલું છે. જીવે અત્યાર સુધીમાં સંસારના સુખના લોભમાં પડ્યા રહીને સંસારના સુખ માટે જેટલી મહેનત કરી છે, જેટલાં કષ્ટ વેઠ્યાં છે, જેટલી દીનતા કરી છે, જેટલું ખમી ખાધું છે, એ બધું જો જોઈએ, તો એનાથી અનન્તમા ભાગની મહેનત પણ મોક્ષ માટે કરવી પડે તેમ નથી અને એથી અનન્તમાં ભાગનું કષ્ટ પણ મોક્ષ માટે વેઠવું પડે તેવું નથી.

એક શ્રાવિકાબેન તરફથી
તેમના પુત્રને મગજની અશાંતિ - તે શાંતિ થાય
તેમના પતિદેવને થોડી શ્વાસની તકલીફ તેમને
સારું થાય અને સર્વ પ્રકારે શાંતિ નિમિત્તે. U.K.

શાસન રક્ષક પૂ. આચાર્યશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આગમો

ઘ્વારક ઉપકારી ગુરુદેવના આશીર્વાદથી જૈન ધર્મની રક્ષા પ્રચાર કરતા

જૈન શાસન અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા

■ ધર્મ ભલું કરે એવો વિશ્વાસ છે કે એક માત્ર ધર્મ જ ભલું કરે એવો વિશ્વાસ છે ? ■

તમે ધર્મને શરણે છો ? એ બાબતમાં તમે ઉમ્મર લાયક છો કે નાના બચ્ચા જેવા છો ? ધર્મ ઉપર એવો વિશ્વાસ છે કે જે કાંઇ પણ સારું થાય, તે ધર્મથી જ થાય ? સારું થવામાં, આપણને અનુકૂળ આવે એવું થવામાં, દેખીતું નિમિત્ત બીજું કોઈ પણ હોય, પણ તેમ થવામાં ખરું કારણ તો ધર્મ જ છે, એવો તમને ધર્મ ઉપર વિશ્વાસ છે ? ધર્મ ભલું કરે એમ મનમાં છે કે એક માત્ર ધર્મ જ ભલું કરે એવું મનમાં છે ? સદ્‌ગતિમાં આપણને જીવાડે કોણ ? ખાવાની જરૂર ઉભી થાય ને ખાવાનું આપે કોણ ? ખાધેલું પચાવે કોણ ? અવસરે ઝાડો આવે અને અવસરે પેશાબ થાય, એવી સ્થિતિ જાળવે કોણ ? ધર્મ જ ને ? આપણે બોલવું હોય ને બોલી શકીએ, હાલવું હોય ને હાલી શકીએ, ચાલવું હોય ને ચાલી શકીએ, એ આ બધું શાથી બની શકે ? અહીંથી ઊઠીને તમે ઘરે જવાના, તો તમને ઘરે લઈ જનાર કોણ ? ધર્મનું બળ તમારી સાથે છે, માટે તમે તમારી ઈચ્છા મુજબ એ બધું કરી શકો છો ને ?

SAVITABEN VELJI SAMAT
139-SHELDON ROAD, ED MONTON,
LONDON. N 18, 1 RL.

પરમ ઉપકારી ગુરુદેવ હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી
વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી તથા પ્રાચીન સાહિત્યો દ્ધારક
પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી જૈન સિદ્ધાંતની રક્ષા અને પ્રચાર કરતા
જૈન શાસન અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા

આત્મઘાત જેવું પાપ બીજું નથી

ક્રોધથી ઉત્પન્ન થયેલા અનર્થને, અહીં ગુરુ મહારાજે પૂર્વે પદ્મ રાજાને થયેલા અનર્થ જેવો કહ્યો છે, એટલે શંખ રાજાએ એ પદ્મ રાજા કોણ ? એમ પૂછ્યું અને એથી ગુરુ મહારાજે એ પદ્મ રાજાનો પ્રસંગ શંખ રાજાને કહી સંભળાવ્યો. આપણે અગાઉથી નક્કી કર્યા મુજબ, પદ્મ રાજાના એ પ્રસંગની વાતને છોડી દઈએ છીએ અને કથામાં આગળ ચાલીએ છીએ.

પદ્મ રાજાનો પ્રસંગ વર્ણવી દીધા પછી જ્ઞાની ગુરુ મહારાજ શંખ રાજાને કહે છે કે, 'પૂર્વે પદ્મ રાજાએ પોતાના આત્માને જેમ ચિન્તામાં આરોપી દીધો અને અત્યંત જડતાથી પોતાના આત્માને પીડ્યો, તેમ રાજન્ ! તમે પણ કરવા માંડ્યું છે, પણ ધર્મના જાણકારોએ જેમ કોઈ પરજીવનો ઘાત કરવો જોઈએ નહિ, તેમ આત્મઘાત પણ કરવો જોઈએ નહિ ! કારણ કે આત્મઘાત એક એવું પાપ છે કે, જે પાપની તુલનામાં આવી શકે એવું બીજું કોઈ પાપ આ દુનિયામાં થયું પણ નથી અને થશે પણ નહિ. ક્રોધને વશ થઈ જઈને જે માણસ પોતાના દુઃખનો નાશ કરવા માટે દુષ્કર એવા આત્મઘાતને કરવા તૈયાર થઈ જાય છે, તે માણસ સર્વ દુઃખનો નાશ કરી નાંખે એવો અને તેમ છતાં પણ આત્મઘાત કરતાં સુકર એવા અર્હદ્ધર્મને શા માટે આરાધે નહિ ? કારણ કે એ ધર્મ દુષ્કર્મના મર્મને હરી લેનારો છે અને સદા સુખ આપનારો છે ! સંસારને તાબે પડેલા સજ્જનો માટે તો એક માત્ર શ્રી અરિહન્તના શરણ રૂપ ધર્મ જ શરણદાતા છે !'

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

KANCHANBEN MOTICHAND GUDHAKA
29 - REGAL WAY - KENTON,
HARROW, HA3 - ORZ,
MIDD'X - U.K.

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની કૃપા
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની
પ્રેરણાથી જૈન ધર્મનો પ્રચાર કરતાં
જૈન શાસનને
હાર્દિક શુભેચ્છા

અજ્ઞાન એ મહા દોષ

તમે જોયું કે, અજ્ઞાન એ કેવો મહા દોષ છે ? રાજાને સાચી હકીકતનું જ્ઞાન હોત, તો રાજા ભૂલ કરત ? પણ અજ્ઞાને વહેમ પેદા કર્યો અને વહેમ પેદા થયો, એટલે એક પછી એક અનર્થ પેદા થયા. જ્યાં સુધી અજ્ઞાન હોય, ત્યાં સુધી સાવધ બહુ રહેવું પડે. અજ્ઞાન હોય એટલે ભૂલ થવાનો સંભવ ઘણો, પણ જ્યાં ભૂલનો ખ્યાલ આવી જાય, ત્યાં ભૂલને સુધારવા તત્પર રહેવું જોઈએ અને યોગ્ય સ્થાને ભૂલને ભૂલ તરીકે કબૂલવામાં પણ જરા પણ સંકોચ રાખવો જોઈએ નહિ ! આપણને કોઈ એમ કહી દે કે, 'મેં ભૂલ કરી નાંખી. અજ્ઞાનને કારણે હું ભૂલ્યો !' પછી આપણે એની ભૂલ ને જો યાદ કર્યા કરીએ, એને એની ભૂલ યાદ કરાવ્યા કરીએ, અગર તો એની ભૂલ જોને ને તેને મોં આપણે ગાયા કરીએ, તો આપણે એ અજ્ઞાની કરતાં પણ મહા અજ્ઞાની ગણાઈએ ને ?

આપણે આવા અવસરે સમજવું જોઈએ કે, અજ્ઞાન શું ન કરાવે તે કહેવાય નહિ. બધા પાપનો બાપ અજ્ઞાન છે. અજ્ઞાની ભૂલ ના કરે, તો શું જ્ઞાની ભૂલ કરે ? એટલે પોતે ભૂલ નહીં કરવાની અને બીજો ભૂલ કરે નહિ તેની તકેદારી રાખ્યા કરવાની ! પણ જ્યાં આપણી ભૂલ જણાય કે તરત જ તે યોગ્ય સ્થાને કબૂલ કર્યા વિના રહેવું નહિ અને બીજો ભૂલ કબૂલ કરે, પછી તો તેને અવશ્ય ભૂલી જવાનો ! કલાવતી પણ સમજી ગઈ કે, રાજાની ભૂલ કેવા સંયોગોમાં થઈ જવા પામી હતી, અને રાજા જેવો રાજા આવી રીતે ભૂલ કબૂલ કરે છે, એટલે હવે તો ગુસ્સો રખાય જ નહિ, પણ રાજાને ઠપકા જેવું લાગે, એવું પણ કાંઈ કહેવાય નહિ.

PANKAJ MEGHJI SHAH
[redacted]
હ. અમૃતબેન
9 - SHAFTE 5 BURY AVENUE,
KENTON HARROW,
HA3 - OQT, JK.

કવિરત્ન હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના પટ્ટ ધર, પ્રાચીન

સાહિત્યોદ્ધારક પૂ. ગુરુદેવ આ. શ્રી

વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની કૃપાથી જૈન જગતને જાગૃત રાખતા, સ્પષ્ટ પ્રરૂપણા કરતા

શ્રી જૈન શાસન અઠવાડિક વિશેષાંકને

BHANUBEN S. VYRPAR

હાર્દિક શુભેચ્છા

સમ્યક્ત્વ રૂપી મજબૂત મિત્ર

આ રીતે શીલના માહાત્મ્યનું વર્ણન કર્યા પછીથી, શ્રી અમિતતેજ નામના એ જ્ઞાની-મુ નેવર રાજાને ઉદ્દેશીને કહે છે કે, 'હે રાજન્ ! તમે પોતે જ શીલનું અદ્‌ભુત માહાત્મ્ય જોયું છે ! કારા ા કે શીલના પ્રભાવથી જ આ તમારી રાણીને નવા હાથ પ્રાપ્ત થયા છે !' આટલું કહીને એ જ્ઞાની મુનિવ રાજાને કહે છે કે, 'શીલની સાથે જો સમ્યક્ત્વ તમારામાં હોય, તો એ તમને ઘણો લાભ કરે. જો તમે રાત અને દિવસ પ્રૌઢ સખા એટલે મજબૂત મિત્રની જેમ તમારી સાથે રહે એવા સમ્યક્ત્વને પ્રાપ્ત કરો, તો બહુ સારું થાય !'

આપણી કથામાં, સમકિતની વાત તો આવે જ ને ? કારણ કે ધર્મનું સાચું મૂળ જ સમ ક્ત્વ છે. એ સમ્યક્ત્વ વિના મોટા પણ શીલસમ્પન્નને ચાલે નહિ. સમ્યક્ત્વ આવે એટલે શીલનું તેજ પ ગ વધી જાય અને શીલનું ફળ પણ વધી જાય. તમે બધા સમકિતી છો કે સમકિતના ખપી છો ? આ જ્ઞાની ગુ મહારાજ, રાજા અને રાણી આદિને સમ્યક્ત્વ આપવા ઇચ્છે છે, માટે આવી વાત કરે છે.

સભા૦ સમ્યક્ત્વ આપ્યું અપાય ?

અપાય. તેને યોગ્ય ભાવ પ્રગટે તો ! તે જોગો ભાવ પ્રગટે એવા જીવને પણ અપા ય ! પણ ખપ વગરનાને અપાય નહિ ને ? તમને ખપ છે ? તમે સોના જેવા બનો, તો તમારામાં સમ્યક્ત્ વ રૂપી હીરો જડાય. સમ્યક્ત્વ એવું છે કે, એ પ્રૌઢ મિત્રની ગરજ સારે. શું કરવા જેવું છે અને શું કરવ જેવું નથી, એ સમ્યક્ત્વ સમજાવ્યા જ કરે. શું હિતકારી છે અને શું અહિતકારી છે, શું તજવા જે છે અને શું મેળવવા જેવું છે, એ બધાનો સાચો ખ્યાલ, સમ્યક્ત્વની સાથે તમે જો મૈત્રી કરી હોય, તો ર આપ્યા જ કરે ! સમ્યક્ત્વ સખા તો બને, પણ તે પ્રૌઢ સખા બને. દુનિયામાં જેમ પ્રૌઢ માણસો સલાહ લેવા લાયક ગણાય છે ને ? તેમ ભગવાનના આ શાસનમાં સમ્યક્ત્વ એ પ્રૌઢ સખા છે. સદા સાથે રહે તે રો અને આ સારું ને આ ખોટું, એ બતાવ્યા કરે એવો સખા !

60, REGALWAY KENTON,
HA3 - ORY - MIDD'X - U.K.
ફ. ANIL

પરમ ગુરુદેવ નિસ્પૃહી શિરોમણિ
હાલારદેશોદ્ધારક પૂ. આ. *શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ*ના પટ્ટધર પરમ
ઉપકારી પૂ. આ. *શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ*ના ઉપદેશથી જૈન
જગતને જાગૃત કરતા

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

કષાય ભૂંડા લાગ્યા વિના સમ્યક્ત્વ પ્રગટે નહિ

કષાય કરવા જેવા લાગે ને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, એ બને નહિ. પણ કષાય કરવા જેવા નથી જ એમ લાગવું એ સહેલું નથી. કર્મસ્થિતિની ઘણી લઘુતા થઈ હોય, તો જ જીવને કષાય કરવા જેવા નથી જ એમ લાગે. એ કારણે જીવને આવી સ્થિતિ પ્રાપ્ત થાય, એ પણ અશુભ કર્મના ક્ષય રૂપ ગણાય. સમ્યક્ત્વને પામવા માટે ક્રોધ, માન, માયા અને લોભ-આ ચારેય કષાય એટલા તો જવા જ જોઈએ કે, જેથી જીવને એ સારા લાગે નહિ. તમારે સમ્યક્ત્વ જોઈએ છે ને ? જેમને સમ્યક્ત્વ જોઈએ છે, તેઓ વિચારે કે, કષાય આપણાને કેવા લાગે છે ? કષાય થાય તે ભૂંડા લાગે છે ? પાંચ લાખ પાસે છે, છતાં પણ દશ લાખની ઈચ્છા થાય, તો એથી હૈયે ઘા પડે ને ? એમ થાય ને કે, આ લોભ ભૂંડો !

સભા૦ એ ગમે નહિ ?

એની ઇચ્છા થાય એ કષાયનો ઉદય, પણ એવી ઈચ્છા થાય, એ જ્યાં સુધી ગમે, ત્યાં સુધી સમ્યક્ત્વ આવે નહિ. એ ઈચ્છા થાય, તો એ ભૂંડી જ લાગવી જોઈએ. આવું બધા કષાય માટે સમજવાનું. લોભની વાત એટલા માટે આગળ કરી કે, તમને ઝટ સમજાય. બાકી તો ચારેય કષાયથી જે જે ઈચ્છા જન્મે, તે ભૂંડી લાગવી જોઈએ. અધિકધનની ઈચ્છા થાય અને એ ઈચ્છા પાપરૂપ લાગે અને એથી દુઃખ થાય, એવા જીવ કેટલા ? તેવા પ્રકારનો કર્મનો યોગ હોય, એટલે ઈચ્છા તો થાય, પણ એ ભૂંડી લાગવી જોઈએ. આત્મામાં કષાય બેઠેલા છે, પણ એ કષાય આત્માનું ભલું કરનારા નથી, પણ આત્માનું ભૂંડું જ કરનારા છે, એમ લાગે, એટલા પ્રમાણમાં કષાય જવા જોઈએ. એટલા પ્રમાણમાં કષાય જાય, તો જ સમ્યક્ત્વ પ્રગટી શકે. નહિતર કષાયનું જોર એવા પ્રકારનું પણ હોય છે કે, આત્માને એમ લાગવા દે નહિ કે, કષાય એ આત્માનું ભલું કરનાર નથી, પણ ભૂંડું જ કરનાર છે ! માટે સમ્યક્ત્વ મેળવવું એ સહેલું નથી.

MOTIBEN
RAMNIKLAL
DHANANI



20, ROSSLYN CRESCENT,
NORTH WEMBLEY - HA9 - 7NZ, (U.K.)

જૈન ધર્મના મર્મને જાણવાના હાર્દિક રસિયો દ્વારા
પૂ. આ. શ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની કૃપા અને પ્રાચીન
સાહિત્યો દ્વારા પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની પ્રેરણા થી જૈન
ધર્મનો વિજય ડંકો વગાડવા
શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

સંસારમાં સ્વાધીન કોણ ?

આ સંસારમાં ત્યારે સ્વાધીન કોણ ? મુક્તિ પામ્યા વિના પરાધીનતા પૂરી જાય નહિ. પ્ર ભગવાનના શાસનના સંયમને શરણે આવેલો જ આ સંસારમાં વધુમાં વધુ સ્વાધીન છે એમ કહેવ ! સાધુ આધીન ભગવાનને, ભગવાનની આજ્ઞાને અને ભગવાનની આજ્ઞાની આરાધનાદિ ં પ્રવર્તાવનારા ગુર્વાદિને જ બે ? કર્મની આધીનતા સામે બોણે જંગ માંડ્યો છે અને શરીરને પણ તા ને રાખીને બેને સંયમાદિમાં પ્રવર્તાવવાનો બેનો પ્રયત્ન છે. ત્યારે બે જે ભગવાન આદિને આધી ન છે, તે તો બેનું બેડાનો કલ્યાણ કરનાર છે, બેટલે બે પરાધીનતા બેને અંશ માત્ર ડંખે બેવી નથ . બેની સામે તમે સંસારના વધુમાં વધુ સુખી ગણાતા પણ સંસારસુખના રાગી જીવની કલ્પના કરી જુઓ ! બે સુખી પણ જેવો ભગવાનનો સંયમી સ્વાધીન, તેવો સ્વાધીન નહિ !

તમને પરાધીનતાનું મોટું દુઃખ છે, પણ તે તમને મોટે ભાગે સાલતું નથી, કારણ કે તમ ને ભૌતિક સુખની ગરજ ઘણી ઘણી છે ! સુખ માટે દુઃખ વેઠવું બે દુઃખ નથી, બેમ તમે સંસારમાં સમજો છો, પણ જ્યાં સંયમની વાત આવે, ત્યાં જ તમે ભૂલી જાવ છો ! બેનું કારણ બે જ છે કે, સંસારના સુખના રાગ ઉપર જેવો દ્વેષ પ્રગટવો જોઈએ તેવો દ્વેષ હજુ તમારામાં પ્રગટ્યો નથી અને બેથી મોક્ષના સુખની જેવી રુચિ જાગવી જોઈએ, તેવી રુચિ જાગી નથી. બાકી તો મોક્ષનું સુ બેટલે જ સ્વાધીન બનેલા આત્માનું સુખ ! પરાધીનતા જેને ખટકતી હોય, તે જો સમજે તો બે બેક મોક્ષ સિવાય બીજું કાંઈ મેળવવાનું મન થાય નહિ !

Jayaben
Nathalal
Shah
& Ajay

68, Ton Bridge Crescent,
Kenton-HA3-9LE, (U.K.)





૬૭ વિગઈનો વર્ષો સુધી ત્યાગ કરનાર

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની પરમ કૃપાથી

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ની પ્રેરણાથી

જૈન ધર્મના સિદ્ધાંતોને પ્રચારતા

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા





સમ્યક્ત્વ ભવ્ય જીવ પામે

આવા સમ્યક્ત્વ રૂપ પ્રૌઢ સખાને મેળવી કોણ શકે ? જે જીવ સ્વભાવે ભવ્ય હોય, તે જ જીવ આને મેળવી શકે. ભવ્ય જીવ એટલે મોક્ષને પામવાની લાયકાત જે જીવમાં સ્વભાવથી છે, એવો જીવ અને તેય ચરમાવર્તમાં આવેલો જીવ ! જે જીવ હજુ આ સંસારમાં વધુમાં વધુ એક પુદ્ગલ પરાવર્ત કાળથી વધારે સમય નહિ, પણ એથી ઓછો સમય જ સંસારમાં પરિભ્રમણ કરવાનું બાકી છે એવો જીવ ! એથી વધારે સમય જેમને સંસારમાં ભટકવાનું હોય, એવા ભવ્ય સ્વભાવના જીવોને દુર્ભવ્ય જીવો તરીકે ઓળખાય છે.

જ્ઞાની નિવર રાજાને ઉદ્દેશીને કહે છે કે, 'એ સમ્યક્ત્વને ભવ્ય જીવો જ મેળવી શકે છે અને ભવ્ય જીવો પણ પોતપોતાના અશુભ કર્મના ક્ષયથી એ સમ્યક્ત્વને મેળવી શકે છે.' સમ્યક્ત્વની પ્રાપ્તિ ભવ્ય જીવને પણ એ જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય પણાની અવસ્થા પામ્યો હોય, તે અવસ્થામાં થાય છે. જ્યારે ભવ્ય જીવ સમ્યક્ત્વ પામે, ત્યારે એ સંજ્ઞી પંચેન્દ્રિયપણા પર્યન્ત આવી ગયેલો હોય અને આઠ કર્મો પૈકીના આયુષ્યકર્મ સિવાયનાં એનાં સાતેય કર્મોની સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમ કરતાં પણ અલ્પ બની હોય. એટલી કર્મલઘુતા થયા પછીથી પણ જ્યારે ભવ્ય જીવને લાગે કે, ક્રોધ પણ કરવા જેવો નથી, માન પણ કરવા જેવું નથી, માયા પણ કરવા જેવી નથી અને લોભપણ કરવા જેવો નથી, ત્યારે એ સમ્યક્ત્વ પામી શકે છે.

INDIRABEN SHANTILAL SETH

No. 11, George V. Avenue,
Pinner HA5 5SX-(U.K.)

લાલાર દેશો દ્ધારક પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની પરમ કૃપાથી અને પરમ
ઉપકારી પૂ. આ. **શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ની શુભ પ્રેરણાથી જૈન શાસનનો જયકાર
કરવતા **જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા**

ઓછામાં ઓછું દશગણું ફળ મળે

જ્ઞાની આચાર્યભગવાન આ પછી શંખ રાજા ને સમજાવે છે કે, 'જીવે પોતે જે શુભ અગર અશુભ કર્મ સું હોય, તે તેને અવશ્ય ભોગવવું પડે. એ કર્મને ભોગવ્યા વિના, એ કર્મનો ગમે તેટલો કાળ વીત્યે પણ ક્ષય થતો નથી ' અને તેવા પ્રકારનાં જે નિકાચિત કર્મ ઉપાર્જ્યાં હોય, તો તે કર્મો માટે આવું જ બને છે. વગર ભોગવ્યે જાય જ નહિ. વાં જે કર્મો હોય છે, તે કર્મોની તો ઘોર તપથી નિર્જરા થતી નથી. એ કર્મોનું ફળ તો એ કર્મ કરનારને ભોગવવું જ પડે છે પછી જ્ઞાની ગુરુમહારાજ શંખરાજાને અને રાણી કલાવતી આદિને સમજાવે છે કે, 'કોઈનો વધ કરવામાં આવે, કોઈને માર ામાં આવે, કોઈના ઉપર આળ ઓઢાડવામાં આવે અગર તો કોઈનું ધન ઓળવવામાં આવે, આ જાતના પાપકર્મોનું ઓ ામાં ઓછું ફળ મળે, તોય તે દશગણું તો મળે જ છે !' આ પાપકર્મ કરો એક વાર અને એનું ફળ ભોગવો ઓછામાં ઓ ં દશ વાર ! તે પાપો કરતાં પરિણામ મન્દ હોય અને કર્યા પછી પશ્ચાત્તાપાદિ થાય તો વાત જુદી છે. નહિ તો એવો ક ઈ ભયંકર અનુબંધ પડી ગયો હોય, તો અનન્તગણું ફળ ભોગવવું પડે, એવું પણ બને ! માટે નક્કી કરો કે, ગમે તેવ સંયોગોમાં પણ હિંસાદિ મહા પાપો આચરવાં નહિ અને જે જે પાપ થઈ જાય, તે તે પાપની શુદ્ધિ સાધ્યા વિના રહેવું નહિ. માજે જરાક કાંઈક થાય તો સભ્યતાથી સોરી (Sorry) કહેવાય છે ને ? આપણો આપણી ભૂલની ગુણાને વશ ઈને માફી માગવાની ! પાપ કરવાનું જેને મન નહિ અને જે પાપ થઈ જાય તેની શુદ્ધિ કરી લેવાનું જેનું લક્ષ્ય હોર , તેને માટે દુર્ગતિનાં દ્વારો બંધ થઈ જાય છે.

JAYABEN JHAVERCHAND SHAH
46, BECMEAD AVE, KENTON HARROW,
HA3 - 8EY - MIDDX (U.K.)

પરમ ઉપકારી ગુરુદેવ લાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની પરમ કૃપાથી તથા પ્રાચીન સાહિત્યો દ્ધારક પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી જૈન સિદ્ધાંતની રક્ષા અને પ્રચાર કરતા
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

આત્મા પોતાનાં જ પાપોનાં સુખ-દુઃખનો કર્તા

કલાવતીના પૂર્વભવના વૃત્તાંતનો ઉપસંહાર કરતાં પહેલાં અહીં કેવળજ્ઞાની આચાર્યભગવંત ફરમાવે છે કે, પોપટનો જન્મ કેવા થયો હતો, તે સાંભળીને કેવળીભગવંતનો અદ્ભુત પ્રભાવ કેવો છે, તેનો અંદાજ તે જ વખતે આવી શકે. મુનીશ્વરોનો તે એવા પ્રકારનો પ્રભાવ કેવળજ્ઞાનથી જાણીને કલાવતી વગેરે રાજપરિવાર ખૂબ જ આનંદ પામ્યો અને કલાવતી વગેરે પાછા ફરવાની થઈ.

આ શ્રીપાલ રાજાના ભવના અને કલાવતીના ભવના પૂર્વભવના સંબંધનું વર્ણન કરતાં કરતાં જ્ઞાની એ આચાર્યભગવંત ફરમાવે છે કે, "રાજન્ ! જેટલા પ્રમાણમાં જીવે જે પાપ કર્યું હોય, તે બધા પદાર્થોમાં તે પોતે પોતાના કરેલા પુણ્ય અને પાપના ફળને ભોગવે છે. કોઈ કોઈના પાપ કે પુણ્યનો કર્તા નથી કે કોઈ કોઈના પુણ્ય કે પાપનો ભોક્તા નથી. પૂર્વભવે આ કલાવતીના જીવે તમારી પાંખો છેદી હતી, તેના વેરની વસૂલાત રૂપે તમે આ કલાવતીના વક્ષ વિદારવા દ્વારા આ રીતે ગુરુએ રાજાના પ્રશ્નનો ઉત્તર આપ્યો. કર્મની સ્થિતિ કેવી ભયંકર હોય છે, તેનો તમને ખ્યાલ તો આવ્યો ને ?

AMRATBEN RAISHI MEPA SHAH
FLAT NO. 18, TEMPLEY COURT, 17 S.T. JOHN'S ROAD,
HARROW-HA1-2 HZ- (U.K.)

હાલારમાં વરસો સુધી વિચરી, અમૃતપાન પાનાર **પૂ. આચાર્યદેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ** *તથા*
તેમના પટ્ટધર **પૂ. આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ની
કોમળ દૃષ્ટિથી જૈન ધર્મને વિશ્વમાં ફેલાવતાં

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

* કામ કરવામાં ઉદાર અને બોલવામાં કૃપણ *

તમે વિચાર કરી જોજો કે, આવા અવસરે આપણે આવો જવાબ આપીએ ? કે 'મેં જ આમ કર્યું અને મેં જ તેમ કર્યું,' એવું એવું બોલવા મંડી પડીએ ? 'મેં આપનાં આમ વખાણ કર્યાં ને તેમ વખાણ કર્યાં અને પછી રાજાને પણ મેં એવો સમજાવ્યો કે એ કહે કે, તું જ આ કન્યાને તારા રાજા માટે સાથે લઈ જા, એમ રાજાએ મને કહ્યું'-આવું તો ઘણું બોલવું હોય તો બોલાય એવું હતું ને ? પણ દત્તે એવી કોઈ જ વાત કરી નહિ.

સભાએ આડકતરી રીતે પોતે જ આ બધું કર્યું છે, એ વાત એણે સ્વીકારી લીધી.

મતલબ એનું એ હોવા છતાં પણ બોલવા-બોલવાની વાતની અને રીતની જ કિંમત છે ને ? દુનિયામાં ઘણા તો એવા જ હોય છે કે, કામ થોડું કર્યું હોય, તોય પોતે ઘણું કરી નાંખ્યું છે, એવો દેખાવ કરવામાંથી જ ઊંચા આવે નહિ ! એવા માણસો કામ કરવામાં કૃપણ હોય છે અને બોલવામાં ઉદાર હોય છે. જ્યારે આવા માણસો કામ કરવામાં ઉદાર હોય છે અને બોલવામાં કૃપણ હોય છે !

Savitaben Shantilal Shah

9, Claremont Avenue, Kenton - HA3 - OVH (U.K.)

કરુણાનિધિ હાલારી જનતાના પરમ ઉપકારી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજને કોટિવંદન જેમની કૃપાથી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે જૈન સાહિત્યથી જૈન જગતને ઉદ્ધાર કરી તેમની પ્રેરણાથી જૈન શાસનને જાગૃતિ આપતા જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

પરિભાષાની ભાષા

- જે આવશ્યકતાથી અધિક ચાહે, તે લોભી છે.
- જે આવશ્યકતાથી અનુકૂલ ચાહે, પ્રાપ્ત કરે છે તે ભોગી છે.
- જે ક્યારેય આવશ્યકતાના માટે ચાહતા નથી તે યોગી છે.
- આવશ્યકતાનો પણ લેશ માત્ર અનુભવ નથી કરતાં તે ''પરમયોગી'' છે.

Muktaben Mohanlal Shah

45, KINGSHILL AVENUE,
KENTON MIDD'X HA3-8LA, U.K.

કરુણાનિધિ હાલારી જનતાના પરમ ઉપકારી
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજને કોટિવંદન જેમની કૃપાથી
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે જૈન સાહિત્યથી જૈન જગતને ઉદ્ધાર કરી તેમની
પ્રેરણાથી જૈન શાસનને જાગૃતિ આપતા
જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

■ ધર્મ કરવો હોય તો અનુકૂળતા મળી રહે ■

એવા શે ઠેયા જોયા છે કે, પેઢી ઉપર કલાક જાયે ય ખરા ને ન પણ જાય, છતાં હજારો કમાય. અને એવા પણ જોયા છે કે, જે ઓ રોજ જતા હતા, છતાં બુધવારિયાના મેમાન બન્યા ! જમની જેમ પેઢી ઉપર બેસતા, પણ પુણ્ય ખવાઈ ગ યું હોય, ત્યાં એનું ચાલે શું ? મહેનત પણ ક્યારે ફળે ? પુણ્યની સહાય મળે તો ! અને પુણ્ય ક્યાંથી પેદા થાય ? ધર્મ વિના પુણ્ય પેદા થાય એ બને ? સુખી માણસોએ પોતે ધર્મમાં મનને વધારે પરોવવાનું અને મુનીમને પણ ંહીં દેવાનું કે, તારો ધર્મ તું ચૂકીશ નહિ ! પેઢીના બધા નોકરોને ધર્મ કરવાનું મન છે, એવું ભાળે તો એ કહી દે ક, પેઢી ૧૧ વાગ્યે ઉઘાડવાની રાખો. અહીં અમને કેટલાક કહી જાય છે કે, અમારે વ્યવહાર ચલાવવા માટે વહેલા જવું પડે ! કોઈને આપવાના હોય ને કોઈના લેવાના હોય. પણ બેન્કો અગિયાર વાગ્યા પછી જનારને પૈસા આપે કે નહિ ? અને પૈસા ભરવા હોય તો લે કે નહિ ?

સભા૦ બપોરના બે વાગ્યા સુધી ચાલે.

ત્યારે ઞ મને ખોટું સમજાવી જાય છે ને ?

સભા૦ ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ વગેરેની મુદત હોય ને ?

એમાંય બાર વાગ્યા પછી જાવ તો ન જ ચાલે ? ધર્મ કરવો હોય, તો મોટે ભાગે અનુકૂળતા મળી રહે છે. જેને હડકવા લ ાગ્યો હોય, તેની વાત જુદી. આમ ને આમ આ જિન્દગી કેટલી ગુમાવી દીધી ? હવે જે ૫/૨૫ વર્ષ બાકી હોય , તેમાં તમે ચેતી જઈને અને શક્ય એટલા ધર્મને જીવીને રવાના થાવ, તો સારું ને ? અહીં એવા માણસો પણ જે કે, જેમનાથી ધાર્યો ધર્મ થાય, પણ ધર્મ કરવો છે, એવું એમના મન પર આવે તો !

ગં. સ્વ. અમૃતબેન કેશવજી માણેક પરિવાર
(રાસંગપુરવાળા)
શા. લલીત કેશવજી. ફોન : ૫૯૮૭૫૦૪
શા. ઉપેન્દ્ર કેશવજી. ફોન : ૫૯૮૨૪૮૬
શા. જિતેન્દ્ર કેશવજી. ફોન : ૫૯૮૨૪૯૩
શા. રાકેશ કેશવજી. ફોન : ૩૬૧૯૪

માલદે ડ્રેસ
કાલબાદેવી, મુંબઈ-૨. ફોન : ૨૦૯૬૨૧૩

હાલાર દેશોદ્ધારક
પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજા**ની
પરમ કૃપાથી અને પરમ ઉપકારી
પૂ. આ. **શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ની
શુભ પ્રેરણાથી જૈન શાસનનો જયકાર કરાવતા
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

દેવ–ગુરુ–ધર્મની ગુલામી બધી ગુલામી ટાળે

અગિયારમા ભવે પણ આ બન્નેય જીવોને રાજા-રાણીપણું પ્રાપ્ત થાય છે. છે કાંઈ નુકશાન ધર્મને જાત સોંપી દેવામાં ? એઓ ધર્મે, આપેલા ભોગ ભોગવે છે, પણ એમને પૂંછીએ કે, તમારે ખરે ખર શું જોઈએ છે ? તો એ કહેશે કે, ધર્મ જ ! આવા એ જીવો છે. સંસારના સુખનો રાગ છે જ નહિ, એવુંય નથી અને ભોગ ભોગવતા નથી, એવુંય નથી, પણ એ વખતેય એ રાગ ને એ ભોગ ઉપાદેય લાગતા નથી. ક્યારે આનાથી છૂટાય ને ક્યારે એકલો ધર્મ સધાય, એમ મનમાં એમને રહ્યા કરે છે, કારણ કે સમ્યક્ત્વને જાણવી જાણ્યું છે, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે. એટલે એ ક્યારેક ગયું પણ હશે, પણ એમને એનો વિરહ લાંબો કાળ નહિ ભોગવવો પડ્યો હોય અને એ પુનઃ પ્રાપ્ત થઈ ગયું હશે.

જાત જો એક માત્ર ભગવાને કહેલા ધર્મને સોંપાઈ જાય, તો સંસારમાં સુખ મળશે કે નહિ, એની ય ચિન્તા કરવાની રહે નહિ અને મોક્ષની ય ચિન્તા કરવાની રહે નહિ. પણ કેટલાક સ્વચ્છંદીઓ તો એમ કહે છે કે, 'અમે એવા ગુલામ બનવા માગતા નથી ! આમાંય એમને ગુલામી લાગે છે અને અમે દેવ, ગુરુ કે ધર્મ કોઈની ગુલામીમાં માનતા નથી.' એમ એ કહે છે. પણ એવો વિચાર એ કરતા નથી કે, આ ત્રણની, એટલે દેવ-ગુરુ-ધર્મની ગુલામી તો બધીય ગુલામીને ટાળનારી છે ! જીવે આ ગુલામી નથી કરી, માટે જ એને બીજી, ત્રીજી ગુલામીઓ કરવી પડે છે. ખરે ખર, આજે તમે કોઈના ગુલામ નથી ? આ આઝાદ બનેલા કહેવાતા દેશમાં તમે કોઈનાય ગુલામ રહ્યા નથી ? તમે જો વિચારવા માંડો, તો તમને લાગે કે, તમે જુદી જુદી ઘણી ગુલામીઓથી જકડાયેલા છો. ગુલામી ન જોઈએ, તો આ દેવ-ગુરુ-ધર્મનું શરણ સ્વીકારી લો !

શાહ નેમચંદ રાયશી સુમરીયા
ડબાસંગવાળા
અવન્તિકા રજો માળ,
મોરાર રોડ, મુલુંડ, વેસ્ટ, મુંબઈ ૮૦

પરમ ઉપકારી ગુરુદેવ હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની પરમ કૃપાથી તથા પ્રાચીન સાહિત્યો દ્ધારક પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી જૈન સિદ્ધાંતની રક્ષા અને પ્રચાર કરતા **જૈન શાસન અઠવાડિક**।

હાર્દિક શુભેચ્છા

વિરાગ પેદા કરે એવી કથા

મહાપુરુષો કોઇ પણ ધર્મકથા લખે, તેમાં સંસારની વાતો પણ લખાય જ. જેની કથા કરવાની હોય, તેને તે જેવા હોય તેવા રૂપે રજૂ તો કરે જ ને ? આ ધર્મકથામાંય આખો સંસાર ચૂંથ્યો છે, એમ વાંચતાં લાગે. જ્યાં સારાપણું છે, ત્યાં સારાપણું ટાંકીને, જ્યાં જ્યાં ખરાબી છે, તે એ રીતે બતાવી છે કે, સંસાર ભૂંડો લાગ્યા વિના રહે નહિ, સંસાર પ્રત્યે ઉદ્વેગ જન્મ્યા વિના રહે નહિ. સાધુઓના વિરાગને પણ પુષ્ટ બનાવી દે, એવી વાતો આમાં છે. આ ધર્મકથા જો સારી રીતે વાંચી હોય, તો વાંચનારમાં વિરાગ ન હોય, તો તે પેદા થાય અને હોય, તો તે એવો દૃઢ બને કે, ગમે તેવી હાલતમાં પણ એ વિરાગ ડગે નહિ ! દ્રવ્યાનુયોગ એવો છે કે, એના યોગે સમ્યક્ત્વ નિર્મળ બને, ગણિતાનુયોગ એવો છે કે, એના યોગે ક્ષેત્રાદિકની માહિતી મળે, ચરણકરણાનુયોગ એવો છે કે, એના યોગે આત્મા અતિ ગતિમાં ફસાવા પામે નહિ ! જ્યારે ધર્મકથાનુયોગ ધર્મની પ્રાપ્તિમાં ખૂબ સહાયક બને. શ્રી જૈન શાસન આ ચાર અનુયોગમય છે. તેમાં ધર્મકથાનુયોગ એવો સુન્દર, મીઠો અને સરળ છે કે, જેને એ વાંચતાં આવડે અને જેને એ સાંભળતાં આવડે, તેને સંસાર જેવો ભયંકર છે, તેવો ભયંકર

દેખાયા વિના

રહે નહિ.

માતુશ્રી પાનીબેન લખમશી લાધાભાઇ ગડા પરિવાર

ગામ ખટીયાર, હાલ ભીવંડી.

૬૭૦- રહીમા મેન્શન, બીજે માળે, બ્લોક નં. ૬, અજન્ટા કંપાઉંડ, ભીવંડી (થાણા), મહારાષ્ટ્ર.

સાધુઓનો સમાજ ઉપર ઉપકાર

– પૂ. આચાર્યદેવ શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ.
(પાલીતાણા ઓસવાલ યાન્ત્રિક ગૃહ)

ાધુઓ પોતાની જીવન જરૂરિયાતની બધી જ વસ્ ઓ સમાજ પાસેથી લે છે આહાર-પાણી, વસ્ત્ર- ાત્ર, મકાન આદિ દરેક વસ્તુ તેમને સમાજ આપે ે . પણ તેના બદલામાં તેઓ સમાજને કંઈ આપત નથી એ વાત સાચી છે ? નહિ. સાધુઓ સમાજ ા જે વસ્તુ આપે છે તે વસ્તુ શહેનશાહ પણ ન આ ી શકે. સાધુઓ સમાજને સાચું સુખ મેળવવ ની એક નવી દષ્ટિ આપે છે. આ દષ્ટિ છે અધ્યાત્ દષ્ટિ. જેમનામાં અધ્યાત્મદષ્ટિ આવે છે તે જીવો ૨લોકમાં તો સુખી બને જ, કિંતુ આ લોકમાં ાણ સુખી બને. જો દરેક વ્યક્તિ આ દષ્ટિને અપનાવે તો આ માનવ લોક દેવલોકથી પણ ચઢી જાય. સા ુઓ ઉપદેશ આપવા દ્વારા અધ્યાત્મદષ્ટિ આપીને સમાજ ઉપર મહાન ઉપકાર કરે છે. સાધુઓ ો મોટામાં મોટો ઉપકાર ધર્મોપદેશ છે. આ જગ ામાં ધર્મોપદેશ જેવો બીજો કોઈ ઉપકાર નથી. કા ણ કે ધર્મોપદેશથી જીવોનાં દુ:ખોનો સંપૂર્ણ (ાયમ માટે) નાશ થાય છે.

સા ુઓ જેમ ધર્મોપદેશથી સમાજ ઉપર ઉપકાર ક ે છે, તેમ ભિક્ષાથી પણ સમાજ ઉપર ઉપકાર ક . સાધુઓ ભિક્ષા કેવી રીતે લે છે અને શા માટે ે છે તે સમજવાની જરૂર છે. સાધુઓ કોઈ પણ વસ્તુ કોઈની પણ પાસેથી બળાત્કારથી કે ફરજીય તથી લેતા નથી, કિંતુ આપનારની પ્રાર્થનાથ . લે છે. ગૃહસ્થો પાસેથી પ્રાર્થનાથી લીધેલી વ સ્તુઓનો સાધુઓ સંયમમાં (=ધર્મમાં) જ ઉપયો કરે છે. એથી વસ્તુ આપનાર ગૃહસ્થને સાધુની સંયમ સાધનાનો હિસ્સો મળે છે. સાધુઓને સંયમમાં ઉપયોગી વસ્તુ આપવાથી દાનધર્મનું પાલન થાય છે. સાધુઓને આપેલી વસ્તુ પાપમાં વ રાવાને બદલે ધર્મમાં વપરાય છે. જેમ કે, સાધુ ગૃ સ્થને ઘરે આવીને બે રોટલી લઈ જાય તો એ બે રોટલીનો ઉપયોગમાં ધર્મમાં કરે છે. પણ જો સાધુ બે રોટલી લેવા ન આવે તો એ બે રોટલીનો ઉપયોગમાં પાપમાં થાય. આમ દરેક વસ્તુ માટે બને છે. જો સાધુ બે રોટલી લઈ જાય તો તેથી ગૃહસ્થને ઘટી જતું નથી. કારણ કે સાચા સાધુઓ પોતાના નિમિત્તે ગૃહસ્થને બોજો પડે તેમ કોઈ પણ વસ્તુ લે નહિ. આથી જ એમની બીજાને ગોચરી કે માધુકરી કહેવામાં આવે છે. આથી સાચા સાધુઓ સમાજને જરા ય બોજારૂપ બનતા નથી અને વધારામાં પાપથી મેળવેલી ગૃહસ્થની વસ્તુ લઈને ધર્મમાં ઉપયોગ કરવા દ્વારા ગૃહસ્થને ધર્મનો લાભ આપે છે.

સાધુઓ જેમ ઉપદેશથી અને ભિક્ષાથી ઉપકાર કરે છે તેમ આચારથી પણ સમાજ ઉપર ઉપકાર કરે છે. સાધુના આચારથી અન્ય જીવોને કેવી રીતે લાભ થાય છે તે જોઈએ.

(૧) સાધુએ હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ પાપોનો ત્યાગ કર્યો હોવાથી સાધુ તરફથી સર્વ જીવોને કોઈ જાતનું દુ:ખ આવે નહિ. સાધુ પોતાને દુ:ખી કરનારને પણ દુ:ખ ન આપે. સાધુથી છેતરાઈ જવાનો, ચોરાઈ જવાનો કે લૂંટાઈ જવાનો ભય રહેતો નથી. નાનું છોકરું પણ તેમની પાસે એકલું જાય અને તેને કિંમતી દાગીના પહેર્યા હોય તો પણ એ સાધુ તરફથી સલામત રહે. સાધુ જેના ઘરમાં ઉતરે તેના ઘરમાં ગમે તેવી કિંમતી વસ્તુ હોય છતાં સાધુ તેને લઈ લેવાની બુદ્ધિથી હાથ પણ ન લગાડે. આથી સરકારને પણ સાધુ માટે કાયદા આદિની ગોઠવણ કરવી ન પડે.

(૨) સાધુના આચારથી ઉપદેશ વિના પણ અનેક આત્માઓનું કલ્યાણ થાય છે. સાધુઓના આચારો જોઈને અનેક લઘુકર્મી જીવો પાપથી નિવૃત બને છે. સાધુના આચારો જોઈને ધર્મ પામેલા અનેક

મહાપુરુષોનાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં નોંધાયેલાં છે.

સાધુના આચારો પાપી જીવને પણ પીગળાવી નાખે છે. આનું સમર્થન કરતું એક દૃષ્ટાંત (પટ્ટાવલી સમુચ્ચયમાં આવેલ શ્રી પટ્ટાવલી સારોદ્ધારમાં) જોઈએ.

આ દૃષ્ટાંત ૧૧મી સદીનું છે. ૧૮૦૦ સાધુઓના માલિક શ્રી સોમસુંદર સૂરિએ ચતુર્વિધ સંઘમાં સારી ખ્યાતિ મેળવી હતી. તેઓ ક્રિયારુચિ હતા. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સુંદર પાલન કરતા હતા. આ વખતે વેશધારી સાધુઓ પણ ઘણા હતા. શ્રી સોમસુંદરસૂરિ સંયમનું સુંદર પાલન કરતા હોવાથી લોકો તેમના પ્રત્યે આકર્ષવા લાગ્યા અને વેશધારી પ્રત્યે ઉપેક્ષાવાળા બનવા લાગ્યા. સંયમના સુંદર પાલનના કારણે શ્રી સોમસુંદરસૂરિની કીર્તિ વધી, અને વેશધારીઓની કીર્તિ ઘટી. આથી વેશધારીઓ શ્રી સોમસુંદરસૂરિ પર રોષે ભરાયા. રોષે ભરાયેલા વેશધારી સાધુઓએ વિચાર્યું કે શ્રી સોમસુંદરસૂરિ છે ત્યાં સુધી લોકો અમારા ભાવ પૂછશે નહિ. આથી કોઈ પણ રીતે તેમને મારી નાખવા જોઈએ. આવો વિચાર કરીને એક માણસને ૧૦૦ રુપિયા આપીને શ્રી સોમસુંદરસૂરિને મારી નાખવા તૈયાર કર્યો. રાતના લોકોની અવર-જવર બિલકુલ બંધ થઈ ગઈ. બધા લોકો ભરઊંઘમાં હતા ત્યારે આ માણસે ધીમે રહીને ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. શ્રી સોમસુંદર સૂરિના સંથારા પાસે જઈને તેમને મારવા હથિયાર ઉપાડ્યું. પણ અચાનક તેનું મન બદલાઈ ગયું. બન્યું એવું કે તે જ વખતે આચાર્ય મહારાજે ઊંઘમાં પણ રજોહરણથી પૂંજીને પડખું ફેરવ્યું. કુદરતનું બનવું કે જેથી તે જ વખતે આચાર્ય મહારાજની આસપાસ ચંદ્રનો પ્રકાશ પથરાઈ ગયો. આથી મારવા માટે તૈયાર થયેલા પુરુષે આચાર્ય મહારાજને રજોહરણથી પૂંજીને પડખું ફેરવતાં જોયા. આ દૃશ્યથી તેનું કઠોર હૃદય પીગળી ગયું. તેણે વિચાર્યું કે આ મહાપુરુષ ઊંઘમાં પણ નાના જીવોની પણ રક્ષા કરવા કાળજી રાખે છે. આ મહાત્માને મારીને મારી કઈ ગતિ થશે ? આવા ઉત્તમ પુરુષને મારનારની દુર્ગતિ સિવાય કઈ ગતિ હોઈ શકે ?.... હવે તે હથિયાર નીચે મૂકીને આચાર્ય મહારાજના ચરણમાં પડ્યો. મારો અપરાધ ક્ષમા કરો એમ ગદ્ ગદ્ કંઠે બોલી ગયો. આચાર્ય મહારાજ જાગી ગયા. જાગીને આચાર્ય મહારાજે કોણ છે ? કયો અપરાધ ? એમ પૂછ્યું. તેણે બધી હકીકત કહી દીધી. હકીકત કહેતાં કહેતાં તેનું હૈયું ભરાઈ આવ્યું. આંખો અશ્રુભીની થઈ ગઈ. આચાર્ય મહારાજે તેને જીવદયાનો સુંદર ઉપદેશ આપ્યો. પરિણામે તેને દીક્ષા લેવાની ભાવના થઈ ગઈ. આચાર્ય મહારાજ પાસે દીક્ષા લઈ તેણે આત્મકલ્યાણ સાધી લીધું. આ છે આચારનો ગજબ પ્રભાવ !

ઉત્તમ આચારોથી ઉપદેશ વિના પણ લઘુકર્મી જીવો ઉપર ઘણી સારી અસર થાય છે. આચાર મૂક ઉપદેશ છે. આથી પરોપકારના નામે આચારને વેગળા મૂકનારા કે મૂકવાનું કહેનારા અજ્ઞાન છે. આચાર ગયા એટલે સાધુપણું ગયું. આચાર વિનાનો ઉપદેશ તો એક જાતનું નાટક જ કહેવાય. ઘણા જીવો માટે એવું બને કે ઉપદેશથી જે અસર ન થાય તે અસર આચારથી થાય.

સૌ કોઈ જિનાજ્ઞામુજબ ઉત્તમ આચારોનું પાલન કરીને શીઘ્ર મુક્તિપદને પામે એ જ એક પરમ અભ્યર્થના.

---

* *સં. ૧૪૭૯ માં તારંગાજીનો જિર્ણોદ્ધાર થયો તે વખતે પ્રતિષ્ઠામાં આ. સોમસુંદરસૂરિ સહિત ૧૮૦૦ સાધુઓ હતા.*
* *મંત્રી આલિગદે ખિલ્લુરમાં પાર્શ્વનાથની મૂર્તિ પધરાવી. ત્યારે સુલતાને મૂર્તિ તોડવાનો ઈરાદો કર્યો. એ વખતે ભોજકોને સુલતાનની હાજરીમાં દેદકરાના ગાઈ ૧૦૮ દીવા પ્રગટાવ્યા. એક સર્પ સુલતાન સામે આવી બેઠો. આ ચમત્કાર જોઈ પ્રતિમા ને તોડી નહિ. ત્યારથી આ પાર્શ્વનાથનું નામ સુલતાન પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ થયું.*
* *પેથડના પિતા દેદાશાહે કંકુમરોળ પૌષધશાળા માટે ૫૦ પોહો કેસરની લાવીને જે સાર્થવાહને આપેલ તે સાર્થવ ૫૧૦,૦૦૦ બળદોના પરિવાર સાથે ૩૬૦ જાતનાં કરિયાણા લઈને આવેલ.* —રશ્મિકા

આચાર્ય પ્રિયગ્રંથ સૂરિજી

- મુનિશ્રી હિતવર્ધન વિજયજી મ.

તગતગતી તલવારો ખેંચીને ઉભા હતાં ચાર બ્રાહ્મણો. સોનાની જનોઈ, ચુસ્ત પીતાંબર અને નિર્વસ્ત્ર ઉત્તરાંગ. આ બધાના કારણે એમનું સ્વરૂપ ભારે રૌદ્ર જણાતું હતું.

પુરોહિત છેલ્લો મન્ત્ર પાઠ કરે એ જ ઘડી અને પળની રાહ જોવાતી હતી. પછીની પળે એ તલવારો એકી સાથે બોકડા પર ઝીંકાઈ જવાની હતી.

ત્યાર પછીની કલ્પના કરવી પણ કરૂણ હતી. લોહીના ફુંવારા. મજ્જાના ઢગલા. રકતરંજિત ભૂમિ અને એક નિર્દોષ પ્રાણીના મુખમાંથી નીકળતી ચીચીયારીઓ...

માર્ગ પરથી પસાર થતાં કોઈ દયાળું પથિકને થઈ આવતું કે વેદાન્ત અને પુરાણમાં નિષ્ણાંત આ બ્રાહ્મણો પગરખા જેવી ચીજ પણ હાથને અડી જાય તો અપવિત્ર થઈ ગયાનું જાહેર કરે છે તો એક નિર્દોષની ગરદનના રકતકણ એમની નાભિ પર ઉડે, છાતિને ખરડે એમાં વળી કઈ જાતની પવિત્રતા તેઓ સમજતા હશે!

હા, આ બોકડાને વધેરીને યજ્ઞના ભડભડતા કુંડમાં તેનું માંસ હોમવા તત્પર બન્યાં હતાં; બ્રાહ્મણો.

વચનસિદ્ધ વિભૂતિ : હૃદયસ્પર્શી પ્રવચનકાર : ચમત્કારિક ચારિત્રધર

પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી ગણિવર્ય

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી ગણિવર શાંતિની મૂર્તિ સમા હતા. પ્રેરણાનું કેન્દ્રસ્થાન હતા. સુયોગ્યને યોગ્ય સ્થાને સ્થાપવા પોતાને ઉપાધ્યાયપદે આરૂઢ થવું પડ્યું હતું.

તેઓશ્રી ભાવનગર પાસેના બાડી-પડવાના વતની હતા. ભાવસાર જ્ઞાતિમાં જન્મ્યા હતા. પૂ. મુનિવર શ્રી થોભણવિજયજી મહારાજના પરિચયથી વૈરાગ્યવાસિત બન્યા હતા. લગ્ન થયાને થોડો સમય થયો હતો, છતાં સંયમના રાગે પંજાબમાં દીક્ષા લેવા માટે ગયા. પરંતુ સંબંધીઓને ખબર પડતાં પંજાબમાંથી પાછા લઈ આવ્યા. તેમના માતુશ્રીએ કહ્યું કે, 'તું મારો એકનો એક પુત્ર છે. મારી સંભાળ કોણ લે ? તારે પુત્ર થાય પછી દીક્ષા લેવી હોય તો ખુશીથી લેજે.' વીરજીભાઈએ માતાની આ વાત કબૂલ રાખી.

એક વખત વીરજીભાઈ આઠ આના અને તપેલી લઈને ઘી લેવા માટે જતા હતા, ત્યાં રસ્તામાં એક બ્રાહ્મણે સમાચાર આપ્યા કે, 'વીરજી! તારી વહુએ દીકરાને જન્મ આપ્યો છે.' બસ, આ સાંભળી હાથમાંની તપેલી અને આઠ આના પેલા બ્રાહ્મણને આપી દીધાં અને કહ્યું કે, 'મારી માતાને કહેજો કે વીરજી દીક્ષા લેવા ગયો.' આ સમાચાર મળતાં માતાને પણ ખાતરી થઈ કે હવે વીરજી પાછો નહિ આવે.

વીરજીભાઈ સીધા પંજાબ પહોંચ્યા અંબાલામાં પૂ. આત્મારામજી મહારાજે તેમને દીક્ષા આપી, અને પોતાના શિષ્ય જાહેર કર્યા. દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી વીરવિજયજી જ્ઞાન-ધ્યાનમાં લાગી ગયા. તેઓશ્રી

(અનુ. પાના નં. ૯૨૪ ઉપર)

સેંકડો બ્રાહ્મણો છેલ્લા સાત-સાત દિવસથી યજ્ઞ જલાવીને બેઠાં હતાં. આજે એની સમાપ્તિની પળ હતી.

-મુહુર્તનો સમય નજીક સરકી રહ્યો હતો..

-વીંસ સેકંડ માંડ બાકી હતી.

-બધાયના શ્વાસ અધ્ધર હતાં

-ચેલા ચાર બ્રાહ્મણોના બલિષ્ઠ બાહુઓ તલવારો કચકચાવી રહ્યાં હતાં.

-બોકડાંની આંખેથી અશ્રુની ધારા વહી રહી હતી.

ને..... પુરોહિતે મન્ત્રની આખરી ઋચાનો બુલંદ ધ્વનિએ પાઠ કર્યો..સ્વાહા બોલાતાં જ તલવારો...

ત્યાં તો એક ભયાનક અટ્ટહાસ કરાયો.

દિશાઓ પણ રડી ઉઠે એવો ભારૂણ એ અટ્ટહાસ હતો.

તલવાર પકડીને ઉભેલા મારાઓ અટ્ટહાસ સાંભળીને ધરતી પર રોળાઈ ગયા હતાં. હબ્જારો બ્રાહ્મણો પણ મંડપની અંદર જ આમથી તેમ ફેંકાયા.

વળતી પળે જોયું તો ભારે ચમત્કાર સરજાઈ ગયો.

યજ્ઞના જાજ્વલ્યમાન કુંડમાં હોમી દેવા માટે લાવવામાં આવેલો પેલો બોકડો મેડીઓ તોડી આકાશમાં અધ્ધર થઈ રહ્યો હતો. કંઈ કેટલીય ઉંચાઈ પર પહોંચીને એ અટક્યો. એના પગમાં ઝીંકવામાં આવેલી લોઢાની સાંકળો તો ચૂરેચૂરા થઈ ગયા હતાં અટ્ટહાસ પણ આ બોકડાએ જ વેર્યો હતો.

વાઘણ જેવી આગ ઓકતી આંખે એણે મંડપમાં બેસેલા બ્રાહ્મણો પર નજર કરી. ત્યાર પછી સિંહ જેવા પડછંદ અવાજે ઓણે ગર્જના કરી.

'રે અજ્ઞાન બ્રાહ્મણો!

ભૂલે ચૂકે તમે મને બાંધશો નહિ. મારી નજીક ફરકશો નહિ. મારી હત્યા તો વિચાર સુદ્ધાં નહિ કરતાં. જો તમે મને હણી નાંખશો, તો હું તમને જીવતાં નહિ છોડું. એક એક જટાધારીને અને જનોઈધારીને કાચે કાચા ખાઈ જઈશ. યુદ્ધમાં જેમ હનુમાને રાક્ષસોને મસળી નાખ્યા છે તેવા જ હાલ તમારા થશે...''

વીજળીના તડાકા જેવો પ્રચંડ આ અટ્ટહાસ હતો.

(પાના નં. ૯૨૩ નું ચાલુ)

વ્યાખ્યાન સરસ આપતાં. ઉપરાંત, અચ્છા કવિ, ગાયક અને સમર્થ મુનિવર્ય પણ હતા. શુદ્ધ ચારિત્રપાલનના પ્રભાવે તેઓશ્રીના જીવનમાં ચમત્કાર જેવા અનેક પ્રસંગો બનેલા. તેઓશ્રી વચનસિદ્ધ પણ હતા. તે વિશેના એક-બે પ્રસંગો નોંધપાત્ર છે :

તેઓશ્રી ગુરુવર્યો આદિ સાથે સૌરાષ્ટ્રમાં પધારેલા ત્યારે ભાવનગર પાસે સાણોદર ગામે પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજ (પંજાબી) આદિએ સવારે વિહાર કર્યો અને પોતે નવકારસી વાપરવા રોકાયા. તેઓશ્રીએ પછી આઠ વાગે વિહાર કર્યો. પૂ. દાનવિજયજી મહારાજ દસ માઈલ ચાલીને કોળીયાક પહોંચ્યા, તો પૂ. વીરવિજયજી ઉપાશ્રયમાં બેઠા હતા ! શ્રાવકોએ કહ્યું કે, 'પૂજ્યશ્રી તો આઠ વાગ્યાના અહીં આવી ગયા છે ! તમે કેમ મોડા પડ્યા ?' આ સાંભળી બધા આશ્ચર્યચકિત થઈ ગયા !

શિહોરમાં મૂંગો નામે પોપટ ઉપાશ્રયમાં કામ કરે. એક વખત પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પધાર્યા. પોપટ ઉપાધ્યાયજી મહારાજના પગ દાબે. પૂજ્યશ્રીએ પૂછ્યું કે, 'કોણ છે ?' પોપટ મૂંગો હોવાથી શી રીતે જવાબ આપે ? ત્યાં તો ઉપાધ્યાયજી મહારાજ બોલ્યા કે, 'અરે બોલ, બોલતો કેમ નથી ?....' અને પોપટ બોલતો થઈ ગયો !

એક વખત તેઓશ્રી ખંભાતમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. ત્યાં અચાનક પૂ. ઉપાધ્યાયજી મહારાજ પોતાના હાથમાં રહેલી મુહપત્તિ મસળવા લાગ્યા. આ જોઈ શ્રાવકોએ પૂછ્યું, તો કહે, 'ભાવનગર-વડવાના ઉપાશ્રયમાં પાટ સળગતી હતી તે ઓલવી નાખી.' શ્રાવકો આશ્ચર્ય પામ્યા. અને ભાવનગર તપાસ કરાવી તો ખબર મળ્યા કે તે પાટ સળગી હતી અને આપોઆપ બૂઝાઈ પણ ગઈ હતી !

દીક્ષા પછીના પ્રથમ વર્ષે જ શ્રી રામવિજયજી મહારાજને તેમણે વ્યાખ્યાન કરવાનો આદેશ આપ્યો. અને વ્યાખ્યાન સાંભળીને પીઠ

(અનુ. પાના નં. ૯૨૫ ઉપર)

બોકડાની ચીસ કર્ણના સાંભળતા જ તાપસોના હાજા ગગડી ગયાં. કેટલાંય બ્રાહ્મણોની પીતાંબરી ઢીલી પડી ગઈ. બાળકો રોવા માંડ્યાં..

ત્યાં બ્રાહ્મણોની વિવેકચક્ષુ ઉઘાડવાની તક ઝડપી લેતાં બોકડાંએ ફરીથી ઉચ્ચાર્યું.

અરે મૂર્ખ શિરોમણિ ! યજ્ઞો કરીને એમાં પશુઓ હોમવાનું ક્યાંથી શીખ્યાં તમે ? વેદાંતમાં પણ લખ્યું છે,

''પશુને ફાડી નાંખનારા નરાધમો એ પશુના ગાત્રની જેટલી રૂવાટી હોય, એટલાં હજ્જાર વર્ષો સુધી નર્કની ભૂમિમાં શેકાય છે...''

શું તમે આ વાકય વીસરી ગયાં છો ?

અરે, પેલાં યુધિષ્ઠિરને મહર્ષિ વ્યાસે આપેલો ઉપદેશ પણ યાદ નથી ?

''..હે યુધિષ્ઠિર ! પૂરા સોનાના મેરૂપર્વતને દાનમાં આપી દેવાય એક જીવની હિંસાનું પાપ માફ નથી થતું..''

-હૃદયદ્રાવક હતી, બોકડાની વાતો.

-ભારે પ્રચંડ હતો, બોકડાનો પડકાર

બ્રાહ્મણો તો થર-થર ધ્રુજી રહ્યાં હતાં. એ બધાં કંપતા પગે ઉભા થયા. હાથ જોડ્યાં અને વિનવવા માંડ્યાં. કૃપા કરો દેવ ! તમે કોણ છો ? જણાવો. માફ કરો અમને.

''હું અગ્નિદેવ છું. તમને સત્યધર્મ ચીંધવા આવ્યો છું.'' બોકડાએ જવાબ આપ્યો.

સત્યધર્મ સમજાવો અમને ! શું અમે યજ્ઞમાં ભૂલ કરી છે ? બ્રાહ્મણોએ પૂછ્યું.

જાઓ, આ જ નગરમાં બિરાજતાં આચાર્ય પ્રિયગ્રંથસૂરિ પાસે. એ તમને સત્ય ધર્મ સમજાવશે. વિદ્યાના એ ભંડાર છે. સંયમ એ રાહબર છે. સત્યના સાચા ઉપદેશક છે..

બ્રાહ્મણો તો સાંભળતાં જ રહ્યાં. એ બધાયના મનનો દ્રષ્ટિરાગનો હિમાલય સાગમટે ચૂરાઈ ગયો. બધા જ દોડ્યાં, પ્રિયગ્રંથસૂરિ પાસે. યજ્ઞ મંડપમાં ઘટી ગયેલી ઘટના પૂરઝડપે ગ્રામજનોમાં પણ ફેલાઈ ચૂકી. હજારો બ્રાહ્મણોના સમૂહ પાછળ હજ્જારો ઈતર નર-નારીઓના ટોળા પણ દોરાયા.

બધાં આવ્યાં, પ્રિયગ્રંથસૂરિજી પાસે.

પ્રખર મેધાવી અને પ્રચંડ પ્રતિભાવાન્ એ જૈનાચાર્યે એવી તો ગજબની દેશના વરસાવી કે હજ્જારોની હૃદયપલટ કાચી પળમાં થઈ ગઈ. નગરજનોની જિજ્ઞાસા પણ બેસુમાર હતી. તો સૂરિજીની શક્તિ પણ અપાર હતી. ચમત્કારનું નિમિત્ત એમાં સેતુ સ્વરૂપ બન્યું હતું.

એક જ દેશનામાં નગરના સઘળાંય વિપ્રોએ મિથ્યાત્વ ત્યાગ્યું સમ્યક્ત્વ સ્વીકાર્યું. જનોઈઓ ફગાવી. પીતાંબર અને કમંડળા ફગાવ્યાં. શુદ્ધ શ્રાવકજીવન અપનાવ્યું. બીજા પણ લાખ્ખો નર-નારીઓએ વિપ્રોનું અનુસરણ કર્યું !

ઈતિહાસના નકશાઓ બદલાવનારી એ પળ હતી.

જિનશાસનની કેવી પણ ચિંતનાતીત ઉન્નતિ ત્યારે થઈ હશે !

બન્યું હતું એવું કે બ્રાહ્મણો જ્યારે વિરાટકાય યજ્ઞ

(પાના નં. ૯૨૪ નું ચાલુ)

થાબડતાં કહ્યું કે, 'તું અચ્છા વ્યાખ્યાતા હોગા.' આ ભવિષ્યવાણી એટલી બધી સચોટ પૂરવાર થઈ કે એમનાં મૂર્તિમંત ઉદાહરણ રૂપે આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ચારિત્ર સાક્ષીભૂત છે.

આવા ચમત્કારો પછી તાબડતોબ ત્યાંથી વિહાર કરી જતા !

જન્મ : સં. ૧૯૦૮ : પડવા ગામ (ભાવનગર), દીક્ષા : સં. ૧૯૩૧ અંબાલા (પંજાબ), ઉપાધ્યાયપદ : સં. ૧૯૫૭ (પાટણ), સ્વર્ગવાસ : સં. ૧૯૭૧ (ખંભાત).

(સંકલન : 'શ્રી દાન-પ્રેમ વંશવાટિકા'માંથી સાભાર.)

બીજીને બેઠાં હતાં ત્યારે શ્રાવકોએ જૈનાચાર્ય પ્રિયગ્રંથસૂરિજીને એમના ભારે વર્ચસ્વની વાત કરી. સૂરિજીનું શાસનભક્ત હૃદય આ કેમેય સહી શક્યું નહિ.

એમણે અંબિકાદેવીની સાધના કરી.

દેવી અંતે પ્રત્યક્ષ થઈ.

સૂરિજીએ દેવીને કામ સોંપ્યું, શાસનની ઉન્નતિનું.

સૂરિજીની એ આજ્ઞા દેવીએ પણ શિરોધાર્ય રાખી. અંબિકાદેવી જ વધની પળે બોકડાના અંગમાં પ્રવેશી બ્રાહ્મણોને ઠમઠોરવા યજ્ઞ મંડપમાં પહોંચી ગયાં હતાં. બ્રાહ્મણો સમેત લાખ્ખો નગરજનોને જૈન શાસનની નજીક સરકાવવામાં સિંહફાળો પણ હતો; અંબિકાદેવીનો.

આ નગર હતું અજમેર. ૩૦૦ જિનાલયોથી મંડિત એ નગરની ધરા પર ૪૦૦ અન્ય દેવાલયો, ૧૮૦૦ બ્રાહ્મણના કુટુંબો, ૩૬૦૦ વણિક કુટુંબો, હજ્જારો ઇતર કુટુંબો, ૯૦૦ ઉદ્યાનો, ૭૦૦ વાવડીઓ, ૨૦૦ કૂવાઓ અને ૭૦૦ દાનશાળાઓ મૌજૂદ હતાં.

મહારાજા સંપ્રતિના પરમગુરૂદેવ જૈનાચાર્ય આર્ય સુહસ્તીસૂરીશ્વરજી મહારાજના બાર પૈકીના પાંચમા શિષ્ય હતાં; આર્ય સુસ્થિતસૂરીશ્વરજી મહારાજ. એમના પટ્ટધર હતાં આર્ય પ્રિયગ્રંથસૂરીશ્વરજી મહારાજ.

ઈતિહાસનું ગાત્ર ઘુજાવનારા આ ધૂરંધર ધર્માચાર્યને કોટી કોટી વંદન...

❖ ❖ ❖
❖ ❖
❖

પ્રભાવક પુરુષોની આંશિક ઝાંખી

- પૂ. આ. શ્રી પાદલિપ્તસૂરિજી અને પૂ. આ. શ્રી બપ્પભટ્ટિસૂરિજી વિદ્યા દ્વારા હરહમેંશ સમેતશિખર તીર્થની યાત્રા કરતા.

- નાગાર્જુને પોતાના ગુરુ પાદલિપ્તસૂરિજીના નામ ઉપરથી પાલિતાણા નગર વસાવેલ.

- આ. શ્રી જયાનંદસૂરિજીના ઉપદેશથી પોરવાડ મંત્રી સામંતે ૯૦૦ જિનમંદિરનો જિર્ણોદ્ધાર કરાવેલ.

- શ્રી મુનિ સુવ્રતસ્વામીએ હસ્તિનાપુરમાં વિચરી સાત કરોડ સોનામહોરના ધણી ગંગદત્તને અને કાર્તિકસ્વામીને દીક્ષા આપેલ.

- દયાલ શાહે દયાલ નામનો કિલ્લો બનાવી તેની ઉપર નવ માળનું શ્રી જિનમંદિર બનાવેલ જેની ધજાની છાયા ૧૨ માઈલ દૂર પડતી હતી.

- વીર સં. ૩૧૦માં સિદ્ધસેનસૂરિએ વિક્રમાદિત્ય રાજાની સમક્ષ મહાકાલ મંદિરમાં પધારાવેલ લીંગનો સ્ફોટ કરી બતાવ્યો ત્યારે રાજાએ પત્ર લખી આપેલ કે આ તીર્થ જૈનનું છે.

- વિ.સં. ૧૦૮માં મહુવાના જાવડ શેઠે ઋષભદેવની પ્રતિમા તક્ષશિલામાં લાવી શત્રુંજયમાં મૂળ નાયક તરીકે સ્થાપેલ.

- હલ્લ-વિહલ્લ શ્રેણીક રાજાના પુત્ર છે. શ્રી વીર પ્રભુ પાસે સંયમી બની ગુણરત્ન - સંવચ્છર તપ કરી ૧૧ અંગભણી અનુંપત્તર વિમાનમાં ગયેલ.

- વર્ધમાન શાહે-પદ્માશાહે શ્રી શત્રુંજય મહાતીર્થનો ૯૯ વખત સંઘ કાઢેલ

- ભરત મહારાજાને અરિસા ભૂવનમાં કેવળજ્ઞાન થયેલ તેના પછી તેમની પાટે થયેલા છ રાજાઓ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયેલ

—તિમિર કિરણ શિશુ

જેમના પ્રભાવથી જૈનશાસન સોળે કળાએ ખીલેલા સૂર્યની જેમ ઝળહળતું
જેમની વ્યાખ્યાનવાણી સાંભળવી એ પણ જીવનનો લ્હાવો ગણાતો :
ષડદર્શનના તલસ્પર્શી જ્ઞાતા : ન્યાયાંભોનિધિ : કુવાદિતિમિરતરની

પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજ

પ્રકાંડ પંડિત પૂ. આત્મારામજી મહારાજ પંજાબ અને ગુજરાતની ધરતી પર ભવ્ય અને વિશાળ શાસનપ્રભાવના પ્રસરાવનાર મહાન સાધુ હતા. છેલ્લા બે સૈકામાં થયેલા બહુશ્રુત પ્રભાવક જૈનાચાર્યોમાં આત્મારામજી મહારાજનું સ્થાન મુખ્ય છે. મહાન બુટેરાયજી મહારાજના પ્રથમ બે પ્રખર શિષ્યો-મૂળચંદજી મહારાજ અને વૃદ્ધિચંદજી મહારાજ જેવા જ પ્રખર શિષ્ય તરીકે તેઓશ્રીનું સ્થાન અદ્વિતીય છે.

પૂ. આત્મારામજી મહારાજ જન્મે કપૂર બ્રહ્મક્ષત્રિય જાતિના હતા. તેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૮૮૨ના ચૈત્ર સુદ ૧ ને મંગળવારે પંજાબમાં જીરાનગર નજીક લહેરા ગામમાં થયો હતો. તેમનું જન્મનામ દિત્તારામ હતું. માતાનું નામ રૂપાદેવી અને પિતાનું નામ ગણેશચંદ્ર હતું. પિતા ગણેશચંદ્ર મહારાજા રણજીતસિંહના સૈનિક હતા. લહેરાના જાગીરદાર અત્તરસિંહ શીખ ધર્મગુરુ હતા. એમની ઇચ્છા દિત્તાને શીખ ધર્મગુરુ બનાવવાની હતી. પરંતુ ગણેશચંદ્ર એકના એક પુત્રને સાધુ બનાવવાની ઇચ્છા ધરાવતા ન હતા. તેથી અત્તરસિંહે તેમને જેલમાં પૂર્યા. જેલમાંથી ભાગીને તે અત્તરસિંહ સામે મહારવટે ચડ્યા. અને એક વખત ઉપરીઓની સાથે ઝપાઝપીમાં ગોળી વાગવાથી મૃત્યુ પામ્યા. પરંતુ દિત્તારામના લલાટે સંસારત્યાગની રેખા લખાયેલી હતી તે તેઓ ભૂંસી શક્યા નહીં. પિતાના મિત્ર જોધમલ ઓસવાલને ત્યાં ઉછરતા દિત્તાને જૈન સાધુઓનો સંપર્ક થતો રહ્યો. સામાયિકો-પ્રતિક્રમણ આદિ ધાર્મિક ક્રિયાઓમાં રસ પડવા માંડ્યો. આગળ જતાં, લહેરામાં આવેલા બે સ્થાનકવાસી જૈન સાધુઓ-ગંગારામજી મહારાજ અને જીવણરામજી મહારાજ-ની છાપ દિત્તાના મન ઉપર અમીટ પડી. એમણે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. જોધમલ ઓસવાલની નામરજી છતાં દિત્તાને દીક્ષા માટે સંમતિ આપવી પડી. વિ. સં. ૧૯૧૦માં ૧૮ વર્ષની વયે માલેરકોટલામાં જીવણલાલજી મહારાજના હસ્તે દીક્ષા લીધી અને આત્મારામજી નામ રાખવામાં આવ્યું.

પૂ. આત્મારામજી મહારાજ અત્યંત પ્રભાવશાળી યુવાન સાધુ હતા. અધ્યયન-અધ્યાપન પ્રત્યે તેમને અપાર લાગણી હતી. તેમની ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ અજોડ હતી. રોજની ૩૦૦ ગાથાઓ કંઠસ્થ કરી શકતા. અર્ધમાગધી અને સંસ્કૃત ભાષાનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરીને આગમના કેટલાક પાઠોના ખોટા અર્થો સુધારવાનું ભગીરથ કાર્ય તેમના હાથે થયું. આગમના ગ્રંથો ઉપરાંત વેદો, ઉપનિષદો, પુરાણો, ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, શાંકરભાષ્ય આદિ હિન્દુ ધર્મના તેમ જ કુરાન અને બાઈબલ જેવા અન્ય ધર્મગ્રંથોનું તેમણે ઊંડુ પરિશીલન કર્યું હતું. આ ઊંડા અધ્યયનને લીધે, માત્ર ગુજરાત અને પંજાબમાં જ નહિ, પરંતુ રાજસ્થાન અને ઉત્તર ભારતમાં જયપુર, પાલી, જીરા, લુધીયાણા, દિલ્હી, આગ્રા વગેરે સ્થળે જ્યાં જ્યાં વિહાર કર્યો ત્યાં ત્યાં તેમની વિદ્વત્તાની છાપ પડતી રહી. એટલું જ નહિ, દેશવિદેશમાં પણ તેઓશ્રી એક મહાન ધર્મવેત્તા તરીકે પ્રતિષ્ઠિત થયા. ઈ.સ. ૧૮૯૩માં શિકાગોમાં ભરાયેલી વિખ્યાત સર્વધર્મ પરિષદમાં ભાગ લેવા માટે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે પૂજ્ય આચાર્યપ્રવરને આમંત્રણ મળ્યું હતું. પરંતુ જૈનસાધુ સમુદ્ર પાર જતા ન હોવાથી એ પરિષદ માટે મહુવાના યુવાન બેરિસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને તૈયાર કરીને મોકલવામાં આવ્યા હતા. આ માટે તેઓશ્રીએ તૈયાર કરેલો 'શિકાગો પ્રશ્નોતર' નામનો ગ્રંથ જૈનધર્મના પાયાના સિદ્ધાંતો પર ઘણો પ્રકાશ પાડે છે. આ પરિષદમાં પૂ. આત્મારામજી મહારાજ ગયા હોત તો

સ્વામી વિવેકાનંદ સાથે મેળાપ થાત !

તે સમયે આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતી રાજસ્થાનમાં પધાર્યા હતા. બંનેને પરસ્પર મળવાની ઈચ્છા હતી. પૂ. આત્મારામજીએ સ્વામી દયાનંદ સરસ્વતીને જોધપુરમાં મળવાનું નિમંત્રણ આપ્યું. અને તેઓશ્રી વિહાર કરીને જોધપુર પહોંચ્યા. પરંતુ એ દરમિયાન સ્વામી દયાનંદ સરસ્વતીનું અકાળ અવસાન થયું. ધર્મશાસ્ત્રોના આ બંને પારંગતોનું મિલન તત્કાલીન સમાજ માટે જુદુ જ પરિણામ લાવી શક્યું હોત. કારણ કે વિશાળ અધ્યયનને લીધે પૂ. આત્મારામજી મહારાજ ઉદારમતવાદી હતા. એટલે પંજાબના લાંબા સમયના વિહાર દરમિયાન તેઓશ્રીએ શુદ્ધ સનાતન જૈન ધર્મનો બોધ આપીને લોકોમાં ફેલાયેલી મૂર્તિપૂજા આદિની ગેરસમજને દૂર કરી. આ ઉદાર નીતિને લીધે તેઓશ્રી અનેક સમજોપયોગી કાર્યો સહેલાઈથી કરી શકયા. પૂ. આત્મારામજી મહારાજ અને શ્રી વિજયાનંદસૂરિનો સંયુક્ત પ્રભાવ પંજાબ, રાજસ્થાન, ગુજરાત આદિ પ્રાન્તોમાં એટલો અસરકારક રહ્યો કે બંને સંયુક્ત નામે ''આત્મનંદ'' નામની અનેક શાળાઓ, કોલેજો, પાઠશાળાઓ, પુસ્તકાલયો, દવાખાનાઓ, ધર્મશાળાઓ આદિની સ્થાપના થઈ. પંજાબમાં તો જ્યાં જઈએ ત્યાં 'આત્માનંદ'નું જ નામ ગુંજતું હોય !

સં. ૧૯૧૦માં દીક્ષા ગ્રહણ કર્યા પછી તેઓશ્રી ૧૭ સાધુઓ સાથે ગુજરાતમાં આવ્યા. ૨૨ વર્ષના દીક્ષાપર્યાય પછી સં. ૧૯૩૨માં બુટેરાયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા લીધી. એ જમાનામાં આ એક ઐતિહાસિક ઘટના હતી. સં. ૧૯૩૨નું ચાતુર્માસ ભાવનગર કરીને તેઓશ્રી રાજસ્થાન થઈ પંજાબમાં પાંચ વર્ષ વિચર્યા. ત્યાર બાદ પાછા ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાધનપુર, મહેસાણા, પાલીતાણા આદિ સ્થળોએ ચાતુર્માસ કર્યાં. સમગ્ર જૈનસમાજ પર પૂજ્યશ્રીનો ખૂબ જ પ્રભાવ હતો. તેમની મેઘાવી વાણી સાંભળવા માટે ગામડે ગામડે લોકો એકત્રિત થતા. સંઘના-મહાજનના આગેવાનો પાંચ-દસ માઈલ સામે જઈને તેઓશ્રીનું સામૈયું કરતા, આની પ્રતીતિ તો તેમને પાલીતાણામાં આચાર્યપદવી આપવામાં આવી ત્યારે થઈ. એ જમાનામાં પ્રવાસનાં અલ્પતમ સાધનો હોવા છતાં, આ પ્રસંગે ગુજરાત, રાજસ્થાન, પંજાબ આદિ પ્રાંતોમાંથી, દેશના જુદાં જુદાં નગરોમાંથી, પાંત્રીશ હજારથી પણ વધુ માણસો એકત્રિત થયા હતા. એ પૂજ્યશ્રીની લોકપ્રિયતાનો ઉજ્જવળ પ્રસંગ હતો.

તેઓશ્રી પંજાબી, ગુજરાતી, હિન્દી, અર્ધમાગધી, સંસ્કૃત આદિ ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. તેથી અનેક ગ્રંથોના અધ્યયન ઉપરાંત ધર્મશાસ્ત્રોની ચર્ચા કરતા. મહાન ગ્રંથોની રચના એ પણ તેમના સાધુજીવનનું ભગીરથ કાર્ય હતું. તેઓશ્રીએ લખેલા ગ્રંથોમાં જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, તત્ત્વનિર્ણયપ્રસાદ, સમ્યક્ત્વશલ્યોદ્ધાર, જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર, નવતત્ત્વ તથા ઉપદેશબાવની, જૈન મતવૃક્ષ, શિકાગો પ્રશ્નોત્તર, જૈન મત કા સ્વરૂપ, ઈસાઈ મત-સમીક્ષા, ચતુર્થ સ્તુતિનિર્ણય ભાગ ૧-૨ આ ઉપરાંત, તેઓશ્રીએ સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, વીશસ્થાનકપદ પૂજા, સત્તરભેદી પૂજા, નવપદ પૂજા, સંખ્યબંધ સ્તવનો, પદો અને સજ્ઝાયોની પણ રચના કરી છે. આ બધા ગ્રંથોમાં તેમણે જૈનધર્મ અને તત્ત્વદર્શનનાં વિવિધ પાસાઓની ઘણી વિગતે છણાવટ કરી છે. આ બધા ગ્રંથોમાં તેઓશ્રીએ જૈનધર્મ વિષે લખેલાં ગ્રંથોમાં 'જૈન તત્ત્વાદર્શ' નામનો એક માત્ર દળદાર ગ્રંથ વાંચીએ તો પણ જૈનધર્મનો સમગ્ર સાર એમાં આવી જાય એવો જાણશે. તેઓશ્રીએ એમાં જૈનધર્મની અન્ય ધર્મ સાથે તટસ્થ અને તુલનાત્મક સમીક્ષા કરીને જૈનધર્મની વિશેષતા શી છે તે દર્શાવ્યું છે. 'સમ્યક્ત્વ શલ્યોદ્ધાર' તેમના ગ્રંથમાં જૈનધર્મ મૂર્તિપૂજામાં શા માટે માને છે તે આગમગ્રંથો અને ઈતિહાસમાંથી પૂરાવાઓ આપી ને સિદ્ધ કરી બતાવ્યું છે. હિન્દી ભાષા પર પ્રભુત્વ હોવાથી ઘણી કાવ્યરચનાઓ હિન્દીમાં પણ કરી છે આ પ્રકારનું પૂજાસાહિત્ય હિન્દીમાં આપનાર તેઓ શ્રી સર્વ પ્રથમ હતા.

પૂ. આત્મારામજી મહારાજ વિદ્વાન હતા તે સાથે વિનયશીલ પણ હતા. જેટલા લોકપ્રિય અને સન્માનનીય હતા તેટલા લોકચાહક અને લોકાદર પ્રાપ્ત કરાવનાર પણ હતા. આ ગુણો વિશે તેમની આસપાસ અનેક પ્રસંગો નોંધાયા છે, જેની સુવાસ ઘણા લાંબા સમય સુધી જૈન શાસનમાં ફેલાતી રહેશે. તેઓશ્રી પોતાનાથી દીક્ષાપર્યાયમાં મોટા હોય (પછી ભલે પદવીમાં નાના

હોય તો પણ) તેમને વંદન કરતા. તેમણે આવા સાધુઓને સન્માન આપવામાં પોતાના ચારિત્રને ઉજ્જવળ કરેલું જાઈ શકાશે. વિદ્વત્તા અને વિનયના આ સુયોગને લીધે પૂજ્યશ્રીની પ્રતિષ્ઠા દરેક સમ્પ્રદાયના લોકો પર રહેતી. એટલે જ તે જમાનામાં પંજાબમાં ઉગ્રપણે ચાલ્યા આવતા મૂર્તિપૂજક અને સ્થાનકવાસી વચ્ચેના ઘેરા વિખવાદને તેઓશ્રી શમાવી શક્યા. એટલું જ નહિ, પંજાબમ જૈન, હિન્દુ, મુસલમાન, શીખ ધર્મો વચ્ચે ચાલતી વિસંવાદિતાને મિટાવી શક્યા; ચારે ધર્મોઓ વચ્ચે સુમેળ અને સહકારની ભાવના સ્થાપી શક્યા. અને પરિણામે એમના ભક્તજનોમાં માત્ર જૈનો જ નહોતા, પરંતુ શીખ અને મુસલમાનો પણ તેમના ચુસ્ત અનુયાયીઓ બન્યા હતા. તે જમાનામાં ધર્મઝનૂની માનસ ધરાવતા લોકોમાં આવો એખલાસ સ્થપાય એ નાનીસૂની સિધ્ધિ નથી.

સાઈઠ વર્ષના આયુષ્યમાં તેઓશ્રીએ અનેક ભગીરથ કાર્યો કર્યાં. લોકોમાં ધર્મ પ્રત્યેની અદ્‌ભુત જાગૃતિ આણી. શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે અનેક સમાજોપયોગી કાર્યોની-પ્રવૃતિઓની રચના કરી. જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં વ્યક્તિ, કુટુંબ, સંસ્થા કે સંઘના વ્યક્તિગત કે સામૂહિક પ્રશ્નોનાં નિરાકરણ કર્યાં. એ મહામના સાધુશ્રેષ્ઠ સં. ૧૯૫૩ના ચાતુર્માસ માટે ગુજરાનવાલા (હાલ પાકિસ્તાનમાં) તરફ વિહાર કરતા હતા ત્યાં તેમની તબીયત બગડી. ઉગ્ર વિહાર થઈ શક્યો નહિં. હાંફ ચડવા લાગ્યો. ગુજરાનવાલા પહોંચ્યા. જેઠ સુદ ૭ને દિવસે સાંજે પ્રતિક્રમણ કર્યા પછી રાત્રે એકદમ શ્વાસ ચડ્યો. તેઓશ્રી ઊઠીને આસન ઉપર બેઠા. શિષ્યમંડળ દોડી આવ્યું. તેમણે આસન ઉપર બેસીને ત્રણ વાર 'અર્હન્, અર્હન્, અર્હન્' એમ મંત્રોચ્ચાર કર્યો અને બોલ્યા, 'લો ભાઈ, અબ હમ ચલતે હૈ સબ કો ખમાતે હૈં.' અને તેઓશ્રીના ભવ્યાત્માએ નશ્વરદેહ છોડી દીધો.

પૂજ્યશ્રીના કાળધર્મ પામ્યાના સમાચાર જોતજોતામાં સમગ્ર ભારતવર્ષમાં ફેલાઈ ગયા. અનેક સ્થળે તેઓશ્રીની પ્રતિમાની અને પાદુકાની સ્થાપનાઓ થઈ. શત્રુંજય તીર્થ અને ગિરનાર તીર્થ પર પણ પૂજ્યશ્રીની પ્રતિમાઓ સ્થાપવાનો નિર્ણય થયો, એ તેમની અક્ષરકીર્તિનું ઉજ્જવળ દૃષ્ટાંત છે. તેઓશ્રી પોતાના સમુદાયની ધુરા પ્રિય શિષ્ય શ્રી વલ્લભસૂરિને સોંપતા ગયા. પંડિત સુખલાલજી તેમને અંજલિ આપતાં લખે છે : 'આત્મારામજી પરમ વિદ્વાન હતા, શક્તિસંપન્ન હતા અને તત્ત્વપરીક્ષક હતા. પરંતુ તે બધા કરતાં વિશેષ તો તેઓ ક્રાંતિકારી પણ હતા. એમણે સંપ્રદાયબદ્ધતાની કાંચળી ફેંકી દેવાનું સાહસ કર્યું હતું, એ જ બતાવે છે કે તેઓ શાંત ક્રાંતિકારી હતા.'

(સંકલન : પ્રા. રમણલાલ ચી. શાહ-
'પ્રબુદ્ધજીવન'નો તા. ૧-૭-૮૬ના
અંકમાંથી સાભાર.)

- ૧૪ મી સદીના જિનપ્રભસૂરી કહે છે કે અંતરીક્ષ પાર્શ્વનાથની મૂર્તિ નીચેથી પાણીયારી સ્ત્રી નીકળી જાય તેટલી જગ્યા હતી પરંતુ કલયુગના પ્રભાવે નીચે આવી ગઇ

- કુમારપાળની અજબ તાકાત - એક વખત લડાઈની તૈયારી માટે ઘોડાઓને પૂંજણીથી પૂંજે છે તે જોઈને ૭૨ રાજાઓ હસે છે. શું આ પાણીયો યુદ્ધ કરવાનો ? એ જ વખતે પોતાની તાકાત બતાવવા માટે એક જ ભાલાની અણીથી આખી સોપારીનું ગુણી ઉચકી લીધી અને ભાલાના એક જ પ્રહારથી સાત લોઢાની કડાઈઓ વીંધી નાંખી

- અકબર બાદશાહ માત્ર એક જ વખત ભોજન કરતા. તેમાં દૂધ, ચોખા અને મીઠાઈ લેતા. ગંગાનું ઠંડુ પાણી લેતા. એના રસોઈઘરમાં ચંદરવો બાંધતો. જેથી જીવજંતુ પડે નહિ. માત્ર ૩ કલાક નીંદ લેતા બાકીના સમયમાં સંગીત સાંભળતા.

- અનુપમ દેવીએ જ્ઞાનપંચમીની આરાધના કરી અને તપ પૂર્ણ થયા પછી ભવ્ય ઉજમણું કરેલ જેમાં ૨૫ સમવસરણ, શત્રુંજયની તળેટીમાં ૨૫ વાડીઓ, ગિરનારની તળેટીમાં ૧૮ વાડીઓ, તેજલપુરમાં જિનાલય અને પૌષધશાળા, સાધુના ઉપકરણો-પાત્રા-જોળી-ઘડા-દોરી આદિ અનેક વસ્તુઓ.

- આભડ શેઠ મહાદાનેશ્વરી હતા તે ગુરુ ભગવંતોને દરરોજ એક ઘડા જેટલું ઘી વહોરાવતા. પાટણથી પ્રત્યેક પૌષધશાળાઓમાં રહેલ સાધુઓને બોલાવી ભક્તિ કરતા. આ શેઠે કુલ ૧૦,૮૦,૦૦,૦૦૦ દ્રવ્ય દાનમાં આપેલ.

તિમિર કિરણ શિશુ

तिलक के लिये बलिदान

(एक प्रेरणादायी नाटक)

(लेखक : गणिश्री रत्नसेन विजयजी म.)

(नेपथ्य में से)

विक्रम की 12वीं शताब्दी का समय है।

कलिकाल सर्वज्ञ हेमचन्द्राचार्यजी और अठारह देश में जीवदया का पालन करानेवाले कुमारपाल महाराजा का जीवन-सूर्य अस्त हो चूका है..और इसके फल स्वरुप गुजरात की धरा पर चारों ओर अंधकार छा गया है। अपने प्राण प्यारे महाराजा को याद कर गुजरात की प्रजा करुण-क्रंदन कर रही है। चारों ओर शोक और विषाद का वातावरण है।

सम्राट् कुमारपाल को विषपान कराकर गुजरात की धुरा को अपनें हाथ में ले ली हैं, धर्मद्रोही अजयपाल ने।

सत्ता को प्राप्त कर मदोन्मत्त बना अजयपाल, कुमारपाल के द्वारा निर्मित जिनमंदिरो को ध्वस्त कर रहा है..इतना ही नही, जिनेश्वर की आज्ञा के प्रतिक रुप केशर के तिलक को मिटाने के लिए भी तैयार हो चुका है।

ऐसी विकट परिस्थिति में भी जिसके रोम रोम में जिनेश्वर की आज्ञा के प्रति पूर्ण समर्पण भाव रहा हुआ है..ऐसा कपर्दी मंत्री राज आज्ञा का प्रतिकार करके भी 'मौत' को भेंटने के लिए तैयार हो चूका है।

प्रस्तुत है आपके सामने एक छोटी सी नाटिका! एक ओर राजसत्ता और दूसरी ओर धर्मसत्ता, आप भी देखिए किसका विजय होता है!

(दृश्य पहला)

(राज दरबार अच्छी तरह से सजा हुआ है। प्रजाजन राजा के आगमन की इंतजारी कर रहे हैं.. और उसी समय मंत्रीजनों के साथ सम्राट अजयपाल का राज दरबार में प्रवेश होता है। उसी समय द्वारपाल छडी पुकारता है)

द्वारपाल : सोने की छडी, रुपे की मशाल, जरीयन का जामा, मोतीयन की माला, आजु से बाजु से निगाह रखो, मेहरबान प्रजापालक महाराजा पधार रहे है)

(सभी प्रजाजन खडे हो जाते है और हाथ जोडकर महाराजा को प्रणाम करते है)

(महाराजा अपनी राजगद्दी पर आसीन होते है..मंत्रीश्वर ने भी अपना स्थान ग्रहण किया।)

अजयपाल :- मंत्रीश्वर! राज्य की व्यवस्था किस प्रकार चल रही है। सब ठीक ठाक है न? कहीं कोई शिकायत तो नहीं है?

मंत्रीजी :- महाराजा! आपकी असीम कृपा से सब कुछ ठीकठाक चल रहा है। कहीं कोई शिकायत नहीं है। राजन! आप की तेजस्वी प्रतिभा को देखकर दुश्मन राजा तो दूम दबाकर भाग रहे है। (मंत्री के मुख से अपनी आत्म प्रशंसा सुनकर अजयपाल खुश हो जाता है)

द्वारपाल : महाराजाधिराज! राज-द्वार पर सेठ धर्मदास और धनदास उपस्थित हुए है। वे आपसे न्याय मांगने केलिए आए है। आपकी आज्ञा हो तो...।'

मंत्रीश्वर :- 'तुम जाओ और उन दोनों को राज दरबार में उपस्थित करो! हमारे महाराजा प्रजा के न्याय के लिए सदैव तत्पर है।'

(कुछ ही क्षणों बाद द्वारपाल के साथ सेठ धर्मदास और धनदास का आगमन होता है। राजदरबार में प्रवेश करते ही वे दोनों महाराजा को हाथ जोडकर प्रणाम करते है।)

अजयपाल :- 'बोलो, आप लोगों का कैसे आगमन हुआ? कोई शिकायत है क्या?'

धनदास :- महाराजा! आज से डेढ मास पहले मैंने धर्मदास सेठ को एक महिनें के लिए पांच लाख रुपये उधार दिए थे। उस समय मैंने करार किया था कि यदि धर्मदास सेठ एक मास के भीतर ही पांच लाख रुपए लौटा देगा तो मैं उन रुपयों पर ब्याज नहीं लूंगा..और एक मास से अधिक समय बीत गया तो मैं पांच लाख रुपए नहीं किंतु उसके कलेजे का सवा सेर मांस लूंगा।' आज उस

बात को डेढ महिना बीत चूका है। अपनी शर्त के अनुसार सेठ समय पर रुपए नहीं चूका पाया, अत: मैं उनसे सवा सेर मांस लेना चाहता हूँ..जब कि सेठ करार का भंग करते हुए मांस देने के लिए तैयार नहीं हैं..इस संबंध में मैं आपके पास न्याय मांगने के लिए आया हूँ।

अजयपाल :- शर्त तो बडी विचित्र है ?

धर्मदास ! आप भी कुछ कहना चाहते हो क्या ?

धर्मदास :- महाराजा ! कुछ समय पूर्व मैं भयंकर आर्थिक संकट में घिर गया था, उस समय सेठ धनदास ने मुझे 5 लाख रुपयों की मदद की..उनका उपकार मैं जिंदगीभर नहीं भूलूंगा..उनके सहयोग से मेरी वह आपति दूर हो गई..अब मुझे आर्थिक संकट नहीं है..परन्तु दुर्भाग्य से कुछ दिनों पूर्व असह्य बिमारी ने मुझे आ घेरा। मैं कई दिनों तक अपने बिस्तर पर से खडा न हो सका और ऐसी परिस्थिति में एक महिने से अधिक समय निकल गया ! समय पर रुपए लौटा देने की मेरी पूरी पूरी इच्छा होने पर भी रोग के कारण मैं मजबूर था। इनके रुपए हडपने की मेरी लेष भी इच्छा नहीं थी। मैं तो इनके रुपए दूध से धोकर लौटा देना चाहता हूँ। पैसे लौटाने में एक मास से भी अधिक समय लग जाऐगा, ऐसी मुझे स्वप्न में भी कल्पना नहीं थी, मुझे आत्मविश्वास था कि मैं समय पर रुपए लौटा सकूँगा. परन्तु परिस्थिति वश देरी हो गई !.. अब मैं उन्हे 5 लाख के बजाय 10 लाख भी देने को तैयार हूँ..परन्तु अपने कलेजे का मांस तो कैसे दे सकूंगा ? आप मुझ पर दया करें।

अजयपाल :- धनदास ! तुम इस प्रकार धर्मदास के प्राण लो, यह कहाँ तक उचित है ? तुम्हें जितना ब्याज चाहिए उतना...।

धनदास :- नहीं महाराजा ! मुझे धन नहीं चाहिए। आप उस करार का पालन कराइए।

अजयपाल - मंत्रीजनों ! धर्मदास सेठ अपने नगर के खूब प्रतिष्ठित व्यक्ति हैं अत: उनकी जान बच जाय और करार का पालन भी हो जाय ऐसा कोई उपाय विचार कर कहो।

राजेन्द्र सिंह :- (खडा होकर) महाराजा ! धनदास ने सिर्फ पैसे दिए हैं, धर्मदास को कोई मांस-थोडा ही दीया हैं, आप उन्हे पैसे लेने के लिए आज्ञा कर सकते है।'

अजयपाल :- धन के बदले धन ही दिया जाय ऐसा कोई नियम थोडा ही है ?..तो फिर धनदास सेठके करार का क्या होगा ?

राजेन्द्रसिंह (प्रेक्षकों की ओर देखकर) :- (हाँ ! अब यह अच्छा मौका है। क्यों न इस न्याय का भार कपर्दी मंत्री के सिर पर डाल दिया जाय, जिससे वह कांटा भी दूर हो जाएगा)

महाराजा ! मंत्रीश्वर कपर्दी ही इसका सही न्याय कर सकेंगे ऐसी समस्याओं का समाधान तो उनके लिए बाए हाथ का खेल हैं।

अजयपाल :- मंत्रीश्वर कपर्दी। इस समस्या का समाधान आप ही करे।

कपर्दी मंत्री :- जी महाराजा ! आपकी आज्ञा मुझे शिरोधार्य है। धनदास सेठ ! आप जितनी चाहे उतनी रकम आपको दिला दूँ। आप धर्मदास को इस करार में से मुक्त कर दो।

धनदास :- नहीं मंत्रीश्वर ! मेरे पास धन की कमी नहीं है। मेरी तो एक ही चाह हैं कि आप इस करार का पालन करा दे।

कपर्दी :- धनदास सेठ ! तुम्हारे करार का मैं पूरा पूरा पालन कराऊंगा.. परन्तु बाद में तुम्हे पछताना पडेगा।

धनदास :- बस, आप करार का पालन कराए। भले ही मुझे कुछ सहन करना पडे। अरे ! यह धर्मदास बडी मुश्किल से तो मेरे जाल में आया हैं, अब मैं इसे कैसे छोड दूँ।

कपर्दी :- अच्छा ! तो मैं छूरी और तराजू मंगाता हूँ।

(कुछ क्षणों में ही द्वारपाल तराजु लेकर हाजिर रहता है।)

धनदास :- छूरी तो मैं लेकर ही आया हूँ।

कपर्दी :- सेठ ! तुमने इस करार में सिर्फ सवासेर मांस की बात लिखी है, अत: तुम निकालों धर्मदास सेठ के कलेजे का मांस...परन्तु ध्यान रखना, मांस के साथ

खून की एक बुंद भी नहीं गिरनी चाहिये। खून की एक बूंद गिर गई तो तुम्हें फांसी के फंदे पर चढा दिया जाएगा।

धनदास :- मांस काटते समय खून तो निकलेगा ही न ?

कपर्दी :- मैं कुछ नहीं जानता, तुम्हारे करार के अनुसार तुम्हें मांस लेने का अधिकार हैं, खून लेने का नहीं..अत: करो अब करार का अक्षरश: पालन।

धनदास :- तो मुझे धर्मदास का मांस नहीं चाहिए..वह मुझे अपनें पैसे लौटा दे।

कपर्दी :- धनदास ! अब यह नहीं हो सकता। करार का पालन तो करना ही पडेगा।

धनदास :- मंत्रीश्वर ! मुझे पैसे नहीं चाहियें..मुझे और कुछ भी नहीं चाहिये। मैं अपने करार को रद्द करता हूँ।

कपर्दी :- सेठ ! अब ऐसा नहीं हो सकेगा। धर्मदास सेठ की बूरी हालत का लाभ उठाने के लिए तुम शैतान की तरह निष्ठुर बन गए थे और उनके प्राण लेने के लिए तैयार हो गए थे। यह तुम्हारा सामान्य अपराध नहीं है। अब तुम ऐसे ही नहीं छूट सकोगे।

धनदास (कपर्दी मंत्री के पैर पकडते हुए) :- मंत्रीश्वर ! मुझे माफ करो। मेरी भूल हो गई। आइंदा से ऐसी भूल कभी नहीं करुंगा।

मुझे जाने की अनुमति दो।

कपर्दी :- तुम्हारे जैसे निष्ठुर शैतान को तो फांसी पर चढाना चाहिए परन्तु भविष्य में ऐसी भूल नहीं करने की प्रतिज्ञा करते हो अत: तुम्हें 10 लाख का दंड देकर फांसी की सजा से मुक्त किया जाता है।

अजयपाल :- वाह ! मंत्रीश्वर वाह ! इसी का नाम न्याय ! करार की शर्त का पालन भी हो गया और धर्मदास सेठ की जान भी बच गई और धनदास सेठ के बुरे इरादे का उसे फल भी मिल गया। राजेन्द्रसिंह ! तुम भंडारी को बुलाकर लाओ और उसे सोनामहोर का इनाम दे दो।

राजेन्द्रसिंह :- जी आज्ञा महाराजा।

(कपर्दी मंत्री-धर्मदास किसी प्रयोजनवश बाहर जाते है)

धनदास(मन में ही) :- अरे ! इस कपर्दी ने तो मेरी बाजी ही पलट दी अब तो मुझे किसी भी उपाय से इसे मंत्री पद से भ्रष्ट करना चाहिये। अजय पाल धर्म का द्वेषी हैं। कपर्दी धर्म का रागी है, अत: धर्म के बहाने ही इन्हें परस्पर लडा देना चाहिए।

(धनदास अजयपाल के कान के पास जाकर बात करता है :-

महाराजा ! आप कपर्दी मंत्री को कुछ भी मानते होंगे, परन्तु वह आपके प्रति वफादार नहीं है।

अजयपाल :- अरे ! कपर्दी और गद्दार ? यह कभी नहीं हो सकता है, वह तो मेरा वफादार सेवक हैं, मेरी हर आज्ञा का अक्षरश: पालन करता है।

धनदास :- महाराजा आपकी आज्ञा के भी उसे अपनें धर्म का अधिक अभिमान है, यदि आप इस की परीक्षा करना चाहे तो कपर्दी मंत्री को अपना तिलक मिटाने की आज्ञा कर देखे।

(उसी समय कपर्दी मंत्री का प्रवेश होता है..धनदास मौन हो जाता है)

कपर्दी :- महाराजा ! आप इस पर हस्ताक्षर कर दो। (उसी समय अजयपाल हस्ताक्षर कर देते है)

अजयपाल :- (हस्ताक्षर करने के बाद) मंत्रीश्वर ! तुम्हारी बुद्धि प्रतिभा के प्रति मुझे गर्व है। परन्तु मेरे दरबार में तुम ये टीले करके आते हो, यह मुझे पसंद नहीं है, तुम इसे मिटा दो।

कपर्दी :- महाराजा ! ये कोई टीले-वीले नहीं है। यह तो तिलक है। **'जिनेश्वर भगवंत की आज्ञा को मैं शिरोधार्य करता हूँ।'** इस बात का यह प्रतीक है। यह तिलक राज्य की व्यवस्था में कहीं कोई बाधक नहीं है, अत: इसे क्यों मिटाया जाय ?

अजयपाल :- कुछ भी हो, मेरी आज्ञा है, तुम इस तिलक को मिटा दो।

कपर्दी :- महाराजा ! तिलक करना यह तो धर्म की आज्ञा है। इसको मिटाने की आज्ञा करके आप धर्मसत्ता का अपमान कर रहे हो। धर्मसत्ता के सामने लडना उचित नहीं है। जगत् में ऐसा कोई माई का लाल पैदा नहीं हुआ जो

धर्मसत्ता के सामने विजयी बना हो। मेरी नम्र विनंति है कि आप ऐसी आज्ञा न करे।

अजयपाल :- मुझे तेरी सलाह की जरुरत नहीं है। मेरी आज्ञा है। याद रखना कल दरबार में आओ तब तुम्हारे मस्तक पर यह तिलक नहीं होना चाहिये।

कपर्दी :- महाराजा ! क्षमा करें ! यह तिलक नहीं मिट सकेगा।

अजयपाल :- मंत्रीश्वर ! तिलक नहीं मिटाया तो समझ लेना, तुम्हारे सिर पर मौत घूम रही है। तुम्हें उबलते हुए तैल में तल दिया जाएगा।

(दृश्य दूसरा)

(नगर के सभी मानजन इकट्ठे हुए हैं..बैठक चल रही है)

धर्मदास :- आप सभी को पता ही होगा कि महाराजा अजयपाल ने मंत्रीश्वर को तिलक मिटा देने की आज्ञा की है और तिलक न मिटाए तो तैल में तलने की आज्ञा दी है।

महेन्द्र :- यह राजा अजयपाल अत्यंत ही क्रुर है। राजसत्ता को पाने के लिए उसने अपने काका कुमारपाल को जहर देकर मार डाला था और अब धर्मीजनों के ऊपर उसने अपना हथियार उठाया हैं। यदि हम चूप बैठे रहे तो पता नहीं कल कैसे भयंकर आज्ञाएँ भी हो सकती है ?

सुरेन्द्र :- परन्तु इस राजसत्ता के आगे हमारा कितना चल सकेगा ? इस के बजाय तो राज दरबार में जाते समय तिलक मिटा कर जाय तो इसमें कौन सा नुकसान हो जाने वाला है ?

देवेन्द्र :- ऐसे कायर विचारों की यहां आवश्यकता नहीं है। इससे तो धर्म का नाश ही होगा और धर्म के बिना तो हम कैसे जीदे रह पाएंगे ?

धर्मदास :- भूतकाल में इस धर्म के सामने अनेक प्रतिकार आए थे..परन्तु अनेक मुनि भगवंतो, साध्वी जी भगवंतो और श्रावक - श्राविकाओं नी अपनें प्राणों का बलिदान देकर भी धर्म की रक्षा की है। और उन्ही शूरवीरों से यह शासन चला है। यदि हम ऐसे कायर विचार करेंगे तो धर्म का ध्वंस हो जाएगा। आनेवाली पीढी भी हमें धिक्कारेगी...अतः सभी तैयार हो जाय तिलक की रक्षा के लिए। यदि बलिदान देना पडे तो हमें भी मंत्रीश्वर के पीछे तैयार रहना होगा।

सभी एक स्वर में...तिलक अमर रहेगा।
प्राणों से भी प्यारा, यह तिलक हमारा।

(दृश्य तीसरा)

(राज दरबार जमा हुआ है। थोडी ही दूरी पर एक बडे कढाए में तैल उबल रहा है)

धनदास :- महाराजा ! मैंने जो कहा था वह बात सत्य निकली न ! कपर्दी को अपनें धर्म का झुठा अभिमान है। उसे ऐसी सजा होनी ही चाहिए। यदि आप इस प्रकार कठोर नहीं बनोगे यो कल प्रजा भी आपकी आज्ञा का पालन नहीं करेगी।

अजयपाल :- मुझे लगता हैं कि इस कढाई को देख कपर्दी डर जाएगा और अपनें तिलक को मिटा देगा।

'(जैनं जयति शासनम्, तिलक अमर रहो' के गगन भेदी नारों के साथ अनेक नवयुवकों के साथ कपर्दी मंत्री का राजदरबार में आगमन होता है। सभी के मस्तक पर तिलक लगा हुआ है।)

मंत्री ने आकर राजा को प्रणाम किया। उसके बाद उसने अपना आसन ग्रहण किया।

अजयपाल :- मंत्रीश्वर ! क्या तुम मेरी आज्ञा भूल गए हो ? इस तिलक को तुम मिटा दो, अन्यथा तुम्हारा जीवन मिट जाएगा।

कपर्दी :- राजन् ! यह तिलक नहीं मिटेंगा।

अजयपाल :- एक छोटे से तिलक के लिए मेरी आज्ञा का उल्लंघन ! अच्छा ! तो अब तैयार हो जाओ इस कढाई में कूद मरने के लिए। तुम जल्दी ही दो सैनिकों को उपस्थित करो।

(राजाज्ञा होते ही चंद क्षणों में ही द्वारपाल दो सैनिकों के साथ राज दरबार में प्रवेश करता हैं और राजा को प्रणाम कर राजा-आज्ञा के लिए प्रतीक्षा करते है)

अजयपाल :- ओ सैनिको ! तुम कपर्दी को उठाकर कढाई में डाल दो।

कपर्दी :- राजन् ! मैं स्वयं कूदने के लिए तैयार हूँ..इसके लिए सैनिकों की कोई आवश्यकता नहीं है)

और उसी समय कपर्दी बोलता है

जैनं जयति शासनम्

तिलक अमर रहे।

कपर्दी के साथी युवक नारों की उद्घोषणाओं से आकाश मंडल को गुंजा देते है। उसी समय कपर्दी मंत्री अरिहंतादि की शरणागति का स्वीकार करता है और जोरों से बोलता है

हे आत्मन् ! अपने स्वार्थ की सिद्धि के लिए तूं अनेक बार मरा है, परन्तु यह सुअवसर हाथ लगा है, शासन की रक्षा के लिए। तूं धन्य बन गया, तेरा जीवन धन्य हो गया।

इतना बोलकर कपर्दी उस कढाई मे कूद पडता है। चारों ओर वातावरण में हाहाकार मच जाता है, सभी के चेहरे अत्यंत ही उदास हो जाते है)

और देखते ही देखते एक के बाद एक करके **20** युवक कढाई में कूद पडे.. उनके मृतदेहों को बाहर निकाल दिया गया।

21वाँ युवक जैसे ही कढाई की ओर बढने लगा अजयपाल की नजर उसके हाथ पर बंधे हुए मींढल पर गई।

अजयपाल :- हाथ में यह क्या बांधा हैं ?

यह तो मींढल हैं।

क्यो बांधा है ?

आज ही मेरी शादी हुई है, मैं अपनी पत्नी को घर पर छोडकर आया हूँ, मुझे भी कढाई में कूद पडने दो।'

अजयपाल :- तूं मर जाएगा तो तेरी पत्नी की क्या हालत होगी ?

युवक :- आपने **20-20** नवयुवकों को मरने दिया.. तो अब मेरी पत्नी की चिंता क्यों करते हो ? मैं अपनी पत्नी को प्रभु के भरोसे छोड आया हूँ..आप उसकी चिंता न करे।

अजयपाल :- बस करो ! बस करो ! यह बलिदान अब मेरे से देखा नहीं जाएगा। यह बलिदान देख अब तो मेरा हृदय कांप रहा है।

क्षणिक आवेश में आकर मैंने यह क्या कर डाला ? ओहो ! मैंने अपनें वफादार मंत्री को खो दिया ?

जाओ ! इन बलिदानों ने तुम्हारे तिलक को अमर कर दिया है। आज से तुम्हारा तिलक भले ही अमर रहे।

चारो ओर एक साथ एक आवाज मे

जैनं जयति शासनम्

तिलक अमर रहे।

* આજે પરદેશમાં ધર્મ-પ્રચાર માટે જવાની વાતો જોરશોરથી ચાલે છે. શું ભારતમાં બધા ધર્મી બની ગયા છેકે, જેથી પરદેશમાં જવાનું મન થાય છે ? ના. છતાં કદાચ માની લઈએ કે, પરદેશમાં જવાની ઘણી ભાવના હોય, તો કયો એવો પ્રચારક શ્રાવક છેકે, જે પોતાનો બધો ધર્મ સારવીને પરદેશમાં પ્રચાર કરવા જવા તૈયાર હોય. આવી રીતે ધર્મનો પ્રચાર કરવા જનારે શ્રાવકજીવન બરાબર જીવવું પડે. પરદેશમાં હરવા-ફરવા કે જોવા લાયક સ્થળો જોવાનું પ્રલોભન પણ એણે મૂકી દેવું પડે. આવો ધર્મ પ્રચારક પરદેશમાં જાય, તો હજી કદાચ ધર્મ સમજાવવામાં સફળ બની શકે. બાકી આજે તો જેઓ પરદેશમાં જાય છે, એ લગભગ ધર્મના નામે અધર્મનો જ પ્રચાર કરી આવે છે, એમ કહેવું પડે.

* સંસારથી જેટલા દૂર રહી શકીએ, એટલું વધુ સુખ મળે, પરંતુ સંસારથી જો સર્વથા મુક્ત બની જઈએ, તો તો શાશ્વત સુખની જ પ્રાપ્તિ થઈ જાય.

શત્રુંજયોદ્ધારક શ્રી જાવડ શાહ

- પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ. - અમદાવાદ

સંસાર સાગરથી તારે તે તીર્થ. ''ચૌદ તીરથમાં તીરથ ન એહવો'', 'ગિરિવર દર્શન વિરલા પાવે, ભવસંચિત પા૫ ગમાવે.' આ રીતના મહાકવિઓએ જેનો મહિમા ગાયો છે, ખુદ શ્રી સીમંધરસ્વામિ ભગવાને ઈન્દ્રની આગળ જેનો મહિમા વર્ણવ્યો છે એવા તરણતારણ શ્રી શત્રુંજય મહાતીર્થના ઉદ્ધારક શ્રી જાવડ શાહની સામાન્ય વાત કરવી છે. **પુણ્યોદયે શ્રીમંતાઇ મળવી તે જુદી વાત છે અને મળેલી શ્રીમંતાઈ પચાવવી તે અલગ વાત છે. શાસનના પ્રતાપી પુરૂષોએ પ્રાપ્ત બાહ્ય-અભ્યંતર ઋદ્ધિ-સિદ્ધિ-સંપત્તિને પચાવી હતી તેથી જ તો તેઓ પ્રતાપી થયા છે !**

મધુમતી (હાલનું મહુવા) ના અધિપતિ શ્રી ભાવડ શાહના પુત્ર શ્રી જાવડ શાહે પોતાના પિતાની પછી પણ પિતાનો વારસો યથાર્થ જાળવી રાખ્યો અને અતિજાત પુત્રની કોટિમાં પોતાનું નામ આગવી રીતે અંકિત કર્યું.

આહુંડા અવસર્પિણી કાળની અસર વધતી-ઓછા દરેક કાળમાં જોવા મળે. તે સમયે કાળનાં પ્રભાવે શત્રુંજય તીર્થનો અધિષ્ઠાયક કપર્દી યક્ષ મિથ્યાત્વી થઈ ગયો અને માંસાહારી બન્યો. (જો કે દેવો વૈક્રિય શરીરધારી હોવાથી કવલાહાર કરતા નથી પણ દેખાવ-ભ્રમ તેવો ઊભો કરે છે કે જાણે સાક્ષાત્ માંસાહાર પણ કરતા હોય) તેના ભયથી યાત્રા બંધ થઈ ગઈ. આજુબાજુના પ્રદેશો ઉજ્જડ થયા. તે યક્ષ મિથ્યાત્વના પ્રભાવે યાત્રાર્થે આવતા મનુષ્યોને મારી ખાતો તેમના રૂધિર, ચામ, હાડ, માંસથી ગરવા ગિરિરાજની અત્યંત આશાતના થતી.

મધુમતીના અધિપતિ જાવડને એક જ્ઞાની સાધુ ભગવંત પાસેથી જાણવા મળ્યું કે-'પોતે જ આ મહાતીર્થનો ઉદ્ધારક થવાનો છે.' તેથી તેણે ઘરે આવી, પવિત્ર થઈ શ્રી ચક્રેશ્વરી દેવીનું ધ્યાન ધર્યું. એક માસના તપને અંતે દેવી સંતુષ્ટ થઈ કહે કે-''અહીંથી તક્ષશિલા નગરીએ જઈ, શ્રી અરિહંત પ્રતિમાનું બિંબ લઈ, શત્રુંજય તરફ ચાલજે.' સારો કાળ પાકે છે ત્યારે બધા સંયોગો આપોઆપ અનુકૂળ બને છે: દેવીની આજ્ઞાનુસાર બિંબ લઈ મધુમતી જ્યારે આવ્યો ત્યારે વિદેશ વેપારાર્થે ગયેલા તેના વહાણો ધાર્યા કરતાં પણ ઘણો વધુ લાભ કરી સુવર્ણાદિની પ્રાપ્તિ સાથે આવ્યા. યોગાનુયોગ અંતિમ દશપૂર્વી પૂ. શ્રી વજ્રસ્વામી મહારાજા પણ વિહાર ક્રમે ત્યાં આવી ગયા. સોનામાં સુગંધ ભળી. શ્રી જાવડ શાહે યુગપ્રધાન શ્રુતકેવલી પૂરવધરોને શત્રુંજયના ઉદ્ધારમાં સહાયક થવા શ્રી વજ્રસ્વામીને વિનંતિ કરી. તે જ સમયે પૂ. આચાર્યશ્રીએ પ્રતિબોધેલ એક મનુષ્ય જે મરણ પામી યક્ષ તરીકે નવો જ ઉત્પન્ન થયેલો તે પણ વંદન માટે ત્યાં આવ્યો. (કેટલાક તેને પૂ. શ્રી વજ્રસેનસૂરિથી પ્રતિબોધેલ પણ કહે છે.)

પૂ. શ્રી વજ્રસ્વામિએ શાસનોન્નતિ માટે તે યક્ષને મદદ કરવા સૂચવ્યું અને જાવડની સાથે શુભ મુહૂર્તે પ્રયાણ શરૂ કર્યું.

જૂના મિથ્યાત્વી કપર્દી યક્ષે માર્ગમાં ઘણા બધા વિઘ્નો નાખ્યા પણ બંને પુણ્યાત્માઓના સત્ત્વ આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ અને વિઘ્નોનું નિવારણ કરતાં છેક ગિરિશિખર પર ચઢ્યા. તો પણ પાપી એવો તે મિથ્યાત્વી યક્ષ અટક્યો નહિ. તેણે એકવીશ વાર તે અર્હત્બિંબ નીચે ઊતાર્યું અને શ્રી જાવડ શાહે એકવીશ વાર પુનઃ ઉપર ચઢાવ્યું જરા પણ ખેદ કે હતભગ્ન ન થયા પણ ઉલ્લાસથી પોતાના કાર્યમાં આગળ વધ્યા.

અંતે શ્રી વજ્રસ્વામી મહારાજા સહિત ચારે પ્રકારના સંઘે કાયોત્સર્ગ કર્યો અને જાવડ શાહ તેમના પત્ની રથના ચક્ર નીચે સૂઈ ગયા. તેમનો અભવ

શીલપ્રભાવ, ધર્મ ભક્તિથી અને નવા કપર્દી યક્ષની સહાયથી તે મિથ્યાત્વી યક્ષ વધુ ઉપદ્રવ કરી શક્યો નહિ.

પછી તેઓએ મંદિરમાં પ્રવેશ કરી, મંદિરને સારી રીતે નિર્મલ કરી, પૂર્વની જીર્ણ પ્રતિમાને સ્થાને નૂતન મૂર્તિનું સ્થાપન કર્યું. તે સમયે પણ મિથ્યાત્વી યક્ષે અગાઉથી મૂર્તિમાં અધ્યાસ કર્યો પણ તે શક્તિહીન થઈ જવાથી ફલિભૂત ન થયો. છેવટે તેણે એવો દારૂણ અવાજ કર્યો કે ગિરિશિખરો કંપી ઊઠ્યા અને પર્વત ઉત્તર-દક્ષિણ એમ બે વિભાગમાં વહેંચાઈ ગયો. વજ્રસ્વામી, જાવડ તથા તેમની પત્ની સિવાયના સર્વ મૂરછાવશ થઈ ગયા. પછી નવા કપર્દી યક્ષની સહાયથી અને પૂર્વ પ્રતિમાના અધિષ્ઠાયકોની શાંત વાણીમાં પ્રાર્થના કરવાથી બધું સારું થયું અને ઉલ્લાસપૂર્વક જૈનશાસનના જયનાદોની ઉદ્‌ઘોષણા વચ્ચે નૂતન પ્રતિમાનું સ્થાપન થયું.

પછી સંઘપતિ જાવડ અને તેમની પત્ની ધજાદંડ ચઢાવવાને મંદિરના શિખર પર ચઢ્યા. ત્યાં ચઢતા ચઢતા અપૂર્વ આનંદ આલ્હાદ થયો, પ્રભુની પ્રાર્થના સ્તુતિ કરતાં પોતાને ધન્ય માનતા અપૂર્વ ભાવનામાં તેઓ બંન્ને ચઢ્યા અને તે જ વખતે આયુષ્ય પૂર્ણ થવાથી ત્યાં જ હૃદય સ્ફોટ થવાથી મરણ પામી ચોથે દેવલોકે ગયા.

વ્યંતર દેવોએ તેમના દેહને ક્ષીરસાગરમાં પધરાવ્યા. તેમના પુત્ર જાજનાગને આ પ્રસંગથી આઘાત લાગ્યો. પૂ. શ્રી વજ્રસ્વામી મહારાજે પ્રતિબોધ કર્યો, શ્રી ચક્રેશ્વરીદેવીએ તેમની શુભ ગતિ કહી. જાવડ શાહે આ ઉદ્ધાર વિક્રમ સંવત ૧૦૮માં કર્યો. આવા ટેકીલા ધર્મવીર આપણે સૌ બનીએ તે જ મનોકામના.

સાત વર્ષે દીક્ષા.. અગ્યારમાં વર્ષે પ્રવર્તિની - પૂ. મુનિશ્રી હિતવર્ધનવિજયજી

એકસોથી વધુ જિનમંદિરોથી ભૂષિત ખંભાતની એ ધન્યધરા હતી. વિક્રમની તેરમી શતાબ્દીના મધ્યકાળમાં આચાર્ય ધર્મમૂર્તિ સૂરીશ્વરજી મહારાજ ખંભાત પધાર્યા. ક્ષીણજંઘાબળી હોવાં એ આચાર્ય. માટે એમણે સ્થિરવાસ વહોર્યો હતો.

આ આચાર્યના દર્શન માટે રોજ પ્રભાતે સેંકડો નર-નારીઓ પડાપડી કરતાં. એમાં ધનાઢ્ય-શ્રીમંતોની સંખ્યા પણ વિશાળ હતી. ખંભાતનો એક કોટીપતિ શ્રીમંત રોજ વંદન કરવા આવતો. એક દિવસ પોતાની સાત વર્ષની બાળકીને લઈ તે આચાર્ય ભગવંત પાસે ઉપસ્થિત થયો.

ધર્મલક્ષ્મી એનું નામ.

એના વદન પરનું તેજ સૂર્યની જેમ ઝગારા વેરી રહ્યું હતું. ચમકદાર નેત્રો અને ગૌર ભાલ. આચાર્યદેવની દૃષ્ટિ એ બાળિકા પર મંડાઈ. એને જોતાં જ ભાવિના લેખ ઉકેલાતાં સૂરિજીને વાર ન લાગી. સૂરિજીના ચહેરા પર નૂર ઉભરાઈ આવ્યું.

એમણે બાળકીની નજરમાં નજર પરોવીને પૂછ્યું, બોલ, શું જોવું છે !

'દીક્ષા' જવાબ મળ્યો.

સૂરિજીએ ધર્મલક્ષ્મીના પિતા પાસે પ્રસ્તાવ મૂકતાં કહ્યું, આ કિશોરી ખૂબ ભાગ્યશાળી છે. સૈકાઓ પછી જન્મનારી પ્રતિભાઓ પૈકીની એક બને એવી છે. તું મને સોંપી દે. તો આ સુંવાળા પાષાણમાંથી સોહામણી મૂર્તિ તૈયાર કરું..

ગુરૂદેવ, મારૂં આ રત્ન આપના ચરણે અર્પિત કરું છું.

શેઠે ન્યોચ્છાવરી ધરી દીધી.

ત્યારબાદ સુયોગ્ય સાધ્વીજી પાસે ધર્મલક્ષ્મીને ગોઠવવામાં આવી. કેવળ સાત જ વર્ષની વયે આચાર્ય ધર્મમૂર્તિ સૂરિજીના હસ્તે પ્રવ્રજિત થયેલા આ ઈતિહાસના અમર સાધ્વીવર્યા એવા કુશાગ્ર ક્ષયોપશમના સ્વામિની હતાં, કે ત્રણ જ વર્ષમાં સઘળોય અભ્યાસ એમણે કરી લીધો.

પૂર્વભવથી જ ભાગ્યના પૂંજ લઈને આવનારી એ બાળસાધ્વીને અગ્યાર વર્ષ જેવી તદ્દન કુમળી વયે તો આચાર્ય ધર્મમૂર્તિ સૂરિજીએ સાતસો સાધ્વીજીઓના પ્રવર્તિની પદની નવાજેશ કરી.

શાં તેજ હશે, એ બાળ સાધ્વીનાં !

શાં સૌભાગ્ય હશે, એ બાળ સાધ્વીનાં !

કેવળ ૨૮ જ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગધામ દોડી જનારા આ સાધ્વીજી જૈન ઈતિહાસનું કદાચ બદ્વિતીય પાત્ર હશે, જે પાત્રે અગ્યારમાં જ વર્ષે સાતસો સાધ્વી જીઓનું સુકાન સંભાળ્યું હોય..

હા, આજે પણ આ ભગવતી સાધ્વી ધર્મલક્ષ્મીજીની મૂર્તિ ખંભાતની નજીકમાં વસેલા માતર તીર્થમાં બિરાજમાન છે.

સર્જનનું મૂળ - સ્વાધ્યાય

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જૈનશાસન એ તો રત્નોનો મહાસાગર છે. જેમાંથી મોતીરૂપ અનેક આત્માઓ પાકે છે અને સ્વ-પર ઉભયનું કલ્યાણ કરી શાસનના મા ને અવિચ્છિન્નપણે ચલાવે છે. આવા અનેકાનેક શાસન પ્રભા ક સૂરિપુંગવોથી જૈન શાસનનો ઈતિહાસ ર્યો ભર્યો છે. આવા જ એક અજ્ઞાત પણ પોતાની કૃતિઓથી સદૈવ જ્ઞાત એવા ક સૂરિપુંગવની સામા ન્ય અ લ ૫ — ઝ લ ૫ નિહાળીએ.

ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પાટ પરંપરામાં ૪૧મી પાટે પૂ. આ. શ્રી વિજય અજિતદેવ સૂ. મ. આવ્યા. ૪૨મી પાટે પૂ. આ. શ્રી વિજય સિંહસૂરીશ્વર જી મ. સા. આવ્યા અને ૪૩મી પાટે આપણા ચરિત્રનાયક પૂ. આ. શ્રી વિ. **સોમપ્રભસૂરીશ્વરજી** મહારાજા આવ્યા.

સંવેગી માર્ગના મહાન પ્રણેતા, અદ્‌ભુત ત્યાગી અને ધ્યાની તથા ઊંડા અભ્યાસી **પૂજ્ય પંન્યાસજી શ્રી સત્યવિજયજી ગણિ**

પરમ શાંત, સંવેગી, સંયમી, વિદ્વાન, તપસ્વી, ધ્યાની તથા શાસનની પ્રભાવના કરવામાં સદા તત્પર એવા પૂ. પંન્યાસજી શ્રી સત્યવિજયજી ગણિનો જન્મ સં. ૧૬૭૬માં લાડલુ (રાજસ્થાન) માં દુગડ ગોત્રના શા. વીરચંદ ઓશવાલ જૈનના ધર્મપત્ની વીરમદેવીની કુક્ષિએ થયો હતો. તેમનું જન્મનામ શિવરાજ હતું.

માતા વીરમદેવીની સંમતિથી શિવરાજને શ્રી વિજયસેનાસૂરિની આજ્ઞાથી આચાર્યશ્રી વિજયદેવસૂરિએ સં. ૧૬૭૧માં ૧૪ વર્ષની વયે દીક્ષા આપી, આચાર્ય વિજયસિંહસૂરિના શિષ્ય બનાવ્યા; અને તેમને મુનિ સત્યવિજય નામ આપ્યું. તેમનાં જન્મસંવત કે દીક્ષાસંવત મળતાં નથી. દીક્ષાગ્રહણ કરીને મુનિ સત્યવિજય સં. ૧૭૧૦ સુધી શ્રી વિજયદેવસૂરિ અને શ્રી વિજયસિંહસૂરિ સાથે વિચરતા હતા. આ દરમિયાન તેઓશ્રીએ સિદ્ધાંતોનો ઊંડો અભ્યાસ કર્યો. દાદાગુરુ અને ગુરુદેવ પાસેથી મળેલા ઉપદેશને રગેરગમાં પચાવીને તેઓ ગુરુદેવ શ્રી વિજયસિંહસૂરિ સાથે ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિ બનવા તૈયાર થયા. ચારિત્રધર્મનું સવિશુદ્ધ અને ઉત્કટ ભાવનાપૂર્વક પાલન કરવું એટલે સાધુજીવનમાં સંવેગીપણાનો સ્વીકાર કરવો.

શ્રી વિજયદેવસૂરિની તીવ્ર અભિલાષા હતી કે, તપાગચ્છમાં

(અનુ. ૯૩૮ ઉપર)

જેઓ પ્રાગ્વાટ જ્ઞાતીય શ્રાદ્ધવર્ય શ્રી જિનદેવ મહામંત્રીના પુત્ર શ્રાદ્ધવર્ય શ્રી સર્વદેવ શ્રેષ્ઠીના પુત્ર હતા અને જેમનું શુભ અભિધાન હતું સોમદેવ. બાલ્યવયથી જ નામ પ્રમાણે ગુણવાળા હતા. પૂર્વ ભવની આરાધનાના પ્રભાવે જ 'પુત્રના લક્ષણ પારણા' માંથી તે ઉક્તિને સાર્થક કરનારા હતા. આજના બાળકો હરવું-ફરવું, રમવું-ગમવું, T.V. વીડીયો ગેમ્સમાંથી ઊંચા આવતા નથી. મંદિર-ઉપાશ્રય તો લગભગ્ ગમતા પણ નથી. જ્યારે આ બાળકને માતા-પિતાના સુસંસ્કારોના કારણે મંદિર-ઉપાશ્રયે દેવ-ગુરુના દર્શન-વંદનમાં આનંદ આવતો. પ્રભુ ભક્તિમાં તો એવો લયલીન બનતો કે જાણે બાલ યોગી જ જોઈ લો ! એકવાર પ્રભુભક્તિ કરતાં કરતાં એવા ભાવો હ્રાસમાં ચઢી ગયો કે - "સર્વજીવહિતકર-વત્સલ આ શ્રી જિનેશ્વરદેવના ચરણ

કમલમાં હંમેશા નિવાસ કરી પરમાનંદ પદ-મોક્ષ-ને પ્રાપ્ત કરું !''

હૈયાની સાચી ભાવના ક્યારેય વાંઝણી થતી નથી. તે બાળકના અભ્યુદય-પુણ્યોદયથી જ જાણે ખેંચાઈને ન આવ્યા હોય તેમ પ. પૂ. આ. શ્રી વિજય સિંહસૂરીશ્વરજી મહારાજા ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સપરિવાર તે નગરીમાં પધાર્યા. મેઘ દર્શન મયૂર નાચે તેમ ભવ્યાત્મા જીવો પૂ. આચાર્ય ભગવંતની પધરામણીથી નાચી ઊઠ્યા. સમહોત્સવ પ્રવેશ કરાવ્યો. આ બાળક પણ દાદા-પિતાની સાથે પૂ. આચાર્ય ભગવંતની પાસે ગયો. અને પૂ. આચાર્ય ભગવંતને જોતાં જ તેનો મનમોરલો નાચી ઊઠ્યો. એકીટશ આકંઠ જિનવાણીનું અમી પાન કરવા લાગ્યો અને હૈયામાં વિરાગના અંકુરા ફૂટ્યા, સંસારની અસારતા, સંયમની સુંદરતા અને મોક્ષની મનોહરતા સમજાઈ ગઈ. જિનવાણી હૈયામાં પરિણામ પામી. શ્રદ્ધા વિકસીત થઈ અને સંયમનો મનોરથ પેદા થયો. અને પછી પોતાની મનઃકામના દાદા-પિતાની આગળ વિનમ્રપણે રજૂ કરી કે-''આપની અનુજ્ઞા હોય તો સાધુપણાને ગ્રહણ કરી મા મનુષ્યભવને સફળ કરું.'' આ વચનથી દાદા-પિતા પણ અતિ આનંદિત થયા. ખરેખર આ બાળકે આપણું કુલ અજવાળ્યું. સંસારની પેઢી તો આપણે બધાએ ચલાવી. આ કુલદીપક સાતે પેઢી તારશે અને શાસનની પેઢી ચલાવવા ઉલ્લસિત થયો છે. તેથી આનંદપૂર્વક પૂ. આચાર્ય ભગવંતને પણ આ વાત જણાવી. ત્યારે પૂ. આચાર્ય ભગવંતે કહ્યું કે-''શુભ કામમાં વિલંબ ન કરાય.'' આનંદિત થયેલા કુટુંબીજનોએ શ્રી જિનમંદિરમાં મહોત્સવાદિ કરાવી શુભ દિવસે સોમ દેવને દીક્ષા અપાવી. અને પૂ. આચાર્ય ભગવંતે તેમનું મુનિશ્રી સોમદેવ વિજયજી એવું નામાભિધાન કર્યું. પૂ. ગુરુદેવની તારક નિશ્રામાં, ગુરુ કુલવાસમાં રહી, ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા પૂર્વક, અલ્પ સમયમાં સ્વમતિ પ્રતિભાથી, સ્વાધ્યાય-વિનય-વૈયાવચ્ચ-તપ-સંયમમાં અપ્રમત બની સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણ-કાવ્ય-ન્યાય આદિ તથા શ્રી જિનાગમોનું સાંગોપાંગ અધ્યયન કર્યું. અને ગુર્વાદિ વડિલોના દિલને જીતી લીધા. તેમની યોગ્યતા જાણી તેમના ગુરુદેવ પૂ. આ. શ્રી વિજય સિંહસૂરીશ્વરજી મહારાજાએ શ્રી સંઘ સમક્ષ પૂ. મુ. શ્રી

(અનુ. ૯૩૭નું ચાલુ)

ક્રિયોદ્ધાર કરી, ફરી શુદ્ધ સંવેગી માર્ગ પ્રવર્તાવવો. આથી તેમણે પોતાની સાથેના મુનિઓ અને યતિઓને વૈરાગ્યનો ઉપદેશ આપી, ક્રિયોદ્ધાર માટે તૈયાર કર્યા. પરિણામે, આચાર્ય વિજયસિંહસૂરિ, પં. સત્યવિજય ગણિ, પં. વીરવિજય ગણિ, પં. ઋદ્ધિવિજય ગણિ વગેરે સંવેગી મુનિ બનવાને ઉત્સુક બન્યા હતા. સં. ૧૭૦૬માં મહા સુદ ૧૩ને ગુરુવારે પાટણમાં, સંવેગી સાધુ-સાધ્વીઓને પાળવાના નિયમોનો ૪૫ બોલનો પટ્ટક આચાર્ય વિજયસિંહસૂરિએ બનાવ્યો, તેમાં પં. સત્યવિજય ગણિના પણ હસ્તાક્ષર છે.

દૈવયોગે આચાર્ય વિજયસિંહસૂરિનું સં. ૧૭૦૮ના મહા સુદ બીજને દિવસે અમદાવાદમાં સ્વર્ગગમન થયું, ત્યારે દાદાગુરુ શ્રી વિજયદેવસૂરિએ નવા ગચ્છનાયક તરીકે પં. સત્યવિજય ગણિ અને પં. વીરવિજયગણિ-બંનેમાંથી સર્વપ્રથમ પં. સત્યવિજય ગણિને ભટ્ટારક ગચ્છનાયક થવા સમજાવ્યા. પણ તેઓ તો આત્મરંગી હતા. અદ્‌ભુત ત્યાગી અને ધ્યાની મહાત્મા હતા. તેમણે સંવેગીપણું સ્વીકારવાની ઉત્કટ ભાવનાથી ગચ્છનાયક બનવાની અનિચ્છા બતાવી; અને પં. વીરવિજય ગણિ ગચ્છનાયક બને તેમાં સંમતિ આપી. પં. વીરવિજય ગણિને સં. ૧૭૧૦માં આચાર્યપદ આપી, તેમનું વિજયપ્રભસૂરિ નામ આપવામાં આવ્યું. અને સં. ૧૭૧૨માં અમદાવાદમાં આચાર્ય વિજયદેવસૂરિએ તેમને ભટ્ટારકપદ આપી, પોતાની પાટે સ્થાપન કર્યા, અને ગચ્છનાયક તરીકે જાહેર કર્યા. પં. સત્યવિજય ગણિએ સં. ૧૭૧૧ના મહા સુદ ૧૩ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં આચાર્ય વિજયદેવસૂરિની આજ્ઞા મેળવી,

(અનુ. ૯૩૯ ઉપર)

સોમદેવ વિજયજીને જૈન શાસનના રાજાના સ્થાન સમાન તૃતીય પદ ઉપર આરૂઢ કરી તેમનું પૂ. આ. શ્રી વિજય સોમપ્રભસૂરીશ્વરજી નામ પાડી, પોતાની પાટ પર આરૂઢ કર્યા.

નૂતન આચાર્યશ્રી સમર્થ જ્ઞાની હતા, સ્વ-પર સમયના વેત્તા હતા, શીઘ્ર કવિ અને સમર્થ ઉપદેશક હતા, માર્ગસ્થ-આચાર સંપન્ન હતા. તેઓએ રચેલાં ગ્રન્થોમાં મુખ્ય પાંચ ગ્રન્થો હાલ પ્રાપ્ત થાય છે.

૧- શ્રી સુમતિનાથ ચરિત્ર-પ્રાકૃત ભાષા, ૯૮૨૧ શ્લોક પ્રમાણ

૨- સિંદૂર પ્રકર-સૂક્ત મુક્તાવલી- ૧૦૦ શ્લોક, સંસ્કૃતમાં

૩- શૃંગાર-વૈરાગ્ય તરંગિણી - ૪૧ શ્લોક, સંસ્કૃતમાં

૪- શતાર્થ કાવ્ય વૃત્તિ- ૧ શ્લોકમાં ૧૦૦ અર્થ, સંસ્કૃતમાં

૫- કુમારપાળ પ્રતિબોધ - પ્રાકૃત ભાષા

વિ. સં. ૧૨૩૮ના મહા સુદ-૪ ના દિવસે તેઓના કરકમલથી પ્રતિષ્ઠિત ચતુર્વિંશતિ જિન માતૃકાપટ આજે પણ શ્રી શંખેશ્વર તીર્થમાં વિદ્યમાન છે.

સં. ૧૨૮૩માં ભીલડીયાજી તીર્થે પધારી વડાલીમાં ચાતુર્માસ કરેલ. તે પછી ૧૨૮૪માં ત્યાંથી છ'રી પાલક સંઘ સાથે શ્રી સિદ્ધગિરિની યાત્રા કરી. ૧૨૮૪નું ચોમાસું અંકેવાલિયામાં કર્યું. પરન્તુ જન્મની સાથે મરણ નિયત છે. તે પ્રમાણે ચોમાસામાં જ શ્રી નવકાર મહામંત્રાદિના સ્મરણ પૂર્વક સમાધિથી કાળ પામી સ્વર્ગવાસી થયા. તેમની પાટે ઉદયપુરના રાજાએ જેમને 'તપા' બિરૂદથી બિરૂદાવેલા તે પૂ. આ. શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ આવ્યા !

આવા પ્રભાવકોના ચરણોમાં કોટિ વંદન. આપણે સૌ વાચકો આવા મહાપુરૂષના જીવનમાં સ્વાધ્યાય પ્રેમ ગુણને લઈ પરમાર્થ લક્ષી સ્વાધ્યાય પ્રેમી બનીએ તે જ ભાવના.

(અનુ. ૯૩૮ નું ચાલુ)

આચાર્ય વિજયસિંહસૂરિએ નક્કી કરેલી યોજના મુજબ, આચાર્ય વિજયદેવસૂરિની નિશ્રાની પ્રધાનતા રાખી, ક્રિયોદ્ધારપૂર્વક સંવેગીપણું સ્વીકાર્યું. તેમની સાથે ૧૮ મુનિવરો અને અનેક સાધ્વીજીઓએ પણ સંવેગીપણું સ્વીકાર્યું હતું.

પં. સત્યવિજય ગણિએ ક્રિયોદ્ધાર કર્યો ત્યારે શ્રી વિજયપ્રભસૂરિ ઉંમરમાં, દીક્ષાપર્યાયમાં અને અનુભવમાં નાના હતા. તેમણે ૧૧ વર્ષના અનુભવ પછી ગચ્છનાયકની લગામ હાથમાં લીધી હતી. ગચ્છમર્યાદા એવી હતી કે, નાનામોટા સૌ યતિવરો-મુનિવરો ગચ્છનાયકની આજ્ઞા માને; ગચ્છનાયકશ્રી વિજયપ્રભસૂરિ મોટે ભાગે પં. સત્યવિજય ગણિવરની સલાહ લઈને નિર્ણય કરતાં.

પં. સત્યવિજય ગણિવર પ્રૌઢ પ્રતાપી અને મેધાવી હતા; ખૂબ જ્ઞાની અને અનુભવી હતા; શુદ્ધ ક્રિયાપ્રેમી હતા. શ્રી આત્મારામજી મહારાજના શબ્દોમાં, 'શ્રી સત્યવિજયજી ગણિ ક્રિયોદ્ધાર કરી શ્રી આનંદઘનજી સાથે બહુ વર્ષો સુધી વનવાસમાં રહ્યા. મહાતપસ્યા અને યોગાભ્યાસમાં રત રહ્યા. જ્યારે બહુ વૃદ્ધ થઈ ગયા અને ચાલવાની શક્તિ ન રહી ત્યારે અણહિલપુર પાટણમાં આવીને રહ્યા.'

તેઓશ્રીએ સં. ૧૭૫૪માં અમદાવાદમાં અને સં. ૧૭૫૫માં પાટણમાં ચોમાસું કર્યું. સં. ૧૭૫૬ના પોષ મહિનામાં તેઓ બીમાર પડ્યા. પાંચ દિવસ બીમાર રહ્યા. પોષ સુદ ૧૨ ને શનિવારે પાટણમાં સિદ્ધિયોગમાં અનશન સ્વીકારીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પં જિનવિજય ગણિએ 'સત્યવિજય ગણિ નિર્વાણરાસ' રચ્યો. એવું પણ કહેવાય છે કે, શ્રી આનંદઘનજીના તેઓ સંસારીપણે ગુરુબંધુ હતા. તેમના સંવેગી માર્ગના સ્વીકારથી જ તપાગચ્છ અંતર્ગત સંવેગી શાખાની શરૂઆત થઈ હતી.

(સંકલન : ત્રિપુટી મહારાજ રચિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૩માંથી સાભાર)

ધર્મ ધુરંધર મહાપુરુષ શ્રી હીર વિજયસૂરિ

(શાસ્ત્રોના આધારે ધર્મમહાગ્રંથમાંથી લીધેલ થોડું અને હમેંશનું વાંચન અભ્યાસ...ી)

- શાહ રતિલાલ દેવચંદ ગુઢકા-લંડન, સહતંત્રી શ્રી મહાવીર શાસન

''વૈરાગ્યથી ભરપૂર હૃદયવાળા સુવિહિત મુનિના ગુરૂશ્રી હીર વિજયસૂરિએ મૂર્છાનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી હતી.''

શ્રી ગુર્જર દેશમાં તારંગીરિ તીર્થો છે. તેમાં કૈલાશ પર્વત જેવા ઉંચા તારંગગિરિ ઉપર કોટિ શિલા છે. તે શિલા જાણે મુક્તિરૂપી સ્ત્રીના પાણીગ્રહણમાં કરોડો મુનિઓને માટે રચેલી સ્વયંવરની ભૂમિ હોય તેવી શોભે છે. વળી તે દેશ જાણે વિધાતાએ જગતના લોકોના મનોરથ સિદ્ધ કરવા માટે મેરૂપર્વત ઉપરથી કલ્પવૃક્ષને લાવીને સ્થાપન કરેલ હોય તેમ નાગેન્દ્રથી સેવાતા શ્રી શંખેશ્વર પાશ્વનાથ વિરાજ છે. આ પાશ્વનાથના બિંબનું પ્રથમ નમિ અને વિનમી નામના વિદ્યાધર રાજાએ અર્ચન કર્યું હતું. ત્યાર પછી જાણે પોતાના સ્થાનની સ્થિરતા માટે જ હોય તેમ સ્વર્ગમાં ઈન્દ્રે પૂજા કરી હતી પછે ઈન્દ્રે તે બિંબને ગિરનાર ગિરી ઉપર મુક્યું હતું. ત્યાંથી લઈને સૂર્યે તથા ચંદ્રે પોતાના સ્થાનમાં રાખીને અર્ચન કર્યું હતું. તેમાણે પાછું ગિરનારના શૃંગ ઉપર સ્થાપન કર્યું હતું. ત્યાંથી ધરાણેન્દ્રે પોતાના ધામમાં લઈ ગયા હતા. ત્યાર પછી શ્રી નેમિનાથના વચનથી શ્રીકૃષ્ણ તે બિંબને લાવ્યા હતા. વળી તે દેશમાં ખંભાત નગરમાં જેનો અપૂર્વ મહિમા છે અને જે બિંબના પ્રભાવથી ધન્વન્તરીની જેમ શ્રી અભયદેવ સૂરિનો કુષ્ટરોગ નાશ પામ્યો હતો એવા સ્થંભન પાર્શ્વનાથ બિરાજે છે. આ પ્રમાણે અનેક પુણ્યનાં સ્થાનો જેમાં રહેલા છે. એવા તે ગુજરાત દેશમાં શ્રી પ્રહલાદનપુર (પાલણપુર-હાલ) નામે નગર છે તેમાં ઓસવાળ વંશ કુરા શાહ નામે શેઠ હતા. તેને નાથી નામે પત્નિ હતી. તેણે સંવત ૧૫૮૩ના માર્ગશીર્ષ માસની શુક્લ નવમીને દિવસે ગજના સ્વપ્નથી સૂચિત હીરકુમાર નામના પુત્રને જન્મ આપ્યો હતો. તે કુમાર ક્રમે વૃદ્ધિ પામતાં યુવાવસ્થા પામ્યો. એકદા તે કુમારે શ્રી વિજય દાનસૂરિના મુખથી દેશના સાંભળી કે, ' જીવિત સંધ્યાના રંગ જેવું ચપળ છે, નદીના વેગ જેવું યોવન અસ્થિર છે, અને લક્ષ્મી વિદ્યુતના જેવી ક્ષણિક છે, માટે હે પ્રાણીઓ ! **નિરંતર જિનધર્મ:** સેવન કરવામાં તત્પર રહો. (તૈયાર રહો.)'' આ પ્રમાણેની દેશના સાંભળીને હીરકુમાર હર્ષ પોતાને ઘેર ગયો.

અનુક્રમે પોતાના માતાપિતા સ્વર્ગે ગયા. ત્યારે કુમારે વિમલા નામની બહેન પાસે દીક્ષાની રજા માંગી. તે સાંભળીને બ્હેન બોલી કે ''હે ભાઈ ! તું વૃદ્ધાવસ્થામાં દીક્ષા લે જે. હાલ તો તારી સ્ત્રીના મુખનું પાન કરવા વડે મારા નેત્રરૂપ ચકોર પંછીને આહલાદ આપવામાં ચંદ્ર જેવો થઈને ચપળતા તજી તું ગૃહસ્થાશ્રમમાં ચિરકાળ રહે.'' તે સાંભળીને કુમારે કહ્યું કે '' હે બહેન ! આ જીવિત દર્ભના અગ્રભાગ પર રહેલા જળ બેંદુ સમાન છે, લક્ષ્મી પણ કુલટા સ્ત્રી જેવી છે. ઈક્ષુના અગ્ર ભાગ જેવું યોવન પણ નીરસ છે, અને નાટકના સમય જેવો આ સ્વજનો સંબંધ પણ ક્ષણિક છે. મારી બાલાવસ્થા જશે, અને યોવન લક્ષ્મી મારા શરીરને શોભાવશે અને પછી અમાત્યની જેમ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે'' એવું (ચોક્કસ) કોણ જાણી શકે છે?

આ પ્રમાણે અનેક યુક્તિથી ઉત્તર પ્રત્યુતર કરવા વડે શાંત થયેલા સ્વજનોએ તેમની દીક્ષા લેવાની રજા આપી. એટલે સંવત ૧૫૮૯ના કાર્તીક સુદ દ્વિતીયાને દિવસે ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂએ તેનું હીરહર્ષ એવું નામ પાડ્યું.

આ પ્રમાણે ગુરૂ પાસે અભ્યાસ કરીને તેઓ જૈન ધર્મ સંબંધી સર્વ શાસ્ત્રમાં નિપુણ થયા પછી પરદેશની ભાષા તથા પરધર્મના શાસ્ત્રો જાણવાની ઇચ્છાથી તેઓ દક્ષિણ દેશમાં ગયા. તે દેશમાં માણિક્યનાથ ઋષભદેવ બિરાજે છે, તથા ત્યાં અંતરીક્ષ પાર્શ્વનાથ પણ છે. તે

અન્તરીક્ષ નામ ના પાર્શ્વદેવ જમીનથી ઉંચા રહેલા હોવાથી જાણે મવ્ય પ્રાણીઓના મહાઉદય કરવાના હેતુથી જ ઉંચા રહ્યા હોય નહીં એમ જણાવતા હતા. વળી કરહેટક નામમાં મોટા પ્રભાવવાળા કરહેટક નામના પાર્શ્વના ૧ સ્વામી બિરાજે છે. જે દિશામાં તેઓ રહેલા છે તે સ્થ નને તે પ્રભુથી જ વાંછાથી (ભાવાર્થ હું પ્રભુના પદને (મોક્ષને) પામું એવી ઇચ્છાથી) જાણે હોય નહીં તેમ શેષના ા કદાપી તજતો નહિં, તેમજ જાણે આ પાર્શ્વનાથ દેવો ા પણ દેવ છે. એમ કહેવાને માટે જ આવતી હોય તે ા વસન્ત વિગેરે ઋતુઓ વૈભવ સહિત પ્રતિવર્ષે આવી ા તે પ્રભુની સેવા કરતી હતી. વળી તે દેશમાં સોપાર ા નામના પુરમાં જાણે ભરતચક્રીના પુણ્યનિધિ હોય ેવા જીવત્સ્વામી શ્રી આદેશ્વર પ્રભુની પ્રતિમા બિરાજમાન છે. એ દેશમાં દેવગિરી નામના કિલ્લા માં (શહેરમાં) કોઇ બ્રાહ્મણ પાસે તર્કશાસ્ત્રાદિકનો અભ્યાસ કરીને શ્રી હીરમુનિ ગુરૂ પાસે આવ્યા. ગુરૂએ તત્કાળ તેમને વાચક (ઉપાધ્યાય) પદ આપ્યું. પછી ગુરૂએ સૂરિમંત્રના અધિષ્ઠાયિક દેવની આજ્ઞાથી સંવત ૧૬૧૦ પોષ શુક્લ પંચમીના દિવસે હીરહર્ષમુનિને સૂરિપદે સ્થાપન કર્યા. પછી ગુરૂ અન્યત્ર વિહાર કરવા લાગ્યા.

અહીં અકબર બાદશાહની સભામાં અનેક જાતિના લોકો આવીને બેઠા હતા, તે વખતે સૌએ પોત પોતાના ધર્મનું વર્ણન કર્યું, તેમાં એક વિદ્વાન પુરૂષે શ્રી હીરસૂરિની પ્રશંસા કરી કે "હે બાદશાહ! જેમ સર્વ રાજાઓમાં આપ મુકુટ સમાન છો તેમ સર્વ દર્શનોમાં અદ્વિતીય વિદ્વાન અને સર્વ ધાર્મિકોમાં મુકુટ સમાન એક હીર વિજયસૂરિ જ છે."

આ પ્રમાણેની તેમની પ્રશંસા સાંભળીને બાદશાહે બે દૂતોને વિજ્ઞપ્તિયુક્ત ફરમાન આપીને લાટદેશમાં ગાંધાર નામના બંદરે જ્યાં જ્યાં હીરસૂરિ બિરાજમાન હતા ત્યાં તેમને બોલાવવા માટે મોકલ્યા. તે દૂતોએ ત્યાં જઈને જેના ચરણકમળની સેવા સર્વ સંઘ કરી રહેલા હતા એવા હીરગુરૂના ચરણકમળમાં તે ફરમાન મુક્યું. તે દૂતે કરેલી વિજ્ઞપ્તિ સાંભળીને શ્રાવકોએ પણ વિનંતીપૂર્વક કહ્યું કે, "હે ગુરૂ મહારાજ! જેમ કેશી ગણધરે પ્રદેશી રાજાને બોધ પમાડ્યો હતો, તેમ આપ પણ અકબર બાદશાહને બોધ પમાડજો. આપના જેવા મહાત્મા પુરૂષો વિશ્વના ઉપકારજ માટે જ યત્ન કરે છે. શું મેઘ સર્વ જગતને જીવાડતો નથી? વળી જેમ પારધી વનમાંહેના અનેક પ્રાણીઓને હણીને વનને નિ:સત્વ (સત્વરહિત) કરી નાંખે છે વળી સર્વ દ્વેષી વર્ગને જીતી લઈને નિ:સત્વ (સત્વરહિત) કરી નાખનાર શ્રી હેમચંદ્રસૂરિએ જેમ કુમારપાળ રાજાને બોધ પમાડ્યો હતો, તેમ આપ અકબર રાજાને બોધ પમાડજો."

આ પ્રમાણેની શ્રી સંઘની વિનંતી સાંભળીને ગુરૂ ત્યાંથી વિહાર કરી રાજનગર (અમદાવાદ) સમીપ આવ્યા; એટલે ત્યાંના અધિકારી સાહેબ ખાને અત્યંત આદર અને ભક્તિપૂર્વક ગુરૂને પોતાની રાજધાનીમાં લઇ જઈને તેમની પાસે ઘણા ઘોડાઓ, હસ્તિઓ, રથો, પાલખીઓ વગેરે ભેટ કરી. પછી વિનંતી કરી કે "હે સ્વામી અકબર બાદશાહના હુકમથી આ ભેટ હું આપને કરૂં છું માટે તે ગ્રહણ કરો. બાદશાહે કહેવડાવ્યું છે કે સૂરીશ્વર શ્રી હીરવિજય ગુરૂને ધન રથ અશ્વ હસ્તિ વગેરે આપીને તેમના મનોરથ પૂર્ણ કરી તેમને મારા તરફ મોકલવા. માટે હે સ્વામી! આ આપને માટે આવેલી એક થાપણની જેમ મારાથી અપાતું ગ્રહણ કરો." તે સાંભળીને સૂરિ બોલ્યા કે " અમે નિષ્પરિગ્રહી છીએ, અમે હંમેશા ઉપાનહ પણ પહેર્યા વિના પગે ચાલવાને જ યોગ્ય છીએ, તેથી એ સર્વ અમારે કાંઇ કામનું નથી." એમ કહી સૂરિ વિહાર કરતા આબુગિરિ આવ્યા.

ત્યાં ગુરૂએ વિમલમંત્રીએ કરાવેલી વિમળસહી જોઈ. તે વસહી (જિનચૈત્ય) આરસ પથ્થરની હોવાથી શ્વેત હતી, તેમાં અનેક શ્વેત હાથીઓ, અને શ્વેત અશ્વો હતા, તથા સુધા સરખી શોભાયમાન હતી, અને તે વસહીનો મધ્ય ભાગ શ્રી જીનેશ્વરે પવિત્ર કરેલો હતો; તેથી તે વસહી જાણે ક્ષીરસમુદ્રની સખી હોય તેવી જણાતી હતી; અશ્વ અને સુધા (અમૃત) તેમાંથી નીકળ્યાં છે એમ કહેવાય છે, તથા જીન એટલે વિષ્ણુએ તેનો મધ્ય ભાગ પવિત્ર કરેલો કહેવાય છે.

ત્યારપછી તે યત્રીન્દ્રે વસ્તુપાળે કરાવેલી વસહિના ચૈત્યને જોયું. ત્યાં ગિરનાર પર્વતની જેમ આબુ પર્વતને પણ પવિત્ર કરવાની જ ઈચ્છાથી જાણે આવ્યા હોય એવા નયનને આનંદ કરનારા શિવારાણીના પુત્ર શ્રી નેમિનાથને વંદના કરી. ત્યાંથી ચાલતાં માર્ગમાં જાણે ધર્મનું પ્રપાસ્થાન (પરબ) હોય તેવા અને જાણે અમૃત (મોક્ષ) ની ઈચ્છા લક્ષ્મી ધારણ કરી છે. એવા કુમારપાળ રાજાએ કરાવેલા ચૈત્યને નમીને તે મુનીંદ્રે અચળ ગઢમાં આવી ચતુર્મુખ શ્રી ઋષભસ્વામીને વંદના કરી. તે ચૈત્યમાં જાણે પ્રાણીઓને ચાર ગતિની પીડારૂપ મોટા અંધકૂપમાંથી ઉદ્ધાર કરવાની ઈચ્છાથી જ હોય નહીં એમ ચાર મૂર્તિને ધારણ કરતા શ્રી યુગાદિદેવના દર્શન કર્યા. ત્યાંથી મેડતા નગર સમીપે આવીને શ્રીફળ વર્ધી પાર્શ્વનાથને વંદના કરી.

આ પ્રતિમા વિષે એવું સંભળાય છે કે આ બિંબની પાસે બીજી કોઈ જિન પ્રતિમા રહી શકતી નથી, તેથી તે પ્રતિમા એકલી જ છે. તે પ્રભુ જાણે એમ ધારતા હોય કે હું એકલો જ-બીજાની અપેક્ષા રાખ્યા વિના ત્રણ જગતના જીવોના મનોરથ પરિપૂર્ણ કરું એવો છું; તેથી બીજાની જરૂર નથી. એવી રીતે પોતાના મનમાં અહંકાર લાવીને તે પ્રભુ એકલા જ રહેલા હોય નહિ ? વળી તે ફળવર્ધી પાર્શ્વનાથના દ્વારને બારણાં રહેતાં નહીં. કદાચ કોઈ માણસ તે દ્વાર ઉપર બારણાં ચઢાવતાં તો પ્રાતઃકાળે તે પ્રસાદથી બે કોશ દૂર જઈને પડતાં, ત્યાં રહેતાં નહીં.

સૂરિ ત્યાંથી વિહાર કરીને ફતેહપુરની સમીપે આવ્યા. ત્યાંનો રાજા થાનસિંહ બાદશાહનો સેવક હતો, તથા અમીપાળ નામે બાદશાહનો સેવક પણ ત્યાં હતો. તે હંમેશા બાદશાહને નાળીયેરની ભેંટ મોકલતો હતો. તેમણે તથા સંઘના મુખ્ય માણસોએ બાદશાહને સૂરિના આગમનના ખબર આપ્યા. પછી બાદશાહની આજ્ઞાથી શ્રી સંઘ મોટા ઉત્સવપૂર્વકફતેહપુરથી બાદશાહની રાજધાનીના શાહપુર (ગામ બહારનું પરું) સુધી સૂરિ સાથે આવ્યો. પછી બાદશાહના કેવાથી બાદશાહનો સર્વશાસ્ત્ર સંપન્ન શેખ ગુરૂ સૂરિને પોતાને ઘેર લઈ ગયો. ત્યાં સૂરિએ પ્રથમ તે શેખની સાથે જ ધર્મગોષ્ટી કરીને તે શેખના મનના દરેક સંશયો દુર કરી તેને પ્રતિબોધ પમાડ્યો. પછી સૂરિ બાદશાહ પાસે આવ્યા, તેને બાદશાહે આદરમાનપૂર્વક અનેક પ્રશ્નો પુછ્યા. તેના પ્રત્યુતર આપીને ગુરૂએ યમ, નિયમ અને જિન તીર્થાદિકનું સ્વરૂપ પ્રકાશિત કરી બાદશાહનું ચિત્ત દયાધર્મથી સુવાસિત કર્યું.

પછી બાદશાહ સૂરિને પોતાની ચિત્રશાળામાં લઈ ગયા. ત્યાં બાદશાહે ત્રણ પગથિયા વાળા ઉંચા સિંહાસન પર બેસીને ગુરૂને કહ્યું કે ''હે સૂરીશ્વર ! રાજાઓને બેસવા લાયક આ સભા ભૂમિમાં આચ્છાદાન કરેલા ગાલીચા ઉપર આપના ચરણકમળ મૂકી તેને પવિત્ર કરો.'' ગુરૂ બોલ્યા કે ''હે રાજન ! કદાચ તેની નીચે કીડીઓ હોય, માટે અમે તેના પર પગ ન મૂકીએ. ત્યારે ''બાદશાહે કહ્યું કે'' હે ગુરૂદેવ ! દેવલોક ના મંદિર જેવા સ્વચ્છ આ સભામાં કીડીઓ વગેરે કાંઈ ન હોય નહિં'' ગુરૂ બોલ્યા કે '' અમારો આચાર જ એવો છે, માટે અમો જોયા વિના પગ મૂકતા નથી. મુમુક્ષુઓએ પોતાના આચરણનું ચિંતામણી રત્નની જેમ રક્ષણ કરવું જોઈએ. પછી બાદશાહે તે ગાલીચો ઉંચો કરાવ્યો તો તેની નીચે બાદશાહે પોતે જ અનેક કીડીઓ જોઈ. તેથી આશ્ચર્ય પામીને તેણે સૂરિની અતિ પ્રશંસા કરી. પછી વિધિપૂર્વક યોગ્ય સ્થાને બેસીને નિઃસ્પૃહ ગુરૂએ (ધર્મદેશના) ધર્મના રહસ્યને પ્રકાશિત કર્યું.

ત્યાંથી સૂરિ આગ્રામાં ચાતુર્માસ રહ્યા. ત્યાં પ્રાણીઓના ઈચ્છિત મનોરથને પૂર્ણ કરવા માટે જાણે સ્વર્ગમાંથી ચિંતામણી રત્ન આવેલું હોય નહીં એવા ચિંતામણી પાર્શ્વનાથના બિંબને મોટા ઉત્સવપૂર્વક સૂરિએ સ્થાપન કર્યું. ચાતુર્માસ પૂર્ણ થયા પછી સૂરિ ફતેહપુર આવ્યા, ત્યાં ફરીને બાદશાહને મળવું થયું. તે વખતે બાદશાહે રથ અશ્વો હાથી વગેરેની ભેટ આપી. ગુરૂએ તે અંગીકાર કરી નહીં. ત્યારે બાદશાહે કહ્યું કે ' હે સૂરિશ્વર ! મારી પાસેથી કાંઈ ગ્રહણ કરીને મને કૃતાર્થ કરો; કેમ કે સુપાત્રના હાથ ઉપર જેનો હાથ થયો નથી (જેણે સુપાત્રને દાન આપ્યું નથી.) તેનો જન્મ વનમાં રહેલા માલતીના પુષ્પની જેમ નિરર્થક છે.'' આ પ્રમાણે દાનને માટે બાદશાહે વારંવાર આગ્રહ કર્યો ત્યારે સૂરિએ

પાંજરામાં પૂરેલા સર્વ પક્ષીઓને છોડી મૂકવાનું માંગ્યું; એટલે બાદશાહે સર્વ પક્ષીઓને છોડી મૂક્યા, પર્યુષણમાં બાર દિવસ અમારી પડહ વગડાવવાનું (અમારી પાળવાનું) ફરમાન કર્યું; બાદશાહે કરાવેલું બારકોશનું મોટું ડાબર સરોવર કે જેનો સામો કિનારો પણ દ્રષ્ટિથી જોઈ શકાતો નહોતો તે સરોવરમાં રહેલા મીનાદિક જંતુઓના વધનો સર્વથા નિષેધ કર્યો. પછી બાદશાહે ફરીથી સૂરિને કહ્યું કે "આજથી આપની જેમ હું પણ મૃગયા વડે જીવહિંસા નહીં કરું. હું ઇચ્છું છું કે "સર્વે પ્રાણીઓ મારી જેમ ઇચ્છા પ્રમાણે ફરો હરો અને ક્રીડા કરો." આ પ્રમાણે મૃગયા, જજિયા વેરો અને શત્રુંજયનો કર વિગેરે મુકાવી દઈ, અનેક પ્રકારની પુણ્ય ક્રિયામાં જોડી દઈ સૂરિએ અન્યત્ર વિહાર કર્યો. આમાં દરેક મુમુક્ષોએ એજ સાર ગ્રહણ કરવાનો છે કે આવા એક ક્રુર અને મુસલમાન અને પાછો રાજા થઈને પણ પળમાં અનેક જીવોને અભયદાન આપ્યું અને હજારો જીવોનું રક્ષણ કર્યું દરેક પ્રાણીઓને પોતાના આત્મા સમાન ગણ્યા. આપણે પર્વોમાં અને ખાસ પર્યુષણમાં જરૂર યથાશક્તિ જીવદયાનું પાલન અવશ્ય કરીએ કરવા જેવું એ જ કંઈપણ ભુલ દોષ સર્વ જીવો પાસે આત્માની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના કરૂ છું મિચ્છામી દુક્કડમ્

जगदगुरिदं राज्ञा बरुदं प्रदद तदा
तदहन वधषु बिजहर गुरु प्रभात्

ત્યારે આ જગતગુરૂ છે. એવું બાદશાહે બિરૂદ આપ્યું. પછી બાદશાહે આપેલા જગદગુરૂ બિરુદને વહન કરતા સૂરિએ અન્યત્ર વિહાર કર્યો." આ શ્લોકમાં કહેલા અર્થનું સમર્થન કરવા માટે તેમનું ચરિત્ર વિશેષ કહેવામાં આવે છે

અન્ય દેશોમાં વિહાર કરતાં કરતાં શ્રી હીરગુરૂ મથુરા પુરીમાં આવ્યા. ત્યાં મોટા ઉત્સવથી સંઘજનોથી પરિવરેલા સૂરિના ચારણ મુનિની પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથ પ્રભુની યાત્રા કરી, તથા જંબુસ્વામી પ્રભવસ્વામી વિગેરે પાંચસો સત્તાવીશ મુનિઓના સ્તુપોને વંદના કરી. પછી ગોપાલગિરિ ઉપર ઋષભદેવને વંદન કરી. તે ગિરિ ઉપર શત્રુંજયની જેમ બાવન ગજના પ્રમાણવાળી શ્રી આદિશ્વરની પ્રતિમા છે, તથા બીજી પણ જિન પ્રતિમાઓ છે, તેને સૂરિશ્વરે વંદના કરી. ત્યાંથી વરકાણકનગરમાં આવીને સાક્ષાત પાર્શ્વયક્ષની જેમ વરકાણક નામના પાર્શ્વનાથને નમ્યા. ત્યાંથી વિહાર અનુક્રમે સિદ્ધાચળ આવી ત્યાં દર્શન સ્તુતિ વિગેરે કરીને ગુરૂ જયપુરમાં આવ્યા.

ત્યાં શ્રી સંઘની સમીપે સૂરિએ શ્રી અજયપાર્શ્વનાથનું કિંચિત ચરિત્ર કહ્યું કે" કોઈ શ્રેષ્ઠી જળવટ વ્યાપાર માટે સમુદ્ર રસ્તે જતો હતો. દેવયોગે અચાનક વૃષ્ટિનો ઉત્પાત થયો; તેથી કલ્પાંત કાળની જેમ પોતાના વહાણના લોકોનો સંહાર થશે એમ ધારી તે દુઃખ જોવાને અસમર્થ એવા તે શ્રેષ્ઠી પ્રથમથી જ મૃત્યુ પામવા માટે સમુદ્રમાં ઝંઝાપાત કરવા જાય છે. તેટલામાં પદ્માવતી દેવીએ આકાશવાણીથી કહ્યું કે 'આ સમુદ્રની મધ્યે સમગ્ર દુઃખરૂપી સાગરનું મંથન કરવામાં મંદરાચળ પર્વત સમાન પ્રભાવવાળી અને સમુદ્રની મેખલાના નિધિ સમાન શ્રી પાર્શ્વનાથની પ્રતિમા છે; માટે હે શ્રેષ્ઠી ! નાવિક લોકો પાસે તેને સમુદ્રમાંથી બહાર કઢાવીને તેની પૂજા કરી વહાણમાં રાખીશ તો હું તારું સર્વ વિઘ્ન દૂર કરીશ. પણ હે શ્રેષ્ઠી ! તે કલ્પવૃક્ષના પર્ણની કરેલી પેટીને તું ઉઘાડીશ નહીં, તેને તેવી ને તેવી સ્થિતીમાં દીવ બંદરે લઈ જજે. ત્યાં દિગયાત્રાને માટે આવેલા અજય નામના રાજાને તે પેટી આપજે. તે મૂર્તિના સ્નાત્રજળથી, તે રાજાને થયેલા એકસોને સાત રોગો નાશ પામશે.' આ પ્રમાણે દેવની વાણી સાંભળીને તે શ્રેષ્ઠીએ પોતાના માણસો પાસે તે પેટી બહાર કઢાવી અને વહાણમાં સ્થાપન કરી, તેથી સર્વ ઉપદ્રવો નાશ પામ્યા. અત્યારે પણ સમુદ્રમાં પ્રતિકૂળ વાયુને લીધે કાંઈ ઉપદ્રવ થયો હોય તે વખતે જો અજય પાર્શ્વનાથનું ધ્યાન કર્યું હોય તો તે વહાણની જેમ મનુષ્યોને નિર્વિઘ્ન રીતે સુખેથી સમુદ્રને કિનારે પહોંચાડે છે.

પછી તે શ્રેષ્ઠીએ દીવ બંદરે જઈને ત્યાં આવેલા અજયરાજાને પેટી સંબંધી સર્વ વૃતાંત કહી તે પેટી તેની પાસે મૂકી, એટલે રાજાએ ત્યાં અજય નામનું નગર વસાવી વિનયપૂર્વક તે બિંબને પેટીમાંથી બહાર કાઢી તે પુરમાં મોટું ચૈત્ય કરાવીને તેમાં તે સ્થાપન કર્યું. અને તેના સ્નાત્રજળથી તે રાજા વ્યાધિમુક્ત થયો. પૂર્વે તેનું અજય પાર્શ્વનાથ એવું નામ હતું, હાલમાં ત્યાં અજાર નામે ગ્રામ વસવાથી અજાર પાર્શ્વનાથ એવું નામ થયું છે. આ

કીર્તનો વિસ્તાર શત્રુંજ્ય મહાત્મ્યમાંથી જાણવો.

શ્રી હીરવિજયસૂરીએ દીક્ષાથી આરંભીને જે તપ કર્યું, તે આ પ્રમાણે-જેમ રાજા ન્યાયને ન તજે, તેમ આચાર્ય શ્રી હીરવિજયસૂરિએ જીવનપર્યંત એકાસણું છોડ્યું નહોતું જાણે કામદેવના પાંચે બાણો તજ્યાં હોય તેમ પાંચે વિકૃતિ વિગઈનો ત્યાગ કર્યો હતો. જાણે કે ભવસાગરને પાર પમાડનારી બાર ભાવનાઓને વિશેષ કરીને પુષ્ટ કરતા હોય તેમ, હંમેશા ભોજન સમયે નામ ગ્રહણપૂર્વક અન્ન, જળ, શાક વિગેરે મળીને બાર જ દ્રવ્ય સુધી વિજયદાનસૂરિ ગુરૂ સબંધી તપ કર્યું પછી બાવીસ માસ સુધી યોગવહન કરીને તીવ્ર તપ કર્યું. પછી ત્રણ માસ સુધી સૂરિમંત્રની વિધિપૂર્વક આરાધના કરીને ચાર (૪) કરોડ શ્લોક પ્રમાણ સજ્ઝાયધ્યાન કર્યું. તે સૂરિવરે પાંચસો જિન બિંબની પ્રતિષ્ઠા કરી. ઈત્યાદિ બહુ પ્રકારનાં ધર્મ કાર્યો કરીને તે આચાર્યહીરસૂરિજી ઉનાયા (ઉના) નગરમાં સંવત ૧૬૫૨ના ભાદ્રપદ સુદિ ૧૧ ને દિવસે મહામંત્ર (નવકાર) નું સ્મરણ કરતા સતા (દેવલોકને) સ્વર્ગલોકને પામ્યા.

ઓગણીસમી સદીના ઉત્તમ કવિ અને મહાન સાક્ષર; તપગુણભાવધારક

પૂજ્ય પંન્યાસ શ્રી રૂપવિજયજી ગણિ

પૂ. પંન્યાસ શ્રી રૂપવિજયજી ગણિની ગૃહસ્થાવસ્થાની કોઈ માહિતી મળતી નથી. તેમણે ક્યારે દીક્ષા લીધી, ક્યારે પંન્યાસ બન્યા, તેમનો સ્વર્ગવાસ ક્યારે થયો વગેરે હકીકતો પ્રાપ્ત થતી નથી. આમ છતાં, તેઓ ૧૯ મી સદીમાં વિદ્યમાન હતા તેના પૂરાવાઓ મળે છે. તેઓ પં. સત્યવિજય-ક્ષિમાવિજય-જિનવિજય-ઉત્તમવિજયના શિષ્ય અને રસસિદ્ધ કવિ તેમજ અનેક ગ્રંથના નિર્માતા શ્રી પદ્મવિજયના શિષ્ય હતા. તેઓ સમર્થ વિદ્વાન અને વૈદકશાસ્ત્રમાં નિપુણ હોવાને લીધે ખૂબ કીર્તિવાન બન્યા હતા.

તેઓશ્રીએ સં. ૧૮૮૦ માં વિક્રમ રાજાના સમયના ગણાતા અંબડવિશે 'અંબડરાસ' (જે માં વિક્રમનાં પરાક્રમની-પંચદંડની અદ્‌ભુત વાતો છે તે) રચેલો મળી આવે છે. તેમણે રચેલી સં. ૧૮૮૦ માં 'પૃથ્વીચંદ્રચરિત્ર', સં. ૧૮૬૨માં 'પદ્મવિજયનિર્વાણરાસ' અને સં. ૧૯૦૦ માં 'વિમલમંત્રી રાસ' વગેરે કૃતિઓ મળી આવે છે.

આ ઉપરાંત, તેમની રચનાઓમાં ૧. સ્નાત્રપૂજા, ૨. પંચકલ્યાણક પૂજા, ૩. પંચજ્ઞાન પૂજા, ૪ વીશસ્થાનક પૂજા, ૫. પિસ્તાલીસ આગમ પૂજા, ૬. આત્મબોધ સજ્ઝાય, ૭. મનસ્થિકરણ સજ્ઝાય, ૮. નંદીશ્વર દ્વીપ પૂજા વગેરે મુખ્ય છે.

(સંકલન : ત્રિપુટી મહારાજ રચિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૪માંથી સાભાર)

(પદાર્થો) વાપરતા હતા. પોતાના પાપની આલોચના માટે તે આચાર્યસૂરિએ ત્રણસો (૩૦૦) ઉપવાસ અને સવાબસો છઠ્ઠ કર્યા. ત્રણ ચોવિસીનું ધ્યાન કરવાની ઈચ્છાથી બોતેર (૭૨) અઠ્ઠમ કર્યા. બે હજાર (૨૦૦૦) આયંબિલ કર્યા. ને ફરીને વીશ સ્થાનકોના આરાધન માટે વીશ (૨૦) આયંબિલ કર્યા બે હજાર (૨૦૦૦) નીવી કરી. વળી એકદત્તી એટલે પાત્રમાં એક જ વખત જેટલું અન્ન જળ અવિચ્છિન્ન પડે તેટલો આહાર કરવો તે તથા, એક જ દાણો ખાવો તે એકસિથ્થ કહેવાય છે, ઈત્યાદિક અનેક તીવ્ર તપો કર્યા. ફરીથી ત્રણ હજારને છસો ઉપવાસ કર્યા. પછી પ્રથમ ઉપવાસ તે ઉપર એકાસણું, તે ઉપર આયંબિલ, તે ઉપર પાછો ઉપવાસ એવી રીતે તેર માસ

આવી ઉગ્ર તપશ્ચર્યા આચાર્ય સૂરિએ કરી સાધુ જીવનમાં પણ આવી કઠોર તપશ્ચર્યા કરવાથી જ કર્મો ખપે છે નાશ પામે છે અને કર્મો ખપે કર્મો ટળી જાય તો જ જીવનો મોક્ષ થાય અને સુરીમહાશયો ઘણા મુક્ષોએ પણ આવું સૂરિજીનું જૈન શાસનના પ્રતાપી પુરૂષોનું જીવનચરિત્ર કેતાં જીવન ગાથા વાંચી સુર્ણ જીવનને તપ અને ત્યાગમાં જ આત્માની મુક્તિ છે એ હેતુ સમજી આત્મ શ્રેય સાધવું.

''મૂળ વાત એ પ્રમાણે અમૃતના ઓઘ સરખા ઉજ્જવળ ધ્યાનને ધારણ કરતા સતા સૂરિએ ભગવંતે કહેલા મહાનંદપૂરે જવાના માર્ગને ત્યાં જવાની ઈચ્છાથી જાતે જોવાને માટે દેવલોકનો આશ્રય કર્યો.'' ❖

જયંતિલાલ મણિલાલ મહેતા પરિવાર

શાસન રક્ષક પૂ. આચાર્યશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર આગમો દ્વારક ઉપકારી ગુરુદેવના આશીર્વાદથી જૈન ધર્મની રક્ષા પ્રચાર કરતા** જૈન શાસન અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા

બધા એક જ ભવની આરાધનાએ મોક્ષ પામે નહિ □□□□□□

સંવેગ પ્રગટ્યો, મોક્ષની ઇચ્છા જોરદાર બની, એથી ધર્મ કરવાનું મન થયું અને ધર્મ કરવા પણ માંડ્યો; પણ ધર્મ થાય તો શક્તિ-સામગ્રી મુજબ જ ને ? એટલે, જે ભવમાં મોક્ષને માટે ધર્મ આરાધવા માંડ્યો, તે જ ભવને અન્તે મુક્તિ મળી જાય, એવું બને શી રીતે ? એવું ન જ બને એમ નહિ, એવા જીવો પણ હોય કે, જે ભવમાં મોક્ષને માટે ધર્મને આરાધવા માંડે, તે જ ભવને અન્તે મુક્તિ મેળવી લે ! પણ એવા જીવો થોડા ! એ ભવમાં એવો પૂરો ધર્મ થાય અને એ ભવમાં એ ધર્મથી આત્માના સકલકર્મ ક્ષીણ થઈ જાય, ત્યારે જ એવું બની શકે ને ? પણ ધર્મ જેમણે મોક્ષને માટે કરવા માંડ્યો, તે બધા કાંઈ એ જ ભવમાં મુક્તિ પમાડે એવો પૂરો ધર્મ કરી શકે એવા હોય નહિ અને બધાનાં કર્મો પણ એવાં હોય નહિ, કે જેથી એવો ધર્મ આત્મા કરી શકે અને સકલ કર્મો ક્ષીણ થઈ જાય !

મોક્ષને માટે ધર્મની આરાધના કરનારો બનેલો આત્મા પણ આ જ કારણે જ્યાં સુધી પૂરો ધર્મ કરી શકે એવી સ્થિતિને પામે નહિ, ત્યાં સુધી એ આત્માને સંસારમાં ભવ તો કરવા પડે ને ? એમાં મોટે ભાગે બને એવું કે, એ ધર્મથી બંધાયેલા પુણ્યના યોગે એ દેવલોકમાં જાય. દેવલોકમાં સુખ પણ પણું હોય ને ? ત્યાંથી ચ્યવીને એ મનુષ્યપણાને પામે અને ત્યાં પણ એને કર્મોદયે જે દુઃખ ભોગવવાનું હોય તે ભોગવવું પડે, પણ ત્યાં એને સુખની ામગ્રીય મળે ને ? એમાં એણે રાગાદિના યોગે બાંધેલું કર્મ હેરાન કર્યા વિના હે નહિ, પણ પાછો એ ધર્મ પામે અને ધર્મની આરાધના શરૂ કરી દે. પાછો વલોકમાં જાય ને ત્યાંથી ચ્યવી મનુષ્ય થાય. એમ કરતા કરતા એ જીવ એ સ્થિતિએ પહોંચી જાય કે, મનુષ્યપણાને પામેલો એ, ધર્મને એવો આરાધવા ાંડે કે, પહેલાં એનાં ચારેય ઘાતી કર્મ ક્ષીણ થઈ જાય અને અન્તે એનાં ાકીનાં ચાર અઘાતી કર્મો પણ જાય ને એ મોક્ષ પામે.

જયંતિલાલ મણિલાલ મહેતા

B/9, વિશ્વકર્મા જ્યોત, સુભાષ લેન, દફતરી રોડ,
મલાડ ઈસ્ટ, મુંબઈ-૯૭.

પરમ પૂજ્ય નિસ્પૃહી શિરોમણી
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની કૃપા અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી જૈન ધર્મની
શ્રદ્ધાને જગાવનાર
શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

■ ધર્મ કરવો હોય તો અનુકૂળતા મળી રહે ■

એવા શેઠિયા જોયા છે કે, પેઢી ઉપર કલાક જાય ય ખરા ને ન પણ જાય, છતાં લજારો કમાય. બને એવા પણ જોયા છે કે, જેઓ રોજ જતા હતા, છતાં બુધવારિયાના મેમાન બન્યા ! જમની જેમ પેઢી ઉપર બેસતા, પણ પુણ્ય ખવાઇ ગયું હોય, ત્યાં એનું ચાલે શું ? મહેનત પણ ક્યારે ફળે ? પુણ્યની સહાય મળે તો ! અને પુણ્ય ક્યાંથી પેદા થાય ? ધર્મ વિના પુણ્ય પેદા થાય એ બને ? સુખી માણસોએ પોતે ધર્મમાં મનને વધારે રોકવાનું અને મુનીમને પણ કહી દેવાનું કે, તારો ધર્મ તું ચૂકીશ નહિ ! પેઢીના બધા નોકરોને ધર્મ કરવાનું મન છે, એવું ભાળે તો એ કહી દે કે, પેઢી ૧૧ વાગ્યે ઉઘાડવાની રાખો. અહીં અમને કેટલાક કહી જાય છે કે, અમારે વ્યવહાર ચલાવવા માટે વહેલા જવું પડે ! કોઇને આપવાના હોય ને કોઇના લેવાના હોય. પણ બેન્કો અગિયાર વાગ્યા પછી જનારને પૈસા આપે કે નહિ ? અને પૈસા ભરવા હોય તો લે કે નહિ ?

સભા૦ બપોરના બે વાગ્યા સુધી ચાલે.

ત્યારે અમને ખોટું સમજાવી જાય છે ને ?

સભા૦ ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ વગેરેની મુદત હોય ને ?

એમાંય બાર વાગ્યા પછી જાવ તો ન જ ચાલે ? ધર્મ કરવો હોય, તો મોટે ભાગે અનુકૂળતા મળી રહે છે. જેને હડકવા લાગ્યો હોય, તેની વાત જુદી. આમ ને આમ આ જિન્દગી કેટલી ગુમાવી દીધી ? હવે જે ૧/૨ વર્ષ બાકી હોય, તેમાં તમે ચેતી જઈને અને શક્ય એટલા ધર્મને જીવીને રવાના થાવ, તો સારું ને ? અહીં એવા માણસો પણ છે કે, જેમનાથી ધાર્યો ધર્મ થાય, પણ ધર્મ કરવો છે, એવું એમના મન પર આવે ત !

શાહ શામજી નરશી જાંખરીયા
પરિવાર - દાંતાવાળા
શાહ દેવચંદ શામજી જાંખરીયા

બોરીવલી વેસ્ટ
મુંબઇ-૯૯

સાયન વેસ્ટ
મુંબઇ - ૨૨

સમર્થ ભાષ્યકાર સૂરિદેવેશ !

- પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ.

જૈનશા ન તો જ્ઞાનનો ખજાનો છે. ગમે તેટલું લુંટો પાણ તે ચ ોછું થાય જ નહિ. જ્ઞાનનો વારસો એ જ સાચો વાર ો છે. જ્ઞાન જેમ આપો તેમ વધે પાણ ઘટે નહિ તે જ તેની અપૂર્વ મહત્તા છે. સિંહણનું દૂધ સુવર્ણપાત્રમાં ર ટકે તે ન્યાયે જૈનશાસનનું સમ્યગ્જ્ઞાન સમર્થ સૂરિદેવે પાસે જ ટકે અને પચે ! આવા જ એક સૂરિદેવેશ એટલે જૈનશાસનમાં જેમની સમર્થ ભાષ્યકાર તરીકે ખ્યાતિ છે અને જેઓ નિપુણ તર્કવાદી હોવા છતાં પાણ આગમ ા ધાન હતા. આગમ ઉપર અપૂર્વ અહોભાવ-આ રભાવ હતો. તેથી જ તેઓ અગ્રેસરની કોટિમાં આવી ા. આગમ એ જ આપણા માટે આધાર છે.

તેમના જ વન ઉપર વિશેષ હકીકત પ્રાપ્ત થતી નથી. પરન્તુ પૂ શ્રી સિદ્ધસેન ગણિવરે શ્રી જીતકલ્પની ચૂર્ણિમાં તેઓ ની પ્રશંસાસીવના કરતાં કહ્યું કે-"શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અર્થાગમના ધારક હતા, યુગપ્રધાન હતા, જ્ઞાનીજનોમાં મુખ્ય હતા, દર્શનોપયોગ અને જ્ઞાનોપય ગના વિશિષ્ટ જ્ઞાતા હતા, સુવાસથી આકર્ષાઈને જેમ ભ્રમરો કમળને સેવે છે તેમ જ્ઞાનરસના પિપાસુ મુનિર ો શ્રી જિનભદ્રગણીના મુખમાંથી નીકળેલા જ્ઞાન મૃતનું પાન કરવા સદા ઉત્સુક રહેતા હતા, સ્વસમય પરસમય આદિ વિવિધ વિષયો પર આપેલાં વ્યાખ્ યાનોથી તેમનો યશ દશે દિશાઓમાં ફેલાયો હતો. તે ણે પોતાના બુદ્ધિબળથી આગમોનો સાર વિશેષાવશ ્યક ભાષ્યમાં ગૂંથેલો છે. છેદ સૂત્રોના આધારે પ્રાયશ્ચિ ત્તનાં વિધિવિધાન સંબંધી જીતસૂત્રની તેમણે રચના કરી છે. આ રીતે અનેક વિશેષતાઓના સ્વામી આગમવે તા સંયમશીલ ક્ષમાશ્રમણોના અગ્રણી શ્રી જિનભદ્રગણ ીને હું નમસ્કાર કરું છું." આ વિશિષ્ટ વ્યક્તિની વિશિ ષ્ટતા માટે આ માહિતી ઘણી પૂરક છે. પૂ. શ્રી કલિકાલ સર્વજ્ઞે પણ તેઓશ્રીની પોતાની કૃતિમાં પ્રશંસા કરી છે.

આગમિક શૈલીમાં નિર્યુક્તિ પછી ભાષ્યનો ક્રમ આવે છે. નિર્યુક્તિની જેમ ભાષ્ય પણ પદ્યબદ્ધ પ્રાકૃતમાં હોય છે. નિર્યુક્તિના અર્થોને ભાષ્ય અધિક રીતના સ્પષ્ટ કરે છે. આપણા ચરિત્રકારશ્રી વિશિષ્ટ કોટિના ભાષ્યકાર હતા. તેમના પછીના અનેક પૂજ્ય આચાર્યોશ્રીઓએ તેઓને ઉચ્ચકોટિના ભાષ્યકાર તરીકે સ્તવ્યા છે. અમારા પરમતારક પરમગુરુદેવેશ સ્વ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તો કહેતા કે-"શ્રી વિશેષાવશ્યક ભાષ્ય એ તો શ્રી જૈનશાસનનો અદ્ભૂત ગ્રન્થ છે, આગમિક પદાર્થોનો આકર છે."

તેઓશ્રીએ

૧- વિશેષાવશ્યક ભાષ્ય મૂળ

૨- વિશેષાવશ્યક ભાષ્ય ટીકા

(ટીકાનો તેમણે પ્રારંભ કરેલો પરન્તુ ૬૭૬ ગાથાના પ્રમાણની ટીકા બાદ તેઓશ્રીનું સ્વર્ગગમન થવાથી પૂ. શ્રી કોટ્યાચાર્યે બાકીની ટીકા ૧૩૭૦૦ શ્લોક પ્રમાણ રચી પૂર્ણ કરેલ છે.)

૩- બૃહત્સંગ્રહણી

૪- બૃહત્ક્ષેત્રસમાસ

૫- વિશેષવતી - ભાષ્ય સહિત

૬- નિશીથ ભાષ્ય

૭- જીતકલ્પ ભાષ્ય

૮- અનુયોગદ્વાર ચૂર્ણિ

૯- ધ્યાન શતક

પ્રાપ્ત ઈતિહાસ મુજબ પૂ. ભાષ્યકાર શ્રીનો વીરનિર્વાણ સં. ૧૦૧૧માં જન્મ, સં. ૧૦૨૧માં યુગપ્રધાન પદ અને સં. ૧૧૧૧માં ૧૦૪ વર્ષની વયે સ્વર્ગગમન.

આવા સમર્થ ભાષ્યકાર પૂ. શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણને ભાવભરી વંદના !

સવાઈ હીરલા

- 'ભક્તિરાજ'

'સવાઈ હીરલા' છો. કેટલાક 'સૂરિ સવાઈ' પણ કહે છે. તેઓમાં પોતાના તારક ગુરુ પૂ. શ્રી હીરસૂરિજી મહારાજના ઘણા ગુણો ઉતર્યા હતા. પોતાના ગુરુની જેમ તેઓ પણ સમર્થ અને પ્રભાવી હતા.

અકબર રાજા પાસે જવા ગુરુની આજ્ઞાથી લાહોર તરફ જવા તેઓએ વિહાર કર્યો અને અનુક્રમે લુધિયાણા આવ્યા. ત્યાં અકબર રાજાને માન્ય શેખ અબુલફજલનો ભાઈ ફૈઝી સૂરિજીને મળ્યો. અને તેઓએ અવધાન કરી બતાવ્યા તે જોતે ફૈઝી ઘણો જ આશ્ચર્ય પામ્યો, ખુશ થયો અને લાહોર જઈ બાદશાહ પાસે સૂરિજીની ખૂબ ખૂબ પ્રશંસા કરી. લાહોરમાં સં. ૧૬૪૯ના જેઠ સુદિ - ૧૨ પ્રવેશ કર્યો તો રાજાએ બાદશાહી ઠાઠ-માઠથી પ્રવેશ કરાવ્યો. બાદશાહ તેમની વિદ્વત્તાથી ઘણો જ આનંદિત થયો અને તેમના

સુગંધી પુષ્પો મધુકરને વગર આમંત્રણે આકર્ષિત કરે છે. તેમ ગુણાનુરાગી જીવો ગુણી જીવોના ગુણથી આપોઆપ આકર્ષિત થાય છે. અને તેમની યોગ્ય કદર પણ કરે છે.

ઈર્ષ્યા અને અદેખાઈ એવી જોડીયા બેનો છે જે દૂધમાંથી પણ પોરા કઢાવે છે. બીજાની ગુણ સંપત્તિને જોઈ સુવાર્ણની થાળીમાં લોઢાની મેખ મારવાનું કામ કરાવે છે. પણ જ્યારે ભાંડો ફૂટે છે ત્યારે..... આજ ન્યાયે જેમની વિદ્વત્તાથી બળતા, હાજર જવાબીતાથી દુઃખી થયેલા લોકોના મિથ્યા આક્ષેપોને તેમના જ વચનોથી પરાસ્ત કરી સત્યના સૂર્યનો સાક્ષાત્કાર કરાવનાર પૂ. આચાર્ય શ્રી સેનસૂરિજી મહારાજને ભર સભામાં ખુદ અકબર બાદશાહે કહ્યું કે - આપ તો

ક્ષમાના વિશાળ સાગર, વૈરાગ્યના અખૂટ ભંડાર
પૂ. પંન્યાસ શ્રી ક્ષમાવિજયજી ગણિ

જૈનોમાં તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામેલું આબુની રમણીય પર્વતમાળા પાસે પોરંદ્રા નામે ગામ છે, જ્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મનોહર ચૈત્ય શોભી રહ્યું છે, ત્યાં ઓશવાલ વંશના ચામુંડા ગોત્રના શાહ કલા નામે શ્રેષ્ઠી વસતા હતા. તેમના પત્ની વનાંની કુક્ષીએ એક પુત્રરત્નનો જન્મ થયો. બાળકનું નામ ખેમચંદ રાખવામાં આવ્યું.

ખેમચંદને બાળપણથી જ ધાર્મિક સંસ્કારો મળતા રહ્યા હતા. તેમાં તેને લગભગ સં. ૧૭૨૨માં કોઈ કારણસર અમદાવાદ આવવાનું થયું. ત્યાં પ્રેમાપુરમાં એ સમયે પં. કર્પૂરવિજયજી ગણિના શિષ્ય પં. વૃદ્ધિવિજયજી ગણિ ચાતુર્માસ બિરાજમાન હતા. આ મુનિવરની દેશના સાંભળવા ખેમચંદ ગયા અને તેમની વૈરાગ્યમય વાણીથી રંગાઈ ગયા. તેણે પંન્યાસજીને દીક્ષા આપવા વિનંતી કરી. સં. ૧૭૪૪ના જેઠ સુદને દિવસે શ્રી વૃદ્ધિવિજયજી ગણિએ ખેમચંદને દીક્ષા આપી અને મુનિ ક્ષમાવિજયજી નામે ઘોષિત કર્યા.

શ્રી ક્ષમાવિજયજી દીક્ષા ગ્રહણ કરીને એક બાજુ સિદ્ધાંતશાસ્ત્રના અભ્યાસમાં રત રહેવા લાગ્યા અને બીજી બાજુ વિવિધ યાત્રાધામોમાં વિહાર કરતા રહ્યા. આબુ, અચલગઢ, સિરોહી વગેરે સ્થળોએ વિહાર કર્યો; ત્યાંના બધા જ ચૈત્યોનાં દર્શન-વંદન કર્યાં. ત્યાંથી વસંતપુર, સાદડી, રાણકપુર, ઘાણેરાવ, લોઢાણા, વરકાણા વગેરે તીર્થોનાં દર્શન-વંદન કર્યાં. ત્યાંથી નાડોલ, નાડલાઈ આદિ તીર્થોના દર્શન કર્યાં. ત્યાંથી ઉદયપુર, ડુંગરપુર, સાગવાડી, ધૂલેવા (કેશરિયાજી), ઈડર, વડનગર, વીસલનગર વગેરેથી ક્ષેત્રસ્પર્શના કરી.

દરમિયાન ગુરુ કર્પૂરવિજયજી અમદાવાદ હતા. ત્યાં સરસપુરમાં શ્રી ક્ષમાવિજયજીને પોતાની પાટે સ્થાપીને ગુરુએ પાટણ તરફ વિહાર કર્યો. પછી શ્રી ક્ષમાવિજયજી પણ પાટણ

(અનુ. પાના નં. ૯૬૩ ઉપર)

ઉપદેશથી જીવદયા ફરમાન કાઢ્યા. એકવાર ખુશ થયેલા રાજા પાસે તેમણે ગાય, બળદ, પાડા અને ભેંસની હિંસા ન કરવી, આ ત્રીયાનું ધન ન લેવું અને બંદીવાનોને ન પકડવા આ ચાર વસ્તુનો નિષેધ કરાવ્યો.

બાદશાહ પર વધતો જતો તેમનો પ્રભાવ બ્રાહ્મણો જોઈ શક્યા નહિ અને તેમની ખામી-દોષો જોવા લાગ્યા અને બાદશાહને કહ્યું કે, 'જૈનો ઈશ્વરને માનતા નથી, સૂર્યને દેવ તરીકે સ્વીકાર કરતા નથી અને પવિત્રતમ એવી ગંગા નદીની પણ અવગણના કરે છે.

બાદશાહે પણ આચાર્યશ્રીને આ અંગે પૂછતાં તેઓએ બહુ જ શાંતિથી જણાવ્યું કે, રાજસભામાં આ બધી વાતનો નિકાલ કરીશું. જાહેરમાં તેમણે બધાને પરાસ્ત કર્યા તેમણે જે રીતના રાજસભામાં ઈશ્વરનું સ્વરૂપ સમજાવ્યું તેથી અકબર ને આશ્ચર્યની અવધિ ન રહી. એક જ શ્લોકમાં તેમણે બધાને નિરુત્તર કર્યા

''यं शैवा: समुपासते शिवइति ब्रह्मेति वेदान्तिनो।
बौद्धा बुद्ध इति प्रमाणपटव: कर्मेति मिमांसका:॥
अर्हन्नित्यथ जैनशासनरता: कर्मेति नैयायिका:,
सोऽयं वो विदधातु वाञ्छितफलं त्रैलोक्यनाथो हरि:॥

शैवો જેને શિવ, વેદાન્તિઓ જેમને બ્રહ્મા, પ્રમાણમાં પટુ બૌદ્ધો જેને બુદ્ધ, મિમાંસકો જેને કર્મ, શ્રી જિનમતવાળા જેને અરિહંત અને નૈયાયિકો જેને કર્મા એ નામથી ઓળખાવી પોતાના આરાધ્યદેવ પ્રમાણેની ઉપાસના કરે છે, તેવા તે જ - ત્રણે લોકના નાથ એવા ભગવાન તમારા વાંછિત - ઈચ્છિત ફલને આપો !

સૂર્યદેવના સ્થાપનનો એવો જડબાતોડ જવાબ આપ્યો કે દ્વેષીલા બ્રાહ્મણો બિચારા શ્યામ મુખવાળા બની ગયા.

''अधामधामधामे व
वयमेव स्वचेतसि।
यस्यास्तव्यसने प्राप्ते
त्यजामो भोजनोदके॥''

જે સૂર્યને અસ્ત સમયનું દુ:ખ પ્રાપ્ત થયે છતે અમે ખાવા-પીવાનો પણ ત્યાગ કરીએ છીએ તો સૂર્યદેવના પૂજ્ય કોણ ?

ગંગા જલને અવગણનાના જવાબ પણ સૂરિજીએ જણાવેલ કે અમારા જિનપ્રતિમા પ્રતિષ્ઠાદિ કાર્યોમાં અને પણ ગંગાજલનો ઉપયોગ કરીએ છીએ.

વાદવિવાદની અપૂર્વ શક્તિ અને પ્રતિપક્ષને યુક્તિપૂર્વક ચૂપ કરવાની અજોડ તાકાતથી આનંદિત થયેલા અકબર બાદશાહના મુખમાંથી સહજ શબ્દો સરી પડ્યા કે સાચે જ આપ 'સવાઈ હીરલા' છો ! જેઓએ યોગશાસ્ત્રના 'નમો દુર્વાર રાગાદિ' શ્લોકના ૧૦૦૮ ૭૦૦ અર્થ કરેલા છે.

(અનુ. પાના નં. ૯૬૨ નું ચાલુ)

પધાર્યા. તે સમયે પંન્યાસપદવી આપવામાં આવી. પં. ક્ષમાવિજયજી ગણિએ શંખેશ્વરની યાત્રા કરી. ત્યાંથી પાછા પાટણ આવીને શ્રેષ્ઠી ઋષભશાહની વિનંતીથી જિનબિંબોની પ્રતિષ્ઠા કરી, સં. ૧૭૭૪માં લગભગ ૭૦૦ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી.

સં. ૧૭૭૫માં ગુરુ પં. કર્પૂરવિજયજી સ્વર્ગવાસ પામ્યા. ત્યાર પછી પં. ક્ષમાવિજયજી ગણિ ત્યાંથી સિદ્ધપુર, મહેસાણા, ચાણસ્મા, રાધનપુર, સાંચોર, રામી, સાંતલપુર, વાવ, વીસલનગર, વડનગર, વઢવાણ, તારંગા વગેરે સ્થળે વિચર્યા. અનેક સ્થળોએ પ્રભુપ્રતિષ્ઠા કરી.

ત્યાંથી તેઓશ્રી અમદાવાદ પધાર્યા. ત્યાંથી સુરતના શ્રીસંઘની વિનંતીથી તે તરફ વિહાર કર્યો. ખંભાત આવ્યા. અહીં ૪૮ જિનાલયોનાં દર્શન કર્યા. ત્યાંથી કાવી આવ્યા અને ત્યાં ભોંયરામાં પ્રભુપ્રતિષ્ઠા કરાવી. જંબૂસર, ભરૂચ થઈને સુરત પધાર્યા. સં. ૧૭૮૦નું ચાતુર્માસ સુરતમાં કર્યું.

સુરતથી અમદાવાદ આવ્યા. દોશીવાડાની પોળમાં ચાતુર્માસ સ્થિત હતા ત્યારે પોતાના વિદ્વાન શિષ્ય શ્રી જિનવિજયજીને બોલાવીને પોતાની પાટે સ્થાપ્યા. સં. ૧૭૮૬ના આસો માસની અગિયારસે કાળધર્મ પામ્યા. શ્રીસંઘે સાબરમતીના કિનારે પૂજ્યશ્રીના પાર્થિવ દેહના અગ્નિસંસ્કાર કર્યા.

પં. ક્ષમાવિજયજી ગણિએ 'પાર્શ્વનાથસ્તવન' ની રચના કરી છે. તેમની બીજી કૃતિઓ જાણવામાં આવી નથી.

(સંકલન : ત્રિપુટી મહારાજ રચિત 'જૈનપરંપરાનો ઈતિહાસ' ભાગ-૪માંથી સાભાર.) ***

શેરને માથે સવાશેર

-'ગુણરાજ'

જ્ઞાન ભણવું અને જ્ઞાન આત્મામાં પરિણત થવું તે બંન્નેમાં ઘણો ફેર છે. જ્ઞાન ભણેલા લગ્ન મળશે પણ જ્ઞાનને પરિણત બનાવેલા અને પચાવેલા વિરલ જ મળશે. પરિણત જ્ઞાન અવસરે સ્વ-પરને પ્રકાશક-ઉપકારક-પ્રભાવક બને છે.

શ્રી જૈન શાસનના પ્રતાપી પુરુષોની હરોળમાં વાદિવિજેતા, મહાપ્રતાપી પૂ. આ. શ્રી વિજય વાદિદેવસૂરિજીનું નામ અગ્રતાક્રમે છે. જેઓએ શ્રી સિદ્ધરાજની સભામાં દિગંબરવાદી કુમુદચંદ્રને હરાવી જૈનશાસનની જયપતાકા જગતમાં જયવંતી ફરકાવી હતી.

તેઓ જ્યારે પાટણમાં હતા ત્યારે એકવાર ભાગવત દર્શનનો ઉદ્‌ભટ વિદ્વાન, ઘણા વાદો જીતવાથી મત્ત બનેલો એવો દેવબોધિ પણ પાટણ આવેલ. અને રાજ દ્વારે એક દુર્બોધ શ્લોક લટકાવ્યો કે -

''एक-द्वि-त्रि-चतु:-वञ्च-षण्मेनकमनेन का: ? । देवबोधे मयि क्रुध्दे, षण्मेनकमनेन क: ? ॥''

દુર્ઘટ એવા આ શ્લોકનો અર્થ કરવા નગરનો એકપણ વિદ્વાન સફળ ન થયો. છ - છ મહિના પસાર થયા. રાજા પણ ચિંતિત થયો. ત્યારે તેમના જૈન મંત્રી શ્રી અંબાપ્રસાદે રાજાને કહ્યું કે - ''પૂ. આચાર્ય દેવસૂરિજી આ શ્લોકનો અર્થ કરવા સમર્થ - સક્ષમ છે.'' રાજાએ સાદર નિમંત્રિત કરી રાજસભામાં બોલાવ્યા. ઉચિત આદર-સત્કાર બાદ પૂ. આચાર્યે તે શ્લોકના અનેક અર્થો કહી બતાવી રાજા સહિત બધા પંડિતો અને ખુદ દેવબોધિને પણ આનંદિત અને આશ્ચર્યવાળો કર્યો.

એક - પ્રત્યક્ષ પ્રમાણને માનનારા **ચાર્વાક.**

પ્રત્યક્ષ અને અનુમાન એ **બે** પ્રમાણને માનનારા **બૌદ્ધ** અને **વૈશેષિક.**

પ્રત્યક્ષ, આગમ અને અનુમાન - એ **ત્રણ** પ્રમાણને માનનારા **સાંખ્યો.**

પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન - એ **ચાર** પ્રમાણને માનનારા **નૈયાયિક.**

પ્રત્યક્ષ, અનુમાન, આગમ ઉપમાન અને અર્થાપત્તિ - એ **પાંચ** પ્રમાણને માનનારા **પ્રભાકર.**

પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન, અર્થાપત્તિ અને અભાવ - આ **છ** પ્રમાણને માનનારા **મીમાંસક.**

એ છ એ પ્રમાણવાદીઓને ઈ કરનાર એવો હું દેવબોધિ ક્રોધાયમાન થતાં વિષ્ણુ, બ્રહ્મા, અને સૂર્ય પણ મૂંગા બેસી રહે છે તો બીજાનું તો શું ગજું ?'' આ અર્થ સાંભળતા બધા આનંદિત થયા.

કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે પણ આમની સ્તુતિ કરતાં કહ્યું કે - ''જો દેવસૂરિરૂપ સૂર્ય કુમુદચંદ્રને જીત્યો ન હોત તો જગતમાં કયો શ્વેતાંબર કટિ (કેડ) ઉપર વસ્ત્ર ધારણ કરી શકત ?''

લેખિત અને મૌખિક બંન્ને વાદમાં પરાજય પામેલા દિગંબરવાદી કુમુદચંદ્રને પણ કહેવું પડેલું કે - ''દેવાચાર્ય મહાન છે, તેઓ મહાવાદી છે.''

રાજાએ પણ તેમને 'વાદીન્દ્ર' બિરુદ આપી, વિજયપત્ર અર્પણ કરેલ. તથા છાલા વગેરે બાર ગામો અને એક લાખ સોનામહોર આપેલ. **શ્રમણ માટે તો તે બધું ત્યાજ્ય જ ગણાય** તેમની નિસ્પૃહતાથી આનંદિત થયેલા સિદ્ધરાજે એ રકમમાંથી પાટણમાં **ભવ્ય જિનાલય બનાવ્યું,** શ્રી ઋષભદેવસ્વામી ભગવાનની ૮૫ આંગળ ઊંચી પિત્તળની ભવ્ય પ્રતિમા ભરાવી, વિ.સં. ૧૧૮૩ ના વૈશાખ સુદિ ૧૨ ના દિવસે, ચારે કુળના આચાર્યોની ઉપસ્થિતિમાં પૂ. આ. શ્રી દેવસૂરિજી મ. ના હાથે અંજન શલાકા પ્રતિષ્ઠા કરાવી. તે સ્થાન 'રાજવિહાર' નામથી પ્રસિદ્ધ થયું. કવિ યશશ્ચંદ્રે આ વિજયની ખુશાલીમાં 'મુદ્રિતકુમુદચંદ્ર' નામના નાટકની પણ રચના કરેલી.

(સંપા. નોંધ - અહીં આપેલું દ્રવ્ય તુષ્ટિદાન ગણેલ હોવાથી, તેમાંથી જિનમંદિર નિર્માણ તે યોગ્ય ગણાય. તે જ સૂચિત કરે છે કે વિદ્યમાન કે અવિદ્યમાન, ગુરુ સંબંધી જે દ્રવ્ય પ્રાપ્ત થાય તે ગુરુદ્રવ્ય । દેવદ્રવ્ય જ

ગાગાય. ઊંઘતાને જગાડાય, જાગતા ઊંઘતાને કોણ જગાડે.. અસ્તુ)

તેઓશ્રી જેમ વાદમાં નિપુણ હતા તેમ કુશલ ગ્રન્થકાર પણ હતા. તેમાંગે 'પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર' પરિચ્છેદ - ૮, મૂળ સૂત્ર - ૩૭૪, તેના ઉપર મોટી ટીકા 'સ્યાદ્વાદ રત્નાકર' ૮૪૦૦૦ શ્લોક પ્રમાણ બનાવેલ. જેમાં ૪૨૦૦૦ શ્લોકમાં કેવલી ભુક્તિ અને સ્ત્રીમુક્તિ અંગે વિશદ વિવરણ કરેલું હતું. 'મુણિચંદ્રસૂરિ ગુરુ થુઈ', ગુરુ વિરહ વિલાપ, દ્વાદશવ્રત સ્વરૂપ, કુરુકુલ્લાદેવી સ્તુતિ, પાર્શ્વધરાગેન્દ્ર સ્તુતિ, કલિકુંડ પાર્શ્વનાથ યંત્ર સ્તવન, જીવાજીવાભિગમ લઘુવૃત્તિ, ઉપદેશકુલક, મનોરથકુલક આદિ ગ્રન્થો પણ રચ્યા છે.

૧૧૪૩ માં તેમનો જન્મ, ૧૧૫૨ માં માત્ર નવ વર્ષની વયે દીક્ષા, ૧૧૭૪ માં માત્ર ૩૧ વર્ષની વયે આચાર્યપદ અને ૭૪ વર્ષનો સંયમ પર્યાય અને બાવન વર્ષ સુધી આચાર્યપદ શોભાવી ૧૨૨૬ માં ૮૩ વર્ષની વયે સ્વર્ગવાસી બન્યા!

શ્રી અરિહન્તના મતરૂપી ગંભીર સાગરમાં રહેલાં શીલરત્નોને ગ્રહણ કરનાર સુખી થાય

ભગવાને કહેલા ધર્મ ઉપર જો એટલી શ્રદ્ધા જામી જાય કે, 'આ ધર્મની આરાધના મને મુક્તિ આપશે અને જ્યાં સુધી મુક્તિ આપી શકે એટલી હદ સુધીનો ધર્મ હું નહિ કરી શકું, ત્યાં સુધી મારાથી કરાતો ધર્મ મને સંસારમાં પણ સુખ પમાડશે અને ધર્મની આરાધનામાં અનુકૂળતા લાવી આપશે,' તો એમ સમજવું કે, 'આપણા સુખના દહાડા શરૂ થયા.' શરત એટલી કે, 'ધર્મથી બંધાયેલા પુણ્યના યોગે મને ગમે તેટલી અને ગમે તેવી સારી લાગે તેવી સામગ્રી મળે, તો પણ સંસારના સામાન્યરૂપ કોઈ ચીજ મને ઉપાદેય ન લાગવી જોઈએ; તેમજ એના સંયોગે અનુભવાતું સુખ એ વાસ્તવિક કોટિનું સુખ છે, એમ મને ન લાગવું જોઈએ.' મંગલાચરણમાં ભગવાન આદિની સ્તુતિ કર્યા પછી કહ્યું છે કે, સર્વ પુરુષાર્થોરૂપી પાદપોનું ઉત્તમ બીજ ધર્મ પુરુષાર્થ જ છે. અને અન્તિમ એકવીસમા ભવના વર્ણનનો આરંભ કરતાં ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે, અરિહંતના મતરૂપ સાગર જયવન્તો વર્તે છે. કેવો છે એ સાગર? ગંભીરતાથી અતિ શોભિત એવો છે એ સાગર. સાગર તે કહેવાય કે, જે એવો ઊંડા પાણીથી ભરેલો હોય કે જેથી એનું તળિયું દેખાય નહિ. શ્રી અરિહન્ત ભગવાનનો મત પણ એવો ગમ્ભીર છે કે, એનો પાર પામવો એ સહેલું નથી. વિરલ આત્માઓ જ એના પારને પામી શકે.

શ્રી અરિહન્તનો મત જેમ જેમ જાણતા જવાય, તેમ તેમ વધુ ને વધુ ઊંડાણ છે એમ લાગ્યા કરે. અને જે શ્રી અરિહન્તના મતને બરાબર જાણતો જાય, તે પણ ક્રમે કરીને વધુ ને વધુ ગમ્ભીર બનતો જાય. શ્રી અરિહન્તના મતરૂપી આ સાગરમાં શીલરત્નો ભરેલાં છે. સાગરના પેટાળમાં જેમ રત્નો હોય છે, તેમ શ્રી અરિહન્તના મતરૂપી સાગરમાં પણ શીલ સબંધી રત્નો રહેલાં છે. એ રત્નોમાં ઊંચામાં ઊંચી કોટિના રત્ન ક્યાં? ભગવાને કહેલા સાધુ ધર્મના જે વિવિધ પ્રકારો છે, એ ઉત્તમમાં ઉત્તમ કોટિનાં રત્નોમાં ગણાય. સાધુધર્મ એ ઊંચામાં ઊંચી કોટિનું શીલ છે. એ ધર્મને પામવાની શક્તિના અભાવે, એ ધર્મને પામવા માટે વિવિધ પ્રકારે જે શ્રાવક ધર્મ પળાય, તે શ્રાવક ધર્મના પ્રકારો પણ રત્નો સમાન છે. એ રત્નને પામેલા ક્રમે કરીને સાધુધર્મ રૂપી રત્ન મેળવવાના. સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં સહાયક બની શકે, એવા જે ગુણો છે એ પણ શીલરત્નોમાં ગણાય. સંતો આ શીલરત્નોને ગ્રહણ કરે છે. આ શીલરત્નોને જે જે સંતો પામ્યા, તે તે સંતો સુખી થઈ ગયા અને આ શીલરત્નોને જે જે સંતો પામશે, તે તે સંતો સુખી થવાના, કારણ કે આ શીલરત્નોને પામેલા સંતો સુખી જ થાય છે.

* * *

'અજ્ઞાન તિમિર દૂર થયું, પ્રગટ્યો જ્ઞાન પ્રકાશ'

રત્નરાજ'

અજ્ઞાન મોહથી આંધળા બનેલા જીવોને *સન્માર્ગનો પ્રકાશ* આપવાનું કામ સદ્‌ગુરુઓ કરે છે. આવા સદ્‌ગુરુઓના પ્રતાપનો યશ ચારે બાજુ ફેલાય છે અને તેને બરાબર ઓળખનારા તેનો પૂરો લાભ લે છે અને નહિ સમજી શકનારા બિચારા બની ચોર્યાશીના ચક્કરમાં ચાલ્યા જાય છે.

આવા જ એક મહાપુરુષ એટલે માત્ર જૈન દર્શન કે ભારતીય દર્શનમાં નહિ બલ્કે વિશ્વના સાહિત્યમાં પણ અજોડ રૂપક ગ્રન્થ ૬૦૦૦ શ્લોક પ્રમાણ બનાવનાર શ્રી ઉપમિતિ ભવ પ્રપંચકથાના રચયિતા પૂ. શ્રી સિદ્ધર્ષિગણિજી મહારાજા. જે ગ્રન્થમાં ભાષાનું અજોડ લાલિત્ય, સાહિત્યનો શણગાર, દરેક પાત્રને ન્યાય આપવાની અપૂર્વ શૈલી વાચકને કથારસમાં તરબોળ રાખે છે, માત્ર ધર્મકથાનુંયોગ હોવા છતાં પણ તેમાં ન્યાય, દર્શન, આયુર્વેદ, જ્યોતિષ, શીલ્પ, સામુદ્રિક શાસ્ત્ર, નિમિત્ત શાસ્ત્ર, સૈધ્ધાંતિક તત્ત્વોને એવી રીતના ગૂંથી લીધા છે કે જાણે કલકલ રવના નાદથી ગુંજતું એવું ઝરણું અસ્ખલિત ભાવોના પ્રવાહને વહેવરાવી રહ્યું છે અને વાચકને સંવેગરંગના તરંગોમાં તરતો કરી મૂકે છે. જેના વાચનથી શ્રી સંઘે જેઓને 'સિધ્ધ વ્યાખ્યાતા' ની પદવી આપી હતી. તે મહાપુરુષ અઠંગ વ્યસનીમાંથી કઈ રીતના અદ્‌ભૂત યોગી બની ગયા તે પ્રસંગ તો ખૂબ જ પ્રસિધ્ધ છે. પોતાના પિતા શ્રી શુભંકર શ્રેષ્ઠિની સહર્ષ અનુમતિ લઈ પૂ. આચાર્ય શ્રી ગર્ગર્ષિના વરદ હસ્તે દીક્ષિત થઈ પૂ. શ્રી દુર્ગસ્વામીના શિષ્ય બની દીક્ષાને અંગીકાર કરી મુ. શ્રી સિધ્ધર્ષિના નામે પ્રસિધ્ધ થયા.

સંયમ જીવનની સાધના સાથે આગમ ગ્રન્થોનું ગહન અવગાહન કરી તત્ત્વવેત્તા બન્યા, પ્રખર દાર્શનિક -ચિંતક બન્યા. અને એકવાર બૌધ્ધ દર્શનના અભ્યાસની તીવ્ર ઈચ્છા થઈ. તારક પૂ. ગુરુદેવે ના કરી પણ તેના અભ્યાસ માટે મહાબોધનગરમાં બૌધ્ધાચાર્ય પાસે ગયા. જતી વખતે તારક ગુરુદેવે વચન લીધું : ''બૌદ્ધ દર્શનના અભ્યાસથી બૌદ્ધ ધર્મના સ્વીકારની ઈચ્છા થાય તો, તે પહેલા એકવાર આવી મને મળી જવું.'' તીવ્ર પ્રતિભાના યોગે બૌધ્ધદર્શનનો અભ્યાસ કર્યો પણ દુર્ભાગ્યે તેમને બૌધ્ધ ધર્મ સ્વીકારવાની ઈચ્છા થઈ. પણ વચનપાલનની અડગ ટેકવાળા હતા તેથી ત્યાંના આચાર્યની રજા લઈ પોતાના ગુરુ પાસે આવવા નીકળ્યા. ત્યારે તેની પ્રતિજ્ઞા પાલનના સત્ત્વથી ખુશ થયેલા બૌધ્ધો માર્ગે પણ તેવું જ વચન લીધું કે - ''પુનઃ જૈન મતની ઈચ્છા થાય તો એકવાર મને આવીને મળી જવું.''

આથી પૂ. મુનિ શ્રી સિદ્ધર્ષિને પોતાના તારક પૂ. ગુરુદેવ પાસેથી બૌધ્ધાચાર્ય પાસે અને બૌધ્ધાચાર્ય પાસેથી પોતાના તારક પૂ. ગુરુદેવ પાસે ૨૧ વાર આવાગમન થયું. તારક ગુરુદેવેશને લાગ્યું કે હવે આને સમજાવવાનો અર્થ નથી તેથી યુક્તિ કરી 'લલિત વિસ્તરા ગ્રન્થ મૂકી અન્યત્ર ગયા. તેઓએ તે ગ્રન્થ વાંચ્યો અને વાંચતા વાંચતા 'અજ્ઞાન તિમિર' ચાલ્યું ગયું અને જ્ઞાન પ્રકાશનો ભાનુ પ્રગટ્યો.' આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી અને વિચારવા લાગ્યા કે - ''આવું પરમ તારક જૈનશાસન, આવા હિતૈષી પૂ. ગુરુદેવ પામવા છતાં પત્થર જેવા મેં આ શું કર્યું ! ક્યાં કાચ અને ક્યાં મણિ ! ક્યાં સૂર્ય અને ક્યાં આગિયો ! ક્યાં મેરુ અને ક્યાં સરસવ !'' ખરેખર આ ગ્રન્થના માધ્યમે મારી પ્રજ્ઞાને પ્રકાશ કરનાર, સન્માર્ગે વાળનાર-સ્થિર કરના ર પૂ. ગુરુદેવનો ઉપકાર કયારે ય નહિ ભૂલાય ! તેમનો મતિ ભ્રમ દૂર થયો, પશ્ચાત્તાપના અગ્નિમાં હૈયાના મલિન ભાવો - કુદર્શનનો રાગ સળગી ગયો અને જૈનદર્શનની પ્રાપ્તિ -

સ્થિરતાથી તેમનો આત્મા સુવાર્ણની જેમ દીપવા લાગ્યો. પછી તો તેમની યોગ્યતા ખીલી ઊઠી. પ્રતિભા સન્માર્ગે સ્થિર થઈ અને કેટલાય ભવ્યાત્માઓને પ્રતિબોધ કર્યા. તેમને યોગ્ય જાણી તેમના ગુરુદેવે તેમને આચાર્યપદથી અલંકૃત કર્યા.

ગુણી આત્મા કેવો ઉમદા હોય છે. જે 'લલિત વિસ્તરા' ગ્રન્થથી પોતે માર્ગમાં સ્થિર થયા તે ગ્રન્થના રચયિતા પૂ. કે હરિભદ્ર સૂ. મ. પ્રત્યે અહોભાવ - કૃતજ્ઞતા વ્યક્ત કરતા સ્વરચિત શ્રી 'ઉપમિતિ ભવ પ્રપંચ કથા' માં જણાવે છે કે -

''नमोस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये।
मदर्थे निर्मिता येव वृत्तिलेलित विस्तरा॥१॥

તેમજ

महोपकारी च श्रीमान् हरिभद्रप्रभुर्यतः।
मदर्थमेव येनाऽ सौ ग्रंथोऽपि निरमाप्यत॥''

અર્થાત્ તે શ્રેષ્ઠ સૂરિપુંગવ પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજને નમસ્કાર થાઓ કે જેઓએ જાણે મારા ઉપકારને માટે જ આ શ્રી લલિત વિસ્તરા ગ્રન્થ રચ્યો ન હોય!

આજે આવા કૃતજ્ઞતાના સ્વામી કેટલા મળે? પોતાના તારક વડિલોના પ્રગટ - સ્પષ્ટ લખાણને પણ ન માને તે બધા 'પ્રતાપી' પુરુષની હરોળમાં આવી શકે ખરા?

તેઓશ્રીએ પૂ. શ્રી ધર્મદાસગણિ વિરચિત શ્રી 'ઉપદેશમાલા' ગ્રન્થની ટીકામાં જણાવ્યું છે કે, સ્યાદ્વાદ મિમાંસા, વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ આદિ દર્શનોના જાણકાર, સકલ ગ્રંથોના અર્થમાં નિપુણ મહાચાર્ય શ્રી સિદ્ધર્ષિએ આ વૃત્તિ બનાવી છે. 'ઉપદેશમાલા' દોઘટ્ટીના કર્ત્તા પૂ. આ. શ્રી રત્નપ્રભસૂરિજીએ પણ પૂ. આચાર્ય શ્રી સિદ્ધર્ષિને 'વ્યાખ્યાતૃચૂડામણિ' કહ્યા છે. મહાન વ્યાખ્યાકાર, સમર્થ ગ્રંથકાર, અજોડ દાર્શનિક, અને અત્યંત મેધાવી એવા શાસનના મહાપ્રતાપી પુરુષના ચરણોમાં વંદના!

જિનશાસનના સ્તંભરૂપ પૂજ્ય પંન્યાસ શ્રી કીર્તિવિજયજી ગણિ

પંન્યાસ કીર્તિવિજયજીના ગૃહસ્થજીવન વિશે વિશેષ માહિતી મળતી નથી. તેઓ ખંભાતના વતની હતા. વીશા શ્રીમાળી જ્ઞાતિના હતા. તેમનો જન્મ સં. ૧૮૧૬ માં થયો હતો. તેમનું નામ કપૂરચંદ હતું. તેમણે ૪૧ વર્ષની ઉંમરે પાલીતાણામાં પૂ. પં. શ્રી રૂપવિજયજી પાસે દીક્ષા લીધી હતી, એટલે માહિતી પ્રાપ્ત થાય છે.

તેઓશ્રી રૂપવાન, તેજસ્વી, ત્યાગી, ધ્યાની, તપસ્વી પુરુષ હતા. તેઓ અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયથી નીકળી લુહારની પોળના ઉપાશ્રયે જઈને વસ્યા હતા, ત્યારથી લુહારની પોળનો ઉપાશ્રય વધુ પ્રસિદ્ધ પામ્યો હતો. સં. ૧૮૮૦ માં લુહારની પોળના ઉપાશ્રયે ચોમાસું રહ્યા ત્યારે તેમની સાથે બીજા ૧૧ મુનિવરો હતા, જેમાં મુનિ કસ્તૂરવિજય, મુનિ ઉદ્યોતવિજય, મણિવિજયદાદા, મુનિ બુદ્ધિવિજય આદિ મુખ્ય હતા.

પૂજ્યશ્રી ગુજરાત, મારવાડ, મેવાડમાં વિચર્યા હતા અને ત્યાંની જૈન પ્રજા પર ઉપદેશ દ્વારા મોટો ઉપકાર કર્યો હતો. પં. શ્રી કીર્તિવિજયજી ગણિને ૧૫ શિષ્યો હતા; જેમાં તપસ્વી કસ્તૂરવિજયજી, ઉદ્યોતવિજયજી, બુદ્ધિવિજયજી, જીવવિજયજી, માણેકવિજયજી આદિ મુખ્ય હતા. શ્રી જીવવિજયજીએ 'સકલ તીર્થ વંદું કરજોડ', 'અબધુ સદા મગનમેં રહના', 'સુણ દયાનિધિ તુજ પદપંકજ મુજ મનમધુકર લીનો' વગેરે સુંદર રચનાઓ કરી હતી અને શ્રી માણેકવિજયજીએ 'માતા મરૂદેવીનાનં.'— 'શ્રી આદીશ્વર અંતરજામી' વગેરે રચનાઓ કરી હતી.

તેઓશ્રીના સમયમાં રાજનગરના શેઠ હેમાભાઈએ પાલીતાણાના રાજા પ્રતાપસિંહને સિદ્ધાચલની રક્ષા નિમિત્તે અમુક દ્રવ્ય આપવાનો બંદોબસ્ત કર્યો હતો. તેમના શિષ્યોમાંથી ઘણાએ પોતાની ભવ્ય શિષ્યપરંપરા સ્થાપીને જિનશાસનની સેવા કરી છે.

(સંકલન : ત્રિપુટી મહારાજ રચિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૪માંથી સાભાર.)

પ્રતાપી પણાનાં ગુણ

-'પ્રજ્ઞરાજ'.

આત્મા અનંત શક્તિનો ધણી છે પણ મોહ-માયા-લાલસા-આસક્તિના કારણે તે પોતાના યથાર્થ સ્વરૂપને ઓળખી શકતો નથી. જો પોતાને ઓળખી જાય અને પોતાની શક્તિઓને યોગ્ય માર્ગે વાળે તો તેનો પ્રતાપ ચોમેર ફેલાઈ જાય અને પોતાનું સ્વરૂપ પ્રગટ થાય. આપણે આપણો પ્રતાપ લોકોને ડરાવવા કે દબાવવા બતાવવો નથી પણ આત્માના સ્વરૂપને આવરનાર કર્મોની સામે બતાવવો છે.

તે પ્રતાપને પ્રગટાવનારો પહેલો ગુણ છે સદાચાર. હજી આત્માના તેવા પ્રેમી નહિ બનેલા, શરીરાદિના પ્રેમી બનેલા વિદ્વાનો પણ કહે છે કે, **'Good Character is the best property'** અર્થાત્ સદાચાર એ જ સૌથી શ્રેષ્ઠ અને સાચું ધન છે.

સદાચાર એ જ જીવનના શણગાર છે, મનુષ્યપણાનું સાચું આભૂષણ છે, પ્રભુતાને પામવાનો શ્રેષ્ઠ પગથાર છે, સંસાર સાગરને પાર પમાડનાર છે, જન્મ - મરણ - જરા - શોક - દારિદ્રયન્દા દુઃખોથી બચાવી મુક્તિએ પહોંચાડનાર છે. જીવનનો પ્રાણ છે. જે જીવનમાં પ્રાણ ન હોય તે કેવું કહેવાય. માટે કહેવાયું પણ છે કે - "When money is lost nothing is lost. When health is lost something is lost. When character is lost everything is lost."

અર્થાત્ તમે ધન ગુમાવ્યું તો કાંઈ જ નથી ગુમાવ્યું. શરીર બગડે તો કાંઈક ગુમાવ્યું પણ જો તમે ચારિત્ર-સદાચાર ગુમાવ્યો તો બધું જ ગુમાવ્યું. શાસનના જે જે પ્રતાપી પુરૂષો પાક્યા તેમના પ્રાણમાં આ સદાચાર હતો. સદાચાર કિંમતી લાગેલો માટે જ પ્રાણના ભોગે શાસનની રક્ષા કરી, શાસન રક્ષા ખાતર શહાદતને હસતે મુખે વહોરી.

દરેક મતોમાં - દર્શનોમાં જીવાદિ સ્વરૂપમાં મત-મતાંતરો રહેવાના પણ દરેક આસ્તિક દર્શનકારો સદાચારના પાલન માટે એક. દરેકે તેના પર ખૂબ જ ભાર મૂક્યો. ગમે તેવી મોટી ઈમારત હોય પણ પાયામાં પોલ હોય તો ? તેમ સદાચાર એ જ આત્મોત્થાનનો પાયો છે. જેના પર ધર્મપ્રાસાદ અડીખમ ટકી રહે છે.

જે પુણ્યાત્મા સદાચારનો સ્વામી બને છે તે સંયોગોનો ગુલામ, સંયોગોના નામે ભૂલોનો લૂલો બચાવ કરનાર નથી બનતો. તે તો સંયોગોનો સ્વામી બનેછે. તો જ જીવનનું કર્ત્તવ્ય અદા થાય, વાત વાતમાં રોદણા રૂવે તો પરિણામ શું આવે ?

એક વિદ્વાને કહ્યું પણ ખરું કે - "A man is a creature of circumstanes s but-a religious man is the lord of himself and master of circumstanes ;"

અર્થાત્-(સામાન્ય) મનુષ્ય સંયોગોનો કીડો છે પણ ધર્માત્મા પોતાના માલીક છે અને સંયોગોનો શેઠ છે.

બીજો ગુણ છે 'સ્થિરતા.' સંસ્કૃતમાં પણ કહેવાયું કે - **''अस्थिरचित्तानां प्रसादोऽपि भयावहः''** – જેઓનું અસ્થિર મન છે તેઓની કૃપા પણ ભયજનક છે.' જે પુણ્યાત્મા નિંદા અને પ્રશંસા, સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિ બંન્નેય ને પચાવે તે સ્થિર ચિત્ત વાળો કહેવાય.

હજી કદાચ નિંદા કોઈ કરી લે પણ પ્રશંસા ! આજે દરેક દરેક ક્ષેત્રોમાં 'પારકે પંચાંત' થી જે નુકશાન થયું છે - થઈ રહ્યું છે તે સૌના ખ્યાલમાં છે. નવે રસ કે છ એ રસોને ટપી જાય તેવો 'નિંદારસ' સૌને 'અમૃતના પાન' સમાન લાગે છે. પછી તેમાંથી જે હૈયાં બળે છે તેની જ્વાલાઓ કોને કોને દઝાડતી નથી તે જ પ્રશ્ન છે. માટે જો સ્થિરતા જોઈતી હોય તો નિંદા સાંભળવા બહેરા, બોલવા મૂંગા બનવું જોઈએ.

આપણી પોતાની કોઈ નિંદા કરે તો આપણી મનઃસ્થિતિ કેવી થાય છે તો બીજાની નિંદા કરવાનો કે સાંભળવાનો આપણને શો અધિકાર છે?

કોઈપણ નજીકની વ્યક્તિ ચાહે મિત્ર હોય, સ્નેહી-સંબંધી કે પરિચિત હોય તે આપણી નિંદા કરે છે એમ આપણને સાંભળવા મળે ત્યારે વિશેષ તપાસ કર્યા વગર જ તેના શબ્દોને સત્ય માની આપણે ખળભળી ઊઠીએ છીએ, તેના શબ્દોનો પ્રતિઘોષ આપણા ચિત્તમાં ગુંજ્યા કરે છે, તેના વિના બીજો વિચાર કરી શકતા નથી. બેચેનીથી બિમાર જેવા બની, બદલાની ભાવનામાં રમ્યા કરીએ છીએ.

પરન્તુ એ ક પળ માટે પણ સ્વસ્થ બની આપણે આવું પણ વિચારી શકતા નથી કે - ''આ બધું શા માટે ? રાઈનો પહાડ કરવાની શી જરૂર છે ? શું આપણું મન એટલું બધું 'કમજોર' છે કે કોઈક દ્વારા બોલાયેલા શબ્દોની સત્યતા ચકાસવા જેટલી પણ ધીરજ દાખવી શકતું નથી !!!'' ખરેખર તો બીજાઓ નુકશાન પહોંચાડે તેના કરતાં વધુ નુકશાન આપણે જ આપણી જાતને પહોંચાડીએ છીએ. કોઈ માણસ કોઈ એવી કમનસીબ પળે તેવું એકાદ વાક્ય બોલી ય ગયો હોય અને બોલ્યા પછી ભૂલી પણ ગયો હોય. પણ આપણું 'વિદ્રોહી' અને 'ઝઘડાખોર' માનસ કેટલી બધી ઉથલ પાથલ મચાવી દેતું હોય છે ! આવા જીવો પોતાનો અધિકાર બીજા પર રૂઆબ છાંટવા, રોફ જમાવવા વાપરે છે પણ કોઈના ભલા કે સારા માટે વાપરી શકતા નથી.

કરૂણા, હૃદયની વિશાલતા, ક્ષમા અને સમતોલ મનઃ એ બધા પ્રતાપીપણાનો પ્રધાનગુણ સદાચારની ઈમારતના પાયા છે. ક્ષમાપ્રદાનમાં જે લિજ્જત છે, જે અનેરી ચાહત છે, જે અનોખો આનંદ છે તે પ્રતિશોધના સહરાના રણમાં ભટકવામાં નથી. માટે આપણું સાચું કર્ત્તવ્ય એ છે કે દૈનિક વ્યવહારમાં લાલચ, દુઃખ અને ટીકાઓ સામે આપણે સાચું સત્ત્વ અને નૈતિક હિંમતથી ટકી શકીએ. ઈર્ષ્યાવૃત્તિ, નિંદાખોરી, બદલાની ભાવના અને વૈરના વમળોમાં અટવાયા વગર, મનને શાંત, સ્વચ્છ અને સ્વસ્થ રાખીએ. જેથી સ્થિરતા-ધીરતા પ્રાપ્ત થાય. ગમે તેવા પ્રસંગોમાં - પડકારોમાં આણનમ ટકી રહેવાનો અદ્‌ભૂત ઉપાય છે - **પોતાની જાતને હંમેશા સુધારતા રહેવાની તૈયારી અને આત્મ નિરીક્ષણ.** બીજાના બોસ-સ્વામી તો સૌ બને પણ પોતાની જાતનો જ જે માલીક બને તે જ સાચો મરદ ! આવા જીવમાં જ સાચું પ્રતાપીપણું પેદા થાય. સૌના કલ્યાણમાં તેનો સદુપયોગ કરી-કરાવી, આત્મગુણ સમૃદ્ધિનો ભોક્તા બને ! સૌ આવી દશાને પામો તે જ અપેક્ષા.

'શુદ્ધ ધર્મ એ જ સુખનું સાધન' એવી પ્રતીતિ જોઈએ

આપણને એવી પ્રતીતિ થઈ જવી જોઈએ કે, 'દુનિયામાં બીજે કયાંય સુખને માટે વલખાં મારવાં તે વસ્તુતઃ મૂર્ખાઈ સિવાય કાંઈ નથી. સુખ માટે શુદ્ધ ધર્મ સિવાય કોઈ સાચું સાધન નથી. આ દુનિયામાં જે કાંઈ પણ સારું કે શાતા ઉપજાવનારું હોય, તે બધું ધર્મથી છે. અને એ સારું પામીને જે કોઈ ધર્મને ભૂલી જાય છે, તેથી તો એવું સૂચન થાય છે કે એણે ધર્મ કરેલો, પણ તે નિરાશંસભાવે કે મોક્ષના હેતુએ કરેલો નહિ. એટલે એને એના ધર્માચરણથી જે પુણ્ય બંધાયેલું તે પાપાનુબંધી પુણ્ય બંધાયેલુ.'

પાપાનુબંધી પુણ્ય બાંધીને જે આવ્યા હોય, એવા જીવો દુન્યવી સુખ માટે તરફડ્યા કરતા હોય છે. એમને એમના પુણ્યના યોગે સુખની સામગ્રી ઘણી મળી હોય, તો પણ હૈયાથી તે રીબાયા કરતા હોય છે. અને એથી મન, વચન અને કાયા દ્વારા એ એવાં એવાં કામ કરતા હોય છે, અગર એવાં એવાં કામ કરવાના વિચારમાં ગરકાવ રહેતા હોય છે, જેને લઈને બંધાયેલા ભયંકર પાપના યોગે, ફરી પાછું એ જીવોદે કદાચ અનન્તકાળ પર્યન્ત પણ સંસારમાં રખડવું પડે અને દુર્ગતિમાં રીબાવું પડે, તેમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. એટલે ધર્મ એવી રીતે કરવો જોઈએ કે, જે ધર્મના યોગે જે પુણ્ય બંધાય, તો તે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય અને તે ધર્મના યોગે શાશ્વત સુખની પ્રાપ્તિ થયા વિના રહે નહિ.

(શ્રી નિત્યોપયોગી આરાધના સંગ્રહમાંથી સાભાર)

શ્રી મહાવીરસ્વામીની પાટપરંપરાના પટ્ટધર આદિમહાપુરુષોનાં નિર્વાણ - સ્વર્ગની સાલવાર યાદી

ક્રમ	વીર સં.	પાટ પરં.	વિક્રમ સં.	નામ
૦૧	૨૦	૧	-	શ્રીસુધર્માસ્વામી મોક્ષે
૦૨	૬૪	૨	-	શ્રીજંબૂસ્વામી મોક્ષે
૦૩	૭૫	૩	-	શ્રીપ્રભવસ્વામી
૦૪	૯૮	૪	-	શ્રીશય્યંભવસૂરીશ્વરજી
૦૫	૧૪૮	૫	-	શ્રીયશોભદ્ર સૂ.
૦૬	૧૭૬	૬	-	શ્રીસંભૂતિવિજયજી
૦૭	૧૭૦	૬	-	શ્રીભદ્રબાહુસ્વામી (શ્રી દશાશ્રુતસ્કંધમાંથી કલ્પસૂત્રનો ઉદ્ધાર કર્યો અને ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી.)
૦૮	૨૧૫	૭	-	શ્રીસ્થૂલિભદ્રજી (અંતિમ શ્રુતકેવળી)
૦૯	૨૪૫	૮	-	શ્રીઆર્યમહાગિરિજી
૧૦	૨૯૧	૮	-	શ્રીઆર્યસુહસ્તિ સૂરીશ્વરજી
૧૧	૩૩૯	૯	-	શ્રીસુસ્થિતસૂ. કોટિગચ્છ શરૂ થયો.
૧૨		૯	-	શ્રીસુપ્રતિબદ્ધસૂ.
૧૩	૩૭૬	-	-	શ્રીશ્યામાચાર્ય
૧૪	૩૭૮	૧૦	-	શ્રીઇન્દ્રદિન્નસૂ. (સંવત્સરી પાંચમની ચોથમાં આવી)
૧૫	૪૧૮	૧૧	-	શ્રીઆર્યદિન્નસૂરીશ્વરજી
૧૬	૫૨૩	૧૨	-	શ્રીસિંહગિરિ સૂ.
૧૭	૫૮૪	૧૩	૧૧૪	શ્રીવજ્રસ્વામી (શ્રીશત્રુંજ્ય ઉપર જવડશાનો ઉદ્ધાર તેઓશ્રીના વરદહસ્તે થયો, અંતિમ

જેમના સ્તવન-સ્તુતિઓ અને અષ્ટપ્રકારી પૂજાઓ આજે પણ જૈનમંદિરોમાં રસપૂર્વક ગવાય છે તે વીતરાગના સાધક

પૂ. પંન્યાસ

શ્રી પદ્મવિજયજી ગણિ

જૈનોની નગરી તરીકે ખ્યાતિ પામેલા અમદાવાદ શહેરમાં શામળાની પોળમાં ગણેશ નામે જીમાળી શ્રાવક રહેતા હતા. તેમની ધર્મપત્ની ઝમકુબાઈએ સં. ૧૮૬૬ના ભાદરવા સુદ બીજને દિવસે એક પુત્રને જન્મ આપ્યો. પુત્રનું નામ પાનાચંદ રાખવામાં આવ્યું. પાનાચંદ સાત વર્ષે ભણવા બેઠો. અગિયાર વર્ષની વયે ભણી-ગણીને વ્યવહારકુશળ બન્યો.

પાનાચંદને જીવીબાઈ નામે માસી હતી, તે ધર્મક્રિયામાં ખૂબ પ્રવિણ હતી. જીવવિચાર નવતત્ત્વ તેમ જ ચરિત્રો વગેરેમાં ખૂબ પારંગત હતી. તેણે પોતાના ભાણેજ પાનાચંદને ધાર્મિક સંસ્કાર આપવા માંડ્યા. તેરમે વર્ષે તે માસાની સાથે પં. ઉત્તમવિજયજી ગણિનું વ્યાખ્યાન સાંભળવા ગયો. ત્યાં 'પ્રજ્ઞાપનાસૂત્ર' અને 'ઋષભદેવનું ચરિત્ર' વંચાતું હતું. તેમાં મહાબલ મુનિનો અધિકાર આવ્યો. એ સાંભળીને પાનાચંદનું હૃદય વૈરાગ્યવાસિત થયું. સં. ૧૮૭૫માં મહા સુદ ૫ને દિવસે, માતાપિતાની આજ્ઞા

(અનુ. પાના ૯૭૧ ઉપર)

				દશપૂર્વધર.)
૧૮	-	-	૧૨૭	શ્રીઆર્યરક્ષિતસૂ. મ.
૧૯	૬૨૮	૧૪	૧૧૦	શ્રીવજ્રસેનસૂ. (દિગંબરમત ઉત્પન્ન)

વીર સંવત ૬૦૯માં ૮માં નિહ્નવ શિવભૂતિએ દિગંબરમત ચલાવ્યો

૨૦	૬૪૮	૧૫	૧૭૦	શ્રીચંદ્રસૂરીશ્વરજી (ચંદ્રગચ્છ)
૨૧	૬૧૩	૧૬	૧૮૩	શ્રીસામંતભદ્ર સૂ. (વનવાસી ગચ્છ શરૂ થયો.)
૨૨	૬૭૩	૧૭	૨૦૩	શ્રીવૃદ્ધદેવસૂ.
૨૩	૬૯૮	૧૮	૨૨૮	શ્રીપ્રદ્યોતનસૂરીશ્વરજી
૨૪	૭૩૧	૧૯	૨૬૧	શ્રીમાનદેવસૂ. (પ્રથમ)
૨૫	૭૫૮	૨૦	૨૮૮	શ્રીમાનતુંગસૂરીશ્વરજી ''નમિઊણ'' અને ''ભક્તામર'' ના રચયિતા
૨૬	૭૮૩	૨૧	૩૨૩	શ્રીવીરસૂ.
૨૭	૮૩૩	૨૨	૩૬૩	શ્રીજયદેવસૂ.
૨૮	-	૨૩	૪૦૦	શ્રીદેવાનંદસૂ.
૨૯	-	૨૪	૪૫૧	શ્રીવિક્રમસૂ.
૩૦	-	-	૪૨૯	શ્રીનાગાર્જુનસૂ.
૩૧	-	૨૫	૫૦૦	શ્રીનરસિંહસૂ.
૩૧	-	૨૬	૫૫૦	શ્રીસમુદ્રસૂ.
૩૧	-	૨૭	૫૭૮	શ્રીમાનદેવસૂ. (બીજા) (શત્રુંજયમહાત્મ્યના કર્તા શ્રીધનેશ્વરસૂરિ. આ યુગમાં થયા.)
૩૨	-	-	૫૮૫	શ્રીહરિભદ્રસૂ.
૩૩	-	૨૮	૬૦૦	શ્રીવિબુધપ્રભ સૂ. યુગપ્રધાન (શ્રીઉમાસ્વાતિજી આ યુગમાં થયા.)
૩૪	-	-	૬૪૫	શ્રીજિનભદ્રગણિ
૩૫	-	૨૯	૬૫૦	શ્રીજયાનંદસૂ.
૩૬	-	૩૦	૭૨૫	શ્રીરવિપ્રભસૂ.
૩૭	-	૩૧	૭૮૫	શ્રીયશોદેવસૂ.

(અનુ. પાના ૯૭૦ નું ચાલુ)

મેળવી, પાનાચંદે ૧૪ વર્ષની વયે દીક્ષા લીધી. ગુરુએ તેમનું નામ મુનિ પદ્મવિજયજી રાખ્યું.

શ્રી પદ્મવિજયજીએ મુનિ જીવનના આચાર પાળવા સાથે શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. અનેક ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો. વ્યાકરણાદિમાં નિષ્ણાત મુનિ શ્રી સુવિધિવિજયે શ્રી પદ્મવિજયજીને શબ્દશાસ્ત્ર, પંચકાવ્ય, છંદ, અલંકાર આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. ગીતાર્થ મુનિ પાસે અંગોપાંગ, આગમગ્રંથો, પાંચ કર્મગ્રંથો, કમ્મપયડી વગેરે શાસ્ત્રો ભણીને પ્રવીણતા પ્રાપ્ત કરી. તપાગચ્છના પટ્ટધર આચાર્ય શ્રી વિજયધર્મ સૂરિજીએ સં. ૧૮૧૦માં રાધનપુરમાં શ્રી પદ્મવિજયજીને પંન્યાસ પદવી આપી. ત્યાર બાદ તેઓ રાધનપુરથી સંઘ લઈ ગિરનાર ગયા. પછી નવાનગરની યાત્રા કરી. ત્યાંથી શત્રુંજય થઈ ભાવનગર આવ્યા. ત્યાં ચાતુર્માસ કર્યું. અહીં તેમના ગુરુએ તેમને બૃહદ્ કલ્પસૂત્રની ટીકાની વાચના આપી. સં. ૧૮૧૩ અને સં. ૧૮૧૪નાં ચોમાસાં સુરતમાં કર્યાં. અહીં સુરતના શેઠ તારાચંદે ઉપધાન વહેવરાવ્યાં. સં. ૧૮૧૫ અને સં. ૧૮૧૬નાં ચાતુર્માસ બહેરાનપુરમાં ગાળ્યાં. ત્યાં આચારાંગસૂત્રની દેશના આપી. ત્યાંથી પાલીતાણા આવીને શેઠ રૂપચંદ ભીમે કરાવેલાં જિનપ્રાસાદમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. નવખંડા પાર્શ્વનાથના દર્શન કર્યાં. પછીનું એક

(અનુ. પાના ૯૭૨ ઉપર)

૩૮	-	૩૨	૮૩૦	શ્રીપ્રદ્યુમ્નસૂ.
૩૯	-	૩૩	૮૮૦	શ્રીમાનદેવસૂ. (ત્રીજા) (ઉપધાનવિધિના રચયિતા)
૪૦	-	-	૮૯૫	શ્રીબપ્પભટ્ટસૂ.
૪૧	-	૩૪	૯૧૦	શ્રીવિમલચંદ્રસૂ.
૪૨	-	૩૫	૯૯૦	શ્રીઉદ્યોતનસૂ. (વડગચ્છ શરૂ થયો. કુવલયમાલાના રચયિતા)
૪૩	-	૩૬	૧૦૫૫	શ્રીસર્વદેવસૂ.
૪૪	-		૧૦૯૬	શ્રીશાન્તિસૂરીશ્વરજી
૪૫	-	૩૭	૧૧૧૦	શ્રીદેવસૂરીશ્વરજી
૪૬	-	૩૮	૧૧૩૭	શ્રીસર્વદેવસૂરીશ્વરજી
૪૭	-	૩૯	૧૧૪૫	શ્રીઅભયદેવસૂરીશ્વરજી
૪૮	-	-	૧૧૪૮	શ્રીયશોભદ્રસૂરીશ્વરજી
૪૯	-	-	૧૧૬૭	શ્રીનિર્જનવલ્લભસૂરીશ્વરજી (છ કલ્યાણકના સ્થાપક)
૫૦	-	૩૯	૧૧૬૯	શ્રીનેમિચંદસૂરીશ્વરજી
૫૧	-	૪૦	૧૧૭૮	શ્રીમુનિચંદસૂરીશ્વરજી
૫૨	-	૪૧	૧૨૦૦	શ્રીઅજિતદેવસૂરીશ્વરજી (શ્રીવાદીદેવસૂરિ, તેમજ કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિ અને કુમારપાળ મહારાજા આ યુગમાં થયા.)
૫૩	-	-	૧૨૨૬	શ્રીવાદીદેવસૂરીશ્વરજી
૫૪	-	૪૨	૧૨૩૧	શ્રીસિંહસૂરીશ્વરજી
૫૫	-	-	૧૨૨૯	શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી
૫૬	-	૪૩	૧૨૮૪	શ્રીસોમપ્રભસૂરીશ્વરજી
૫૭	-	૪૩	૧૨૭૪	શ્રીમણિરત્નસૂરીશ્વરજી
૫૮	-	૪૪	૧૨૯૬	શ્રીજગચ્ચંદ્રસૂરીશ્વરજી (તપગચ્છ શરૂ થયો)
૫૯	-	૪૫	૧૩૨૭	શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી (વસ્તુપાલ, તેજપાલ આ યુગમાં થયા)
૬૦	-	૪૬	૧૩૫૭	શ્રીધર્મઘોષસૂરીશ્વરજી (શ્રી પેથડશા ઝાંઝણશા જેવા સમર્થ મહાપુરુષ આ યુગમાં થયા)
૬૧	-	૪૭	૧૩૭૩	શ્રીસોમપ્રભસૂરીશ્વરજી
૬૨	-	-	૧૪૨૩	શ્રીચંદ્રશેખરસૂરીશ્વરજી

(અનુ. પાના ૯૭૧ નું ચાલુ)

ચાતુર્માસ પાટણમાં અને બે ચાતુર્માસ રાધનપુરમાં નિર્ગમન કર્યા. સં. ૧૮૨૧ નું ચાતુર્માસ સિદ્ધપુરમાં કરીને અમદાવાદ થઈ સુરત પધાર્યા. ત્યાં શેઠ શ્રી તારાચંદને ૨૯ જિનબિંબોની સિદ્ધાચલમાં પ્રતિષ્ઠા કરવાની ભાવના થઈ તેથી તેઓ શત્રુંજય આવ્યા.

પં. પદ્મવિજયજી ગણિએ સાણંદ, અમદાવાદ, વિસનગર, પાટણ, લીંબડી, રાધનપુર આદિ અનેક સ્થળોએ ચાતુર્માસ કરીને ઉપધાન વહેવરાવ્યાં, માસક્ષમણાની તપસ્યાઓ કરાવી, સંઘો કાઢ્યા, પ્રતિષ્ઠા-મહોત્સવો ઉજવ્યા, દેશનાઓ આપી, વ્યાખ્યાનો યોજ્યાં, વાદવિવાદોમાં જય પ્રાપ્ત કર્યો. આ શાસન પ્રભાવનામાં સં. ૧૮૫૪ના મહા વદ ૫ાં ચમે સોમવારે શ્રીમાળી જ્ઞાતીય શેઠ લક્ષ્મીચંદે સહસ્ત્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૮૫૭માં રૈવતશિખરના જીર્ણોદ્ધાર માટે ઉપદેશ આપી ખેમા બાલાની મદદથી જીર્ણોદ્ધાર કરાવ્યો. આ બધી તેઓશ્રીની મુખ્ય પ્રવૃતિઓ હતી.

સં. ૧૮૫૯માં પૂજ્યશ્રી ચાતુર્માસ માટે અમદાવાદ પધાર્યા. ત્યાં તેમના મસ્તકના અર્ધ ભાગમાં વ્યાધિ લાગુ પડ્યો. છતાં તેમની સમાધિ રહેતી. અહીં ૨૮ દિવસ સુધી 'ઉત્તરાધ્યયનસૂત્ર' ની આરાધના કરી. સં. ૧૮૬૨ના ચૈત્ર સુદ ૪ ને બુધવારે અનશન સ્વીકારી દેહત્યાગ કર્યો.

પં. પદ્મવિજયજી ગણિનો દીક્ષાપર્યાય ૫૭ વર્ષનો હતો. તેઓ

(અનુ. પાના ૯૭૩ ઉપર)

૬૩	-	૪૮	૧૪૨૪	શ્રીસોમતિલકસૂરીશ્વરજી
૬૪	-	-	૧૪૪૧	શ્રીજ્ઞાનંદસૂરીશ્વરજી
૬૫	-	-	૧૪૫૫	શ્રીકુલમંડનસૂરીશ્વરજી
૬૬	-	૪૯	૧૪૯૫	શ્રીદેવસુંદરસૂરીશ્વરજી

લોંકાશાહે સંવત ૧૫૦૮ માં ઢુંઢકમત (સ્થાનકવાસી) શરૂ કર્યો.
ભિખમજીએ ૧૮૭૦માં દયાદાનનો વિરોધી તેરાપંથ શરૂ કર્યો.

૬૭	-	-	૧૪૬૦	શ્રીજ્ઞાનસાગરસૂરીશ્વરજી
૬૮	-	૫૦	૧૪૯૯	શ્રીસોમસુંદરસૂરીશ્વરજી (સાધુમર્યાદાનો પટ્ટક બનાવ્યો અને રાણકપુરની પ્રતિષ્ઠા કરાવી)
૬૯	-	૫૧	૧૫૦૩	શ્રીમુનિસુંદરસૂરીશ્વરજી (સહસ્રાવધાની, અધ્યાત્મ કલ્પદ્રુમ તથા સંતિકરંના રચયિતા)
૭૦	-	૫૨	૧૫૧૭	શ્રીરત્નશેખરસૂરીશ્વરજી (શ્રાદ્ધવિધિના કર્તા)
૭૧	-	૫૩	૧૫૪૭	શ્રીલક્ષ્મીસાગર સૂરીશ્વરજી (માતરના મૂળનાયકની અંજનશલાકા)
૭૨	-	૫૪	૧૫૮૧	શ્રીસુમતિસાધુસૂરીશ્વરજી
૭૩	-	૫૫	૧૫૮૩	શ્રીહેમવિમલસૂરીશ્વરજી
૭૪	-	૫૬	૧૫૯૬	શ્રીઆણંદ વિમલસૂરીશ્વરજી (મણિભદ્રવીરની તપગચ્છની રક્ષા માટે સ્થાપના)
૭૫	-	૫૭	૧૬૨૨	શ્રીદાનસૂરીશ્વરજી
૭૬	-	૫૮	૧૬૫૨	શ્રીહીરસૂરીશ્વરજી (અકબરપ્રતિબોધક છ મહિના જીવદયા પળાવી)
૭૭	-	-	૧૬૫૩	ઉપા.શ્રીધર્મસાગરજી
૭૮	-	૫૯	૧૬૭૧	શ્રીસેનસૂરીશ્વરજી

(મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજીનો સમય ૧૬૮૦ થી ૧૭૪૩)

૭૯	-	૬૦	૧૭૧૩	શ્રીદેવસૂરીશ્વરજી

(અનુ. પાના ૯૭૨ નું ચાલુ)

સમર્થ વિદ્વાન, ચતુર વ્યાખ્યાતા અને કુશળ કવિ હતા. તેમણે ૫૫૦૦ નવા શ્લોકોની રચના કરી. તેઓ સમકાલીનોમાં 'પદ્મપ્રભ' તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેમણે 'જયાનંદ કેવલિચરિત' ને સંસ્કૃત ગદ્યમાં અવતાર્યું. વીરજિનસ્તુતિગર્ભિત-ચોવીસ દંડક સ્તવન, 'સિદ્ધદંડિકાસ્તવન', 'ચોવીસ જિનકલ્યાણક સ્તવન', 'સમરાદિત્ય કેવલિરાસ', 'નેમિનાથ રાસ', 'ઉત્તમવિજય નિર્વાણ રાસ' આદિ કાવ્યોની રચના કરી હતી. આ ઉપરાંત, અનેક સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, પૂજાઓ અને દેવવંદનમાલાની રચનાઓ કરી હતી.

(સંકલન : ત્રિપુટી મહારાજ રચિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૪માંથી સાભાર.)

.....

સાધુ-સાધ્વીએ વિચારવું જોઈએ !

ભગવાનનો આ ઓઘો હાથમાં આવી જવા માત્રથી પણ સાધુ સાધ્વીને મોટે ભાગે ખાવા-પીવાની, પહેરવા-ઓઢવાની કે બીજી પણ મકાન આદિની સગવડની ચિંતા કરવી પડતી નથી ને ? જ્યારે જોઈએ ત્યારે મોટે ભાગે મળી જાય ને ? અને તમારે ? તમારે પ્રાયઃ એક ઘર અને સાધુ-સાધ્વીને ઘરનો તોટો નહિ. પ્રાયઃ ગમે તે શ્રાવકના ઘરે તો એ જઈ જ શકે ને ? અને આપનાર પણ કેવી ભક્તિથી આપે છે ?

(અનુ. પાના ૯૭૪ ઉપર)

૮૦	-	૬૧	૧૭૦૮	શ્રીસિંહસૂરીશ્વરજી
૮૧	-	૬૧	૧૭૪૭	શ્રીવિજયપ્રભસૂરીશ્વરજી
૮૨	-	૬૨	૧૭૧૬	પં.શ્રીસત્યવિજયજી ગ.
(ક્રિયોદ્ધારક શ્રી જ્ઞાનવિમળસૂરિ, શ્રીઆનંદઘનજી આ યુગમાં થયા.)				
				ઉપા. વિનયવિજયજી
૮૩	-	૬૩	૧૭૩૧	પં. શ્રીકર્પૂરવિજયજી ગ.
૮૪	-	૬૪	૧૭૮૬	પં. શ્રીક્ષમાવિજયજી ગ.
૮૫	-	૬૫	૧૭૮૮	પં. શ્રીજિનવિજયજી ગ.
૮૬	-	૬૬	૧૮૨૭	પં. શ્રીઉત્તમવિજયજી ગ.
૮૭	-	૬૭	૧૮૬૨	પં. શ્રીપદ્મવિજયજી ગ.
૮૮	-	૬૮	-	પં. શ્રીરૂપવિજયજી ગ.
૮૯	-	૬૯	૧૯૦૦	પં. શ્રીકીર્તિવિજયજી ગ.
૯૦	-	૭૦	-	પં. શ્રીકસ્તુરવિજયજી ગ.
૯૧	-	૭૧	૧૯૩૧	પં. શ્રીમણિવિજયજી ગ.
૯૨	-	૭૨	૧૯૩૮	પં. શ્રીબુટેરાયજી (શ્રીબુદ્ધિવિજયજી)
૯૩	-	૭૨	૨૦૧૧	શ્રીસિદ્ધિસૂરીશ્વરજી
		૭૩		પ.શ્રી આણંદ વિજયજી
૯૪	-	૭૩	૧૯૫૨	શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી)
૯૫	-	૭૪	૧૯૮૧	શ્રીકમલસૂરીશ્વરજી
૯૬	-	૭૫	૨૦૧૭	શ્રીલબ્ધિસૂરીશ્વરજી
૯૭	-	૭૪	૧૯૭૫	ઉપા. શ્રીવીરવિજયજી (૧૪ શ્રીહર્ષવિજયજી)
૯૮	-	૭૫	૧૯૯૨	શ્રી દાનસૂરીશ્વરજી
		૭૫		શ્રીકર્પૂરસૂરિશ્વરજી
૯૯	-	૭૬	૨૦૨૪	શ્રી પ્રેમસૂરીશ્વરજી
		૭૬		શ્રી અમૃતસૂરિશ્વરજી
૧૦૦	-	૭૭	૨૦૪૭	શ્રીરામચંદ્રસૂરીશ્વરજી
૧૦૧	-	૭૭		પૂ. આ. શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી વર્ધમાન તપની ૧૦૦ + ૧૦૦ + ૮૯ ઓળીના વિશ્વવિક્રમ તપસ્વી. (ત્રીજી વખતની ૮૯ મી ઓળી પૂર્ણાહૂતિ વિ. સં. ૨૦૧૪ ફાગણ સુદ ૩ ગિરનાર તીર્થમાં
		૭૭		શ્રી જિનેન્દ્ર સૂરિશ્વરજી.
૧૦૨	-	૭૮		પૂ. આ. શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી.

(અનુ. પાના ૯૭૩ નું ચાલુ)

આટલું બધું હોવા છતાં પણ, હમણાં કોઈ કોઈ આવા નાલાયક પાક્યા છે કે, એ સામે ચડીને ભક્તિ માગે છે. એટલું જ નહિ, પણ ધમકાવીનેય ભક્તિ લે છે: 'તમને કાંઈ ભાન-બાન છે કે નહિ ? અમારે આમ જોઈએ ને તેમ જોઈએ. તેની તમને દરકાર જ નથી ! તમે આટઆટલી સગવડ નહિ કરો તો તે નહિ ચાલે' આવુંય કહે છે ને બીજું પણ કહે છે ! પણ, આ રીતે શ્રાવક-શ્રાવિકાને ધમકાવીને ભક્તિ કરાવી લેનારાં સાધુ-સાધ્વીનો તો દાટ નીકળી જવાનો છે. એ વાત એમને કોણ સમજાવે કે, તમે જે કાંઈ પણ ઊંચુ-નીચું તમારી સગવડ માટે બોલો, તે શ્રાવક-શ્રાવિકા સંઘ સાંભળી લે છે. તમે ગમે તેમ ગુસ્સો કરો, તો તે વેઠી લે, એ આ વેશના પ્રતાપે નહિતર, બીજાને તો એ સંભળાવી દે ! વાત એ છે કે, સાધુ-સાધ્વીને પોતાને એમ થવું જોઈએ કે, આપણે આ ઓઘાના પ્રતાપે ઘણું ઘણું સુખ ભોગવીએ છીએ; અને એની સામે આપણે કેટલું દુઃખ વેઠીએ છીએ ? નામનું ! ન છૂટકે વેઠવું પડે એટલું ! આ વેષ જ એવો છે કે, અમુક અમુક દુઃખ વેઠવું પડે, પણ એય દુઃખ જે રીતે વેઠવું જોઈએ, તે રીતે વેઠાય છે કે નહિ, એ વિચારવા જેવું છે. આટલું ખ્યાલમાં પણ નહિ રાખનારે અને સાધુધર્મ કષ્ટ વેઠવા માટે છે, એ વાતને ભૂલી જનારે, ભવાન્તરમાં એથી મારું કેટલું ભૂંડું થશે - એ વિચારવાની ખાસ જરૂર છે. ◆◆◆

શાસનના રક્ષક મુનીશ્વર

—શાહ રતિલાલ ડી. ગુઢકા
(સહતંત્રી શ્રી મહાવીર શાસન) લંડન

કથા સંપ્રતિ રાજાએ આચાર્ય ભગવંત શ્રી આર્યસુહસ્તિસૂરિજીને વિનમ્રભાવે પૂછયું :, ''ભગવંત ? પડવાના દિવસે લોકો એક બીજાને જુહાર કરે છે. સાલ મુબારક કરે છે તો કોઈ નવા વર્ષના સાલ અભિનંદન કરે છે. તો આ જુહાર શું છે ? તેનું સ્વરૂપ શું છે ? તે જાણાવવા કૃપા કરશો''

આચાર્યશ્રીના મધુર વાણીમાં બોલ્યા : 'હે સંપ્રતિરાજા ના પ્રથા શરૂ થયા પાછળ બે ઘટનાઓ છે. પ્રથમ તો એ અમાવાસ્યાની રાત્રિના છેક છેલ્લા ભાગે શ્રી ગૌતમ ગણધર ભગવંતને કેવળજ્ઞાન થયું. અને કેવળજ્ઞાન થાના સમાચાર મળતાં જ અન્ય ગાણધર ભગવંતોએ તમને વંદના કરી, દેવતાઓએ ઉત્સવ ઉજવી તેમને વંદના કરી. રાજાઓ, શ્રેષ્ઠીઓ સૌ તેમને વંદના કરી. આમ તે દિવસથી શરૂ થયેલો વંદન વ્યવહાર આજે સામાન્યકરૂપે પ્રચલિતપાણે ચાલુ છે.

બીજી ઐતિહાસિક ઘટના શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયની છે. અવંતીનગરીમાં ધર્મ નામે રાજા હતો. તેના પ્રધાનનું નામ હતું નમુચિ. એક દિવસ આચાર્ય શ્રી સુવ્રતસૂરિજી શિષ્ય પરિવાર સહિત અવંતીમાં પધાર્યા.

આ ખુશખબર મળતાં જ ધર્મરાજા નમુચિપ્રધાન સાથે આચાર્ય શ્રીને વંદન કરવા અને તેમની દેશના સાંભળવા ગયા. આ નમુચિ પ્રધાન જૈન ધર્મનો વિરોધી હતો. નમુચિએ તે સમયે વિવાદ કર્યો. તેણે કહ્યું ''આ સકળ વિશ્વ સ્વપ્ન જેવું છે. જીવ નાશ પામવાથી બધું જ નાશ પામે છે. જીવ કંઈ પરલોકમાં જતો નથી. જીવ પંચભૂતનું જ નામ છે. જીવનાશ પામતાં આ પંચભૂત પણ નાશ પામે છે, આથી પરલોક જેવી કોઈ જગા નથી.''

નમુચિના આ દલીલોનો આચાર્યશ્રીએ જોરદાર જવાબ આપ્યો. તેમના શિષ્યે સાત નયથી નમુચિને વિશ્વ અને જીવનું સ્વરૂપ સિદ્ધ કરી બતાવ્યું. એ પણ અસરકારક રીતે સમજાવ્યું કે જીવ નાશ પામતો નથી. તે કર્માનુસારે સારે ારમાં વિવિધ સ્વરૂપે પરિભ્રમણ કરે છે. આમ આચાર્યશ્રીના શિષ્યના હાથે પોતાનો પરાભવ થયો તેથી નમુચિ ધુંઆકુંઆ થઈ ગયો. પરંતુ ત્યારે તેણે પોતાનો રોષ અને ગુસ્સો મનમાં જ રહેવા દીધો.

રાત પડી અવની પર અંધારું ઉતર્યું. નમુચિ તલવાર લઈ મુનિની હત્યા કરવાના બદ ઈરાદાથી હાથમાં તલવાર લઈને આચાર્યશ્રીની વસતીમાં ગયો. વસ્તીમાં પગ મૂકતાં જ હાજરાહજૂર શાસન દેવીએ તેને સ્થંભિત કરી દીધો. જ્યાં હતો ત્યાં જ એ સ્થિર રહ્યો (થયો) ન હલાયકે ન ચલાય ન બોલાય કે ન આંખ ફરકાવાય. સવાર પડતાં ભક્તો-શ્રાવકો બધા ગુરૂવંદન કરવા આવ્યા. નમુચિની આ દશા જોઈ અને તેનું કારાણ જોઈ સૌ તેને ધિક્કારવા લાગ્યા. આ ખબર મળતાં ધર્મરાજા પાછા આવ્યો. રાજાએ નમુચિ વતી મુનિવંતની અને શાસનદેવીની ક્ષમા માંગી. નમુચિ પાસે પણ બંનેની માફી મંગાવી. ક્ષમાપનાના પ્રભાવથી શાસનદેવીએ તેને મુકત કર્યો.

જોયુને એક અધમ આત્મા કેટલી હદે પહોચે છે એ પણ સત્ય સ્વરૂપ તેમના શિષ્યે બતાવ્યું અને એમ પોતાની વાત ઉભી ના રહી વીલમો પડ્યો જેથી એક મહાન આત્મા અને એ પણ વિના દોષે આચાર્ય ભગવાન શાસનના શિરતાજ અને કરૂણાના ભંડાર છે તે પંચ પરમેષ્ઠી પદમાં ત્રીજા પદે એવા આચાર્યસુરિજીનું જ્ઞાત કરવા ગયો છે. પણ શાસનદેવો તો હાજરાહજૂર છે. અને શાસનદેવો જાગતા જ છે. અને આપણા પર પણ તેની જ મહેર છે. ગમે તે ધર્મ કાર્યમાં પ્રતિષ્ઠા કે અનેક ધર્મકાર્યોમાં અને તપ જપ ધ્યાનમાં પણ અધિષ્ઠાયક દેવો જ આપણને મદદ કરે છે દેવ ગુરૂ ધર્મના પ્રતાપે આપણી અદ્‌ભૂત ભક્તિના પ્રભાવે બાકી જિનેશ્વર દેવો તો વિતરાગ છે એક રામજ જાણવા પુરતું જ.

હવે મૂળ વાત પર આવીએ. નમુચિની નફટ ઘટનાથી તેની પ્રતિભા અને પ્રભાવ ઝાંખા પડી ગયા, માથું ઉંચુ રાખીને રાજ્યમાં ફરવું તેના માટે મુશ્કેલ બની ગયું. આથી એક રાતે તે ચુપ ચાપ ગુપ ચુપ અવંતી છોડી ગયો, અને રખડતો રખડતો તે હસ્તિનાપુર ગયો.

આ નગરનું રાજ્ય પદમોતર રાજા સંભાળતો

હતો. તેની પટરાણીનું નામ જ્વાળાદેવી હતું. તેને બે પુત્રો હતા. વિષ્ણુકુમાર અને મહાપદ્મ. પદ્મોતરે મોટાપુત્ર વિષ્ણુકુમારને રાજ્યની ધુરા સોંપી અને નાના મહાપદ્મને યુવરાજ પદે સ્થાપિત કર્યો.

નમુચિ પ્રધાને આ યુવરાજને પોતાની કેટલીક કાર્યકુશળતા બતાવી. તે જોઈ તેનાથી પ્રભાવિત થઈ યુવરાજ મહાપદ્મે તેને પ્રધાન બનાવ્યો. એક યુદ્ધના પ્રસંગે નમુચિએ ભયાનક અને અજેય ગણાતા સિંહરથ નામના મહાયોદ્ધાને જીતી લીધો. મહાપદ્મે આ વિજયથી ખૂશ થઈ નમુચિને વરદાન માગવા કહ્યું નમુચિએ કહ્યું : ''અત્યારે મારે કશું નથી માગવું. સમય આવે અને જરૂર પડે માગી લઈશ'' મહાપદ્મે કહ્યું : ''ભલે તમે જ્યારે જે માગશો તે આપીશ.''

એ વાતને દિવસો વહી ગયા. એક સમયે રાજ્યમાતા જ્વાળાદેવીએ રથયાત્રા કરવાની ભાવના થઈ, આથી તેમણે સોના-ચાંદી અને રૂપાનો ખૂબ જ સુંદર અને બારીક કારીગરીવાળો એક રથ બનાવડાવ્યો. આ જિનરથ જોઈ તેની શોકે ઈર્ષાથી બ્રહ્મરથ કરાવ્યો. એક દિવસ આ બંને રથ એક રસ્તે સામસામા આવી ગયા હવે કોણ પોતાનો રથ પાછો વાળે ? બંને પક્ષે જીદ થઈ ઝગડો થયો. કોઈ પોતાના રથને પાછો વાળવા તૈયાર ન હતું. વાત વણસી રાજાએ છેવટે તોડ કાઢી બંને રથને પાછા વાળ્યા.

મહાપદ્મને આમાં પોતાની માતાનું અપમાન લાગ્યું, તેને ઘણું જ દુઃખ થયું આથી તે પરદેશ ચાલ્યો ગયો. વરસોબાદ ખૂબ જ સમૃદ્ધિ સાથે તે હસ્તિનાપુર પાછો આવ્યો. પિતાએ તેનું ધામ ધૂમથી સ્વાગત કર્યું, અને બત્રીસ હજાર રાજાઓએ બાર વરસ સુધી મહાપદ્મના રાજ્યાભિષેકનો ઉત્સવ ઉજવ્યો.

ત્યારબાદ પદ્મોતર રાજાએ મોટા પુત્ર સાથે શ્રી સુવ્રતાચાર્ય પાસે દીક્ષા લીધી. સંયમ તપની ઉત્કટ આરાધના કરી તે સ્વર્ગે ગયા. વિષ્ણુકુમાર મુનિએ છ હજાર વર્ષ સુધી ઉગ્ર તપસ્યા કરી. તેમના પુણ્યે બળથી તેમને વૈક્રિયાદિક અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ.

મહાપદ્મે એ બાદ માતાના અપમાનને ધોઈ નાંખવા સમગ્ર પૃથ્વી પર ઠેક ઠેકાણે જિનચૈત્યો બંધાવ્યા. એ સમયમાં સુવ્રતાચાર્ય પોતાના શિષ્ય પરિવાર સાથે હસ્તિનાપુરમાં ચાતુર્માસ માટે રહ્યા. નમુચિએ પોતાનું જુનુ વૈર યાદ આવ્યું. શિષ્યના હાથે થયેલ પરાજ્યનો બદલો લેવા તેનું આસુરી મન ચંચળ બન્યું. અને તેણે આ તબક્કે મહાપદ્મ પાસે પેલું બે કીનું વરદાન માગ્યું, '' હે રાજેન્દ્ર ! કારતક સુદ પૂર્ણિમા સુધી મને તમે છ ખંડનું રાજ્ય આપો.''.....

મહાપદ્મે તરત જ નમુચિની માંગણી સ્વીકારી લીધી. પડહ વગડાવી નમુચિ હવેથી છ મહિના રાજ્ય કરશે. તેની સૌને જાણ કરી. પણ નમુચિ જે રાજ્યની સત્તામાં રસ ન હતો તેને રાજા થવાની ઈચ્છા ન હતી. સત્તાના સૂત્રથી સત્તાની તાકાતથી તે વેર વાળવા માંગતો હતો.

થોડો સમય તેણે જવા દીધો. ચાતુર્માસ શરૂ થઈ ગયું આચાર્ય સુવ્રતાચાર્ય પોતાના શિષ્ય પરિવાર સાથે વર્ષાવાસ રહ્યા. નમુચિએ હવે પોતાનો દાવ અજમાવ્યો. તેણે હજારો જીવોની હિંસા થાય તેવો મહા યજ્ઞ કરાવ્યો. આ યજ્ઞમાં ભાગ લેવા દેશ-વિદેશમાંથી બ્રાહ્મણોને તેડાવ્યા. હસ્તિનાપુરના બ્રાહ્મણોને તો આ યજ્ઞથી લીલા લહેર થઈ ગઈ. બ્રાહ્મણોએ નમુચિની ભારો મોર પ્રશંસા કરી. તેની ધર્મ ભાવનાની પ્રશસ્તિ ગાઈ.

આ યજ્ઞમાં પ્રજાજનો પણ જોડાયા. સૌએ નમુચિની પ્રણામ કરી તેની વાહ વાહ કરી પરંતુ એક પણ સાધુ આ યજ્ઞના દર્શને ન આવ્યા. આથી નમુચિએ આચાર્યશ્રી સુવ્રતાચાર્યને રાજસભામાં બોલાવ્યા. એ આવતાં જ તેણે નોકરને ધમકાવતા હોય તે રીતે તુમાખીની અવાજે કહ્યું :

''કેમ મગજમાં બહુ રાઈ ભરી છે કે શું ? છ ખંડના રાજાઓ પ્રધાનો બ્રાહ્મણો અને પ્રજાજનો મારા આ ધર્મયજ્ઞની પ્રશંસા કરે છે. અને પ્રશસ્તિ ગાય છે. તમે કેમ હજી સુધી એક અક્ષર પણ નથી બોલતા ? મારી પ્રશંસા કરતા શું તમારું નાક કપાઈ જાય છે ?''

આચાર્યશ્રીએ શાંત સ્વરે કહ્યું : ''રાજન ધર્મ કાર્ય માટે તો અમારું જીવન છે. ધર્મની અમે પ્રશંસા ન કરીએ એવું બને જ કેમ ? પરંતુ રાજન ? તમે જે ધર્મ યજ્ઞ કહો છો તે અધર્મ યજ્ઞ છે. અમે અહિંસાના ગાયક છીએ. હિંસાની સ્તુતિ હિંસાની પ્રશસ્તિ અમારાથી કદી ન થઈ શકે. નમુચિએ તરત જ ફરમાન કાઢયું : ''તો મારી ધરતી

પર તમારા જે ા સાધુઓની કોઈ જરૂર નથી. હું તમને સાત દિવસનં સમય આપુ છું. આ સમયમાં તમે મારી ધરતી છોડીને ામે ત્યાં ચાલ્યા જાઓ. નહિં તો હું તમારા સૌની હત્યા રાવી નાંખીશ. એ પછી મને દોષ ન આપશો.''

નમુચિન ા આ ફરમાનથી છ એ ખંડમાં હાહાકાર મચી ગયો. ચા મહિના દિવસોમાં વિહાર થઈ શકે નહિ. સાત દિવસમ છ ખંડની ધરતીની બહાર જઈ શકાય નહિ. તો શું ન ચિ બધા જ જૈન સાધુઓની હત્યા કરી નાંખશે ? સૌન ા હૈયે આ ચિંતા કોરી ખાવા લાગી.

આચાર્ય ી અને તેમનો પરિવાર ભેગો થયો. સૌ આમાંથી રસ્ત ો કાઢવાનો વિચાર કરવા લાગ્યા. આચાર્યશ્રીએ ્રુતાચાર્ય કહ્યું : વિષ્ણુકુમારમુનિને આ વાત કરીએ તં તે આપણને આવા ધર્મ સંકટમાંથી ઉગારી શકે તેમ છે. પરંતુ તેમની પાસે જવું શી રીતે ? તે તો મેરૂ પર્વત પર રહે છે. આ સાંભળી એક શિષ્યે વિનયથી કહ્યું : ''ગુરૂદેવ ! હું મેરૂ પર્વત પર જઈશ.'' મુનિશ્રીને બધી વાત વિસ્તારથી સમજાવીશ અને તેમને અહીં તેડી લાવીશ.

આ શિષ્ય ગગન ગામીની લબ્ધિ સિદ્ધ થઈ હતી. આચાર્યશ્રીની ાજ્ઞાથી તે તુરત જ મેરૂ પર્વત પર ગયો. વિષ્ણુકુમારમુ ાને વંદના કરી. ચાતુર્માસમાં સાધુને પોતાની પાસે આ ાવેલો જોઈ તેમણે આશ્ચર્ય અને ચિંતાથી આવવાનું કારણ પૂછ્યું. શિષ્યે અથથી ઈતિ સુધી બધી હકીકત કહી. વિષ્ણુકુમારમુનિ શિષ્ય સાથે તરત જ લબ્ધિથી હસ્તિનાપુર આવ્યા.

એ જ દિવસે તે આચાર્યશ્રી અને અન્ય શિષ્યો સાથે નમુચિની રાજ્ય સભામાં ગયા. પોતાના એક વખતના રાજાને સભામાં આવેલા જોઈ નમુચિ સિવાય સૌએ તેમને વંદના કરી. મુનિશ્રીએ સૌને ધર્મલાભ આપ્યા. પછી તેમણે નમુચિને કહ્યું : ''નમુચિ ! તારા ફરમાનની વાત જાણી. એ ફરમા ન તું પાછું ખેંચી લે એમ કહેવા હું તને નથી આવ્યો. તુ જાણે છે કે જૈન સાધુઓ ચાતુર્માસમાં વિહાર નથી કરત ા. આથી તું તેમને રહેવા માટે થોડીક પૃથ્વી આપ.''

નમુચિએ ડા કલેજે કહ્યું : ''મુનિશ્રી આપ પોતે પધાર્યા છો. આ મને વિનંતિ કરો છો એટલે એટલે તેનો હું સ્વીકાર કરૂ છું. સાધુઓને રહેવા માટે ત્રણ ડગલા પૃથ્વી આપુ છું. એ ત્રણ ડગલાની ભૂમિમાં ભલે સાધુઓ રહે.''

માત્ર ત્રણ જ ડગલા ? એમાં તો માંડ એક પગ પણ ન રાખી શકાય તો રોંકડો સાધુઓ તો શી રીતે રહી શકે ? સભામાં ગણગણાટ શરૂ થઈ ગયો.

નમુચિની આ ધૃષ્ટતાથી વિષ્ણુકુમારમુનિના રોમેરોમમાં ગુસ્સો સળગી ઉઠ્યો. સમસ્ત બ્રહ્માંડ ધ્રુજી ઉઠે તેવા અવાજે તેમણે કહ્યું : તો થા તૈયાર. હું ત્રણ ડગલાં ભરૂં છું. એ ત્રણ ડગલાની ધરતી આ સાધુઓને આપવા માટે બંદોબસ્ત કર.

નમુચિએ એવી જ ધૃષ્ટતાથી જવાબ આપ્યો : ''હું તૈયાર છું તમે ઉભા થાવ અને ત્રણ ડગલા ભરી લો. એટલી ધરતી હું અબઘડી જ આપી દઈશ.''

વિષ્ણુકુમારમુનિ ઉભા થયા. વૈક્રિય લબ્ધિથી તેમણે પોતાની કાયાનો પર્વત જેટલો લાખ જોજન વિસ્તાર કર્યો. એક ડગલુ ભર્યું. એ ડગ પૂર્વ દિશાની જંબુદ્વીપની ધરતી પર મુકાયો. આ જોઈને તો નમુચિનાં હાજા ગગડી ગયાં. ત્યાં મુનિએ બીજું ડગલું ભર્યું. એ જંબુદ્વીપની પશ્ચિમ દિશાની ધરતી પર મૂક્યો. બે ડગલામાં તો નમુચિની આખી ધરતી સમાઈ ગઈ. હવે મુનિએ ગગનભેદી અવાજે કહ્યું : 'બોલ દુષ્ટ ! હવે મારો ત્રીજો પગ ક્યાં મુકું ?' તું છ ખંડનો ધણી છે ને તો આપ મને ત્રીજો પગ મુકવાની ધરતી.''.....નમુચિતો આ પરાક્રમથી થર થર ધ્રુજી રહ્યો. તે એટલો બધો હેબતાઈ ગયો કે તેના મોંમાંથી હરફ સુધ્ધાં ન નીકળ્યો. આથી મુનિએ નમુચિના માથા પર પગ મૂક્યો. મુનિનો પગ પડતાં જ નમુચિના આંખે અંગના લોચા બહાર નીકળી ગયા. પગના દબાણથી તે સીધો જીવતો જ પાતાળમાં દટાઈ ગયો.

મુનિશ્રીના આ પદાક્રાંતથી પર્વતો ધણ ધણી ઉઠ્યા. દિશાઓ ધ્રુજી ઉઠી. સ્વર્ગલોકમાં પણ સન્નાટો છવાઈ ગયો. ઈન્દ્રોના સિંહાસન ધ્રુજી ઉઠ્યા ઈંદ્રે અવધિ જ્ઞાનનો ઉપયોગ મુક્યો. જોયું તો વિષ્ણુમુનિ ક્રોધથી લાયઝાળ હતા. તેમનો ક્રોધ શાંત કરવા ઈન્દ્રે સંગીતજ્ઞ ગંધર્વો મોકલ્યા. ગંધર્વોએ રાજસભામાં આવી દિવ્ય સંગીતના સૂર છોડ્યાં નૃત્ય કર્યા. ત્યારે વિષ્ણુમુનિનો

ક્રોધ શાંત થયો. અને મૂળ સ્વરૂપમાં આવી ગયા.

મહાપદ્મ ચક્રવર્તી મુનિશ્રીને પગે પડ્યા. તેમની અંતઃકરણપૂર્વક ક્ષમા માંગી ને મુનિશ્રીએ તેને થોડોક ઠપકો આપીને ધર્મદેશના આપી. પછી પોતે ક્રોધ કરવા માટે આલોચના કરી ઈરિયાવહીનું પ્રાયશ્ચિત કર્યું અને પ્રતિક્રમણ કર્યું.

નમુચિના મૃત્યુથી પ્રજાજનો જાણે નવો જન્મ પામ્યા હોય તેમ આનંદિત થયા. સૌએ આ પ્રસંગે ઉત્સવ કર્યો ઘરે ઘરે પકવાન થયા. આનંદ મંગળના ઉત્સવ થયા. આ પ્રસંગ પડવાના દિવસે બન્યો. હે સંપ્રતિ ! આમ તે દિવસે લોકોએ આનંદનો ઉત્સવ ઉજવ્યો. એ જ આ કારણથી પડવાના દિવસે એટલે કે કારતક સુદ ૧ ના બેસતા વરસે લોકો આનંદ માં રહે છે.

જૈન સાહિત્યના મર્મજ્ઞ; તીર્થયાત્રા સંઘોના મહાન પ્રણેતા પૂજ્ય પંન્યાસ શ્રી ઉત્તમવિજયજી ગણિ

સં. ૧૭૬૦ માં અમદાવાદ મુકામે શામળાની પોળમાં રહેતા શેઠ બાલાચંદને ત્યાં એક પુત્રરત્નનો યોગ થયો. બાળકનું નામ પૂંજાશાહ રાખવામાં આવ્યું. પૂંજાશાહે વ્યવહારજ્ઞાન મેળવી પિતાની આજ્ઞાથી સં. ૧૭૭૮માં ૧૮ વર્ષની ઉંમરે ખરતરગચ્છના પં. દેવચંદ્રગણિ પાસે જૈન વિધિવિધાનનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પિતાની ઈચ્છાથી મધુ ભાગવા માટે પં. દેવચંદ્ર સાથે સુરત ગયા.

સુરતના શેઠ કચરા કીલા શ્રીમાળી પટણીએ પં. દેવચંદ્ર ગણિના ઉપદેશથી સં. ૧૭૮૪માં સમેતશિખર તીર્થનો જળરસ્તે, વાહન રસ્તે અને રેલ્વે રસ્તે યાત્રાસંઘ કાઢ્યો. પૂંજાશાહને સમેતશિખર-મધુવનમાં ગુરુદેવ રાત્રે નંદીશ્વર દ્વીપ, સીમંધરસ્વામીનું સમવસરણ વગેરેનાં દર્શન કરાવ્યાં. શ્રીસંઘ સમેતશિખર તીર્થની યાત્રા કરીને સુરત પાછો ફર્યો. પૂંજાશાહે માતાપિતાની આજ્ઞા લઈ સં. ૧૭૮૬માં વૈશાખ સુદ ૬ના રોજ અમદાવાદમાં પં. જિનવિજયજી ગણિ પાસે દીક્ષા લીધી. ગુરુદેવે તેમનું નામ મુનિ ઉત્તમવિજય રાખ્યું.

પં. જિનવિજય ગણિએ અને પં. ઉત્તમવિજય ગણિએ અમદાવાદ અને સુરતમાં પં. દેવચંદ્રજી ગણિ પાસે રહી જૈનધર્મના શાસ્ત્રો તથા દ્રવ્યાનુયોગનો મુખ્ય અભ્યાસ કર્યો. સં. ૧૮૦૫થી સં. ૧૮૧૦ દરમિયાન પંડિતવર્ય રૂપવિજયજી પાસે સુરતમાં અધ્યયન કર્યું. સુરતના સંઘવી તારાચંદ કચરા કીકાએ પં. ઉત્તમવિજય અને પં. પદ્મવિજયને ભણાવવાનો સઘળો ખર્ચ કર્યો હતો. તેમણે સં. ૧૮૧૩-૧૪માં સુરતમાં પં. ઉત્તમવિજય ગણિ પાસે ઉપધાન વહન કર્યાં અને માલારોપણ મહોત્સવ કર્યો. સં. ૧૮૨૧માં સુરતથી ગોડી પાર્શ્વનાથનો છ'રી પાળતો સંઘ નીકળ્યો હતો, તેમાં પં. ઉત્તમવિજય ગણિ પણ હતા.

પં. ઉત્તમવિજયજી વિદ્વાન અને કવિ હતા. તેમણે સં. ૧૮૦૮ના આસો સુદ બીજને દિવસે 'મહાવીર-સ્તવન' કડી-૨૦ની રચના કરી હતી. સં. ૧૭૮૮ના વૈશાખ સુદ ૩ને દિવસે સુરતમાં 'સંયમશ્રેણીનું ભગવાન મહાવીરનું સ્તવન' અને મુનિશ્રી રત્નવિજયના કહેવાથી 'વર્તમાન જિનસ્તવન ચોવીસી' ની સુંદર રચના કરી હતી. તેમ પં. જિનવિજય ગણિના જીવનચરિત્રની ટૂંકી નોંધ લખી હતી. સુરતના સંઘની તારાચંદે શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો તેમાં અન્ય મુનિવરો સાથે પં. ઉત્તમવિજય ગણિ પણ હતા. તેમણે સં. ૧૮૨૩ના પોષ સુદ ૧૪ના રોજ શત્રુંજય તીર્થમાં 'શત્રુંજય તીર્થનું સ્તવન' રચીને તેમાં આ યાત્રાસંઘનું ઐતિહાસિક વર્ણન કર્યું હતું. તે જ વર્ષે મહા સુદ ૮ ને રવિવારે તેઓ કાળધર્મ પામ્યા હતા.

આ સમયગાળામાં પં. ઉત્તમવિજય ગણિ નામના બીજા વિદ્વાન મુનિઓના ઉલ્લેખો મળે છે, તેથી કેટલીક ચોક્કસ માહિતી પ્રાપ્ત થઈ શકતી નથી. ઉપરોક્ત માહિતી જ સાભાર છે. (સંકલન : ત્રિપુટી મહારાજ કૃત 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૪માંથી સાભાર)

'નમો સૂરિ રાજા, તત્ત્વ ભાજા'

પ્રેષિકા - પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી.મ.

(જૈન પરંપરા ઈતિહાસમાંથી સાભાર)

બાર વર્ષ આયંબિલ કરી, આવ્યા આહડમાંહે,
તપા બિરૂદ ત્યાં ધારિયો, રાણાએ ધરી ઉચ્છાંહે
વાદ ચોરાશી જીતીયા, કિરિયા કીયો ઉદ્ધાર,
બિરૂદ ધરાવ્યું હીરલા, ધન ધન એ ગણધાર.
(મહો. વિનયવિજયજી ગણિવરકૃત ગણધર પટ્ટાવલી)

ચરમ તીર્થપતિ શ્રી વીરવિભુની તેંતાલીસમી પાટે વિરાજમાન આ ચાર્યપુંગવ શ્રી મણિરત્નસૂરિ મહારાજની હૃદયવેધક દે ના સાંભળી પ્રાગ્વાટ વંશીય શ્રેષ્ઠિ પૂર્ણદેવના પુ ર જિનદેવ, મમતાના સમસ્ત બંધનો ફગાવી, તેઓ ના શિષ્યભાવ સ્વીકારી મુનિ જગચ્ચન્દ્ર વિજયજી બન ા. કાળની ફાળ કોના પર નથી પડી ? લગભગ વિ.સં ૧૨૭૪માં પૂજ્ય આચાર્ય શ્રી મણિરત્ન સૂરીશ્વરજી મહારાજ સ્વર્ગવાસી બન્યા. પં. શ્રી જગચ્ચન્દ્ર ગ ગવરે ત્યારથી આયંબીલ તપ આરંભ્યો. પૂ. આચાર્યદે ા શ્રી સોમપ્રભ સૂરિશ્વરજી મહારાજની સેવામાં રહી સ્વ-પર સમયના પારગામી બન્યા. સુયોગ્યતા પે ખી પૂ. આચાર્ય શ્રી સોમપ્રભસૂરિશ્વરજી મહારાજાએ તેમને સ્વપટ્ટે સ્થાપન કરી પોતે સ્વર્ગના અતિથિ બન્યા. પૂ. આચાર્ય શ્રી જગચ્ચંદ્ર સૂરિશ્વરજી મહારાજને આયંબિલ તપની આરાધના કરતાં કરતાં બાર બાર વર્ષના વ ડાણા વીતી ગયાં. મેવાડના નરકેસરી મહારાણા જૈત્રસિંહ આઘાટનગરમાં 'તપા' અને વાદીઓથી અભેદ્ય હીરા જેવા દેખી 'હીરલા' -એવું તેઓશ્રીને બિરૂદ આપ્યું. ત્યારથી નિર્ગ્રંથ ગચ્છનું છઠ્ઠું નામ તપાગચ્છ પડ્યું, જે અદ્યાપિ ચાલુ છે.

શાસન ા મહાન્ પ્રભાવક, રક્ષક અને આરાધક મહામંત્રીશ્વર શ્રી વસ્તુપાળના યાત્રા-સંઘોમાં તેમજ આબુતીર્થના ત્રુણિગવસહીના ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ આચાર્ય ભગવંતની ઉપસ્થિતિ હોવાના ઉલ્લે નો મળે છે. મેવાડના રાણા જૈત્રસિંહ, રાણા તેજસિંહ અને રાણા અમરસિંહ તેઓશ્રીજીના અનન્ય ભક્ત હતા. આચાર્ય ભગવંતની ગરવી વાણીથી જૈત્રસિંહ અને રાણી પરમ જૈન બન્યા હતા. તે પછીની પણ ત્રણ પેઢી સુધી રાણા અને રાણીઓએ જૈન ધર્મનું પાલન કર્યું હતું.

મહારાણા જૈત્રસિંહે એવી મર્યાદા બાંધી હતી કે -મેવાડમાં જ્યાં જ્યાં બંધાય ત્યાં ત્યાં શ્રી ઋષભદેવ ભગવંતનું મંદિર બંધાવવું.

-તપાગચ્છના આચાર્યોને માનવા, પૂજવા તથા રાજ્યના રસાલાથી તેઓનો રાજ્યધાનીમાં પ્રવેશ મહોત્સવ કરાવવો.

ઉપરના ફરમાનો આજે પણ મળે છે.

પૂ. આચાર્ય ભગવંત શ્રી જગચ્ચંદ્રસૂરિશ્વરજી મહારાજાના ગૃહસ્થાપણાના વડીલ બંધુ વરદેવના પુત્ર તથા પુત્રવધુઓ સાઢલ અને રાણુને-ધીણાક, ક્ષેમસિંહ, ભીમસિંહ, દેવસિંહ અને મહણસિંહ નામના પાંચ પુત્રો હતા.

વીરપ્રભુના માર્ગને અવિરતપણે વહેનારા અને દર્શાવનારા, સંયમ-જ્ઞાન તથા તપરૂપ ભાગિરથી-યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ સ્વરૂપ પૂજ્ય આચાર્યભગવંત શ્રી જગચ્ચંદ્ર સૂરિશ્વરજી મહારાજાની પાવની વાણીથી બાળ દેવસિંહ અબાળ પરાક્રમ ખેડીને તેઓશ્રીના વિનેય બન્યા. વિનયાદિ ગુણોથી ગુરુના હૃદયકમળમાં સ્થાન-માન પામેલા. ગુણથી રામૃદ્ધ **મુનિ દેવેન્દ્ર** સ્વ-પર સિદ્ધાંતના પ્રકાંડ વેત્તા બનવા સાથે

પંડિત આદિ પદને પ્રાપ્ત કરતાં ગુરુના વરદ હસ્તે ગચ્છાધિપતિપદની લક્ષ્મી વરવા સાથે તૃતીય પદે આરૂઢ થયા અને જગતમાં આચાર્ય ભગવંત શ્રી **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજના પુણ્ય નામથી જગમશહૂર બન્યા. તેઓશ્રીના વડીલ બંધુ ક્ષેમસિંહ પણ આગળ જતાં દીક્ષિત બન્યા, જેઓશ્રીએ જીંદગીભર છ વિગઈનો ત્યાગ કર્યો હતો અને આચાર્ય શ્રી ક્ષેમકીર્તિસૂરિ મહારાજા તરીકે પ્રસિદ્ધ થયા હતા.

કાળનું વિષચક્ર અવિરતપણે ઘૂમ્યા કરે છે. કર્મ અને કાળના બળે કેઈ પતિતો પાવન થયા અને પાવન પણ પતિત થયા. હુંડાઅવસર્પિણી કાળના વિષમમય ઓછાયા-પડછાયા શ્રમણ ભગવાન શ્રી મહાવીર મહારાજાના શ્રમણ ગણ ઉપર પણ ઊતર્યા. મોક્ષમાર્ગના જ સાધક સાધુભગવંતોમાં બાધક શિથિલતાએ પ્રવેશ કર્યો ત્યાં પુરુષાર્થ કરી તપા-હીરલા બિરૂદધારી આચાર્ય ભગવંત શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ઉપાધ્યાય શ્રી દેવભદ્રગણિ તથા પૂજ્ય આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મ. (તે સમયે પં. દેવેન્દ્રવિજયજી ગણિવર)ની સહાયતાથી એ શિથિલ્ય દૂર કર્યું. પણ, ભવિતવ્યતા તેમ જ કાળબળે એવી બીના બની ગઈકે જેથી ફરી શિથિલતાના નાગપાશે ગચ્છમાં ભરડો લીધો. એ બીના એવી હતી કે -

ખંભાતમાં મહામંત્રીશ્વર શ્રી વસ્તુપાળના મુનિમ તરીકે કામ કરતાં વિજયચંદ્રને કોઈ અક્ષમ્ય અપરાધના કારણે કેદખાનામાં પૂરવામાં આવ્યા. પરમકારુણિક શ્રી દેવભદ્ર ઉપાધ્યાયજીએ તેને દીક્ષા ગ્રહણ કરવાનો નિયમ આપવા પૂર્વક કારાગૃહમાંથી છોડાવી દીક્ષા આપી, આચાર્ય શ્રી જગચ્ચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય બનાવી મુનિ ચંદ્રવિજયજી નામ સ્થાપન કર્યું. તેઓ પ્રથમથી જ વિચક્ષણ તો હતા જ. સંયમી બની શાસ્ત્રના સારા જ્ઞાતા બન્યા છતાં અભિમાનના દાસત્વમાંથી મુક્ત ન થયા. એમનું અભિમાન શાસનને નુકશાન ન કરે એવી આગવી બુદ્ધિથી દીર્ઘદર્શી મંત્રીશ્વરે તેમને સૂરીપદે આરૂઢ ન કરવા વિનમ્રભાવે આચાર્ય ભગવંતને વિજ્ઞપ્તિ કરી, પણ ભાવિભાવને કોણ અન્યથા કરી શકે ? ઉપાધ્યાયજી શ્રી દેવભદ્રગણિના ભારે આગ્રહથી અને આગળ જતાં આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી ને સહાયક થશે એવા વિચારથી ગુરુવરે તેમને તૃતીય પદે આરૂઢ કર્યા. થોડો સમય વિનયાદિથી પરિપૂર્ણ વ્યવહાર આચર્યા બાદ 'અવિવેકી આત્માની પ્રકૃતિ પ્રાણની સાથે જ જાય છે.' - એ કહેવતને તેમણે ચરિતાર્થ કરી વિ. સં. ૧૩૦૭માં પૂજ્ય આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ થરાદ (થરાપદ્ર) તરફ પધારી અંચળગચ્છની ચુંવાલીશમી પાટે આવેલા આચાર્ય **શ્રી મહેન્દ્રસૂરીજીને** શુભ માર્ગ દર્શાવી માળવા તરફ વિહાર લંબાવ્યો અને આચાર્ય **શ્રી વિજયચંદ્રસૂરી** મહારાજ ખંભાત તરફ વળ્યા.

આચાર્ય ભગવંત **શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા ભારે શાસન રક્ષા-પ્રભાવના કરી માળવાથી બાર વર્ષે ગુજરાતમાં પધાર્યા. આ બાર વર્ષના ગાળામાં આચાર્ય વિજય ચંદ્રસૂરીજી ખંભાતમાં ચૈત્યવાસીઓની પાસત્થાવાળા વડી પોષાળમાં રહ્યાં. ચૈત્યવાસીઓ સાથેનો મીઠો સંબંધ, શ્રાવકો પ્રત્યેનો ગાઢ પ્રેમ અને ઋદ્ધિગારવ આદિથી તેઓ શિથિલાચારી અને પ્રમાદી બની ગયા. વડીલ ગુરુબંધુની આજ્ઞા છોડી સ્વતંત્ર ગચ્છ બનાવ્યો અને આચારમાં ઘણી છૂટછાટો આપી જેવી કે -

૧. હંમેશા વિગઈ વાપરવાની છૂટ.

૨. હંમેશા વસ્ત્રો ધોવાની છૂટ.

૩. ગોચરીમાં શાક-ફળાદિ લેવાની છૂટ.

૪. નીવિના પચ્ચક્ખાણમાં સાધુ-સાધ્વીને વિગઈ - ઘૃત લેવાની છૂટ.

૫. આર્યા-સાધ્વીએ આણેલા અશનાદિનો સાધુને ઉપભોગ કરવાની છૂટ.

૬. લેપની સંનિધિ રાખવી - પાત્રે રાખવો ઈત્યાદિ...આવા આવા પ્રકારની છૂટછાટ આપીને ક્રિયાદિમાં શિથિલ થયેલા કેટલાક મુનિઓ ને પોતાને આધીન બનાવી પોતાના તરફ ખેંચ્યા.

વિ.સં. ૧૩૧૮માં આચાર્ય ભગવંત શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા સંવેગી પરિવાર સાથે ખંભાત પધાર્યા. ગર્વના ઘેનમાં આચાર્ય **વિજયચંદ્ર સૂરીજીએ** તેમનો વિનય સત્કાર ન કર્યો અને પોતાનો શિથિલાચાર

પાણ ન છોડાો. ઉપરોકત છૂટછાટોની હકીકત જાણવામાં આવ્યાથી તથા એક જ ઉપાશ્રયમાં બાર બાર વર્ષ સુધી રહ્યા તેથી પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીજી મહારાજાએ કહેવડાવ્યું કે-''આમ એક જ ઉપાશ્રયમાં બાર બાર વર્ષ સુધી કેમ રહ્યા છો ?'' પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું કે ''અમે મમતા વિનાના અને નિરભિમાની એવા અમને એથી કંઈ દોષ નથી'' તેમના આવા અનુચિત જવાબથી શિથિલાચારીઓની વડી પૌષધશાળામાં ઊતરવું હિતાવહ ન લાગતાં તેઓશ્રી નાની પૌષધશાળામાં ગયા.

વિ.સં. ૧૩૧૮માં આ રીતે બન્ને ગુરુબાંધવો વચ્ચે ઉપસ્થિત થયેલ મતભેદથી વિવેકી શ્રાવકોને દુઃખ થયું પણ તેનો કોઈ ઉપાય ન હતો. તે વખતે સંગ્રામ સોનીના પૂર્વજ, સોની સજ્જન ઓસવાળે આ બન્નેયમાં કઈ શાખા સાચી છે. એનં નિર્ણય કરવા તપશ્ચર્યા પૂર્વક પ્રત્યક્ષ પ્રભાવી જિનપ્રતિમા સામે ધ્યાન ધર્યું. શાસનદેવીએ પ્રત્યક્ષ થઈને સાંગણ સોનીને જણાવ્યું કે ''પૂ. આચાર્યદેવ શ્રી **દેવેન્દ્રસૂરી** મહારાજા યુગોત્તમ આચાર્યપુંગવ છે. તેમની જ ગચ્છ પરંપરા લાંબા કાળ સુધી ચાલશે માટે તારે તેઓશ્રીની ઉપાસના કરવી.'' (ગુર્વાવલી શ્લોક ૧૩૭-૧૩૮)

આ રીતે ખંભાતમાં પૂ. આચાર્ય ભગવંત **શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા નાની પોષાળમાં ઊતર્યા તેથી તેમનો પરિવાર લઘુ પોષાળના નામે પ્રસિદ્ધ થયો. આચાર્ય **ચન્દ્રસૂરિ**નો પરિવાર મોટી પોષાળમાં હોવાથી તે વડીપોષાળ તરીકે પ્રસિદ્ધિને પામ્યો. વાસ્તવમાં લઘુપોષાળ એ તપાગચ્છનું જ નામાંતર છે.

પરમ ગીતાર્થ, વૈરાગ્યવારિધિ, આચાર્ય ભગવંત **શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના વ્યાખ્યાનમાં શાંતરસની સરિત વહેતી. વિષયકષાયથી બળ્યાં ઝળ્યાં આત્માઓ અપૂર્વ શાંતિનો-આત્માનંદનો અનુભવ કરતા. ખંભાતના કુમારપાળવિહારનાં ઉપાશ્રયમાં મંત્રીશ્વરો વસ્તુપાળ-તેજપાળ અઢારસો અઢારસો સામાયિક વ્રતધારી પુણ્યવાન શ્રાવકો સાથે ચાતકની જેમ પૂજ્ય આચાર્યશ્રીના પ્રવચન સુધાનું પાન કરતા.

પૂજ્ય આચાર્ય ભગવંતનો વિહાર બહુધા માળવા દેશમાં થયો હતો. ઉજ્જૈનની નગરીમાં જિનભદ્રશ્રેષ્ઠિના પ્રકૃતિથી શાંત-ઉત્તમ સ્વભાવના પુત્ર વીરધવળનો પાણિગ્રહણ મહોત્સવ ચાલતો હતો. દૈવયોગે તેજ સમયે પૂ. આચાર્ય ભગવંત શ્રી **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા સાથે તેનો મેળાપ થયો. તેઓશ્રીની અદ્‌ભુત વ્યાખ્યાન શૈલીએ વીરધવળના મન ઉપર ઘેરી અસર કરી. લગ્નમંડપ દીક્ષામંડપમાં ફેરવાઈ ગયો. વિ. સં. ૧૩૦૨માં વીરધવળે સંયમ ગ્રહણ કર્યું, અને પોતાની જીવનનૌકા તદ્‌ન જુદી દિશામાં વાળી, ગુરુની પૂર્ણ કૃપાના બળે સ્વ-પર સમયના તલસ્પર્શી જ્ઞાતા બન્યા. વિહાર કરતા કરતા પૂજ્ય આચાર્ય ભગવાન પ્રલ્હાદન પુર (પાલનપુર) પધાર્યા. ૮૪-૮૪ શ્રેષ્ઠિઓ સુખપાલમાં બેસી વ્યાખ્યાનસભામાં આવતા હતા. શ્રાવકોની આગ્રહભરી વિજ્ઞપ્તિથી યોગ્ય કાળ જાણી વિ.સં. ૧૩૨૨ની સાલમાં શ્રી પ્રલ્હાદન પાર્શ્વનાથ ભગવંતના મંદિરમાં મુનિ વીરધવલને આચાર્ય પદ અર્પી પોતાના પટ્ટ ઉપર સ્થાપન કર્યા, અને તેમના લઘુબંધુ મુનિ ધર્મકીર્તિને તેજ વખતે ઉપાધ્યાય પદ ઉપર આરૂઢ કર્યા. પદવી પ્રદાનના સુપ્રસંગે મંદિરમાં કેસરની વર્ષા થઈ અને લોકો આશ્ચર્ય વિભોર બની ગયા.

અંતમાં અપૂર્વ શાસન પ્રભાવના કરી, ધર્મરત્ન પ્રકરણ ઉપર બૃહદ્‌વૃતિ, સુંદરસાગરગણિ, ત્રાણ ભાષ્ય, સિદ્ધપંચાશિકાસૂત્રને વૃત્તિ, શ્રાદ્ધદિનકૃત્ય સૂત્રને વૃતિ, શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર વૃતિ (વંદારૂવૃતિ), સટીક નવ્ય પાંચ કર્મગ્રંથ આદિ દેવેન્દ્ર અંકવાળા ગ્રંથો રચી પ્રાયઃ માલવદેશમાં પૂર્ણ સમાધિસહ વિ.સં. ૧૩૨૭માં કાળધર્મ પામ્યા. તેઓશ્રીજીના કાળધર્મ બાદ માત્ર તેર જ દિવસમાં પૂ. આચાર્ય **શ્રી વિદ્યાનંદ સૂરી** મહારાજ સ્વર્ગવાસી થયા. તેથી શ્રમણસંઘે પૂજ્ય ઉપાધ્યાય શ્રી ધર્મકીર્તિ ગણિવરને આચાર્ય ભગવાન શ્રી ધર્મઘોષ સૂરીશ્વરજી નામાભિધાન કરી શ્રમણ ભગવાન શ્રી વીર વિભુની ૪૭મી પાટે સ્થાપન કર્યા. તેઓશ્રીને પામી મંત્રીશ્વર પેથડશાહે અપૂર્વ શાસન-રક્ષા-પ્રભાવના કરી.

- પ્રવચનકાર -

જયવંતુ શ્રી જિનશાસન એ જ જગતમાં પરમાર્થ છે, એ જ વાસ્તવમાં અર્થ છે તે સિવાયનું બધું જ અનર્થકારી છે-આવી વાત હૈયામાં બેસે ત્યારે આજ્ઞા પ્રમાણે તારક ધર્મની આરાધનાનો ઉલ્લાસ જાગે. આપણા સૌના પુણ્યોદયે આપણને આવું તારક શાસન તો મલ્યું પણ તારક શાસનની યથાર્થ ઓળખાણ કરાવી, રોમે રોમમાં, આત્માના અણુએ અણુમાં શાસન વસાવનારા મહાપુરુષ પણ મળ્યા. મલવું અને પામવું તેમાં ઘણું અંતર છે. જેના હૈયામાં સંસાર જ સોહામણો લાગે છે તે બધા દૂધ અને પાણીની જેમ સંસારમાં-સંસારના પદાર્થોમાં એક મેક થઈ ગયા છે. હળી-મળી ગયા છે તેમને જુદા પાડવા કઠીન! જેમના હૈયામાં ધર્મનો પ્રાણ ધબકે છે તે બધા સંસારમાં રહેવું પડે તો તેલ અને પાણીની જેમ રહે છે. તેલ અને પાણી મળે ખરા પણ એક-બીજામાં ભળે નહિ. બંન્ને પાણ પોતા-પોતાનું અલગ વ્યક્તિત્વ જાળવી રાખે. તેથી જ સંસાર રસિક જીવો પાસે સંસારની પુષ્ટિ માટે ધર્મ કરાવવો સહેલો પણ તેના હૈયામાંથી સંસાર કાઢવો ખૂબ જ અઘરો એટલું નહિ અશક્ય પ્રાય: પણ ખરો ! આપણે આપણી હાલત વિચારવી છે કે, આપણો નંબર શેમાં છે ?

જૈનશાસને ભાવધર્મ ઉપર, હૈયાની નિર્મલ પરિણતિ પામવા ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. જ્ઞાનિઓ પણ તે જ કહે છે કે-''પરિણામે કર્મ બંધ નહિ કે પ્રવૃતિએ.'' બિલાડી ઉંદર પણ પકડે અને પોતાના બચ્ચાંને પણ પકડે. પણ પકડવાના ભાવમાં કેટલો ફેર ! આભ-જમીનનો. એકમાં મારવાની બુધ્ધિ અને એકમાં બચાવવાની બુધ્ધિ! પુરુષ પ્રસંગ વિશેષે માતાને ભેટે, પત્નીને ભેટે, બહેન અને દીકરીને પણ ભેટે. છતાં પણ ભેટવાના ભાવમાં કેવું અંતર! એકમાં પૂજ્યભાવ, એકમાં પ્રેમભાવ અને બહેન-દીકરીને ભેટવામાં વાત્સલ્યભાવ!

જે કાળમાં મોટો ભાગ ભાવધર્મને ભૂલી એકલી પ્રવૃત્તિમાં, ચીલાચાલુ ક્રિયાઓમાં આનંદ પામતા હતા અને તેવું જ ભોળા જીવોને સમજાવતા હતા કે- 'ભાવ, ભાવ શું કરો છો ? ક્રિયામાં મંડાઈ જાવ, પછી ભાવ તો આવશે! લાવવું જીવોને ભાવ આવવો સહેલો છે ? ભાવ ઉપર અભાવ પેદા કરાવનારા જ્યારે પાકી ચૂકેલા અને ભવ્ય જીવોના ભાવ પ્રાણોની હોળી કરતા હતા. તેવા કાળમાં એક વિરલ વિભૂતિ હતી જેણે લોકોને સત્યમાર્ગની સર્ચલાઈટ ધરી, એકલી ક્રિયામાં, ગમે તે હેતુથી ધર્મ કરવામાં લાભ જ છે તે બધાની મેલ મુરાદોનો ખુરદો બોલાવી દીધો અને અનેક જીવોને સન્માર્ગમાં સ્થિર કર્યા. જેમના જીવનની યાત્રાનો સં. ૧૯૬૯ના પોષ સુદ-૧૩થી ગાંધારથી પ્રારંભ થયો. અને સંયમ યાત્રાના સુસફળ સુકાની બનેલા જેમની જીવન યાત્રાએ અનેક આરોહ-અવરોહના ઓવારાઓ જોયા, સહ્યા અને વટાવ્યા અને 'સિધ્ધિ-સંયમ-સુત્યાગનો' સુઘોષા નાદ વગાડી અનેક ભવ્યાત્માઓની મોહની ઘેરી નિદ્રા ઉડાડી, અનેકને સંયમશ્રીનું પ્રદાન કર્યું, અનેકને સુશ્રાવક બનાવ્યા, અનેકને સમ્યક્ત્વના ધારક બનાવ્યા, અનેકને ભદ્રિક પરિણામી બનાવ્યા. જેઓની મનોહર માર્ગાનુસારી મોક્ષૈકલક્ષી દેશના ના ધારાએ દુરાચારને દેશવટો અપાયો અને સદાચારના સંગી બનાવ્યા. શાસ્ત્ર-સિધ્ધાંતના સિંહ નાદે, સુધારક શિયાળિયાઓની લાવારી બંધ કરાવી, જેમના રોમે રોમમાંથી

જયવંતુ શ્રી જિનશાસન
આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯
ફોન: ભદ્રા મનહરભાઈ શાહ - કાંદીવલી.

આજ્ઞાપાલનની અખંડ ધારા વહી રહી છે, જેમના અંગે અંગમાં પારમેશ્વરી પ્રવ્રજ્યાનો પ્રવાહ વહે છે, જેમના શ્વાસે શ્વાસમાં મુક્તિનો જ રણકાર વહે છે, જેમન હૃદયના પરમાણુએ પરમાણુમાંથી શાસનનો અવિહડ રાગ ધબકતો નીકળે છે, તેવા તારક, કૃપાલોનું જીવન આલેખવા મારા જેવીની શક્તિ પણ નથી. આ તો માત્ર ભક્તિના પ્રકર્ષે શબ્દ દેહ બની રહ્યા છે. ભલભલા દિગ્ગજ દાર્શનિક વિદ્વાનોની પ્રતિભાને પણ ક્ષણવારમાં કુંઠિત કરનારી જેમની અજોડ પ્રતિભાનું દર્શન અનેકને આલ્હાદ આપે છે, નાભિમાંથી નીકળતી વાણીનો પ્રવાહ પત્થર જેવા કઠોર હૃદયોને પણ ભીંજવી નાંખી પલ્લવિત કરે છે અને સદ્ધર્મમાર્ગના મુસાફર બનાવે છે. મોક્ષની મશ્કરી કરનારાઓને પણ ભાવ દયાથી જૂએ છે અને શાસન-સંસ્કૃતિની રક્ષાના નામે પડી ગૃહસ્થોને પણ શરમાવે તેવા કૃત્યો કરનારાનું પણ એકાંતે ભલું જ ઈચ્છે છે તેવા પરમારાધ્યપાદ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** નામ-કામથી કોણ અજાણ છે ?

આવા પુણ્યપુરૂષને પામ્યા, જાણ્યા પછી તેમને બતાવેલા માર્ગમાં ચાલવાથી જ 'જિનશાસનને જયવંતુ' બનાવવામાં આપણે પણ સહભાગી બનીશું. સ્વદેહે ભલે તેમનો વિરહ છે પણ ગુણ દેહે તો તેઓ આપણા હૃદયમાં વિદ્યમાન જ છે. તેમના માર્ગે ચાલવું તે જ તેમનો સાચો અવિરહ છે.

સમજુને શિખામણ શાનમાં !

આવી શક્તિ મળે તે જ અંતરની આરઝૂ!

ધાનદેશના નરબંકા

- સૌ. રેખા સી. શાહ - અકોલા

જગતમાં અનેક જીવો જન્મે છે અને કાળના પ્રવાહમાં વિલીન થઈ જાય છે. તેમને કોઈ યાદ પણ કરતું નથી. પણ જેઓનું જીવન સમજોપયોગી કરતાં પણ શાસનને માટે ઉપયોગી બને છે તેઓની યાદી ભૂલી ભૂલાતી નથી. ઘરેઘર તેવા જ પુણ્યાત્માઓથી ભગવાનનું શાસન જયવંતુ રહે છે અને રહેવાનું છે.

આવા જ એક **ધાન દેશના નરબંકા** એટલે શ્રી નરસિંહભાઈ ! જેઓના નિખાલસ સ્વભાવ, પરગજુવૃતિ, સરળતા અને ધર્મની શ્રદ્ધાથી આબાલ ગોપાલ સૌનેપરિચિત છે, સૌના વિશ્રામધામ હતા. તેમની પાસે આવનાર ક્યારે પણ ખાલી હાથે જતો ન હતો. પુણ્યયોગે પ્રાપ્ત શ્રીમંતાઈનો જેઓએ સાતક્ષેત્ર, જીવદયા અને અનુકંપામાં જે ધોધ વહાવ્યો તે તો જે જાણે-અનુભવે તેને ખબર હોય.

તેમની શાસનસેવાની ધગશ પણ જાણીતી હતી. તેમાં પણ અમારા માટે તો શ્રી અંતરિક્ષજી તીર્થની રક્ષા માટે તેઓએ આપેલું યોગદાન કયારે ય ભૂલાવાનું નથી. તેમની દીર્ઘદર્શિતા, બધાને એક તાંતણે બાંધવાની એકસૂત્રતા, વ્યાપારી કુનેહબુદ્ધિ, તીર્થને આપણું બનાવવાનો અથાગ પ્રયત્ન-પણ ભાવિ આગળ કોનું ચાલે ? જેઓએ કરેલી સખાવતો, ગુપ્તદાન અને વિહારક્ષેત્રોમાં પણ વિહાર સુલભ બને તેવા ધર્મસ્થાનોનું નિર્માણ ! આજે પણ તેઓ પ્રત્યે લોકોના હૈયામાં અપૂર્વ આદર ભાવ છે. જેમનું મૃત્યુ પણ સુંદર અને આખા ખાન દેશે જાણે પોતાનો એક કુટુંબી ગુમાવ્યો તેવું નાના-મોટા, દરિદ્રી-શ્રીમંત સૌને લાગેલું. તેમના કાર્યોની સુવાસ આજે ય દિગંતમાં વ્યાપી રહી છે. જાહેરમાં ઓછા આવનારા પણ અમે તો તેમને નિકટથી જોયા તેથી તેમની સામાન્ય ઓળખ આપવા પ્રયત્ન કર્યો. હજી પણ મનમાં ખેદ છે કે, તેમની વાત જો સ્વીકારાઈ હોત તો આજે અંતરીક્ષજી તીર્થ જગતનું જયવંતુ તીર્થ બન્યું હોત ! અમારા સૌની તો આંતરડી બળે છે કે આવા તારક મોહક, પ્રભાવક પ્રભુજીની આવી દશા ! હૈયું રડી ઊઠે છે ક્યારે મુક્ત મને પ્રભુની પૂજા કરીશું.

તેમના જેવો શાસન રાગ આપણે સૌ કેળવી મળેલી સામગ્રીને સફળ-સાર્થક કરીએ તે જ મંગલ કામના સહ વિરમું છું.

"જૈનં જયતિ શાસનમ્ !"


ત્યાગ તપની મૂર્તિ, પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની કૃપાથી અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી જૈનં જયતિ શાસનમ્
જગતના શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

તમે ભૂલ કરો પણ મુનીમ ભૂલ કરે નહિ

આજે ઘણા કહે છે કે 'કાળ બગડી ગયો. પેઢીએ કે ઓફિસે જઈએ નહિ તો એ ચાલે જ એવું નથી.' સુખી માણસને આવું બોલવું પડે, તો એને એમ થાય ને કે, નસીબ ફૂટી ગયું ? મારે આવું કરવું પડે ? પણ એનો ઉપાય હોય, એવું નથી. હજુ પણ તમે ધર્મ એવો કરવા માંડો કે, માણસ તમારો બની જાય ! તમે ભૂલ કરો એ બને, પણ મુનીમ ભૂલ કરે નહિ. તમારે બદલે એ જ બધું કામ કરી લે. તમારો વર્તાવ એવો હોય કે, એને જ દરેક કામમાં તમારાથી વધારે સાવચેતી રાખવાનું મન થાય. એ કહે કે, હું બેઠો હોઉં અને શેઠને ચિન્તા કરવાની હોય ? એમાં પાછું તમારું વર્તન એવું હોય એના પ્રત્યેનું કે, એથી એના મનમાં એમ જ હોય કે, આ શેઠ બેઠા છે, ત્યાં મારી ચિન્તા કરવી પડે એવું નથી અને કદાચ મારી ભૂલ પણ થઈ જશે, તોય શેઠ એ ભૂલ ગળી ખાશે અને માનશે કે, એમાં વાંક પોતાના નસીબનો !!

તમે સમજો છો ને કે, માણસ પણ આપણને આપણા નસીબજોગા મળે ? તમે જો વ્યવહારમાં સારા અને દૈવાના ધર્મશીલ બની જાવ, તો તમેય સુખી થઈ જાવ, તમારો પરિવાર પણ સુખી થઈ જાય અને તમારા નોકરો પણ સારા અને સંતોષી બનીને સુખી થઈ જાય. પણ તમારે જ ધન હોવા છતાં ગફલતે કરવું હોય, ત્યાં થાય શું ? લોભ જોરદાર છે, માટે જ તમને મજૂરી કરવાનું મન થાય છે ને ? પ્રામાણિક નોકરો પણ કેવા બને ? તમારી આંખે ચઢે નહિ, પણ એનામાં જે પોતાનું માનીને કામ કરવાની વૃત્તિ પ્રગટવી જોઈએ, તે પ્રગટવાને બદલે તે વૃત્તિ કદાચ દબાઈ જાય. તમને થવું જોઈએ કે, હું બે પાંચ લાખનો આસામી ને મારે આટલી બધી ચિન્તા શી અને મજૂરી શી ? મારે તો પુણ્યના યોગે આટલી અનુકૂળતા મળી ગઈ છે, તો શું કામ હું મારા મનને ધર્મભાવમાં પરોવવાને બદલે આ પાપમાં પરોવું ?

Fax : 02751 - 20574.
Res. : 02751 - 20776.



Oswal
TRADE MARK

NavaranG
CERAMIC
02751 - 20774

Oswal
TILES PVT. LTD.
02751 - 20576.

Oswal
POTTERY WORKS
Ph. : 0275 -20476.

MFG. OF. : FINE SANITARYWARES & GLAZE TILES.

FACT : AMRAPAR. THANGADH - 363530.
DIST. : SURENDRANAGAR. GUJARAT. INDIA.

કરુણાનિધિ હજારો જનતાના પરમ ઉપકારી
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજને કોટિવંદન જેમની કૃપાથી
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે જૈન સાહિત્યથી જૈન જગતને
ઉદ્ધાર કરી તેમની પ્રેરણાથી જૈન શાસનને જાગૃતિ આપતા
જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ધર્મમાં કાં ધર્મનો કાં મોક્ષનો કાં આશય જોઈએ

આ બધો પ્રતાપ ધર્મનો છે, એમ સમજાવવું છે. એક વાર ધર્મ જો ધર્મ તરીકે થઈ જાય, તો આ સંસારમાંય બધું સારું એને માટે સુલભ બની જાય અને મોક્ષ પણ એને માટે સુલભ બની જાય. ધર્મ નિરાશંસભાવે થવો જોઈએ અને આશય હોય, તો તે મોક્ષ સિવાયનો કોઈ જ ન હોવો જોઈએ. કાં ધર્મનો આશય, કાં મોક્ષનો આશય, પણ બીજો કોઈ આશય નહિ.

હાથીના જીવમાં આપણે જોયું કે, મોક્ષનો આશય નહોતો, પણ એને ધર્મનો આશય તો હતો જ. કારણ કે એને દયાનો આશય હતો અને તેમાં કોઈ સ્વાર્થનો ખ્યાલ સરખોય નહોતો. એ ધર્મના આશયથી જ એણે કષ્ટ વેઠ્યું હતું. એટલે ધર્મમાં કાં ધર્મનો આશય જોઈએ, કાં મોક્ષનો આશય જોઈએ. પછી તો એવી દશા આવે કે, ભોગાદિમાં પણ મોક્ષનો આશય આવી જાય. ભોગાદિમાંય ભોગનો આશય નહિ ને મોક્ષનો આશય, એ અવસ્થા પણ સંભવિત છે. એ અવસ્થા ત્યારે આવે કે, જ્યારે એક મોક્ષ જ જોઈતો હોય અને મોક્ષને માટે ધર્મ જ જોઈતો હોય. ધર્મ સિવાયનું કાંઈ જ કરવાનું મન હોય નહિ. માગી માગીને ધર્મ કરે અગર ધર્મ કરીને માગે, એ ધર્મ આવું પરિણામ નિપજાવી શકે નહિ. તો ધર્મ મુક્તિ માટે જ થાય, એવી શ્રદ્ધા છે ? એ ધર્મ જ્યાં સુધી પૂરો સેવાઈ શકે નહિ, ત્યાં સુધી તો ધર્મ સેવનારા જીવને મુક્તિ મળે નહિ ને ? અને જ્યાં સુધી ધર્મ પૂરો સેવાઈ શકે નહિ, ત્યાં સુધી મુક્તિ મળે નહિ, એટલે મુક્તિ મળે નહિ ત્યાં સુધી સંસારમાં રહેવું પડે, એ તો ખરું જ ને ? એમ જીવને સંસારમાં રહેવું પડે, તો ધર્મ એની ચિન્તા કરે. સંસારમાં શું મળશે ને શું નહિ મળે, તેની ચિન્તા ધર્મ કરનારને કરવી પડે નહિ. ધર્મ જ એની ચિન્તા કરે. એવા ધર્મથી નિર્જરા થવા ઉપરાન્ત પુણ્યાનુબંધી પુણ્ય જ બંધાય અને તે જીવને સંસારમાં જ્યાં સુધી રહેવું પડે તેમ હોય, ત્યાં સુધી એ પુણ્ય સુખની ને સારપની સામગ્રી પમાડ્યા કરે. પણ એ જીવ કેવો હોય ? કશામાં મુઝાય નહિ એવો !

શ્રીમતી સરોજબેન શશીકાંત મેરગ ગલૈયા પરિવાર
કાકાભાઈ સિંહાણ,
હાલ લંડન.
The Stables Cardccore Lane, Bushy (U.K.)

દિવાળી એક જ

ભગવાન મહાવીરનો મોક્ષ
શ્રી ગૌતમ સ્વામીજીને કેવલજ્ઞાન

(રતીલાલ ડી. ગુડકા, રાસંગપુર નિવાસી : હાલ લંડન)

ભગવાનનું છેલ્લું ચોમાસું પાવાપુરીમાં હસ્તિપાળ રાજાની વિનંતીથી હસ્તિપાળ રાજા છઠ્ઠ લઈ પૌષધમાં બેસી ગયા પ્રભુનો પરિવાર બસ પ્રભુ મોક્ષમાં જવાના છે પછી અમૃતના ઘુંટડા કોણ પાશે - પ્રિય મધુરી વાણી કોણ સંભળાવશે કોણ સાચું સમજાવશે કોણ ઉગારશે - અઢાર દેશના રાજાઓ પણ પૌષધ લઈને પ્રભુ પારો બેસી ગયા એમને શું આપણી જેમ કામ નહિં હોય, એમને અભિનંદન દેવા જાવું નહિં હોય શું ? પ્રભુએ દીક્ષા લીધી ત્યારે છઠ્ઠ હતો - અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે છઠ્ઠ અને નિર્વાણ સમયે પણ છઠ્ઠ તપ હતો. ભાગ્યશાળી તપસ્વી આત્માઓએ લંડન, કેન્યા અને ભારતમાં ખૂબ જ છઠ્ઠ અઠ્ઠમ તપ હશે - પાવાપુરીમાં ભગવાન દેશના આપી રહ્યા છે ત્યારે ભગવાનની સામેજ ચીત રાખી મીટ માંડી બધા સાંભળે છે. ઉઠવાનું મન નથી થાતું. વીર પરમાત્માનો જન્મ-(૪) થા ચોથા આરાના ૭૪ વર્ષ-૮ મહિના ૧૫ દિવસ બાકી હતા ત્યારે ભારતમાં ક્ષત્રિયકુંડ ગ્રામમાં થયેલ હતું. ભગવાનના માતાપિતા દેવલોક ગયા બાદ ભગવાને ત્રીશ વર્ષની ઉંમરે દીક્ષા લેવામાં ઓતપ્રોત બન્યા છે. દીક્ષા સમયે કંઠમાં નવસરો હાર હાથમાં બાજુ બંધ, મસ્તકનો મુગટ, કેડનો કંદોરો વીંટી-સઘળું ત્યાગી પંચમુષ્ટી લોચ ભગવાન કરે છે. ભગવાનના મસ્તકના વાળ હીરા રત્નોના થાળમાં ઈન્દ્ર મહારાજા લીએ છે. અને ગમે તેવા સમયમાં સાધનામાં મક્કમ રહેવું, -કાયાને વોસીરાવી દીધી, દીક્ષા લીધીને ઉપસર્ગો આવ્યા, પ્રભુએ તેને વધાવ્યા-દીક્ષા પછી તરત જ ઉપસર્ગની શરૂઆત થઈ ગઈ. પહેલું જ ઉપસર્ગ ગોવાળી આથી શરૂ થયો અને ઈન્દ્રે વિનંતી કરી પ્રભુને કે પ્રભુ મને આપના શરણમાં રહેવા દોઓ - પ્રભુએ કીધું કોઈ નાથ સહાયથી કોઈ આત્મા મુક્તિ પામી નથી શકતો. માર્ગમાં કંટક ઝંઝાવાતો બહુજ આવશે પ્રભુએ-ઉપસર્ગો પરિસહ સહન કર્યા પ્રહારના બદલે પ્રહારો પાણીના બદલે માર-કટુ શબ્દોનો વરસાદ-સંગમ દેવનો ઉપસર્ગ- પ્રભુના પગનો ચૂલો કરી ખીર રાંધવી અને છેલો ઉપસર્ગ ગોવાળીઆથી પૂર્ણ થાય છે. પ્રભુએ એકલાએ સંયમ લંધું.

મહાવીર સ્વામી સિવાયના ત્રેવીસ તીર્થંકરો સાથે રાજા મહારાજાઓએ દીક્ષા લીધી છે. ભગવાન મોક્ષમાં એકલા જ ગયા. પણ આપણા માટે વિયોગ પણ દિવાળી પર્વ-દીપાવલી આત્માને દીપાવવા તપ જપ ધ્યાન ગરણું દેવવંદન પૌષધ અને ભક્તિના નાદથી આત્મામાં વિશેષ જ્ઞાન દિપક પ્રગટે છે. આત્મ જ્યોત પ્રગટે છે. દિવાળી પર્વ દીપાવવા માટે છે આત્મામાં સાચા સમ્યક્જ્ઞાનના દિવા પ્રગટાવવા માટે છે. દિવાળી દીવાળે દીપાવે તેનું નામ દિવાળી - દીપાવે - (દીક્ષા) દી એટલે દીક્ષા - પા- એટલે - પાવનકારી-વે -વેર વિરોધ વિસારી વૈરાગ્યથી - દીપાવે. બાકી આજકાલ દિવાળી જેવા પવિત્ર દિવસોમાં પણ ફટાકડાના નામે ચૌદશ જેવા ચારિત્ર તિથીમાં અમાવાસ્યા દિવાળી જેવા દિવસોમાં દારૂ ગોળાથી હિંસા થઈ રહી છે અને કેવાનો આશય એ છે કે આવા પવિત્ર દિવસોમાં ભવ્યાત્માઓ મુમુક્ષુ આત્માઓ જેઓ-સમજે છે કાંઈક પણ જ્ઞાન અનુભવે છે પ્રભુ દર્શન કરનારો પ્રભુના ધામમાં બેસનારો પ્રભુના શરણમાં શીષ ઝૂકાવનારો કદી પણ અઘટિત કાર્યના કરે - એટલે દરજ્જે કોઈ ઓઈ જગ્યાએ

બની રહ્યું કેતાં બને છે કે ખુદ પરમાત્માની બાજુમાં જ પરમાત્માના સ્થાન બાજુમાં જ ફટાકડા ફોડાતા હોય છે. અને બધા સાથે મળીને ફોડવાથી ઉલટું વાઉકાઉ જીવોનું અગ્નિકાય જીવોનું કચરઘાણ નિકળી જાય છે એક જીવને બચાવવાથી અનંતો લાભ છે અભયદાન દીધું કેવાય - માટે મુમુક્ષુ ભવ્યાત્માઓ સમજો ચેતો એમાં આબાદી કોઇ નથી બલ્કે બરબાદી છે. ત્યાં લાભ નથી, ગેરલાભ છે. કેવાનો ઉદ્દેશ એક જ છે કે થોડા આનંદ માટે - કર્મના ગંજ ખડકાય જાય છે - ચેતો સમજો - સમજાય ત્યાં સાચું જ્ઞાન - સાચી સમજણ એનુ નામ ધર્મ - સૂક્ષ્મક યના જીવો આંખે દેખાતા ના હોય અને ત્યાં જરૂર વગરની કાર્યથી હિંસા થઈ જાય માટે અનંતો દોષ - જૈન - ત્યારેજ કેવાય કે જે જીતે તે જૈન-જાણે તે જૈન-દરેક જીવોને શાંતિ ગમે છે-દુઃખ કે મરણ કોઈને ગમતું નથી. વળી આ દારૂગોળાથી કોઈવાર આણધાર્યું ન ધાર્યું બની જાય કોઈ એમાં સપડાઈ કોઈવાર મોટું નુકશાન પણ થઈ જાય અને ક્યાંય એવો તણખો પડી જાય કે જ્યાં આગ ઉત્પન્ન થઈ જાય આમાં ઘણા જ -લાભો છે જો આ છોડવામાં આવે તો-ધનનો લાભ-ધર્મનો લાભ-સ્વદયાનો લાભ-પ્રભુ આજ્ઞાનો અનંતો લાભ મળે છે. દિવાળીના દિવસે એટલે કે આસોવદ ૦)) અમાવાસ્યાના સાંજના (સમી સાંજે) પ્રભુ નિર્વાણ પામ્યા હતા. અને ભગવાનનો નિર્વાણ મહોત્સવ ઉજવવા દેવો દેવલોકમાંથી આવ્યા હતા. દેવોએ મેરઈઅ મેરઈઆ એવા શબ્દોના નાદથી આકાશ ગજવ્યું મૂક્યું હતું દીવા પ્રગટાવ્યા ત્યારથી આપણે દિવા દિવાળીના દિવસે ઝગમગતા રાખીએ છીએ આ સમયે અંતિમ ક્રિયા દેવો કરે. દેવો ભક્તિ ખૂબ કરી શકે અને ભક્તિમાં તરબોળ બની ઉત્સવ ઉજવે એમના પૂન્યથી લબ્ધિથી એ બધું કરી શકે, પણ બે ઘડી વિરતીમાં ન-આવી શકે. આ પ્રસંગે-ભગવાનના નિર્વાણ સમયમાં સાથે સંકડાયેલો પ્રસંગ-ભગવાનના- મુખ્ય ગણધર અને પરમાત્માના શિષ્ય ગૌતમ સ્વામીને પ્રભુ મહાવીર ઉપર અનહદ રાગ હતો. એક બંધન હતો એક સાંકળ હતી પ્રભુમહાવીરે પોતાનો અંતિમ સમય નજીક જાણી પાસેના ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા મોકલ્યા. જેથી ભગવાન નિર્વાણ જન્ય વિરહને સહી શકે, અને સ્નેહની સાંકળ તૂટે, સ્નેહરાગ પણ તોડવો અઘરો છે-રાગનું બંધન છે. ગૌતમ સ્વામી દેવશર્માને પ્રતિબોધી પાછા વળે છે તેઓએ માર્ગમાં દેવો મનુષ્યો પાસેથી પ્રભુજીના નિર્વાણ સમાચાર સાંભળ્યા-તરતજ બેબાકળા બની ગયા ક્ષણવાર ચેતના ચાલી ગઈ. મહાશોકમાં ડૂબી ગયા. અહોદયાના સમુદ્ર ભગવંતે આ શું કર્યું. જીવન પર્યંત હું પડછાયાની જેમ સાથે રહ્યો ને અંત સમયે મને છેટો મોકલ્યો ? હું સાથે આવત તો આપણને કષ્ટ ન આપત ને મોક્ષમાં કાંઈ સંકડાશ ન થાત. ઓ સકલ ગુણભંડાર ! ઓ ત્રિભુવન દિવાકર ! હવે હું કોને પૂછીશ ? ને મને ગૌતમ - ગૌતમ કહી કોણ બોલાવશે અને તેઓ મહાવીર ? કરતાં રડી પડયા. છેવટે તેઓ વી... વીનો ઉચ્ચાર કરતાં તેઓ બીજ બુદ્ધિના ધણી સર્વશાસ્ત્ર અને તેના અર્થને ધારણ કરવાની મહાપ્રજ્ઞાવાળા વી શબ્દથી સ્મૃતિ થઈ. વિતરાગ, વિબુદ્ધ વિષયત્યાગી, વિજ્ઞાનમય, વિકાર જેતા, વીત દ્વેષી, વિશિષ્ઠ, શ્રેષ્ઠ, વિશ્વપતિ, વિગતમોહી ઈદયાદી શબ્દનું ઉંડાણથી અવલોકન કરતાં ભાવનાં ભાવતાં તેમને સર્વથા મોહનો ક્ષય થતાં તરત જ ત્યાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આનંદઘેલા દેવોએ તરત સુવર્ણકમળ રચી તેમને બિરાજમાન કર્યા. ધર્મદેશના સાંભળી સૌ કૃતાર્થ થયા. આમ એકજ રાત્રે કેતાં સમી સાંજના અને વ્હેલી સવારે બે કલ્યાણક છે. પ્રભુ મહાવીરનું નિર્વાણ કલ્યાણક અને પ્રભુમહાવીરના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીનું કેવળજ્ઞાન આમ આ દિવસ અને રાત્રે ભક્તિ ભાવથી તન મન ધનથી આત્મામાં લીન થઈ આરાધવાનું છે. ●

પ્રખર ચારિત્રપાલક : મહાન શાસનસ્તંભ વીસમી સદીના જૈનશાસનના રાજા

પૂ. ગણિવર્ય શ્રી મુક્તિવિજયજી (મૂલચંદજી) મહારાજ

સ્પષ્ટ વક્તા, નીડર પ્રચારક અને સાહસવીર સાધુવર્યને આબાલવૃદ્ધ સૌ ગચ્છાધિરાજ તરીકે તથા વીસમી સદીના જૈનશાસનના રાજા તરીકે ઓળખાવતા તે પૂ. ગણિવર્ય શ્રી મુક્તિવિજયજી (મૂળચંદજી) મહારાજ જૈનશાસનના ગગનમાં એક તેજસ્વી તારલા હતા.

પૂ. મૂળચંદજી મહારાજનો જન્મ પંજાબમાં શિયાલકોટમાં વિ. સં. ૧૮૮૬ માં ભાવડા જૈન જ્ઞાતિમાં ઉપકેશ વંશમાં બરડ ગોત્રમાં થયો હતો. તેમના પિતાનું નામ સુખા શાહ અને માતાનું નામ બકોરાબાઈ (મહતાબદેવી) હતું. બાળક મૂળચંદ નાનપણથી જ બહુ તેજસ્વી હતા. દેખાવે શક્તિશાળી અને પ્રતિભાશાળી લાગતા. નાનપણથી જ વ્યાવહારિક શિક્ષણ સાથે સ્થાનકમાં જવાની ટેવ પાડી. સામાયિક કરે, પ્રતિક્રમણ કરે અને 'થોકડા'નો મુખપાઠ કરે. આગળ જતાં, સાધુઓનો પરિચય પ્રગાઢ થતાં નિયમ લેવાની ઇચ્છાઓ જાગી. અને એક સમય એવો આવ્યો કે તેમને દીક્ષા લેવાની ભાવના થઈ. માતાપિતાએ પ્રસ્તાવને સહર્ષ અનુમોદન આપ્યું. સોળ વર્ષની ઉંમરે સં. ૧૯૦૨ માં ઋષિ બુટેરાયજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષા ગ્રહણ કરી.

શ્રી બુટેરાયજી મહારાજ અને મૂળચંદજી મહારાજ બંને ગુરુશિષ્ય - ઘણી ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા હતા. એને લીધે શાસનમાં પેસી ગયેલી મર્યાદાઓ અને કુરીતિઓ નાબૂદ થઈ શકી. જિનપ્રતિમાની પૂજા કરવી કે નહીં, તથા મુહપત્તિ બાંધવી કે નહીં, તે વિશે સમાધાન ન થતાં સં. ૧૯૦૩ માં પંજાબમાં રામનગરમાં મુહપત્તિનો દોરો તોડી નાખ્યો. એથી સંઘમાં ઘણો ઊહાપોહ થયો. પરંતુ પોતાની શંકાના સમાધાન માટે બુટેરાયજી મહારાજ પોતાના બે શિષ્યો - શ્રી મૂળચંદજી અને શ્રી વૃદ્ધિચંદજી - સાથે એક હજાર માઈલ કરતાં પણ વધુ અંતરનો કઠિન અને ઉગ્ર વિહાર કરીને પૂ. મણિવિજયજી દાદા પાસે અમદાવાદ આવ્યા. તેઓશ્રીના સત્સંગથી અત્યંત પ્રભાવિત થઈને, ત્રણેએ પૂ. દાદા પાસેથી ફરી સંવેગી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. શત્રુંજ્ય મહાતીર્થની યાત્રા કરીને સં. ૧૯૧૨ માં અમદાવાદમાં આવીને ત્રણેએ સંવેગી દીક્ષા લીધી. શ્રી બુટેરાયજીનું નામ બુદ્ધિવિજયજી, શ્રી મૂળચંદજીનું નામ મુક્તિવિજયજી અને શ્રી વૃદ્ધિચંદજીનું નામ વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યું.

ગુજરાતમાં એ સમયે સાચા ત્યાગી-સંવેગી સાધુઓની સંખ્યા ઘણી જ ઓછી થઈ ગઈ હતી. કઠિન સાધનામાર્ગ અને પ્રતિકૂળ સંજોગોને કારણે સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન તેમજ પંજાબમાં કુલ મળીને પચીસથી ત્રીશ જેટલા જ સંવેગી સાધુઓ છૂટા છવાયા વિચરતા હતા. યતિ અને શ્રીપૂજ્યની સંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હતી. મોટાં નગરોમાં તેઓનું બળ પણ ઘણું વધ્યું હતું. પંજાબથી આવેલા આ ત્રણ સાધુમહારાજોએ જૈન સાધુસમાજમાં એક ક્રાંતિકારી પગલું ભર્યું, અને એને લીધે શ્રી બુટેરાયજી મહારાજ સંવેગી દીક્ષા ધારણ કરી જ્યારે પંજાબમાં પાછા ફર્યા ત્યારે ત્યાં ઘણો ખળભળાટ મચી ગયો. પરંતુ, તેઓશ્રીના પ્રભાવથી પંજાબના વતની અને જન્મે બ્રહ્મક્ષત્રિય એવા આત્મારામજી મહારાજ અને એમની સાથે ૧૮ સાધુઓ પણ પંજાબમાંથી વિહાર કરીને ગુજરાતમાં આવ્યા અને સંવેગી દીક્ષા ધારણ કરી. આમ, પંજાબી સાધુઓનો ગુજરાત પર મોટો ઉપકાર થયો. શ્રી બુટેરાયજી, મૂળચંદજી અને વૃદ્ધિચંદજી મહારાજને લીધે આજે સંવેગી સાધુઓની સંખ્યા અઢી હજાર કરતાં વધુ થઈ ગઈ છે. એટલે કે એક સૈકામાં સંખ્યા ગણી વધી ગઈ છે ! અને તે માટે ગુજરાત પંજાબી સાધુઓનું હંમેશા ઋણી રહેશે.

શ્રી મૂળચંદજી મહારાજ અનુશાસનના આગ્રહી હતા. ઉપરાંત, શાસનની સતત સેવના રાખનારા હતા. તેઓશ્રીએ જોયું કે, સાધુ વગર શાસનનો ઉદ્ધાર નથી. એ માટે જેમ બને તેમ વધુ દીક્ષાઓ થવી જોઈએ. પરંતુ સ્વજનોની સંમતિ નહીં મળવાથી દીક્ષા લેવાનો માર્ગ અત્યંત દુષ્કર બની રહેતો. એ માટે પૂ. મૂળચંદજી મહારાજે નગરશેઠ પ્રેમાભાઈ સાથે મળીને યોજના કરી કે, એવા દીક્ષાર્થીઓને ગુજરાતમાંથી પંજાબમાં પૂ.

આત્મારામજી પાસે મોકલવા અને પંજાબના આવા દીક્ષાર્થીઓ ગુજરાતમાં પૂ. મૂળચંદજી પાસે આવીને દીક્ષા ગ્રહણ કરે. આ યોજનાથી થોડાં જ વર્ષોમાં સાધુઓની સંખ્યામાં ખૂબ વધારો થયો. આ કાર્યમાં ખૂબ રસ હોવા છતાં પૂ. મૂળચંદજી મહારાજ નવદીક્ષિતોને પોતાના શિષ્ય તરીકે સ્થાપવામાં સાવ નિર્મોહી હતા. નવદીક્ષિતોને શ્રી બુટેરાયજી અથવા શ્રી વૃદ્ધિચંદજીના જ શિષ્ય સ્થાપતા. તેમ છતાં, શ્રી વૃદ્ધિચંદજી મહારાજના આગ્રહને વશ થઈને તેમણે કેટલાક શિષ્યો બનાવ્યા, જેમ શ્રી હંસવિજયજી, શ્રી ગુલાબવિજયજી, શ્રી કમલવિજયજી, શ્રી ચોથમલજી, શ્રી દાનવિજયજી આદિ મુખ્ય છે.

પૂજ્યશ્રી એ સંઘની વારંવાર વિનંતી હોવા છતાં આચાર્યની પદવી લેવાની ના પાડી હતી. જીવનભર ગણિ જ રહ્યા. તેમ છતાં, તેઓશ્રીની તપશ્ચર્યા ઉગ્ર જ રહી; શાસનપ્રભાવના અત્યંત પ્રભાવશાળી જ રહી. દરરોજ ઓછામાં ઓછા ત્રણ કલાક ધ્યાન કરતા. શિસ્તના આગ્રહી હોવાને લીધે શિષ્યોમાં પણ નિયમપાલન, કાર્યશક્તિ અને સંઘવ્યવસ્થાના ગુણોનો વિકાસ થતો. શિષ્યો પ્રત્યે અપાર વાત્સલ્યભાવ હોવા છતાં, એમના દોષ કે મર્યાદાના સમયે એમને દંડ આપવામાં અચકાતા નહીં. એમના શિષ્યો-ઉત્તમવિજયજી, ભક્તિવિજયજી, મોતી વિજયજી મહારાજને પૂજ્યશ્રીની કડક આચારસંહિતાનો પરિચય થયો હતો. તેઓશ્રી સ્પષ્ટ વક્તા અને નીતિવ્યવસ્થાપક હતા. એથી તેઓશ્રી સાથે વાદ-વિવાદ અને ઊહાપોહ થયાનાં અનેક દૃષ્ટાંતો બન્યાં હતાં. તેમની કુટુંબની સંમતિ વગર દીક્ષા આપવાની પદ્ધતિ સામે અમદાવાદમાં વિરોધ થયો હતો ત્યારે તેમણે અનેક દૃષ્ટાંતો દ્વારા સિદ્ધ કરી આપ્યું હતું કે માબાપમાં સંસ્કાર, સમજણ અને શાસનપ્રીતિનો અભાવ હોય ત્યારે આવાં પગલાં જરૂરી બની રહે છે. તે સમયની તેમની દલીલોથી સકળ સંઘ વિચારમાં પડી ગયો હતો અને સમસ્ત વિવાદ શમી ગયો હતો.

તેઓશ્રી દીક્ષા આપવામાં જેટલા ઉત્સાહી હતા તેટલા જ પદવી આપવામાં કડક હતા. તેમના એક શિષ્ય-દર્શનવિજયજી મહારાજે યોગવહનની ક્રિયા કરી લીધી હતી; એમને પદવી આપવા માટે શેઠ શ્રી પ્રેમાભાઈ અને શ્રીસંઘે વિનંતી કરી ત્યારે પૂજ્યશ્રીએ શ્રી દર્શનવિજયજી મહારાજની અનેક કસોટી કર્યા પછી, તેઓ યોગ્ય જણાતા, તેમને પદવી આપવા સંમતિ દર્શાવી હતી.

પૂ. શ્રી મૂળચંદજી મહારાજે અમદાવાદ, પાલીતાણા આદિ સ્થળોમાં યતિઓશ્રીપૂજોનું જોર હતું તે તોડી નાખ્યું. તેમને વંદન કરવાનું, તેમના સામૈયામાં જવાનું, તેમની પાસેથી પદવી લેવાનું બંધ કર્યું. તેમના સ્થાપનાચાર્ય ઉપર છેવટે રૂમાલ ઓઢાડવાનું પણ ન સ્વીકાર્યું. પાલીતાણામાં તો યતિઓનું એટલું જોર હતું કે સાધુઓ પાલીતાણામાં આવી, છાનામાના યાત્રા કરીને ચાલ્યા જતા. એવે સમયે શ્રી મૂળચંદજી મહારાજે દર્શનવિજયજી મહારાજને ચાતુર્માસ માટે પાલીતાણા મોકલ્યા. શ્રી દર્શનવિજયજી મહારાજ વાદમાં અને પ્રવચનમાં એટલા પારંગત હતા કે યુવાનવર્ગ યતિઓ પાસે જવાને બદલે એમની પાસે જવા માંડ્યો. યતિઓએ એમને સંઘ બહાર મૂકવાની ધમકી આપી. પરંતુ ઘણા યુવાનો અડગ રહ્યા. અને અંતે જેમને જ્યાં જવું હોય ત્યાં જવાની છૂટ મળી. આમ, યતિઓનું જોર ઓછું થયું. તે પછી ખુદ મૂળચંદજી મહારાજે જે પાલીતાણામાં પધારીને ભક્તિસંગીત તેમજ વિવિધ રાગરાગિણીમાં પૂજા ભણાવવાનો પ્રચાર કરીને લોકોનાં દિલ જીતી લીધાં. એમને પોતાના અનુયાયીઓ માટે 'સંઘ' શબ્દ વાપરવો અનુકૂળ ન લાગ્યો, એટલે એમને માટે 'મોટી ટોળી' એવો શબ્દ પ્રયોજ્યો. એ વર્ષે 'શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી' ની સ્થાપના થઈ, જે આજે પણ ચાલુ છે.

શ્રી મૂળચંદજી મહારાજ તર્કબદ્ધ દલીલોથી સામેની વ્યક્તિને સમાધાન કરાવવામાં કુશળ હતા. એક વખત એક માણસે તેમને કહ્યું કે, વૃદ્ધિવિજયજી મહારાજ ઠલ્લે જઈ આવી ઘણું પાણી વાપરે છે. અને આપ બહુ ઓછું વાપરો છો. આમ કહેવા પાછળ પેલાનો ઈરાદો એક સાધુની બીજા સાધુ પાસે નિંદા કરાવાનો પણ હતો. પરંતુ મૂળચંદજી મહારાજે કહ્યું કે, 'ભાઈ, પૂર્વજન્મનાં સંસ્કારો જલ્દી જતા નથી. ગયા જન્મમાં વૃદ્ધિવિજયજી બ્રાહ્મણ હતા, એટલે પાણી ઉપર વિશેષ પ્રીતિ રાખે એ સ્વાભાવિક છે; જ્યારે હું મુસલમાન હતો, એટલે પાણી ઓછું વાપરું છું; અને તું ચમાર હતો, એટલે તું માણસના આત્માને જોવાને

બદલે ચામડાં ચૂંથવામાં વધુ રસ ધરાવે છે !' મહારાજની આ સ્પષ્ટતાથી પેલો ચૂપ થઈ ગયો !

સામાન્ય માનવીને તો ઠીક; પણ કોઈ વિશેષ વ્યક્તિને ય સાચું સંભળાવી દેવામાં પૂજ્યશ્રી અચકાતા નહીં. એવી જ રીતે, પોતાની જ નહીં, કોઈ પણ સાધુની કે શાસનની ખોટી ટીકા સહન કરતા નહીં. અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈએ એવી ટીકા કરી કે, ''આપણો તો બધો સમય બજારમાં ક્યાં વીતી જાય છે એની ખબર જ પડતી નથી; પણ આપણા સાધુઓનો આખો દિવસ ઉપાશ્રયમાં કેમ પસાર થતો હશે ?'' શેઠની આ ટીકા મૂળચંદજી મહારાજ પાસે આવી ત્યારે તેમણે શિષ્યોને આજ્ઞા કરી કે આજે મારું વ્યાખ્યાન ગમે તેટલું થાવે તો ય મને સમયની યાદ અપાવશો નહીં. અને અધ્યાત્મનો સરસ વિષય શોધીને ત્રણ સામાયિક કરતાં પણ વધુ સમય સુધી વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાન પૂરું થયું ત્યારે શેઠ બોલ્યા કે, ''ગુરુ મહારાજ ! આજે અધ્યાત્મની વાતોમાં એટલો બધો રસ પડ્યો કે સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર જ ન પડી !'' ત્યારે ગુરુ મહારાજે કહ્યું, ''પ્રેમાભાઈ ! તમે તો કોઈક દિવસ જ આવી અધ્યાત્મની વાતોમાં રસ લેનારા, જ્યારે અમે તો રાત-દિવસ આવી ઊંડી વાતોમાં રસ લેનારા છીએ. અમારો સમય ક્યાં પસાર થઈ જાય છે એની તો અમને ખબર રહેતી નથી; પણ અમને રાત-દિવસનો સમય ઓછો પડતો હોય છે એનું ઘણું દુઃખ રહે છે !'' આ સાંભળીને પ્રેમાભાઈ અવાક્ થઈ ગયા ! એમણે પોતાની ટીકા માટે મહારાજશ્રીની ક્ષમા માંગી.

એવી જ રીતે, એક જમાનામાં મહેસાણામાં સાધુઓને સુક્કો રોટલો અને થોડું પાણી વહોરાવવાની પ્રથા થઈ પડેલી. પરિણામે કોઈ સાધુ મહેસાણા જવાનું પસંદ કરતાં નહીં. પૂજ્યશ્રીને આ વાતની ખબર પડી. તેમણે શ્રી દેવવિજયજી મહારાજને ચાતુર્માસ માટે મહેસાણા મોકલ્યા. એમને આજીવન નાયંબીલ વ્રત હતું. તેઓ લુખ્ખો-સુક્કો નીરસ આહાર લઈને હંમેશા ભગવતીસૂત્ર સમજાવતા રહ્યા. પરિણામે લોકોને સાધુઓના શુદ્ધ આહારપાણી, સાધુભક્તિ સુપાત્રદાન આદિ વિષયો વિશે ઊંડી સમજણ પ્રાપ્ત થઈ. અને વહોરાવવાની પ્રથામાં ફેરફાર થયો.

આવા પ્રખર ચારિત્રપાલક સાધુભગવંત મૂળચંદજી મહારાજ સં. ૧૯૪૪નું ચોમાસું પાલીતાણામાં, ગિરિરાજ શત્રુંજયની છાયામાં, વીતાવતા હતા ત્યારે તેઓશ્રીની તબીયત બગડી. પગમાં ઊઠેલો ફોલ્લો મટ્યો નહીં. છાતીમાં દર્દ થવા માંડ્યું. શ્રી વૃદ્ધિચંદજી મહારાજ અને ભાવનગર સંઘના આગેવાનોની વિનંતીથી શિષ્યપરિવાર સાથે ભાવનગર પધાર્યા. વૃદ્ધિચંદજી મહારાજ ખડે પગે વૈયાવચ્ચ કરવા લાગ્યા. સં. ૧૯૪૭ના માગશર વદ ૬ને દિવસે બપોરે ૩-૨૦ કલાકે ૭૯ વર્ષની વયે પૂજ્યશ્રીએ દેહ છોડ્યો. ભાવનગરના સંઘે દાદાસાહેબના પ્રાંગણમાં તેમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો. અને ત્યાં જ આ મહાન પ્રભાવકનું સમાધિમંદિર બંધાવ્યું. તેઓશ્રીને અંજલિ આપતાં શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજે લખ્યું છે :

''ગુરુ બ્રહ્મચારી ધર્મધોરી મહાવ્રતી ગુણપાવના,
પંજાબપાણી સકલવાણી મહાજ્ઞાનં શુભમના;
શ્રી જૈનશાસન એકછત્ર સુરાજ્ય શાશ્વક મંડના,
તે મુક્તિવિજય ગણીન્દ્ર ગુરુનાં ચરણોમાં હો વંદના !''

(સંકલન : રમણલાલ ચી. શાહ, 'મનુષ્યજીવનનાં મોતી' પુસ્તક.)

● વર્તમાનકાલીન પ્રતાપી પુરૂષ

● સંકલન : પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ.

● પૂ. આ. શ્રી કનક સૂ. મહારાજ

● કાનજીભાઈમાંથી પૂ. આ. કનક સૂરીશ્વરજી મહારાજની જીવન યાત્રામાં પૂ. શ્રી જિતવિજયજી દાદાના વારસાને અપૂર્વ વિકસાવી, શાસનના સન્માર્ગની રક્ષામાં સહાયક બની, પ્રભાવક બનેલા પૂ. આચાર્ય ભગવંતને કોટિશઃ વંદનાવલી !

સિદ્ધ પુરુષ આચાર્ય પાદલિપ્તસૂરિ

ડો. કલા શાહ

અયોધ્યાનગરીમાં પડીમા શ્રાવિકાના પુત્રે આઠ વર્ષની ઉંમરે નાગહસ્તી સૂરીની પાસે દીક્ષા લીધી હતી. એક વખત તે શિષ્ય કોઈ શ્રાવકના ઘેરથી ચોખાનું ધોવાણ વહોરી લાવ્યો અને ગુરુને દેખાડ્યું. ગુરુએ કહ્યું, ''તું ભલે આ લાવ્યો પણ આની લોચના તું જાણે છે ? અંહીયા ગુરુના પૂછવાનો ભાવ એ હતો કે આ ધોવાણ કેટલીકવાર સચિત હોય છે અને કેટલીકવ ર અચિત હોય છે. માટે આ ધોવાણ વિચાર કરીને લ વ્યો છે ને ? જો વિચાર્યા સિવાય લાવ્યો હોય તો તેની આલોયણા કરવી પડશે.

અહીં આ આલોયણા એટલે એક જાતની શિક્ષા એવો છે.

પણ શિ ય તો વ્યાકરણના અર્થમાં વિચારવા લાગ્યો. એટલે એણે માન્યું કે આલં યણા એક નામ છે અથવા તો વિચાર વાની ક્રિયા છે. એટલે તેણે ગુરુને કહ્યું.

''હા મહ રાજ ! રાતા કમલના પત્ર જેવા જેનાં નેત્ર છે, પ્રફુલ્લિત પુષ્પ કળીઓ જેવી જેની દાંતની પંક્તિઓ છે, એવી નવી પરણેલી જુવાન સ્ત્રીએ નવી ડાંગરના તુરંતના છેડવા ચોખાના ધો વરામણનું ઠારેલું પાણી અને ઘણાં ભાવપૂર્વક વહોરાવ્યું છે.

આ પ્રકારનો જવાબ સાંભળી ગુરુ કોપાયમાન થઈ ગયા અને ક્રોધિત થઈ બોલી ઉઠ્યા:

''જા જા પલિત (પાપથી ખરડાયેલા).''

આ સાંભળીને શિષ્યે ગુરુની પાસે આવીને કહ્યું:

''મહારાજ આપે મને જે આશીર્વાદ આપ્યા તેમાં એક અક્ષર અને એક કાનાનો વધારો કરો. જેથી હું પાયલિત થાઉં. (પાયલિત એટલે પત્રમાં લેપ કરવાથી ઉડવાની શક્તિ આવે એવો)

ગુરુ મહારાજ આ શિષ્યની બુદ્ધિ જોઈ રીસ કરવાને બદલે ગુરુ તેના પર પ્રસન્ન થયા અને તેને વિદ્યા આપી. એટલું જ નહીં પણ છેવટે તેની યોગ્યતા જોઈ તેનું નામ 'પાદલિપ્તાચાર્ય' સ્થાપન કરી તેને આચાર્યપદ આપ્યું.

પાદલિપ્તાચાર્ય ગુરુકૃપાથી મહાવિચક્ષણ થયા અને વિહાર કરતાં કરતાં એકવાર તેઓ ખેડા નગરે આવ્યા.

ત્યાં રહી તેમણે ચાર સિદ્ધિઓ પ્રાપ્ત કરી. (૧) જીવાજીવોત્પત્તિ પ્રાભૃત (૨) વિદ્યા પ્રાભૃત (૩) સિદ્ધ પ્રાભૃત (૪) નિમિત્ત પ્રાભૃત.

આવી કેટલીક વસ્તુઓનાં યોગ મેળવી પગે લેપ કરવાથી આકાશમાં ઊડવાની શક્તિ તેમણે મેળવી તેથી તેઓ દરરોજ પાંચે તીર્થની યાત્રા કરીને આવ્યા પછી જ આહાર પાણી કરતા. આવી વિદ્યાઓથી તેમની તથા જૈન શાસનની ઘણી ઉન્નતિ થવા લાગી. તેથી તેઓ મોટા સિદ્ધ પ્રભાવક ગણાવા લાગ્યા.

વિહાર કરતાં કરતાં પાદલિપ્તસૂરી ઢાકામાં આવ્યા. ત્યાં નાગાર્જુન નામના યોગીએ પોતાના કળા કૌશલ્યથી ઘણાં લોકોને મોહિત કર્યા હતા. એવો આ નાગાર્જુન યોગી આકાશગામી વિદ્યા શીખવા માટે કપટથી તેમનો શ્રાવક બન્યો. તે દરરોજ આવીને તેમને વંદન કરવાના બહાને પગને સ્પર્શ કરી સૂંઘી સૂંઘી એક એક ઔષધી ધારી લેતો. આમ કરતાં કરતાં તેણે એકસો ને સાત ઔષધી ઓળખી લીધી. તેની મેળવણી કરી પગમાં લેપ કરીને ઉડવા લાગ્યો. તેનાથી થોડુંક ઉડાયું ખરું પણ તે કૂકડાની જેમ પાછો જમીન પર પડી જતો તે દરરોજ એક બે વાર ઊડી ઊડીને પડતો. તેથી તેના પગમાં તેમજ ગોઠણ ઉપર ઘા પડ્યા. તે જોઈને પાદલિપ્તસૂરિએ તેને પૂછ્યું ત્યારે તેને ખરેખર વાત કહી દીધી.

તેની આ બુદ્ધિ જોઈ ગુરુ તેની પર ઘણાં પ્રસન્ન થયા અને પછી તે સાચો શ્રાવક બનાવી કહ્યું કે:

''તે જે એકસો સાત ઔષધી મારાથી છાની રીતે

શીખી લીધી તે બધી સાચી અને બરાબર છે. પણ તે બધી સામગ્રી ભેગી કરીને સાઠી ચોખાના ધોવણમાં મેળવી પગે લેપ કરીએ તો સારી રીતે ઊડી શકાય.

આ વાત તેણે બરાબર સમજી લીધી અને તે પ્રમાણે કર્યું. આમ તે આકાશગામિની વિદ્યા શીખી ગયો.

આ શીખ્યા પછી નાગાર્જુનને સ્વર્ણસિદ્ધિ સાધવાની ઈચ્છા થઈ તેથી તેની પાછળ પડી તે પણ તેણે પ્રાપ્ત કરી લીધી. આ મિશ્રણ બાવન તોલે ફક્ત એક રતી પથ્થર અથવા તો લોખંડ પર પડતાં સોનું બની જાય એવી કોટી વેધ રસનો એક બાટલો તૈયાર કરી પોતાના શિષ્ય સાથે પોતાના ગુરુ શ્રી પાદલિપ્તાચાર્યને ભેટ મોકલ્યો.

ગુરુ મહારાજે બાટલો હાથમાં લઈ કહ્યું:

"અમારે તો સુવર્ણ કે કાંકરા બન્ને સરખાં જ છે એટલે અમારે આની કાંઈ જરૂર નથી. આ તો અનર્થનું કારણ છે. એટલે અમે આ રાખવાના નથી. આ શીશો અમારે માટે નકામો છે."

આમ કહી તે મિશ્રણ રાખનાં કુંડામાં ફેંકી દીધુ અને આલી થયેલા એ શીશામાં પોતાનો પેશાબ ભરી પોતાનો ગુસ્સો વ્યક્ત કરી તે પાછો આપી દીધો.

શિષ્યે નાગાર્જુન પાસે જઈ આ બનેલી બીના કહી સંભળાવી.

આ સાંભળી નાગાર્જુનને બહુ ગુસ્સો આવ્યો. બોલ્યો.

"અરે ! ગુરુ આટલા બધા અવિવેકી છે કે કોટી વેધ રસને પોતાના પેશાબ બરાબર ગણ્યો. એમ કહી તેણે શીશો પથ્થરની શિલા પર પછાડ્યો કે તરત જ તે શિલા જો કે પથ્થરની હતી તો પણ પેલા પેશાબના મહિમાથી સુવર્ણશિલા બની ગઈ. આ જોઈને નાગાર્જુન વિસ્મય પામી ગયો અને લજ્જાઈ ગયો.

"મેં મહામહેનતે કલેશ સહન કરી જે કોટી વેધ રસ બનાવેલો હતો તે અથવા તેવો કોટી વેધ રસ એમના શરીરથી ઉત્પન્ન થયેલા પેશાબમાં પણ સ્વભાવથી જ રહેલો છે. માટે ધન્ય છે આવા ગુરુને."

ત્યાર બાદ નાગાર્જુને પોતાનું બધું અભિમાન છોડીને પાદલિપ્તાચાર્યને કલ્પવૃક્ષ જેવા માની તેઓની સેવામાં આવીને રહ્યો.

> કેટલીક વસ્તુઓનાં યોગ મેળવી પગે લેપ કરવાથી આકાશમાં ઊડવાની શક્તિ તેમણે મેળવી તેથી તેઓ દરરોજ પાંચે તીર્થની યાત્રા કરીને આવ્યાં પછી જ આહાર પાણી કરતા. આવી વિદ્યાઓથી તેમની તથા જૈન શાસનની ઘણી ઉન્નતિ થવા લાગી. તેથી તેઓ મોટા સિદ્ધ પ્રભાવક ગણાવા લાગ્યા.

એક વખત શાલિવાહન રાજાના દરબારમાં ચાર મોટા પંડિતો એકેક લાખ શ્લોકના બનાવેલા ચાર મોટા પુસ્તકો લઈને આવ્યા. રાજાને આ પુસ્તકો વાંચવા કહ્યું. રાજાએ કહ્યું:

"આટલાં મોટા પુસ્તકો વાંચવાની મને ફુરસદ નથી." આથી પંડિતોએ તેનો સાર નાના પુસ્તકોમાંથી વાંચવાનું કહ્યું. રાજાએ ત્યારે પણ એમ કહ્યું. "તે પણ વાંચવાની ફુરસદ નથી."

આથી પંડિતોએ એક જ શ્લોકમાં સાર રજૂ કર્યો. આ સાર સાંભળીને રાજા ઘણો ખુશ થયો. તેમાં જ આત્રેય નામના એક પંડિતે આખા ય વૈદિક શાસ્ત્રનો સાર એક જ પાદમાં સંભળાવ્યો.

જીર્ણે ભોજન માત્રેય: એટલે આગલું પચી ગયા પછી જ બીજું ભોજન કરવું."

એવો વૈદક શાસ્ત્રનો ચોક્કસ મત છે.

બીજા કપિલ મુનિએ જણાવ્યું. "કપિલ: પ્રાણીદયા, પ્રાણીને દયા કરવી એ ઉપરાંત બીજો કોઈ ધર્મ નથી."

ત્રીજા બૃહસ્પતિએ જ્યોતિશાસ્ત્રનો સાર કહી સંભળાવ્યો.

"બૃહસ્પતિર વિશ્વાસ:, કોઈનો પણ વિશ્વાસ કરવો નહીં."

ચોથા પાંચાલ નામના પંડિતે કહ્યું,

"પંચાલ સ્ત્રીષુ માર્દવં-આના કામશાસ્ત્રનો સાર એ છે કે સ્ત્રીની : ાથે નમ્રતા રાખવી."

આ ચારે પંડિતોની પંડિતાઈ જોઈ તેમનો ઘણો સત્કાર કર્યો. એટલું જ નહીં પણ રાજા તેઓની પંડિતાઈ પર એ ટલો બધો ખુશ થઈ ગયો કે વાતે વાતે સભામાં અને ત્યાં ત્યાં તેઓની પ્રશંસા જ કર્યા કરે. આથી રાજાની રાણી ભોગવતી એક વખત ચીડાઈને બોલી ઊઠી:

"વાદી રૂપ હાથીઓ મદમાં આવીને ભલે ગર્જના કરે પણ પાદલિપ્ત સૂરી રૂપ સિંહનો અવાજ જ્યારે સાંભળશે ત્યારે તરત જ તેઓને પોતાનો મદ છોડી દઈને નાસી જવું પડશે."

પાદલિપ્તાચાર્યની આટલી બધી પ્રશંસા સાંભળી રાજાએ તરત જ પોતાના તરફથી તેઓને આમંત્રણ આપવા દીવાનને મોકલ્યા. રાજાના આમંત્રણને માન આપી પાદલિપ્તાચાર્ય પણ વલ્લભીની નજીક આવી પહોંચ્યા. તે સમયે ત્યાંના ઘણા પંડિતોએ મળી તેઓના પાંડિત્યની પરીક્ષા કરવા માટે ઘીનો થાળ ભરી તેમની સામે મોકલાવી આપ્યો.

પાદલિપ્તાચાર્યે વિચાર કરીને તે થાળમાં એક સોય ઘોંચી તે થાળ પાછો મોકલાવ્યો. આ વાત રાજાના જાણવામાં આવી ત્યારે તેણે પંડિતોને બોલાવીને પૂછ્યું કે આ શી ગુમ ર મસ્યા છે.

ત્યારે પંડિતોએ જણાવ્યું, કે

"ઘીની પેઠે આ નગર પંડિતોથી ભરપૂર છે માટે આ નગરમાં વિચાર કરીને શક્તિ હોય તો જ આવજો."

આચાર્યે તેમાં સોય ઘોંચીને જણાવ્યું છે,

"તીક્ષ્ણ પણથી જેમ સોય આ ઘીમાં પેસી જાય છે તેમ હું પણ આ નગરના પંડિતોની પંક્તિમાં ભળી જઈશ. પણ તેઓથી હું પાછો હઠીશ નહીં.

પંડિતોએ આગળ જણાવ્યું કે આ જોતાં આચાર્ય કોઈક ખરેખરા વિચક્ષણ છે. માટે તેઓને પણ માન આપવું જરૂરી છે.

પછી પંડિતો સહિત રાજાએ ઘણાં ઠાઠથી તેઓનો નગર પ્રવેશ કરાવ્યો. પાંચસો પંડિતો સહિત રાજા તેમના વ્યાખ્યાનમાં દરરોજ આવવા લાગ્યા. તેઓના પાંડિત્ય તથા વ્યાખ્યાન કળાથી પંડિતો અને રાજા તથા ત્યાંની પ્રજા ઘણી જ વિસ્મિત થઈ. એટલું જ નહિ પણ આચાર્ય મહારાજે ત્યાં 'નિર્વાણકલિકા' અને 'પ્રશ્ન પ્રકાશાદિ' ગ્રંથો નવા રચીને સંભળાવ્યા. જેથી ઘણાં પંડિતો તથા પ્રજા સહિત રાજા પણ જૈન થયા.

જૈન શાસનની મોટી પ્રશંસા કરાવી પાદલિપ્તાચાર્યે શેત્રુંજય પર્વત પર જઈ જાત્રા કરી અને બત્રીસ ઉપવાસના અનશનપૂર્વક તેઓનો આત્મા સ્વર્ગે સીધાવ્યો. **(મુ.સા.)**

* * *

કેવલજ્ઞાન માટે સાધુપણાના પરિણામ જોઈએ જ

પૃથ્વીચન્દ્ર અને ગુણસાગરને આ રીતે તમારા જ વેષમાં એટલે ગૃહસ્થના વેષમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. જોઈએ છે ને તમારે પણ કેવળજ્ઞાન ?

સભા○ સાધુપણું પામ્યા વિના કેવળજ્ઞાન પ્રગટી શકે ?

ક્ષપકશ્રેણિ માંડે તેમાં સાધુપણું આવી જ જાય. રજોહરણ ભલે લીધું ન હોય, પણ અંદર સાધુપણું તો પ્રગટી જ જાય. કેવળજ્ઞાન પામવા માટે સાધુવેષ જ જોઈએ એવું નથી, પણ સાધુપણાના પરિણામ અવશ્ય પ્રગટવા જોઈએ. એમને પરિણામ ભાવસાધુપણાના જ હોય. પહેલાં સાધુવેષ લઈને સાધુપણાને એવું આરાધ્યું છે કે, આવી સ્થિતિએ એ પહોંચ્યા. નહિતર, રાજગાદી ઉપર બેઠા બેઠા કેવળજ્ઞાન પ્રગટવા પામે, એવા પરિણામ આવે શી રીતે ? માતા-પિતાદિ પાસે બેઠાં હોય, તાજી પરણેલી આઠ સ્ત્રીઓ પાસે બેઠી હોય અને લગ્નનો ઉત્સવ હજુ તો ઉજવાઈ રહ્યો હોય, ત્યાં કેવળજ્ઞાન પ્રગટે એવા પરિણામ આવે શી રીતે ? પણ આવ્યા ને એ પરિણામ ? એમનો બધો પરિવાર પણ જેવો-તેવો નથી ! મા પણ કેવી ? બાપ પણ કેવા ? અને સ્ત્રીઓ પણ કેવી ? એ બધા મોહવાળાં છતાં મોહને લાત મારતાં વાર લાગી નહિ એવાં. બધાં સરખા જેવાં લાગે એવાં, એ બધાંયને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ

- સૌ. ઉજ્વલા એમ. શાહ - આકોલા

શ્રી જૈનશાસનમાં સમ્યક્ત્વ એ બધા ગુણોનું મૂળ કહેવાયું અને શ્રી જિનપૂજા એ સમ્યક્ત્વની કરણીનું કારણ કહેવાયું. એકવીશમા શ્રી નમિનાથ સ્વામિ ભગવાનના સ્તવનમાં મહામહોપાધ્યાય પૂ. શ્રી વિનય વિજયજી મહારાજે પણ ગાયું કે-

''સમકિત શિવપુરીમાં પહોંચાડે,
સમકિત ધર્મ આધાર રે ;
શ્રી જિનવરની પૂજા કરીએ,
એ સમકિતનો સાર રે.''

જ્ઞાનિઓએ ભક્તિને મુક્તિની દૂતી કહી છે. આપણે માટે આ કાળમાં ભાવપૂર્વક કરાતી ભક્તિ એ જ તરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. બાકી આપણી કથની અને કરણી સારી રીતના જાણીએ છીએ.

આત્મામાં પ્રતાપ પેદા થયા વિના ધર્મની આરાધના અશક્ય પ્રાયઃ છે 'ધર્મ જ મારો પ્રાણ લાગે' તો જ ધર્મ સારો થાય. પછી ગમે તેવા સંયોગોમાં પણ પોતાની નિત્ય ધર્મકરણી ન જ મૂકે. આપણી જેમ વ્રતનિયમમાં 'આજે માંદે છૂટ' તેવું ન હોય.

આ અંગે અનેકવાર ઉપદેશમાં સાંભળેલી અને કયારેય વાંચેલી શ્રી પેથડશા મંત્રીની જિનભક્તિની સામાન્ય વાત કરવી છે. તે વાત સાંભળવા મન ત્યારે તો એવું ઉલ્લસિત થઈ જાય કે હું પણ આવી મક્કમ બની જાઉં-પણ પાછા ઘરે તો રામ તેના તે ! શ્રાવકને માટે ત્રિકાલપૂજા તે વિધાન છે. પ્રાતઃકાળની પૂજા રાત્રિ સંબંધી પાપોનો નાશ કરનારી છે, મધ્યાહ્ન કાળની પૂજા તે તે ભવના પાપોનો નાશ કરે છે અને સાયંકાલની પૂજા સાત ભવોના પાપોનો નાશ કરે છે. આ જાણવા છતાં પણ હજી ઉલ્લાસ કેમ જાગતો નથી. તો મને તો મારા ભાઈ મ. સમજાવેલ કે - આજે આપણા બધાની ધર્મક્રિયામાં ઝટપટ પતાવી નાંખવાની જે ઘેલછા જન્મી છે અને પાછો મારા જેવો ધર્માત્મા કોઈ નથી-તે વૃત્તિ તેનું કારણ છે. મને તો તે વાત બરાબર સમજાઈ ગઈ છે.

તે પેથડશા આટલા મોટા રાજ્યના મહામંત્રી હોવા છતાં રોજ ત્રિકાલ પૂજા કરતાં. અને પોતાના ગૃહમંદિરમાં મધ્યાહ્ન કાળની પૂજા ઠાઠ-માઠ, હૈયાના અહોભાવથી કરતાં. રોજ સુંદર પુષ્પોની મનોહર અંગરચના કરતા. તેમને પોતાની પ્રાણપ્યારી પત્ની અને ઘરના બધા જ સભ્યોને ભારપૂર્વક જણાવેલ કે-'હું પૂજા કરતો હોઉં અને ખુદ રાજાનું પણ તેડું આવે તો પણ મને જાણ કરવાની નહિ.' ક્યારે આ બને ? બોલો 'ધર્મ છે તો બધું છે, ધર્મ નથી તો કશુન જ નથી' આ ભાવનાના રંગે રંગાયા હોઈએ તો.

એકવાર રાજાને અતિમહત્ત્વનું કામ આવી પડ્યું અને મંત્રીશ્વરની હાજરી અનિવાર્ય જણાઈ તો સેવકને મંત્રીને બોલાવવા તેમને ઘેર મોકલ્યા. પણ તેમના પત્નીએ વિનમ્રભાવે કહ્યું કે-'મંત્રીશ્વર ! પૂજામાં છે હમણાં નહિ આવે ? આપણે ભગવાનની પૂજા કરવા જઈએ અને કાંઈક કામ યાદ આવે તો અડધેથી પાછા આવીએ તો આપણી ભક્તિમાં પ્રાણ ત્યાંથી પૂરાય ? ત્રણ ત્રણ વાર રાજાનો સેવક બોલાવવા આવ્યો તો એક જ જવાબ મલ્યો. કેંક ગુસ્સા અને કેંક આશ્ચર્યના ભાવથી મિશ્રીત ખુદ રાજા તેમના ઘરે પધાર્યા તેમની ઉચિત આગતા-સ્વાગતા કરી તેમને પણ તે જ જવાબ મલ્યો. ત્યારે રાજાને થયું કે તેમની પૂજા મારે જોવી. ખુદ રાજાએ તેમના ગૃહમંદિરમાં જઈ જે ભાવોલ્લાસ, એકાગ્રતા, 'તું હું અને હું તું' તે જ ભાવથી ભગવાનની ભક્તિ કરતાં મંત્રીશ્વરને જોયા તો રાજાનો અહોભાવ-આદરભાવ અનેકગણો વધી ગયો.

આવી જો તન્મયતા આપણામાં આવી જાય તો આપણા આત્માની મુક્તિ આ રહી. હું પણ ભગવાનને રોજ તે જ પ્રાર્થના કરું છું કે-''ભગવન ! હું વધારે સમજતી નથી આપની ભક્તિથી હું પણ આપના જેવી બની જાઉં. અને આપની ભક્તિ કરતાં મારા પ્રાણ છૂટે..''

જો આવો ભાવ સાચા હૃદયથી આપણામાં પેદા થાય તો જૈન શાસનના પ્રતાપી પુરુષ બનવાનું આપણું પણ સૌભાગ્ય થઈ જાય.

'જય જિનેન્દ્ર'

જૈન શાસનના પ્રતાપી પુરૂષો

- 'ભક્તિ પરાગ'

અનાદિની અવળી ચાલમાં મજા માનનાર, દોષોની સાથે ગાઢ દોસ્તી કરનાર, પાપીઓનો જ સંગ કરનાર અને અકથનીય ચેષ્ટાઓને કરનાર એવા આત્માને સમજાવીને સુધારનાર હોય તો એક માત્ર શ્રી જૈન શાસન છે. તેના પરમાર્થને પામી દોષોને દૂર કરી, ગુણોની સન્મુખ કરનારા પ્રતાપી પુરૂષો છે.

પ્રતાપ શબ્દ જ શૂરવીરતા વાચી છે. તે સાંભળતાં જ કાન ઊંચા થાય, હૈયાના ફૂંવાડે ફૂંવાડા ખડા થઈ જાય, હું પણ 'પ્રતાપી' બની જાઉં તેવો વિચાર પણ આવી જાય તે સહજ છે. અનાદિની ઊંધી ચાલ શીખેલા આત્માને સીધા રસ્તે લાવવો તે સરળ કામ નથી પણ નવ નેજે પાણી ઉતારે તેવું કામ છે. આ કોઈ ઢીંચક્કી કે ચારચક્કી કે ઈલેક્ટ્રીકથી ચાલતું વાહન નથી કે ગિયર આઘું-પાછું કર્યું-ફેરવ્યું કે વ્હીલ બદલો એટલે દિશા બદલાઈ જાય. અહીં તો દિશા બદલવા માટે પહેલા દશા બદલવી પડે. દશા બદલવી એટલે **જગતને બદલવાનું નથી પણ જાત બદલવાની છે, લોકોમાં પરિવર્તન લાવવાનું નથી પણ જાતમાં પરિવર્તન લાવવાનું છે.** પહેલા નંબરે પરિસ્થિતિ પલટવાને બદલે મનને પલટવાનું છે મનને બદલવા માટે તારકમાર્ગની અવિહડ શ્રદ્ધા, આજ્ઞા પ્રત્યેનો પ્રેમ, સંસારની ભીતિ અને મોક્ષની પ્રીતિ પેદા કરવાની છે.

માર્ગસ્થ મનોહર મનોદશા કેળવવા માટે રોજ વિચારવું કે - આવું પરમતારક શાસન મલ્યું, શાસનને યથાર્થ સમજાવનાર સદ્‌ગુરુ મલ્યા. તો મને હજી પણ સંસારનો રાગ પીડે છે કે શાસનનો રાગ પેદા થયો છે ? જેમને જાત કરતાં પણ શાસન પ્રાણથી પ્યારું વહાલું લાગે, શાસન છે માટે હું છું તેમ લાગે પણ 'હું છું માટે શાસન' તેવું તો સ્વપ્ને પણ ન વિચારે, શાસન ખાતર જાત કુરબાન થઈ જાય તો તે પણ જેવું રૂડું બીજું શું - તેમ લાગે, તેનામાં શાસનનો રાગ પેદા થાય.

રાગ શબ્દ 'રંજ' ધાતુમાંથી રંજન થવું - રાગી થવું અર્થમાં અભિપ્રેત મનાયો છે. ઘર- બાર- કુટુંબ-પરિવાર-પૈસા-ટકાદિ પ્રત્યે જે રાગ છે તેથી વગર પ્રેરણાએ પણ રાગના ખેંચાણ આકર્ષણથી આપોઆપ તે માટેની - તે બધી ચીજ વસ્તુ મેળવવા-સાચવવા આદિની પ્રવૃતિ થાય છે. તેમ જો શાસન રાગ પેદા થઈ જાય તો પછી શાસન માટેની પ્રવૃતિ આપોઆપ થઈ જ જાય તેમાં નવાઈ નથી. પછી તો તે પુણ્યાત્મા શાસનને જ વફાદાર હોય, શાસનને જ પૂરેપૂરા આધીન હોય, લોક હેરતમાં તાણાતો ન હોય, માન-પાન-સન્માનાદિમાં મૂંઝાય નહિ, મનિ-પાવર્સ અને મસલ્સ પાવર્સના બળે આજના રીઢા રાજકારણી જેવો તે ન બને, તે તો તારક ગુર્વાદિની આજ્ઞાને, જવાબદારી-જોખમદારીથી મૂકેલા વારસાને પ્રાણની જેમ સાચવે, 'મારું તે જ સાચું' તેમ ન માને પણ 'સાચું તે જ મારું' તેમ માને, શાસન જ પ્રમાન માને, શાસ્ત્ર તે જ તેની આંખ. બોલે-વિચારે-આચરે પણ શાસ્ત્ર પ્રમાણે જ, શાસ્ત્રથી જરાપણ આઘા-પાછા થાય નહિ, ખોટાનો પડછાયો પણ ન લે, સાચાનો સાથ એકલા રહેવું પડે તો પણ ન મૂકે - તો આત્માનું પ્રતાપીપાણું પેદા થાય.

જેઓ માનપાનમાં મૂંઝાઈ જાય, પોતાના જ ભગત બનાવવામાં પડી જાય, સિદ્ધાંતની વાતમાં લોચા વાળે, ગોળ-ખોળ બેયને સરખા કહે, અવસર આવે સાચી વાત જાહેર કરવાને બદલે મૌન સેવે, આપણો-પોતાનો સ્વાર્થ ન ઘવાય તેની જ કાળજી રાખે, શ્રાવકની સંસારની - સાવદ્ય પ્રવૃત્તિમાં પણ અનુમતિ આપે તો પ્રતાપી પણું ક્યાંથી પેદા થાય ? 'ધર્મ કરશો તો આ આ મળશે' 'આવું આવું સુખ જોઈએ તો આ આ કરવું' આવી વાતો ધર્મોપદેશના નામે શરૂ થઈ તેથી શાસનને ઘણું ઘણું નુકશાન થયું છે. પ્રતાપીપાણું તો પેદા ન થાય પણ આત્મા આવો સુંદરભવ હારી જાય છે. ગમે તે કારણે આજે યથાર્થ વાત કરનારા પણ ગમતા નથી. તે આત્માની કેવી દુર્દશા છે તે વિચારવું જરૂરી છે.

પણ ખરેખર પ્રતાપી પુરૂષો તો આત્માના હિતની

જ ચિંતા કરે અને અવસરે કડવા થઈને પણ તે જ વાત સમજાવે કે - ''આ સંસારના સુખમાં લીન થવા જેવું નથી. ચાલે તો તેનો ત્યાગ કરવા જેવો છે, તેવું બળ પેદા ન થાય તેની જરૂર પણ પડે તો આત્માની કમનસીબી - પામરતા છે તેમ માનતા શીખો. તો હજી બચવાની બારી છે, સંસારમાં રહ્યા સુખ તો જોઈએ જ, તે માટે જે કરવું પડે તે બધું કરાય આવી જો માન્યતા હશો તો બાર વાગી જવાના છે.'' સાચો હિતેષી પુરૂષ તો પોતાની પાસે આવનારને દુનિયાની સુખ-સાહ્યબીનો રાગ કાપવાનું જ કહે.'' મને ધર્મ ગમે છે તો મારી સંસારની - વિષય - કષાયની આસક્તિ કેટલી ઘટી, મારી રાગાદિની પરિણતિ કેટલી મંદ થઈ, મારી ચંચલતા કેટલી ગઈ, મારા પરિણામોમાં સ્થિરતા કેટલી આવી - તે જ વિચારવાનું કહે.

જે પુણ્યાત્માએ જગતના જીવોને શ્રી જિન ધર્મ સમજાવ્યો - તેણે શું શું નથી આપ્યું ! શ્રી 'ભવભાવના' ગ્રન્થમાં પણ પૂ. ગ્રન્થકાર પરમર્ષિ આ જ વાતની મહતા બતાવતા જણાવે છે કે -

''तम्हा उवइसिअव्वो दायव्वोवा वि सयलजंतूणं ।
परउवयारत्थीहिं जिणधम्मो च्चिअ जओ भणिअं ॥१॥
सुरनरसुहाइँ सयलाइँ तेणदिन्नाइँ निव्वुइसुहंच ।
परमत्थबंधवेणं दिन्नो जेणेस जिणधम्मो ॥२॥
ते सुहिणो ते सयणा हिएसिणो बंधुणो अ ते चेव ।
अइसयकुलहंसुहकारणंच जे दिंति जिणधम्मं ॥ ३ ॥

પરોપકારના અર્થી પ્રતાપી પુણ્યાત્માઓએ જગતના સઘળા ય જીવોને શ્રી જિન ધર્મનો જ ઉપદેશ આપવો જોઈએ કારણ કે, કહેવાયું છે કે - પરમાર્થથી બંધવ એવા જેના વડે આ શ્રી જિનધર્મ જેને પણ અપાયો કે સમજાવાયો તેના વડે દેવ - મનુષ્યના સઘળા ય સુખો અને મોક્ષ સુખ પણ અપાયું. તે જ કારણથી જ જગતમાં વાસ્તવમાં તે જ સુખી છે, તે જ સ્વજન છે, તે જ હિતૈષી છે, તે જ બંધુ છે કે જેના વડે અતિશય દુર્લભ અને પારમાર્થિક સુખનું કારણ એવો શ્રી જિનધર્મ અપાયો.''

શ્રી જૈનશાસનના પ્રતાપી પુરૂષો આ જ કામ કરી સ્વ-પરના આત્મોદ્ધારમાં સહાયક બને છે. આ કામ ધારીએ તેટલું સરળ નથી. નિંદા-પ્રશંસા બંન્નેને પચાવે તે જ પ્રતાપી પુરૂષ બની શકે. બંન્ને પ્રત્યે તેમના હૈયામાં સમાન ભાવ હોય છે.

સંયમજીવનમાંદિવ્યતાપ્રગટાવનાર; મહાજ્ઞાનીપુરૂષ પૂ. પંન્યાસ શ્રી જિનવિજયજી ગણિ

અમદાવાદમાં વસતા શ્રીમાળી શા. ધર્મદાસની પત્ની લાડકુંવરની કુક્ષીએ સં. ૧૭૧૨માં એક પુત્રરત્ન જન્મ્યો, જેનું નામ પાડવામાં આવ્યું ખુશાલ.

બાળકે પ્રાથમિક શાળાનું વ્યાવહારિક શિક્ષણ લીધું. આ અરસામાં પં. ક્ષમાવિજયજી ગણિ વિહાર કરતાં કરતાં અમદાવાદ પધાર્યા. રાયચંદ નામના શ્રેષ્ઠી તેમના ભક્ત હતા, જે શામળાની પોળમાં રહેતા હતા. તેઓ દેશ-વિદેશનો વેપાર ખેડતા, પણ પગમાં પગરખું પહેરતાં નહીં. હમેંશા ગરમ પાણી પીતા. આ રાયચંદભાઈની પ્રેરણાથી ખુશાલ તેમની સાથે પં. ક્ષમાવિજયજી ગણિનો ઉપદેશ સાંભળવા ગયો. ગુરુના ઉપદેશથી ખુશાલનું મન વૈરાગ્યવાસિત થયું. તેણે ગુરુને દીક્ષા આપવા વિનંતી કરી. ગુરુએ સંયમની કઠોરતા સમજાવી. ચારિત્રના કઠોર માર્ગ પર વિચરવાની ખુશાલે તૈયારી બતાવી. માતાપિતાની રજા લઈને સં. ૧૭૭૦ના કાર્તિક વદ ૬ ને બુધવારે ખુશાલે દીક્ષા અંગીકાર કરી. તેમનું નામ મુનિ જિનવિજય રાખવામાં આવ્યું.

અમદાવાદથી ગુરુ સાથે વિહાર કરતાં મુનિશ્રી જિનવિજય પાટણ આવ્યા. પાટણના અગ્રણી શ્રાવક ઋષભદાસે સં. ૧૭૭૪ માં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. આ સમયે પં. ઉત્તમવિજયજી અને પં. ક્ષમાવિજયજી વિદ્યમાન હતા. તેઓશ્રીની સાથે મુનિશ્રી જિનવિજયજી હતા. તેમણે પાટણમાં ચાતુર્માસ કર્યું. સં. ૧૭૭૫માં શ્રાવણ વદ ૧૪ ને સોમવારે પં. કર્પૂરવિજયજી સ્વર્ગવાસ પામ્યા સં. ૧૭૮૨માં પોતાની પાટે શ્રી જિનવિજયજીને સ્થાપીને પં. ક્ષમાવિજયજી ગણિ પણ સ્વર્ગવાસી થયા.

ત્યાર પછી પૂ. શ્રી જિનવિજયજીએ અનેક સ્થળોએ વિહાર કર્યો. અમદાવાદથી વિહાર કરતાં ભાવનગર થઈ ધોધા

(અનુ. પાના નં. ૧૦૧૧ ઉપર)

નિંદાથી તેઓ જરાપણ મૂંઝાતા નથી કે વ્યથિત પણ થતા નથી. જીવોની કર્મસ્થિતિને સમજી શકનાર તેઓ તો માને છે કે - બીજા લોકોના કપડાં ધુવે છે અને નિંદક આત્માનો મેલ ધોવે છે. કોઈને પણ નિંદાથી આપણે વ્યથિત થવું નથી તેના કરતાં પણ વધારે જરૂરી એ છે કે, કોઈની નિંદા કરી તેને વ્યથિત ન કરવો. આપણી ટીકા-ટિપ્પણ આપણને પસંદ નથી તો બીજાની ટીકા - ટિપ્પણનો આપણને શો અધિકાર છે ?

નશીલા પદાર્થનો સ્વાદ કડવો હોય પણ ખાનારને મીઠા લાગે છે, તેમ નિંદારસ રાસલમાં છે કડવો પણ તેના પનારે પડેલાને એવો મીઠો મધ જેવો મોંમા લાળ પડાવે તેવો લાગે છે. જીવો આગળ એવા એવા પ્રશંસાના પુષ્પો વેરે કે પાણી પાણી કરાવી દેએનેય પીઠ પાછળ નિંદાનો પણ પાર નહિ. નિંદા રસથી બચેલા ખરેખર વિરલ હશે. સારા વિચારકે પણ કહ્યું કે - "Be thou as chaste as ice, as pure as snow thou shalt not escape calumny." અર્થાત તમે બરફ જેવા વિશુદ્ધ રહો કે હિમ જેવા પવિત્ર રહો પણ લોક નિંદાથી નહિ બચો.

અજ્ઞાન અહંકાર-ઈર્ષા-વૈરભાવ એ બધા નિંદાના મૂળ છે. પોતાના સ્વાર્થ હણાય એટલે અંતિમ શસ્ત્ર નિંદા ઉગામે. તેનાથી બચવા શ્રી ચાણક્યે પણ નીતિ શાસ્ત્રમાં કહ્યું કે -

''यदिच्छसि वशीकर्त्तुं जगदेकेन कर्मणा।
परापवादसस्यभ्यो गां चरन्तीं निवारय॥''

અર્થાત્- જો તમો એક જ કામ-કાર્યથી આખા જગતને વશ કરવા ઈચ્છો છો તો પરનિંદા રૂપ અનાજથી ભરેલા ખેતરોમાં ભટકી રહેલી તમારી વાણી રૂપી ગાયને રોકો.

જૈન શાસનના પ્રતાપી પુરૂષો આવા કપરા કામને પણ સહજ સાધ્ય કરી લોકોને સમજાવી સન્માર્ગમાં સ્થિર રાખી, ઉન્માર્ગથી બચાવે છે. પણ બહુ જ દુઃખદ વાત છે કે, જૈન શાસનના પ્રતાપી પુરૂષોને જે રીતે ઓળખવા જોઈએ તે રીતે ઓળખવાનો પ્રયત્ન કરવામાં આપણે સૌ ઊણા ઉતર્યા છીએ. બાકી જો તેઓને યથાર્થ રીતે ઓળખ્યા હોત તો આજે આપણું જીવન સાવ જ નોખું-અનોખું હોત ! તેઓને અલ્પ મતિ-બહુમતિ કે સર્વાનુમતિ સાથે નિસ્બત નથી હોતી, સંખ્યાબળ પર મુસ્તાક નથી રહેતા. તેઓની નજર સામે એક માત્ર તારક આજ્ઞા હોય છે. સ્વયં પોતે પણ આજ્ઞા પ્રમાણે ચાલે છે, પોતાના પરિચયમાં જે કોઈ આવે તેઓને આજ્ઞા પ્રમાણે ચાલવાનું સમજાવે છે અને 'આણાએ ધમ્મો' નો જયનાદ ગજાવી સ્વ-પર અનેકના કલ્યાણકર બને છે. આપણે સૌ પણ તેમની કેડીએ ચાલી, વડીલોના વારસાનું વફાદારીથી જતન કરી, તેઓએ મૂકેલા વિશ્વાસને યથાર્થ કરીએ તે જ શુભકામના.

''જૈનં જયતિ શાસનમ્।''

(પાના નં. ૧૦૧૦નું ચાલુ)

પધાર્યા. ત્યાં ચાતુર્માસ રહ્યા. ત્યાંથી શત્રુંજયની યાત્રા કરી. ત્યાંથી શંખેશ્વરની યાત્રા કરી પાટણ પધાર્યા. તેમની નિશ્રામાં પાટણથી આબુની યાત્રાનો સંઘ નીકળ્યો. ત્યાંથી સિરોહી, સાદડી, રાણકપુર, ઘાણેરાવ, નાડોલ, નાડલાઈની યાત્રા કરીને ત્યાં ચાતુર્માસ કર્યું. ત્યાંથી પાટણ આવ્યા ત્યાં ચાતુર્માસ કર્યું. પછી શંખેશ્વરની યાત્રા કરી અને નવાનગર, ગિરનાર, શત્રુંજય થઈ ભાવનગર પધાર્યા. અહીં અમદાવાદથી આવેલા ત્રણ દીક્ષાર્થીઓને દીક્ષા આપી. ત્યાંથી અમદાવાદ આવી ચાતુર્માસ કર્યું. ત્યાંથી સુરત ચાતુર્માસ માટે પધાર્યા. સુરતથી ગંધાર, આમોદ, જંબુસર થઈને પાદરા ચાતુર્માસ અર્થે પધાર્યા. તેઓશ્રીનું સંયમજીવન ખૂબ ઉમદા કોટિનું હતું. છેલ્લે પાદરામાં આઠ દિવસ બીમાર રહ્યા. સં. ૧૭૮૮ના શ્રાવણ સુદ ૧૦ને મંગળવારે ૪૭ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા. અહીં કિસન નામના શ્રાવકે તેઓશ્રીના અગ્નિસંસ્કારના સ્થળે થૂભ બનાવ્યો.

તેઓશ્રી પં. ક્ષમાવિજયના શિષ્ય હતા અને મોટા કવિ હતા. તેમને સં. ૧૭૧૯માં વડનગરમાં 'કર્પૂરવિજયગણિ રાસ', સં. ૧૭૮૬માં 'પં. ક્ષમાવિજય રાસ', સં. ૧૭૮૯માં અમદાવાદમાં 'જિનસ્તવનચોવીસી' તથા 'જિનસ્તવનબાવીસી', સં. ૧૭૮૩માં પાટણમાં 'જ્ઞાનપંચમીસ્તવન', 'મહાવ્રતની ૨૫ ભાવનાની સજ્ઝાય', તથા 'મેં તો આણાં વહોર્યાં જી' અને પર્યુષણ પર્વની સ્તુતિ આદિ રચ્યાં હતાં. તેઓ મહાસમર્થ જ્ઞાનીપુરુષ હતા. તેમણે પોતાનાં સાહિત્યમાં જ્યોતિર્ધરોની સંસ્કૃત વાણીને ગુજરાતી કવિતામાં પ્રગટ કરી હતી.

(સંકલન : ત્રિપુટી મહારાજ રચિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૪ માંથી સાભાર.)

'વટગચ્છ' નામ પડવાનું કારણ

- સૌ. આરતી વી. શાહ - માલેગાંવ

ગુણીજનોનો સંત્સર્ગ પણ આત્મામાં આનંદ - ઉત્સાહ આપે છે અને તેમના ગુણોની સુવાસ આપોઆપ ચોમેર ફેલાય છે તેને કોઈજ પ્રતિબંધ પડતો નથી.

ભગવાન શ્રી મહાવીર સ્વામિની પરંપરામાં ૩૧મી પાટે પૂ. આ. શ્રી. વિજય ઉદ્યોતન સૂરીશ્વરજી મહારાજા થયા. જેઓને તારક એવા તીર્થો પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ હતો તેથી શ્રી સમેતશિખરજી તીર્થની પાંચવાર યાત્રા કરી પોતાનો આત્મા પાવન કરેલ. તેમનું વિહારક્ષેત્ર બહુલતયા પૂર્વદેશ હતું. એકવાર આબૂ તીર્થનો મહિમા જાણી તેઓ ત્યાંથી યાત્રાર્થે આવ્યા. અને વિહારના ક્રમે આવતા તેઓ આબૂની તળેટીમાં આવેલ **ટેલી** નામના ગામની સીમમાં વિશાળ વડલાની છાયામાં બેઠા હતા. તે જ વખતે શ્રી સર્વાનુભૂતિ નામનો યક્ષ તેઓને પ્રત્યક્ષ થયો અને કહ્યું કે - ''અત્યારે શુભ મુહૂર્ત્ત છે. માટે પરંપરાના મહોદયને માટે કોઈ શિષ્યને આચાર્યપદે સ્થાપો.'' આ સાંભળીને તેઓશ્રીએ પોતાના શ્રી સર્વદેવસૂરિ વગેરે આઠ સાધુઓને સૂરિપદ પ્રદાન કર્યું. (કેટલાક કહે છે કે માત્ર એક શ્રી સર્વદેવસૂરિજીને એક ને જ આચાર્ય બનાવ્યા.) તે શુભ સમય એટલે વીર સંવત ૧૪૬૪ અને વિક્રમ સંવત ૯૯૪ નો હતો ! વડલાની નીચે સૂરિપદ પ્રદાન કરવાથી ***નિર્ગ્રંથગચ્છનું "વટગચ્છ"*** એવું પાંચમુ નામ પ્રચલિત થયું. શ્રેષ્ઠ પ્રભાવક શિષ્યોની પરંપરા, ઉત્તમ ચારિત્રાદિ ગુણોની પ્રાપ્તિ અને પાલનથી તેનું **'બૃહદ્‌ગચ્છ'** એવું બીજું નામ પણ કહેવાય છે.

તેઓ પૂજ્યશ્રીનું બીજું નામ 'શ્રી દાક્ષિણ્યાંકસૂરિ કે શ્રી દાક્ષિણ્યઈન્દ્રસૂરિ કે દાક્ષિણ્યચિહ્ન સૂરિ' હતું. શ્રી **હરિ ભદ્રદેવીના** મુખથી કથા સાંભળી પ્રાકૃત ભાષામાં ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ **કુવલયમાળા** નામનો અપૂર્વ ગ્રન્થ રચ્યો જે પ્રાકૃત સાહિત્યના અમૂલ્ય રત્ન જેવો છે.

તેઓ હંમેશા એકભક્ત ભોજન કરતા અને મેદપાટના ધવલ નામના નગરમાં સમાધિથી કાળધર્મને પામી સ્વર્ગવાસી બન્યા. પ્રાકૃત ગ્રન્થના માધ્યમે આ પ્રતાપી પુરૂષનો પ્રતાપ આજે પણ જયવંતા છે.

સત્ત્વશાળી સંતપુરુષ

પૂજ્ય પંન્યાસ શ્રી કર્પૂરવિજયજી ગણિ

ગુજરાતના પાટણ પાસેના વાગરોડ ગામના વતની શા. ભીમજી પોરવાડની પત્ની વીરાએ સં. ૧૭૦૪માં એક પુત્રને જન્મ આપ્યો. માતાપિતાએ પુત્રનું નામ કાનજી પાડ્યું. બાળપણમાં માતાપિતાનાં અવસાન થવાથી કાનજી પાટણમાં ફઈના ત્યાં આવીને રહ્યા. એક વાર પં. સત્યવિજયજી ગણિ વિહાર કરતાં પાટણ પધાર્યા. તેમની વાણી સાંભળીને કાનજીને વૈરાગ્યભાવ જાગૃત થયો. તેમને ફઈ-ફૂવાની સંમતિ મેળવી ગુરુ પાસે દીક્ષાની યાચના કરી. પં. સત્યવિજયજી ગણિએ તેમને સં. ૧૭૨૦ના માગશર સુદમાં ૧૪ વર્ષની વયે દીક્ષા આપીને પોતાના શિષ્ય તરીકે મુનિશ્રી કર્પૂરવિજય નામ આપ્યું.

મુનિશ્રી કર્પૂરવિજય સંયમ સાધનામાં તત્પર બની, ઊંડા શાસ્ત્રાભ્યાસમાં લીન બની ગયા. ગુરુ સાથે વિહાર કરતા રહ્યા. તેમણે આવશ્યક સૂત્રોનું પઠન કર્યું. આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિએ મુનિશ્રી કર્પૂરવિજયને યોગ્ય જાણી આનંદપુરમાં પંન્યાસપદ આપ્યું.

સં. ૧૭૫૬ના પોષ સુદ ૧૨ના દિવસે પૂ. ગુરુદેવ પંન્યાસજી શ્રી સત્યવિજયજી ગણિ કાળધર્મ પામતાં તેમના પટ્ટધર તરીકે તેમને સ્થાપવામાં આવ્યા. તેઓશ્રીએ સૌરાષ્ટ્ર, વઢીયાર, ગુજરાત, મારવાડ વગેરે પ્રદેશોમાં, અમદાવાદ, સાદડી, રાધનપુર, સોજીત્રા, વડનગર, સાંચોર વગેરે સ્થળોએ ચાતુર્માસ કર્યા. છેલ્લે પાટણમાં વૃદ્ધાવસ્થાને લીધે ચાતુર્માસ રહ્યા ત્યારે ઉપધાન, માલારોપણ અને જિનબિંબ-પ્રતિષ્ઠાદિ ધર્મકૃત્યો કરાવ્યાં. એકંદરે તેઓ સત્ત્વશાળી અને કીર્તિવાન હતા. સં. ૧૭૭૬ના શ્રાવણ વદ ૧૪ને સોમવારે તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમને વૃદ્ધિવિજય અને ક્ષમાવિજય નામે બે પ્રસિદ્ધ શિષ્યો હતા.

(સંકલન : 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ-૪માંથી, કરમશી ખેતશી ખોના.)

આત્માર્થી આચાર્ય ભગવંતને વંદના !

-પ્રજ્ઞાંગ

જૈનશાસન તો મહાસાગરના મોતીઓનો ખજાનો છે. જેને માત્ર મરજીવા જ મેળવી જાણે છે. શાસનની આરાધના રક્ષા એ તો જેમના પ્રાણ છે તેવા મરજીવાઓનો પ્રતાપ યુગોના યુગો સુધી અંતરપટમાંથી ભૂલાતો નથી. આવા જ એક આત્માર્થી આચાર્ય ભગવંતને ઓળખીએ.

નાડોલ નગરમાં શ્રી ધનેશ્વર શ્રેષ્ઠી અને તેમની સુશીલા સહધર્મચારિણી ધારિણી દેવીને માનદેવ નામે તેજસ્વી પુત્ર હતો. પુત્રના લક્ષણો પારણામાંથી તે ન્યાયે જે જન્મથી વિરાગી હતો.

શ્રી સુધર્મસ્વામિથી ૧૮મી પાટને શોભાવનાર પ્રભાવક પૂ. આ. શ્રી પ્રદ્યોતનસૂરિજી મહારાજા પૃથ્વીતલને પાવન કરતા શુભપળે નાડોલ નગરમાં પધાર્યા. તેમને વૈરાગ્યવાહિની દેશનાથી મેઘની ચાતકની જેમ માનદેવનો આત્મા અત્યંત આહ્લાદ અને અનેરી તૃપ્તિ પામ્યો. સંસારની અસારતા, સંયમની સુંદરતા અને મોક્ષની મનોહરતાને જાણી તેની આંતરિક અવરાયેલ સુષુપ્ત ઊર્મિઓ જાગી ઊઠી. માતા પિતાદિ સર્વને સમજાવી પૂ. આચાર્યશ્રી પાસે દીક્ષાને અંગીકાર કરી. અલ્પ સમયમાં કુશાગ્ર બુદ્ધિ, ગુર્વાદિ વડિલોની સેવા-ભક્તિથી પ્રાપ્ત અસીમ કૃપા અને તપને આત્મસાત કરી અગિયાર અંગો, છેદ-મૂળસૂત્રના જ્ઞાતા બન્યા. પોતાના નામની જેમ આગમના પદાર્થોનું જ્ઞાન અસ્થિમજ્જા સ્થિર કર્યું.

તેમની યોગ્યતા જાણી તેમના પૂ. તારક ગુરુદેવે તેમને આચાર્યપદ ઉપર આરૂઢ કરી આ. શ્રી માનદેવસૂરિજી નામે જાહેર કર્યા. સૂરિપદ પ્રદાન સમયે તેમના ગુરુદેવે શ્રી લક્ષ્મી અને શ્રી સરસ્વતી એ બંને દેવીઓ તેમના ખભા ઉપર સાક્ષાત જોઈ તેથી તેમનું મન ઉદ્વેગ પામ્યું કે-''આના પ્રભાવથી આ માનદેવસૂરિજી નિરતિચાર ચારિત્ર પાળી શકશે નહિ અને ચારિત્રથી પણ ભ્રષ્ટ થશે.''

ચતુર શિષ્ય એવા તેઓ પોતાના તારક પૂ. ગુરુદેવના મનોભાવ સમજી ગયા અને પોતાના આત્માની આવી હિતચિંતા કરનાર ગુરુદેવ પ્રત્યે જે અહોભાવ થયો તે જ્ઞાની જાણે. ત્યાં જ તેઓએ નિયમ કર્યો કે-''આજથી માંડીને ભક્તના ઘરના આહાર-પાણી વાપરીશ નહિ અને જીવનભર છઠ્ઠે

દિગ્ગજ વિદ્વાનોને ચમત્કૃત કરનાર ચૂર્ણિકાર

♦ ગુણપરાગ

શ્રી જૈનશાસન જગતમાં જયવંતુ છે અને રહેવાનું પણ છે. તેનો પ્રતાપ પણ અખંડ-અપરાજિત છે. તેને ઉદિત રાખનાર પ્રતાપી પુરૂષો થયા છે, થાય છે, થવાના છે. મોટા મોટા દિગ્ગજ વિદ્વાનોના માથા-હૈયાને ડોલાવનાર ચમત્કૃત કૃતિઓના કર્ત્તા પણ આ શાસને જગતને ભેટ આપ્યા છે.

શ્રી જિનાગમના વ્યાખ્યાતા એવા શ્રી જિનદાસગણિ મહત્તરનું ચૂર્ણિકારોમાં નામ મોખરે છે. તેમના ગુરુનું નામ પૂ. શ્રી ગોપાલગણિ મહત્તર હતું અને તેમના વિદ્યા ગુરૂ પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નક્ષમાશ્રમણ હતા. શ્રી ઉત્તરાધ્યયનની ચૂર્ણિના અંતમાં પોતાના ગુરૂનું નામ, કુળ, ગણ અને શાખાના ઉલ્લેખમાં જણાવ્યું કે-''ગોપાલગણિ મહત્તર, વાણિજ્ય કુલ, કોટિક ગણ અને વજ્ર શાખા.' શ્રી નિશીથચૂર્ણિના પ્રારંભમાં પોતાના વિદ્યાગુરુ તરીકે શ્રી પ્રદ્યુમ્નક્ષમાશ્રમણનો ઉલ્લેખ કરી, તેઓએ તેના અંતમાં પ્રશસ્તિમાં પોતાના નામનો જે રહસ્યમય રીતે ઉલ્લેખ કર્યો છે તેવી શૈલી સાહિત્ય ક્ષેત્રમાં બહુ જ વિરલ-અલ્પ જોવા મળે છે.

''तिचउपण अट्ठमवग्गे
ति तिग अक्खरा व तेसि।
पढमततिएही तिदुसरजुएही
णामं कयं जस्स॥''

(અનુ. પાના નં. ૧૦૧૪ ઉપર)

વિગઈનો ત્યાગ કરીશ.'' આત્માર્થી આત્માઓ કેવા વીર્યોલ્લાસવાળા અને અખંડિત વ્રત પાલનમાં ઉદ્યમી હોય છે તે વાત આ પ્રસંગથી સમજાય છે. અને આજે આપણે.....!

તેમના અખંડ તપ તેજોબળથી અને નિર્મળ બ્રહ્મતેજથી આકર્ષિત થયેલી જયા, વિજયા, અપરાજિતા અને પદ્મા નામની ચારે દેવીઓ તેમના સાંનિધ્યમાં રહેતી, રોજ વંદન કરવા આવતી અને તેમનો યશોવાદ ફેલાવતી.

તે કાળમાં તક્ષશિલા નગરી જૈનોનું મુખ્ય કેન્દ્ર ગણાતી. તેમાં અચાનક મહામારીનો ઉપદ્રવ ફેલાયો. ટપોટપ લોકો મરવા લાગ્યા. કોઈપણ ઔષધ કે ઉપચાર કામ ન આવ્યા. સ્મશાનભૂમિ શબોથી ઉભરાવા લાગી.

આવા આપદ કાળે શાસનભક્ત ધર્માનુરાગી જીવોએ શાસનદેવીની આરાધના કરતાં તેણીએ રક્ષાનો ઉપાય બતાવ્યો કે ''નાડોલમાં પૂ. આ. શ્રી માનદેવ સૂરિજી મહારાજ વિદ્યમાન છે. તેમના ચરણનું જળ છાંટવાથી આ ઉપદ્રવનું નિવારણ થશે. તે પછી આ નગરનો ત્યાગ કરી અન્યત્ર ચાલ્યા જવું.''

તે પછી બધાએ ભેગા થઈ વીરદત્ત નામના શ્રાવકને વિનંતિપત્ર આપી નાડોલ મોકલ્યો. તે જ્યારે ઉપાશ્રયમાં આવ્યો ત્યારે પૂ. આચાર્ય ભગવંતશ્રી ધ્યાનમાં હતા અને જયા અને વિજયા દેવી વંદન કરવા આવેલી તે એક ખૂણામાં બેઠેલી. તેથી તે શ્રાવક આ દશ્ય જોઈ શંકિત-અશ્રદ્ધાલુ થઈ બહાર બેઠો. ધ્યાન પૂર્ણ થયા પછી પૂ. આચાર્યદેવને અવજ્ઞા-અભક્તિથી વંદન કર્યું, તેથી કોપ પામેલી દેવીઓએ તેને શિક્ષા કરી બાંધી દીધો. પણ પૂ. આચાર્યશ્રીએ છોડાવ્યો અને દેવીઓએ તિરસ્કારપૂર્વક ઉપાલંભ આપતા કહ્યું કે- ''હે પાપી! પવિત્ર આચરણવાળા આ પુણ્યપુરુષ પ્રત્યે શંકા કરતાં તને લેશ પણ લજ્જા ન આવી ? અમે દેવીઓ છીએ એમ તું જાણી શકતો નથી ? અમારી દૃષ્ટિ અનિમેષ છે, પગ જમીનથી ચાર આંગળ અધ્ધર, પુષ્પની માળા પણ કરમાયા વિનાની છે - આ બધું તારા ધ્યાનમાં નથી આવતું ?'' તેથી તેણે પોતાની ભૂલની માફી માગી અને આવવાનું કારણ જણાવ્યું.

ત્યારે સૂરિદેવે ત્યાં આવવાની પોતાની અશક્તિ દર્શાવી પણ કહ્યું કે - ''પૂર્વ કમઠે પ્રકાશિત કરેલા અને આ દેવીઓએ બતાવેલ શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંત્રથી સંયુક્ત શ્રી શાંતિસ્તવ (લઘુ શાન્તિ) નામનું એક સ્તવન લઈને તું સ્વસ્થાને જા. આ સ્તોત્રપાઠ કરી પાણી છાંટવાથી સર્વ ઉપદ્રવ શાંત થઈ જશે.'' તેણે પણ તે પ્રમાણે કરી તક્ષશિલાનો ઉપદ્રવ શાંત કર્યો. મરકીના ઉપદ્રવના નિવારણ માટે જેમ તેઓએ શાંતિસ્તવ (લઘુ શાંતિ) બનાવ્યું તેમ વ્યંતરના ઉપદ્રવના નિવારણ માટે તેઓએ 'તિજયપહુત્ત' સ્તોત્ર બનાવ્યું હતું.

તેઓએ પંજાબ-સિંધમાં પણ વિચરી ત્યાંના રજપૂતોને જૈન બનાવ્યા હતા. આ રીતે ભગવાનની ૧૯મી પાટ દિપાવી, ગિરનાર તીર્થ ઉપર અનશન સ્વીકારી, વીરનિર્વાણ સં. ૭૩૧માં સ્વર્ગવાસી થયા.

આપણે પણ આવા આત્માર્થી અને સાચા આરાધક બનીએ તે જ કામના ! ◆

(પાના નં. ૧૦૧૩નું ચાલુ)

ભાવાર્થ - અકાર આદિ સ્વરપ્રધાન વર્ણમાળાનો એક વર્ગ માનવાથી **અ** વર્ગથી **શ** વર્ગ સુધી આઠ વર્ગ બને છે. આ ક્રમથી ત્રીજા **च** વર્ગનો ત્રીજો અક્ષર **ज**, ચોથા **ट** વર્ગનો પાંચમો અક્ષર **ण**, પાંચમા **त** વર્ગનો ત્રીજો અક્ષર **द**, આઠમા વર્ગનો ત્રીજો અક્ષર **स** તથા પ્રથમ **अ** વર્ગની ત્રીજા માત્રા **इ**, બીજી માત્રા **आ** ને **'ज'** અને **'द'** સાથે જોડવાથી જે નામ બને છે તે નામને ધારણ કરનાર વ્યક્તિએ આ ચૂર્ણિનું નિર્માણ કરેલ છે. આ નામ **'जिनदास'** બને છે.

પૂ. આ. શ્રી. હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ આપણા ચરિત્ર નાયકની ચૂર્ણિઓના આધારે 'આવશ્યક નિર્યુક્તિ - ટીકા' તથા 'શ્રી નંદીસૂત્ર-ટીકા' આદિ રચ્યા છે. તેમજ શ્રી મહાનિશીથ સૂત્રનો આદર્શ જે તૈયાર કરેલ તે આ પૂ. ચૂર્ણિકારશ્રીને પણ વંચાવ્યો હતો.

શ્રી નંદીચૂર્ણિ મુજબ આમનો સત્તાકાળ વિક્રમની આઠમી શતાબ્દિ ગણાય છે. આવા ચમત્કૃત ચૂર્ણિકાર ના ચરણમાં ભાવભરી વંદના !

એ ઉપકાર આપનો કદીયે ન વિસરે !

- સુશ્રાવિકા જયોત્સનાબેન બી. યાલીસહજાર - અમદાવાદ

આત્મ હેતૈષી જ્ઞાનિપુરુષો ફરમાવે છે કે- 'સદ્ધર્મદાતા ગુરુના ઉપકારનો બદલો ક્યારે ય વાળી શકાતો નથી. અજ્ઞાનના અંધકારમાંથી સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય તેનું નામ ગુરુ છે. તેથી જ 'સુહગુરુ જોગો'ની પ્રાર્થના ઉપાદેય કહી છે. ભવરૂપી અંધારિયા કુવામાંથી સદ્ધર્મરૂપી દોરડું આપી બહાર કાઢનારા ગુરુનો ઉપકાર તો જેટલો માનીએ તેટલો ઓછો.

મને સદ્ધર્મના માર્ગે પગલાં પડાવ્યા હોય તો પૂ. ઉપાધ્યાયજી શ્રી ચારિત્ર વિજયજી ગણિવર્યે ! માતા-પિતાની પ્રેરણા અને કુલના સંસ્કારથી જ્ઞાનમંદિરે અવાર-નવાર જતા તેમના પરિચયમાં આવવાનું થયું. તેમની 'કડકાઈ' અને 'કઠોરતા'ની છાપ સાંભળેલી પણ અમને તો ધર્મના સૂત્રો કંઠસ્થ કરવા જે વાત્સલ્યભાવ પ્રેરણા કરતા, પૂજા-ભક્તિ, નવકારશી-ચોવિહાર કરવા માટે સમજાવતા તો તેમની કડકાઈ નહિ પણ વાત્સલ્યમયી માતાની લાગણીનો અનુભવ થતો. ખરેખર કડક અનુશાસન તો ખૂબ જ જરૂરી છે તે જીવનના અનુભવોથી સમજાયું છે. જો આત્મોત્થાનના પંથે ચાલવું તો ? શરીરની સંભાળ-પંપાળ કરીએ, સુકુમાર બનાવીએ તો નાનકડો તાપ પણ ક્યાંથી થાય ? જો શરીર પ્રત્યે પણ કઠોર બનીએ તો તપમાં આગળ વધાય તો આત્માને લાગેલાં અનાદિના કર્મો પ્રત્યે કઠોર બન્યા વિના મુક્તિ શેં થાય ?

જેઓશ્રી માત્ર બાર વર્ષને લઘુ વયે સકલાગમ રહસ્યવેદી સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે દીક્ષાને અંગીકાર કરી. ચીનુભાઈમાંથી પૂ. મુ. શ્રી ચારિત્ર વિજયજી બની, શ્રી જિનશાસનના શણગાર, દીક્ષાના દાનવીર, ભારતવર્ષાલંકાર, જેમના જીવનમાં દેવાંશી તત્ત્વ હતું, આંખોમાં અમી ભર્યું વાત્સલ્ય અને કારુણ્ય હતું, ચારિત્રપૂત ચરણોથી સુશોભિત હતા, મુખમાં સાક્ષાત્ સરસ્વતી વસતાં, હૃદયમાં જિનાજ્ઞાનો સાર હતો, હેતાળ હાથોમાં શાસ્ત્રોનો સાથ હતો અને સત્ય-સિદ્ધાંતોની રક્ષા માટેની જેમની શૂરવીરતા અને જવાંમર્દીની યશોગાથાઓ હજી પણ ગવાયા કરે છે, આત્માના ઉદ્ધારની સાથે ભવ્ય જીવોના કલ્યાણની ભાવના જેમનો શ્વાસ હતા, પ્રશંસક અને નિંદકને સમદૃષ્ટિથી જોતા હતા, પગલે પગલે અનુપમ પુણ્યનો પ્રભાવ છતાં જેઓ નિર્લેપ હતા, સત્ય માટે જીવનભર સંઘર્ષો સામે મેરુ સમ આણનમ બની ઝઝૂમ્યા અને મુક્તિનો નાદ ભાવિકોના હૃદયમાં ગુંજતો કર્યો અને અપૂર્વ સમાધિના સાધક, યુગોના યુગો સુધી જિનશાસનની જ્યોતિ બનનારા સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યત્વ સ્વીકારી જીવનભર તેમના પડછાયારૂપે બની રહ્યા. જે સમર્પિતતાથી તારક પૂ. ગુરુ મહારાજનો પ્રાણ બની અનુપમ સેવા-ભક્તિ કરી, પોતાના હૃદયમાં તો ગુરુને વસાવ્યા પણ ગુરુના હૃદયમાં જેઓ વસી ગયા, અને ૨૦૨૩ના શ્રાવણ વદિ-૧૦, મુંબઈ-લાલબાગમાં પોતાના પ્રાણાધાર, જીવનના સુસફળ સુકાની એવા તારક ગુરુદેવના શ્રીમુખેથી શ્રી નવકાર મહામંત્રાદિનું શ્રવણ કરતાં, તેમના જ ખોળામાં માથું મૂકી સ્વર્ગની વાટે સંચરી ગયા. અને તેમના જ પૂ. ગુરુ મહારાજે જણાવેલ કે- "ઉપકારીના વિરહનું દુઃખ થાય તે સહજ છે પણ **શાસન સેવાના કાર્યોમાં ઉપાધ્યાયજીએ** (પૂ. ઉપા. શ્રી ચારિત્ર વિજયજી ગણિવરે) **જે સાથ-સહકાર આપ્યો તે ભૂલ્યો ભૂલાય તેવો નથી અને ભૂલાવો પણ ન જોઈએ."**

શાસનની કેવી અપૂર્વ દાઝ ! ગુરુ મહારાજની કેવી સેવા-ભક્તિ !

આ ગુણો આપણા જીવનમાં આવી જાય તો આપણા સૌનો બેડો પાર !

આવા શાસન રક્ષક સૂરિપુરંદર અને પૂ. ઉપા. શ્રી ચારિત્ર વિજયજી ગણિવર્યના ચરણોમાં કોટાનુકોટિ વંદના! પાયાના યોગદાનને પ્રતાપી પુરુષો પણ ક્યારે ય ભૂલતા નથી. તેથી જ જૈનશાસન આવા પ્રતાપી પુરુષોના પ્રભાવે હંમેશા જયવંતુ છે અને રહેવાનું છે.

❋❋❋

દશ દશ દૃષ્ટાન્તે દુર્લભ એવો આ મનુષ્યભવ એક માત્ર ધર્મને જ-આત્માના કલ્યાણને-કરવા માટે છે. ખાવું-પીવું પહેરવું ઓઢવું મોજમજા કરવા તે આ ભવનું ભૂષણ નથી પણ દૂષણ છે. જૈન કુળોમાં ત્યાગ અને વૈરાગ્યની, તપ-જપની વાતો તો સહજ હોય ! શાસ્ત્રકારોએ સાધુપણાને ધર્મ કહ્યો. સાધુપણાની શક્તિ મેળવવા કરાતા ધર્મને પણ ધર્મના કારણરૂપે ધર્મ કહ્યો.

પુણ્યના યોગે ગર્ભશ્રીમંત કુળમાં ઉત્પન્ન થયેલા, અપૂર્વ જાહોજલાલી વચ્ચે ઉછરેલા અને સફળ-બાહોશ વ્યાપારીની ખ્યાતિને વરેલા એવા પુણ્યાત્મા પણ જ્યારે સંયમ માર્ગે પ્રયાણ કરે છે, ત્યારે ઘડીભર તો સંસારમાર્ગ પણ થંભી જતો લાગે છે. ખરેખર જે પુણ્યાત્મા ધર્મ પામે એટલે તેની બોલ-ચાલ, રીત-ભાત બધું બદલાઈ જાય. તેની દરેકે દરેક પ્રવૃત્તિમાં-ક્રિયામાં ધર્મની જ છાંટ દેખાય. જ્યારે આપણી ધર્મક્રિયામાં પણ સંસાર જ દેખાય તેવું લાગે છે.

જે પુણ્યાત્માની સામાન્ય ઓળખ આપવી છે તે રાજનગરના શાહ સોદાગરોમાંના એક હતા શ્રી જે શીંગભાઈ ! દેશ-દેશાવરોનો વ્યાપાર પણ જેમની ધર્મપ્રવૃત્તિમાં બાધક ન બન્યો. શ્રાવકપણાની કરણી તે જ તેમનો પ્રાણ હતી ! સાધુતાના શણગાર સજવા તે હૈયાનો મુદ્રાલેખ હતો ! એવી પ્રભુભક્તિ, ગુરુભક્તિ અને ધર્મની આરાધના કરતા જે સાંભળતા પણ હૈયું અહોભાવથી આપોઆપ નમી જાય. પોતાની પેઢીના દરેકે દરેક ગુમાસ્તા આદિ બધાને ધર્મ કરવાની પૂરી અનુકૂળતા. આજે તો સરકારના કાયદાના કારણે અઠવાડિયે એક રજા રાખવી પડે છે. સાંભળવા પ્રમાણે તેમની પેઢી પાંચ તિથિ બંધ રહેતી ! પોતાના ધર્મ ઉપર એવો અપૂર્વ વિશ્વાસ અને ભગવદ્ વચનો પર પૂર્ણ શ્રદ્ધા કે-'પેઢીનો તાર કે ટપાલ ક્યારે પણ ઘેર આવી આપવાના નહિ. ધર્મક્રિયા કરી બપોરના પેઢી પર જાય અને પાછા આવી જાય.' તે ટેલીગ્રામ' એટલે અનેક કારણ. ભૂલેચૂકે પેઢીનો નોકર તે લઈને ઘેર જાય તો કહી દે કે-'તારે નોકરી કરવી છે કે ઘેર બેઠવું છે ? આજની હાલતની વાત ન પૂછો ? હવે તો ઉપાશ્રયમાં પણ મોબાઈલ્સ આવી ગયા...પાપનો ભય પણ નાશ પામ્યો...

અણનમ અણગારના એ બન્યા શણગાર

-સૌ. જયાબેન કલ્યાણભાઈ શાહ-અમદાવાદ

જે ઝંઝાવતનો કાળ હતો, શાસનના સત્યો ઉપર વજ્ર સમાન કુઠારાઘાત શાસનમાં પેસી ગયેલાઓ શાસનના ગણાતા કરતા હતા, દીક્ષા તો દુર્લભ જ હતી તેવા કાળમાં ચાલીશ (૪૦) વર્ષની વયે સકલાગમ રહસ્યવેદી, પરમગીતાર્થ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે મુમુક્ષુરત્ન શ્રી જે શીંગભાઈએ ચાલીસહજારની મેદનીની હાજરીમાં ભાગવતી દીક્ષાને અંગીકાર કરી. અને તે સમયના વર્તમાનપત્રોનો લગભગ એક જ સૂર સાંભળ્યો જાણ્યો કે-'રાજનગરના શાલીભદ્ર ગણાતા પુણ્યાત્મા પારમેશ્વરી પ્રવ્રજ્યાના પુનીત પંથે ! અને પૂ. મુ. શ્રી જશવિજયજી મહારાજના નામે; સુધારકોની એક પણ કારવાઈને સફળ ન કરવા દેનાર,- મેલી મુરાદોને બર ન આવવા દેનાર, શ્રી જિનશાસનના સુસફળ સેનાની વીશમી સદીના અજોડ શાસન પ્રભાવક, ન્યાયાંભોનિધિ પૂ. **શ્રી આત્મારામજી મ. ના** આદર્શોને આંખ સામે રાખનાર, સદ્ધર્મરક્ષક સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. **કમલસૂરીશ્વરજી** મહારાજાના અનુશાસનના અમીપાનને કરનારા, વચનસિદ્ધ મહામહોપાધ્યાય પૂ. **શ્રી વીરવિજયજી** મહારાજાના અંતરના આશિષથી જગવિખ્યાતિને વરેલા, પરમગીતાર્થ સ્વ. પૂ. આ. શ્રી વિજય **દાનસૂરીશ્વરજી** મહારાજાની છત્રછાયામાં નિર્ભીક-નીડર બની શાસનના કોહીનુર હીરા બનેલા, સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજ પાસેથી સંયમ અને સિદ્ધાંન્તનિષ્ઠાની ચુસ્ત કેળવણી પામેલા અને પૂ. **શ્રી બાપજી મહારાજા,** પૂ. આ. શ્રી **મેઘ સૂરીશ્વરજી મહારાજા,** પૂ. આ. શ્રી **લબ્ધિસૂરીશ્વરજી મહારાજા** પ્રતાપી પુરૂષોની પૂર્ણ કૃપાને વરેલા અને તે કાળે લોકોના હૈયામાં **મુનિશ્રી રામવિજયજીના લોક લાડિલા નામે** ઘર કરી ગયેલા પ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના (ત્યારના પૂ. મુનિશ્રી) શિષ્ય બન્યા.

અને નવકાર મહામંત્રના આરાધક બની, સમતા સમાધિ સાગરના સ્વામી બની સમાધિ મૃત્યુને વરી ગયા.

શાસનના પ્રતાપી પુરૂષોની હરોળમાં અગ્રેસર બની ગયેલા પૂજ્યોના ચરણ કમલમાં કોટાનુકોટિ વંદના સહ તેમના જેવો આરાધકભાવ આપણે સૌ પામીએ તે જ હાર્દિક શુભેચ્છા.

શાસન રક્ષક પૂ. આચાર્યશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના **પટ્ટધર આગમો**
દ્વારક ઉપકારી ગુરુદેવના આશીર્વાદથી જૈન ધર્મની રક્ષા પ્રચાર કરતા

જૈન શાસન અઠવાડિકને


હાર્દિક શુભેચ્છા

સારાં કામથી પુણ્યોદય જાગૃત થાય

તમે પણ મુસાફરીએ જતા હશો ત્યારે કોઈકની જોડે સંબંધ થઈ જતો હશે ને ? કેમ કે જમવાનો સમય થાય, ત્યારે તમારા જેવા સુખી માણસો એકલા તો જમે નહિ ને ? પોતાની પાસે જે સામગ્રી હોય, તે સાથેના મુસાફરને આપીને તમે બધા સાથે જ જમવા બેસો ને ? કે પછી તમે ને તમારાં જે કોઈ સાથે હોય, તે જ ખાવા બેસી જાવ ? દત્ત કેવો સારો માણસ છે, એ આપણે જોયું, અને આ જે પુરુષ મળ્યો છે. તેય કેવો સારો માણસ છે, તે આપણે જોઈશું. આજે આવા સારા માણસ મળે ? આપણે જો સારા માણસોનો ખપ હોય, તો આપણે જૂના કાળમાં જેવું પડે? આ કાળમાંય સારા માણસ મળે તો ખરા, પણ તે થોડા એમ કહો. આ લોકોએ એક-બીજાને ક્યાં જવું છે એ પૂછી લીધું ને ? એમ, તમે પણ ગાડીમાંથી જ્યારે ઊતરો, ત્યારે તમારી સાથે મુસાફરી કરનારા અને તમે ઊતર્યા ત્યાં ઊતરનારા જે હોય, તેમને પૂછો તો ખરા ને કે તમારે ક્યાં જવું છે ? અને જો એને જવાનું કોઈ સ્થાન ન હોય, તો તમે એને તમારી સાથે તમારે ઘરે લઈ જાવ ને ?

સભા૦ કયાંક ચોંટી ના પડે તેની કાળજી રાખીએ.

સારા કાળમાં સારા ઘણા અને એ બધા સારાને બીજાની કાળજી બહુ. સારાઓ બીજાની કાળજી રાખતા, એથી પણ ઘણાં પાપ ટળી જતાં ને પુણ્ય તપતાં માણસ સારું વિચારે, સારું બોલે અને સારું વર્તે તો પુણ્યોદય જાગે ? ઘોર પાપોદય ન હોય, તો પુણ્યોદય જાગી જાય એવું બને. અને માણસ વિચારે પણ ભૂંડો બને, વચને પણ ભૂંડો બને અને કામ પણ ભૂંડાં કરવા માંડે, તો પાપોદય જાગી જાય એવું પણ બને ને ? પુણ્ય જોરદાર હોય, તો વાત જુદી છે, બાકી ખરાબ વિચારવાથી, ખરાબ ખરાબ બોલવાથી અને ખરાબ ખરાબ કામો કર્યા કરવાથી પુણ્યને ખવાઈ જતાં અને પલટાઈ જતા પણ વાર લાગે નહિ. સારા માણસો તો સ્વભાવથી જ સારું કરનાર હોય ને ? એટલે કોઈ સાથે ઊતર્યો અને એને જવાનું જગ્યા ન હોય, તો એની ચિન્તા સારો માણસ કરે. તમારે કદાચ કોઈને સાથે લઈ જવો હોય, તોય તમે એને સાથે લઈ જાવ શી રીતે ? તમારે છૂપાવવાનું ઘાણું હોય અને ક્યાં જાવ છો, એ બતાવવાનું હોય નહિ, એવું પણ કાંઈક કેટલાકને હશે ને ? બીજી ઉપાધિઓય તમારે ઘણી. એટલે તમે, તમારી સાથે ગાડીમાંથી ઊતરેલો પણ અહીંથી બહાર નીકળીને ક્યાં જશે, એની ચિન્તા કરો જ શાના ?



ભરતભાઈ મફતલાલ શાહ

૪૦૧-બી, સુપ્રીમનગર,
માણેકલાલ રોડ,
નવસારી.



પરમ ઉપકારી ગુરુદેવ હાલારદેશોદ્ધારક
પૂ. આચાર્યદેવશ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની પરમ કૃપાથી તથા પ્રાચીન સાહિત્યો
ઉદ્ધારક પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી જૈન સિદ્ધાંતની રક્ષા
અને પ્રચાર કરતા **જૈન શાસન અઠવાડિક**ને હાર્દિક શુભેચ્છા

મન મોક્ષમાં ને શરીર સંસારમાં

આપણે પણ આટલા વિવેકી બનવાનું છેને ? આટલો વિવેક પ્રગટ્યા વિના, આપણા સંસારનો અંત નહિ આવે. જેણે જેણે પોતાના સંસારનો અન્ત લાવવો હોય, તેણે તેણે હૈયું ફેરવવું જ પડશે, અને હૈયું ફેરવીને જે સાધના કરવાની છે, તે રસથી કરવા માંડવી પડશે અને એ સિવાયનું જે કાંઈ કરવું પડે, તેમાં હૈયાને શંખ રાજાનું હૈયું બીજે જેવું હતું, તેવું બનાવવું પડશે. આ ઉદાહરણ આ રીતે વિચારીએ, તો બહુ ગમે તેવું છે. કે શંખ રાજાનો રાગ જેવો કલાવતી ઉપર છે, તેવો રાગ જો આપણને એકમાત્ર મોક્ષ ઉપર થઈ જાય, તો મોક્ષની સાધનામાં જે તેનાં સાધનોમાં જે આપણને ખરેખરો રસ આવે અને જે સિવાયનું બધું જ આપણને નીરસ લાગે. શંખ રાજા બીજાં કામ કરતો નથી એવું નથી, પણ બીજાં બધાં કામ એ જાણે દેહથી કરે છે. બીજાં કામ કરતાંય એનું મન કલાવતીમાં રમ્યા કરે છે. આવો અનુભવ સમકિતીને પણ થાય.

તમને શંખ રાજાની હાલતની જે હકીકત વર્ણવી છે, તે સાચી લાગે છે ? સંસારમાં આવું બને છે ને ? આવી વાત સંસારની વાતમાં ઘણા બોલે છે. અને કેટલાકને આ પ્રકારની અનુભૂતિ પણ હોય છે. આ વાત જો તમે સમજતા હો, તો 'સમકિતીનું મન મોક્ષમાં અને શરીર સંસારમાં' એ વાતને સમજતાં તમને વાર લાગે નહિ. જેમ શંખ રાજાની હાલતની વાત સાચી, તેમ 'સમકિતીનું મન મોક્ષમાં અને શરીર સંસારમાં' એ વાત પણ સાચી ને ? ઘણા એવી વાત નથી કરતા કે, જ્યાં હૈયું ખરેખર ચોંટી ગયું, તેના વિના બીજું કશું ગમે નહિ ? બીજું કરવામાં રતિ આવે નહિ ! બીજું જે કરવું પડે, તે દેહથી કરાય. રાજાને જેમ કલાવતી ઉપર રાગ છે, તેમ સમકિતીને રાગ હોય મુક્તિ ઉપર ! એટલે જ્યાં રાગ ત્યાં મન અને બીજે શરીર, એ નિયમ જેમ સંસારના રાગની બાબતમાં લાગુ પડે, તેમ મોક્ષના રાગની બાબતમાં પણ લાગુ પડે ને ?

સ્વ. કરમશી કુંભા માલદે
સ્વ. જોમાબેન કરમશી માલદે
સ્વ. જેસંગભાઇ કરમશી માલદે
સ્વ. મણિબેન જેસંગભાઇ માલદે
પરિવાર ગોઇંજવાળા
હ. : મનસુખલાલ જેસંગભાઇ માલદે
ભારતીબેન મનસુખલાલ માલદે
સુભાષ જેસંગભાઇ માલદે
કુ. ભવ્યા મનસુખલાલ માલદે

જલારામ ફુટવેર
સીવીંગ ચોથા માળે,
કામત ઘર રોડ ઓસવાળ સાગર પાસે,
ભીવંડી.

જે. કે. ટ્રાવેલ્સ
લાહોટી કંપાઉંડ, દાંડેકરવાડી સામે,
કલ્યાણ રોડ, ભીવંડી. ફોન : ૨૨૯૩૫, ૫૩૯૨૧
મોબાઈલ : ૯૮૨૩૧૭૩૮૯૦

હાલાર દેશો દ્ધારક પૂ. આ. **શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજા**ની
પરમ કૃપાથી અને પરમ ઉપકારી
પૂ. આ. **શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ની શુભ પ્રેરણાથી
જૈન શાસનનો જયકાર કરાવતા
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

મોક્ષના રાગથી વિરાગીને પણ સંસારનું બધું અણગમતું લાગે

રાગી માણસને જેના ઉપર અતિ રાગ થઈ ગયો હોય છે, તેના અભાવમાં આવી હાલત થઈ જાય છે, તો જે આત્મામાં સમ્યક્‌પૂર્વકનો સાચો વિરાગભાવ પ્રગટ્યો હોય, તેની હાલત સાચા સંસારના સાધનીય પ્રવૃત્તિઓ માટે કેવી હોય ? આ વાતમાંથી ઘણો બોધ તો આ કાઢવા જેવો છે. જેનામાં રાગ જ પૂર્વકનો સાચો વિરાગભાવ પ્રગટ્યો છે, તેને પણ રાજસભા કારાવાસ સમી ભાસે તો ? ભિક્ષુ, મસાલેદાર અને સ્વાદિષ્ટ જેવા આહારો પણ જેનામાં રસનાનો રસ પ્રગટાવી શકે નહિ તો ? ઘોડો જેટલે વાહન જ રાગ છે તે ? જે ગમે તેટલું કીમતી હોય અને સારું ગણાય તેવું હોય, તો પણ જે વાહન ઉપર સવાર થવામાં જેને ગમ્મત આવે ? અને કોઈ પણ પ્રકારની સંસારની ક્રીડા તો એને મન ઘોર પીડા જેવી લાગે ? જેને મોક્ષ ઉપર સાચો રાગ થઈ ગયો છે અને જેથી જેને સાચા સંસાર ઉપર સાચો વિરાગ થઈ ગયો છે, તેની હાલત સંસારમાં આવી હોય, એ સ્વાભાવિક છે ને ?

રાગીને કોઈ જોર ઉપરના અતિ રાગથી જેના વિનાનું જે બીજું બધું હોય, તે અણગમતું લાગે તો ? જેના વિનાનો લોગ જેને પીડા ભોગવવા જેવો લાગે તો ? તમારે આવી પીડા રાગી થઈને ભોગવવી છે કે વિરાગી થઈને ભોગવવી છે ? રાજામાં જેમ કલાવતીનો વિયોગ સહ્યાની શક્તિ રહી નહોતી, તેમ તમને મોક્ષનો અને મોક્ષની સાધનાનો વિયોગ સહ્યા જ કરે તો ? આવી પીડા વિરાગથી જે ભોગવે, તે જેમ જેમ પીડા ભોગવતો જાય, તેમ તેમ કર્મની નિર્જરા સાધતો જાય અને એ પીડા ભોગવતો ભોગવતો જે કર્મ બાંધ્યા, તો ગુણસ્થાનક પ્રત્યેકિક બાંધતો બાંધતો બાદ કરીએ, તો એ કર્મ પુણ્યાનુબંધી પુણ્ય રૂપ કર્મ બાંધ્યા. આવું પણ બની શકે, પણ એ વિરાગ કેવો હોય ? હૈયે પૂરો વિરાગ હોવા છતાં પણ શ્રી પૃથ્વીચન્દ્રને રાજગાદી ઉપર બેસવું એ અને શ્રી ગુણસાગરને પરણવું એ, કેવું મનની પીડા પેદા કરનારું લાગ્યા કર્યું હશે, તેનો પણ તમને આ રીતે આ વાત વિચારવાથી ખ્યાલ આવશે.

શાહ નેમચંદ રાયશી સુમરીયા અવન્તિકા, રજે માળે, મોરાર રોડ,
(ડભાસંગવાળા) મુલુંડ વેસ્ટ, મુંબઈ-૮૦.

પરમ ઉપકારી ગુરુદેવ લાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ની પરમ કૃપાથી તથા પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી જૈન સિદ્ધાંતની રક્ષા અને પ્રચાર કરતા

જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

ધર્મ પ્રત્યે બેદરકારીનું પરિણામ શું ?

આજે ધર્મની બાબતમાં બેદરકારી ઘણી આવી ગઈ છે અને ઘણી આવતી જાય છે. આજે ચારેય પ્રકારના સંઘમાં પ્રમા ..નું જોર મોટે ભાગે વધતું જાય છે અને પોતપોતાની કક્ષા મુજબના ધર્મના પાલન તરફ ઉપેક્ષા વધતી જાય છે. ધર્મ નું જાણે ફળ મળવાનું ન હોય તેમ અથવા તો ફાવે તેમ ધર્મક્રિયા કરી લેવાથી ધર્મનું ફળ મળવાનું હોય તેમ માનતા હશે કે શું હશે તે તો જ્ઞાની જાણે, પણ ધર્મ તરીકે મારે ધર્મ કરવો છે, એવી ભાવના પણ ઘણી ઓછી જોવા-જાણવા મળે છે. આપણે બધા કષ્ટ ભોગવતા નથી, એમ નથી, પણ ધર્મ માટે આપણે કેટલું કષ્ટ ભોગવીએ છીએ અને ધર્મ માટે કેટલું કષ્ટ ભોગવવા આપણે રાજી છીએ, એનો હિસાબ આપણે સૌએ પોતપોતાના ભલા ખાતર કાઢતા જેવો છે.

શરીરમાં જે જે કષ્ટ આવી પડે છે, તે તે કષ્ટ તો આપણે મને કે કમને, એ ન જાય ત્યાં સુધી ભોગવવાં પડે છે. એ કષ્ટ ભોગવવું ન પડે એની પેરવી તો કરીએ, પણ એ તો કર્મે આપેલું કષ્ટ છે, એટલે કર્મ ગયા વિના એ કષ્ટ જાય નહિ, માટે આપણે એ કષ્ટ ભોગવ્યા વિના છૂટકો થતો નથી. એ જ રીતે, પ્રતિકૂળતા ભોગવવી પડે નહિ અને અનુકૂળતા મળે એ માટે પણ આપણે કષ્ટ ભોગવીએ છીએ ને ? ત્યારે આપણે કષ્ટ ભોગવવા તૈયાર ક્યાં નથી ? એક ધર્મ માટે જ કષ્ટ ભોગવવા આપણે તૈયાર નથી, એવું લાગે છે.

શાહ કચરા મેરગ ગુઢકા પરિવાર, લાખાબાવળવાળા.
વેલજી કચરા, પાંદુરના.
અમૃતલાલ કચરા, પાંદુરના.
દેવચંદ કચરા, અંધેરી,
પાંદુરના, વાયા - નાગપુર (MP)

પરમ ગુરુદેવ નિસ્પૃહી શિરોમણિ
હાલારદેશોદ્ધારક પૂ. આ. *શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ*ના પટ્ટધર પરમ
ઉપકારી પૂ. આ. *શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ*ના ઉપદેશથી જૈન
જગતને જાગૃત કરતા



શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા



વિરાગ પેદા કરે એવી કથા

મહાપુરુષો કોઈ પણ ધર્મકથા લખે તેમાં સંસારની વાતો પણ લખાય જ. જેની કથા કરવાની હોય, તેને તે જેવા હોય તેવા રૂપે રજૂ તો કરે જ ને ? આ ધર્મકથામાંય આખો સંસાર ચૂંથ્યો છે, એમ વાંચતા લાગે જ્યાં સારાપણું છે. ત્યાં સારાપણું ટાંકીને, જ્યાં જ્યાં ખરાબી છે, તે એવી રીતે બતાવી છે કે, સંસાર ભૂંડો લાગ્યા વિના રહે નહિ, સંસાર પ્રત્યે ઉદ્વેગ જન્મ્યા વિના રહે નહિ. સાધુઓના વિરાગને પણ પુષ્ટ બનાવી દે, એવી વાતો આમાં છે. આ ધર્મકથા જો સારી રીતે વાંચી હોય, તો વાંચનારમાં વિરાગ ન હોય, તો તે પેદા થાય અને હોય, તો તે એવો દૃઢ બને કે, ગમે તેવી હાલતમાં પણ એ વિરાગ ડગે નહિ ! દ્રવ્યાનુયોગ એવો છે કે, એના યોગે સમ્યક્ત્વ નિર્મળ બને, ગણિતાનુયોગ એવો છે કે, એના યોગે ક્ષેત્રાદિકની માહિતી મળે, ચરણકરણાનુયોગ એવો છે કે, એના યોગે આત્મા અવિરતિમાં ફસાવા પામે નહિ ! જ્યારે ધર્મકથાનુયોગ ધર્મની પ્રાપ્તિમાં ખૂબ સહાયક બને. શ્રી જૈન શાસન આ ચાર અનુયોગમય છે. તેમાં ધર્મકથાનુયોગ એવો સુન્દર, મીઠો અને સરળ છે કે, જેને એ વાંચતા આવડે અને જેને એ સાંભળતા આવડે, તેને સંસાર જેવો ભયંકર છે, તેવો ભયંકર દેખાયા વિના રહે નહિ.

શાહ કચરા મેઘણ ગુઢકા પરિવાર (લાખાબાવળવાળા)

Atul B. Shah

ફોન : ૨૯૩૩૨ Phone : 22979

ओसवाल કલેક્શન

ફેન્સી, સાડીયાઁ તથા ગેરેન્ટેડ જ્વેલરી કે લિએ
(ભવ્ય એ.સી.શોરુમ)

બિલ્ડીંગ નં.૮–બી/૭ ગોપાલનગર,
ભિવંડી – ૪૨૧ ૩૦૨.

Mahaveer
ALIGNERS

Car Air Conditioners
Sales & Services
Repairing Works
Laser Wheel Alginment &
Computerised Wheel Balancing
Kalyan Naka, Near Traffic Office.
Next Amare Auto., Bhiwandi - 421 302.

કવિ રત્ન હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના

પટ્ટધર, પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. ગુરુદેવ આ. શ્રી વિજય જિનેન્દ્ર

સૂરીશ્વરજી મ. ની કૃપાથી જૈન જગતને જાગૃત રાખતા, સ્પષ્ટ પ્રરૂપણા કરતા

શ્રી જૈન શાસન અઠવાડિક વિશેષાંકને



❋ ચામડી વિનાના શરીર જેવો બિહામણો સંસાર ❋

ચામડી વિનાના શરીર ઉપર ચામડી જો ન હોય, તો આ શરીર કેવું બિહામણું લાગે ? તેમ આ સંસાર ઉપર પણ પુણ્યનો ઓછાડ અને માયાને પ્રપંચ જો ન હોય, તો આ સંસાર એથીય વધારે બિહામણો લાગે એવો છે. આપણા શરીર ઉપરની આ ચામડી જો ઉતારી નાંખવામાં આવે, તો ખુદ આપણને પણ અત્યારે આપણું બનેલું જે શરીર છે, તે પણ જોવું ભારે પડી જાય ને ? એને જોતાં ચીતરી ચઢે એવુંય બને ને ? આજે અરીસામાં પોતાનું મોઢું અને શરીર જોઈને રાજી થનારા છે, પણ એમાં રાજી થવું એ બેવકૂફી નથી ?

ચામડીનું પડ ન હોય, તો આ શરીર કેવું છે, એનો વિચાર તમને કદી પણ આવે છે ? અરે, શરીર ઉપર ચામડી હોવા છતાં પણ જ્યારે મોઢા ઉપર જરા ચાઠાં પડી જાય છે ત્યારે, અગર તો આ શરીર ઉપર ગડગુમડ થઈ જાય છે ત્યારે પણ એ મોઢું અને એ શરીર જોવું ગમે નહિ, એવું બની જાય છે ખરું ? તેમ આ સંસારમાં પણ પુણ્યનો ઓછાડ બિછાવાયેલો છે ને માયાનો પ્રપંચ વિસ્તરેલો છે, માટે સંસાર ક્યારે સુખવાળો હોય, ત્યારે સારો લાગે, એવું જ્ઞાની જીવોને માટે બની જાય છે. પુણ્યની કોઈ અસર નહિ, માયાપ્રપંચની કોઈ અસર નહિ, અને તે પછી જો સંસાર કેવો છે, એની કલ્પના પણ કરો, તોય તમને લાગે કે, આ સંસારમાં વસ્તુતઃ કશું જ સારું નથી.

શાહ શામજી પોપટ મારૂ

પરિવાર પડાણાવાળા

જે.બી. નગર, જૈન દેરાસર પાસે, અંધેરી ઈસ્ટ, મુંબઈ.

પરમ ગુરુદેવ નિસ્પૃહી શિરોમણિ
હાલારદેશોદ્ધારક પૂ. આ. *શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ*ના પટ્ટધર પરમ
ઉપકારી પૂ. આ. *શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ*ના ઉપદેશથી જૈન
જગતને જાગૃત કરતા

શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ભૂખ્યા પ્રત્યે સાધુનો વર્તાવ અને તમારો વર્તાવ

રાજા કેવો હોય ? રાજા તરીકે પ્રજાનું રક્ષણ કરવા બંધાયેલો જ ને ? એ તો શત્રુઓને કહી દે કે, તમે મારા કોઈપણ પ્રજાજનને પીડી જાવ ને હું જોઈ રહું, તે બને નહિ. મારી પ્રજાનું રક્ષણ હું કરું નહી અને હું રાજા બન્યો રહું, એ બને નહિ. આ રાજા છે માટે આ વાત છે. આ કાંઈ સાધુ નથી.

આજે કોઈ ભૂખ્યો મારી પાસે આવે તો હું શું કરું ? એને હું સમજાવવા જેવું સમજાવું, એટલું જ ને ? એને ધર્મ ઉપર અપ્રીતિ પેદા થાય નહિ, એવી રીતે વાત કરું, એ જ પ્રાયઃ મારાથી બને ને ? અને તમારી પાસે કોઈ ભૂખ્યો ભીખ માગતો કે ખાવાનું માગતો આવ્યો હોય, તો તમારાથી મારી જેમ વાત કરીને ભૂખ્યો રવાના કરાય ? ન કરાય ને ? કેમ કે, તમે ઘર માંડીને બેઠા છો. તમારી પાસે ખાવાનું છે અને તે એ ભૂખ્યાને આપી શકાય તેમ છે, તેમ છતાં પણ જો તમે એને એમ કહો કે, 'આ તો કર્મનો ખેલ છે, સૌને પોતપોતાનાં કર્મ ભોગવવાં પડે, તને ખાવાનું નથી મળતું એ તારા કર્મનો વિપાક છે, માટે તું તારું એ કર્મ ભોગવી લે...' આમ કહીને જો તમે એને પાછો કાઢો, તો એમાં તમારો ધર્મ પણ લાજે, તમારી માણસાઈ પણ લાજે, તમારી જાત પણ લાજે અને તમારું કર્મનું જ્ઞાન પણ લાજે. તમારે પહેલાં તો એ ભૂખ્યાની ભૂખનું દુઃખ ટાળવું જોઈએ. સાધુની જેમ તમારાથી પણ એને કહેવાજોગી સારી વાત કહેવાય ખરી, પણ તમારાથી પહેલાં એનું ભૂખનું દુઃખ ટાળ્યા પછીથી જે બે સારી વાત કહેવી હોય, તે કહેવાય. એમ આ રાજા છે. એટલે કોઈ પણ શત્રુ આવે અને હેરાનગતિ ઊભી કરે, તો તેની સામે ગયા વિના, તેનો શક્ય સામનો કર્યા વિના રહેવાય નહિ. કદાચ એમાં એને મરવું પણ પડે તેમ હોય, તો એ મરવાનું પસંદ કરે, પણ શત્રુને એ પોતાની પીઠ બતાવે નહિ.

શાહ ગોવીંદજી મેપાભાઈ માડુ પરિવાર, સીકાવાળા
ભીવંડી, ગોકુલ નગર, ઘાટકોપર, ગરોડીયાનગર, મુંબઈ

હા ારના તારણહાર **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ના
બો ાના બોધથી અને **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના
પ્રયત્નથી જૈન ધર્મનો પ્રચાર કરનાર
શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

પુણ્યોદયનો પ્રકાર

ા પ્રમાણે કહીને દત્ત ચિત્રપટમાં આલેખાયેલી સ્ત્રી કેવા સંયોગોમાં પોતાની બહેન બની ગઈ, તે વાત વિગતથી કહેવા માંડે છે. આમાં દત્તના પુણ્યોદયનો પ્રકાર પણ છતો થાય છે. સંસારમાં જે કાંઈ પણ સારું ને અનુકૂળ મળે, તે પુણ્યોદય વિના મળે નહિ. પુણ્યના યોગે આણધાર્યું, આણકલ્પ્યું, અચાનક જ આવી મળે અને પાપના યોગે સાચવેલું, સંભાળેલું પણ તમે જોતા રહી જાવ ને જતું રહે. કોઈ પણ પુણ્ય બંધાય, તો તે ધર્મથી જ બંધાય ? માટે જ પહેલાં કહ્યું કે, ચાર પુરુષાર્થો પૈકી ધર્મપુરુષાર્થ એ અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થની સિદ્ધિનું બીજ છે અને એ જ ધર્મ જો સારી રીતે સમર્પિત થઈ જઈને કરાય, તો એના પરિણામો મોક્ષની પ્રાપ્તિ થયા વિના પાછા રહેતા નથી. એવી સારી રીતે જે જે આત્માઓ ધર્મ કરવા માંડે, તે તે આત્માઓના જીવનમાં ધર્મનો પ્રભાવ પણ જોવા મળે અને એ ધર્મથી બંધાતા પુણ્યાનુબંધી પુણ્યનો પ્રભાવ પણ પ્રાયઃ જોવા મળે. કોઈક આત્મા ધર્મપુરુષાર્થ આદરે અને તે એના યોગે તરત જ મુક્તિએ પહોંચી જાય, તો કદાચ એવું પણ બને કે, એના જીવનમાં પુણ્યાનુબંધી પુણ્યનો પ્રભાવ જોવા ન મળે અને એકલા ધર્મનો જ પ્રભાવ જોવા મળે, બાકી તો પુણ્યનો પ્રભાવ પણ જોવા મળે.

શાહ મનસુખલાલ દેવશી સુમરીયા
૨૨-એ, ૬૦૩, અશોકનગર, ભીવંડી. ફોન : ૪૭૮૫૬

卐 મીનાબેન મનસુખલાલ સુમરીયા
પીયૂષ મનસુખલાલ સુમરીયા
મનીષ મનસુખલાલ સુમરીયા
કુસુમ ગિરીશ કરણીયા, મુલુંડ.
રેશ્મા ધવલ નાગડા, મુલુંડ. 卐

રેશ્મા ટેક્ષટાઈલ્સ
સોના કંપાઉંડ, ભીવંડી. ફોન : ૨૦૬૭૨

શાસન રક્ષક પૂ. આચાર્યશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આગમો
દ્વારક ઉપકારી ગુરુદેવના આશીર્વાદથી જૈન ધર્મની રક્ષા પ્રચાર કરતા

જૈન શાસન અઠવાડિકને **હાર્દિક શુભેચ્છા**

સિદ્ધાંત અને સમાચારીની રક્ષા માટે જેઓ જુસ્સાપૂર્વક ઝઝુમ્યા અને તેથી જ શ્રી જૈનશાસનમાં જેઓ 'સદ્ધર્મસંરક્ષક' તરીકે પ્રસિદ્ધિ પામ્યા એવા

પૂ. આચાર્યદેવશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ

વર્તમાનમાં વિચરતા મોટા ભાગના સાધુસમુદાયના એક પ્રભાવક નાયક તરીકે પૂ. આત્મારામજી મહારાજનું નામ આદરમરણીય રહે તેવું છે. તેઓશ્રીની પાટ પર પણ એવા જ પ્રભાવશાળી પુરુષ થઈ ગયા. તેમનું નામ હતું સદ્ધર્મસંરક્ષક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ. પૂ. મુનિવર શ્રી લક્ષ્મીવિજયજી મહારાજના શિષ્ય, પૂ. આત્મારામજી મહારાજના પ્રભાવક પટ્ટધર અને શ્રી સુધર્માસ્વામીજીની ૭૪મી પાટને પોતાના પ્રચંડ ચારિત્રપ્રભાવથી અને નીડર પડકારથી શોભાવી જનારા આ મહાપુરુષ અનેક રીતે પૂ. આત્મારામજી મહારાજના ઉત્તરાધિકારી હતા. કોઈની યે શેહમાં નહિ તણાવાની, સત્યના નિરુપણમાં સિંહ જેવો નાદ જગાવવાની અને નિઃસ્પૃહતાની પરાકાષ્ટાની કળા તેમણે પૂ. આત્મારામજી મહારાજ પાસેથી મેળવી હતી. બાર વર્ષની ઉંમરે તેમણે યતિ-દીક્ષા મેળવી હતી. પણ તપ-ત્યાગની સાધના કરવા નીકળનારને એ પાલવે ખરી ? તેથી તેઓ સ્થાનકવાસી દીક્ષિત બન્યા. આ સંપ્રદાયમાં ત્યાગ હતો, પણ સત્ય નહોતું. તેથી અંતે પૂ. આત્મારામજી મહારાજ સાથે તેમણે પણ સંપ્રદાયનો ત્યાગ કર્યો અને સંવેગી દીક્ષા સ્વીકારીને મુનિશ્રી કમલવિજયજી બન્યા.

પૂ. કમલવિજયજી મહારાજના લલાટે બ્રહ્મનું તેજ ઝગારા મારતું હતું. તેઓશ્રી મોટેભાગે હિન્દીમાં જ બોલતા. અને બોલતા થોડું પણ નાભિના ઊંડાણમાંથી શબ્દો એવા નીકળતા કે મુમુક્ષુઓ માટે તો એ બોલ માર્ગદર્શક મશાલ બની જતા. ભલભલા રાજા-મહારાજાને શરમાવે એવા રૂપના ધારક આ મહાપુરુષ હિંસાના હિમાયતી રાજવીઓ સમક્ષ અહિંસાનો એવો સચોટ અને રસાળ ઉપદેશ આપતા કે સહવર્તીઓને ય ત્યારે એમ થઈ જતું કે, મહારાજ આ કેટલું બધું કડક સંભળાવી રહ્યા છે ! પરંતુ તેઓશ્રીનાં વચનોની ગજબની અસર થતી.

પૂ. આત્મારામજી મહારાજની પાટ પૂજ્યશ્રીએ વફાદારી અને વીરતાથી દીપાવી. જીવનમાં એવા પ્રસંગો આવ્યા કે જ્યારે અડવા થઈને ય સત્યની રક્ષા કરવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે ઘરના કે પરનાનો ભેદ રાખ્યા વિના તેઓશ્રીએ જે શાસ્ત્ર પુરસ્તા દાખવી તેનો ઈતિહાસ ખૂબ ગૌરવભર્યો છે. નુમારી, સત્યપ્રીતિ અને પવિત્રતા તો તેઓશ્રીની જ. જીવનના છેલ્લાં વર્ષોમાં શહેરમાં રહેવાનું થતાં, ત્યાં થઈ રહેલો મર્યાદાનો સાર્વત્રિક લોપ જોઈને તેઓશ્રી બોલી ઊઠતા કે, 'शहर के लोग चंदन की चिता से जलायेंगे, तो लकडी से जलानेवाले गामडे मौजूद है. मृत्यु बिगाडना नहीं है.' અને પૂજ્યશ્રી શહેર છોડીને, ગામડામાં જઈને સાધનામાં મગ્ન બન્યા. અંતે એક મોટા શહેરની પાસે આવેલા ગામડામાં જ તેમનું જીવન સમાધિપૂર્વક પૂર્ણ થયું. તેઓશ્રીએ શાસનની રક્ષા કાજે પોતાની જાતનો વિચાર કર્યા વિના જે ન્યોછાવરી દાખવી તે વિરલ કહી શકાય તેવી હતી. પૂજ્યશ્રીની ટૂંકી વિગતો નીચે પ્રમાણે છે :

જન્મ : સં. ૧૯૦૮ સરસા (પંજાબ), યતિ દીક્ષા : સં. ૧૯૨૦ (પંજાબ), સ્થાનકવાસી દીક્ષા : સં. ૧૯૨૯ જીરા (પંજાબ), સંવેગી દીક્ષા : સં. ૧૯૩૨ અમદાવાદ, આચાર્યપદ : સં. ૧૯૫૭ પાટણ અને સ્વર્ગવાસ : ૧૯૮૩ જલાલપુર (નવસારી).

શાહ કાલીદાસ મેઘજી ગુઢકા
પરિવાર લાખાબાવળવાળા

"જયદીપ", આંબેલ ભુવન પાસે, ૨-ઓસવાળ કોલોની, જામનગર.

શાસન રક્ષક પૂ. આચાર્યશ્રી વિજય અમૃત ચૂરીશ્વરજી મહારાજના **પટ્ટધર આગમો દ્વારક**
ઉપકારી ગુરુદેવના આશીર્વાદથી જૈન ધર્મની રક્ષા પ્રચાર કરતા
જૈન શાસન અઠવાડિકને
હાર્દિક શુભેચ્છા

કામ કરવામાં ઉદાર અને બોલવામાં કૃપણ

તમે વિચાર કરી જોજો કે, આવા પ્રસંગે આપણે આવો જવાબ આપીએ ? કે 'મેં જ આમ કર્યું અને મેં જ તેમ કર્યું.' એવું એવું બોલવા મંડી પડીએ ? 'મે આપણાં આમ વખાણ કર્યાં ને તેમ વખાણ કર્યા અને પછી રાજાને પણ મેં એવો સમજાવ્યો કે એ કહે કે, તું જ આ કન્યાને તારા રાજા માટે સાથે લઈ જા, એમ રાજાએ મને કહ્યું' - આવું તો ઘણું બોલવું હોય તો બોલાય એવું હતું ને ? પણ દત્તે એવી કોઈ જ વાત કરી નહિ.

સભા૦ આડકતરી રીતે પોતે જ બધું કર્યું છે, એ વાત એણે સ્વીકારી લીધી.

મતલબ એનો એ હોવા છતાં પણ બોલવા-બોલવાની વાતની અને રીતની જ કિંમત છે ને ? દુનિયામાં ઘણા તો એવા જ હોય છે કે, કામ થોડું કર્યું હોય, તોય પોતે ઘણું કરી નાંખ્યું છે, એવો દેખાવ કરવામાંથી જ ઊંચા આવે નહિ ! એવા માણસો કામ કરવામાં કૃપણ હોય છે અને બોલવામાં ઉદાર હોય છે, જ્યારે આવા કામ કરવામાં ઉદાર હોય છે અને બોલવામાં કૃપણ હોય છે!

રાબતબેન ખીમજી વીરજી ગુઢકા પરીવાર
મીઠોઈવાળા. (ઓ.) ૫૫૪૯૧૦ (રે.) ૫૬૨૨૨૫-૨૪
જયંતીલાલ ખીમજી એન્ડ કું.
* લસણના સ્પેશીયલ વેપારી, કમીશન એજન્ટ *
ગ્રેઈન માર્કેટ, જામનગર.

Max CERAMIC INDUSTRIES
MFG. OF : GLAZED TILES
P.B.No. 11, AMARAPAR, THANGAHD-363 530. (Guj.-India)
Phone : (02751) Fax : 21041, 22335, 20651, 22334 R. 20051, 21522
Mobile : 98252-17678. E-mail : maxtile@wukebtibtibkube.net

MIRAL CERAMIC IND.
NAVAGAM ROAD, AMRAPAR,
THANGADH. (GUJ.),
PHONE : 20651. (R.) 21522
પ્રભુલાલ ખીમજી

Max CERAMIC INDUSTRIES
NAVAGAM ROAD, AMRAPAR
THANGADH. (GUJ.),
PHONE : 21041. (R.) 20051. 21522
MAYUR SHAH

પરમ નિસ્પૃહી તપસ્વી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની કૃપાથી હાલાર અને હાલારીઓ જાગૃતિને કારણ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે હાલારી અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત

શ્રી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

શાંતિપ્રિય; નિરાભિમાની સદ્‌ગુણોથી શોભતા સમર્થ શાસનરત્ન પૂ. મુનિરાજશ્રી વૃદ્ધિવિજયજી (વૃદ્ધિચંદજી) મહારાજ

ગઈ કાલના તેમ જ આજના કેટલાય પ્રખર આચાર્યો તેમ જ મુનિવરોનું ગુરુપદ શોભાવનાર પરમ શ્રી વૃદ્ધિચંદજી મહારાજ તેમની ક્રિયા-તત્પરતા, શાંતિપ્રિયતા અને નિરાભિમાનિતાને લીધે જૈનશાસનમાં જાણીતા છે.

તેઓશ્રીનો જન્મ પંજાબમાં લાહોર જિલ્લામાં રામનગર શહેરમાં વિ. સં. ૧૮૯૦ના પોષ સુદ ૧૧ને દિવસે થયો હતા. પિતાનું નામ ધર્મજશ અને માતાનું નામ કૃષ્ણાદેવી હતું. તેમનું પોતાનું સંસારીનામ કૃપારામ હતું. જ્ઞાતિએ ઓસવાલ હતા. કૃપારામ ગામઠી નિશાળે અભ્યાસ કરી ચૌદ વર્ષની ઉંમરે દુકાને બેઠા. એ સમયે પંજાબમાં ઢુંઢક મતનું પ્રાબલ્ય હતું. ધર્મવૃત્તિવાળા કૃપારામ પણ તે મતની ક્રિયાઓ કરવા લાગ્યા. દરમિયાન કૃપારામનું વેવિશાળ કરવામાં આવ્યું હતું પણ કોઈ કારણસર તે તૂટ્યું. બીજે ઠેકાણે વાત ચાલતી હતી, પણ તે મુલતવી રહી. આ વખતે સં. ૧૯૦૩માં પૂ. બુટેરાયજી મહારાજે મુનિ મૂળચંદજી તથા શ્રી પ્રેમચંદજી સાથે ઢુંઢક મતનો ત્યાગ કર્યો. કૃપારામમાં વૈરાગ્યભાવના જાગી. સં. ૧૯૦૫માં દીક્ષા લેવાનો વિચાર કર્યો; પણ તે પાર પડ્યો ન કીં. પરંતુ બુટેરાયજી મહારાજે સં. ૧૯૦૮માં અષાઢ સુદ ૧૩ને દિવસે દિલ્હીમાં દીક્ષા આપી તેમને શ્રી વૃદ્ધિચંદ્રજી નામે ઘોષિત કર્યા.

શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે દીક્ષા ગ્રહણ કરીને અભ્યાસ અને ભક્તિમાં ખૂબ ધ્યાન આપ્યું. પછી તેઓ ગુજરાતમાં આવ્યા. અહીં તેઓશ્રીની પુણ્યપ્રતિભા ખૂબ વિસ્તરી. સં. ૧૯૧૨માં અમદાવાદમાં શ્રી બુટેરાયજી મહારાજ, શ્રી મૂળચંદજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદજી મહારાજની વડીદીક્ષા પં. શ્રી મણિવિજયજી દાદા પાસે થઈ. શ્રી વૃદ્ધિચંદજીનું નામ મુનિશ્રી વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યું. આ પછી તેઓશ્રીએ ગ્રામાનુગ્રામ વિહાર કરીને ધર્મોપદેશ આપવા માંડ્યો, તેમ જ શાસનહિત માટે અનેક કાર્યો કરવા માંડ્યા. તેમની વાણી અતીવ મધુર અને પ્રભાવી હતી. વળી તેઓશ્રી એટલા નમ્ર હતા કે કોઈની સામે સહેજ પણ કડક વલણ દાખવતા નહીં. શ્રી બુટેરાયજી મહારાજના સ્વર્ગવાસ પછી શ્રી મૂળચંદજી મહારાજ, કે જેઓ તેમના ગુરુભાઈ હતા તેમને વડીલ માનતા. અને તેમના ભક્તિવિનયમાં પોતાની મહત્તા સમજી. શત્રુંજય અંગેની લડતમાં તેઓશ્રીએ આગવું કાર્ય કર્યું. ભાવનગરમાં સંઘ વચ્ચે ચાલતા ઝગડા મિટાવ્યા. 'જૈનધર્મ પ્રસારક સભા' તથા 'જૈન ધર્મપ્રકાશક' માસિક પણ તેઓશ્રીની સદ્‌ભાવનાનું ફળ છે.

પૂજ્યશ્રી દીક્ષા લીધા પછી પંજાબમાં ત્રણ વર્ષ રહ્યા. સં. ૧૯૧૧માં ગુજરાતમાં આવ્યા. પછી પંજાબ ગયા જ નહીં. ગુજરાતમાં ૩૮ ચોમાસામાં અડધોઅડધ તો ભાવનગરમાં જ કર્યો. બાકીનાં વલ્લભીપુર, પાલીતાણા, અમદાવાદ વગેરે સ્થાને કર્યા. જીવનની છેલ્લી ઘડી સુધી જૈન વિદ્યાશાળા તેમ જ પાઠશાળા માટે ચિંતા સેવ્યા કરી.

સં. ૧૯૪૯માં વ્યાધિએ જોર કર્યું. 'અરિહંત સિદ્ધ સાહુ' ના ધ્યાનમાં વૈશાખ સુદ ૭ની રાતના ૯-૩૦ કલાકે ભાવનગરમાં દેહોત્સર્ગ કર્યો. તેમનાથી દીક્ષિત થયેલા પં. શ્રી ગંભીરવિજયજી, શ્રી ધર્મસૂરિજી (કાશીવાળા), શ્રી વિજયનેમિસૂરિજી આદિ ૧૦ સાધુઓ હતા, જેમાં કેટલાક પ્રખર પ્રતાપી મુનિવરો અને સૂરિવરોનો સમાવેશ થાય છે. આજે પણ તેઓશ્રીના નામ પાછળ સેંકડો પરંપરા છે.

(સંકલન : 'શ્રી તપાગચ્છ શ્રમણવટવૃક્ષ' માંથી સાભાર)

પદમશી વજપાર માડ્ડ
શ્રીમતી કસ્તૂરબેન પદમશી માડ્ડ પરિવાર,
લાખાબાવળ વાળા.
૪-ઓસવાળ કોલોની, જામનગર.

પરમ પૂજ્ય નિસ્પૃહી શિરોમણી
પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની કૃપા અને
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી જૈન ધર્મની
શ્રદ્ધાને જગાવનાર
શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

■ ધર્મ કરવો હોય તો અનુકૂળતા મળી રહે ■

એવા શેઠિયા જોયા છે કે, પેઢી ઉપર કલાક જાય ય ખરા ને ન પણ જાય, છતાં હજારો કમાય. અને એવા પણ જોયા છે કે, જેઓ રોજ જતા હતા, છતાં બુધવારિયાના મેમાન બન્યા ! જમની જેમ પેઢી ઉપર બેસતા, પણ પુણ્ય ખવાઇ ગયું હોય, ત્યાં એનું ચાલે શું ? મહેનત પણ ક્યારે ફળે ? પુણ્યની સહાય મળે તો ! અને પુણ્ય ક્યાંથી પેદા થાય ? ધર્મ વિના પુણ્ય પેદા થાય એ બને ? સુખી માણસોએ પોતે ધર્મમાં મનને વધારે પરોવવાનું અને મુનીમને પણ કહી દેવાનું કે, તારો ધર્મ તું ચૂકીશ નહિ ! પેઢીના બધા નોકરોને ધર્મ કરવાનું મન છે, એવું ભાળે તો એ કહી દે કે, પેઢી ૧૧ વાગ્યે ઉઘાડવાની રાખો. અહીં અમને કેટલાક કહી જાય છે કે, અમારે વ્યવહાર ચલાવવા માટે વહેલા જવું પડે ! કોઈને આપવાના હોય ને કોઈના લેવાના હોય. પણ બેન્કો અગિયાર વાગ્યા પછી જનારને પૈસા આપે કે નહિ ? અને પૈસા ભરવા હોય તો લે કે નહિ ?

સભા ૦ બપોરના બે વાગ્યા સુધી ચાલે.

ત્યારે અમને ખોટું સમજાવી જાય છે ને ?

સભા૦ ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ વગેરેની મુદત હોય ને ?

એમાંય બાર વાગ્યા પછી જાવ તો ન જ ચાલે ? ધર્મ કરવો હોય, તો મોટે ભાગે અનુકૂળતા મળી રહે છે. જેને લડકદા લાગ્યો હોય, તેની વાત જુદી. આમ ને આમ આ જિન્દગી કેટલી ગુમાવી દીધી ? હવે જે ૧/૨૫ વર્ષ બાકી હોય, તેમાં તમે ચેતી જઈને અને શક્ય એટલા ધર્મને જીવીને રવાના થાવ, તો સારું ને ? અહીં એવા માણસો પણ છે કે, જેમનાથી ધાર્યો ધર્મ થાય, પણ ધર્મ કરવો છે, એવું એમના મન પર આવે તો !

પ્રદીપ એસ. મહેતા
હર્ષા પી. મહેતા
કાજલ પી. મહેતા
ધવલ પી. મહેતા

૨૦૩- ''દેવકી'', સન્યાસ આશ્રમની બાજુમાં, વિલેપાર્લે વેસ્ટ, મુંબઈ- ૪૦૦ ૦૫૬.
ફોન : (૦૨૨) ૨૬૭૧૮૨૪૯

લેખોની અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખકનું નામ	પેઈજ નં.
૦૧	પૂ. શ્રી બાપજી મહારાજના ગુણાનુવાદ	- પૂ. આ. વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ.	૮૩
૦૨	સંસાર માટે મહેનત જેટલી	- પૂ. આ. વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ.	૮૩
૦૩	કાંતેની ક્રાન્તિ કથા	- પૂ. આ. શ્રી વિજય પૂર્ણ ચન્દ્ર સૂરીશ્વરજી	૮૩
૦૪	યુગ પ્રધાન શ્રી કાલિકાચાર્યજી	- ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી	૮૪
૦૫	હિત શિક્ષા આપે જીવન શિક્ષા	- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ.	૮૫
૦૬	ધર્મ દૃઢતાની સજ્ઝાય	- ——	૮૫
૦૭	જૈન શાસન વિશેષાંક મળેલ સહકાર	- ——	૮૭
૦૮	જૈન શાસન શુભેચ્છકો	- ——	૮૭
૦૯	પ્રભાત થા પાસજી મેલી પડદો પરે	- મુનિશ્રી હિતવર્ધન વિ.	૮૮
૧૦	પ્રતાપ સ્મરણ : પૂર્વજોનું	- પૂ. ગણિવર્ય જયદર્શન વિ. મ.	૮૮
૧૧	ત્રિવેણી સંગમ સમા	- મુ. શ્રી મંગલવર્ધન વિ.	૮૯
૧૨	પ. પૂ. આ. ભ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ.	- ——	૮૯
૧૩	કવિવર પંડિત શ્રી વીરવિજયજી મ.	- ——	૮૯
૧૪	સાધુઓનો સમાજ ઉપર ઉપકાર	- પૂ. આ. શ્રીવિજયરાજશેખર સૂ. મ.	૯૨
૧૫	આચાર્ય પ્રિયગ્રંથ સૂરિજી	- મુનિશ્રી હિતવર્ધન વિજયજી મ.	૯૨
૧૬	પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી ગણિવર્ય	- શ્રી દાન-પ્રેમ વંશ વાટિકામાંથી	૯૨
૧૭	પ્રભાવક પુરુષોની આંશિક ઝાંખી	- ——	૯૨
૧૮	પૂ. આ. શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) મ.	- પ્રા. રમણલાલ ચી. શાહ	૯૨
૧૯	તિલક કે લિયે બલીદાન	- ગણિશ્રી રત્નસેન વિજયજી મ.	૯૩૦
૨૦	શત્રુંજયોદ્ધારક શ્રીજાવડશાહ	- પૂ. સા. શ્રી અનંતદર્શિતા શ્રીજી મ.	૯૩
૨૧	સાત વર્ષે દિક્ષા	- પૂ. મુનિશ્રી હિતવર્ધન વિ.	૯૩
૨૨	સાધનનું મૂળ-સ્વાધ્યાય	- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.	૯૩
૨૩	પૂ. પ. પંન્યાસજીશ્રી સત્યવિજયજી ગણિ	- ત્રિપુટી મહારાજ રચિત- 'જૈન પરંપરાનો ઈતિહાસ'	૯૩
૨૪	ધર્મ ધુરંધર મહાપુરુષ શ્રીહીર વિજય સૂરિ.	- શાહ રતિલાલ ગુઢકા	૯૪૦
૨૫	પૂ. પ. પંન્યાસ શ્રી રૂપવિજયજી ગણિ	- ત્રિપુટી મહારાજ રચિત ''જૈન પરંપરાનો ઈતિહાસ	૯૪
૨૬	સાર્થ ભાષ્યકાર સૂરિદેવેશ	- પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી	૯૬
૨૭	સવાઈ હીરલા	- ભક્તિરાજ	૯૬
૨૮	પૂ. પંન્યાસ શ્રી ક્ષમાવિજયજી ગણિ	- ત્રિપુટી મહારાજ રચિત જૈન પરંપરાનો ઈતિહાસ	૯૬
૨૯	શેરના માથે સવાશેર	- ગુણરાજ	૯૬
૩૦	શ્રી અરિહન્તના મતરૂપી	- ગુણરાજ	૯૬
૩૧	અજ્ઞાન તિમિર દૂર થયું	- રન્તરાજ	૯૬

૩૨	પૂજ્ય પંન્યાસ શ્રી કીર્તિ વિજયજી ગણિ	- ત્રિપુટી મહારાજ રચિત જૈન પરંપરાનો ઈતિહાસ	૯૬૭
૩૩	પ્રતાપી પણાનાં ગુણ	- પ્રજ્ઞરાજ	૯૬૮
૩૪	'શુદ્ધ ધર્મ એ જ સુખનું સાધન'	-	૯૬૯
૩૫	શ્રી મહાવીર સ્વામીની પાટપરંપરાના પટ્ટધર આદિ મહાપુરુષોનાં નિર્વાણ-સ્વર્ગની સાલવાર યાદી	- શ્રી નિત્યયોગી આરાધના સંગ્રહમાંથી સાભાર	૯૭૦
૩૬	પૂ. સન્યાસ શ્રી પદ્મવિજયજીગણિ	- ત્રિપુટી મહારાજ રચિત ''જૈન પરંપરાનો ઈતિહાસ''	૯૭૦
૩૭	સાધુ-સાધ્વીએ વિચારવું જોઈએ		૯૭૩
૩૮	શાસનના રક્ષક મનીશ્વર	- શાહ રતિલાલ ડી. ગુઢકા	૯૭૫
૩૯	પૂજ્ય સન્યાસ શ્રી ઉત્તમ વિજયજી ગણિ	- ત્રિપુટી મહારાજ રચિત ''જૈન પરંપરાનો ઈતિહાસ	૯૭૮
૪૦	ધર્મો સૂરિ રાજા, તત્ત્વ ભાજા	- પૂ. સા. શ્રી અનંત દર્શિતાશ્રીજી મ.	૯૭૯
૪૧	જયવંતુ શ્રી જિનશાસન	- સૌ. ભદ્ર મનહરલાલ શાહ	૯૮૨
૪૨	દાન દેશના નરબંકા	- સૌ. રેખા સી. શાહ	૯૮૩
૪૩	ભગવાન મહાવીરનો મોક્ષ	- રતીલાલ ડી. ગુઢકા	૧૦૦૦
૪૪	પૂ. ગણિવર્યશ્રી મુક્તિવિજયજી મહારાજ	- રમણલાલ ચી. શાહ	૧૦૦૨
૪૫	પ્રસિદ્ધ પુરુષ આચાર્ય પાદલિપ્તસૂરી	- ડૉ. કલા શાહ	૧૦૦૫
૪૬	કેવળજ્ઞાન માટે સાધુપણાના પરિણામ જોઈએ જ	- ———	૧૦૦૭
૪૭	ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ	- સૌ. ઉજવલા એમ. શાહ	૧૦૦૮
૪૮	જૈન શાસનના પ્રતાપી પુરુષો	- ભક્તિ પરાગ	૧૦૦૯
૪૯	પૂ.પંન્યાસ શ્રી જિન વિજયજી ગણિ	- ત્રિપુટી મહારાજ રચિત ''જૈન પરંપરાનો ઈતિહાસ'	૧૦૧૦
૫૦	'વટગચ્છ' નામ પડવાનું કારણ	- સૌ. આરતી વી. શાહ	૧૦૧૨
૫૧	પૂજ્ય પંન્યાસ શ્રી કર્પૂર વિજયજી ગણિ	- 'જૈન પરંપરાનો ઈતિહાસ'	૧૦૧૨
૫૨	આત્માર્થી આચાર્ય ભગવંતને વંદના	- પ્રજ્ઞાંગ	૧૦૧૩
૫૩	દિગ્ગજ વિદ્વાતને ચમત્કૃત કરનાર ચૂર્ણિકાર	- ગુણપરાગ	૧૦૧૩
૫૪	એ ઉપકાર આપનો કદીયે ન વિસરે	- જ્યોત્સનાબેન બી. ચાલીસ હજાર	૧૦૧૫
૫૫	આણનમ આણગારના એ બન્યા શણગાર	- સૌ. જયાબેન કલ્યાણભાઈ શાહ	૧૦૧૬

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

❖ ❖ ❖

❖ ❖

લંડન U.K. **શુભેચ્છકોની અનુક્રમણીકા** લંડન U.K.

ક્રમ	શુભેચ્છક	પેઈજ નં.	ક્રમ	શુભેચ્છક	પેઈજ નં.
૦૧	શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂલચંદ મારુ	૮૫૭	૦૪	ફીંચલી સત્સંગ મંડળ	૮૬૦
૦૨	શ્રીમતી હંસાબેન કરમશી લાધા નાગડા	૮૫૮	૦૫	શ્રીમતી નીમુબેન મનસુખલાલ શાહ	૮૬૧
૦૩	ગંગાબેન હેમરાજ	૮૫૯	૦૬	શ્રાવક વેલજી સામત શાહ	૮૬૨

જૈન શાસન

અઠવાડિક

હાલાર દેશોદ્ધારક કવિપ્રભાવક સિદ્ધાંતનિષ્ઠ
પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ ઉપકારી
પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના પરમ ઉપકાર
અને પરમ ઉપદેશથી વિવિધ પ્રકારના શાસનના ધર્મના કાર્યો,
અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય, પ્રતિષ્ઠા,
યાત્રા સંઘો, શ્રુત જ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિના
વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે...

તેઓશ્રીના પરમ સદુપદેશથી...

જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

વિશેષાંક ઔજન્ય ધન્ય દાતાઓ

(૧)	સ્વ.	શાહ વીરજી હેમરાજ દોઢીયા
(૨)	સ્વ.	શ્રીમતિ જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા
(૩)	સ્વ.	ભાઈ વેલજી વીરજી હેમરાજ દોઢીયા
(૪)	સ્વ.	શ્રીમતિ ગંગાબેન હીરજી પોથરાજ
(૫)	સ્વ.	શ્રીમતિ પાનીબેન મેઘજી વીરજી દોઢીયા
(૬)		ભાઈ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા શ્રીમતિ ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરિવાર

કનસુમરા (હાલાર) બોક્સ નં. ૪૯૬૦૬ નાઈરોબી (કેન્યા)

માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫–દિગ્વિજય પ્લોટ, જામનગર
વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી ક્રિએશન્સ, રાજકોટમાં જૈન શાસન છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 3/1/03

9451

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અગીતાર્થતાથી બચો

नासेति अगीयत्थो, चउरंगं
सव्वलोए सारंगं।
नङ्कम्मि उचउरंगे, नतु सुलभं
होति चउरंगं ॥

(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૧૭૨૪)

અગીતાર્થ એવો સાધુ, સઘળાય લોકમાં સારભૂત ચારે અંગો - મનુષ્યપણું, શ્રુતિ, શ્રદ્ધા અને સંયમનો - નાશ કરે છે. અને આ ચારે અંગોનો નાશ થયા પછી તેની પ્રાપ્તિ સુલભ બનતી નથી.

વર્ષ ૧૫

અંક ૧૧

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

આચાર્ય શ્રી કૈલાસ[illegible] જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર [illegible] કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

પરમ નિસ્પૃહી તપસ્વી પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની કૃપાથી હજારો અને

હજારોરીઓ જાગૃતિને કારણ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજે

હજારો અને વિશ્વને જાગૃત કરી તેમના માર્ગદર્શનથી વિકાસિત

શ્રી જૈન શાસન અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા

❄ ચામડી વિનાના શરીર જેવો બિહામણો સંસાર ❄

આ શરીર ઉપર ચામડી જો ન હોય, તો આ શરીર કેવું બિહામણું લાગે ? તેમ આ સંસાર ઉપર પણ પુણ્યનો ઓછાડ અને માયાને પ્રપંચ જો ન હોય, તો આ સંસાર એથીય વધારે બિહામણો લાગે એવો છે. આપણા શરીર ઉપરની આ ચામડી જો ઉતારી નાંખવામાં આવે, તો ખુદ આપણને પણ અત્યારે આપણું બનેલું જે શરીર છે, તે પણ જોવું ભારે પડી જાય ને ? એને જોતાં ચીતરી ચઢે એવું બને ને ? આજે અરીસામાં પોતાનું મોઢું અને શરીર જોઈને રાજી થનારા છે, પણ એમાં રાજી થવું એ બેવકૂફી નથી ?

ચામડીનું પડ ન હોય, તો આ શરીર કેવું છે, એનો વિચાર તમને કદી પણ આવે છે ? ખરે, શરીર ઉપર ચામડી હોવા છતાં પણ જ્યારે મોઢા ઉપર જરા ચાઠાં પડી જાય છે ત્યારે, અગર તો આ શરીર ઉપર ગડગુમડ થઈ જાય છે ત્યારે પણ એ મોઢું અને એ શરીર જોવું ગમે નહિ, એવું બની જાય છે ખરું ? તેમ આ સંસારમાં પણ પુણ્યનો ઓછાડ બિછાવાયેલો છે ને માયાનો પ્રપંચ વિસ્તરેલો છે, માટે સંસાર જ્યારે સુખવાળો હોય, ત્યારે સારો લાગે, એવું જ્ઞાની જીવોને માટે બની જાય છે. પુણ્યની કોઈ અસર નહિ, માયાપ્રપંચની કોઈ અસર નહિ, અને તે પછી જો સંસાર કેવો છે, એની કલ્પના પણ કરો, તોય તમને લાગે કે, આ સંસારમાં વસ્તુતઃ કશું જ સારું નથી.

એમ. ડી. શાહ

૨૨ A ૬૦૩, અશોક નગર,

કલ્યાણ રોડ, ભીવંડી.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1064

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ: ૧૫) * સવંત ૨૦૫૯ માગસર વદ ૫ * મંગળવાર, તા. ૨૪-૧૨-૨૦૦૨ (અંક ૧૧

પ્રવચન

સત્તાવન

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૦)), બુધવાર, તા. ૨૩-૯-૧૯૮૬, શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

ગતાંકથી ચાલુ...

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. — અવ૦)

पिय-माया वच्चभज्जासयण घणा सबलतित्थिमंतिनिवा ।
नायर जहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

પ્ર. - અમને કાંઈ શિખામણ લાગતી નથી.

ઉ.- તો તમારા જેવા નફફટ બીજા એક નથી. જો આવા જ હો તો તમે ધર્મ સાંભળવા પણ લાયક નથી. આજના સુખીને કમાયેલો પૈસો ક્યાં મૂકવો તેની રિબામણ નથી ? તેની પાસે કેટલા પૈસા છે તે બોલી શકે તેમ છે ? આ રિબામણ નથી !! આગળ તો જેની પાસે ક્રોડ રૂપિયા હોય તે ઘર ઉપર ધજા રાખતો. અને આ કાળમાં તો જેની પાસે પૈસા છે તે બધા મોટાભાગે ચોરીની કમાઈના છે. માટે મારી પાસે આટલા પૈસા છે તે બોલવાની તાકાત જ નથી ! હું શ્રીમંત છું તે ન જાણી જાય તો સારું જેથી કોઈ માગવા ન આવે. તમારે ઘેર ધર્મનું કામ લઈનેઆવે તો તે ગમે કે ન ગમે ? રિબામણ કોને કહેવાય તે ય સમજતા લાગતા નથી. તમે જેવા છો તેવા ઓળખાઈ ન શકો તે જ રિબામણ ! તમે શાહ કે ચોર - તેમ બોલી ન શકો તે રિબામણ નહિ ! આજનો સુખી ઘણાં ભૂંડાં કામ કરે તે પછી સુખી થયો છે. હજી પણ સુખને સાચવી રાખવા, વધારવા ઘણાં ઘણાં ભૂંડાં કામ કરી રહ્યો છે. આ અનુભવ નથી ? જેને ભૂંડાં કામ ન કર્યા હોય એવો કોઈ સુખી છે ? તો આ રિબામણ નથી !!

નિપુણ આદમી થી સમજી સકાય તેવી આજ્ઞા છે. જે જૈનશાસનને રોજ સાભળે અને સમજે જો જેને લાગે કે હજી મારું ઠેકાણું નથી. ફસી ગયો છું. ઈચ્છા હોય કે ન હોય મારે દુર્ગતિમાં જ જવું પડશે. દુર્ગતિમાં જવું ન હોય તો આજ્ઞા સમજ્યા વિના છૂટકો નથી - આમ જેના મનમાં ન હોય તો તે ભવ્ય હોય તો ય ભારેકર્મી છે.

આપણે મોક્ષ જોઈએ છે ને ? વહેલો કે ગમે ત્યારે ? સંસાર વહેલો છૂટે તો સારું તેમ થાય છે ? નથી છૂટતો તેનું દુઃખ છે ને ? આવી ખરાબ વસ્તુ મારાથી કેમ છૂટે નહિ, મારું કર્મ ઘણું ભારે છે - આમ થાય છે ? સંસાર ન છૂટે તેનું દુઃખ ન હોય તેવો શ્રાવક હોય ખરો ? અમને

પણ દુનિયાનું સુખ ગમતું હોય તો હજી અંતરથી સંસાર નથી છૂટ્યો. તેનું દુઃખ હોવું જ જોઈએ 'સુખ વિના ચાલતું નથી, બધી અનુકૂળ ચીજ જોઈએ' તો તે ભયંકર અંદરનો સંસાર છે ને ? તે મળે નહિ માટે મોટોભાગ રિબાય છે. સુખ ધાર્યું મળતું નથી પણ તેની ઈચ્છાથી રિબાનારા કેટલા ? ઘણા સુખ હોવા છતાં સુખને ભોગવી શકતા નથી. મમ્મણને સારું સારું ખાવું-પીવું તો પૈસો ઘટી જાય તે મોટું દુઃખ હતું. કેટલી શ્રીમતાંઈ હતી ! તે જોઈને, શ્રી શ્રેણિક રાજાને ય થયેલું કે - આવી શ્રીમતાંઈ તો મારા ભંડારમાં પણ નથી. જેટલા કૃપણ હોય તેનું કુટુંબ પણ રિબાઈ રિબાઈને જીવે. તેનો દીકરો, પોતાના મિત્રને બાપને પૂછ્યા વિના ઘરે લાવી ન શકે.

તમારા જમવાના ટાઈમે સગો આવે તો તે ગમે કે ન ગમે ? સગો પણ તમારા જમવાના ટાઈમે ન આવે. તેને કહો કે, 'બાવા આવે છે' - આ વાત ખરી છે ? આને રિબામણ કહેવાય કે બીજું કાંઈ ? રોજ પચ્ચીશ (૨૫) ને જમાડો તો ય ખૂટે તેમ નથી તો એકને ય ન જમાડો તે રિબામણ નથી !!

આ સંસાર છોડવા જેવો લાગ્યો ? સુખી સંસાર હોય તો ય. મોક્ષે જવાનું મન હોય તો આ 'સુનિપુણત્વ' આવે પછી તો ધીમે ધીમે બધું સમજાશે. જેને સમજવું જ નથી તે તો શાસ્ત્રને વાંચવા છતાં ય નથી સમજતા. બીજાને ય ઊંધું સમજાવે છે અને આ આ જોઈએ તેમ થયા કરે છે. તેથી જે મલ્યું છે તેના આનંદ કરતાં નથી મલ્યું તેનું દુઃખ એટલું છે કે મલ્યાનો આનંદ કદિ થતો નથી. તમે સુખી છો કે દુઃખી ? મજેથી ખાઈ પીને જીવો તો ય કોઈ તકલીફ ન પડે છતાં ય ભાગાભાગ કેમ કરો છો ? શ્રાવક આજીવિકા માટે ધંધો કરવો પડે તો કરે પણ તેની ત્રિકાલપૂજા, આવશ્યક, સામાયિક ન અટકે, ધર્મનું જાગતો ન હોય તેમ હોય નહિ. આજે આવા કેટલા મળે ?

આજે ભિખારી યુગ છે ને ? ધર્મ કરનારા સુખી માણસો છે નહિ. ધર્મ કરનારા બધા દુઃખી જ લાગે છે. નહિ તો ટીપ કરવી પડત.

પ્ર.- આજે આટલો પૈસો ખર્ચાય છતાં ય ભિખારી યુગ કેમ કહેવાય ?

ઉ.- ભિખારીપણું કહું તે હૈયાનું બોલું છું. બહાર થી તો ભિખારી નથી કહેતો. તે તો મોટા બંગલામાં વસે છે. મંદિર-ઉપાશ્રયે કેમ જાવ છો ? પૈસા-ટકાદિ માટે જતા હો તો મહાભિખારી નથી ? પેલા ભિખારી પાસે તો ખાવાનું નથી તમારી પાસે ખાધું ખૂટે તેવું નથી તો ય બજારમાં શું કામ જાવ છો ? તમે થોડા ઘણા પૈસા ખર્ચો તે ય શા માટે ખર્ચો છો ? ખર્ચ્યા તેનાથી વધુ મેળવવાની ઈચ્છા તે ભિખારીપણું નથી ?

શાસ્ત્રે તો કહ્યું છે કે, ધર્મ પામેલો જીવ સારું મંદિર, ધર્મસ્થાન બાંધ્યાં વિના સારા મકાનમાં રહેતો ન હોય. એવા ઘણા છે જે પોતે સામાન્ય છે પણ ધર્મ ખૂબ ખૂબ કરે છે. મારે તમને બધાને આવા બનાવવા છે. બધા જો ધર્મને સમજી સમજીને કરતા થાય તો આજે પણ શાસનનો જયજયકાર થાય. આપણો જૈન સંઘ ગરીબ નથી, સારામાં સારો સુખી છે. જૈન દુઃખી રહે તે સુખી જૈનોનું કલંક છે. આ વાત તમને ગમે ખરી ? તમને કોઈ દુઃખી જૈન દેખાય તો તેની ભક્તિ કરવાનું મન થાય ? સામાન્ય માણસની અનુકંપા કરવાનું મન થાય ? ભૂખે મરતાં જનાવરોની દયા આવે ? આવું મન ન થાય તેનામાં જૈનપણું હોય નહિ જૈન પણું હોય તેનામાં આવા બધા ગુણો હોય. તે સુનિપુણ બનેલો આજ્ઞા સમજી જાય. એટલે ગમે તેવો પણ સારો સંસાર ફેંકી દેવા જેવો લાગે, સાધુપણું જ લેવા જેવું લાગે અને મોક્ષ જ મેળવવા જેવો લાગે - આ વાત તેના હૈયામાં અંકિત થઈ ગઈ હોય. શેઠ-સાહેબ થવાની ઈચ્છા આવી તે તો ભીખારી થયો. તમને ધર્મની ઈચ્છા ઘણી કે પૈસા-ટકાદિની ? બીજાને સુખી કરવાની ઈચ્છા ઘણી કે જાતે સુખી થવાની ઈચ્છા ઘણી ? ભગવાનની આજ્ઞા સમજાય એટલે સુનિપુણપણું આવે. હજી તે આજ્ઞા કેવી છે તે વાત હવે પછી.

– ક્રમશઃ

નૂતન વર્ષની મંગલ અભિલાષા

સંપાદકીય

નૂતન વર્ષનું નવલું પ્રભાત, શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટના ઉપક્રમે ચાલતાં, શ્રી મહાવીર શાસન (માસિક), શ્રી જૈન શાસન (સાપ્તાહિક) તથા બાલ જૈન શાસનના સર્વે વાચક મિત્રો, પ્રચારકો, શુભેચ્છકો, સહાયકો - સૌના જીવનમાં અજ્ઞાનના અંધકારને દૂર કરી સમ્યગ્જ્ઞાનના પ્રકાશના પૂંજને પાથરનારું બનો. જેથી શાસ્ત્ર-સિદ્ધાંત અને શાસનનો અવિહડ રંગ-રાગ પ્રગટાવી મહાપુરૂષોના, માર્ગસ્થ વડિલોની સદાચરણાના માર્ગે પ્રયાણ કરવાનું પ્રેરક-ચાલક બળ મલ્યા જ કરે. 'મારે દુઃખ ન જોઈએ અને સુખ બધાં જ જોઈએ' તેના બદલે 'મારે મોહ ન જોઈએ અને મોક્ષ જ જોઈએ', મારા જીવનમાંથી સંસારના પદાર્થોનો રાગ-આકર્ષિત ભાવ દૂર થાઓ અને ત્યાગ-વિરક્તિનો ભાવ પેદા થાઓ.

'રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ' એ જ મારો જીવન મંત્ર બનો. આવી દશાને પામી સૌ શાસ્ત્ર-સિદ્ધાંતની વફાદારીને કેળવી, ઉન્માર્ગથી બચી, સન્માર્ગમાં સ્થિર મક્કમ બની ચાલનારા બનો તે અમારી અંતરની અભિલાષા છે.

૨૮૭૮ નો અસ્ત થયો. તેના સમયમાં શાસનની જ્વલંત જ્યોતિનો ઉદય અને અસ્ત પણ થયો. શાસન સમર્પક, શાસ્ત્ર-સંયમ-સિદ્ધિનો સુઘોષા નાદ જગાવનાર મહાપુરૂષ લાખોના હૈયાની જેમ સ્મૃતિ રૂપે ચિરંજીવી બન્યા. તે તેમના સાચા વારસદારનો અસ્ત થયો. છતાં પણ આનંદ-સૌભાગ્યની વાત એ જ બની કે તેમના આજીવન વફાદાર એવા તે સાચા વારસદારે, તે જ મહાપુરૂષના અમૂલ્ય વારસાને જાળવી રાખ્યો અને ભાવિ પેઢીને તેનું સાચું માર્ગદર્શન આપીને ગયા તેની દૂરંગામી અસરો તો માત્ર કાળનો પ્રવાહ જણાવશે અને પવન પ્રમાણે પીઠ ફેરવનારા, મની-મસલ્સ પાવર્સના બળે ધાક જમાવનારા વર્તમાન કાલીન દેશનેતાઓ કેવા વામણા-માટી પગા થયા છે તેનો ઈતિહાસ જગ પ્રસિદ્ધ છે, પેપરોમાં હંમેશા જોવા મળે છે. આવી હાલત જૈનશાસનની, જૈન શાસનના જયવંતા સિતારાઓની ઝળકતા ઈતિહાસની ન થાય, અને જે ગૌરવભેર આજે દેશ-દુનિયા-સમાજમાં આપણું મસ્તક ઉન્નત બની રહ્યું છે તેને ઝૂકવું ન પડે તેની જવાબદારી સૌની છે. પાંચમા આરાના પ્રભાવે પરિસ્થિતિ સુધરે તેવી સંભાવના નહિવત્ છે પણ તેમાં વધારે બગાડો ન થાય અને તે બગાડમાં જાણ્યે-અજાણ્યે આપણે નિમિત્ત, હાથા ન બનીએ તેની કાળજી રાખવી આપણા સૌના માટે જરૂરી-અનિવાર્ય-હિતાવહ છે. મારા - તારાનો, પારકા-પોતાનો પક્ષપાત- ભેદભાવ ભૂલી, માત્ર વસ્તુસ્થિતિનું તટસ્થ-મધ્યસ્થ રીતે જે મૂલ્યાંકન કરાય અને ખોટથી બચી સાચાના સાથમાં સહકાર અપાય-ઉભા રહેવાય તે માટેનો અમારો આ માત્ર અંગૂલિનિર્દેશ જેવો પ્રયત્ન છે. સુજ્ઞ-વિવેકીજનો સારી રીતના વસ્તુતત્ત્વની યથાર્થતા સમજે છે. શાસનના સાચા સુભટ-શૂરવીર પ્રતાપી મહાપુરૂષોના અમીપાનથી ઉછળેલા અને તેમની છત્રછાયામાં કિલ્લોલ કરનારા આજના દેશનેતાની દશાને ન પામે તેવો વિચાર પણ કંપારી-ધ્રુજારી પેદા કરે છે. જેના તરફ સૌની મીટ હોય-આંખ હોય તે જ આંખ મિચામણા કરે, ગલ્લાંતલ્લાં કરે, જા બિલ્લી મોભા ભેગ આવી વૃત્તિ બતાવે તો પોકાર ક્યાં કરવો ?

હજી શાસનનું પુણ્ય જીવતું છે, શાસનની દાઝવાળા પુણ્યાત્માઓ પણ જીવંત છે. જેઓ લોકોની ગાળો ખાઈને, અપમાનો વેઠીને સન્માર્ગની રક્ષાનો પ્રયત્ન કરી રહ્યા છે. આપણે સૌ તેમને સાથ આપીએ, તેમના હાથ મજબૂત કરીએ તે ભાવના સાથે શાસનદેવ સૌને સદ્બુદ્ધિ આપે, મહાપુરૂષોના વારસાનું જતન કરવાનું બળ આપે તે જ પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

(અનુ. પાના નં. ૮૧૪ પર)

પ્રેરણામૃત સંગ્રહ

-પ્રજ્ઞાંગ

ભાગ : ૧

(સં. ૨૦૩૦, શ્રીપાલનગર-મુંબઈના પ્રવચનોમાંથી:)

અમારે તમારે બાપ ન હોત તો અમે શાસ્ત્રને જ વળગ્યા રહ્યા હોત. તેમ તમારે ય સત્યનો જ બાપ હોત તો તમે ઊંધા માર્ગે જાત નહિ. આજે અમારો-તમારો બે નંબરનો મેળ મળી ગયો છે અને ભગવાનનું શાસન બાજુ પર રહી ગયું છે. તેથી જ નિર્ભયપણે આજે ભગવાનના શાસ્ત્રોની વિરુદ્ધ બોલી શકાય છે, લખી શકાય છે, છાપી શકાય છે, પ્રચારી શકાય છે. વર્તમાનમાં જે હવા ચાલી છે, જે તોફાન ચાલી રહ્યા છે તેનાથી ધર્મ વધી રહ્યો નથી પણ ધર્મ રસાતલ જઈ રહ્યો છે. તમે તમારી સારી વસ્તુ ચોગાનમાં એવા લોકોના હાથમાં મૂકી છે કે જેને જેમ ફાવે તેમ ચૂંથે છે. કોઈને સાચું સમજવું નથી. તેથી લાગે છે કે બધા આંધળા બની ગયા છે, કાન બહેરા થઈ ગયા છે, હૈયા સડી ગયા છે. ભગવાન શ્રી અરિહંત પરમાત્માને શાસન સ્થાપવાનો મોહ હતો ? જગતમાં નવા માર્ગ સ્થાપવાના કોડ હતા ? શ્રી અરિહંત પરમાત્માનું શાસન જ્યારે જ્યારે વિચ્છેદ પામ્યું, ગૃહસ્થો ગુરુ બની બેઠા ત્યારે ત્યારે જે જે શ્રી તીર્થંકરદેવ થયા તેમને કહેવું જ પડ્યું કે ગૃહસ્થો ગુરુ ન જ હોઈ શકે. શ્રી જિનવાણીમાંથી નીકળેલા ઈતર મતો આ આ રીતે ખોટાં જ છે તેમ જાહેર કરવું પડે, બધાનો 'શંભુમેળો' ન કરાય. બારમા અંગમાં દરેકે દરેક મતનું ખંડન છે. તો આજે જેને જેમ ફાવે તેમ બોલે અને લખે તે શાથી બની રહ્યું છે ? તો ધર્મ કરનારને જ ધર્મ જોઈતો નથી માટે.

સંસારમાં પોતાના પુણ્ય મુજબ સીધી રીતે જે મળે તેમાં સંતોષથી જીવે તેનું નામ સદ્‌ગૃહસ્થ ! બાકી બધા ઉઠાવંગીર, લુંટારા...!

કર્મ વિચારથી બંધાય છે અને વિચારથી છૂટવાના છે. બરાબ ક્રિયા બરાબ વિચાર કરાવનારી છે. સારી ક્રિયા સારા વિચાર કરાવનારી છે. વિચાર ન બદલવા હોય તો સારી ક્રિયા શું કરે ? ધર્મીને તો આ વિચાર આવ્યા કરે કે - 'હું એકલો આવ્યો છું અને એકલો જવાનો છું. બધા કર્મયોગે ભેગા થયા છીએ અને પોત-પોતાના કર્મ મુજબ જવાના છે. માટે કોઈ ખોટું કામ ન કરો અને સારાં કામ શક્તિ મુજબ કરો.' પછી તમે કુટુંબને પાળશો તે દયાબુદ્ધિથી પાળશો પણ મોહથી નહિ. કુટુંબના કોઈનું ય અહિત ન થાય, સૌનું હિત થાય આવી દયાબુદ્ધિથી કુટુંબને પાળો તે ધર્મ અને મોહથી પાળો તે અધર્મ ! તમે કુટુંબનું પાલન કેવી રીતે કરો છો ? નીતિના કોઈ ય પુસ્તકમાં લખ્યું છે કે, કુટુંબ પાલન માટે હિંસા, ચોરી, જૂઠ, લુંટ કરવાની છૂટ છે ? તમે તમારી શી ફરજ સમજ્યા છો ? આજનો યુગ લેભાગુઓનો છે માટે તમે ઘરમાં છો. જો ન્યાયસત્તાનો યુગ હોત તો તમે બધા જેલમાં હોત !

મારે દુઃખ ન જોઈએ તે ક્યા મોઢે કહી શકીએ તેમ છીએ ? સમજુ અવસ્થામાં આટલાં પાપ કરનારી આપણી જાતે અણસમજુ અવસ્થામાં તો કેવાં કેવાં પાપ કર્યા હશે ! આપણે તો દુઃખ કેમ ન આવ્યું તેની જ ચિંતા કરવી જોઈએ. પાપ ન કરવું તે આપણા હાથની વાત છે. આપણે જો બળવાન થઈ જઈએતો ઘણા પાપથી બચી શકીએ. કેટલો ભારે સંતોષ હોય તો ના બને ! આરંભ-સમારંભ-સામાન્ય વેપારાદિ વિના ગૃહસ્થને હજી ચાલે નહિ તે બને. પણ જાણીબૂઝીને જૂઠું બોલવું, ચોરી કરવી, હિંસા કરવી તે બને નહિ. મારું ચાલે નહિ ત્યાં સુધી અધિક પાપ કરું નહિ આ ક્યારે બને ? પાપથી અવશ્ય દુઃખ આવે છે તે શ્રદ્ધા પાકી હોય તો

શાસ્ત્રે કહ્યું છે કે - શ્રી અરિહંત પરમાત્માની વાણીનો પણ જેવો જીવ હતો તેવો બોધ થયો કેટલાંક સમકિત પામ્યા તે કેટલાકે મિથ્યાત્વ ગાઢ કર્યું. શ્રી જિનવાણી તો પાણી જેવી છે. પાણી સાપના મોઢામાં ઝેર બને અને ગાયના મોંમાં દૂધ બને. સજ્જનમાં સીધી રીતે પરિણામ પામે. તેથી જ શાસ્ત્રે કહ્યું કે - ભગવાનની વાણીમાંથી જ બધા કુમતો નીકળ્યા જેને જે ગમ્યું તે લઈને પોતાનો મત ચલાવ્યો. આજે પણ ભગવાનની વાણીના ફાવતા અર્થ કરી ગપગોળા ચલાવનાર ઘણા છે માટે જ ઉપદેશકે કોઈ ઊંધુ ન લઈ જાય તે માટે ઘણા જ સાવધ રહેવાનું છે !

- સંપૂર્ણ:

પૂ. સા. શ્રી વિમલકીર્તિશ્વરજી મ. ના

ગુણાનુવાદ

પ. આ.વ.ક. સવારે ૧૧-૧૫ વાગ્યે દેવવંદન પદીથી
પૂ. નીતિસૂરિશ્વરજી મ. ના સમુદાયના, પાટડીવાળા
પૂ. લાવણ્યશ્રીજી મ.સા.ના. પ્ર.પ્ર.પ્ર. શિષ્યા રત્નપ્રથી સુસાધક
પૂ. જયશીલાશ્રીજી મહારાજે કરેલ ગુણાનુવાદ

માનવમાત્રની પ્રકૃતીની વિષમતાઓ વિશિષ્ટતાઓ અલગ અલગ હોય છે. એજ રીતે સાધુપણાને પામ્યા પછીથી જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધના દ્વારા સાધક જીવોના પરિણામોમાં તરતમતા સ્વભાવમાં વિશેશતાદિ ભિન્ન ભિન્ન પ્રકારે જોવા મળતી હોય છે.

વાત્સલ્યમૂર્તિ, સરળ પરિણામી પૂ.વિમલ કીર્તિશ્વરજી મ. સાથે અમે વિ.સં. ૨૦૪૨માં મુબઈના વિહાર વખતે મોટા ભાગના વિહારો સાથે કરવાના થયેલા. તેઓશ્રીજીની સૌહાર્દતા આત્મિયતાથી સાથે રહીએતા પરસ્પરને સવિશેશ અનુકુળતા રહે એ ભાવનાથી અમારૂ દિલ સાથે રહેવા પ્રેરાતુ. મુંબઈમાં પણ અવાર નવાર ગ્રુલુન્ડ, ઘાટકોપર વગેરે ક્ષેત્રોમાં ભેગા રહેલા તેઓશ્રીજી વડીલ હોવા છતાં એટલી બધી સરળતા-લઘુતા કે એમને મળવાથી પોતાના વડીલને હિતસ્વીને મળ્યા હોય એવો આનંદ થતો.

રોપારીનો સ્વભાવ બહારથી પણ કઠણ અને અંદરથી પણ કઠણ હોય છે. જ્યારે પૂ. વિમલકીર્તિશ્રીજી મ. સા બહાર બધા માટે કોમળ હતા અને કર્મોની વિષમતાને સહેવા સહીને હસતા રહેવા પચાવવા પોતાની જત માટે કઠોર હતા.

નખરોટ તથા નાળીયેર બહારથી કઠણ પણ અંદરથી પોચુ અને સ્વાદિષ્ટ હોય છે. તેઓશ્રીજીનું હૈયું અંદર અને બ્હાર બંને રીતે મૂલાયમ માખણ જેવું હતું જેના પણ સહવાસમાં આવતાં તેમને સમતા-સરળતાની મીઠાસ અવશ્ય ભેટરૂપે આપોઆપ મળી જતી.

ચણીબોર પણ બ્હારથી પોચા સોહામણા સ્વાદિષ્ટ હોય છે. પણ અંદરથી કઠણ હોય છે. જ્યારે આ મહાત્મામાં કદિ પણ બહાર જુદા અંદર જુદા આવું જુદાપણું જોવા મળ્યું નથી.

દ્રાક્ષ બહારથી પોચી અંદરથી પોચી સ્વાદમાં મીઠી દેખાવમાં સોહામણી હોય છે. ભદ્રકપરિણામી પૂ. વિમલકીર્તિશ્રીજી મ. સા.નું દર્શન-મિલન અને વર્તન બરાબર આ દ્રાક્ષની સ્મૃતીને કરાવ્યા વગર બહુમાન જગાવ્યા વગર રહેતું નહિ. તેઓશ્રીજીની માંદગીમાં જ્યારે જ્યારે દર્શન કરવા, શાતા પૂછવા આવી છું ત્યારે આવી બિમારીમાં પણ કેટલી સહિષ્ણુતા સમાધિ જોવા મળતી કે તેઓશ્રીજી રોગની તકલીફની કોઈ તાવ નહિં ચહેરા પર પણ એનો ઈસારો સરખો જોવા ન મળે કે આટલું વેઠવું પડે છે. ઉલ્ટા સામેથી માંગણી કરે કે મને થોડુ સંભળાવો. તેઓશ્રીજીને અમે સંભળાવીએ ત્યારે સાંભળવામાં એવા લીન થતા કે તેઓશ્રીજીના ભાવ જોઈને અનુકુળતા ન હોય તો પણ અમારો ઉલ્લાસ વધી જતો કે થોડું સંભળાવીએ.

સંભળાવ્યા પછી પણ એટલો બધો ઉપકાર માને કે બહુ સારૂ થયું તમો આવ્યા તો મને સાંભળવા મળ્યું. અવાર નવાર આ રીતે આવતા રહેજો હો. આવું કહેવા ને ફરી આવવામાં આઠ-દશ દાડા થાય તો કહે બહુ દાડે આવ્યા કેમ, ટાઈમ ઓછો મળતો હશે આવા આત્મીયતાના ઉદ્‌ગારો સરી પડતા. આવા આરાધક સાધક આત્માની શાસનને મોટી ખોટ પડી છે. પણ

કુદરતની કરામતને ક્યાંરેય કોઈ પહોંચી શક્યું નથી. તેની પાસે આપણું શું ચાલવાનું કુદરતને જે ગમ્યુ તે ખરું. અંતે તો એમજ માનવું રહ્યું. સદ્‌ગત મહાત્મા જ્યાં પણ હો ત્યાં પરમ આરાધના-સાધનાને પામતા જ રહે એજ શુભેચ્છા.

પુણ્યરેખાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સા. શ્રી હેમરેખાશ્રીજી

સંસાર અને સંયમ માર્ગે આ જ એક સવિશેષતા છે કે સંસારમાં બ્લડની સગાઈ હોય છે છતાં ૨-૪-૧૦-૧૫ જણા પણ સાથે રહી શકવા મુશ્કેલ હોય છે. જવલેજ સંયુક્ત કુટુંબો જોવા મળે છે. મોટા ભાગે વિષય અને કષાયની આધિનતાથી સરળતા-વાત્સલ્ય-લાગણી જેવી ચીજો જોવા મળતી હોતી નથી. જ્યારે સાધુપણાની આ બલિહારી છે કે જોયા ન હોય ઓળખતા પણ ન હોય ઉંડા કોઈ જ પરિચય ન હોય પણ જ્યાં ખબર પડે કે આ સાધ્વી આપણા છે, પુષ્પલત્તાશ્રીજી મ. ના છે. પુણ્યરેખાશ્રીજીના છે. આવું સાંભળતાની સાથે વાત્સલ્યના નીતરતા ધોધ અમને અનુભવાયા છે. અમે પૂ. પ્રવર્તીની શ્રી જયાશ્રીજી મ. ના વારસદાર છીએ. મારા પૂ. દાદીગુરુ અને સરળસ્વભાવિ પૂ. વિમલકીર્તિશ્રીજી મ.સા. વર્ષો સુધી સાથે રહેલા છે. અમને પુષ્પલત્તાશ્રીજી મ. ઘણીવાર ઘડતર કરતાં એવું કહેતા કે અમે ગુરુબ્હેનો આમ રહેતા આમ રહેતા કદિ કોઈને અણબનાવની તો વાત આવે જ નહિં વગેરે વગેરે. આવી જ્યારે સ્નેહ - વાત્સલ્યભરી અનુભૂતી કરીએ ત્યારે સહેજે થાય કે આજે "શાસનમાં સૈધ્ધાંતિક જે જે પ્રશ્નો છે, તે બધા સાથે મળી ઉકેલાઈ જાય અને બધા જ એકયતાથી જીવતા હોઈએ તો કેવી મઝા આવે ?"

આમ તો અમે સૂરતમાંજ ચાતુર્માસ હોવા છતાં હમણા સુધી અમને ખબર જ ન હતી કે પૂ. વિમલકીર્તિશ્રીજી મ.સા. અત્રે બિરાજમાન છે. જેવી તેઓશ્રીજી અત્રે છે એવી ખબર પડી, વળી સાથે સાથે તબિયતના સમાચાર સાંભળતા તૂરત, દર્શન-વંદન કરી સુખ શાતા પૂછી જવાનું સૌભાગ્ય મળ્યું. છેલ્લા આવી નાદુરસ્ત તબિયતમાં પણ જ્યારે હું આવી છું. ત્યારે એટલું બધુ વાત્સલ્ય એટલો બધો આનંદ વ્યક્ત કર્યો છે કે જાણે મને મારા પોતાના જ વડીલની હુફ મળી રહી છે. એવો અનુભવ થયેલો... પાલિતાણા, પાટનપૂર, ડીસા વગેરે સ્થાનોમાં શેષકાળમાં કે ચાતુર્માસમાં જ્યારે જ્યારે મળ્યા છીએ ત્યારે ત્યારે આવી અમીવૃષ્ટિના પાન કરાવતા, વાત્સલ્યના સરળતાના સ્વામિની પૂ. વિમલકીર્તિશ્રીજી મ.સા. હતા. તેઓ શ્રીજીનો આત્મા જ્યાં હો ત્યાં ચિરસમાધિને પામનાર બનો.

– ગુણાનુવાદ, ક્રમશ:

(નૂતન વર્ષની મંગલ અભિલાષા-
પાના નં. ૮૧૧ નું ચાલુ)

નૂતન વર્ષની અભિલાષા સાથે હૈયાની વાત કરી છે જેથી ૨૦૧૮ ના વર્ષમાં આજ્ઞા પ્રેમની એવી જ્યોત ઝળહળે કે જેથી શાસન સંઘ સમુદાયનો જયજયકાર થાય. તેજ ભાવના સાથે વિરમીએ છીએ.

આ પ્રસંગે એક સ્પષ્ટતા કરવી અસ્થાને નથી કે અમારી સંસ્થાના માર્ગદર્શક-પ્રેરણા દાતા પ. પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ને અશાતાના ઉદયે શારીરિક અસ્વસ્થતામાં પણ તેમની જે પ્રસન્નતા અને અપૂર્વ સમતા-સમાધિથી મસ્તક અહોભાવથી નમી જાય છે. હૈયાથી સૌ એવી પ્રાર્થના કરીએ કે પૂ. આચાર્ય દેવશ્રી દીર્ઘાયુ બને અને તેમની શાસનની દાઝ, સિધ્ધાન્તનિષ્ઠા, આજ્ઞાનો અવિહડ રાગ આદિ ગુણો-શક્તિઓનો સમુદાય, સંઘ અને શાસનને લાભ મળે અને શાસનનો જયજયકાર થાય તે જ ભાવના ભાવી વિરમીએ છીએ.

અમોએ માત્ર હૈયાની વાત કરી છે, કોઈને પણ દુ:ખ પહોંચાડવાનો ઈરાદો નથી છતાં પણ અમારાથી કોઈને મનો દુ:ખ થયું તો ક્ષમા માંગીએ છીએ.

● ● ●

શ્રી કુંદનલાલ લલ્લુભાઈ ઝવેરીનો પુણ્યપરિચય

અમારા પરિવારના ધર્મનિષ્ઠ કુળદિપક, માતૃભક્ત, પરાર્થરસિક, વ્યવહારદક્ષ, અનુભવવૃદ્ધ, ન્યાયપ્રિય સલાહકાર, સર્વપ્રિય, ગુરુ કૃપાપાત્ર શ્રી કુંદનલાલ લલ્લુભાઈ ઝવેરી કે જેઓ સુરત દશા શ્રીમાળી જ્ઞાતિનાં લલિતાબેન લલ્લુભાઈ ઝવેરીનાં સુપુત્ર રત્ન હતાં. માતા-પિતા દ્વારા ઉચ્ચ સંસ્કાર તથા મોટાભાઈ કાન્તિલાલ લલ્લુભાઈ અને બાબુભાઈ સી. જરીવાલા, ના સહવાસને પામેલા હતા, નાનપણાથી મહાત્વાકાંક્ષી અને સ્વબળે મોતી-હીરા-પન્ના-માણેકના વેપાર-નિકાસ, આડત દ્વારા આગળ વધ્યા, જ્ઞાતિ, સમાજ, વેપારક્ષેત્રમાં, એશોસીએશન, જ્વેલરી કાઉન્સીલમાં પણ બધે જ માન-પાન-મોભાના સ્થાનોને પામવા સાથે અનુભવી ન્યાયી સલાહકાર, તરીકે સર્વત્ર પ્રિયહોવા છતાં ધર્મનિષ્ઠ પત્નીના સત્સંગથી ૬૦ વર્ષની વયે આ સર્વે અસારભૂત લાગવાથી પૂર્વ પુણ્યોદયે તારક ગુરૂદેવના સમાગમ આવવા પૂર્વક ધર્મની રૂચીવાળા બન્યા હતાં.

તારક ગુરૂદેવ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાના ફળ સ્વરૂપે પૂ.આ.ભ. શ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના સાનિધ્યથી તથા વિશેષે કરીને પૂ.આ.ભ. શ્રી જિતમૃગાંક સૂ.મ.ના પરિચયથી સંતોષ ધારણ કરી ૭૬ વર્ષની ઉંમરે ધંધામાંથી નિવૃત બનીને ધર્મમયજીવન ગાળતા હતાં.

જીવનના અંતિમ વર્ષોમાં પ.પૂ.ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આ.ભ.શ્રી.વિ.મહોદયસૂરીશ્વરજી મ.સા.ની કૃપાને સાનિધ્યની છાયામાં વિશેષે કરીને, પૂ.આ.ભ. પુણ્યપાલસૂ.મ.સા, પૂ.આ.ભ.અમરગુપ્તસૂ.મ.સા., વિશેષે કરી પૂ.આ.ભ.હેમભૂષણ સૂ.મ.સા., પૂ.આ.ભ.ગુણયશ સૂ.મ.સા., પૂ.આ.ભ. કીર્તિયશ સૂ.મ.સા., પૂ. મુનિરાજ વિશ્વદર્શન વિ.મ.સા., પૂ.મુ. પુણ્યદર્શન વિ.મ.સા. આદીની પણ કૃપા, છાયા મળી હતી તે પૂજ્યોના હૈયામાં સ્થાન પામ્યા હતા. તેમની પ્રેરણા, માર્ગદર્શન અને હિતશીક્ષા મુજબ પૂજા-સેવા, સામાયિક, પ્રતિક્રમણ, ૧૪ નિયમ, ચૌવિહાર મોટેભાગે બેસણા નહિ તો ૩ ટંક, ૬ દ્રવ્ય, તથા ખાસ કરીને વધુમાં વધુ જિનવાણી અને વાચનાનું શ્રવણ તથા તાત્વિક-આધ્યાત્મિક વાંચન અને અંતિમ સમયમાં સમાધિ રહે તે માટે નો યથાશક્તિ પ્રયત્ન કરતાં હતાં તેમાં સુશ્રાવક કાંતિભાઈ, નરેશભાઈ, સૂર્યવદનભાઈ અને ચંદ્રકુમારભાઈ નીં વિશેષ પ્રેરણા મળવા પામી હતી. વિશેષમાં સુશ્રાવકો: શ્રાદ્ધવર્ય શ્રી રમણભાઈ શ્રોફ, શ્રી બાબુકાકા, શ્રી અમૃતલાલ શાપરિયા, શ્રી ભાણાભાઈ, શ્રી કાન્તીભાઈ, શ્રી નરોત્તમભાઈ, શ્રી લાલચંદજી, શ્રી સોહનલાલજી, શ્રી છબીલભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી સુરચંદભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી જયંતીભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી પ્રકાશચંદ્ર મણીલાલ, શ્રી જેઠાકાકા, શ્રી વિનોદભાઈ, શ્રી હિંમતભાઈ આદિ કલ્યાણ મિત્રોના સાથ, સહવાસ અને સત્સંગથી શાસનના વિધવિધ કાર્યોમાં આગળ વધતાં વધતાં શાસનમાં સલાહ લેવાલાયક સમજુ સુશ્રાવકોમાં સ્થાન પામ્યા. તેમજ અનેક ટ્રસ્ટો, સંઘો, સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે તથા અનુભવી સલાહકાર તરીકે સેવા આપી હતી.

જીવનમાં પૂ. આચાર્ય ભગવંતોના ચાતુર્માસ પરિવર્તનો, ગંધાર, આબુ, શ્રીપાલનગર, હસ્તગિરિ, ખંભાત, સુરત આદિમાં પ્રતિષ્ઠાઓનો તથા કલ્યાણક આદિ વરઘોડા, ઓચ્છવ ઉજમણું, સ્નાત્ર મહોત્સવ, ઉપાશ્રયો, વિહારસ્થાન, સુરત તથા કલિકુંડમાં આયંબીલ ખાતું, ઉકાળેલા પાણી ખાતું આદિમાં લાભ લીધો હતો તથા છાપરીયા શેરી-સુરતનાં શ્રીમતિ લલિતાબેન લલ્લુભાઈ ઝવેરી પૌષધશાળામાં પણ ઉદારતા પૂર્વક લાભ લીધો હતો અને બાદ પૂ.પાદ ગચ્છાધિપતિશ્રીજીનું પ્રથમ ચાતુર્માસ કરવા-કરાવવામાં પણે સુંદર લાભ લીધો હતો, જીવદયા, અનુકંપા આદી, અને પૂ. તારક ગુરૂદેવની

સ્મૃતિમાં, પૂ. પાદશ્રીજીની ગુરૂમૂર્તિ ભરાવી, પૂ. કનકચંદ્રસૂ.મ.નું ગુરૂમંદિરમાં લાભ લીધો, અને પૂ.મૃગાંકસૂ.મ.નો અગ્નિદાહનો લાભ લીધો આ બધું વિશેષે ધર્મનિષ્ઠ સુશ્રાવિકા રત્ના ભાનુબેનનું આરાધક જીવન અને તેમની તારક ગુરુદેવ પ્રત્યેની અપ્રતીમ ભક્તિ કૃપાના પસાયે પરિવારના સાથ સહકાર ને પ્રેરણા દ્વારા યત્કિંચીત કરવા માટે પ્રયત્નશીલ બન્યા હતા.

જીવનના અંતિમ મહિનાઓમાં તારક ગુરૂદેવના સ્મૃતિમંદિરના ભવ્યાતિભવ્યપ્રતિષ્ઠા પ્રસંગે પણ શારિરીક પ્રતિકુળતા હોવા છતાં, કલ્યાણકો, પ્રતિષ્ઠા આદિ પ્રસંગોમાં માહોલને માણીને ધન્ય બન્યા હતા, યથાશક્તિ લાભ લીધો હતો.

છેલ્લે પાલીતાણા તીર્થે ચૌદ-ચૌદ આચાર્ય ભગવંતોની પાવન નિશ્રામાં ૨૭ દિવસની આરાધનાબાદ સર્વ પૂજ્યોની ભક્તિસભર ભીને હૈયે વિદાય લઈને શારિરીક પ્રતિકુળતા ને કારણે શ્રાવણ વદ ૩ના મુંબઈ સ્વગૃહે પરત આવી આરાધનાની ધર્મભાવનામા શ્રાવણ સુદ ૪ના રોજ ૮૯ વર્ષની સુદીર્ઘ સ્વાવલંબી ધર્મમયજીવનનાં અંતે સમાધિ મરણને પામ્યા. તેમણે જીવનમાં કરેલ સુકૃતોની અનુમોદનાર્થે ત્રિદિવસીય શ્રી જિન ભક્તિ મહોત્સવનું આયોજન કર્યું છે.

લી. શ્રીમતિ લલિતાબેન લઘુભાઈ
નગીનદાસ ઝવેરી પરિવાર

નાસિકવાસીઓએ અમર યુગ પુરુષને ઉષ્માભરી અંજલી સમર્પી..

જેમણે જીવનમાં ક્યારેય વ્યક્તિ-ભક્તિને પ્રાધાન્ય આપ્યું નથી એમ છતાં જેમનું પ્રાધાન્ય સર્વત્ર સ્થાપાતું રહ્યું છે; લેશ પણ પ્રયત્ન વિના, એવા ધુરંધર ધર્માચાર્ય વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની અગ્યારમી પુણ્યતિથિએ ઈતિહાસ પ્રસિદ્ધ નાસિક નગરના જૈન સંઘે આ મહાપુરુષના ચરણે અનંત-અનંત વંદન કર્યા હતાં, એમણે નિર્દશેલા સિદ્ધાંતો માટે જીવનભર ઝઝૂમતા રહેવાના સંકલ્પ સાથે સ્તો.

ગત-અ.વ. ૧૨+૧૩, ૧૪ અને ૩૦, આમ ત્રણ દિવસના એક રળીયામણા જિનભક્તિ મહોત્સવનું આયોજન પણ આ તબક્કે સંઘ તરફથી થયું હતું. ૧૮ અભિષેકનું પ્રશસ્ત અનુષ્ઠાન, પંચકલ્યાણ પૂજા અને સ્વામી વાત્સલ્ય સમેત્ સિદ્ધચક્રપૂજનની કળીઓથી વ્યાપ્ત આ ભક્તિ મહોત્સવની માળામાં ત્રણેય દિવસો ગુણાનુવાદની સભાઓ યોજાઈ હતી. જેમાં વર્ણવાયેલા ગુણાનુવાદ સભાજનો માટે યાદગાર બની ગયા હતાં.

પ્રથમ દિવસે સ્વ. ગચ્છાધિપતિ આ.ભ.મહોદય સૂ.મ.ની તેમજ પછીના બે દિવસોમાં વ્યાખ્યાન વાચસ્પતિશ્રીની ગુણગરિમાનું કીર્તન મુનિરાજશ્રી હિતવર્ધન વિ.મ.એ હૃદયવિદારક શૈલિમાં કર્યું હતું.

ત્રણેય દિવસ ૧૧-૩૦સુધી ચાલેલી આ સભાઓના અંતિમ્ સત્રની સમાપ્તિ અ.વ.૩૦ના ૧૧-૩૦ થઈ હતી, જ્યારે ઉપસ્થિત સેંકડો શ્રોતાઓની આંખના ખૂણા અશ્રુજળથી ભીંજાઈ ગયાં હતાં.

ત્યારબાદ એ જ દિવસે 'રામગુરૂ રથયાત્રા' નું પણ આયોજન થયું હતું. વ્યાખ્યાન બાદ ૧૧૩.નું સંઘપૂજન તેમજ સ્વામી વાત્સલ્ય પણ થયાં હતાં.

● ● ●

મુજને ખોટ તારા વગર પડી

વરસોની રફતાર ચાલતી રહે છે, સમય રોકી શકાતો નથી. સમયને સજાવવો હોય તો તે માટે સતત જાગતા રહેવું પડે છે; વીતેલા સમયની નિરીક્ષા કરવી પડે છે. જીંદગીના વીતી ચૂકેલા વરસોના આપણે માટે બે વિભાગ પડે છે. એક વિભાગ આજથી ૧૧ વરસ પહેલાનો છે. તે સમયના વરસો અદ્‌ભુત હતા. એ સમયે આત્માનું રાજ તપતું હતું. એ ઉજળા આનંદની ઘડીઓને સાર્થકતા મળતી હતી. આપણા જીવનમાં શિરતાજ - તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્ય ભગવંતની સંનિધિનું સૌભાગ્ય પામેલા એ વરસો હતા. સૂરિ ભગવંતની ઉપસ્થિતિ સ્વયંસિદ્ધ ચમત્કાર સ્વરૂપ હતી. એમની સામે અજ્ઞાનનો ગજ ન વાગે. એમની સમક્ષ પૂર્વગ્રહનું કાંઈ ન ઉપજે. એમની સમીપે સમજદારી ફૂલની જેમ મહોરે અને સુવાસની જેમ પ્રસરે. એમના શબ્દે શબ્દે સમાધાનના પિયૂષ સાંપડે. એમનો સહારો-સધિયારો જીંદગીની ગમગીનીને ભૂંસી નાખે. એમનાં વાત્સલ્યથી અંતરને સાત્ત્વિક બળ મળે. એમનો પ્રભાવ આપણામાં શક્તિ સીંચે. આપણા અતીતના એ સમયખંડની યાદ આવે છે ખાસ દિવસોમાં. દર અષાઢ વદની ૧૪ એ યાદ લઈને આવે છે. અગિયાર વરસ પૂર્વેની એ અષાઢ વદની ૧૪ ના દિવસે સૂરિ ભગવંતે વિદાય લીધી હતી અને તેની પાછળ એ ધન્ય દિવસો ચાલી ગયા.

પાછળના ૧૧ વરસોમાં શું મળ્યું છે તે ખબર નથી. શું ગુમાવ્યું છે તેની સમજ નથી. ધીમે ધીમે સંસાર પકડ જમાવતો હોય એવું લાગે છે. ભૂલો થઈ છે એટલું જ નહિ પણ જાણી જોઈને ભૂલો કરવા માંડી છે. પાપ હતા જીવનમાં, તે વધી ગયા છે. પક્ષપાત નબળાઈ માટે જ રહ્યો છે. ઊંચાઈને આંબવાનું ભૂલાયું છે. સચ્ચાઈને સાધવાનું ચૂકાયું છે. ૧૧ વરસમાં ઘણા જ પાછળ રહી ગયા હોઈએ. ડગલે ને પગલે ભૂલા પડી જવાય તેવી ભ્રમણાઓના ઝાળાં વચ્ચે જાગૃતિ જાળવી રાખવાનું યાદ પણ નથી રહેતું, આ મોટી કમજોરી છે.

કમજોરી, જ્યાં સુધી કમજોરી લાગે નહિ ત્યાં સુધી તેનો ખરો ઈલાજ થાય નહિ. રોગ ખરાબ લાગે, તો દવા થાય જ. ગરીબી ભૂંડી લાગે તો એમાંથી નીકળવા પ્રયાસ થાય જ. આજે અગિયાર વરસથી નબળાઈની સામે થવાના વિચારો ઓછાં આવે છે. નબળાઈ સાથેની દોસ્તી ગાઢ બનતી જાય છે. અષાઢ વદ ૧૪ આવે ત્યારે આ દોસ્તીનો ડંખ જાગે છે. જાગે કે, ગુરુ ભગવંત દૂર રહ્યા આપણને જોઈ રહ્યા છે. આપણે તેમનાથી મોં છૂપાવી તેમનાથી વધારે દૂર ભાગી રહ્યા છીયે. સૂરિ ભગવંતની ઈચ્છા છે આપણને રોકવાની. પણ આપણી ધૂનમાં આગળ ભાગતા જઈયે છીયે. એક દિવસ આપણે થાકવાના છીયે, હારવાના છીયે અને તે દિવસે સૂરિ ભગવંતની આપણને જરૂર પડવાની છે.

આપણા આગુએ આગુમાં હાલ તો સંસાર છવાયો છે. કદાચ આપણને સૂરિ ભગવંતની ગેરહાજરી કઠતી નથી. આપણને વ્યક્તિ તરીકે તેમની યાદ આવતી હશે ! સંબંધ તૂટ્યો તેની વેદના હજી જીવતી હશે ! સવાલ માત્ર એટલો જ છે કે, સૂરિ ભગવંત દ્વારા પામવાનું હતું તે બધું પામી ન શકાયું તે યાદ આવ્યા પછીનું દુઃખ થાય છે કે નહિ ? એ દુઃખ હોત તો જીવડો ઠેકાણે બેઠો હોત. આજે જીવડો વિષય-કષાયની ગંદકીમાં ખૂંપી ગયો છે. આપણી યાદમાં સાત્ત્વિકતા નથી. વાત્સલ્યદાતાની યાદ છે, હિતચિંતકની યાદ નથી. કરુણાકરની યાદ છે, ઉપકારીની યાદ નથી. યાદને સચ્ચાઈ મેળવી આપવી છે. યાદ જો સાચી બની જાય તો આતમના ઉંબરે સૂરિ ભગવંત પધારે જ. સૂરિ ભગવંત પ્રેરણાના રૂપમાં, માર્ગદાતાના રૂપમાં યાદ આવતા હોય તો જીંદગીના હરકોઈ મુકામે પાપનો ભય જીવતો હોય. ક્યાં છે એવું ? આટલા બધા દૂર છીએ સૂરિભગવંતથી આપણે એ લાગે છે એ સાચું ?

કહેવું ? બચાવનાર જો હોય તો સૂરિભગવંત જ છે ઉગારનાર હોય તો માત્ર સૂરિ ભગવંત જ. તેમની યાદ જેવી છે તેવી છે. તેમાંથી એક પવિત્ર અસર નીપ[illegible]વવી છે. સૂરિ ભગવંત સદેહે ઉપસ્થિત નથી [illegible]ની યાદ છે. એ યાદમાં અનંદ સામર્થ્ય છે, [illegible]દને તાત્ત્વિક[illegible] આપવી છે. ગુરુની યાદ એ આત્માના મૂળ સ્વરૂપની યાદ છે, ગુરુની યાદ એ જીવનની પ્રગ[illegible]ની યાદ છે, ગુરુની યાદ ભવોભવના પાપો ટાળવાની યાદ છે. એ યાદ માટે શબ્દો છે:

હજી પણ દર્દ થઈને આપની યાદી સતાવે છે,
ઘણા વર્ષો થયા પણ હું નથી થાકયો પ્રતીક્ષામાં...

[illegible]લજી આશા છે. સૂરિ ભગવંત પધારશે. આત્માને ઊંચાઈ તરફ વાળીશું એ સૂરિ ભગવંતની પધરામા[illegible]ી હશે. અંતરમાં શાસ્ત્રબોધને સ્થાપીશું એય સૂરિ ભગ વંતની પધરામણી હશે. સાચું સમજીને તેને જીવનસાત્ કરવાના મનોરથ સેવીશું તેય સૂરિભગવંતની પધરામણી હશે. સંકલ્પ કરીશું કે હવે પછીના વરસોમાં જીવનનાં દિશા સુધારીશું તો તે સંકલ્પ પણ સૂરિ ભગવંતની પધ[illegible]રામણી હશે. આ પધરામણીની એક માત્ર આશા છે હવે. બાકી સૂરિભગવંતની વિદાય થઈ તેને લીધે જે શૂન્ય વકાશ સર્જાયો છે તે તો ક્યાંથી પૂરાવાનો ? ક્યાંક વાંચ્યું હતું :-

પૂરી ના શકયું કોઈ પણ તારા ગયા પછી,
મુજને જે ખોટ તારા વગર ઉમ્રભર પડી...


(સંપાદકીય) (જિનવાણી)

શાહીબાગ - જયપ્રેમ સોસાયટી મધ્યે અભૂતપૂર્વ આરાધના


પ. પૂ. દીક્ષા દાનેશ્વરી આ. ભ. ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય યુવા પ્રવચનકાર મુનિ શ્રી મુનીશરત્ન વિજયજી મ.સા. નો રાજનગર-શાહીબાગ-જયપ્રેમ સોસાયટી મધ્યે જ્યારથી ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી અનેકવિધ આરા[illegible]નાઓના મંડાણ થયા. જેમાં પ્રવેશ દિને જ ૧૨૦૦ આરાધકોનું રૂા. ૨૦ થી સંઘપૂજન, શંખેશ્વર પાર્શ્વનાથ વંદનાવલી સાથે ૧૬૫ અઠ્ઠમ, અત્તર પારણા-પારણા અને દરેકને કુલ ૧૬૫ રૂા.ની પ્રભાવના, દશવિધ યતિધર્મતપ ૨૦૮ સંગીતમય રત્નાકર પચ્ચિસી સાથે અરિહંત પદના ૨૧૦ મીરના એકાસણા, શ્રી સીમંધરસ્વામીની ભાવયાત્રા સાથે ૨૦૦ એકાસણા, બાળ સંસ્કરણ શિબિર ૧૨૫, આરાધના પત્રકના આરાધકો ૧૦૦, પૂ.સાધ્વી પ્રમોદરેખા શ્રીજીની નિશ્રામાં મહિલા ઉત્કર્ષ શિબિર ૪૦૦, દરરોજ વ્યાખ્યાનમાં સંઘપૂજન, ભારતીબેન ચંદુભાઈ કોચરની અઠ્ઠાઈની તપશ્ચર્યા પ્રસંગે શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાન્હિકા મહોત્સવનું અનોખુ આયોજન, દૈનિક ધર્મરત્નપ્રકરણ તથા ભીમસેન ચરિત્ર ગ્રંથ પર થતાં પ્રવચનોમાં શ્રોતાગણની વિપુલ હાજરી.

શાહીબાગ - જયપ્રેમ સોસાયટી મધ્યે પૂ. સાધ્વીજી ભ.ની પ્રથમવાર ૩૧ ઉપવાસની તપશ્ચર્યા

પ.પૂ. યુવા પ્રવચનકાર મુનિરાજ શ્રી મુનીશરત્નવિજયજી મ.સા.ની નિશ્રામાં શાહીબાગ-જયપ્રેમ સં[illegible]સાયટી (અમ[illegible]દાવાદ) સંઘમાં જ્યારથી પ.પૂ.સાધ્વી પ્રમોદરેખાશ્રીજી મ.સા. તથા તેમના શિષ્યા પૂ. સાધ્વી ધ્યાનરેખાશ્રીજી મ. આ[illegible]દિઠાણા ૮નો ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી માંડીને પૂ. સાધ્વી શ્રી ધ્યાનરેખા શ્રીજીએ ૩૧ ઉપવાસનો શુભારંભ કર્યો અને શ્રાવણ સુદિ ૧૧ તા. ૧૮-૮-૨૦૦૨, શનિવારના રોજ પ.આ.ભ. ગુણરત્નસૂરિશ્વરજી મ.સા. તથા પૂ.મુ.શ્રી મુનિશરત્નવિજયજી મ.સા.ની નિશ્રામાં ચતુર્વિધ સંઘના પગલા તથા નવકારશી કરાવી, ૩૧ ઉપવાસના પારણાનો લાભ [illegible]ગનલાલજી દીપચંદજી કટારીયા પરિવારે લીધેલ. આ પ્રસંગે ૨૦૦૦ પુણ્યશાળીઓ પધારેલ. રૂા. ૨નું સંઘપૂજન તથા [illegible]કરના પડાની પ્રભાવના થયેલ. તેમજ તપની અનુમોદનાર્થે સામૂહિક વીશસ્થાનકતપના ૪૦૦ ઉપવાસ કરાવી ચાંદી[illegible]ના સિક્કાથી દરેકનું બહુમાન કરેલ. સંઘના ૨૬ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર પૂ. સાધ્વીજીના ૩૧ ઉપવ[illegible]સ થતા સિદ્ધચક્ર પૂજન, સમૂહ સામયિક, સાંજી, સંધ્યા ભક્તિ પગલા આદિ અનેક કાર્યક્રમો યોજાયા હતા. સંઘમાં સામૂહિક અઠ્ઠાઈ[illegible]ઓ કરવાનું એલાન કરવામાં આવેલ છે.



મહાસતી - સુલસા



લેખાંક - ૧૩મો

- મુનિ હિતવર્ધન વિજય

રાજ્યેષ્ઠા ગરજી ઉઠી.

''અય, મુગ્ધા, તારો પ્રલાપ બંધ કર. તે આ શું માંડ્યુ છે? મારા જેવી પરમ શ્રાવિકાઓ પાસે જિનવચનની નિંદા કરતાં અને છલોછલ જૂઠથી ભરેલા શૈવ ધર્મનું પ્રતિપાદન કરતાં તું શરમાતી નથી ?

નિર્લજ્જ ! આ તારા દુ:સાહસનો વિપાક શો આવશે ? એય વિચારવાની શક્તિ તે ગુમાવી દીધી છે..

''ના, કુમારી, તમે ભૂલો છો..

સત્ય, અરિહંતના મતમાં નથી. સત્ય છે, પરિવ્રાજકોના શૌચમતમાં.

મોક્ષ, આહર્ત ધર્મના પાલન દ્વારા નહિ મળે. મોક્ષ મળશે, પરિવ્રાજક બનવાથી..

આત્મિક સુખની દેન જૈનમત નહિ આપી શકે. એ આપશે બ્રાહ્મણોનો મત.

હું સાચું કહું છું.

સત્ય એ કાંઈ જિનેશ્વરોનો વિશેષાધિકાર નથી. મોક્ષ એ કાંઇ જૈનોની જાગીર નથી.''

અવિચારી પરિવ્રાજિકાએ બેશરમ અટ્ટહાસ વેર્યો. મિથ્યાત્વના વિષ તેના રક્તના બુંદે બુંદમાં ફેલાઈ ચૂક્યાં હતાં. એના ગાત્રની પ્રત્યેક રૂંવાટીઓ મિથ્યાભિમાનના આવેશમાં તપી રહી હતી.

પરિવ્રાજિકાનો આવા નિર્વસ્ત્ર પ્રલાપને સુજ્યેષ્ઠા સહી શકી નહિ. એમાંય એણે કરેલી જિનમતની નિંદાથી તો સુજ્યેષ્ઠાના લોહીનું ટીપે ટીપું ઉકળી ગયું. ચહેરો લાલઘૂમ બની ગયો. તપાવેલા તાંબા જેવો રંગ.

એણે તલવારની ધાર જેવી અણિયાળી ભાષામાં પરિવ્રાજિકાની ખબર લઈ નાંખતા કહ્યું:

બેશરમ..

સો ટચના સોનાને કથીર જાહેર કરતાં તું શરમાતી નથી ? હળાહળ જૂઠને સત્યના લેબાશોમાં વીંટવાથી એ જૂઠ શું સત્ય બની જતું હશે ? યાદ રાખ, સાચો ધર્મ એ જ છે, જે જિનેશ્વરોએ ભાખ્યો છે. સત્યના ત્યાં ડેરા તંબૂ નંખાયા છે. મોક્ષના ત્યાં રીઝર્વેશનો વેંચાઈ રહ્યાં છે. સીવાય અરિહંતની આજ્ઞા, મોક્ષ આપવાની લેજીયત આ સંસારમાં છે કોની ?

અધમ, અમૃતને ઝેર કહીને વખોડવાની દુષ્ચર્યા હવે બંધ કર. સુગંધથી તરબતર થતા મધને કારેલાંના રસ સાથે સરખાવવાની કુચેષ્ટા રહેવા દે..

તારા મતમાં અને તારા પ્રતિપાદનમાં ક્યાંય સત્ય નથી. અઘોર અજ્ઞાનનું એક દશ્ય માત્ર છે, એ મત. જડ ક્રિયાઓનું દર્શન માત્ર છે, એ મત.

તુ સમજી લે એ તથ્યને કે બધીય ધર્મક્રિયાઓનું મૂળ અહિંસા છે. અહિંસા વિનાનો તપ નિષ્ફળ. જપ નિષ્ફળ. દાન નિષ્ફળ. પૂજા-અર્ચન નિષ્ફળ. સંન્યાસ પણ નિષ્ફળ.

ખેતર ખેડવું હોય તો પહેલી શર્ત છે પાણીની. જળ વિના ખેતર ખેડાય એ શક્ય નથી. ધર્મ આચરવો હોય તો પહેલી શર્ત છે અહિંસાની. હિંસાના ત્યાગ વિના ધર્મ આચરી શકાય, એ સંભવિત નથી.

જળ એજો ખેતીની પૂર્વ શરત છે. તો જયણા એ ધર્મની પૂર્વ શરત છે.

મૂર્ખે, તારા શૌચમતમાં છે ક્યાંય અહિંસાની શોધ ? ડગલે ને પગલે સરોવરમાં સ્નાન કરનારા, વારે ને તહેવારે જળાશયોમાં ડૂબકીઓ લગાવનારા, ઈચ્છા જાગે ત્યારે

નદીઓ, ઝરાણાંઓ, કુંડો અને સરિતાઓના જળપ્રવાહમાં છબછબિયાની બઘડાટી ખેલનારા તમારા પરિવ્રાજકો અને પરિવ્રાજિકાઓનો શું આ જ ધર્મ છે ? અપ્કાયના અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ વાળવો એ જ તમારું શૌચ છે ? અસંખ્ય જલચરોને પીંસી નાંખવા એ જ તમારું સંન્યસ્ત છે ? આગણગણ પાણીના સેંકડો સૂક્ષ્મ જીવોને મસળી નાંખવા એ જ તમારું જ્ઞાન છે ?

અરે, જલશૂકરી, તું તો પાણીના કુંડોમાં આળોટનારી, શરીર અને એના અંગો-ઉપાંગોને વલૂરનારી ભૂંડણ છો. ભૂંડણ. જોઈ છે ને શૂકરીને ? ગટરના ગંદા પાણીમાં જ એ અસ્તિત્વ બનાવે છે. બસ, તું ય એવી જ છો. તારા તાપસો ય એવા જ અને તારો ધર્મ પણ એવો જ.

બોલ તો ખરી, તારા ધર્મમાં પાણીમાં હાથ-પગ અને ગાત્ર ઝબોળવા સીવાયની બીજી નોંધપાત્ર વાત કઈ છે ?

તારો ધર્મ કહે છે, શરીરને હંમેશા શુદ્ધ રાખો. એ માટે સ્નાન કર્યા જ કરો. હાથ ખરડાય તોય સ્નાન. પગ ખરડાય તો ય સ્નાન. શુકન કરવું હોય તોય સ્નાન અને અપશુકન થઈ જાય તોય સ્નાન. આ તે કેવો પ્રલાપ છે પ્રલાપ ?

તું એટલું લખી રાખજે, શરીરને શુદ્ધ રાખવાથી આત્મા શુદ્ધ બની જતો નથી.

મળ અને મૂત્રથી ભરેલું, રૂધિર અને મજ્જાથી વ્યાપ્ત, અસ્થિ અને ચરબીના ઢેર જેવું, કફ અને શર્દીથી છલોછલ, પિત્ત અને દુર્ગંધથી ઘેરાયેલું, પરસેવા અને થૂંકથી લચપચતું આ ગાત્ર છે. ઓ મંદભાગ્યા, આવા માનવગાત્રને શુદ્ધ કરવું શક્યતા બહારની વાત છે. એની અશુદ્ધિ જળથી નહિ અહિંસા, સંયમ અને તપ દ્વારા દૂર કરવી રહી.

તારા પુરાણમાંય લખ્યું છે:-

આત્મા નદી સંયમ તોયપૂર્ણા, સત્યાવહા શીલતટા દયોર્મિ:

તત્રાભિષેકં કુરુ પાણ્ડુપુત્ર !, ન વારિણા શુદ્ધ્યતિ ચાન્તરાત્મા ॥

યુધિષ્ઠિર !

અડસઠ તીર્થોની યાત્રાઓ પછી પણ તારો અંતરાત્મા શુદ્ધ નથી થયો. હવે બાહ્ય નદીઓમાં ઝીલવાનું બંધ કરો.

આત્મા જ નદી છે.

એ સંયમ રૂપી સલિલથી છલોછલ ભરી છે.

શીયળ એનો કિનારો છે.

સત્ય એમાં ઉભરતાં કલ્લોલ જેવું છે

દયાનું સ્થાન ત્યાં ઉછરંગ જેવું છે.

રાજન્, દોડી જા, આવી અભ્યંતર નદી ભાળી. કરી લે આત્માને વિશુદ્ધ.

અરે, મંદબુદ્ધિ, યાદ રાખજે કે લોહીથી ખરડાયેલા વસ્ત્રો ક્યારેય લોહીથી સ્વચ્છ નથી થતાં. તેમ હિંસાથી ખરડાયેલા આત્માને ગંગા જેવી નદીઓના જળમાં ડૂબાડી નવી હિંસા કરવાથી એ શુદ્ધ નથી થઈ શકતો.

સુજ્યેષ્ઠા એક એક શબ્દ નિશાન તાંકી તાંકીને છોડી રહી હતી. પણછ પરથી છૂટેલાં બાણ જેવા અણીયાળા તેના વાક્યો હતાં. અધૂરમાં પૂરું એની સખીઓએ પણ વાતમાં સૂર પૂરાવી પરિવ્રાજિકાની કારમી મશ્કરીઓ કરી.

પરિવ્રાજિકા તો નખશિખ સળગી ઉઠી. સુજ્યેષ્ઠાના તાતા શબ્દતીરોથી ઘવાયેલું એનું અંતર ખૂબ જ વ્યથિત હતું. પણ એ બોલે શું ? એની હેસિયત ન હતી કે સુજ્યેષ્ઠાને પડકારી શકે.

એક તો એના મતનો પણ અહિં પરાભવ થયો હતો. બીજા નંબરમાં સુજ્યેષ્ઠાની વેદૂષી સામે એની વેદૂષી સાવ કંગાળ અને ઝાંખી પડતી હતી. આમ બન્ને રીતે ઘવાયેલી તે ત્યાંથી વીલે મોઢે પાછી ફરી.

ત્યાં તો સુજ્યેષ્ઠાની સખીઓએ તેને હડધૂત કરી ધક્કે ચઢાવી. કોકે એની પીઠ પર ધક્કો માર્યો. કોકે એના પગ પર એડી અડાડી તો કોકે એના કેશપાશને ખેંચ્યો.

કૂતરીની જેમ એને રવાના કરવામાં આવી. આવા હળહળતા અપમાનની આ પરિવ્રાજિકા એવી તો જલી ઉઠી કે ન પૂછો વાત. એણે મનમાં વૈરની ગાંઠ બાંધી. આ સુજ્યેષ્ઠા, સમજે છે શું ? એ બહુ વિદૂષી બની ગઈ છે ? મને હરાવી દીધી. એને જોઈ લઈશ. આજે ભલે મારું અપમાન થયું હવે હું પણ એને એના જેવી જ શોક્યો ધરાવનારા ઉગ્ર અને કડક સ્વભાવના પતિનો

ભેટો કરાવી એની પાસે આસું પડાવીશ.

પરિવ્રાજિકા પ્રતિશોધના ચૂલે શેકાવા માંડી..

એણે એક યોજના બનાવી. સાંભળ્યું હતું કે વર્તમાનમાં મગધપતિ શ્રેણિક ખૂબ પરાક્રમી અને વીર રાજવી તરીકે વિખ્યાત છે. જિનમતના એ કટ્ટર શત્રુ છે. પૂરા નાસ્તિક છે. ઐશ્વર્ય અને શૌર્યના નિધાન છે. બસ, જો શ્રેણિક જેવા અસલ નાસ્તિક સાથે અરિહંત અરિહંત' ની માળા ગાનારી સુજ્યેષ્ઠાને પરણાવી દઉં, તો જીવનભર આંસુ સારતી રહેશે એ...''

પરિવ્રાજિકાને વિચાર સ્ફૂર્યો.

એ કાળે મહારાજા શ્રેણિક જિનશાસન પામ્યા ન હતાં. શિકારી, લંપટ અને વ્યસની બનીને નાસ્તિક જીવન જીવી રહ્યાં હતાં.

પરિવ્રાજિકાએ એક અત્યંત કુશળ ચિત્રકારનો સંપર્ક સાધ્યો. પોતાની યોજના સમજાવી. સુજ્યેષ્ઠાનું તાદશ રૂપ આલેખી આપવાનું કામ સોંપ્યું. ધનભૂખ્યા ચિત્રકારે પાગ એક વસ્ત્રપટ પર દેવકન્યાને ભૂલાવે એવું સુજ્યેષ્ઠાનું મારકણું ચિત્ર દોરી પરિવ્રાજિકાને સોંપ્યું.

પરિવ્રાજિકા નાચી ઉઠી, આ ચિત્ર જોઈને.

રાણે સીધી ચાલતી પકડી મગધ દેશ તરફ. મગધમાં પહોંચી એક દિવસ તે રાજગૃહીની ભવ્ય રાજસભામાંરાજવી શ્રેણિકની બરોબર સામેજ જઈ ઊભી ગઈ.

શ્રેણિક રાજવી પણ નવી જ વ્યક્તિને આવેલી જોઈ સ્હેજ ચકિત થયાં. એ કાંઈ પૂછે એ પહેલાં તો પરિવ્રાજિકાએ ચિત્રપટ પરનું આવરણ હટાવ્યું. દેવોને ય લલચાવે એવું સુજ્યેષ્ઠાનું ચિત્ર શ્રેણિક રાજાના હાથમાં સરકાવ્યું.

- ટીકી - ટીકીને નીરખતો રહ્યો શ્રેણિક, સુજ્યેષ્ઠાના રૂપને.

- એક પાગ પલકારા વિના મીનીટો સુધી એ રૂપ વાંચ્યા જ કર્યું. વાંચ્યાં જ કર્યું.

સુજ્યેષ્ઠાનું રૂપ જોઈને શ્રેણિક અત્યંત કામ વિહ્વળ બની ગયાં. એમને મનમાં થયું અરે આ છે કોણ ?

કામદેવની પત્ની રતિસુંદરી છે ? જલકન્યા છે ? સૂર્યપત્નાં છે ? સરસ્વતી છે ? પાર્વતી છે ? લક્ષ્મી છે ? ના, એ બધાંય નારીસુલક્ષણોનો આ ગુણાકાર છે. અદ્વિતીય કોટિનું આનું લાવણ્ય છે. બધીય દેવીઓની કાંતિનું મિશ્રણ આ કન્યાના રૂપમાં દૃષ્ટિગોચર બને છે.

આ રૂપસુંદરી હશે કોણ ? ના, આ માનુષી સ્ત્રી નથી લાગતી. કપૂરના ડુંગર જેવી ગૌર એની ત્વચા છે. કાયા છે. ના, ના, શાસ્ત્રોમાં વર્ણિત દેવીઓના રૂપ-સ્વરૂપ કરતાં ય આ ભિન્ન છે. તો આ છે કોણ ? વિકલ્પોમાં અટવાઈ - અટવાઈને વિહ્વળ બની ગયેલાં શ્રેણિક રાજે તૂટતાં શ્વાસ-ઉચ્છવાસોનું વારંવાર અનુસંધાન સાધવું પડ્યું. મનમાં ઉભરતી ભાવનાઓની ભરતીને તેઓ ખાળી શક્યાં નહિ.

પરિવ્રાજિકા, શ્રેણિકરાજાના નેત્રોમાં નેત્ર પરોવી એમની મનોદશાનું બરોબર રીપોર્ટીંગ કરી રહી હતી. જ્યારે એને જનાયું કે રાજવી પૂરેપૂરા કામાતૂર થઈ ગયાં છે, ત્યારે તે મનોમન નાચી ઉઠી. રાજવીની જિજ્ઞાસાને ખૂબ વધવા દીધાં પછી એ પરિવ્રાજિકાએ સામેથી શ્વાસ ગોઠવતાં કહ્યું, નરનાથ, આપ આટલાં બધાં વિવશ કેમ બની રહ્યાં છો ? વિચારોની ખીણમાં ગબડી પડ્યાં હો તેવું કેમ જણાય છે ?

આપની આશ્ચર્ય મુગ્ધતા હું સમજી શકી છું. એટલે જ એને દૂર કરવા માંગું છું. રાજન્, આ કોઈ દેવીનું પ્રતિચિત્ર નથી. નથી કેવળ કોરી કોરી કલ્પના દ્વારા આલેખાયેલું ચિત્ર. આ તો છે એક વર્તમાનની સૌથી રૂઢિયાળી રાજકુમારીનું વાસ્તવિક પ્રતિબિંબ.

રાજન્, ચિત્રમાં એ કન્યાનાં રૂપનો શતાંશ પાગ નથી ઝીલાયો, હકીકતમાં તો એની રૂપરાજી કઈક ઓર જ છે. હું એનું વર્ણન કરી શકું તેમ નથી.

શ્રેણિકરાજવી તો આભા બની તે સાંભળતાં જ રહ્યાં.

હેં ! શું આ કન્યા આ પૃથ્વી પર જ ઘડાયેલી છે ? શું એ મૌજૂદ છે ?

બેશક મૌજૂદ છે, રાજન્ ! ચેડારાજાની એ સુજ્યેષ્ઠા નામની છઠ્ઠા નંબરની રાજકન્યા છે. મેં એને નજરોનજર નિહાળી છે. જોતાં લાગ્યું કે આવી અપ્સરા તો મહારાજા શ્રેણિકના અંતઃપુરમાં જ શોભી શકે. બીજે નહિ. માટે આપની પાસે ઉપસ્થિત થઈ છું. રાજન, હજી એના વિવાહ નથી નક્કી થયા. આપ પ્રયત્ન કરો. આપને જ પાત્ર છે, આ કન્યારત્ન.

આટલું કહીને પરિવ્રાજિકાએ ચાલતી પકડી.

(ક્રમશઃ)

ધર્મને નામે વિકૃતિના વિચારો છોડો

લી. હિરાલાલભાઈ

જૈનશાસન અંક ૩/૪માં માણીભદ્ર, ઘંટાકર્ણ શિવમ્ પદ્માવતિદેવી વિષે સરસ લેખ આપ્યો. પણ ૯/૧૦માં ઘંટાકર્ણ રાક્ષસ(ભુવનપતિદેવ) હતો. પાના ૧૨૯માં જણાવ્યુ તે વખતને અનુરૂપ છે. કદાચ સો વર્ષ પહેલાં માણીભદ્રનું નામ પણ અમારા બાપ, દાદાઓએ સાંભળેલુ નહિ એ હકીકત છે. પાછળથી જ મુખ્યત્વે સાધુ ભગવંતો દ્વારાં પ્રચાર થયો છે. એનો હું મુક સાક્ષી છું. અમારા વડોદરામાં ઘર સામે જ એકલવિહારી શ્રી લાભવિજયજી મ.સાહેબ સંસારીક શ્રાવકને ત્યાં ગોચરીમાં શ્રીફળ પધરાવેલું ને રોજ તે ભાઈને ત્યાં આવે લગભગ ૬૦ વર્ષ પહેલાની વાત છે. ખુરશી ઉપર બેસે ને ગૃહસ્થને ઘેર ચ્હા પણ પીવે.

આ ઉપરાંત રાવપુરા કોઠીપોળે રહેતા શ્રી લાલચંદ ભગવાનદાસ પંડિત કે જેઓ વડોદરા ગાયકવાડી રાજ્યના પુરાતત્વખાતાનાં અમલદાર હતાં. તેઓએ ભાવનગરથી પ્રગટ થતા ''આત્માનંદ પ્રકાશ કે સત્યપ્રકાશ'' માસીક કદાચ બીજુ નામ પણ હોઈ શકે તેમા ૫૦ વર્ષ પહેલાં ૧ થી ૧૦ અંકોમાં ઘંટાકર્ણ આપના (ભુવનપતિ) દેવ નથી. તે સાબિત કરવાં ઘણા બધાં બીજા ધર્મના શાસ્ત્રોના પાઠો, યંત્રો, ઉપર પીક્ષપેશન પુર્વક પુરાવો આપેલાં. કદાચ તે બૌધ ધર્મીને માન્ય દેવ હશે. એવું પુરવાર કરેલું. ભાવનગર જૈન સભાનું મુખ્ય પ્રષ્ટ પત્ર દ્વારફત પ્રકાશન થાય છે. શ્રી લાલચંદજી પંડિત હતાં. ને ''ધર્મસાગરજી'' ના અનન્ય ભકત હતાં. તેમની સ્વર્ગવાસ તિથિ આવે ત્યારે કલાકો સુધી ભાષણ આપતાં (જે આપને માન્ય નથી)

૪૧૧ ઉપવાસનું સમર્થન કરનાર શ્રીજયઘોષ સૂરીશ્વરજીને શ્રીચંદ્રશેખરજી મ.સાહેબના જિનાજ્ઞા વિશેષાંક-''સૂરત ચોમાસાનું સંભારણું'' સવંત ૨૦૫૫ અંકનું લખાણ (પાન-૧૭) મોકલું છું. તેમાં તપ-પૃચ્છા ખાસ વિભાગમાં ૬ માસ ઉપરના ઉપવાસને બાજુની ઠરાવેલ નથી. ૬ માસની મર્યાદા પાળવી તેમ લખે છે.

● પુષ્ય નક્ષત્ર હાલમાં (ચ્હાવતુ) ચાલું થયું નથી. અનાદિકાળથી આવતું. પણ શ્રી આત્મારામજીના સંઘાડામાં થયેલ કોઈ આચાર્ય યા મુનિભગવંતોએ તેને મહત્વ આપેલ નથી. કે તે દિવસે સ્પેશીઅલ વાસક્ષેપ નાંખતા નહોતા. હાલ આ ડીંડવાણું પુરબહારમાં ચાલુ થયું છે. મોટરો, સ્કુટરોની લાઈન લાગે છે તેમ

● દરેક **બેસતાં મહિને** માંગલીક સંભળાવવાનું છે. તેવી પેપરોમાં જાહેરખબર મુનિ ભગવંતો અપાવે છે.

● સૂરીમંત્રની આરાધના પહેલી-બીજી-ત્રીજી-ચોથી-પાંચમી-છઠ્ઠીપીઠની આરાધના આચાર્ય ભગવંતો કરે છે. ગુપ્તપણે પણ તેની જાહેરાત આગળથી ખૂબ થાય છે. તેની મોટા પાયે સૂરીમંત્રની પૂજા ભણાવાય છે ને તે વખતે ગળગળીયા થાય તેવી ઉછામણી અમુક અમુક બાબતોની બોલાય છે. ૧. થાળીની, ૨. પ્રથમ વાસક્ષેપ પુના. તે પછી તે આચાર્ય ક્રમસર દરેક શ્રાવક-શ્રાવિકાને માથા ઉપર વાસક્ષેપ નાંખે અડધાથી એક કલાક થાય. અને પ્રથમ વખત સૂરીમંત્રની આરાધના કર્યા પછી લોકોને ત્યાં પ્રથમ પગલાં કરવાનું પ્રચારવામાં આવેલ છે.

● જ્યાં ત્યાં માણીભદ્ર ને સૂરીમંત્રની પૂર્ણાહુતી નિમિત્તે હોમ હવન ચાલે છે. પાલમાં દબદબાપૂર્વકને જ્યાં ત્યાં ધર્મચક્ર કરાવનાર મુનિ હાલ આચાર્ય ભગવંતે. હવનની કુંડી આગળ બેસી સ્વાહા શબ્દ બોલાવત -વસ્તુ હોમ કરવાનું હાથના ઈશારે જણાવતાં.

● જ્યાં ત્યાં માણીભદ્રની નીં પદ્માવતિદેવીની મૂર્તી પધરાવવાનું કાર્ય સાધુભગવંતો કરે છે. આવક થાય. પ્રભાવ વધે ને તેનાથી ૫૦% પચાસ ટકા સુધીની રકમ પોતાના (મહાવીર) ધામના નામે લઈ જાય. પોતાના પ્રોજેક્ટ માટે નક્કી લગભગ કરે. ચૌમાસાનું નક્કિ થતાં.

● પાલમાં આ ભગવંતોના માણીભદ્ર ઉત્થાપન-સ્થાપન-પાછળ(પરિકર) (ચંદરવો) પુઠીયા ચાંદીના બનાવવાની બોલીની હોડ ચાલે. ૧૫ વર્ષ પહેલા ૧૫ લાખની બોલી થયેલી ને એક મહીનામાં હજાર નારીયેળ આવતાં થયાં છે.

● દેરાસરમાં ૧૨ ભંડાર હતાં. ૧ ગૌતમ સ્વામિ, ૨ પુંડરિક સ્વામિ, ૩ મૂળ દેરાસરનો, ૪ પદ્માવતીદેવી, ૫ ચક્રેશ્વરી દેવી, ૬ સાધારણ, ૭ સાધર્મિક ભક્તિ, ૮ નોકરવર્ગ ને શીખ, ૯ અનુકંપા, ૧૦ ગુરૂપૂજન, ૧૧ જ્ઞાનપુજન, ૧૨ માણીભદ્રજીનો તે વખતે ૧૦ હજાર ૧૧ ભંડારમાંથી આવક થતાં ને ૧૦૦ થી ૧૦૦૦ માણીભદ્રની હાલ માણીભદ્રની ૩૦ હજારને બાકીનાની ૨૦ હજાર લગભગ થાય છે. જતા આવતાં પ્રથમ માણીભદ્ર આવે, લોકો ત્યાં જ જાય, મંદિરે ના પણ જાય ને વળતા છેલ્લે નાણું માણીભદ્રના ભંડારમાં મુકતા જાય.

● નાના મોટા ધર્મકાર્યમાં, પગલા કરવા જવામાં, તપનું પાણું હોય ત્યારે, નવકારશી છે હોય તોજ લોકો જાય. ભાગ લે. પુજા, પુજનમાં રીતસર સાધર્મિક ભક્તિ રાખવી જ પડે તો છેલ્લે છેલ્લે મહાનુભાવો આવે.

● દરેક તપસ્યામાં પ્રભાવનાની ટીપ થાય, આંતરવાયણાં-પાયણાં હોય જ. ને એકાસણા / બીયાસણાં જેવો તપ રોજીંદા કે આંતરે આવે તો તે સંઘમાં કરાવે થાય તોજ તપસ્વી વધે.

● હાલમાં ઘણા વખતથી ચૌમાસું-ઠાણાઓઠાણ વખતે પુનમ જ હોય. લોકો છઠ્ઠ કરેમા આયંબીલ કાયમી એકાસણા કાર્તીકી પુનમ હોવાથી, મોટાભાગની લોકો કરતા. પાણ હાલ તેને ત્યાં ભરચક નૌકારશી કરાવવાથી ને નવકારશી વખતે પ્રભાવના તેઓને તેમના સંબંધી તરફથી થતી હોવાથી-લોકો પુનમે કાંઇ કરતાં નથી. ને જે કરે છે તેને નવકારશી વાપરતા નહિ હોવાથી તે વખતે થતી પ્રભાવના મળતી તો નથી પાણ "શેષ" આપવામાં આવતી નથી.

● અમારા પિતાશ્રી ૪૧ આગમના એકાસણા ૪૦/૫૦ વર્ષ પહેલાં કરેલાં. ઘરે જ એકાસણાં કરતા ઘરની બધી જ વ્યક્તિઓ ઘરે જ એકાસણા આદી કરી તપ-તપો કરતા.

● નવપદની ઓળીમાં વર્ધમાન તપ ખાતું સંઘમાં ચાલતું હોય છતાં ત્યાં ન જતાં બે/ચાર વસ્તુ ઘરે બનાવે, થાય તે જ વાપરતાં. કહે કે "ધર્માદાનું" ખવાય દાનમાં આપેલુ કેમ ખવાય ?

● તપસ્યા અમુક કરે તેને અમુક પ્રભાવના મળશે. અથવા યાત્રાએ લઇ જવામાં આવશે. તેવાં પ્રલોભનો અપાય છે. ઉપધાન તપમાં પણ શિખરજી જેવી યાત્રાની જાહેર થાય છે.

● અમુક અમુક સૂત્રો કરે, પરિક્ષા આપે, પરિક્ષા પત્રો નીકળે, ઓપન બુક એક્ષામ, પરીક્ષા ને મોટા મોટા ઈનામો શિવાય કોઇ સૂત્રો કરે નહિ. પુસ્તકો વાચે નહીં.

● દરેક ધાર્મિક ક્ષેત્રમાં ધનની લોલુપતા દાખલ થઇ છે ને તેથી તપ, ઉપધાન ધાર્મિક પરિક્ષા, આપનારાઓમાં ફુગાવો વધ્યો છે.

● પુજા કરનારાઓમાં પણ અતીશય આશાતના-વિરાધના થાય છે જેવી પણ ગમે નહિ તેવી.

આમ ધર્મમાં ભાવના અને વિધિની ઉપેક્ષા થતી જાય અને લાલસા વધતી જાય તો ધર્મ ખોખુ બની જાય.

પ્રશ્નોત્તર સુધા :

પ્રશ્ન : આપશ્રીમદે પ્રાય: ૨૦૩૯/૪૦ ની સાલમાં કોલ્હાપૂર-શાહપૂરી સંઘમાં ચાતુર્માસ કર્યું હતું તે વખતે ગુરુપૂજનનું દ્રવ્ય વેયાવચ્ચખાતામાં લઈ જવાયું હતું, તેમ ત્યાંના આગેવાન દ્વારા જાણવા મળ્યું હતું, તો આ સાચું છે ?

ઉત્તર : અમે કોલ્હાપુરમાં ચાતુર્માસ કર્યું નથી. એકવાર ચૈત્રમાસની ઓળી ને એક વાર શ્રીઉપધાનતપની આરાધના કરાવેલી. ત્યારે ગુરુપૂજનની આવક વેયાવચ્ચમાં લઈ જવાનું સ્વપ્નું પણ ન હોય. અમે ચુસ્ત માન્યતાવાળા છીએ કે - ગુ. પૂ. નું દ્રવ્ય જિનમંદિરાદિના નિર્માણમાં (દેવદ્રવ્યમાં) જાય. વિ.સં. ૨૦૪૪ ના મીની મુનિસંમેલનમાં ગુ.પૂ. નું દ્રવ્ય વેયાવચ્ચમાં લઈ જવાનો ફણગો ફૂટ્યો. અમે તો એમજ માનીએ છીએ કે - શ્રાવકો એ દ્રવ્ય દેવદ્રવ્યમાં લઈ ગયા હશે. છતાં અમારા નામે એવી વાતો કરતા હોય તો એ યોગ્ય લાગતું નથી. (ધર્મદૂત ૨૦૫૮ આસો)

પૂ. મુનિ ભવ્યરત્ન વિ. મહારાજે ગુણાનુવાદના દિવસે આપેલ પ્રવચનની નોંધ

મારા પરમતારક ગુરુદેવ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજના મહાપ્રયાણની સાથે મેં મારા સંયમજીવનના સુકાનીને ગુમાવ્યા છે. સંસાર સાગરથી મારો ઉદ્ધાર તેઓશ્રીએ કર્યો રત્નત્રયીના દાન સાથે મારા યોગ-ક્ષેમની ચિંતા છેવટ સુધી તેઓશ્રીએ કરી. ૩૩-૩૩ વર્ષો સુધી અખંડ રૂપે જે છત્રછાયા મારા શિરે રહી હતી તે ચાલી જતાં એ વર્ષોની અનેક ઘટનાઓ આંખ સામે તરવરે છે. તેઓશ્રીનું અદ્‌ભૂત વાત્સલ્ય કયારેય ભૂલાય તેવું નથી.

તેઓશ્રીના ચરણે જીવન સમર્પણ કર્યું ત્યારે તેઓશ્રી મુનિભગવંત હતા. ગુરુકૃપાના બળે તેઓશ્રી આચાર્ય ભગવંત બન્યા અને પરમતારક પરમગુરુદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના કાળધર્મ બાદ તેઓશ્રીના સુવિશાળ-સુવિહિત સમુદાયના ગચ્છાધિપતિ બન્યા. મુનિભગવંતથી માંડીને સુવિશાળ ગચ્છના નાયક બનવા સુધીની એ યાત્રામાં કયારેય તેઓશ્રીના વાત્સલ્યમાં ઓટ આવી ન હતી. ગચ્છનાયક પદની અતિવ્યસ્ત દિનચર્યામાં પણ મારા અંગત આત્મહિતનું તેઓશ્રીએ જે ધ્યાન રાખ્યું છે તે મારા જીવનની મહામૂલી મૂડી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના વર્ષો સુધીના અનેક પ્રસંગોનો હું સાક્ષી બન્યો છું. તેઓશ્રીના અગણિત ગુણોને નજરે નિહાળવાનો લહાવો મને મળ્યો છે એ દરેક ગુણોને તો હું વર્ણવી નહિ શકું. પરંતુ તેમાંથી એક ગુણની વાત કરીશ. તેઓશ્રી આશ્રિતગણના યોગ-ક્ષેમ અને સમાધિ માટે ખૂબ જ જાગ્રત હતા. સમુદાયના કોઈ પણ મહાત્માને તેઓશ્રીએ પરાયા માનતા ન હતા. દૂર વિચરતા મહાત્માઓને પણ લાગે કે પૂજ્યશ્રી પોતાની સાથે જ છે. આશ્રિતો-ઉપર કેવું વાત્સલ્ય તેઓશ્રી વરસાવતા અને તેઓની સમાધિ માટે કેટલા સજાગ રહેતા એનો એક પ્રસંગ મને યાદ આવે છે.

પોતાના મહાત્માઓ ખૂબ જ દાઝી ગયાના સમાચાર તેઓશ્રીને મળ્યા એટલે તેઓશ્રી તે મહાત્માઓના દ્રવ્ય ભાવોપચાર માટે સતત સંચિંત રહેવા લાગ્યા. સારવાર માટે તે મહાત્માઓને અહીં લાવવામાં આવેલા ત્યારે પૂજ્યશ્રી તેમની શાતા પૂછવા અને સમાધિ આપવા માટે તરત પધાર્યા. મહાત્માઓની હાલત જોઈને તેઓશ્રીના હૈયામાં જે વેદના થઈ તે ત્યાં હાજર રહેલા સૌ જોઈ શકતા હતા. મહાત્માઓની સમાધિ માટેના સતત પ્રયત્નો ચાલુ થયા. આ બનાવ પૂર્વે જ કેટલાક કાર્યક્રમો નિશ્ચિત થઈ ગયા હતાં. મહાત્માઓની સમાધિનો પ્રશ્ન હતો અને સામે પ્રસંગો નિર્ધારિત હતા. આનો નિર્ણય તરત લેવો પડે તેમ હતો. પૂજ્યશ્રીએ સીધું જ મહાત્માઓને સમાધિ અંગે પૂછી લીધું. તેઓની સમાધિ પોતાની ઉપસ્થિતિમાં વધુ સારી રહે તેવું જાણતા આગળના બધા કાર્યક્રમો મુલતવી રાખ્યા. ઘણા શ્રાવકો અને મહાત્માઓએ વિનંતી કરી કે સાહેબ, આપ પધારો. અહીં મહાત્માઓની વૈયાવચ્ચ અને સમાધિ માટેની બધી વ્યવસ્થા થઈ જશે. પરંતુ પોતાના આશ્રિતોની સમાધિને વધુ સારી રાખવા માટે તેઓશ્રી પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા. આ સમયે એ ગ્લાન સાધુઓએ જે પ્રસન્નતાનો અનુભવ કરેલો તે જોઈને તેઓશ્રીએ પરમ સંતોષનો અનુભવ કરેલો. આ સમયે તેઓશ્રીની દૃઢ નિર્ણયશક્તિ, આશ્રિતજનો ઉપરનું વાત્સલ્ય, કોઈની પણ આજીજીભરી વિનંતીના દબાણ હેઠળ ન આવી જવું. વગેરેનું સ્પષ્ટ દર્શન થયું હતું.

તેઓશ્રી ઘણીવાર કહેતા: હું એટલું ભણેલો નથી. પરંતુ પૂ. ગુરુદેવની સેવા-ભક્તિ અને વાચના-વ્યાખ્યાન શ્રવણથી ભગવાનના શાસનના રહસ્યને બરાબર સમજ્યો છું. શાસ્ત્રવિરુદ્ધ વાતમાં કદી સંમતિ આપું નહિ. ક્યારેક

અમુક માણસો અયોગ્ય વાતમાં તેઓશ્રીની સંમતિ લેવા આવતા ત્યારે જે વાતચીત થતી તે સાંભળીને ત્યારે લાગતું તેઓશ્રીનું ભણતર કરતા ગણતર વધારે હતું. પંડિત કહેવાતા માણસો પણ તેઓશ્રીની દલીલ-વાતચીતથી પ્રભાવિત થઈ જતા. પોતાના ગુરુદેવ પાસે જે સાંભળેલું હતું તેના આધારે તેઓશ્રી જડબેસલાક વાત કરી શકતા. કોઈ વધુ પડતી દલીલો કરવા આવે તો એવું પણ કહેતા: હું તમારા જેટલા શાસ્ત્રો ભણ્યો નથી. પરંતુ પૂ.ગુરુદેવશ્રી પાસે મેં આ પ્રમાણે સાંભળેલું છે. અને તે વિષયમાં વધુ વિચારણા થાય તો એ વાત શાસ્ત્રમાંથી મળી પણ આવતી.

એકવાર તેઓશ્રીને પૂછવામાં આવેલું કે આપ વૈયાવચ્ચ કરતાં હતા તેના બદલે વૈયાવચ્ચની જગ્યાએ અધ્યયનમાં વધુ ધ્યાન આપ્યું હોત તો સારું થાત એમ નથી લાગતું ?

તેઓશ્રીએ જવાબ આપેલો : મેં મારા ગુરુદેવ પાસેથી સાંભળેલુ છે કે શાસ્ત્રકારોની આજ્ઞામુજબ ગુરુભક્તિ કરવાથી માર્ગાનુસારી મન મળે છે અને અંતે એના જ પ્રભાવે પરમગુરુનો પણ ભેટો થાય છે. અધ્યયન કરીને પણ છેવટે તો માર્ગાનુસારી મન જ કેળવવાનું છે ને ? એ ગુરુભક્તિથી મેળવું એમાં તમને કોઈ વાંધો છે ?

પૂછનાર ચૂપ થઈ ગયા.

આવા તો કંઈ કેટલા વાર્તાલાપો હતા જે તેઓશ્રીની હાજરજવાબી, તેઓશ્રીના બોધની પરિપકવતાને પ્રગટ કરે છે: પૂજ્ય ગુરુદેવનો ગુણવારસો મલ્યો છે તેને આત્મસાત્ કરવામાં આ જીવન પૂર્ણ થાય તેવી ભાવના સાથે મારી વાત પૂર્ણ કરું છું.

❖ ❖ ❖

❖

❖ ❖

પૂ. આ. શ્રી વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ.,
પૂ. આ. શ્રી વિજયરાજ શેખર સૂરીશ્વરજી મ.,
પૂ. આ. શ્રી વિજયવીરશેખર સૂરીશ્વરજી મ. આદિનો સંભવિત વિહાર ક્રમ

માગશર સુદ ૪	ખંભાત પ્રવેશ
માગશર વદ ૧૨	ખંભાતથી વિહાર
પોષ સુદ ૮	નવસારી પ્રવેશ
પોષ વદ ૨	નવસારીથી વિહાર
પોષ વદ ૮	વાપી પ્રવેશ
પોષ વદ ૧૪	વાપી ત્રણ બેનોની દીક્ષા

શ્રી જૈન શાસન વિશેષાંકના રૂા. ૧૦૦/- ના શુભેચ્છક
શાહ ગોવીંદજી ખીમજી બીદની પ્રેરણાથી ૭ નામ

૧. ગોવીંદજી ખીમજી બીદ - નવાગામ, પ્રભાદેવી, મુંબઈ.
૨. દેવજી જેઠાભાઈ દોઢીયા - નવાગામ, દાદર, મુંબઈ.
૩. ગોમતીબેન મેઘજી પુંજા સુમરીઆ - ડબાસંગ.
૪. નથુભાઈ સુરા ગડા - મોટા લખીયા, દાદર, મુંબઈ.
૫. જીવીબેન માણેકચંદ ગુઢકા - હાલ નવાગામ, શેતાલુંશ.
૬. મણિબેન શામજી વીરજી ગુઢકા.
૭. કીર્તિ અમીન અરાની - લંડન.

પૂ.સાધ્વીજી શ્રી નમ્રહર્ષાશ્રીજીનો
પુણ્યપરિચય

◆ સ્વયં દિક્ષિત ૨૦૫૫ જેઠ સુદ ૧૪ ◆ દિક્ષિત ૨૦૫૬ મહા સુદ ૬ ◆
◆ વડીદીક્ષા ૨૦૫૬ ચૈત્ર વદી ૩ ◆ કાળધર્મ ૨૦૫૮ ફાગણ વદી ૯ ◆

સ્વ. પૂ. સાધ્વીજી શ્રી નમ્રહર્ષાશ્રીજી મ. સંસારી પર્યાયે અમારા પરિવારના પુત્રવધુ શ્રીમતિ ભાનુમતિ કુંદનલાલ હતા કે જેઓ

સુરત છાપરિયાશેરીનાં દશાશ્રીમાળી જ્ઞાતિના સુશ્રાવિકા તારાબેન ઠાકોરદાસ નેમચંદ ઝવેરીનાં કુળદિપિકા હતાં. શ્રદ્ધાસમ્પન્ન સુશ્રાવક મગનલાલ મોતીલાલને ત્યાં સુશ્રાવિકા મોતીબેન દ્વારા સંસ્કારોનું સિંચન થયું.

વિશેષે કરીને પૂ.મુ.શ્રી મૂગાંકવિજય મ. (પાછળથી પૂ.આ.ભ.વિ. જિતમૃગાંકસૂ. મ.) નાં ચાર્તુમાસોના અને ધર્મવાણીના પ્રભાવે તેમજ છાપરિયા શેરીના રત્નો પૂ.પ.ભદ્રાનનદ વિ. મ., પર્યાયસ્થવિર પૂ.મુ.હિરણ્યપ્રભ વિ.મ., પૂ.મુ. શ્રી સદાનંદ વિ.ની દીક્ષાઓ થઈ તેમજ પિત્રાઈ બેનો સા. શ્રી જયપ્રભાશ્રીજી, સા.શ્રી અમિતયશાશ્રીજી, સા. શ્રી અનંતગુણાશ્રીજીની તથા જ્ઞાતીમાં અન્યદીક્ષાઓ પણ થઈ અને તેમના પરિચયથી પ્રેરણાના યોગે ધર્મ સંસ્કારમાં પણ વૃદ્ધિ થઈ. કે જે ધર્મારાધના વધારવામાં નિમિત્તભૂત બની. પિયરમાંથી ધર્મસંસ્કારોનું નજરાણું લઈ સંસાર માંડવાનું થતાં મુંબઈમાં સ્વજ્ઞાતિમાં જ અમારા પરિવારમાં આવ્યા કે જે.

શાંત સ્વભાવી ધર્મનિષ્ઠ-લાલબાગ ઉપાશ્રયનાં સામાન્ય, ૩૬ વર્ષીતપનાં આરાધક એવા સાસુમા લલિતાબેન તેમની સેવા ચાકરીનો લાભ અને પ્રેરણા મેળવવા તથા ઉપકારી તારક ગુરુદેવ સુવિહિત દેશનાદાતા પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ ના ધર્મ સામ્રાજ્યનો ધર્મવારસો મેળવવા પણ સદ્ભાગી બન્યા તથા તેમની ધર્મદેશના શ્રવણના પ્રતાપે અને તેમાંજ વિશેષે પૂ.આ.ભ. શ્રી વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.ભ. શ્રી.વિ. જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજ, પૂ.પાદશ્રીજીના આજ્ઞાવર્તી પ્રવર્તિની વિદુષીરત્ના પૂ.સા. જયાશ્રીજી મ.સા. આદિના પરિચયથી તેમજ ધર્મનિષ્ઠ સુશ્રાવક ગોવિંદજીભાઈ, અરવિંદભાઈ, સુરચંદભાઈ, બાબુ વિમલકુમારજી, મંગળદાસભાઈ, નાનચંદભાઈ તથા સુશ્રાવિકા નિર્મળાબેન, પ્રભાબેન, મણીબેન, જયાબેન આદીનાં સત્સંગથી ધર્મારાધનામાં આગળ વધ્યાં.

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજી ગુરુદેવનાં તારક નિશ્રામાં નીચે મુજબ તપની આરાધના કરી દેહાધ્યાસ તોડવા પ્રયત્નશીલ બન્યા હતા.

સાંતાક્રુઝના ચોમાસામાં ૧૬ ઉપવાસ, ૫ છીના ચોમાસામાં સિદ્ધિતપ, ત્યારબાદ બે વરસીતપ બંને પારણા, સાહેબજીની નિશ્રામાં કર્યા, સુરત-શ્રીમતી લલિતાબેન લલ્લુભાઈ ઝવેરી પૌષધશાળામાં પ્રથમ ચાર્તુમાસ કરવા કરાવવા પૂર્વક અને ત્યાં રહી માસક્ષમણ અને મોક્ષદંડક તપ કર્યો, વીશ સ્થાનકની ઓળી શરૂ કરી દરેક ઓળીનું પચ્ચક્ખાણ પૂ. પાદશ્રીજીની પાસે લીધું હતું. રાજકોટમાં છઠ્ઠનાં પારણે છઠ્ઠની ઓળી કરી, ડીસા ચોમાસામાં અટ્ઠાઈથી એક ઓળી શરૂ કરી, ડીસામાં ૧૦ અટ્ઠાઈ કરી ૨૦મી અટ્ઠાઈનું પારણું પાટણમાં કર્યું. બાકીની ઓળી મુંબઈમાં કરી, પચ્ચક્ખાણ લેવા જ્યાં સાહેબ હોય ત્યાં જવાનું થતું,

૨૦મી ઓળી ૨૦ ઉપવાસ સાથે કરી અને તેનું પચ્ચક્ખાણ પૂજ્યશ્રી પાસે લીધું હતું અને પારણું ચંદનબાળામાં કર્યું. સંઘયાત્રા પૂ.પાદશ્રીજીની નિશ્રામાં સુશ્રાવક મંગળદાસ માનચંદના સંઘમાં કરી, ત્યારબાદ ચોમાસું અને નવાણું તથા પાલીતાણા-હસ્તગિરિ સંઘમાં લાભ લીધો, હસ્તગિરિમાં માળ પૂ.પાદશ્રીને હાથે પહેરી, ત્યારપછી, શ્રેણીતપ કર્યું, ચત્તારિ-અઠ્ઠ-દશ દોય સાથે કર્યા, ભદ્રતપ કર્યું સમોવસરણ અને સિંહાસન તપ પણ પૂ.પાદશ્રીજીની નિશ્રામાં કર્યું હતું, છેલ્લા ૪૫ ઉપવાસ ૪૪ની સાલમાં ચંદનબાળા ચોમાસામાં કર્યા, વર્ધમાનતપની ૨૭ ઓળી કરી.

ભગવંત પધરાવ્યા-ગંધારતીર્થ, શ્રીપાલનગર, ખંભાતમાં, શ્રી હસ્તગિરિ તીર્થમાં ભગવાનની પ્રતિષ્ઠા કરી અને ધજા સહિત સંપૂર્ણ દેરીનો લાભ લીધો, આબુતીર્થમાં પ્રતિષ્ઠા કરી અને પુન્યશ્રીનાં ઉપદેશથી શ્રી શાંતિનાથસ્વામિનું પરિકર યુકત ગૃહમંદિર કર્યું અને ત્રિકાળપ્રભુ ભક્તિનો લાભ લીધો, જે ભગવાનનું અંજન સુરેન્દ્રનગરમાં પૂજ્યપાદજીના હાથે કરાવ્યું તેમની નિશ્રામાં કલ્યાણકના વરઘોડો, જન્મકલ્યાણક, સ્નાત્ર મહોત્સવ કર્યા, સુરત છાપરીયા શેરીમાં ઉપાશ્રયનો લાભ લીધો.

પૂ ધર્મ ગુરૂણીશ્રીજી (હર્ષપૂર્ણાશ્રીજી)નાં બે ચાતુર્માસ કરાવ્યા, શ્રી ગૌતમ, શ્રી સુધર્માસ્વામિની પ્રતિષ્ઠા કરી, લાલબાગમાં ઉપકારી સાસુમા દ્વારા સ્થાપિત વર્ધમાન મહિલા મંડળમાંથી ભારત ભરમાં તીર્થો આદી જગ્યાનું યાત્રા કરી, પ્રભુભકિત કરી, મંડળ દ્વારા વિધિવત સંચાલન કરાવી વિવિધ ધર્માનુષ્ઠાનો કરાવવા પૂર્વક સાસુમાનું સ્વપ્ન સાકાર કર્યું.

પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, આદિ સંસ્કૃત બુકો, પ્રાચીન સ્તવનો, સજ્ઝાયો, જૈન પ્રવચનની પ્રાચીન ફાઈલો, કર્મગ્રંથનો અભ્યાસ પૂ.નરવાહનસૂરીશ્વરજી મ. સા. પાસે કર્યો, જ્ઞાનોપકરણ, જ્ઞાનભંડાર, ઉજમાણું, છોડ ભરાવવા, હસ્તલેખીત પ્રતો લખાવવી, નવું ભણવું, ગોખવું ને સ્વાધ્યાય અને સંયમની ઉત્કંઠા હોવાથી સાધુક્રિયાઓના સૂત્રોને પણ ગોખતા, તારક ગુરુદેવના વ્યાખ્યાનોની વાંચનાઓની નોટ લખવી, પુનરાવર્તન કરવું, વગેરે જ્ઞાનનાં કાર્યો કર્યા.

નિત્યત્રિકાળ પૂજા, દેવવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પર્વ તિથિએ પૌષધ, નહીતો દેસાવગાસી, સંથારા ઉપર સુવું, ઘણા વર્ષોથી ચપ્પલનો ત્યાગ, ગણત્રીનાં વસ્ત્રો, અપ્રમત પણે શુદ્ધ ક્રિયા, પાકલા વર્ષોમાં ચાતુમાસમાં એકાસણા, રોજ દેસાવગાસી, રાત્રે પૌષધ.

પાપનો ડર, જયણા પૂર્વકનું જીવન, ૧૪ નિયમ, ભવ આલોચના લીધી, વારંવાર ભૂલોનું પ્રાયશ્ચિત્ત ને આલોચનાનું લક્ષ દેવાતું હતું, માર્ગદર્શન અને પ્રેરણા માટે સતત વિનમ્રપણાનાં ભાવ જોવાતાં હતાં.

"જન્મ્યા ભલે શ્રાવક કુળમાં પણ મરવાનું તો સાધુવેશમાં જ"

શ્રાવકનો આવો મનોરથ હોય તેને સફળ કરવા માટે જીવનની ઉત્તરાવસ્થામાં મરણ મુખ થતા આત્મિક પરાક્રમ દાખવી સ્વયં દીક્ષિત (૨૦૫૫ જેઠ સુદ ૧૪) થઈ મોતને પાછું ઠેલીને લગભગ પોણા ત્રણ વર્ષ જેવો સમય નાદુરસ્ત તબિયત છતાં, સમતા માં રમતાં, સ્વાધ્યાય રત રહી, અપ્રમત્ત ભાવે સંયમ જીવન જીવીને સંઘ માટે આદર્શમૂર્તિ બન્યા.

સુવિશાલ ગચ્છાધિપતિ આજીવન ગુરુ ચરણ સેવી પ્રશાંતમૂર્તિ પૂ.આચાર્ય ભગવંત વિજય મહોદયસૂરીશ્વરજી મ. ની કૃપા આશીર્વાદ અને વિશેષ ઉપકારી પ્રભાવક પ્રવચનકાર પૂ.આ.ભ. હેમભૂષણ સૂરીશ્વરજી મ.ની કૃપા તથા માર્ગદર્શનથી તેમજ વર્ધમાન તપોનિધિ પૂ.આ.ભ. ગુણયશસૂ.મ.સા., આધ્યાત્મિક પ્રવચનકાર પૂ.આ. કીર્તિયશસૂ. મ.સા., વાંચનાદાતા પૂ. સંયમી મુનિ ભગવંત શ્રી વિશ્વદર્શન વિ.મ.સા. આદિની હિતશિક્ષા કૃપા, નિશ્રા અને યોગક્ષેમના બળે તેમજ તેઓશ્રીના આ જીવન ધર્મગુરુણી સ્વ. વિદુષી રત્ના પૂ.દર્શનશ્રીજી મ.સા.ના પરિવારનાં વિદ્વાન સુશિષ્યા સ્વ. વિદુષીરત્ના પૂ.સા.હર્ષપૂર્ણાશ્રીજી મહારાજની કૃપાના

પ્રભાવે એમના પરિવાર દ્વારા પૂજ્યોની આજ્ઞાને અનુસરીને ગુરુણીશ્રીજી તપસ્વીની વિદુષી પૂ.સા.મ. કિરણરેખાશ્રીજી, પૂ.સા.મ. મહાજ્યોતિશ્રીજી આદિની ધર્મછાયામાં રહીને શક્ય એટલા સુંદર સંયમ ધર્મની આરાધના કરતા કરતા સર્વવિરતી ના આસ્વાદને અનુભવતા હતા.

સુશ્રાવિકા પ્રેમલતાબેન કોઠારી એ તથા ચંદનબાળા-સુલસા આરાધક સંઘ તેમજ વૈયાવચ્ચપ્રેમી ડૉ.શ્રી પન્નાલાલ પતરાવાળા, ડૉ. પ્રદીપભાઈ પરીખ, નયનાબેન પતરાવાળા, વસુબેન કરાણીએ સુંદર વૈયાવચ્ચભક્તિનો લાભ લીધો હતો. તથા વિશેષે કરી સા.શ્રી ચંદ્રજ્યોતિ મ.સા., સા. હિતધર્મશ્રીજી મ.સા. અને પુત્રવધુરેખાબેને અત્યંત કાળજી પૂર્વકની વૈયાવચ્ચ કરી હતી.

શ્વાસોશ્વાસની તકલીફ હોવા છતાં સમાધિસહ વિ.સં. ૨૦૫૮ના ફા. વદી ૯ના દિને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતાં. તેઓ એમનો મહામોલ. માનવ ભવને સાર્થક કરી તરી ગયા અને અમારા કુળને પણ પાવન કરતા ગયા એ મહામના પુણ્યાત્માની અ. જીવન ધર્મરાધના તથા સંયમ સ્વીકારના પરાક્રમની અનુમોદનાર્થે ત્રિદિવસીય શ્રી જિનભક્તિ મહોત્સવનું આયોજન કર્યું છે.

લી. શ્રીમતિ લલિતાબેન લઘુભાઈ નગીનદાસ ઝવેરી પરિવાર

जयमल जैन जीवरक्षा पर्यावरण सुरक्षा फाउन्डेषन

नं.११ पोन्नप्प लेन, ट्रिप्लीकेन, चेन्नाई - ६०० ००५.

क्या आप जानते है ?

परस्परोप्रहो जीवानाम्

भारत सरकार ने फुड & अडल्ट्रेषन एक्ट के अन्तरगत सभी पेकेज्ड खाद्य पदार्थो पर यह अंकित करना अनिवार्य कर दिया हैं कि वह शाकाहारी (Vegetarian) हैं अथवा मांसाहारी हैं अथवा मांसाहारी खाद्य पदार्थो के मिश्रण से बना हुआ हैं।

सिर्फ शाकाहारी खाद्यपदार्थो के मिश्रण से बने हुए खाद्य पदार्थो पर (Green) हरे रंग में चिन्ह इंगित करना अनिवार्य कर दिया हैं।

सिर्फ मांसाहारी पदार्थ से बने हुए पेकेट पर भूरा (Brown) रंग में चिन्ह इंगित करना अनिवार्य कर दिया हैं।

मांसाहारी व शाकाहारी दोनो खाद्या पदार्थो के मिश्रण से बने खाद्य वस्तुओं के पेकेट पर लाल रंग में चिन्ह इंगित करना अनिवार्य कर दिया हैं।

☐ सिर्फ शाकाहारी पदार्थ (Green Colour)
☐ सिर्फ मांसाहारी पदार्थ (Brown Colour)
⃠ मांसाहारी पदार्थ के मिश्रण से बने हुए पदार्थ (Red Colour)

इस नियम को उल्लगंन करने वालों पर उचित कार्यवाही कानून के अन्तरगत की जा सकती हैं।

आप पेक्कड खाद्यपदार्थ जैसे बिस्कुट, चाकलेट आदि की खरीदी करते समय उपरोक्त चिन्हों को देखकर खरीदें। यदि चिन्ह अंकित न होतो खरीदी हुई दुकान का बिल व खरीदी गई वस्तु का रेपर (wrapper) अथवा खरीद की गई दूकान का पता व तारिख हमें उपरोक्त पते पर भेजें। हम आगे कि कार्य वाही करेंगे।

સમાચાર સાર

"સુરેન્દ્રનગર તપગચ્છ મોટા સંઘમાં ધાર્મિક વિવિધ અનુષ્ઠાનોનું ભવ્ય આયોજન"

શ્રી કલ્યાણજી કલ્યાણજીની પેઢી, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘના આંગણે ચાર્તુમાસ બિરાજમાન શાસન સમ્રાટના સમુદાયના પરમ પૂજ્ય પ્રખર વ્યાખ્યાનકાર આચાર્ય ભગવંત શ્રી કુંદકુંદસૂરિશ્વરજી મહારાજ સાહેબ તથા મૂનિરાજ શ્રી વિનય ધર્મ વિજયજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં અને પૂ. સાધ્વીજી મહારાજ સાહેબ શ્રી કાન્તગુણાશ્રીજી તથા શ્રી ઈન્દ્રયશાશ્રીજી મ.સા. ના સાનિધ્યમાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાનોના અનોખા આયોજન ગોઠવાયા છે. પૂ. આચાર્યદેવ વ્યાખ્યાનમાં બે પ્રતિક્રમણ સૂત્રના અર્થ અને શ્રી જંબુસ્વામી ચરિત્ર મધુર શૈલીમાં સુંદર રીતે ફરમાવે છે. જેનો લાભ સારી સંખ્યામાં ભાઈઓ અને બહેનો લે છે. તા.૨૮-૧૯-૩૦ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ માટે સાધ્વી શ્રી કલ્પ ગુણાશ્રીજી મહારાજના સંયમ જીવનની અનુમોદના માટે મહોત્સવનું આયોજન થયેલ છે. જેમાં શ્રી શત્રુંજય મહાતીર્થની નવ્વાણું અભિષેકની મહાપૂજા શ્રી સંઘ દ્વારા શ્રી ગજાનનભાઈ ઠાકુર અમદાવાદવાળા ભણાવશે.

શ્રી સુરેન્દ્ર જ્ઞાનવર્ધક પરીક્ષા નં.૪ નવકાર સૂત્રથી કલ્લાણકંદના સૂત્ર સુધીની લેખીત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે સવારના ભવ્ય ચૈત્ય પરીપાટીનું આયોજન પર્યુષણ પર્વ અતિભવ્યતાપૂર્વક ઉજવાયા તે નિમિત્તે કરવામાં આવ્યું હતું. પર્યુષણ દરમ્યાન સપનામાં ઘીની બાર હજાર મણની બોલીનો લાભ શ્રી પ્રકાશચંદ્રભાઈ તોગાણી અને સંવત્સરી પ્રતિક્રમણનાં મોટી શાંતિની ઘીની બોલીનો લાભ તથા દર રવિવારે બપોરના સમુસામાયિકમાં પ્રભાવનાનો લાભ શ્રી જેચંદભાઈ વિઠ્ઠલભાઈ રાજકોટવાળાએ ભક્તિભાવ પૂર્વક લીધો છે. શ્રી રાજેશભાઈ કૈલાસભાઈ શાહે ૧૧ ઉપવાસનું ભવ્ય આરાધના કરી તે સાથે સંઘમાં મોટી તપશ્ચર્યાઓ ૨૬૬ થયેલ છે. પાંચમના દિવસે તપસ્વીઓના સમુહપારણા અને વિશિષ્ટ બહુમાન તથા બપોરના રથયાત્રાનો ભવ્ય વરઘોડો ડીસાના સુપ્રસિદ્ધ અજન્તા બેન્ડ તથા ઘોડેશ્વારો, રથ, બગીઓ અને પાઠશાળાના ભુલકાઓ દ્વારા લહેરાવાતા શાસનના ધ્વજો સાથે જ્યારે સુરેન્દ્રનગરના રાજમાર્ગો પરથી પસાર થયો ત્યારે સર્વધર્મપ્રિય જનતા મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટી પડી હતી. કલ્પસૂત્ર વાંચન તથા મહાવીર જન્મ-કલ્યાણક વાંચનના દિવસનો ઉત્સાહ અભૂતપૂર્વ હતો. ૬,૦૦૦ વ્યક્તિઓને શ્રીફળ અને પતાસાની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી સંઘનું ૮,૦૦૦ વ્યક્તિઓનું સ્વામી વાત્સલ્ય બુફેને તિલાંજલી આપી બેસાડીને ભોજનરૂપે કરવામાં આવ્યું હતું. શ્રીસંઘના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ અને ઉત્સાહી યુવકમંડળો, મહિલા મંડળો, પાઠશાળાના બાલક-બાલિકાઓ વિગેરે સર્વેએ આ મહોત્સવને સફળ બનાવવા માટે તન-મન-ધનથી પ્રચંડ પુરૂષાર્થ વડે લાભ લીધો હતો. જીવદયાની ટીપ તથા ૧૦૨ જીવો છોડાવ્યાનો શ્રી સંઘે લાભ લીધો હતો. આ રીતે શ્રી સુરેન્દ્રનગર તપાગચ્છ મોટા સંઘમાં શ્રી અમીઝરા વાસુ પૂજ્યદાદાની વિશાળ છત્રછાયામાં પર્વાધીરાજ મહાપર્વ અને તે પછીના અનુષ્ઠાનો ભવ્યાતાપૂર્વક ઉજવાઈ રહ્યા છે. પૂ. આચાર્ય ભગવંતશ્રી કુંદકુંદસૂરિશ્વરજી મ. સા. ની વાણીનો લાભ જૈન-અજૈન જનતા ભક્તિભાવના પૂર્વક લઈ રહેલ છે.

રમણીકભાઈ નાનચંદભાઈ સલોત (પ્રમુખ)
કિશોરભાઈ ગીરધરભાઈ કુવાડીયા (મંત્રી)
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ
સુરેન્દ્રનગર

●

વિજય લબ્ધિસૂરિજી દીક્ષા શતાબ્દિ ઉત્સવ

અમદાવાદ : વિશ્વનંદિકર સંઘ ભગવાન નગર ટેકરે અ... શ્રી વિજય વારિષેણ સૂરિ મહારાજ પાંચપાંડવની

નિશ્રામાં ચાતુમાસ આરાધના ઉંકાર ઉમરાપૂજન વિજયલબ્ધિ સૂરિજી મહારાજના દીક્ષા શતાબ્દિ વર્ષે ૪૦ મી સ્વર્ગ તિથી ભકતામર પૂજન ભકતામર અઠ્ઠમ ૧૨૦ સૌભાગ્ય તપ, ૧૪૬ સમુહ આયંબિલ, ૪૦૦ નીવી, ૭૧ કલ એકાસાણા, ૧૭૧ વીશસ્થાનક સમુહ, ૪૦૦ ઉપવાસ આરાધના, ૪૧ આગમ બેસણા તપ, સંધ્યા ભક્તિ ભકતામર પાઠ સમુહ પૌષધ ૭૫ સમુહ સામાયિક ૬૭૦, પ્રતિદિન પ્રવચન, સંઘપૂજન, અખંડ અઠ્ઠમ, આયંબિલ, અઠ્ઠાઈ ૧૬, ઉપવાસ ૩૦, ઉપવાસ ચાલુ છે. પ્રવચનમાં ધર્મ બિન્દુ ગ્રંથમલયા સુંદરી ચરિત્ર પટન્ના વ્યાખ્યાનો રવિવારે જાહેર પ્રવચન ભવ્ય અંગરચના થાય છે. પં. વિનયસેન મ. પ્રવર્તક અખંડ આયંબિલ ૧૦૮ આરાધક મુનિ વજ્ર સેન મ. પ્રવચનકાર મુનિવલ્લભસેન મ. ભક્તિ પ્રિય વિરાગસેન મ. તથા સાધ્વી વિદ્યુત પ્રભાશ્રીજી, મૃગનયનાશ્રી સ્વયં પ્રભાશ્રીજી આદિ, શ્રાવિકામાં પ્રેરણા સારી આપે છે. અક્ષયનિધિ તપ પ્રારંભ થતા ચઢાવા સારા થયા. સમુહ આરતિ આંગી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રંગોલી ભવ્ય થવા પામેલ હતા. પ્રતિક્રમણમાં ૭૦ ભાઈઓ - બાળકો લાભ લે છે. આચાર્યશ્રી એકાતરા ત્રણ આયંબિલ ની અરિહંત પદ આરાધના અપ્રમત ભાવે કરે છે. પ્રવચનમાં સારી પ્રેરણા વૈરાગ્ય વર્ધક આપે છે. પર્યુષણ પર્વને ભક્તિભાવને આરાધના માટે ઉત્સાહથી તૈયારીઓ ચાલુ છે. વજ્ર સ્વામિ પાઠશાળામાં નાનાબાળકોપણ અભ્યાસ કરે છે. નાના ૭-૮ વર્ષના બાળકોએ ઉપવાસ કર્યા હતા. દુલર્ભ માનવ અવતારના ગોલ્ડન ચાન્સને મોજ શોખ ને ભોગ સુખની મજા માનવા જનારને કર્મની સજા ભયંકર ભોગવવી પડે છે. કર્મના રાજ્યમાં ડેર છે અંધેર નથી જેના હસ્તા બાંધ્યા પાપ રડતા કુટતા પણ નથી છૂટતા માટે વિરાધનાને અશાતાનાથી દુર ભાગીને આરાધનામાં લાગી જવું જરૂરી છે. જિંદગી સંસારની ગંદગી થી ભગાડવા માટે નથી પ્રભુની બંદગી કરી શાશ્વત સુખની પરંદગી કરવા મળેલ છે. મળ્યું છે. પુણ્યથી ધર્મથી ફળે છે તે ભૂલસો નહિ. તપ-જપને બ્રહ્મચર્યથી આત્મ શુધ્ધી થાય છે ને સદ્‌બુધ્ધી વિકસે છે. સદ્‌ગતિને મોક્ષ મુક્તિ સુખ ભોગવાય છે. કુછ લીયા કુછ દિયા હિસા બુદેના બાકિ છે. કર્યા કાળા ધોળા વાજ બાકિ છે. સોચીલોભાઈ જીંદગી થોડી બાકી છે.

●

ચાદગાર ચાતુર્માસ : નાશિક : તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. ભ. રામચંદ્ર સૂરીશ્વરજી મ. ના સમુદાયના પૂજ્યમુનિરાજશ્રી ભવ્યવર્ધન વિ. મ., પૂ. મુ. શ્રી મંગળવર્ધન વિ. મ. તથા પૂ. મુ. શ્રી હિતવર્ધન વિ. મ. નાશિક-શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મહારાજ જૈનસંઘમાં ચાતુર્માસ માટે પધારતાં સંઘજનોમાં ઉલ્લાસનું મોજૂ ફરી વળ્યું હતું.

(૧) ગત અષાઢ સુદ સાતમે ભવ્યસામૈયા સાથે પૂજ્યોનો પ્રવેશ થયો. ત્યારબાદ સાધર્મિક વાત્સલ્ય અને ૧૧ રૂા. નું સંઘપૂજન.

(૨) પૂ. મુ. હિતવર્ધન વિ. મ. ના દૈનિક પ્રવચનોનો પ્રારંભ થતાં દિન-પ્રતિદિન પ્રવચનની પર્ષદામાં અભિવૃદ્ધિ થતી ચાલી. દૈનિક આચારાંગસૂત્ર ધૂતાધ્યયનના પ્રવચનોએ ભાવિકોના હૃદય ઢંઢોળ્યાં તો રવિવારીય જાહેરપ્રવચનોએ સહુના દિલમાં ભાવનાઓની ભરતી ઉભરાવી. રવિવાર સહિતના પ્રવચનોના શ્રવણો માટે રોજ ભીડ ઉભરાવા લાગી.

(૩) ૧૪ પૂર્વના તપની આરાધના ૧૭૧ ભાવિકોએ કરી. એમાં એકાંતરા ૧૪ ઉપવાસના સામુદાયિક થયા. પ્રાંતે ૧૫૦ રૂા. દ્વારા તપસ્વિઓનું અભિવાદન થયું.

(૪) અ. વ. ૧૪ ના દિને પૂ. ગુરૂદેવ 'સૂરિરામ' ની ૧૧મી પુન્યતિથિ પ્રસંગે ત્રિદિનિક મહોત્સવ, સાધર્મિક વાત્સલ્ય, સામૂહિક આયંબિલ, ૩ ગુણાનુવાદ સભાઓના આયોજન થયાં. ગુણાનુવાદ સભાઓમાં ગુણાનુવાદ પ્રવચનોની અનેરી રંગત જમી.

(૫) શ્રા. વ. ૨ ના દિને ૧૪ પૂર્વતપનો ઉદ્યાપન મહોત્સવ યોજાયો. જે અત્યંત યાદગાર બની જવા પામ્યો. ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુઓની પ્રતિકૃતિઓ વેલવેટના પાર્ટીશનો પર ટેબલો પર ગોઠવી / ૧૭૧ તપસ્વિઓએ આદિથી અંત સુધી પૂજનના વસ્ત્રોમાં હાજરી આપી પ્રસંગની રોનક વધારી. સંગીતકાર બળવંત ઠાકુરે સહુને ભક્તિરસમાં ઝબોળ્યાં.

(૬) પર્વાધિરાજ પર્યુષણની આરાધનાતો અવિસ્મરણીય બની ગઈ. ૧૨ વર્ષથી નાની વયના ૧૨ બાળક-બાલિકાઓએ કરેલી અઠ્ઠાઈ અને એરીવાયની વિવિધ તપસ્યાઓ / અપૂર્વદ્રવ્યવૃદ્ધિ/હૃદયસ્પર્શી પ્રવચનો / આ બધું યાદગાર બની ગયું.

(૭) પર્યુષણા બાદ પૂજ્યશ્રીની પ્રેરણાથી એક ઐતિહાસિક આયોજન થયું. એ આયોજન હતું. નવલાખ પુષ્પોના અર્ચન સાથે નવલાખ નવકારના સમૂહ જાપનું. નાશિકનગરના આંગણે સર્વપ્રથમ વખત યોજાયેલું આ આયોજન જિનશાસનની જયપતાકાને ઉચા ગગન સુધી લહેરાવવામાં સફળ રહ્યું. આયોજન પ્રમાણે ૧૦૦૦ ભાવિકો પૂજનાવસ્ત્રોમાં / શુદ્ધાસન પર બેસી નવ-નવ બાંધી નોકારવાળીનો નવતબક્કામાં જાપ કરવાના હતાં. એક એક તબક્કાને અંતે ૧-૧ લાખફૂલો પ્રભુચરણે અર્પિત થવાના હતાં.

પા. ભા. વ. ૭ નો સૂર્ય હજી તાપ વેરવાની શરૂઆત કરે એ પહેલાં જ 'યશોવાટિકા' ના વિશાળ મંડપમાં પૂજના મોતિયા-વેશમાં સુસજ્જ ભાવિકોના ટોળેટોળા ઉભરાવા માંડ્યાં. ૮૦૦૦ સ્કેવર ફૂટનો વિશાળ મંડપ પણ છલકાઈ ગયો. મંચ પર ૯ ઝરૂખાઓની અદ્‌ભુત રચના વચ્ચે વિરાજતા નવ જિનબિંબોનું આલંબન લઈ જાપ કરવાનો હતો.

પ્રત્યેક ભાવિકને નવી સૂતરની નોકારવાળી અપાઈ હતી. ૯-લાખ પુષ્પો ભરેલી મંજૂષાઓ તૈયાર હતી. પૂજ્યશ્રીએ મંગલાચરણ કરતાં જ કાર્યક્રમની શરૂઆત થઈ.

સતત ૪ કલાકે સુધી ભાવિકો પૂજનના વસ્ત્રોમાં બેઠા રહ્યાં માળા જપતાં રહ્યાં. વચ્ચે વચ્ચે આશુ-વ્યાસ એન્ડ પાર્ટીએ સંગીત-ગીતનું અદ્‌ભુત રેલમ છેલ મચાવી. પાઠશાળાના બાળકોએ અદ્‌ભુત નૃત્યો રજૂ કર્યા.

અંતે ૧૦૦૦ ભાવિકો પૈકીના ૪૦૦ પુરૂષો ઉભા થઈ મન મૂકીને નાચ્યાં. પ્રાંતે શ્રીફળની પ્રભાવના અને સાધર્મિક વાત્સલ્ય થયાં.

આમ; નાશિક નગરે આરાધનાના પૂર ઉમટ્યાં છે.

●

રાજકોટથી છ'રીપાલિત પાલીતાણાનો સંઘ : વર્ધમાન નગરથી પૂજ્યશ્રી મુ. શ્રી નયભદ્રવિજયજી મ. ની નિશ્રામાં કા. વ. ૧૧, તા. ૩૦-૧૧ સંઘના પ્રયાણ થયા. મહા સુદ ૧૦, તા. ૧૪ ના તીર્થ માળ પરિધાન થશે. સંઘના આયોજક (૧) શ્રી મગનલાલ મોતીચંદ મહેતા (૨) શ્રી શિવલાલ ભુદરભાઈ (૩) શ્રી મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા (૪) નટવરલાલ ડાયાલાલ (૫) શ્રી જયંતિલાલ હીરાચંદ વસા (૬) શ્રી રવીન્દ્ર મદનલાલ સંઘવી (૭) એક સદ્‌ગૃહસ્થ-કોલ્હાપુર (૮) શ્રીમતી વસંતીબેન ગેતમલજી કોલરક્ષા વાળા.

નિમંત્રક શાહ જગજીવન જીવરાજ ભાડલાવાળા પરિવાર - પાલીતાણા. ખીમબાઈ જૈન ધર્મશાળામાં મુકામ થશે.

હસ્તગિરિ પાલીતાણા યાત્રા સંઘ : બેરજ ડાભીવાળા વિનોદચંદ્ર બાબુલાલ શાહ પરિવાર અમદાવાદથી હસ્તગિરિ જશે. ત્યાંથી પાલીતાણા છ'રીપાલક યાત્રા સંઘ કાર્તક વદ ૦)) થી મા. સુદ ૨/૩ પાલીતાણા પ્રવેશ સુદ ૪ તીર્થમાળ, પૂ. આ. શ્રી વિજય ગુણમણી સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં યોજાએલ છે.

શત્રુંજય મહાતીર્થથી ગિરનારજી મહાતીર્થ છ'રી પાલક સંઘ : પૂ. આ. શ્રી વિજય મલાબલ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય પુણ્યમાલ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ., આદિની નિશ્રામાં જિનાજ્ઞા આરાધક સમિતિ હ. બેડા નિવાસી શા. પ્રેમચંદજી અમીચંદજી કોરેલાવ નિવાસી શ્રી ઝવેરચંદ નથમલજી, લુણાવા નિવાસી શા ભભૂતમલજી નેનાજી, તખત ગઢ નિવસી કેશરી મલજી પુનમચંદજી રૂપાજી તરફથી સાચોરી ભવનથી માગશર સુદ ૮ પ્રયાણ કરશે. ગિરનાર તીર્થમાં તીર્થમાલ માગશર વદ ૬ ના રહેશે. ગિરનારજીમાં શ્રીનેમિનાથ સેવા ટ્રસ્ટ યાત્રિક ગૃહ ભવનાથમાં મુકામ થશે.

હસ્તગિરિજીથી પાલીતાણા યાત્રા સંઘ : હસ્ત ગિરિજીથી પાલીતાણા છ'રી પાલક સંઘ પૂ. આ. શ્રી વિજય

રવિપ્રભસૂરીશ્વરજી મહારાજશ્રી વિજય અજિત સેન સૂ. મ., પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ. મ. ની નિશ્રામાં માગશર સુદ ૪ પ્રયાણ માગશર સુદ દ્વિતીય સાતમ માળનો કાર્યક્રમ આદિવા નિવાસી બેંગલોર વાળા પુખરાજજી હેમરાજજી પાલેચા તરફથી થયેલ છે.

મુંબઈ શ્રીપાલનગર : અત્રે પ. પૂ. વર્ધમાન તપોનીધી આચાર્યદેવશ્રી કમલરત્નસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. પ્રવચન પ્રભાવક આ. દે. શ્રી અજીતરત્ન સૂરીશ્વરજી મ. સા. ચાર્તુમાસ બીરાજમાન છે. પૂજ્યશ્રીની નીશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના આરાધના ખૂબ સુંદર થવા પામી તે નીમીતે તથા પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભ. શ્રી મહોદયસૂરીશ્વરજી મ. સા. ના સંયમ જીવન અનુમોદનાર્થે શ્રી સંઘ તરફથી શ્રીબ્રહદસિદ્ધચક્ર પૂજન તથા શાંતિસ્નાત્ર યુક્ત એકાદશાનીકા મહોત્સવ આસો સુદ ૮ ના ભવ્ય રીતે ઉજવાયો. જીવદયાની ટીપ સુંદર થઈ હતી. દરરોજ પ્રભુજીની ભવ્ય અંગરચના દીપક ફળવેદના ગોઠવાણી પૂજા પ્રભાવના સુંદર રીતે થયા. વિધિવિધાન શ્રી જામનગરના ક્રિયાકારકશ્રી નવીનચંદ બાબુલાલ શાહના મંડળીએ સુંદર રીતે કરાવ્યા હતા. સંગીતમાં અત્રેના શ્રી દક્ષેશભાઈ ચોકસીએ સારી જમાવટ કરી હતી. આસો માસના શાશ્વતી ઓળી તથા પારણા ડીસાનીવાસી શ્રીમતી સીતાબેન મફતલાલ વારીયા પરીવાર તરફથી થયા હતા. આસોવદી ૧ ના તેમના તરફથી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયુ હતું. બાદ પ્રભાવના થયેલ.

વડોદરા : સુભાનપુરા થી પૂ. આ. શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સિદ્ધગિરિ યાત્રા સંઘ કા. વ. ૨ થી પ્રયાણ કરશે. માગશર સુદ-૬ તીર્થમાળ થશે.

ધુલીયા : અત્રેથી પૂ. મુ. શ્રી ભવ્ય ચંદ્રવિજયજી મ. ની નિશ્રામાં બલસાણા તીર્થનો યાત્રા સંઘ કારતક વદ ૫ સોમવાર, તા. ૨૫-૧૧ ના પ્રયાણ કરશે. તીર્થ માળા કારતક વદ ૧૦, શુક્રવાર, તા. ૨૯-૧૧ ના થશે.

જૈનનગર પાલડીમાં ભવ્ય આરાધનાઓ : પ. પૂ. આ. દીક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પંન્યાસ શ્રી રવિરત્ન વિજયજી મ. સા. ની શુભનિશ્રામાં ચાતુર્માસ પ્રવેશથી આરાધનાઓનો યજ્ઞ મંડાયો છે. તેમાં પ્રવેશ નિમીત્તે સામુહિક આયંબીલ તપ, દરરોજ ઉપદેશ માલા ગ્રંથ ઉપર સવારે ૯ થી ૧૦ કલાકે પ્રવચન, શનિવારે બપોરે ૩ થી ૫ નાના બાળકોની શિબિર ૧૦ થી ૧૪ વર્ષ તેમાં પં. સાથે મુનિશ્રી વૈરાગ્યરત્ન વિજયજી મ.સા. જીવવિજ્ઞાન અને જૈનાચારનું સુંદર સરસ પ્રવચન આપી સંસ્કરણ કરે છે. રવિવારે સવારે ૬-૩૦ થી ૯-૩૦ સુધી બાળમુનિ અઈમુત્તારત્ન વિજયજી. ૫ થી ૯ વર્ષના નાના ભૂલકાઓને પૂજા સ્તુતિ વિગેરે કરાવે છે. રવિવારે બપોરે ૩ થી ૫ વાગે ૧૫ વર્ષથી ઉપરના યુવાનોને આજના યુગમાં કર્મવાદ, જૈનવિધિ વિજ્ઞાન, આદર્શ દૈનિક જીવનમાં ઉપયોગી વાતો પં. શ્રી રવિરત્ન વિજયજી મ. સા. વૈજ્ઞાનિક રીતે સમજાવી રહ્યા છે. દર રવિવારે પરમાત્માની ભક્તિરૂપ, અરિહંત વંદનાવલી, સામુહિક સ્નાત્ર મહોત્સવ, શત્રુંજયભાવયાત્રા જેવા વિવિધ કાર્યક્રમો સંગીત સૂરાવલી સાથે સૂત્ર-અર્થ સહિત સમજાવે છે. સાધ્વીજી શ્રી પૂણ્યરેખાશ્રીજી ના શિષ્યા સાધ્વીજી શ્રી અમિતરેખાશ્રીજી મ. ની નિશ્રામાં આરાધના થાય છે. ●●●

:: સુધારો ::

જૈન શાસન સમાચાર સાર

(તા. ૧૯-૧૧-૨૦૦૨, અંક : ૯) પેઇઝ નં. ૮૨૭ પર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ને પ્રભુસ્મરણ પછી લખ્યુ છે તેને બદલે પર્યુષણ પછી તેમ વાંચવું.

:: સુધારો જૈન શાસન વિશેષાંક ::

પેઇઝ નં. ૯૯૫ માં

ઠ. : કાનજી જેઠાભાઈ નાગડા વાંચવું

●●●

પેઇઝ નં. ૯૯૯ માં માર્ક ઈન્ડસ્ટ્રીઝનું સરનામું ૪, ઓસવાળ કોલોની જામનગર.

●●

પેઇઝ નં. ૯૨૧ માં લેખનું હેડીંગ ''સાધુનો આચારે'' એમ વાંચવું.



સાંભળો ! તેઓ ભણેલા નથી. ઈતિહાસના જાણકાર નથી અને મોટા વિદ્વાન પણ નથી. છતાં પણ પાઠ્યપુસ્તકોના આદેશ મુજબ-પાઠ્યપુસ્તકોમાં કરાયેલ ફેરફારો બાબત-સ્પષ્ટતા આપવા આવ્યા અને તમને મનોરંજન કરાવશે-તો શાંતિથી સાંભળો ને આનંદ માણો.

Listen ! He is not well educated, nor, he is an historian or highly ... rate. But he will give you full entertainment by critisrzing the changes in text books.



અરે એ તો બારી ! વર્ષોથી આપણી બાજુમાં જ રહે છે, છતાંય, આજે એણે 'બુરખો' ફગાવી દીધો ત્યારે જ મને તો ખબર પડી કે આ તો બાજુ વાળી ચમકદાર અને મીઠડી બાઈ છે-જો.

Hey look ! She stays near our house since a long time but she was wearing a "Burkha" & look now she has thrown it & she is beautiful.



બૉલ-ટેમ્પરી ...ના આક્ષેપ માટે એની સામે પગલાં લેવા જોઈએ નહિ સાહેબ, બૉલ્સપરેજ્જ ! ...લાગે કે આ બૉલની બનાવટ જ એવી તકલાદી હતી કે દડાને રમાડ્યા કરતાં જ આમ બે ભાગ થઈ ગયા અને બોલ દ્વારા બહાર નીકળ્યા... જુઓ.

You cannot blanie him for "Ball-Tempering" because the make of te... ball was so bad that it got dinded in two parts.



ચાચા જાન ! વાંચો, છાપામાં આવ્યું છે કે અફઘાન યુદ્ધમાં અમેરિકાના હાથે આઠ હજારથી પણ પાકિસ્તાની સૈનિકો મરી ગયા. તો આ માટે જવાબદાર કોણ ગણાય ? બુશ, બીન લાદેન કે પછી મિસ્ટર મુશ-કરફ, તું બોલ !

Uncle ! Read this, in this news paper it is writen that Eight thousand pateistani solders were dead in Afg hanistan wa by America. so who do you think is rerponsible for it ? Bush Bin lalen or mararrof.

પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

● તમારા ઘરે અવતરેલાં દીકરાંઓમાં આજે જે જાતના કુસંસ્કારો ઘર કરી ગયેલા જોવા મળે છે, એ જોતા એમ થાય છે કે, તમારા સંતાનો પર તમે આજે ભૂતકાળનું કોઈ વેર તો વાળી રહ્યા નથી ને ? શત્રુ પણ ન કરે એવું આધ્યાત્મિક-અહિત તમારા હાથે તમારા સંતાનોનું થતું હોય, તો અમને આવો વિચાર આવે, એમાં આશ્ચર્ય શું છે ?

● આજે જમાનો બહુમતીનો ગણાય છે અને આ બહુમતી હવે ધર્મમાં પણ પેસાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે. પણ એટલું સમજી રાખવું જરૂરી છે કે, બહુમતી હંમેશા મૂર્ખાઓની જ હોય છે. સારી ગણાતી ચીજો વધારે કે ખરાબ ચીજો વધારે ? આ દુનિયામાં શ્રીમંત થોડા, ગરીબ વધારે, સુખી ઓછા, દુઃખી વધારે, એમ ભણેલા-ગણેલા ઓછા અને અભણ વધારે. આવી પરિસ્થિતિમાં બહુમતીવાદનો આશરો તો જે મૂર્ખ હોય, એ જ લે ને ?

● સુખની સામગ્રી મળે, એ પુણ્યોદય. એનો ભોગવટો કરી શકો, એ ય પુણ્યોદય. ભોગવટો ઉધો ન પડે અને રોગ ન થાય, એ પણ પુણ્યોદય. પરંતુ આ બધા અવસરે રાગ જાગે, એ પાપોદય. અને એ રાગ સારો લાગે, એ તો ભારેમાં ભારે પાપોદય !

● સારી ચીજો રાગ કરાવીને જીવને ખરાબ કરે, ખરાબ ચીજો દ્વેષ કરાવીને જીવને ખરાબ કરે. અને સંસાર આ બે જાતની ચીજોથી જ ભરપૂર છે. માટે જ સંસાર અસાર છે.

● સંસારની એકે ચીજ એવી નથી કે, જે આપણું ભલું કરી શકે. તેમ આ સંસારની એકે ચીજમાં એવી તાકાત નથી કે, જે આપણું ભૂંડું કરી શકે. આત્મા જો ડાહ્યો ન હોય, તો કોઈ ચીજમાં ભલું કરવાની તાકાત નથી. આત્મા જો ડાહ્યો હોય, તો કોઈ ચીજ ભૂંડું કરી શકવા સમર્થ નથી.

● ખોટા માણસો ઘણીવાર ખોટા કાર્યો એટલા બધા પ્રમાણમાં નથી કરી શકતા, જેટલા ધર્મી દેખાતા ખોટા માણસો કરી શકે છે. કારણ કે ધર્મી તરીકેની એની આબરૂ મોટી હોય છે. જે ધર્મીના લેબલ વિનાના માણસ પાસે હોતી નથી. માટે ધર્મીએ તો ખૂબ ખૂબ સાવધ રહેવું જરૂરી છે.

● કોલેજોના સ્થાપકો કોલેજો કેમ ચલાવવી એવી ચિંતામાં છે, ને નવી કોલેજો ન ખોલવાના નિર્ણય પર આવ્યા છે. આવા શિક્ષણનો હિમાયતી શ્રાવક પણ હોય ખરો ?

● કોઈપણ જાતની માંગણી વિનાનો ધર્મ તો સંમૂર્ચ્છિમ-ધર્મ ગણાય ! પણ માંગણી કઈ કરવાની ? એ સમજી લેવા જેવું છે. શ્રી જયવીયરાય સૂત્રમાં જે માંગણીઓ મૂકી છે, એ જ માંગણી ધર્મ કરતાં કરવાની છે. આવી માંગણી વિના કરાતા ધર્મમાં માલ પણ શો હોય ?

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી કિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 10/1/03 9455

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

જૈનશાસન

અઠવાડિક

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

મૃષાવાદથી હાનિ.

आगाढमुसावादी, बितिय तईए य लोवितवते तु ।
माई य पावजीवी, असुईलित्ते कणगदंडे ।।

(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૧૭૨૭)

જે મુનિ કુલ, સંઘ તથા ગણના કાર્યોમાં જૂઠ બોલે છે તે બીજું અને ત્રીજું બન્ને મહાવ્રતોનો નાશ કરે છે. તે માયાવી અને પાપજીવી મુનિ અશુચિથી ખરડાયેલા - લેપાયેલા સુવર્ણ દંડની જેમ અસ્પૃશ્ય થાય છે.


શ્રી જૈન શાસન કાર્યાલય

વર્ષ ૧૫

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર, (સૌરાષ્ટ્ર) INDIA. PIN-361 005
PHONE: (0288) 770963

અંક ૧૩

જન્મભૂમિ પ્રવાસી




આ વખતે મહોલ્લાના રહેવાસીએ પતંગની સાથે પોટોવાળાં, એટલે કાચવાળાં ફાનસ, કંડીલ ચડાવ્યાં છે. જેથી બધાને ચેતવણી મળે કે ખબરદાર, ભારત પાસે ત્રાસવાદ વિરોધી પગલાં વટહુકમ છે તેથી જે કનકવો ગુલાંટ મારીને અમારા તરફ હિંસા આચરશે તેનો હોબાળો અમે એક ઝાટકેકાપી નાખશું.

This time people have flown "Potio" tarten with kite to show that terrorism will be ended against India & those who try to do it will be abo ended.




ગામડાંના છોકરા કહે છે, 'લગાન' ફિલ્લમાં ગિલ્લીદંડા ખેલનારાએ ક્રિકેટ [illegible] પણ હાલ પરદેશી ટીમે આપણા પડોશી દેશનો ક્રિકેટ કાર્યક્રમ રદ કર્યો [illegible] વિદેશીઓએ પડોશી દેશ સાથે ગિલ્લીદંડા રમવા જવું જોઇએ જેથી [illegible] તો એની સામે દંડા ઉગામી શકાય.

Village boys needed to play cricket from [illegible] in lagan film like wise foreign tourist cancelled [illegible] neighbouring country they should play [illegible] to show that they will use danda against terrorism.



મારા [illegible] એક પતંગમાં અનોખો અર્થ બતાડ્યો છે કે પડોશી દેશ રાવળા આગળ આવીને [illegible] ત્યારે તેની બાંય નીચળા ધુપાયેલા ખાતા વાદને ઉત્તેજન આપવા [illegible] ડિક્રિમેંગની જેમ પંત ડિક્રિમેંગ કરે છે.

My student has shown various reasons in [illegible] to like our neighbouring country is shaking hand & arms to support terrorism fall from their shirt sleeves.



સુધરાઇ ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવાર [illegible] રે રાતના દસનો ટકોરો [illegible] જેવી ઘોડિયાળનું નિશાન રાખવું [illegible] આ નેતા સુધરાઇને સમજાવશે કે દુકાનો મોડી સુધી ખુલ્લી રાખવી.

You should stand with an clock board like that [illegible] which is its railway station to show that shops will [illegible] open till late in your election this time.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થરાદ)

વર્ષ : ૧૫) * સવંત ૨૦૫૯ પોષ સુદ ૫ * મંગળવાર, તા. ૭-૧-૨૦૦૨ [અંક : ૧૩

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९
सं. २०४७,आसोसुदि-२, शुक्रवार, ता. २५-९-१९८७,
श्री चंदनबाला जैन उपाश्रय, वालकेश्वर, मुंबई - ४००००६.

પ્રવચન

અદ્ભાવનમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

ગતાંકથી ચાલુ...

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. — અવ૦)

सुनिउणमणाइणिहण भूयहियं भूयभावणमहग्घं ।
अमियं जियं महत्थं महाणुभावं महाविसयं ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ સહશ્રાવધાની પૂ. આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા, આ 'પ્રકિર્ણક ધર્મોપદેશ' નામના ગ્રન્થમાં ફરમાવી રહ્યા છે કે, જ્યાં સુધી ભગવાનની આજ્ઞા આપણી સમજમાં ન આવે, તેની શ્રદ્ધા ય ન થાય ત્યાં સુધી આપણા આત્માને, જે ધ્યાનમાં રાખવો છે તે ધ્યાન આવી શકતું નથી. આ વાત સમજવી ખૂબ જરૂરી છે.

સૌથી પહેલા એક વાત સમજાવે છે કે, શ્રી અરિહંત પરમાત્માઓએ ધર્મ શા માટે બતાવ્યો છે ? તેમને કોઈ સ્વતંત્ર મત કાઢવાની ઈચ્છા હતી ? ના. તેઓશ્રી તો જગતના સાચા ભલા માટે આ શાસન સ્થાપ્યું છે અને ધર્મ બતાવ્યો છે. આખું જગત સુખ માટે જ તલસે છે છતાં ય દુઃખમાં જ રિબાય છે તો તે જોઈને દયા કોને ન આવે ? તે પરમતારકોના આત્માઓને સમ્યક્ત્વ પામે ત્યારથી સમજાય છે કે, આ જગત સુખનું જ ભુખ્યું હોવાથી, સુખ માટે જ મહેનત કરે છતાં દુઃખી કેમ ? જગત જે સુખનો વિચાર કરે છે તે સુખ જ એવું છે કે જે દુઃખ જ આપે. આ વાત સમજાવનારી સુનિપુણ એવી આજ્ઞા છે. તે આજ્ઞા સાંભળ્યા વિના, સમજ્યા વિના, વિચાર્યા વિના તેની પર શ્રદ્ધા જાગે નહિ, પછી ધ્યાન કઈ રીતના આવે ?

જગત ચોવીશે (૨૪) ય કલાક વિચારમાં હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવો કઈ ચિંતાવાળા હોય છે ? એક જ ચિંતા હોય છે કે, 'કઈ રીતના સુખી થવું, પૈસો મેળવવો અને મોજમજા કરવી'. આ સિવાય બીજી કોઈ ચિંતા ઊઠતી નથી. ગમે તેટલાં દુઃખ આવે તો ય વેઠીને સુખ અને સુખનાં સાધનની ચિંતામાં પડ્યા છે. જેમ જેમ સુખ મળે તે ઓછું જ લાગે છે, સુખનું સાધન મળે તે પણ ઓછું લાગે છે. આવા જીવો તો સદા માટે દુઃખી રહેવા સર્જાયેલા છે.

સુનિપુણ એવી ભગવાનની આજ્ઞા, જે સમજદાર હોય તે જ સમજે. તે પણ ક્યારે ? રોજ સદ્‌ગુરુ મુખે શાસ્ત્રોને સાંભળે, સમજે, વારંવાર સમજવા માટે પૂછે, શ્રદ્ધાને પેદા કરે અને પછી શક્તિ મુજબ અમલ કરે. જગત જેમ સુખ અને પૈસાની મહેનતમાં મરે, તેમ આની આખી ચિંતા -ભાવના પલટાઈ જાય. તે ચિંતા કરતા કરતા સારો કાળ હોય તો ઘરમાં રહે રહે પણ કેવલજ્ઞાન પામી જાય. પણ ક્યારે ? ઘરમાં રહેલો ઘરને જેલ માને અને તેને છોડવાના જ વિચારમાં હોય તો. જેલને મહેલ માને તો નહિ. ઘરમાં મજેથી રહે, આનંદથી રહે, મજા કરતા કરતા મરે તે ક્યાં જાય ?

પ્ર.- ઘણા ગુનેગાર મજેથી રહે.

ઉ.- ગાઢ મિથ્યાદૃષ્ટિને આમાં જ મજા આવે. તે બધા આવા જ હોય. સાચી વાતને પણ ખોટી રીતના લે.

મિથ્યાત્વ મંદ ન પડે ત્યાં સુધી આવી વાત સાંભળે તો કહે કે, આ તે બનતું હશે ! ભગવાનને ય કહે કે, ગપ્પા મારે છે. મોક્ષ મોક્ષ ઠોક્યા કરે છે, મોક્ષ તે હોતો હશે ! આવી બધી સારી વાતો તેની બુદ્ધિમાં બેસે પણ નહિ.

જ્ઞાનિઓ ઉપદેશ આપતા કહે છે કે-'ભો ભવ્યા : ! ભવ્ય જીવોને ઉદ્દેશીને જ ઉપદેશ આપવાનો છે. અભવ્યો અને દુર્ભવ્યોને તો બાદ જ કર્યા છે. ભવ્ય પણ લઘુકર્મી ભવ્ય લેવાના. ભારે કર્મીભવ્યને ભવ્યપણું કામ કરતું નથી જ્યાં સુધી લઘુકર્મી ન થાય ત્યાં સુધી. ભવ્યપણું શું ? મોક્ષે જવાની યોગ્યતા. મોક્ષની વાત પણ ન ગમે, મોક્ષ કોને જોયો-તેમ માનનારાને તો આ બધું બેસે પણ શી રીતે ? સુખ એટલે સારું સારું ખાવું પીવું-પહેરવું-ઓઢવું-મોજ મજા કરવી-આ વાત મોટે ભાગે ભણાવવી નથી પડતી તેની બુદ્ધિમાં બેસી હોય છે. માત્ર મોક્ષની વાત બેસાડવા મહેનત કરવાની છે. રોજ સારું સારું ખાવા-પીવા, પહેરવા-ઓઢવા મજા કરવા જોઈએ તે માટે પૈસા જોઈએ તે માટે શ્રમ કરે પણ ધર્મ માટે કોણ શ્રમ કરે ? 'ધર્મ મારાથી ન બને, શક્તિ નથી, ભાવ જ પેદા થતો નથી, ઉલ્લાસ આવતો નથી' તેવી કેટકેટલી વાતો કરે ?

પ્ર.- ભારેકર્મી અને ભવાભિનંદીમાં ફેર શો ?

ઉ.- બન્ને એક જેવા છે. એકના ભવ્ય હોવા છતાં ય કર્મ એવા ગાઢ હોય છે કે, ભવમાં જ મજા આવે. બીજાને પણ ભવમાં જ ઘણો આનંદ આવે.

પ્ર.- 'ધર્મ વિના ન ચાલે' તે વાત કેમ સહજ થતું નથી ?

ઉ. - કર્મ ઘણા ભારે લાગે છે. મિથ્યાત્વ મંદ પડ્યું લાગતું નથી. આ વાત જો હૈયાપૂર્વક બોલતા હો તો કર્મ હલકા કરવાની મહેનત થાય. 'ધર્મ વિના ન જ ચાલે' આ વાત ખરેખર હૈયામાં અંકિત થાય તો તેનું જીવન બદલાઈ જાય.

પ્ર.- આપ હતાશ ન બનો !

ઉ.- હું શા માટે હતાશ બનું ? મારો પ્રયત્ન ચાલું જ રાખું. વર્ષોથી આ ધંધો કરતો આવ્યો છું પણ હતાશ થયો નથી. હૈયાથી દુઃખ થાય તે પામવાનો છે. બાકી અનંતા શ્રી અરિહંતપરમાત્મા થઈ ગયા તેઓ પણ અભવ્યને મોક્ષની વાત બેસાડી શકતા નથી તો અમે કોણ ! આમ કહી મારી પાસે બીજી બીજી વાત કરાવવા જો માગતા હો તો ક્યારે ય તે બનવાનું નથી. ભગવાને જે વાત કહી તે કરીને તમને આવતા રાખવા છે પણ તમે આવતા રહો માટે તમને ગમતી વાત કરવાનો નથી, કહેવાનો તો ભગવાને જે કહ્યું હોય તે જ, ભલે તમને ગમે કે ન ગમે.

તમારે કયું સુખ જોઈએ છે ? આ સંસારનું કે મોક્ષનું ? શ્રી સિદ્ધગિરિના દર્શન કરવા છતાં પણ મોક્ષ જ જેને યાદ આવે નહિ તે ગાઢ મિથ્યાદૃષ્ટિ કહેવાય ને ? શ્રી સિદ્ધગિરિ શા માટે જાય છે ? ભવ્યો પણ ગાઢ મિથ્યાદૃષ્ટિ હોય તો અભવ્યોને પણ ટક્કર મારે તેવા હોય તેમ પણ બને ને ? ભવ્યપણામાં આવ્યા પછી પણ તે ઘણા મિથ્યાત્વ ફેલાવે તેવું ય બને. ભવ્ય પણ લઘુકર્મી હોય તો સારો. તેને જ આ ધર્મ રૂચે, આ બધી વાતો ગમે. 'સંસારના સુખની જરૂર પાપોદય હોય તેને જ પડે. તેની ઈચ્છા પણ પાપોદયવાળાને થાય. તેને મેળવવાની મહેનત પાપોદય હોય તે જ કરે. તે સુખ મળે અને રાજી

થાય તે ય પાપોદયથી, મળેલું તે સુખ ચાલ્યું જાય અને રોવા બેસે તે ય પાપોદયથી, તે સુખ મૂકીને મરવું પડે તેનું દુઃખ થાય તે ય પાપોદયથી જ.' દુનિયાની સુખ અને સંપત્તિના જ્ઞાનિઓ આવી કહે છે. છતાં ય હજી મને કેમ તેવી સમજાતી નથી-લાગતી નથી તેનું દુઃખ થાય છે? આપણા બાપા જ ભગવાન મોક્ષે ગયા, જેમાણે રોજ બે પદથી નમઃ કાર કરીએ છીએ. મોક્ષે ગયેલા આત્મા સંસારમાં પાછા આવે નહિ-આ જાણે છતાં ય સંસારના સુખ પ્રત્યે અભાવ થાય છે ખરો ? ભગવાનના સમવસરણમાં ય ઘણા એવાને એવા રહ્યા. ન સમજવું તેવાને તો ભગવાન પણ ન સમજાવી શકે. મોક્ષના અર્થી ક્યારે બને ? આ વાત સાંભળતા ગમવા માંડે, સમજવાની ઈચ્છા થાય, સમજ્યા પછી ભૂલાય નહિ અને અમલ કરવાનો પ્રયત્ન કરે તો.

'આ સંસારનું સુખ નકામું છે, ભૂંડું છે, ખરાબ છે, મેળવવા જેવું નથી, ભોગવવા જેવું નથી, છોડી જ દેવા જેવું છે'-આવું અમે કહીએ તો મોટો ભાગ કહે કે, 'સુખ વગર તે ચાલતું હશે.' રોજ આવું આવું ખાવા-પીવા જોઈએ. પહેરવા ઓઢવા જોઈએ, મોજ-મજા કરવા જોઈએ. આ બધું સુખ પૈસાથી મળે, માટે પૈસા પણ જોઈએ. માટે તે મેળવવા મહેનત તો કરવી પડે ને ? નાનું છોકરું મોટું થાય પછી પતાસાને બદલે રૂપિયો ન આપે. કારણ કે, અનાદિથી મિથ્યાત્વ-અવિરતિના ઉદયે આ બધી વાત શીખવી દીધી છે. બધા સુખ જોઈએ, સારું સારું ખાવા-પીવા જોઈએ-આ વાત ગળથૂથીમાંથી શીખી આવે છે. તમારે શું જોઈએ ? એમ પૂછે તો બધા જ કહે કે, સુખ અને પૈસો અમે ય કહીએ કે, ધર્મથી સુખ અને પૈસો મળે તો બધા ધર્મ કરવા માંડે. આ બધા અણસમજુ નથી. આમ આમ કરવાથી આ આ મળે તો કાલથી આ બધા ધર્મ કરવા માંડે તેવા છે. સંસારના સુખની વાત જેટલી ગમે છે, તેના સાધન પૈસાની વાત ગમે છે-તેટલી ધર્મની ગમે છે ? ધર્મના ફળ બધાને જોઈએ છે પણ ધર્મ કરવાનું મન કેટલાને ? 'આપણી પાસે ધર્મ હોય તો સારું જ થાય' આ વાત બેસે છે ?

અમારે પૈસાનો ખપ નથી. દુનિયાની કોઈ ચીજની જરૂર પડે તેવું નથી. અમારે તો ચોવીશે (૨૪) ય કલાક ધર્મ જ કરવાનો છે. શાસ્ત્રે કહ્યું છે કે, સાધુ ધર્મી જ હોય. તેના હૈયામાં ધર્મના જ વિચારો ચાલે. વાપરે તો ય કર્મ નિર્જરા કરે. માંદો હોય તો ય કદિ દુઃખના રોદણાં રોવે નહિ. કોઈ કહે કે, આટલી બધી પીડા થાય છે ને ? તો કહે કે, કોઈને આપી હશે માટે થાય-તેમ માને. **જેને ભગવાનનો ધર્મ જચી જાય તે દુનિયાના સુખથી લોભાતો નથી, દુઃખથી ગભરાતો નથી.**

ખરેખર ધર્મી આત્મા તો માને કે, જે સુખ પુણ્યથી મળ્યું છે તેમાં હું સાવચેત નહિ રહું તો પાપ જ કરાવનાર છે. માટે તે સુખ કદાચ છોડી ન શકું તો પણ છોડવા જેવું જ છે અને તેની સાથે રહેવું પડે તો બહુ જ સાવધ થઈને રહેવા જેવું છે. આજના ઘણા જેનો સુખી છે ! બધા શું કરે છે ? એવા ઘણા સુખી છે જેમાણે નવકારશી પણ નથી કરી. રાત્રિભોજન કરે છે તે ય મજ્જેથી. ધર્મ કરવો જ તેને ગમતો નથી. પાસે મંદિર હોય તો ય જતા નથી. કેટલાકને તો ઘરે ય મંદિર હોય તો ય જતા નથી. આથી સમજાય છે કે, અનાદિથી આત્મા મિથ્યાત્વથી ઘેરાયેલો છે. મિથ્યાત્વ હોય ત્યાં અવિરતિ પણ હોય, કષાયો પણ હોય, અપ્રશસ્ત યોગો પણ હોય. મન, વચન કાયાના વ્યાપાર તેને જ પુષ્ટ કરનારા હોય. તે કરવામાં કદિ ખોટું લાગે નહિ કે આળસ આવે નહિ. તમે પૈસા માટે જે કાંઈ ખોટું બોલો તો થાય છે કે, લોક જાણશે તો આબરૂ જશે. આજે તો લોકની ય આબરૂ ગઈ. બધા કહે કે, બધા ય તેવા છે. **ક્રમશઃ**

ગુરુ કોને કહેવાય ?

ધર્મના જ્ઞાતા, ધર્મને આરાધનારા,
સદ્ધને માટે ધર્મના વિષયમાં પ્રવૃત્તિ કરાવનારા તેમજ
યોગ્ય જીવોને સદ્ધર્મની દેશનાને આપનારા
પૂ. સાધુભગવંતોને ગુરુ કહેવાય.

પૂ. સા. શ્રી વિમલકીર્તિશ્વરજી મ. ના ગુણાનુવાદ

પૂ.સાધ્વીજી શ્રી નમ્રહર્ષાશ્રીજીનો

પુણ્યપરિચય

◆ સ્વયં દિક્ષિત ૨૦૫૫ જેઠ સુદ ૧૪ ◆ દિક્ષિત ૨૦૫૬ મહા સુદ ૬ ◆
◆ વડીદીક્ષા ૨૦૫૬ ચૈત્ર વદી ૩ ◆ કાળધર્મ ૨૦૫૮ ફાગણ વદી ૯ ◆

સ્વ. પૂ. સાધ્વીજી શ્રી નમ્રહર્ષાશ્રીજી મ. સંસારી પર્યાયે અમારા પરિવારના પુત્રવધુ શ્રીમતિ ભાનુમતિ કુંદનલાલ હતા કે જેઓ

પૂ. દક્ષાશ્રીજી મ.સા.ના શિષ્યા સા.શ્રી પૂર્ણજ્ઞાશ્રીજી મ.સા.

સમાધિમરણ એ જીવનનો સાર છે, સમાધિમરણને મહાપુરુષોએ 'રાધાવેધની' ઉપમા આપી છે, કે જે રાધાવેધ, રાજકુંવરો પ્રયત્નપૂર્વક સાધીને ઈષ્ટ રાજકુમારીની પ્રાપ્તિ કરે છે. તેવી જ રીતે જે જીવન સારુ જીવી જાણે છે. પ્રયત્નપૂર્વક સાવધ બનીને જીવે છે. તે જ રીતે સમાધિમરણ મેળવે છે અને તે દ્વારા સદ્‌ગતિ સાધી શકે છે.

પરમ પૂજ્ય વિમલકીર્તિશ્રીજી મ.સા. પણ જીવન દરમ્યાન વિનય-વૈયાવચ્ચ અને સ્વાધ્યાય સાથે અપૂર્વ સમાધિભાવ દ્વારા સંયમની સુસાધના કરી સમતાને આત્મસાત બનાવી. જેથી છેલ્લા ઘણા દિવસોની માંદગીમાં પણ અરિહંતના સ્મરણપૂર્વક અપૂર્વ સમાધિ સાધી, સદ્‌ગતિના ભાગી બન્યા.

પ્રશાંતમૂર્તિ પૂ. વિમલકીર્તિશ્રીજી મ.સા.ના શિષ્યા સા.શ્રી તપોરત્નાશ્રીજી.

મૃતા નૈવા મૃતા સ્તેત્ર, યે નરા ધર્મ કારિણ: ;
જીવન્તોડિય મૃતાસ્તેહિ, યે નરા પાપ કારિણ: ।।

પરમ શાસ્ત્રકાર પરમર્ષિઓ આ શ્લોક દ્વારા આપણને પ્રેરણા કરી રહ્યા છે કે જે જીવો ધર્મ કરનારછે. જેનું જીવન ધર્મમય છે. એવા જીવો મરવા છતાં કયારેય પણ મરતા નથી. વળી કહે છે જે જીવો પાપને કરવાવાળા છે. પાપમય જીવન જીવી રહ્યા છે. એવા જીવો જીવતા છતા મરેલા જ છે. મરેલા જેવા કહ્યા હોત તો હજી કાંઈક ઠીક પરંતુ, પાપ જીવોના જીવનને મરેલું જ કહ્યું. હાલ આપણે એટલું જ વિચારવું છે ધર્મિ જીવોને આ શ્લોકમાં જીવંત કહ્યા છે. તો મારા પરમોપકારિ પૂ. ગુરુભગવંતો વીતરાગપરમાત્માના શાસનના આણગાર પણાને પામેલા, ભાવસાધુપણાથી આન્ત મુદ્રાને વરેલા, પ્રશાન્તવાહિતાથી વહેતા વાત્સલ્યવાળા સહેજે આણગારના શણગારની શોભાથી સુશોભિત મૂર્તિમંત હાલતા ચાલતા ધર્મરૂપ જ હતા તો તેઓશ્રીજીનું મૃત્યુ કેવી રીતે ? હોઈ શકે જ નહિ આવા મહાત્માઓને પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવિતવ્યતાના યોગે કાળના ધર્મને વરવો પડે ને પાર્થિવદેહથી વિદાય લેવી પડે પરંતુ, તેઓશ્રીજીનો યશોદેહ, ગુણદેહ સદા જાજ્વલ્યમાન રહેવાનો એમાં કોઈ આશ્ચર્ય નથી.

આજે પોણાબાર થઈ ગયા છે આપ ગે પણ સમયની મર્યાદા જાળવવી જ રહી. મારા પૂ. ગુરુભગવંતની નાદુરસ્ત તબિયત દરમ્યાન અત્રે સૂરતમાં બીરાજમાન જે જે મહાત્માઓ મારા પૂ.ગુરુમહારાજની સેવા-ભક્તિ અને સમાધિમાં સહાયક થયા છો સ્વ-પર કોઈપણ સમુદાયના ભેદને ભૂલીને આજે જે વિશાળ સંખ્યામાં દેવ-વંદન કર્યા છે. એટલું જ નહિં મારા પૂ. ગુરુ મ.ની ગુણસુવાસને વધુ વહેતી કરી છે. એ બદલ અમે આપ સૌના ઋણી છીએ. મારા પૂ. વડીલ ગુરુબ્હેનો

તથા અવિચારથી કોઈપણનો અવિનય થયો હોય, માંદગીના કારણે કોઈને હા-ના કહેવી પડી હોય, એ દરેકનું અમારા આખા ગ્રુપવતી મિચ્છામીદુક્કડં માંગું છું. અમે દરેક નાના તથા બીનઅનુભવી છીએ પરંતુ આપશ્રીજી દરેકની સૌહાર્દતાએ અમોને ખૂંફ પૂરી પાડી છે. છત્રના સ્થાનને પૂરવું એ કદિ કોઈનાથી શક્ય નથી. પરંતુ આવી ખૂફ પણ હરિયાળી પાથરવા સમર્થ હોય છે. પૂ. ગુરુ ભગવંતનો ગુણાનુંવાદ કલાકો સુધી થાય તો પણ ઓછો પડે સમય એ સહજ છે. પરંતુ એ માટે આસો વદ ૭ના સમુહસામાયિક એક ભાગ્યશાળી તરફથી છે. તે દિવસે જ ગુણાનુવાદ યોગ્ય છે. માટે આજે ફક્ત એક વાત જ કહીને રાટકીશ. વિ.સં. ૨૦૪૬ના વૈશાખ-જેઠ માસના ધોમધખતા ઉનાળાના દિવસોમાં છેક ભાવનગરથી છાણી પહોચવાનું હતું. હેમોગ્લોબીન ઓછુ થઈ જતું વર્ષોથી. જેથી ઉનાળો ખૂબ જ ભારે જતો એમાં એ વખતે તો ફક્ત ચાર જ હેમોગ્લોબીન હતું. ૩ કલાકે ફક્ત ૫ કી.મી. માંડ માંડ ચલાય. આ પોઝીશનમાં મારા પૂ. વડીલ ગુરુબ્હેનોએ વિનંતી કરી ''ગુરુ મ. આ રીતે કેમ પહોંચાશે ? શરીર વધારે કથળી જશે આપણે ડોળી મંગાવી લઈએ.'' તો પણ પોતે એક જ વાત કરી ''બને ત્યાં સુધી મારે ડોળીના દોષો સેવવા નથી. ચલાય ત્યાં સુધી ચલવું છે.'' રોજે ૫-૭, ૫-૭ કી.મી. ચાલતા બેતર વડી વગેરેમાં રોકાતા રોકાતા છાણી પહોંચેલા. આવી સંયમ જીવનની સુવિશુદ્ધતા માટે કાળજી હતી. તેમ કીધા વગેરેમાં પણ અનુમોદનીય ઉપયોગ હતો, અમારો યોગક્ષેમ પણ ખૂબ જ કાળજીપૂર્વક કરતા હતાં. અમારી અજ્ઞાનતા અયોગ્યતાથી અવારનવાર અવિનયાદિ થવા પામે તો પણ ઉદારતા, વાત્સલ્યપૂર્વક લેશ પણ ચહેરા પર આવવા ન દેતા. જેમ વડીલ પ્રત્યે સમર્પણ ભાવ જેટલો જરૂરી માનતા તે જ રીતે નાનાઓનું જતુ કરવામાં પણ એવી જ ઉદારતા દાખવતા. આવા કાળમાં આવા સરળ જીવોની પ્રાપ્તી બહુ દુર્લભ હોય છે. જે અમને અમારા સૌભાગ્યથી છત્રસ્થાને પ્રાપ્ત થયા હતાં આવું અમૂલ્ય છત્ર છીનવાઈ જાય ત્યારે સહજ છે કે હૈયાની હામ હણાઈ જાય, પરંતુ આ ખોટ કદિ કોઈનાથી પણ ક્યારેય પૂરી થઈ શકવાની નથી વળી કાળ પોતાના સ્વભાવમુજબ કાર્ય કરે જ હવે તો જીવનભર ઘડતર કરતાં બતાવેલા આદર્શો તથા સમાધિ મરણ દ્વારા, કરતા સુધીનો ખડો કરેલ આદર્શ તથા તેઓશ્રીજીના ગુણવૈભવને આંખ સ્લામે રાખી શેષ જીવન જીવવાનો પ્રયત્ન રાખીશું તો અમારા પૂ.ગુરુભગવંત સદાકાળ અમારી સાથે જ છે. તેઓશ્રીજીની કૃપા પરોક્ષપણ પ્રત્યક્ષપણાને પામશે અને જીવનના છેલ્લા શ્વાસ સમયે પણ તેઓશ્રીજીની સમાધિમરણની સાધના અમને બળ પુરુ પાડશે.

તેઓશ્રીજી દિવસોથી ૨-૪ ૨-૪ દાડે સતત ભલામણ કરતાં ધ્યાન રાખજો આજ સુધી તો હું સાવધ છું. પરંતુ દર્દના જોરે કદાચ ઢીલી પડુ તો સાવધ રાખજો અને અરિહંત, અરિહંત, અરિહંતે શરણું પવજ્જામિ અરિહંતે શરણં પવજ્જામિ વગેરેનો જપ ચાલું રાખજો. દિવસોથી દરેકની સાથે ક્ષમાપના-પરિગ્રહ સોપી દેવો, આલોચના શુદ્ધિ તથા વ્રત ઉચ્ચરાવવા વગેરેથી સામેથી યાદ કરી જાગૃતીપૂર્વક કરી લઈને કોઈ મોટા તીર્થની જાણે યાત્રાએ જઈ રહ્યા હોય એવી સ્વસ્થતા-પ્રસન્નતાપૂર્વક પાર્થીવદેહે વિદાય લઈ અનંતની વાટે વિચરવાનું ચાલુ કરેલ. તેઓશ્રીજી જ્યાં હો ત્યાં પરમસમાધિ ભાવને પામે અને અમે પણ ભવાંતરે ઉત્તરોત્તર વૃદ્ધિવંત એવા આલંબનને પામી મોક્ષમાં સદાકાળ સાથે રહેનારા બનીએ એજ શુભેચ્છા.

આજે બાર વાગવા આવ્યા છતાં આપશ્રીજી દરેકે પૂરી સ્થિરતા રાખી છે. લેશપણ ઉતાવળનો ભાવ પણ દર્શાવ્યો નથી. આ બધો પ્રભાવ મારા પૂ. ગુરુભગવંતની પુન્યાઈનો. તેઓશ્રજીએ કેળવેલા સૌહાર્દતા, સરળતાદિ ગુણવૈભવને આભારિ છે.

પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કે મારા પૂ. ગુરુ મહારાજના આશય વિરુદ્ધ કંઈ પણ બોલાઈ ગયું હોય તો મિચ્છામીદુક્કડં...

● સમાપ્ત

સાચી પ્રસન્નતાની ચાવી

પ્રેષિકા-સૌ. રેખા સી. શાહ-આકોલા

મહાપુરૂષો નિ:સંગ અવસ્થા પામવા માટેબધા સંગોથી છૂટવાનું જણાવે છે. પણ એકદમ બધા પદાર્થો કે વ્યક્તિઓના સંગથી છૂટી ન પણ શકાય તો સજ્જન પુરૂષોનો સંગ કરવાનું કહે છે. જે સજ્જન પુરૂષો જીવોને ખરાબ સંગથી બચાવી સારી સંગત કરાવી જીવનને સુમધુર અને સંવાદી બનાવે છે.

આજે ચારે બાજુ કર્મજન્ય સંબંધોમાં કટુતા-સ્વાર્થ જ નર્યો દેખાય છે અને સંબંધો વાતવાતમાં વણસી-બગડી જતા દેખાય છે. બંન્ને સંબંધીઓ પરસ્પરની ભૂલ-કાઢવાની અને એકબીજા પ્રત્યે કાદવ ઉછાળવો, આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરવા મંડી પડે છે અને સંબંધની મીઠાશને બદનામ કરે છે.

કૌટુંબીક સ્નેહી સ્વજનના સંબંધો એ લોહીના સંબંધો છે જ્યારે અચાનક કોઈ અનજાન વ્યક્તિને પણ જીવનમાં ક્યારેક ક્ષણ-બેક્ષણ પૂરતું મળવાનું થાય છે ત્યારે જે સહજ હૈયાનું આપોઆપ ખેંચાણ-આકર્ષણ થાય છે તેમાંથી લાગણીના સંબંધો જન્મે છે. ક્યારેક આ લાગણીભીના સંબંધો એવા અતૂટ અખંડ બને છે જે જીવનને જીવવાનું બળ પણ પ્રેરે છે. જે સંબંધો વિશુદ્ધ અને પવિત્ર હોય છે માત્ર એકબીજાની હુંફ અને સાન્નિધ્યને જ આત્મીય નિકટતાને ઈચ્છે છે. જેવી સંબંધોની ગરિમા પણ જળવાય છે.

જે સંબંધમાં અદેખાઈ-મતલબ-અનીતિ-જલન-ઈર્ષ્યા-બેઈમાની-બનાવવાની વૃત્તિ ભળે છે તે ટકી શકતા નથી અને જીર્ણ ઈમારતની જેમ કકડભૂત થઈ જાય છે.

સાચો સંબંધ પૂર્ણતા નહિ પણ યોગ્યતા માગે છે. તે આત્મિક લાગણીભર્યો સંબંધ માત્ર નફા-નુકશાનથી તોળાતો નથી, બીજાનો લાભ-ફાયદો ઉઠાવવામાં માનતો નથી, પરંતુ પરસ્પરનો સંપૂર્ણ વિશ્વાસ, નીતિમત્તા, નિસ્વાર્થ-નિરપેક્ષ પ્રેમ, અને એક-બીજા પ્રત્યે પૂર્ણ વફાદારી, નિર્મલ શુદ્ધ એક-બીજાનું કરી છૂટવાની વૃત્તિથી પૂર્ણ હોય છે, શરત વિનાનો હોય છે હંમેશા પરસ્પરની શક્તિઓની પૂરવણી - ખીલવણી કરનાર, એક-બીજાને આધાર ટેકા રૂપ, હિમંત-હુંફ-શાંતિ આપી, એક-બીજાની પ્રગતિમાં મદદરૂપ બને છે. પરસ્પરને સમજી-ઓળખી નાજુક ભીની આર્દ્ર લાગણીઓથી ભાવુક બને છે. જેમાં બદલાની કોઈ જ અપેક્ષા હોતી નથી. આત્મિયતાની લાગણીના નાદ જેમાં વહેતો હોય તો તે સંબંધનો મનમેળ જામે અને સાચો સંબંધ બંધાય છે. જેને સારી રીતે નિભાવવા માટે નિષ્ઠા, પ્રેરણા, ભાવના, વિચારો, લાગણીઓ અનુભવવામાં એક બીજાના સહભાગી થવું જરૂર છે, તે માટે પરર પર પ્રત્યે હૈયાનું માન હોવું જોઈએ, પરસ્પરની ઈજ્જત ટેવોની જાળવણી જોઈએ, સંકટમાં સહાયક બનવું અને એકબીજાના સુખ-દુ:ખમાં સહભાગી બનવું જરૂરી છે. પરસ્પરનો અતૂટ વિશ્વાસ એ તો સાચા સંબંધની ઈમારતનો પ્રાણાભૂત પાયો છે. જો વધુ પડતી અપેક્ષાઓ જન્મે તો તેમાં ખામી, કટુતા-કડવાશ પણ જન્મે. જે અવિશ્વાસની ખાઈ વધે તો સમજીને દૂર થવું તે હિતાવહ છે.

આ જીવન આપણું પોતાનું છે તો તેને પ્રસન્નતા અને સમાધિ-શાંતિથી જીવવું તે દરેકનો પોતાનો અધિકાર છે. મહેકતી ખીલતી વિકસતી ફુલની કળીની જેમ હંમેશા દરેક પ્રસંગોમાં હસતા-ખીલતાં રહેવું અને આત્મા સન્માન-ગૌરવથી જીવી જાણવું તે પોતાના હાથની વાત છે. તે માટે વિચારવું કે આ સંસારમાં કર્મજન્ય સંબંધોના કારણે કોઈનામાં કાંઈ ને કાંઈ ખામી-ત્રૂટિ-અપૂર્ણતા કે દોષાદિ રહેવાના. જેમ હું પૂર્ણ નથી અને મારામાં પણ ખામીઓ-ત્રૂટિઓ-ભૂલો છે તો સામી વ્યક્તિની પાસે બધી જ પૂર્ણતાની અપેક્ષા કેમ રખાય ? પોતાની સંબંધિત વ્યક્તિની પણ ભૂલ થવી સહજ છે તો કોઈની ટીકા-નિંદા શા માટે કરવી ? કોઈને પણ ટીકા-નિંદા કરી દુ:ખી નહિ કરવા અને ભૂલોને

યાદ કરાવવાને બદલે તેવી ભૂલો ફરીથી ન થાય તેની કાળજી રાખવી, તેના નાના પણ ગુણોની પ્રશંસા કરી તેને વધુ ઉત્સાહિત કરવા તે જ જીવનની સાચી સુખ-શાંતિ-સમાધિનો-પ્રફુલ્લતાનો રાજ માર્ગ છે. નાની અમથી વાત પર ખરાબ પણ ન લગાડવું કે સંબંધ પણ ન બગાડવા. નાનકડી ભૂલથી બોધપાઠ શીખી પ્રગતિના પંથે અવિરત પ્રયાણ ચાલુ રાખવું. કેમ કે

કોઇને બધું જ અનુકૂળ-ઈચ્છિત-મનપસંદ મલતું પણ નથી અને આ કાળના પ્રભાવે આપણા બધામાં બધા ગુણો પણ નથી. જે નથી તેના રોદણાં રડ્યા રહેવા કરતાં જે છે તેમાં જ આનંદ માનવો, પ્રસન્નતા જાળવી રાખી તે જ જીવનમાં સુખી થવાની, જીવનને જીવી જાણવાની અને આત્માને પરમાત્મા બનાવવાની સાચી ગુરૂચાવી છે.

આવી ચાવીની કળા જો હસ્તગત થઈ જાય તો ક્ષણવારનો સંબંધ પણ જીવનનું યાદગાર સંભારણું બની જાય અને આ ચાવીની કળા હાથમાં ન આવી તો જીવનભર રોજ સાથે રહેવાનો સંબંધ પણ નિરસ પણ નીવડે. માટે જીવનને માણવા અને સુધારવા પરસ્પરના સહાયક સંબંધોની ઉષ્મા-ખેલદિલિ અને ગરિમાને અપનાવીશું તો સંબંધની મીઠાશ માણી શકીશું. સાચો સંબંધ માત્ર શરીર સુખનો કે શરીરની સુખાકારીનો નથી પણ આત્મિક સુખનો આત્માના પરસ્પર હિતનો અને આત્માને સુંદર બનાવવા છે. આવા આત્મિક સૌંદર્યના સંબંધી બનીએ તે ઇચ્છાથી વિરમું છું.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું કે વિચારાયું તો ત્રિવિધે ક્ષમા માંગું છું. ●●●

પ્રવર્તક મુનિરાજ શ્રી જયાનન્દ વિજય મ. સા. રવિવાર તા. ૬-૧૦-૨૦૦૨ ના રાત્રે સમાધીપૂર્વક કાળધર્મ પામેલ છે. ૫૩ વર્ષનો તેમનો દીક્ષા પર્યાય હતો.

તેમનો જન્મ વિ.સં. ૧૯૮૫ ફા.સુ. ૬ના જુના ડીસામાં થયેલ. માતા કેશરબેન અને પિતા પરષોત્તમભાઇ ના સુપુત્ર સેવંતીલાલે ૨૦ વર્ષની ભર યુવન વયે કા.વ. ૧૩ વિ.સં. ૨૦૦૫માં જુના ડીસા મુકામે સંયમ પ્રાપ્તકારી પુ.આ.ભ.શ્રી ઓમકાર સુરીશ્વર મ. સા. ના શિષ્ય મુનિશ્રી જયાનન્દવિજય બન્યા.

દાદા ગુરૂદેવ પૂ.આ.ભ.શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ વડીલોની ભક્તિવૈયાવચ્ચ કરી ગુરૂકૃપા પ્રાપ્ત કરી હતી. ઉપધાન આદિ ક્રિયા કરાવવામાં નિપુણ હતા. એમના મધુર કંઠે ગવાતા સ્તવન-સજ્ઝાયો સાંભળવા એ એક લહાવો હતો. આ ચોમાસામાં પણ ગોવાલિયા ટેંકના આરાધકોએ આ લહાવો માણ્યો હતો.

સોળ ઉપવાસ, વર્ધમાન તપની ૩૦ ઓળી, આદિ ઘણી તપસ્યાઓ તેમણે કરી હતી. વિ.સં. ૨૦૪૫ મહાસુદ ૫ના વાવ મુકામે પૂ.સા.ભ.શ્રી હિમાંશુસૂરિ મ.સા.ના વરદ હસ્તે તેઓને પ્રવર્તક પદ અપાયું હતું.

ભા.સુ.૪ના પેટમાં દુખાવો થતાં દવાખાનામાં દાખલ કરવા પડ્યા હતા. ગોવાલિયા ટેંકના સંઘના ભાઇઓ, ડૉ. સુમતિભાઇ, ડૉ. નિલેશભાઇ, મુનિશ્રી વિમલયશ વિજયજી, જિગર, ભરત કુમાર આદિએ સુંદર વૈયાવચ્ચ કરી હતી.

આસો સુદ ૧ ના સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તગણ જોડાયો હતો. ચડાવા અને જીવદયાનું ફંડ સુંદર થયા.

ગોવાલિયા ટેંક જૈન સંઘ.

૮૭, ઓગષ્ટકાન્તિ માર્ગ,
આરાધના ભવન, ગોવાલિયા ટેંક,
મુંબઇ - ૪૦૦૦૩૬. ફોન : ૨૩૮૦૫૯૦૯

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા, જિ. ગાંધીનગર પીન-૩૮૨૦૦૯

આ. યશોવિજય સૂરિ
આ. મુનિચન્દ્ર સૂરિ

જ્ઞાન કા બડા સમુંદર

-પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજય મહારાજ

અગાધ વિદ્વતા, અનુપમ કલ્પનાશક્તિ અને અદ્‌ભુત કાવ્યકળા...આ ત્રણેયના સંગમ સ્થળ સમા હતાં, સુરાચાર્ય.

અનેક કુશાગ્ર શિષ્યોના તેઓ ગુરૂદેવ હતાં. શિષ્યોને ભણાવવાની એમની ધગશ ગજબની હતી. પોતાની બધી જ તાકાતો રેડી દેતાં હતાં એ સૂરિજી, શિષ્યોના ઘડતર પાછળ..

આમ છતાં શિષ્યોની સ્ખલના અને આળસની ફરિયાદ જ્યારે વારંવાર ઉપસ્થિત થયા કરતી, ત્યારે સૂરાચાર્યે અત્યંત કડક બનીને શિષ્યોનું અધ્યાપન શરૂ કર્યું. પાઠના ઉચ્ચારણમાં એકાદ કાના માત્રા જેટલી સ્ખલનાને પણ તે માફ કરતાં નહિ. જેવી ભૂલ થાય કે સીધી જ ગુરૂદેવના રજોહરણમાં રહેલી મજબૂત કાષ્ઠની દાંડી શિષ્યોની પીઠ પર ફરી વળતી. સોડ પાડી દે એવો મજબૂત એ પ્રહાર રહેતો.

આમ, આ દૈનિક ક્રમ બની ગયો. શિષ્યોની વારંવારની તર્જનાના કારણે સૂરાચાર્યના રજોહરણની દાંડીઓ એક-બે અનેકોની સંખ્યામાં તૂટતી ચાલી.

આ બાજુ સૂરાચાર્યનો સૌભાગ્યનો સૂર્ય પણ મધ્યાહ્ને પહોંચ્યો હતો. એથી એમના શિષ્યોની સંખ્યા પણ દિન પ્રતિ દિન વૃદ્ધિ પામતી ગઈ. બહોળા શિષ્ય પરિવારનું ભારે કડક અધ્યાપન અને સંચાલન કરવું, ખૂબ કષ્ટદાયી હતું. આમ છતાં સૂરાચાર્ય જરાય કચાશ રાખ્યાં વિના શિષ્યોને સન્માર્ગે દોરતાં. ઢીલનું નામ એમની પાસે શોધ્યું જડતું નહિ.

એક દિવસ એવો આવ્યો જ્યારે રોજ બરોજ એમની કાષ્ટમયી દાંડીઓ તૂટવા માંડી. અરે, એક દિવસની એક દાંડી પણ ઓછી પડતી. નવી દાંડીઓ લાવવી કેટલી ? ક્યાંથી ? સમસ્યા થઈ પડી. આ સમસ્યા ઉકેલવા એમણે એક ભયાવહ નિર્ણય જાહેર કર્યો : હવે હું લોઢાની દાંડી ઓઘામાં રાખીશ. જેથી મહિનાઓ સુધી ફટકારવા છતાં તે તૂટશે નહિ.

ગુરૂદેવનો આવો નિર્ણય સાંભળીને એમના કેટલાંક સુજ્ઞ શિષ્યો ચોંકી ઉઠ્યાં તો નવા સવા યુવાન શિષ્યો તો થર-થર કાંપવા માંડ્યાં..

ગમે ત્યાંથી ફરીયાદ પહોંચી સૂરાચાર્યના ગુરૂદેવ પાસે.

ગુરૂદેવ ખૂબ દયાળું હતાં.

પોતાના શિષ્ય આચાર્યની આવી નિષ્ઠુરતા પર એમનું હૈયું રડી ઉઠ્યું. એમણે તત્કાળ સૂરાચાર્યને હાજર થવાનું ફરમાન મોકલ્યું. સૂરાચાર્ય હાજર થયા.

શિષ્યને ઠપકારી નાંખતા એ પ્રગુરૂદેવે કહ્યું : "જો જ્ઞાનનો તને આટલો બધો ગર્વ હોય તો પહેંચી જા રાજા ભોજની સભામાં. યમરાજ જેવા બળૂકા વિદ્વાનો એની સભામાં હોય છે. એ વિદ્વાનો સાથે વાદ છેડી એમાં વિજય મેળવી શકે તો તું સાચો. બાકી સૂરિ, લોહદંડ એતો યમરાજનું પ્રતીક કહેવાય. સાધુથી એ રખાય પણ નહિ ત્યાં લોહદંડ રાખી એનો ઉપયોગ શિષ્યોની તર્જના માટે કરવાની તો કલ્પના પણ શી રીતે થઈ શકે ? સમજ, સાધુ ગુરૂ હોય કે શિષ્ય, આપણે અણગાર છે. અરિહંતનો એ આણગાર અભયનો આરાધક ગણાય.."

ગુરૂદેવની વાસ્તવિક હિતશિક્ષા સાંભળતા સાંભળતા સૂરાચાર્યની આંખોમાંથી અશ્રુજળ ટપકી પડ્યાં. એમણે પોતાના વિચાર બદલ ક્ષમા માંગી.

પણ ગુરૂદેવે કહેલાં પેલાં શબ્દો ''રાજા ભોજની સભાના વિદ્વાનોને જીતી શકે તો તું સાચો'' એમના હૈયામાં કોતરાઈ ગયાં.

ના, અહંકારની ઉત્તેજના સ્વરૂપે એ શબ્દોને સૂરાચાર્ય સ્થાન ન હતું આપ્યું. પરંતુ પોતાની શક્તિને ખરા અર્થમાં ધારદાર બનાવી એ ધારનો ઉપયોગ જિનશાસનની જયપતાકા કોક દુર્જેય ક્ષેત્ર પર ફરકાવવા માટે કરવાના પ્રણિધાનના સ્વરૂપમાં જરૂર આ શબ્દો ઝીલી લીધાં હતાં.

યોગાનુયોગ બન્યું પણ એવું જ.

માળવાના રાજા ભોજે ગુર્જરપતિ ભીમદેવની સભા પર એક એવી સમસ્યા ભરેલી સંસ્કૃત કર્ણિકા મોકલી જેનો ઉકેલ વિદ્વતાની અગ્નિપરિક્ષા કરી લે.

રાજવી ભીમદેવે વિદ્વાનો સમક્ષ આ પડકાર ઝીલી લેવાની ટહેલ નાંખી ત્યારે ગુજરાતના વિદ્વાનોના મોં શરમથી નીચે ઢળી પડ્યાં. ત્યારે એક પ્રૌઢ મંત્રીએ કહ્યું, રાજન્ના પડકાર તો કેવળ સૂરાચાર્ય જ ઝીલી શકે તેમ છે.

રાજવીએ ભારે આદર સાથે સૂરાચાર્યને રાજસભામાં નિમન્ત્યાં.

સૂરાચાર્યના કાનમાં હજી ગુરૂએ સંભળાવેલાં વેણ ગુંજતાં હતાં.

એમણે રાજવી ભીમદેવ પાસેથી સમસ્યામય કવિતા જાણી. વીજળીવેગે એનો ઉત્તર એવી જ રસમય સંસ્કૃત ભાષામાં રચી બતાવ્યો. કાવ્યકળાના એવા તો અમૃત ઝરણાં એમાંથી નીતરી રહ્યાં હતાં કે પૂરી સભા ડોલી ઉઠી.

રાજા ભોજને હતું, ગુજરાતના દૂધમલ પંડિતો આટલું કઠિન સમસ્યાનો ઉકેલ ક્યાંથી આપી શકશે, ચાલો પરિહાસનું નિમિત્ત મળશે. પણ ત્યાં તો એમનો રાજદૂત, સૂરાચાર્યે આપેલો ઉકેલ લઈ પાછો ફર્યો. જ્યાં એ કાવ્ય ધારનગરીની સભામાં રજૂ થયું, રાજા ભોજના શ્વાસ અધ્ધર થઈ ગયાં. પંડિતો પણ દંગ રહી ગયાં. સૂરાચાર્યની વિદ્વત્તા પર આફરીન પુકારી ગયાં.

આવી સમસ્યામયી કાવ્યકર્ણિકાઓના આદાન-પ્રદાનની પછી તો મોસમ ખીલી ઉઠી. એમાં અંતે રાજા ભોજ થાકયાં. એમણે સૂરાચાર્યને ધારાનગરીમાં નિમન્ત્યાં.

ગુરૂવાક્યને સાકાર કરનારી આ પળ હતી. સૂરાચાર્ય પહોંચ્યાં, રાજા ભોજની સભામાં. ૫૦૦ પંડિતો સાથે વાદ લડી એક-એક પંડિતને એમણે ભોંયભેગા કરી દીધા.

જાણે ભારતવર્ષના ગુંબજ પર કળશના સ્થાને ઓપતી ભોજરાજાની પંડિત પર્ષદાને એમણે પાતાળે કચડી નાંખી. ચોમેર આ વાત પ્રસરી. અશક્ય જણનારી આ ઘટના હતી. પણ એ અશક્યતા વાસ્તવિકતા બનીને પૂરા ભારતમાં ફેલાઈ જતાં સૂરાચાર્યનો જયજયકાર ગુંજી ઉઠ્યો. સાથે જ જિનશાસનનું સાર્વભૌમત્વ પણ સ્થાપિત થઈ ગયું.

બ્રાહ્મણોના મોં ત્યારે કજ્જળશ્યામ થઈ ગયાં. હાર્યો જુગારી બમણું લડે, એ ન્યાયે એમણે સૂરાચાર્યનું કાસળ કાઢી નાંખવાની યોજના ઘડી. અમલમાં પણ મૂકી.

હાય ! શાસનની એક ઉન્નત પ્રતિભા મૃત્યુની ભીંસ તરફ ધકેલાઈ જાય એવા સંયોગો રચાયા.

સબૂર ! પણ નખશિખ સમ્યગ્દૃષ્ટિ બની ગયેલાં પંડિત ધનપાલે ધારાનગરીના ૫૦૦ પંડિતોની એ યોજના ધૂળમાં મેળવી દીધી.

સૂરાચાર્યને હેમખેમ પાછા ગુજરાત મોકલી આપ્યાં..

એ જ્યારે ફરીવાર ગુરૂદેવ પાસે ઉપસ્થિત થયાં ત્યારે એમની પીઠ પર ગુરૂના હેતભર્યા પંજા ફરવા લાગ્યાં.

શી ગરિમા એ ગુરૂદેવની હશે !
શી શોભા એ શિષ્યની હશે !

પરાક્રમી ચિલાતીપુત્ર

◆ તિમિર કિરણ શિશુ ◆

ચિલાતીપુત્રને સૌ કોઈ ઓળખો છો અને જાણો પણ છો, તેના આચાર-વિચારની વાતો ઘણા પાસેથી ઘણી રીતે સૌ કોઈએ સાંભળી છે. કદાચ આ વાત વાંચતાં કંટાળો આવશે અથવા થશે કે ક્યાં આ પાછી ચિલાતીપુત્રની વાત આવી ?

પરંતુ, મારે તો આ વાર્તામાં તેઓમાં પ્રગટ થયેલા ગુણોનું અવલોકન કરવું છે. પ્રગટ થયેલો પાપનો પ્રશ્ચાત્તાપ, પાપથી છૂટવાની આતુરતા, મહાત્માના વચન ઉપરની અડગ શ્રદ્ધા, મહાન્ ક્ષમા, ધૈર્યતા, અને પરિણામની વિશુદ્ધિ આદિ ગુણો મનન કરવા જેવા, આદર કરવા જેવા ખરાને ?

બાળપણમાં પાંચ પુત્રો અને એક પુત્રીને રમાડનારો આ ચિલાતીપુત્ર તલવાર નચાવનારો બન્યો, પારકા રોટલા ખાઈને બળવાન બનેલો ચિલાતીપુત્ર ગામ-નગરના જનસમુદાયને રંજાડતો, હેરાન કરતો અને ઝગડતો. લોકોની ફરીયાદ ધનસાર્થવાહ શેઠ પાસે ગઈ. ઓળંભા આપીને શાંત કર્યા ફરીયાદી શાંત થયા પરંતુ ચિલાતીપુત્રની ડખલગીરી ધીરે ધીરે વધવા લાગી. અવળચંડીને ઠેકાણે પાડવા માટે લોકો પહોંચ્યા કોટવાળ પાસે, વાત પહોંચી રાજા પાસે.

ભયના માર્યા શેઠે ચિલાતીપુત્રને પાણીચું દેખાડી દીધું. રખડતો ચિલાતીપુત્ર જંગલની વાટે ચાલ્યો. પેઠો સિંહાગુફા નામક ચોરપલ્લીમાં.

"સરખા આચારવાળા, સરખા વિચારવાળા અને સરખા કર્તવ્યવાળાઓનો મેળાપ ગમે તેવા સંયોગ-વિયોગની વચ્ચે પ્રાયઃ એકમેક થઈ જાય છે."

વાયરાથી જેમ અગ્નિ પ્રદીપ થઈ જાય છે તેમ ચોરોની સાથે, સોબતે યા સહાયથી આ ચિલાતીપુત્રની પાપ પ્રવૃતિઓએ માઝા મુકી, બળવાન ચિલાતીપુત્રની કુનેહ જોઈ પલ્લીપતિ પણ રાજી થતો. અચાનક પલ્લીપતિ જવાથી સાથીઓએ ચિલાતીપુત્રને પલ્લીપતિ રથાપ્યો.

ગાદિ-વાડી હાથમાં આવતાં યૌવન ચિલાતીપુત્રના મનમાં લાડીનો કીડો સરવળ્યો. લાડી તો ધનસાર્થવાહની પુત્રી સુસિમાને બનાવવાની, બાળપણથી હું તેના રૂપાદિ ગુણોને જાણું છું તેમજ તેનામાં રહેલી અનેક કલાઓના સમુહને પણ હું જાણું છું તે તો વિદ્યાધરી સદશ છે. હવે તો તે યૌવનવયને પામી હશે. બસ તેને મેળવી ગાડી-વાડી અને લાડીનો ત્રિવેણીસંગમ પૂરો કરું.

સાગ્રીતોને ભેગાં કર્યા પરાભવનો બાધ જે હૃદયપટ્ટ પર હતો તે જાહેર કર્યો અને ધનકુબેર છે, અમૂલ્ય રત્નોનો ખજાનો છે એવા ધનસાર્થવાહ શેઠને લૂટવાના છે. ધન તમારૂં, યૌવન વયને પામેલી અને મારા ચિત્તને ચોરનારી સુસિમા મારી, બરાબર ને ! સર્વે સંમત થયા, રાત્રે રાજગૃહી જઈ શેઠના ઘરે ખાતર પાડ્યું તાળા ખોલવાની વિદ્યાથી તાળા ખોલ્યાં, અસ્વાપિની નિદ્રાથી ચોકીદારોને નિદ્રાવશ કર્યા. ધનસાર્થવાહ શેઠનો માલ ચોરોએ ભેગો કર્યો, નિદ્રાને પરાધીન થયેલી સુસિમાને પોતાના જીવની માફક ઉપાડી સૌ ત્યાંથી ભાગી છૂટ્યાં.

ધન શેઠ એકાએક જાગૃત થયા. ઘરવખરી અસ્તવ્યસ્ત જોતાં ધન લુંટાયાનો ધ્રાસકો પડ્યો. પાંચેય પુત્રો જાગ્યા અરે ! સુસિમાનુ હરણ થયું છે. શેઠની છાતી ધબકવા લાગી. તત્કાલ કોટવાળ પાસે દોડી ગયા. તમે ઢીલ ન કરો ચાલો હમણાં જ ચોરોની પૂંઠે પડીએ, લુટેલું ધન તમે લેજો પરંતુ નયનોથી અધિક પ્યારી મારી પુત્રી સુસિમા મને અપાવો.

લાલચે રાજ્યના પહેરેગીરો તૈયાર થઈ ગયા શેઠ અને પાંચ પુત્રો ચોરની પાછળ પડ્યા. ઝડપથી પગાળ વધતાં તેઓ ચોરોની ઘણી નજીક આવી પહોંચ્યા. ચોરો ગભરાયા ધન મૂકી નાઠાં અટવીમાં. ધનના ઢગલા જોઈ

કોટવાળ થંભી ગયા. આ બાજુ ચિલાતીપુત્ર પોતાના પ્રાણ સંકટમાં આવેલા જાણી તરત જ બકરીને સિંહ ઉપાડી જાય તેમ ખભા ઉપર સુસિમાને ઉપાડી દોડવા લાગ્યો. ધન શેઠ અને પાંચ પુત્રો તેની પાછળ પડ્યા શેઠને ધનની ઘણી પૃહા ન'તી, શેઠને અધિક સ્પૃહા પોતાની પુત્રીની હતી.

કાંટવીના ખાડા ખડીઆ, ઝાળાં ઝાંખરા, કાંટા વગેરેનં વચ્ચે સુસિમાને ઉપાડીને દોડવું ચિલાતીપુત્ર માટે કઠીન થઈ ગયું. ચાંદની ના ઓછાં પ્રકાશે ચિલાતીપુત્રની હિંમત તોડી. શેઠ અને પુત્રોને હથિયાર સાથે આવતાં જોઈ તે ગભરાયો. હવે હું સલામત નહિ અને સુસિમા પણ સલામત નહિ છતાં પૂર્વ જન્મના સ્નેહથી અને નવીન મોહથી સુસિમાને છોડી દેવી યોગ્ય નથી. સાથે લઈને હવે દોડાશે નહિ એવી ખાત્રી થઈ જતાં ચિલાતીપુત્રે બાઉં નહિ અને ઢોળી નાંખુ એ ન્યાયે મ્યાનમ થી તલવાર કાઢી, સુસિમાને નીચે ઉભી રાખી ધડ દઈને માથાને જુદુ કરી ઝડપથી ગાઢ જંગલ તરફ ભાગી ગયો. શેઠ નજીક આવે એની પહેલાં સુસિમાના પ્રાણ ઉડી ગયાં. પ્રયાસ નિષ્ફળ, હતાશા સાથે શેઠના ચિત્તમાં વૈરાગ્ય પ્રગટ્યો. શોક દૂર કરી શેઠે ચારિત્ર અંગીકાર કર્યું.

હાથમાં ખડ્ગી અને સુસિમાનું માથું લઈ દોડતો ચિલાતીપુત્ર ભય અને ખેદથી રસ્તો ભૂલી ગયો. સોબતીઓનો વિયોગ થયો. ઠેકાણું ન મળવાથી ખેદપૂર્વક સુસિમાનું મુંખડું જોયા કરે. ભલે બોલે કે ન બોલે પરંતુ સુસિમાનું મુંખડું મોહ ઉપજાવે. સુનકાર ભરેલા રાનમાં ન મળે પાણી કે ન મળે ખાવાનું. આમ તેમ ભટકતો ચિલાતી એક નજીકની ઝાડીમાં પેઠો. કાયોત્સર્ગ મુદ્રામાં ઉભા રહેલા ચારણ શ્રમણને પહોળી આંખે જોયાં અરે ! આવા ઉજ્જડ વેરાનમાં આવા મુનિ ક્યાંથી ? ધર્મ તેઓ જ પાસે હશે. ધર્મ આવશે તો હું સુખી થઈશ એમ જાણતો એ મહાત્મા પાસે પહોંચી ગયો.

વિનય, વિવેક અને નમ્રતા જેના હૃદયને સ્પર્શી નથી એવા ચિલાતીપુત્રે જુસ્સામાં આવીને ભય પમાડતાં બોલ્યો હે સાધુ ! મને ધર્મ બતાવ ! જો ધર્મ નહિ બતાવે તો આ ખડ્ગીથી તારું મસ્તક છેદીશ.

જ્ઞાનિ મુનિરાજ વિચારમાં પડ્યા, આવી રીતે આજ દિન સુધી ધર્મની માંગણી કોઈએ કરી નથી, સાંભળી નથી, ભલે ગમે તે હોય. ધર્મ સાંભળવાની આતુરતા છે. આતુરતાવાળા જીવોમાં રોપેલું બીજ થોડા જ કાળમાં ઉત્તમ ફળ આપે છે. ધર્મ જો વિસ્તારથી કહીશ તો આતુરતાવાળા માનવીની આતુરતા ટકશે નહિ તેથી સંક્ષેપમાં કહી તેને ઊંડા વિચારમાં ઉતારી દેવાથી જ અવશ્ય ફાયદો થશે એમ વિચારી ચારણ મુનિએ કાયોત્સર્ગ પાળ્યો.

''ઉપશમ, સંવર અને વિવેક'' નામક ધર્મ છે. તે કહીને ચારણ મુનિ આકાશ માર્ગે ઉડી ગયા. ચિલાતીપુત્ર મોં વકાશી જોઈ રહ્યો. મુનિ તો ત્રણ શબ્દ કહીને ઊડી ગયા. મારે શું સમજવું ? સાધુ સત્યવાદી હોય પહેલો શબ્દ ઉપશમ છે.

ઉપશમ-શાંત થવું. દબાવવું. શાથી શાંત થવું ? કોને દબાવવું ? મારી પાસે એવી કઈ વસ્તુ છે જેથી ઉત્કર્ષ પેદા થાય છે, તેની ઉત્કટતાથી હું કઈ રીતે દબાવું છું. શરીર ઉપર કાંઈ દેખાતું નથી. મારી પાસે કોઈ નથી. હું આ જંગલમાં એકલો છું. શા માટે મને ઉપશમ કરવાનું કહ્યું ? નિગ્રહન્થો સ્વાર્થમાં રમતા નથી, ખોટું બોલતાં નથી, રાજકારણ રમતાં આવડતું નથી. શું ઉપશમ કરવા જેવું છે ? આહ ! ઉપશમ કરવાનું તો આત્મામાં ઘણું પડ્યું છે. ક્રોધરૂપી દાવાનલથી હું બળી રહ્યો છું. સળગી રહ્યો છું. સુસિમાને મેળવ્યા પછી ધન શેઠ ઉપર મારો ક્રોધ ઓછો ન'તો. ક્રોધની ભડભડ બળતી જ્વાળાઓએ મારા મનને ઘેરી લઈ ન કરવાના અનેક ભયંકર વિચારો કરાવ્યા. કાપી નાંખુ, મારી નાંખુ ધન શેઠના પરિવારને તથા કોટવાળને ખલાસ કરી નાખું. મને મારા સાગ્રિતોથી છૂટો કર્યો, મારા સ્થાનથી મને વિછૂટો કર્યો, મારી પ્યારી-લાડકી સુસિમાનો પણ

વિયોગ કરાવ્યો તેની તો ખેર લઈ લઉં. સામે આવે તો જીવતો ના છોડું.

આવો ભડભડતો ગુસ્સો. ક્રોધ કાંઈ ઓછો ન'તો. શા માટે મને હેરાન કરે ? ગમે તે ઉપાયે વૈર વાળું, નહી છોડું. મારાં પરાક્રમ દાખવીશ. ક્રોધ આવેલો હતો તેમાં માન ભળ્યું. ગમે તેવા છળ-પ્રપંચ કરીને લોકોને ઠગવા છે લુંટવા છે એ માયાની ભરતી થઈ. આ જગતને લૂંટીને, મારીને, કાપીને, ધમકીથી, પૈસો એકઠો કરવાની ભાવના મૂળમાં લોભ નથી બેઠો.

મહામુનિએ મને ઉપશમ કરવાનું જણાવ્યું. તો હવે મારે ક્રોધ-માન-માયા અને લોભ ને ઉપશમાવવા નહિ, કઈ રીતે શમવવા ? અર્થાત કઈ રીતે નાશ કરવો ?

આ ક્રોધે મારા શરીર અને મનને ઉપતાપ કર્યો છે. ક્રોધે વૈર-ઝેર બંધાવ્યું. મારા શમસુખને રોકવાને માટે ભોગળ સમાન આ ક્રોધ છે. અગ્નિને માફક ઉત્પન્ન થાય છે અને પહેલા જ પોતાનું સ્થાન બાળે છે, આત્મગુણને બાળવા પણ સમર્થ છે.

આ માને મારા વિનયનો, શ્રુતજ્ઞાનનો, આચાર, વિચાર અને શીલનો, ધર્મનો, અર્થનો અને કામનો ઘાત કર્યો છે. મારા વિવેકરૂપી નેત્રોને ફોડી નાંખ્યા છે. જાતિનો, લાભનો, કુળનો, ઐશ્વર્યનો, બળનો, રૂપનો, તપનો અને શ્રુતનો મદ કરાવી મને દુર્ગતિમાં ધકેલવાનું કાર્ય આ જ માને કર્યું છે.

આ માયાએ મને અસત્ય બોલતાં શીખવાડ્યું, મારા શીલ વૃક્ષનો નાશ આ માયા નામની પરશુથી થયેલ છે. આ માયા અવિદ્યાને જન્મ આપનારી છે. દુર્ગતિના દ્વારો ખટકાવનારી આ માયા છે. વક્રતા અને જડતા લાવનારી આ માયા છે.

આ લોભના કારણે સર્વ દોષો મારામાં ઉત્પન્ન થયા. મારા સઘળા ગુણોનું ભક્ષણ આ લોભે કર્યું. મને ધર્મથી-ધનથી-હીન કર્યો, દુઃખ રૂપી વડવૃક્ષનો ફેલાવો કર્યો અને સુખ રૂપી શીતલ છાંયડીનો નાશ કર્યો. દિન પ્રતિદિન મારી મહેચ્છા વધારનાર આ લોભ જ છે. તેની ખાઈ કયારેય પુરાતી નથી.

આવી ભયાનક ચંડાલ ચોકડીએ મને પોતાની માયાઝાળમાં ફસાવ્યો. મારી પરિસ્થિતિ વિચિત્ર કરી મુકી હાશ ! હવે છૂટવાનો માર્ગ મહાત્માએ બતાવ્યો ઉપશમ થા.. ઉપશમ થા..ઉપશમ થા..!!!

ક્રોધને ઉપશમાવવા ક્ષમા
માનને ઉપશમાવવા નમ્રતા
માયાને ઉપશમાવવા સરલતા
લોભને ઉપશમાવવા સંતોષ

આ પ્રતિપક્ષીઓના શરણે મારે જવું જોઈએ. જો ત્યાં શીર મુંડાવીશ તો જ મહાત્માએ આપેલો પ્રથમ ધર્મ હું બરાબર પાળી શકીશ.

બીજો ધર્મ સંવર આપ્યો. સંવર એટલે રોકવું. શું રોકવું ? કોને રોકવું ? અને શાથી રોકવું ? એ વિચારણીય છે. અત્યારે મારે મારૂં હિત શેમાં છે તે વિચારવાનું છે. અન્યનો વિચાર નકામો છે. મારા હિત માટે શું મારે ચાલવું નહિ, બોલવું નહિ, વિચાર કરવો નહિ. એ કરવાથી શું ફાયદો થશે. ના ! મારાથી સર્વથા રહી ના શકાય. જો સંવર ન થાય તો ધર્મ ક્યાંથી થાય ? ધર્મ ન થાય તો સુખી ક્યાંથી થવાય ?

રાજમાર્ગ ઉપર આવેલા ઘરમાં ધૂળ ભરાય. ઘરના બારી બારણાં બંધ કરો તો ધૂળ ન ભરાય તેમ આ સંસાર રૂપ રાજમાર્ગમાં રાગદ્વેષ રૂપ અઢાર પાપ સ્થાનકોના દ્વારો ખુલ્લાં છે. તેના દ્વારા કર્મરૂપ રજ સતત ભરાયા કરે છે જો યોગાદિ આશ્રવ સ્થાનો બંધ કરવામાં આવે તો જ કર્મરૂપી રજનો પ્રવેશ થતો નથી. જો કર્મરૂપી આશ્રવને રોકવા મારે પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનને શુભ પ્રવૃતિમાં પ્રવર્તાવું જોઈએ. અત્યારે મારી પ્રવૃતિ કઈ છે મારે વિચારવું જોઈએ. એક હાથમાં ખડ્ગ અને બીજા હાથમાં સુસિમાનું ધડ. શું આના દ્વારા હું મારી મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ વડે વિરતિ સાધી શકીશ. મારામાં ક્ષમા, કોમળતા, સરલતા અનિચ્છા આદિ વૃદ્ધિ પામશે. આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન ઉપર વિજય મેળવવા માટે મનમાં શુભ વિચારો સ્થિર થાશે.

ના, ના સંવર ભાવનામાં રટણ કરવું હોય તો હાથમાં રહેલ ખડ્ગ અને માથું દૂર ફેંકી દેવા જોઈએ. જો નાખી દઈશ તો જ મારા મનને અને ઈન્દ્રિયોને શુભ પ્રવૃત્તિઓમાં પ્રવર્તાવી શકીશ. તરત જ દૂર ફેંકી દીધાં ને મન બીજા વિવેકની વિચારણા તરફ ઢળ્યું.

તેટલામાં લોહીથી ખરડાયેલા શરીર પર યોજનાઓથી કીડીઓ ચઢવા લાગી. લોહીના છાંટાઓથી શરીરનો ઘણો ભાગ ભીનો થયો હતો. ત્યાં ચઢેલી કીડીઓ ચટકા ભરવા લાગી. અસહ્ય વેદનાની શરૂઆત થઈ ત્યાં ચિલાતીપુત્રની વિચાર ધારા વિવેકના સ્વરૂપને વિચારવા લાગી.

મહાત્માએ મને ત્રીજો ઉપદેશ વિવેકનો આપ્યો. વિવેક એટલે શું ? વિવેક એટલે પોતાનું અને પારકું, તેની વિશેષતા સમજવી. ત્યારે મારૂં શું અને પારકું શું તેનો ભેદ અવશ્ય જાણવો જોઈએ. અત્યારે મારૂં કોઈ દેખાતું નથી. આ શૂન્ય અવકાશમાં હું એકલો છું અરે ! હું કોણ ? હું તે હાથ, પગ, માથું કે પેટ ? ના હાથ વગર ચાલે, પગ વગર ચાલે અને આંખ વગર પણ ચાલે, તો તે હું નહિ ?તો આ શરીરમાં હું કોણ ? આહારાદિથી શરીરની વૃદ્ધિ થાય અને તેના અભાવે હાનિ થાય તેવા શરીરની ઉત્પતિ માત પિતાના સંયોગે થઈ તેમાં પણ હું નહિ ? શરીર તો અહીં જ પડી રહેવાનું છે ત્યારે તેમાં રહેલો વિચાર કરનારો, બોલનારો, ચાલનારો, સ્મૃતિ રાખનારો, સુખાદિ જાણનારો કોઈક ચાલ્યો જાય છે. માટે શરીર જુદું છે. અને માહીલું તત્ત્વ કાંઈક જુદું છે.

એક બાજુ હઠીલી કીડીઓ વધવા લાગી, શરીરનું લોહી ચુસાવા લાગ્યું, શરીર શોષાવા લાગ્યું, શરીર ચારણી જેવું બની ગયું છતાં ચિલાતીપુત્રની શુભ વિચારધારા આગળ ને આગળ વધવા લાગી. તે આત્મા અને દેહની ભિન્નતામાં લયલીન હતો. ત્યારે વચ્ચે વચ્ચે ક્રોધાદિ અવગુણો એની ખબર લેવા આવી જતાં પરંતુ વારંવાર ઉપશમ, સંવર અને વિવેકના પવિત્ર ધર્મથી ચિલાતીપુત્ર ધર્મ માર્ગમાં સ્થિર થઈ જતો કરેલ ઘોર પાપના દુઃખો આગળ આ દુઃખો તો સ્વલ્પ જ છે આ પવિત્ર ધર્મ સિવાય મારો છૂટકારો નથી આવી વિચાર ધારા દ્વારા અનેક ઘોર પાપ કર્મોનો ભૂક્કો બોલાવી ચિલાતીપુત્ર આયુષ્ય પૂર્ણ કરી દેવ લોકે ચાલ્યો ગયો.

પ્રતાપી ચિલાતીપુત્રે કર્મ બાંધવામાં કચરેય વાયદો નથી કર્યો. વર્તમાન કાળમાં પણ પોતાના પરાક્રમનો પુરેપુરો ફાયદો ઉઠાવ્યો. બાળપણામાં આજ સુસિમાએ માત-પિતાથી જુદો કરાવ્યો ને આજે સાથીઓથી-ઘરબારથી ભ્રષ્ટ કરાવ્યો. અટવીમાં એકલો અટુલો મુકી દીધો. આતો કાંઈ યોગ સારો કે મહાત્મા મળ્યાં. નહીંતર ઊનાં ઊનાં આસુંઓ પાડવાનો સમય આવત. વાયદાનો ફાયદો લેનાર ચિલાતીપુત્ર ઉપશમ-સંવર-વિવેક નામક ધર્મના રંગે જોડાયો તેમ આપણે સૌ આપણા વાયદા બજારને તિલાંજલી આપી, પ્રમાદને ખંખેરી ઉપશમ-સંવર અને વિવેક આદિની સુંદર વિચારણા વિચારીને મુક્તિ નજીક આવો. *

બલિરાજાની મનોહર ભાવના

('શ્રી ધર્મકલ્પદ્રુમ' મહાકાવ્ય પલ્લવ-૭માંથી)

''શ્રાદ્ધ ધર્મની ક્રિયામાં તત્પર એવા તે શ્રી બલિરાજાએ એકવાર પક્ખીના દિવસે ઉપવાસ કર્યો અને આખી રાત્રિ કાર્યોત્સર્ગમાં સ્થિરપણે રહ્યા. રાત્રિના ત્રીજા પ્રહરને અંતે શુભભાવના ભાવતાં તેઓ સર્વ વસ્તુમાં અનિત્યતા જોવા અને ભાવવા લાગ્યા. તેમણે વીજળીની લતા જેવી ચપલ લક્ષ્મી, દર્ભના અગ્રભાગ પર રહેલા જળબિંદુના જેવું ચંચલ-ચપલ આયુષ્ય, ગજકર્ણના જેવું અસ્થિર રાજ્ય અને સ્વપ્ન જેવા ક્ષણિક સર્વ સંગો-સંબંધો જાણ્યા. તેઓ વિચારે છે કે-''કોના પુત્ર, કોની સ્ત્રી, કોનું ઘર અને કોના ધનાદિ બધા પદાર્થો ? આ બધાને જીવો મારા મારા કરે છે પણ તે કોઈના નથી. 'અહં મમ' એ ચાર અક્ષરોથી સંસાર છે, કર્મનો બંધ છે અને 'નાહં ન મમ' એ પાંચ અક્ષરોથી નિવૃત્તિ-મોક્ષ છે. આ શરીર અનિત્ય છે, વૈભવ અશાશ્વત છે અને મૃત્યુ નિરંતર પાસે જ રહેલું છે, તેથી દરેક રીતે ધર્મનો સંગ્રહ કરવો જરૂરી છે. ક્રોધ અને વિરોધને સર્વ સંતાપના કારણરૂપ જાણી તેને તજી દઈ જે શમ રૂપ સુધાયુક્ત વર્તે છે તે અલ્પકાળમાં નિવૃત્તિ-મોક્ષને પામે છે.''

આ પ્રમાણે નિસ્પૃહવૃત્તિઓ હૃદયમાં અનિત્યતાનું ચિંતવન કરતાં તે શ્રી બલિરાજાએ ક્ષપકશ્રેણિ માંડી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું...

અવશ્ય તે મારાથી પ્રતિબોધ પામશે

તિમિર કિરણશિશુ

''અવશ્ય તે મારાથી પ્રતિબોધ પામશે'' આવા મનના ઉદ્‌ગારો શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામિના હતા. જન્મ, જરા અને મરણથી ત્રાસ પામેલા અને તેથી જ આ દુનિયાના સંયોગ અને વિયોગવાળી માયાના પાશમાં નહિ સપડાયેલા એવા આ ચરમ તીર્થપતિ વૈરાગ્ય રસમાં નિમગ્ન બની, ચારિત્ર અંગીકાર કરી અપ્રમત્તપણે પૃથ્વીતળ ઉપર વિચરતાં વિચરતાં એક વખત શ્વેતાંબિ નગરીના માર્ગે જઈ રહ્યા હતા ત્યારે કેટલાંક ગોવાળિયાના છોકરાઓ શ્રમણ ભગવાનને કહી રહ્યા છે હે શ્રમણ ! '' કોશીંબી જવાનો આ ટૂંકો માર્ગ છે પરંતુ આ માર્ગમાં કનકખલ નામના તાપસના આશ્રમની બાજુમાં એક દૃષ્ટિવિષ સર્પ રહે છે. તે પોતાની કાતિલ દૃષ્ટિથી રસ્તે જતાં આવતાં પશુ-પંખી-માનવી આદિઓને બાળી ભસ્મીભૂત કરી નાંખે છે. આપ તે માર્ગે જશો તો આપશ્રીને પણ ખલાસ કરી દેશે માટે આ રસ્તો મૂકી અન્ય માર્ગે ચાલી નીકળો. આટલો ફેરફાર કરી નિર્વિઘ્ને આપ પધારો.

પ્રતાપી, કૃપાળુ દેવ ક્ષણ માત્ર વિચારશીલ બન્યા, અનેક જીવોનો સંહાર કરનારા આ જીવને મારે પ્રતિબોધ પમાડવો જોઈએ. અવશ્ય એ મારાથી જ બોધ પામશે એના ડંસની તીવ્ર વેદનાને ભૂલી જઈ, ક્ષણીક દુઃખના કષ્ટને વેઠી, અનેક જીવોનો સંહાર બચાવી, એક જીવનો ઉદ્ધાર કેમ ન કરું ? આ ઉપકાર કરવામાં મને કોઈ જાતનું નુકશાન નથી.

અરેરર ! સમભાવ અને સમ્યગ્‌જ્ઞાનના અભાવે આવા મહાન તપસ્વીનું આ પરિણામ ? આવું દુઃખદ પરિણામ આ મહાન તપશ્ચર્યાનું ? ના, ના આ તો આર્તધ્યાન-રોદ્રધ્યાનના પરિણામો છે. આમાંથી છુટકારો મારા પ્રતિબોધથી જ થશે. અવશ્યમેવ પ્રતિબોધ પામશે. તને પ્રતિબોધ કરતાં મારે અલ્પ કષ્ટ સહન કરવું પડશે ને ! વાંધો નહિ.

દૃઢ નિર્ણય કરી, પર દુઃખભંજન કરનારા ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિ ભગવાન ગાડાની ધૂસરી સમાન દૃષ્ટિ રાખી, જયણા પૂર્વક કેડી માર્ગે ચાલવા લાગ્યા. લોકોની અવરજવર બંધ થઈ જવાથી કેડી માર્ગમાં કાંટા, લીલોતરી આદિના સંઘટ્ટાર્થ દૂર રહેતા શ્રી મહાવીર સ્વામી ભગવાન થોડું ચાલ્યા ન ચાલ્યા ત્યાં તો કાંટાળા નાના ઝાડોથી અને ધૂળથી ઢંકાયેલા રાફડા તરફ નજર પડી. તાપસના આશ્રમની બાજુમાં આવેલા પ્રાયઃ જીર્ણ યક્ષના મંદિરના દ્વારે આવ્યા, દૃષ્ટિવિષ સર્પ આટલામાં જ હોવો જોઈએ એમ વિચારી શ્રી વિરપ્રભુએ નાસિકાના ટેરવે દૃષ્ટિ સ્થાપન કરી. કાયોત્સર્ગ ધ્યાને ઉભા રહ્યાં. જ્યાં ખેચર તથા ભૂચર પ્રાણીઓ પણ મારી હદમાં આવતાં ગભરાય છે. તેઓને પણ ખ્યાલ છે કે મારી હદમાં ફરકવું એટલે મોતને ભેટવું. છતાંય આ માનવી પોતાનો પ્રતાપ બતાવવા અહીં આવ્યો છે. હમણાં જ જઉં ખબર લઈ લઉં. પરધામ પહોંચાડી દઉં. માનવીની ગંધે આકૂળવ્યાકૂળ બનાવી દીધ. છે. ધમ ધમાટ કરતો એ દૃષ્ટિવિષ સર્પ રાફડામાંથી બહાર નીકળ્યો. વાંકો ચૂકો અને આમ તેમ દૃષ્ટિ ફેંકતો આ સર્પ એ પ્રતાપી પુરુષની સન્મુખ આવીને સ્થિર થયો. વનમાં રહેલા સૌ જીવજંતુઓ મારાથી ફફડે છે. મારી અવજ્ઞા કરી નિર્ભયપણે અત્રે આવીને ઉભો છે. જોતાં ક્રોધાનલ પ્રગટ્યો, ઝેરની જ્વાળાઓ નીકળવા લાગી ઝેરી દૃષ્ટિ ફરતાં, વનના ઝાડ પાન ઝેરથી વાસિત થયા. રૌદ્ર દૃષ્ટિ પ્રતાપી પ્રભુ ઉપર કરી. અટલ પ્રતાપી પુરુષ અટલ રહ્યા. કાતિલ જ્વાળાની અસર થશે ને. હમણાં ધડામ થઈને પડશે, તેથી હું ખસી જઉં સર્પ એક બાજુ ગયો પણ નિશ્ચલ મનોધારી શ્રી ચરમ પ્રભુ અડગ રહ્યા. ઝેરી દૃષ્ટિની કાંઈ અસર થઈ નહિ. રોમરાજીમાં ક્રોધાનલ ભડકે બળવા લાગ્યો. વારંવાર ભડકે બળતી વિષની જ્વાળ શ્રી વીરપ્રભુ ઉપર ફેંકવા છતાં પણ એ પ્રયાસ નિષ્ફળ. અણનમ પ્રતાપી પુરુષના રૂવાંડે પણ અસર નહિ. ધંધવાયેલો સર્પ પોતાના નિશ્ચયથી ડગ્યો નહિ ભગવાનની

નજીક આવી ડંખ મારવા લાગ્યો. વારંવાર ડંસવા છતાં આ સાહસિક મહાપુરુષ જરા પણ વ્યાકૂળ થતાં નથી, જ્યાં સ્થિર હતાં ત્યાં જ ધ્યાનસ્થ હતા, ડંખી ડંખીને થાક્યો ત્યારે પ્રતાપી પુરુષના હૃદયમાં કરૂણાનો ધોધ વહેવા લાગ્યો અને ઉદ્‌ગાર નીકળ્યાં, ''હે ચંડકૌશિક ! પ્રતિબોધ પામ ! પ્રતિબોધ પામ ! તારા ગત ભવોને યાદ કર. ગત જન્મમાં કરેલા ક્રોધાવેશના વિપાક ફળરૂપે આ તિર્યંચપણું પામ્યો છે. એમાંય હજારો જીવોને ત્રાસ આપનારૂં આ સર્પપાણું પામ્યો છે. અનેક જીવોનો સંહાર કરનારૂં આ દૃષ્ટિવિષ સર્પપાણું પણ તું પામ્યો છે. તે કરેલી તપશ્ચર્યાથી અને આરાધેલી ચારિત્રની આરાધનાથી તો તને મોક્ષ જ મળવો જોઈએ છતાં ચારિત્ર ધર્મને તથા તપધર્મને દૂષિત કરનારા ક્રોધથી તું અધમાધમ જન્મારો પામ્યો છે. હવે ચેતુ જીવોનો સંહાર કરી દુર્ગતિના દ્વારો ખટકાવવાનું કાર્ય બંધ કર. કર્મનો પડદો તોડ, સમભાવ અને સમ્યગ્‌જ્ઞાન દ્વારા મોક્ષપદને પ્રાપ્ત કર.'' પ્રતિબોધ પામી સર્પ પોતાની સાધનામાં લાગી ગયો.

બસ ! પ્રતાપી મહાપુરુષે અનેક કષ્ટ સહન કરી દૃષ્ટિવિષ સર્પનો ઉદ્ધાર કર્યો. એમ અનેક કષ્ટો અને ઉપસર્ગો સહન કરનારા સમ્યગ્‌ ગુરુ ભગવંતોની સમ્યગ્‌વાણી સાંભળી દુર્જય એવા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા લોભાદિ અતરંગ શત્રુઓને મૂળથી ઉખેડવા માટે સંસાર વાસનાથી વિરક્ત થઈ, શ્રમણપાણું અંગીકાર કરી ઘોર તપશ્ચર્યા કરી અને ધ્યાન મગ્ન રહી અરિહંત પદને પામો એજ મહેચ્છા.

● ● ●

Kamlesh Shah
President (Gujarat Region)

Animal Welfare Board of India
(Ministry of Animal Welfare. Govt, of India)
32, Manish Society, Mirambika Road Naranpura,
Ahmedbad-380 013. Phone (M) 98250 45370 (R) 6581536

અખબારી યાદી

ભારત સરકારના આયોજન પંચ (પ્લાનીંગ કમીશન) ના માનનીય સભ્યશ્રી દીનાનાથજી તીવારીએ અધિકૃત રીતે એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષશ્રી જસ્ટીશ ગુમાનમલજી લોઢાને જાહેરાત કરવાનો અધિકાર આપેલ છે કે ''રાષ્ટ્રીય ગૌવંશ આયોગ'' દ્વારા આપવામાં આવેલ રીપોર્ટની ભલામણ અનુસાર ગામડાઓમાં ૬૫૦૦૦ કતલખાના બોલાવી ૧૧ મી માંસ કમીટીની ભલામણ ભારત સરકારના આયોજન પંચે ફગાવી દીધી છે. ઉપરાંત માંસ વિકાસ બોર્ડ ચાલુ કરવાની તેમજ માંસ નિકાસ વધારવાની અને ગૌવંશની કતલ ઉપર લગાવવામાં આવેલ પ્રતિબંધ ઉઠાવી લેવાની ભલામણ પણ ભારત સરકાર દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. આ તમામ ભલામણોનો વિરોધ ''રાષ્ટ્રીય ગૌવંશ આયોગ'' તેમજ જૈન સમાજે કર્યો હતો.

હવે ૧૧ મી કમીટીની આ તમામ દરખાસ્તો ના મંજુર કરીને ભારત સરકાર દ્વારા કચરાપેટીમાં નાંખી દેવામાં આવી છે.

શ્રી લોઢાજીએ જણાવ્યું છે કે ૬ ઓક્ટો. ૨૦૦૨ ના રોજ આયોજન પંચ પોતાનો રીપોર્ટ ભારત સરકારને સુપ્રત કરવાનું છે. તેમાંથી ૧૧ મી માંસ કમીટીની તમામ દરખાસ્ત કાઢી નાંખવામાં આવેલ છે.

શ્રી લોઢાજીએ જણાવ્યું છે કે ભારતના સમગ્ર અહિંસક સમાજનો વિજય છે. જેનાથી કરોડો પશુઓના જીવ બચી જવા પામ્યા છે.

શ્રી લોઢાજીએ આશા વ્યક્ત કરી છે કે આ જ પ્રમાણે ''રાષ્ટ્રીય ગૌવંશ આયોગ'' ની ભલામણ અનુસાર માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ગૌવંશ હત્યા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાની જાહેરાત ગુજરાતમાં કરવી જોઈએ. જેથી જીવદયા પ્રેમી સમાજનો વિશ્વાસ તેઓ વધુ મેળવી શકે અને જેથી ભારતીય જનતા પાર્ટીને પ્રબળ ટેકો પ્રાપ્ત થઈ શકે.

● કુલછાબ ●

-તિમિર કિરણ શિશુ

પ્રમાદ...પ્રમાદ...પ્રમાદ...!!!

વાહ કેવો મીઠો...પ્યારો...લાડવો...

લાડકીને પ્યારો લાગે આવે...

જો કોઈ એની ગોદમાં લપટાઈ જાય...ગેલ કરવા મંડી પડે...

પાગ, ભાઈ ! સબૂર !! ઉભો રહે.

ધર્મરાજા તેની સામે લાલ લાઈટ, ધરીને ઉભાં છે.

આપાગે સૌને ચેતવે છે.

બહુ જ મોટો દુશ્મન, બહુ જ મીઠો દુશ્મન.

કેમ ભાઈ તેને દુશ્મન કહો છો ?

એ તો કેવો મૃદુલ અને મધુર છે.

તેના આસેવનથી મન, વચન અને કાયાને આનંદ, અતિ આનંદ મળે છે.

પન આત્મન્ !

જ્ઞાનીઓ તેને ભારે મૃદુલ અને મધુર છે.

ભલભલા એના સંકજામાં ફસાઈ જાય છે.

એના આવા સ્વરૂપમાં અંજાઈ જાય છે.

આબાદ અટવાઈ જાય છે.

અને આ જ કામ આ દુશ્મનનું છે.

એમ !

હા, માટે જ મોહરાજાએ પોતાની ગેંગમાં આનો સમાવેશ કર્યો છે.

આ દુશ્મન બુદ્ધિમાનોની કેવી બુદ્ધિ ફેરવે છે તેનો ખ્યાલ છે ?

કૂતુહલથી ગીત, નાચ અને નાટકાદિ જોવા સાંભળવા, કામ શાસ્ત્રમાં આસક્તિ રાખવી. જુગાર તથા મદિરાદિનું સેવન કરવું, જળ ક્રીડા કરવી, હીંચોળા આદિ ઉપર વિનોદ કરવો, જનાવરોના યુદ્ધ કરાવવાં, શત્રુના પુત્રાદિક ઉપર વૈર વાળવું, નાની નાની વાતમાં ક્રોધ, માન, માયા, અને લોભ કરવો. ભોજન-સ્ત્રી, દેશ અને રાજ્યની કથા કરવી-સાંભળવી, રોગ અને પરિશ્રમ વિના દિવસે અને રાત્રે સુઈ રહેવું. આવા વિધવિધ પ્રમાદોની આચારણા આ મનમોજી દુશ્મન બેજબાજ મનવીના બેજ ગેપ કરાવી આનંદથી, રાચી-માચીને કરાવે.

આ પ્રમાદ સેવનારાને જે કોઈ ધર્માત્મા મળી જાય કદાચ એકાદ વાત સુંદર સંભળાવી દે, સારી શીખામણ આપી દે સન્માર્ગે લાવવાનો પ્રયત્ન કરે તો પણ તે આત્માને ધર્મથી કે સુંદર વાતની આચારણાથી ભ્રષ્ટ કરવા અનેક પ્રકારના દાવ-પેચ મોહરાજા રમવા લાગે છે. મોહરાજાના અજમાયશથી ફાવટ ન આવે તો મોહરાજા પ્રમાદને મોકલે છે.

અને આ પ્રેમાળ પ્રમાદ પણ ધીરે ધીરે મન-વચન અને કાયાની અનેક સુવિધાઓ બિછાવવા મંડે છે.

સુવિધા ભરેલી સેજતલાઈ પાથરી, ચોભામણા તથા અવનવા હાવભાવો કરી મનને રીઝવે. કાંઈક ધર્મ તરફ આગળ વધવાની ભાવનાવાળા ધર્માત્માને શય્યા પર સુવડાવી દે...

બસ ! ખેલ ખતમ... આ દુશ્મન પ્રમાદની નાના પ્રકારની કરામતો આગળ ચાલે. હવે શું કહેવાનું ? સમજું છો સમજી જ ગયા હશો !

શય્યામાં સુતેલો એ આત્મન્ સહજ રીતે જ નીચે નીચે સરકતો જાય છે એને ખબર નથી પડતી કે હું ધર્મથી, ધર્મના માર્ગથી ભ્રષ્ટ થઈ રહ્યો છું. અને અંતે ધર્મથી ભ્રષ્ટ બની જાય છે....

મોહરાજાનો આ આબાદ ખેલ ખેલનારનું નામ પ્રમાદ છે. તેનું કામ જ આ છે. માટે હે આત્મન્ ! સાવધ થઈ જા ! હવેના દરેક પગલાં સમજી વિચારીને ભર, જેથી પ્રમાદ પોતાની પથારી પાથરે નહિ.

નિગોદમાંથી નિકળી પંચેન્દ્રિય પણું પામ્યો, તેમાંય વળી મનુષ્યપણું પામ્યો. સુદેવ, સુગુરુ અને સુધર્મનો કાંઈક સથવારો મળ્યો. તેની સહાય. ખુબ ઉંચે ચઢી ગયો. હવે પ્રમાદના પનારે પડીશ નહિ. કદાચ થોડો ઘણો પ્રમાદ રહી ગયો હોય તો તેને ખંખેરી નાખ.

સાવધ બની જા, નહીં તો આ જ પ્રમાદને વશ થઈ તું ભવોભવના અંધારિયા કૂવામાં પટકાઈ પડીશ. અપાર વેદના અને દુઃખોનો ભોગ બનીશ.

એટલું યાદ રાખજે આત્મન્ ! વર્તમાન કાળમાં મળેલ સુદેવ, સુગુરુ અને સુધર્મની આ ઉચ્ચ સ્થિતિ ઘણા કષ્ટો વેઠીને, ઘણા પ્રયત્નો આદરીને સાંપડેલ છે.

તેથી પ્રમાદ છોડ. અહિંની થોડી પણ પ્રમાદની રમતોમાં ગુંચવાઈ ગયો તો તે તને મહા અપરાધી બનાવી, નરકના કારમા દુઃખો ભોગવવા નરકમાં નાંખી દેશે.

મને હસવું આવ્યું

એ સરદારજી તીરંદાજી શીખી રહ્યા હતા. અને તેમનું તીર સામેની ભીંતમાં પાડેલા વર્તુળના બરાબર મધ્ય ભાગમાં જ જતું હતું. કોઈક વ્યક્તિ ત્યાંથી પસાર થઈ તેમની આ સરસ સુંદર તીરંદાજી જોઈને સરદારજીને પૂછ્યું કે - સરદારજી તુમ ઈતની સુંદર તીરંદાજી કહાંસે શીખે ? સરદારજી કહે-અરે ! ઈસમેં કોઈ ભી મુશ્કેલી નહિ હૈ. બહુત જલ્દી શીખ સકતે હૈ. દેખો મેં ક્યા કરતા હું માલૂમ હૈ - મેં પહેલે સે વર્તુલ નહિ દોરતા હું. મેં તો પહલે તીર ફેંકતા હું ઔર તીર જહાં લગ જાય ઉસકે આજુબાજુ મેં ઐસા વર્તુલ બના દેતા હું. પહેલેસે વર્તુલ દોરનેકી ઝંઝટમેં પડના હી નહિ. આખિર તો તીર વર્તુલ કે મધ્ય ભાગમાં માંગતા હૈ.

આ વાત વાંચ્યા પછી મને હસવું આવેલુ. સં. ૨૦૪૪નું અશાસ્ત્રીય સંમેલન થયું ત્યારે તેના વિરોધિઓએ સંમેલનના સમર્થકોને ઉપરના સરદારજી જેવા જ ગણાવેલા. કેમ કે તેમણે લોકોએ પહેલાં અશાસ્ત્રીય ઠરાવો બનાવી દીધા પછી તેને સમર્થન આપે તેવા શાસ્ત્રાધારો શોધવા માંડ્યા હતા. અને એના જ કારણે એ લોકોને પોતાના ઠરાવો માટે આપેલા શાસ્ત્રાધારો ફેરવ્યા કરવા પડેલા. કેમ કે તે શાસ્ત્રાધારો ખરા અર્થમાં શાસ્ત્રાધારો જ ન હતા.

આ જ રીતે મને બીજી વાર હસવું આવેલું. એ તો તાજુ જ હાસ્ય છે. હજી તમારે જોવું હોય તો મારા મુખ ઉપર તે જોવા પણ મળશે. અને તે હસવું જલ્દી ઓલવાય (બુઝાઈ) જાય તેવું પણ નથી. કોઈની ઉદાસી ભરી જિંદગીને આ રીતે પણ હાસ્યથી ભરી દેવાનું નિમિત્ત દેનાર તેઓનો હું ઋણી રહીશ.

વાત એમ છે કે - જેમ અયોધ્યાની રામ જન્મભૂમિ વિવાદાસ્પદ છે તેમ જૈનશાસનમાં થઈ ગયેલા એક મહાન જૈનાચાર્યનું સાબરમતીમાં બનાવાયેલુ સ્મૃતિમંદિર પણ વિવાદ સર્જક બની ગયુ છે. સ્મૃતિમંદિરના સમર્થકોએ પહેલા તો તેમની પાસે શાસ્ત્રાધાર છે એની વાત કરી, પછી તેમાં ન ફાવ્યા તો પરંપરાની વાતને અજમાવી જોઈ તેમાં ય ન ફાવી શકયા ત્યારે પોતાની મરજીથી આ કામ કર્યાનુ (એટલે કે ગુરૂમૂર્તિ અંગે તમામ બોલીઓ સ્મારકમાં જાય તેવું કામ કર્યાનું) જણાવ્યું. એટલે અત્યારે એમ કહી શકાય કે-સંમેલનના સમર્થકો અને સ્મારકના સમર્થકો હવે એક થઈ ગયા છે. તો સંમેલન અને સ્મારકના અશાસ્ત્રીય કાર્યોના વિરોધીનો પક્ષ બહુ જ નાનો છે.

સ્મારકના સમર્થકો કેટલા બધા ઉન્માર્ગ તરફ છે તે હવે જોઈએ.

સ્મારકનો ઉછેર જ અશાસ્ત્રીય નિર્ણયથી થયો છે.

પ.પૂ.જૈનાચાર્ય શ્રી વિજય રામચંદ્ર સૂરી.સા. કાળધર્મ પામ્યા તેના ૮/૧૦ કલાક પહેલા ધર્મેશ શાહ નામના ડૉક્ટરે પૂજ્યશ્રીને પ્રશ્ન પૂછેલો કે-''ચોમાસામાં શત્રુંજ્યની જાત્રા કરવા જવાય ?'' પૂજ્યશ્રી ત્યારે તો કંઈ ન બોલ્યા કેમ કે તેમને લગભગ બેભાન અવસ્થા હતી. પણ બે કલાક પછી તેમણે પાસેના સાધુને કહ્યું કે-ડૉક્ટરને કહી દેજો કે-''કોઈ શાસ્ત્રમાં ચોમાસામાં જાત્રા કરવા જવાનો નિષેધ નથી માટે જવાય'' પૂજ્યશ્રીનો આ અંતિમ સંદેશ હોય તેમ તેમના ભકતોએ આ વાતને વધાવી લીધી એટલું જ નહિ. તેમનું જ સ્મારક બન્યુ તેમાં તેમની તથા અન્ય ગુરૂજનની મૂર્તિ અંગેની તમામ બોલી સ્મારકમાં વાપરવાનું તેમણે નક્કી કર્યું. કેમ કે કોઈ શાસ્ત્રમાં તે રકમ સ્મારકમાં ના વપરાય તેવો નિષેધ નથી મળતો. પછી તે સ્મારક સમર્થકોને એમ કહેવાનું આવ્યું કે તો પછી સ્વપ્ન દ્રવ્યની ઉછામણી ૬૦ ટકા દેવદ્રવ્યમાં અને ૪૦ ટકા સાધારણમાં લઈ જવાનું જેમણે નક્કિ કર્યું છે તેનો વિરોધ કરવાનો તમને કોઈ અધિકાર નથી કેમ કે શાસ્ત્રમાં એવો નિષેધ નથી મળતો કે-આ રીતે ૬૦/૪૦ ટકા નક્કિ ના કરાય. આની સામે તો સ્મારકના સમર્થકો લગભગ મુંઝાયા. અને પોતાના પક્ષ

નીચે રેલો આવતો લાગ્યો એટલે તેમણે તરત કહેવા માંડ્યું કે - ''અમે પરંપરાથી આવું નક્કિ કર્યું છે.'' તો પૂછવામાં આવ્યું કે - ''પરંપરાના કોઈ દૃષ્ટાંતો તો આપો ?'' તો કહે કે - ગુરૂમૂર્તિ અંગેની ઉછામણીઓ સ્મારકમાં જાય તેવા કોઈ ઉલ્લેખો મળ્યા નહિ. એટલે છેવટે છેલ્લુ શસ્ત્ર અજમાવ્યું કે - 'જેવી રીતે પૂજ્યશ્રીજી કાળધર્મની રકમ તે સ્વર્ગસ્થના ભક્તિ મહોત્સવમાં વાપરવાનું નક્કી કરી ગયા તે રીતે અમે પણ આ નક્કિ કર્યું છે.' ત્યારે તેમને પૂછવામાન આવ્યું કે-પૂજ્યશ્રીજીને તમે ગુરૂ તરીકે માનો છો, પણ હું કે અન્ય સમુદાયવાળા કોઈ નથી માનતા. તેનુ શું ? તમારી પાસે ક્યો શાસ્ત્રાધાર કે પરંપરા છે ? સંમેલનવાળાઓ તો અંદરોઅંદર વિચારણા કરીને નિર્ણય કરીને જાહેર કર્યા હતા (તે ખોટા હતા તે અલગ વાત છે) પણ તમે નક્કિ શી રીતે કરી લીધુ કે આ રકમ તમે સ્મારકમાં વાપરવાના રાઈટ મેળવી લીધા છે ?

મજાની વાતો તો હવે છે. જ્યારે પૂજ્યશ્રીજી સં. ૨૦૪૬માં પ્રાયઃ ખંભાત ચાતુર્માસ હતા ત્યારે તેઓશ્રી સં. ૨૦૨૦નો પટ્ટક કાઢી નાંખવાનું કહેતા હતા અને કહેતા કે - ''મને મારા ગુરૂજી કહી ગયા છે કે પટ્ટક તું જ કાઢી શકીશ. અને તું કાઢી જ નાંખજે.'' ત્યારે કેટલાંક લોકો પૂજ્યશ્રીને પૂછતા કે-'લેખિત છે, તમારી પાસે ! ત્યારે પૂજ્યશ્રી હબક થઈ ગયા હતા કે-''હું મારા ગુરૂ પાસે આવું લખાણ માંગું ?'' હવે જે લોકો પૂજ્યશ્રી પાસે આવુ લખાણ પુરાવા રૂપે માંગતા હતા અને તેથી ૨૦૨૦નો પટ્ટક ન કાઢવાના વિચારોવાળા હતા તે જ લોકો પૂજ્યશ્રીના ડૉ. ધર્મેશભાઈને કહેલા શબ્દો કે જે લેખિત રૂપમાં પૂજ્યશ્રીએ આપ્યા જ નથી તેને આગળ કરીને સ્મારકમાં ગુરૂમૂર્તિ અંગેની તમામ ઉછામણી સ્મારકમાં લઈ જવાનું નક્કિ કરી રહ્યા છે. (હસુ આવે એવી છે ને આ વાત ?)

હવે બીજી વાત-'પૂજ્યશ્રીએ નિષેધ નથી માટે ચોમાસામાં શત્રુંજ્યની યાત્રા કરવા જવાય' આવું છેલ્લે છેલ્લે કહ્યુ હતુ તો આખી જિંદગી દરમ્યાન જે ચોમાસામાં યાત્રાએ જઈ શકાય' તેવી વાત કરતા હતા ત્યાં તો આવુ કશુ કહેલુ ન હતુ. તેનુ શું ? અને બીજુ કે જે લોકોને જ્યારે એમ કહેવામાં આવ્યુ કે-શત્રુંજ્ય માહાત્મ્યમાં દ્રાવિડ-વારિખિલ્લજીના પ્રસંગમાં કાર્તિકપૂર્ણિમાના વર્ણન વખતનું જે લખાણ છે તેમાં એવા ભાવના શબ્દો છે કે ચોમાસામાં યાત્રા કરી શકાય તેનુ શું ? તો તે લોકો સાચે હબક થઈ ગયા હતા. (હસુ આવ્યુ તમને ?)

ત્રીજી વાત બહુ મજાની છે. શત્રુંજ્ય માહાત્મ્યના આ પાઠને જોઈને તો પેલા શ્રીમુક્તિપ્રભસૂરી મ. ચાલુ ચોમાસામાં જાત્રા કરવા ગયેલા ત્યાર પછી આ પાઠ જોવા મળતા નાચી ઉઠેલા અને છાપામાં છપાવી મારેલુ કે- ''ચોમાસામાં યાત્રા કરવા જવાની મેં કરેલી પ્રવૃત્તિ જો શાસ્ત્ર વિરૂદ્ધ હોત તો ચતુર્વિધ સંઘે મારી પાસે ત્યારનીયે માફી મંગાવી હોત.'' હકિકતમાં તે કહેતા હતા કે - અમે પાલિતાણા ચોમાસુ કરવા જતાં પહેલા પૂજ્યશ્રીને પૂછેલુ કે આ વખતે કા.સુ.૧૪ + ૧૫ ભેગા આવે છે તો યાત્રા કરવા જવાય ? તો પૂજ્યશ્રીએ કહેલુ કે-કોઈ સાધુ હિંમત કરે તો કામ થાય'' એવું આ. શ્રી મુક્તિપ્રભ સૂ.મ. કહે છે. હવે ઉપર જઈ આવ્યા પછી તે સમુદાયને મળવા આવતા હતા ત્યારે તેમને ફફડાટ પાર વગરનો હતો કે - ''નૂતન ગચ્છાધિપતિ આ.દેવ શ્રી મહોદય સૂરી.મ.સા. અમને ઠપકો આપશે.'' જે વ્યક્તિ પૂજ્યશ્રીજીને પૂછીને ગયેલી તેના કોઈ લેખિત પુરાવા ન હોવાથી તે ડરતા હતા. છેક સુધી તેમનો જીવ તાળવે બંધાયેલો જ રહેલો. પણ તેમની સામે કશા પગલા ભરવામાં ન આવ્યા. અને હવે હસ્તગિરિમાં ચાલુ ચોમાસામાં ઉપધાન માટે જવાનું થશે ત્યારે શ્રી મુક્તિપ્રભ સૂ.મ.ને શું થશે ? (હસુ આવ્યુ આ વિચારતા (ત) મને.)

સ્મારકવાળા એવું માને છે કે - દ્રવ્યસપ્તતિકામાં (ગુરૂદ્રવ્ય અંગેના જે હોએ ખાસ વિચારણીય છે) ગુરૂદ્રવ્ય અંગેના જે પાઠ છે તે ભાવગુરૂ=જીવિત ગુરૂને ધ્યાનમાં રાખીને છે. ગુરૂમૂર્તિને ધ્યાનમાં રાખીને નથી માટે તે

પાઠના આધારે ગુરૂમૂર્તિ અંગેની ઉછામણીઓ દેવદ્રવ્યમાં જ જાય તેવું ના કહેવાય.'' એમને એમ પૂછીએ/પૂછ્યુ કે - 'क्षये पूर्वा तिथि कार्या'... આ પ્રઘોષમાં 'તિથિ' શબ્દ છે તે પર્વતિથિને ધ્યાનમાં રાખીને લખાયેલ છે માટે એક તિથિવાળા જે અર્થ કરે છે તેને ખોટો કેમ કહો છો ? તો કહે-ના ખોટા છે અને અમે ગુરૂનો જીવિત ગુરૂ અર્થ કર્યો તે સાચો છે. (હમણાં હસી ના પડતા હો આગળ બહુ જ હસવાનું આવશે બધુ હસવાનું ખાલી થઈ જશે તો..પછી રડવું પડશે) મજાની વાત તો એ છે કે-મુંબઈમાં માટુંગાને ગુરૂપૂજનનો કેશ ચાલે છે. એમાં એકતિથિ તરફથી એવું કહેવામાં આવ્યું કે-દ્રવ્યઅપ્રતિકાનો પાઠ છે તે ગુરૂમૂર્તિ માટેનો છે તેની નવાંગપૂજા થાય પણ જીવતા ગુરૂની ન થાય. માટે જ તે ગુરૂમૂર્તિનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય અને જીવતા ગુરૂનું દ્રવ્ય વૈયાવચ્ચમાં વપરાય. આ દલીલથી ગભરાઈ ગયેલા બેતિથિ પક્ષવાળાએ જીવતા ગુરૂનું ગુરૂપૂજન થયુ છે કે નહિ તેના પાઠો ભેગા કરી લીધા છે. પણ દ્રવ્યસમતિકાનો પાઠ જીવિત ગુરૂ માટે છે તે કહેવાનું યોગ્ય પ્રાયઃ ન ગણ્યું. એ જ કેસવાળા લોકો ગુરૂમૂર્તિનું દ્રવ્ય સ્મારકમાં વાપરવા માટે કહે છે કે તે પાઠ જીવિત ગુરૂ માટેનો છે. (આ વાત બરાબર સમજજો પછી તો તમને ખડખડાટ હસવું આવશે.)

એકવાર સ્મારકના સમર્થકને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે ચોમાસામાં કોબીજ ખવાય ? તો કહે-ના. માત્ર ચોમાસામાં જ નહિ ૮ મહિના ના ખવાય. તેની સામે પૂછવામાં આવ્યુ કે- તમે ૪ મહિના ખાવાનું કહો તો પણ અન્ય વ્યક્તિ ૧૨ મહિના ખવાય તેમ કહે છે તો કરવું શું ? તો તેમણે તદ્ન સાચો જવાબ આપતા કહ્યુ કે - તમારે બારે માસ તો ન જ ખાવી, કેમ કે મને ૮ માસ તો ન જ ખવાય તેવો ખ્યાલ છે જ માટે માત્ર ૪ માસ જ તો વાપરી શકો છો. એક જ વિષયમાં બે મત હોય તો લાભકારી વાત જ ગ્રહણ કરવી, કોબીજ ૮ માસ ન ખાવામાં કશું નુકશાન નથી. પછી કહેવામાં આવ્યું કે - એ જ રીતે ગુરૂમૂર્તિ અંગેની રકમ દેવદ્રવ્યમાં જાય કે સ્મારકમાં જાય તેનો નિર્ણય કરી ના શકાતો હોય તો લાભકારી વાત જ દેવદ્રવ્યવાળી ગ્રહણ કરવામાં નુકશાન શું છે ? તેમના મુખના ભાવો તરત જ બદલાઈ ગયા. (હું હસતો રહ્યો.) તેમને કહેવામાં આવ્યું કે - ગોચરી ૪૨ દોષ વગરની હોવા છતાં સાધુ ભ.ને શંકા પડે તો તે વહોરતા નથી તો આ રકમમાં કેમ કશું નથી વિચારતા ? પેલા સંમેલનવાળાના ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચમાં લઈ જવાના ઠરાવને ફાંસીને માંચડે લટકાવી દેવા માટે ભોગાર્ક અને પૂજાર્કની ચર્ચા કરતા પાનાઓ ભરી દેનારા તમે અહીં કેમ કશો વિચાર કરવા તૈયાર નથી થતા ? સત્યનો ઈજારો તમને જ મળી ગયો છે ? (હસી ના શકો, હું) સંમેલનવાળા તો તદ્ન ખોટા જ છે. પણ તેના આધાર પર/તેના જ રસ્તે ચાલનારા સ્મારકના સમર્થકો પણ ખોટા જ છે.

-છેલ્લે એક હસવાની વાત કરી દઉ.

પ.પૂ.આ.દે. ગચ્છાધિપતિશ્રીજીના કાળધર્મ બાદ પહેલી અને બીજી એમ બંને માસિક તિથિ વખતે એમના ફોટાનાં ગુરૂપૂજનની ઉછામણી બોલવામાં નથી આવી. જાણવા મળ્યા મુજબ તે તે દિવસના આગલા દિવસે તેમના પટ્ટધર શિષ્ય ગણાતા પૂ. ભવ્યરત્ન વિ.એ વડિલોને કહેલુ હતું કે-''જો તમે ગુરૂપૂજનની ઉછામણી બોલાવવાના હો તો તે દેવદ્રવ્યમાં જશે તેવી જાહેરાત કરશો. અને લઈ જજો. કેમ કે મારા ગુરૂજી તેમના પણ ગુરૂજીના પ્રમાણે જ જીવવાનું પસંદ કરતા હતા.'' આટલું તેમનું સાંભળ્યા બાદ અમદાવાદમાં કે પાલિતાણામાં ગુરૂપૂજનની ઉછામણી (ગચ્છાધિપતિના ફોટાનો) બોલાવવામાં આવી ન હતી. (ઉછામણી ના બોલાઈ તે શું સૂચવે છે ? હજી પણ ફોટાની ઉછામણી તેમને સ્મારકમાં જ લઈ જવાની ઈચ્છા છે. અને દેવદ્રવ્યમાં જાય તો વાંધો શું આવતો હતો કે જેથી દેવદ્રવ્યને આટલુ નુકશાન પહોંચાડ્યું.)

બસ હવે બહુ લખ્યું...

આ લખાણમાં કેટલીક વાતો ડાયરેક્ટ/કેટલીક

ાયા વાયા સ્મારકના સમર્થકો સાથે થઈ છે કોઈ એક જ વ્યક્તિ સાથે નથી થઈ જેની પણ આ લખાણનો વિરોધ કરવાની ભાવના હોય તે ખુશીથી કરે. અને લેખિત રીતે કરશે તો તેનો પણ પ્રતિકાર જરૂરથી કરવામાં આવશે. જો તે લખાણ શાસ્ત્ર વિરુદ્ધ હશે તો.

અહીં આ લેખથી સત્ય બહાર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. છતાં કોઈ ભૂલ જણાવાશે તો તે જરૂર વિચારણીય ગણાશે.

● સાર ગુરૂમૂર્તિ અંગેના ચડાવા સ્મારકમાં લઈ જવાનું નક્કિ કરનારના દ્રષ્ટાંત લઈને કોઈએ શાસ્ત્ર વિરુદ્ધ પ્રવૃત્તિમાં ઉતરવું નહિ.

● સ્વપ્ન દ્રવ્યના ૪૦/૬૦ ટકા ન જ કરાય.

● ક્ષયે પૂર્વા...પ્રઘોષ બધી જ તિથિ માટે છે.

● દ્રવ્યસપ્તતિકાનો ગુરૂદ્રવ્યનો પાઠ જીવિત ગુરૂ કે ગુરૂમૂર્તિ કે જેમાં ગુરૂતત્ત્વનું સ્થાપન કરાયુ છે) બન્નેને ધ્યાનમાં રાખીને છે.

● કાળધર્મનું મૃતકનું દ્રવ્ય અને ગુરૂમૂર્તિ અંગેનું દ્રવ્ય એ બંને એક છે જ નહિ. કાળધર્મ પછી મૃતકનું દ્રવ્ય તે ગુરૂતત્ત્વના વિસર્જન પછીનું દ્રવ્ય છે માટે જ તો તેનો સ્નાન/અગ્નિદાહ કરી શકાય છે અને ગુરૂમૂર્તિમાં તો ગુરૂતત્ત્વનું સ્થાપન/સર્જન છે: ભાવગુરૂના ગુણોની તેમાં સ્થાપના હોવાથી ભાવગુરૂનું અને ગુરૂમૂર્તિનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જિર્ણોદ્ધાર ખાતે વપરાય તેવા જ પ્રકારનું છે તેમાં કોઈ શંકા નથી (ગુરૂના વિરહમાં ગુરૂના મૃતકને નહિ ગુરૂની સ્થાપનાને ગુરૂ તુલ્ય ગણાવી છે.)

● ''ગુરૂની મૂર્તિની અષ્ટપ્રકારી પૂજા થઈ શકે છે જીવિત ગુરૂની નહિ.'' આવી વાતથી કોઈ ભરમાશો નહિ કેમકે ભગવાનની માટીની મૂર્તિને પક્ષાલ નથી કરાતો. તો ગુરૂની તેવી મૂર્તિને કેમ કરાય ?

ગુરૂમૂર્તિની અષ્ટપ્રકારી પૂજા થઈ શકે છે. જીવિત ગુરૂની નહિ. તે જ સિદ્ધ કરી આપે છે કે એક અપેક્ષાએ ગુરૂ કરતા ગુરૂમૂર્તિ મહાન છે. તો ગુરૂનું પૂજન દેવદ્રવ્યમાં જાય તો પછી તેની મૂર્તિનું કેમ નહિ ? તેને સ્મારકમાં વાપરવાનું સૂઝે જ શી રીતે ? ગુરૂ મૃતકની જેમ ગુરૂમૂર્તિને પણ સાધુ સાધ્વી વંદન કરે છે. સાક્ષાત હયાત ગુરૂને પણ વંદન કરાય છે. તો પછી ગુરૂ તથા ગુરૂમૂર્તિને અલગ ગણીને તેના દ્રવ્યને અલગ વાપરવાનું વિચારી પણ કેમ શકાય ?

એક વાત નવી જ જાણવા મળી કે - અભયશેખર વિ. નામના કોઈક સાધુમ. તેમની કોઈ ચોપડીમાં પૂજ્ય આ.દે.શ્રી રામચંદ્ર સૂ.મ. માટે તેઓ અસ્થિર મનના હતા ? એવા ભાવના શબ્દો લખ્યા છે. પણ હજુ સુધી કોઈ રામભક્તે તેનો વિરોધ નથી કર્યો કે તેની સામે પગલા નથી ભર્યા. અને બીજા કોઈ શ્રાવક કે સાધુ આમ લખે તો તેમના માથે માછલા ધોવાય છે.

એક શ્રાવકે તો એમ પણ કહ્યું કે - આ.શ્રી ભુવનભાનુ સૂ.મ. પાસે ગુરૂદ્રવ્યની રકમ દેવદ્રવ્ય સિવાય વૈયાવચ્ચમાં પણ વપરાય તેવો પાઠ હતો. પણ આ.દે.શ્રી રામચંદ્ર સૂ. માનતા ન હતા. તે ખોટા રસ્તે હતા એટલે હવે આ સ્મારકના મુખ્ય સમર્થકો અમારામાં આ. ભુવનભાનુ સૂ.માં ભળી ગયા છે. (આ શ્રાવકની કોઈ પણ સમીક્ષા ન કરીએ તો ય તે એટલુ સમજી શક્યા છે કે સ્મારકવાળાઓ હવે પૂ. ભુવનભાનું સૂ.ના પક્ષમાં ભળી ગયા છે. બાકી તેમની એક વાત તદ્ન ખોટી છે કેમ કે ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચમાં જાય તેવો કોઈ પાઠ જ નથી.)

એકવાર હું સ્મારકમાં ઉજમણી વખતે પહેલેથી છેક સુધી હાજર હતો. મેં એકવાર ગચ્છાધિપતિશ્રીને કહ્યુ કે - આપના નામની સહીની વાત ઉપર લોકોને વિશ્વાસ નથી બેસતો. ત્યારે તેમણે મને કહેલુ કે - જેમાં કોઈનું નામ નથી હોતુ તેમાં ચોક્કસ માણસનું નામ નક્કિ કરી લેવામાં આવે છે જેમાં ખરેખર નામ લખ્યું હોય છે તેમાં તેણે લખ્યુ હશે કે નહિ તેની શંકા કરવામાં આવે છે અને હવે તો લોકો મને ખુદને પૂછશે કે તમે જ મહોદય સૂરી. છો ને ? હું સહી કરતો હઈશ ત્યારે પણ મને પૂછશે કે તમે જ મહોદય સૂરી છો ને ? અત્યારે બુદ્ધિજીવીઓ (દલીલબાજો) વધી ગયા છે અને બુદ્ધિશાળીઓ ઘટી રહ્યા છે.

પૂ. આ.દે.શ્રી મહોદય સૂ. મહારાજાએ જાહેરમાં બોલવાનું તરાગતા આમ ખાનગીમાં લખાણ કેમ આપ્યું હશે ? તેનો જવાબ એ હોઈ શકે કે - પૂર્વના ગચ્છાધિપતિશ્રીની હસ્તગિરિનો રસ્તો બંધ કરવાની વાત કોઈએ ન માની તેમને ૨૦૨૦ના પટ્ટક કાઢતા અટકાવવા માં આવ્યા હતા. તો તેની આગળ તો મારી શું કિંમત છે ? એટલે લખાણ તો કદાચ વાંચી પણ શકાય. જાહેરમાં નહિ તો આ રીતે પણ વિરોધ કરી દેવો યોગ્ય જ હતો. માટે તેમ લખીને કર્યો.

મને કોઈએ પૂછ્યુ કે તમે પ્રગટ થયેલા પત્ર વ્યવહારને કેવો ગણો છો ? વજુદવાળો કે વજુદ વગરનો ?

મેં કીધુ - હું તો કોઈને ય પત્રવ્યવહારવાળા કોઈનેય રૂડા તરીકે માનતો જ નથી. અને પત્રવ્યવહાર તમારા સમુદાયનો છે અમારે શું ? અમારે તો તમારી સ્મારકની પ્રવૃત્તિ શાસ્ત્રીય છે કે નહિ તેની જ સાથે સંબંધ છે. બાકી યાદ રાખજો કે શાસ્ત્રીય માર્ગદર્શન ધરાવતા દરેક પત્ર મને જ નહિ ચતુર્વિધસંઘને માર્ગદર્શક રૂપ જ હોય છે તમને ખબર છે સેનપ્રશ્ન અને હીરપ્રશ્ન એ આવા જ પત્રોના જવાબોનો સંગ્રહ છે. (પોતાની અશાસ્ત્રીય વાતને સાચી ઠેરવવા કોઈ મહાપુરૂષના નામનો ઉપયોગ કરીને શાસ્ત્રીય સત્યને કચડી નાંખવાનો પ્રયાસ કરે તો તેવા લોકોની કરૂણા ચિંતવવા સિવાય મને કશું ઉચિત નથી લાગતું.)

પૂ. ગચ્છાધિપતિ શ્રી મહોદય સૂ. મ. એ દશ આચાર્યોની વચ્ચે કહ્યું જે છે કે આપણું નવું કંઈ કરવું નથી જે ચાલે છે તે બરાબર છે એ વાત દશે આચાર્યો આદિ જાણે છે અને પૂ.શ્રીને અમને સાંભળ્યા વિના બોલશો નહિ તેવું કહી સભા છોડીને પૂ.હેમભૂષણ સૂ.મ. ચાલ્યા ગયા તે પણ આ આચાર્યો આદિ જાણે છે એટલે પૂ. મહોદય સૂ.મ. એ ખાનગીમાં પણ કહ્યું નથી. એટલે જ ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા દ્રવ્ય અંગે તેમણે વારંવાર વાતમાં, મીટીંગમાં તથા ટપાલમાં આ એક અભિપ્રાય આપ્યો છે. એ સ્પષ્ટ વાતને પૂર્વગ્રહથી તેજ જે નહિ માને તે પૂ.શ્રી માટે સ્વ. ગચ્છાધિપતિ શબ્દ કઈ રીતે લખી શકશે ?

***

તપનો પ્રભાવ

(શ્રી ધર્મકલ્પદ્રુમ મહાકાવ્યમાંથી, પલ્લવ-૬)

"જેમ તારાનું તેજ હરવામાં સૂર્યલ અંધકારને દૂર કરવામાં ચંદ્ર, વનની વેલડીઓના વિનાશમાં હાથી, શીતને દૂર કરવામાં અગ્નિ, વરસાદને વિખેરવામાં પવન, પર્વતોનો નાશ કરવામાં વજ્ર, અપયશને દૂર કરવામાં દાન, ઝેરને દૂર કરવામાં મણિ, અને વ્યાધિમાત્રને દૂર કરવામાં અમૃત અમોઘ ઉપાય છે, તેમ વારંવાર સંસારમાં જન્મ લેનારા પ્રાણીઓના પાપને દૂર કરવામાં તપ અમોઘ ઉપાય છે. વિશુદ્ધિપૂર્વક તપેલો તપ ત્રિભુવનાધિપતિની પદવીરૂપ સૌભાગ્ય આપે છે, અદ્‌ભૂત રૂપ આપે છે, અનર્ગલ લક્ષ્મી આપે છે, કુંદનાપુષ્પ સમાન ઉજ્જ્વલ યશ વિસ્તાર છે, દેવ અને મનુષ્યોના સુખભોગ આપે છે તેમજ પ્રાંતે મોક્ષ સુખ પણ આપે છે. એવું આ જગતમાં શું છે કે જે તપ આપી શકતો નથી ? સર્વ આપે છે. તપના માહાત્મ્યથી પ્રાણિઓને સઘળા ય વાંચ્છિત અર્થોની સિદ્ધિ જેમ પૂર્વે શ્રી પુરૂષોત્તમ રાજાને થઈ હતી તેમ થાય છે."

શ્રી જિનેશ્વર દેવોએ કહેલો તપ કર્મરૂપી અરણ્યને બાળવાને દાવાનલ જેવો છે, અભિલાષાને પૂર્ણ કરવામાં કામધેનુ જેવો છે, દુષ્ટ એવા અરિષ્ટનો વિનાશ કરનાર છે, ગુણોને પ્રાપ્ત કરાવનાર છે, સૌભાગ્યની વૃદ્ધિ કરનાર છે, શ્રીમાન્ મુક્તિ અને નરેંદ્ર તેમજ દેવેંદ્રની પદવી પ્રાપ્ત કરાવવામાં સમર્થ છે. શાંત છે, કાંત છે અને અસંગતાને પ્રાપ્ત કરાવનાર છે."

સમાચાર સાર

દેહુ રોડ - પૂનાના આંગણે સહુ પ્રથમ વખત સપરિવાર ભાગવતી દીક્ષા મહોત્સવ

પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા. ની સત્પ્રેરણાને પામી ખેમચંદજી રામસીણાના પુત્ર મુમુક્ષુ કેશરીમલભાઈ પોતાની ધર્મપત્ની ચંદ્રાબાઈ, સુપુત્ર પ્રફૂલકુમાર તથા સુપુત્રી નિકીતાકુમારી સાથે મહાવીર પ્રભુએ આત્મ કલ્યાણ માટે બતાવેલ સંયમ માર્ગે સંચરવા કટિબદ્ધ થયા છે.

દીક્ષાના દાનવીર સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. તથા તેમના શિષ્યરત્ન અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રીની અદ્દશ્ય કૃપા દષ્ટિથી પૂ. પ્રવચન પ્રભાવક પૂ. ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા. આદિ ઠાણાની શુભનિશ્રામાં દેહરોડ-પૂનામાં સહ પ્રથમવાર ભવ્ય સમારોહ સાથે આ ભાગવતી દીક્ષા મહોત્સવ ઉજવાશે. તા. ૩૧-૧-૨૦૦૩ થી ભવ્ય મહોત્સવના મંડાણ થશે.

તા. ૫-૨-૨૦૦૩ ના શુભ દિવસે ચારેય મુમુક્ષુઓ જીવનની અસારતાને બતાવનાર વર્ષીદાન આપશે. અને બીજા દિવસે તારક તીર્થંકર પરમાત્માએ બતાવેલ ભાગવતી દીક્ષા અંગીકાર કરશે.

મહોત્સવ દરમ્યાન પૂજ્યશ્રીના હૃદયસ્પર્શી પ્રવચનો થશે. પૂજ્યશ્રી દ્વારા હિન્દી ભાષામાં આલેખિત ૯૩મું પુસ્તક 'મહાસતિઓ કા જીવન સંદેશ'નું ભવ્ય વિમોચન થશે. અનેક સુપ્રસિદ્ધ સંગીતકારો પ્રભુભક્તિની રમઝટ જમાવશે.

દેહરોડ જૈન સંઘમાં સહુ પ્રથમ વખત આ ભાગવતી દીક્ષા મહોત્સવનો આયોજન હોવાથી સકલ સંઘમાં ખુબ જ ઉત્સાહ અને ઉલ્લાસ છે.

આજે જ્યારે આખી દુનિયા ભોગ-વૈભવ અને વિલાસિતામાં સુખ જોઈ રહેલી છે અને ધનની પાછળ દોટ મુકી રહેલી છે. ત્યારે આવા નરબંકાઓ ભગવાન મહાવીરે બતાવેલ સંયમના માર્ગે સંચરવા તૈયાર થયા છે. આ દશ્ય જોઈને હજારો પાંપણો હર્ષના આંસુઓથી ભી ભીની થઈ ગએલી છે.

ધન્ય મુમુક્ષુ ! ધન્ય દીક્ષાર્થી !!

✻ **:: ડોળીયા :** અત્રે જૈન ભોજન શાળાના દાતાઓના સહકારથી તૈયાર થતા તેનું ઉદ્ઘાટન તા. ૨૧-૧૨-૨૦૦૨ ના રાખેલ છે.

ભોજનાલયના મુખ્ય દાતા રામજી ભાઈ મારુ, નેમચંદભાઈ મારું, હોલના દાતા મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા- રાજકોટ. રસોડાના દાતા શિવલાલ ભુદરભાઈ શાહ, સ્ટોરના દાતા રાયચંદ પ્રેમચંદ શાહ, વોશીંગ અને સ્કલનીંગના દાતા શાહ જગ જીવનભાઈ જીવરાજભાઈ ભાડલાવાળા.

શ્રી દીપચંદ ભાઈ ગાર્ડી તેમજ અમૃતલાલ દામોદર, ઝવેરચંદ દેવરાજ ગુઢકા વિ. પધારશે.

✻ **ધુલીયા :** અત્રે સેભત ટાવર ખાતે ભવ્યચંદ્ર વિજયજી મ. ની નિશ્રામાં બલસાણા તીર્થનો છ'રી પાલક સંઘ કારતક વદ-૫ ના નિકળ્યા. માળારોપણ કારતક વદ ૧૦ ના ઠાઠથી થયું.

✻ **ભાયંદર :** અત્રે પૂ. આ. શ્રી વિજય કુલચંદ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી સીમંધર સ્વામી જિનાલય તથા શ્રીપાર્શ્વ પ્રેમ આરાધના ભવનનું શિલાસ્થાપન કારતક વદ ૫ ના ઉત્સાહથી થયું હતું.

✻ **નવસારી :** અત્રે પૂ. મુ. શ્રી પદ્મભૂષણ વિજયજી મ.તેમણી પદપ્રદન તથા રેખાબેન જયુભાઈ ગાલાની દીક્ષા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કાનજીવાડી સ્થળે ઠાઠથી કારતક વદ ૧૦ ના થયા.

✻ **સોલાપુર :** અત્રે અરિહંત એપાર્ટમેન્ટમાં પૂ. મુ. શ્રી પુણ્ય રક્ષિત વિજયજી મ. ની નિશ્રામાં આદિનાથ જિનાલયની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે શાંતિસ્નાત્ર આદિ

પંચાહ્નિકા મહોત્સવ કારતક વદ ૬ થી કારતક વદ ૧૦ સુધી સુંદર રીતે ઉજવાયા.

* **શંખેશ્વર :** અત્રેથી પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સિદ્ધગિરિ મહાતીર્થનો સંઘ માગશર વદ ૬ થી નીકળીને પોષ વદ ૯ ના માળ થશે. પૂ. આ. શ્રી ની તબીયત અનુકૂળ ન હોવાથી તેઓશ્રીના શિષ્યો નિશ્રા આપશે.

* **કાલેર :** અત્રે શાહ જેઠાભાઈ સામત પરિવાર તરફથી નૂતન જિનમંદિર તથા ઉપાશ્રયોનું ખાત મુહૂર્ત પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ના શિષ્ય પ્રવર્ત્તક પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભા શ્રીજી મ. આદિની નિશ્રામાં કારતક વદ ૧ ના ઉત્સાહથી થયું. મહેશભાઈ પંડિતજી વિધિ માટે આવ્યા હતા.

* **શ્રી વિરમગામ જૈન સંઘમાં વરસી છે ગુરુજીની મહેર :** જિન શાસનનના શણગાર સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય- શિષ્ય પર્યાય સ્થવિર પૂજ્ય મુનિપ્રવર શ્રી શાંતિભદ્રવિજયજી મ. સા. તથા પૂજ્ય મુનિરાજ શ્રી યશકીર્તિવિજયજી મ. સા. નું વિ. સં. ૨૦૫૮ નું અભૂતપૂર્વ ચાતુર્માસ સંપન્ન થતાં જ ફરી વિ. સં. ૨૦૫૯ નું ચાતુર્માસ વિરમગામ માં જ કરવા સંઘે કરેલી ભાવભરી વિનંતિનો ગુરુદેવે સ્વીકાર કર્યો છે. અને શ્રી સંઘના જબરજસ્ત પુણ્યોદયે નૂતન શ્રી શાલીભદ્ર આરાધના ભવનના ઉદ્ઘાટન સાથે 'શ્રી શાલીભદ્ર આરાધના ભવન'ના પ્રેરક ગુરુદેવનું પ્રથમ ચાતુર્માસ એ આરાધના ભવનમાં સંપન્ન થશે એ શ્રી સંઘ માટે વિશેષ આનંદની વાત બની છે.

અત્યંત હર્ષોલ્લાસના વાતાવરણમાં કા. સુ. ૧૫ બુધવારના જય બોલાવવામાં આવી છે. અને આ ચાતુર્માસ નિર્ણયથી શ્રી વિરમગામ સંઘના ઘર-ઘરમાં આનંદ છવાયો છે.

* **પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ના ગુણાનુવાદ :** શ્રી દેવકરણ મુલજી જૈન દહેરાસર મલાડ (વેસ્ટ) પૂ. ગણિવર્ય શ્રી યુગ ભૂષણ વિજયજી (પંડિત મ.) નું ચોમાસું છે.

પંડીત મ. સા. ની સાનિધ્યમાં અષાડવદી ૧૪ના સ્વ. પૂ. આચાર્ય ભગવંતની (સ્વર્ગ આરોહણ) કાળધર્મ તિથિના દિવસે સ્વ. પૂ. આચાર્ય ભગવંતના ગુણઅનુવાદ કરવાનું આયોજન રાખેલ અને તે દિવસે નીચે પ્રમાણે શુભકરણી કરેલ. ગુણઅનુવાદ સભામાં માણસોની હાજરી ઘણી હતી. વિશાળ ઉપાશ્રય ચીક્કાર થઈ ગયેલ. જયારે નમલતાં ઉભા ઉભા સાંભળનારની સંખ્યાપણ ઘણી હતી. તે દિવસે કરેલ શુભકરણી.

* પ્રભુજીને ભવ્ય આંગી.
* વહેલી સવારે દહેરાસરમાં 'ભક્તામર સૂત્ર'નું પઠન.
* તેમાં હાજર આરાધકોને રૂા. ૫=૦૦ ની પ્રભાવના.
* સ્વ. પૂ. આચાર્ય ભગવંતનો ફોટો ઉપાશ્રયમાં રાખેલ.
* સ્વ. પૂ. આચાર્ય ભગવંતના ગુણઅનુવાદના લગ્નો સંગીત સાથે ગીતો.
* જુદા - જુદા ગૃહસ્થો તરફથી કુલ ૧૧ મોટા જીવ કતલખાનેથી છોડાવ્યા.
* એક ધાનના આયંબીલ કરાવેલ આયંબીલ કરનારને રૂા. ૫ ની પ્રભાવના.
* સાધર્મીક ભક્તિરૂપે સાધારણ માણસોને ૦૫ કીલો મોન્થારના પેકેટ કુલ ૧૫૦ પેકેટ આપ્યા.
* નવજીવન સોસાયટી, ગ્રાન્ટ રોડ, મુંબઈથી શ્રી જયપ્રકાશભાઈ આવેલા. એમને સ્વ. આ. ભ. ના અસંખ્ય ગુણો બોલી ગુણઅનુવાદ કરેલ.
* ગોરેગાંઉ વાળા નટુભાઈએ વિવિધ પદવીઓની ઉપમા આપી જે બોલાવેલ. પછી પૂ. પંડિત મ. સા. એ ગુણઅનુવાદ રૂપે વ્યાખ્યાન આપતાં એટલો બધો ભાવ હતો કે શ્રોતાઓને સાંભળતા આંખમાં આસુ આવી ગયા.

મલાડ દેવકરણ મુલજી જૈન દેરાસર એક તિથિ આરાધક છે. તે સ્થળે આપણા આચાર્ય ભગવંતના કાળધર્મ તિથિએ ગુણાનુવાદ સભાનું આયોજન થાય તે આપણે ગૌરવ લેવા જેવું છે. પણ આ થવામાં પૂ. પંડિત મ. સા. ને એકતિથિના આરાધકો શ્રધ્ધાથી બહુ જ માને છે. પૂ. પંડિત મ. સા. ના વ્યાખ્યાનમાં સ્વ. આ. ભગવંતે આપણા ઉપર કેટલો ઉપકાર કર્યો છે તે વિષયતો આવે જ.

પૂ. પંડિત મ. સા. ના ચોમાસાના ચાર મહીનાના વ્યાખ્યાનમાં શ્રોતાઓની સંખ્યા હજી સુધી એ ઉપાશ્રયે થઈ નથી તેટલી મોટી સંખ્યામાં હોય. મહીનાના દરેક રવિવારે શીબીર હોય દરેક માણસની સાધર્મીક ભક્તિ થાય સંખ્યા ૧૦૦૦ આસપાસ હોય શ્રી જગવલ્લભપાર્શ્વનાથ દેરાસરના આરાધકો કહે છે અમે આવાં તત્વ ચિંતન વ્યાખ્યાન કોઈ દિવસ સાંભળ્યા નથી. સવારે નવ વાગે ઉપાશ્રય પહોંચીકાર હોય આ ગુણઅનુવાદની સભાએ કરેલ વિવિધ શુભ પ્રવૃતીઓના ખર્ચમાં ભાગ લેનાર પ્રાણલાલ છગનલાલ શેઠ, શ્રી જયંતિલાલ માણીલાલ મહેતા, શ્રી વિશુભાઈ રવજીભાઈ છેડા, શ્રી જયંતિભાઈ મારવાડી - માટુંગાવાળા, તથા શ્રી દેવકરણ મુલજી પેઢીએ ભાગ લીધેલ. શ્રી ભગવાનજીભાઈ છેડા એકધાનનાં આયંબીલ શ્રી બાબુભાઈ ભગતે લીધેલ ચાતક પક્ષી વરસાદની રાહ જુવે તેમ આરાધકો પૂ. શ્રી પંડીત મ. સા. સ્વ. આચાર્ય ભગવંતના સંઘાડામાં ફરી સામેલ થાય એ જ.

– પ્રાણલાલ સી. શેઠ–મલાડ.

દિવ્ય દેશના

(શ્રી ધર્મકલ્પદ્રુમ મહાકાવ્યમાંથી, પલ્લવ-૮)

''ભો ભવ્યો ! સુમનુષ્યપણું, સુકુળ, સુરૂપ, સૌભાગ્ય, આરોગ્ય, લાંબું આયુષ્ય, ઋદ્ધિ, સમૃદ્ધિ, વિસ્તારવાલી કીર્ત્તિ-આ બધી ચીજો જીવોને પુણ્યના ઉદયે પ્રાપ્ત થાય છે. સુસ્વાદુ-સુગંધી એવા મોદક, દૂધ-દહીં, ઈક્ષુરસ, શાલીનું ભોજન, દ્રાક્ષ, પાપડ, સાકર અને ઘીથી યુક્ત ખાદ્ય પદાર્થો સ્વર્ગીય ભોજન સમાન ખાવાથી, આ શરીરના સંયોગથી અંતે અશુચિપણાને પામે છે. આવી અપવિત્ર, અશુચિમય કાયાને જેઓ પવિત્ર શુચિમય માને છે તે મોહાંધ જાણવા. જ્યાં સુધી જિનવાણી રૂપ મંત્રો હૃદયમાં સ્થિર નથી થતા ત્યાં સુધી મદન-કામ રૂપી અગ્નિ જીવોને અત્યંત બાળેછે, કુગ્રહ-કદાગ્રહો જીવોને ભમાવે છે, તૃષ્ણા રૂપી રાક્ષસી છળે છે. માટે નિરંતર જિનવાણીનું પાન કરી આત્માને બચાવવો જોઈએ. ''લક્ષ્મી જળના તરંગો જેવી ચપલ છે, રૂપ સંધ્યાના રંગ સમાન ક્ષણિક છે, બળ ધ્વજના છેડા જેવું ચંચલ છે, આયુષ્ય વિજળીની લતા જેવું અસ્થિર છે''-આ પ્રમાણે જાણીને સુજ્ઞ-વિવેકીજનોએ મહાપુણ્યોદયે મળેલા આવી ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવને સફળ કરવો, પ્રમાદને દૂરથી તજી દેવા અને ધર્મને વિષે જ સતત ઉદ્યમ કરવો જોઈએ. ઉત્તમ પુરૂષો પોતાના દ્રવ્યનો સાત ક્ષેત્રોમાં વ્યય કરે છે અને અધમ મનુષ્યો સાત વ્યસનમાં રક્ત થઈ તેમાં વ્યય કરે છે.''

કવિરત્ન હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના

પટ્ટધર, પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. ગુરુદેવ આ. શ્રી વિજય જિનેન્દ્ર

સૂરીશ્વરજી મ. ની કૃપાથી જૈન જગતને જાગૃત રાખતા, સ્પષ્ટ પ્રસમણા કરતા

શ્રી જૈન શાસન અઠવાડિક







સાધુ-સાધ્વી પણ કેટલું કષ્ટ ભોગવે છે ?

આ યુગે આપણા ભલાને માટે પણ એથી એ વિચારવા જેવું છે કે, આપણે ધર્મ માટે કેટલા કષ્ટ વેઠીએ છીએ ? ધર્મ માટે વેઠેલું કષ્ટ, કષ્ટ માત્રને કાઢનારું છે, એમ આપણે બોલીએ તો છીએ, પણ ધર્મ કરવાનું મન કેટલું છે ? અને જે ધર્મ કરતા હોઈએ, તેમાં પણ કષ્ટ વેઠવાનું મન કેટલું છે ? આ વાત માત્ર તમારા માટે જ છે એવું નથી, સાધુ-સાધ્વીએ પણ આ વાત વિચારવા જેવી છે. ***સાધુ-સાધ્વીએ તો એકલો ધર્મ જ કરવાનો હોય ને ? એ તો કષ્ટ વેઠવા એ લે કે કષ્ટ સહીને પણ ધર્મ કરવા જ નીકળેલાં છે ને ? પણ આજે મોટે ભાગે સાધુ-સાધ્વી પણ ધર્મ માટે કષ્ટ ઓછું સહન કરતાં જણાય છે. ન છૂટકે વેઠવું પડે એટલું કષ્ટ વેઠે, લગભગ નામનું ગણાય તેમ કષ્ટ વેઠે, પણ એના બદલામાં એ સુખ કેટલું બધું ભોગવે છે ?***

આ પણ કપરા ગણાતા કાળમાં પણ ભગવાનનાં સાધુ-સાધ્વીને સુખ ઓછું મળે છે ? વિચારનારને તો લાગે કે, આપણે આ ધર્મના નામે સુખ જેટલું ભોગવીએ છીએ, તેના કરતાં દુઃખ ઘણું ઓછું ભોગવીએ છીએ ! કદાચ આપણે દુઃખ વેઠી શકતા ન હોઈએ, દુઃખ નામનું વેઠતા હોઈએ ને સુખ કદાચ, ઘણું ભોગવતા હોઈએ, તો પણ તેનું આપણને ભાન તો હોવું જોઈએ ને ? પોતે પોતાને તો ઓળખે ને ? સાધુ થઈને હું આ સાધુપણાના યોગે મને કેટલું સુખ કેટલું ભોગવું છું અને સાધુ તરીકે ધર્મ માટે દુઃખ હું કેટલું ભોગવું છું ; એની ચિન્તા તો રહેવી જોઈએ ને ?

જયંતિલાલ દેવશી ચંદરીયા

Biren I. Shah

Mukesh Agarbatti Works
Ridhi Sidhi Enterprises
Mukesh Enterprises

Manufacturers of Quality Raw Agarbathies

Ph. : (O.) +91-821-494003 / 491664
(R.) +91-821-494472
Mobile : +91-9844110065
E-mail : birenjshah1978@yahoo.com

#3/A, Opp. Halimnagar, 'C' Layout, Bannimantap,
Mysore - 570015, Karnataka, INDIA.

પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

* મોક્ષના આરાધકને ધર્મ એવો કોલ આપે છે કે, જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી સહાયક થવા હું બંધાયેલો છું, ત્યાં સુધી હું ઊંચી જાતના સુખો આપીશ, અને તેમાં લેપાયા વિના તું ધર્મમાં આગળ વધતો રહે, એની પૂરી તકેદારી પણ હું રાખીશ. સુખમાં હું તને લીન નહિ બનવા દઉ અને દુઃખમાં તને હું દીન નહિ બનવા દઉ. આપણે સાચી રીતે આરાધના કરીએ, તો ધર્મ આ કોલ પાળવા બંધાયેલો જ છે.

* મૈત્રી ભાવના કઈ સામાન્ય ચીજ નથી. એમાં જીવોને સંસારમાંથી મુક્ત કરીને મુક્તિમાં પહોંચાડવાની ભાવનાને સ્થાન છે. મૈત્રીને ભાવનારો એવી ભાવના ભાવે છે કે, કોઈ જીવો પાપ ન કરો અને કોઈ જીવો દુઃખી ન બનો. પણ એ આ સંસારમાં અશક્ય જેવું છે. માટે જે આગળ જતા એવી ભાવના ભાવે છે કે, આખું જગત કર્મથી મુક્ત બનીને મોક્ષ પામે. આ જાતની ભાવના એ સાચી મૈત્રી ભાવના છે.

* તમે ઘણીવાર કહો છો કે, સાહેબ ! અહીં વ્યાખ્યાનમાં બધું સમજાય છે, પણ અહીંથી બહાર જતા જ એ સમજણ ચાલી જાય છે ! તમારી આ ફરિયાદ સાંભળીને અમને એમ કહેવાનું મન થાય છે કે, અહીં પણ તમે સમજતા જ નથી. અહીં જો બરાબર સમજ્યા હો, તો બહાર જતા એ સમજણ કઈ રીતે ચાલી જાય ? સમજણ નામ જ એનું છે કે, જે ચોવીસે કલાક સાથે રહે. સાપ કરડે, તો મરી જવાય. આ સમજણ તમારામાં છે, તો તમે ભર ઉંઘમાંય સાપનું નામ પડતા જ જાગીને ભાગી છૂટો છો. ધર્મના વિષયમાં આવી પાકી સમજણ તમારામાં હોય, તો એ કદી ચાલી જાય નહિ.

* આજે ભારત દેશ ભૌતિક દૃષ્ટિએ ય આગળ વધેલો લાગતો નથી. હજારોમાં એક માણસ લૂંટારો બનીને લાપસી ખાય અને ૯૯૯ ભૂખ્યા મરે, એવા દેશને પ્રગતિશીલ દેશ કેમ કહેવાય ? શું ભારતની ભૌતિક-પ્રગતિ આલિશાન બંગલાઓ અને ડામરની સડકોમાં જ સમાયેલી છે ? આ પ્રગતિને શું ગરીબોની સાથે કોઈ જ સંબંધ નથી ?

* તમારી પાસે દાન કરાવવુ હોય, તો સાધુઓએ એ જ સમજાવવું જોઈએ કે, દાનથી બંધાતા પુણ્યમાં એવી તાકાત છે કે, એથી પરિગ્રહની મમતા ઉતરતી જાય ! પરંતુ આજે ઘણાને એવી વાત સમજાવવી પડે છે કે, આપશો તો અનેકગણું પામશો ! આ તો લાલચ થઈ. આવું દાન ક્રિયા બને, ધર્મ નહિ.

* પુણ્યના યોગે મળેલી લક્ષ્મી અસલમાં ભૂંડી છે. એનો ભોગવટો પાપ છે, એનો સંગ્રહ તો મહાપાપ છે. એનો જે કોઈ સદુપયોગ હોય, તો તે ધનની મૂર્છા ઉતારવાના ઉદ્દેશથી કરાતું દાન છે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેકસી કિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
20/02/03

9515

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૫

અંક ૧૫

આજ્ઞા પાલનમાં જ ધર્મ

इति खलु आणा बलिया,
आणा सारो य गच्छ वासो उ।
मोतुं आणापाणुं,
सा कज्जा सव्वहिं जोगे ॥

(શ્રી વ્યવહાર, ભાષ્ય, ગા. ૨૦૭૪)

ભગવાન શ્રી જિનેશ્વર દેવોની પરમતારક આજ્ઞા જ બળવાન છે. આજ્ઞાનો સાર છે. ગચ્છમાં - ગુરૂકુલવાસમાં, સદ્‌ગુરુ ની નિશ્રીમાં- રહેવું. માત્ર શ્વાસોશ્વાસની ક્રિયાને છોડીને બીજા બધા યોગનું પાલન આજ્ઞા પૂર્વક કરવું જોઈએ.

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005



જુઓ, અ બને તેટલી સાવચેતી તો રાખી જ છે પણ છતાંય.. તમને વિશ્વાસ ન બેસતો ય તો...દૂધ -પૌંઆ ખાઓ જ નહિ. મેથીના ગોટા પર જ હાથ મારો સમજ્યા ? ટલે કોઇ ચિંતા જ નહિ.
Sir ... have taken proper care & if you still don't belive ... Dahi & eat only the Bhajyas



પણ પૂજારીજી !..... રામભક્તોમાં આમ બે ભાગલા પાડવાની સલાહ તમને કોણે આપી ? હે ? વિરોધપક્ષના કોઇએ તો તમને આવા ગેરમાર્ગે દોર્યા નથી ને ! ચાલો નીચેનું પાટિયું જલ્દીથી કાઢી નાંખો.
Panditji... Who told you to put such boards & devide Ram devoter. I think the opposition told you this, so remove the boar



...ય મંત્રીના ચાહક છો એટલે "ક્લીન શેવ" ને બદલે હવે દાઢી-મૂછ ...ખો તે તો બરાબર... પણ જુના ઝભ્ભાઓની બાંય અડધી... ને ...ી મોરી સાંકડી કરી આપવા કહો છો એ કેવું ? હેં !
... are a ... ce lover of Narendra Modi so you have put beard & ... wear kurta of half sleeve & payjama bottom



પપ્પા ! "હોમવર્ક"માં પ્રશ્ન છે કે 'ત્રાસવાદનો નાશ કરવા અમેરિકા આટલા દૂર રહીને પણ દુશ્મન પર હુમલા કરે છે તો ભારત આટલું પાસે હોવા છતાંય ધમકીઓ આપવા સિવાય કોઇ કડક પગલાં કેમ નથી ભરતું ?" તો શું જવાબ લખું ?
Daddy their is on question in hte homework that america can attack from far their then why we only give ultimatam's instead attacking being so near ?

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૭) * સંવત ૨૦૫૯ મહા વદ ૨ * મંગળવાર, તા. ૧૮-૨-૨૦૦૩ (અંક ૧૫

પ્રવચન
અદ્ભાવનમું
પ્રકીર્ણક ધર્મોપદેશ

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

સં ૨૦૪૩, આસો સુદિ-૨ , શુક્રવાર, તા. ૨૫-૯-૧૯૮૭
શ્રી ચંદ્રનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૬.

પૂ.આ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ...

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અવ૦)

सुनिउण मणाइणिहण भूयहियं भूयभावणमहग्घं ।
अमियम जेयं महत्थं महाणुभावं महाविसयं ॥

જ્ઞાની કહે છે કે, દુનિયાની ચીજોની મોજ-મજા તમને દુર્ગતિમાં લઈ જશે તો તે વાત તમને બેસે છે? દુનિયાના સુખ અને તેનું સાધન પૈસો કયાં લઈ જાય? ભગવાનની આજ્ઞા નહિં સમજો તો આ બધું નહિં સમજાય. તમે રોજ મંદિર જાવ છો, અહીં આવો છો તો તમારી શી ઇચ્છા છે? આ બધા સુખથી છૂટાય નહિ, દુઃખ વેઠવાની તાકાત ન આવે તો આ સંસાર છૂટવાનો નથી અને મોક્ષ મળવાનો નથી. કદિ સાચો સુખી થવાનો નથી, દુઃખી, દુઃખી ને દુઃખી જ રહેવાનું છું - આ વાત હૈયામાં છે? ભગવાનને માનનારા સંસારને કેવો માને? જે ભગવાનને માને, સાધુને માને, દર્શન-પૂજન કરે, સામાયિક-પડિક્કમણું કરે, પણ જો તેને એમ ન થાય કે - આ પાંચે ઈન્દ્રિયોનું સુખ મને ભૂંડું ન લાગે, તેનો લોભ નહિ છૂટે, તેમાં જ મજા આવે તે પાપ કરું છું તેમ ન લાગે તો મારે દુઃખી જ થવાનું છે - આ વાત બેસે છે? 'ઘરમાં રહેવાની, પેઢી ચલાવવાની, મોજ મજા કરવાની આટલી બધી ઇચ્છા કેમ થાય છે? ધર્મ કરવાની તાકાત છતાં ધર્મ કરેવાનું મન કેમ થતું નથી? અમે કેટલા બધા પાપી હોઈશું' - તેમ તમને થાય છે? 'આજ સુધી મને સાધુપણું ન મળ્યું, હજી તે મેળવવાની ઇચ્છા પણ થતી નથી તો હું કઈ જાતનો જીવ છું' - તેવો પણ વિચાર આવે છે? આજ્ઞા સમજે તો આ બધા વિચારો આવે.

આજ્ઞા સમજવા શ્રુતનું શરણ લેવું પડે. કેવલજ્ઞાનીને પણ સમજાવવા માટે શ્રુતનો આધાર લેવો પડે. તેના બળે જ શાસન ચાલે છે. પણ આજ્ઞા સમજવાની મહેનત કેટલા કરે?

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્મા થયા, તેમાં એક એવા થયા જેમણે દીક્ષા લીધી ન હોય! બધા જ ભગવાને સંસાર ભૂંડો કહ્યો, છોડવા જેવો કહ્યો છતાં ય 'હજી મને છોડવા જેવો કેમ લાગતો નથી' તેમ થાય છે? આ સંસાર છોડવા જેવો

છે? અમે છોડ્યો તે ભૂલ કરી છે? સાધુને હાથ જોડો તો ઝટ સાધુ થવાનું મન ન થાય? ભગવાનની પૂજા કરો તો તે સાધુ થવા કે ન થવા? 'ભગવાનના દર્શન કરવા છતાં ય ભગવાન થવાનું મન થતું નથી, ભગવાનની પૂજા કરવા છતાં ય સાધુ થવાનું મન થતું નથી, સાધુની સેવા-ભક્તિ કરવા છતાંય સાધુ થવાનું મન થતું નથી, ધર્મની ક્રિયા કરવા છતાંય ધર્મ પામવાનું મન થતું નથી, ધર્મ સમજવાનું મન થતું નથી, પાપ કરતી વખતે દુઃખ થતું નથી. આનાથી સારામાં સારૂ પુણ્ય થાય તેમ જાણવા છતાં ય પૂણ્ય કરવાનું મન થતું નથી, મારૂં થશે શું?' - આવા વિચાર આવે છે?

તમને પુણ્ય કરવાનું મન થાય છે? પુણ્ય પણ શા માટે કરો છો? ધર્મની બધી જ સારામાં સારી સામગ્રી મળે, ધર્મ કરી શકું તેવું શરીર મળે, ધર્મના જ વિચાર કરી શકું તેવું મન મળે, ધર્મની વાત વિના બીજી વાત જ ન ગમે, આવી ઈચ્છા થાય છે? સંસારની જે જે પ્રવૃત્તિ કરૂં તે બધો અધર્મ છે, તેનાથી દુર્ગતિ થવાની છે - આ વાત તમને કોઈ રીતિએ સમજાય તેવી છે? પરલોકને માને નહિ તેને જ્ઞાનિઓએ નાસ્તિક કહ્યો છે. પરલોકમાં સ્વર્ગ અને નરક માનો? તમે પાપ મજ્જેથી કરો કે ધર્મ? આટલો અધર્મ કરે, પાપ મજ્જેથી કરે, મરીને મારૂં શું થશે તેની ચિંતા પણ ન થાય તે કેવા કહેવાય? ચક્રી પણ નરકે ગયા. કોણ? મરતાં સુધી ચક્રીપણું ન છોડ્યું તે! ચક્રવર્તી પણ જો નરકે જાય તો તમે સ્વર્ગે જવાના?

પ્ર - ચક્રવર્તીએ શો ગુન્હો કર્યો કે નરકે ગયા?

ઉ - મરતા સુધી આ બધું ન છોડ્યું તેમાં જ મજા માની તે.

પ્ર - તેમને મહારંભનું પાપ હશેને?

ઉ - મરતા સુધી ય ન છોડે, છોડવા જેવું ન માને તો હોય. પણ તમે બધા મોટો આરંભ નથી કરતા તે શક્તિ નથી કે ભાવના નથી? ભીખારી પણ સાતમીએ જાય. તમારે કેટલા પૈસા જોઈએ છે? મળતાં નથી માટે કે ઈચ્છા નથી માટે નથી? હૈયાથી તો બધા મહારંભી અને મહાપરિગ્રહી કહેવાયને?

તમે બધાએ નિર્ણય કર્યો છે કે - આજીવિકા જેટલું મળે તો વધારે કમાવવું નથી. મરતા સુધી પૈસાદિ માટે વેપાર- ધંધાદિ કરે, અનીતિ આદિ પણ મજ્જેથી કરે, તેમ કરતો કરતો મરે તો કયાં જાય? દુર્ગતિમાં. તમારે દુર્ગતિમાં જવું છે? ન જવું હોય તો પાપ મજ્જેથી કરે તો જવું જ પડેને? તમે બધા પાપ મજ્જેથી નથી કરતાંને? સારા માણસ કહેવરાવીને ગમે તેમ જીવો, ગમે તેને ઠગો, ચોરી ય કરો, જૂઠ પણ બોલો, પૈસા જેટલા મળે તેટલા ઓછા લાગે તો તે ખરાબ લાગે છે? જે હોય તે હૈયું ખોલીને બોલો. અમને સારા માનતાં હો તો અમારા જેવા થવાનું મન થાય છે? મોટા શ્રીમંતને જૂઓ તો તેના જેવા થવાનું મન થાયને? સાધુપણું પળે નહિં માટે સાધુ નથી થતા કે સાધુ થવું જ નથી માટે નથી થતાં? તમારે શ્રી અરિહંત પરમાત્મા કે શ્રી સિદ્ધ પરમાત્મા નથી થવું? નવકારનાં પહેલાં બે પદ બોલનારો શ્રી સિદ્ધ પરમાત્મા થવાની ઈચ્છા વગરનો હોય તો તેને શ્રી નવકારને માન્યો કહેવાય ખરો? શ્રી નવકાર મહામંત્ર મળે તે ભાગ્યશાલી જીવે છે પણ ગમે કોને? તેમાં જે પાંચને નમસ્કાર કરો તેમાંથી પણ એક પણ થવાનું મન છે ખરૂં? હું શ્રી અરિહંત પરમાત્મા થાઉં, શ્રી સિદ્ધ પરમાત્મા થાઉં? સાધુ થાઉં- તેમ મન થાય છે ખરૂં? આવું મન ન થાય તેને નવકાર મળ્યો કહેવાય પણ ગમ્યો ન કહેવાય! દુનિયાના સુખીને જોઈને સુખી થવાનું મન થયા વિના રહે નહિં - આ તમારો કયો ગુણ? રાજા બનાવે તો ગાદી ઉપર ન બેસો? કોઈ મોટામાં મોટી ધીકતી પેઢી સોંપી દે તો ના પાડો? હું સાધુપણું આપવા માંગું તો લઈ લો!!

સુનિપુણ આજ્ઞાની વાત સમજાવી રહ્યો છું. શાસ્ત્રે જે વાત કહી તે મગજમાં બેસે તો આજ્ઞા સમજ્યા કહેવાય. સમજ્યા પછી તેની જ ચિંતા ચાલે. દુનિયાનું સુખ અને સુખ સંપત્તિ વિના ચાલે નહિં તે વાત કેવી બેઠી છે? તે વાત બેસાડવા જે પાપ જોઈએ તે પાપ તમારી પાસે છે. અવિરતિ મજ્જેથી લાગે છે, કષાયોથી સળગ્યા કરો છો તેથી મિથ્યાત્વ મજ્જેથી મહાલે છે. ઘર છોડવા જેવું જ છે તેમ લાગ્યું છે? પેઢી પણ છોડવા જેવી છે તેમ લાગે છે? આજીવિકાનું સાધન હોય તો પેઢી કરવા જેવી નથી,

ઝાઝા પૈસા હોય તો ઘણી ઉપાધી થાય માટે ઝાઝા પૈસા કરવા નથી- આમ પણ થાય છે?

આજે જગતમાં અર્થ- કામને માટે ઉપાધિ ચાલે છે. જગતમાં કોર્ટો શાને માટે છે? માણસ જેવા માણસ ગુના કરનારા પાક્યા માટે જેલો ઓછી પડે છે. ખાવાના વલખા પાક્યા માટે ડૉકટરો નકામા થયા. આજ્ઞા સમજે તે બધા બધે જ સુખી થઈ જાય. ભગવાને જે આજ્ઞા કહી, શ્રી ગણધર ભગવંતોએ ગુંથી અને સુવિવાહિતોએ જગતના જીવોને સમજાવી. રોજ સાંભળવા છતાં ય બેસતી કેમ નથી તેમ થાય છે? તે ન બેસે તો કશું ન કરી શકીએ. 'સાધુ જ થવા જેવું છે, સંસારમાં રહેવા જેવું નથી' આમ પણ થાય ને? ભગવાન ખોટું કહી ગયા છે? સદ્‌ગુરૂઓ ખોટુ સમજાવે છે? શાસ્ત્રમાં ખોટું કહ્યું છે? શાસ્ત્રની વાત ગમે છે કે નથી ગમતી? શાસ્ત્રની વાત નથી ગમતી તો દુર્ગતિમાં જવાનું ગમે છે? શાસ્ત્રની વાત ગમે તો કામ થાય. 'પાપ કરે તો દુર્ગતિમાં જવું પડે, પૂણ્ય કરે તો સદ્‌ગતિ થાય, સદ્‌ગતિમાં આવી પાપ કરે તો દુર્ગતિમાં જવું પડે.' જ્ઞાનિની આ વાત સમજાય છે? એક વાત જો સમજાઈ હોત તો બધાની ઈચ્છા સાધુ થવાની હોત, લક્ષપતિ- કોટિપતિની નહિ. સંતોષથી રહેતા હોત, અસંતોષ કદી કરત નહિં. 'આજ સુધી મેં ચોરી કરી નથી, કોઈને ઠગ્યા નથી, જૂઠ કર્યું નથી, જે મળે તેમાં હું મજેથી જીવ્યો છું' આવું બોલનારા કેટલા મળે?

વેપારાદિ ન કરે તો ખાવા-પીવાદિમાં જરાય તકલીફ ન પડે તેટલું જેની પાસે હોય તે બધા વેપારાદિ બંધ કરી દે તો કાલથી નવો યુગ આવી જાય. પછી તે તત્વજ્ઞાન ભણે, ઉપાશ્રયમાં રહે તો લંક લાગી જાય. વેપાર ધર્મ કે અધર્મ? જૈનો તો વેપારને ય અધર્મ માને છે. ઘરમાં રહેવું તેને ય અધર્મ માને છે. અવિરતિ નામના પાપ વિના ઘરમાં રહેવાય નહિં, પેઢી ખોલાય નહિ. તે બધું ગમે તો મિથ્યાત્વ જોરદાર છે. પૈસા અને પૈસાથી મળતાં સુખનો લોભ જીવતો જાગતો છે, જે કાંઈ મલ્યું છે તેનું માન પણ ઘણું છે, માયા તો રોજ કરીએ અને અમારૂં ના માને, અમારી વાતમાં ના પાડે તો ગુસ્સો ય આવે છે. એટલે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય મજા કરે છે અને તે ત્રણને આધીન મન-વચન - કાયાના યોગને કારણે સંસાર ચાલે છે. તમારા અહીં કેટલા કલાક અને ત્યાં કેટલા કલાક? મંદિર ઉપાશ્રય વધારે ગમે કે ઘર પેઢી વધારે ગમે? ધંધો નાનો છે તે મોટો કરવાનું- વધારવાનું મન કે ઘટાડવાનું મન? ધર્મ વધતો જાય છે કે ઘટતો જાય છે?

તમને પાપનો ભય પણ નથી. પાપ સાથે રાખીને ફરો છો. અહીં પણ એટલા માટે આવો છો કે પેઢી મજેથી ચાલે છે. જો ત્યાં ગરબડ થાય તો કાલથી અહીં આવતાં પણ બંધ થઈ જાય. ના આવીએ તો સારૂં નહિં તેમ માનીને આવનારા ઘણા, પણ અહીં આવવું જ જોઈએ એમ માનીને આવનારા કો'ક. મંદિર પણ ગમે અને ઘર પણ ગમે એમ બોલનારા તો અમને પણ ઠગનારા છે. બે ય ગમે તે બને? શ્રીમંતાઈ પણ ગમે અને દરિદ્રતા પણ ગમે તેમ બને? રોગીપણું ય ગમે અને નિરોગીપણું ય ગમે તેમ બને? મંદિર મોક્ષે લઈ જાય, ઘર દુર્ગતિમાં લઈ જાય તો શું ગમે? જરૂર વિના પણ વેપાર ન કરો તો મરી જવાય? તાવ ચઢી જાય? રોગ લાગુ થઈ જાય? જે શ્રાવકો, વેપારાદિ નથી કરતા તે મૂરખ છે? હજી સુધી સાધુ થવાનું તો મન જ થયું નથી ને? સાધુ જ થવું છે, સાધુ થયા વિના તો મરવું જ નથી- તેવા કેટલા છે? સાધુપણું સારૂં કહેનારા ઘણા પણ 'સાધુપણું લેવા જેવું જ છે અને મારે લેવું જ જોઈએ' તેમ બોલનારા- હૈયાથી માનનારા કેટલા? આજે સારામાં સારા શ્રાવકને પણ મારે સાધુ થઈને મરવું છે તેવી ઈચ્છા નહિં, નહિ ને નહિ જ! આજે ધર્માત્માઓનો દુષ્કાલ પડયો છે. ધર્મી ઘટી ગયા માટે ધર્મની હાલત કફોડી છે. મંદિરો આજે મુશીબતે ચાલે છે. મંદિર મલી જાય તો ય મંદિર સાચવવા જેટલી ય ત્રેવડ નથી. ભગવાનની પૂજા કરવા પોતાની સામગ્રી જોઈએ તેવું પણ મોટાભાગને નથી.

-ક્રમશ:

❋❋❋

શું ગુરુદ્રવ્ય દેવ દ્રવ્ય નથી ?

(આ લેખ સાબરમતી સ્મૃતિ મંદિરમાં પૂ. ગુરુદેવોની મૂર્તિની પ્રતિષ્ઠાની બોલી ને દેવદ્રવ્યમાં જાય છે. તે બોલી સ્મારકમાં લઈ જવાની વાત ઉભી થઈ. હાજર રહેતી પૂજયોની વાત સાંભળી નહિ અને શાસ્ત્રથી નિરાધાર વિચારો ને મુંગે મોઢે અમલ કરવાની યોજના કરી એને તે વાતને સ્પષ્ટ કરવા માટે શાસ્ત્રીય વિચારધારાને ધરાવનારની વાત ધ્યામાંજ લીધી નહિ.

પરંતુ પાલીતાણામાં વાચનામાં થયેલા 'સન્માર્ગ દર્શન'માં છાપીને આ વિચારભેદનો એક પક્ષીય પ્રચાર શરૂ કર્યો. આ વાત વાંચીને તેમણા સ્પષ્ટ વિચારો દેવ દ્રવ્યમાં લઈ જવાના છે અને તે વિચારો તેઓશ્રીએ તેમજ સ્પષ્ટ જણાવ્યા હોવા છતાં એક પક્ષીય વિચારો પ્રચારી દીધા છે ત્યારે આ લેખના લેખક પૂ. આચાર્યદેવશ્રીએ શાસન રક્ષાના પ્રયત્ન રૂપે ગુરુમૂર્તિની બોલીઓ દેવદ્રવ્યમાંજ થાય તેવું પ્રતિપાદન કર્યું છે તે શાસ્ત્રના પાઠોદ્વારા સિદ્ધ કરેલ છે.

લેખક પૂ. આચાર્યદેવશ્રીને સમુદાયની વ્યવસ્થા માટે સ્વ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. એ સમુદાયના ગચ્છાધિપતિ તરીકેના ભલામણ કરી છે અને સમુદાયની સમસ્ત વ્યવસ્થા લખી આપી છે. એવા ગચ્છનાયકને યોગ્ય પૂ.શ્રીના સ્પષ્ટ શાસ્ત્રીય વિચારોથી સૌ સ્પષ્ટ શાસ્ત્રીય વિચારવારા બનીને જિન આજ્ઞાના આરાધક બની એજ અભિલાષા — સંપાદક)

ગુરુદ્રવ્યના વિષયમાં પૂ.પા. આચાર્યભગવન્ત શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ.સાના સમુદાયમાં કેટલાક વખતથી વિચારભેદ ઉપસ્થિત થયો છે. એમાં એક વર્ગ ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેના ચઢાવાદિનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય એમ માને છે અને એક વર્ગ ગુરુમંદિર—સ્મૃતિમંદિરાદિના નિર્માણમાં વાપરી શકાય એવું માને છે. મારી માન્યતા એ દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય એવી છે. મારી માન્યતા જણાવવા જેવા આચાર્યાદિને જણાવી છે. સમુદાયના ઘણા મહાત્માઓ મારી માન્યતા જાણે છે કે આ. વિચક્ષણસૂ. 'ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેના ચઢાવા વગેરેનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય'—એવી માન્યતા ધરાવે છે.

આટલા વખત સુધી એ દ્રવ્ય ગુરુમંદિર—સ્મૃતિમંદિરમાં વાપરવાની વાત પ્રચારના તખ્તા ઉપર નહોતી આવી ત્યાં સુધી મારી માન્યતાને પ્રચારમાં લાવવાની બાબતમાં હું મૌન હતો. જયારે પૂ.આ.દે.શ્રી રવિપ્રભ સૂ.મ.ની નિશ્રામાં આ. શ્રી હેમભૂષણ સૂ.મ. તથા આ.શ્રી કીર્તિયશ સૂ.મ.એ સાધુ—સાધ્વીઓને તથા સન્માર્ગપત્રમાં જણાવ્યા પ્રમાણે ઓછાવત્તા પ્રમાણમાં ઉપસ્થિત શ્રાવકોને ત્રણ દિવસની વાચનામાં સમજાવવા દ્વારા પ્રચારકાર્ય શરૂ કર્યું. ત્રણ ત્રણ દિવસની વાચનાના અંતે સન્માર્ગપત્રમાં જણાવવામાં અને પ્રચારવામા આવ્યું કે " ત્રણ દિવસની વાચના બાદ શ્રોતા (ઉપસ્થિત શ્રાવકો), સૂરિવરો તેમજ સાધુ—સાધ્વી ભગવન્તોએ ખૂબ જ સંતોષ વ્યકૃત કર્યો હતો". સન્માર્ગ પત્રથી આ રીતની જાણકારી મળ્યા પછી મને એમ થયું કે હવે મૌન બેસી રહેવું જરાય ઉચિત નથી કેમ કે આ દેવદ્રવ્યનો વિષય છે. દેવદ્રવ્યનો ગેર ઉપયોગ

થતો હોય ત્યારે આચાર્યાદિ સાધુથી કે શ્રાવકથી તેની જરા પણ ઉપેક્ષા ન કરી શકાય. દેવદ્રવ્યની હાનિકે ગેરઉપયોગ થતો હોય ત્યારે કોઈ પણ શક્તિ સંપન્ન ઉપેક્ષા કરે તો તેનું દુરન્ત સંસારભ્રમણ વધી જાય. હવે તો જાગૃત બનવાની અને મૌનને છોડવાની તક આવીને ઊભી રહી છે. આ તો દેવદ્રવ્યને લગતો વિષય છે. એમાં ઉપેક્ષા કરવી કોઈ રીતે યોગ્ય નથી. જે જે આચાર્યાદિ સાધુભગવન્તો 'ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેની બોલી આદિનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય' એવી માન્યતા ધરાવતા હોય તેમણે દેવદ્રવ્યની રક્ષા કાજે જાગૃત બની અને મૌનને તોડી પડકાર ફેંકવા માટે બહાર આવવાની તાતી જરૂર છે.

એકપક્ષીય માન્યતા સાંભળવા દ્વારા સંતોષ વ્યક્ત કરનારાઓને બીજા પક્ષની પણ માન્યતા જાણવા મળે અને બન્ને પક્ષની માન્યતામાંથી મધ્યસ્થદૃષ્ટિથી શાસ્ત્રાનુસારી સત્ય વસ્તુનો નિર્ણય કરી સન્માર્ગે આવે એટલા માટે દ્રવ્યસપ્તતિકાગ્રન્થના આધારે નિવેદન કરવા માટેનો હું પ્રયાસ કરી રહ્યો છું. જેથી પોતે દેવદ્રવ્યના ગેર–ઉપયોગથી બચીને અને બીજાઓને પણ બચાવી શકે તથા દેવદ્રવ્યની રક્ષા કરવાના કાર્યમાં પ્રયત્ન કરી શકે.

લો ! ત્યારે હવે વાંચ પુણ્યવાનો !

જૈનશાસનમાં પૂર્વ મહાપુરુષો શાસ્ત્રોની રચના કરતા હતા. તે શાસ્ત્રોમાં જે જે વિષયની પ્રરૂપણા કરતા હતા તે પરિપૂર્ણ કરતા હતા, અધૂરી પરૂપણા તો નહોતા જ કરતા. તેમાં કેટલાક પદાર્થોની પ્રરૂપણા સાક્ષાત્ કરતા હતા અને બાકી રહી જતા તેનું "चकारादि" થી સમુચ્ચય કરવા દ્વારા "तु" આદિ શબ્દોથી વિશેષતા બતાવવા દ્વારા અને અર્થાપતિ દ્વારા પ્રરૂપણા કરતા હતા. અરે ! મૂળ સૂત્રમાં "भवति" આદિ ક્રિયાપદ ન આપ્યુ હોય તોપણ વાક્યરચનામાં અધૂરાશ ન જણાય માટે ટીકાકારો "भवतिति क्रियापदं गम्यम्" એમ કહીને વાક્ય પૂરું કરતા હતા. ગ્રંથકારનું વાકય પણ કોઈને અધૂરું ન જણાય તેની પણ ટીકાકારો કાળજી લેતા હતા.

પૂ. ઉપાધ્યાય શ્રી લાવણ્યવિજયજી ગણી મ.એ. દ્રવ્યસપ્તતિકાગ્રંથ સાતક્ષેત્રાદિ સમ્બન્ધી દ્રવદ્રવ્યાદિ દ્રવ્યની વ્યવસ્થા માટે રચ્યો છે. તેમાં સાતક્ષેત્રસમ્બન્ધી દેવદ્રવ્યાદિની વ્યવસ્થા સુન્દર અને સંપૂર્ણ બતાવી છે.

એ ગ્રન્થમાં વૃદ્ધિદ્વારમાં ગુરુદ્રવ્યની વ્યવસ્થાનો વિચાર સાક્ષાત્ અને ઐદમ્પર્યાર્થ સુધી પહોંચીને અર્થાપત્તિથી કરીએ તો નામગુરુ, સ્થાપનાગુરુ, દ્રવ્યગુરુ અને ભાવગુરુને લગતી દ્રવ્યની વ્યવસ્થા સુન્દર અને સંપૂર્ણ રીતે કરી છે એ જણાઈ આવે. એ માટે સુક્ષ્મબુદ્ધિવાળા બનીને વિચાર કરવાની આવશ્યકતા રહે છે. ગરુદ્રવ્યને લગતા પાઠને ઉપરછલ્લી દૃષ્ટિએ જોઈએ તો એમ જ લાગે કે ભાવગુરુ અને દ્રવ્યલિંગી (કુગુરુ)ના દ્રવ્યની જ વ્યવસ્થા કરી છે. પરન્તુ સૂક્ષ્મબુદ્ધિથી ઐદમ્પર્યાર્થ સુધી પહોંચી વિચાર કરીએ તો ચોક્કસ જણાઈ આવે કે નામગુરુ અને સ્થાપનાગુરુના દ્રવ્યની પણ વ્યવસ્થા કરી છે.

દરેક વસ્તુના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપા તો હોય જ છે. એ જ નિયમના અનુસારે જિનના પણ નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન અને ભાવજિન એમ ચાર નિક્ષેપા છે. નામજિન એટલે જિનનું નામ, સ્થાપનાજિન એટલે જિનની મૂર્તિ, દ્રવ્યજિન એટલે ભાવજિનની પૂવાવસ્થા અને પશ્ચાત્ અવસ્થા (दव्वजिणा जिणजीवा) ભાવજિનની પૂર્વાવસ્થામાં રહેલ અને પશ્ચાત્ અવસ્થામાં રહેલ જિનેશ્વર ભગવન્તનો જીવ–આત્મદ્રવ્ય એ દ્રવ્યજિન કહેવાય. ભાવજિન એટલે કે કેવળજ્ઞાન થયા પછી અને સિદ્ધિપદમાં જતાં પહેલાની અવસ્થામાં રહેલા જિનેશ્વરભગવન્ત ભાવજિન કહેવાય છે.

જેનો ભાવનિક્ષેપો પૂજનીય હોય તેના બાકીના નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપા પણ પૂજનીય હોય છે. જિનેશ્વરભગવન્તનો ભાવનિક્ષેપો પૂજનીય છે માટે તેમના સંલગ્ન નામાદિ ત્રણે નિક્ષેપા પૂજનીય હોય

છે.

તેવી રીતે ગુરુ ના પણ નામ ગુરુ, સ્થાપનાગુરુ, દ્રવ્યગુરુ, અને ભાવગુરુ એ ચાર નિક્ષેપા હોય છે.

દ્રવ્યગુરુના વિષયમાં થોડો વિચાર માંગે છે તે આ પ્રમાણે –

સંયમજીવનનો સ્વીકાર કર્યા બાદ સર્વવિરતિનો પરિણામ (૬ ઠ્ઠું ગુણઠાણું) પ્રાપ્ત થાય ત્યારે સાધુ ભાવગુરુ બને છે.

જયાં સુધી સર્વવિરતિના પરિણામ (૬ ઠ્ઠું ગુણસ્થાનક) ન આવ્યા હોય અને એ પરિણામને લાવવા માટે દીક્ષિત સાધુ સંયમની સાધના કરતો હોય ત્યારે તે અવસ્થામાં એ સાધુ દ્રવ્યગરુ કહેવાય. તેને પણ વ્યવહારથી ભાવગુરુ માનીને ભાવગુરુમાં સમાવેશ દ્રવ્યસપ્તતિકાકારે કર્યો છે. એ પણ પૂજનીય હોવાથી એની પૂજામાં (અંગ–અગ્રપૂજાદિમાં) આવેલ ગુરુદ્રવ્યને પૂજાર્હ માનીને ગ્રન્થકારે દેવદ્રવ્યમાં (જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં) લેવાનું વિધાન કર્યું.

ગુરુનો ભાવનિક્ષેપો પૂજનીય છે. એથી ગુરુના નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપા પણ પૂજનીય છે. દેરાની પૂજામાં આવેલ ગુરુદ્રવ્યને પૂજાર્હ દ્રવ્ય માનવું જોઈએ અને એ ત્રણેનું પૂજાર્હ ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય (જિન મંદિરના જીર્ણોદ્ધારાદિ)માં લેવું જોઈએ. ભાવ, દ્રવ્ય અને નામ નિક્ષેપાનું દ્રવ્ય પૂજાર્હ માની દેવદ્રવ્યમાં લેવું અને સ્થાપનાનિક્ષેપાની પૂજામાં આવેલ ગુરુદ્રવ્યને પૂજાર્હ ન માનવું અને અને દેવદ્રવ્યમાં ન લેવું : એ કોના ઘરનો ન્યાય ? સ્થાપનાનિક્ષેપો પણ પૂજનીય બતાવેલો હોવાથી એની અંગ–અગ્રપૂજાદિમાં આવેલ ગરુદ્રવ્ય પણ પૂજાર્હદ્રવ્ય હોવાથી દેવદ્રવ્યમાં જ લેવું જોઈએ.

દ્રવ્ય હંમશાં ભાવમાં પરિણામ પામતું હોય છે. ઉપાદાનકારણરૂપ દ્રવ્ય જ ભાવમાં પરિણામ પામે છે, નિમિત્તકારણ ભાવમાં પરિણામ પામતું નથી. જેમ માટી ઘડાનું ઉપાદાનકારણ છે માટે માટી ઘડારૂપે પરિણામ પામે છે, એથી ઘડાને ભાવઘડો કહેવાય છે અને માટી દ્રવ્યઘડો કહેવાય છે અને સાથે ઘડો ફૂટી ગયા પછી ઠીકરાઓને પણ દ્રવ્યઘડો કહેવાય છે. ઘડો બનાવવામાં ચક્ર, ચીવર, કુંભાર વગેરે નિમિત્તકારણ છે. એ નિમિત્ત કારણો માટી જેમ ઘડારૂપે બને છે તેમ ઘડારૂપે બનતાં નથી.

સંયમજીવનનું પાલન કરનાર દીક્ષિતમાં જયાં સુધી સર્વવિરતિના પરિણામ રૂપ ભાવનો અભાવ હોય છે ત્યાં સુધી એ દીક્ષિત જીવ દ્રવ્યગુરુ કહેવાય છે અને એજ દીક્ષિત જીવ સર્વ વિરતિના પરિણામથી પરિણત બની જાય ત્યારે ભાવગુરુરૂપે બની જાય છે. ભાવગુરુ સ્વરૂપે બનવામાં દ્રવ્યગરુરૂપ જીવદ્રવ્ય ઉપાદાનકારણ બન્યું.

એ દ્રવ્યગુરુને વ્યવહારથી ભાવગુરુ માનીને દ્રવ્યસપ્તતિકાકારે ભાવગુરુમાં સામવેશ કર્યા છે. અને ભાવગુરુ જેમ પૂજનીય છે એમ દ્રવ્યગુરુ પૂજનીય માન્યા છે. અને એની પૂજામાં પણ આવેલ ગુરુદ્રવ્ય પૂજાર્હ દ્રવ્ય માનીને દેવદ્રવ્યમાં (જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં) લેવાનું વિધાન ગ્રન્થકારે કર્યું છે.

તેમ જ દ્રવ્યગુરુ બીજી રીતે પણ માને છે. જેમ કોઈ મુમુક્ષુ નજીકના ભવિષ્યમાં દીક્ષા લઈ સર્વવિરતિના (છઠ્ઠા ગુણઠાણાના) પરિણામને પામવાનો છે. હાલમાં તો દીક્ષિત પણ બન્યો નથી, એ મુમુક્ષુ પણ નિક્ષેપાની અપેક્ષાએ દ્રવ્યગુરુ કહેવાય અને એવી જ રીતે નિક્ષેપાની અપેક્ષાએ મુમુક્ષુ દીક્ષિત બન્યા પછી કાળધર્મ પામ્યા બાદ દેવાદિ થાય તો તે દેવાદિ પણ દ્રવ્યગુરુ કહેવાય. પરન્તુ એ બન્ને નિક્ષેપા ગુરુની માફક વંદનીય નથી, પૂજનીય નથી. કેમ કે દીક્ષાર્થી મુમુક્ષુ શ્રાવક (ગૃહસ્થ) છે. અને દેવ અવિરતિવાળો છે. બન્નેમાં દ્રવ્યથી અને ભાવથી વિરતિ નથી છતાં એ સન્માન કરવા યોગ્ય છે, બહુમાન કરવા યોગ્ય છે. દીક્ષાર્થી મુમુક્ષુનું બહુમાન કરાય છે. એ વાયણે ગયો હોય ત્યારે સન્માનબહુમાન કરવા રૂપે ચાંદલામાં રૂપિયા વગેરે અપાય છે, ચઢાવા બોલીને વિદાયતિલક કરાય છે, સાધુપણાનાં ઉપકરણો અર્પણ

કરાય છે. . આ બધા પ્રસંગોમાં આવેલ દ્રવ્ય પૂજાર્હ દ્રવ્ય નથી માટે એ દેવદ્રવ્યમાં (જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં) લેવાતુ નથી. ચાંદલામાં આવેલ રૂપાનાણાંદિનું દ્રવ્ય મુમુક્ષુ દીક્ષાર્થી પોતાના અંગત ઉપયોગમાં કે ઘરના ઉપયોગમાં લઈ શકે છે. વિદાયતિલકનું દ્રવ્ય સાતક્ષેત્રીય સાધારણમાં લેવાય છે અને સાધુનાં ઉપકરણ અર્પણ કરવાના ચઢાવાની બોલીનું દ્રવ્ય વૈયાવચ્ચમાં લેવાય છે. કેમ કે ઉપકરણો સાધુપણાનાં છે. આ રીતે અનેક પ્રકારે આવેલ દ્રવ્ય એટલે કે મુમુક્ષુ દીક્ષાર્થીનું બહુમાન કરવામાં આવેલ દ્રવ્ય, મુમુક્ષુ દીક્ષાર્થી ગુરુની માફક પૂજનીય ન હોવાથી પૂજાના સમ્બન્ધો આવેલ ન હોવાના કારણે પૂજાર્હ દ્રવ્ય નથી માટે જ તેને દેવદ્રવ્યમાં લેવામાં આવતું નથી.

એથી એ નિશ્ચિત થયું કે દીક્ષાર્થી મુમુક્ષુ નિક્ષેપાની અપેક્ષાએ દ્રવ્યગુરુ હોવા છતાં ગૃહસ્થ–શ્રાવક છે. એ બહુમાનનીય–સન્માનનીય છે. પરન્તુ ગુરુની માફક પૂજનીય નથી. એના બહુમાન–સન્માનમાં આવેલ દ્રવ્ય પૂજાર્હ ગુરુદ્રવ્ય નથી માટે જ એ દ્રવ્યને દેવદ્રવ્યમાં લઈ જવાનુ વિધાન શાસ્ત્રમાં નથી. એથી જ એ દ્રવ્ય અંગત ઉપયોગ–સાધારણ–વૈયાવચ્ચમાં યથાયોગ્ય રીતે (ઉપર બતાવ્યા પ્રમાણે) લેવાય છે અને આપણા વડીલો પૂ.આ.દે.શ્રી લબ્ધિસૂ. મ.સા., પૂ.આ.દે.શ્રી પ્રેમ સૂ.મ.સા તથા પૂ.આ.દે.શ્રી રામચન્દ્ર સૂ.મ.સા. આદિએ એ રીતે ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું છે. એમાં કોઈ શાસ્ત્રીય બાધ નથી.

મુમુક્ષુ અત્યન્ત નજીકના ભવિષ્યમાં દીક્ષા લેવાનો છે, ગુરુ બનવાનો છે પરન્તુ જયારે દીક્ષા લેતો હોય ત્યારે ઉપકરણ અર્પણ કરાય છે. અને એના માટે બોલીઓ બોલાય છે. એ વખતે મુમુક્ષુ ગૃહસ્થ–શ્રાવક છે. એનામાં ગુરુ તરીકેનો વ્યવહાર કરાતો નથી. એથી એને ઉપકરણો અર્પણ કરવા દ્વારાએનું બહુમાન કરવામાં આવે છે અને એ ઉપકરણો સાધુપણાનાં ઉપકરણો હોવાથી ઉપકરણોના ચઢાવાનું દ્રવ્યગુરુ–વૈયાવચ્ચમાં લેવાય છે. એ પૂજાર્હ ગુરુદ્રવ્ય નથી પરન્તુ ગુરુભક્તિનું દ્રવ્ય છે.

એ જ રીતે ભાવગુરુ કાળધર્મ પામ્યા પછી દેવ થયા હોય તો નિક્ષેપાની અપેક્ષાએ દ્રવ્યગુરુ હોવા છતાં એનામાં ગુરુ તરીકેનો વ્યવહાર કરાતો નથી. કારણ કે એનામાં વિરતિ નથી. કદાચ તે દેવ અહીં આવે તો તેની સાથે પ્રેમપૂર્વક વાતચીતાદિ કરવા રૂપ સન્માન કરાય પણ તે વંદનીય કે પૂજનીય ન હોવાના કારણે તેને ખમાસમણાં આદિ દેવા પૂર્વક અબ્ભુટ્ઠિઓ આદિ રૂપ વંદન ન કરાય, તેની અંગપૂજા–અગ્રપૂજા ન કરાય અને એટલા જ માટે સાધુઓના યોગોદ્વહનની ક્રિયા કરાવનાર આચાર્ય કાળ કરી ગયા અને દેવ થયા. સાધુઓના યોગ પૂરા કરાવવા માટે પોતાના મૃતકમાં પ્રવેશ કરી એ દેવે સાધુઓના જોગ પૂરા કરાવ્યા. ત્યારબાદ એ દેવને શરીર છોડીને જવાનો વખત આવ્યો ત્યારે પોતે અવિરતિધર હોવાના કારણે યોગોદ્વહનાદિ કરાવતી વખતે સાધુઓના વંદન લીધા તેનું મિચ્છામિ દુક્કડમ્ બધા સાધુઓને આપ્યું હતું. એથી નિશ્ચિત થાય છે કે ભાવગુરુ કાળધર્મ પામ્યા બાદ દેવ થયા હોય તે નિક્ષેપાની અપેક્ષાએ દ્રવ્યગુરુ હોવા છતાં તે ગુરુ તરીકે વંદનીય કે પૂજનીય નથી. કેમ કે તેમા વિરતિ નથી. ભાવગુરુના કાળધર્મ પામ્યા પછી તેમની વિરતિ ચાલી જાય છે.

હવે ગુરુનું મૃત શરીર (મૃતક) ભૂતકાળમાં ભાવસાધુપણાના પાલનમાં (પર્યાયનું) નિમિત્ત કારણ બન્યું હોવાથી ભાવગુરુના મૃતકને નિક્ષેપાની અપેક્ષાએ દ્રવ્યગુરુ કહો તોપણ તે મૃતક ગુરુ તરીકે વંદનીય કે પૂજનીય નથી. તેને ગુરુ તરીકે વંદન–પૂજન કરવાનુ કોઈ શાસ્ત્રમાં વિધાન નથી.

એ મૃતક ભાવસાધુને સંયમસાધનામાં ઉપયોગી થયેલું હોવાથી સાધનરૂપ છે, દ્રવ્યગુરુરૂપ નથી. દ્રવ્યગુરુ તો ભાવગુરુનો કાળધર્મ પામ્યા બાદ દેવ થયેલ જીવ છે. ભાવગુરુનું મૃતક (શરીર) ગુરુ તરીકે

વંદનીયપૂજનીય નથી. શાસ્ત્રમાં તેને ખમાસમણું આપવું, અબ્ભુટ્ઠિઓ ખામવો, દ્વદશાવર્ત વંદન કરવું.... એનું વિધાન નથી તેમ જ જે વંદનીય નથી તે પૂજનીય પણ ન જ હોય. માટે તેની અંગપૂજા–અગ્રપૂજાનું વિધાન નથી. પૂર્વના ભૂતકાળમાં સાધુના મૃતકને જેમ અગ્નિસંસ્કાર કરાતો હતો તેવી રીતે સાધુઓ સાધુના મૃતકને જંગલમાં વોસિરાવી (પરઠવી) આવતા હતા. કોઈ વિશિષ્ટ આચાર્ય આદિ સિવાય પાલખીઓ પણ નીકળતી ન હતી. થોડાં વર્ષો પહેલાં સામાન્ય સાધુઓ વગેરેની પણ પાલખીઓ નીકળવા લાગી. પછી અગ્નિસંસ્કાર વગેરેની બોલીઓ પણ બોલાવા લાગી. એમાં આવેલા દ્રવ્યની વ્યવસ્થા પણ થવા લાગી. પૂ. આચાર્યભગવન્તોએ યોગ્ય રીતે વ્યવસ્થા કરી અને તે પ્રમાણે ચાલી રહ્યું છે.

સાધુપણાની સાધનામાં નિમિત્તરૂપે ઉપયોગમાં આવેલ હોવાના કારણે સાધુનું મૃતક–શરીર બહુમાનનીય–સન્માનનીય છે. એના બહુમાનમાં સ્નાન, વિલેપન, અગ્નિસંસ્કાર, ચઢાવા... વગેરે કરાય છે, તેમાં કોઈ બાધ નથી. પરન્તુ સાધુના મૃતકને ગુરુ કઈ રીતે મનાય ? કેમ કે એમાં દ્રવ્યથી કે ભાવથી વિરતિ નથી. વિરતિવાળો તો દેવાદિ અન્ય ગતિમાં જતો રહ્યો છે. તેમ જ એનું રજોહરણ લઈ લેવાતું હોવાથી લિંગભંગ પણ થયો હોય છે.

માટે ભાવગુરુના મૃતકના બહુમાનમાં આવેલ અગ્નિસંસ્કારની બોલી આદિનું દ્રવ્ય પૂજાના સમ્બન્ધથી આવેલ પૂજાર્હ દ્રવ્ય નથી. માટે જ તે દ્રવ્ય સાધર્મિકભક્તિ–પ્રભાવના વિના જિનભક્તિના મહોત્સવમાં તથા સ્મારકમાં લેવાય છે અને વધ્યું હોય તો દેવદ્રવ્યમાં પણ લેવાય છે. એમાં કોઈ બાધ નથી અને એથી જ વડીલ પૂ.આ. ભ. શ્રી પ્રેમ સુ.મ.સા., પૂ.આ.ભ.શ્રી લબ્ધિ સૂ.મ.સા. તથા પૂ.આ.ભ. શ્રી રામચન્દ્ર સૂ.મ.સા. એ ગુરુના મૃતકના ચઢાવાના દ્રવ્યને સ્મારક–જિનભક્તિમહોત્સવ અને વધેલાને દેવદ્રવ્યમાં લેવાનું ઠરાવ્યું. એમાં પણ કોઈ શાસ્ત્રીય બાધ નથી.

દ્રવ્યલિંગી (વેષવિડમ્બક) પણ નિક્ષેપાની અપેક્ષાએ દ્રવ્યગુરુ છે છતાં તે કુગુરુ જ છે. કેમ કે તે સાધુપણાની ક્રિયાઓના પાલનમાં તદ્દન શિથિલ છે. પોતાના પૂજાદિમાં આવેલ પૈસા વગેરે પોતાની માલિકી કરી પોતાની પાસે રાખે છે અને પોતાની જાત અને જમાત માટે તેનો ઉપયોગ કરે છે. એ દ્રવ્યલિંગી કુગુરુ છે. એથી એની પૂજાદિમાં આવેલ દ્રવ્યને ગ્રન્થકારે પૂજાર્હ ગુરુદ્રવ્ય ગણ્યું નથી. અને તો અશુદ્ધ દ્રવ્ય ગણીને જીવદયામાં લેવાનું જણાવ્યું પણ દેવદ્રવ્યમાં લેવાનું ન જણાવ્યું. જિનભક્તિમાં પણ લેવાનો નિષેધ કર્યો છે.

દ્રવ્યલિંગી (વેષવિડમ્બક) પાસત્થાદિ કુગુરુ છે. એના પૂજનાદિમાં આવેલ દ્રવ્ય ગુરુદ્રવ્ય નથી અને પૂજાર્હ દ્રવ્ય પણ નથી. કેમ કે તે ગુરુ તરીકે પૂજનીય નથી. જે ગુરુ પૂજનીય હોય તેની પૂજામાં આવેલ દ્રવ્ય પૂજાર્હ ગુરુદ્રવ્ય કહેવાય અને એ પૂજાર્હ ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય ગણાય, બીજું નહી : માટે જ દ્રવ્યલિંગી (કુગુરુ)ની પૂજાદિમાં આવેલ દ્રવ્ય ગુરુદ્રવ્ય નથી અને પૂજાર્હ દ્રવ્ય નથી. એના કારણે જ એના દ્રવ્યને અશુદ્ધ ગણીને દ્રવ્યસપ્તતિકાકારે જીવદયામાં લેવાનું જણાવ્યું.

ભાવ વિના જીવરૂપ દ્રવ્યગુરુ પૂજનીય નથી ત્યારે ભાવગુરુને આશ્રયીને નામ અને સ્થાપના પ્રવર્તતા હોવાના કારણે ભાવગુરુની માફક નામ અને સ્થાપના પૂજનીય છે. એથી જ ભાવગુરુની પૂજાદિમાં આવેલ દ્રવ્ય પૂજાર્હ ગણાય છે અને દેવદ્રવ્યમાં લેવાય છે તેમ નામ સ્થાપનાની પૂજાદિમાં આવેલ દ્રવ્ય પણ પૂજાર્હ ગણાય અને દેવદ્રવ્યમાં જ લેવાવું જોઈએ અર્થાત્ ભાવગરુની પૂજાના સમ્બન્ધથી આવેલ દ્રવ્ય પૂજાર્હ ગુરુદ્રવ્ય દ્રવ્યસપ્તતિકાકારે કહ્યું અને ગૌરવાર્હ સ્થાન જિનમંદિર–જીર્ણોદ્ધારાદિમાં (દેવદ્રવ્યમ.) લેવાનું જણાવ્યું તેમ ભાવગરુની સાથે સમ્બન્ધ ધરાવતા નામ–સ્થાપનાની પૂજાના સમ્બન્ધથી આવેલ દ્રવ્ય

પૂજાર્હ ગુરુદ્રવ્ય હોવાથી તેને પણ દ્રવ્યસપ્તતિકાકારના કહ્યા પ્રમાણે જિનમંદિરજીર્ણોદ્ધારાદિમાં (દેવદ્રવ્યમાં) જ લેવું જોઈએ–ગણવું જોઈએ.

મુમુક્ષુ દીક્ષાર્થી સાધુ બન્યા પછી અને તેનું નામ પાડ્યા પછી એનું નામ જાહેર કરવા માટે જે બોલી બોલાય છે તે બોલીનું દ્રવ્ય ભાવસાધુની સાથે સમ્બન્ધ ધરાવતું ભાવગુરુનું નામ હોવાથી પૂજાર્હ ગુરુદ્રવ્ય છે અને તેને દેવદ્રવ્યમાં લેવાય છે. બધે ઠાકાણે દેવદ્રવ્યમાં લેવાની જાહેરાત કરીને જ નૂતન દીક્ષિતનું નામ જાહેર કરવાની બોલી બોલાય છે.

તેવી રીતે સ્થાપનાગુરુ એટલે કે ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેની બોલીનું દ્રવ્ય પણ ભાવગુરુની સાથે સ્થાપનાગુરુ સમ્બન્ધ ધરાવતા હોવાથી તેમની પૂજાના સમ્બન્ધથી આવેલ દ્રવ્ય પણ પૂજાર્હ ગુરુદ્રવ્ય હોવાથી દેવદ્રવ્યમાં લેવું જોઈએ ગણવું જોઈએ. એનો ઉપયોગ જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં કરવો જોઈએ.

બીજું એ પણ એક કહીકત છે કે દ્રવ્યલિંગી -કુગુરુનું દ્રવ્ય અશુદ્ધ હોવાથી ભાવગુરુના પૂજાર્હ દ્રવ્યની માફક પૂજાર્હ ગુરુદ્રવ્ય નથી માટે જ જીવદયામાં દ્રવ્યલિંગીના દ્રવ્યને લેવાનું જણાવ્યું. એથી પણ એ નિશ્ચિત થાય છે કે ભાવગુરુના દ્રવ્યની માફક નામ અને સ્થાપના ગુરુનું દ્રવ્ય પણ પૂજાર્હ દ્રવ્ય છે અને એ દ્રવ્ય તેના કરતાં ગૌરવાર્હ સ્થાન (જિનમંદિરના જીર્ણોદ્ધારાદિ) દેવદ્રવ્ય તરીકે ગણાવું જોઈએ.

આ રીતે સુસંગત તર્કોથી વિચાર કીરએ તો જ દ્રવ્યસપ્તતિકાકારે ગ્રન્થમાં ગુરુદ્રવ્યની વ્યવસ્થાનો જે વિચાર કર્યો છે તે સુઘટિત થાય અન્યથા ગ્રન્થકારે તો દ્રવ્યલિંગી અને ભાવગુરુને લગતા જ દ્રવ્યનો વિચાર કર્યો છે. નામ અને સ્થાપનાને લગતા દ્રવ્યનો તો કોઈ વિચાર જ કર્યો નથી અને જો આવું જ હોય તો ગ્રન્થકારે ગુરુદ્રવ્યની વ્યવસ્થાનો વિચાર અધૂરો કર્યો છે આવું કલંક ગ્રન્થકારના માથે આવે. આવા આવતા કલંકને રોકવા માટે ઔદમ્પર્યાર્થથી ઉપરોક્ત રીતે નામ –સ્થાપનાગુરુના પણ ગુરુદ્રવ્યની વ્યવસ્થા બતાવવી જોઈએ અને અહીં એ બતાવી છે.

અહીં નિષ્કર્ષ એ નીકળ્યો કે નામ સ્થાપના એટલે કે ગુરુનું નામ અને ગુરુની મૂર્તિની પૂજાના સમ્બન્ધથી આવેલ દ્રવ્ય પૂજાર્હ દ્રવ્ય બનતું હોવાથી એ દ્રવ્ય જિનમંદિરના જીર્ણોદ્ધારમાં લેવાતું હોવાથી દેવદ્રવ્ય જ છે.

બીજું આ પણ એક વાત સમજમાં લેવા જેવી છે.

'જિનપ્રતિમા જિનસારીખી શ્રી સિદ્ધાન્તે ભાખી' જિનપ્રતિમા અંજનપ્રતિષ્ઠા વિધિ– વિધાન થયા બાદ જિનસારીખી કહેવાય છે. ભાવજિનની ભક્તિ કરવા દ્વારા જે લાભ થાય તે રીતે સ્થાપનાજિનની ભક્તિ કરવામાં થાય છે. વિશિષ્ટ પ્રકારના પરિણામમાં તો બન્ને ઠેકાણે લાભમાં ફેરફાર થાય છે જ.

તેવી રીતે પાંચ અભિષેકાદિના વિધિવિધાન કરવા દ્વારા ગુરુમૂર્તિમાં ભાવગુરુની સ્થાપના કર્યા બાદ ગુરુમુર્તિ પણ ગુરુસારીખી થઈ જાય છે. ભાવગુરુની પૂજા આદિ કરવાથી જેવો લાભ થાય તેવો લાભ સ્થાપના ગુરુની પૂજા–પૂજનાદિ કરવા દ્વારા થાય છે. વિશેષ પ્રકારના પરિણામમાં ઉભયસ્થળે ફેરફાર થાય–એ વાત જુદી છે. ભાવજિન અને સ્થાપનાજિનની પૂજા આદિના વિધિ–વિધાનમાં થોડો ફેરફાર હોઈ શકે છે. ભાવજિનને પ્રક્ષાલ, પુષ્પ, ચંદન, અલંકારાદિથી પૂજા તેના મહાવ્રતમાં દોષ લાગવા રૂપ બાધક હોવાને કારણે નથી કરાતી. ત્યારે એવો કોઈ બાધ ન હોવાના કારણે જિનપ્રતિમાની પ્રક્ષાલ આદિ કરવા વડે પૂજા કરાય છે. એકદા વાતમાં ફરેફાર હોય એટલામાત્રથી બધી બાબતમાં ફેરફાર કરવો ઉચિત નથી હોતો. શ્રી શ્રેણિકમહારાજા ભગવાન શ્રી મહાવીર દેવાધિદેવ (ભાવજિન)ની સોનાના જવલાઓથી સાથિયો વગેરે કરવા દ્વારા ભક્તિ કરતા હતા અને પોતાના ગૃહમંદિરમાં પણ વિશિષ્ટ પ્રકારના દ્રવ્યોથી (સ્થાપનાજિન) ભગવાન શ્રી મહાવીરદેવની મૂર્તિની ભક્તિ કરતા હતા. એ બન્નેનું

દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાતું હતું. ભાવજિન અને સ્થાપનાજિનની પૂજાપૂજનના વિધિ–વિધાનમાં થોડો ફેરફાર હોવા છતાં પણ તેમ ભાવગુરુ અને સ્થાપના ગુરુની પૂજા આદિના વિધાનમાં થોડો ફેરફાર મહાવ્રતોમાં બાધકતા હોવાના કારણે હોવા છતાં તેની પૂજા–પૂજનમાં આવેલ દ્રવ્યનો ભેદ પાડવો તે બરોબર નથી. બધી જ બાબતમાં ભેદ પાડવામાં આવે તો 'ગુરુમૂર્તિ ગુરુસારીખી' કઈ રીતે કહેવાય ? માટે ભાવગુરુની અંગ–અગ્રપૂજાદિનું દ્રવ્ય પૂજાર્હ ગુરુદ્રવ્ય કહેવાય તેવી રીતે દ્રવ્યસપ્તતિકા–ગ્રન્થના આધારે એ ગુરુદ્રવ્ય તેના કરતાં ગૌરવાર્હ (જિનમંદિરજીર્ણોદ્ધારાદિ)માં લેવાતું હોવાથી દેવદ્રવ્ય તરીકે ગણાય તેમ સ્થાપનાગુરુની પૂજા–પ્રતિષ્ઠાદિનું દ્રવ્ય પણ ભાવગુરુની પૂજાદિના દ્રવ્યની માફક દેવદ્રવ્ય તરીકે ગણવું જોઈએ અને એ પણ જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં લેવું જોઈએ પણ સ્મારકદિના નિર્માણદિમાં નહિ લેવું.

સ્વાર્ણાદિકં તુ ગુરંદ્રવ્યં જીર્ણોદ્ધાર વ્યચૈત્યકરણાદી વ્યાર્યમ્ ।

સુવર્ણાદિ ગુરુદ્રવ્ય જિનમંદિરના જીર્ણોદ્ધાર અને નવા જિનમંદિરના નિર્માણાદિમાં વાપરવું જોઈએ.

અહીં 'ગુરુદ્રવ્યં' એ પદમાં ગુરુ શબ્દોનો સમાન્યથી નિર્દેશ કર્યો છે, એથી એકલા જીવતા ગુરુ લેવાના નથી. એકલા જીવતા ગુરુ લેવાના હોત તો " ભાવગુરુ" શબ્દનો પ્રયોગ કરત. એવો નિર્દેશ નથી કર્યો એથી એ નિશ્ચિત થાય છે કે ગુરુ શબ્દથી નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ : એ ચારે પ્રકારના ગુરુ લેવાના છે. ગ્રન્થકાર કયારેય અધૂરી પ્રરૂપણા ન કરે.

ભાવની સાથે સંલગ્ન દ્રવ્યગુરુનો વ્યવહારથી ભાવગુરુમાં સામવેશ ગ્રન્થકારે કર્યો છે.

ભાવગુરુ પૂજનીય છે માટે એની પૂજામાં આવેલ ગુરુદ્રવ્ય પૂજાર્હ દ્રવ્ય હોવાથી જિનમંદિરના જીર્ણોદ્ધાર તથા નૂતન જિનમંદિરના નિર્માણદિમાં વાપરવાનું જણાવ્યું.

જેનો ભાવનિક્ષેપો પૂજનીય તેના નામ–સ્થાપના પણ પૂજનીય હોય છે. એ નિયમના અનુસારે એની પૂજામાં આવેલ ગુરુદ્રવ્ય પણ પૂજાર્હ હોવાથી જિનમંદિરના નવનિર્માણ–જીર્ણોદ્ધારાદિમાં જ લેવું જોઈએ, બીજામાં ન લેવાય.

દીક્ષાર્થી મુમુક્ષુ શ્રાવક–ગૃહસ્થ હોવાના કારણે તથા કાળધર્મ પામ્યા બાદનું ગુરુનું મૃતક સર્વવિરતિની પ્રતિજ્ઞાવાળો ચાલ્યો જવાના કારણે કોઈ પણ શાસ્ત્રમાં ભાવગુરુ તરીકે વંદનીય–પૂજનીય તરીકે કહ્યા નથી. માત્ર એટલું છે કે દીક્ષાર્થી મુમુક્ષુ દીક્ષા લેવા તૈયાર થયો હોવાથી તથા ભાવગુરુને સંયમની સાધનામાં તેનું શરીર (મૃતક) નિમિત્તકારણ બન્યું હોવાના કારણે સન્માનનીય છે, બહુમાન કરવા યોગ્ય છે અને મુમુક્ષુના સન્માન–બહુમાનમાં આવેલ દ્રવ્ય પોતાના ઉપયોગમાં, વિદાયતિલકનું દ્રવ્ય સાધારણમાં અને ઉપકરણ અર્પણ કરવાની બોલીનું દ્રવ્ય વૈયાવચ્ચમાં લેવાય છે. જો દીક્ષાર્થી મુમુક્ષુ પૂજનીય હોય તો આ બધુ પૂજાર્હ દ્રવ્ય બનત અને એને દેવદ્રવ્ય તરીકે ગણવું પડત, પરન્તું એવું બન્યું નથી. તેવી જ રીતે મૃતક પણ વંદનીય–પૂજનીય તરીકે કોઈ શાસ્ત્રમાં જણાવેલ નથી. માટે એના બહુમાન સન્માનમાં આવેલ દ્રવ્ય પૂજાર્હ દ્રવ્ય ન ગણાતું હોવાના કારણે અગ્નિસંસ્કારાદિનું દ્રવ્ય ગુરુસ્મારક, જિનભક્તિમહોત્સવ અને વધે તો દેવદ્રવ્યમાં લેવાય છે.

બધા જ ગુરુના દ્રવ્યનિક્ષેપા ગુરુ તરીકે પૂજનીય જ હોય છે એવું નથી.

દ્રવ્યલિંગીનું દ્રવ્ય અશુદ્ધ હોવાથી જીવદયામાં લેવાનું જણાવ્યું છે.

જિનમૂર્તિ અને જિનમંદિરને લગતી બોલીનું દ્રવ્ય જિનમંદિર અને જિનમૂર્તિના નિર્માણાદિમાં લેવાય છે તેમ ગુરુમૂર્તિ આદિ તથા ગુરુમંદિર–સ્મારકનું દ્રવ્ય પણ ગુરુના સ્મારકનિર્માણ આદિમાં લેવામાં શું વાંધો ? આવો જે તર્ક આપવામાં આવે છે તે તર્ક પણ સુસંગત નથી. જિનમૂર્તિ–જિનમંદિરની પ્રતિષ્ઠા વગેરેની બોલીનું દ્રવ્ય

જિનમંદિર આદિના ઉપયોગમાં લેવાય છે અને એમાં કોઈ બાધ જણાતો નથી. એનું કારણ પણ એ છે કે જિનેશ્વરભગવન્તો કરતાં ઊંચું ગૌરવાર્હ સ્થાન બીજું કોઈ જ નથી. જયાં ગરુ કરતાં ગૌરવાર્હ સ્થાન જિનેશ્વર ભગવન્તો છે માટે ગુરુની પૂજામાં આવેલ ગુરુદ્રવ્ય પુજાર્હ દ્રવ્ય કહેવાય છે અને એ પૂજાર્હ દ્રવ્યને જિનેશ્વર ભગવન્તોનાં મંદિરોના નિર્માણમાં તથા જીર્ણોદ્ધારમાં વાપરવાનું દ્રવ્યસપ્તતિકાકારે વિધાન કર્યું છે.

બીજું એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે જિનમૂર્તિનું દ્રવ્ય જિનમૂર્તિમાં વપરાય પણ જિનમંદિરમાં નથી વપરાતું. કેમ કે જિનમૂર્તિ સાત ક્ષેત્રમાં પ્રથમ નંબરે છે. મંદિર કરતાં ઉપલું ક્ષેત્ર છે. ઉપલા ક્ષેત્રનું દ્રવ્ય નીચલા ક્ષેત્રમાં ન જાય માટે જિનમૂર્તિનું દ્રવ્ય જિનમંદિરમાં નથી લેવાતું—એવું પૂજયપાદથી જણાવતા હતા તેમ અહીંયા પણ ગુરુમૂર્તિ અને ગુરુમંદિરના ભેદ કેમ ન પડે ? અને ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠાદિનું દ્રવ્ય ગુરુમંદિરમાં ન જ લેવું જોઈએ. કદાચ કોઈ એમ પણ કહે કે 'સાત ક્ષેત્રમાં જિનમૂર્તિ—જિનમંદિરનું ક્ષેત્ર બતાવ્યું છે માટે જિનમૂર્તિનું દ્રવ્ય જિનમંદિરમાં નથી લેવાનું અને ગુરુમૂર્તિ અને ગુરુમંદિરનો ભેદ સાત ક્ષેત્રમાં નથી માટે ગુરુમૂર્તિનું દ્રવ્ય ગુરુમંદિર—સ્મારકમાં લેવામાં વાંધો નથી' તો તે કથન પણ યુક્ત નથી. કેમ કે જે ક્ષેત્ર સાત ક્ષેત્રમાં ન બતાવ્યું હોય તેમાં, બતાવેલા ક્ષેત્રનું દ્રવ્ય કેવી રીતે લેવાય—વપરાય ? સાત ક્ષેત્રમાં સાધુ (ગરુ) ક્ષેત્ર બતાવ્યું છે પણ ગુરુમંદિરક્ષેત્ર નથી બતાવ્યું. બતાવેલા ક્ષેત્રનું દ્રવ્ય, નહિ બતાવેલ ગુરુમંદિરમાં કઈ રીતે લેવાય ? અર્થાત્ ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠાનું દ્રવ્ય, સાત ક્ષેત્રમાં નહિ બતાવેલ ગુરુમંદિર—સ્મારકના નિર્માણાદિમાં કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય ? એનો વિચાર કરવા જેવો છે. કોઈ પણ ગ્રન્થકારો અધૂરી રીતે પદાર્થનો વિચાર કરતા નથી. દ્રવ્યસપ્તતિકાકારે પણ ગુરુદ્રવ્યની વ્યવસ્થાનો વિચાર અધૂરો કર્યો નથી, પૂર્ણ રીતે જ કર્યો છે.

પક્ષપાત વિના મધ્યસ્થદૃષ્ટિ રાખી સૂક્ષ્મ બુદ્ધિથી ઉપરોક્ત હકીકતનો વિચાર કરવામાં આવે તો તત્વનિર્ણય થાય કે ગરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠાદિની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે ગણવું જોઈએ અને એ રીતનો નિર્ણય કરીને સત્ય માર્ગે ઉભા રહેવાય તો દેવદ્રવ્યની હાનિ પહોંચાડવાના પાપથી બચી જવાય.

જેનો ભાવનિક્ષેપો પૂજનીય છે તેના નામ, સ્થાપના અને દ્રવ્ય પણ પૂજનીય છે. જિનનો ભાવનિક્ષેપો પૂજનીય છે માટે તેના નામ, સ્થાપના અને દ્રવ્ય ,પણ પૂજનીય છે. નામજિન પૂજનીય છે તેમ સ્થાપનાજિન (જિનમૂર્તિ) પૂજનીય છે અને ભાવજિનની પૂર્વાવસ્થા અને પશ્ચાદ્ અવસ્થામાં રહેલ દ્રવ્યજિન પણ પૂજનીય છે.

અહીં માત્ર વિશેષતા એ સમજવાની છે કે જિનની મૂર્તિ, ચિત્ર (ફોટા) વગેરે સ્થાપનાનિક્ષેપો છે પરન્તુ એ બધા જ પૂજનીય છે, એવું નથી. જેનામાં અંજન—પ્રતિષ્ઠાદિના વિધિવિધાન કરવા દ્વારા જિનની સ્થાપના કરવામાં આવી હોય એ જ જિનમૂર્તિ પૂજનીય હોય છે. અપ્રતિષ્ઠિત જિનમૂર્તિ પૂજનીય ગણાતી નથી, માત્ર તે અનાશાતનીય છે—આવી જૈનશાસનમાં શાસ્ત્રમર્યાદા છે.

તેવી રીતે જે ગુરુનો ભાવનિક્ષેપો પૂજનીય હોય તેના નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપા પૂજનીય હોય છે અર્થાત્ ભાવગુરુ પૂજનીય છે તેમ તેમનું નામ પણ પૂજનીય છે, તેમની સ્થાપના (મુર્તિઆદિ) પૂજનીય છે તેમ તેમનો દ્રવ્યનિક્ષેપો પણ પૂજનીય છે. અહીં પણ જે વિશેષતા છે તે સમજવી જરૂરી છે. ગુરુની પણ જેટલી સ્થાપના છે તે બધી જ વંદનીય—પૂજનીય છે એવું નથી. જે ગુરુની સ્થાપના (મૂર્તિ)માં પાંચ અભિષેકાદિ દ્વારા ભાવગુરુની સ્થાપના છે તે પૂજનીય છે. જેમાં ભાવગુરુની સ્થાપના નથી કરી એ ગુરુમૂર્તિ પૂજનીય નથી, માત્ર એ અનાશાતનીય છે.

તેવી રીતે ગુરુના બધા જ દ્રવ્યનિક્ષેપાઓ

પૂજનીય હોય છે એવું નથી. મુમુક્ષુએ દીક્ષા લીધી અર્થાત્ જેના પર કરેમિ ભંતે ઉચ્ચરાવવા વગેરે દીક્ષાવિધિ કરવામાં આવી છે અને દીક્ષાનું પાલન કરે છે પણ ભાવસાધુપણું જેને સ્પર્શ્યું નથી એ દ્રવ્યનિક્ષેપે રહેલ સાધુ ગુરુ તરીકે વંદનીય–પૂજનીય છે, આવી શાસ્ત્રમર્યાદા છે.

ભાવસાધુ કાળ કરી દેવ થાય તો તે દ્રવ્યનિક્ષેપે દ્રવ્યગુરુ કહેવાય છતાં તે પૂજનીય–વંદનીય નથી. તેવી જ રીતે મુમુક્ષુ દીક્ષાર્થી દ્રવ્યનિક્ષેપે દ્રવ્યગુરુ હોવા છતાં તે ગુરુ તરીકે વંદનીય–પૂજનીય નથી. તેવી જ રીતે ગુરુનું મૃતક પણ જેના પર દીક્ષાનું વિધિ–વિધાન કર્યું હતું તે જીવદ્રવ્ય દેવાદિ ગતિમાં ગયેલો હોવાના કારણે વંદનીય–પૂજનીય નથી, માત્ર તે સાધુનું મૃતક સન્માનનીય–બહુમાનનીય હોય છે અને મુમુક્ષુ દીક્ષા લેવા તૈયાર થયો હોવાના કારણે બહુમાનનીય અને સન્માનનીય છે.

જેના પર દીક્ષાનું વિધિ–વિધાન થયું હોય અને દીક્ષાનું પાલન કરતો હોય તે દ્રવ્યનિક્ષેપો જ વંદનીય પૂજનીય છે આવી જૈનશાસનમાં ચાલી આવતી અનુભવસિદ્ધ શાસ્ત્રમર્યાદા છે.

એથી એમ કહેવું ઉચિત નથી કે જે ગરુનો ભાવનિક્ષેપો પૂજનીય છે તેના બધા જ સ્થાપનાનિક્ષેપા અને બધા જ દ્રવ્યનિક્ષેપા પૂજનીય છે.

દીક્ષાવિધિ થતાં પહેલાંનું દ્રવ્ય જેમ સાધારણ–ગુરુવૈયાવચ્ચમાં લેવાય છે તેમ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પહેલાં ગુરુમૂર્તિને પૂજનીય બનાવવા માટે અભિષેકના ચઢાવાનું દ્રવ્ય ગુરુમંદિર–સ્મારકમાં કેમ ન લેવાય ? એવો પ્રશ્ન કરવો એ તર્કસંગત નથી. એવું જ જો તમે કહેવા માંગતા હો તો જિનમૂર્તિને ભરાવવાના ચઢાવાનું દ્રવ્ય પણ અંજન–પ્રતિષ્ઠાવિધિ કરવા પહેલાંના છે તો તે દ્રવ્ય પણ દેવકા સાધારણમાં કેમ ન લેવાય ? મંગલમૂર્તિના ચઢાવાનું દ્રવ્ય પણ દેવકાસાધારણમાં કેમ ન લેવાય ? એ બધું તો દેવદ્રવ્યમાં લેવાનો વ્યવહાર જૈનશાસનમાં ચાલે છે.

એનું કારણ એ જ છે કે – જિનમૂર્તિને પૂજનીય બનાવવા માટે મૂર્તિ ભરાવવા વગેરેના ચઢાવા બોલાય છે.

જયારે વિદાયતિલક, ઉપકરણ અર્પણ કરવા... વગેરે દીક્ષિત બનાવવા કરતા નથી. એ તો દીક્ષાર્થીનું સન્માન કરવા માટે કરાય છે. દીક્ષિત બનાવવા માટે તો દેવવંદન, કરેમિ ભંતે... વગેરે દીક્ષાની વિધિ કરાય છે. વિદાયતિલક–ઉપકરણ અર્પણ દીક્ષાર્થીના સન્માન માટે કરાય છે માટે ચઢાવાનું દ્રવ્યવિદાય તિકલનું દ્રવ્ય સાધારણમાં અને ઉપકરણ અર્પણ કરવાનું દ્રવ્ય વૈયાવચ્ચમાં લેવાય છે. પરન્તુ ગુરુમૂર્તિનાં ભરાવવા આદિના ચઢાવા તો ગુરુમૂર્તિને પૂજનીય બનાવવા માટે બોલાય છે માટે એ ગુરુદ્રવ્ય પૂજાર્હ બનવાર્થ દેવદ્રવ્યમાં લેવું જોઈએ, ગરુસ્મારકાદિમાં ન લેવાય.

જિનપ્રતિમાને અલંકાર, વસ્ત્રાદિનો ઉપભોગ હોય છે માટે જિનપ્રતિમાનું દ્રવ્ય (દેવદ્રવ્ય) જિનપ્રતિમાના ઉપયોગમાં આવે છે તેમ ગરુપ્રતિમાને પણ વસ્ત્ર–અલંકારાદિનો ઉપભોગ હોય છે માટે ગુરુપ્રતિમાદિની પ્રતિષ્ઠા આદિના ચઢાવાનું દ્રવ્ય ગુરુના સ્મારકાદિના ઉપયોગમાં લઈ શકાય–આવી કેટલાકની માન્યતા છે તે માન્યતા ખરેખર ભૂલભરેલી, તર્કવિહોણી છે.

પ્રથમ તો એ હકીકત છે કે જિનપ્રતિમા કે ગુરુપ્રતિમા જીવ નથી, જડ છે. એથી જિનપ્રતિમા કે ગુરુપ્રતિમાં વસ્ત્ર–અલંકારાદિનો ઉપભોગ કરે છે કે એને ઉપભોગ હોય છે એ વાત તદ્દન સત્યથી વેગળી છે. કોઈ પણ વસ્તુનો ઉપભોગ કે ભોગ જીવ કરે છે, અજીવ કરતો નથી. દ્રવ્યસપ્તતિકામાં ભોગાર્હ અને પૂજાર્હ દ્રવ્ય : એમ ગુરુદ્રવ્યના બે ભેદ પાડ્યા છે. ગરુનો ભોગાર્હ દ્રવ્ય વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી, વગેરે છે. વસ્ત્ર, પાત્ર આહાર, પાણી વગેરે દ્રવ્યનો ઉપભોગ જીવન્ત ગરુ કરે છે. ગુરુપ્રતિમાને વસ્ત્રાલંકારાદિનો ઉપભોગ હોતો નથી.

ઉપભોગની વાત કરીને જિનમૂર્તિ અને ગુરુમૂર્તિના દ્રવ્યને જિનમંદિરમાં અને ગુરુમંદિરાદિ સ્મારકમાં ઉપયોગ કરવાની વાતો કરવી—એ કોઈ રીતે ઘટિત નથી.

અરિહન્તપરમાત્માની ભક્તિ કરવા માટે શ્રાવકો અલંકારાદિ અર્પણ કરતા હોય છે અને કોઈ પોતાની માલિકી રાખીને ભગવાનની પ્રતિમાના અંગ ઉપર ચઢાવતા હોય છે અને પાછા અલંકારાદિ લેતા પણ હોય છે. અંગરચના અલંકારાદિ દ્રવ્યથી જે કરવામાં આવે છે તે પોતાને અને દર્શનાર્થીઓને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ પિણ્ડસ્થાદિ ભાવનાઓ ભાવવાદિ દ્વારા અથવા ભાવોલ્લાસ પેદા થવા દ્વારા થાય તે માટે છે, નહીં કે વસ્ત્રાલંકારાદિના ઉપભોગ માટે જિનપ્રતિમાને ચઢાવવામાં આવે છે. દેવદ્રવ્યથી પણ હીરામાણેકાદિની આંગીઓ બનાવીને પ્રભુજીની પ્રતિમાને અંગરચના કરવામાં આવે એ પણ દર્શનાર્થીઓને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય એ ઉદ્દેશથી જ, નહીં કે પ્રભુપ્રતિમાના ઉપભોગ માટે.

માટે ગુરુપ્રતિમાને અલંકારાદિનો ઉપભોગ હોય છે. માટે ગુરુપ્રતિમાદિની પ્રતિષ્ઠાદિના ચઢાવાની રકમ ગુરુસ્મારકમાં લેવી—એ પાયાવિહોણી વાત છે.

ગુરુ પ્રતિમાને હીરા, માણેક, સોના, ચાંદી, આદિની અંગરચના કરવાનું કોઈ ઠેકાણે જાણવા મળ્યું નથી. ગુરુ પ્રતિમાને તો માત્ર વાસક્ષેપપૂજા દરરોજ કરી શકાય છે. ગુરુની સ્વર્ગારોહણની તિથિ વખતે અથવા ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાની તિથિ વખતે પ્રક્ષાલાદિ કરી વરખાદિ લગાડી પૂજા કરાય છે તે ગુરુભક્તિ નિમિતે કરાય છે. રાજ રોજ અષ્ટપ્રકારી પૂજા કરવાનું કોઈ પણ શાસ્ત્રમાં વિધાન નથી. અરિહંત પરમાત્માની પ્રતિમાજીનો જ રોજ રોજ અષ્ટપ્રકારી પૂજા તથા હીરામાણેકાદિ દ્વારા અંગરચના કરવાનું વિધાન છે. રોજેરોજ કોઈ પુણ્યાત્મા હીરામાણેકાદિ અલંકારો વગરેથી અંગરચના કરે તો એમા કોઈ શાસ્ત્રીય બાધ નથી અનશકૃતિ આદિના અભાવમાં અંગરચના ન થાય તો પણ બાધ નથી.

પ.પૂ. પરમગુરુદેવ આચાર્યભગવન્ત શ્રી રામચન્દ્ર સૂ.મ.સા.એ પૂ.આ.દે.શ્રી. કમલસૂ. મહારાજના ગુણાનુવાદ કરતાં જણાવ્યું છે કે — શ્રી અરિહન્તપરમાત્માની અષ્ટપકારી પૂજા જે રીતે કરાય એ રીતે ગુરુપ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરવી એ જિન અને જિનશાસનમાં દ્રોહ છે. અતિરેક કરવો એ પાપ છે.

પૂ.પા. પરમગુરુદેવશ્રીએ પૂ. આત્મારામજી મ. વગેરે મહાપુરુષોના ગુણાનુવાદો જુદા જુદા વખતે કરેલા છે તે બધા ગુણાનુવાદોનો એક પુસ્તકમાં સંગ્રહ કરેલ છે, એમાં આ વતની રજૂઆત આ. દે.શ્રી કમલ સૂ.મ.ના ગુણાનુવાદ કરતી વખતે કરાઈ છે. પૂજયપાદશ્રીના આ કથન ઉપરથી એ નિશ્ચિત થાય છે કે—ગુરુપ્રતિમાજીને રોજેરોજ વાસક્ષેપપૂજા, વંદનાદિ થઈ શકે. તેમાં ગુરુની સ્વર્ગારોહણતિથિ આવે કે પ્રતિષ્ઠાની તિથિ આવે ત્યારે પ્રક્ષાલાદિ તથા વરખ, પુષ્પ આદિ વડે પૂજા થઈ શકે, અલંકાર આદિ વડે અંગરચના ન થઈ શકે.

જિનપ્રતિમામાં પિણ્ડસ્થાદિ અવસ્થાનું ભાવના કરવા માટે અલંકારો આદિ દ્વારા અંગરચના કરવામાં આવે છે. જયારે ગુરુપ્રતિમાને અલંકારો આદિ દ્વારા આંગી રચાય નહીં : કેમ કે ગરુપ્રતિમામાં પિણ્ડસ્થ અવસ્થાનું ભાવન કરવાનું હોતું નથી.

રોજેરોજ ગુરુપ્રતિમાને અષ્ટપ્રકારી પૂજા કરવામાં તથા હીરામાણેકાદિથી અંગરચના જિનની માફક કરવામાં જિન—જિનશાસનનો દ્રોહ અને અતિરેક પાપ થાય છે.

ગુરુપ્રતિમાને અભિષેકાદિ કરવા દ્વારા પૂજનીય બનાવી છે માટે એની પૂજામાં આવેલ દ્રવ્યને પૂજાર્હ ગુરુદ્રવ્ય માનવું જોઈએ અને દેવદ્રવ્ય તરીકે ગણવું જોઈએ. એ દ્રવ્ય ગુરુસ્મારકાદિના ઉપયોગમાં ન આવી શકે.

ઉપયોગ વગેરેની વાતો કરીને ગુરુપ્રતિમાની

પૂજામાં આવેલ ગુરુદ્રવ્યને ગરુસ્મારકાદિમાં લઈ જવા માટેની લોકોમાં ભ્રમણા કરાય છે તે કોઈ રીતે ઉચિત નથી. એમ કરવાથી પોતાને તો દેવદ્રવ્યની હાનિના પાપમાં પાડવાનું થાય છે પરન્તુ બીજાઓને પણ ખોટી રીતે ભ્રમણાઓમાં પાડવાથી દેવદ્રવ્યના દુરુપયોગના ખાડામાં નાંખવાનું થાય છે.

દ્રવ્યસપ્તતિકાગ્રન્થમાં કરેલી ગુરુદ્રવ્યની વ્યવસ્થાને લગતા પ્રતિપાદનને ઉપલક દૃષ્ટિએ ન વિચારતાં હૃદયમાં મધ્યસ્થપણું ધારણ કરી સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવાનો પ્રયત્ન કરશો તો સત્યમાર્ગ પ્રાપ્ત થશે અને ગુરુદ્રવ્ય–દેવદ્રવ્યને લગતી માન્યતાનો ઝળકતો દીવડો હૈયામાં પ્રગટ થશે. માટે દરેક વાંચકોને હાર્દિક ભલામણ છે કે એકપક્ષીય માન્યતામાં બંધાયા વગર મધ્યસ્થદૃષ્ટિથી વિચારે...

સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે સાબરમતીમાં ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેની બોલી આદિનું દ્રવ્ય ગુરુમંદિર–સ્મૃતિમંદિરમાં વાપરી શકાય–એ વાતનું પ્રતિપાદન કરનારી પત્રિકા પૂ.આ.દે.શ્રી. મિત્રાનંદ સૂ.મ.એ બહાર પાડી હતી, તે એકપક્ષીય આચાર્યો એ નિર્ણય કરીને છપાયેલી હતી, સમુદાયના બીજા પક્ષના અચાર્યાદિની સાથે વિચારવિનિમય કરવામાં આવ્યો ન હતો. તેથી આ.દે.શ્રી મિત્રાનંદ સૂ.મ.સા. ની એ પત્રિકા પ્રમાણભૂત ન ગણાય. એથી એ પત્રિકાન આધારે ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેના ચઢાવાના દ્રવ્યને દેવદ્રવ્ય ગણીને એ દ્રવ્ય ગુરુમંદિર–સ્મૃતિમંદિરાદિના નિર્માણમાં ન અપાઈ જાય તેની કાળજી રાખવી.

આ નિવેદન બહાર પડવાથી કોઈ એમ સમજતું હોય કે પૂ.પા. શ્રી. રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયમાં ભાગલા પડી જશે કે પડી ગયા, સમુદાયના ગૌરવમાં ધક્કો લાગશે કે નુકસાન થશે, તો એ વાતમાં કાંઈ માલ નથી. સૂરિરામના સમુદાયની એકતાને જરા પણ ધક્કો લાગ તેમ નથી. એની એકતા તો અડીખમ ઊભી રહેવાની છે. વિચારભેદ તો દરેક ઠેકાણે હોય છે. જાહેરમાં પણ આવી જાય છે. છતાં એકતા તૂટતી નથી. આ નિવેદન તો સત્યમાર્ગ પ્રાપ્ત કરાવનાર હોવાથી સમદાયની એકતાને મજબૂત કરનાર છે અને શોભા વધારાનાર છે. અરે ! આ નિવેદન તો એકપક્ષીય માન્યતામાં અટવાયેલના હૈયામાં શાસ્ત્રાનુસારી માન્યતા પેદા કરનાર અને સન્માર્ગમાં લાવનાર છે. માટે કોઈએ ઉકળાટ કે ઉચાટ કરવાજેવો નથી.

શાસનદેવ સહુને સદ્‌બુદ્‌ધિ અર્પે એ જ એકની એક મનોકામના.

લે. સૂરિરામના સાચા વારસદાર
આ. વિચક્ષણ સૂ.

'મન મહેંકે, મનખો મહેંકે'

'ફૂલ લેવાં છે, સાહેબ !'

તમે જઈ રહ્યા હોવ છો ઘર ભણી ત્યાંજ નજીકથી બૂમ પડે છે. તમે એ તરફ નજર કરો છો, તો ફૂલવાળો ગુલાબના ફૂલોની છાબડી લઈને ઊભો છે ! એ સામેથી હસીને બૂમ લગાવે છે : 'લઈ લો સાબ, લઈ લો ! મબલખ મહેંક વેરતું ગુલાબનું ફૂલ લઈલો... મન તરબતર થઈ જશે !'

તમે થોડાંક ગુલાબ લઈ લો છો. ને એ સાથે જ તમને લાગે છે. કે ખૂશ્બૂના ખજાના ફોરી રહયા છે ? તમે આખે આખા મઘમઘી રહયા છો ! તમને થાય છે કે મન પણ મહેંકતું હોય તો –

સાચી વાત જ મનની મહેંકની છે. મન મહેકે તો મનખો મહેકે ! ગુલાબનું ફૂલ જાણે બોલે છે. સાબ, જે જીવન મહેંકતુ નથી, એ અર્થ હીન છે. કાગળ ના ફૂલ જેવું છે !'

આપણે કાગળનાં ફૂલ ન બનીએ. આપણે ગુણનાં ગુલાબ ખીલવીએ, આપણે મનનાં ફુલ મહેકાવીએ !

દીપાવલીના દિવસોમાં ટેબલ પરના બાસ્કેટમાં કે ફૂલદાનીમાં પ્લાસ્ટીકનાં ફૂલ નહિ હોય તો ચાલશે, ટોડલે તોરણ નહિ બાંધ્યા હોય તો પણ ચાલશે, ટોડલે તોરણ નહિ બાંધ્યા હોય તો પણ ચાલશે. રોશનીના રંગ ફુવારા નહિ ઉછાળ્યા હોય તો પણ ચાલશે.

પણ મન મહેક વગરનું હશે તો નહિ ચાલે ! આવો આપણે મનનાં ગુલાબ મહેંકાવીએ ! જાતને મઘમઘાવીએ ! જીવનને ખુશ્બુથી ભરી દઈએ ! જે મળે, જે આવે તેને ખુશબૂથી ભરી દઈએ – સહુને એક જ સંદેશો આપીએ : મહેંકો અને મહકાવો !

શ્રી અમૃતસૂરીશ્વરાય નમઃ

પ્રાચીન સાહિત્યોદ્ધારક પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.

કલ્યાણથી બીડનો સંભવિત વિહાર

તા.	તિથી	વાર	ગામ	કી.મી.
૨૪-૧	પો.વ.૭	શુક્ર	અંબરનાથ	૧૦
૨૫-૧	'' ૮	શનિ	બાદલાપુર	૧૩
૨૬-૧	'' ૯	રવિ	વાંગણી સ્ટેશન	૧૩
૨૭-૧	'' ૧૦	સોમ	નેરલ	૧૨
૨૮-૧	'' ૧૧	મંગળ	કર્જત	૧૫
૨૯-૧	'' ૧૨	બુધ	ખોપોલી	૧૨
૩૦-૧	'' ૧૩	ગુરૂ	ખંડાળા	૮
૩૧-૧	'' ૧૪	શુક્ર	કારલા	૧૩
૧-૨	'' ૦))	શનિ	કામશેત	૯
૨-૨	મા.સુ.૧	રવિ	પાર્શ્વ પ્રજ્ઞાલય	૧૪
૩-૨	'' ૨	સોમ	દેહુ રોડ (૪ દિક્ષાઓ)	૧૦
૮-૨	'' ૭	શનિ	ચાકન	૧૫
૯-૨	'' ૮	રવિ	ખેડ (૨ દિવસ)	૧૨
૧૧-૨	'' ૧૦	મંગળ	વાફગાંવ	૧૨
૧૨-૨	'' ૧૦	બુધ	પાબળ	૯
૧૩-૨	'' ૧૧	ગુરૂ	લૂણી	૮
૧૪-૨	'' ૧૨	શુક્ર	કતરા	૧૦
૧૫-૨	'' ૧૩	શનિ	મલઠાણ	૧૨
૧૬-૨	'' ૧૪/૧૫	રવિ	ઘોડ નદી	૧૬
૧૭-૨	મા.વ.૧	સોમ	નારાયાણગાંવ	૧
૧૮-૨	'' ૨	મંગળ	સુપા	૪
૧૯-૨	'' ૩	બુધ	ચાસ	૪
૨૦-૨	'' ૪	ગુરૂ	અહમદનગર (૨ દિવસ)	૩
૨૨-૨	'' ૬	શનિ	કવડગાંવ	૭
૨૩-૨	'' ૭	રવિ	કરંજી	૩
૨૪-૨	'' ૮	સોમ	તીસગાંવ	૦
૨૫-૨	'' ૯	મંગળ	પાથર્ડી	૨
૨૬-૨	'' ૧૦/૧૧	બુધ	મોહટા	૦
૨૭-૨	'' ૧૨	ગુરૂ	માનુર ટાકળી	૦
૨૮-૨	'' ૧૩	શુક્ર	શિરૂર	૨
૪-૩	ફા.સુ.૧	મંગળ	બીડ (પ્રવેશ)	૦

* ફા.સુ. ૧૦ ગુરૂવાર તા. ૧૩-૩ પ્રતિષ્ઠા
* તા. ૧૯-૩ના બેંગલોર તરફ વિહાર

:: સંપર્ક ::

શેઠ લીલીધર રામજી

ઠે. સૌરાષ્ટ્ર ઉપહાર ગૃહ, સુભાષ રોડ, મુ. બીડ (મહા.) ૪૩૧૧૨૨.
ફોનઃ લીલાધરભાઈ (૦૨૪૪૨) ૩૦૩૨૪,
રમણીકભાઈ (૦૨૪૨૨) ૨૬૪૯૯

સિદ્ધાંત ચૂસ્તતા કેળવો

- અભ્યાસી.

ભગવાનના માર્ગની અખૂટ શ્રદ્ધા અને કર્મ સિદ્ધાંતમાં મક્કમ એવં શ્રીમતી મયણાસુંદરીએ માનાકાંક્ષી પિતાની વાત માન્ય ન રાખી પણ પોતાના કર્મે આણેલ કોઢિયાનો હાથ મજેથી ઝાલ્યો. તે પ્રસંગે શાસનના શિરતાજ, અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિ મહારાજે જણાવ્યું છે કે-''અતિ કઠીન મનવાળો રાજા પોતાના કોપથી પાછો ન ફર્યો અને ભગવાનના માર્ગની જાણ એવી પરમવિદુષી મયણા પોતાના સત્ત્વથી જરાપણ ચલિત ન થઈ.''

ભગવાન શ્રી જિનેશ્વર દેવોનો સિદ્ધાંત પકડી રાખે તેને આદ્ય ગણધર **'સત્ત્વશાલીની'** કહે છે પણ 'જીદ્દી' 'ઝઘડાલુ' 'કજીયાખોર' નથી કહેતા. આજનો યુગ પલટાયો છે. આજે તો સાચી સિદ્ધાંતની વાત કરે, સિદ્ધાંતોનું મંડન કરે તે બધા ઝઘડાળુ, કજીયાખોર, જીદ્દી, સંઘની-સમુદાયની એકતા સંગઠન તોડનારા ! ખરેખર વર્તમાન હવાની અસરમાં તણાયેલા જીવોની સાચી વિવેકદૃષ્ટિ પણ કેવી હણાઈ ગઈ લાગે છે. વર્ષો સુધી જે સિદ્ધાંતો માન્યા અને પ્રચાર્યા તેની આજે એક માત્ર પોતાના વચનને ઊંચું રાખવા (સાચું જાણવા અને સમજવા છતાં પણ) વિપરીત વર્તી રહ્યા છે. ખુદ આશ્ચર્ય અને નવાઈ તો તેની થાય છે કે ખુદ પોતાના વડિલો પણ તે જ વાત લખી ગયા છે તેમની વાત માનવા પણ ઈન્કાર થાય છે તેને આ કલિકાળનો પ્રભાવ માનવો પડે ! આ તો હજી શ્રી સંઘનો પુણ્યોદય છે નહિ તો આવા પ્રસંગો પણ કાંઈ નાખતા આંચકો આવે તેમ નથી. (કેમ કે, જાણવા પ્રમાણે પોતાના વડિલોની વાતો પણ આજે પોતાને ફાવે તેવી નથી તો પ્રસંગો તે તે પ્રવચનોમાંથી પણ દૂર કરાયા છે.)

માટે કોઈ ગમે તેમ બોલે-માને પણ આપણે તો મયણા જેવી આવી મક્કમતા સ્થિરતા - ધીરતા કેળવીશું તો પરિણામે તો આપણને લાભ જ થશે. માટે આ પ્રસંગનો પરમાર્થ આત્મસાત્ કરીશું તો બાહ્ય આડંબરો, ભભકાઓ કે ઔદાર્યિક ભાવો મૂંઝાવશે નહિ પણ માર્ગમાં સ્થિર બનાવશે. આપણું ન ગુમાવાય માટે આ વિચારણા છે. સૌને સદ્બુદ્ધિ મલો.

॥ શ્રી વિમલનાથાય નમઃ ॥

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

નૂતન શિખરબંધી જિન મંદિરમાં મૂળ નાયક શ્રી વિમલનાથજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા તથા ધ્વજદંડ કલશ પ્રતિષ્ઠા તથા તે નિમિત્તે શાંતિસ્નાત્ર આદિ પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પ્રસંગે

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

: શુભ સ્થળ :

વિપ્રનગર બીડ (મહારાષ્ટ્ર).

નિશ્રાદાતા

તપોમૂર્તિ પૂ. આ. શ્રી વિજયકર્પુરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર હાલાર દેશોદ્ધારક
પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

નિમંત્રક

શ્રી જૈન શ્વેતાંબર વિમલનાથ મંદિર ટ્રસ્ટ
શ્રી શ્વે. મૂ. જૈન સંઘ
વિપ્રનગર, બીડ (મહારાષ્ટ્ર) ૪૨૧૧૨૨.
ફોન : લીલાધરભાઈ (૦૨૪૪૨) ૩૦૩૨૪ / રમણિકભાઈ ૨૬૪૮૯

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું કે જગતના જીવોને મોક્ષ માર્ગ ફરમાવનારા અરિહંત પરમાત્માઓ છે તેમણે સમ્યગ જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ મોક્ષ માર્ગ બતાવ્યો છે. તે માર્ગની પ્રાપ્તિ માટે ઉપકારી અરિહંતોની પરમકલ્યાણકારી ભક્તિ કરવાની છે.

અમારા શહેરમાં **શેઠશ્રી લીલાધર રામજી જોડચાવાળા**ને ત્યાં ઘર દેરાસર થયું અને ભક્તિ વધતા ઉપાશ્રય આરાધના ભવન થયા હતા. શિખરબંધી જિનમંદિર પૂર્ણ થવામાં છે. આ બધા કાર્યો પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી** મ. ના ઉપદેશ તથા માર્ગદર્શનથી થયા છે.

જિનમંદિરની પ્રતિષ્ઠા માટે અમો પૂ. શ્રી. ને વિનંતી કરતા હતા. તેઓ ભિવંડી ચાતુર્માસ કરીને અમારી વિનંતીથી પધારી રહ્યા છે.

પૂ. હાલારદેશોદ્ધારક આ. **શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી** મ. ના પટ્ટધર પ્રાચીન સાહિત્યો દ્ધારક પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી** મ., પ્રવર્તક પૂ. મુ. **શ્રી યોગીન્દ્રવિજયજી** મ. આદિ મુનિરાજો તથા પ્રવર્તિની પૂ. સા. **શ્રી સૂરેન્દ્રપ્રભાશ્રીજી** મ. ના શિષ્યા પૂ. સા. **શ્રી સ્વયંપ્રભાશ્રીજી** મ. આદિ પધારશે. આ પ્રસંગે અમારા સંઘના વડિલ શ્રી લીલાધરભાઈ ના સંસારી પુત્ર હાલ પૂ. મુ. **શ્રી હેમેન્દ્ર** વિ. મ. તથા સંસારી પુત્રવધુ હાલ પૂ. સા. **શ્રી પ્રશમપ્રભાશ્રીજી** મ. પણ પ્રતમવાર ૧૧ વર્ષે પધારશે.

જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનો મંગલ કાર્યક્રમ

દિવસ	તિથિ	કાર્યક્રમ
૧	ફાગણ સુદ ૭ સોમવાર તા. ૧૦-૩-૨૦૦૩	કુંભ સ્થાપના: સવારે ૯ વાગે ● દીપક સ્થાપના : શેઠ દલપતરાય શેઠ રતિલાલ, શેઠ ખુશાલચંદ કલ્યાણજી રાકોડ પરિવાર, કલકત્તા તરફથી. બપોરે : પંચ કલ્યાણક પૂજા-શ્રીમતી દેવકુંવરબેન વેલજી મેઘજી લંડન તરફથી.

દિવસ	તિથિ	કાર્યક્રમ
૨	ફાગણ સુદ ૮ મંગળવાર ૧૧-૩-૨૦૦૩	નવગ્રહ પૂજન : સવારે : શ્રીમતી જયાબેન ગુલાબચંદ મુળચંદ પૂંજા માર્ફ ડબાસંગવાળા લંડન તરફથી ● દશદિકપાલ પૂજન અષ્ટમંગલ પૂજન : બપોરે ૨.૩૦ વાગ્યે ● નવપદજી પૂજા- શ્રીમતી રમાબેન લાલજી હેમરાજ લંડન તરફથી
૩	ફાગણ સુદ ૯ બુધવાર તા. ૧૨-૩-૨૦૦૩	સવારે ૭ વાગે : પ્રભુજી તથા ધ્વજદંડ કલશના અભિષેક ● સવારે ૯ વાગે જલયાત્રાનો વરઘોડો ● બપોરે ૧૨.૪૦ કલાકે : શ્રીમતી રમાબેન લાલજી હેમરાજ ચંગાવાળા લંડન તરફથી તેમની લગ્નની ૫૦મી સંવત્સરી નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન.
૪	ફાગણ સુદ ૧૦ ગુરૂવાર તા. ૧૩-૩-૨૦૦૩	શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા બાદ પ્રવચનમાં પૂ. ગુરૂદેવ અમૃત સૂરીશ્વરજી મ.ની ૩૭મી પૂણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ ● બપોરે ૧૨.૪૦ કલાકે : શાંતિસ્નાત્ર મહાપૂજન શેઠ ચત્રભુજ જીવાણભાઈ પઢીયાર પરિવાર બીડ તરફથી
૫	ફાગણ સુદ ૧૧ શુક્રવાર તા. ૧૪-૩-૨૦૦૩	સવારે: જિન મંદિર દ્વારોદ્ઘાટન સવારે ૧૦ વાગ્યે : સત્તરભેદી પૂજા સૌ. છાયાબેન અરૂણકુમાર કોટેચા પરિવાર બીડ તરફથી

દરરોજ પ્રભુજીની ભવ્ય અંગરચના થશે. સમય મુજબ પ્રવચન થશે. વિધિ માટે શ્રી કનુભાઈ હીરાલાલ સોલાપૂરવાળા તથા સંગીતકાર શ્રી પ્રફુલ્લભાઈ કોચીનવાળા એન્ડ પાર્ટી પુનાથી આવશે. વરઘોડામાં રથ બાર્શીથી આવશે.

આ પ્રસંગે પધારવા આપને ભાવભર્યું આમંત્રણ છે.

★ જિન પ્રતિમા ભરાવવાનો લાભ લેનાર ભાગ્યશાળીઓ ★

(૧) મૂળનાયક શ્રી વિમલનાથજી- સંઘવી મોતીલાલ ગુલાબચંદ પરિવાર, સોલાપુર
(૨) જમણીબાજુ શ્રી સંભવનાથજી- શાહ દેવકરણ મોરારજી, કલ્યાણજી લખમીચંદ રામજી કલ્યાણજી પરિવાર, બીડ
(૩) ડાબીબાજુ શ્રી વર્ધમાન સ્વામી- સંઘવી મોતીલાલ ગુલાબચંદ પરિવાર, સોલાપુર.
(ત્રણે પ્રભુજી તથા ધ્વજદંડકલશની પ્રતિષ્ઠાની બોલીઓ થશે.)

જૈન મંદિર નિર્માણના સહભાગી

✧ શ્રી બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળ	લંડન
✧ શ્રી જૈન હિતવર્ધક મંડળ	ડોળીયા (સુરેન્દ્રનગર)
✧ શ્રીમતી રમાબેન લાલજીભાઈ હેમરાજ ચંગાવાલા	લંડન
✧ શ્રી ઘાટકોપર શ્વે. મૂ. તપગચ્છ સંઘ, કામાલેન	ઘાટકોપર
✧ શ્રી વેમ્બલી કેન્ટોન, સ્ટેનમોર પર્યુષણ પ્રસંગે હ.: કંચનબેન એમ. ગુઢકા	લંડન
✧ લાખાબાવળ શ્વે. મૂ. જૈન સંઘ	લાખાબાવળ (જામનગર)
✧ શ્રી ભાભર જૈન મૂર્તિપૂજક સંઘ પેઢી	ભાભર
✧ શ્રી વિજયાભવન મહાવીર સ્વામી જૈન દેરાસર	મલાડ (વે.) મુંબઈ
✧ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ	અમદાવાદ
✧ શ્રી જૈન શ્વે. આદીશ્વર ભગવાન મંદિર ટ્રસ્ટ	સોલાપુર
✧ શ્રી વીશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ	નવાગામ (જામનગર)
✧ શ્રી શ્વે. મૂ. તપગચ્છ શ્રીસંઘ	ચંગા (જામનગર)
✧ શ્રી ભવાનીપૂર મૂર્તિપૂજન જૈન શ્વે. સંઘ	ભવાનીપુર (કલકત્તા)
✧ શ્રી વીશા ઓસવાલ શ્વે. મૂ. તપાગચ્છ સંઘ	ડબાસંગ (જામનગર)
✧ શ્રી લખમશી વીરપાર શાહ પરિવાર	હિંગોલી (મહારાષ્ટ્ર)

પ્રશાંન્યમૂર્તિ પૂ. વિમલકીર્તિશ્રીજી મ. નો સા. તપોરત્નાશ્રીએ કરેલ ગુણાનુવાદ

વિ.સં.૨૦૫૭, પ્ર.આ.વ. ૭ સાંજે ૩॥ થી ૪

જેના સ્વભાવે સરળતાના પુષ્પો રહ્યાતા' ખીલતા,
જેના હૃદયમાં વિમલતાના સૌરભો રંગરેલતા;
જેના પવિત્ર નેત્રો સદાએ પ્રશમરસ ઝરાવતા,
આશિષગુરુ 'વિમકીર્તિ' કેરા કર્મમલ હઠાવતા ॥

જેમ મનુષ્યનું મુખ એ હૃદયનો અરિસો છે. અર્થાત્ મુખાકૃતિ તથા ચહેરાના હાવ ભાવ ઉપરથી મનુષ્યોના ગુણો પરખી શકાય છે. માટે જ કહ્યું છે- ''આકૃતિ: ગુણાન્ કથયતિ'' આ ઉક્તિ અનુસારે ઉપરની સ્તુતી દ્વારા ''ગાગરમાં સાગર'' રૂપે મારા પરમોપકારી પૂ. ગુરુ ભગવંતના ગુણવૈભવની ઝાંખી જરૂર થઈ જાય છે. પરંતુ પરમર્ષી ઉપાધ્યાયજી ભગવંતનું વચન છે. '' ગુણગાતા ગિરૂઆતણા, ગુણ આવે નિજ અંગ'' ગુણીઓના ગુણો વારંવાર જોવા, વારંવાર બોલવાથી, સ્વદોષો દફનાવી ગુણો પામી શકાય, ત્યારે મારા પરમ ઉપકારિ ગુરુભગવંતના ઋણભાર નીચે લદાએલા એવા અમને આ ગુણાનુવાદ દ્વારા આંશિક ઋણમુક્તિની તક છે. આવી તક વારંવાર મળતી નથી માટે આજે તો તેઓશ્રીજીની નિશ્રામાં ૨૨ વર્ષ દરમ્યાન જે જે અનુભવવા અને સાંભળવા દ્વારા ગુણવૈભવ વિલાસ જોવા-જાણવા મળ્યો છે. તેને તમારી વચ્ચે ખુલ્લો કરી સ્વ-પર અનુમોદના સાથે હિતના ભાગી બનીએ એજ શુભેચ્છા પૂર્વક આગળ વધુ છું.

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામિ પરમાત્મા સ્વમુખે જે ક્ષેત્રનું વર્ણન કરે છે. તે પુનિત ''વિમલાચલની'' ગોદમાં વસેલા જેસર ગામમાં, દિપચંદભાઈના કૂળને દીપાવનાર, જશવંતીબ્હેનની કુખને અજવાળનાર, પૂ. ગુરુદેવનો જન્મ થયેલો, ''પુત્રના લક્ષણ પારણે અને વહુના લક્ષણ બારણે'' આ ઉક્તિ અનુસાર ભદ્રક મુખાકૃતી, ભવિષ્યમાં પણ નામ, કામ અને સ્વભાવને પણ વિમલપણાથી સંપન્ન કરનાર બનશે એ હેતુ જ હોય નહિ જાણે તેમ વડીલોએ ''વિમલા'' એ પ્રમાણે નામ રાખેલ, બધા ભાઈબ્હેનોમાં વડીલવર્ગોની મહેરનજર, વાત્સલ્ય, આત્મીયતા વિમલાબ્હેન ઉપર હમેંશા વિશેષ રહેતી. તે વખતના વ્યવહાર અનુસારે માત્ર ચૌદ વર્ષની ઉંમરે તો તે જ ગોદમાં અર્થાત્ - વિમલાચલથી નજીક આવેલા ગાધકડાના વતની મુંબઈ નિવાસી, શ્રેષ્ઠીવર્યશ્રી મનસુખભાઈ દૂધવાળાની સાથે લગ્નગ્રંથીથી જોડાયા. પરંતુ ધર્મિષ્ટ માત-પિતાના સંસ્કાર-સ્વરૂચી અને ખાનદાનીના યોગે ધર્મની પ્રધાનતા હમેંશા હૃદયમાં જાજ્વલ્યમાન રહેતી. જેથી સુ.શ્રા.મનસુખભાઈના જીવનમાં પણ ધર્મની લાગણી વૃદ્ધિવંત બનતી રહી. અને કંદમૂળ ત્યાગ વગેરે શ્રાવક ધર્મના પાયા પૂરાયા સાથે સંસારના ફળરૂપે ૫ વર્ષના વિલંબ પછી પણ મોટો ''પ્રવિણ'' અને નાનો મહેન્દ્ર એમ અનુક્રમે બે પુત્ર-રત્નની માતા બન્યા પરંતુ ધર્મ-કર્મની વિષમતાને સમજનાર ધીર-ગંભીર પ્રકૃતિના કારણે કદિ પણ પુત્ર પ્રત્યેનો મોહ બિનમર્યાદપણાને પામ્યો ન હતો અર્થાત્ કુટુંબીઓની કાળજી વડીલોની સેવા-આમન્યાદિમાં તેઓશ્રીજીનું મન સદા મસ્તી અનુભવતું માટે જ કુટુંબ આખાનું વાત્સલ્ય બંને બાળકો ઉપર વિશેષ રહેતુ. ૧૪ વર્ષે લગ્ન થયાને દશકો પૂરો થયો કે નહિં ત્યાં તો પૂજ્યપાદ આ.ભ.વિ. રામચંદ્રસૂરિશ્વરજી મહારાજની મોહ ફણીધર પ્રત્યે ગારુડીમંત્ર સમાન એવી અમોઘ દેશના સાંભળી સુ.શ્રા.મનસુખભાઈ વૈરાગ્યથી વાસિત બન્યા, એક આર્યપણાના, પતિની છાયા બનીને

રહેવાના સંસ્કારને સ્હેજે જીવનમાં ઘડેલા હોવાથી વિમલાબ્હેને પણ મનસુખભાઈના માર્ગને અનુસરવાના મનોરથો સેવવા માંડ્યાને જોતજોતામાં ભરયુવાન વયે માત્ર ૨૪ વર્ષની ઉંમરે પૂ. પ્રેમરશ્મિરત્નસૂરજી મ. ની નિશ્રા પામી, **ચતુર્થ** વ્રતને ગ્રહણ કર્યું અને મોક્ષની વાટે સાથે સંચરવા ધર્મોદ્યાનનું સિંચન શરૂ કર્યું. ૧ વખત નવ્વાણુ યાત્રા, શિખરજી યાત્રા, છઠ્ઠ કરીને સાત યાત્રા, ગીરીરાજમાં ચાતુર્માસ વગેરે આરાધનાઓ દ્વારા સ્વજીવનને સંયમના શણગારથી સુશોભીત બનાવવા રત્નત્રયીથી વાસિત બનાવ્યું. વિ.સં. ૨૦૧૧માં ભાયખાલા મૂકામે અધ્યાત્મયોગિ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકર વિ.મ.સા. હસ્તે જેઠ સુદી પંચમીના સજોડે દીક્ષા થઈ. તેઓશ્રીજીએ પણ સર્વસાધનાનો સાર વિમલતા છે, માટે જ જાણે ન હોય તેમ સ્વનામને વધુ અલંકૃત કરી સા.શ્રી 'વિમલકીર્તિશ્રીજી' એ પ્રમાણે જ નામ રાખ્યું. આખા કુટુંબે, અર્થાત્ બંને સંતાનોને પણ સાથે જ દીક્ષા અપાવવા ભાવના હોવા છતાં ભવિતવ્યતા યોગે બાળ પ્રવિણની વણી મૂકામે છૂપી વૈ.સુદિ ૭ ની દીક્ષા થઈ અને મહેન્દ્રને કાકા-કાકીને સોંપી નીકળવાનું થયેલ. અ રીતે બબ્બે રત્ન જેવા બાળકોનો મોહ તજી અપૂર્વ વૈરાગ્ય દાખવી વીરાંગના બન્યા માટે પણ તે વખતે અપૂર્વ શાસન પ્રભાવનાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. દીક્ષાના દિવસથી વડીલો પ્રત્યે સમર્પણ-ભક્તિ-અભ્યાસ તથા સહવર્તીઓ પ્રત્યેની સૌહાર્દતાદિ વિશિષ્ટ ગુણોના પ્રભાવે સ્વ-પર સમુદાયમાં સમ્માનનીય બનેલા. તેઓશ્રીજીનું હૃદય બીજા માટે માખણ જેવું મૂલાયમ અને સ્વોપકાર માટે વજ્ર જેવું કઠોર રહેતું. તેઓશ્રીજીએ વર્ષીતપ-માસખમણ-ચત્તારિ અઠ-દસ-દોય, સિદ્ધિતપ, ૧૬ ઉપવાસ વર્ધમાનતપની-નવપંદજીની ઓળી તથા સંયમી જીવનમાં કરી નવ્વાણુ યાત્રા આદિ દ્વારા તપ ધર્મ સાથે દર્શન શુદ્ધિ-જ્ઞાન શુદ્ધિની પૂરી કાળજી કરેલી. માટે જ તેઓશ્રીજીના જ્યાં જ્યાં ચાતુર્માસ થતા ત્યાં ત્યાં તેઓશ્રીજીના દર્શન-માત્રથી, ભદ્રક પ્રકૃતીનો પ્રભાવ પડતો ને વગર બોલ્યે પણ લોકોના હૈયામાં તેઓશ્રીજીનું સ્થાન જમાવટ કરી જતું કે જેથી તેઓશ્રીજી કાળધર્મ વખતે ચતુર્વિધશ્રી સંઘમાં એક આચાર્યની અદાથી સ્થાન-માન-પાન પામી ગયાની આપણને પ્રત્યક્ષ અનુભૂતી થઈ છે. અપૂર્વ સહિષ્ણુતા બળે જ 'રાધાવેધ' સમી દુર્લભ એવી મૃત્યુ પળને સુધારી શકાય છે. તે જીવનભરના સહજ બની ગયેલ સહિષ્ણુતાના સંસ્કારબળે જ આવી ઉંમર છેલ્લા ૬ વર્ષથી પૂરી માંદગી અને વર્ષોથી માંદગીના નખાએલા મૂળીયારૂપ હેમોગ્લોબીનની તકલીફ છતાં શરીર અને આત્માના ભેદભાવને જેમ યોગી અનુભવે એવી અદાથી દિવસે દિવસે શરીરથી પર થતા જતાં હતાં. વિ.સં. ૨૦૪૬ની હેમોગ્લોબીનની તકલીફમાં ભરઉનાળે ૫-૫ કી.મી. ચાલીને રોજ ૪-૪, ૫-૫ કલાકે પણ માંડ ૩ કી.મી. જેવું ચાલે તો પણ ડોળીનો ઉપયોગ નહિં કરેલ. વર્ષોથી આજના સિવાયનું (રોજ રોજ સિવાયનું) ગળપણ બંધ હતું. જીવનભરના વિહારો દરમ્યાન પટેલોના ઘરની ગોચરીથી ચલાવ્યું છે. પરંતુ ક્યાંરેય પણ પોતાની માટે મંગાવવાની અપેક્ષા રાખી નથી. આવી મોટી ઉંમરે પોતાની તપની શક્તિ ઘટી જતાં અમારી જેવા નાનાઓના એકાસણા, આયંબિલ, ઉપવાસાદિની મુક્તકંઠે પ્રશંસા પૂર્વક અનુમોદના કરતા. જીવનભરની અનેકવિધ ગુણગાણની હારમાળાઓ રચી લઈને જીવનરૂપ દેહને તો અલંકૃત કરેલ પરંતુ વર્ષોથી જાણે મરણ સુધારવાના સગણા કરતા હોય તેમ એ સગણાને સાકાર કરવાના જીવની સાધનાના શિખરરૂપ દિવસો એટલે શ્રા.વ.૨થી પ્ર.આ.વ.૨ એમ બે મહિનાના દિવસો, આ દિવસો દરમ્યાન તેઓશ્રીજીએ એક રાણસંગ્રામમાં શત્રુ સામે સંગ્રામે ચડેલા બળવાન યોદ્ધા જેવું કાર્ય કરી આત્માનો જય જય નાદ જગાવ્યો હતો. ખૂબ જ નીડરતા અને સહિષ્ણુતા સમતાપૂર્વક સાધના કરી લીધી. ૨-૪ ૨-૪ દિવસે બધાને કહે આજ સુધી જાગૃત છું. કદાચ હવે રોગનું જોર વધીને ઢીલી પડું તો જાગૃત કરજો ''મમ અરિહંતે શરણં પવન્જામિ', અરિહંત અરિહંત આ પદોનું રટણ વારંવાર કરાવતા રહેજો. આવી ભલામણ

કરતાં જ રહેતા રોજ રોજ દરેકની સાથે ક્ષમાપના કરતા, એક એકને વ્યક્તિગત મળી ક્ષમાપના-હિતશિક્ષા સાથે સાથે ભલામણો કરતા રહેતા પોતાની જાગૃતીમાં જ પચ્ચક્ખાણો બધા કરી લીધેલા. ફરી મહાવ્રતો ઉચ્ચરવાની વિધિ કરી લીધીને પૂનમના દિવસે તો કહે છે, મારો પરિગ્રહ જે પણ હોય તે બધુ તમને ભળાવું છું. આ દેહનો ભાર પણ હવે મારે જોઈતો નથી મર્યા પછી એ પણ વોસિરે...કાળધર્મને અઠવાડીયુ હતું ને કહે મારે બધાની સાથે પ્રતિક્રમણ કરવું છે. અને સામુદાયિક જાપ કરવો છે. એકપદ તેઓશ્રીજી બોલે ૧ પદ અમે એ રીતે ૩-૪ દિવસ સુધી કલાક દોઢ કલાક તેઓશ્રીજીની અનુકુળતા મુજબ જાપ કરતા. રોજ સાંજે સમુહમાં સ્તવન-સજ્ઝાયની ભાવના ભાવતા આવું પણ ૩-૪ દિવસ ચાલ્યું તેમાં પોતે પોતાની રૂચી અનુસાર સ્તવન બોલતા પ્ર.આસો સુદિ દશમે પોતાની જાતે પૂ. પુણ્યપાળસૂરિશ્વરજી મ.ને ઓઘો આપીને કહ્યું સૂરિમંત્રની પીઠીકાની આરાધના સારી રીતે કરજો, સૌમ્યકીર્તિ મ. તથા જ્ઞાનદર્શિતાશ્રીજીને ભગવાન આપીને કહે (આચાર્યજી આપીને) સારી રીતે આરાધના કરજો. છેલ્લે પૂનમના દિવસે પણ કહે નવા પાંચે મહાત્માઓની ભક્તિ કરવી છે. અને પૂ. દિવ્યભૂષણ વિ.મ.સા. વગેરે ત્રણેની પદવી વખતે સારી રીતે ભક્તિ કરજો. વગેરે વગેરે ભલામણ સાથે ૧-૨ સાધ્વીજી મ. સાથે વાત થયેલ પણ ભક્તિ કરવાની રહી ગયેલ, તો કહે કે તમે મારી વતી આટલી ભક્તિ કરી લેજો, વગેરે છેક સુધી જાગૃતી રાખી. પરથી મને દેહથી પણ પર થઈને એકદમ હળવા થઈને જાણે કોઈ મોટી યાત્રાએ જવા નીકળતા હોય એવી સહજતાથી કામ કાઢી ગયા અને અમૂલ્ય યાદિઓ મૂકતા ગયા કે જે અમારા અંતિમ શ્વાસ અને અંતિમ આંખની દૃષ્ટિ પથ પર આલંબન પુરુ પાડશે, આવા સત્ત્વ-તત્ત્વના સ્વામિ જ ગુરુપદને સાર્થક કરી ગુરુપદની શોભાને વધારી શકે છે. શાસ્ત્રકાર ઋષિઓએ પણ કહ્યું છે.

ધ્યાનં મૂલં ગુરોર્મૂર્તિ:, પૂજા મૂલં ગુરો: પદં;
મન્ત્રમૂલં ગુરોર્વાક્ય, મોક્ષમૂલં ગુરો: કૃપા ।।

ધ્યાન-પૂજા-મંત્ર અને મોક્ષ બધાનુ મૂળ ગુરુમાં બતાવ્યું, ''तत्वं गृणाति ईति गुरु'' કહીને ગુરુની મહત્તા અપૂર્વ વર્ણવી છે. જે સમજવા પણ આપણે સમર્થ નથી તો પીછાણી કે બોલી તો શું શકવાના ? લૌકિક વિદ્યાને આપનાર દ્રોણાચાર્ય પણ. એકલવ્યને કેવી રીતે ફળ્યાં ? આટલું પણ સમજાઈ જાય તો પણ ઘણું આજે તો અમે અમારા શિરછત્રની છાયા ગુમાવી છે. અમારૂ એ સૌભાગ્ય લૂંટાયું છે. પરંતુ કર્મની બળવત્તા પાસે દેવો-મહેન્દ્રો-વૈજ્ઞાનિકો-જ્યોતિષીઓ કે મહર્ષિઓ કોઈનું પણ કદિ ચાલી શકતું નથી માટે આજે તો અમારી પાસે આશ્વાશનરૂપ એક જ પદ છે.

मृता नैव मृतास्तेत्र ये नरा धर्मकारिण: ;
जीवन्तोऽपि मृतास्तेहि, ये नरा पापकारिण: ।।

કુદરતે આજે કાળ થયે થકે અમારા પૂ. ગુરુ ભગવંતનો પાર્થિવ દેહ વિલિન કર્યો છે. પરંતુ ''ये नरा धर्म कारिण: मृतानैव'' આ પદથી સર્વવિરતિ ધર્મની ૪૭-૪૭ વર્ષ સુધી જેણે સાધના કરી ગુણવૈભવને વિકસાવ્યો અને જીવન સાથે મરતા મરતા પણ જગતના ચોગાનમાં યશ વધાર્યો છે, એવા અમારા ગુરુભગવંત યશોદેહે સદા અમારી સાથે છે, અને રહેશે.

જીવનભર તેઓશ્રીજીના આદર્શને નજરસમક્ષ રાખી, શેષજીવન એ રીતે જીવી જઈએ કે ગુરુભગવંતનો વિરહ એક પળ પણ ન અનુભવાય....

પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ બોલાયુ હોય કે પૂ. ગુરુભગવંતના આશય વિરુદ્ધ બોલાયું હોય તો મિચ્છામીદુક્કડં, બોલવામાં કાંય પણ અતિશયોક્તિ થઈ ન જાય તેની કાળજી કરી છે. એક માત્ર ઉપકારિના ઋણનો અંશ ચૂકવવા, આંશિકપણ ગુણને પામવાની બુદ્ધિથી બોલાયુ છે છતાં પણ વિપરીતપણાને પામ્યું હોય તો મિચ્છામીદુક્કડં...સમય ઘણો થયો છે. છતાં બધાની જે સ્થિરતા છે તે પૂ.ગુરુમહારાજના પુણ્યનો પ્રભાવ છે...સર્વમંગલ...

જડને ચૈતન્યનો અનુભવ ન થાય

' જૈન સમાચાર ' માસીકને ચારેય ફિરકાના જિન શાસનના અનુશાસનનું તટસ્થ અખબાર તેવું હેડીંગ ધરાવે છે. પરંતુ ૧/૧૨/૨૦૦૨ના અંકમાં પહેલે પાનેજ મૂર્તિપૂજક જૈનોની ભાવનાને ઘા મારવાનું કાર્ય કર્યું છે. તે લખે છે કે મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કર્યા પછી તેની અંદર જો પ્રાણ તત્વ આવી જતું હોત તો મૂર્તિમાં કંઈક તો પરિવર્તન આવતું હોત ને ? ચૈતન્યનું એકાદ લખણ તો જોવા મળતુ હોત ને.

એકતો મૂર્તિ એ પત્થરજ છે પરંતુ તેમા જિનેશ્વરના જીવનનો આરોપ થાય છે. ત્યારે તે પૂજનીક બને છે. તે મૂર્તિ પૂજકોની માન્યતા છે એ માન્યતા તે એક શ્રદ્ધા છે તે તોડવાનો ઘા કરવો તે શ્રદ્ધા પ્રત્યેની દ્વેષ બુધ્ધી છે બાકી તેને અંધ શ્રદ્ધા કહેવી તે કહેન૨ જ અંધશ્રદ્ધામાં છે. વળી તે મૂર્તિને આલંબન લખે છે ! તો જે મૂર્તિ નથી માનતા તેમને માનવા જણાવવું જોઈએ.

તમે માતા–બેન કે પત્નિનો ફોટો જુઓ છો ત્યારે તે બોલે છે તેમાં કંઈ ચૈતન્ય હોય છે ? છતાં તે જોઈને લાગણી અનુભવો છો. પણ જેની તે માતા બેન કે પત્નિ નથી તેને તેવી લાગણી થતી નથી. ચૈતન્ય ન હોવા છતાં લાગણીનો અનુભવ થાય છે. તેમ જિનમૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ પછી ભાવિકોને જિનેશ્વરદેવના જીવન ઉપદેશ અને ગુણનો અનુભવ થાય છે. પંરતુ જડને તે થતો નથી.

સિંહની મૂર્તિ જોઈને કુતરાને સિંહનો અનુભવ થતો નથી. પરંતુ માણસ તો તે મૂર્તિને સિંહ કહેશે ? ભૂંડ કે પાડો નહિ કહે. આમ જડને પરત્માની મૂર્તિજોઈને જડતાને કારણે પરમાત્માના ભાવો નહિ થાય અને બને. રોહિત શાહે પ્રત્રકાર તરીકે આ લેખ લખીને કોઈને ખુશ કરવાનો પ્રયત્ન કર્યો છે પણ તે જડ છે અને જડને ખુશ કરવાનો પ્રયત્ન તે પણ ભસ્મમાં ઘી નાખવા જેવો છે.

જૈન સમાચારના તે જ અંકમાં જામનગર શ્રી પ્રભાબાઈ મહાસતિજીની સંથારો સીઝી જતાં તેની પાલખી યાત્રાના દર્શન માટે લોકો ઉમટી પડયા હતાં. તેમ લખે છે તો શરીરમાં ચૈતન્ય હતું ? ચૈતન્ય ગયા પછી લોકો ઉમટી પડયા તેમા તેમના પ્રત્યેના સદ્‌ભાવનો વિષય છે. ચૈતન્ય સાથે સબંધ નથી. એમ મૂર્તિ જેમની છે તે જિનેશ્વર પ્રત્યે સદ્‌ભાવ છે તેમા મૂર્તિમાં ચૈતન્ય પેદા થવું જોઈએ તે વાહિયાત છે. અને જડમાં ચૈતન્ય પેદા થાય તેવું માનવું તે જેમ સિદ્ધાંત વિઘાત છે.

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર.
કોબા, જિ. ગાંધીનગર, પીન–૩૮૨૦૦૯

પૂનાના આંગણે પોષદશમીની ભવ્ય આરાધના

પાર્શ્વનાથ પ્રભુના જન્મ અને દીક્ષા કલ્યાણકની આરાધના નિમિત્તે અધ્યાત્મયોગી પૂજયપાદ પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના ચરમ શિષ્યરત્ન ગોડવાકના ગૌરવ પૂજય ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિર ભવાની પેઠ મધ્યે સામુદાયિક અઠ્ઠમતપની ભવ્ય આરાધના સંપન્ન થયેલ. આ આરાધનામાં ૧૫૦ લગભગ આરાધકોએ અઠ્ઠમતપની આરાધના કરેલ ત્રણેય દિવસ અખંડ ભાવ જાપ થયેલ.

પાર્શ્વનાથ પ્રભુના દસ ભવ પાર્શ્વનાથપ્રભુની નિર્મલ સાધના તથા સહનશીલતા આદિ વિષયો ઉપર પૂજયશ્રીના અત્યંત પ્રભાવશાળી પ્રવચનો ત્રણેય દિવસ થયેલા.

કેટલ ક મહાનુભાવો તરફથી બધા તપસ્વીઓના પારણા અને ઉતર પારણા પણ રાખવામાં આવેલ. બધા તપસ્વીઓને શ્રેષ્ઠ પ્રભાવના પણ આપવામાં આવેલ.

પ્રભુના જન્મ કલ્યાણક પોષદશમીના દિવસે પ્રભુજીની ભવ્ય અંગ રચના કરવામાં આવેલ તથા ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન પણ ભણાવવામાં આવેલ.

ત્રીશ વરસમાં પોષદશમીની આરાધના પહેલીજ વાર થયેલ હોવાથી સંઘમાં ખુબ જ ઉત્સાહ–ઉમંગ હતો.

પૂજય ગણિવર્યશ્રી ૧૨ જાન્યુઆરી સુધી પૂનામાં સ્થિરતા કરી દેહુરોડ પધારશે, જયાં પૂજયશ્રીની નિશ્રામાં મુમુક્ષ કેસરીમલજી આદિની ભાગવતી દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે. પરિવારની ૪ દીક્ષાઓ મહા સુદી –૬ તા. ૭–૨–૨૦૦૩ના દિવસે થશે.

સમાચાર સાર

પાડોદતાર :-(ડીસા) અત્રેથી ભીલડીયાજી તિર્થનો સંઘ પૂ.આ.શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શાહ દલાજી અજબાજી પરિવાર તરફથી પો. સુ. -૧૨ ના નીકળેલ પોષ વદ ૧ના તિર્થમાળ થઈ હતી.

સુરત :-કતારગામ અત્રે પૂ. આ.શ્રી નીતિસૂરીશ્વરજી આરાધના ભવનમાં ઉપધાન માળ તથા પૂ. મુ.શ્રી અનંતભદ્રવિજયજી ગણિ પં. પદ પૂ.આ.શ્રી વિજયહેમ પ્રભસુરીશ્વરજી મ.ની નિશ્રામાં યોજાય તેમા ૨૭ છોડનું જવણું તથા કા.વ.-૧૨ થી માગશર સુદ-૪ સુધી ઉત્સવ જાયો.

પાલીતાણા :-અત્રે પૂ.પાદ આ. વિ.રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના ૧૪ પૂ.આચાર્ય દેવોની નિશ્રામાં ઘવી ધર્મીબેન વીરચંદજી હુકમાજી પરિવાર તથા શ્રીમાન મ્રતમલજી જીવાજી પરિવાર પુના તરફથી સાંચોરી વનમાં ભવ્ય ચાતુર્માસના ઉપધાનમાં ૫૪ છોડ સહિત વ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો.

આ.સુદ-૭ થી આ.સુ. ૧૨ સુધી ભવ્ય કાર્યક્રમ યા. પૂ. સાધુ સાધ્વીજીની તપસ્યા નીચે મુજબ હતી.

૫૪ ઉપવાસ

પૂ. મુનીરાજશ્રી ચરણભૂષણ વિજયજી મ.

૩૬ ઉપવાસ

પૂ. મુનરાજશ્રી તત્વરત્ન વિજયજી મ.
પૂ. મુનિરાજશ્રી સમ્યગ્દર્શન વિજયજી મ.

૩૧ ઉપવાસ

પૂ. મુનિરાજશ્રી હિતદર્શન વિજયજી મ.
પૂ. મુનિરાજશ્રી મુકિતભૂષણ વિજયજી મ.
પૂ. મુનિરાજશ્રી કૈવલ્યદર્શન વિજયજી મ.

૪૭ ઉપવાસ

પૂ. સાધ્વીજીશ્રી અક્ષયયશાશ્રીજી મ.

૪૫ ઉપવાસ

પૂ. સાધ્વીજીશ્રી તત્વદર્શનાશ્રીજી મ.

૩૧ ઉપવાસ

પૂ. સાધ્વીજીશ્રી પદ્મનંદિતાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી હિતપ્રિયાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી સિદ્ધિપ્રિયાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી કૃતપુણ્યાશ્રીજી મ.

૩૦ ઉપવાસ - માસક્ષમણ

પૂ. સાધ્વીજીશ્રી શાસનરત્નાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી વિશુદ્ધપ્રજ્ઞાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી હ્રીંકારરસાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી સર્વંગદર્શનાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી દિવ્યરત્નાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી અર્હદ્યશાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી નૈગમદર્શિતાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી મહાદર્શનાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી મોક્ષનિધિશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી તત્વકાંક્ષાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી નિર્વાણપુણ્યાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી નિગ્રંથપદ્માશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી ચરણપ્રિયાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી વૈરાગ્યનિધિશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી ઋજુરત્નાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી સંવેગગુણાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી હંસહર્ષાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી જયાનંદાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી અનંતહર્ષાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી લલિતચંદ્રાશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી સત્યંવદાયશ્રીજી મ.
પૂ. સાધ્વીજીશ્રી રાજદીપિકાશ્રીજી મ.

બોરીવલી :-ચંદાવરકર લેનમાં પૂ. મુ. શ્રી ભુવનરત્ન વિજયજી મ. તથા મુ. શ્રી ભુવનહર્ષ વિજયજી મ.ની નિશ્રામાં ૨૦ હજાર વારની ભૂમીપર ભવ્ય સંકુલની ખનન

વિધી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વે.મૂ. ટ્રસ્ટ તરફથી ભવ્ય રીતે થયો. ઉત્સાહ ખૂબ હતો.

વલભીપુર :- અત્રેથી પૂ.પં. શ્રી નયવર્ધન વિજયજી ગણિવરની નિશ્રામાં બીજોવા નિવાસી પાનીબેન પુખરાજજી બોખરીયા પરિવાર તરફથી તા. ૧૧-૧૨ના સંઘનું પ્રયાણ થયુ. તા. ૧૦ના શાંતિસ્નાત્ર તા. ૧૫ના શ્રી સિદ્ધગિરિરાજ ઉપર તીર્થ માળનું ભવ્ય આયોજન થયું.

નંદરબાર :- અત્રેથી પૂ.આ.શ્રી. વિજય વિદ્યાનંદ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મા. સુદ-૭ થી મા. સુદ-૯ સુધી બલસાણા તીર્થનો છ'રી પાલક સંઘ ભાવ્ય રીતે સ્વ. વંશરાજજી નુહારમલજી તાતેડ પરિવાર પાદરુવાળા તરફથી નીકળ્યો.

મલાડ ઈસ્ટ :- અત્રે નવપદ આરાધના ટ્રસ્ટ શ્રી સીમંધર શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ મંદિરની પ્રથમ સાલગિરિ પૂ. આ.શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ.ની છત્રછાયામાં કા. વદ-૬ન ભવ્ય રીતે ઉજવાયું ત્રણ દિવસનો મહોત્સવ સુંદર યોજાયે હતો.

ભોપાવર તીર્થ :- અત્રે પૂ.આ.શ્રી. વિજયનવરત્ન સાગર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ૧૬૦૦ અટ્ઠમ સાથે જીર્ણોદ્ધાર શરૂ થયો પૂ.આ.મા.નું ચાતુર્માસ ભોપાવર તિર્થમાં થશે.

રાજકોટ :- વીશા શ્રીમાળી જ્ઞાતિ જૈન સમાજના પ્રમુખ તરીકે શ્રી કિશોરભાઈ પી. કોરડીયા નીમણુંક થતા કાચના જીનાલય તથા સમસ્ત જૈન સમાજ તરફથી તેમનું સન્માન તા. ૨૩-૧૨નું થયું.

વાપી :- અત્રે પૂ.આ.શ્રી. વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મહા સુદ-૫ નાં શ્રીમતિ મંજુબેન સોમચંદ તથા કુ. મનિષા તથા કુ. હેમાંગિનીની પારમેશ્વરી દિક્ષા નિમિતે મહા સુદ-૧થી ૫ સુધી પંચાહિનકા મહોત્સવ યોજાયો છે. પૂ. આચાર્ય દેવોનો પ્રવેશ પોષ વદ-૮ શનિવારના થયો.

ભાભર :- અત્રે પૂ.આ.શ્રી વિજયસોમસુંદર સૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજયજિનચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ભાભર નિવાસી હાલ મલાડ રહેતા પંડિતવર શ્રી રમણીકલાલ મણીલાલ સંઘવીની દિક્ષા નિમિત્તે પોષ વદ-૧૩ થી મહા સુદ-૭ ઉત્સવ યોજાયેલ છે પંડિતજી એક સમર્થ વિધિકાર અને આયોજક છે આ મહોત્સવમાં મહા સુદ-૫માં દિક્ષા તથા મહા સુદ-૬ના પૂ.પં.શ્રી સંયમરતિવિજયજી મ., પૂ.પં.શ્રી યોગતીલક વિજયજી મ. ની નિશ્રામાં થઈ.

અમદાવાદ :- પૂ.પં.શ્રી મુક્તિચંદ્ર વિ.મ. આદિની નિશ્રામાં વિતરાગ સોસાયટીમાં એક પરિવારના રાજેશભાઈ, અં.સૌ. દક્ષાબેન, ચિ. હિતેષ તથા ચિ. મિતેશની દિક્ષા પોષ વદ-૪ના થઈ તે નિમિતે પોષ સુદ પંદરથી પંચાહિનકા મહોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો.

પાલીતાણા :- પૂ.આ.શ્રી વિજયરવિપ્રભ સૂરીશ્વરજી મ. આદિ અનેક આચાર્ય દેવોની નિશ્રામાં તળેટી રોડ, નંદપ્રભા જિન પ્રાસાદમાં ભવ્ય અંજન શલાકા મહોત્સવ ઉજવાયો. પોષ વદ-૧ના પ્રતિષ્ઠા થઈ પોષ સુદ-૧૫ના પંદર દિક્ષાઓનો મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. દીક્ષાર્થીઓ ૧) મયૂર શંકરલાલ, સુરત ૨) નિતિન મદનલાલ, મુંબઈ ૩) જીગર ભરતકુમાર, મુંબઈ ૪) દિપક મોહનલાલ, કોલ્હાપુર, ૫) જિરગકુમારી, ભરતકુમાર, મુંબઈ ૬) તૃપ્તિકુમારી વિનોદચંદ્ર, અમદાવાદ ૭) પૂર્ણિમાબેન મોહનલાલ, પૂના ૮) રેશમાકુમારી રશિકલાલ, અમદાવાદ ૯) અંકિતાકુમારી હર્ષદભાઈ,અમરેલી ૧૦) અર્પિષકુમાર જયંતિલાલ, સતલાસણા ૧૧) શકુંતલાબેન ચીમનલાલ, કોલ્હાપુર ૧૨) સ્મૃતિકુમારી જયંતિલાલ, સતલાસણા ૧૩) મિતાબેન જયંતિલાલ, રામપૂરા ૧૪) રશિલાબેન વસંતલાલ, સુરત ૧૫) દિપાલીબેન મયુરકુમાર, સુરત. આ પ્રસંગ પૂ.મૂ.શ્રી અક્ષયવિજયજી મ. આદિ મૂનિરાજોને ગણી પં. પદ તથા ઉપાધ્યાય પદ ભારે ઉત્સાહ સાથે અપાયા હતા.

વિલ્હોળી :- (નાસિક) ધર્મચક્ર પ્રભાવ તિર્થમાં મહાસુદ-૪થી ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન પૂ.આ.શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મ. તથા પ્રેરક પૂ.આ. શ્રી વિજય જગવલ્લભ સૂરીશ્વરજી

મ.આદિની નિશ્રામાં થયું છે. પ્રભુજી તથા પૂજયશ્રીના પ્રવેશ મહાસુદ-પના થશે.

દાંતરાઈ :- (રાજસ્થાન) અત્રે પૂ.આ.શ્રી વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ.સા.શ્રી જિનરક્ષિતાશ્રીજી મ.ના ૫૦૦ આંબેલ શ્રીમતી વિમલાબેન નથમલજી બબીબેન મંછાલાલજીના ૫૦૦ એકાંતર આંબેલ નિમિત્તે મહા સુદ-૨ થી મહા સુદ-૬ના શ્રી સિદ્ધચક્ર મહા પૂજન સહિત પંચાહિનકા મહોત્સવ યોજાયેલ છે.

ગિરનાર તીર્થ યાત્રા સંઘ પૂ. આ.શ્રી વિજય મહાબલસૂરીશ્વરજી મ. પૂ.આ.શ્રી વિજય પૂણ્યપાલ સૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય કિર્તીયશ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં છ'રીપાલક સંઘ માગશર સુદ-૮ના નિકળ્યો માગશર સુદ-૬ના માળા રોપણ થયું. બેડાના શા પ્રેમચંદજી અમીચંદજી, લૂણાવાજી શા ભૂભૂતમલજી નેનાજી, શેલાવના, શા ઝવેરચંદજી નથમલજી તખતગઢના, શા કેશરીચંદજી પૂનમ ચંદજી પરિવાર તરફથી આયોજન સુંદર થયુ હતું.

પિછીયા :- અત્રેથી શાહ જયસુખલાલહર મોહનદાસ (અમદાવાદ રહેતા) તરફથી પૂ.આ.શ્રી વિજય ચંદ્રકુંદસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પોષ સુદ-૧૩ના શ્રી સિદ્ધગિરી છ'રી પાલક સંઘ નીકળશે અને પોષ સુદ-૮ના તિર્થ માળ થશે.

સૂરત :- શાંતાબેન ચુનિલાલ દેબીચંદજીની જોધાવત પરિવાર મુંડારાવાળા તરફથી પૂ.આ.શ્રી વિજયકુંજર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં છ'રી પાલક સંઘ માગસર સુદ-૪ સુરતથી પ્રયાણ માગસર સુદ-૫ વલભીપૂર શાંતિસ્નાત્ર સુદ-૬ પ્રયાણ મા.સુદ-૧૧ તીર્થ માળનું ભવ્ય આયોજન થયું.

વડોદા :- (મ.પ્ર) પૂ.આ.શ્રી વિજયદર્શનરત્ન સૂ.મ.ની નિશ્રામાં શ્રી ચદ્રપ્રભસ્વામી આદિ પ્રાચિન જિન બિંબની પ્રતિષ્ઠા નિમિતે કા.વ. ૧૦ થી માગશર સુદ-૭ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો.

પાલીતાણા :- અત્રે ઢીમા નિવાસી કુ. તૃપ્તિકુમારી વિનોદચંદ્ર (ઉ.વર્ષ ૧૭) ની દિક્ષા નંદપ્રભાજિન પ્રાસાદ સામે ક્ષત્રિયકુંડ જગ્યાએ પૂ.આ.શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વર મ. આદિની નિશ્રામાં પોષ સુદ-૧૫ના ભવ્ય રીતે ઉજવાયો.

ભાયખલા :- પૂ.મુનિ શ્રી યોગીન્દ્ર વિજયજી મ. તથા મુનિશ્રી અવિચલેન્દ્ર વિજયજી મહારાજની નિશ્રામાં મૌન એકદશીની આરાધના સુંદર થઈ હતી. વ્યાખ્યાન તથા શ્રાવક શ્રાવિકાના પૌષધ સારા પ્રમાણમ થયા હતા ને એક સદ્ગ્રહસ્થ તરફથી પારણા કરાવેલ. મુનિ અવિચલેન્દ્ર વિજય મ.એ મૌન એકાદશીનો મહિમા ઉપર વ્યાખ્યાન આપેલ તથા તે મૂનિશ્રીના કાકા રમેશભાઈ ઘરે ઓપેરા હાઉસે પણ વ્યાખ્યાનમાં 'સંસાર અસાર' ઉપર સારૂ સમજાવેલ.

સિદ્ધગિરિજીમાં નવાણું :- પૂ. પં.શ્રી નયવર્ધનવિજયજી ગણિવરની નિશ્રામાં સાંડેરા નિવાસી ગુલાચંદજી પુનમચંદજી સીરોયા ચહવ્વાણા પરિવાર તરફથી સાબરમતી યાત્રા ભવનમા માગશર સુદ પુનમથી નવાણું યાત્રા ચાલે છે મહા સુદ ૧૫-૧૫ના પૂર્ણ થશે.

પાલીતાણા :- મહારાષ્ટ્ર ભુવનમાં પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્રસુરીશ્વરજી મ. પૂ. આ.શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મા.ની પ્રતિમાઓની પ્રતિષ્ઠા પૂ.આ. શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વરજી મા. આદિ ૧૪ આચાર્યદેવો આદિની નિશ્રામાં કા.વ. ૨ના ભવ્ય રીતે થઈ તે નિમિત્તે કા.સુ.-૧૩ થી ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ યોજાયો હતો.

બીડ :-(મહા.) અત્રે નૂતન જિનમંદિરની પ્રતિષ્ઠા પૂ.આ.શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. પ્ર.મુ.શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ ની નિશ્રામાં ફા.સુ. ૭ થી ૧૧ સુધી યોજાઈ છે. પૂ. શ્રી ફાગણ સુદ-૧ મંગળવાર તા. ૪-૩-૦૩ પધારશે. તા. ૧૯-૩ના બેંગ્લોર તરફ વિહારની સંભાવના છે.

શંખેશ્વર :- હાલારી ધર્મશાળામાં અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનાલયની ૪થી વર્ષ ગાંઠ નિમિતે ૬ઠ્ઠા મહા સુદ-પના ચડશે તે પ્રસંગે ૧૮ અભિષેક સાધર્મિક વાત્સલ્ય યોજાયા છે.

હજારો દેશના મહાન ઉપકારી પરમ ગુરૂદેવ કવિરત્ન આચાર્ય દેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર
અમારા સહુના માર્ગ દર્શક ગુરૂદેવ પૂજય આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્ર સુરીશ્વરજી મહારાજના પરમા સદુપદેશથી.....

‘ જૈન શાસન અઠવાડીકનો હાર્દિક શુભેચ્છા’

અમારૂ સત્સંગ મંડળ

મંડળના એકએક ભાઈ તથા બહેનો ખુબ ભાવિક છે ધર્મ પ્રેમી દયાલુ છે. આ મંડળને ૩૦ વર્ષ પુરા થયા છે. દર ગુરૂવારે ૧૨–૩૦ થી ૩–૩૦ સુધી સત્સંગ હોઈ છે.

“શ્રી બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળ” લંડનના મુખ્ય કાર્ય કર્તાઓ

શ્રીમતી દેવકુવરબેન વી. એમ. શાહ
12,CONNAUGHT GRANGE
CONNAUGHT GRDENS.
PALNERS GREEN
LONDON. N. 13. 5BW.

શ્રીમતી ચંદ્રિકાબેન આર. શાહ
64 A THE LIMES AUENUE
ARNOS GROVE,
LONDON. N.11. IRL

મંડળના ભાઈઓ

૧.	પ્રેમચંદભાઈ દેપાર	૮.	કાંતિભાઈ વિરપાર	૧૫.	મણીલાલ નરશી	૨૨.	સામજીભાઈ
૨.	લાલજીભાઈ હેમરાજ	૯.	છોટુભાઈ	૧૬.	પાનાચંદ નરશી	૨૩.	કીરીટ કુલચંદ
૩.	વેલજીભાઈ મેઘજી	૧૦.	હિમતભાઈ	૧૭.	વિનોદભાઈ	૨૪.	ઈલેશભાઈ
૪.	રતીલાલ વિધુભાઈ	૧૧.	લાલજી કચરા	૧૮.	કાંતિભાઈ કે.	૨૫.	બચુભાઈ
૫.	પ્રભુલાલ ધરમસી	૧૨.	પ્રભુલાલ નરશી	૧૯.	પ્રમેચંદભાઈ દેવસી	૨૬.	જેન્તીભાઈ રાયા શી
૬.	વેલજીભાઈ સામત	૧૩.	મોતીચંદભાઈ એસ.	૨૦.	મનસુખભાઈ	૨૭.	દિનેશભાઈ શાહ
૭.	કાંતિભાઈ મેઘજી	૧૪.	રતીલાલભાઈ ડી. ગુડા	૨૧.	પ્રદિપકુમાર		

મંડળના બહેનો

૧.	જીવીબેન રાયસી	૧૭.	શાંતાબેન હેમરાજ	૩૩.	રતનબેન હેમરાજ	૪૯.	ગોમીબેન
૨.	મોતીબેન પ્રમેચંદ	૧૮.	ભાનુબેન રતીલાલ	૩૪.	મોતીબેન છોટુભાઈ	૫૦.	નર્મદાબેન અમૃતલ લ
૩.	હંસાબેન કાંતિભાઈ	૧૯.	મણીબેન ગોસર	૩૫.	કુમુદબેન	૫૧.	શાંતાબેન રાયચંદ
૪.	સુર્યાબેન મહેતા	૨૦.	મણીબેન રાયચંદ	૩૬.	હિમાબેન	૫૨.	અંજનાબેન
૫.	રડીયાત બેન.	૨૧.	હસુમતીબેન	૩૭.	દેવકુવરબેન કુલચંદ	૫૩.	લીલાબેન કોઠારી
૬.	રમાબેન લાલજી	૨૨.	મોતબેન મેઘજી	૩૮.	કંચનબેન એમ. શાહ	૫૪.	જસુબેન ખીમજી
૭.	સવિતાબેન વેલજી	૨૩.	અમૃતબેન જેસંગ	૩૯.	રતનબેન હેમચંદ	૫૫.	જયાબેન મગનભા ઈ
૮.	કંચનબેન પ્રભુલાલ	૨૪.	અમૃતબેન દેવચંદ	૪૦.	અમૃતબેન કાંતિભાઈ	૫૬.	શાંતાબેન આર. ગુ ડકા
૯.	ભાનુબેન સોમંચદ	૨૫.	ઈન્દુબેન	૪૧.	મોતીબેન પ્રભુલાલ	૫૭.	રમીલાબેન
૧૦.	જીવીબેન	૨૬.	જયાબેન તેજપાર	૪૨.	ચંપાબેન નરેન્દ્ર	૫૮.	મણીબેન મણીલાલ
૧૧.	મણીબેન કાંતિભાઈ	૨૭.	વેલુબેન સોમચંદ	૪૩.	ચંપાબેન ચંદુભાઈ	૫૯.	મોતીબેન પાનાચં
૧૨.	મોધીબેન	૨૮.	જયાબેન પી.ડી	૪૪.	હસ્મીતાબેન	૬૦.	તનમનબેન
૧૩.	વાલીબેન	૨૯.	મદુબેન કાંતિલાલ	૪૫.	પુષ્પાબેન ટોલીયા	૬૧.	શાંતાબેન વિરપાર
૧૪.	નર્મદાબેન માણેકચંદ	૩૦.	કસ્તુરબેન પ્રમેચંદ	૪૬.	મણીબેન દેવચંદ	૬૨.	જયાબેન દયાલજી
૧૫.	શાંતાબેન	૩૧.	જસોદાબેન પ્રેમચંદ	૪૭.	મણીબેન રાયચંદ નાગડા	૬૩.	કંકુબેન
૧૬.	દેવકુરબેન દેવચંદ	૩૨.	કસ્તુરબેન	૪૮.	ઉષાબેન		

મંડળના સ્વર્ગવાસ થયેલા ભાઈઓ તથા બહેનો

૧. વેલજી વીર ૨. પોપટભાઈ ૩. જમનાદાસભાઈ ૪. લખમસીભાઈ ૫. ગોસરભાઈ ૬. ખીમચંદભાઈ ૭. વીરચંદભાઈ ૮. કુલચંદભાઈ લાલજ ૯. તેજપારભાઈ ૧૦. મનુબેન ૧૧. સારદાબેન ૧૨. પદમાબેન લખમસી ૧૩. લલીતોબન પતાણી ૧૪. લક્ષ્મીબેન ૧૫. ડાહીબેન વિધુ ૧૬. મોધીબેન તેજ ી ૧૭. સોનોબન ૧૮. મણીબેન શામજી ૧૯. શિવકુંવરબેન ૨૦. શાન્તાબેન દેવશી ૨૧. દેવસી માણેક ૨૨. કુમુદબેન એ. કે. ૨૩. પદ્માબેન કેશવજી ૨૪. અમૃતબેન ૨૫. શાન્તાબેન રમસી ૨૬. કંચનબેન ગુલાબચંદ ૨૭. અમૃતબેન જેઠાલાલ ૨૮. રંભાબેન પાનાચંદ ૨૯. વેલજી મેરગ ૩૦. મોતીબેન પદમસી.

પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

● સુખ મજેથી ભોગવો, તો પાપના અનુબંધ પડે અને એના પ્રભાવે ઢગલાબંધ દુઃખો ભોગવવા પડે. દુઃખ મજેથી ભોગવો, પુણ્યના અનુબંધ પડે અને એના પ્રભાવે ન જોઈતા હોય, તોય સુખના ઢગલા સામે આવી મળે. છતાં એમાં લીનતા ન થાય.

● સાચા સાધુની જિંદગી તો લડવામાં જ જાય. એ કાં તો કર્મની સામે લડતો હોય, કાં કર્મના પ્રકારની સામે લડતો હોય. સાધુપણાનો સ્વીકાર એટલે જ સંઘર્ષના મંડાણ અને સાધુ એટલે જ દિનરાત ઝઝુમતો સૈનિક !

● તમારે અધર્મ કરવો પડે એ હજી બને, પણ તમને અધર્મ ગમવો તો ન જ જોઈએ. અધર્મ જેને ગમતો હોય, એ અસલમાં ધર્મી જ ગણાય નહિં. કોઈ એવો દરિદ્ર જોવા મળે ખરો કે એને દરિદ્રતા ગમતી હોય ? શ્રીમંત-ગરીબ સૌને દરિદ્રતા પર તો દ્વેષ જ હોય.

● આજે અતિથિ-સત્કાર નામનો ધર્મ પણ ભારતમાં ભૂલાવા માંડયો છે. પહેલાના કાળમાં જમાડનારની જહોજલાલી મુજબ જમણવાર થતાં. આજે તો જેવો જમનાર એવો જમણવાર પણ દુર્લભ બનવા લાગ્યો છે.

● જે લીધા પછી યાદ જ ન આવે, જેને યાદ કરવાની જરૂર જ ન પડે, એને નિયમ કેમ કહેવાય ? મન અને ઈન્દ્રિયો પર જે નિયમન મૂકે, એ નિયમ ગણાય. નિયમમાં એટલી બધી છૂટછાટો કે એટલા બધા બારી-બારણા ન જોઈએ કે, જેથી નિયમને સાચવવા કયારેક પણ ત્યાગ કરવાનો પ્રસંગ જ ઉપસ્થિત ન થવા પામે.

● ઘણાને એવો પ્રશ્ન જાગે છે કે, સમકિત આવે એટલા માત્રથી જીવમાં કયો એવો ફેરફાર થઈ જાય કે, જેથી પૂર્વે જે ચીજો સારી લાગતી હતી, એ જ નઠારી લાગવા માંડે ? જવાબમાં કહી શકાય કે, જેમ રોગીને પૂર્વે મીઠા લાગતા ભોજન પણ ભાવે નહિ, એમ સમકિતીને સંસારના રોગનું ભાન થઈ જાય છે, આથી પૂર્વે ગમતો સંસાર એને અણગમતો થઈ જાય છે. રોગના ખ્યાલનો આ પ્રભાવ છે.

● તમે આજે તમારા પોતાના પરિવારને પ્રેમથી પાળો છો અને મા-બાપને નિભાવો છો. એમ ઘર-પેઢીને તમે પ્રેમથી ચલાવો છો અને મંદિર-ઉપાશ્રયોને તમારે નિભાવવા પડે છે, અને એ માટેય તમારે ટીપ કરવી પડે છે. તમારા ઘરને પોતાનું માનનારા તમે એકલા છો, છતાં એનો ખર્ચ બરાબર કાઢી શકો છો. મંદિર-ઉપાશ્રયને પોતાના માનનારા ઘણા છે. છતાં એના નિભાવ માટે ટીપ કરવી પડે છે. બધા ભેગા થઈનેય આ સ્થાનોને બરાબર સાચવી શકતા નથી. એ બતાવે છે કે, મંદિર-ઉપાશ્રય ઉપર તમારો પ્રેમ કેવો છે !

જૈન શાસન અઠવાડીક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેકસી કિએશનમાંથી,
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

9519

श्री
...सूरि
...मंदिर
...नगर

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

संवेग प्राप्तिनो उपाय-स्वाध्यायादिमां रमणता.

चरण करणस्य सारो,
भिक्खवायरिया तधेव सज्झाओ ।
एत्थ परितम्ममाणं,
तं जाणसु मंद संविग्गं ॥१॥
चरण करणस्य सारो,
भिक्खवायरिया तधेव सज्झाओ ।
एत्थ उ उज्जममाणं,
तं जाणसु तिव्व संविग्गं ॥२॥

(श्री व्यवहार, भाष्य, गा. २४८४-२४८५)

ચરણ-કરણાદિ મહાવ્રતોના પાલનનો સાર છે સંયમ પાલનમાં અને સ્વાધ્યાયમાં અપ્રમમ બનવું તે. તેમાં જે પરિતપ્તશિથિલ બને છે તેનો વૈરાગ્ય મંદ છે તેમ જાણો અને જે સંયમ અને સ્વાધ્યાયના યોગોમાં ઉદ્યમિત બને છે તેનો વૈરાગ્ય તીવ્ર બને છે.

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

વર્ષ ૧૫

અંક ૧૭

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક



મહારાજશ્રી! કોર્ટનો ચુકાદો કાંઈ આવતો નથી... ને મારો તો ધંધો જ ઠપ્પ થઈ ગયો છે. એટલે જ મારી પ્રાર્થના છે કે દુકાનની ઘરાકી ખૂબ વધે એ હિસાબે- મંદિરનું કામકાજ જલદીથી શરૂ કરી દો ને, બાપજી!



બહેનજી! તમારા પતિનો ફોન છે ને પૂછાવે છે કે તમારે જમવા એમણે જે 'ખીચડી' બનાવવાની છે એમાં શું શું મસાલા નાંખવાના કે જેથી એ સ્વાદિષ્ટ બને? તો આ 'મોબાઈલ' પર જ...! જવાબ આપોને... પ્લીઝ.



મારા આ બેડરૂમમાં મેં મારા લાડલા અમિતાભ બચ્ચનનો જ ફોટો લગાવ્યો હતો, પણ બચ્ચનજી મુલાયમસિંગનો ચૂંટણીપ્રચાર કરવા ગયા ત્યારે મારા ભાજપ-ચેલા પતિએ એ કાઢી નાખ્યો ને એ જ ફ્રેમમાં 'જય શ્રીરામ'નું લખાણ મૂકી દીધું- જોયું?



મેં ઘણું સમજાવ્યા કે ચિંતા છોડો ને રાતના ત્રણ વા[ગ્યા] ગયા છે તો નિરાંતે ઊંઘી જાવ... પણ તેઓ તો બબડ્યા જ [કરે] છે કે "ભારત-પાક" તણાવ ચાલુ છે ને આર્થિક મંદી છે, ત્યારે આગામી બજેટમાં મને કેટલો માર પડશે? ભગવાન! "તો શાંત [થાય] એવી કોઈ દવા આપોને, ડોક્ટર!"

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

આજ્ઞારાધ્ધા વિરાધ્ધા ચ. શિવાય ચ ભવાય

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ મહા વદ ૯ * મંગળવાર, તા. ૨૫-૨-૨૦૦૩ (અંક : ૧૭

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

સં ૨૦૪૩, આસો સુદિ-૨ , શુક્રવાર, તા. ૨૫-૯-૧૯૮૬
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

પ્રવચન

અદ્ભાવનમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ.આ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ...

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. ૨૫૮૦)

सुनिउणमण इणिहश भूयहियं भूयभावणमहग्धं ।
अमियमजिर महत्थं महाणुभावं महाविसयं ।।

ભગવાનની આજ્ઞાની સમજણ નથી, સમજવાની ઈચ્છા પણ નથી તો પછી આખો દા'ડો કયું ધ્યાન રહે ? સુખી થવાનું અને પૈસાવાળા થવાનું, મનગમતી રીતે જીવવાનું. ખાવા-પીવાનો, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પણ નથી. મોટાભાગે નિયમ લેનારાએ નિયમ
પણ ભાંગી ભાંગી નાખ્યા.

આજ્ઞા સમજો નહિ તો બાકીની વાતો નકામી થશે. આજ્ઞા આજની નથી. ભગવાનની આજ્ઞા અનાદિની છે. કોઈ દા'ડો આ સંસારમાં આજ્ઞા ન હતી તેમ નથી અને નહિ હોય તેમ પણ નહિ હોય. સંસાર અનાદિનો હતો, અનંતકાળ રહેવાનો છે. તેમ આજ્ઞા પણ હતી અને રહેવાની છે. તમારે આજ્ઞાનો ખપ કે સંસારનો ? આ સંસાર ભયંકર ન લાગે, છોડવા જેવો ન લાગે ત્યાં સુધી આજ્ઞા ઉપર પ્રેમ થાય નહિ.

આજે મોટા માણસોની આજ્ઞા હૈયાપૂર્વક પાળતું નથી. નોકરો, શેઠની આજ્ઞા હૈયાપૂર્વક પાળે છે ? નોકરોએ, શેઠને નોકર બનાવ્યા. રાજાને, પ્રજાની મહેરબાની પર જીવવું પડે છે. બધા ય રિબાય છે. મોટો ઉપદ્રવ થયો છે. રાજાને પ્રજાની ખબર નથી રાખવી અને પ્રજાને રાજાની આજ્ઞા નથી માનવી. નોકર સુખી છે કે દુ:ખી, તે ખબર શેઠ રાખે કે નહિ ? મારા શેઠનું કામ અડધી રાતે ય મારે જ કરવું જોઈએ - આવા નોકર કેટલા ?

ભગવાનની આજ્ઞા પાળવી જ જોઈએ, આજ્ઞા ભંગાય નહિ. શક્તિમુજબ આજ્ઞા પ્રમાણે જીવવું જોઈએ. અમારે ય આજ્ઞામુજબ જીવવાનું તેમ તમારે ય આજ્ઞા મુજબ જીવવાનું - આવા ભગવાનના ભગત કેટલા મળે ? ઘરમાં રહેવું પડે માટે રહેવાનું પણ રહેવા જેવું નહિ, વેપાર કરવો પડે માટે કરવાનો પણ કરવા જેવો નહિ, સુખ ભોગવવું પડે માટે ભોગવવાનું પણ

સુખ ભોગવવા જેવું નહિ તેમ હૈયામાં છે ?

તમે બધા કહો કે, સુખ ભોગવીએ છીએ પણ ભોગવવા જેવું છે જ નહિ તેમ હૈયામાં લખાયેલું છે. એટલું જ નહિ પણ જો આ સુખમાં જ રસ આવ્યો, મજા આવી, સારું લાગ્યું તો માર્યો જ જઈશ-આમ પણ થાય છે. જો આવું ન થાય તો સમકિત આવશે પણ નહિ. સમકિત તો પામવું છે ને ?

તમે પૈસો કમાવો છો તે ખોટું કરો છો કે સારું ? જે રીતે કમાવો છો તેની વાત નથી કરતો. પૈસા કમાવવા જેવા છે કે કમાવ્યા વિના ચાલતું નથી માટે કમાવો છો ? કેમ ચાલતું નથી ? ખાવા - પીવાનું ખૂટે તેમ છે માટે ? આનો ઉત્તર ન આપી શકો તો રૂટીંગ મુજબ સાંભળો છો તેમ કહેવાય. આ બધામાં પાપ કહે. તેને પાપ માનીએ તો ઘર-બારાદિ ચાલે નહિ, તેમ માનનારા ઘણા છે.

સંસારનો રસ નહિ મટે તે આત્મા કદિ ધર્મ પામે નહિ. ધર્મ કરનારને પણ તેવો જ સંસારનો રસ હોય તો તે અસલમાં ધર્મી જ નથી. સંસારનો રસ પોષવા માટે ધર્મનો દુરુપયોગ કરનારો છે. ધર્મ કરીને પણ દુર્ગતિમાં જનારો છે. ધર્મથી મળેલ દુનિયાના સુખમાં જ મજા કરનારાને, સુખ જ ઘસડીને દુર્ગતિમાં લઈ જશે. બધા જ વાસુદેવો અને પ્રતિવાસુદેવો નરકગામી જ હોય. ધર્મના ફળ તરીકે માગીને થયેલા ચક્રવર્તી પણ નરકે જ જાય. આ વાત શાસ્ત્રે ઠોકી ઠોકીને કહી છે. ધર્મના ફળ તરીકે જ સંસારનું સુખ માગે તે નરકે જ જાય. જેને સુખ માગ્યું નથી, સુખ મળ્યા પછી મૂંઝાયા નહિ તે કાં મોક્ષે ગયા કાં સ્વર્ગે ગયા.

સંસાર ભૂડો લાગે છે ? સંસાર ભૂંડો હૈયાથી ન લાગે તો સમકિત આવે નહિ. સમકિત આવ્યા વિના આ વાત ગમે પણ નહિ. શ્રાવક પોતાના કુટુંબ-પરિવારને 'આ સંસાર ભૂંડો છે, રહેવા જેવો નથી, ચાલે તો છોડી જ દેવા જેવો છે' તેમ કહે. તમે તમારા કુટુંબ-પરિવારે રોજ 'આ સંસાર અસાર છે, રહેવા જેવો નથી, છોડવા જેવો જ છે, હું ફસી ગયો છું માટે નીકળી શકતો નથી, જેની ઈચ્છા હોય તે નીકળી જશો' તે વાત કહો છો ? જૈન જાતિ અને જૈનકુળમાં તો રોજ આ વાત સાંભળવા મળે, માટે તેની મહતા છે, કિંમત છે. શ્રાવકના ઘરોમાં તો આ વાત રોજની હોય, બધા હૈયાથી માને અને બોલે.

સંસાર ભૂંડો માનો કે સારો ? છોડવા જેવો માનો કે રહેવા જેવો ? તમારે તો કહેવું જોઈએ કે આમ શું પૂછો છો ? અમે બધા તેમાંના જ છીએ કે, આ સંસાર ભૂંડો જ છે, રહેવા જેવો જ નથી. પણ આવું પ્રામાણિકપણે બોલનારા કેટલા ? જેને સંસાર ભૂંડો લાગ્યો નથી, છોડવા જેવો લાગ્યો નથી, છોડવાનું મન થતું નથી તે બધા શ્રાવક કુળમાં જન્મવા છતાં ય શ્રાવક નથી. તે નવકારશી જમે તો ય દેવાદાર થાય. સાધુ ય જો આ ન માને તો તે ય દેવાદાર ગાય. ભગવાન આપણને બધાને ઓળખે છે.

આજે તો ઘણા પોતાના ગુરુની ય ફજેતી કરાવે છે. તેને પહેલા સારો માને, પછી પરિચયમાં આવ્યા પછી કહે કે, આવો આવો નીકળ્યો. તેનો ધર્મ ય તેવો હશે, ગુરુ ય એવા હશે, ભગવાન પણ તેવા હશે ! ધર્મ કરનારા ધર્મની નિંદા કરાવે તે કેટલું મોટું પાપ ! ધર્મ કરનારને ભય હોવો જોઈએ કે, મારાથી કોઈ અધર્મ ન પામવો જોઈએ. મારું કર્ત્તવ્ય જોઈ કોઈ ઊંધે માર્ગે ન જવો જોઈએ. બધા મને જોઈ સારા માર્ગે આવે તેની બહુ કાળજી રાખે. આગળ શેઠીયાની આબરૂ હતી કે, કદી કોઈને ઠગે નહિ. આજે આબરૂ ફરી ગઈ. શાહ તે ચોર બન્યા, શેઠ તે શઠ બન્યા અને સાહેબ તે શેતાન બન્યા.

ભગવાનની આજ્ઞા અનાદિની છે, અનંતકાળ રહેવાની છે. જેને મોક્ષે જવું હોય તો મોક્ષમાર્ગ ચાલુ છે. મહાવિદેહમા સદા ય ધર્મ ચાલુ છે. પાંચ ભરત અને પાંચ ઐરવત એવાં ક્ષેત્રો છે કે, ધર્મ અમુક કાળ ચાલે. વીશ (૨૦) કોટાકોટિમાંથી અઢાર (૧૮) કોટાકોટિ ધર્મ જ નહિ, માત્ર બે (૨) જ કોટાકોટિ

ધર્મ. મહાવિદેહમાં જઈ ધર્મ કરવાની ઈચ્છા હોય તે અહીં મોક્ષમાર્ગ પામ્યો હોય તો કેવી રીતે ધર્મ જીવે ? તમે સાધુને માનો પણ સાધુ ન થવાય તેની કાળજી રાખો. ધર્મ માનો પણ સંસાર સચવાય તેવો ધર્મ કરવો તેવી નેમ છે. ધર્મને ધક્કો લાગે પણ સંસારને ધક્કો ન લાગવો તેવી ઈચ્છા છે. સંસારના કામ માટે ધર્મને ધક્કો માર્યો હશે. પણ ધર્મના કામ માટે સંસારને ધક્કો માર્યો હોય તેવો દાખલો છે ?

સંસાર અનાદિનો, મોક્ષ માર્ગ અનાદિનો. સંસારમાંથી બધા મોક્ષે નથી જવાના. સંસારમાં રહેવાના છે. ગમે તેટલા મોક્ષે જાય પણ મોક્ષે ગયા તેના કરતાં અનંતગુણા સંસારમાં રહેવાના છે.

આ કાળમાં સાતમા ગુણઠાણા સુધી પામી શકાય છે. તમે ક્યા ગુમઠાણે છો ? ગુણનું સ્થાન તેનું નામ ગુણઠાણું છે. 'અનીતિના પૈસા મેળવી જીવવું તેના કરત ઝેર ખાઈને જીવવું સારું' - આવી ભાવના હોય તો પહેલું ગુણઠાણું આવે. પહેલે ગુણઠાણે છો ? પામવું છે ? પહેલા વાળો જ ચોથું પામે. ચોથું ગુણઠાણું એટલે સમકિતનું ઘર ! સમકિત પામવાનું મન છે ? તે પામવા ઉદ્યમ કરો છો ? સમકિત પામવું તો શું કરવું પડે તે ખબર છે ને ? આ દુનિયાનું સુખ ભૂંડું લગાડવું પડે, પૈસો ભૂંડો લગાડવો પડે. સુખ ઈચ્છવા જેવું પણ નથી, મેળવવા જેવું નથી, મળે તો રાજી થવા જેવું નથી, ભોગવવા જેવું નથી, છોડવા જેવું જ છે - આ વાત બરાબર લગાડવી પડે. સમકિત પામવું હશે તો ભગવાનના જ થવું પડે, સંસારના મટી જવું પડે. જે ભગવાનનો જ થાય, સંસારનો મટે તે જ સમકિત પામે. તેને જ આ બધી આજ્ઞા સમજાય, સમજવાનું મન થાય. ભગવાનની આજ્ઞા કેવી છે તેની બીજી વાત હવે પછી.

પ્રવચન-ઓગણસાઈઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ.આ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ. મ.

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશ વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના અવ.)

૨૦૪૩, આસો સુદ-૩ શનિવાર, ૨૬/૯/૧૯૮૬

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માન શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ સુવિહિત શિરોમણિ સહસ્રાવધાની પૂ. આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા હ આજ્ઞાની મહત્તા સમજાવી રહ્યા છે. ધર્મની આરાધન કરનારો જીવ ભગવાનની આજ્ઞા ઉપર બરાબર વિચા કરે તો આ આજ્ઞા એવી છે કે, જીવને સારો બનાવ્ય વિના રહે નહિ. આપણને આજ્ઞાનો યોગ મળ્યો છે આજ્ઞા સમજાવનારા મળ્યા છે પણ આજ્ઞા સમજવાન ઈચ્છા કેટલાને છે ? મહાવિદેહમાં સદાય મોક્ષ માર્ ચાલુ છે તો પણ ત્યાંય એવા જીવો જન્મે કે જે મરી મરીને સાતમી નરકે જાય. આજ્ઞા સમજવાનો યો મલવા છતાં આજ્ઞા સમજવાની ઈચ્છા જ ન થાય ત શું થાય ?

આપણને ભગવાનનું શાસન મળ્યું છે, રોજ ધર્મ સાંભળવા મળે છે, સંસાર ભૂંડો, મોક્ષ જ મેળવવ જેવો તેમ સાંભળવા મળે છે તો પણ મોક્ષની ઈચ્છા કેટલાને છે ? આ સંસાર ભૂંડો કોને લાગે ? જે વિચા કરે તે બધાને લાગે. જે વિચાર ન કરે તેને ભૂંડો લાગે. સુખ માટે ફાંફા મારનારા કેટલાં પાપ કરે છે પાપ કરવા છતાં ય સુખ મળતું નથી. રિબાઈ રિબાઈ મરે છે. મર્યા પછી દુઃખ ભોગવે છે. ફરી આવો જન્મ ક્યારે મળે તે કહી ન શકાય. આવો વિચાર કેટલા આવે ? ભગવાનના શાસનને, શાસ્ત્રોને સદ્‌ગુરુ મુખ સાંભળવાની ઈચ્છા ન થાય, સમજવાની ઈચ્છા થાય, તેના ઉપર ચિંતા ન કરે તો ધર્મ શી રીતે પામે

ક્રમશ

(પૂ.આ.શ્રી વિજય વિચક્ષણ સૂ.મ.એ શું ગુરુદ્રવ્ય દેવ દ્રવ્ય નથી ? એ લેખ લખ્યો તેનુ ખંડન કરવા 'સૂરી રામના સેવક' ના નામથી પત્રીકા પ્રગટ થઈ.

પહેલી વાત તો એ છે કે સૂરિપ્રેમ, સૂરિરામ, આવા તોછડા નામથી સમુદાયના આચાર્યોએ લખવાનુ કર્યુ છે અને આચાર્યોના નામ પૂ.આચાર્ય દેવ..... મહારાજા તેવું લખાય છે. તો આ અનામી લેખ આવું તો તોછડું લખે તેમા નવાય નથી.

બીજી વાત એ છે કે આ વિદ્વવાન લેખક ગ્રહસ્થ ન હોઈ શકે અને તેમ છતાં અનામી પત્રિકા લખીને સ્વ. પૂ. પાદશ્રીના નામને કલંક લગાડયાનું કર્યુ છે. સ્વ. પૂ. પાદ શ્રીજીએ સામી છાતીએ ચાલીને શાસન રક્ષા કરી છે. જયારે આ લેખકે પોતાનુ નામ કે મોઢુ બતાવવા જેવું નથી એમ ન હોય તેમ અનામી લખાણ કર્યુ છે.

ત્રીજી વાત એ છે કે ગુરુદ્રવ્ય જે દેવદ્રવ્ય છે તે દેવદ્રવ્યથી સ્મૃતિ મંદિર બાંધનારા કે પ્રેરણા આપનારા પાસે બચાવ નથી. તેથી આ બીજાને ઉતારી પડવાનો રસ્તો લીધો છે. જે સ્પષ્ટ કરે છે કે આ નવો પંથ શરૂ કર્યો છે પણ કોઈ બચવાની તક નથી તેથી તેમણે આ પત્રિકા લખીને હાર તો કબુલ કરી લીધી છે. પુ. આ. શ્રી વિજયહેમભૂષણ સૂ.મ., પૂ.આ.શ્રી વિજયકિર્તીયસ સૂ.મ. અભિમાનમાં રહેશે તો સમુદાય અને શાસનને છિન્ન-ભિન્ન કરવાનું નુકશાન તેમને લાગશે. તેમની ધાકને લીધે બીજા આચાર્યો લાચાર બનીને બેઠા છે. પૂ.આ.શ્રી વિચક્ષણ સૂ.મ. જેવા કોઈ બોલેતો સમજવા સમજાવવાના બદલે ઉતારી પાડશે તો તેમનુ દેવુ ચુકવવુ બહુ ભારે પડશે.)

"શું ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય નથી ?" એ હેડિંગવાળી પત્રિકા મારી છે, મેં જ લખેલી છે. બેનું લખાણ બીજા કોઈએ કરેલ નથી.

મારી પત્રિકાનો વિરોધ કરવા માટે "લિ. સૂરિ રામનો સેવક" એ નામથી કોઈકે નનામી પત્રિકા બહાર પાડી છે.

નનામી પત્રિકાનો જવાબ આપવાનો હોતો નથી છતાં પણ મારી પત્રિકાના વિરોધમાં લખેલી એ પત્રિકા લોકોમાં મોટી ગેરસમજ ઊભી કરનાર હોવાથી થોડો ખુલાસો કરવા માંગું છું.

મારી પત્રિકાના વિરોધમાં "સૂરિ રામનો સેવક" ના નામથી લખાયેલી નનામી પત્રિકામાં "સૂરિ રામના સેવક" નામના મહાનુભાવે મારી પત્રિકામાંથી આગળ-પાછળના લખાણોનો વિચાર કર્યા વગર વચ્ચેથી અધૂરાં વાકયો ઉઠાવીને મારા લખાણમાં સ્ખલના બતાવી ઉત્સૂત્ર તરીકે સાબિત કરવા માટેનો પ્રયાસ કર્યો છે. એમાં ખરેખર સૂરિરામના સેવક મહાનુભાવની પ્રામાણિકતા નથી જળવાઈ અને આવી રીતનું કાર્ય ખરેખર સૂરિરામના નામને કલંકિત કરનારું ગણાય. સૂરિરામના સેવકનું કામ સ્ખલનાઓ બતાવવાનું હોય તો સાચી સ્ખલના બતાવવાનું હોવું જોઈએ.

નનામી પત્રિકાની સામે લખવાનું ન હોવાથી જેને કોઈને પણ મારી પત્રિકાને લગતી વાતો સમજવી હોય તો સમજાવવા તૈયાર છું. સૂરિરામના સેવકને પણ સમજવાની ઈચ્છા હોય તો મારી પાસે આવી શકે છે.

મારા માટે કેટલાકના મગજમાં એક ભૂત ભરાઈ ગયું છે કે- આ. વિચક્ષણ સૂ. કો'કની વાતમાં આવી જાય એવા છે. કો'ક તો મને કહી પણ ગયા કે-તમે અમુક આચાર્યના હાથા નહીં બનતા. સૂરિરામના સેવકના મગજમાં પણ એ જ ભૂત ભરાઈ ગયું લાગે છે. એથી જ તેણે પોતાની પત્રિકામાં લખી નાખ્યું કે -"આચાર્ય શ્રી (વિચક્ષણ સૂ.) કો'કની વાતમાં ફસાઈ ગયા છે." ફસાઈ જવામાં જે કારણ સૂરિ રામના સેવકે બતાવ્યા છે. તેના એઓ પૂરેપૂરા અજાણ છે. મને પત્ર લખીને એ કારણો મારા દ્વારા જાણ્યાં હોત તો મગજમાં ભરાયેલું ભૂત નીકળી ગયું હોત.

પત્રિકાનું લખાણ મેં પૂ.પા. શ્રીના સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠાનો પ્રસંગ પતી ગયા બાદ અમદાવાદ સાબરમતીમાં તૈયાર કર્યુ હતું. એ વખતે (સૂરિરામના સેવકના મગજમાં જે

આચાર્ય છે) તે તો હતા જ નહીં. આ લખાણ મેં આ. શ્રી પ્રભાકર સૂ.મ. ; આ. શ્રી શ્રેયાંસપ્રભ સૂ.મ.; પૂ.આ. દે. શ્રી મિત્રાનન્દ સૂ.મ. વગેરેને વાંચવા માટે આપ્યું હતું. એમાંના કોઈએ (સૂરિરામના સેવકે પોતાની પત્રિકામાં જેવી ભૂલો બતાવી એવી) કોઈ ભૂલ કે સ્ખલના કાઢીને બતાવી નથી. માત્ર વાંચીને મારું લખાણ મને પરત કરી ગયા હતા. એઓ સમર્થ હતા. ભૂલ હોત તો બતાવી શકે એમ હતા.

મારા નામની સાથે "સૂરિરામના સાચા વારસદાર" એવું વિશેષણ લગાડયું છે, એમાં પણ એક રહસ્ય સમાયેલું છે એ સમજવું હોય તો, અને મને ભાવાભિનંદી બનાવવા જતાં પોતાના પક્ષના ત્રણ આચાર્યોને પણ ભાવાભિનંદીનું કલંક ચોંટાડી દીધું છે—એ પણ સમજવું હોય તો મારી પાસે આવી શકશે.

હું કોઈની પણ ફસામણમાં ન આવી જાઉ—એ માટે સાવચેત છું. મારી પત્રિકામાં મે દ્રવ્યસપ્તતિકાગ્રંથના આધારે જ વાતો કરી છે. કોઈની ફસામણમાં આવી એની વાતો નથી કરી. એ વાત મારી પત્રિકા ધ્યાન લઈને વાંચનારને સારી રીતે ખ્યાલમાં આવી જાય એમ છે.

કદાચ આ ખુલાસો પણ કો'કની ફસામણમાં આવીને આ. વિચક્ષણ સૂ.એ લખ્યો છે આવું આ સૂરિરામનો સેવક અથવા એના પક્ષનો કોઈક માને, બોલે કે લખે—એમાં કોઈ ઉપાય નથી. જેના મનમાં ભૂત ભરાયાં હોય એ ગમે તેવું માને, બોલે કે લખે—એમાં કાંઈ જ અશ્ચર્ય પામવા જેવું નથી.

શાસનદેવની કૃપાથી સૌ સન્માર્ગને પામે—બસ એ જ એકની એક શુભેચ્છા.

૨૦૫૯, પોષ વદ ૧—અમદાવાદ

—આ. વિચક્ષણ સૂ.

શ્રી વિમલનાથ ચરિત્ર'માંથી શ્રી સૂરસેન રાજાની ભાવના

"જેવી રીતે આ મેઘમંડલ નાશવંત છે, તેવી રીતે દ્રવ્ય, શરીર અને સ્ત્રી આદિ બધું નાશવંત છે. મારી નગરી હરિશ્ચંદ્રની નગરીની જેમ ચાલી જવાની છે. મારા સ્વજનો નાટકમાં લાવવામાં આવેલા અનેક રૂપી પાત્રોના જેવા છે. મારું કટક-સૈન્ય કાંટાવાલા સ્થાનના જેવું છે. મારું મંદિર યમરાજના મંદિરના જેવું ભયંકર છે. આ ક્ષિતિ-પૃથ્વી ક્ષતિ-ક્ષય-પામવાના જેવી છે. આ કમલા-લક્ષ્મી, કમળમાંથી ઉત્પન્ન થયેલી છે અને કમળને આશ્રિત છે તો તે કમળમાં પણ સ્થિર રહેતી નથી તો બીજે ક્યાં અલંકૃત થઈ સ્થિર થઈને રહે ? કામના આરામ વડે સુંદર એવી તે સ્ત્રી તો કામને જ અનુસરનારી છે, નહિ તો તે કામ-ઈચ્છાઓમાં જ આરામ કરનારી થાય છે. તેથી સ્ત્રીની પક્કડ મુશ્કેલીથી છોડી શકાય તેવી છે. સંપત્તિઓનો અને સ્ત્રીઓનો ત્યાગ કરવો સારો છે. વળી આ પૃથ્વી ઉપર જે ભોગ છે, તે ભોગના-સર્પની ફણા-જેવા જ છે, તેનાથી સ્પર્શ થયેલો પુરૂષ પોતે શિષ્ટ હોય તો પણ તે કષ્ટને જ પામે છે. જેઓ આ લોકમાં યુદ્ધ કરીને શત્રુઓનો નિગ્રહ કરે છે, તેઓએ બીજાઓના સાર મેળવ્યો પણ તેમના પ્રધાન પુરૂષ-ધર્મ રૂપી પુરૂષાર્થનો ક્ષય થાય છે. તો મને સદ્‌ગુરૂની પ્રાપ્તિ થાય તો આ રાજ્યનો ત્યાગ કરી સમ્યક્ પ્રકારે સંયમનો આશ્રય કરું."

ઉન્માર્ગથી પાછા વળો અને અશાતનાથી બચો.

(જૈન શાસનમાં દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય આદિની આવકના સાધનો ઘણા છે પરંતુ અમુક દેવદ્રવ્ય અમુક જગ્યાએ લઈ જવુ. અમુક દેવદ્રવ્ય અમુક જગ્યાએ લઈ જવું તેવું વિધાન નથી. દા.ત. અંજન શલાકાનું દેવદ્રવ્ય જિનમંદિરમાં બાંધવા લઈ જવું. પ્રતિષ્ઠાનું દ્રવ્ય જીર્ણોદ્ધારમાં લઈ જવું. સ્વપ્ન દેવદ્રવ્ય સોના–ચાંદીની આંગી બનાવવામાં લઈ જવું. ૧લી પૂજાનું દેવદ્રવ્ય રથ બનાવવામાં લઈ જવું. આવુ કોઈ વિધાન નથી. માત્ર દેવદ્રવ્ય થયા પછી તેની વિધી બતાવી છે.

તેવીજ રીતે ગુરુપૂજન, ગુરુને કાંમળી વહોરાવવી, ગુરુ મૂર્તિની પહેલી પૂજા કરવી, આરતી ઉતારવી, ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરવી, ગુરુમંદિરનું ઉદ્‌ઘાટન કરવું વિગેરે દ્વારા ગુરુદ્રવ્ય આવે છે તેમા ગુરુપૂજનનું દ્રવ્ય જિનમંદિરમાં લઈ જવુ, ગુરુમૂર્તિની પૂજાનું દ્રવ્ય ગુરુમંદિરમાં લઈ જવું, ગુરુ અભિષેકનું દ્રવ્ય ગુરુ મૂર્તિમાં લઈ જવું, ગુરુપ્રતિષ્ઠાનું દ્રવ્ય સ્મારકમાં લઈ જવું, ગુરુમંદિરનું ઉદ્‌ઘાટનનું દ્રવ્ય વયાવચમાં લઈ જવું એવુ કોઈ જ વિધાન નથી. પરંતુ ગુરુદ્રવ્ય જે થયુ તે દ્રવ્ય સપ્તતિકા મહાગ્રંથના આધારે ગુરુદ્રવ્ય એ દેવદ્રવ્ય છે અને તે જિનમંદિર નિર્માણ જીર્ણોદ્ધાર અને દેવકુલિકા આદિમાં વાપરવું તેમ લખ્યુ છે. તેમ છતાં અનુકૂળ અને સગવડતા મુજબ ગોઠવણ દલીલો લગાડીને અગ્નિસંસ્કારની બોલી ઉત્સવ, સ્મારક અને વધે તો (?) દેવદ્રવ્યમાં લઈ જવી અને ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા બોલી સ્મારકમાં લઈ જવી વિગેરે જુદા જુદા અનઘડત વિકલ્પો ઉભા કરી પોતાની સગવડતા મુજબ લઈ જવાતું કરીને મહા પુરૂષોના નામે ચડાવી દેવાય છે. તે બધુ જો સમજવામાં નહી આવે તે સાધુ પૈસા ધારી પૈસાની સત્તાધારી તેમજ દ્રવ્યના હકકદાર બની જશે. સિધ્ધાંત જશે અને સયંમ પણ જશે કદાચ કોઈએ કંઈ કરી લીધુ હોય તો તેમ ન કરતા સુધારી લેવું જોઈએ તેને બદલે તે સયોગોને માર્ગ બનાવી સિધ્ધાંતનો લોપ ન કરવો જોઈએ. આ વાત બને તો શાસન અને સમુદાય અને સંઘ ઉજવળ બને એમા શંકા નથી તો સમજ માટે આ લેખ છે.)

મુદ્દા નં ૧ : સોનાની થાળીમાં લોઢાની મેખ (ખીલ)

નિર્માણ પામતું પૂ.આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. નું સ્મૃતિમંદિર, ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેની બોલી આદિની રકમથી બનાવવામાં આવે તો સોનાની થાળીમાં લોઢાની ખીલી જેવું જ થવાનું.

આવા સુંદર, અફલાતુન, જગતમાં અજોડ સ્મૃતિમંદિરમાં ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠ વગેરેની બોલી આદિનું (દેવદ્રવ્યરૂપ ગણાતું) દ્રવ્ય વપરાય અને સ્મૃતિમંદિર નિર્માણ પામે તો તે પારકા દ્રવ્યથી બન્યું કહેવાય અને આવું બને તો સોનાની થાળીમાં લોઢાની ખીલી જેવું જ બન્યું ગણાય. એનાથી તો પૂજયપાદશ્રીની ગૌરવગરિમાને લાંછન જ લાગવાનું છે. કેમ કે જે પૂજયપાદશ્રીએ જિંદગીભર સ્વદ્રવ્યથી ધર્મ કરવાનું ઉપદેશમાં લોકોને સમજાવ્યું છે એના પરિણામે વિશાળ સંખ્યામાં પુણ્યાત્માઓ સ્વદ્રવ્યથી પૂજાદિના ધર્મને કરનારા બન્યા હતા, એ જ પૂજયપાદશ્રી નું સમૃતિમંદિર પરદ્રવ્ય (ચઢાવાના દ્રવ્ય) થી બનાવાશે તો તેઓશ્રીની સ્વદ્રવ્યથી ધર્મ કરવાની વાત પોકળ ઠરશે. વિરોધપક્ષાદિના લોકો પારકા દ્રવ્ય (દેવદ્રવ્ય)થી સ્મૃતિમંદિર બનાવ્યું છે. (૨) એમ બોલી–બોલીને ટીકા કરવા રૂપે આંગળીચીંધણું કરશે.

સ્વદ્રવ્યથી સ્મૃતિમંદિર બનાવવાનું માર્ગદર્શન આપવાના બદલે (ચઢાવાના દ્રવ્યરૂપ) પરદ્રવ્યથી સ્મૃતિમંદીર બનાવવાનું માર્ગદર્શન આપ્યું–એ પણ એ માર્ગદર્શન આપનારાઓ માટે કલંકરૂપ છે.

સ્વદ્રવ્યથી સ્મૃતિમંદિર બનાવવાનું માર્ગદર્શન

શરૂઆતથી જ, માર્ગદર્શન આપનારાઓએ મહોત્સવના પૂર્વમાં કે મહોત્સવના દિવસોમાં આપ્યું હોત ત પૂજયપાદશ્રી પ્રત્યે અન્યાય ભકિત ધરાવનાર પુણ્યાત્માઓ મહોત્સવમાં જેમ લાખો રૂપિયાનો વરસાદ વરસાવી ગયા તેમ સ્મૃતિમંદિરના નિર્માણમાં પણ લાખોનો વરસાદ વરસાવત, એમાં જરા પણ શંકાને સ્થાન ન હતું. સ્મૃતિમંદિરના નિર્માણમાં ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠાદિના ચઢાવા વગેરેનું દ્રવ્ય વાપરી શકાય એવો સિદ્ધાંત સ્થાપવાની મનોવૃત્તિ હોવાના કારણે એની ધરાર ઉપેક્ષા કરાઈ છે.

મુદ્દા નં. ૨ : પૂજાર્હ ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય.

શાસ્ત્રમાં ગુરુદ્રવ્યના બે પ્રકાર બતાવ્યા છે : ૧. ભોગાર્હ, ૨. પૂજાર્હ.

૧. **ભોગાર્હ ગુરુ દ્રવ્ય** : શ્રાવકાદિ ગૃહસ્થ સાધુને જે આહાર–પાણી, વસ્ત્ર–પાત્ર–કાંબળી વગેરે વહોરાવે તે ભોગાર્હ ગુરુદ્રવ્ય કહેવાય.

એ આહારપાણી વગેરે નિશ્રિત (સાધુની માલિકીના) હોય છે. સાધુ એનો માલિક હોવાના કારણે પોતાના અંગત ઉપયોગમાં લઈ શકે છે.

૨. **પૂજાર્હ ગુરુ દ્રવ્ય** : નામદિનિક્ષેપે રહેલા ગુરુની યથાયોગ્ય રીતે અંગપૂજા, અગ્રપૂજાદિમાં આવેલ સુવર્ણાદિ દ્રવ્ય પૂજાર્હ ગુરુદ્રવ્ય કહેવાય.

આ પૂજાર્હ ગરુદ્રવ્યને દ્રવ્યસપ્તતિકાકારે તેનાથી ગૌરવાર્હ સ્થાનમાં અર્થાત્ ગુરુ કરતાં ઉપલા સ્થાન જિનમંદિરના નિર્માણાદિમાં વાપરવાનું વિધાન કર્યું છે. માટે એ દ્રવ્ય અનિશ્રાકૃત છે. સાધુ એની માલિકી ન કરી શકે.

ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠાદિના ચઢાવા વગેરેના દ્રવ્યને ગુરુમંદિર–સ્મૃતિમંદિરાદિમાં વાપરી શકાય : એવી માન્યતા ધરાવનારાઓ કહે છે કે જીવંત ગુરુના અંગ–અગ્રપૂજામાં આવેલ દ્રવ્યની માલિકી સાધુ કરે તો તેના મહાવ્રતને નુકસાન થાય. માટે એ દ્રવ્યને તેના (ગુરુ) કરતાં ગૌરવાર્હ સ્થાનરૂપ જિનમંદિરના નિર્માણાદિના કાર્યમાં વાપરવાનું ગ્રંથકારે જણાવ્યું ત્યારે ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેના ચઢાવા આદિમાં તથા અંગ–અગ્રપૂજાદિમાં આવેલ પૂજાર્હ ગુરુદ્રવ્ય ગુરુમૂર્તિ આદિને કાંઈ પણ નુકસાન ન કરતું હોવાથી ગુરુમંદિર–સ્મૃતિમંદિરાદિમાં વાપરી શકાય–આવી પોતાની મતિથી કલ્પના કરીને એ દ્રવ્ય ગુરુમંદિર–સ્મૃતિમંદિર આદિમાં વાપરવાનું જોરશોરથી વિધાન કરી રહ્યા છે.

તે કોઈ રીતે બરોબર નથી. દ્રવ્યસપ્તતિકાકાર નામસ્થાપનાદિ કોઈ પણ નિક્ષેપે આવેલા પૂજાર્હ ગુરુદ્રવ્યને તેના (ગુરુ) કરતાં ગૌરવાર્હ સ્થાન (ઉપલા સ્થાન) જિનમંદિરના નિર્માણદિમાં વાપરવાનું વિધાન કરતા હોય ત્યારે તેમના વિધાનને આ રીતે મતિકલ્પના કરીને ખંડિત કરવું, તે ગ્રંથકારના વિધાનથી વિરુદ્ધ હોવાના કારણે તદ્દન અનુચિત છે.

ગ્રંથકારે ચારે નિક્ષેપે પૂજામાં આવેલ ગુરુદ્રવ્ય પૂજાર્હ ગુરુદ્રવ્ય હોવાના કારણે જિનમંદિરના નિર્માણાદિમાં વાપરવાનું વિધાન કર્યું છે, માટે નુકસાન થાવાના કે ન થવાના વિચારને અહીં જરા પણ સ્થાન રહેતું નથી. પૂજાર્હ ગુરુદ્રવ્ય ઉપરોકત રીતે દેવદ્રવ્ય ગણાતું હોવાથી એ દ્રવ્ય અનિશ્રાકૃત છે અર્થાત્ સાધુ એનો માલિક ન બની શકે.

સાધુના મહાવ્રતને નુકસાન થવાની શકયતા હોવાના કારણે ગુરુના અંગ–અગ્રપૂજાદિમાં આવેલ દ્રવ્યને દેવદ્રવ્યરૂપે કહેવાનું વિધાન જો હોત તો તો સાધુને સારાં આહાર–પાણી, વસ્ત્ર–પાત્ર, કાંબળી વગેરેમાં પણ મમત્વ થવાની શકયતા હોવાના કારણે સારાં આહાર–પાણી વગેરે વહોરાવવાનું પણ બંધ કરાવવાની આપત્તિ આવશે. અહીંયાં જેમ એ વિચાર નથી કરાતો અને સાધુને ભકિતભાવથી શ્રાવકો સારાંમાં સારાં આહારપાણી વગેરે વહોરાવીને લાભ લે છે અને સાધુ પણ સંયમને ઉપયોગી સારાંમાં સારાં આહારપાણી વગેરે વહોરે છે અને એનો ઉપયોગ પણ કરે છે.

માટે અહીંયા નુકસાન થાય અને નુકસાન ન થાય એ વાતને જરા પણ સ્થાન નથી. અહીં તો પૂજાર્હ ગુરુદ્રવ્ય જિનમંદિરના નિર્માણાદિમાં વાપરવાના અર્થાત્ દેવદ્રવ્ય તરીકે ગણવાના દ્રવ્યસપ્તતિકાગ્રંથમાં કરેલા વિધાનને જ સ્થાન છે. અને અનુસરીને જ વિચાર કરવો જોઈએ.

એ વિધાનને છોડીને પોતાની મતિકલ્પનાથી જ વિચાર કરવાનો હોય તો જેમ ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેના ચઢાવા આદિના દ્રવ્યને સ્મૃતિમંદિર–ગુરુમંદિરાદિના નિર્માણમાં વાપરી શકાય એમ વિચારાય છે તેમ એ જ પૂજાર્હ ગુરુદ્રવ્યને વૈયાવચ્ચમાં શું કામ ન લેવાય અને વપરાય ? બીમાર પડેલા આચાર્યાદિ સાધુની એ દ્રવ્યથી ઔષધાદિ કરવા દ્વારા રોગમુક્ત થયેલા એ આચાર્યાદિ ગામોગામ વિચરીને ધર્મોપદેશ આપવા દ્વારા અનેકાનેકને ધર્મ પમાડશે, અનેકનું કલ્યાણ કરનારા થશે. આ વૈયાવચ્ચમાં લીધેલા દ્રવ્યના માલિક તો તે તે સંઘના ટ્રસ્ટ જ રહેવાના છે, એથી સાધુને એ દ્રવ્યની માલિકી કરવાનો કોઈ પ્રસંગ જ આપવાનો નથી, જેથી સાધુના મહાવ્રતને નુકસાન પહોંચે.

વર્ત્તમાનમાં પણ વૈયાવચ્ચખાતાનું દ્રવ્ય સાધુઓની બીમારી આદિમાં ઔષધાદિના ઉપયોગમાં આવે જ છે. એમ વૈયાવચ્ચખાતાના દ્રવ્યના માલિક તે તે સંઘના ટ્રસ્ટો જ છે. સાધુને એની સાથે કોઈ લેવા–દેવા હોતા નથી. એથી સાધુઓના મહાવ્રતને નુકસાન થવાની કોઈ શકયતા હોતી નથી.

નુકસાનની દષ્ટિએ વિચાર કરીએ તો એક રીતે જ નુકસાન થવાની શકયતા હોય છે એવું નથી, બીજી અનેક રીતે પણ નુકસાન થવાની શકયતા બેઠેલી જ હોય છે. ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા આદિના ચઢાવા વગેરેથી આવેલા દ્રવ્યને ગુરુમંદિરસ્મૃતિમંદિરાદિમાં વાપરવામાં ગુરુમૂર્તિને ભલે નુકસાન ન થવાનું બતાવાતું હોય. પરંતુ બીજી રીતે નુકસાન થવાની શકયતા બેઠેલી છે જ. એક ગુરુમંદિરના ચઢાવામાં આવેલી રકમથી બીજા ગુરુમંદિરનું નિર્માણ કરાશે, એના ચઢાવામાં આવેલી રકમથી ત્રીજા ગુરુમંદિરનું નિર્માણ કરાશે. આમ ગુરુમંદિરોની હારમાળા પણ ચાલશે. આ રીતે ઉપરાઉપરી ગુરુમંદિરો બનાવવાનો અતિરેક થશે અને અતિરેકને તો પૂજયપાદશ્રીએ આ.ભ. શ્રીકમલસૂ. મ. ના ગુણાનુવાદના વ્યાખ્યાનમાં પાપ તરીકે જણાવ્યુ છે. સાધુને પણ ગુરુમંદિરના નિર્માણમાં આવેલી રકમ ઉપર મમત્વ જાગશે. આ રકમથી બીજે ઠેકાણે મારા ગુરુનું મંદિર બનવું જોઈએ એમ –મમત્વની પરંપરા ચાલવાની શકયતાનું બીજી પણ નુકસાન સાધુને થઈ શકે છે.

માટે પોતાની મતિકલ્પનાથી નુકસાન થવાની કે ન થવાની કલ્પના કરીને ગુરુમૂર્તિ આદિના ચઢાવાદિમાં આવેલા દ્રવ્યને ગુરુમંદિર–સ્મૃતિમંદિરાદિના નિર્માણમાં વાપરવાનુ વિધાન કરવા દ્વારા દ્રવ્યસપ્તતિકાગ્રંથમાં પૂજાર્હ ગુરુદ્રવ્યને જિનમંદિરના નિર્માણ આદિમાં(દેવદ્રવ્યમાં) લેવાના વિધાનને ખંડિત કરવું કોઈ રીતે ઉચિત નથી.

માટે હે પૂણ્યવાનો ! પૂજાર્હ ગુરુદ્રવ્યને ગુરુમંદિર–સ્મૃતિમંદિર આદિના નિર્માણમાં વાપરવાનું વિધાન કરવાના આગ્રહને છોડી ગ્રંથકારના વેધાનને વળગી ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા આદિના અઢાવાદિના દ્રવ્યને જિનમંદિરના નિર્માણાદિમાં (દેવદ્રવ્યમાં) વાપરવાની માન્યતા વાળા બનવું જોઈએ. એમાં જ સ્વપરનું કલ્યાણ સમાયેલુ છે.

મુદ્દા નં. 3 : આશાતનાના પાપથી બચાય તો સારું.

દેવગુરુધર્મની આશાતના કેટલીક વાર બોલતી નથી પણ બોડી જાય છે. કેટલીક વાર અણધારી અપત્તિઓ કે વિષમ પરિસ્થિતિઓ જીવનમાં કે શુભ પ્રસંગોમાં આવીને ઉભી રહેતી હોય છે ત્યારે માણસને ખ્યાલ નથી આવતો કે આ દેવ, ગુરુ કે ધર્મની આશાતનાનું પરિણામ છે અને કદાચ ખ્યાલ આવે તો પણ શુભ પ્રસંગ કલંકિત ન થાય, લોકોમાં ચર્ચાનું સ્થાન ન બની જાય માટે છુપાવવામાં પણ આવે છે.

સ્મૃતિમંદિરમાં પૂ.આ.ભ. શ્રી. રામચંદ્ર સૂ.મ.સા.

ની મૂર્તિને મુખ્ય સ્થાને બિરાજમાન કરવામાં આવી છે અને ગણધર ભગવંતોની મૂર્તિઓને ઉપર ગેલેરીમાં એક ખૂણામાં રૂમની અંદર બિરાજમાન કરવામાં આવી છે અને પૂજય પાદશ્રીના ઉપકારી વડીલોની મૂર્તિઓને પણ એક ખૂણાના રૂમમાં વિરાજમાન કરવામાં આવી છે. આ પણ ગણધર ભગવંતો તથા પૂજય પાદશ્રીના ઉપકારી વડીલોની એક જાતની આશાતના જ છે.

પૂ.આ.ભ. શ્રી રામચંદ્ર સૂ.મ.નું જ સ્મૃતિમંદિર હોય, તેમાં એઓશ્રીની જ મૂર્તિ બિરાજમાન કરવાની હોય. બીજા ગણધર ભગવંતો કે પૂજયપાદશ્રીના ઉપકારી વડીલોની મૂર્તિઓ બિરાજમાન કરવાની ન હોય. કેમ કે એમાં પૂજયપાદશ્રીની મુખ્યતા હોય છે અને ગણધરભગવંતો કે ઉપકારી વડીલો ગૌણ બની જાય છે. આ બધી વાતને સ્પર્શવાનો કોઈ અર્થ નથી. હવે જે થઈ ગયું છે તેનો સુધારો કરવાની આવશ્યકતા છે. ગણધરભગવંતો તથા પૂજયપાદશ્રીના ઉપકારી વડીલોનું મુખ્યત્વ જળવાય એ રીતે એઓની મૂર્તિઓને સ્વતંત્ર સ્થાનમાં બિરાજમાન કરવામાં આવે તો અશાતનાના પાપથી બચી જવાની શકયતા રહે.

દેરક નું મુખ્યત્વ જાળવવા માટે દરેક મજલાના નામકરણ જુદાં જુદાં કરવાં જોઈએ.

ઉપરના મજલે જિનમંદિરનું નામકરણ,

નીચેના મજલે ગણધરભગવંતો તથા ઉપકારી વડીલોનું નામકરણ,

એની નીચેના મજલે ગુરુમંદિરનું નામકરણ અને

નીચેના મજલે પૂ. શ્રી રામચંદ્ર સૂ.મ. સ્મૃતિમંદિર.... આમ જે રીતે યોગ્ય લાગે તે રીતે દરેક મજલે નામકરણ કરવાં જોઈએ.

બીજું પૂજયપાદશ્રી રામચંદ્ર સૂ.મ.સા.ની ઊભી મૂર્તિ જયાં બિરાજમાન કરવામાં આવી છે, એના રંગમંડપની અંદર થાંભલાઓમાં તીર્થંકરભગવંતોની મૂર્તિઓ કોતરવામાં આવી છે—એ પણ એક તીર્થંકરભગવંતની ઘોર અશાતના છે. પૂજયપાદશ્રીની શોભા આવે એટલા માટે તીર્થંકરભગવંતોની મૂર્તિઓને ઉપયોગમાં લેવી તે ઘણું જ આશાતનાકારી અનુચિત કાર્ય છે. આવી ઘોર આશાતનાને દૂર કરવા માટે પણ તાત્કાલિક સુધારો કરવાની તાતી જરૂરિયાત છે.

મુદ્દા નં. ૪ : પૂ.પા.આ.ભ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી મહોદયસૂ.મ.સા. પણ પૂજાર્હ ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય તરીકે ગણાય : એવી માન્યતા ધરાવતા હતા.

એક મહાત્માએ મને, પૂજયપાદશ્રીને પૂછેલા પ્રશ્નોના પૂજયપાદશ્રીએ આપેલા ઉત્તરોની નોટમાં બતાવ્યું — પૂ. આ. દે. શ્રી લબ્ધિસૂ.મ.ની મૂર્તિની આરતી ઉતારવાની બોલીનું દ્રવ્ય શામાં જાય ? એ પ્રશ્નના ઉત્તરમાં આ.દે. શ્રી લબ્ધિસૂ. મ.ની મૂર્તિ મંદિરમાં છે કે બહાર છે એવી કોઈ અપેક્ષા રાખ્યા વગર મૂર્તિ પૂજનીય છે માટે એની આરતીની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય એવો ઉત્તર આપ્યો હતો. એટલે પૂજયપાદશ્રીની માન્યતા પૂજાર્હ ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય ગણાય એવી જ હતી.

પૂ.આ.દે.શ્રી મહોદય સૂ.મ. એ પણ આચાર્ય અને મુનિઓ તથા શ્રાવકોએ પૂછેલા કે પત્ર દ્વારા પુછાવેલા પ્રત્યુત્તરમાં એમ જ જણાવ્યું હતું કે ગુરુમૂર્તિ આદિના ચઢાવાનું દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે ગણાય અને ગુરુદેવની પણ એ જ માન્યતા હતી.

એક મહાત્માએ ખાનગીમાં પૂ.આ.દે. શ્રી મહોદય સૂ.મ.સા.ને પૂછયું કે—સાહેબજી ! મારે કોઈ જાતની ચર્ચા કે વાદવિવાદમાં નથી ઊતરવું. માત્ર મારે જાણવું છે કે ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેની બોલીનું દ્રવ્ય કયાં જાય. ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે દેવદ્રવ્યમાં જાય. ગુરુદેવશ્રીની પણ એ જ માન્યતા હતી. આ વાત એ મહાત્માએ મને રૂબરૂમાં જ કરી છે.

એક આચાર્યશ્રીએ પૂછયું, તેમને પણ પૂજયશ્રીએ

એ જ જવાબ આપ્યો કે દેવદ્રવ્યમાં જાય.

નવસારીના એક શ્રાવકે પૂછયું કે– સાહેબજી ! અમે ગુરુપ્રતિષ્ઠાદિના ચઢાવા લીધા છે, એનું દ્રવ્ય શામાં જાય ? તેમને પૂજયશ્રીએ એ જ જવાબ આપ્યો કે દેવદ્રવ્યમાં જાય. એ શ્રાવક અત્યારે મૂંઝવણમાં છે. કેમ કે સ્મૃતિમંદિરની કમિટી એમના ચઢાવાની રમ દેવદ્રવ્યમાં લેવા તૈયાર નથી, એટલે શું કરવું?

પૂના ભવાનીપેઠ ટીંબરમાર્કેટના ઉપાશ્રયમાં આ.દે. શ્રી રામચંદ્ર સૂ.મ.નો ફોટો મૂકવાના–પૂજનાદિના ચઢાવાનું દ્રવ્ય સાધારણમાં લઈ શકાય એવો નિર્ણય ; પૂજયપાદશ્રીના સમુદાયના જ એક આચાર્યે ઉપસ્થિત સંઘમાં કરીને ચઢાવા બોલાવ્યા અને ફોટો મુકાયો, પૂજનાદિ થયું. થોડા વખત બાદ એ વાતની મને અને મુ.શ્રી ભુવનરત્ન વિ.મ.ને ખબર પડી. તયારે અમને થયું કે આ બરોબર નથી થયું. મુ.રા. શ્રી ભુવનરત્ન વિ.મ. એ પૂ. ગચ્છાધિપતિશ્રીને પત્ર લખ્યો. તેના પ્રત્યુત્તરમાં આ.શ્રી. હેમભૂષણ સૂ.મ.ના હાથે લખાયેલા પત્રમાં જણાવવામ આવ્યું કે (પૂ.પા.શ્રી રામચંદ્ર સૂ.મ.નો) ફોટો મૂકવા તથા પૂજનાદિના ચઢાવાનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય, સાધારણ કે વૈયાવચ્ચમાં ન લેવાય. આ પત્ર પૂ. ગચ્છાધિપતિશ્રીને વાંચાવેલ જ હશે. પૂ. ગચ્છાધિપતિશ્રીએ એમ પણ કહ્યું કે ગરુમંદિરાદિના નિર્માણમાં લેવાય. એથી પણ નિશ્ચિત થાય છે કે પૂ. ગચ્છાધિપતિશ્રીની માન્યતા દેવદ્રવ્યમાં જ પૂજાર્હ ગુરુદ્રવ્યને લેવાની હતી.

મોટા ભાગે બધાની માન્યતા ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠાદિનું તથા ભંડારાનું દ્રવ્ય, દેવદ્રવ્યમાં જાય–એવી માન્યતા હતી અને દેવદ્રવ્યમાં લેવાતું હતું અને લેવાતું આવ્યું છે.

સુરતમાં પૂજયપાદ આ. દે. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની મૂર્તિ ભરાવવા તથા પ્રતિષ્ઠા વગેરેની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે જમા કરાયું છે અને ગુરુમૂર્તિની આગળ મૂકેલ ભંડારનું દ્રવ્ય પણ દેવદ્રવ્ય તરીકે જમા કરાય છે.

અમદાવાદ દાન સૂ. મ. જ્ઞાનમંદિરમાં પૂ. આ. દે. શ્રી દાન સૂ. મ. સા.ની મૂર્તિ આગળ મૂકેલ ભંડારમાં આવેલ રકમ પણ દેવદ્રવ્યમાં જ જમા કરાય છે. ગુરુદ્રવ્યને દેવદ્રવ્યમાં લેવાનો વ્યવહાર ચાલી રહયો છે. કોઈક ઠેકાણે અજ્ઞાનવશ ગરબડ ચાલતી હોય તે વાત જુદી છે. એ ગરબડને દૃષ્ટાંત બનાવી ગુરુદ્રવ્યને ગુરુમંદિરાદિના નિર્માણમાં લેવાની વાતો કરવી કે લેવું તે શાસ્ત્રવિરુદ્ધ છે.

જાણવા મળ્યા મુજબ જેઓ ગુરુદ્રવ્યને ગુરુમંદિર–સ્મૃતિમંદિરાદિમાં વાપરવાની માન્યતા ધરાવનારા બન્યા છે તેઓ ગરુમંદિરમાં જરૂર ન હતી માટે દેવદ્રવ્યમાં લેવાતું હતું... વગેરે બોલીને ગલ્લાંતલ્લાં કરે છે. જાણવા મળ્યા પ્રમાણે એમ પણ એ લોકોમાંથી કોઈક કહે છે કે દેવદ્રવ્યમાં લેવાનું કહયું તે અમારી ભૂલ છે. (પૂ. ગચ્છાધિપતિશ્રીએ દેવદ્રવ્યમાં લેવાનું કહયું તે તો સાચું જ છે, એમની ભૂલ તો નથી જ–એ વાત નિશ્ચિત છે, એ વાચકવર્ગે સમજી લેવું.) ગુરુમંદિરાદિમાં એ ગરુદ્રવ્ય જઈ શકે છે–આવું જો મનાતું હોય કે બોલાતું હોય તો માની લેવું જોઈએ કે આ મહાનુભાવો પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. ની હરોળમાં ગોઠવાઈ ગયા લાગે છે. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. એ કહયું હતું કે પહેલાં જે મેં કહયું છે તે સાચું નહિ માનવાનું, હવે હું કહું છું કે કહીશ તે સાચું માનવાનું અર્થાત્ પહેલાં જે મે કહયું છે તે ખોટું છે. એમ આ મહાનુભાવો પણ એવું જ કહે છે કે પહેલાં અમે ગુરુદ્રવ્યને દેવદ્રવ્યમાં લેવાનું જણાવ્યું હતું તે અમારી ભૂલ હતી એટલે ખોટું હતું. હવે અમે ગરુમંદિર સ્મૃતિમંદિરમાં લેવાનું કહીએ છીએ તે સાચું છે. આ રીતે પૂર્વે કરેલાં સાચાં વિધાનોને અસત્યમમાં પલટાવવાં એ એમના જેવા માટે કોઈ રીતે યોગ્ય નથી, શાસ્ત્રવિરુદ્ધ છે.

આવું પણ જાણવા મળ્યું છે કે ગુરુની જીવંત અવસ્થામાં તેમના ફોટા મૂકવા–પુજનાદિની બોલીની રકમ દેવદ્રવ્યમાં લેવાય અને કાળધર્મ પામ્યા બાદ એ જ જીવંત અવસ્થામાં પડાવેલા કે ચિતરાવેલા ફોટા મૂકવા–પૂજનાદિની

બોલીની રકમ ગુરુમંદિર–સ્મૃતિમંદિર આદિમાં વાપરી શકાય. આવા સ્થાપનાનિક્ષેપામાં અનુયોગદ્વારસૂત્રાદિ આગમશાસ્ત્રોમાં નહિ બતાવેલા પણ શાસ્ત્રવિરુદ્ધ ભેદ પાડતા હતા, તેમાં પણ શાસ્ત્રવિરુદ્ધતાની આપત્તિ તેમનાથી વિરુદ્ધ વિચારવાળા દ્વારા આપવામાં આવી. એટલે ગુરુની જીવત અવસ્થામાં તેમના ફોટા વગેરે મૂકવા–પૂજા વગેરેની બોલીની રકમ દેવદ્રવ્યમાં લેવાનું વિધાન અને કાળધર્મ પામ્યા પછી જીવંત અવસ્થામાં લેવાયેલા કે ચિતરાવેલા ફોટા વગેરે મૂકવા–પૂજનાદિની બોલીની રકમ ગુરુમંદિર આદિમાં વાપરવાનું વિધાન સ્થાપનાનિક્ષેપામાં ભેદ પાડીને કરતા હતા. તે વિધાનને પલટાવી હવે એવું કહેતા થયા છે કે ગુરુની જીવંત અવસ્થામાં કે કાળધર્મ પામ્યા બાદ એમના ફોટા મૂકવા–પૂજા આદિના તથા ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા વગેરેના ચઢાવાની રકમ ગુરુમંદિર–સ્મૃતિમંદિરાદિના નિર્માણમાં વાપરી શકાય.

પૂજાર્હ ગુરુદ્રવ્ય પણ સ્મૃતિમંદિરમાં વાપરવાની માન્યતા ધરાવનારા મહાનુભાવ આચાર્યો વગેરે પહેલાં ગુરુમૂર્તિ આદિના ચઢાવાનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય–એવી જ માન્યતા ધરાવતા હતતા. એથી જ મુ.રા.શ્રી હિતપ્રજ્ઞ વિ.મ.ની "ધાર્મિક વહીવટ વિચાર" નામના પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં કે જેને આ.શ્રી હેમભૂષણ સૂ.મ. તથા આ.શ્રી કીર્ત્તિયશ સૂ.મ. એ તપાસીને માન્યતતા આપેલી. તેમાં ગુરુમૂર્તિ આદિના ચઢાવાની રકમ દેવદ્રવ્યમાં જાય એવું વિધાન કર્યું હતું. પરંતુ જયારથી ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠાદિની બોલીનું દ્રવ્ય ગુરુમંદિર–સ્મૃતિમંદિરાદિમાં વાપરવાનો સિદ્ધાંત સ્થાપ્યો, એ પ્રચારમાં આવ્યો અને એમાં વિવાદ ઊપડયો એટલે બીજી આવૃત્તિના પુસ્તકમાં, ગુરુમૂર્તિ આદિના ચઢાવાની રકમ દેવદ્રવ્યમાં લેવાના "ધાર્મિક વહીવટ વિચાર" નામના પ્રથમ આવૃત્તિના પુસ્તકમાં કરેલા વિધાનને ફેરવી નાંખ્યું અને એ દ્રવ્ય ગુરુમંદિરસ્મૃતિમંદિરાદિમાં વાપરી શકાય–અવું વિધાન છપાવ્યું.

ગુરુદ્રવ્યને ગુરુમંદિરાદિના નિર્માણકાર્યમાં વાપરી શકાય એવો શાસ્ત્રવિરુદ્ધ સિદ્ધાંત સ્થાપવા જતાં એમને પોતાનાં કરેલાં વિધાનોને પલટાવવાં પડે તો એમનામાં સિદ્ધાંતનિષ્ઠા છે–એવું કયો સુજ્ઞ માણસ સ્વીકારે ?

આમાં કેટલીક વાતો જાણવા મળ્યાના આધારે કરાઈ છે. આમાં સાચું શું છે–એ જ્ઞાની મહારાજ જાણે. બાકી જાણવા મળેલી વાત સાચી હોય તો જે રીતે થયું છે અને થઈ રહયું છે તે જરા પણ ઉચિત નથી.

મુદ્દા નં. ૫:

'સમ્મેલનના અશાસ્ત્રીય નિર્ણયોની સમીક્ષા' પુસ્તકમાં મુ.રા. શ્રી કીર્તિયશ વિ.મ. (વર્ત્તમાનના અચાર્ય) એ જણાવ્યું છે કે –

વાસ્તવમાં ગુરુદ્રવ્ય તે પૂજન દ્વારા આવ્યું હોય કે ગુરુપૂજન–કામળી વગેરે સંયમોપકરણ વહોરાવવા વગેરે ગુરુભક્તિ નિમિત્તે બોલાયેલી કોઈ પણ પ્રકારની બોલી દ્વારા આવ્યુ હોય, તે બધુ દ્રવ્યસપ્તતિકા વગેરે શાસ્ત્રોના આધારે જીર્ણોદ્ધારા તથા નૂતનમંદિરનિર્માણ વગેરે દેવદ્રવ્ય ખાતામાં જ જાય અને આજ સુધી તેવી જ સુવિહિત પરંપરા હતી.

ગુરુમૂર્તિ આદિની પ્રષ્ઠિા વગેરેના ચઢાવા વગેરે દ્વારા લાભ લેવાય છે તે ગુરુપૂજનરૂપ હોવાથી અને ગુરુભક્તિ નિમિત્તે હોવાથી ચઢાવા આદિમાં આવેલા દ્રવ્ય દેવદ્રવ્યખાતામાં જાય. આ વાત ઉપરોકત એમના કથનથી નિશ્ચત થાય છે માટે ઉપરોકત પોતાના કથનને આ. પ્ર.શ્રી કીર્તિયશ સૂ.મ. અનુસરે તેમ જ અન્ય મહાનુભાવો અનુસરે તો બધું જ સમું સૂતર થઈ જાય. બધો જ વિવાદ મટી જાય.

શાસનદેવ સહુને સદ્‌બુદ્ધિ આપે–એ જ એક શુભેચ્છા.

–લે. આ. વિચક્ષણ સૂ.

સામાયિકરકુરણ

તિથિના સિદ્ધાંતની ઉપેક્ષા કેમ થાય છે ?

આ વર્ષે (વિ.સં. ૨૦૫૯માં) કારતક સુદ–૧૫ ની વૃધ્ધિ હતી. પહેલી પૂનમે ચાતુર્માસ પરિવર્તન અને બીજી પૂનમે કા.સુ. ૧૫ની આરાધના કરવાની શાસ્ત્રીય આજ્ઞાનુસાર આપણા શાસનપક્ષે આરાધના કરી. 'એકતિથિ' તરીકે ઓળખાતા પક્ષે પોતાની અશાસ્ત્રીય માન્યતા મુજબ બે પૂનમને બદલે બે તેરસ કરી. પહેલી પૂનમે ચોમાસી અને બીજી પૂનમે ચાતુર્માસ પરિવર્તન વિગેરે કર્યા. આવા મહત્વના તિથિભેદના પ્રસંગે બંન્ને પક્ષ પોતાની માન્યતા આતરણા સ્પષ્ટ રીતે જણાવતા હોય છે. પણ 'ધર્મદૂત' (વર્ષ ૨૯, અંક ૯, માગશર–૨૦૫૯)ના અંકમાં છેલ્લે પાને આપેલા સમાચાર આ અંગે વિચારણીય છે. પૂ. આચાર્યશ્રીએ પ્રથમ પૂનમે ચાતુર્માસ પરિવર્તન અને દ્વિતીય પૂનમે પૂનમ નિયત આરાધના કરી – કરાવી હોય એમ લાગે છે, પણ બે પૂનમનો કયાંય ઉલ્લેખ ન આવે તેની કાળજી રાખી છે. સામાન્ય વાચકને પૂનમ બે હોવાનો અને ચાતુર્માસ પરિવર્તન પહેલી પૂનમે અને પટ જુહારવાનું વગેરે બીજી પૂનમે થયાનો ખ્યાલ જ ન આવે તેવી અસ્પષ્ટતા હેતુપૂર્વક રખાઈ હોય એમ લાગ છે. બંન્ને પક્ષને રાજી રાખવાની આ ખોટી રીત શાસ્ત્રીય સત્યનો અપલાપ કરનારી છે. તિથિસત્યના વિષયમાં પહેલેથી જ શિથિલ માન્યતા ધરાવતી પરંપરામાંથી આવતા આચાર્યશ્રી માટે આવી અશિથિલતા જો કે સ્વાભાવિક ગણાય. અગાઉ ફા. સુ. ૧૩ની યાત્રા જુદા જુદા દિવસે આવેલી ત્યારેય આ આચાર્યશ્રીએ સાચી તેરસ કઈ એ પ્રશ્નને યાત્રામાં થતી અવિધિને આગળ કરી અવળે પાટે ચઢાવી દીધેલો અને બંન્ને પક્ષને (આખા સંઘને) વિરાધક ગણાવી દીધેલા . આપણી તેરસ જ સાચી હતી. એ જાહેર કરવામાં આચાર્યશ્રીને ઘણી વાર લાગેલી. 'ધર્મદૂત'ના આજ (માગશર –૨૦૫૯ના અંકમાં પ્રશ્નોતર સુધામાંનો બીજો પ્રશ્નોતર પણ વિચારવા જેવો છે. એમાં આ આચાર્યશ્રી ડોળી અને વ્હીલ ચેરના દોષને લગભગ સમાન ગણાવી રહયા છે. ડોળીના દોષની ભયંકરતાને સમજાવતાં સમજાવતાં, વ્હીલ ચેરની ભયંકરતાને લગભગ ભૂલાવી દેવાનો – ઢાંકી દેવાનો – પ્રયત્ન એ પ્રશ્નોત્તરમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. આપવાદિક માર્ગ અને ઉન્માર્ગ વચ્ચેના વિચાર–વિવેક વગરના આવાં સમાધાન આપનાર આચાર્યશ્રીની ગીતાર્થતા માટે શંકા જાગે છે. આ વિષયમાં આથીય વધુ ચિંતાજનક બીજી એક વાત જોઈએ. સ્વ. પુજયપાદ આ. શ્રી વિ. રામચંદ્ર સુરીશ્વરજી મહારાજાના એક પ્રભાવક શિષ્યરત્નની નિશ્રામાં પાલતાણા (સાંડેરાવ ભવન) ખાત. હમાણાં નવાણું યાત્રાની આરાધના થઈ રહી છે. તેની આમંત્રણપત્રિકામાં યાત્રા પ્રારંભ માગશર સુદ–૧૫ ગુરુવારે અને યાત્રાની પૂર્ણાહુતિ મહા સુદ–૧૫ ના રવિવારે જણાવવામાં આવેલ છે. આ વર્ષે મહા સુદ–૧૫નો ક્ષય છે. તેથી રવિવારે મહા સુદ– ૧૪ / ૧૫ છે. એકતિથિપક્ષ તેની કલ્પિત પરંપરા મુજબ તેરસનો ક્ષય કરી શનિવારે મ. સુ. ૧૪ અને રવિવારે મહા સુદ પૂનમ લખે તે સમજી શકાય છે, પણ આપણા પક્ષના પ્રભાવક મહાત્મા પણ રવિવારે ૧૪/૧૫ને બદલે માત્ર પૂનમ લખે ત્યારે આઘાત થાય છે. *

પ્રવાસી પહોંચે અને ભોમીયા ભૂલા પડે ?

તાજેતરમાં મલાડમાં પૂ. પાદ. આ. મા. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની દીક્ષાતિથિની ઉજવણી થઈ તે માટે રાજેશ પાર્કથી પૂ. મુ.શ્રી પૂણ્યકીર્તિવિજયજી મ., પ.મુ.શ્રી દિવ્યકીર્તિવિજયજી મ. આદી તથા પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિજયજી મ. આદિ મલાડ રામલીલા મેદાનમાં ઉપર હોલમાં ગુણાનુવાદ આદિ સારો કાર્યક્રમ થયો.

પૂજયપાદશ્રીજીના ફોટાની નવાંગી ગુરુપૂજનની ઉછામણી થઈ અને શેઠ પ્રાણલાલ છગનલાલ આદિએ બોલી બોલી નવાંગે ગુરુપૂજન કરી. ધન્યતા અનુભવતા આ બોલીની રકમ દેવ દ્રવ્યમાં લઈ જવામાં આવી. શ્રી પ્રાણલાલ ભાઈ એ કહયું સિદ્ધાંત નાસ ન થવો જોઈએ એ ઉત્તમ છે આતો પ્રવાસી માર્ગે જાય અને ભોમીયા ભૂલા પડે તેવું છે ને ?

હાલમાં મરેલા અને જીવતા ગુરુના ભેદ કરીને અમાન્ય અને વિવાદસ્પદ બનેલી પુસ્તિકામાં પૂ. મુ.શ્રી હિતપ્રજ્ઞવિજયજી મ. એ મરેલા ગુરુની પૂજાનું દ્રવ્ય સ્મારકમાં જાય અને જીવતા ગુરુની પૂજાનું દ્રવ્ય દેવદ્રવ્યમાં લઈ જવાની સિદ્ધાંત વિરુદ્ધની વાત લખી છે.

અને બાવો નાચે ત્યારે બાવી નાચે એમ રસ્તા ઉપર રામલીલા બોલનારા કરે છે એ રીતે આ સિદ્ધાંત વિરુદ્ધની વાતને એક ટ્રસ્ટના બંધારણમાં લઈને શ્રી કાંતિલાલ બાબુલાલ ભાઈએ ટ્રસ્ટ બનાવ્યુ છે. જે પૂ. પાદ રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિના માર્ગદર્શનથી બનેલા ટ્રસ્ટ કરતાં જુદુ છે.

આ પણ એવુ જ છે ને ? પ્રવાસી માર્ગે જાય અને ભોમીયા ભૂલા પડે ?

કોથળામાં પાંચશેરી કયાં સુધી કુટશો ? જેમ જેમ ખબર પડે છે તેમ તેમ ગુરુ પૂજન, ગુરુફોટાનું પૂજન ગુરુમૂર્તિનું પૂજન વિ. કરનારાઓ તે બોલી દેવદ્રવ્યમાં લઈ જાય છે. મરેલા જીવતા ગુરુની ઉપરની વાતોથી વિચારમાં પડી જાય છે ? ભોમીયા કેમ ભૂલા પડે છે ?

(શ્રી વિમલનાથ ચરિત્ર' માંથી શ્રી સૂરસેન રાજાની ભાવના)

" જેવી રીતે આ મેઘમંડલ નાશવંત છે, તેવી રીતે દ્રવ્ય, શરીર અને સ્ત્રી આદિ બધું નાશવંત છે. મારી નગરી હરિશ્ચંદ્રની નગરીની જેમ ચાલી જવાની છે. મારા સ્વજનો નાટકમાં લાવવામાં આવેલા અનેક રૂપી પાત્રોના જેવા છે. મારું કટક–સૈન્ય કાંટાવાલા સ્થાનના જેવું છે. મારું મંદિર યમરાજના મંદિરના જેવું ભયંકર છે. આ ક્ષિતિ–પૃથ્વી ક્ષતિ–ક્ષય–પામવાના જેવી છે. આ કમલા–લક્ષ્મી, કમળમાંથી ઉત્પન્ન થયેલી છે અને કમળને આશ્રિત છે તો તે કમળમાં પણ સ્થિર રહેતી નથી તો બીજે કયાં અલંકૃત થઈ સ્થિર થઈને રહે ? કામના આરામ વડે સુંદર એવી તે સ્ત્રી તો કામને જ અનુસરનારી છે, નહિ તો તે કામ–ઈચ્છાઓમાં જ આરામ કરનારી થાય છે. તેથી સ્ત્રીની પકકડ મુશ્કેલીથી છોડી શકાય તેવી છે. સંપત્તિઓનો અને સ્ત્રીઓનો ત્યાગ કરવો સારો છે. વળી આ પૃથ્વી ઉપર જે ભોગ છે, તે ભોગના–સર્પની ફણા–જેવા જ છે, તેનાથી સ્પર્શ થયેલો પુરૂષ પોતે શિષ્ટ હોય તો પણ તે કષ્ટને જ પામે છે. જેઓ આ લોકમાં યુદ્ધ કરીને શત્રુઓનો નિગ્રહ કરે છે, તેઓએ બીજાઓના સાર મેળવ્યો પણ તેમના પ્રધાન પુરૂષ –ધર્મ રૂપી પુરૂષાર્થનો ક્ષય થાય છે. તો મને સદ્‌ગુરૂની પ્રાપ્તિ થાય તો આ રાજયનો ત્યાગ કરી સમ્યક્ પ્રકારે સંયમનો આશ્રય કરું."

પૂ. વિમલકાંતશ્રીજી મ.સા.ના ગુણાનુવાદ વખતે ગવાયેલ ગીત

ગુણ ગાતા ગિરુઆ તણા રે લોલ, ગુણ આવે નિજ અંગ રે;
અનંત-ઉપકારિ ગુરુરાજ છે રે લોલ, તરવા ભવોદધિ જહાજ રે.....ગુરુજીની જોડ જગે નહિ જડે રે...૧
દિપચંદભાઇ કૂળે દીપીયા રે લોલ, જશવંતી બ્હેન કૂખે આય રે;
'વિમલા બ્હેન' નામને ધર્યા રે લોલ, વર્ષ ચૌદે વર્યા મનસુખભાઇ રે.....ગુરુજીની...૨
વર્ષ ચોવીશે વ્રત ચોથુ લહ્યું રે લોલ, જીવન કરવા વિમલ નિરધાર રે;
વાણી સુણી ગુરુ રામની રે લોલ, લઇ પ્રેમસૂરિની આશિષ રે.....ગુરુજીની...૩
ત્યાગ વિરાગ મિત્રાનંદ મન ભર્યા રે લોલ, લાગે સંસાર કારાવાસ રે;
લહી અનુમતિ સ્વજન વર્ગની રે લોલ, મીટ માંડી છે મોક્ષને માર્ગ રે.....ગુરુજીની...૪
'છ' વર્ષનું બાળ મહેન્દ્ર મૂકી રે લોલ, જેના જતન સોપ્યા જયાબ્હેનને રે;
ધીરૂભાઇએ ધીરતા પૂરી પાડી રે લોલ, નિશ્ચિત રહેજો એ મારૂ બાળ રે.....ગુરુજીની...૫
બાવચંદભાઇએ ઓત્સવ મંડાવીઆ રે લોલ, સગા સ્નેહી સર્વને લહી સાથ રે;
ભવ્ય એ દીક્ષા તણા મંડાણ કરે રે લોલ, વધતો છે ઉલ્લાસ ઉમંગ રે.....ગુરુજીની...૬
સંવત બે હજાર અગ્યાર સાલે રે લોલ, સુદી જેઠ પંચમી શુભ વરતાય રે;
આદિજીન ચૈત્ય ભાયખાલા સ્થળે રે લોલ, જ્હા દીક્ષા કેરા મંડપ મંડાય રે.....ગુરુજીની...૭
અધ્યાત્મ યોગિ પંન્યાસ ભદ્રંકરજી રે લોલ, આરાધક નવકારના અજોડ રે;
કરે વાસ નિક્ષેપ દીક્ષા તણો રે લોલ, દિયે શિક્ષા ભવસેતુ **જીનઆણ** રે.....ગુરુજીની...૮
છોડી માતા એક ને હવે આઠ છે રે લોલ, કરજો તેની સદા સંભાળ રે;
ગુરુજીની શીખ હૈયે ધરી રે લોલ, આદરે આજીવન અંતિમ શ્વાસ રે.....ગુરુજીની...૯
નામ કામ હતા વિમલ બાલ્યથી રે લોલ, સ્વભાવે રક્ષતા સહેજે વિમલભાવ રે;
કરવા આતમ પણ વિમલ ભણી રે લોલ, ધરે પૂજ્ય પણ 'વિમલકીર્તિશ્રીજી' નામ રે...ગુરુજીની...૧૦
પુત્ર 'પ્રવિણને' દીક્ષા દીધી રે લોલ, લઘુબાળનો તજ્યો જેણે મોહ રે;
નાની ઉંમરે સજોડે દીક્ષા ગ્રહે રે લોલ, થાય શાસન પ્રભાવના વૃદ્ધિવંત રે.....ગુરુજીની...૧૧
ગ્રહી સાથ મનસુખભાઇ તણો રે લોલ, થયા દીક્ષીત 'મહાબલવિજયજી' સાથ રે;
પુત્ર 'પ્રવિણ' ને આગળ કરી રે લોલ, નામે 'પુણ્યપાળ' કહેવાય રે.....ગુરુજીની...૧૨
વર્ષ ઓગણત્રીસે વીરાંગના રે લોલ, મોક્ષ 'લક્ષ્મી-જયા' ના વારસદાર રી;
'ભદ્રપૂર્ણા' પ્રકૃતી ગ્રહી સાથમા રી લોલ, શીષ સોંપ્યુ 'નિરંજના' ગુરુ પાય રે.....ગુરુજીની...૧૩
'પુણ્યપ્રભા' વધી વેશ આર્યા તણે રે લોલ, ગુરુ બ્હેન સ્થાને થયા જેહ રે;
કરે સંયમ સહાય આજીવન લગે રે લોલ, મોકલે અંતે સમાધિ પ્રેરક પત્રો રે.....ગુરુજીની...૧૪
જ્ઞાન-દર્શન-ચારિત્ર નીરે રે લોલ, કર્યા છે કર્મ મલ સ્નાન રે;
તપ-જપ-ભક્તિ દુકુલ ધર્યા રે લોલ, ધર્યા શણગાર પ્રશમ અલંકાર રે.....ગુરુજીની...૧૫
શમ-દમ-ગુણ સુરંગે ભર્યા રે લોલ, આચાર વિશુદ્ધિ અપાર રે;

સમતા-સમર્પણ-સહિષ્ણુતા રે લોલ, જે રહ્યા સદા શ્વાસો શ્વાસ રે.....ગુરુજીની...૧૬
વર્ધમાનતપ-વર્ષીતપને વળી રે લોલ, માસખમણ-સિદ્ધિતપ આરાધાય રે;
નવ્વાણુ યાત્રા હ્રય કરી રે લોલ, છઠ્ઠ કરી યાત્રા સાત-સાત રે.....ગુરુજીની...૧૭
વર્ષીતપ પારણે અઠ્ઠાઇ ભલી રે લોલ, માંહી કરે ચત્તારિ-અઠ્ઠ-દશ દોયરે;
'સિદ્ધિસૂરિજી' મુખે પચ્ચક્ખાણ બળે રે લોલ, પારણે પણ નિશ્રા તે જ રે.....ગુરુજીની...૧૮
વિવિધ આરાધના કરતા થકા રે લોલ, વર્ષ પંચોતેરને માસ ચાર રે;
શહેર સૂરત-ગોપીપુરા-સુભાષચોક છે રે લોલ, જિહા 'મેપાણી' આરાધનાભુવન કહેવાય રે.ગુરુજીની..૧૯
આસો વદિની ભદ્રા બીજ તીથી રે લોલ, બંને સૂરિજીની હતી છાય રે;
સંઘચતુર્વિધ શ્રી મુખે રે લોલ, સુણતા નવકાર મંત્ર એક તાન રે.....ગુરુજીની...૨૦
વાર ગુરુને સાંજની ઘડી રે લોલ, મુહૂર્ત ગોધૂલિકા વખણાય રે;
કલાક ઓગણીસ તેત્રીસ સમે રે લોલ, લીધી પાર્થિવ દેહથી વિદાય રે.....ગુરુજીની...૨૧
રડતા મૂકી આશ્રિત આર્યા સવિ રે લોલલ જેણે લીધી છે સ્વર્ગભણી વાટ રે;
આલંબન આપ્યું અંતિમ શ્વાસ સુધી રે લોલ, ઝીલતા આવડે જો દૃષ્ટિમાર્ગ રે.....ગુરુજીની...૨૨
પંચ ઉપર ચતુર આર્યા ઉધ્ધરી રે લોલ, જેમા ભત્રીજી, દીકરી, બ્હેન રે;
ગ્રહણ આસેવ શિક્ષા આપતા રે લોલ, હૈયે વાત્સલ્ય ધરી અપાર રે.....ગુરુજીની...૨૩
આશિષ યાચે આર્યા મળી રે લોલ, કરજો આશ્રિતને ગુણધામ રે;
ધરીને દિન-રાત તુમ ગુણ ધ્યાનને રે લોલ, પામીએ જો અંતે સમાધિ ભાવ રે.....ગુરુજીની...૨૪
હૈયુ ન ઓળખ્યું આપનું રે લોલ, સુણ્યા ન આપના બોલ રે;
ગુરુવર આપને ન પરખીયા રે લોલ, આપ તો હતા અણમોલ રે.....ગુરુજીની...૨૫
કીધી ન સેવા આપની રે લોલ, દીધો ન આપને સંતોષ રે;
એ અપરાધ સૌ અમતણો રે લોલ, ખમજો ગુરુજી ધરી તોષ રે.....ગુરુજીની...૨૬
ઘડી ઘડી પળ પળ આપના રે લોલ, સાંભરે છે હિત-શિખ બોલ રે;
આશિષ દેજો દેવલોકથી રે લોલ, 'વિમલકીર્તિશ્રીજી' ગુરુરાજ રે.....ગુરુજીની...૨૭
હસતા સહેવુ સહેતા હસવું રે લોલ, એ ગુણ તુજ ન ભૂલાય રે;
પાયે પડી કરુ યાચના રે લોલ, એ ગુણ દેજો કૃપાળ રે.....ગુરુજીની...૨૮
એકવાર દર્શન સ્વર્ગથી રે લોલ, આપો આપો ગુરુજી દયાળ રે;
અશ્રુનીતરતી આંખથી રે લોલ, વિનવે સૌ આશ્રિત બાળ રે.....ગુરુજીની...૨૯
આદર્શ આપના હૈયે ધરી રે લોલ, જીવાય જો શેષ જીવન રે;
શિષ્યા તો જ **'તપોરત્ના'** હોય સહી રે લોલ, ફરી મળાય તો જ મોક્ષવાટ રે.....ગુરુજીની...૩૦
અવધિ નાણે કરી નિરખજો રે લોલ, સંદેશો સદા ધરો દિલ રે;
કરજો મહેર નજર ભવોભવ સુધી રે લોલ, મોક્ષવાસ હો જો સહુ સાથ રે.....ગુરુજીની...૩૧

વસુદેવ હિંડ ચરિત્ર અંતર્ગત મદનવેગા લંભક

રત્નાયુધ રાજાને રત્નમાળા દેવી શ્રાવક ધર્મ પાળી અચ્યુત દેવલોકે દેવ થયા. ત્યાંથી ચ્યવી બન્ને વિતિભયને વિભીષણ નામે બળદેવને વાસુદેવ થયા. વિભીષણ વાસુદેવ કામ ભોગનો ત્યાગ નહિ કરવાથી બીજી નરકે ગયો. બળદેવ સંયમ લઈ તપતપી છઠે દેવલોકે ગયો. વિભીષણ બીજી નરકમાંથી નીકળી જંબુદ્વીપના ઐરવતમાં અયોધ્યાનગરીના શ્રી ધર્મરાજાની સુસીમાંદેવીથી શ્રીદામ નામે કુમાર થયો. તે અનંતજિત અરિહંત પાસે દીક્ષા લઈ સંયમ પાળી પાંચમે દેવલોકે ગયો. અતિકષ્ટ સાતમી નરકમાંથી નીકળી ઘણા તિર્યંચના ભવ કરી તાપસની ભાર્યા નટીની કુક્ષીમાં મૃગશૃગ નામે પુત્ર થયો. તે ભવમાં તપ કરી નિયાણું બાંધી વિદ્યુદષ્ટ થયો છે. વજ્રયુધદેવ સર્વાર્થસિદ્ધથી ચ્યવી સંજય રાજાની સત્યશ્રીદેવીનો સંજયંત નામે પુત્ર થયો. શ્રીદામ પાંચમા દેવલોકથી ચ્યવી સંજયંતનો ભાઈ જયંત નામે થયો. જાતિ સ્મરણ પામી સંજયંત તથા જયંતે દીક્ષા લીધી. સંજયંત મુનિ જિનકલ્પ સ્વિકારી પ્રતિમા ધ્યાને રહ્યા હતા. તેમને વિદ્યુદષ્ટે અહિ લાવી ઉપસર્ગ કર્યો. મને કેવળ જ્ઞાન થયું અને જયંત શીથીલાચારી બની ચારિત્ર વિરોધી ધરણેન્દ્ર થયો.

તેને મને જોઈ તમોને વધ કરતા અટકાવ્યા ને ઉપસર્ગનું નિવારણ કર્યું. પછી વિદ્યાધરોના પુછવાથી કેવળી ભગવાને કહ્યું કે આ અવસર પીણી કાળમાં બાર તીર્થંકરો થઈ ગયા અને વિમળનાથ વગેરે બાર તીર્થંકરો હવે થશે. તે વખતે ધરણેન્દ્ર તથા બળદેવનો જીવ ચંદ્રાભદેવે પુછ્યું કે 'અમારૂં શું થશે.' કેવળીએ કહ્યું કે તમો મથુરા નગરીમાં મેરૂમાલી રાજાના મંદર અને સુમેરૂ નામે પુત્રો થશો. મેરૂમાલી રાજા તમોને રાજ્ય આપી. વિમળનાથ સ્વામી પાસે દીક્ષા લઈ તેમના ગણધર થશે. કેટલોક કાળે તમો રાજ્ય છોડી દીક્ષા લઈ તપ કરી સમેત શીખર પર્વત પર અનશન કરી મોક્ષે જશો. તે પછી તરત જ સંજયંત કેવળી પણ અઘાતીયાં કર્મ ખપાવી નિર્વાણ પામ્યા. પછી વિદ્યાધરો ધરણેન્દ્રને પગે પડી વિદ્યાઓ પાછી આપવા કહ્યું. ધરણેન્દ્રે વિદ્યાઓ આપી કહ્યું કે જિનગૃહમાં સાધુનો અથવા પતિ પત્નિ મિથુનનો અપરાધ કરશો તો વિદ્યાથી ભ્રષ્ટ થશો. આ વિદ્યુદષ્ટના વંશમાં પુરૂષોને મહાવિદ્યાઓ સિદ્ધ થશે નહિ, સ્ત્રીઓને પણ દુ:ખ પૂર્વક સાધી શકાય તેવી ઉપસર્ગવાળી વિદ્યાઓ પણ મહાપુરૂષના દર્શનથી સિદ્ધ થશે.

આ સંજયંતની પાદુકા છે, અને પાંચ નદીના સંગમ પર આવેલ આશિમનગ પર્વત તે કાળથી અમારી વિદ્યા આ સિમનગ સાધનની ભૂમિ છે. વિદ્યુદષ્ટના વંશમાં સેંકડો રાજાઓ થઈ ગયા પછી અરૂણચંદ્ર રાજા થયો. તેની મેનકાદેવીની હું બાલચંદ્રા નામે પુત્રી છું પૂર્વે પણ મારી જેમ કેતુમતીને પુરૂષોતમ વાસુદેવ નાગપાશથી છોડાવી હતી તે તેને વરી હતી. તેમ હું પણ માતા પિતાની આજ્ઞાપૂર્વક આપને વરીશ. માટે આપ આજ્ઞા કરો આપને શું આપું ? વસુદેવે કહ્યું કે "તારી બે વિદ્યાઓ વેગવતીને આપ. તથાસ્તુ કહી બન્ને ગયા. હવે વસુદેવ પોતાનું વૃતાંત આગળ ચલાવતાં કહે છે કે હું ત્યાંથી દક્ષિણ દીશા તરફ ચાલ્યો ની એક આશ્રમપદમાં આવ્યો. ઋષીઓએ મને કહ્યું કે શ્રાવસ્તી નગરીમાં એણી પુત્ર રાજાને પ્રિયંગુ સુંદરી નામે પુત્રી છે. તેનો સ્વયંવર રચાતાં કોઈ પણ તેને રૂચ્યો નહિ. રાજાઓને અપમાન થતું જાણી એણીપુત્ર સાથે લડવા લાગ્યા. અમો તેનાથી હારીને પાંચસો જણા તાપસો બની ગયા હવે તમો સાચા ધર્મનો

ઉપદેશ આપ્યો. પછી મેં જિનમતનો ઉપદેશ આપ્યો. તેઓએ ભાવથી અંગીકાર કર્યો. હું ત્યાંથી શ્રાવસ્તી નગરીમાં ગયો. ત્યાં એકસો આઠ સ્થંભવાળો મંડપ જોયો, તેમાં ત્રણ પગવાળા મહિષને જોઈ પાસે ઉભેલા ઈન્દ્રશર્મા બ્રાહ્મણને પુછતાં તેને કહ્યું કે 'પૂર્વે અહિં જિતશત્રુ રાજાને કીર્તિમતી રાણીથી મૃગધ્વજ નામે કુમાર હતો. તે વખતે કૃણાલા નગરીમાં કામદેવશ્રેષ્ટિ રહેતો હતો. તે એક વખત પોતાના ગોકુળમાં આવ્યો. ત્યાં દંડક ગોવાળે એક ભદ્રક પાડો બતાવ્યો. તેને વિનીત જાણી શેઠ પોતાના નગરમાં લઈ ગયો. અને એક વખત રાજ દરબારે લઈ જઈ રાજાને કહ્યું કે આ ભદ્રકમહિષ આપની પાસે અભય માગે છે. રાજાએ તેને નગરમાં સુખે વિચરવાની આજ્ઞા આપી. એક વખત મૃગધ્વજકુમારે તેને જોયો. પૂર્વભવના વૈરથી કુમારે તેના પગમાં ઘા કર્યો માણસોએ કુમારને કહ્યું કે, રાજાએ તેને અભય આપેલ છે, માટે તેને તમો દુઃખ આપો નહિ. પાડો ત્રણ પગે ચાલીને અનાથ સ્થંભ આગળ ન્યાય લેવા ઉભો રહ્યો. રાજાએ કુમારને અપરાધી જાણી તેનો વધ કરવા આજ્ઞા કરી મંત્રીએ કહ્યું કે દેવી કુમારને છેલ્લી વખતે મળવા ઈચ્છે છે રાજાએ કહ્યું ભલે ? પણ જલ્દી પાછો લાવજો, પછી મંત્રીએ મૃગધ્વજકુમારને નરકનું સ્વરૂપ સમજાવ્યું. મંત્રીના ઉપદેશથી તેને દીક્ષા લીધી. પછી રાજા પાસે લઈ જવામાં આવ્યો. મંત્રીએ રાજાને કહ્યું કે "શ્રમન વધ્ય કે અવધ્ય ? પુત્રને જોઈ રાજાએ પુત્રને રાજ્ય આપવા ઘણું કહ્યું પણ પણ કુમારે માન્યું નહિ. તેથી અણગાર સીમંધર પાસે લઈ જઈ મહામહોત્સવપૂર્વક દીક્ષા અપાવી અને ભદ્રક મહિષને પણ ઉપદેશ આપી અનશન કરાવ્યું કામદેવ શેઠે તેની ઘણી સારવાર કરી. છેવટે ભદ્રક મહિષ અઢારમાં દિવસે કાળધર્મ પામ્યો. મૃગધ્વજમુનિ કર્મ ખપાવી કેવળી થયા જિતશત્રુ રાજા તેને વંદન કરવા ગયો. કેવળીએ દેશના આપી. રાજાના કહેવાથી કેવળીએ પોતાનો તથા મહિષનો વૈરાનુબંધ પૂર્વભવનો સંબંધ નીચે મુજબ કહી સંભળાવ્યો.

પૂર્વે અશ્વગ્રીવ નામે પ્રતિ વાસુદેવને હરિશ્મશ્રુ નામે અમાત્ય હતો. તે નાસ્તીક મતનું નિરૂપણ કરી રાજાને ધર્મથી વિમુખ બનાવતો હતો. ત્રિપૃષ્ટ વાસુદેવ સાથેની લડાઈમાં અશ્વગ્રીવ તથા હરિસ્મશ્રુ મરીને સાતમી નરકે ગયા. ત્યાં તેઓ પરસ્પર લડતા હતા. દર્શન મોહનીય કર્મના સંચયથી હરિસ્મશ્રુ સાતમી નરકમાંથી નીકળી ઘણા તિર્યંચ અને નરકના ભવો કરી કામદેવના ગોકુળમાં પાડો થયો. દંડક ગોવે માંસની ઈચ્છાથી તેને મારી નાખ્યો. તે ફરી ફરીને સાત વખત પાડો થયો. આઠમા જન્મમાં તે દંડકને પગે લાગ્યો. ત્યાં આવેલા સાધુને પુછતાં અવધિજ્ઞાની સાધુએ દંડકને કહ્યું કે તેં એનો સાત વખત વધ કર્યો છે. તેથી મરણથી ડરતો તને પગે લાગે છે. ગુરૂના ઉપદેશથી દંડકે તેને અભય આપ્યું. ત્યારથી તે ભદ્રક મહિષ સૌને દયાનું સ્થાનક બન્યો. પ્રધાને તેને ધર્મ પમાડ્યો. જન્માંતરના વૈરભાવથી મેં તેના પર ઘા કર્યો હતો.

હવે તે સમ્યક્ત્વ પામી લોહીતાક્ષદેવ થયો છે. હું અશ્વગ્રીવ સાતમી નરકમાંથી નીકળી ઘણા ભવ ભમી મૃગધ્વજ થયો. પ્રધાનના ઉપદેશથી મેં દીક્ષા લીધી. આજે હું કેવળી બન્યો છું. એ વખતે ત્યાં આવેલા લોહીતાક્ષ દેવ મને ખમાવી પગે લાગ્યો. તેને કામદેવને વિપુલ ધન આપ્યું અને કહ્યું કે ભગવાન મૃગધ્વજનું મંદિર બનાવો અને મારી ત્રણ પગવાળી મૂર્તિ બનાવી. તે મંદિરમાં સ્થાપન કરો. તે મુજબ કામદેવે કર્યું. જિતશત્રુ રાજા તથા પ્રધાને પણ દીક્ષા લીધી. મૃગધ્વજ કેવળી મોક્ષે ગયા. જિતશત્રુના વંશમાં આઠમી પેઢીએ એણીપુત્ર રાજા થયો અને કામદેવ શેઠના વંશમાં બીજે કામદેવ શેઠ થયો. તેની બંધુમતી નામે કન્યા સર્વ કલા નિપુણ છે. ઘણા પુરૂષો તેની માંગણી કરે છે. પણ તે કોઈને આપતો નથી. આ મંદિરમાં તેના પિતામહ કામદેવની મૂર્તિ છે. તે જેને આદેશ કરશે તેને પુત્રી આપશે. હમણાં જ

કામદેવ શેઠ પુત્રી માટે વરની ઇચ્છા કરતો આવીને આ મંદિરનું બત્રીશ કળવાળું તાળું ઉઘાડશે. એમ કહી બ્રાહ્મણ ગયો.

મેં કુતુહળથી તાળોધ્ધાટીની વિદ્યાથી તાળું ઉઘાડ્યું અંદર જતાં દ્વાર બંધ થઈ ગયું. મેં સિદ્ધ પ્રતિમાના દર્શન કર્યા બહાર કોલાહલ સાંભળી હું કામદેવની પ્રતિમાની પાછળ ઉભો રહ્યો. દ્વાર ઉઘાડ્યું. કામદેવ શેઠ પ્રતિમા આગળ ઉભા રહી કહ્યું કે બંધુમતીને વર આપો. અથવા બતાવો. મેં જમણો હાથ લાંબો કર્યો. તેણે મારો હાથ પકડી દેવે બંધુમતીને વર આપ્યો એમ કહી બહાર નીકળ્યો. મને વાહનમાં બેસાડ્યો ઘેર લાવી લગ્ન વિધિ કરી બંધુમતી સાથે મને પરણાવ્યો. તે રાત્રી બંધુમતી સાથે ગાળી. સવારે કામદેવની ઇચ્છાથી અમો બન્ને રાજમહેલમાં ગયાં રાજાએ અમારૂં સ્વાગત કર્યું. પછી અમો ઘેર આવી સુખપૂર્વક રહેવા લાગ્યાં. એક દિવસ પ્રિયંગુસુંદરીએ મારી પાસે નર્તકીઓને મોકલી તેઓએ બંધુમતીને કહ્યું કે 'પ્રિયંગુ સુંદરી તને મળવાને આતુર છે. એક પ્રિય મળ્યા એટલે બીજું પ્રિય છોડી દેવાય. બંધુમતીઓ પ્રિયંગુ સુંદરીને મળવા માટે જવાની મારી પાસે રજા માંગી. મેં આપી. તે પ્રિયંગુ સુંદરીને મળીને આવી. પછી તે બધો વૃતાંત કહેવા લાગી. તેણીએ કહ્યું કે 'હું પ્રિયંગુ સુંદરી પાસે ગઈ ત્યાં બે સાધ્વીજીઓને જોઈ વંદન કરી તેમની પાસે બેસી કહ્યું આપે દીક્ષા કેમ લીધી ? તેઓએ પોતાનું વૃતાંત જે કહ્યું તે તમે બરાબર સાંભળો.

સાકેત નગરની બાજુમાં રમણીય નામે ગામ છે. તેમાં માઠર નામે ગૃહપતિને શુદ્ધોદની ભાર્યાથી નાગશ્રી નામે પુત્રી થઇ તથા નાગીલ નામે ગૃહપતિને નાગદત્તા સ્ત્રીથી વિષ્ણુશ્રી નામે પુત્રી થઈ. આ અમારો બન્નેનો ત્રીજો ભવ છે. અમો બન્નેના ખેતરો નજીક હોવાથી સાથે ફરતાં એકવાર અશિતગિરિ પર્વત પર દેવોદ્યોત જોઈ ત્યાં જોવા ગયાં તો મુનિને કેવળ જ્ઞાન થએલ તેનો દેવોએ મહોત્સવ કર્યો હતો. અમારા ગામના સ્વામી દેવદત્તે કેવળીને વંદન કરી કહ્યું કે 'તમો પ્રથમ સાકેત નગરના સ્વામી હતા. હવે ત્રૈલોક્યના સ્વામી થયા છો ? હે ભગવન ! આદિત્ય, સોમવીર્ય, શત્રુત્તમ ને શત્રુદમન રાજર્ષીઓને એકબીજામાં અત્યંત અનુરાગ શાથી હતો. તેઓએ કહ્યું કે 'હે દેવદત્ત ! સોપારક નગરમાં કાશ્યપ નામે બ્રાહ્મણને રેવતી નામે સ્ત્રીને શર્મા નામે પુત્ર તથા શ્યામલોમા નામે પુત્રવધુ હતી. તેઓએ માસોપવાસી મુનિને ભાવથી વહોરાવ્યું. પંચ દીવ્ય પ્રગટ થયાં. મનુષ્યનું આયુ બાંધી મરીને ઉત્તરકુરૂમાં યુગલીક થયાં. પુત્રને માતાનું યુગલ થયું અને સસરાને પુત્રવધુનું યુગલ થયું. ત્યાંથી મરી સૌ ધર્મ દેવલોકે દેવ થયાં.

ત્યાંથી અવી ત્રણ જણ વિજયપુરમાં અને એક મથુરામાં ઉત્પન્ન કાશ્યપ અર્હદાસ સાર્થવાહ થયો. શર્મા તેનો પુત્ર જિનદાસ થયો. રેવતી રાજપુત્રી પુષ્પદંતા થઈ. શ્યામલોમા મથુરા નગરીમાં સૂરદેવ નામે રાજા થયો. પુષ્પદંતાને જોઈ જિનદાસને રાગ થતાં પિતાને કહ્યું કે 'પુષ્પદંતાની મારા માટે રાજા પાસે માંગણી કરો. પુષ્પકેતુ રાજાએ ના પાડવાથી જિનદાસને પુષ્પદંતા ઘોડા પર બેસી નાસી ગયાં. અટવીમાં સરોવર જોઈ વૃક્ષની નીચે પુષ્પદંતાને બેસાડી અશ્વને સરોવરની પાળે ઉભો રાખી તે પાણી પીવા ઉતર્યો. તે વખતે વાઘે તેને પકડ્યો. અશ્વ વૃક્ષ પાસે નાસી ગયો. પુષ્પદંતાએ સરોવર આગળ તપાસ કરતાં જિનદાસનું વાઘે ફાડી ખાધેલું શરીર જોયું. અશ્વ પણ ત્યાં જ મૃત્યું પામ્યો.

ક્રમશ:

ફસાયો છું - એમ બોલનારને ફસામણની રીબામણ સતાવતી હોય. જગત તો હમેંશા અનાડી જ રહ્યું છે. કસાઈઓને એ પરવશ છે. અને અવિરતિનું એ પૂજારી છે.



પાલીતાણા આણંદજી કલ્યાણજી પેઢીની નીતિ અને વ્યવસ્થા ઉપર રજુઆત કરતાં જૈન સમાજના અગ્રણી

જૈન સમાજના અગ્રણી મુંબઈ તારદેવમાં રહેતા શ્રી છનાલાલ બી. શાહ જેઓ પાલીતાણા ખીમઈબેન ધમરશાળામાં ચોમાસાના ચાર મહીના માટે આરાધના માટે આવેલ છે તેઓએ પોતાનો રોષ આણંદજી કલ્યાણજીની પેઢી માટે વ્યક્ત કરતાં નારાજી વ્યક્ત કરી હતી.

ચોમાસા દરમિયાન ગીરીરાજ ઉપર કેશર-સુખડ-ફુલ ગરમપાણી તથા બીજી બધી સગવડ પેઢી તરફથી આપવામાં આવે છે. પણ ચાર માસ માટે આણંદજી કલ્યાણજીની પેઢી યાત્રીકો માટે પીવાના કાચા તથા પાકા પાણીની વ્યવસ્થા નહી કરતાં યાત્રીકો ડુંગર ઉપર પાણી વગર તરફડતા હોય છે. ખાસ કરીને તપસ્વી યાત્રાળુઓને તકલીફનો પાર નથી હોતો. ચોમાસામાં લગભગ રોજના ૨૫૦ થી ૩૦૦ યાત્રીકો ગીરીરાજ ઉપર જાય છે. આસો સુદી.૧૫ ને તા.૨૧/૧૦/૨૦૦૨ ના રોજ લગભગ ૧૫૦૦ યાત્રાળુઓ ગીરીરાજ ઉપર ગયા હતા. તેમજ દિવાળી વેકેશનમાં પણ લગભગ ૮૦૦ થી ૧૦૦૦ યાત્રાળુઓ ગીરીરાજ ઉપર જતા હોય છે. પણ એક પણ પરબમાં પાણી નહી હોવાથી યાત્રાળુઓ રોષે ભરાયા હતા. વર્ષિતપના યાત્રાળુઓ તો ખુબ જ પરેશાન હતા. આ માટે શ્રી છનાભાઈએ બે હજાર યાત્રીકોની સહી લઈ આણંદજી કલ્યાણજીની પેઢીને આવેદન પત્ર આપેલ છે અને તુરત જ ડુંગર ઉપર પાણીની વ્યવસ્થા તુરતજ કરવા માટે પેઢીના ટ્રસ્ટી શ્રી શ્રેણીકભાઈને અનુરોધ કર્યો હતો.

શ્રી છનાભાઈના શાહના કહેવા પ્રમાણે ગીરીરાજ ઉપર ચોમાસામાં પ્રતિષ્ઠા થયાના દાખલા મોજુદ છે તેમજ જો કદમગીરી હસ્તગીરી તેમજ જુનાગઢ ગીરનારની ઉપર ચોમાસામાં જત્રાય જવાય તો સિદ્ધગીરી ઉપર કેમ ન જઈ શકાય ?

ચોમાસામાં ગીરીરાજ ઉપર શ્રાવકો ન જાય તો પ્રભુજીને પુજારીના ભરોસે છોડી દેવાના ? પ્રભુજી અપુજ રહે તેના જવાબદાર કોણ ? વિગેરે પ્રશ્નો ઉદભવ્યા હતા. શ્રી છનાભાઈ શાહના કહેવા મુજબ તેઓશ્રીએ ઘણાજ અલગ અલગ સમુદાયના આચાર્યો સાથે આ બાબતમાં ચર્ચા કરેલ છે. પહેલાના વખતમાં ગીરીરાજ ઉપર રસ્તાઓ બિલકુલ બરાબર ન હતા. તે વખતે લીલ તથા નીગોદ થતી હતી પણ છેલ્લા દશ વર્ષથી ગીરીરાજ ઉપર રસ્તાઓ નવા થવાથી વરસાદ ન હોય ત્યારે ઉપર જવામાં કોઈ બાધ આવે તેમ નથી. આ બાબતમાં ઘણા આચાર્યો સહમત થયા હતા.

છેલ્લા વીસ વર્ષથી પાલીતાણા તલાટી રોડના રસ્તાઓની હાલત બહુ જ ખરાબ છે. શું પેઢી સરકાર પાસેથી રસ્તાઓનું સમારકામ કરાવી નથી શકતી ? અગર સરકાર સમારકામ ન કરે તો પેઢીએ પોતાના ખર્ચે વ્યવસ્થા કરવા માટે શ્રી છનાભાઈએ ભાર પૂર્વક જણાવ્યું હતું.

From:- છગનલાલ બી. શાહ
૫૦૫, આર્થર રોડ
૨૮/૫, હીરાકુંજ બીલ્ડીંગ
આર.ટી.ઓ.લેન
તારદેવ, મુંબાઈ-૩૪
Tel: 4954719 (R)

પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજનો બીડ થી બેંગલોર સુધીનો સંભવિત વિહાર

તા.	તિથિ	વાર	ગામ	કિ.મી.
૧૯-૩	ફા.વ.૧	બુધ	પાણી	૮
૨૦-૩	૨/૩	ગુરુ	માંજરસુંબા	૧૨
૨૧-૩	૪	શુક્ર	ચૌસાળા	
૨૨-૩	૫	શનિ	પારગાંવ	
૨૩-૩	૬	રવિ.	કુપલગીરિ ફાટા	
૨૪-૩	૭	સોમ.	તેરખેડા	
૨૫-૩	૮	મંગળ.	યેરમાળા	
૨૬-૩	૯	બુધ.	કસલુમ	
૨૭-૩	૧૦	ગુરુ	બાર્સી	
			જૈન મંદિર સોમવાર પેઠ	
			મુ. બાર્સી.	
			પેઢી ફો. ૨૩૧૯૧	
૨૯-૩	૧૨	શનિ	પાનગમ	૧૧
૩૦-૩	૧૩	રવિ	વૈરાગ	૧૨
૩૧-૪		મંગળ.	શેલગાંવ	૧૨
૦૨-૪	શૈ.સુ.૧	બુધ	નાનુજ	૧૪
૦૩-૪	૨	ગુરુ.	બાદા	૧૫
			(કુરંબી ૯)	
૦૪-૪	પ્ર.૩	શુક્ર	સોલાપુર	૫
			(સોસાપુર. ૧૨)	
			જૈન મંદિર, જોડભાવી પેઠ	
			મુ. સોસાપુર ફો.૩૨૭૪૨૦	
૦૭-૪	૫	શનિ.	સોરેગાંવ	૯
૦૮-૪	૬	મંગળ.	નાંદણી	૧૬
૦૯-૪	૭	બુધ.	યેલગી	૧૬
૧૦-૪	૮	ગુરુ.	બલ્લોરી	૧૦
૧૧-૪	૯	શુક્ર.	હોતી	૧૩
૧૨-૪	૧૦	શનિ.	તીડગુંદી	૧૪
૧૩-૪	૧૧	રવિ.	અરકેરી તાંડા	૧૦
૧૪-૪	૧૨	સોમ.	બીજાપુર	૧૦
			જૈન મંદિર, કાબરાજી બજાર	
			મુ. બીજાપુર, કર્ણાટક	
			રતિલાલજી નહાર	
			ફોન : (૦૮૩૫૨) ૫૦૧૧૪	

તા.	તિથિ	વાર	ગામ	કિ.મી.
૧૭-૪	ચૈ.વ.૧	ગુરુ	હીટનલી	૯
૧૮-૪	૨	શુક્ર	મનગુલી	૧૩
૧૯-૪	૩	શનિ.	પરનાલ	૭
૨૦-૪	૪	રવિ.	બબાગેવાડી	૧૩
૨૧-૪	૫	સોમ.	હુઈન હીપર્ગી	૧૩
૨૨-૪	૬/૭	મંગળ	ધુવલગી	૧૫
૨૩-૪	૮	બુધ.	મુદ્દે બિહાલ	૧૧
			જૈન મંદિર, મુ. મુદ્દેબિહાલ	
			(જી. બીજાપુર) મુદ્દેબિહાલ	
			જા. સુરમલજી ગરાજ	
			ફો. ૭૫૩૨૧	
૨૫-૪	પ્ર.૧૦	શુક્ર	તંગડગી	૧૪
૨૬-૪	દ્વિ.૧૦	શનિ.	હુન ગુંદી	૧૮
૨૭-૪	૧૧	રવિ.	ઈલકલ	૧૨
			૨૦,ઘર સ્થાનકવાશી	
૨૮-૪	૧૨	સોમ.	કયાદી ગુંચે	૧૦
૨૯-૪	૧૩	મંગળ.	કુષ્ટગી	૧૬
૩૦-૪	૧૪	બુધ.	ઉપ્પલાદિન્ની	૧૨
૦૧-૫	૦))	ગુરુ.	ગોનાલ	૭
૦૨-૫	ચૈ.સુ.૧	શુક્ર.	મેતગલ	૧૧
૦૩-૫	૨	શનિ.	કુકનપલ્લી	૮
૦૪-૫	૩	રવિ.	હોસઅલી	૧૩
૦૫-૫	૪	સોમ.	હોસ્પેટ	૧૪
			જૈન મંદિર	
			૧૦ ઘર	
૦૮-૫	૭	ગુરુ.	મર્મનઅલ્લી	૧૫
૦૯-૫	૮	શુક્ર.	તિમલાપુર	૧૨
૧૦-૫	૯	શનિ.	ચૈલાપુર	૧૪
૧૧-૫	૧૦	રવિ.	અમલાપુર	૧૬
૧૨-૫	૧૧	સોમ.	ભણવિંકલ	૫
૧૩-૫	૧૨	મંગળ.	હોસાહલ્લી	૧૪
૧૪-૫	૧૩	બુધ.	આલુર	૬
૧૫-૫	૧૪	ગુરુ.	બેન્ને હલ્લી	૧૫
૧૬-૫	૧૫/૧	શુક્ર.	ચીક પન્નહલ્લી	૧૬

૧૭–૫	વૈ.વ.૨	શનિ.	ચિત્ર દુર્ગ	૧૨
			જોડી પાર્શ્વનાથ જૈન મંદિર	
			શાંતિપેઠ. રૂપવાણી ટોકીજ	
			રોડ, મુ. ચિત્રદુર્ગ.	
			ફોન : ૦૮૧૯૪–૨૦૧૯૫	
૨૦–૫	૫	મંગળ	વોટરટેક	૧૬
૨૧–૫	૬	બુધ.	આઈ મંગલા	૭
૨૨–૫	૭	ગુરૂ.	હીરીપુર	૧૯
૨૪–૫	૯	શનિ.	નિત્યાનંદ આશ્રમ	૧૦
૨૫–૫	૧૦	રવિ.	જોવનાંગન હલ્લી	૮
૨૬–૫	૧૧	સોમ.	માનંગી	૧૩
૨૭–૫	૧૨	મંગળ	સિરા	૭
૨૮–૫	૧૩	બુધ.	કલંબેલા	૧૨
૨૯–૫	પ્ર.૧૪	ગુરૂ.	જોગનહલ્લી	૧૦
૩૦–૫	દ્વિ. ૧૪	શુક્ર.	તિમરાજ હલ્લી	૧૨
૩૧–૫	૦))	શનિ.	કૌરા	૬
૦૧–૬	જે.સુ.૧	રવિ.	ટુમકુર	૧૦
			જૈન દેરાસર	
૦૪–૬	૪	બુધ.	નંદિહલ્લી	૧૪
૦૫–૬	૫	ગુરૂ	ડોડેરી	૧૭
૦૬–૬	૬	શુક્ર	નીલ મંગલા	૧૦
૦૭–૬	૭	શનિ.	પાર્શ્વલબ્ધિ	૧૦
			ધામ તીર્થ	
૦૯–૬	૯	સોમ.	દાસન હલ્લી	૧૦
			યશવંતપુર ૬ ઘણાઘર	
૧૦–૬	૧૦/૧૧	મંગળ.	બેંગ્લોર	૧૦
			બેંગ્લોર ગાંધીનગર–૫	

BANGLORE

PARESH PROVISION STORES
65 FITH MAIN ROAD, GANDHINAGAR,
BANGLORE-560009
PHONE : LALJIBHAI : R. (080) 3384564 O. (080) 2261836
FAX : (080) 6613441
PHONE : DINESHBHAI K. SHAH : R. : (080) 33220678
E-MAIL : sunrise@blr

ચંન્દ્રોદય રાજાની મનનીયા વિચારણા–૨.

" આ શરીરીઓને પામ થયેલ ધન, યૌવન અને રાજયાદિ સંપદા આસ્થિર છે. જન્મ, જરા અને મૃત્યુ રૂપી સહજ દુઃખે કરીને પીડિત થયેલા જીવોને આ ચાર ગતિરૂપ સંસારમાં કોઈપણ શરણભૂત નથી. આ ભવરૂપ વિષમ નાટકમાં અનેક યોનિને ગ્રહણ કરતં. અને અનેક યોનિને તજતો આ જીવ વિચિત્ર રૂપો ધારણ કરી નાટકીયાની જેમ નાટક કરે છે.

'હું એકલો છું. મારું કોઈ નથી, મારું કોઈ નથી, હું કોઈનો નથી. પ્રાણી સ્વકર્મવશ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મરણ પામે છે. એક મારો આત્મા કે જે જ્ઞાન--દર્શનથી યુકત છે તે જ શાશ્વત છે. બાકી બધા ભાવો બાહ્ય છે અને તે સર્વ સંયોગ લક્ષણવાળા છે.' તેથી જીવ દુઃખ, દુઃખ અને દુઃખ જ પામે છે.

વરસના વરસાદમાં કાશ્મીર જતી ગાંધીજીની ટ્રેનનો ડબ્બો ચુવાને લીધે આખો ભીનો થઈ ગએલો જોઈ ગાડે તે બદલી આપવા જણાવ્યું, એટલે ગાંધીજીએ પૂછ્યું, 'ભઈ, આ ડબ્બાને તમે શું કરશો ?''

'જે ડબ્બો ખાલી કરાવીશ તેનાં માણસોને આમાં બેસાડીશ.' ગાર્ડે જવાબ આપ્યો.

'એટલે એમ જ ને, કે હું બીજાને હેરાન કરીને સુખે રહું ?' ગાર્ડ બિચારો શું બોલે ?

(પીડ પરાઈ જાણે તે વૈષ્ણવ જન)

સમાચાર સાર

વડોદરા :- નજીક ભંદ્રકર નગરમાં શ્રી ઓકારતીર્થમાં પૂ.આ.શ્રી વિજય પુણ્યાનંદ સૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય વારિષેણસૂરીશ્વરજી મહારાજની નિશ્રામા મહા સુદ-૯થી મહાવદ ૩ સુધી અંજનશલાકા પ્રતિષ્ઠા શ્રી ઋષેશ્વર ઓંકાર પાર્શ્વનાથ આદિ જિનબિંબોની ભવ્ય રીતે થશે.

શહાપુર :- પૂજયમુનિરાજશ્રી ભવ્ય વર્ધન મ. આદિની મંગળ નિશ્રામાં શા.શ્રી ચંદ્રકાંત ભોગીલાલ શાહના પ્રથમ ઉપધાન તેમજ અ.સૌ. ગુણવંતીબેન ચંદ્રકાંત શાહના દ્વિતીય ઉપધાન નિમિત્તે તેમના પરિવાર તરફથી શ્રુતમહોત્સવ ઉજવાયો હતો.

મા.વ. ૧૦ તા. ૨૯-૧૨-૦૨ના રોજ ૪૫ આગમની રથયાત્રા સાથે ૪૫ આગમ ગ્રંથોની ધોડ-ચંદરવા નીચે ગોઠવણી કરી ૪૫ વિવિધ ગહૂલીઓ અને ૪૫ આખંડ ધૂપ-દીપ સાથે ૪૫ આગમની પૂજા ભણાવવામાં આવી હતી.

સંગમનેર :-પૂ. મુનિપ્રવર શ્રી ભવ્યવર્ધન વિ.મ. આદિની નિશ્રામાં સંગમનેર મુકામે ૧૦૦ જેટલાં ભાવિકોએ સમ્યક્ત્વ મૂલક ૧૨ વ્રતો મા.સુ.૧૧ના દિને ઉચ્ચર્યા હતા. પ્રત્યેક આરાધકોને " મારી ૧૨ પ્રતિજ્ઞાઓ" પુસ્તિકા ગામોગાઉથી જ વિતરિત કરી એના માધ્યમે એમને વ્રતોની વિશદ સમજૂતી આપવામાં આવી હતી.

મહારાષ્ટ્ર :- વિ.સં. ૨૦૫૮નું ચાતુર્માસ નાશિક જૈન સંઘમાં યશસ્વી રીતે સંપૂર્ણ કરીને પૂજય મુનિરાજશ્રી ભવ્યવર્ધન વિ.મ. આદિ ઠાણા શીરડી અને સંગમનેરના સંઘોની સાગ્રહ વિનંતીનો સ્વીકાર કરી ત્યાં પધાર્યા હતા.

શીર્ડીના સ્થાનકવાસી ભાઈઓનીજ વિનંતીથી ત્યાં પધારેલા ઉકત મુનિવરોને સ્થાનક જૈન સંઘે ચાતુર્માસની વિનંતી કરી હતી. એમાં મુખ્ય કારણ હતું. પૂ.મુ.શ્રી હિતવર્ધન વિ.મ.ના હિન્દી વ્યાખ્યાનોનું સ્થાનકવાસી જનતામાં જાગેલું આકર્ષણ. સમયોચિત ઉત્તર આપી એમને મુનિવરોએ આશ્વાસન આપ્યુ હતું.

ત્યાથી મા.સુ-૧ ના રોજ સામૈયા સાથે સંગમનેર પધારેલા મુનિવરોનું સામૌયા દરમ્યાન આગણિત ગૂહૂલીઓથી સ્વાગત થયું હતું. "રાજર્ષિ કુમારપાળની ૮ પ્રાર્થનાઓ" વિષયની પ્રવચન શ્રેણીનો આરંભ કરતું પહેલું જ પ્રવચન સંઘજનોમાં એવું પ્રિય થઈ પડયું હતું કે સ્થિરતાની વિનંતીનો દોર પહેલાં જ દિવસથી શરૂ થઈ ગયો હતો.

મા.સુ. ૬ઠે શેઠ બાબુલાલ પિતાંબરદાસ મહેતાના ગૃહમંદિરની રપમી વર્ષગાંઠ નિમિત્તે એમના પરિવાર તરફથી શ્રી વીશસ્થાનક પૂજન સમેત સંઘસ્વામી વાત્સલ્યનું આયોજન થયું હતું. જાણે ગૃહમંદિરની પ્રીતષ્ઠાનો પ્રસંગ હોય એવા હર્ષોલ્લાસ વચ્ચે બન્નેય પ્રસંગો પાર પાડયા હતાં.

સંઘની અત્યાગ્રહભરી વિનંતીવશ મા. સુ.૧૧ સુધી રોકાણ લંબાતા પૂજયશ્રીએ શ્રાવકના ૧૨ વ્રતોની વિશદ સમજ પ્રવચનમાં પીરસી હતી. ફલત : મા.સુ. ૧૧ના દિને બહુસંખ્યક ભાવિકોએ ૧૨ વ્રતોના ઉચ્ચારણની અને અતીતભવ પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા કરી હતી..

મલાડ (ઈસ્ટ) :- રાજેશ પાર્કમાં શ્રી ભેરૂલાલજી ચંદનમલજી અને અ.સૌ. ફૂલીબેન ભેરૂલાલજીના વિવિધ સુકૃત્યોની અનુમોદનાર્થે મુંબઈ નગરીના મલાડ-ઉપનગરમાં એક પંચાહિનકા મહોત્સવનું સુચારૂ આયોજન થયું હતું.

રાજેશ પાર્ક જૈન સંઘખાતે ગત પો.સુ. ૩ થી પો.સુ. ૯ સુધીમાં ઉજવાયેલા આ મહોત્સવે સંઘજનોમાં આનંદની ભરતી લાવી દીધી હતી.

પો.સુ. ૬ના મંગળદિને નાશિકનગરીથી મહોત્સવ પ્રસંગે નિશ્રા આપવા પધારેલાં પૂજય મુનિવર્ય શ્રી ભવ્યવર્ધન વિ.મ. આદિ પૂજયોનું સામૈય થયું હતું. સામૈયામાંજ ભાવિકોની ભારે ભીડ જામી હતી. એજ દિવસથી પૂ.મુ. શ્રી હિતવર્ધન વિ.મ.ના દૈનિક પ્રવચનોનો પ્રારંભ થતાં રાજેશપાર્ક સંઘનો વિશાળ ઉપાશ્રય પણ

સાંકળો પુરવાર થવા માંડયો હતો.

'પ્રાર્થનાસૂત્ર : જીવનસૂત્ર'' વિષય પરના પ્રવચનોમાં શ્રોતાગણને એવા જકડી રાખ્યાં હતાં કે પર્યુષણાપર્વ જેવી પ્રવચન સભાઓ શેષકાળમાં દૈનિક ધોરણે થઈ રહયાંના અભિપ્રાય સંઘના મુરબ્બીઓએ આપ્યા હતાં. પો.સુ.૯ના શ્રી સિધ્ધચક્ર પૂજન ભણાવવામાં આવ્યુ હતું તથા સાધર્મિક વાત્સલ્ય હતુ.

મહોત્સવ દરમ્યાન જિનભકિતની રમઝટ પણ સુંદર જામી હતી અને ત્રણ છોડોનું ભવ્ય ઉદ્યાપન પણ યોજાયું હતું.

મલાડ (રત્નપુરી) :– દીક્ષાના દાનેશ્વરીની દીક્ષા સમૃતિદિન નિમિત્તક ગુણાનુવાદ સભામાં ચોકકસ સંસ્થાના અસહકાર વચ્ચેય અને ચોકકસ વર્તુળના વિરોધ વચ્ચે પણ 'સુરિરામ'ના નિષ્ઠાંવત વારસદારોએ મલાડ (રત્નપુરી) ખાતે રામલીલા–મેદાનમાં પરમ ગુરૂદેવના દીક્ષા–પુન્યસ્મૃતિ દિને એક ભવ્ય ગુણાનુવાદ સભા આયોજી હતી.

પૂ.મુ.શ્રી પુન્યકીર્તિ વિ.મ. તેમજ પૂ.મુ. શ્રી ભવ્યવર્ધન વિ.મ.એ સામૈયા સાથે પધારી ગુણાનુવાદ સભામાં નિશ્રા અર્પી હતી. સભાના પ્રારંભસમયે જ સંગીતકાર શ્રી સતીશભાઈએ "દીક્ષાના હે દાનેશ્વર' ગીતની પોતાના મધુર કંઠે પ્રસ્તુતિ કરી હતી.

ત્યારબાદ પૂ.મુ.શ્રી હિતવર્ધન વિ.મ.એ તેમજ પૂ.મુ. શ્રી પુન્યકીર્તિ વિ.મ.એ પરમ ગુરૂદેવના ગુણોનું સંકીર્તન કર્યુ હતું.

અન્તે, પધારેલા તમામ સાધર્મિક ભાઈ–બહેનોને ૫૦૦ ગ્રામ ખજૂરના પેકેટસની તેમજ રૂ.૭ની પ્રભાવના કરવામાં આવી હતી.

શ્રેષ્ઠશ્રી પ્રાણલાલ છગનલાલ શાહે મોટી રકમ બોલી ગુરૂ પ્રતિકૃતિના ગુરૂપૂજનની ઉછામણીનો લાભ મેળવ્યો હતો. રત્નપૂરી જિનાલયમાં તથા રાજેશપાર્કમાં જિનાલયમાં પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવી હતી.

કોઈમ્બતુર :– પૂ. આ.શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ. આદીનું ઉટી નગરીમાં યશસ્વી ચાતુર્માસ કરાવી કા.વ.માં વિહરા કરી કરી કુન્જુરમાં સ્થિસ્તા થતાં વીસ સ્થાનક પૂજન, પ્રભાવના આંગી રચના થઈ હતી. ત્યાંથી વિહાર કરી ત્રે મા.વદ ૫ના સસ્વાગત પધાર્યા હતા. પૂ. આચાર્ય મહારાજની નિશ્રામાં પોષ દશમની આરાધના નિમિત્તે ત્રણ દિવસ અઠ્ઠમ તપ એકાસણાં જાપ, પૂજા આંગી રચના, રાત્રિના ભાવના અને વદ–૧૨ના પારણાં અને બહુમાન થયાં હતા. પૂ.આ.શ્રી અમરસેન સૂ. મ.ના વ્યાખ્યાન થયા હતાં. પૂ.આ.શ્રી અશોકરત્ન સૂ.મ.ને થોડી હાર્ટની તકલીફ હોવાથી એનો ઈલાજ કુપ્પે સ્વામી નાયક હોસ્પિટલમાં હૃદય રોગ નિષ્ણાંત ડો. રાજપાલ જૈને એન્જોગ્રાફી કરીને સેન્ટ બેસાડયો હતો. પૂ. દેવગુરુ પરમ ભકત શા. વિજયચંદજી ઝાબકે તન મન ધનથી લાભ લીધો હતો. પૂજય શ્રીનું સ્વાસ્થ્ય સુધારા પર છે. શરણાલય આશ્રમ થઈ પૂ.આ.વિ. આદિ પોષ શુદમાં વિહાર કરી ઉટીમાં થોડી સ્થિરતા કરી મહા સુદમાં મૈસુર પધારવાની ભાવના છે.

આચાર્ય દર્શનરત્નસૂરીશ્વરજી મહારાજાની શુભનિશ્રામાં શાસનની જય જયકાર

કાર્તિક સુદ પ્રથમ પૂનમ ૧૯–૧૧–૦૨ને ચાર્તુમાસ પરિવર્તન કાલૂરામજી મામાને ઘેર વાજતે ગાજતે કરી. કાર્તિક સુદ બીજી પૂનમે વાજતે ગાજતે ચતુર્વિધ સંઘ. સાથે કરમદી તીર્થની યાત્રા કરી. હતનારા નગરીમાં કાર્તિક વદ ૧૦ દિ. ૨૯–૧૧–૦૨ની ભવ્ય પ્રતિષ્ઠા તથા બડોદા (રતલાલ જિલામાં) ત્યાં માગસર સુદ–૬ દિ. ૯–૧૨–૦૨ને ભવ્ય પ્રતિષ્ઠા તથા રેકોર્ડ રૂપ ચઢાવવાઓ થયેલ ત્યાં નિશ્રા આપી બડોદ ગિરનારજી સંસ્ત છ'રી પાલેત સંઘના ઉપાધ્યક્ષ મનોજભાઈ જાવરાવાલાની આગ્રહથી તથા સંઘપતિઓની વિનંતીથી માગસર સુદ–૧૧ રવિવાર દિ ૧૫–૧૨–૦૨ થી પોષ સુદ–૧ દિ. ૩–૧–૦૩ વડાલી (ગુજરાત) સુધી (મંદસૌર થી કેશરીયાજી ઈડર થઈ વડાલી સુધી) છ'રી પાલેત સંઘમાં નિશ્રા અર્પણ કરી. છેલ્લે દિવસે સંઘપતિઓએ ગુરૂદેવને કામલી વહોરાવી તથા વડાલી શત્રુંજય ધામ તીર્થપર વહીપણ કામલી વહોરાવવામાં આવેલ. દરરોજ સંઘમાં

પૂજ્ય આચાર્યશ્રીના પ્રવચનો થયેલ. પોષ સુદ–૧ દિ. ૩–૧–૦૩ને છેલ્લુ માંગલિક સંભલાવી તથા હિતાશિપ્તા આપી. આચાર્ય શ્રી દર્શનરત્ન સુરીશ્વરજી મ.ને ખેડબ્રહ્મા સંઘ કોકિલાબેન ચંપકલાલ મહેતાના ૫૦૦ આંબેલના પારણા માટે પધારવા આગાઉથી જય બોલાવામાં આવી. તેથી આચાર્યશ્રી મહોત્સવમાં ખેડબ્રહ્મા પધારેલ. પોષ સુદ–૧ને અચાર્ય શ્રીનો ભવ્ય વાંજતે ગાજતે પ્રવેશ થયેલ. પોષ સુદ–૩ રવિવાર તા. ૫–૧–૨૦૦૩ને ૯–૩૦ કલાકે પૂજ્યશ્રીની ઘેર પધારમણી સંઘપૂજન, ગુરૂપૂજન પછી પારણું થયું તથા આજે સાધર્મિક ભક્તિ તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રીમહાવીર જૈન મંડલ, અમદાવાદ તથા વસંતભાઈ વકીલ પૂજન ભાણાવેલ. અ.સૌ. કોકિલાબેનને ૫૦૦ આયંબિલ ઉપરાંત વીશસ્થાનક તપ, ૪ ચોવીશ કલ્યાણક ઉપધાન તપ, વર્ષીતપ, મોક્ષદંડક, ૫૦ ઓલી ૧૦૮ પાર્શ્વનાથઆદિ તપ કરેલ છે. પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા.ની કૃપાથી પૂ. આ. દે શ્રીદર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા. ની ભવ્ય નિશ્રામાં મલેલ હતી.

દેહુ રોડમાં એક કુટુંબની ચાર દીક્ષાઓ

અત્રે પૂ. ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ.ની નિશ્રામાં કેશરીમલ ખેમચંદજી રામસીના તેમના ધરમપત્ની ચંદાબેન, પુત્ર પ્રફુલ્લકુમાર ઉ. ૧૫, પુત્રી નીકીતાકુમારી ઉ.૧૨ની દીક્ષાનું ભવ્ય આયોજન થયું હતું. મહાવદ–૧૪ થી મહા સુદ–૬ સુધીનો ઉત્સવ યોજાયો. પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. કલ્યાણમાં અંજન શલાકા પ્રસંગે પધારેલ બીડ જતાં દેહુ રોડ રસ્તામાં લે તો તે માટે દીક્ષાર્થી તથા દેહુ રોડ સંઘની વિનંતિથી પૂ. મહા સુદ–૨ના પધારતાં ઘણા ઉત્સાહથી સામૈયું થયુ. ૫૬ દિક્કુમારી મહોત્સવ શાંતિસ્નાત્ર વિ. થાય. વરસીદાનના વરઘોડામાં આખું નગર ઉમટી પડયું હતું. હિંદુ મુસલમાન સિંધી શીખ સૌએ જોડાઈને વ્યવસ્થા કરી હતી. હિંદુઓએ કેળાની, સિંધી, શીખોઓએ કોલ્ડ્રીકસ અને મુસલમાનોએ ઠંડાઈથી વરઘોડામાં ભક્તિ કરી હતી. હજારો ભાવિકો વરઘોડામાં જોડાયા. ભાવિકો ૨ વરઘોડામાં હજારો જોડાયા. ઉત્સાહ અનેરો હતો. દીક્ષાની વિધિ પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., ગણીવર્ય શ્રી રત્નસેન વિ. મ. ની નિશ્રામાં થઈ. કેશરીમલજીનું નામ કીર્તિરત્ન વિજયજી રાખી પૂ. રત્નસેન વિજયજી મ. ના શિષ્ય બનાવ્યા. પ્રફુલકુમારનું નામ પ્રશાંતરત્ન વિજયજી રાખી કીર્તિરત્ન વિજયજી મ.ના શિષ્ય બનાવ્યા. ચંદાબેનનું નામ સંયમ લીનાશ્રીજી રાખી નિર્મલરેખાશ્રીજીના શિષ્ય કર્યા. નીકીતા કુમારીનું નામ મોક્ષલીનાશ્રીજી રાખી સંયમલીનાશ્રીજી ના શિષ્ય બનાવાયા અખુ ગામ શણગારેલ.સેકડો ભાવિકોએ લાભ લીધો હતો.

કલિકુંડતીર્થ :– પૂ.મા. શ્રી વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ.ના ૫૦માં દીક્ષા વર્ષે પ્રવેશ તથા ૯ યુવક યુવતિઓની તથા બાળમુનિશ્રી શ્રીભુવન રત્ન વિજયજી મ. વડી દીક્ષા મહોત્સવ મહાસુદ–૪ થી સુદ–૬ સુધી સુંદર ઉજવાયો.

આરાધના ધામ :– (હાલારી) વર્ષ ગાંઠ ઉત્સવ પ્રસંગમાં સમસ્ત વિદ્યિના હાલારી વીશા ઓસવાળો હાલારી ચૈત્ય યાત્રામાં મોટા માંઢા પધારતાં સુંદર ઉત્સાહથી સ્વાગત થયું. તા.૧૬–૨–૨૦૦૩ના શ્રીયુત ગુલાબચંદ મુલચંદ પુંજા મારૂ, શ્રીમતી જયાબેન, સુપુત્ર નિલેશ તથા રાજેશ મારૂ મોટા માંઢા હાલ લંડન તરફથી સાધાર્મિક ભક્તિ રાખવામાં આવી હતી.

આરાધના ધામમાં મુમુક્ષ ગૌતમ અશોકકુમાર ની દીક્ષા તથા પૂ.મુ. શ્રી મનમોહન વિજય મ. તથા પૂ. મુ. શ્રી હેમપ્રભ વિજયજી મ.ની ગણિપદવી ઉત્સાહથી થઈ હતી.

શ્રી ઋષભ જિનેન્દ્રાય નમઃ

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી પ્રાણલીલા જૈન ટ્રસ્ટ રાજકોટ દ્વારા દાનમાં મળેલ ભૂમિ ઉપર

શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ જામનગર દ્વારા

શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ

શ્રી જિન મંદિર બાંધકામ - પ્રગતિ અને નકરા

સુજ્ઞ ધર્મબંધુશ્રી,

પ્રા[illegible]મ સાથ જણાવતાં અત્યંત આનંદ થાય છે કે ઉપરોક્ત ભૂમિ ઉપર પૂ. આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરિશ્વરજી મહારાજના ઉપદેશથી શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલયનું મહાન કાર્ય ચાલુ છે જેના ૪૦ દેરીના ગભારા ઢંકાઈ ગયા છે અને મૂળ દેરાસરનું કામ પ્રગતિમાં [illegible]. ચાર ચૌમુખજી ઢંકાઈ ગયા છે.

આ જિનાલયના ઘણાં નકરા અપાઈ ગયા છે. બાકી નકરાની વિગત નીચે મુજબ છે.

ક્રમ	વિગત	મૂર્તિ ઈંચ	શિખરાદી	નકરા લાખમાં
૧	મુખ્ય શ્રી ઋષભ જિનેન્દ્ર જિનાલય બાકી	૫૧	શિખર	૫૧
૨	મૂળ મંદિરની બન્ને બાજુ મંદિર બે	૩૧	સામરાગ	૧૧ દરેકના
૩	મંદીયર પ્રસાદ ધામ (ચાર બાકી)	૩૧	શિખર	૧૧ દરેકના
૪	ચઉમુખજી ચાર	૧૭	સામરાગ	૩-૪૧ દરેકના
૫	કરતા મંદિર (ત્રિગડા દેરી ૨૧+૧૭+૧૭ ઉંચ)		સામરાગ	૨-૭૧ દરેકના
	ચાલીસમાંથી અઠાવીસ આવ્યા છે **તેર દેરાસર બાકી છે**			
૬	પુંડરીક સ્વામી પ્રવેશદ્વાર સામે બાકી	૨૭	સામરાગ	૧૧

[illegible] બાજુ વિશાળ વસ્તી બંગલા છે અને જૈનોની પણ ઘણી વસ્તી છે. જેમના નકરા બાકી છે તેમાં લાભ લેવા પ્રેરણા છે, દેવદ્રવ્ય[illegible] રકમ લેવાતી નથી. અડધી રકમ ભરી નામ નક્કી કરી લેશો. મંદિર ઢંકાઈ જાય પછી અડધી રકમ આપવાની થશે. ૪થી ૫ વર્ષમાં બાવન જિનાલયનું કાર્ય પૂર્ણ કરવાની ભાવના છે. એકવાર અવશ્ય પધારો.

: શુભ સ્થળ :

શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ

શકિત નગર મેઈન રોડ, કાલાવડ રોડ, પરિમલ સ્કૂલ સામે, રાજકોટ. ફોનઃ પી.પી. ૧૮૮૬૨૨ મોબાઈલઃ ૯૮૨૪૦-૪૧૨૩૧.

પત્રવ્યવહાર તથા રકમ ડ્રાફટ મોકલવા તે જામનગર ટ્રસ્ટના સરનામે અથવા રાજકોટના (ઉપરના) સરનામે મોકલવા વિનંતી છે.

C o શ્રુત જ્ઞાનભવન ૪૫' દિગ્વિજય પ્લોટ,
જામનગર-૩૬૧૦૦૫. ફોનઃ ૨૭૭૦૮૬૩

લિ. શ્રી હર્ષ પુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ
શ્રી પ્રાણલીલા જૈન ટ્રસ્ટના પ્રણામ

સંપર્ક સાધવાના સ્થળો

(૧) શ્રી કાનજી વીરજી શાહ
C/o શ્રુત જ્ઞાન ભવન
૪૫- દિગ્વિજય પ્લોટ
ફોનઃ ૨૭૧૪૮૧૭, ૨૭૬૫૦૬૮

(૨) શ્રી કાનજી જેઠાભાઈ નાગડા
૬, ઓસવાલ કોલોની
જામનગર-૩૬૧૦૦૫
ફોનઃ ૨૫૬૧૧૧૭, ફેકસઃ ૨૫૬૦૦૨૩

(૩) શ્રી મનસુખલાલ જીવરાજ શાહ
શરાફ બજાર, રાજકોટ-૩૬૦૦૦૧
ફોનઃ (ઓ.) ૨૨૩૨૩૭૬
(રેસી.) ૨૨૨૩૪૮૨

(૪) શ્રી જયસુખલાલ કાનજી શાહ
૨- સંભવનાથ
૨૦- રાજકોટનગર, રાજકોટ
ફોનઃ (ઓ.) ૨૨૩૩૬૧૬

(૫) શ્રી પ્રમીલાબેન એસ. વ્યાસ
C/o એસ. ટી. વ્યાસ
સમર્પણ, એરોડ્રામ રોડ,
માધુતિનગર, રાજકોટ
ફોનઃ (રે.) ૨૪૪૪૪૫

(૬) શ્રી હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
જરિમન જવેલર્સ, માંડવી ચોક,
નવા નાકા રોડ, રાજકોટ-૧.
ફોનઃ (ઓ.) ૨૨૨૩૮૫૧
(રે.) ૨૨૨૩૯૪૮, ૨૨૪૧૭૩૨
મોબાઈલઃ ૯૮૨૪૦-૪૧૨૩૧

પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

● કર્મે જે નુકશાન કર્યું છે, એનો બરાબર ખ્યાલ આવી જાય, તો સંસારમાં ક્ષણ પણ રહેવું પાલવે નહિ. પછી એ જીવ મોક્ષ માટે જ પુરુષાર્થ કરે. આવો પુરુષાર્થ મનુષ્ય-જન્મમાં જ થઈ શકે. અને એ પણ અભવિ તો ન જ કરી શકે. પરંતુ દુર્ભવિ પણ ભવિ થાય, ભવિ પણ લઘુકર્મી થાય, ત્યારે જ આવા પુરુષાર્થને અવકાશ રહે.

● ગાય જ્યાં ચરે, એ ખેતર ઉપરથી લીલુંછમ બને. મુનિની ચર્યા આવી હોય. મુનિ જ્યાં ગોચરી લેવા જાય, ત્યાં ધર્મ-ભાવના લીલીછમ બને. ગાયની જેમ મુનિ પણ બધેથી થોડું થોડું મેળવે. મળ્યાને મનગમતું બનાવી લેવાની આવડત જેની પાસે હોય, એવો મુનિ જ શુદ્ધ ગોચરી મેળવી શકે. જે મનગમતું મેળવવા ભટકતો ફરતો હોય, એની ગોચરી દોષિત બન્યા વિના ન રહે.

● કેટલાંક જીવો એવા હોય છે કે, જેઓ બીજાનું સારું જોઈ જ શકતા નથી. આવા જીવો દેવલોકમાં જાય, તો પણ દુ:ખી-દુ:ખી થઈ જાય. કારણ કે દેવલોકમાં તો જે મળ્યું હોય, જેવું મળ્યું હોય, એમાં ફેરફાર જ ન થઈ શકે. દેવ બીજે જઈ પણ ન શકે. એથી મૃત્યુ પર્યંત એની ઈર્ષ્યા-સગડી સળગ્યા જ કરે. માણસ તો હજી ધમપછાડા કરે, તો ઓછુંવત્તું મેળવી શકે કે એ સ્થાનનો ત્યાગ પણ કરી શકે. દેવો આવું નથી કરી શકતા, એથી ઈર્ષ્યાળુ-સ્વભાવ ધરાવતા દેવને રીબાઈ-રીબાઈને જીવવું પડે છે.

● સ્વની પ્રશંસા અને પરની નિંદા : આ બે ભવાભિનંદી-જીવના લક્ષણ છે. ભવાભિનંદી એટલે સંસારમાં જ મસ્તી માણનારો જીવ ! આ બે દોષો જીવને ભવમાં ભવમાં ભટકાવી મારનારા છે. આવા જીવોના કપાળમાં નરક-તિર્યંચ ગતિમાં કાળ પસાર કરવાનું જ લખાયું હોય છે. મનુષ્યભવમા તો જાણે એ એટલા માટે આવ્યા હોય છે કે, ભવમાં ભટકવા માટે જરૂરી પાપનો જે પૂરવઠો ખૂટ્યો હોય, એ પાછો ભરાઈ શકે અને એથી લાંબા કાળ સુધી નરક-તિર્યંચ ગતિમાં નિરંતર બરાબર રહી શકાય.

● તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં "શક્તિ છે. પરિણામ નથી" આ બોલતા તો કાળજું કપાઈ જવું જોઈએ. તો શક્તિ મુજબના પરિણામ આવતા વાર ન લાગે. આજે તો લગભગ ખિસકોલી ઝાડ પરથી નીચે ઉતરી જાય, એવી ઝડપથી છ મહીનાના ઉપવાસ પરથી સીધા જ નવકારશી ઉપર આવી જવાય છે. આ પરિસ્થિતિમાં પલટો લાવવો હોય, તો શક્તિ છે, પરિણામ નથી, આ બોલતા હૈયામાં વેદનાનું વલોણું જાગવું જોઈએ.

● ઔચિત્યનો અર્થ પણ સમજવા જેવો છે. આજે ઔચિત્યના નામે અકાર્યોના અખાડા ખુલી રહ્યાં છે. ધર્મની લઘુતા ન થાય, ધર્મ લાજે નહિ, આ માટે કોઈ ચીજ કરવી પડે, એનો નંબર 'ઔચિત્ય-કરણી' માં આવે.

જૈન શાસન અઠવાડીક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેકસી કિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 22/03/03 9553

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

જૈન શાસન

અઠવાડિક

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

સદ્‌ગુણોની સ્તવનાનું ફળ

संतगुणु क्कित्तणया, अवण्ण वादीण चेव पडिघातो ।
अवि होज्ज संसईणं, पुच्छाभिगमे दुविध लंभे ॥
(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૨૬૮૧)

સદ્‌ગુણોના કીર્તન - સ્તવનાથી, મહાન કર્મ નિર્જરા,
અવર્ણવાદનો પ્રતિઘાત, શંકાશીલોની શંકાનું નિવારણ,
શંકાનું સમાધાન થયા પછી પ્રવજ્યા ગ્રહણ આદિ અનેક લાભો થાય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૫ અંક ૧૯



આ નવી 'આચાર સંહિતા' નો તો આપણે વિરોધ કરવો જ પડશે કારણકે અનું પાલન કરવા જતાં, આપણે જો મોટા પાયા પર ધાંધલ-ધમાલ નહી કરીએ તો - પ્રજા પર સાર સેવકની છાપ કેવી રીતે પાડી શકીશું? હે ?



ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થાએ એને 'અનઓફીશીલ' અને 'ગેરવ્યાજબી' ગણી તો ય ભારત-આફ્રિકાવાળા રમ્યા એમ જ અમારાં બંનેના માતાપિતાએ 'ના' પાડી છતાં... 'મૂરત' સારું હતું તેથી અમે લગ્ન કર્યા જ... સમજ્યા ?



કુટુંબ અને દેશના લાભાર્થે હું ગમે તેટલી સારી વાત કરું તો પણ એમાંથી એ ખોડ-ખાંપણ કાઢી ઝગડો કરે છે એટલે હવે હું એને 'પત્ની' નથી કહેતો પણ 'વિરોધપક્ષની નેતા' જ કહું છું, હા !



મહારાજશ્રી! મને ભાજપનાં આવી ઘૂસણખોરી જરા પણ ગમતી નથી એટલે આ મંદિરમાં હવે હું ત્યારે જ આવીશ કે જ્યારે તમે આ બોર્ડમાંથી... 'નમો' (એટલે કે નરેન્દ્ર મોદી') - શબ્દ કાઢી નાંખશો. સમજ પડી?

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા અર્થે પ્રગટ થતું પાક્ષિક પત્ર

આજ્ઞારુદ્ધો વિરાધકઃ ચ. શિવાય ચ ભવાય ચ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શ હ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થ નગઢ)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ ફાગણ સુદ ૧૫ * મંગળવાર, તા. ૫૮-૩-૨૦૦૩ (અંક : ૬

પ્રવચન
ઓગણસાઈઠમું
પ્રકીર્ણક ધર્મોપદેશ

આચાર્ય શ્રી વિજય [illegible]
શ્રી [illegible]
કોબા, જિ. [illegible], પીન [illegible]

[illegible] ૨૦૪૩, આસો સુદિ-૩ , શનિવાર, તા. [illegible]
શ્રી યશનબાળા જૈન ઉપાશ્રય, ગાલકેશ્વર, મુંબઈ - [illegible]

પૂ.આ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચ લુ...

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. ભવ૦)

નુનિઉણમણ ઇણિહશ ભૂયાહિય ભૂયભાવણમહાધ
અમિયમજિ। મહત્થં મહાણુભાવ મહાવિસયં ।

સમ્યક્ત્વ પામવા ગ્રન્થિભેદ જોઈએ. ગ્રન્થિ શું? દુનિયા ના સુખનો અતિ રાગ અને દુઃખનો દ્વેષ તેનું નામ ગ્રન્થિ છે. તે બે ભૂંડા ન લાગે તો ગ્રન્થિભેદ થાય નહિ. ગ્રન્થિભેદ કરવા માટે આ સુખના અતિરાગ ઉપર અને દુઃખના દ્વેષ ઉપર ગુસ્સો કરવો જ પડશે. આ રાગ જ મને સંસારમાં ભટકાવનાર છે તેમ પોતાના જ પાપના યોગે આવતું જે દુઃખ તેના ઉપરનો દ્વેષ તે પણ સંસારમાં ભટકાવનાર છે તે વિચાર કે જ કરવો પડશે. સુખના મજાથી અને દુઃખની માંકાણથી સદ્ગતિ થાય કે દુર્ગતિ ? સુખમાં મજા આવે તો દુઃખ થાય ? દુઃખમાં રોવું આવે તો દુઃખ થાય ? મેં પાપ કર્યું તેથી દુઃખ આવ્યું. તે દુઃખ મારે મનેથી ભોગવવું જ જોઈએ [illegible] દુઃખ મજાથી કેમ ભોગવતો નથી-આર્ત વિચારણા [illegible]

ભગવાનની આજ્ઞા દરેક કાળમા [illegible] હોય છે. તે આજ્ઞા ઉપર વિચાર ન કરો, તેમ નહિ પ્રયત્ન ન કરો, જીવનમાં ઉતારવા માથા નહિ તો શું થાય ? ભગવાનની આજ્ઞા સઘળા જ જીવના હિતની ચિંતા કરનારી છે.

જગતમાં કેટલા જીવો છે ? તમે એકલા છો કે ઘણા છો ? તે બધા જીવો તમારા જેવા જ છે ને બધાને સુખ જ જોઈએ છે અને દુઃખ નથી જોઈતું. તમને કોઈ દુઃખ દે તે ખરાબ લાગે છે તેમ તમે-કોઈને દુઃખ આપો તે ખરાબ લાગે છે ખરું ? તમારે રોજ કેટલા જીવોને દુઃખ આપવુ પડે છે ? તેનું તમને દુઃખ છે ખરું ? તમને કોઈ દુઃખ આપે તે ખરાબ કે, આવા તેવા છે કેટલા વિશેષણ આપો. તેમ અનેક જીવોને દુઃખ આપીને જીવનારને કેટલા વિશેષણ અપાય !! સંસારમાં અનેક જીવો છે, દુઃખ આપ્યા વિના જીવી શકાય નહિ. માટે ભગવાને શાસ્ત્ર

સ્થાપ્યું, સાધુધર્મ બતાવ્યો કે, સંસારમાં રહેવું પડે તો ય કોઈ જીવને દુ:ખ આપ્યા વિના જીવી શકાય તેવો માર્ગ બતાવ્યો. શ્રાવક સાધુપણાનો જ અર્થી હોય. તેને ઘરમાં રહેવું પડે તેનું ભારોભાર દુ:ખ હોય. તમે ઘરમાં મજેથી રહ્યા હો, વેપાર-ધંધાદિ મજાથી કરતા હો, સુખ મજેથી મેળવતા હો, ભોગવતા હો તો શ્રાવક કહેવાય ખરા ? તમે બધા હૈયાથી એમ કહો કે, આમાં જરા ય મજા નથી આવતી દુ:ખનો પોકાર નીકળી જાય તો શ્રાવકપણું આવ્યું છે કહેવાય કે આવશે.

ગૃહસ્થપણું માંડવું તે સારું કહેવાય કે ખરાબ? તમે તો અજ્ઞાન હતા માટે ઘર માંડ્યું. પણ સમજુ હોત તો ઘર ન માંડત અને કદાચ માંડવું પડ્યું હોત તો પારાવાર દુ:ખ હોત ! હવે તમે સમજ્યા તો તમારા ઘરના પરિવારને ઘર મંડાવવા માગો છો કે ઘર છોડાવવા માગો છો ? તમારા મનમાં શું શું વિચાર આવે-ચાલે છે ? ધર્મ પામ્યા છો કે નહિ તેની આ પારાશીશી છે. ધર્મ પામેલાને સંસાર જરા ય ન ગમે, જે કોઈ સંસાર છોડે ઘણો જ આનંદ થાય. પોતાના પરિવારમાંથી કોઈ આત્મા સંસાર છોડવા તૈયાર થાય તો રાજી રાજી થાય. અંતરાય ન કરે પણ સહાય કરે.

જેટલા જેટલા મહાસમકિતી આત્માના વર્ણન આવે તો આવાં જ આવે. શ્રી કૃષ્ણ મહારાજાને અવિરતિનો એવો ઘોર-જોરદાર ઉદય હતો કે, જે કોઈ કન્યા જૂએ, પસંદ પડે તો તેના મા-બાપને સમજાવીને કાં યુદ્ધ કરીને પણ તેને પોતાની પત્ની બનાવે. પત્ની બનાવીને આવ્યા પછી ખબર પડે કે, ભગવાન શ્રી નેમનાથસ્વામિજી પધાર્યા છે તો સીધા ભગવાનના સમવસરણમાં જાય, દેશના સાંભળે અને નવી આવેલી સ્ત્રી કહે કે, મારે સાધ્વી થવું છે તો કહે કે, જાવ ખુશીથી. તે જ રીતના તમારા ઘરમાં કોઈ કહે કે, ઘરમાં રહેવું નથી તો રાજીપો હોય કે નારાજી? ઘર છોડનારા છોકરા પાકે તો સારું કે ઘર માંડનારા પાકે તો ?

ભગવાનની આજ્ઞા સમજાવી રહ્યો છું. ભગવાનની આજ્ઞા સઘળા ય જીવોના હિતની ચિંતા કરનારી છે. ગૃહસ્થપણામાં અનેક જીવોને દુ:ખ આપ્યા વિના જીવાય જ નહિ. છ કાયની હિંસા રોજ કરવી પડે છે. તો મજેથી કરો છો ? તેનું તમને દુ:ખ છે ? આ હિંસા કરવાની ક્યારે મટે, ક્યારે મટે તેમ થાય છે ? ભગવાનની આજ્ઞા હૈયામાં વસી હોત તો તમારું જીવન જુદું હોત. શ્રાવકના હૈયામાં ભગવાનની આજ્ઞા વસેલી હોય ને ? ન વસી હોય તો તે શ્રાવક ન હોય ને ? તે ગૃહસ્થાવાસમાં રહે તો મજેથી કે દુ:ખથી ? તમે મજેથી રહ્યા છો કે દુ:ખથી? સાધુપણું કઠીન છે તેમ શ્રાવકપણું પણ મુશીબતે મળે તેમ છે. શ્રાવક કહેવરાવનારા મજેથી ઘર સંસાર ચલાવે, વેપાર કરે, અનીતિ કરે તો તેનામાં શ્રાવકપણું હોય ? તમને કોઈ શ્રાવક કહે તો કહો ને કે, હજી અભ્યાસ કરી રહ્યો છું.

સાધુપણું પણ સહેલું નથી. સાધુને સાધુપણાનો અનુભવ થાય તો તેના જેવો સુખી આત્મા એક નથી. અમારો તો હજી અભ્યાસ ચાલે છે. મોટા મોટા મહાપુરુષો કહી ગયા છે કે, સાધુપણું સારી રીતના પાળવું તો ઘણું સામર્થ્ય જોઈએ. સાધુપણામાં તાકાત છે કે, સારો કાળ હોય તો તે જ ભવમાં મોક્ષે જાય નહિ તો સાતમા-આઠમા ભવે તો જાય જ. સાધુ પણ રખડે શાથી ? સાધુપણું જોઈએ તેવું ન પાળે, વિરાધના કરે તો રખડે. **કદાચ જોઈએ તેવી આરાધના ન થાય તો પણ હૈયાનો આરાધક ભાવ તો જીવતો જ જોઈએ. આજ્ઞા મુજબ ન થાય તેનું ભારોભાર દુ:ખ તો હોવું જ જોઈએ તો જ આરાધકભાવ ટકી શકે.**

જે શ્રાવક મજેથી સંસારમાં રહે તે શ્રાવક પણ આરાધક કહેવાય ? તમે બધા દુ:ખથી બેકા છો ? ઘર માંડવું પડ્યું છે, વેપાર કરવો પડે છે પણ તમને

રસ નથી-એમ કહું તો સાચો પડું ને ? સઘળા ય જીવોને પોતાના જેવો માનનારો આત્મા, અનેકને દુ:ખ આપીને મજાથી જીવે ખરો ? અનીતિ ય કરે, ચોરી ય કરે, અનેકને મજેથી ઠગે, કોઈને ય છોડે નહિ-આવું બધું મજેથી કરે તેનામાં શ્રાવકપણું હોઈ શકે ખરું ? વિચાર કરતાં લાગે કે, શ્રાવકપણું ય પામવું તો ઘણું ઘણું કરવા જેવું છે. હજી શ્રાવકપણું પેદા થયું નથી પણ તે શ્રાવકપણું ય મેળવવાની મહેનત ચાલુ છે. જૈનકુલમાં જન્મેલાએ પણ શ્રાવકપણું મેળવવા ઘણું ઘણું કરવું પડે તેવું છે. શું શું કરવું પડે? વ્રત-પચ્ચક્ખાણાદિ. આજ સુધીમાં કેટલાં વ્રત લીધાં છે ? સમ્યક્ત્વ પણ પામ્યા છો ? તેને મેળવવા મહેનત કરી ? ઘણા કહે કે, અમથા પૂજા કરતાં હોઈશું. પૂજા કરીએ માટે સમકિત છે. પૂજા કરે તેનામાં સમકિત હોઈ શકે. પણ શા માટે પૂજા કરે તે જાણવું પડે ને ?

સભા : ભાવસ્તવને કારણે દ્રવ્ય સ્તવનો અધિકાર છે.

ઉ. ભાવસ્તવ શું છે ? ભગવાનની પૂજા સાધુ ધર્મને પામવા માટે કરે તો તે પૂજા સાચી. ભગવાનની પૂજા કર્યા પછી ભગવાન પાસે શું શું માંગો છો ? ભવનિર્વેદ. ભવનિર્વેદ એટલે શું ? સુખમય સંસારથી ભાગી છૂટવાની ઈચ્છા.

ભગવાનની આજ્ઞા ભૂતહિત-ભૂત-પ્રાણી માત્રને માટે હિત કરનારી છે. ગૃહસ્થપણું અનેક જીવોનો નાશ કર્યા વિના જીવાતું નથી. જીવવાની ઈચ્છા કોને ન હોય ? આ ભવ પામ્યા પછી ઘર માંડ્યું તે ભયંકર કોટિનો રોગ છે ને ? તે રોગ માગીને લીધો ને ? શરીરમાં રોગ તો આવે, ત્યારે આ તો માગીને લીધો. ઘર મજેથી માંડ્યું છે, મજેથી ચલાવો છો, વેપારાદિ મજેથી કરો છો તે બધા રોગ છે. સઘળા ય પ્રાણીઓના હિતને કરનારી આજ્ઞાને સમજ્યા હોત તો ગૃહસ્થપણું માંડવું ગમત ખરું ? ઘર મજેથી માંડવું તે તો અનેકને અહિત કરનારું છે, અનેકને દુ:ખમાં મૂકનારું છે. સારા ધર્મીને ય ગૃહસ્થપણામાં હિંસા વિના જીવી શકાતું નથી. આજે તો સુખ માટે બધાને દુ:ખ આપવામાં વાંધો નથી લાગતો, હું ખરાબ કરું છું તેમ પણ નથી લાગતું-આવાને ભગવાનની આજ્ઞા 'ભૂતહિત' છે તે ક્યાંથી સમજાય ?

ભગવાનની આજ્ઞા બધા પ્રાણીઓને હિત કરનારી છે તેમ સમજાયું હોત તો ઘર મજેથી માંડત નહિ, ઘરમાં મજેથી રહેત પણ નહિ. વેપારાદિ પણ મજેથી કરત નહિ. આજીવિકાનું સાધન હોત તો તે વેપારાદિ પણ કરત નહિ. લોભના યોગે કરવો પડતો હોત તો મહા દુ:ખ થાત. આજના લોભીયા કેવા છે? આજના લોભી એટલે મોટામાં મોટા લુંટારા! અનીતિથી વેપારાદિ કરનારો જૈન પોતાને લુંટારો સમજે. તે તો માને કે, હું કાંઈ માણસ છું ! અનેકને ઠગુ, વિશ્વાસઘાત કરું તો મારા જેવો પાપી કોણ ? આવું પણ લાગે તો ય કામ થઈ જાય. અજ્ઞાનીની જેમ શ્રાવકો ય મજેથી પાપ કરે તો તેમને ય ભગવાનની આજ્ઞાની ખબર નથી ને ?

ભગવાનની આજ્ઞા પાળવી હોય તેને સાધુપણું પાળ્યા વિના છૂટકો નથી. તે માટે મહેનત કરે એટલે તે સમજી જાય કે, 'ઘરમાં મજેથી રહેવાય નહિ, ધંધા-ધાપા થાય નહિ, સુખ ભોગવાય નહિ, સુખમાં મૂંઝાય નહિ, દુ:ખમાં રોવાય નહિ.' આવું જ્ઞાન થઈ જાય. તમને થયું છે ? સંસારમાં ન છૂટકે રહ્યા છો કે મજેથી ? દરેકે કહેવું જોઈએ કે, સાધુપણાની ભાવના છે, થઈ શકતા નથી માટે બેઠા છીએ પણ મહેનત સાધુ થવાની કરીએ છીએ. બધા પાસે આમ હોયથી બોલાવવું છે. અહીં આવનારા જૈનો આવું ન બોલે તો તે શું સમજીને અહીં આવે છે ? શું સમજે છે તે સમજાતું નથી.

(ક્રમશ:)

મહાસતી – સુલસા

લેખાંક - ૧૪મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

પરિવ્રાજિકાએ ભલે ચાલતી પકડી. પરંતુ એણે ચાંપેલી કામ વિહવળતાની આગ રાજવી શ્રેણિકના ચિત્તમાં લબકારા લેવા માંડી. એમની આંખ સામે સુજ્યેષ્ઠાનું ચિત્રપટ હતું અને અંતરમાં કામાતુરતાનું તાંડવ મચી ગયું હતું.

કોઈ મહાન યોગીની યાદી અપાર એ હદે રાજવી શ્રેણિક સુજ્યેષ્ઠાના ચિત્રપટના અવલોકનમાં લયલીન બની ગયા. એક એક અંગો અને ઉપાંગોની બારીકાઈપૂર્વક નિરીક્ષા કરે છે. એક વાર નહિં અનેકવાર. એક દિવસ પૂરતી નહિં અનેક દિવસો ચાલી.

દિવસો પર દિવસો વિતતા ચાલ્યા, તો પણ રાજવીના હૈયામાં પ્રગટેલી કામાતુરતાની જ્વાળા શમવાનું નામ નથી લેતી. શમી તો નથી જ જતી પણ પૂનમની ભરતીની જેમ વધુને વધુ વિકરાળ સ્વરૂપ લેતી જાય છે.

દિવસ અને રાત, શ્રેણિકની આંખોમાં સુજ્યેષ્ઠા રમે છે.

સવાર અને સાંજ, શ્રેણિકના વિચારોમાં સુજ્યેષ્ઠા તરવરે છે.

નથી મિષ્ટાન્નમાં મધુરતા મહેસુસ થતી, નથી ફરસાણમાં તીખાશ મહેસુસ થતી, નથી પુષ્પોમાં સુગંધ મહેસુસ થતી, નથી પાણીમાં તૃપ્તિ મહેસુસ થતી, નથી ઉપવનોમાં છાયા મહેસુસ થતી. નથી રાજભવનોમાં શાંતિ મહેસુસ થતી, નથી ગીતોમાં સંગીત મહેસુસ થતું, નથી નાટકોમાં કૌતુક મહેસુસ થતું, નથી રાણીઓમાં રૂપ મહેસુસ થતું, નથી સંસારમાં સુખ મહેસુસ થતું.

શ્રેણિક માટે તો સમગ્ર સૃષ્ટિ સુજ્યેષ્ઠામય બની ગઈ. સુજ્યેષ્ઠાના વિચારોએ એના તન- મન જીવનનો કબજો લઈ લીધો. જ્યાં જાય ત્યાં એને સુજ્યેષ્ઠાની પ્રતિમૂર્તિના જ દર્શન થાય છે. સુજ્યેષ્ઠા સીવાયનો એકેય અભિપ્રાય- આપવા એમનું મન તૈયાર નથી. શું રાજ્યચિંતા કે શું પરિવારચિન્તા? બધે જ રાજવીની નિરસતા છલકાવા લાગી.

નિરસતાની આ રાખ રાજવીના વદનને સતત નિસ્તેજ બનાવે રાખતી. રાજસભામાં સુવર્ણના સિંહાસન પર ભલે રાજવી આરૂઢ થયા હોય પરંતુ એમના ચહેરા પર છવાયેલી નિરસતા સભ્યોની આંખમાં નોંધાયા વિના રહેતી નહીં.

એક દિવસ તો એ નિરસતાએ રાજવીના માનસપટનો સજ્જડ રીતે કબ્જો લઈ લીધો. મહામાત્ય અભયકુમાર જેવા અભયકુમાર જ્યારે પોતાના પિતાજીને નમસ્કાર કરવા આવ્યા અને નમસ્કાર સ્વરૂપે દંડવત્ થઈ ગયાં તો ય રાજવીના લક્ષ્યમાં ન રહ્યું કે મારે નિત્યક્રમ પ્રમાણે આશીર્વાદ આપવાના છે.

ચકોર અભયકુમારે આ એક જ ઘટના પરથી નોંધી લીધું કે પિતાજી કોઈ કારમી ચિંતામાં શેકાઈ રહ્યા છે.

અભયકુમારે પિતાજીની ચિંતામાં પોતાની ભાગીદારી નોંધાવી. પૂછ્યું : હે તાત! આપ આજે આટલાં બધા વ્યગ્ર કેમ જણાવ છો? નથી શત્રુઓ તરફથી કોઈ ભય, નથી કુદરતી આપત્તિઓનો અણસાર. નથી સીમાડાઓની રક્ષામાં કયાય ત્રુટિ. નથી પ્રજાજનોમાં ચોરી વિગેરેનો ઉપદ્રવ. નથી રાજ્યમાં ધનભંડારની ઉણપ, નથી મહાજનનો વિરોધ- આમ છતાં આપના વદન પર ચિંતાની છાયા

પથરાઈ પડી છે.

શું કોઈ અધમપુરૂષે આપની આજ્ઞાનું અપમાન કર્યું છે?

શું કોઈ અણધારી આફતની નોબત વાગી ચૂકી છે?

જણાવો, કૃપાનાથ! ફરમાવો. એ કાયર પુરૂષને મારી મેધાના મહાપાશમાં જકડી આપની સમક્ષ હાજર કરીશ...

અભયકુમારે રાજવીની ચિંતાનું કારણ જાણવાની કોશિષ કરી, પરંતુ રાજવી એ કોશિષનો કોઈ ઉત્તર જ ન વાળ્યો. એ જ મૌન અને એ જ હતાશા. એ જ નિસ્તેજવદન અને એ જ બંધ ઓષ્ઠપુટ.... જાણે કશું સાંભળ્યું જ ન હોય તેમ શૂન્યમનસ્ક થઈને રાજવી બેઠા રહ્યા.

હા, રાજવીએ અભયકુમારના નેત્રોમાં નેત્રો પરોવ્યા ખરા, એમ એકીટસે નિરખવાનું ચાલુ રાખ્યું. બુદ્ધિનિધાન અભયકુમારને હવે રાજવીનું દર્દ પારખતા વાર ન લાગી. ત્વરિત ગતિએ એ રાજવીના દર્દનું નિદાન કરી શકયા. આ દર્દ દેહનું નહતું. રાજકીય કે પારિવારીક પણ ન હતું. દર્દ હતું મનમાં ખેલાઈ રહેલા મદનદેવ (કામવૃત્તિ)ના તાંડવનું. એ તાંડવનો જ્યારે અભયકુમારને પાક્કો નિશ્ચય થઈ ગયો ત્યારે તાંડવનું શમન કરાવવાની તૈયારી સાથે તેમણે દાણો દાબી જોયો.

અથવા તો શું પિતાજી, કોઈ રૂપસુંદરીએ આપના મનનો કબજો લઈ લીધો છે? પુત્ર વત્સલ તાત, શું આપ મારી કોઈ અપરમાતા ઈચ્છો છો? કૃપાલુ, જે દર્દ હોય તે જણાવો. જરૂરથી આપના મનોરથો પૂર્ણ થશે. આ સેવકને સેવાનો લાભ મળશે. અભયકુમારના મધ ઝરતાં વચનો સાંભળતાં શ્રેણિકરાજાના ચિત્તમાં આશનું નવું જ કિરણ ફૂટયું. નિરાશાનું તિમિર બે ડગ દૂર હટી ગયું.

તેમણે જણાવ્યું : વત્સ! તું પિતૃભકત છે તેમ બુદ્ધિનિધાન પણ છે એવી કોઈ ચીજ નથી કે સમસ્યા નથી જેને તારી બુદ્ધિના નહોર વીંધી ના શકે. હું દૃઢપણે માનું છું કે તારા માટે અશકય કશું જ નથી. દુઃશકયમાં દુઃશક્ય કાર્યો પણ તારે મન ડાબા હાથના ખેલ છે. એટલેસ્તો હું નચિંત છું. રાજયરક્ષણ જેવા પ્રશ્નો મને સતાવતા નથી.

પરંતુ પુત્ર! ખરૂ કહું તો મારો રોગ તે ચિંતાનો એવો જ કાંઈક છે.

થોડા જ સમય પહેલાં એક પરિવ્રાજિકા આવી હતી. એણે મારી સમક્ષ મહારાજા ચેટકની સુપુત્રી સુજયેષ્ઠાના રૂપની અને લાવણ્યની, પાંડિત્યની અને મારકણા દેહની ભરપેટ પ્રશંસા કરી. એટલું જ નહિં કહેતી પણ ગઈ કે આ સુજયેષ્ઠા ન હોય તો શ્રેણિકરાજાના અંતઃપુરમાં ધૂળ ભરી છે ધૂળ... આ શબ્દો સાંભળ્યા ત્યારથી મારૂં મન સુજયેષ્ઠા માટે આતુર બની ગયું છે.

પુત્ર, આતુરતાની આગમાં એ પરિવ્રાજિકાએ સુજયેષ્ઠાનું ચિત્રપટ મારા હાથમાં સરકાવી દીધું હોય છે એ તો ચાલી ગઈ પણ સુજયેષ્ઠાનું મોહક ચિત્ર જ્યારથી જોયું ત્યારથી મન વ્યાકુળ બની ગયું છે. આટલું કહી શ્રેણિકરાજે ઉંડો નિઃસાસો નાખ્યો.

પિતાજીનો નિઃસાસો સાર્થક કરી જાણતાં હોય તેમ અભયકુમારે કહ્યું, તાત! ખેદ ન કરો. સહાય પ્રસન્ન રહો. આપનું મનોવાંછિત કદી અધૂરૂ રહ્યું નથી. આ મનોવાંછના પણ પૂર્ણ થશે. એક કામ કરીએ. ચેટકરાજા પાસે આપણે એક દૂત મોકલીએ. શ્રેણિકરાજે સંમતિસૂચક મસ્તક ધૂણાવ્યું અને અભયકુમારે એક વિચક્ષણ દૂતને બરાબર તૈયાર કરી વૈશાલીનગરી તરફ રવાના કર્યો.

દૂત પણ પૂરઝડપે પંથ કાપીને વૈશાલી પહોંચ્યો. વૈશાલીના રાજભવન પર સીધા જ ધસી જઈ એણે રાજભવનના પ્રતીહારીને પોતાનો પરિચય આપી ભવનમાં પ્રવેશ મેળવ્યો. મંત્રણા કક્ષમાં બિરાજેલા રાજવી ચેટક પાસે તે ખડકાઈ ગયો.

નમસ્તે નરનાથ... વૈશાલીનરેશનો જય થાઓ... વિજય થાઓ- મગધપતિ શ્રેણિક રાજ

આપનું સદૈવ શુભ ચાહે છે રાજન્ કહી દૂતે ચેટકરાજને પ્રણામ કર્યા.

ચેટકરાજે પણ દૂતનો ઉચિત આદર કરી એને ભદ્રાસન પર બેસાડયો. મગધપતિના ખબર-અંતર પૂછયા. કુશળતા જાણી. ત્યારબાદ મગધપતિનો સંદેશો જાણવાની જિજ્ઞાસા વ્યકત કરી.

અત્યંત વાક્‌ચતુર એવા દૂતે પણ જાત-જાતની યુક્તિ- પ્રયુકિતથી સમૃદ્ધ પોતાની વાણી દ્વારા રાજવીનું ચિત્તરંજન કરતાં જઈ અંતે જણાવ્યું કે રાજન્! વર્તમાનકાળમાં જેમનું પરાક્રમ અને રૂપ પરમોચ્ચકક્ષાએ પહોંચેલું ગણાય છે એવા અમારા સ્વામી શ્રેણિકરાજે વર્તમાનની સૌથી વધુ ચતુર, કુશળ અને રૂપવતી આપની પુત્રી સુજ્યેષ્ઠાનો હાથ માંગ્યો છે. બસ, આ જ એક માંગણી લઈને મને મોકલ્યો છે.

નરનાથ, રાજવી શ્રેણિક જેવો ભર્તા અને સુજ્યેષ્ઠા જેવી સુકન્યાને જો યોગ નહિ સધાય તો વિધાતાનું એક વિધાન અધૂરૂ રહી જશે.

દૂતનો પ્રસ્તાવ સાંભળી ચેટકરાજ ભારે છંછેડાઈ ગયા. ઘૂજેલા મધપૂડા પરથી છંછેડાયેલી મધમાખીઓ જેવું રૂદ્ર અને આક્રોશયુકત એમનું સ્વરૂપ થઈ ગયું. દૂતને ખંખેરી નાખતા એમણે કહ્યું નરાધમ! તને શરમ નથી આવતી, તું શું બોલી રહ્યો છે?

ચદ્વા- તદ્વા- કયાં શ્રેણિક અને કયાં સુજ્યેષ્ઠા?

હૈસ્તવંશમાં ઉદ્‌ભવેલી સુજ્યેષ્ઠા જેવી પરમકુલીન કન્યા શું વાહીકૂલ જેવા સાધારણકૂળના શ્રેણિકને મળી શકે ખરી? વિચાર કર. અવિચારી પ્રલાપ બંધ કર.. જા, ચાલ્યો જા, તારા રાજાને કહેજે આવા પ્રસ્તાવો લઈને કોઈ દૂતને હવે પછી મોકલે નહિં.

દૂતની હાલત તો ફાળ ચૂકી ગયેલા વાનર જેવી થઈ. નિસ્તેજ વદને તે પાછો ફર્યો. રાજવી શ્રેણિક પાસે આવી રાજા ચેટકે કરેલા અપમાનની અને આપેલા હીનકુળના ઉપાલંભની વાત વિગતે કહી સંભળાવી.

રાજા શ્રેણિક પણ સુજ્યેષ્ઠા માટે રાજવી ચેટકે કરેલાં ઈન્કારથી ખિન્ન થઈ ગયા. રાહુથી ગ્રસાયેલા ચંદ્રની જેમ ફીક્કા પડી ગયા.

પણ આ સમયે પિતાજીના ચિત્તને આશ્વાસન આપતાં મહામાત્ય અભયકુમારે બાજી સંભાળી લીધી. કહ્યું. તાત- ચિંતા ન કરો. ભલે ચેટકરાજે સુજ્યેષ્ઠા માટે ઈન્કાર કર્યો.. હું ગમે તે રીતે આપનું ઈષ્ટ કરીશ.

અભયકુમારે કરેલા ધારદાર દાવાથી રાજવી શ્રેણિકના દાઝેલાદિલમાં જાણે મેઘની ધારા વરસી પડી... તેઓ પ્રફુલ્લિત થયા.

આ તરફ પિતાજીના આશીર્વાદ લઈ અભયકુમાર પોતાના નિવાસે પહોંચ્યા. દેવોને પણ ભ્રમિત કરી દે અને દેવાંગનાઓને પણ આંજી દે એવું મહારાજા શ્રેણિકનું સર્વાંગસુંદર ચિત્ર તૈયાર કર્યું. અપેક્ષા પ્રમાણેનું ચિત્ર તૈયાર થતાં પિતાજીની સંમતિ મેળવી અભયકુમારે ભાવિ આયોજન પણ ઘડી કાઢયું.

પ્રભાવવંતી જડીબુટ્ટીઓ અને ગુટિકાઓના પ્રભાવનો ઉપયોગ કરી અભયકુમારે પોતાનું રૂપ બદલ્યું. પોતાનો દેહવર્ણ પણ બદલ્યો અને પોતાનો સ્વર પણ બદલ્યો. એક મહામાત્યની રૂપમાંથી કોઈ અઠંગ વેપારીના રૂપમાં પરિવર્તિત થઈ અભયકુમારે વૈશાલી તરફ પ્રયાણ આદર્યું. સાથે શ્રેણિકરાજનું સર્વાંગસુંદર ચિત્ર હતું અને થોડોક બીજો પણ કર્મકર ગણ.

વૈશાલીમાં પહોંચી વૈશાલીના રાજમાર્ગોની, રાજમહેલની, રાજપરિવારની, એમની પ્રવૃત્તિઓની ઝીણવટભરી માહિતી મેળવી. ત્યારપછી બરાબર રાજભવનની નજીકના રાજમાર્ગ પર સુગંધી દ્રવ્યોની એક દુકાન શરૂ કરી.

યોગાનુયોગ હતો કે કુમારી સુજ્યેષ્ઠાના ખંડની બારી આ દુકાન સામે જ પડી રહી હતી. સુજ્યેષ્ઠા અને એની ભગિનીઓની સેવામાં હંમેશ માટે એક

દાસી વર્ગ તૈનાત રહેતો. રાજકુમારીઓના ઇચ્છિત દ્રવ્યો તેઓ લઈ આવતી. એમની કામનાઓની પૂર્તિમાં સહાયક થતી.

અત્તર અને ધૂપ, ગંધપૂરી અને પુષ્પ જેવા રાજકન્યાની દેહભૂષા માટેના દ્રવ્યોની ખરીદી માટે હવે આ દાસીઓ અભયકુમારની દુકાને પણ આવવા લાગી.

એ કયાં ભીંતરના ખેલથી જ્ઞાત હતી? ચતુર અભયકુમારની યોજના બરાબર પાર પડી રહી હતી. તીર ભરચક અંધારાને ભેદીનેય નિશાન તરફ દોડી રહ્યું હતું.

હવે તો રાજદાસીઓની અવરજવર પણ કુમારની દુકાન માટે રોનિંદો વિષય બની ગઈ. દાસીઓ જ્યારે આવતી ત્યારે કુમાર એમને વધુ દાદ આપતો... દ્રવ્યોના ભાવ પણ ઓછા કહેતો અને હાંસીભરી વાતો કરતો. આ બધું થતાં દાસીઓનું આકર્ષણ સહજરીતે બીજી દુકાનો પરથી ઊઠી કુમારની દુકાન તરફ વળ્યું.

એક પછી એક યોજના નિશાન તરફ આગળ વધતી જઈ કુમારે હવે નવો દાવ શરૂ કર્યો. એ રાજવી શ્રેણિકની જે ખૂબસૂરત છબિ લઈ આવ્યો હતો એ છબિને પોતાની દુકાનમાં બરાબર ધ્યાનાકર્ષક સ્થાને ટીંગાડી. રાજભવનની દાસીઓ જ્યારે જ્યારે આવતી ત્યારે કુમાર હવે ચોક્કસ હેતુપૂર્વક શ્રેણિકરાજની છબિ સમક્ષ ધુપ દીપ ચેટાવતો. આંખો બંધ કરી પ્રાર્થના કરતો. પ્રણામ કરી સુગંધીદ્રવ્યો દ્વારા પૂજન કરતો.

વેપારી કુમારનું આ ચિત્રપૂજન દાસીઓની જાણ બહાર ન રહ્યું. એટલું જ નહિં કુમારની આ નવી-નવી ખીલેલી ચિત્રપટ ભક્તિમાં ભંડારાયેલું નાટ્યાત્મક તત્વ પણ આ દાસીઓએ નજરઅંદાજ કર્યું હતું. એટલે જ એમને વિનોદનો નવો વિષય મળ્યો હતો.

એક દિવસ દાસીઓએ ચિત્રપટ માંગ્યું. કુમારે આપ્યું. એક બીજી દાસીઓના હાથમાં સરકાવ્યું એ ચિત્ર સુજ્યેષ્ઠાની માનીતી દાસીના હાથમાં આવ્યું અને એનાથી પૂછાઈ ગયું : ભદ્ર આ કયાં પુન્યપુરૂષનું ચિત્રપટ છે? જેનું તમે પૂજન કરો છો?

આ તો મારા આરાધ્યપુરૂષ છે. નરનાથ છે. જેમની ઋદ્ધિ અને સમૃદ્ધિની સીમા નથી. મારી નગરીના આ નાથ મને સદાય ઇષ્ટવસ્તુઓ આપતાં રહે છે.

ચતુરદાસીએ કુમાર પાસે પ્રસ્તાવ મૂકયો તમે સંમતિ આપો તો થોડા સમય માટે આ ચિત્રપટ લઈ જઈએ. અમારી સ્વામિનીને પણ આ ચિત્ર જોવા મળશે તો આનંદ થશે.

કુમારે અનુમતિ દર્શાવી.

ચતુરદાસીઓ સીધી જ સુજ્યેષ્ઠા પાસે પહોંચી ગઈ.

જઈને સુજ્યેષ્ઠાને ઉત્તેજિત કરી. સ્વામિની. આજે અમે એવું ચિત્ર જોયું, જેવું જીવનમાં કયારેય નથી જોયું. હજી અમારા નેત્રો તૃપ્ત નથી થતાં...

ઉત્તેજિત થયેલી સુજ્યેષ્ઠાએ પણ આજ્ઞા આપી કે પૂછો છો શું? જાઓ જલ્દી, એ ચિત્રપટ લઈ આવો... મારેય એ નીરખવું છે.

દાસીઓ ફરીથી અભયકુમારની દુકાન પર ટોળે વળી.

(ક્રમશઃ)

❖ A man of COURAGE never wants words.
❖ A man of words and not of deeds, is like a garden full of weeds.
❖ A man without RELIGION is like a horse without a bridle
❖ A penny saved is a penny GAINED.
❖ A SERVANT is known by his master's conduct.

પૂ.સા.શ્રી વિમલકીર્તિશ્રીજી મ.ના ગુણાનુવાદ

પૂ. દક્ષાશ્રીજી મ.સા.ના સુશિષ્યા આ શ્રી પૂર્ણજ્ઞાશ્રીજી મ. સા.

પ્ર.આ.વ.૭

ચત્તારિ પરમંગાણી, દુલ્લહાણીહ જંતુણો;
માણુસત્તં સુઈ સધ્ધા, સંજમમ્મિ અ વીરિઅં ॥

અનંત ઉપકારિ તીર્થંકર પરમાત્માએ ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર વસ્તુની દુર્લભતા બતાવી છે. તેમાં પહેલા નંબરે મનુષ્યજન્મ, ૨. જીનવાણીનું શ્રવણ ૩. જીનવચનની શ્રદ્ધા અને ૪. સંયમમાં પરાક્રમ.

અમારા તમારા સૌના પુણ્યોદયે મનુષ્યજન્મ પ્રાપ્ત થયો; જૈનકુળ પ્રાપ્ત થયું. સુરત જેવા શહેરમાં અને ગોપીપૂરામાં વસ્યા જેથી જિનવાણીનું શ્રવણ નિરંતર પ્રાપ્ત થઈ ગયું. દેવ આગળ તમારે પ્રયત્ન કરવાનો બાકી રહ્યો; આ ભગવાનના વચન મને હૈયાથી ગમ્યા કે નહિં તે વિચારવાનું છે. પરમપૂજ્ય સા.ભ.શ્રી વિમલકીર્તિશ્રીજી મહારાજે પ.પૂ.પ્રેમસૂરિશ્વરજી મ.ની છાયામાં રહ્યા. પૂજ્યપાદ ગચ્છાધિપતી શ્રીજી પૂ. રામચંદ્રસૂરિશ્વરજી મ.ના શ્રીમુખે જિનવાણીનું શ્રવણ કર્યું અને ચિત્તને ભાવનાઓથી ભાવિત બનાવ્યું, સંસારની અસારતા હૈયે વસી જ્યારે માત્ર ૨૪ વર્ષની ઉંમરે ૪થું વ્રત ગ્રહણ કર્યું આ ચોથું વ્રત જગતમાં દીવો તેમ જ્ઞાની પુરુષો વર્ણવે છે. તેમજ આ વ્રત જે ગ્રહણ કરે તેને અડધી દીક્ષાનો લાભ મળે છે.

પૂ. સાધ્વીજી ભ.નું સંસારી નામ 'વિમળાબ્હેન' હતુ પોતાના ઘરવાળા શ્રેષ્ઠી મનસુખભાઈ વૈરાગ્યમાં દૃઢ હતા તેમની મક્કમતાથી વિમળાબેને પણ પુત્રની મમતા છોડી એક પુત્રને પોતાની પહેલા દીક્ષા આપી, એક પુત્રને કાકાને ત્યાં સોંપી, આત્મકલ્યાણનો નિશ્ચય કરી વિ.સં.૨૦૧૧ જેઠ સુ.પના દિવસે ભાયખાલામાં પ્રવજ્યા અંગીકાર કરી. પ.પૂ.સરળ સ્વભાવિ, પૂ.નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા 'વિમલકીર્તિશ્રીજી' નામે પ્રસિદ્ધ થયાં, ગુરુણીજી અને સહવર્તીઓની સહાયથી સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચાદિ ગુણો કેળવ્યા, જીવનમાં માસખમણ તપની પણ આરાધના કરી છે. એમ અનેક તપશ્ચર્યા કરી છે. ગુરુ સમર્પણ ગુણ સુંદર હતો જેથી તેઓશ્રીજી ગુરુના કૃપાપાત્ર બન્યા હતા.

છેલ્લે ઘણા દિવસોથી માંદગી હતી. પરંતુ જ્યારે પણ આચાર્યભગવંતો પૂછે ''સાધ્વીજી ભગવંત કેમ છે ?'' તો કહેતા ' સારૂ છે, દેવ-ગુરુપસાય'' ક્યારેય પણ રોગની વેદનાની ફરીયાદ નહિં, મૃત્યુની પળ સુધી મુખની રેખા બદલાઈ નથી, મરવાના ભયથી ગ્લાનીરૂપ કોઈ ભાવ જણાયો નથી, છેલ્લે છેલ્લે પણ પ.પૂ.નાના આચાર્ય ભગવંતે પૂછયું સાધ્વીજી મહારાજ અરિહંતના ધ્યાનમાં છો ત્યારે પણ સ્હેજ 'હુંકારો' કર્યો હતો. વેદના હતી પરંતુ પોતે અંદરથી સજાગ હતા.

પ.પૂ.સાધ્વીજી ભગવંત જે રીતે જીવન જીવી ગયા અંતે સમાધિ સાધી ગયા તેમ આપણે પણ એમના જીવનને આદર્શ બનાવી. ધર્મના અનુષ્ઠાન દ્વારા આત્મગુણોનો વિકાસ સાધીએ જેથી આલોક સુધરે, પરલોક સુધરે અને અંતે સમાધિ મરણ પ્રાપ્ત થાય.

વસુદેવ હિંડ ચરિત્ર અંતર્ગત મદનવેગા લંભક

(ગયા અંકથી ચાલું)

પુષ્પદંતાને ચોરો પક્ષીમાં લઈ ગયાં. પક્ષીપતી એ મથુરામાં સૂરદેવ રાજાને આપી. રાજાએ તેણીને પટ્ટરાણી બનાવી. જિનદાસ મરીને વાંદરો થયો. વણીકોએ તેનું નાચતાન જોઈ મથુરાના રાજાને રૂા. ૧૦૦૦ માં વેચ્યો વાંદરો પુષ્પદંતાને જોઈ મૂર્છિત થયો. પૂર્વ જન્મનું સ્મરણ થતાં તેણે પુષ્પદંતા આગળ આવી. હું જિનદાસ છું એવા અક્ષરો લખ્યા. પુષ્પદંતા દુ:ખી શોકાતુર બની. વાનરે તેને પકડી. તેણીએ ચીસ પાડી. સૂરદેવે વાનરનો વધ કરવા આજ્ઞા કરી ધર્મરૂપી સાધુને જોઈ વાંદરો નમી પડ્યો. સાધુએ તેને અનશન કરાવ્યું. નવકાર મંત્ર આપ્યો. રાજપુરૂષોએ તેનો વધ કર્યો. મરીને પૂર્વના માતાપિતાના પુત્ર થયો. તેનું વાન્તામય નામ પાડ્યું. જાતિ સ્મરણ થતાં ધર્મરૂચી અણગાર પાસે તે દીક્ષા લેવા તૈયાર થયો. મુનિના મુખથી તેનો પૂર્વ ભવ જાણી પિતા પુત્રે દીક્ષા લીધી. અર્હદાસ વાન્તામયને ધર્મરૂચી વિહાર કરતા મથુરામાં આવ્યા. સૂરદેવે પુષ્પદંતાની સાથે વંદન કરવા આવ્યો. સૂરદેવે વાન્તામયને પૂછ્યું કે આપે યૌવનવયમાં દીક્ષા કેમ લીધી ?

વાન્તામયે કહ્યું કે પુષ્પદંતાદેવી મારા નિર્વેદનું કારણ છે.ધર્મરૂચીએ અવધિ જ્ઞાનથી જિનદાસને પુષ્પદંતાનું અશ્વ ઉપર બેસી નાસી જવું વગેરે બધી હકીકત બાજ સુધીની કહી બતાવી. રાજાએ દેવીની સાથે દીક્ષા લીધી. ધર્મરૂચી અણગાર કાળ કરી સૌધર્મેન્દ્ર થયા. અર્હદાસ વગેરે ચારે જણા તેમના સમાનીક દેવો થયા. ત્યાંથી ચ્યવી ધર્મરૂચી તે સુધર્મસૂરિ લબ્ધી સંપન્ન થયા. બીજા ત્રણ રાજા થયા અને પુષ્પદંતા રાજપુત્રી કનકમાળા થઈ. ત્રણ રાજાઓ તેને પરણવા આવ્યા. કનકમાળાને કોઢ રોગ થયો. સુધર્મસૂરિના ઉપદેશથી બધાએ દીક્ષા લીધી. સુધર્મસૂરિ કાળ કરી પાંચમા દેવલોકે ગયો. ચારે જણા તેમના સામાનીકે દેવ થયા. ત્યાંથી ચ્યવી સાકેત નગરનો હું હરિવાહન રાજા સુધર્મ સૂરિનો જીવ આજે કેવળી થયો છું. મારા ચાર સામાનીક દેવો ચ્યવીને મારી ચારે પુત્રીના સ્વામી થયા. એટલે મારા જમાઇ થયા. મેં તેઓની સાથે દીક્ષા લીધી. મને કેવળજ્ઞાન થયું. તેમને પણ આજ રાત્રે કેવળ જ્ઞાન થશે. આ પ્રમાણે તે ચારેનો પરસ્પર અનુરાગ છે. પૂર્વ ભવની નાગશ્રી અને વિષ્ણુશ્રી બન્ને અમો કેવળી ભગવંતની વાણી સાંભળી સમકીત પામી.

એક વખત ખેતરમાં સાથે સુતી હતી તે વખતે એક બાજ પક્ષી સર્પને લઈ જતાં સર્પ છુટી જવાથી અમારા પર પડ્યો. ઝેર ચડવાથી અમો મરી શકેન્દ્રની પટ્ટરાણી થઈ. ત્યાંથી ચ્યવી પુષ્પકેતુ નગરમાં પુષપદંત રાજાની પુષ્પચુલા દેવીને કુક્ષીએ વિમલાભા અને સુપ્રભાના નામે પુત્રીઓ થઈ. અમારી વિદ્યાકલાથી ખુશ થઈ પિતાએ વરદાન માગવા કહ્યું. અમે બન્ને પૂર્વ જન્મના જ્ઞાનવાળી હોવાથી દીક્ષાની માંગણી કરે. તેમણે મહોત્સવ પૂર્વક અપાવી તે જ અમો બન્ને અહિ આવી છીએ એમ કહી તેઓ ગઈ. બંધુમતીએ વસુદેવને આ વાત કરી પછી કહ્યું કે હું પ્રિયંગુસુંદરી પાસે ગઈ તેણીએ મારૂં સન્માન કરી મને પાછી મોકલી. (હવે વસુદેવ પોતાનું વૃતાંત કહે છે) પછી બંધુમતી મારી સાથે રમી. એક વખત નર્તકીઓ પાસેથી મારો ઈતિહાસને વર્ણન સાંભળી પ્રિયંગુ સુંદરીએ દ્વારપાળને મારી પાસે મોકલ્યો. તેણે કહ્યું કે હું એણી પુત્ર રાજાનો ગંગરક્ષિત નામે દ્વારપાળ છું. એકવાર હું મારા પ્રિયમિત્ર વીણાદત્તની સાથે ચોકમાં બેઠો હતો. તે વખતે રંગપતાકા ગણિકાની દાસીએ વીણાદત્તને બોલાવ્યોને કહ્યું કે રંગપતાકા અને રતિસેનિકાના કુકડાઓનું યુદ્ધ થાય છે. તે જોવા આવો. વીણાદત્તની સાથે હું પણ ગયો. લાખોની

હોડો બકાતી હતી. રંગપતાકાને રતિસેનીકાની વારાફરતી હારજીત થતી હતી. તેમાં મશગુલ બનેલો હું ગણિકાને ત્યાં બાર વર્ષ રહ્યો. મારા પિતાનું મરણ સાંભળી હું ઘેર આવ્યો ને ઉત્તરક્રિયા કરી માતા પાસે બેઠો મારો મિત્ર મર્કટક આવી મને રાજદરબારમાં લઈ ગયો. રાજાએ મને દ્વારપાળ બનાવ્યો. મારી પરીક્ષા કરી મને કન્યા અંત:પુરનો રક્ષક બનાવ્યો. એકવાર હું પ્રિયંગુ સુંદરીને ઘેર ગયો. તેની દાસીઓએ મને ભાવથી જમાડી કહ્યું કે 'ત્રણ પ્રકારના પુરૂષો છે. 'મિત્ર, શત્રુ અને તટસ્થ' તેમાં તમે કયા પ્રકારના છો ? મેં કહ્યું હું મિત્ર છું. દાસીએ કહ્યું જો તમે અમારા સ્વામીની પ્રિયંગુ સુંદરીના મિત્ર હો તો તેમનું કાર્ય કરી આપો. મિત્ર ખરે વખતે પોતાનો જીવ આપીને પણ મિત્રનું કામ કરી દે છે. પ્રિયંગુ સુંદરી વસુદેવની ઈચ્છા કરે છે. તેના વગર તે જીવી શકે તેમ નથી. માટે ગમે તેમ કરી વસુદેવને લાવો. હું ત્યાંથી નીકળી આપની પાસે આવ્યો છું.

વસુદેવે વિચાર્યું કે ત્યાં જવું એ જીવનું જોખમ છે પર સ્ત્રી કરતાં રાજકન્યા પાસે જવામાં વધુ જોખમ છે. પૂર્વે વૈતાઢ્યની દક્ષિણ શ્રેણીમાં રત્નસંચય પુરીમાં ઈન્દ્રકેતુ વિદ્યાધર રાજા હતો. તેને પુરહુતને વાસવ નામે બે પુત્રો હતા. વાસવ વિકુર્વેલા ઐરાવણ હાથી પર બેસી ગૌતમ ઋષિનો રમણીય આશ્રમ જોઈ ત્યાં ઉતર્યો. ગૌતમ તાપસનું નામ પૂર્વે કાશ્યપ હતું. તે એકવાર ગાયનો હોમ કરવા લાગ્યો આથી ગુસ્સે થયેલા તાપસોએ તેને અંધકુપમાં નાખ્યો. તેનો પૂર્વકાળનો મિત્ર કાંદર્પિક દેવે કૂવા આગળ આવી. વૃષભનું રૂપ કરી પુંછડું કુવામાં લટકાવ્યું. ગૌતમ પુછડે વળગ્યો ને બહાર નિકળ્યો. દેવે તેને વરદાન આપ્યું. તેણે કહ્યું કે વિષ્ટાશ્રવ તાપસની સ્ત્રી મેનકાની પુત્રી અહલ્યા મને અપાવ દેવે તે કન્યા અપાવી પછી અંધ ગૌતમના નામથી ઓળખાતો તે અયોધન રાજાના સીમાડામાં આશ્રમ બાંધીને રહ્યો. દેવની આજ્ઞાથી અયોધનરાજા તેને વસ્તુ પુરી પાડતો હતો. ગૌતમની ગેરહાજરીમાં વાસવે અહલ્યાને ભોગવી ગૌતમને આવતો દેખી તેણે બળદનું રૂપ ધારણ કર્યું. ગૌતમે પર સ્ત્રી ગમનના દોષથી તેને મારી નાખ્યો. આવું નાટક દેખી હું સુઈ ગયો. અર્ધ રાત્રે કોઈ સ્ત્રીનો અવાજ સાંભળી હું જાગ્યો. તેણે મને ઈશારાથી બોલાવ્યો. હું તેની પાસે ગયો. તે દેવીએ મને કહ્યું કે 'ચંદનપુર નગરમાં અમોઘરિપુ રાજાને ચારૂમતી દેવીથી ચારૂચંદ્ર કુમાર થયો. વસુમિત્રને તેનો પુત્ર સુષેણ બન્ને મંત્રી તરીકે રાજ્યનું બધું કામ સંભાળતા હતા. ત્યાં અનંગસેના ગણિકાને કામપતાકા નામે કન્યા હતી.

દુર્મુખ તેનો દાસ હતો. કામપતાકાના રૂપમાં લુબ્ધ દુર્મુખે તેને પકડી. કામપતાકાએ કહ્યું કે 'જો જિનશાસન મને રૂચ્યું હોય તો આનાથી મુકાવું.' મેં દુર્મુખને શિક્ષા કરી તે તેના પર ગુસ્સે થયો. હવે એક વખત તાપસોના આગ્રહથી યજ્ઞમાં ગણિકાઓની નૃત્યની હરિફાઈ થવાની હતી. દુર્મુખ દાસે કામપતાકાનો વારો આવતાં સોયો વિષવાળી બનાવી તે પર નાચ કરવાનું ગોઠવ્યું. દેવપ્રભાવે વિષયુક્ત સોયો હરી લેવાથી કામપતાકાનો વિજય થયો. ચારૂચંદ્ર કુમારે તેને છત્રચામર આભરણો ભેટ આપ્યાં. આભરણ વગરના ચારૂચંદ્રને જોઈ રાજાએ પુછતાં તેણે કામપતાકાને ભેટ આપ્યાનું કહ્યું. આ તરફ કામપતાકા જિન મહોત્સવ કરવા લાગી તે જોઈ રાજાએ તેની માતા અનંગસેનાને પુછયું કે શું કામપતાકા શ્રાવિકા છે ? અનંગસેનાએ કહ્યું કે ''એક વખત ચંદનપુરનો વતની સ્વામીદત્ત નામે શ્રાવક આવેલો કામપતાકાને તે ગમવાથી તેની સાથે પરણાવવા હું તે શ્રાવકના ઘેર ગઈ તેણે કહ્યું કે મારે સ્વદાર સંતોષવ્રત હોવાથી બીજી સ્ત્રી પરણીશ નહિ. તેના ઉપદેશથી હું પણ શ્રાવીકા બની. રાજાએ દુર્મુખનો અનાચાર જાણી વધ કરાવ્યો. કામપતાકા ચારૂચંદ્ર કુમાર સાથે પરણાવી. એક વખત ઉદક બિન્દુ આદિ તાપસો બીલ્વનાં ફળો લઈ રાજાને ભેટ આપી કહ્યું કે ''અમારા ઉપાધ્યાય શુનકચ્છેદને કામપતાકા આપો. રાજાએ કહ્યું કે તે કુમારને આપી

છે. તેથી હવે તેને આપી શકાય નહિ. રાણી બીલ્વફળો જોઈ બહુ ખુશ થઈ. અને તેના ઉત્પત્તિ સ્થળે જવા રાજાએ કહ્યું. પ્રધાનોના વારવા છતાં રાણીના આગ્રહથી રાજા ત્યાં ગયો. અને બીલ્વ ફળો લીધાં ત્યાંતો કુલપતિ ચંડકૌશિકે રાજાને શાપ આપ્યો કે તેં અમારૂ ઉદ્યાન લુટ્યું છે તેથી મૈથુન વખતે તારા માથાના સો ટુકડા થઈ જશે. ભય પામી રાજા દેવીને મંજુલા ધાત્રી સાથે દીક્ષા લઈ તાપસ બન્યો રાજાના વલ્કલમ. શુક્ર પુદ્‌ગલ આવ્યું તે દેવીએ પહેર્યું તે પુદ્‌ગલ યોનીમાં પ્રવેશ થતાં દીકરી જન્મી તેનું ઋષીદત્તા નામ પાડ્યું.

રાણી કાળધર્મ પામી ત્યારે તાપસે ઉછેરી મોટી કરી. કોઈ ચારણ મુનિના ઉપદેશથી તે શ્રાવિકા થઈ. ત્યાં આવેલ પોતાના ભાણેજ શીલાયુધ્ધ સાથે ઋષીદત્તાને પરણાવી. અન્યદા ઋષીદત્તાને ગર્ભ રહ્યો. શિલાયુધ્ધ પોતાના સ્થાને ગયો. વિષફળનો આહાર કરવાથી મંજુલા ધાત્રી મરણ પામી. ગર્ભનો જન્મ થતાં ઋષીદત્તા મરણ પામી. તેથી તેનો પિતા મૂર્છા પામ્યો. મૂર્છા વળતાં કુમારને ખોળામાં લઈ રૂદન કરતો હતો. ઋષીદત્તા વ્યંતરી થઈ. તેણે મૃગીનું રૂપ લઈ બાળકના મોઢા આગળ સ્તન રાખી ઉભી રહી. તે જોઈ તાપસ રાજાને શાન્તિ થઈ. બાળક મોટો થયો એકવાર તે સમધિ લેવા ગયો ત્યાં સર્પ કરડ્યો. દેવીમૃગી એ આવીને તેનું વિષ ઉતારી જીવાડ્યો. તેણીએ કહ્યું કે હે પુત્ર હું પૂર્વે ઋષીદત્તા હતી પછી સર્પને તર્જના કરી કહ્યું કે હે ચાંડાલચંડકૌશીક ? હજી પણ ક્રોધ ત્યજતો નથી. તેના ઉપદેશથી સર્પ અનશન કરી મૃત્યુ પામી નંદનવનમાં બલકૂટ ઉપર બળ નામે દેવ થયો. શ્રાવસ્તી નગરીમાં શતાયુધ રાજા કાળધર્મ પામતાં શીલાયુધ રાજા થયો.

ઋષીદત્તા વ્યંતરી તાપસીનું રૂપ લઈ પુત્રની સાથે શીલાયુધ રાજા પાસે જઈ કહ્યું કે આ તમારો પુત્ર છે એમ કહી અદશ્ય થઈ ગઈ. તે વખતે આકાશવાણી થતાં રાજાએ પુત્રને સાચો માની સેવકોને સોંપ્યો. રાજા વ્યંતરીને શોધતો આશ્રમ સુધી ગયો. વ્યંતરીએ પિતા તથા પતિને બોધ પમાડ્યો. બળદેવે આવી ચંડકૌશીક સર્પ તરીકેની પોતાની ઓળખ આપી અમોઘરથ રાજા તાપસ મટી સાધુ થયો. દેવી વસુદેવને કહે છે. જે પેલો બાળક હતો તે જ આ એણીપુત્ર રાજા છે અને હું જ્વલનપ્રભદેવની ભાર્યા નાગિની છું. વસુદેવના કહેવાથી તેણીએ સગરના પુત્રોએ અષ્ટાપદથાં ખાઈ ખોદી અને તેઓ બળી મુઆ વગેરે તથા સિદ્ધ ગંડીકા કહી બતાવી એણીપુત્રે મને (નાગિની દેવીને) આરાધી પુત્રની યાચના કરી તે વખતે નાગરાજધરણ અષ્ટાપદ પર્વત પર જતો હતો હું પણ ત્યાં ગઈ ત્યાં આવેલ અવધિજ્ઞાની મુનિઓને નાગરાજે પોતાનું ભવિ પુછતાં તેઓએ કહ્યું કે ''તમો ઐરવતક્ષેત્રમાં ચોવીસમા તીર્થંકર થશો. તમારી અક્ષા શિવાયની પાંચ અગ્રમહિષીઓ તમારા ગણધર થશે. અક્ષા ચ્યવીને એણીપુત્ર રાજાની પુત્રી પ્રિયંગુ સુંદરી થશે અને તે કૃષ્ણવાસુદેવના પિતા વસુદેવની સ્ત્રી થશે. છેવટે દીક્ષા લઈ મોક્ષે જશે.

મેં કહ્યું કે અક્ષા અને ધરણ પૂર્વભવે કોણ હતાં ? ત્યારે તેઓએ કહ્યું કે મથુરા પાસે સુગ્રામમાં સોમ્ય બ્રાહ્મણને સોમદત્તા સ્ત્રીથી ગંગશ્રી નામે પુત્રી થઈ. યક્ષીલ નામે બ્રાહ્મણે તેનું માગું કર્યું પણ તે મળી નહિ તેથી તે પરિવ્રાજક થયો. ગંગશ્રી સાધ્વી થઈ તેથી તે પરિવ્રાજકે પણ દીક્ષા લઈ સાધુ થઈ કાળધર્મ પામી ધરણેન્દ્ર થયો. ગંગશ્રી તેજ ધરણેન્દ્રની અક્ષા નામે અગ્રમહિષી થઈ છે.

પ્રિયંગુ સુંદરી ઉમરલાયક થતાં તેનો સ્વયંવર રચવામાં આવ્યો. જરાસંધ વગેરે રાજાઓ આવ્યા. પ્રિયંગુસુંદરીને કોઈ ગમ્યો નહિ. તેથી તે બધા રાજાઓ એણીપુત્ર સાથે લડતાં હારીને નાસી ગયા. પછી એણીપુત્રે મને પુછ્યું કે શું કારણથી આ કન્યા કોઈને ઈચ્છતી નથી. મેં કહ્યું તેણીનો ભર્તાર હજુ આવ્યો નથી. આવશે ત્યારે જણાવીશ. પછી તમે બંધુમતીને પરણ્યા. પ્રિયંગુસુંદરીએ તમને જોયા. તેથી કામ પીડીત બની અઠ્ઠમ કરી મને આરાધી. તમારો મેળાપ

કરી આપવા કહ્યું. મારી સૂચનાથી ગંગરક્ષીત તારી પાસે આવ્યો હતો. તેં ના પાડી તેથી હું પોતે તારી પાસે આવી છું તો તું અંત:પુરમાં જા. હું રાજાને ખબર આપીશ. તું વર માગ ! મેં પણ દેવીની આજ્ઞા મસ્તકે ચઢાવી કહ્યું કે 'જ્યારે હું તમારું સ્મરણ કરું ત્યારે આવશો. પછી તે ગઈ. બીજે દિવસે ગંગરક્ષીત મારી પાસે આવી મને કહેવા લાગ્યો કે આપે શું વિચાર કર્યો તે જણાવો. મેં કહ્યું તેનો ઉદ્યાનમાં ભલે સમાગમ થાય. હું ઠરાવેલા ટાઈમે ઉદ્યાનમાં ગયો. તે પણ નાગગૃહમાં બળી આપવા નિમિત્તે આવી ગઈ. ગંગરક્ષીત બહાર ચોકી કરવા બેઠો.

ગાંધર્વ વિવાહથી લગ્ન કરી હું તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો. સવારે ગંગરક્ષીતે મને કહ્યું કે 'હવે દેવીને રજા આપો. પ્રિયંગુ સુંદરીએ મને કહ્યું કે 'નાથ મને મૂકીને જશો નહિ. તેથી અઠવાડિયું રોકાયો. ફરી ગંગરક્ષીતે આવી કહ્યું કે જલ્દી સ્ત્રીનો વેષ પહેરો કારણ અંત:પુર ઉદ્યાનમાં આવે છે. મેં પણ સ્ત્રીનો વેષ પહેર્યો. હું પ્રિયંગુ સુંદરીની સાથે કન્યાવાસ ગૃહમાં ગયો અને ત્યાં તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો. ફરી એક વખત ગંગરક્ષીતે આવી પ્રિયંગુ સુંદરીને કહ્યું કે 'હવે સ્વામીને રજા આપો.' દેવીએ તેને પગે પડી કહ્યું કે 'સાત દિવસ પછી રજા આપીશ' ગંગરક્ષીતે કહ્યું કે જો ખબર પડશે તો હું મરાઈશ. દેવીએ કહ્યું તું ચીંતા ન કર. ફરી સાત દિવસ બાદ ગંગરક્ષીત આવ્યો ત્યારે મેં સાત દિવસ માગ્યા તથા કૌમુદીકા દાસીએ પણ સાત દિવસ માગ્યા. એમ એકવીશ દિવસ ગયા. ફરી ગંગરક્ષીતે આવી કહ્યું કે 'નગરમાં વાત ચર્ચાય છે. બધા જાણી ગયા છે કે કન્યા અંત:પુરમાં કોઈ શિયાળ ભમે છે. કૌમુદિકાએ કહ્યું તો પછી સ્વામી અહિં જ રહેશે. તેને રડતો જોઈ ઋષીદત્તા દેવીએ હાજર થઈ કહ્યું કે 'રાજાને ખબર આપો કે કન્યાનો પતિ અંત:પુરમાં પ્રવેશ્યો છે. તે રાજા પાસે ગયો. એણીપુત્રે તેને સત્કાર્યો. તે આવી મને પગે પડ્યો. મેં પણ સત્કાર્યો. એણીપુત્રે મહોત્સવપૂર્વક પ્રિયંગુ સુંદરી મને આપી.

(સમાપ્ત)

ચંદ્રોદય રાજાની મનનીય વિચારણા-૧

(શ્રી ધર્મકલ્પદ્રુમ મહાકાવ્યમાંથી, પલ્લવ-૮)

"આ શરીર અસ્થિર છે, વૈભવ પણ અસ્થિર છે, જીવિત ચપળ છે અને આ સંસારમાં વસ્તુમાત્ર અસ્થિર છે. આ સંસારરૂપ નાટક શાળામાં જીવો ઉત્તમ, મધ્યમ અને અધમ એવા કર્મના સંયોગથી નાના પ્રકારના રૂપ ધારણ કરી નાચ કરે છે. વિષય, કષાય, યોગ અને પ્રમાદ વડે કરીને આર્ત્ત-રૌદ્ર ધ્યાન થકી જીવો અનેક પ્રકારના અશુભ કર્મો બાંધે છે અને પછી ભૂમિ ઉપર સૂવું, ભિક્ષાનું ભોજન ખાવું, સહજ સહજમાં પરાભવ સહેવો, નીચ લોકોના કટુ વચનો સાંભળવા-વા પ્રમાણેના તેના ફળ વિશેષને લઈને જીવો નિરંતર શરીર સંબંધી તેમજ મન સંબંધી ખેદને સહન કરે છે.

મોટા મહેલમાં કે શ્મશાનમાં, સ્તવના કે શ્રાપમાં, કર્દમમાં કે કુંકુમમાં, પલ્યંકમાં કે કાંટામાં, પથ્થરમાં કે ચંદ્રકાંત મણિમાં, ચર્મમાં કે ચીનાઈ રેશમી વસ્ત્રમાં, વૃદ્ધ સ્ત્રીમાં કે દેવાંગનામાં અસાધારણ સમભાવના કારણે જેમનું ચિત્ત વિકલ્પોથી ઘેરાતું નથી. તે જ મનુષ્ય સામ્યપણાની લીલાના વિલાસનો અનુભવ કરે છે તેમ જાણવું. પોતાના ગુણ કે બીજાના દોષ બોલવાને તેમજ અર્થીઓને ના કહેવાને એવા સજ્જનોની જીભ જડતા ધારણ કરે છે અર્થાત્ કહી શકતી નથી. જ્યારે આચારહીન જીવો છયે અંગ સહિત વેદો ભણે તો પણ પવિત્ર થતા નથી. અને એક અક્ષર માત્રનો જાણકાર પણ જો સાચા વિધાનવાળો હોય તો તે પાપરહિત થઈ પરમપદને પામી શકે છે.

હાથી કોના ? ઘોડા કોના ? દેશ કોના ? અને નગર કોના ? આ બધું બાહ્ય સ્વરૂપ છે. આત્મીય તો એક ધર્મ જ છે. આ પ્રમાણે વિચારીને વિબુધોએ આત્માને હિતકારી એવું પુણ્ય કાર્ય જ કરવું અને બીજું બધું સંસારના બંધન રૂપ જાણવું."

શ્રી શંખેશ્વરસ્વામીને નમો નમઃ

-શ્રીમદ્ રામચંદ્રસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

તીર્થંકર નામ કર્મને બાંધનારા; નવ વદજીનાં તૃતીય સ્થાનને શોભાવનાર તથા અનેકોને તીર્થંકરનાં માર્ગમાં જોડનાર એ ને તીર્થંકર નામ બંધાવવામાં સહાયભૂત થનાર કલિકાલન. ઘણાં આચાર્ય ભગવંતોને આજ્ઞાથી વિરૂદ્ધ કાર્યો કરવ નો અભરખો જાગ્યો છે. આ કલીકાલમાં પણ દેવના પૂણ્યથી જ દેવદ્રવ્યની વૃદ્ધિ થઈ રહી છે પરન્તુ એ વૃદ્ધિ અભરખો કરનાર આચાર્યોની ન ગયો અને તેના સ્વરૂપે દેવદ્રવ્યમાં જતી સદા કીમતી રકમોને સાધારણ વૈયાવચ્ચ ગને સ્મારકોમાં લઈ જવાને મહેચ્છા પ્રજ્વલિત થઈ. એ તેજોલેશ્યામાં આજની પબ્લિક અંજાઈ ગઈ અને એઓના ૧.ડખે ખભેથી ખભા મીલાવી પ્રોત્સાહિત કરવા લાગી. દે વદ્રવ્ય ભક્ષણનાં દારૂણ પરિણામોની વાત એઓનાં માંથી ઉડી ગઈ.

કેવો જમાનો આવ્યો છે ? વડીલ ગુરૂઓનાં હાથનાં લખાણોં પણ માનવા તૈયાર નથી. "ગુરૂને કે ગુરૂમૂર્તિને સમર્પિત સઘળું દ્રવ્ય દેવદ્રવ્ય છે" આવા સચોટ લખાણોનાં પ્રતિ બેપરવાહ બની નવું મેંગ પેદા કર્યો. અને તેના ફળ સ્વરૂપે ગુરૂમૂર્તિથી ઉત્પન્ન દ્રવ્યને સ્મારકમાં લઈ જવા કટિબદ્ધ બન્યા છે. વર્ષોથી ગુરૂનાં ફોટાઓના પૂજનનું દ્રવ્ય દેવદ્રવ્યમાં લઈ ગયા છે અને હવે ફોટાનાં બદલે મૂર્તિને સમર્પિત દ્રવ્ય સ્મારકમાં લઈ જવાનું નક્કી કર્યું છે. આ નવી પેદાઈશ ક્યાંથી લાવ્યા ? ભવ્યજીવોને ઉન્માર્ગે દોરવાનું, દુર્ગતિમાં લઈ જવાનું કેવું અંધકારમય વાતાવરણનો ફેલાઈ થઈ રહ્યો છે.

ભાવિ જીવોને હવે સાવધાન થઈ જવાનો સમય પામ્યો છે. પોતાનાં આત્માને પોતાને જ તારવાનો છે. સત્‌માર્ગની સેવામાં જ આત્માનું કલ્યાણ છે. દેવદ્રવ્ય મોંઘા કીમતી દ્રવ્ય છે. ગુરૂમૂર્તિને સમર્પિત સંઘળુ દ્રવ્ય દેવદ્રવ્ય જ છે. સિધ્ધાંતિક છે.

શાસન દેવો જાગ્રત થઈ સન્માર્ગની રક્ષામાં સહાયક બનો. એજ એકની એક અભિલાષા સાથે.

સોહનલાલ પુખરાજજી જૈન, મુંબઈ.

બોધિબીજ કેમ મળે ?

બે ભાઈબંધ ચોર. પરસ્પર જિગરી મિત્ર હતા.

ચોરીનું કામ સાથે જ ભાગીદારીમાં કરતાં.

એકવાર બંને મુદ્દા માલ સાથે ચોરી કરતાં રંગે હાથ પકડાઈ ગયા.

ગુસ્સે થયેલા રાજાએ ફાંસીએ ચડાવવા હુકમ છોડયો.

વધસ્થાને જ્યારે બન્નેને લઈ જવાતા હતા ત્યારે સામેથી આવતાં મુનિરાજે ઉપર બન્નેની નજર પડી. ઈર્યાસમિતિ પૂર્વક એક એક ડગલું માંડતા તપતેજથી ચમકતા ચહેરાવાળા મુનિરાજના દર્શન થતાં જ એક ચોર મનોમન વિચારવા લાગ્યો :

અહા ! ધન્ય છે આવા મુનિઓને લાખ્ખોની સંપતિ હામ-દામ-ઠામ છોડી બાવીસ પરિષહોને સહેતા આત્માનું કલ્યાણ કરી રહ્યા છે. અમારા જીવનને ધિક્કાર છે. જીંદગી આખીમાં એકે ય સુકૃત નથી કર્યું ! પારકાનું ધન હરણ કરી પાપોના પોટલાં એકઠાં કર્યા છે. હવે ફાંસીએ ચડી અકાળે કમોતે મરીને કોણ જાણે કેવી દુર્ગતિમાં ફેંકાઈ જઈશું. અહહા ! મનુષ્ય જન્મ પામીને પણ હારી ગયો. આવા મહાત્માઓને લાખ લાખ વંદન.

બીજા ચોરે પણ મુનિના દર્શન કર્યા. પણ એને ન તો મુનિ ઉપર એટલો સદ્‌ભાવ જાગ્યો કે ન પોતાના દુષ્કૃત ઉપર તિરસ્કાર છુટયો. શુભભાવ પણ પ્રાપ્ત થવા કયાં સહેલા છે ?

ચોરીના ફળ રૂપે ફાંસીના ફંદે લટકી બંને મૃત્યુ પામ્યા. અલ્પકષાયી હોવાથી, જીંદગીમાં કંઈક દાન-પુણ્ય કરેલા એટલે મરીને કૌશાંબી નગરીમાં વણિકપુત્રો થયા.

ગત જન્મના સંસ્કારોને કારણે બંનેમાં ગાઢમૈત્રી જામી ગઈ, બંનેની રૂચિ-પ્રકૃતિ બધું સમાન હોવાથી લોકોમાં 'એકચિત્તયા' તરીકે વિખ્યાત થયા.

એક વખત ત્રણલોકના નાથ ચરમ તીર્થપતિ પરમાત્મા મહાવીર પ્રભુ કૌશાંબીમાં પધાર્યા.

રાજા અને નગરજનો સાથે 'એકચિત્તયા' મિત્રો પણ સમવસરણમાં આવ્યા. ભગવાનની દેશનાના એક એક શબ્દને અમૃતના ઘુંટડાની જેમ એક મિત્ર રહ્યો છે. જ્યારે બીજો ભારે કર્મી હોવાથી એને મજા નથી આવતી.

ઘરે ગયા પછી પણ પહેલો ભગવાનની દેશનાના ગુણગાન કરતાં થાકતો નથી ત્યારે બીજો કહે : 'આટલા વર્ષમાં આ પહેલી વખત આશ્ચર્ય સર્જાયું છે કે તને દેશના ગમી અને મને ન ગમી. આવું કેમ બન્યું હશે ?

પહેલો કહે : કાલે ભગવાનને જ પૂછીશું.

બીજા દિવસે ભગવાને એના પ્રશ્નનું સમાધાન કરતાં કહ્યું : ગયા ભવમાં તે સાધુની પ્રશંસા કરેલી અને બોધિબીજ મેળવેલું. આને પ્રશંસા ન કરી અને બોધિબીજથી વંચિત રહ્યો.

પહેલાને જાતિસ્મરણજ્ઞાન થયું. આરાધના કરી મોક્ષમાં જશે.

બીજાનું ઠેકાણું ન પડયું. ભવભ્રમણ ચાલુ રહ્યું. સાધુજીવનની પ્રશંસા કેટલી લાભદાયી છે. થાય તેટલી પ્રશંસા સત્કાર્યો-સજ્જનોની કરીએ. નિંદા તો હરગીજ નહીં.

તમે જરૂર વાગોળ જો.

લેખક – પૂ. આચાર્ય દેવશ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ.

૧) ખરાબ કામ આત્માંને ખરાબ દેખાતાં નથી કેમકે મોહ રૂપી ઉંદર ફૂંક મારી મારીને કરડે છે. તેની હાલ કનડગત દેખાતી નથી. જ્ઞાનથી સાચી ખોટી પ્રવૃતિ ખબર પડે. આત્માને આ બધું સમજાય તો આત્મ હિત કરવાનું મન થાય. ગોખલામાં દિવા હોય, પરંતુ ગોખલો દેખાય પણ ગોખલામાં દિવો દેખાય ને !

૨) સંસારનું સુખ ખરજવાના દર્દ જેવું છે. ખણજ મારી લાગે પછી બળતરા, દર્દી ખણે છે ત્યારે ખણને મોટી માને છે. તેમ શ્રાવક ખોટા આચરણ કરતાં, ખણજની જેમ ખોટી માને છે.

૩) શ્રાવક તેનું નામ કાયાથી સંસારમાં રહે અને મનથી સંયમમાં રમે. સંયમી તેને જ કહેવાય જે કાયાથી સંયમમાં અને મનથી મોક્ષમાં રમતો હોય.

૪) ચૌદ પૂર્વી નિગોદમાં હોય અને અવ્યવહાર રાશીવાળો નિગોદમાં હોય બેમાં ફેર કેટલો ? રાજા જેલમાં હોય અને સામાન્ય માનવી કેદી હોય બેયનો નીકળ્યા પછી શું ફેરફાર થાય, વકીલ ગાંડો ડાહયો થાય, અને સામાન્ય માણસ બેમાં જે ફેરફાર તે નિકળ્યા પછીનો હોય છે.

૫) મોતી વિંધાયા પછી બીજીવાર વિંધાવાનું હોતું નથી અને પૂત્રની પ્રાપ્તિ પછી પૂત્ર મરી જાય તો કન્યા વાંઝણી કહેવાતી નથી. તેવી રીતે સમકિત દષ્ટિ આત્મા નિગોદમાં હોય તો, તેનામાં લાયકાત મરી જતી નથી.

૬) મુક કેવલી, કેળ જેવા છે. ફરી ફળ મળતું નથી. વિશિષ્ટ કેવળજ્ઞાની કેરી જેવા છે. વળી પાછું ફળ આપે, અનેકને મોક્ષ માર્ગમાં સહાયક બને. અનેક ભવ્યત્મા ધર્મ પામે.

૭) અર્થ સમજવાની શકિત હોય અને અર્થ ન સમજે એક અર્થ સમજવાળો સૂત્ર બોલે, અને બીજો અર્થ ન સમજવાળો સૂત્ર બોલે. બેયના ઉચ્ચારણ અવાજ સરખાં. જેમ ઘડામાં હીરા હોય અને બીજા ઘડામાં કાંકરા બેયના અવાજ સરખાં– કિંમત હીરાની હોય છે. મોતીનું પાણી અને સમાન્ય પાણી જુદા છે. સોનુ ધાતુ હોય અને દશેરા એ દિવાળીમાં અમુક પાન સોનું કહેવાય છે. નામના અવાજ બેયના સરખા મોટો ફેર અર્થ સમજી ને બોલે તેમાં અર્થ સમજીને બોલે તેવા આરાધકને ઘણી ઘણી નિર્જરા થાય છે.

૮) ધર્મની કિંમત ત્યારે સમજાઈ કહેવાય કે જયારે પોતાના દોષો કાંટાની જેમ ખૂંચે.

૯) અર્જુનમાળી અધમ હતો છતાં તરી ગયો. આપણે એટલાં અધમ નથી છતાં તરતા કેમ નથી ? આપણે દોઢ ડાહ્યા છીએ. કયાંતો મૂખ હોય તેને સમજાવાય અથવા ડાહયો હોય તેને સમજાવાય પણ પોતાની જાત દોષ વાળી ન માને તેને ન સમજાવી શકાય.

૧૦) પાપાનુબંધી પાપ દુઃખ આપી, આત્મભાવ ભૂલાવી દુર્ગતિમા ફેકે છે. પાપાનુબંધી પુણ્ય, સુખ આવી ખરાબ ભાવ કરાવી દુર્ગતિમાં ફેકી દે છે. પુણ્યાનુબંધી પુણ્ય સુખ આપી, સારા ભાવ આપી સદ્‌ગતિમાં મોકલે છે. પુણ્યાનુબંધી પાપ દુઃખ આપી સારા ભાવ આપી સદ્‌ગતિમાં મોકલે છે.

પાપના ઉદયે પાપને ધક્કો મારવાના બદલે, મોટો ભાગ ધર્મને ધક્કો મારે છે. ગાંડો માણસ અડપલું કરે તેનેજ મારે છે. પરંતુ આપણે એવા ગાંડા છીએ, પાપના ઉદયે ધર્મને ધક્કો મારતા હોઈએ છીએ.

૧૧) ધર્મ આત્મિક ભાવનું ભાન કરાવે છે. જેને આત્મિકભાવનું ભાન કરવાની ઈચ્છા નથી તે બન્ને બાજુ રિબાય છે. પાપો દયે દુખી અને પુણ્યોદયે પણ દુઃખી

પાછો જાલિમ કર્મો બાંધી આગળ દુઃખો વેઠવાના નફામાં.

૧૨) કોઈ માણસ મરી ગયો, તેનો કેસ સરકાર દાખલ કરે છે. અને જેને મારવાનું કામ કર્યું હોય તેને સજા ફટકારે છે. મરનારો મરી ગયો, તે ફરિયાદ નથી કરતો. છતાં સરકાર ગુન્હેગારને પકડી જેલમાં નાખે છે. તેમ જડ કર્મ ગમે ત્યારે ખબર લીધા વગર રહેતું નથી.

૧૩) કર્મોનું ફળ ભોગવવું પડે છે. ભલે તે જડ હોય, જેમ વૈદ્ય દવા કરે, પરંતુ ઠંડી દવાથી ઠંડક મળે અને ગરમ દવ થી ગરમી મળે. દવા જડ હોવા છતાં ઓટોમેટિક કામ કરે છે. તેમ કર્મ ઓટોમેટિક ફળ આપે છે. શરાબ માનવીને ઈચ્છા ન હોવા છતાં ગમે ત્યાં ફેંકે છે, તેમ ઈચ્છા ન હોવા છતાં કર્મ ગમે ત્યાં ફેંકે છે.

૧૪) તપ કરવાથી રસબંધની તાકાત ઓછી થાય છે. કર્મ બાંધેલા ભોગવવા પડે છે. ભોગવતી વખતે પણ રસ ઓછો થાય છે. પ્રદેશથી તે ભોગવાય છે. જીવ ગયા પછી મડદું છે. વ્યક્તિના પ્રદેશ છે રસ નથી. રસ વગરના પ્રદેશબંધ મડદા જેવા છે. કેરી ખાધા પછી સૂંઠ કેરીના વાયુનો દોષ નાશ કરે છે. રસ કાઢી નાખે છે. અને કેળા પછી એલચી અજીર્ણનો દોષ કાઢી નાખે છે.

૧૫) નિગોદના જીવો દેવલોકમાં છે અને નરકમાં છે તો તેમાં કોઈ ફેરફાર ખરો ? ના દેવલોકના નિગોદના જીવો અને નરકના નિગોદના જીવો બન્ને દુઃખી છે. શ્રીમંતનું પાયખાનું અને ગરિબનું પાયખાનું સાફ કરવું જેમ સરખું છે, તેમ નિગોદના નરકના અને દેવલોકના નિગોદમાં દુઃખ માટે સમજવું જોઈએ.

૧૬) નિગોદમાંથી નીકળવું જેમ ભવિતવ્યતા છે, તેવી રીતે મોક્ષમાં પહોંચી જવામાં શું વાંધો ? તપ–જપ–દાન બધુ શું કામ કરવાનું ?

જવાબ :– જયાં કોઈ ઉપાય નહી ત્યાં ભવિતવ્યતા સમજવી જોઈએ. આંધળો કુવામાં પડે અને દેખતો કુવામાં પડે. આંધળાને કોઈ કાઢે ત્યારે નીકળે. નાનું બાળક માતાને ધાવે છે પરંતુ ખોરાક લીધા પછી ધાવણ છૂટી જાય છે. તેમ ભવિતવ્યતાનું ધાવણ મનુષ્ય જન્મમાં આવ્યા પછી છૂટી જાય છે. મોટો લડધા જેવો માણસ માતાને ધાવવાની વાતો કરે તેવી જ વાત છે. ભવિતવ્યતાથી મોક્ષમાં જઈશું તેવી વાત ગણવી.

૧૭) પ્રશ્ન :– ૬૯ કોટાકોટિ કુદરતી ઘટી જાય છે. પછી અંતઃ કોટા કોટિ રહે જીવ યથાપ્રવૃતકરણ કરે તો હવે બાકીનો સમય ખપાવતા કેટલી વાર લાગે ?

જવાબ :– ૨૦ ગાઉના વિહાર પછી એક ગાઉ ચાલવું મુશીબત છે પેટ ઠસો ઠસ ભર્યા પછી બીજી વાર પાંચમાં ભાગનો ખોરાક લેવો કઠિન છે. ચાલતાં ચાલતાં કાદવનો પીંડ ખમીસમાં લાગે, પરંતુ તેણે તુરત કાઢવો જોઈએ. ડાઘ રહી જાય હલન ચલનની ક્રિયાથી કોઈ વાર સુકાઈ જાય તો નિકળી પણ જાય. પરંતુ બધા કાઢવા પ્રયત્ન કરે, કુદરતી સુકાઈ જાય તેવી કોઈ ઈચ્છા કરતું નથી. તે તો કવચીત બને છે :

બધાના કર્મ જુદા જુદા, અધ્યવસાય ઉપર કર્મ બંધાય છે. એક બાજુ મડદું જોઈને સાધુને વૈરાગ્ય, કામીને કામ, ચોરને દાગીના લેવાનો ભાવ, શિયાળને માંસ ભક્ષણનો ભાવ, એકજ ક્રિયામાં અનેક પ્રકારના કર્મના અધ્યવસાયો જીવને જુદા જુદા થાય છે. પ્રકાશ આંખ વાળાને બતાવે અને પ્રકાશ સરખો હોવા છતાં આંધળાને પ્રકાશ દેખાતો નથી. તેમ શુભ કર્મ એકને માર્ગ દેખાડે એકને પાપ બંધ કરાવે. પુણ્યથી દુનિયાના નાશવંત સુખો મળે. કોઈક તે સુખમાં ફસાઈ જીવનને બરબાદ કરે છે તો કોઈ તે સામગ્રીનો સદુપયોગ કરી સુપાત્રમાં વિનિયોગ કરી શ્રી જિનશાસનનો જય જયકાર કરે છે.

પ્રશ્ન : એક માણસના બેન્ક એકાઉન્ટમાંથી અનેકના ચેક પાસ થાય છે એક માણસ અનેકના ચેક વટાવી શકે છે. તેમ ભગવાન બધાના કર્મને વટાવી શકે છે કે નહી ?

જવાબ :– કર્મ તો જાતે ભોગવવા પડે છે. એક માણસ ખાય અને તેની જગ્યાએ બીજો હાજત જતો નથી. જે ખાય

તેને હાજત જવું પડે. જેને કર્મ બાંધ્યાં તેને ભોગવવા પડે છે. સૂર્યનું કામ પ્રકાશ કરવાનું તેમ જ્ઞાનીનું કામ માર્ગ દેખાડવાનું, માર્ગે ચાલવું તો જાતે પડે છે. ઘોડાનો માલિક ઘોડાને તબેલા પાસે લાવી ઉભો કરે પણ પાણી તો ઘોડાએ જ પીવું પડે. રસોઈ બનાવી આપનાર રસોઈ બનાવી આપે પણ, ખાવું તો આપણે પડે અને પાચન આપણે કરવું પડે. રસોયો રસોઈ બનાવીને આપણાં બદલે ખાઈ લે. લોહી બનાવી આપે તે જેમ બની શકતું નથી. તેમ દરેકને પોતાના કર્મ ભોગવવા પડે છે.

પેપર સરખા હોય છે બુધ્ધિ જૂદા પ્રકારે થાય છે. પોતાના કર્મ અનુસાર બુધ્ધિ હોય છે.

જેમ જેમ સમજણ વધે તેમ તેમ શુભાશુભ વિચારો વધે. સમુર્છીમમાં સમજણ નથી. માટે ઓછા આયુષ્યવાળો નરકે જાય છે કે ઓછા આયુષ્યવાળો સમજવાળો દેવ થાય છે.

૧૮) પ્રશ્ન : સમજણ વધે તો નુકશાન થયું ને ?

જવાબ :– જેમ ધંધો મોટો તેમ, ધ્યાન ન રાખે તો નુકશાન મોટું થાય અને સાવધાની રાખે તો નફો પણ વધારે થાય.

૧૯) પ્રશ્ન : ધર્મ ક્રિયાની કરણીથી કાયાની દોડાદોડ મટે છે અને સ્થિર થવાય છે. ભાવનાથી મનની દોડાદોડ બંધ થાય છે. તો મનને જ સુધારવું સારું ને ? ક્રિયાની જરૂર નહી ને ?

જવાબ :– બુધ્ધિ બધેથી પોતાનો માર્ગ કાઢી પોતાનો કક્કો સાચો કરવા જિનવચન અને જિનાજ્ઞા સામે બાંયો ચડે છે. અજ્ઞાન અને વિષય કષાયનો પ્રેમ જીવને પાપ ક્રિયામાં માત્ર જોડતું જ નથી, પણ જીવની શકિત અને સત્ત્વને ભારે હાનિ પહોંચાડે છે.

ધર્મ ક્રિયાઓ તો કલ્પવેલડી જેવી છે. અને પાપ ક્રિયાઓ નાગણથી પણ ભૂંડી છે.

મન અને મનન બેયનો સાથે યોગ છે. મનનું જેવું મનન તેવા વિચારો આવે છે અને ઈચ્છાને હોય છતાંય તે વિચારની સાયકલ ચાલે છે. નવકાર વાળી ગણતાં ખૂબ આડા અવળા વિચાર આવે છે. આડા અવળા વિચારો તો ઘણાં આવતા હતા પરંતુ ધર્મ નહતો કરતો ત્યારે દેખાતું ન હતું. ભમરડો બહુ ભમતો હોય ત્યારે સ્થિર જેવો દેખાય છે અને ધીમો પડે ત્યારે તેનું ચકકરડું વધારે ફરતું દેખાય છે. નવકારવાળી ગણતાં એટલો તો ખ્યાલ આવ્યો ને કે મારું મન ચંચળ છે તે ખ્યાલતો આવ્યો ને ! એજ પોતાનું દર્શન છે. હું કેવો છું ? ઉકરડો કે ગટર જયારે સાફ થાય ત્યારે વાસ બહું મારે. તેવું જ નવકારવાળી ગણતા વિચારની સાયકલનું છે. ગભરાવું નહી, ગુમડું કાપતા અને કાપ્યા પછી વેદના કરતાં વધુ વેદના દેખાય છે. પરંતુ તે વેદના અંતે શાન્ત થઈ જાય છે. તેમ નવકારવાળી ગણવાની શરૂઆત થાય ત્યારે આડા અવળા વિચારો આવે પણ અંતે શાંત થઈ જાય છે. જેમ જેમ ધર્મ ક્રિયાની સમજ–વધતી જાય છે, તેના પ્રત્યે અહોભાવ, આદરભાવ વધે છે તેમ તેમ આત્માની અઢળક કમાણી થાય છે. દુકાન, ઓફિસ, ફેકટરી ખોલતી વખતે ઉંબરાને ત્રણવાર નમનારો એ વાત કેમ ભૂલી જાય છે કે આ ધંધા–ધાપા છોડીને કઈક ગયા. હું પણ ચાલી જઈશ. ધર્મ ક્રિયા કરનારા અહીં પણ કઈક પાપોથી ઉગરી જાય છે. ભાવાંતરોમાં પણ તે ધર્મક્રિયાના સંસ્કારો તારક બને છે.

૨૦) પ્રશ્ન :– અસંજ્ઞીને વિચાર મન નથી તેવી રીતે કેવળજ્ઞાનીને વિચાર નથી તો બન્ને સરખા ના ?

જવાબ :– દર્દી દવાનો બાટલો લે અને વૈદ્ય દવાનો બાટલો લે તે બન્ને સરખા ગણાય ? પોલિશ રાજા પાસે હોય કે ચોર પાસે ? કેવળજ્ઞાની મનોવર્ગણાના પુદ્‌ગલો સર્વાર્થ સિધ્ધ દવાના સમાધાન માટે લે છે. તેટલું સમજજો બંને ને સરખા ઘટાવાય નહીં.

ક્રમશ :

નીલા – અરે ડોકટર તમે તો કહેતા હતા કે તાવ પાછો નહિ આવે પણ તાવ પાછો આવ્યો.
ડો. જયશ્રી બહેન– તમારા ચેકનું પણ એવું જ થયું છે.

વડા પ્રધાન માનનીય શ્રી અટલબિહારી બાજપાઇનું "પ્રેરક પ્રવચન"

મેં જૈન હું ભી ઓર નહીં ભી હું। અભી આચાર્યશ્રી કહ રહે થે કિ જૈન કોઈ જાતિ નહીં બલ્કિ ધર્મ હૈ। લેકિન જન્મ સે જૈન હોતે હૈ જિસે ઇન્કાર નહી કર સકતે। મેં ઈસ અર્થ મેં જૈન નહીં હું કયોકિં જૈન પરિવાર મેં મેરા જન્મ નહીં હુઆ હૈ। લેકિન દુસરે અર્થ મેં જૈન હું। **મેં ચાહતા હું કિ જિન કા અનુયાયી બનું। જિન્હોને રાગ–દ્વેષ જીતા હૈ, જો અર્હત્ હૈ, પૂજનીય હૈ, ઉનકા ઉપાસક બનને કી મેરી લાલસા–ભાવના હૈ।**

જૈન સાધુ–સાધ્વીયાં અપરિગ્રહ કી જીતી–જાગતી તસ્વીર હૈ। કુછ ભી ગાંઠ મેં નહી બાંધના ઔર કોઈ ગાંઠ નહીં રખના. ઈસી લિએ યે નિર્ગ્રન્થી કહે જાતે હૈ। પ્રાચીન કાલમેં જૈન ધર્મ નિર્ગ્રન્થ ધર્મ કહા જાતા થા।

જો તલવાર સે લડતે હૈ વે વીર હોતે હૈ, ઔર જો આત્મબલ સે લડતે હૈ વહી મહાવીર હોતે હૈ।

'અંહિસા' ઈસ દેશ કા પ્રાચીન સંદેશ હૈ। ઉસે વ્યવહાર મેં લાના ઓર ઉસી કે અનુસાર સમાજ વ્યવસ્થાકા નિમાર્ણ કરના હૈ। અહિંસા કેવઈ ભાવના કે સ્તર કે સ્તર તક નહીં રહે બલ્કિ જીવન વ્યવહાર મેં ભી ઉતર। કિસી કા શોષણ ન હો। ઉત્પીડન ન હો ઈસ સબકા સંદેશ **અહિંસા** મેં હૈ। આજ વિશ્વ કો અહિંસા સે હી પ્રાણ મિલ સકતા હૈ। હમને આપને દેશ મેં ભી શોચા થા કિ હમારે દેશ મેં હિંસા નહીં હો, કિંતુ હિંસા હો રહી હૈ। નંદનવન મે આગ લગી હૈ। હમે હિંસા કી ભાવના કા ત્યાગ કરના હોગા। હમારે યહાં શાસ્ત્રો મેં કહા ગયા હૈ કિ **પાપસે ઘૃણા કરો પાપી સે નહીં**। હમ બુરાઈ કા પ્રતિકાર કરે લેકિન આત્મબલ સે, હિંસા સે નહી। ભાવના કે ક્ષેત્ર મેં અહિંસા રહેગી તો અપરિગ્રહ કી ભાવના હી હોગી। અપરિગ્રહ કેવલ ભાવજગત મેં નહીં બલ્કિ વ્યવહારજગત મેં ભી હોના ચાહિએ। જૈન આચાર્યો એવં સાધુ–સાધ્વીયો કે સમાન હમ સાંસારિક લોગ અપરિગ્રહી નહી હો સકતે। **સાધુ–સાધ્વીયા તો અપરિગ્રહ કી મૂર્તિમંત પ્રતીક હૈ ઔર** હમ લોગ ૮૪ કે ફેરે મેં પડે હૈ, ફિર ભી અપરિગ્રહ કી ભાવના તો રહની હી ચાહિએ। એકશ્રાવક કે રૂપ મેં સાધુઓ સે કમ હી સહી કિન્તુ થોડી ભાવના તો હોની ચાહિએ।

ભારત કે મિટ્ટી મેં હી **સમન્વય** કી સુગંધ હૈ। હમારી સંસ્કૃતિ સમન્વયકારી હૈ। હમારે ઋષિયો ને બતાયા કિ યદ્યાપિ **સત્ય એક હૈ** જિસે પ્રગટ કરને કે તરિકે અલગ–અલગ હૈ, કિન્તુ જૈન ધર્મ ને કહા – કેવલ પ્રગટ કરને કે તરીકે હી અલગ નહી હૈ બલ્કિ દેખને કે તરીકે ભી અલગ હૈ। **જૈન ધર્મ કી યહ 'અનેકાંતદૃષ્ટિ' મુજે બહુત પસંદ હૈ।**

મેં નહી જાનતા કિ આપ જૈન સાહિત્ય કો કિતના પઢતે હૈ, લેકિન મેં પઢતા હું।

આપને **'અહિંસા દિવસ'** કો જો પ્રસ્તાવ કિયા હૈ। ઉસકે લિએ મેં વધાઈ દેતા હું। વર્ષ મેં એક દિન અહિંસા દિવસ મનાને કા અર્થ યહ નહીં હૈ કિ બાકી કે દિનો હિંસા કરતે રહો।

હમારી ભાવના હૈ કિ સબ મેં પ્રભુ હૈ – આત્મા હૈ। પ્રકૃતિ પશુ–પક્ષી સબ કે પ્રતિ તાદાત્મય ભાવ હમારી સંસ્કૃતિ હૈ। વહ પરમ તત્વ સબ જગહ હૈ। **મેં આપકો આશ્વાસન દેતા હૂં કિ અહિંસા દિવસ કા યહ કામ કરુંગા।**

સબકે લિયે સંવેદના ચાહિએ। આત્મા ઔર પરમાત્મા મેં વિશ્વાસ ચાહિએ। ઈસકે લિએ **"જૈન દર્શન"** કા સહયોગ ચાહિએ। સંવેદના રહને સે દૂસરે કા સુખ ઔર દુઃખ બાંટના આતા હૈ। અપના સુખ બાંટને સે બઢતા હૈ લેકિન દુસરો કો દુઃખ બાંટને સે ઘટતા હૈ। દુઃખ કો ભી બાંટો। યદિ દુઃખ ભરા રહેગા તો વહ નાસૂર બન જાયેગા।

મેંને મંચકી મર્યાદા ધ્યાન મેં રખતે હુએ અપને ભાષણ મેં રાજનીતિ કો નહી આને દીયા। ફિર ભી કહી કુછ બોલ ગયા હૂં તો **મુજે ક્ષમા કરે**। ધર્મ કે મંચ પર ત્યાગી સાધુ–સાધ્વીયાં કે ચરણો મેં બેઠ કર કામ કરેંગે। **રાજનીતિ હંમેશા તોડતી હૈ ઔર ધર્મ જોડતા હૈ**। આપ જોડને કા કામ કર રહે હૈ, અતઃ બધાઈ। ('ભારત જૈન મહામંડળ'ના અગાઉ યોજાયેલા 'અધિવેશન'માં અતિથિવિશેષ તરીકે પધારેલ તે વખતે આપેલ પ્રવચન).

"સેવા"

'સેવા' એ સજ્જનોનું જીવન વ્રત છે. સેવા મેવા મેળવવા માટે નહિં. પણ દુર્ગતિના દેવા ટાળવા માટે છે. જે માણસને જેની જરૂર હોય તે પૂરી પાડવી, **ભૂખ્યાને અન્ન** આપવું, **તરસ્યાને પાણી** આપવું, **નિર્વસ્ત્રને વસ્ત્ર** આપવું.

દાનની પરબ માંડીને બેઠેલા સજ્જનો સમય મળે કોઈને સાથ આપવાનું ભૂલતા નથી. સેવકને સમય–સ્થળ અને સંયોગનું ભાન કે ધ્યાન હોતું નથી. તે તો ગમે તેની, ગમે તેવી સેવા કરવા બેસી જાય છે. ગામેગામ આવા સેવાના **ભેખધારીઓ** હતા. વગર બોલાવે હાજર થઈ જતા અને કામ પૂરૂં થયે કયાં 'છૂ' થઈજતાં એની ખબર પડતી નહિં.

સેવા કરનારો સૌને પ્રિય બને છે, આદર અને સન્માનને પાત્ર બને છે. સેવામાં જાતને ઘસવાની હોય છે.

સ્વાર્થભાવ હોય ત્યાં સેવા હોય નહિ. સેવા માટે મૂગા બનવું પડે. હાયને હાશમાં પલટાવનાર સેવા છે. સેવામાં આપવાનુ છે, લેવાનું નથી. સેવા કેન્દ્રમાં સ્વયં હોતો નથી.

સેવા સ્વર્ગની જ નહિં, સિદ્ધે સુખનો સીડી બની શકે છે. સેવા કરનારો કદી થાકે નહિં.

એક **વૃદ્ધ મુનિ** આશાતાના ઉદયે મનની સ્થિરતા ગુમાવી બેઠા. અને તનની તાજગી તો સાવ ગુમાવી બેઠા. ઉત્તમ આરાધક જીવ આજે બેભાન–બેશુદ્ધ રણે વર્તન કરી રહ્યાં છે. જયાં રહેતા હતા ત્યાંજ કપડા બગાડવા, રૂમ બગાડવી અને આખી જગ્યામાં **વિષ્ટા**નું વિલેપન કરી બેસતા. પાસે કોઈ જવાનું નામ લેતા નહિં.

તેમનો જ **શિષ્ય** આજીવન અંતેવાસી, નાના બાળકની માતા જેમ માવજત કરે એનાથી પણ વધુ માવજત કરી સુગ વિના બધું જ શુદ્ધ કરતા. ગુરૂજીનું શરીર, પાત્રા, સંથારો અને રૂમ સાફ કરતાં ખાસો સમય વીતી જતો. મોઢા ઉપર જરાય અરોચક ભાવ નહિં. આ બધું કર્યા પછી ગુરૂજીને પ્રેમથી ગોચરી વપરાવે. કયારેક આવેશમાં આટલી સેવા કરનારને બે થપ્પડ મારી દે. પણ મનમાંથી પૂજયભાવ હટે નહિં. અને સંયમનો માર્ગ બચાવનાર સ્વયં પણ શુદ્ધ પાલન કરનાર કર્મસંયોગે આજે આવી સ્થિતિમાં આવ્યા છે. મારાથી **'સેવાધર્મ'** ચુકાય જ કેમ ?

(શિક્ષણ પત્રિકા)

–આ. શ્રી રાજેન્દ્રસૂરિ

સાભાર સ્વીકાર

સ્તુતિ નંદિની –પૂ.મુ.શ્રી હિતવર્ધન વિજયજી મ. પ્ર. કુસુમ અમૃત ટ્રસ્ટ શાંતિનગર ચાણકયપૂરી વાપી (વેસ્ટ) ૩૯૬૧૯૧– સા. ૮ પેજી ૩૩૬ પેજ મૂલ્ય રૂા. ૬૫–૦૦. આ પુસ્તકમાં સંપાદક પૂ.મુનિરાજશ્રીએ સંસ્કૃત અને પ્રાકૃતમ. મહાપુરૂષોનુ [illegible] ત્રણ હજારે સ્તુતિઓનો સંગ્રહ કર્યો છે. ૪૦૦ ગ્રંથોનું અવ ગાહન કરીને આ મહાન કાર્ય કર્યું છે. તેમા ૧૨ [illegible] શ્રી ઋષભદેવજી, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી વર્ધમાનસ્વામી, શ્રી સાધારણજિન [illegible] ભગવતી સરસ્વતી તીર્થાધીરાજ શ્રી પુંડરીકસ્વામી, શ્રી ગૌતમસ્વામી, શ્રી ગુરૂદેવ તેમ ૧૨ વિભાગોમાં સ્તુતિઓ સંગ્રહીત કરેલી છે. ગ્રંથો અને ગ્રંથકારની સૂચિ આપી છે જેથી આ કાર્યની ગહનતા સમજાય છે. આ ત્રણ હજાર જેટલી સ્તુતિઓ કયા કયા ગ્રંથમાં સમાયેલી છે તે પ્રગટ સમજાય છે. પૂ. મુનિરાજશ્રીની વિદ્વતા સાથે મહાન પરિશ્રમની ઝાંખી થાય છે દરેક ભંડારો તથા વિદ્વાનોએ આ ગ્રંથ સંગ્રહીત કરવા યોગ્ય છે. અને પ્રવૃત્તિમાં મુકવા યોગ્ય છે.

સમાચાર સાર

રાજગુરુનગર (પૂના) :– અત્રે પૂ.આ.શ્રી વિજયજીનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ પધારતા મહા સુદ–૯ સોમવાર તા. ૧૦–૨ ના સામૈયું થઈ શ્રી મદનલાલ પોપટલાલ રોખડા તરફથી તથા તેમના તરફથી હસ્તે જગદીશચન્દ્ર મદનલાલ તેમના ઘેર સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયું. પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ.ના સંસારી બનેવી છે. અને પૂ. મુ. શ્રી પ્રથમ પધારતા હોઈ સારો ઉત્સાહ હતો.

જમણપુર (પાટણ) :– અત્રે બાલ મુમુક્ષુ પ્રવણકુમાર વિપુલભાઈ થતા બાળકુમારી મિનાલીકુમારી મુકેશભાઈની દીક્ષા પૂ.આ.શ્રી વિજયજયકુંજર સૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજયમૂર્તિપ્રભ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મહાવદ–૬ ના ભવ્ય ઉત્સાહ સાથે થઈ છે. તે નિમિત્તે મહાસુદ–૧૩ થી વદ–૩ સુધી સુંદર મહોત્સવ ઉજવાયો. નાના ગામમાં ખૂબ ઉત્સાહ હતો.

અલાઉ (બોટાદ) :– અત્રે શ્રી વાસુપૂજય સ્વામી જિનલયની વર્ષ ગાઠ મહા સુદ–૧૩ના ભવ્યરીતે ઉજવાઈ. ૧૮ અભિષેક, ધજારોહણ અને સાધર્મિક વાત્સલ્ય વિગેરે લાભ અલાઉ નિવાસી હાલ બારડોલી રહેતા સ્વ. રસીકલાલ રતિલાલ શાહ હ. શ્રી અશોકભાઈ તથા રાજેશભાઈએ લીધો હતો. ઉત્સાહ ઘણો હતો અને હાજરી સારી રહી હતી.

અમદાવાદ (નારાયણનગર–પાલડી) :– અત્રે શ્રી નયદર્શન ઉદય કલ્યાણ જૈન ટ્રસ્ટ તરફથી નવ નિર્મિત શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયની અંજન શલાકા પ્રતિષ્ઠા પૂ.આ.શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજયગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયકીર્તિયશ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં થયેલ છે. મહા વદ દ્વિ. ૧૪થી પ્રારંભ થઈ ફા.સુ. ૧ અંજનવિધિ તથા ફાગળ સુદ–૨ના પ્રતિષ્ઠા થયેલ છે. પૂ.પં.શ્રી નયવર્ધનવિજયજી મ.ની પ્રેરણા અને માર્ગદર્શનથી આ મંદિર આદિનું કાર્ય સુંદર રીતે થયું છે.

સમેત શિખરજી મહાતીર્થ :– અત્રે શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના સમવસવરણ આદિની અંજન સલાકા પ્રતિષ્ઠા મહા સુદ–પના થઈ.

ભાંભર :– અત્રે શ્રી પૂ.આ.શ્રી વિજયસોમસુંદર સૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજયજિનચંદ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ.પં.શ્રી સંયમરતિ વિજયજી મ., પૂ.પં.શ્રી યોગતિલક વિજયજી મ.ની આચાર્ય પદવી મહા સુદની ધામધૂમથી થઈ. રોલીયા નગરના આંગણે શ્રી સંભવનાથ આદિજિન બિંબોની અંજન સલાકા તથા પ્રતિષ્ઠા મહાસુદ–૭ના થઈ. પં.શ્રી રમણીકભાઈ, મુમુક્ષુ સુરેશભાઈ, અ.સૌ. ચંદ્રાબેન મુમુક્ષુ રીકલબેન, પૂર્વીકુમારી, અંકિતા કુમારી છ છ મુમુક્ષોઓની ભાગવતી દીક્ષા ઘણા ઉત્સાહથી થઈ હતી.

સાવત્થીતીર્થ :– અત્ર દેરાશરની ૧૩મી સાલગીરીની ઉજવણી મહા સુદ–૧૧ના વરઘોડો સત્તર ભેદી પૂજા વિગેરે ઉત્સવ આ.શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં થયા.

અહમદનગર :– અત્રે પૂ.આ.શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.આદિ માણેક બાગ શ્રી દિપચંદ રતિલાલ ગાંધીને ત્યાં ત્રણ દિવસ રહયા. સ્માઈલ પેરેલાઈઝ મોઢા ઉપર થતા બાજુમાં આનંદ ઋષિ હોસ્પિટલમાં લાઈટ વિગેરે ટ્રીટમેન્ટ થઈ સારૂ થતાં સંઘ તરફથી સામૈયું થતા કપડા બજાર પધાર્યા. દર્શન –પ્રવચન થયા. મુમુક્ષુ રાજુભાઈ દશાડાવાળા પૂ. આ. યશો વિજય સૂ.મ. પાસે ભીલડીયાજીમાં ચૈત્ર વદ–પના દીક્ષા લેવાની છે. તેમનું સંઘ તરફથી બહુમાન થયું હતું. શ્રી રાજુભાઈએ પોતાના ભાવો વ્યકત કર્યા હતા. પાંચ જણા તરફથી ૧–૧ રૂપીયા એમ પાંચ રૂપિયાનું સંઘ પૂજન થયું. ઠેર ઠેર ગહુલીઓ થઈ. સાંજે વિહાર થતા ઘણા ભાવિકો આવ્યા અને રસ્તામાં ગહુલીઓ થઈ. ઘણો ઉત્સાહ હતો.

શ્રી સાગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી હીરાલાલ ગીરધરલાલ કોઠારી ભોજનશાળાનું ભવ્ય ઉદ્‌ઘાટન

રાધનપુર તીર્થ જ્યા દેવ વિમાન સમાન જિનાલયો છે. ત્યાં આવનાર યાત્રિકોને જમવાની ઉત્તમ સગવડ મળે તે લક્ષ્યને ધ્યાનમાં રાખીને તા.૧૭-૮-૦૨ના શ્રાવણ સુદ-૧૦ શનિવારે સવારે સેંકડોની હાજરીમાં શ્રી હીરાલાલ ગીરધરલાલ કોઠારી ભોજનશાળાનું ઉદઘાટન શ્રી રાજીવભાઈ હીરાલાલ તથા શ્રીમતિ સંગીતાબેનના હસ્તે કરવામાં આવ્યું હતું.

ઉદઘાટનના શુભ પ્રસંગે ૮૦ બાળકોએ ભોજનખંડમાં શ્રી અરવિંદભાઈ પંડિતની રાહબરી હેઠળ સમૂહ સ્નાત્ર ભણાવ્યું હતું. પ.પૂ.શ્રી અજિતશેખરવિજયજી મ.સા. એ મંગલાચરણ સંભળાવ્યું હતું.

ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રી સાગર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ મસાલીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રીમતિ પન્નાબેન મસાલીયા, શ્રીમતિ અનીલાબેન શાહ તથા શ્રીમતી સંગીતાબેન કોઠારી મંગલા ચરણ કર્યું. પ્રભુ પ્રાર્થના તથા સ્તુતિ કરી હતી. ભોજનશાળાના દાતા શ્રી રાજીવભાઈ કોઠારી તથા ઉદ્‌ઘાટનના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ભાભેરાએ ભગવાનના ફોટાને હાર પહેરાવી મંગલ દીપ પ્રગટાવ્યો હતો.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી રજનીકાંતભાઈ શાહે ટ્રસ્ટ તથા ભોજનશાળાની વિસ્તૃત રૂપરેખા આપી હતી.

સમારંભના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ભાભેરાએ ઉદ્‌ઘાટન પ્રવચન કરતા ભોજનશાળાની કામગીરી કેવી હોવી જોઈએ તેનું વિશેષ સૂચન કર્યું હતું તેમજ દરવર્ષ દરેક રાધનપુરીઓ એક વાર અહી દર્શનાર્થે પધારી યાત્રીક ભવન તથા ભોજનશાળાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

મુંબઈથી આ પ્રસંગે પધારેલ શ્રી સુરેશભાઈ વોરાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. પાંજરાપોળના સક્રિય પ્રમુખ શ્રી હિમાંશુભાઈ કોઠારીએ યાત્રિક ભવન તથા ભોજનશાળાના નિર્માણમાં જહેમત ઉઠાવી સફળ કાર્ય કર્યું તે બદલ આર્કિટેક શ્રી પ્રદિપભાઈ મહાસુખલાલ શાહ તથા શ્રી રમણિકભાઈ મસાલીયા, શ્રી રજનીકાંતભાઈ શાહ તથા દિનેશભાઈ મસાલીયાને સંઘના ભાઈ બહેનો વતી અભિનંદન આપ્યા હતા.

શ્રી સાગર ચેરીટેબલ ટ્રસ્ટ વતી શ્રી રમણિકલાલ મસાલીયા, શ્રી રજનીકાંતભાઈ શાહ તથા શ્રી પ્રદિપભાઈ વખારીયાએ ભોજનશાળાના દાતા પરિવારના શ્રી રાજીવભાઈ કોઠારી તથા શ્રી સમારંભના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ભાભેરાનું મોમોન્ટો અર્પણ કરી શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું.

આ પ્રસંગે રાધનપુરના મામલતદાર શ્રી જાદવભાઈ તથા મ્યુનિસિપાલ્ટીના અધિકારીઓ પધારી તેઓને સંસ્થાને જોઈતો સઘળો સહકાર આપવાનું વચન આપ્યું હતુ.

શ્રી પન્નાલાલ શીરચંદ પારેખની નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે જે માર્ગદર્શન આપ્યુ હતુ અને તન, મન ધનથી સાથ અને સહકાર આપ્યો હતો તે બદલ તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

લગભગ છસ્સો ભાઈ બહેનોની હાજરીમાં શ્રી હીરાલાલ ગીરધરલાલ કોઠારી ભોજનશાળાનું ઉદઘાટન શ્રી રાજીવભાઈ હીરાલાલ તથા સંગીતાબેન રાજીવભાઈએ વાજતે ગાજતે હર્ષોલ્લાસ પૂર્વક કર્યું હતું.

આભાર દર્શન કરતા શ્રી દિનેશભાઈ મસાલીયાએ ટ્રસ્ટવતી ખાતરી આપી હતી કે ભોજનશાળામાં દરરોજ સાત્વીક ભોજન જૈન સિદ્ધાંતોને અનુસાર આપવામાં આવશે તેમજ સાધુ સાધ્વીજી તેમજ સાધર્મિક ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રી વિનુભાઈ જેઠાલાલ, શ્રી દિનેશભાઈ મોહનલાલ, શ્રી હરેશભાઈ મસાલીયા, શ્રી જયેન્દ્રભાઈ શીવલાલ, શ્રી રમેન્દ્રભાઈ મસાલીયા, શ્રીમતિ અનિલાબેન શાહ, શ્રી દેવરામભાઈ પ્રજાપતિ, શ્રી કિરીટભાઈ શાહ તથા દિલીપભાઈ રમણિકલાલ જે મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



જૈન સંઘો આવા ઠગથી સાવધાન રહે.

જૈનાચાર્યનું પુસ્તક છપાવવાના બહાને છેતરતો ગઠિયો આબાદ રીતે ઝડપાયો

મુંબઈ : તા. ૮

જૈન સાધુસંતોના નામથી ભાવનાશીલ જૈનો સાથે છેતરપિંડી કરતો એક ગઠિયા ગઈકાલે સોમવારે મોડી રાત્રે યુવાન વેપારીની સતર્કતાને કારણે આબાદ ઝડપાઈ ગયો હતો. આ બનાવે જૈનોની આંખ ઉઘાડી દીધી છે. સાધુ-સંતના નામે પૈસા માગનાર માટે પૂરેપૂરી તપાસ કર્યા પછી જ આગળ વધવા માટેનો પાઠ આ કિસ્સામાંથી શીખવા મળે છે.

છેતરપિંડીના બનાવની વિગત આપતા અંબરનાથ રહેતા અને અચલગચ્છ જૈન સંઘ સાથે સંકળાયેલ વસંત નાગડાએ જણાવ્યું હતું કે મને ફોન પર કોઈએ કહ્યું કે હું શંખેશ્વરથી બોલું છું. આચાર્ય કલાપ્રભસાગરજી મારી પાસે ઊભા છે. તમે સરનામું લખો : મનોજ શાંતિલાલ, પાર્વતી નિવાસ ત્રીજે માળે, સોડાવાલા લેન, બોરીવલી તેનો સંપર્ક કરો.

મેં ફોન લગાડયો ત્યારે સામેથી મનોજે કહ્યું કે મહારાજસાહેબનું પુસ્તક પુનામાં છપાય છે જેનું વિમોચન બે દિવસ પછી છે. પરંતુ રૂા. ૧૨ હજાર ત્રાગસો આગળના નીકળે છે જે ચૂકવવા પડશે. હું આજે (સોમવારે) રાતે જ પુના જવાનો છું. પૈસા અત્યારે મળી જાય તો લેતો જાઉં.

આ વાત પત્યા પછી મેં ઘાટકોપરમાં સંબંધી દિનેશભાઈને ફોન કર્યો એમણે બોરીવલીમાં અનિલભાઈ સાંઘી અનિલ ઘરોડ પાસેથી પૈસા લઈ લેવા જણાવ્યું, પણ એ સાથે દિનેશે શંકા વ્યકત કરી કે સરનામું બોરીવલીનું છે, પણ ફોન નંબર પાલનો છે એટલે બરાબર તપાસ કરવી પડશે. પછી તપાસ કરતાં ખબર પડી કે પેલા મનોજે આપેલા નંબર પાલના પીસીઓનો હતો. એટલે ખાતરી થઈ કે આ તો કોઈકે છેતર્યો છે એટલે અગાઉથી બધું ગોઠવી રાખ્યા પ્રમાણે પેલો મનોજ પૈસા લેવા આવ્યો ત્યારે અનિલભાઈએ એને બીજાઓએ પકડીને બોરીવલી પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યો હતો.

પોલીસે ટ્રીટમેન્ટ આપતા એણે સાચી વાત જણાવી હતી. એનું ખરું નામ હસમુખ જૈન છે. પાલી (રાજસ્થાન)નો રહેવાસી છે. વાપીમાં ભાડાની રૂમમાં રહે છે. મા-બાપ અમદાવાદમાં રહે છે. પહેલા એનો સાધુ બનવાનો વિચાર હતો, પરંતુ જૈન મહારાજના નામથી ૫૦૦-૧૦૦૦ આસાનીથી મળી જવા લાગ્યા એટલે એ ધંધામાં પડી ગયો.

એનો મોડસ ઓપરેન્ડી એ પ્રકારની છે કે દેરાસરો - પાત્રોમાં જાય ત્યાંથી પ્રમુખ-ટ્રસ્ટીઓનાં નામ-નંબર જાણી લે. પછી ભળતા નામે પોતે જ ચિઠ્ઠી લખે અને જાતે જ પૈસા લેવા જતો હતો. જુગાર-દારૂની લત લાગી જવાથી પૈસા બચતા ન હતા.

બોરીવલી પોલીસ સ્ટેશનમાં ઈન્સ્પેકટર ચીમડેએ તપાસ હાથ ધરી છે.

આવા અનેક ઠગ છે તો જેમને છેતરપીંડી થઇ હોય તેમણે બોરીવલી પોલીસ સ્ટેશનને જાણ કરવી.

જન્મ ભૂમિ - તા. ૮/૧/૦૩

પંડિત વર્યશ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવીનું થયેલ નિધન

જૈન સંઘના આદરણીય વિદ્વાન પ્રતિભાશાળી પંડિત શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવીનું ૮૪ વર્ષની ઉંમરે સુરત મુકામે મંગળવાર તા. ૨૦/૮/૨૦૦૨ના સવારે સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેમના અવસાનની ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે એક વિરલ પ્રતીભા જૈન સંઘે ગુમાવી છે.

પંડિતજી છબીલદાસભાઈનો જન્મ ૮૪ વર્ષ પહેલા ભાભર (બનાસકાંઠા) મુકામે થયો હતો. તેર વર્ષની વયે મહેસાણાની શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ અર્થે જોડાયા હતા. આ સંસ્થામાં છ વર્ષ રહી તેમણે ધાર્મિક તથા સંસ્કૃત - પ્રાકૃત, વ્યાકરણ, કાવ્ય, ન્યાય વગેરેનો ઉચ્ચ અભ્યાસ કરી ખંભાતની શ્રી ભક્તીબાઈ સંઘાદાદ સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળામાં ધાર્મિક અધ્યાપક તરીકે જોડાયા. તેમની પાસે સેંકડો પૂ. સાધુ-સાધ્વીજીઓ અને શ્રાવક-શ્રાવિકાઓએ અભ્યાસ કર્યો છે અને ૮૪ વર્ષની ઉંમરે પણ સુરતમાં તેમના ઘેરમાં અભ્યાસ કરાવી રહ્યા હતા.

તેઓ માત્ર અધ્યાપન ક્ષેત્રેજ નહિં, વિધિ વિધાનના ક્ષેત્રમાં પણ અત્યંત નિપુણતા ધરાવતા હતા. અંજન શલાકા-પ્રતિષ્ઠા વિધિનું પ્રથમ પુસ્તક તેમણે સંપાદન કરીને પ્રગટ કરેલ. સમગ્ર ભારતમાં તેમના હાથે અનેક અંજનશલાકા-પ્રતિષ્ઠા આદિ થયેલ છે.

પંડિતજી જૈન શાસનના ધુરંધર આચાર્ય ભગવંતોના ખાસ પ્રીતીપાત્ર હતા. ખાસ કરીને શાસન સમ્રાટ શ્રી નેમિસૂરિજી, આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરિજી, શ્રી ઉદયસૂરિજી, શ્રી નંદનસૂરીજી વગેરેનો પૂરો વિશ્વાસ હતો અને તેથીજ ખાસ પ્રસંગોએ નિર્ણય લેવાનો હોય ત્યારે પંડિતજીને બોલાવતા અને તેમનો અભિપ્રાય પણ પૂછતાં.

આજે ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે શ્રી જૈન ધર્મતત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદ, શ્વે. એજ્યુકેશન બોર્ડ, જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, મહેસાણા પાઠશાળા ખંભાતની પાઠશાળા સાથે પંડિતજી સંકળાયેલ હતા. ઉત્તમ જીવન, નિઃસ્પૃહતા અને અતૂટ ધર્મશ્રદ્ધા ધરાવતા પંડિતજીના દેહાવસાનથી શોકનું વાતાવરણ પ્રસરી ગયું છે.

प.पू. आचार्यदेव श्रीमद् विजयदर्शनरत्न सूरीश्वरजी म.सा. की शुभनिश्रामें

मध्य प्रदेश में भव्य शासन प्रभावना

राजस्थानमें लाटारा, सादडी, सेवाडी, धाणेराव आदि स्थान पर उजामण, अट्ठाई महोत्सव, दीक्षा करके

१) विक्रम संवत २०५८ अषाढ़ सुद ३ को रतलाम में पूज्यश्रीका भव्य चातुर्मास प्रवेश

२) वि.सं. २०५८ चातुर्मास में विद्यार्थीयों से महान् ज्ञानसत्र

३) वि. सं. २०५८ पर्युषण में रेकोर्ड रुप चढ़ावे।

४) वि. सं. २०५९ कार्तिक सुद १३ को विद्यार्थीयों का परिणाम एवं लखमीचंदजी लुनिया के तरफ से इनाम- वितरण

५) वि.सं. २०५९ कार्तिक सुद प्रथम पूनम को सेवारामजी सोभाग्यमलजी कालूरामजी पारेख (मामा) के तरफ से भव्य चातुर्मास- परिवर्तन नगरपालिका के मेयर द्वारा।

६) रतलाम में टाटानगरमें ध्वजारोहण कराकर पूज्यश्रीने विक्रम संवत २०५९ वद १० दि. २९-११-२००२ को इतनारा नगरीमें भव्य प्रतिष्ठा कराई। प्रतिष्ठा के बाद चक्रेश्वरी देवी पधारी।

७) विक्रम संवत २०५९ मगसर सुद ६ दि. ९-११-२००२ को बडौदा जिला रतलाम में भव्य प्रतिष्ठा एवं अभूतपूर्व चढ़ाते एवं साधारण एवं जीवदया का फण्ड। प्रतिष्ठा के बाद चक्रेश्वरी देवी पधारी।

इतनारा में जयजिनेन्द्र सुभाषचंद्र श्रेणिककुमार शंका परिवार की और से, कुंभस्थापना - पन्नालालजी धाडीवाल परिवार मिश्रीमलजी, बाबुलालजी आदि द्वारा, नवग्रह पाटला पूजन- स्नेहलताबेन सन्तीलालजी शंका परिवारकी और से १८ अभिषेक नानालालजी धाडीवाल परिवार, श्री सुजानमलजी आदि द्वारा शान्तिस्नात्रपूजन- श्री सुरेन्द्रकुमार बोरडिया, रमणिककुमार मेहता, श्री संपतलालजी मेहता, श्री अभयकुमारजी श्रीमाल, श्री राजेन्द्रकुमारजी, लोढ़ा श्री हेमेन्द्रकुमारजी सुराना, श्रीयतीन्द्रकुमारजी बरमेचा के तरफ से बडौदामें जयजिनेन्द्र- मांगीलालजी, चांदमलजी, सुभाषचंद्रजी आदि सोलंकी कुंभस्थापना- दाखाबाई, दिनेश- आशा, रोली, श्रिया, रचित, मालू परिवार नवग्रहपाटला पूजन- श्री रतनलालजी आदि रांका चार परिवार, सिखेहीवाला १८ अभिषेक, श्री शेतानमलजी आदि आंचलिया परिवार जाद्रावाले शांतिस्नात्र महापूजन- शांतिलालजी लोढ़ा, मोहनलालजी दलाल, मदनलालजी बरमेचा, नरेन्द्रकुमारजी श्री श्रीमाल, धर्मेन्द्रकुमारजी भंडारी, बापुलालजी चोरडिया, सुनीलकुमारजी पारखके तरफ से।

इतनारा

मुनिमबननेकी- बाबुलालजी मिश्रीमलजी धाडीवाल, उज्जैन

चढावे लेनेवालों की तिलक से बहुमान - खेमचंदजी मनोरलालजी मोदी, प्रतापगढ

मूलनायक प्रवेश- मदनलालजी कालूरामजी जावरा

आदिनाथजी प्रवेश- किशनलालजी चांदमलजी चिवड, प्रतापगढवाले

पार्श्वनाथजी प्रवेश- नाजुकबेन कैलासजी भामर, प्रतापगढ

मूलनायक प्रतिष्ठा- श्रेणिककुमारजी संपतरामजी शंका- इतनारा

आदिनाथजी प्रतिष्ठा- बाबुलालजी इन्दरमलजी गादिया, नामली

पार्श्वनाथजी प्रतिष्ठा- श्री संपतरामजी मेहता, प्रतापगढ वाले एवं सुरेशकुमारजी बोरडिया गौतमपुरावाले

गुरु प्रतिष्ठा- अनिलकुमारजी सुनीलकुमारजी शंका, शेरपुर

भण्डार भरना- श्री मिश्रीमलजी धाडीवाल, इतनारा

प्रासाद पुरुष - श्रीमती रज्जुकान्ताबाई बरमेचा, ढोढर

ध्वजा - शेतानमलजी पन्नालालजी चण्डालिया, इन्दौर

कलश- श्रीमान् मूलचंदजी नाहटा, पावरी

मणिभद्रजी प्रतिष्ठा- मिश्रीमलजी धाडीवाल, जावरा

शासनदेवी प्रतिष्ठा- बापुलालजी चण्डालिया मंदसौर

माणकस्ताभ- प्रकाशचंद्रजी शंका, पलादूना

प्रभुजीको पोखना- बाबुलालजी मिश्रीमलजी, धाडीवाल

तोरण- रितेश कुमारजी सुभाषकुमारजी शंका- इतनारा
द्वारोद्घाटन- सुभाषजी शंका
नवांगी गुरुपूजन- रतनलालजी दुगड, रतलाम
माणेकलड्डु - प्रवीणकुमारजी पारख, नागेश्वरवाले
माणेकदीप - मदनलालजी लुंकड- जावरा
अष्टप्रकारीपूजा - रमणिकलालजी मेहता, इतनारा
सवालाख चावल का साथिया- हेमन्तकुमारजी सुराणा, रतलाम
आरती - ज्ञान चंदजी प्रतापचंदजी दलाल, जावरा
मंगलदीप- मनमलजी पारख, ढोढर
थाली बजाना- प्रतापचंदजी ज्ञानचंदाजी दलाल, जाद्दरा
कंकुथापा- बाबुलालजी बाफना, हंसनपालिया
प्रथम पक्षालपूजा- बागरेचाजी नागदा
प्रथम केशरपूजन - लक्ष्मीलालजी सिंधवी, जिरन

८-१२-०२ को बडौदामें

(१) भगवान का मुनिम बनने की बोली

श्रीमान् सा. रतनलालजी श्रेणिककुमारजी सुभाषचंदजी, नामली

(२) चढ़ावा लेनेवाले को तिलक करनेकी बोली-

श्रीमान् शा. चंपालालजी नाथुलालजी सोनगरा, महीदपुरासिटी

(३) चढ़ावा बोलनेवाले का हार से बहुमान की बोली

श्रीमान् शा सेवारामजी सोभारमजी पारख- ह. रतन ब्रोकर्स- रतलाम

(४) मूलनायक भगवान का मंदिरमें प्रवेश

श्रीमान् सम्पतबाई कालूलालजी का मंदिरमें प्रवेश

(५) द्वितिय श्री चंद्रप्रभुजीका मंदिरमें प्रवेश

श्रीमान् अभयकुमारजी नाथुलालजी परमार, रतलाम

(६) तृतीय श्री आदिनाथजी का मंदिरमें प्रवेश

श्रीमान् शा मांगीलालजी चांदमलजी, बडौदा

(७) भगवान को पुंखने की बोली

श्रीमान् शा राजेन्द्रकुमारजी विराटिया, इन्दौर

(८) प्रासादपुरुषकी बोली

श्रीमान् भारतभूषण मनोहरलालजी देवडा, पाटण

मूलनायक प्रतिष्ठा- श्रीमान् प्रेमचंदजी भंसाली, नामली
द्वितिय चन्द्रप्रभुजी प्रतिष्ठा- शा हस्तिमलजी बाबुलालजी सोलंकी, बडौदा
भण्डार भरने की बोली- चंदाबेन शांतिलालजी बरडिया- बाव्या
कायमी धजा- चांदमलजी पवनकुमारजी पंकजी सोलंकी, बडोदा
माणकस्तंभ की बोली- शा हस्तिमलजी कालूरामजी सोलंकी
तोरण- शा भरतकुमार क्रितुकुमार यशजी, रतलाम
प्रतिष्ठाके समय थाली- शा कुंदमलजी आचलीया, महीदपुर सिटी
कलश- शा मदनलालजी नाथुलालजी बरमेया, दलोट
मणिभद्रजी प्रतिष्ठा- प्रकाशचंद्र संजयकुमारजी मेहता, नामली
क्षेत्रपाल प्रतिष्ठा- केशरीमलजी जितमलजी लुक्कड, जावरा
माणकदीप- शेतानमलजी चौधरी
माणफलड्डु- शा चांदमलजी संचेती, रतलाम
कंकुथापा- कुंदनमलजी आंचलिया, महीदपुर
नवांगीगुरुपूजन- माणकलाल लक्ष्मीचंदजी लुनिया, रतलाम
सवालाख चावल का सगथिया- कुंदनमलजी आंचलिया, महीदपुरासिटी
प्रतिष्ठा के बाद प्रथमप्रक्षाल- शा कुंदनमलजी आंचलिया, महीद्रपुर
रतनलाल शुकरामजी दुगड, रतलाम
अष्टप्रकारी पूजा- कुंदनमलजी आंचलिया, महीदपुरसिटी
आरती की बोली- मदनलाल आफिसकुमारजी, दलोर
मंगल दीवो- शा प्रवीणचंद्रजी- गिरीकुमारजी, रतलाम (लिम्बडीवाला)
द्वारोद्घाटन- सुभाषचंद्र राणोदजी संजयजी, बडोदा
सवा पांच किलो का लड्डु - शा माणकलालजी मोहनलालजी और नागदावाला
मणिभद्रजी की आरती- बाबुलालजी इन्दरमलजी गादिया, रतलाम

આચાર્ય પદ પામતા પંન્યાસજી મહારાજો

પ. પૂ. સમતાનિધિ પંન્યાસ પ્રવર શ્રી સંયમરતિવિજયજી ગણિવર

''દાદા મહારાજ'' ના હુલામણના નામે પ્રસિધ્ધ આ પૂજ્યશ્રીનું જીવન ખરેખર જ ''દાદા'' જેવું વાત્સલ્યમય છે.

''સોહનલાલ'' ના નામે આ પુણ્ય પુરુષ લાલ બાગમાં એક અગ્રગણ્ય સુવાશ્રક તરીકે પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના પાવન સંગમે આરાધના કરતા હતા ત્યારે જ તેઓશ્રીના ઉદાત્ત ગુણોનો, પરિચય સૌ કોઈ પરિચિતો - સાધર્મિકોને હતો.

''મારો પરિવાર ધર્મ રંગે રંગાવો જ જોઈએ'' આ ભાવના તેઓશ્રીમાં તરવરતી હતી, જેના માટે તમામ પ્રયત્નો તેઓશ્રીજીએ કર્યા, જેના પરિણામે પોતે, બે પુત્રો, એક પુત્રી, એક પુત્ર વધુ, એક પૌત્ર અને બે પૌત્રીઓ આમ આઠ-આઠ પુણ્યાત્માઓ પ્રભુ શાસનની શ્રેષ્ઠતમસાધનારૂપ સાધુધર્મની આરાધના કરી રહેલ છે.

આજે જ્યારે સાધુ સંસ્થામાં પાદવિહારીપણાના સ્થાને અનુચિત સાધનો ખુબ ઝડપથી પેસી રહ્યા છે ત્યારે હાર્ટ એટેક આવ્યા બાદ પણ દશ-દશ વર્ષ સુધી વિહાર કરતા હતા. ક્યારેક ૧૭-૧૭ કિ.મી.નો વિહાર હોય ત્યારે પૂજ્યશ્રી ૧૧ વાગે મકાને પહોંચતા. આના દ્વારા પૂજ્યશ્રીએ આચારચુસ્તતાનું એક અનુકરણીય આલંબન પુરુ પાડયું છે.

૭૨ વર્ષની બુઝર્ગ વયે પણ તેઓશ્રીના ચહેરા પર સદૈવ પ્રસન્નતા જ જોવા મળશે. તેઓશ્રીજીનાં પાસે આવનાર તમામને નીતરતા વાત્સલ્યના દર્શન થાય છે. પાસે આવનાર તમામને ''મોક્ષ'' ની યાદ તેઓશ્રીજી અપાવે છે.

ગુરુસમર્પિતતા, પૂજ્યશ્રીમાં અનુપમકોટિની આપણને જોવા મળે છે. દીક્ષાથી માંડી આજ દિન સુધી પડછાયાની જેમ ગુરુભગવંત પાસ રહી મોક્ષના મૂળ સમી ગુરુકૃપા તેઓશ્રીજીએ મેળવી છે.

તેઓશ્રીજી આચાર્યપદે વિભુષિત થઈ અમારો ઉદ્ધાર કરે એજ અભ્યર્થના.

પ. પૂ. પ્રવચનદક્ષ પંન્યાસપ્રવર શ્રી યોગતિલકવિજયજી ગણિવર

જ સમયે સોહનલાલના તૃતીય પુત્ર નૌતિનકુમારે સી.એ. સુધીનો વ્યવહારિક અભ્યાસ કરી ધંધાર્થે ઓફિસ શરૂ કરી દીધી, તે સમયે એક શુભાભિશુભ પળે ''સૂરિરામ'' ના શુભાશિષ તેમના ઉપર પડયા ત્યારે કોઈએ કલ્પના પણ નહોતી કરી કે આ શુભાશિષના આવા રૂડા ફળ આવશે.

ઘણાં ઓછા સમયમાં આ પૂજ્યશ્રીએ આત્મગુણોનો એવો વિકાસ સાધ્યો છે કે તેમના પરિચયમાં આવનાર તમામયોગ્ય જીવોને ''આત્મસન્મુખ'' બનવાનું મન થઈને જ રહે છે.

આજે જ્યારે ''ધર્મની'' દેશના ખરેખર જ ''દોહિલી'' બની છે, ધર્માચાર્ય ગણાતાઓ પણ કેટલાક ધર્મને છોડીને બીજી-ત્રીજી દેશાની દેશના આપી રહ્યા છે ત્યારે એક અને માત્ર એક ''આત્મહિત'' ને અનુલક્ષીને વ્યાખ્યાન આપતા આ પૂજ્યશ્રીને સાંભળવા એ પણ એક જીવનનો લ્હાવો છે.

''આત્માર્થીઓનું આધ્યાત્મિક યોગક્ષેમ'' આ ગુણ તેઓશ્રીજીના જીવનમાં તરવરતો જણાય છે. અધ્યાપન-વાંચના આદિની તરાકાષ્ટા જ તેઓશ્રીજીના આ ગુણને સ્પષ્ટરૂપે જાગાવ છે.

એક સમયમા પ્રાપ્ત કરેલો યોગ્યતાને આચાર્ય ભગવંતશ્રીએ જે જોઈ છે તે આપણે પણ સ્પષ્ટ પણે નિહાળી શકીએ છીએ.

આ તો આ તો ઉપલક દ્રષ્ટિનુ અવલોકન છે. તેઓશ્રીના વાસ્તવિક ગુણાના દર્શન માટે તો તેઓશ્રીનો નજદીકથી પરિચય જ કેળવવો પડે.

આજે તેઓશ્રીજી આચાર્યપદે આરૂઢ થઈ રહ્યા છે ત્યારે અમારા હૈયામાં હર્ષ સમાતો નથી. પૂજ્યશ્રીએ આજ સુધી અનેક જીવોને આત્મહિતનું ભાન કરાવનારા બન્યા છે અને બની રહે એજ અભ્યર્થના.

ધન્ય હો ! ધન્ય ! સૌરાષ્ટ્ર ધરણી

પરમાર્હત રાજા કુમારપાળે ગિરનાર અને ગિરિરાજ શત્રુંજયનો છ'રી પાળતો સંઘ પાટણથી કાઢયો છે. કલિકાલ સર્વજ્ઞ વગેરે અનેક આચાર્ય ભગવંતોની નિશ્રા છે. આ વિશાળ સાજન–માજન સાથેનો સંઘ ગ્રામાનુગ્રામ મુકામ કરતો વલ્લભીપુર નગરની બહાર આવ્યો છે. ત્યાં પાદરમાં



ઈસાળવો અને થાપો નામના બે પહાડ ઉભા છે. આજે આ બે પહાડ ધમારડી ગામના સીમડામાં આ જ નામે ઓળખાય છે. ત્યાં જ આ સંઘનો પડાવ છે.

હાથી, ઘોડા, ઊંટ, રથ, ગાડાં સાથે હજારો ભાવનાશાળી અને ભાગ્યવાન યાત્રિક વર્ગ સાથે શતાધિક સાધુ વર્ગ, વિશાળ સાધ્વી વૃન્દ; આમ સમગ્ર સંઘ તથા સેવક વર્ગ બધા જ ત્યાં રાત્રિ–રોકાણ કરીને રહેલા છે.

વહેતે દિવસે વહેલી સવારે સંઘ આગળના મુકામે જવા પ્રયાણ કરવા તૈયારી કરી રહેલ છે. સૂરજ દેવ ઉદયાચલ પર્વત ઊપર ઊંચું થઈ રહ્યા હતા. હજુ મશાલચીઓએ મશાલોથી પ્રકાશ પાથરવાનું ચાલુ રાખ્યું હતું. તેવે વખતે પરમાર્હત શ્રી કુમારપાળ રાજા પૂજય કાલિકાલ સર્વજ્ઞને વિનંતિ કરવા આવ્યા. કલિકાલ સર્વજ્ઞને નિશ્ચલ ધ્યાનાવસ્થામાં જોઈ રાજા ભાવવિભોર બની ગયા, તેમના હૃદયમાં પ્રમોદભાવનો ઉછાળો આવ્યો.

બે મોટા પહાડોની વચ્ચેની પટ–કુટીર–તંબુમાં–પદ્માસનમાં વિરાજીત ગુરુદેવ પ્રસન્ન મુદ્રાથી ધ્યાન ધરી રહ્યા હતા. આ દશ્ય જોઈ કુમારપાળ રાજાના હૃદયમાં ગુરુ મહારાજ પ્રત્યેના સદ્‌ભાવની સરવાણીના સરોવરનું રૂપ ધરી લીધું. ક્ષણવાર મૌન રહી ભક્તિ–નમ્ર બની નમન કરી રહ્યા. આ સુભગ પળ હતી. દશ્યની હૃદય પર અંકિત થયેલી આનંદાનુભવની સુખદ સ્મૃતિની છાપને ચિરંજીવી બનાવવા આપસના બન્ને પહાડ પર ક્રમશ : એક પહાડની ટોચ પર ત્રિલોકના નાથ પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર અને બીજા પહાડની ટોચ પર પરમ સૌભાગ્યના ભંડાર શ્રી ઋષભદેવ ભગવાનનું મંદિર બનાવવાનો નિર્ણય કર્યો, અને એ રીતે મંદિરો બની ગયાં. વર્ષો સુધી પ્રભુ ત્યાં પૂજાતા પણ રહ્યા હતા. કાળનો ક્રમ છે. કાળની થપાટ આ મંદિરોને લાગી. અન્ય લોકો પ્રતિમાજીના મસ્તકને પોતાના ઈષ્ટદેવ માની પૂજતા હતા. બન્ને પહાડ વચ્ચે અત્યારે મોટો રસ્તો અને ખુલ્લી જગ્યા થઈ ગઈ છે. પરિવર્તન એ આ સૃષ્ટિનો અફર નિયમ છે. તેને આધીન ઘણું બદલાયું છે. પરંતુ આ સ્થાન તો અદ્‌ભુત છે !

આ ભૂમિમાં યોગેશ્વરના ધ્યાન પરમાણું પ્રસર્યો તેથી તે જગ્યા "ચાર્જ" થઈ છે. અને એટલે જ આટલાં વર્ષો પછી પણ ત્યાં શાન્તિનો અનુભવ થાય છે. કલિકાલ સર્વજ્ઞે જ એક સ્થળે એવુ લખ્યું છે તે શબ્દો આ ઘટનાથી પવિત્ર થયેલી જગ્યા માટે પણ અનુરૂપ છે :

भुवे तस्यै नमो यस्यां तव पादनखांशवः।
चिर चूडामणीयन्ते वृमहे किमतः परम् ॥

અર્થ : તે ભૂમિને નમસ્કાર હો, જયાં આપના તરણનખનાં કિરણો લાંબા કાળ સુધી મસ્તકના મણિમહિમાને ધારણ કરે છે; આથી વધારે શું કહીએ !

પ્રદ્યુમ્નસૂરિ

પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

● દુનિયા જે ચીજ માનતી નથી, એ ચીજને મનાવવાનો પ્રયત્ન જ આપણા અરિહંતદેવોએ કર્યો છે. એનું જ નામ ધર્મ છે. દુનિયા સુખને સારું ને દુઃખને નઠારું માનવા જ ટેવાયેલી છે. જ્યારે ભગવાન કહે છે કે, ખરાબમાં ખરાબ ચીજ સુખ છે, કેમકે એ પાપો કરાવે છે અને સારામાં સારી ચીજ દુઃખ છે. કેમકે સહર્ષ દુઃખનો ભોગવટો ઘણા કર્મોની નિર્જરા કરાવે છે, તેથી એ જ સાચો ધર્મ છે.

● નિશ્ચય હૈયામાં હોય, તો જ વ્યવહાર કામનો. કેમકે હૈયામાં નિશ્ચય સ્થિર હોય, તો યથાયોગ્ય વ્યવહાર આચરણમાં જરૂર તરવરતો હોય. નિશ્ચય અને વ્યવહાર : આ બે નયથી સાપેક્ષ રહેનાર જ સાચી ધર્મારાધના કરી શકે, માટે જ તો પૂ. ઉપાધ્યાયજી મહારાજે ગાયું છે કે, નિશ્ચય-દૃષ્ટિ હૃદય ધરીજી પાળે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર.

● મા-બાપની રજા વિના યોગ્ય-ઉંમરે દીક્ષા લેનારનો વિરોધ કરનારાઓને કંઈ મા-બાપ પર વહાલ નથી ઉભરાઈ આવ્યું, અસલમાં તો એમને દીક્ષા જ ખટકે છે. નહિ તો આવા વિરોધ કરનારા, મા-બાપને એકલા મૂકીને પરણ્યા પછી જુદા રહેવા જનારા આજના છોકરાઓ સામે એક શબ્દ પણ કેમ ઉચ્ચારતા નથી !

● પરમાત્માની કૃપા એટલે શું ? ભગવાનની આજ્ઞા ગમે અને એથી એ આજ્ઞાનું પાલન કરવાની પ્રવૃતિ થાય, એ જ ભગવાનની મહેરબાની ! બાકી બીજા દેવોની જેમ આપણા ભગવાન મહેરબાની કરે નહિ. પણ આપણે તો મહેરબાની માનીને કૃતજ્ઞતા/ભક્તિ વ્યક્ત કરવી જ જોઈએ.

● આપણી ધર્મ-ક્રિયાઓ તો એવી અદ્ભુત છે કે, એમાં તન-મન-વચનની અદ્ભુત કસરત સમાઈ જાય ! જે ધર્મક્રિયાઓ જેવી રીતે કરવાનું વિધાન છે, એવી રીતે જો બરાબર કરવામાં આવે, તો શરીરના બધાં જ અંગોપાંગોને શ્રેષ્ઠ-કસરત પણ પળી જાય. આ રીતે ક્રિયા કરનારો પ્રાયઃ માંદો પણ પડે જ નહિ.

● પુણ્યોદય અને પાપોદય : આ બંને આજ સુધી લગભગ આપણું અહિત જ કરતા આવ્યા છે. અપેક્ષાએ આપણું વધુ આત્મ-અહિત પુણ્યોદય દ્વારા થવા પામ્યું હોય, તોય ના નહિ. પુણ્યોદય સુખ સામગ્રી અપાવીને, એમાં ગુમભાન કરાવવા પૂર્વક પાપો કરાવીને અહિત કરનારો બની શકે છે, પાપોદય દુઃખો આપીને, એમાં દીન બનાવવા પૂર્વક પાપો કરાવીને અહિત નોતરનારો બની શકે છે. આ બંને જાતના ઉદય વખતે મોક્ષની ઈચ્છા જો જીવતી ને જાગતી રહી શકે, તો એ જાગૃતિના પ્રતાપે જ બંને ઉદયોની અહિતકારક શક્તિ ખતમ થઈ જાય, ઉપરથી એ બને ઉદય આત્મહિતને વધુ પરિપુષ્ટ બનાવનારા નીવડે. મોક્ષના લક્ષ-પક્ષમાં આટલું બધું બળ રહેલું છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી કિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
27/03/03
9557

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

ગુરુગુણસ્તુતિ સાચી ક્યારે ?

लोए लोउत्तरे चेव,
गुरवो मज्झ सम्मता।
मा हु मज्झावराहेण,
होज्ज तेसिं लहुत्तया ॥
(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૨૭૫૪)

આ લોક અને લોકોત્તરમાં પણ મારા માટે (આત્મ કલ્યાણાર્થે) સદ્‌ગુરુ જ સંમત છે. માટે મારી (નાની પણ) ભૂલથી મારા (પરમ તારક તે) ગુરુની (જરાપણ) લઘુતા - અપ્રભ્રાજના ન થાય તે જ મારા માટે કલ્યાણકારી છે.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અઠવાડિક


વર્ષ ૧૫

અંક ૨૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005



આ બોર્ડ તો મૂક્યું જ છે પણ તે ઉપરાંત એરપોર્ટની 'સિક્યોરિટી' માફક આપણા ચોકીદારો પણ દરેક વ્યક્તિની તપાસ કરી, પછી જ અંદર જવા દેશે તો- જરાય ચિંતા ન કરો. કાંઇ ધમાલ નહિ થાય.



બાબુલાલ! ફેન્સીડ્રેસ હરિફાઇમાં તમે ભાગ લેવા આવ્યા છો તે વાત બરોબર, પણ પ્લીઝ! 'બિન લાદેન' જેવો પહેરવેશ પહેરીને તો અમે તમને અંદર- નહિ જ જવા દઇએ સોરી!



સાંભળો! આજકાલનું વાતાવરણ જોતાં, મહાશક્તિ અંબામાના આપણે એવા ગરબા ગાવાના છે કે જેથી દુનિયામાંથી ત્રાસવાદનો નાશ કરવા આપણને ખૂબ તાકાત મળે. તો પ્લીઝ- ફિલ્મી ગીતો પર ટાંટિયા- ઉછાળવાનું ટાળજો.



"આધુનિક દેખાવું હોય તો માતાજીની ચાલુચીલા છબીના બદલે 'મોડર્ન આર્ટ'નું આ 'અર્થસભર' ચિત્ર લટકાવો" એમ કહી એક ભાઇએ આ મફતમાં જ આપ્યું એટલે પછી અહીં મૂક્યું. તો તમને કેવું લાગ્યું?

आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ ફાગણ વદ ૮ * મંગળવાર, તા. ૨૫-૩-૨૦૦૩ (અંક : ૨૧

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९
सं २०४७, आसो सुदि-७ , शनिवार, ता. २६-९-१९८७
श्री चंदनबाला जैन उपाश्रय, वालकेश्वर, मुंबई - ४०० ००६.

પ્રવચન
ओगणसाईठमुं
પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ.આ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ. .

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અવ૦)

सुनिउणमणाइणिहणं भूयहियं भूयभावणमहग्घं ।
अमियमजियं महत्थं महाणुभावं महाविसयं ॥

ગૃહસ્થપણું એવી જગ્યા છે કે ઘણા જીવોનું અહિત કરવું પડે. તમારાથી જે જીવો મરે તેને ગુસ્સો બહુ આવે છે તે પણ બહુ પાપ બાંધે છે. શું કરે બિચારા ! કોઈને ડુચા મારીને બાંધીને મારે તો તે વખતે તેના મનમાં શું શું થાય ? તે બોલતો નથી પણ મનમાં તો ઘણું થાય છે. ભાવમન તો બધાને છે. ભાવમન વગરનો એક જીવ નથી. સંસારની બધી પ્રવૃત્તિ મજેથી કરતા હો, કરવા જેવી માની કરતા હો તો કેટલું પાપ બંધાય ? ભગવાનની આજ્ઞા સમજેલાને તે ગૃહસ્થપણું કરવા જ જેવું નથી તેમ તેના હૈયામાં હોય. તત્ત્વ કરવા પડે તો દુ:ખથી કરે પણ આનંદથી નહિ. સંસારની પ્રવૃત્તિ કરવી પડે તે પણ દુ:ખથી કરે, મજાથી નહિ. 'સમ્મદિટ્ઠી જીવો' ગાથા યાદ છે ને ? સમ્યગ્દષ્ટિ જીવને પાપ કરવાની ઇચ્છા હોતી જ નથી, પાપ કરવું પડે તો દુ:ખી હૈયે કરે, નહિ કરવા જેવું માનીને કરે, કર્યા પછી પણ દુ:ખનો પાર ન હોય માટે તેને 'અપ્પોસિહોઇ બંધો' કહ્યો. એટલે કે, તેને જે કર્મબંધ થાય તે અલ્પ થાય, નિષ્ફળ જેવો થાય. તે પાપ જલ્દી ખપી જાય. આ સમ્યગ્દર્શન તમારામાં છે ? ઘર-પેઢી ચલાવે તેનું દુ:ખ ન હોય, મજેથી અન્યાયાદિ કરે તેને અને સમકિતને લાગે વળગે પણ શું ?

રોજ શા માટે સાંભળો છો ? સમ્યક્ત્વ પામવું હોય તેને તો થાય કે, આ આ પાપ ન થાય. રોજ સાંભળવા છતાં સંસારમાં મજાથી રહેતા હો, વેપારાદિમાં અન્યાયાદિ મજેથી કરતા હો, ટેસ કરો, મોજમજાદિ કરો, વ્યસનો કરો, જેટલાં પાપ તે બધા મજેથી કરતા હો તો ભવાંતરમાં ઘણા કાળ સુધી આવું જૈનકુળ ન મળે, ધર્મસામગ્રી ન મળે તેવાં પાપ બંધાશે. આવી સુંદર મનુષ્યગતિ પણ દુર્લભ થશે. જેમ તમે અનેકને શેકીને ખાવ છો તેમ તમને ઘણા શેકી ખાશે. ત્યાં જવું છે ? આ સમજ્યા પછી હવે ગૃહસ્થપણામાં મજા નથી કરવી ને ? શક્તિ હોય તો છોડવું છે ને ? ન છૂટે તો છોડવાની ભાવના રાખવી છે ને ?

ભગવાનની આજ્ઞા જેમ ભૂતહિતવાળી છે તેમ ભૂતભાવનાવાળી છે. તેને હંમેશા હું જે સંસારની પ્રવૃત્તિ

કરું છું તે ખોટું કરું છું, ન કરવા લાયક કરું છું. મારા અજ્ઞાનથી અને મોહથી કરું છું, ક્યારે આ બધું છૂટે-તેજ ચિંતા હોય છે - આ બધી વિચારણા ભૂતભાવનામાં આવે. તમે ઘર માંડ્યુ, મોટી પેઢી ખોલી તે ખોટું કર્યું તેમ લાગે છે ? તે બધાથી છૂટવાની ઇચ્છા છે ? 'ભૂત' એટલે સત્ય અને 'ભાવના' એટલે વિચારણા કરવી. અર્થાત્ જે સત્યો છે તેની વિચારણા કરવી તેનું નામ 'ભૂતભાવના' છે.

તત્ત્વ સમજે તેને સંસાર ભૂંડો લાગે, વેપાર ભૂંડો લાગે, પૈસા-ટકાદિ ભૂંડા લાગે, કુટુંબ-પરિવાર ભૂંડા લાગે, ભોગ ભૂંડા લાગે. વેપાર પાપ કે પુણ્ય ? વેપાર કરવા જેવી ચીજ કે ન કરવા જેવી ચીજ ? જેમ જેમ પૈસા મળે તેમ તેમ વધારે બગડવાના કે સુધરવાના ? જેની પાસે વધુ પૈસા તે શું કરે છે ? આજના સુખી જે રીતના જીવે છે તેથી લાગે કે તે બધા ભૂતભાવનાવાળા પણ નથી અને ભૂતહિતચિંતાવાળા ય નથી એટલે કે ભગવાનની આજ્ઞા પણ સમજ્યા નથી.

ભગવાનની આજ્ઞા સમજી શકાય તેવી હોવા છતાં, સમજવાની સામગ્રી હોવા છતાં મોટોભાગ સમજતો નથી. એટલે ધર્મી પણ નથી. 'આણાએ ધમ્મો' કહ્યો છે. આજ્ઞાનું પાલન તે જ ધર્મ. આજ્ઞા સમજ્યા વિના પાલન શી રીતે થાય ?

પ્ર. -અહિંસા પરમો ધર્મ કે આજ્ઞા પરમ ધર્મ ?

ઉ. -અહિંસા પણ ભગવાનની આજ્ઞા મુજબની જોઈએ. આજે તો અજ્ઞાન ઘણું છે તેથી ધર્મના નામે અધર્મ ઘણો કરે છે. અહિંસા ધર્મ ખરો પણ અહિંસા શું તે ખાસ સમજવું પડે. આજે તો મંદિર જૂએ ને આંખો બળે છે. લાખો અને કરોડના બંગલા જૂએ તો કાંઈ ન થાય અને મંદિર-મૂર્ત્તિનો વ્યય ખોટો માને, તેમાં ય હિંસા માને. અજ્ઞાન તો એટલું વ્યાપક બન્યું છે વર્ણન ન થાય. અહિંસા પણ સમજે તે પાળી શકે. અણસમજુ અહિંસાના નામે હિંસા કરે.

આજ્ઞા સમજાય તો સંસારમાં રહેવાનું મન ન થાય. અહીં આવવાનું મન થાય. સાધુ ન થવાય તેનું પારાવાર દુઃખ હોય. 'આ જન્મમાં પામવા જેવું પામ્યો નહિ, મારા જેવો હીન કર્મી કોઈ નહિ' આવો મરતી વખતે ય વિચાર ન આવે તે શ્રાવક નથી. જીવતા ક્ષણ જેવી ન હોય કે સાધુપણાની ભાવના ન હોય. અનેક જીવોને નુકશાન કરવું પડે તેવો ઘરવાસ મંડાય ? તમે સમજીને માંડેલો કે મૂર્ખાઈથી ? હજી પણ સમજો છો કે નહિ ? જે મનુષ્યપણામાં એક પણ પાપ વિના જીવાય તેવું હોવા છતાં ય તે મનુષ્યપણાને પાપ વિના જીવાતા નહિ તેવું કર્યું. જેમ જેમ મોટો થાઉં તેમ તેમ હિંસા વધતી જાય છે, જૂઠ મજેથી બોલાય છે, ચોરી મજેથી કરાય છે, કાયદાનો ગેરલાભ પૂરતો લેવાય છે, કાયદા મુજબ લાખોની ચોરી કરાય છે, હોંશિયાર એટલી ચોરી કરે કે જેની અવધિ નથી. તમે ભૂખે મરતા છો માટે અનીતિ-ચોરી આદિ કરો છો ? તમારી પેઢી તમને પાપ લાગે છે ? મોટામાં મોટી પેઢી મોટામાં મોટું પાપ છે તેમ હૈયામાં છે ? આજના મોટા વેપારી તો કહે, 'સાધુઓમાં શી અક્કલ છે ? દેશ-કાળ સમજતા નથી. કહે કે, પેઢી બંધ કરી દો. કેમ ચલાવીએ તે મન જાણે છે. બધામાં પાપ પાપ કહી બધાને આળસુ ને એદી કરી નાંખ્યા.' તેવા બધા અમને મૂરખા કહે કે માને તેની ગભરામણ થતી નથી કાચા સુતરનું ગુંચડું ઉકેલાય નહિ, કાપી નાખવું પડે. ઉકેલવા બેસે તો મરતા સુધી ન ઉકલી શકે.

ગૃહસ્થાવાસને નરકાવાસ કહ્યો છે. સાચવીને ન જીવે તો મોટોભાગ નરકે જાય. સાચવીને જીવે તે જ બચી જાય. તેને જ આ 'ભૂતભાવના' સમજાય. આખો સંસાર પ્રતિસમય ભૂંડો લાગ્યા જ કરે. તેને થાય કે, હું આમાં ક્યાં ફસી ગયો ! મારા માબાપ પણ મને તેમાં ફસાવનારા મળ્યા. મારા માબાપે મને ફસાવી દીધો જે મા-બાપ પોતાના સંતાનોને સંસારમાં જ ફસાવે તે માબાપ તેના સાચા હિતેષી નથી પણ મહાશત્રુ છે.

જૈન જાતિ-કુળમાં જન્મેલા જીવો સમજદાર થાય તો શુ કહે ? 'મારે મોક્ષ જોઈએ છે, તે માટે સાધુ થવું છે.' શેઠ થવું છે તેમ પૂછે તો ના પાડે. તે માટે કેટલાં પાપ કરવાં પડે તેમ તે કહે. ધર્મી છોકરો બાપની મોટી પેઢી જોઈને ગભરાઈ જાય. શું માંડ્યું છે ? ક્યાં જવું છે ?

પણ તમારા ઘરના છોકરા આ સમજે ખરા ? મરતા સુધી ઘર-પેઢીની જ વાત કર્યા કરે તો ક્યાંથી સમજે કે ઘર-પેઢી પાપ છે !

આજ્ઞા સમજ્યા નથી માટે આ બધી ગરબડ છે. **આજ્ઞા સમજે તે જ શ્રાવક સાચા ! બાકી બધા નામના શ્રાવક !** તેવા શ્રાવકો અનેકનું અકલ્યાણ કરે. પોતાનું, કુટુંબનું અને આડોશી-પાડોશીનું પણ અકલ્યાણ કરે. પાડોશી તેના પ્રશંસક ન હોય, નિંદક હોય ! શ્રાવક પાડોશમાં હોય તો ધર્મ આપોઆપ આવી જાય તે વાત ગઈ ! શ્રાવકના ઘરે તો કોઈપણ આવે, તેનું સન્માન હોય તે ય વાત ગઈ ! આજે તો તમારા ઘરે તમારા સંબંધી પણ ઝટ આવે નહિ શાથી ?

સંસાર ભૂંડો લાગે છે ? ક્યારે છૂટે તેમ થાય છે ? ક્યારે સાધુ થાઉં તેમ થાય છે ? મરતા મરતા ય સંતાનોને શું શું કહીને જવાના ? પેઢી બરાબર ચલાવવાનું કહી જવાના કે છોડવાનું ? આજે તો જેમ ઉંમરમાં વધે તેમ તેમ પાપ વધતા જાય છે. શ્રાવકનાં પાપ દિન-પ્રતિદિન ઘટવાં જોઈએ તેને બદલે વધતા જાય છે તેમ લાગે છે ને ? નાના હતા ત્યારે સારા હતા, મોટા થયા તેમ તેમ બગડતા ગયા છો. મોટો થાય પછી પાપથી ગભરાતો નથી. આજના સારામાં સારા શ્રાવકને પેઢી ચાલે છે કે નહિ તેની ચિંતા છે ? આવક સારી છે કે નહિ તેની ચિંતા છે !

આજનો મોટોભાગ ભગવાનની આજ્ઞાને સમજતો નથી, સમજવાની ઇચ્છા નથી. આટલા શ્રાવકોમાં વ્રતધારી કેટલા ? સમ્યક્ત્વ ઉચ્ચરનારા કેટલા ? તમારી નિયમાવલી વાંચે તો સારાને હસવું આવે. વ્રતધારી કહેવાય લોભનો પાર નથી, પાપનો ડર નથી. એટલી બધી છૂટ રાખે છે કે વાત ન થાય. તેને પાપ જ કરવું છે, ધર્મ કરવો નથી તેમ કહેવાનું મન થાય તેવું છે.

શ્રાવકને તો જેટલી ક્ષણ સાધુપણા વિનાની જાય છે તે નુકશાન કરનારી લાગે છે. વહેલામાં વહેલું સાધુપણું પામવું છે. ગૃહસ્થપણું પાપ ન લાગે, ધંધો-વાપો, પૈસો-ટકો પાપ ન લાગે, પરિગ્રહ પાપ ન લાગે તે જૈન હોય !! પરિગ્રહમાં ઘર આવે ? કુટુંબ આવે ? ધન-ધાન્યાદિ આવે ? પરિગ્રહ વધારવાનું જ મન હોય તેની ગતિ કઈ થાય ? મહાપરિગ્રહીની ગતિ કઈ કહી ? નરક. નરક છે ? નરકમાં કેવાં કેવાં દુઃખ છે ? મોટો ભાગ નરક માનતો નથી, લોકોને ડરાવવા નરક બતાવે છે તેમ કહે છે. આવું બોલનારા-લખનારા જૈન કુળોના નબીરાઓ છે. વધારે પરિગ્રહ માટે દોડા દોડ કરે છે, શું શું કરે છે તેનું વર્ણન થાય તેવું નથી. જે અહીં નથી જ આવતા તેમની વાત જવા દો પણ જે રોજ આવે છે તેમની વાત કરવી છે. રોજ સાંભળનારા પણ આવાને આવા જ હોય તો !

તમારામાં શ્રાવકપણું આવ્યું છે કે નહિ તેનો વિચાર કરવા વારંવાર પૂછું છું. પ્રાણિ માત્રની હિંસા ન થાય-કરવા જેવી નથી. આમ જેના મનમાં ન હોય તે શ્રાવક હોય ? ગૃહસ્થપણામાં અનેકને પીડા આપ્યા વિના ચાલે નહિ માટે ગૃહસ્થપણું સારું નથી આમ જે ન સમજે તે શ્રાવક કહેવાય ? તમારી શ્રાવકપણાની ક્રિયાઓ ઘટી રહી છે કે વધી છે ? આજના મોટા શ્રીમંતો અમને કહે છે કે, આ બધા સાધુઓ, બધામાં પાપ પાપ કરીને આપણને (જૈનોને) દરિદ્રી રાખવા માગે છે. પૈસા નહિ હોય તો મંદિર-ઉપાશ્રય કોણ બાંધશે, ઉત્સવો કોણ કરશે તેમ કહે છે ? આ વાત સાચી છે ? આવું બોલનારા શાસનને સમજેલા છે ખરા ? આજે જ્યાં જ્યાં મંદિર બંધાતુ હોય ત્યાં પૂછવામાં આવે કે, કેવી રીતે મંદિર બાંધ્યું ? તો શું જવાબ આપે કે, માગી લાવીને. આવું પણ કોણ કહે ? ગામના સુખી ધર્મીઓ. ગામના સુખી માણસો બહારથી પૈસા માગી લાવીને મંદિર બાંધે તો તેને ધર્મ થાય કે અધર્મ થાય ? મંદિર કો'કને કદાચ લાભ આપશે પણ તેનું તો શું થાય ? આજે પોતાના બંગલા-ફ્લેટ બાંધનારા છે પણ મંદિર-ઉપાશ્રય બાંધનારા છે ? પોતે ધર્મ કરવો નથી અને બીજા જીવો ધર્મ ન કરે માટે લોકોને ઊંઠા ભણાવે છે. આજના અજ્ઞાનીઓની વાતોમાં આવવા જેવું નથી. શ્રી જૈનશાસનનો મૌલિક સિદ્ધાન્ત છે કે, પોતાની પાસે પુણ્યયોગે જે સામગ્રી હોય તેનો સદુપયોગ કરવો તે ધર્મ છે પણ સદુપયોગ કરવા સામગ્રી મેળવવી તેને તો અધર્મ કહ્યો છે. તમારી પાસે પૈસા હોય તો દાન દેવાનું છે પણ

દાન દેવું છે માટે પૈસા કમાવો તેમ ભગવાને કહ્યું નથી.

મંદિર-ઉપાશ્રયાદિ ના ગમે તેને સાધુ થવાની વાત શી રીતના ગમે ? સાધુપણાની ભાવનાવાળો હોય નહિ તે શ્રાવક પણ ના કહેવાય આ સાંભળતા આઘાત થાય ? 'સાધુપણાની ભાવના ન હોય તે શ્રાવક પણ ન હોય' તેમ તે કહેવાતું હશે' આવું બોલનારા જૈનો પણ છે અને હવે તો સાધુઓ પણ તેમ બોલનારા પાક્યા છે. જ્ઞાનિઓ તો ત્યાં સુધી કહે છે કે, જે લોકો શક્તિ છતાં સારું નથી કરતાં, મજેથી ખોટું કરે છે તે બધા પોતાની જાતને જ છેતરે છે. સમજવા છતાં ય સારું નહિ કરે અને ખોટું જ કર્યા કરશે તો એવી એવી દુર્ગતિમાં જવું પડશે, એટલો કાળ ભટકવું પડશે કે આવી સારી સામગ્રી નહિ મળે. વખતે અનંતકાળના ખાડામાં ય પડી જવું પડશે.

ભલે આ કાળમાં અહીંથી મોક્ષમાં સીધું ન જવાય પણ મોક્ષની તૈયારી કરાય તેવી સામગ્રી તો આજે પણ છે. અહીં પણ મોક્ષની તૈયારી કરવા આવો છો ને ? ઝટ મોક્ષે જવું છે કે જવાય ત્યારે ? બધી સંસારની જ તૈયારી કરવી છે ? જેને મોક્ષે જવું નથી, સાધુપણાની ઇચ્છા નથી તે શ્રાવકપણું કરે તે સંસાર વધારવાની તૈયારી કરે છે. તમે બધા વેપારાદિ કરો તેથી અને ઘણા પૂજા-ભક્તિ કરે તેથી ય સંસાર વધારે છે. પૂજા-ભક્તિ ય વેપાર-ધંધા સારા ચાલે માટે કરે. પૂજાદિ પણ ધંધો સારો ચાલે માટે કરે તો તે સંસાર વધારે કે ઘટાડે ? તમારી ધર્મક્રિયા સંસાર વધારનારી છે કે ઘટાડનારી છે ? સંસારમાં બેઠા છો તે સારું લાગે છે કે ખરાબ ? સાધુપણાના લક્ષ્ય વિના સારામાં સારી ધર્મક્રિયા શા માટે કરે ? તો કહેવું પડે ને કે, ખૂબ ખૂબ પૈસા-ટકાદિ મળે, ધાર્યું સુખ મળે અને મોજ મજા કરું માટે. વેપારમાં, ઘરમાં વાંધો આવે તો તેને ટાળવા માટે ધર્મ કરનારા ઘણા. સંસાર બરાબર ચાલે તો ધર્મ ફળ્યો કહેવાય, તેમાં વાંધો આવે તો ધર્મ ફળ્યો નહિ તેમ માનનારા ઘણા. સાધુ થઈને ય માન-પાનમાં ફસે તે ય માર્યા જાય. ભગવાનની આજ્ઞા 'ભૂતહિત' અને 'ભૂતભાવના' વાળી છે તે વાત સમજાવી આવ્યા. હજી બીજી વાતો કરવી છે તે હવે પછી.

(ક્રમશઃ)

૧૦૦૦	દેવ દ્રવ્યની કાંકણીનો ઉપભોગ સાગરશેઠે કરેલ.
૧૦૦૦	વર્ષ વીર પ્રભુ પછી પૂર્વશ્રુતનો વિચ્છેદ થયો.
૧૦૦૦	રાણીઓનો સ્વામી ગંગદતી ગત ભવમાં હતા.
૧૦૦૦	યોજન જાડા કળશો લવણ સમુદ્રનાં પાતાળમાં હોય છે.
૧૦૦૦	હાથીઓ ધારા નગરીના સિંધુલ રાજા પાસે હતા.
૧૦૦૦	યોજન ઉંડો કાળોદધિ સમુદ્ર છે.
૧૦૦૦	ધનુષ્ય પહોળું સોનાનું જિનાલય શત્રુંજય ઉપર ભરત મહારાજાએ બનાવેલું
૧૦૦૦	ગાંડા હાથીઓ ક્ષમા ઋષિના ચરણદિકથી (પાણીથી) સાજા થયેલા.

- રશ્મિકા

પોતાની રાજધાની નજીક એક ફકીર ઉતર્યાના ખબર મળતાં બાદશાહે તેને પોતાના મહેલે નિમંત્ર્યો. ફકીર તો કાદવથી લદબદ પગે મહેલનાં મોંઘા ગાદીગલીચા ખરડતો બાદશાહ પાસે પહોંચ્યો. બાદશાહ આ બધું જોતો મૂંગો બેસી રહ્યો, એટલે ફકીરે સામેથી કહ્યું : 'તારા દોરદમામનો ગર્વ ગાળવા જ મારે આમ કરવું પડ્યું છે.' બાદશાહે નમ્રતાર્થે પૂછ્યું, 'પણ ગર્વથી ગર્વ ટળે ખરો ?'

ફકીર શરમિંદો બની ગયો.

(બીજાને ઉતારી પાડવા એ દોષ છે.)

❐ The theory of COMMUNISM may be summed up, in one sentence; abolish all private property. - ***Karl Marx***

'મમતા મોહ ચંડાલકી બેટી'

-પૂ. રાજશ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.


મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે અધ્યાત્મ પદોમાં મમતાની ઓળખ આપતા મમતાને મોહરૂપી ચંડાલની બેટી કહી અને સમતાને 'સમતા સંયમનૃપ કુમરીરી' કહી ઓળખાવી આપણી મોહનિદ્રાને ઉડાવવા પ્રયત્ન કર્યો છે. દુનિયામાં પણ ચંડાલ તે અસ્પૃશ્ય ગણાય છે તો તેની દીકરીને ભેટવા સજ્જન ક્યારે પણ ઇચ્છે ખરો ? આત્મગુણોને હાનિ કરનાર અને પુદ્ગલના પ્રેમમાં અનુકૂલ-ઇચ્છિત પદાર્થો પર મોહ-માયા-મમતા કરીએ તો આપણને લાગે કે હું મોહ રૂપી ચંડાલની બેટીને ભેટી રહ્યો છું. મને મારી જાતને અભડાવી રહ્યો છું ? સારી હિતકર આત્મ પ્રબોધક વાતો સાંભળવાની પણ યોગ્યતા પેદા ન થાય તો શું થાય ? હું અને મારું' એ મમતાની ઉત્પત્તિ ભૂમિ છે. 'અહં મમ' આ બે અક્ષરનો મંત્ર એ મોહ રાજાએ સંસારી જીવોને સંસારમાં ટકવા આપેલો મહામંત્ર છે. જેનું રટણ સંસારી જીવો અહોનિશ કરી રહ્યા છે, જરા પણ થાકતા નથી. મોહથી મદોન્મત્ત અને બેહોશ બનેલા તેમને 'હું કોણ છું ? મારું શું છે ?' તેનો વિચાર સરખો આવતો નથી. તેમને તો શરીર તે જ હું અને શરીરને સુખાકારી તે જ-વસ્તુઓ પછી તે જડ હોય કે ચેતન તે જ મારી લાગે છે. પછી તેની માયામાં લપેટાઇ, ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં મોહ મસ્ત બની ચાર દિનની ચાંદની જેવા જીવનને વેડફી નાંખે છે.

મોહનો અંધાપો એવો છે જે જેમાં જે ન હોય તે પણ બતાવે, જે હોય તે ન બતાવે. મારાપણાનું મમત્વ પેદા થયું પછી જૂઓ જાદુ જે લજ્જાપ્રદ બીભત્સ અરૂચિકર હોય તેમાં પણ મમત્વના કારણે શું શું ચેનચાળા ન કરે તે કહેવાય નહિ ! તેમાં રાગ-અનુરાગ ભળે, દ્વેષ-વિદ્વેષ ભળે તો શું ન થાય તે નવાઇ ! મમત્વના કારણે અધિકારની લોલુપતા જન્મે, ભોગનો કીડો બને અને ધાર્યું કરવા જીદ્દી પણ બને અને કજીયો-કંકાશ-ક્લેશ-કલહ પણ ખરીદી લે. સારા વિચારકો પણ કહે કે મમત્વ એટલે મોહ-માયા-સ્વાર્થ મોગૈષણાની તીવ્ર લોલુપતામાંથી જન્મેલું ઉન્માર્ગી બાલક છે. મમત્વનો માર્ગ દુઃખોને નિમંત્રણનો હોવા છતાં તે માર્ગેથી પાછા વળનારા વિરલ જ હોય છે. મમત્વ બહારથી આકર્ષણીય રાને સોહામણો, સુંવાળો, નિષ્કંટક માર્ગ લાગે છે પણ તેના ચક્રવાતમાં ઝડપાયા એટલે માત્ર સ્વાર્થને જ જૂએ. સ્વાર્થપૂર્તિ માટે જે કરવું પડે તે કરવા તૈયાર ! મમત્વના માઠા પરિણામો આજે પણ નજરે દેખાય છે, બધા સારી રીતના જાણે છે પણ અંતે આદર તો તેનો જ કરે છે, ઉત્સાહથી તેનું જ પોષણ-સેવન કરે છે. રાવણનો વિનાશ શાથી કે દુર્યોધનનો સર્વનાશ પણ શાથી ? તે જો સારી રીતના વિચારે તો બધાને કબૂલ કરવું પડે કે તેમાં અંતે મમ ત્વ જ કારણ હતું. તેમાં પાછું 'અહં' પણ ભળેલું. મમત્વ અનુભવોથી પણ અનુચિત છે, અકરણીય છે, અનર્થકારી છે, સત્યથી દૂર છે, વૈરવૃત્તિને વધારનાર-પોષનાર છે, રાગ-દ્વેષની માત્રાને બહેકાવનાર છે. મમત્ત્વવાદીને તો ડગલે ને પગલે રાગની લીલી વાડીઓ અને ભોગની સુંવાળી છાયાઓ જ દેખાય એટલે તેના આકર્ષણોની શીતલ-સુંવાળી દુનિયામાં ફરવાનું ઘણું જ ગમે છે. તે પણ સત્ય હકીકત છે કે, સુખના અર્થી જીવોને પ્રારંભમાં તો મમત્ત્વના 'મીઠાં' ફળો નજરે પડે છે અને પરિણામના 'માઠાં' ફળો દેખાતા જ નથી. સંસારના રસિક જીવો તો બિલાડીની જેમ માત્ર દૂધની ખુલ્લી તપેલી જૂએ છે પણ બીજો વિચાર કરી શકતા નથી. માયાનું કામણ જ આ છે ને ? મમતામાં મહાલનારને 'આજનો લહાવો લીજીયે, કાલ કોને દીઠી' તે વાત બરાબર આત્મસાત્ હોય છે. મલ્યું છે તો માણી લો. કાલની ચિંતા આજે શા માટે ? પછી મોહ-માયા-મમતાથી જન્મતાં સુખોની આળપંપાળમાં ઉલ્લાસથી લાગી જાય છે. આ જન્મને બિચારો અંતે હારી જાય છે. અને ચોર્યાશીના ચક્કરમાં ચકરાવે ચઢી જાય છે.મમત્વના આવા દુરની દુર્ગતિપ્રદ પરિણામો જાણી તેનાથી બચવા પ્રયત્ન કરવો જોઈએ.

તે માટે સમતાનો આદર કરવો જોઈએ. સમતા સુંદરી સાચી સોહાગણ અને સુખદાયી છે. સમતાના કારણે ચીજ-વસ્તુઓના અભાવમાં પણ અનેરો આનંદ આવે છે. ગમે તેવા હર્ષ-શોક, વિષાદ-વિખવાદના પ્રસંગોમાં પણ તેની પ્રસન્નતા-પ્રફુલ્લિતતા એક સરખી જળવાઈ રહે છે. સમતા તો સાચા શૂરવીરોની જનની છે. સમતાધારી જેવો સ્વસ્થ, પરિણામદર્શી બીજો કોઈ નથી. તેના જીવનમાં જે ઉદારતા, સહનશીલતા, ક્ષમા, ધીરતા ગુણો જોવા મળે તે બીજે ન મળે. તે તો મળેલી સુંદર શક્તિઓનો સામનો કરવામાં નહિ પણ સહન કરવામાં સદુપયોગ કરે છે. સમતા જીવને સાચા તપ-ત્યાગના માર્ગે વાળી સાચી સમજણ, સહિષ્ણુતા, સમદર્શીતા અને સદ્ભાવનાવાળો બનાવે છે. તેથી ગમે તેવી મુશીબતો આવે કે ગમે તેવી અનુકૂળતા હોય તે બંન્નેને તે પચાવી જાણે છે, બંન્નેમાં અવિચલ બની રહે છે. સુખોથી-માનોથી છલકાતો નથી કે દુઃખોથી-અપમાનોથી વિચલિત બનતો નથી. તેના જેવો વિચારક અને વિવેકી બીજો બની શકતો નથી. વિવેકને બળે તે પદાર્થોમાં હેય-ઉપાદેયનું પૃથક્કરણ કરી હેયનો ત્યાગ અને ઉપાદેયનો આદર કરે છે. તેથી તેની વૃત્તિ-પ્રવૃત્તિ વિકાસના માર્ગે વાળી સ્વ-પર અનેકના હિતમાં સહાયક બને છે. અંતે સાચાં શાશ્વત સુખને પામે છે. આપણે પણ મોહ-માયા-મમતાને મારી, સમતા સુંદરીનું સગપણ સ્વીકારી તેના સાહચર્યને અનુભવી શાશ્વત સુખના ભોક્તા બનીએ તે જ મંગલ કામના.....

●●●

બાર આરાનું કાળચક્ર



સુષમ સુષમ, સુષમ, સુષમદુષમ, દુષમસુષમ, દુષમ અને દુષમદુષમ આ ૬ આરાની ૧ ઉત્સર્પિણી તથા ઉલ્ટા ક્રમે આ ૬ આરાની ૧ અવસર્પિણી એ રીતે ૧૨ આરામય કાળચક્ર જાણવું.

સંદર્ભ :-
''પ્રકરણ રત્નાવલી''
(શ્રી કાળ સપ્તતિકા)

તમે જરૂર વાગોળ જો.

લેખક – પૂ. આચાર્ય દેવશ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ.

(ગયા અંકથી ચાલુ.....)

૨૧) પ્રશ્ન :– કપટવાળાની અને ધર્મિની ધર્મ ક્રિયા સરખી ને ?

જવાબ :– બન્નેની ધર્મ ક્રિયા સરખી દેખાય પરંતુ મોઢું નાચે તો ખૂબ સારો લાગે, પરંતુ પાછળ પૂંઠ ઉઘાડી પડે તેવું કપટીનું બને છે. કિડી હોય તે મિઠાસ શોધ્યા કરે. સમકિત દૃષ્ટિ હંમેશાં ઉત્તમ તત્ત્વની અભિલાષા કરે. આંધળો ચાલે અને દેખતો ચાલે તેના ચાલવામાં ફેર હોય છે. જ્ઞાની અજ્ઞાનીની ક્રિયા એક સરખી દેખાય છતાં ફેરફાર હોય.

૨૨) પ્રશ્ન :– ઘણીવાર ધર્મી આત્માઓને તકલિફ બહુ આવતી જોવા મળે છે. હુકમ નામાની પજવણીઓ ખૂબ જોવા મળે છે.

જવાબ :– મસાણીઆને ત્યાં મરણની નોંધ હોય છે. અવગુણીને દુર્ગુણની નોંધ હોય છે. અને ગુણીને ગુણીની નોંધ હોય છે. ધર્મી આત્માને તકલિફ આવે છે. પણ તે તકલિફને તકદીર બનાવે છે. આફતને અવસર બનાવે છે. તેની આંખ સામે ધર્મનું પરમ અને ચરમ ફળ પામેલા મહાનપુરુષોની સ્મૃતિ હોય છે. તે માને છે ખંધકમુનિએ કેટલો બધો તપ કર્યો છતાં જીવતા ચામડી ઉતરી ગઈ. શુકલ ધ્યાન ઉપર આરુઢ થઈ અજર અમર બની ગયા. તેમની સામે મારો ધર્મ કેટલો ? મને જે દુઃખ કે આપત્તિ આવી છે તે તો કાંઈ વિસાતમાં નથી. મનુષ્ય ભવ ઘણીવાર મળ્યો પરંતુ.

બે ૨ લઈને ઉત્તર ગુજરાતથી દિલ્હી વેંચવા ગયો અને કમાણી થઈ નહી. ઉપરથી ગાડીની મજુરી માથે પડી. રાજાનો ભંડાર ચોરાયો તેમ મહાન પુરુષોના પતનના દૃષ્ટાંત સાંભળી કોઈ વિચારતું નથી, રાજાનો ભંડાર ગયો તેમ આપણો ચોરી થાય તો શું વાંધો ? સાવધાન બને છે તેમ મહાન પુરુષોના પતનના દૃષ્ટાંતથી આપણે સાવધાની ખૂબ રાખવાની.

૨૩) પ્રશ્ન :– પ્રશંસા યોગ્ય પાસે કરવાની, બધાની નહી ?.

જવાબ :– યોગ્ય પાસે કરાય નહિ તો મહાન આત્માને આપત્તિ રૂપ બને. ઈન્દ્રે પ્રભુના ધૈર્યના વખાણ કર્યા. સંગમ પ્રતિજ્ઞા કરીને ગયો, જરુર ચલાયમાન કરીશ. ભગવાનને ખુબ ઉપસર્ગ થયા. ઈન્દ્રે સંગમને કેમ ન વાર્યો ? જો ઈન્દ્ર વારે તો પ્રભુપ્રત્યે અશ્રધ્ધા સહુને થાય. સોનાની કસોટી કરવા સોની ના પાડે તો સોની ઉપર અવિશ્વાસ આવે. બધુ અસમંજશ બની જાય. શરીર ઉપર ઘા કરી ઘાત પહોંચાડવો તે અપરાધ છે અને સાત્વિક ગુણોને ધક્કો પહોંચાડવો તે અન્યાય કહેવાય છે. અન્યાય છે. મીઠા વચનથી ખુશ ન થવું જોઈએ પણ બીજાના સારા–વ્યક્તિત્વથી ખુશ થવું જોઈએ.

૨૪) પ્રશ્ન :– લોગ વિરૂધ્ધચ્ચાઓ તેનો તાત્વિક ભાવ શું છે ?

જવાબ :– લોકમાં જે વિરૂધ્ધ મનાતું હોય તે સમજવું લોકોનો વિરોધ નહી. સ્વઘાતમાં મૌન પરંતુ ધર્મનો ઘાત થતો હોય તો અમૌન સેવવું જોઈએ. સારા ખોટાનો વિચાર કર્યા વિના તોડી ફોડી મનનું ધાર્યું સિધ્ધ કરવા જે વાદ કરવો તેનું નામ વિતંડાવાદ છે. સાચું સમજવા વિચારોની આપ લે થાય તે વાદ કહેવાય અને ઉંધી યુકિત લગાવવી તેનું નામ વિવાદ છે. ક્રિયાએ કર્મ ઉપયોગ એ ધર્મ પરિણામ એ બંધ સ્મૃતિ ભૂલાય છે તેનું કારણ બીજી ઉપાધિ છે. ચોવીસ કલાક ખાતા રહેવું તેવો નિયમ નહી પરંતુ ન ખાવાનો નિયમ, તેમાં ક્ષુધા પરિષહ કહ્યો. ખાવાનો પરિષહ ન કહયો. સારા માણસોને અણસમજુ બે બાજુ હેરાન કરે છે. જેમ અણસમજુ ગરીબ માણસ પોતાનું ઝુપડું પાણીમાં ભીંજાય તો ભગવાનને ગાળો દે છે અને વરસાદ ન આવે અને તેથી પાક તૈયાર ન થાય તો ભગવાનને ગાળ દે. નાકકટ્ટો માણસ સાસુને

વાત સાંભળી ચમકે જેમ વાંદરાને આરિસો બતાવો ને ચમકે અને નાકકટ્ટાને આરિસો બતાવો તો ચમકે. ઉત્તમ ભૂમિ હોય ઉત્તમ બીજ હોય પરંતુ સદ્‌ગુણની તાકાતનો વરસાદ ન હોય તેથી ફળની પ્રાપ્તિ હોતી નથી. યુગલિકના વખતમાં ભૂમિ હોય ઉત્તમ બીજ છે. પણ સદ્‌ગુણની પ્રાપ્તિ હોતી નથી. તેથી મોક્ષ ફળ મળતું નથી. નીંદાખોરને નીંદક માણસો સારા લાગે, ગધેડાનું મોઢું કૂતરો ચાટે અને કૂતરાનું મોઢું ગધેડો ચાટે.

૨૫) પ્રશ્ન :– વેપારમાં નફો ન થાય તો શું કહેવાય ? જે વૃક્ષ ફળ ન આપે તે વૃક્ષ શું કામનું ? જ્ઞાનનું ફળ વિરતિ છે. જ્ઞાન ભણ્યા પછી વિરતિ લેવાનું મન ન થાય તો શું સમજવું?

જવાબ :– અઢાર પાપ સ્થાનકમાંથી પહેલાં પાંચ પાપના પચ્ચક્ખાણ કરાવાય છે. છેલ્લા ૧૩ પાપના પચ્ચક્ખાણ નથી. કેમ કે યુધ્ધમાં મોટા શસ્ત્રની બંધી હોય છે. ચાકુ–કાતરની બંધી હોતી નથી. પહેલાં પાંચ પાપની પાછળ બાકીના તેર પાપો છે પરંતુ મિથ્યાત્વને સૌથી પાપનો બાપ કેમ કીધો ? મતિ વિપરિત છે તે માટે.

૨૬) બધા દીક્ષા લેશે તો વહોરાવશે કોણ ?

જવાબ :– ગમે તેટલો જળ પ્રલય થાય ખાડા ટેકરા પુરાતા નથી. બધા ડોકટર બનશે તો માંદુ કોણ પડશે ? બધા વેપારી બનશે તો નોકરી કોણ કરશે ? બધા પોલિસ બની જશે તો ચોરી કોણ કરશે ? બધા રાજા બનશે તો પ્રજા કોણ બનશે. બધા પુરુષો બનશે તો બેનો કોણ બનશે ? શુ બધા ઘેર વહોરાવા માટે જ બેસી રહયા છે ? દીક્ષા લેવા જેવી છે તેવું હદય પૂર્વક માનનારા કેટલા ? દીક્ષા માટે પ્રચંડ પુરુષાર્થ કરનારા કેટલાં ? આ દલીલ બરાબર નથી કે બધા દીક્ષા લેશે તો કોણ વહોરાવશે ?

૨૭) પ્રશ્ન :– રહનેમિ જેવાને ખોટો વિચાર રાજીમતી પ્રત્યે આવે તો અમારા જેવાને ખોટો વિચાર આવે તેમા શું વાંધો ?

જવાબ :– જાગતાને ઝોકા આવે. ઉઘણશીને ઉંઘમાં ઝોકા ન આવે. પાવર હાઉસ બંધ થઈ જાય અને લાઈટનો ગ્લોબ ચાલ્યો જાય બેમાં ફેર છે. જેને દીક્ષા લીધી નથી ખોટા વિચાર કરે છે તેનું પાવર હાઉસ બંધ કહેવાય અને દીક્ષા લઈ ખોટો વિચાર કરે તે ગ્લોબ ગયો કહેવાય, ગ્લોબ જલદી સુધારી શકાય છે તે સમજી શકાય તેવી વાત છે.

૨૮) પ્રશ્ન :– ગયા ભવના કર્મો આ ભવમાં કેવી રીતે ઉદયમાં આવે ?

જવાબ :– એક ગામમાં લાગેલો કાદવ ધૂવે નહી તો, બીજા ગામમાં કાદવ સાથે આવે અને કદાચ ન ધૂવે પાછો કાદવ લાગે તો પરંપરા સર્જાય છે. ઘણી વાર કાદવ કપડાને લાગેલો હોય ધોવા છતાંય ડાઘા જતા નથી. વિકાચીત કર્મો પણ તેવા છે. એટલે જ કહયું છે કે 'બંધ સમયે ચિત્ત એ ઉદયે શું સંતાપ'.

૨૯) પ્રશ્ન :– અનંત કાળ પછી પણ શું આ સંસાર ખાલી નહી થાય ? મોક્ષે જવાનું અંત કાળ સુધી ચાલુ રહેશે.?

જવાબ :– ગમે તેટલો જળ પ્રલય થાય પૃથ્વીનો નાશ થતો નથી. સૂર્યથી દરિયાનું પાણી સૂકાય છતાં દરિઓ ખાલી થતો નથી. જયાં અનંતા અનંત આત્મા છે ત્યાં ખાલી કેવી રીતે થાય. ધારો કે તમારી કલ્પના મુજબ છેલ્લો આત્મા મોક્ષે જશે તો તે પણ છદ્મસ્થ કાળમાં પાણી વાપરે, અનાજ વાપરે તો તેમાં જીવ ખરા કે નહી ? શાંત ચિત્તે વિચારજો તો ધર્મ કરી લેવાનો ઉત્સાહ વધી જશે.

૩૦) પ્રશ્ન :– કોઈ આપણને ગુસ્સો કરાવે, તેવું વર્તન કરાવે તો ગુસ્સો કરાવવામાં નિમિત બને તેને કર્મ બંધાય કે આપણને ?

જવાબ :– નિમિત્ત વગર સમતા રાખો તેની કોઈ કિંમત નથી. કારણ વિના તો કાળો નાગ પણ કરડતો નથી. માટે ક્ષમા રાખવી તે માનવનું કર્તવ્ય છે. કુતરા બિલાડા ક્ષમા ન રાખી શકે તે બને.

સમાપ્ત

મનોવેદના-એક ખુલ્લો પત્ર

શાસના ભક્ત

અનંત ઉપકારી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પરમાત્માનું પરમ તારક શાસન આ પાંચમા આરાના છેડા સુધી ચાલવાનું છે. દુષમા કાળના પ્રભાવે આ શાસને અનેક ચઢાવ-ઉતાર જોયા, અનેક બાહ્ય-અભ્યંતર આક્રમણો અનુભવ્યા છતાંય તે પોતાના પ્રભાવથી હજીય અડીખમ ઊભું છે અને ઊભું રહેવાનું છે. આજ સુધીમાં અનેકાનેક મહાપુરુષો થયા, જેમણે પ્રાણના ભોગે શાસનના સત્ય સિદ્ધાંતોની રક્ષા કરી, શાસનની શાન ચોમેર ફેલાવી માન સન્માન- ખ્યાતિ- પ્રતિષ્ઠા - નામનાદિના મહોમાં દેશકાળના નામે જરાપણ મૂંઝાયા વિના. ખોટી એકતા દિના લોભે, સત્ય સિદ્ધાન્તોમાંથી લેશ પણ ચળ્યા નહિ કે મોટા મોટા ચરમબંધીઓની શેહ શરમમાં આવ્યા નહિ પણ ભગવાનના યથાર્થ માર્ગનું જ જગત સમક્ષ જીવનભર, પ્રતિપાદન કર્યું અને તેનો જ સાચો વારસો આપીને ગયા.

આવા અનેક મહાપુરુષો પૈકી વર્તમાનકાળના અગ્રગણ્ય મહાપુરુષ નામ-કામથી શ્રી જૈન-જૈનેતર સમાજમાં અતિ સુપ્રસિદ્ધ છે. જેમનું નામસ્મરણ પણ અહોભાવને પેદા કરે છે અને આપોઆપ હાથ જોડાઈ જાય છે, મસ્તક નમી જાય છે. તે પુણ્યનામ ધ્યેય પુણ્ય પુરૂષ એટલે જ સુપ્રસિદ્ધ જૈનાચાર્ય પૂ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા!

જે મહાપુરુષે સત્યસિદ્ધાન્તોનું પોતાના પ્રાણની જેમ જતન કરેલું તે સત્યસિદ્ધાન્તો આજે કોની ગોદમાં અમે આનંદ પૂર્વક કિલ્લોલ કરતાં જગતમાં સ્વૈર વિચરીશું તે વિચારે ગોધાર આંસુએ રડી રહેલ છે. જેની પીઠ થાબડનાર કે પંપાળનાર કોઈ નથી. અમદાવાદ જ્ઞાનમંદિરની દિવાલોકે મુંબઈ લાલબાગની ઈંટો પણ તેની સાર સંભાળ લેનાર નથી. જયાં પોતાને આશ્રયની સંભાવના હતી તે સ્થાનો પણ આવાજ પોલા નીકળ્યા અને પાણીમ બેસી ગયેલા લાગ્યા. જે મહાપુરુષની ગોદમાં તે આનંદથ કિલ્લોલતું તેમના જ કહેવાતા આજે તેને જાકારો આપ રહ્યા છે. જે શાસનભક્તો-પ્રેમીઓ સાચી વાત સમજાવવ જાય તો આજના રાજકારણની જેમ તરત જ આ બધા ત 'વિરોધીઓ' છે 'ગુરુદ્રોહી' છે તેવા ઈલકાબોની વગર માંગ પોતાના હજૂરિયાઓમાં લહાણી કરે છે તે બધા અ મહાપુરુષની હાજરીમાં સારા લાગતા હતા, શાસનના સત્ય સિદ્ધાન્તના પ્રેમી લાગતા હતા કારણ પોતાના વિરોધીઓની આ લોકો ખબર લેતા, ખોટી વાતોનો વિરોધ કરતા. હવે પોતાના પગ નીચે રેલો આવે એટલે સાચી વાત સમજાવે તો તરત જ ઉકળી પડે છે અને 'મૌન સર્વાર્થ સાધનમ્' નીતિ સૂત્રને અપનાવે છે. તે વખતે નીતિશાસ્ત્રની બીજી વાત ભૂલી જાય છે કે તંદુરસ્ત વિરોધપક્ષ રાજકારણમાં જરૂરી છે જેથી સમાધીશો મદાંધ ન બને અને કમમાં કમ જાગૃત તો રહે.

પણ આ કવિકાળના આ બધા લોકો 'નિસ્પૃહ શિરોમણિ'નું બિરૂદ ધરાવે અને સત્તા-પદ-પ્રતિષ્ઠા માટે એવી સાઠમારી સોગઠાબાજી ખેલે કે, ખુદ સત્તાપિપાસુ રાજકારણીઓ પણ ઝાંખા પડે-હારી જાય! પાછા દેખાવ તો એવા કરે કે અમે તો કાંઈ જાણતા નથી. આ તો વડીલને 'આજ્ઞાંકિત' એવા કે બધાના 'વડીલ' પાછા તે બનવા નીકળે! આજની મોટી મોટી ફિલ્મ હસ્તીઓના 'ગોડ ફાધર' જેવા મોટા મોટા ભક્ત શ્રીમંતના પાછા 'ભગત' પણ એવા કે તે બોલે કે "વિરોધીઓને તો ખતમ કરી નાખવા જોઈએ" તો તેમાંય જીહજૂરીયાની જેમ સૂર પૂરાવે. ભલે ચાલે કાંઈ નહિ.

'ઘેલી' ભક્તિ પાછળ એવા ગાંડાઘેલા બની હોડ રમે કે કોને 'સૂવર્ણ ચંદ્રક' આપવો તે જ નક્કી ન થાય. એકે આવી ગુરુભક્તિ કરી તો બીજો વળી બાકી શેનો રહે? તેના કરતાં વિશેષ કરે ભલે તેમાં વિવેક શુન્યતા આવી જાય પણ નાવના પ્રારંભમાં મારું નામ જોડાઈ જાય એટલે આપણે બંદા 'અમર' પુરુષ અને ચમચા ભક્તોને રાજી કરવા

'પ્રચાર' માટે ભલે પોતે જ 'નિયમ' ઘડે પણ તોડવાની પહેલ પણ પોતે કરે. હાજર જવાબી એવા કે 'ચાલુ ગાડીએ જ ગાર્ડ ચઢે'નું ડીમડીમ વગાડે એટલે પેલા ચમચાઓમાં પોરસ ચઢે કે આપણા 'બાપુ' પણ કમ નથી હોં! શાસ્ત્રોના ખો છે ખાં! ભલભલાને ભૂ પાઈ દે અને ક્ષણમાં ચૂપ કરી દે. ભલે જવાબ ન આવડતો હોય તોય બાંયો ચઢાવીને એવા ગાજે કે 'આવા મગતરાને જવાબ કાંઈ આપવાનો હોય! ભલેને તે બધે પત્રો લખે. તેને લેખામાં લે તે બીજા આપણે બંધ નહિ.' આમ તો પોતેજ ચૂપ બની ગયા હોય પણ બડાશ એવી હાંકે કે 'કેવા ચૂપ કરી દીધા'! આ ભાયડો કમ ન સમજતા, હજી આંખ લાલ નથી કરી માટે ફાટયા છે. એક હાકોટો પડીશ તો છઠ્ઠીનું ધાવણ કાઢી નાખીશ.

આજે ગાડરીયો પ્રવાહ તો એવો ચાલ્યો છે કે એક બકરી બેં બેં કરે અને બીજી બધી પણ પૂંઠે ચાલનારી બેં બેં કરે. એકે કાંઈ નવું કર્યું તો તેની સત્યતા કે અસત્યતાનો વિચાર કર્યા વિના જીહજૂરીયા બધાજ તેને અપનાવી છે. જેમ કે, જૈન શાસનમાં મહાપુરુષોની અવિદ્યમાનતામાં તેમની એક માત્ર સ્વર્ગતિથિ જ ઉજવવાની માર્ગસ્થ સુવિહિત મહાપુરુષોની પરંપરા છે. છતાંય કોના ભેજાગેપની પેદાશ કે તેનું મૂળ હવે તો સી.બી.આઈ. પણ ન શોધી શકે કે અંતિમ સંસ્કાર દિનને લખવાનો પ્રારંભ કર્યો અને બધા, બધા વિષયના 'તજજ્ઞ' એટલે કહેવું ન પડે. કોઈ તેમની દૃષ્ટિએ 'દોઢ ડાહ્યો' 'માથા ફરેલ' 'ઉદ્દામવાદી' કહે કે, ભાઈ! આ તો લખાય જ નહિ. કદાચ લખવી તો સાચી તો લખો. જે મહાપુરુષે તિથિનો સત્ય માર્ગ જાળવ્યો, સત્ય માર્ગની રક્ષા કરી, સત્ય માર્ગની લવાદી ચર્ચામાં ફતેહ મેળવી, સત્ય માર્ગની જીવન ભર સાચી આરાધના કરી – કરાવી. તે જ મહાપુરુષની 'કદાગ્રહ'ના કારણે લખવાની શરૂ કરેલી, તિથિ ખોટી લખવી તેમાં તે પુરુષ પ્રત્યે કઈ 'કૃતજ્ઞતા' અને 'વફાદારી' છે તે સમજાતું નથી! પૂનમ – અમાસ પછી એકમનો ક્ષય આવે તો પૂનમ – એકમ કે અમાસ–એકમ જ લખવું જોઈએ.

શાસનનું સત માટે વળી ઘણા સમયે તેમાં સુધારો કર્યો તે આનંદની વાત છે.

પણ હવે નવું ડીંડક ચલાવ્યું કે અમારા જેવા 'ગુરુ ભકત' કોઈ નહિ માટે દર અમાસની ઉજવણી શરૂ કરી. તેય ઉજાણી રૂપે. બચાવની બારીઓના તો બધ કાયદાના ખાં (એટલે ભલે જે મહાપુરુષે સ્વયં પોતાની હયાતિમાં આવી ઉજવણીનો સ્પષ્ટ નિષેધ કરેલો તેમના જ અનુયાયીઓ તેને પગ ઉપર કચડી રહ્યા છે તેથી હૃદયમાં શાસનભકતોને જે વેદના થાય તે અવાચ્ય છે) એટલે ઘેલારામ ભકતોને રાજી કરે કે આપણે તો સમભાવ રાખવાનો. કોઈ આપણા માર્ગમાં ફુલ વેરે અને કોઈ કાંટા વેરે! (ખરેખર તો આ પુણ્યપુરુષને પામેલા 'સમભાવ'નો પરમાર્થ સમજતા નથી અને આ મહામાનવના નામનો 'વટાવ' કરી પોતાની ખીચડી પચાવે છે)

ગુરુમૂર્તિ માટે જે મહાપુરુષ કહેતા કે આવાં પૂતલાં કે બાવલાં મને પસંદ નથી છતાંય ગુરુભકત અમે માનીએ તો 'રામભકત' શેના કહેવાઈએ!

જે જગ્યાએ અગ્નિસંસ્કાર થયો તે ભૂમિ ઉપર કદાચ ગુરુસ્મૃતિ નિમિતે 'થૂભ' ગુરુમંદિરમાં બનાવાય તે અલગ વાત છે તેય શ્રાવકનું કર્તવ્ય છે. સાધુનું નહિ. 'તપોવન' સંતને આંખ સામે રાખે તો ય સારું! પણ જિનમંદિર તો બાર–બાર વર્ષ સુધી ન જ બનાવાય જેમો જે પુણ્યપુરુષે પોતાની હયાતિમાં જોરશોરથી વિરોધ કરેલો તે તરફ આંખ આડા કાન કરવા તે તો અમારો અફર મુદ્રાલેખ છે, નહિ તો અમારું 'ગુજજુ' વેપારી બિરુદને બટ્ટો લાગે.

જે પૂજ્યના નિમિત્તે જે અગ્નિ સંસ્કારની ઉપજ થઈ તે, તે પૂજય ની સ્મૃતિ આદિ વિના બીજે ન જ વપરાય આવું સ્પષ્ટ માર્ગદર્શન જે ગુરુદેવ આપેલ તેને જો ઘોળી ન પીએ તો અમે 'વફાદાર' 'સેવક' શાના? કોઈ અમારી 'ભૂલ' કાઢવાની 'ભૂલ' કરે તેની 'ધૂળ' અમે ન કાઢીએ તો 'સિંહના સંતાન' શેના? ભલેને અમે તે બાબતમાં પહેલા જોરદાર નિવેદનો કર્યા હોય! ત્યારે અમે 'વિરોધ પક્ષ'માં હતા. હવે અમે 'સત્તાપક્ષ'માં છીએ તો વિરોધીઓને સાંભળીએ કે

તેમની સાચી વાતો માનીએ તો અમારી સત્તાનું શું ? સત્તાનું જોર બતાવવું જ પડે ! અમારી વસાયેલી રેકર્ડ તો અમે વગાડવાના જ કે " આવા બધાની વાતમાં આવતા નહિ. દુભાયેલા ના ચઢાવ્યા ચઢેલા છે !" આવી તો કંઈ કંઈ બાબતોમાં અમે ઓલમ્પિકની રમતમાં ચંદ્રકો મેળીએ છીએ !

જે પૂજ્યપુરુષે સાચવેલા ગૌરવનું જે અવમૂલ્યન તેમના જ કહેવાતા કરી રહ્યા છે ત્યારે હૈયાની વેદનાને વાચા આપી છે. સતત પ્રસિદ્ધિમાં ચમકતા રહેવા માટે ભિન્ન ભિન્ન નુસકા અજમાવનાર આજના રીઢા રાજકીય નેતાઓને ય ટપી જઈએ તેવા ડીંડકો કરી અમારી બુદ્ધિના વૈભવના પ્રદર્શન ઉપર અમારા–આપના ભક્તો આફરીન પોકારે છે આપના વિરોધીઓ આપને 'નવામતી'નું વણ માગ્યું જે લેબલ લગતાવતા તેને અમે યથાર્થ સાચું કરીએ છીએ. જેમ કે, આપને આપના પૂજય ગુર્વાદિ વડિલો પ્રત્યે તેવું જરાપણ બહુમાન નહિ (જાણકારો તો કહે છે કે આપનો આપના ગુર્વાદિ પ્રત્યે જે હૈયાનો અનુપમ વિનય–ભક્તિ ભાવ હતો તે બીજે શોધ્યો ન જડે. તે વાત આપના ગુણાનુવાદમાં જોરશોરથી પાછા ગાઈએ) એટલે એકનો પણ ફોટો સ્વર્ગારોહણ તિથિના પ્રસંગે પણ ન રાખો–રખાવો. અમે તો નવામતીના નવા વારસદારો એટલે સ્થાપના નિક્ષેપાનો થાય એટલો સદુપયોગ કરીએ. " રામ નામે 'પથરા' ય તરે" તે લોકોહિતને સાચી ઠેરવવા આપના ફોટા (અમારા હૈયામાં આપના પ્રત્યે કેટલું બહુમાન છે તે તો જ્ઞાની જાણે છે !) સાથેને સાથે જ ફેરવીએ. અને આપના નામે નામ–કામ પણ કમાઈએ. વિરોધીઓની વાતોનું સુરસૂરિયું કાઢવા 'આડંબરે : પૂજયતે લોકે' શાસ્ત્ર વચનોને સમજાવીએ છે. (લોક તો અમારી જેમ મૂરખ પણ ખરું કે લોકોત્તમ શાસન અને લૌકિક શાસનના ભેદને તો સમજે શાનું – 'કુલગુરુ' અમે સમજાવીએ પણ શાના !)

આપે ભલે જીવનભર સંસાર સુખ માટે ધર્મ ન જ થાય, માત્ર નિષ્કામ ભાવનથી કે મોક્ષને માટે જ ધર્મ થાયની શાસ્ત્રીય વાતને સમજાવી હોય. 'સંસાર સુખને માટે ધર્મ ન થાય તો શું પાપ થાય ?' આવું લખનારા–બોલનારાનો પ્રતીકાર અમે તો કરીએ જ નહિ. કદાચ કરીએ તો તેને માઠું ન લાગે તે રીતે. અમારામાંના કેટલાક આદુ ખાઈને તેમની પાછળ પડયા છે તો તેમની તો અમે 'દયા' ચીંતવીએ અને કદાચ અમારી સીમાનો ઉપયોગ પણ કરીએ. અમારી ભક્તિ તો આપના ફોટા આગળ લોકોના ટોળાને ભેગા કરી–કરાવી, ગુરુગુણગાન ગાવા–ગવરાવવાની અને મગરના બે આંસું સારી આપને અંજલિ આપવાની. આવી 'કૃતજ્ઞતા' દુનિયામાં 'વિરલ' જોવા મળે. કેમકે અમે તો ભાઈ 'વિરલ વિભૂતિ'ના સંતાન છીએ ને !

આપે ભલે જાહેરમાં પ્રતિપાદન કર્યું હોય કે સ્વર્ગસ્થ માર્ગસ્થ મહાપુરુષની સ્વર્ગારોહણ તિથિ વિના બીજી એક પણ તિથિ–દીક્ષાતિથિ–જન્મતિથિ–ની ઉજવણી ન કરાય પણ આપને નામે જ દામ કમાનારા અમે તો નિરધાર કર્યો છે કે, ફાવતું જ પકડવું. આપનું કહેલ બધું કરવા જઈએ તો અમારે શાસન ચલાવવાનું છે. અમારે ય દ્રવ્યક્ષેત્ર–કાળ–ભાવ જોવાના છે. તે ન જોઈએ તો પહેલા તો અમારું ઘર જ ઉઠી જાય, અને આપે તો 'ઘર વેચીને વરો કરવાની મના કરી છે' તે વાત અમે બરાબર પકડી રાખી છે.

આપનાજ પગલાની પ્રતિષ્ઠા–પૂજનીયતા કરાવ્યા વિના ઉત્થાપનની બોલી બોલાવી જૈન શાસનમાં દેવદ્રવ્યની ઉપજનો નવો માર્ગ શરૂ કરવાનો 'યશ' આપની કૃપાથી અમે મેળવ્યો છે. જેનાથી તેનો ભાર ન ઉપડે અને અદેખાઈ–ઈર્ષ્યાથી બૂમાબૂમ કરે તો તેને તો આપના ભક્તોને અમે એવા આંજી દીધા છે કે તે બધા મગતરાનું ય સાંભળવાનું જ નહિ. બધાનું સાંભળવા જઈએ તો અમારો વેપાર કેમ ચાલે ? ગમે તેમ પણ અમે તો બધા ગુજરાતી વેપારીઓના વંશજો ' લાલોલાભ વિના લોટે નહિ' ની માન્યતાના પૂજારીઓ. આવા તો અમાર અનેક પરાક્રમો છે. કારણ અમે જ શાસનના સુભટો છીએ !

આપે ભલે " 'પારકા' પણ 'સાચા' હોય તો 'મારા' છે અને 'પોતાના' પણ 'ખોટા' હોય તો 'મારા' નથી ". તેવું પ્રતિ–પાદન કર્યું હોય. તે બધા ઉપર પાણી ન ફેરવીએ તો અમે સાચા શેના ! અમને નડતા આવા બધા વાંધાઓનો અમે હવે 'સુધારો' કરી રહ્યા છીએ. જેથી ભાવિમાં અમારું 'એક છત્રી' રાજય ચાલે અને આપના નામે કે પ્રવચનના નામે અમારે નીચું ન જોવું પડે !

અમારા હોમ–હવનમાં હાડકા નાખનારને તો અમે ગણતા નથી. હાથી પાછળ કૂતરા ભસ્યા કરે. ભલે આપે તે પ્રવૃત્તિ ન કરી. તેથી અમારે ન કરાય તેમ છે !

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના કાળમાં જે અરાજકતા વ્યાપેલી તો તેમણે શ્રી સીમંધર સ્વામિ ભગવાન આગળ પોતાના હૈયાની વેદનાને ઠાલવી, હૈયાના ભારને હલકો કરેલો. તેમ આપની અવિદ્યમાનતામાં આજે જે ભાવી બધી અરાજકતા વ્યાપી છે તેને કાને ધરનાર પણ કોઈ નથી, જેમના શિરે જવાબદારી છે તેમને તો અમે બરાબર 'વશ' કરી દીધા છે'. અમારું જ ગાણું ગાયા કરે છે' આજના રાજકીય પક્ષોની જેમ આપવા જેટલા સમાચાર માટે જ તેમનો ઉપયોગ કરાય છે. તેથી શાસનભકતોની હૈયાની વેદનાને આપની આગળ આ પત્રથી ઠાલવી છે. તો આપ અને શાસદેવ સૌને સદ્‌બુદ્ધિ આપો. જેથી ઉત્પન્ન થયેલી બધી કાલીમા ધોવાઈ જાય અને આપનું નામ–કામ રોશન થાય. (ભલે અમે કૂચડો ફેરવવા માગીએ. વિરોધીઓને કચડવા માગીએ) આપ વિવાદથી પર હતા, છતાંય વિરોધીઓ આપને 'વિવાદી'નો ઈલ્કાલ જાહેરાવતા હતા. અમે પણ આપની આ પ્રણાલિકામાં પાછા તો નથી જ પણ ફેર એટલો કે અમે નવા નવા વિવાદો ચગાવીને વિવાદી બીનએ છીએ. તેમાં પણ પાછું આપનું નામ જોડવામાં વધુ ગૌરવ અનુભવીએ છીએ જેથી અમારા માથે કશું જ ન આવે. એટલા તો અમે 'હિંમતબાજ છીએ ! અમારા આવા આવા પરાક્રમો વધુ શું જણાવું ! આપ તો બધું જાણો જ છો. આતો ભરાયેલા દિલને આપની આગળ ખાલી કરી હળવું કર્યું. સમજશે તે સાધારો કરશે તો બચશે અને અકળાશે તે મરશે ! અમે તો સારા ભાવે આપને આ બધું જણાવ્યું છે ! ભૂલ ચૂક માફ કરજો... કૃપા દષ્ટિ વરસાવજો.... ▩ ▩ ▩ ▩

ચૌદ કુક્ષિધારિણી પાહિણી દેવી અમર રહો

કલિકાલ સર્વજ્ઞના ગુરુ મહારાજશ્રી દેવચન્દ્રસૂરિ મહારાજ પરમ આરાધક અને ઉચ્ચ વિદ્વાન હતા. શાસનના અતિ દઢ રાગથી હૃદય રંગાયેલું હતું. વિહાર ચાલુ હતો. ખંભાતથી ગિરિરાજ તરફ એક પછી એક ગામ પાવન કરતાં આગળી વધી રહ્યા હતા.

સૂરિમંત્રનું ધ્યાન તે તેઓનું નિત્ય કર્તવ્ય હતું. એક દિવસ ધ્યાન–ચિંતન ચાલુ થયું કે સાથે ચિંતા પણ ચાલુ થઈ ! શ્રી સંઘમાં આરાધક આત્માઓ, દ્રવ્યાનુયોગના ગીતાર્થ અને ચરણ–કરણાનુયોગના ગીતાર્થી પુરુષો પણ ઘણી સંખ્યામાં છે ; પણ પ્રભાવક પુરુષ કહેવાય તેવા કોઈ નજરે ચડતા નીથી. ચિત્તમાં આ વિચારનું વલોણું ચાલ્યું. થોડીવારે એક દિવ્ય પ્રકાશ પુંજે ત્યાં દેખા દીધી અને સ્વર સંભળાયા ! " આજથી ચોથા દિવસે તમે જે ગામમાં જશો ત્યાં ઉપાશ્રયમાં પેસતાં સામે પાટ ઉપર એક બાળક બેઠેલું જોવા મળશે. એ બાળક શાસનનુણ પ્રભાવક બનશે, તમારી ચિંતા દૂર થશે." અવાજ વિશ્વાસપાત્ર હતો. મનમાં હળવાશ વ્યાપી ગઈ. પ્રસન્નતાથી મન ભરાઈ ગયું.

બરાબર ચોથે દિવસે તેઓ ધંધુકા ગામે પહોચ્યા. ઉપાશ્રયમાં પગ મૂકતાં જ સામે પાટ ઉપર એક નાનો બાળક બેઠેલો જોયો. લલાટ તેજથી ઝગારા મારતું હતું. સાંભળેલી દિવ્યવાણીનો સાક્ષાત્કાર થયો ! બાળકની સાથે એના માતા પાહિણીદેવી હતા. માતાએ ગુરુદેવને વંદના કરી. ગુરુ મહારાજે બાળક સંબંધી પૃચ્છા કરી ; માતાને ઉમળકાભર્યા ધર્મલાભ અને ધન્યવાદ આપ્યા. શાસનનું રત્ન બને તેવાં લક્ષણોનાં દર્શન આ બાળકમાં થાય છે. અને શાસનને સમર્પિત કરો. રત્નકુક્ષિ–ધારિણી માતા પાહિણીએ હૈયાના ઉમંગથી હર્ષભીની આંખે આ વાતને વધાવી. એનાં મુખ પર નિર્મળ તેજોવલય રચાઈ ગયું. સંમતિસૂચક ઉદ્‌ગાર કાઢયા અને બાળકના પિતા માચિંગની સંમતિની અપેક્ષા જણાવી. શ્રી સંઘે એ જવાબદારી ઉઠાવી. મંત્રીશ્વર ઉદયનનો શ્રદ્ધાસભર સહકાર સાંપડયો અને એ સંમતિ પણ મળી. આપણને શ્રી હેમચન્દ્રાચાર્ય મળ્યા. આપણે યુગો સુધી ધન્ય બની રહ્યા.

— મુનિચન્દ્ર

બંધુદત્તની કથા

નાગપુરી નગરીમાં સૂરતેજ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં રહેતો ધનપતિ નામે ધનાઢ્ય શેઠ રાજાને ઘણો પ્રિય હતો. તેને સુંદરી નામે સ્ત્રી હતી અને બંધુદત્ત નામે વિનીત અને ગુણવાન પુત્ર હતો. તે ભણી ગણીને યૌવન અવસ્થામાં આવ્યો ત્યારે પિતાએ તે જ નગરીના વસુનંદ નામે શેઠની ચંદ્રલેખા નામે કન્યા સાથે તેને પરણાવ્યો. બીજે જ દિવસે ચંદ્રલેખા સર્પ કરડવાથી મરણ પામી. પરંતુ લોકોમાં બંધુદત્તનો અપવાદ ગવાયો કે બંધુદત્તનો હાથ વિષમય હોવાથી જ ચંદ્રલેખાનું મૃત્યુ થયું છે. તેથી તેને કોઈ હવે કન્યા આપતું નથી. બંધુદત્તે વિચાર્યું કે સ્ત્રીરહિત મારે આ સંપત્તિ શું કામની એમ વિચારતો તે દિવસે દિવસે દુબળો થઈ ગયો. તેના પિતા ધનપતિ શેઠે વિચાર્યું કે દીકરો ચિંતામાં મરી જશે માટે તેને કોઈ વ્યાપારમાં જોડી દઉં. એમ વિચારી તેને બોલાવી કહ્યું કે તું વ્યાપાર કરવા સિંહલદ્વીપે જા. પિતાની આજ્ઞાથી બંધુદત્ત વહાણમાં કરીઆણા ભરી સિંહલદ્વીપ આવ્યો. કીનારે ઉતરી સિંહલરાજા પાસે જઈ ઉત્તમ ભેટણું કર્યું. તેથી રાજાએ તેનું દાણ માફ કર્યું. બંધુદત્તે બધાં કરીઆણાં વેચી નવાં કરીઆણા ભરી પોતાના નગર તરફ જવા વહાણમાં બેઠો.

પ્રતિકૂળ પવનથી તેનું વહાણ ભાંગ્યું. તેને કાષ્ટનું પાટીયું મળી જતાં તે તરીને રત્નદ્વીપે આવ્યો. ત્યાં તાપીકામાં સ્નાન કરી આમ્રફળોથી ક્ષુધાની શાન્તિ કરી ત્યાંથી ફરતો ફરતો રત્ન પર્વત પાસે આવ્યો. પર્વત પર રત્નમય ચૈત્ય જાણી ઉપર ચઢ્યો અને ચૈત્યમાં બિરાજમાન નેમિનાથ પ્રભુની પ્રતિમાની પુજા કરી. ત્યાં રહેલા મુનિમહાત્માઓને વંદન કર્યું. જ્ઞાની મુનિના પૂછવાથી બંધુદત્તે પોતાની વિતકકથા કહી. મુનિએ તેને પ્રતિબોધ આપી જૈન ધર્મ સમજાવ્યો. બંધુદત્તે જૈન ધર્મ સ્વીકાર્યો. તે વખતે ત્યાં રહેલા ચિત્રાંગદ વિદ્યાધરે તેને કહ્યું કે જૈન ધર્મ સ્વીકારવાથી તું મારો સાધર્મિક થયો માટે હું તમને આકાશગામિની વિદ્યા આપું અગર તમને ઈષ્ટ સ્થાને પહોંચાડું કે કોઈ કન્યા પરણાવું ? તેણે કહ્યું કે તમારી વિદ્યા છે તે મારી જ છે અને ગુરૂના દર્શનવાળુ આ સ્થાન જ મને ઈષ્ટ છે. એમ કહી તે મૌન રહ્યો. એટલે ચિત્રાંગદે જાણ્યું કે જરૂર તે કન્યાને ઈચ્છે છે. તો જે કન્યા વધુ હોવે તેની સાથે પરણાવું એમ વિચારી તે પોતાને ત્યાં બંધુદત્તને લઈ ગયો અને ભોજનાદિથી સારો સત્કાર કર્યો. પછી પોતાના સંબંધીઓને બોલાવી પૂછ્યું કે આ મારા સાધર્મિક બંધુદત્ત માટે કોઈ યોગ્ય કન્યા હોય તો બતાવો ? તે વખતે તેના ભાઈ અંગદ વિદ્યાધરની પુત્રી મૃગાંકલેખાએ કહ્યું કે મારી પ્રિય સખી પ્રિયદર્શના કૌશંબીપુરીના જિનદત્ત શેઠની પુત્રી છે.

એક વખત હું તેની સાથે ગુરૂવંદન કરવા ગઈ હતી. ત્યારે ગુરૂ પાસેથી મારા સાંભળવામાં આવ્યું હતું કે પ્રિયદર્શના પુત્રને જન્મ આપીને દીક્ષા લેશે. આ સાંભળી ચિત્રાંગદે અમિતગતિ વગેરેને કહ્યું કે તમે બંધુદત્તને લઈ કૌશંબી નગરીએ જઈ પ્રિયદર્શના સાથે પરણાવો. વિદ્યાધરો બંધુદત્તને લઈ કૌશંબીનગરની બહાર ઉદ્યાનમાં પાર્શ્વનાથના ચૈત્યમાં ઉતર્યા. ત્યાં રહેલા મુનિઓને વંદના કરી ધર્મદેશના સાંભળી. તે વખતે ત્યાં જિનદત્ત શેઠ આવેલ હોવાથી તે વિદ્યાધરો સહિત બંધુદત્તને પોતાને ત્યાં લઈ ગયો. અને તેમનો આદર સત્કાર કરી પૂછ્યું કે, 'આપ શું કારણે આ નગરમાં પધાર્યા છો. વિદ્યાધરોએ આડકતરી રીતે કહ્યું કે અમે તીર્થયાત્રા કરવા નીકળ્યા છીએ. પ્રથમ ગીરનારતીર્થની યાત્રા કરી. ત્યાં આ બંધુદત્ત શ્રેષ્ટિએ અમોને સાધર્મિક જાણી અમારી ભોજનાદિથી સારી ભક્તિ કરી. અમોએ પાર્શ્વનાથ પ્રભુને વંદન કરવાની ઈચ્છા જણાવતાં તેઓ અમારી સાથે આવ્યા છે. જિનદત્ત શેઠે વિચાર્યું કે મારી પુત્રી પ્રિયદર્શનાને યોગ્ય આ બંધુદત્તનો અચાનક મેળાપ થઈ ગયો છે. તો વિલંબ કરવો ઠીક નથી એમ વિચારી બંધુદત્તને કહ્યું કે 'મારી પુત્રીને પરણીને જાઓ. બંધુદત્તે અનિચ્છાનો ડોળ કરી તેની વાત સ્વીકારી. અમિતગતિએ આ સમાચાર ચિત્રાંગદને પહોંચાડ્યા એટલે ચિત્રાંગદ જાન લઈને ત્યાં આવ્યો.

જિનદત્તે શુભ મુહુર્તે પ્રિયદર્શના બંધુદત્તને વેરે પરણાવી. ચિત્રાંગદ બંધુદત્તને શિક્ષા આપી પોતાના

સ્થાને ગયો. બંધુદત્ત પ્રિયદર્શના સાથે ક્રીડા કરતો ત્યાં જ રહ્યો. ત્યાં પાર્શ્વનાથ પ્રભુની રથયાત્રા કરાવી. કેટલેક કાળે પ્રિયદર્શનાએ ગર્ભ ધારણ કર્યો. તે વખતે તેણીએ સ્વપ્નમાં પોતાના મુખમાં પ્રવેશ કરતા હાથીને જોયો. બંધુદત્તને સ્વપ્નની વાત જણાવી. હવે બંધુદત્તે પોતાના સ્થાને જવા પ્રિયાને જણાવતાં તે સાથે જવા તૈયાર થઈ. જિનદત્ત શેઠે ઘણી સંપત્તિ આપી. જવાની રજા આપી. બંધુદત્તે નગરમાં આઘોષણા કરાવી કે જેને અમારી સાથે નાગપુરી આવવું હોય તે ખુશીથી આવે. ઘણા લોકો તેની સાથે આવ્યા. માર્ગમાં જતાં પદ્મનામે અટવી ઉલ્લંઘી એક સરોવરના તીરે પડાવ નાખ્યો. રાત્રી વાસો પણ ત્યાંજ કર્યો. રાત્રીના છેલ્લા પહોરે ચંડસેન નામે પલ્લીપતીની ધાડ પડી. તેના સુભટોએ સાર્થનું સર્વસ્વ લૂંટી લીધું. બંધુદત્તને પ્રિયદર્શના જીવ બચાવવા વિખુટા પડી ગયા. પ્રિયદર્શના સુભટોના હાથમાં આવતાં તેઓ પલ્લીપતી પાસે તેને લઈ ગયા.

પ્રિયદર્શનાને દીન મુખવાળી જોઈ ચંડસેનને દયા આવી. તેનું વૃતાંત તેની દાસી દ્વારા જાણી ચંડસેને પ્રિયદર્શનાને કહ્યું કે ''તારા પિતા જિનદત્ત શેઠે પૂર્વે મને જીવીતદાન આપ્યું છે. તેથી તું મારી બ્હેન છે. હું ચોરનો સરદાર એક વખતે ચોરોની સાથે ચોરી કરવા ગિરિ નામે ગામમાં ગયો હતો ત્યાં મદ્યપાન કરતા મને આ રક્ષકોએ પકડીને કૌશંબી ના રાજા માનભંગ પાસે રજુ કર્યો. રાજાએ મને વધ કરવાનો હુકમ આપ્યો. વધ્યસ્થાને લઈ જવાતા મને તમારા માતા પિતા કે જેઓ પૌષધધારી પારણા માટે ઘેર જતા હતા તેમણે જોયા. મારી હકીકત સાંભળી રાજાને વિનંતી કરી મને જીવીતદાન અપાવી વસ્ત્ર અને ધન આપી વિદાય કર્યો. તે ઉપકાર જીંદગી પર્યંત ભુલુ તેમ નથી. તો હે બ્હેન તમારૂં શું કામ કરૂં તે કહો. પ્રિયદર્શનાએ કહ્યું કે, ''મને મારા પતિનો મેળાપ કરી આપો. ચંડસેને કહ્યું કે આપ મારે ત્યાં પધારો. હું તમારા પતિને ગમે ત્યાંથી જાતે જઈને શોધી લાવીશ. પ્રિયદર્શના તેના ઘેર ભાઈનું ઘર સમજીને રહી. પછી ચંડસેન બંધુદત્તને શોધવા નિકળ્યો.

અહિં બંધુદત્ત પ્રિયાથી વિખુટો પડી તેને શોધવા રાત દિવસ રખડતો હતો. છેવટે તેનો પતો ન મળવાથી તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો. એક મોટું વૃક્ષ જોઈ ત્યાં આવી ગળા ફાંસો તૈયાર કરવા લાગ્યો. ત્યારે બાજુના સરોવરમાં એક રાજહંસ પ્રિયાના વિરહથી દુઃખી થએલ જોઈ સરખે સરખાનો મેળાપ જાણી ત્યાં ઉભો રહ્યો. તેવામાં કમળની છાયામાં બેઠેલી રાજહંસી ત્યા આવી. તેથી રાજહંસ આનંદ પામ્યો.

તે ઉપરથી બંધુદત્તે જાણ્યું કે જીવતો નર સુખ પામે એ કહેવત સાચી છે. આપઘાત કરવાથી બીજા ભવમાં તે મળશે એવો નિશ્ચય નથી. તો મારે મરવું ઠીક નથી. એમ વિચારી વિશાળપુરી મામને ત્યાં જવા નીકળ્યા. બીજે દિવસે તે ગિરિસ્થળમાં આવ્યો. ત્યાં યક્ષના મંદિરમાં વાસો કર્યો. ત્યાં આવેલ એક વટેમાર્ગુને તેણે પુછ્યું કે, ક્યાંથી આવો છો ? વટેમાર્ગુએ કહ્યું કે, ''વિશાલપુરી થી આવુ છુ.'' બંધુદત્તે કહ્યું કે ત્યાં ધનદત્ત સાર્થવાહ કુશળ છે ? તેણે કહ્યું કે ધનદત્ત વ્યાપાર કરવા બહારગામ ગયો હતો. તેનો પુત્ર રાજાના ગુન્હામાં આવી જતાં રાજાએ તેનું સર્વસ્વ લુંટી લઈ કેદ કરેલ છે. ધનદત્તે ઘેર આવી પોતાની પાસેનું દ્રવ્ય રાજાને દંડમાં આપી કુટુંબને છોડવ વિનંતી કરી.

રાજાએ બીનું કોટી દ્રવ્ય લાવવાની શરતે તેને છોડી મુક્યો છે તે દ્રવ્ય લેવા પોતાના ભાણેજ બંધુદત્ત પાસે ગયો છે. બંધુદત્તે વિચાર્યું કે ''મામા મારી શોધ કરતા અહિં આવશે. પછી નાગપુરી જઈને તેમનું કાર્ય સાધી આપીશ. એમ વિચારી બંધુદત્ત ત્યાં જ રહ્યો.

થોડા દિવસ પછી તેનો મામો ધનદત્ત યક્ષમંદિરમાં વાસો રહેવા આવ્યો. બંધુદત્તે તેને પુછ્યું કે તમે કોણ છો ? ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના છો, ધનદત્તે કહ્યું કે, ''હું વિશાલાપુરીથી આવું છું અને અહિથી નાગપુરીએ જવાનું છે. ત્યાં મારો ભાણેજ બંધુદત્ત રહે છે. બંધુદત્તે મામને ઓળખ્યા. પરંતુ પોતાની ઓળખાણ ન આપતાં કહ્યું કે બંધુદત્તને હું ઓળખું છું તે મારો મિત્ર છે. પછી બન્ને જણાએ સાથે ભોજન કર્યું અને નાગપુરીએ જવા નીકળ્યા. એક દિવસ બંધુદત્ત શૌચ કરવા નદી તરિ ગયો ત્યાં કંદબવૃક્ષનાં મૂળ આગળ રત્નની છાયાવાળી પૃથ્વી જાઈ તેણે ખોદ્યું તો તેમાંથી રત્નના આભુષણથ ભરેલો તાંબાનો ઘડો જોઈ તે છાની રીતે લઈને ધનદત્ત પાસે આવી કહ્યું કે, 'તમારા પુણ્ય પસાએ આ ધન મળ્યું છે તો આપણે

વિશાલપુરી જઈને રાજાને ધન આપી કારાગૃહમાંથી આપણાં માણસોને છોડાવીએ. કારણ કે મેં તમારી બધી વાત એક કાપડી પાસેથી જાણી હતી. ધનદત્તે કહ્યું કે, ''હમણા જ્યાં સુધી બંધુદત્ત ન મળે ત્યાં સુધી મારા માણસોને છોડાવવા નથી.

પછી બંધુદત્તે કહ્યું કે, ''મામા હું જ તમારો ભાણેજ બંધુદત્ત છું. પછી ધનદત્તના પુછવાથી બંધુદત્તે બધી પોતાની હકીકત કહી તે સાંભળી. ધનદતે કહ્યું કે, ''આપણે પ્રથમ ભીલ્લ લોકો પાસેથી પ્રિયદર્શનાને છોડાવીએ આ પ્રમાણે બન્નેની રકઝક ચાલતી હતી તેવામાં રાજાના સુભટો આવતા જોઈ તાંબાનો ઘડો ગુપ્ત સ્થળે મુકવા માંડ્યો કે તુરત જ તેઓએ આવી મામા ભાણેજને પકડી ન્યાયમંત્રી પાસે લઈ ગયા. ન્યાયમંત્રીએ તેઓને આકરથી પુછ્યું કે તમો ક્યાંથી આવો છો ? અને આ ધન તમને ક્યાંથી મળ્યું ? તેઓએ કહ્યું કે અમારા બાપદાદા વખતનું છે. મંત્રીએ કહ્યું કે તેમાં શું શું છે તે કહો તેઓ કંઈ જવાબ આપી શક્યા નહિ. તેથી ચોર જાણીને તેમને મારવા લાગ્યા અને સાર્થના લોકોને પણ પકડી મંગાવ્યા. સાર્થના લોકોને પૂછતાં તેઓએ કહ્યું કે આ બન્ને જણા અમારા સાર્થમાં આવી ચઢેલા છે. અમો તેમને ઓળખતા નથી. એટલે તે બન્ને જણને જેલમાં પુરી દીધા. આ બાજુ ચંડસેન ઘણીવાર સુધી બંધુદત્તને શોધવા પદ્માવતીમાં ભમ્યો. પણ તે નમળવાથી પાછો ગયો. ત્યાં જઈ પ્રિયદર્શનાને કહ્યું કે જો હું છ માસમાં તમારા પતિને શોધી લાવું નહિ તો અગ્નિમાં પ્રવેશ કરીશ. એમ કહી કૌશંબી તથા નાગપુરીમાં શોધવા માણસો મોકલ્યા. ત્યાંથી પણ બંધુદત્ત મળ્યો નહિ. પછી વિચાર કર્યો કે પ્રિયદર્શનાને પુત્ર અવતર્યા પછી તેને કૌશમ્બીમાં પહોંચાડીને અગ્નિમાં પ્રવેશ કરીશ.

આ પ્રમાણે વિચારતો હતો તેટલામાં દ્વારપાળે વધામણી આપી કે પ્રિયદર્શનાને પુત્ર અવતર્યો. પદ્મીપતિએ હર્ષ પામી દ્વારપાળને ઈનામ આપ્યું. પછી પદ્માવતીની દેવી ચંડસેનાને કહ્યું કે, જો મારી બહેન પ્રિયદર્શના એક માસ સુધી કુશળ રહેશે તો હું તમને દશ પુરૂષનું બલીદાન આપીશ. એમ કહી પોતાના સેવકોને બલીદાનને યોગ્ય પુરૂષો પકડી લાવવા મોકલ્યા. સેવકોએ આઠ પુરૂષો તો પકડ્યા, હવે બેને શોધવા માંડે છે. તેવામાં બંધુદત્તને ધનદત્તને જેલમાં છ મહીના થવા આવ્યા. ત્યારે રાજ સુભટોએ એક દ્રવ્યયુક્ત સંન્યાસીને ચોર જાણી પકડ્યો અને ન્યાયમંત્રી પાસે રજુ કર્યા. ન્યાયમંત્રીએ તેનો વધ કરવા હુકમ કર્યો. તેને વધ કરવા લઈ જતાં સંન્યાસીને પશ્ચાતાપ થયો. તેણે વિચાર્યું કે મુનિનું વચન અન્યથા થતું નથી એમ ચિંતવી રાજસેવકોને કહ્યું છે. જેનું જેનું ધન હોય તેને પાછું આપી પછી મને શિક્ષા કરો.

રાજસેવકોએ આ બધી વાત મંત્રીને કરી. મંત્રીએ બધું ધન મંગાવી જેનું હતું તેને દ્રવ્ય આપી દીધું પણ એક તાંબાનો ઘડો રત્નથી ભરેલો મળ્યો નહિ. તેથી સન્યાસીને પૂછ્યું કે 'તેં આ ચોરીનો ધંધો કેમ પસંદ કર્યો છે. તેણે પોતાનો સમસ્ત વૃતાંત કહેતાં જણાવ્યું કે, હું પુંડવર્ધન નગરના સોમદેવ બ્રાહ્મણનો નારાયણ નામે પુત્ર છું. હું લોકોને જીવઘાતથી સ્વર્ગ મળે છે તેવું સમજાવતો હતો. એક વખત ચોરબુદ્ધિએ પકડેલક કેટલાક દીન લોકોને જોઈ તેઓને મારી નાખો એમ મેં કહ્યું. તે વખતે ત્યાં રહેલા મુનિએ મને કહ્યું કે, બીજાને પીડાકારી વચન સત્ય કહ્યું છતાં મૃષા ગણાય છે. તો આ દીન લોકોને જાણ્યા સિવાય તું ચોરીનો આરોપ કેમ કરે છે. તેથી તને આ ભવમાં જ તેનું ફળ મળશે. તું પૂર્વ ભવમાં ગર્જનનગરમાં એક બ્રાહ્મણનો ચંદ્રદેવ નામે પુત્ર હતો. તું ભણીને રાજાનો માનીતો થયો. તે નગરમાં યોગાત્મા નામે સંન્યાસી રહેતો હતો . તેની વીરમતી નામે એક બાળવિધવા પુજા કરતી હતી. એક વખત તે વીરમતી સિંહલ નામે માળીની સાથે નાસી ગઈ. દેવયોગે પેલો સંન્યાસી પણ તે જ દિવસે બહાર ગામ ગયો હતો. વીરમતી નાસી ગયાનું સાંભળી તેં રાજાને કહ્યું કે વીરમતી યોગાત્માની પૂજા કરતી હતી. તેથી તે બન્ને સાથે નાસી ગયા લાગે છે. આ વાત નગરમાં ફેલાવાથી યોગાત્મા પાંખડધારી કહેવાયો. બીજા સંન્યાસીઓએ તેને સમુદાય બહાર કર્યો. લોકો ધર્મ ઉપર શ્રદ્ધારહિત થયા.

(ક્રમશઃ)

'વિનયી ગુણવંતી વૈરાગી'

-જે.કે.શાહ-અમદાવાદ

સુવિશાલગચ્છના અધિનાયક વાત્સલ્ય મહોદધિ પ્રશાન્તમૂર્તિ પ.પૂ.આ.શ્રી.વિ. મહોદયસૂરીશ્વરજી મહારાજા સદેહે વિદ્યમાન નથી પણ ગુણદેહે તો ભક્તજનોના હૈયામાં સદૈવ વિદ્યમાન છે. જેમનો વિનય ગુણ 'ગુરુ શ્રી ગૌતમસ્વામિજી' ના વિનય ગુણની યાદી અપાવે તેવો હતો. તેથી જ પોતાના તારક ગુરુદેવના હૈયામાં તો વસ્યા હતા પણ પોતાના શ્વાસોશ્વાસમાં હૃદયના ધબકારામાં અને લોહીના વહેણમાં તેઓએ ગુરુને વસાવ્યા હતા. તેમના માટે ગુરુ માત્ર સ્થૂલદેહે જ સ્વર્ગસ્થ હતા પણ સૂક્ષ્મ દેહે તો સદૈવ હયાત હતા. તેથી જ તો તેઓશ્રીએ તે તારકની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા સમયે પૂ.ગુરૂદેવના વારસાને યથાર્થ જાળવ્યો અને અક્ષરદેહે ચિરંજીવી વિદ્યમાન બનાવ્યો.

માત્ર ચોક્કસ વર્ગના વિરોધના કારણે સાચી વાત જાણવા-સમજવા છતાં પણ મની પાવર્સ અને મસલ્સ પાવર્સના બળે તેઓની વાત ન માની તે ન જ માની. અને તે બધા પાછા બણગા ગુરુભક્તિના, ગુરુ વિનયના અને ગુરુના સમર્પણ ભાવના ફુંકે છે. ખરેખર આ જ કલિકાલનો પ્રભાવ છે. જ્ઞાનિઓએ, મહાપુરૂષોએ વડિલોના સાચા માર્ગને યથાર્થ જાળવે-સાચવે તેને સાચો 'વારસદાર' અને 'માર્ગસ્થ' કહ્યો. જ્યારે આજના બની બેઠેલા અને ભક્તોમાં પ્રચારી થયેલા કહેવાતા વારસદારો 'વફાદાર' ની કોટિમાં આવે કે ન આવે તે તો જ્ઞાનીઓ જાણે કાં સમય જણાવે. પણ આ કહેવાતા સંચાલકો માત્ર 'ગુરુમંદિરો'માં ગુરુને પૂરી દેવા માગે છે જેથી તેમના નામે ચરાય એટલું ચરી લેવાય. જાણે આ જૈન શાસન કે માર્ગસ્થ સમુદાય એટલે બોડી બામણીનું ખેતર ન હોય ! જેનો ભક્ત વર્ગ મોટો તે 'મોટો' તે દુનિયાનો ન્યાય હશે પણ જૈનશાસનનો નથી. પણ આજે આવા 'સગવડપંથી' 'સિદ્ધાંતપ્રેમીઓ' એકબાજુ દેવદ્રવ્યના રક્ષણ માટે ન્યાયાલયનો ઘંટ વગાડે અને પોતાને ન ફાવે ત્યાં દેવદ્રવ્યનો 'મૃત્યુ ઘંટ' વગાડી-બેધારી નીતિ અખત્યાર કરી આજના રીઢા રાજકારણીઓની રીતરસમો અપનાવી તેમને પણ શરમાવે તેવા કાર્યો કરી જાણે અમે જ 'સાચા ભગત' બીજા બધા તો માત્ર ઈર્ષ્યાલુ, અદેખાઈથી અમારું સારું જોઈ શકતા નથી માટે કાગનો વાઘ બનાવી બૂમરાણ માની મનાવી રહ્યા તેવા ચિતરી રહ્યા છે. ખરેખર જો તેઓ પ્રામાણિક હોય તો પોતાને ફાવે તે 'પત્રો' પ્રચારે અને આવા મહાપુરૂષના મહામૂલ્ય સાચા 'માર્ગદર્શન' માં શંકા કરે તેમને કોનો 'ભગત' મનાય તે જાણકારો સમજી શકે છે.

મયણા તો એકલી હોવા છતાં પણ સિદ્ધાંતની વાતમાં મક્કમ રહી તો આજે તો સિદ્ધાંત પ્રેમીઓ ઘણા છે તેમને જરાપણ હિંમત હારવાની નથી કે મૂંઝારાનું નથી. કારણ જે મહાપુરૂષથી મક્કમતાને વર્યા છે તે મહાપુરૂષ ક્યારે પણ કોટિપતિ ભક્તોના 'ભગત' બન્યા ન હત . તેઓની જે ખુમારી હતી તે જ આપણો આદર્શ છે, તેમનું માર્ગદર્શન અને તારક શ્રી જિનાજ્ઞાનું બળ આપણું અભેદ્ય કવચ છે માટે શા માટે ગભરાવું ?

માન-સન્માન-પ્રસિદ્ધિનો મોહ આત્માને એવી અજ્ઞાન મદિરાનું પાન કરાવે કે જેથી સાચી વાસ્તવિક સ્થિતિનું ભાન તો ન થાય પણ તે ભાન કરાવનારા 'વિરોધી' લાગે. બાકી જેમને પોતાના પરમતારક ગુરુ પ્રત્યે હૈયાની વફાદારી છે, ગુરુના માર્ગે ચાલવું છે તે પોતાના તારકગુરુનું બદનામ થાય, ગુરુનું નામ બગડે તેમાં હાથા બને ખરા ? તેઓને તો પોતાના તારકગુરુનું નામ 'રોશન' થાય તેમાં જે આનંદ હોય તે આવા તકવાદી, સ્વાર્થીઓને ન હોય. પણ આટલી ય સદ્‌બુદ્ધિ ગુરુઓને કેબીનમાં (ગુરુમંદિરોમાં) કેદ કરનારામાં આવે તો ય સારું છે ? તે બધાને સુધારવા આ વાત નથી પણ આપણી જાત બચે, યોગ્ય-અર્થી રહેવો પણ પોતાની જાતને બચાવે તે આશયથી દેવદ્રવ્યના રક્ષણ પ્રસંગે પ્રાસંગિક વાત જણાવી છે.

બાકી છેલ્લા ૨૫ વર્ષનો ઈતિહાસ પણ જો નજર સામે હોય અને દેવદ્રવ્યના ભયંકર નુકશાન કરનારાના, દેવદ્રવ્યના નાશમાં જાણે-અજાણે હાથા-સહાયક બનનારના કેવા કેવા વિપાકો આવ્યા છે તે સૌની આંખ સામે છે.

આવા ગુરુ સમર્પિત આત્માએ જ્યારે જ્યારે પોતાના વતી જે માર્ગદર્શક સંદેશો આપેલ તેમાં પણ તે જ વાત જણાવેલ કે- 'મહાપુરુષના ગૌરવને અનુરૂપ કાર્ય કરવા ભલામણ''

આજે વકીલની ભાષા સારા સારા લોકો વાપરી રહ્યા છે. જેમના હૈયામાં શાસનની દાઝ હોય, સિદ્ધાંતનો અનુપમ પ્રેમ હોય અને આજ્ઞાપાલકતાનો ગુણ હોય તેનો ભાવ એ જ હોય કે **મહાપુરુષોની મહાનતા શાસન રાગ-સિદ્ધાંત પ્રેમના પાલનમાં હોય છે. તેથી 'સિદ્ધાંત' ને હાનિ ન થાય તેવું કાર્ય કરવું.** અને કહેવાતા વારસદારો મારી-મચડી ક્યો ભાવ કાઢે તે બધા સુરીજનો જાણે છે. માટે તો ઘણા શાસન રાગીઓના હૈયામાં દુઃખ છે કે - હવે સાચું માર્ગદર્શન મલશે ક્યાંથી ?

તારક ગુરુના સિદ્ધાંતોના વારસાના યથાર્થ જાળવવો તે જ સાચો ગુરુનો 'વિનય' છે, ગુરુનો 'સમર્પણ ભાવ' છે. આ બે ગુણ આપણા માટે હવે સ્વર્ગસ્થ બનેલા આ મહાપુરુષના જીવનમાં છેલ્લી ક્ષણો સુધી આત્મસાત્ બનેલા જોવાયા. તેમના તે વારસાને સૌ ચિરંજીવી બનાવે તે જ તેમનું સાચું સ્મારક છે, તેમના પ્રત્યેની સાચી ગુરુભક્તિ - વફાદારી છે. બાકી આજના ગુરુ મંદિરો એટલે દુઃખ સાથે કહેવું પડે કે **ભકતોએ કબજે કરેલા કેદમાં મૂકેલા ગુરુના સિદ્ધાંતો !** નહિ તો મહામૂલ્ય માર્ગદર્શનને સાચો માર્ગ-નિર્ણય માની શિરોમાન્ય કરવામાં ગુરુ ભક્તોને કહેવાતા વારસદારો વીંટડાવાદના પંથે કેમ ચઢે ?

અંતે પૂ.શ્રી જિનવિજયજી મહારાજે 'મુનિગણ' ની સજ્ઝાયમાં જે વાત કહે કે-

''બાહ્યાંતર પરિગ્રહ ત્યાગી, ત્રિકરણથી જિન મત રાગી;
જસ શિવરમણી રઢ લાગી, વિનયી ગુણવંતી વૈરાગી.''

ભવિજન એહવા મુનિવંદો ૦....૪.

તે ગુણો આપણા આ મહાપુરુષમાં યથાર્થ જોવા મલતા. આવા વરેણ્યગુણનિધિ સુવિશાલગચ્છાધિપતિ, મહોદય પદ દાતા પ.પૂ.આ.શ્રી.વિ. મહોદયસૂરીશ્વરજી મહારાજના ચરણ કમલમાં અનંતી વંદનાવલી ! સૌ શાંતચિત્તે વાંચી-વિચારી સત્યપંથના પ્રેમી બનો તે જ શુભેચ્છા.

કલિકાલ સર્વજ્ઞને સપ્રાણ વન્દના

જ્ઞાનનાં સહસ્ર કિરણથી શોભતા ! હે સૂરીશ્વર મહારાજ !
આપશ્રીએ ગુર્જરાતની ધરતીને, અવતરીને પાવન કરી
એ સુભગ અકસ્માત હતો.
આ દેશ-પ્રદેશના એવા વળાંકે આપ પધાર્યા
જ્યારે સંસ્કૃતિ વળાંક લઈ રહી હતી.
આપશ્રીના અસ્તિત્વથી એ રાજાનું,
એ રાજ્યનું, ને પ્રજાનું
સમગ્ર વલણ બદલાઈ ગયું અને પછી આપ પધાર્યા.
આપનું એ પરલોકે પધારવું
એ એક અનિવાર્ય નિયતિ હતી.
આપના જવાથી અમે રંક બન્યા તેવું લાગ્યું, પણ
આપે જે આપ્યું તેનાથી જ અમે સમૃદ્ધ બન્યા છીએ
એ પણ એટલું જ સાચું છે
અને તે તો સ્મૃતિમાં સતત ઝબકે છે.
આજે સંસ્કૃતિ - સાહિત્ય સમેત
અનેક ક્ષેત્રે ગુજરાત તવંગર છે તે આપના કારણે જ છે.
આપનાથી જ આજે ઉન્નત-મસ્તક છીએ.
આપના અવતરણથી પાવન થયેલી
કાર્તિક પૂર્ણિમાના દિવસે આપને
કૃતજ્ઞતાથી મહેકતા સ્મૃતિ પુષ્પોથી સભર
વંદના કરીએ છીએ.
આપના પવિત્ર ચરણોમાં નત મસ્તકે
ફરી વંદના કરીએ છીએ.
જય હો ગૂર્જર સંસ્કાર વિધાતા, યુગ નિર્માતા,
શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજનો સદાકાળ જય હો !
વિજય હો !

— પ્રકુલ ત્રિવેદી

ભાવ ક્રિયાથી મત્સ્યને જાતિ સ્મરણ જ્ઞાન

- શાહ રતિલાલ ડી. ગુઢકા

કથા પૂર્વાચીન છે. શાસ્ત્રના પાને લખાયેલી વિધવિધ વાંચનોમાંથી પિતા પુત્ર ભલા હિત માટે ધર્મ માર્ગમાં આત્માના કલ્યાણ માટે અનેક ઉપાયો કરે છે અને એવો જ એક પૂર્વકાળમાં બની ગયેલો સત્ય સાચો દૃષ્ટાંત પુરવાર કરી શાસ્ત્રના પાને વર્ણવ્યો છે જેના આધારે આ લેખ છે.

એક શેઠે પોતાના વ્હાલસોયા એકના એક પુત્ર માટે ધણું કરે છે પુત્રનું સ્વચ્છંદી જીવન જોયું ત્યારે શેઠની આંતરડી કકડી ઉઠી. શું મારો પુત્ર ધર્મ વિહોણું જીવન જીવી દુર્ગતિનો ભાગી બનશે ? શેઠ વિચારે છે કે સૌ કોઈ પોતાના પુત્રને ધન-માલનો સંપત્તિનો વારસો આપે છે. પણ સાચો પિતા તે જ કહેવાય કે, જે પોતાના પુત્રને-ધર્મ-ધનનો, ધર્મરૂપી સંપતિનો વારસો આપે. પરિણામે એ જન્મ જન્મમાં સુખી થાય. ધન-માલ તો કિસ્મતને આધીન છે આજે છે તે કાલે ફાંફા મારવા પડે છે.

શેઠે પોતાના પુત્રને ધર્મની લાઈનમાં લાવવા અનેકવિધ પ્રયત્નો આદર્યા. વિવિધ-ધાર્મીક પુસ્તકો વસાવ્યા, ગુરૂદેવના ચરણમાં લઈ ગયા અને તેમના વ્યાખ્યાનો શ્રવણ કરવા સમજાવટથી પ્રેમથી પ્રેરણા કરી.-સન્મિત્રોની-ધર્મીજનોની સંગતિ કરાવી અનેક ઉપાયો અજમાવી જોયા. યુક્તિ પ્રયુક્તિથી એને હિત મીઠા વચન કહીને સમજાવ્યો પણ તેને આની કશીજ અસર ન થઈ.

બેટા, જૈનકુળ જેવું ઉતમ કુળ આપણને મલ્યું છે. જૈનશાસન જેવું ઉતમ શાસન મહા પુણ્યે આપણે પામ્યા છીએ. દેવો ને દાનવો જે જીવનની ઝંખના કરી રહ્યા છે. અહીં આ ધણું જ વિચારવા જેવું છે. તે દેવો દાનવો મનુષ્ય જીવનની ઝંખના કેમ કરી રહ્યા છે, ત્યાં તો બહુજ સુખ છે. દેવલોકમાં અને કમાવાની કે ગુમાવાની કે ચોરીની ભય નથી. સુખ કેવું કે તેઓના એક મોજશોખના નાટકમાં બે હજાર વર્ષ વયા જાય તો કેવું સુખ, છતાં તે સુખ બાજુ તેમને આકર્ષણ જ હોય છે. કારણ કે દેવભવમાં બે ઘડી વિરતીનું પણ સમય મળતો નથી. આપણને પુરા પુણ્યથી મળ્યું છે. એને જીવનને શું આમ ધુળ-ધાણીમાં મેળવી દેવું છે ?' પિતાએ પુત્રને સમજાવ્યું.

વિતરાગ દેવનાં દર્શન એ આપણી ફરજ છે એમ નહિ પણ એ પ્રભુનાં દર્શન કરી આપણે પણ વિતરાગ બનીએ. એ પ્રભુની પૂજા પ્રાર્થના કરી આપણે પણ પરમાત્મા બનીએ એ ભાવના ભાવવાની, અનાદિકાળથી આત્મા રાગ-દ્વેષ-રૂપ કારમા શત્રુઓથી હણાઈ રહ્યો છે, પરિણામે આત્માને નરક-નિગોદના અસહ્ય-વેદનાઓનો સામનો કરવો પડે છે કેતાં ભોગવવી પડે છે. પિતાએ આમ પ્રભુના દર્શન કરવા માટે ધણી ધણી પ્રેરણા કરી પણ એ પ્રયત્ન સાવ નિષ્ફળ નિવડ્યો, છેવટે બીજા ધાર્મિક ધર્મના દૃષ્ટાંતો તથા સમજણપૂર્વક દર્શન વિશે સમજાવ્યું મને કાલાં વાલાં કરી. વિનવતાં પણ બધું જ નિષ્ફળ ગયું. છેવટે શેઠે પોતાના ઘરનું બારણું પાડી નાંખ્યું અને પેસવા નિકળવાનો દરવાજો સાવ નાનો બનાવ્યો કે જેથી પેસતાં નિકળતાં સહુને સ્વભાવિક નમવું જ પડે. દરવાજો નાનો બનાવી તેની સામેના ભાગે એક સુંદર મુર્તિ પધરાવી એટલે જતા-આવતાં દરેક માણસોને આમ સ્હેજે દર્શન થઈ જાય.

આ પ્રમાણે હંમેશાં-નીકળતાં ને પેસતાં એકવાર નહિ પણ અનેકવાર આ છોકરાને આ ભવ્યમુર્તિનાં દર્શન સ્હેજે થઈ જાય છે. છોકરાને દર્શન કરવાની બુદ્ધિ નથી, બુદ્ધિ જો હોત તો કેતાં દર્શન કરવાની હોત તો આટઆટલાં પ્રયત્નો પણ શેઠને કરવા ન પડત.

એક વાત શાસ્ત્રમાં આવે છે કે ધર્મ ગમે તે રીતે પણ કરેલો અલ્પાંશે પણ ફળ છેવટે આપે જ છે. અજ્ઞાનથી અભિમાનથી અનિચ્છાએ અબુજભાવે જાણ્યા વગર કે દેખા દેખી કે કોઈપણ દુઃખથી કે સુખની લાલસાએ કે મિત્રના આગ્રહથી કે પત્નિના કેવાથી કે પાડોશીના કેવાથી-શરમથી કે-ઉમંગથી કે ભાવથી. તેમ પ્રભુ દર્શન પણ અવશ્ય ફળ આપે છે અને અંતે મોક્ષ સુખ અપાવે છે.

હવે મુળ વાત ઉપર આવીએ ને પ્રતિદિન-સ્વભાવિક રીતે મૂર્તિ આ પુત્રની નજરે ચડે છે. ભાવ-વગરની ક્રિયા કરવી એ નકામી છે, કેવળ કાયકલેશ છે, એ એમ નું કહેવું બરાબર નથી. (ઘણા લોકો આમ બોલે છે) અનેક જન્મના

જ્યારે આત્મામાં સુસંસ્કારો પડે છે, ત્યારે તે સિદ્ધિને મેળવી શકે છે. પ્રાયક્રિયા કરતાં-કરતાં ભાવ ઉત્પન્ન થાય છે. ભાવ ઉત્પન્ન તેનેજ (થાય) થશે કે જે દ્રવ્યક્રિયામાં છે, પણ દ્રવ્યક્રિયા કરતા નથી તેને ભાવ ક્યાંથી વધવાના-ભાવ જાગશે તો દ્રવ્યક્રિયા કરનારનાજ જાગશે. જેમ કે દુકાને જશે તો ગ્રાહક જરૂર આજે કાલે આવશે જ. કેતાં દુકાન જો ઉઘાડી રાખવામાં આવે તો ગ્રાહક આવે છે. પણ જે દુકાન બંધ કરીને બેઠો છે, તેને ત્યાં ગ્રહક ક્યાંથી આવવાના ? ન જ આવે એ સ્વાભાવિક છે. ગ્રાહક દુકાન ખુલી હશે તો જ આવશે. તેવી રીતે દ્રવ્યક્રિયાઓ ચાલુ હશે તો જ ભાવ જાગશે. એ પણ સુનિશ્ચિત છે. દ્રવ્યક્રિયા કરતા ભાવ કેમ વધે, વીર્યોલ્લાસ કેમ જાગે-આત્મા તન્મય કેમ બને એ માટે ખાશ ઉદ્યમશીલ રહેવાની જરૂર છે.

હવે બાપ દેવલોક સીધાવી ગયા, પુત્ર પણ ધર્મવિહીન જીવન જીવી જીંદગી પૂરી કરી, ત્યાંથી મરી અને અસંખ્યાત યોજન લાંબા સમુદ્રમાં મત્સ્ય માછલો થાય છે. આ મત્સ્ય અનેક નાના-નાના મત્સ્યોને રોજબરોજ હોઈયાં કરી આનંદ માને છે, આમ એના અનેક દિવસોને મહિનાઓ વીતી ગયા, તેટલામાં એક મત્સ્ય-જીનેશ્વર દેવની મૂર્તિ આકારે તેના જોવામાં આવ્યું. મત્સ્યો વિવિધ પ્રકારે હોય છે. શાસ્ત્રો કહે છે કે નળીયા અને વલયાકાર આમ બે આકૃતિ સિવાય અનેકવિધ આકૃતિવાળા મત્સ્યો હોઈ શકે છે. જીનેશ્વર દેવની મૂર્તિ જેવા આકારવાળા મત્સ્યને જોતાં જ આ મત્સ્ય (શેઠના પુત્રના જીવે) વિચાર વમળમાં પડ્યો. ઉહાપોહ કર્યો. અરે આવી આકૃતિ તો મારા જોવામાં આવી છે. આમ ઉહાપોહ કરતાં તે મત્સ્યને જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે, જેથી પોતાનો પૂર્વભવ જણાય છે. હું અનેક શેઠનો પુત્ર જૈન કુળમાં ઉત્પન્ન થયેલો, અને મારા પિતાએ મને ખુબ ખુબ સમજાવ્યો. ધર્મ માર્ગે દોરવા સતત પ્રયત્ન કર્યો, છતાં મોજશોખને એશ આરામમાં મસ્ત બની અક્કડને ફક્કડ થઈ મેં મારા પિતાનું વચન ન માન્યું, દેવગુરૂ અને ધર્મને હમ્બગ માન્યો. છેવટે મારા પિતાને મારા આવા ઉધ્ધતાઈ વર્તનને નિહાળતા ભારે દુઃખ થયું. મારા માટે ઘરનો દરવાજો પડાવ્યો. દરવાજા સામે મૂર્તિની સ્થાપના કરી, જેથી અનાયાસે મને પ્રભુનાં દર્શન થાય. આ બધી પૂર્વની ઘટના પોતાની નજર સામને તરવરી રહી હતી. એના પશ્ચાતાપનો પાર ન હોતો. પણ હવે શું થાય ? રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ? ભાવ વિના પણ સ્વભાવિક જતાં આવતાં દર્શન મને થતાં હતાં. ભાવ વિના કરેલી એ ક્રિયાએ પણ મને આજે જગાડી દીધો. જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સુ સંસ્કારો આત્મા પર કેવી અસર કરે છે કે, પિતાની આજ્ઞા મુજબ ધર્મની આરાધના કરી હોત ભાવથી આત્માના સાચા ભાવથી પરમાત્માનાં દર્શન કર્યા હોત તો આજે મારી આ કરૂણદશા ન થાત. માનવ ભવ જેવો ઉત્તમ જન્મ મેળવી મેં એળે ગુમાવ્યો અને મારે તિર્યંચમાં જન્મ લેવો પડ્યો અને તે પણ સમુદ્રમાં મત્સ્ય બન્યો. ખુબ પસ્તાવો કરે છે હવે આત્માના ઉંડા ભાવથી હૃદયથી, બસ હવે મારે આજથી માંસ-મચ્છી વગેરે આહારના પચ્ચક્ખાણ છે. પાપનો પ્રેમથી પશ્ચાતાપ કરે છે તે જ સમયે તે માછલાને સમકિતની પ્રાપ્તિ થાય છે. શુદ્ધ સમકિત આપણને પણ માનવભવ ઉત્તમ મલ્યો છે. જૈન ધર્મ પણ મલ્યો છે. જ્ઞાન બાન સમજાણ પણ મળી છે ને સુ સંસ્કાર પણ છે અને આપણે શુદ્ધ સમકિતનું દઢ બીજ રોપાયું કે નહિ તેજ આત્માને પૂછવાનું છે. આપણી જીંદગી આ બધું મળવા છતાં એળે ના વહી જાય એની તકેદારી કરવાની છે. જો આ બધું જાણવા છતાં ખરો પશ્ચાતાપ નહિં થાય, ભુલોનો તો આપણે હારી જાશું અને કમભાગ્યે આપણે આર્યમુકી અનાર્ય ભૂમિમાં વસી રહ્યા છીએ છતાં પણ અનાર્યને આર્ય કરવો એ આપણા હાથની વાત છે. હા સો ટકા ભલે ન થાય પણ શુદ્ધ આચાર વિચાર ભાવના તો જરૂર ભાવી શકીએને અને મનને મક્કમતા કેળવીને જરૂર આત્મકલ્યાણ કરી શકીએ. વ્રત જપ તપના આધારે, જેમ મત્સ્યના જીવે તરતજ અનસન વ્રત આદરી ત્યાંથી કાળ કરી સીધો દેવગતિમાં પહોંચી જાય છે. દ્રવ્યક્રિયાઓ પણ પરિણામે કેવા ઉત્તમ ભાવને જગાડે છે એનું આ સચોટ દષ્ટાંત છે.

એજ સૌ કોઈ આ દષ્ટાંત લેખને વાંચી અને આત્મામાં વિશેષ ભાવના પ્રગટ કરે અને આત્માના દર્પણથી પોતાને પોતે જ નિહાળે એવી ભાવના. શિવમસ્તુ સર્વ જગતઃ જગત માત્રના જીવોનું કલ્યાણ થાઓ અને મળેલ માનવ ભવની સાર્થકતામાં સૌ કોઈ લાગી જાય આત્માને પરમાત્મા સ્વરૂપ બનાવો એજ અંતરની અભ્યર્થના. . . .

શિલ્પ સ્થાપત્યના સ્વર્ગસમા સિધ્ધ ગિરિરાજની ગૌરવ રક્ષા જરૂરી

જન્મજન્માંતરના ચક્રો વચ્ચે જે જીવાત્માઓને પાંચ ઇન્દ્રિય સહિત મનુષ્યભવ પ્રાપ્ત થયો તેમાંય પણ જૈન કુળમાં જન્મ મળ્યો હોય તેવા ભાગ્યશાળીઓ માટે પ્રાણથી પણ પ્રિય તિર્થાધિપતિ પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદા જ્યાં બિરાજમાન છે તેવા શાશ્વત શત્રુંજય મહાતીર્થને નંદનવન બનાવવાના કોડ હંમેશા પ્રત્યેક જૈનના હૃદયમાં વસેલા હોય છે. આ તીર્થની મન-વચન અને કાયાથી શાંતિપૂર્વક આરાધના-યાત્રા થાય તેવા શુભ ઉદ્દેશથી મારા વિચારો યોજના દ્વારા બે વિભાગમાં રજૂ કર્યા છે.

ભ્યુટીફાય પાલીતાણા - પવિત્ર પાલીતાણા

પવિત્ર ગિરિરાજની ગૌરવ રક્ષા માટે

૧) પવિત્ર ગિરિરાજ ઉપર ખાસ કરીને ચોમાસામાં જૈનેતર કોમનું વધતું જતું વર્ચસ્વ ચિંતાનું કારણ જણાય છે.

૨) યાત્રાળુઓ મોટે ભાગે નવટેકું જતા ન હોવાથી વધુ પડતું એકાંત રહે છે. જે ભયસ્થાન પ્રસ્થાપિત કરી શકે.

૩) પવિત્ર ગિરિરાજ ચોમાસામાં અત્યંત રમણીય વાતાવરણ હોવાના હિસાબે અને જૈન યાત્રાળુઓની ખૂબ જ પાંખી હાજરી હોવાને કારણે જૈનેતર કોમનું પિકનિક સ્પોટ તરીકેનું વધતુ જતું આકર્ષણ, સાથે અભક્ષ વસ્તુઓનું સેવન ચિંતાનું કારણ જણાય છે.

સૂચનો

૧) શ્રી ચતુર્વિધ સંઘ, સાધુ-સાધ્વીજી તથા શ્રાવક-શ્રાવિકા તમામ ભાગ્યશાળીઓએ કોઇપણ ઋતુમાં ખાસ કરીને ચોમાસામાં ગિરિરાજ ઉપર યાત્રા કરવી જોઇએ.

૨) ગિરિરાજ ઉપરના છેલ્લે હડે બે ફાંટા પડે છે તે રસ્તાનો ઉપયોગ (વન વે) ફકત એક બાજુનો કરવો. દા.ત. ઉપર ચડતા સમયે નવટુંકે થઇને દરેક યાત્રાળુઓને જવાનું ફરજિયાત બનાવવું અને નીચે ઉતરવાનું દાદાની ટુંકે થઇને આવી શકાય એવો પ્રબંધ કરવો જરૂરી જણાય છે.

૩) યાત્રાળુઓની સુવિધા માટે હાલમાં અત્યંત દુર્ગંધ મારતા સ્નાનગૃહોને આધુનિક બનાવવા તેમજ કેસર-સુખડની રૂમ પણ મોટી અને સુંદર બનાવવી જરૂરી છે. સાથોસાથ લોકરની વ્યવસ્થા પણ વધારવી.

૪) ગિરિરાજ ઉપર ચાલવાની બંને બાજુએ ડુંગરપર ઉછેરી શકાય તેવાં વૃક્ષારોપણ કરવા. તેની સાથે નિયમિત પાણી મળે તે માટે જરૂરી ચેક ડેમ તથા તળાવોનું નિર્માણ કરવું. જેથી વૃક્ષોની શિતળતાથી યાત્રાળુઓ દરે ઋતુમાં આરામદાયક યાત્રા કરી શકે. તેમજ ડોળીવાળા ભાઇઓ ઠંડી લહેર અને છાયામાં શાંતાપૂર્વક યાત્રા કરાવી શકે.

૫) ગિરિરાજ ઉપર ચાલવાનો રસ્તો સફાઇબંધ રાખવો તેમજ ચાલવાના રસ્તાની બંને બાજુએ ૫૦૦-૫૦૦ ફૂટ વધારી જમીન ફળદ્રુપ બનાવવાની સરકારી વિભાગ પાસેથી પરવાનગી મેળવવી.

૬) પ્રથમ તિર્થંકર શ્રી આદિનાથ દાદાને કેવળજ્ઞાન થયું હતું તે રાયણ પગલાં (રાયણ વૃક્ષ)ની વિશેષ કાળજી લઇ તેને વધુ રમ્ય સ્થળ બનાવવું.

ધર્મશાળા - પાલીતાણા શહેર માટે

૧) સરકાર દ્વારા પાલીતાણા શહેરને તિર્થક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવેલ છે. તિર્થક્ષેત્રમાં અભક્ષ ચીજ-વસ્તુઓ જેવી કે દારૂ-ગાંજો-કંદમૂળ-ઈંડા ઇત્યાદીનું વેચાણ થઇ રહ્યું છે.

૨) ધર્મશાળાઓમાં અમુક નામી અને પ્રખ્યાત ધર્મશાળાઓને બાદ કરતાં ઘણી ધર્મશાળાઓ ખાલી પડી રહે છે જેથી તે ધર્મશાળાઓની રૂમોનો ખૂબજ ખરાબ રીતે દુરુપયોગ થઇ રહ્યો છે તેવા ખબર છે.

૩) શહેરમાંથી તળેટી સુધી રસ્તો ખૂબ જ પોલ્યુશનભર્યો-ગંદકીભર્યો, ઢોર-જનાવરોથી તથા ધૂળથી ભરેલ જણાય છે.

ધર્મશાળાઓની સરહદ સુધી શહેરને ભ્યુટીફાય બનાવવા રચનાત્મક સૂચનો

(અ) તિર્થક્ષેત્રમાં અભક્ષ વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ કરાવવો.

(બ) ધર્મશાળાઓમાં વધતા જતા અપવિત્ર દૂષણને નિયંત્રિત કરવું.

(ક) ધર્મશાળાઓની સરહદ સુધીના તળેટીના રસ્તાની બંને બાજુના જાહેર માર્ગ ઉપર વૃક્ષો-ફૂલોની વાવણી, સિમેન્ટના રસ્તા બનાવવા તેમજ ગટર વ્યવસ્થા સુધારવી તથા આ રસ્તા ઉપર વાહન તથા ઢોર-જનાવર માટે પ્રતિબંધ કરાવી ફકત ચાલવાના ઉપયોગમાં લેવો.

(ડ) વાહન વહેવાર ખાસ કરીને રીક્ષા-ટેક્ષી-બસ માટે બાયપાસ રસ્તાનું આયોજન વિચારવું.

ઉપરોકત સૂચનો ફકત શુભ ભાવથી કરવામાં આવ્યા છે. શકય છે કે હજુ કેટલાય સૂચનો બાકી રહી ગયા હશે. જો ખરેખર, કોઇપણ ધર્મશાસનપ્રેમી અથવા સક્રિય સંસ્થા આ કાર્યમ સાથ-સહકાર આપવા ઇચ્છે તેવા તમામ ભાગ્યશાળીઓના નકકર સૂચનો આવકાર્ય રહેશે. તેમજ અલગ-અલગ જરૂરી સમિતિઓ બનાવી તેમનો લાભ લેવાશે. ધર્મપ્રેમીઓને પત્ર વ્યવહાર કરવાનું સરનામું :

શ્રી સિધ્ધગિરિરાજ ગૌરવ રક્ષા સમિતિ (પ્રપોઝડ)

C/o. મુન જવેલર્સ, કામા બિલ્ડીંગ, દલાલ સ્ટ્રીટ, મંબઇ-૧.

Fax:(91-22) 2265 1369 email : sales@mo onindia.com

રજુઆત : સી. જે. શાહ, ફોન : ૯૧-૨૨-૨૨૬૫ ૩૩૯૦

(સંયોજકો: સી. જે. શાહ, હિંમતભાઇ ગાંધી, પ્રશાંત, વનરાજ દલાલ)

સમાચાર સાર

❋ **અંગણજ (અમદાવાદ) :** અત્રે શેરીશા રોડ ઉપર શ્રી પંચજિને વર કેવલ્યધામ મહાતીર્થ પૂ. આ. શ્રી વિજય હેમપ્રભસૂરં શ્વરજી મ. ના ઉપદેશથી છ મંદિરો રૂપે થયું છે. તેની અંજનશલા ના પ્રતિષ્ઠા તેઓશ્રીની નિશ્રામાં યોજાયેલ છે. તે નિમીતે ૧૧ દિવસ ો ભવ્ય મહોત્સવ યોજાયેલ છે. અત્રે શ્રી પ્રાગુલાલ લક્ષ્મીદાસ ાણશાળી તથા શ્રીમતી લીલાબેન પ્રાગુલાલ ભાણશાળી નીર્મિત શ્રી પ્રાગુલીલા જૈન ટ્રસ્ટ તરફથી સાધુ-સાધ્વી, શ્રાવક - શ્રાવીકા સુશ્રુષા કેન્દ્રોનો લાભ લીધો છે. તેનું ઉદ્ઘાટન તા. ૨૮-૨-૨૦૦૩ના થયું છે.

સંઘવી ભેરૂતારક તીર્થ - અનાદરા (રાજસ્થાન) : અત્રે આ તીર્થની બીજ વર્ષગાંઠ તથા પૂ. પં. શ્રી રવિરત્ન વિજયજી મ. ૧૦૮ આંબેલની ાર્ણાહૂતિ પ્રસંગે, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આદિ ૩ દિવસનો મ હોત્સવ પૂ. પં. શ્રીજી મહારાજ આદિની નિશ્રામાં ઉજવાયો. ધ્વજા રોપાણ ફાગળ સુદ - ૩ ભવ્ય રીતે થયું.

❋ નવાણું યાત્રાની પૂર્ણાહુતિ

શાશ્વ ા સિધ્ધગિરિની છત્રછાયામાં પૂ. ૨૧૩ દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ુણરત્નસૂરીજી મ. સા. ના શિષ્ય પંન્યાસ પ્રવરશ્રી રવિરત્નવિજય જી મ. સા. આદિ ઠાણાની શુભનિશ્રામાં વેલાંગરી (રાજ.) નિવા ી સંઘવી શાંતીલાલ રૂપાજી પરિવાર આયોજીત નવાણું યાત્રામાં ૧૩૨ આરાધકોએ સુન્દર આરાધની. તેમની તીર્થ માળ તા. ૧૬-૧-૦૩ન દિવસે ભવ્ય મહોત્સવ ભકતામરપૂજન, સામુહિક તળેટી ની આર ી આંગી સાથે સુન્દર રીતે મહોત્સવ ઉજવાયો. ત્યાંથી પં. રવિરત્ન વિહાર કરી માલગાંવ (રાજ.) નગરે તા. ૧૫-૨-૦૩ દિવસે પ્રભુજી નો પ્રવેશ, સિરોડીમાં વર્ધમાનતપના તપસ્વી સુશ્રાવક લાલચંદજીના ૦૦મી ઓલી =૫૦૫૦ આયંબલ + ૧૦૦ ઉપવાસ ના તા. ૧૯-૨-૦૩ દિવસે પારણા મહોત્સવ અને સંઘવી ભેરુતારકધામર્ત થની બીજી વર્ષગાંઠ, જલકમલમંદિર, પં. રવિરત્ન વિ. મ. ના ૧૦૮ અક્ષમતપનું પારના નિમિત્તે તા. ૪-૩-૦૩થી તા. ૬-૩-૦૩ ુધી સામુહિક અક્ષમતપનું આયોજન થયું. આ પ્રસંગે હજારો ભાવુક ક ધ્યાળુ આરાધકો પધારેલ.

❋ પરમ શાસક પ્રભાવક સ્વ. પ.પૂ. આ.**શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મ. સા.ના** શિષ્ય રત્નો **પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શનજી** વિ. મ. તથા પ.પૂ. ધર્મભૂષણ વિ. મ.નું ચોમાસું **યેવલા** (મહા.) નકકી થયું. છે. અમદાવાદથી ભરૂચ - નેત્રંગ - નંદરબાર - નેર - ધૂલીયા - માલેગાવ થઈ **યેવલા** ચાતુર્માસ પ્રવેશ **જેઠ વદ-પને ગુરૂવાર તા. ૧૯/૬**ના કરશે.

<u>પત્ર વ્યવહાર માટે</u>

જૈન શ્વે. મૂ. ઉપાશ્રય

મુ. પો. યેવલા - ૪૨૩૪૦૧ - YEVLA

(NASIK - Maherashtra)

❋ **જીરાવલાતીર્થ :** મહાસુદ-૭ દિ. ૮-૨-૨૦૦૩ ના જિરાવલાતીર્થમાં કિશોરકુમાર ભાઉલાલજીની દીક્ષા થયેલ અને એમનું નામ મુનીશ્રી કિરણ રત્નવિજયજી અને ગુરૂજીનું નામ આચાર્ય શ્રી દર્શનરત્નસૂરિજી જાહેર કરેલ. પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર રત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. સા. ની શુભનિશ્રામાં દીક્ષા પહેલા ભવ્ય પંચાન્હિકા મહોત્સવ થયેલ. દીક્ષાપછી મહાસુદ ૧૦ દિનાંક ૧૨-૨-૨૦૦૩ની આમલારીમાં પધારતાં લાલચંદજી તરફથી પંચકલ્યાણક પૂજા, સ્વામિવાત્સલ્ય થયેલ. ત્યાર પછી બાદ સુદ - ૧૪ + ૧૫ દિનાંક ૧૬-૨-૨૦૦૩ને તવરી મુકામે સામૈયું તથા ધ્વજારોપણ મહોત્સવ થયેલ.

- ❒ A stitch in time saves nine.
- ❒ A tree is known by its fruit.
- ❒ A WONDER lasts nine days.
- ❒ After a strom comes a calm.
- ❒ After DINNER sit a while, after SUPPER walk a mile.
- ❒ Age considers, YOUTH ventures.
- ❒ An idle BRAIN is the devils workshop
- ❒ An injury FORGIVEN is better than an injury revenged.
- ❒ An ounce of PRACTICE is worth tons of theory.
- ❒ As is the father so is the son.

दिगम्बर नेतृत्व के दुष्प्रचार पर स्पष्टीकरण

तीर्थ वंदना के सितम्बर, 2002 के पत्रक में मेरे मित्र ॲड. माणिकचंद बज का शिरपूर पवली मंदिर बाबत खुलासा पढ़ा। मेरी समझ से उनका खुलासा भावनाओं पर आधारित है। सर्वोच्च न्यायालय ने जो निर्णय दिया है, वह मैं आपके सामने प्रस्तुत कर रहा हूँ।

पहले मैं पवली मंदिर के संबंध में खुलासा दे रहा हूँ। श्री माणिकचंद जी ने प्रेस कॉन्फरेन्स में कहा कि 'पवली मंदिर का सर्वोच्च न्यायालय के निकाल से कोई संबंध नहीं'। दावा नं. 123/अ/58, यह दावा दिगंबर संप्रदाय ने किया हुआ था, जिसमें पवली मंदिर और उसके संलग्न की जमीन छोड़कर बाकी जमीन के संबंध में दावा था, ऐसा उनका कहना था। जबकि दावे में उन्होंने सबसे पहले क्या माँगा है ? कृपया सुप्रिम कोर्ट जजमेंट पान नं. 8 देखें-

"The Hemadpanthi temple of Antriksha Parshwanath i.e. the Pawali temple situated in Survey No. 197 belongs to and is under the management (Wahiwat) of the Digambari Jain Community. Survey No. 197 (containing the temple and the garden) exclusively belongs to the Digambari Community and has long been in the exclusive possession of the Digambari Community. Survey No. 198/1 has been used to accommodate the Digambari jain Pilgrims coming to the Pawali Temple)

अब देखें सुप्रीम कोर्ट जजमेंट पान नं. 14 में इस संबंध में ट्रायल कोर्ट ने क्या कहा-

"The Tiral Court found that the Pawali Temple is not Known as Shri Antariksha Parshwanath & it did not belong to the plaintiff Digambari Community on the contrary the Pawali temple & its Sansthan were the property of the town temple of Shri Antariksha Parshwanath Maharaj."

अब देखें सुप्रिम कोर्ट पान नं. 20 इस संबंध में हाईकोर्ट ने क्या कहा-

"Proceeding further the High Court considered in detail the documentar evidence rilied upon by the lower appellate Cour in support of the finding that the Pawali Temple a id two suit fields were the properties of Sv etambari defendants"

अब देखें सुप्रीम कोर्ट जजमेंट पान नं. 27, इस संबंध में सुप्रिम कोर्ट ने क्या कहा-

"Disagreeing with the Lower appellate Court, I hold that the Digambaries plaintiffs have failed to prove that the two suit fields belong to the Pawali temple of that the Pawali temple itself belongs to the Digambari Community of that the two suit field belong to the Digambari Community. That-finding clearly entainls dismissal of the main claim of- declaration & possession laid by the Digambaries Plantiffs except in respect of decree for their rig nts of user as passed by the trail Court"

अब पान नं. 29 में सुप्रिम कोर्ट का निकाल पढ़े-

"On Perusal of the Judgement o the High Court and on consideration of the ma ter we do not find that the judgement suffers from any serious illegality or infirmity which calls for interference in this appeal field by spe ial leave. Accordingly, the appeal fails and is disn issed with costs."

इस प्रकार का स्पष्ट निर्णय सर्वोच्च न्यायलय ने दिया है, इसलिये ज्यादा कहने की जरू रत नहीं। बिना वजह कुछ बातें श्री अंतरिक्ष पार्श्वनाथ संस्थान बस्ती टेंपल के बारे में प्रिवी काउँसिल के जजमेंट को लेकर श्री माणिकचंद जी ने लिखा है, जिसका मेरे लिये खुलासा करना जरूरी हो गया है।

शिरपूर संस्थान यह शताब्दी से श्वेताम्बर और दिगंबर संप्रदायों में विवादग्रस्त विषय है। इस संबंध में कोर्ट ने क्या कहा- सि.रं.के.नं. 351/1954

"The learned Judge has observed that the dispute in the suit is between two rival sects of the same religion. That is not strictly a correct statement. It is no longer a matter o dispute

betwee i two contending partis. The defendants (Shwet mbaris) are doing the things complained of und r authority of the decisions of the Civil Court a also of the Privy Council. Those decisions must st nd until they are set aside in accordance with la v and till they are set aside, the dispute is betwee n-more challengers of claimants on the one hand ar d persons whose rights have been up held by the c ecree of the highest tribunal on the other"

शिरपूर गाँव में पुरातन दो जैन मंदिर हैं। दोनों ही अंतरिक्ष पार्श्वनाथ नाम से जाने जाते हैं। यह गलत है सुप्रीम कोर्ट पान नं. 14-

"The trail Court found that the Pawali temple is not known as Shri Antariksha Parshw nath"

प्रिवी काउँसिल ने बहुत सारी चीजें कही हैं। इसलिये ज्यादा खुलासा न करते हुये नीचे लिखी कुछ चीजें आपके सामने रख रहा हूँ-

" Abstract of Judgement of the Privy Counci "

" Broadly the findings are in favour of Shweta nbaries. They had all along been in actual manage ment of the temple and Idol, their title and right of management had been exclusive and they had be n worshiping the image with jewels, orname nts and paintings. The main organ of the deity be ing covered with waist tie and band for a period, which could not be definately asertained, but at a ny rate from 1847-48 the Digambaris had also be n allowed to worship in their own way in the tem ple. But the witnesses of the Digambaries, on the point of ownership of the temple and it's manage ment were not believed."

On full consideration of the whole case, their Lordships have reached to the conclusion that the dec ee is right and in the result therefore the appeal fails and their Lordships will humbly advice I is majesty that it be dismissed with costs."

दिगंबर संप्रदाय को प्रिवी काउँसिल के जजमेंट से क्या मिला ? क्रि.अ.नं ३६१/३६

"What the Digambaris have secured by the Judgement as the Privy Council, above referred to is only a right of worship of the temple according to the time table of 1905 and no further. Any interferance by Digambaris in the management of the temple by the Shwetambaries be that Management by necessary alterations and improvements in the temple of it's property or by construction of further structures of the temple land would amount to an unlawful action the part of Digambaris."

(पेढ़ी को हटाने संबंध में)

मी. ज्यु.के.नं. 63/1941

" The learned Judge observes that the Privy Council decree granted a declaration only in favour of Shwetambaris do far as the right to the exclusive management of the temple and image is concerned and if there is any modification of clarification made by the Privy Council it was only with respect to the Digambaris right of worship."

आखिरी में आपसे यह बताना चाहूंगा कि कोर्ट ने फर्स्ट अपील नं. 287/44 में कहा कि-

"The Digambaris appeared to the me have been generally litigating for the sake of litigation and there is no reason why they should not pay the costs of other side if the decision goes against them."

मुझे विश्वास है कि मेरा यह खुलासा कोर्ट के जजमेंट पर आधारित है, इसलिये अधिक भाष्य करना मैं जरूरी नहीं समझता।

(साकरचंद्र शाह)

मैनेजिंग ट्रस्टी, अंतरिक्ष पार्श्वनाथ संस्थान, शिरपुर

युवक महासंघ चुनाव सम्पन्न

'श्री जैन श्वेताम्बर मूर्तिपूजक युवक महासंघ, दिल्ली' का चुनाव विगत २४ नवम्बर, २००२ को दिल्ली के किनारी बाजार में सम्पन्न हुआ। इसमें सर्वसम्मति से श्री नितिन दूगड़ व श्री दीपक जैन को संयोजक चुना गया।

पालीताना में बहुविध धर्मप्रभावना

श्री शत्रुंजय जी महातीर्थ की भूमि पर परम पूज्य उपाध्याय श्री मणिप्रभसागर जी म.सा. ठाणा 6 एवं पूज्य आर्या श्री प्रकाश श्री जी म.सा. ठाणा 25 की पावन निश्रा में बहुविध धर्मप्रभावना हो रही है। श्री जिनहरि विहार में नवनिर्मित मयूर मंदिर की प्रतिष्ठा 17 नवम्बर को सम्पन्न हुई। प्रतिष्ठा का विधि-विधान शासनरत्न श्री मनोज कुमार बाबूमल जी हरण ने सम्पन्न करवाया। इस अवसर पर सर्वश्री मंगलप्रभात लोढ़ा, डॉ. जितेन्द्र बी. शाह, मोहनलाल जी. मुथा, द्वारकादास डोसी, ललित नाहटा एवं किशनचन्द बोहरा का बहुमान किया गया।

उपधान तप का मालारोपण समारह 16 नवम्बर,2002 को सम्पन्न हुआ। इस उपधान तप में 200 तपस्वियों ने तप का आनन्द लिया हाडेचा जैन संघ द्वारा निर्मित हाड़ेचा भवन का उद्घाटन 15 नवम्बर को हुआ। 17 नवम्बर को 200 वॉल्यूम में प्रकाशित होने वाली महत्वाकांक्षी आगम योजना का शुभारंभ किया गया।

पूज्य उपाध्याय प्रवर की पावन निश्रा में मुमुक्षु गौतम कांकरिया की आर्हती दीक्षा 6 फरवरी, 2003 को पालीताना में तथा कुमारी भाविता पारख की आर्हती दीक्षा 22 फरवरी को बड़ौदा में होगी।

श्री गौडवाड जैन श्वेतांबर मूर्तिपूजक पुणे शहर यह संस्था पुना शहर में स्थित जैन मूर्तिपूजक संघ की सबसे बडी संस्था है । पश्चिम राजस्थान के ९९ गावांका समुह को गोडवाड के नामसे जाना जाता है । इस गौडवाड क्षेत्र के १००० से ज्यादा परिवार पुना शहर एवम् आजुबाजुके उपनगरीमें रहते है ।

श्री गौडवाड जैन श्वेतांबर मूर्तिपूजक संघ संस्थाके कार्यकारीणी मंडळ का त्रैवार्षिक चुनाव संपन्न हुआ। पदाधिकारी एवम् कार्यकारीणी सदस्य नीचे मुजब चुने गये।

संस्थाकेअध्यक्षपद केलिए चौथीबार निरविरोध श्री.फत्तेचंद्र नगराजजी रांका एवम् दुसरीबार निरविरोध सचिवपद के लिए श्री.गणपतराज इंद्रमलजी मेहता को तीन सालके लिए चुना गया ।

उपाध्यक्ष श्री.प्रविणजी जैन, श्री राजमल ओसवाल
सहसचिव श्री.शांतीलाल बलदोटा
खजिनदार श्री.पारसमल जैन

सदस्य

(१) श्री.सुभाष फतेचंदजी चंडालिया,
(२) श्री.ललीत एम्. ललवाणी,
(३) श्री.मोहनराज जे. जैन,
(४) श्री.प्रविण छोगालालजी जैन,
(५) श्री.अशोक हंसराजजी सोढा,
(६) श्री.केवलचंद मोहनराजजी नहार,
(७) श्री.पारसमल राजमलजी बोराणा,
(८) श्री.संपत पुखराजजी जैन,
(९) श्री.जयंतीलाल शांतीलालजी रांका,
(१०) श्री.विमल आनंदराजजी वेदमुथा,
(११) श्री.तेजपाल लालचंद्रजी बाफना,
(१२) श्री.दिलीप जिवराजजी कितावत.

उपरोक्त सभी सदस्य भारी वोटोंसे चुने गये ।

अध्यक्ष श्री.फत्तेचंद नगराजजी रांका यह रांका ज्वेलर्स प्रा.लि. पुणे के मॅनेजींग डायरेक्टर है । सन १९९३ से क्रमसे चौथीबार समाज ने अध्यक्षपद के लिए निर्विरोध चुना है ।

ધ્યાનથી

આર્તધ્યાનથી તિર્યંચગતિ પ્રાપ્ત થાય છે. ધર્મધ્યાનથી દેવગતિ પ્રાપ્ત થાય છે.
રૌદ્ર ધ્યાનથી નરકગતિ પ્રાપ્ત થાય છે. શુકલ ધ્યાનથી સિદ્ધિગતિ પ્રાપ્ત થાય છે.

શું પસંદ કરશો ?

સ્વપ્ન થયું સાકાર

લેખક : પૂ. આ. શ્રી વિજય મુનિચંદ્ર સૂરીશ્વરજી મ.
(પ્રસંગ કલ્પલતામાંથી)

ત્યારે જગદ્‌ગુરુ સિરોહિમાં બિરાજમાન હતા.

એક રાત્રે સૂરિજી એક સુંદર સ્વપ્ન જોઈને જાગ્યાં

કેવું સ્વપ્ન ! હાથીના નાના ચાર મદનિયા સૂંઢથી પુસ્તકના પ ના ફેરવે છે.... ભાણે છે.

વાહ ! અદ્‌ભુત સ્વપ્ન ! સૂરિજીના હૈયામાં આનંદના ઓધ ઉછળે છે. કોઈ અગમ્ય આનંદ... આવું સુંદર સ્વપન...

વિચારતા વિચારતા.... સૂરિજીને લાગ્યું ચાર શિષ્યો થશે અને તે શાસનના પ્રભાવક બનશે. એવું આ સ્વપ્ન સૂચવે છે.

અને ટુંક સમયમાં જ આબુ પાસેના રોહ ગામના શ્રીવંત શેઠ સપરિવાર દીક્ષા લેવા સૂરિજીના ચરણોમાં ઉપસ્થિત થયા.

શેઠના ચાર પુત્રો, પુત્રી, શેઠાણી, શેઠના બેન-બનેવી અને ભાણેજ... કુલ દસ દીક્ષાઓ સાથે થઈ. આમાં શેઠનો ત્રીજા પુત્ર આચાર્ય વિજયાનંદસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

સિરોહીમાં બીજો પણ એક અસાધારણ પ્રસંગ બન્યો.

વરસિંધ નામના યુવાનના લગ્નની તૈયારી ચાલતી હતી. મંડપો, તોરણો, બંધાઈ ગયેલા. મીઠાઈ અને ફરસાણ તૈયાર થવા માંડયા. સગા-વહાલાની અવર-જવર, દોડ-ધામ ચાલુ હતી.

વરસિંધ આરાધનાપ્રિય હોવાથી રોજ સવારે પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે જતો. ઠંડીના કારણે સફેદ કાંબળી ઓઢેલી હોવાથી ભૂલથી વંદન કરવા આવેલ કેટલીક બહેનોએ વરસિંધને વંદન કર્યું.

અને એ બહેનોમાં વરસિંધની ભાવિપત્ની પણ હતી.

એક શ્રાવકે આ જાણ્યું અને મજાકમાં કહ્યું : વરસિંધ હવે તારાથી લગ્ન નહીં કરી શકાય !'

'કેમ ?'

'કેમ શું... આ... જેને તું પરણવા માંગે છે એ તો તને ઈચ્છામિ ખમાસમણો... કરી ગઈ, તને ક્ષમાશ્રમણ સંબોધન કર્યું.. શાતા પૂછી... ભાત-પાણીના લાભ દેવા વિનંતી કરી... હવે તું એના ત્યાં ઘોડે ચડીને પરણવા જા તે કેમ ચાલે ?'

બસ પત્યું. તેજીને ટકોર... વરસિંધે નિર્ણય કર્યો.. પોતે દીક્ષા લેશે...

માતા-પિતા વગેરે સ્વજનો તો લગનના લ્હાવા લેવાની બધી તૈયારીઓ કરી ચૂકેલા... એ કંઈ રજા આપે

પણ વરસિંધ બેસી ગયો ઉપવાસ ઉપર. ખાવું પીવું બંધ.

કાર્ય સાધયામિ વા દેહં પાતયામિ અને વરસિંધનો વિજય થયો. રજા મળી.

લગ્ન માટે બાંધેલા મંડપો દીક્ષાના પ્રસંગમાં કામ આવ્યા. લગ્નપ્રસંગ માટે કરેલી મીઠાઈ દીક્ષા પ્રસંગે સાધર્મિક ભક્તિમાં કામ આવી.

જગતગુરુના વરદહસ્તે રજોહરણ પામીને વરસિંધ ધન્ય ધન્ય બની ગયો.

અગ્નિને ફેરા ફરવાના બદલે ચઉમુખ-જિનબિંબની પ્રદક્ષિણા દીધી.

કોડીલી કન્યાના કંથ બનવાના બદલે સાધનાનો પંથ સ્વીકાર્યો.

પત્નીના ચરણે જીવન સ્વાહા કરવાના બદલે ગુરુના ચરણે સમર્પણ કરી દીધું.

એક ઈતિહાસ રચાઈ ગયો !

જ્ઞાન-ધ્યાન-સાધનાના પંથે આગળ વધી વરસિંધમુનિ પન્યાસ પદને પામ્યા....

એક-બે નહીં પૂરા એકસો આઠ શિષ્યોના ગુરુ બન્યા..

નાનકડી ઘટના અને મોટકડું પરિવર્તન.

પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

● વાડાબંધીને વગોવનારો આ યુગ છે. પણ વાડાબંધી તો વિકાસ અને સંરક્ષણ માટે ખૂબ જ જરૂરી છે. દૂધાળા-ઢોર તો વાડામાં જ હોય, જે વાડામાં ન પૂરાય, એવા રખડતા-ઢોર ડબ્બામાં પૂરાઈને કતલખાને જાય છે. આ રીતે આજ સુધી આપણા પૂર્વજોએ વાડાબંધી/કિલ્લેબંધી ટકાવી રાખી, એથી જ શુદ્ધ-ધર્મ આપણા હાથમાં આવ્યો છે.

● આજે વાતવાતમાં અને ઘણા ખરા વ્યવહારોમાં પાપી માણસો ફાવી જતા હોય છે, એથી લોકો પણ એ ફાવટને પાપની ફાવટ માનીને ક્રોધ-લોભ-અનીતિ આદિ પાપોના પ્રેમી બની જતા હોય છે. પણ આ રીતે પાપના પ્રેમી બની જનારા માણસોએ એ સમજી જવું જોઈએ કે, પાપીના પાપ કંઈ ફાવી શકતા નથી, પણ એની પૂર્વભવની પુણ્યાઈ ફાવે છે. બાકી પુણ્યાઈ વિનાના કેટલાય પાપીઓના પાસા પોબાર નથી પડતા. માટે પાપીને ફાવટ મળતા એટલું સમજી જવાય કે, આ ફાવટ પુણ્યને મળી છે, પાપને નહિ. તોય પાપના પ્રેમી બનવાનું મન નહિ થાય.

● રાજા માટે ભીમકાંત ગુણ મુખ્ય મનાયો છે. રાજા ભીમ પણ હોય, એથી દુષ્ટ લોકો રાજા પાસે જતા થરથર કંપે. કાન્ત પણ હોવો જોઈએ. જેથી સજ્જન માણસો રાજા પાસે દોડતા દોડતા જાય. સારા માણસો ભય વિના મજેથી જેની સામે ચાલ્યા આવે અને દુર્જનોને જ્યાં જતા પગ ભારે થઈ જાય, એ રાજા !

● ધર્મ એવો પ્રભાવશાળી છે કે, એની ઈચ્છા જાગે, તોય જીવનમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાઈ જાય. સુખ એવું અવળચંડું છે કે, એની ઈચ્છા જાગતા જ અશાંતિની આગથી સંસાર સળગવા લાગે.

● ગુરુ આજ્ઞા કરે અને કોઈ ચીજનો ત્યાગ થાય, એના કરતા સ્વયં પ્રતિજ્ઞા સ્વીકારીને ત્યાગ કરાય, તો એથી વધુ લાભ થાય.

● ધર્મનો અર્થી દુઃખમાંય દુઃખી ન હોય, સંસારનો અર્થી સુખના ઢગલા વચ્ચેય સુખી ન હોય.

● ત્યાગના રાગી બનવું જ જોઈએ, પણ રાગ માટે તો ત્યાગ ન જ થવો જોઈએ.

● ટી.વી. રેડિયો જેવા આધુનિક સાધનો તમે જે રીતે હોંશેહોંશે વસાવ્યા છે, એ જોતા એમ કહી શકાય કે, જમાનો બગડી ગયાના રોદણાં રડવાનો તમને અધિકાર નથી. કેમકે ખરાબ જમાનાને ઘસડીને ઘરમાં ઘાલનારા તો તમે પોતે જ છો.

● સંસાર એટલે રખડ્યા કરવાનું, ભટક્યા કરવાનું ફરફર કરવાનું સ્થાન અને મોક્ષ એટલે આ બધાથી વિરામ પામીને ઠરવાનું સ્થાન ! ફરવાનું ન ફાવે તો જ તમને ઠરવાનું સ્થાન શોધવાની લગન લાગે. સંસાર હજી સાચા સ્વરૂપે સમજાયો નથી. માટે જ તમને મોક્ષની લગની લાગી નથી.

● ધર્મી માણસ જાત પર દુઃખ આવે, ત્યારે દયા યાચે નહિ અને બીજાને દુઃખી જુએ, તો એની પર દયા વરસાવ્યા વિના રહે નહિ.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી કિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.